# શ્રી શત્રુંજય કલ્પવૃત્તિ

## ભાષાન્તર. ભાગ-૧



## મારા-પૂજ્ય-સ્વર્ગસ્થ-ગુરુદેવોને-વંદન

| | | | | |
|---|---|---|---|---|
| પ.પૂ.સ્વ.આ.મ. શ્રીઆનંદસાગર સૂરીશ્વરજી મ. (આગમોદ્ધારક) | પ.પૂ.સ્વ.ગ.આ. મ.શ્રીમાણિક્ય સાગરસૂરિજી મહારાજ. | પ.પૂ.સ્વ.આ.મ. શ્રી ચંદ્રસાગર-સૂરિજી મહારાજ | પ.પૂ.સ્વ.ગ. આ.મહારાજ શ્રી હેમસાગર સૂરિજી .મ. | પ.પૂ.સ્વ.ગ.આ. મહારાજશ્રી દેવેન્દ્રસાગર સૂરિજી.મ. |

શ્રી શુભશીલગણિ રચિત-

# શ્રી શત્રુંજય કલ્પવૃત્તિ ભાષાંતર

મૂળપ્રેરક :-

સૂરિસમ્રાટ્‌ના સમુદાયના પૂ.આ.મ.શ્રી વિજયનેમિ-વિજ્ઞાન-કસ્તૂર-ચંદ્રોદયસૂરિશિષ્ય સ્વ.પૂ.પં.શ્રી પ્રમોદચંદ્ર વિજયજી ગણિવર.

ભાષાંતરકાર:-

સ્વ.ગચ્છા.પ.પૂજ્ય.આ.મ.શ્રી હેમસાગર સૂરિશિષ્ય-મુનિ શ્રી મહાભદ્ર સાગરજી મહારાજ.

સહ સંપાદક:-

શ્રાદ્ધવર્ય શિક્ષક શ્રી કપૂરચંદભાઇ.આર.વારૈયા.

સપૂર્ણસહાયક:-

સ્વ.ગચ્છા.પૂ.આ.મ.શ્રી હેમસાગર સૂરિશિષ્ય પર્યાય-સ્થવિર-પૂ.મુનિશ્રી અમરેન્દ્ર સાગરજી મહારાજશ્રી.

પ્રકાશક:-શ્રી શ્રમણ-સ્થવિરાલય-આરાધના-ટ્રસ્ટ.

વીરસંવત:-૨૫૧૭ * વિક્રમસંવત:-૨૦૪૭.

મૂલ્ય - અમૂલ્ય-પઠન-પાઠન-વ્યાખ્યાન-ને સ્વાધ્યાય

ॐ ह्रीं


**પ્રકાશિત પ્રાપ્ત :**
શ્રી શ્રમણ સ્થવિરાલય
આરાધના ટ્રસ્ટ
C/o દિનેશભાઈ બાબુભાઈ શાહ
૧/૩૩૬૯, નેમુભાઈની વાડી પાછળ,
ગોપીપુરા - સુરત
પી. નં. - ૩૯૫૦૦૧

**પૃચ્છા સ્થલ :**
મુનિશ્રી અમરેન્દ્ર સાગરજી
મુનિશ્રી મહાભદ્ર સાગરજી
C/o શ્રી શ્રમણ સ્થવિરાલય
આરાધન ભવન જૈન ઉપાશ્રય.
ગિરિરાજ - સોસાયટી
પ્લોટ નં. ૨૫
તળેટી રોડ - પાલીતાણા
પી. નં. - ૩૬૪૨૭૦


પ્રથમાવૃતિ
શ્રી શત્રુંજય કલ્પવૃતિ
ભાષાંતર ભાગ -૧-૨
નકલ - ૨૦૦૦/


**મુદ્રક :**
મે. સ્ટાયલો પ્રાફર્સ
શ્રી વિજય શાહ
૩૨૮/ એ-૧, શાહ એન્ડ નાહાર ઈન્ડ.
એસ્ટેટ, એસ. જે માર્ગ, લોઅર પરેલ
(પશ્ચિમ), મુંબઈ - ૪૦૦ ૦૧૩.
ટેલીફોન : ૪૯૪ ૩૫૬૫
૪૯૪ ૬૮૪૪
ઘર : ૬૦૫૨૧૩૮

**સુકૃતના સહાયકો :**
અનેક ગામના સંઘો,
ટ્રસ્ટો અને જ્ઞાન પિપાસુ
ભાવિક પુણ્યાત્મા ભાઈ બહેનો.


अर्हं नमः

# પ્રકાશકીય નિવેદન

પૂ. મુનિ શ્રી મહાભદ્ર સાગરજીએ શ્રી શત્રુંજયતીર્થ સંબંધી ૧૪૨૨૪–ગાથા પ્રમાણવાલા–૧૧૦–વાર્તાવાલા એક ખૂબજ જૂના અને અત્યાર સુધીમાં પ્રસિદ્ધ નહિ થયેલા ગ્રંથનું સાંગોપાંગ ભાષાંતર પંડિતજી પાસે વાંચીને કર્યું. તે જાણીને અમોને અત્યંત આનંદ થયો. સાથો સાથ પાલિતાણામાં કરેલી સ્થિરતા પણ સફળ થઇ.

ત્યાર બાદ પૂ. મુનિશ્રી અમરેન્દ્ર સાગરજી. મ. શ્રીએ આ ગ્રંથને છપાવીને પ્રસિદ્ધ કરવાની ભાવના દર્શાવી. અમોએ તેની વિચારણા કરતાં એવું નક્કી કર્યું કે આપણે આ " શ્રી શ્રમણ સ્થવિરાલય આરાધના ટ્રસ્ટ " ના ઉપક્રમેજ પુસ્તકના ભાષાંતર અંગેની તમામ વ્યવસ્થા ગોઠવીએ. અને તેમાં એવું નક્કી કરીએ કે " જે શ્રી સંઘ કોઇ ટ્રસ્ટ અથવા કોઇ ભાવિક પુણ્યાત્મા ભાઈ બહેન આ પુસ્તકના છાપકામમાં સહાયક તરીકે રૂા. ૧૧૦૦૦–/, રૂા. ૫૦૦૦–/, રૂા. ૨૫૦૦–/, રૂા. ૧૦૦૦–/ આપે તો તેઓનું નામ સહાયકોની શુભ નામાવલીમાં છાપવું. અને પુસ્તક છપાઇને તૈયાર થયેથી તેઓને આ પુસ્તકના –૫૧–૨૫–૧૧–ને–૪–સેટ ભેટ આપવા. તથા આ પુસ્તકની વેચાણ કિંમત રાખવી નહિ, પુસ્તકનું વેચાણ કરવું નહિ, યથાશક્ય પ્રયત્ને આ પુસ્તકો જ્ઞાન ભંડારો – ઉપાશ્રયો પાઠશાળાઓ – પંડિતો અને પ્રોફેસરોને ભેટજ આપવાં. "

અને પછી આ રીતે શરુ કરેલું પુસ્તકનું કાર્ય પુસ્તકો ભેટ આપી દેતાં આપો આપ પૂર્ણ થઇ જાય.

આ યોજના અમે પૂ. મહારાજશ્રી પાસે રજૂ કરી, તેઓશ્રીને ઉદારતા સભર આ યોજના ખૂબ જ ગમી ગઇ. અને તેઓશ્રીએ સ્વીકારી લીધી.

ત્યારબાદ અમોએ તે પુસ્તકની જાહેરાત માટે યોજના સાથેનું એક હેન્ડબીલ છપાવીને પત્ર સાથે પૂ. મહારાજ શ્રી દ્વારા મોકલીને દરેક ગામના મોટા મોટા સંઘો અને ભાવિક પુણ્યાત્માઓને આ ગ્રંથમાં સહાયક થવા માટે વિનંતિ કરી. અને ચતુર્વિધ સંઘને આની સવેળા જાણ થાય તે માટે સુઘોષા માસિકમાં એક પાનાની જાહેરાત પણ મૂકી,

ત્યાર પછી અમુક અમુક સંઘો અને પુણ્યશાલી આત્માઓ તરફથી સહાય મલતી ગઇ, રકમ વધતી ગઇ અને આ કાર્ય કરવા માટે અમારો ઉલ્લાસ પણ વધતો જ ગયો.

ત્યારબાદ અમોએ આ પુસ્તકનું કામ ખૂબ જ સારું – સ્વચ્છ ને મનોહર બને એ માટે ઓફસેટ પ્રિન્ટિંગ કરાવવું તેમ નક્કી કર્યું.

પછી ટ્રસ્ટના ધારા–ધોરણ મુજબ છાપકામ અંગેના ભાવ તાલો મંગાવ્યા. અને યોગ્ય ચર્ચા–વિચારણા કર્યા બાદ ફક્ત છાપકામ અંગેનું કામકાજ નહિ નફો નહિ નુકસાનના ધોરણે સ્ટાયલોગ્રાફસ કું. ને આપવાનું નક્કી કર્યું. અને કાગળની ખરીદી ટ્રસ્ટ મારફતે જ કરવી. એવું નક્કી કર્યું.

અને પછી ધીમે ધીમે છતાં એક ચોક્કસ પદ્ધતિએ છાપકામ થતાં તે પુસ્તક બે ભાગમાં તૈયાર થઈને આજ આપણા સહુના હાથોને શોભાવી રહ્યું છે.

હવે તેમાં સહુ પ્રથમ ઉદારદિલે દાન આપનારા સંઘો – ટ્રસ્ટો અને ભાવિકભાઈ બહેનોનો આભાર માનીએ છીએ. તથા છાપકામ માટે સ્ટાયલો ગ્રાફ્સ કું. ના ભાગીદાર શ્રી વિજયભાઈનો અને પુસ્તક સંબંધી બીજી બધી વ્યવસ્થાઓ ગોઠવનાર જીગી પ્રિન્ટર્સના માલિક જીતુભાઈ બી. શાહનો અને પ્રૂફરીડીંગનું કામ ઝીણવટ અને ખંતથી કરનાર જે. એન. કાનાણીનો અમે આ પ્રસંગે હાર્દિક આભાર માનીએ છીએ.

આ પુસ્તકમાં પહેલાં ફોટાઓ મૂકવાની વિચારણા ન હતી. પણ પાછળથી ઘણાભાવિકોનું પ્રેમભર્યું સૂચન આવવાથી પૂ. મહારાજશ્રીના સૂચન પ્રમાણે અમુક અમુક ભાવિકોને લાભ આપી સૌજન્ય તરીકે તેઓનું નામ મૂક્યું.

આ પુસ્તકના છાપકામમાં સહાય કરનારા સહાયકોને યોજના પ્રમાણે નકલો પહોંચાડવાની સંપૂર્ણ વ્યવસ્થા ગોઠવી છે જ, છતાં પણ કોઈ વ્યક્તિ – સંસ્થા કે સંઘને તકલીફ પડી હોય તો જૈનધર્મની પદ્ધતિ પ્રમાણે મન વચન ને કાયાથી મિચ્છામિ દુક્કડં, તેના માટે નીચેનાં સરનામે જરુર પત્રદ્વારા જાણ કરશો.

**૦ આ પ્રસંગે અમે અમારા ટ્રસ્ટના સ્થાપક – સ્વ. ટ્રસ્ટીઓને યાદ કરીએ છીએ.**

**૦ પ્રમુખ – સ્વ. શ્રી ફૂલચંદ જે. વખારિયા – સુરત**
**૦ ટ્રસ્ટી – સ્વ. શ્રી બાબુભાઈ કેશરીચંદ – નવસારી**

**લિ. અમે છીએ ટ્રસ્ટના ટ્રસ્ટીઓ**

(૧) શ્રી શાંતિચંદ છગનલાલ ઝવેરી – સુરત
(૨) શ્રી અમરચંદ રતનચંદ ઝવેરી – મુંબઈ
(૩) શ્રી દિનેશભાઈ બાબુભાઈ શાહ – સુરત
(૪) શ્રી સતીશભાઈ બાબુભાઈ કાપડિયા – સુરત
(૫) શ્રી જયેષભાઈ મનુભાઈ ચોકસી – સુરત

શ્રી શ્રમણ સ્થવિરાલય આરાધના ટ્રસ્ટ A –૨૧૪૭ – સુરત
C/o શ્રી દિનેશભાઈ બાબુભાઈ શાહ. ઠે ૧, ૩૩૬૯
ગોપીપુરા– નેમુભાઈની વાડીપાસે જૂની અદાલત પાસે
ગોપીપુરા – સુરત પી. નં. ૩૯૫૦૦૧.

# સંપાદકીય નિવેદન

## ( આ પુસ્તકની – જન્મકથા )

આજથી લગભગ – ૧૦ – વર્ષ પહેલાં સંવત – ૨૦૩૮ – ની સાલમાં અમે બન્ને ગુરુભાઈઓ પાલિતાણા તીર્થમાં શ્રી લાવણ્ય વિહાર ઉપાશ્રયમાં સ્થિરતા કરીને રહ્યા હતા, કારણ કે તે સમયે " શ્રી શ્રમણ સ્થવિરાલય આરાધના જૈન ઉપાશ્રય " નું સર્જન થતું હતું.

એક મંગલદિવસના મંગલ ચોઘડિયાની વાત છે કે " સવારે પોરિસીનો સમય થયો હતો." અમે બન્ને ગુરુભાઈઓ અલ્પઅભ્યાસી એવા પૂ. સાધુ – સાધ્વીજી ભગવંતને વ્યાખ્યાન આપવામાં સહાયરૂપ થાય તેવા હસ્ત લિખિત વ્યાખ્યાનના ચોપડાઓ લખતા હતા. (બીજો ચોપડો લખાતો હતો.) તે સમયે તળેટીએ ગિરિરાજનાં દર્શન કરીને પાછા ફરતાં શ્રી સૂરિ સમ્રાટના સમુદાયના પૂ. આ. મ. શ્રી વિજય–નેમિ–વિજ્ઞાન–કસ્તૂર–ચંદ્રોદય સૂરિ શિષ્ય પૂ. પં શ્રી પ્રમોદચંદ્ર વિજયજી ગણિવર સુખશાતા પૃચ્છા અને મિલનાર્થે પધાર્યા.

થોડોક ટાઈમ બેઠા, અને ઔપચારિક વાતો થઈ. પછી તેઓએ પોતાના હૈયામાં રહેલી વાતને પ્રેરક ભાષામાં રજૂ કરી કે તમે જેમ વ્યાખ્યાનને ઉપયોગી હસ્તલિખિત ચોપડાઓ બહાર પાડયા છે. તેજ રીતે શ્રી શત્રુંજયતીર્થના વર્ણન માટે કુલ – ૯૯ – કલાક સુધી વાંચી શકાય તેવાં – ૯૯ – વ્યાખ્યાનો લખો.

કારણ કે આ શ્રી સિદ્ધગિરિમાં ચોમાસું રહેલા શ્રાવકો પાસે, અને – ૯૯ – યાત્રા કરવા આવેલા ભાવિકો પાસે પૂ. સાધુ – સાધ્વીજી ભગવંતો શું વાંચે ? તેના માટે તમે જો કંઈક તેવો પ્રયત્ન કરો તો આ પ્રશ્ન બધાને માટે ઊકલી જાય.

આ કામ સ્થિરતાવાળા સાધુનું છે. (પલાંઠીવાળીને બેસે તેનું છે.) ને લગનનું છે. તેથી તમારા જેવા કોઈક ખૂણે બેસીને કામ કરે તેવા સાધુ મુનિરાજનું આ કામ છે. માટે તમેજ આ કામ ઉપાડો.

આ વાત અમારા હૈયામાં સ્પર્શી ગઈ – આરપાર ઊતરી ગઈ. અને આના માટે અમારે પ્રયત્ન કરવો જ છે એવો અમે મનોમન પાકો નિર્ણય કરી લીધો.

## આ – છે – આ – પુસ્તકની જન્મકથા

ત્યારબાદ અમે શ્રી શત્રુંજય સંબંધી લખાણ કરવા માટે શ્રી શત્રુંજય શાશ્વતો છે તેનાંકારણો – તેનાં નામોના પ્રકારો – નામો પાડવાનાં કારણો – શ્રી શત્રુંજયની વિવિધ ઉપમાઓ – શ્રી શત્રુંજય પર કરોડો મુનિઓનું મોક્ષગમન – વગેરે પોઈન્ટો લખીને તેના માટેનું લખાણ શરુ કર્યું.

પણ આવા મોટા લખાણ માટે જો કોઈક આધારભૂત **શ્રી શત્રુંજય સંબંધી સ્વતંત્ર ગ્રંથ મલે** તો સોનામાં સુગંધ થઇ જાય. અને અમારું આ કામ ખૂબજ સહેલું બની જાય. તેના માટે તેવા ગ્રંથની સતત શોધ કરતાં સહુના તરફથી " શ્રી શત્રુંજય માહાત્મ્ય ભાષાંતર " આ પુસ્તકનું નામ રજૂ કરવામાં આવ્યું. પણ આ ગ્રંથ લોકો માટે ખૂબજ પરિચિત હોવાથી – અને હું જેવી નાની નાની કથાઓવાળો ગ્રંથ શોધતો હતો તેવો ગ્રંથ ન હતો. એટલે તેના માટે પ્રયત્ન ચાલુજ રાખ્યો. ને વધુ પૂછપરછ કરતાં પૂ. આ. મ. શ્રી સૂર્યોદય સાગરસૂરિજી. મ. તથા જ્ઞાનપ્રેમી પૂ. મુનિ શ્રી નંદનપ્રભવિજયજી. મ. તરફથી સંસ્કૃત ટીકાવાલા – શુભશીલગણિ મહારાજે રચેલા " શ્રી શત્રુંજયકલ્પવૃત્તિ" આ મૂલ ગ્રંથનું નામ સૂચવવામાં આવ્યું. અને એ બન્ને પૂજ્યો તરફથી તેની નકલો પણ વાંચન માટે ભેટ મલી.

ત્યારબાદ તે ગ્રંથનું સ્વયં વાંચન કરતાં આનંદ આવ્યો. અને એમ લાગ્યું કે મને મનગમતું ભોજન મલી ગયું. મને જોઈતો હતો તેવો કથાનો ગ્રંથ પ્રાપ્ત થયો.

તેમાં વાંચન દ્વારા ગતિ શરુ કરી પણ આવડો મોટો ગ્રંથ કોઈની પણ સહાય વગર કેવી રીતે વાંચી શકાય ? ને કેવી રીતે તેનું સંપૂર્ણ ભાષાંતર કરી શકાય ? તેથી તે સમયે પાલિતાણા આગમમંદિરમાં બિરાજમાન પૂ. આ. મ. શ્રી સૂર્યોદય સાગરસૂરિજી મ. પાસે તે ગ્રંથનું વાંચન શરુ કર્યું. અને આ ગ્રંથનાં – ૮૦ – પૃષ્ઠ – વંચાયાં અને તેટલું ભાષાંતર પણ લખાઈને તૈયાર થયું.

ત્યારબાદ તે ગ્રંથના વાંચનમાં વચ્ચે ખૂબ જ મોટો આંતરો પડી ગયો. અને પછી વાંચનનો યોગ પ્રાપ્ત ન જ થઇ શક્યો. અને લગભગ બે વર્ષ જેવો સમય એમને એમ પસાર થઇ ગયો.

ત્યાર પછી આ કાર્યમાં આગળ વધવું જ છે. એવો પાકો નિર્ણય હોવાથી શોધખોળ કરતાં પાલિતાણામાં શ્રી શ્રેયસ્કર મંડલની પાઠશાલામાં અભ્યાસ કરાવતા શ્રાદ્ધવર્ય શિક્ષક શ્રી કપૂરચંદભાઈ આર. વારૈયા અમારી નજરમાં આવ્યા. અને હું તેમને જઈને મલ્યો. અને તેમની પાસે અભ્યાસનો સ્વતંત્ર ટાઈમ લઈને આ ગ્રંથનું વાંચન કરતાં ને સાથે સાથે રોજ ભાષાંતર લખતાં સળંગ – ૧૩ – મહિના અને – ૧૦ – દિવસમાં ૧૪૨૨૪ – ગાથા પ્રમાણ આ ગ્રંથ સંપૂર્ણ વંચાઈ ગયો. અને સાથે –સાથે ભાષાંતર પણ લખાઈ ગયું.

આ રીતે શ્રી જિનશાસનમાં શ્રી શત્રુંજય તીર્થ સંબંધી માહિતી આપતા આધારભૂત – બીજા ગ્રંથનું ભાષાંતર આપણા જૈન સમાજને ઉપલબ્ધ થયું.

આમ –૫– પૂ. પં સ્વ. પ્રમોદચંદ્ર વિજયજી ગણિવરની ભાવનાને સાકાર કરતું એક અનોખું કાર્ય પાર પડ્યું.

બીજી બાજુ અમે કેટલાંક વર્ષો પૂર્વે અમારા સ્વ. ગુરુદેવ પૂ. આચાર્ય મ. શ્રી હેમસાગરસૂરિજી. મ..

સાથે મુંબઇ – પાયધુની આદીશ્વરની ધર્મશાલામાં ચોમાસું હતા ત્યારે તેઓશ્રીએ એકવાર એવી ભલામણ કરી હતી કે " મહાભદ્ર આપણામાં શક્તિ હોય તો જરુર ગમે તે એક ગ્રંથ ને વાંચીને તેનું ભાષાંતર લખીને છપાવવું." તે તેઓની પ્રેરક પ્રેરણા પણ આજે ગ્રંથરૂપે બહારપડી સફલ થાય છે.

ત્યાર બાદ હવે આ ગ્રંથને કેવી રીતે છપાવવો ? અને સહાયકોની સહાય કેવી રીતે મલે ને લેવી ? તેના માટે ખૂબજ વિચાર કરીને સહુના માટે સહેલી – ૨૫૧ – રૂપિયાની એક વંદના લેવી તેવો નિર્ણય કર્યો. તેમાં તે રકમ આપનાર તરફથી આ પુસ્તકનું એક પાનું છપાય. અને ગ્રંથ છપાઇને બહાર પડેથી તેઓને આ ગ્રંથની એક નકલ ભેટ મલે.

આ યોજનામાં પરિચિતો સિવાય અન્ય કોઇ ભાવિકો કે સંઘોનો સહકાર પ્રાપ્ત ન થયો. ત્યાર પછી પાંચેક માસ બાદ અમારા ટ્રસ્ટના ટ્રસ્ટી શ્રી દિનેશભાઇ અહી રુબરુમાં આવેલા ત્યારે તેઓને આ વાત જણાવતાં તેઓએ કહ્યું કે આપણે એક એવી યોજના ટ્રસ્ટ દ્વારા જાહેરમાં મૂકવી કે " જે ભાવિક પુણ્યાત્મા અથવા કોઇ પણ શ્રી સંઘ આ પુસ્તકના પ્રકાશનમાં સહાયક તરીકે રૂા. ૧૧૦૦૦–/ અને રૂા. ૫૦૦૦–/ આપે તો તેઓનું નામ સહાયકોનાં શુભ નામોમાં છપાય. અને તેઓને આ પુસ્તક તૈયાર થયેથી આના–૫૧–અને –૨૫– સેટ ભેટ અપાય. વધુમાં આ પુસ્તકનું વેચાણ કરવું નહિ. અને કિંમત છાપવી નહિ. (એટલે ભેટ જ આપવાનું)"

આ યોજના અમને ગમી ગઇ. અને એ પ્રમાણે નકકી કરી " શ્રી શ્રમણ સ્થવિરાલય આરાધના ટ્રસ્ટ" ના ઉપક્રમે હેન્ડબીલ છપાવીને તથા સુઘોષા માસિકમાં પણ તેની જાહેરાત કરીને દરેક સંઘમાં અરજીઓ પણ કરી. ત્યાર બાદ ધીમે ધીમે ભાવિકો અને સંઘો તરફથી સાથને સહકાર મલવા લાગ્યો.

એમાં સહુ પ્રથમ માતાની જેમ વાત્સલ્ય ભાવે ધીરજબહેન રતિલાલ સલોતે રૂા. ૧૧૦૦૦–/ ની પ્રથમ રકમ ઉદારતાપૂર્વક કહેતાની સાથે સહર્ષ આપી. અને શુભ શરૂઆત કરી. ત્યાર બાદ પૂ. આ. મ. શ્રી વિજય યશોભદ્રસૂરિજી. મ. ડહેલાવાળાએ શ્રી તખતગઢ – ચાતુર્માસ સમિતિ તરફથી રૂા. ૧૧૦૦૦–/ રકમ અપાવી.

પછી પૂ. આ. મ. શ્રી વિજયલબ્ધિસૂરિજી. મ. તરફથી બેસતા વર્ષે ખુશાલીમાં આ પુસ્તકના પ્રથમ ભાગના કાગલમાં સારી એવી રકમનું વચન મલ્યું. તે પ્રમાણે તેઓશ્રી તરફથી રૂા. ૧૧૦૦૦–/ ની બે રકમો બે સંઘો તરફથી પ્રાપ્ત પણ થઇ ગઇ.

ત્યાર બાદ મુંબઇથી કંપાણી કુટુંબનાં ભાઇ બહેનો પર્યુષણા કરવા અત્રે પધાર્યા હતાં. તેઓને પૂ. મુનિશ્રી અમરેન્દ્ર સાગરજી. મ. અને પૂ. આ. મ. શ્રી. યશોભદ્ર સૂરિજી મહારાજે ખાસ ભલામણ કરીને પ્રેરણા કરી કે આ પુસ્તકમાં ચોકકસ સહાયક થવા જેવું છે. તેથી શ્રી મહેન્દ્રભાઇ નવીનચંદ્ર છગનલાલ કંપાણીએ આ પુસ્તકની બધી જ વિગતો અમારી પાસે સમજી લઇને મુંબઇ જઇને – પોતાના પિતાશ્રી નવીનચંદ્ર છગનલાલ કંપાણી સાથે પ્રયત્ન શરુ કર્યો. પછી તેઓની સાથે તેમના – કંપાણી કુટુંબનાં બધાંજ ભાઇ બહેનો અને દીકરીઓ

આ પુસ્તક અમારું જ છે એમ માનીને તેના સહાયના કાર્યમાં ઓતપ્રોત થઇ ગયાં. તેઓ સહુના પ્રયત્નથી રૂા. ૧૧૦૦૦-/ ના પાંચનામો અને બીજીપણ રૂા. ૬૦૦૦-/, રૂા. ૫૫૦૦-/ ને ૫૦૦૦-/ ની રકમ પણ પ્રાપ્ત થઇ.

આના માટે અમારે કહેવું જ પડશે કે આ કાર્યમાં તેઓએ આપેલો સહકાર ખૂબજ પ્રશંસાને પાત્ર છે. ને જ્ઞાન ભક્તિના અનુપમ દાખલારૂપ જરુર કહેવાશે.

પછી આ સહાયના કાર્યમાં વધારે ને વધારે ભાવિકો અને સંઘો જોડાતા જ ગયા. તેમાં મંદિરના શિખર પર જેમ સોનાનો કળશ ચઢે ને ધજાદંડ પર ધજા ચઢે તેમ સાયન-મુંબઇ – ૨૨ – ના શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘે રૂા. ૨૫૦૦૦-/ ની સહાય કરીને અમારા કાર્યને એકદમ વેગ આપી દીધો.

અને પછી બધાંની એક જ માંગણી આવવા માંડી કે આની નકલો વધુ છાપો, કાગલો સારા લો, અને સારું કામ કરવા માટે ઓફસેટ પ્રિન્ટિંગ કરાવો, ખર્ચ ભલે વધે પણ સારું જ બનાવો, જરુર પડશે તો અમે વધુ મહેનત કરીશું.

ત્યાર બાદ પ્રેસનું કામ ક્યાં કરાવવું ? કેવી રીતે કરાવવું ? અને કોની પાસે કરાવવું ? આના માટે શાંત ચિત્તે વિચાર કરતાં ટ્રસ્ટીઓના પ્રયત્નથી મુંબઇ લોઅર પરેલમાં " સ્ટાયલોગ્રાફ્સ " કં. ના માલિકો વિજયભાઇ નો પરિચય થતાં ઓફસેટ પ્રિન્ટિંગના ભાવો લઇને તેમની બધી વાતો યોગ્ય લાગતાં તેમને જ આ કામ સોંપવું તેવો નિર્ણય ટ્રસ્ટી મંડલે કર્યો.

' શ્રેયાંસિ બહુવિઘ્નાનિ' આ વાક્ય ચાલુ વ્યવહારમાં બોલાતું હોવાથી મુહૂર્ત જોઇને આ છાપકામ શ્રી વિજયભાઇને અત્રે બોલાવીને શુકન વગેરે ક્રિયાઓ સાથે આનંદથી સોંપ્યું. અને પછી ધીમે ધીમે ચોકકસ રીતે કામ કરતાં આજ આ પુસ્તક બે ભાગમાં તૈયાર થઇને તમારા સહુના હાથમાં આવીને બેઠું છે. જે અમારા અવર્ણનીય આનંદનું એક પ્રતીક અને સહુના માટે પણ એક આનંદનો અવસર બની ગયો છે.

અમે આ પુસ્તકના ભાષાંતરમાં ભાષાની સજાવટ કે શબ્દોની રમઝટ નથી કરી. કારણ કે આ ગૂજરાતી ભાષામાં અમારું તેવું પ્રભુત્વ નથી. અને અમે એવા ઉચ્ચકોટીના અભ્યાસી કે લેખક પણ નથી. અમે તો ફક્ત જે આ ગ્રંથ સંસ્કૃત ભાષામાં હતો. તેનો સાદી ને સરળ ભાષામાં ગુજરાતીમાં અનુવાદ (ભાષાંતર) કરેલ છે.

આ દિશામાં અમારો પ્રયત્ન સહુ પ્રથમ હોવાથી કદાચ એમાં ક્ષતિઓ – ભૂલો રહેવાનો સંભવ છે જ. છતાં પણ અમે "શુભે યથા શક્તિ યતનીયં" આ ન્યાયે પ્રયત્ન કર્યો છે.

હવે હંસ જેવા સજજન વાચક વર્ગને હું વિનંતિ કરું છું કે તમે સજજનો હંસ જેવા છો. હંસ તો મોતીનો

જ ચારો ચરે છે. દૂધ જ પીએ છે. તેઓ એવી ફરિયાદ નથી કરતા કે આ દૂધમાં પાણી કેમ છે ? એ તો પોતાને જોઈતા દૂધને લઇ લે છે. અને પાણીને છોડી દે છે. તે રીતે આમાં રહેલી સારી વાતોને વાચક સજ્જનો ગ્રહણ કરશે. અને પાણી જેવી ક્ષતિઓને છોડી દેશે. નજરમાં ન લાવે ના ના – અરે મિત્રભાવે તે બધી ક્ષતિઓને જણાવવા હું વિનંતિ કરું છું. જેથી બીજા પ્રયત્નમાં સુધારી લેવાય.

અમે આ ગ્રંથનું સાદી ને સરળ ગુજરાતી ભાષામાં ભાષાંતર કરેલ છે. હવે તે બધી વાતોને મુનિવરો વક્તાઓ લેખકો–કથાકારો પોતપોતાની ભાષામાં સજાવીને રોચક બનાવીને જૈન સમાજ પાસે રજૂ કરે.

બીજું મારા મનની એક મંગલ ભાવના છે કે :– આ ગ્રંથના આધારે કોઇક મુનિરાજ આ વાતોને ગોઠવીને વિવેચનને પ્રાર્થના સાથે ૧૦૮– પારાયણની જેમ શ્રી શત્રુંજયનાં – ૧૦૮ – વ્યાખ્યાનો કલાક–કલાક ચાલે તેવાં તૈયાર કરીને સમાજપર એક વધુ ઉપકાર કરે. અને શ્રી શત્રુંજયનાં –૧૦૮– પારાયણોનું વાંચન શરુ કરે. પોતાના હૈયામાં રહેલી શ્રી શત્રુંજયની ભક્તિ પ્રદર્શિત કરતાં બીજા માટે પણ શ્રી શત્રુંજયની ભક્તિનું અનેરું સાધન બને.

આ સંસ્કૃત ટીકાવાલા મૂલ ગ્રંથના કર્તા શુભ શીલગણિ મહારાજ છે. અને તેઓ જૈન સમાજના સાહિત્ય વિભાગમાં કથાકાર તરીકે એક નંબરનું સ્થાન શોભાવે છે. આ ગ્રંથના વિષયમાં સહુ પ્રથમ શ્રી શત્રુંજયનાં ૨૧–નામોની–૨૧– કથાઓ છે. રત્નાકર – વિવર – ઔષધને રસકૂપિકા આ ચાર ઉપમાઓમાં ચાર કથાઓ છે. ૨૩– તીર્થંકર ભગવંતો શ્રી શત્રુંજયપર પધાર્યા સમવસરણ થયું. અને આપેલો ઉપદેશ. બીજી પણ કથાઓ, શ્રી શત્રુંજયના થયેલા ઉદ્ધારો – શ્રી રામચંદ્રજી – શ્રી કૃષ્ણવાસુદેવ અને પાંચ પાંડવોનું ચરિત્ર વિવેચન સહિત છે. આ સિવાય પણ બીજી અનેક કથાઓ છે. આ ગ્રંથમાં કુલ નાની – મોટીથઇને –૧૧૦ – કથાઓ લેવામાં આવી છે. જેનો ખરેખર ખ્યાલ તો અનુક્રમણિકા જોવાથી અથવા આ ગ્રંથ વાંચવાથી જ આવશે..

મૂલ સંસ્કૃત ટીકાવાલો આ " શ્રી શત્રુંજયકલ્પ " નામનો ગ્રંથ – ૫૨૯ – વર્ષ પહેલાં વિક્રમ સંવત – ૧૫૧૮ – માં બનેલો છે. તેથી તે ગ્રંથમાં પાછળથી થયેલી વાતોનો સંગ્રહ ન જ હોય એ એ સ્વાભાવિક છે. અને કેટલીક અત્યંત પ્રચલિત પહેલાંની વાત પણ ગ્રંથ વિસ્તારના ભયથી લેવામાં આવી ન હોય. જેમ કે સમરાશા–ને કરમાશાએ કરેલો ઉદ્ધાર. અને ચંદરાજાનું ચરિત્ર વગેરે, તેથી આવી અવનવી વસ્તુઓનો મેં મારી અલ્પબુદ્ધિએ આ ગ્રંથની અંદર બીજા ભાગમાં પૂર્તિ તરીકે સંગ્રહ કર્યો છે જે વાંચવાથી જ ખ્યાલ આવશે.

આ પૂર્તિના સંગ્રહમાં જરુર કાંઇક અધૂરપ હશે, કોઇ ઠેકાણે ક્ષતિ પણ હશે અને કોઇ ઠેકાણે સંકલનમાં ખામી પણ હશે. ફક્ત મેં તો મારા ક્ષયોપશમ પ્રમાણે મારા દૃષ્ટિ બિંદુ પ્રમાણે સંગ્રહ કરવા પ્રયત્ન કર્યો છે. તેની ખાસ નોંધ લેવી.

આ સિવાય પણ આ ગ્રંથની પૂર્તિમાં મારે બીજી ઘણી વસ્તુઓનો સંગ્રહ કરવાની ભાવના હતી. પણ સમય–શક્તિ ને સંયોગોના કારણે એ બધી ઇચ્છાપૂર્ણ થઇ શકી નથી. હાલપૂરતી તો બંધ રાખવી જ પડી છે.

## સહાયકોના ઉપકારનું સંભારણું

**મૂલગ્રંથકર્તા** – પૂ. આ. મ. શ્રી ધર્મઘોષ સૂરિજી. મ.

**ટીકાકર્તા** – પૂ. શુભશીલગણિ મહારાજા

**પ્રથમ પ્રયત્ન** – હસ્તલિખિત ગ્રંથ પરથી પ્રથમ પ્રેસકોપી કરાવનાર પ. પૂ. સ્વ. આગમોદ્ધારક આ. મ. શ્રી આનંદ સાગરસૂરિજી. મ. **મૂલ સંસ્કૃત ગ્રંથના સંપાદક** – સ્વ. પૂ. ગ. આ. મ. શ્રી માણિક્ય સાગર સૂરિજી મ. ના શિષ્ય શતાવધાની પૂ. ગણિવર્યશ્રી લાભ સાગરજી. મ.

**ભાષાંતરપ્રેરક** – આ ગ્રંથના ભાષાંતર માટે પ્રેરણા કરનાર પ. પૂ. સ્વ. પ્રમોદચંદ્રવિજયજી ગણિવર.

**પ્રથમ સહાયક** – ભાષાંતર માટે મૂલગ્રંથની કોપી આપનાર અને આ ગ્રંથની સલાહ આપનાર પૂ. આ. મ. શ્રી સૂર્યોદયસાગર સૂરિજી મ. તથા પૂ. મુનિશ્રી નંદનપ્રભવિજયજી. મ.

**સહસંપાદક** – મને ભાષાંતર કરવા માટે પોતાની શક્તિ ને ઉત્સાહ પૂર્વક ખંતથી ભણાવનાર પંડિતવર્ય શ્રી કપૂરચંદભાઇ આર. વારૈયા,

**સંપૂર્ણ સહાયક** – આ પુસ્તકના અભ્યાસથી માંડીને પ્રકાશન સુધીના કાર્યમાં બધી જ રીતે સહાયક બનનાર પૂ. મુનિરાજ શ્રી અમેરન્દ્ર સાગરજી મ. તથા ભાષાંતરમાં કોઇક જગ્યાપર અર્થ ન બેસે તો પૂ. આ. મ. શ્રી નરેન્દ્રસાગરસૂરિજી. મ. પાસેથી તેનો અર્થ તુરંત પ્રાપ્ત થતો હતો.

**દાન દાતાઓ** – ઉદારતાથી દ્રવ્યનું દાન કરી સુકૃતનો લાભ લેનારાં – ભાવિકો – સંઘો અને ટ્રસ્ટો વગેરેનું આ પુણ્ય પ્રસંગે બધાંના ઉપકારરૂપ – સહકારનું સંભારણું કરું છું. આ પુસ્તકના પ્રકાશનમાં " સર્વહક્ક સ્વાધીન " જેવું કશું જ નથી. અને હોવું પણ ન જોઇએ. તે મારા સ્વતંત્ર વિચારો અહીં મેં પુસ્તકમાં એક પાનું મૂકીને સમાજને વિચારણા કરવા માટે હાર્દિક ભલામણ સાથે મૂકેલ છે.

આ પુસ્તકમાં ફોટાઓ મૂકવાની ભાવના ન હતી. પણ ઘણા ભાવિકો તરફથી લાગણીસભર માંગણીઓ આવવાથી ટ્રસ્ટીવર્યો સાથે વિચારણા કરીને અમુક અમુક ભાવિકોને લાભ આપ્યો છે.

આમાં પણ ધીરજ બહેન રતિલાલ સલોતને લાભ આપ્યો છે. કારણ કે પુસ્તકની શરુઆતથી જ દરેક બાબતમાં તેમની લાગણી ભાવના ને પ્રેરણાઓ ચાલુ જ રહી છે.

આ ગ્રંથના બીજા ભાગમાં પૂર્તિમાટે જે કંઇક વધુ લખવું હશે તે બીજા ભાગમાં લખીશ.

ઘણાય ભાવિક જિજ્ઞાસુઓ પૂછે છે કે આના બે ભાગ કેમ ? તેનો સહુ પ્રથમ જવાબ છે કે ગ્રંથ ભેગો કરતાં ખૂબ જ મોટો થવાથી વાચકવર્ગને જોઇએ તેવી સાનુકૂલતા ન પડે માટે. અને બીજી વાત અત્યારના ટેન્શનવાળા ઉપાધિઓના જમાનામાં લોકોની આંખનું તેજ ઘટવા માંડયું છે માટે અક્ષરો જરા વધુ મોટા કર્યા છે. જેથી વૃદ્ધ સુધીના આત્માઓને પણ વાંચનમાં તકલીફ ન પડે અને વાંચતાં કંટાળો પણ ન આવે માટે.

ઓફસેટ પ્રિન્ટિંગમાં અમુક જોડાક્ષરો નથી આવતા આ તકલીફ આપણે ચલાવી લેવી પડે છે. આ સિવાય પણ આપણે આ પુસ્તક માટે જેટલીવાતો લખીએ તેટલી ઓછી જ પડવાની છે.

આ પુસ્તકની પ્રસ્તાવના લખી આપનાર મુનિવરનો મેં આભાર માનીને નામ નહિ લખવાનું કારણ પૂછ્યું ત્યારે ઉદાર વિચારવાલા એ મુનિવરે જવાબ દીધો કે (મારે કામનું કામ છે. નામનું કામ નથી. નામ માટે કામ કરનારામાં સ્વાર્થ દેખાયા વગર રહેતો નથી. અને નિઃસ્વાર્થ કામ કરનારાની સુવાસ આપો આપ ફેલાઇ જાય છે. દાખલામાં જુઓ સંપ્રતિ મહારાજાએ લાખો પ્રતિમાઓ ભરાવી. પણ તેમનું નામ ક્યાંય વાંચવા મલે છે ખરું ? અરે છેલ્લા ઉદ્ધારની પ્રતિષ્ઠા કરાવનાર પૂ. આ. ભગવંતે ' સૂરિભિ : પ્રતિષ્ઠિતમ ' આવા શબ્દો લખ્યા. આવી હતી આપણા પૂજ્યોની નિઃસ્વાર્થવૃત્તિને ગહન નમ્રતા. અત્યારે કહીશ તો જરુર બધાને જ કડવું લાગશે. આપણે તો પ્રભુની પલાંઠીની નીચેની જગ્યાને આપણું નામ લખવાની જગ્યા માની લીધી છે. આનો વિચાર આપણે સહુએ જાતેજ કરવાનો છે કે ક્યાં છે આપણામાં લઘુતા ને નમ્રતા ? )

શ્રી શત્રુંજયના અભિષેક પ્રસંગે પધારેલા ભાવિકો અને ટ્રસ્ટીઓ તરફથી એક ખાસ સૂચન કરવામાં આવ્યું કે આપણા આ પુસ્તકમાં અભિષેકનો પ્રસંગ ટૂંકાણમાં પણ સમાવી લેવો જોઇએ તે પ્રમાણે આ પુસ્તકના બીજા ભાગમાં છેલ્લે તે અભિષેકની ટૂંક નોંધ લખીને ઉમેરી દીધી છે. તેની ખાસ નોંધ લેવી.

☐ આ ગ્રંથનું છાપકામ શરુ થયા પછી પણ પૂ. આચાર્ય મ. શ્રી વિજયચંદ્રોદય સૂરિજી મ. ની શુભ પ્રેરણાથી ત્રણેક ગામના શ્રી સંઘો તરફથી સુંદર આર્થિક સહકાર પ્રાપ્ત થયો છે. તે તેઓની શુભ લાગણીને યાદ કરવી કેમ ભુલાય?

☐ આ પુસ્તકના છાપકામમાં પુસ્તકને ખૂબ જ સુંદર બનાવનાર સ્ટાયલોગ્રાફસ કું. ના માલિક વિજયભાઇને ધન્યવાદ આપવા ઘટે છે.

અને પુસ્તક સંબંધી બાકીની વ્યવસ્થાઓ પુસ્તકને પોતાનું માનીને ગોઠવનાર જીગી પ્રિન્ટર્સના માલિક જીતુભાઇ અને ગીતાબેનને આ પ્રસંગે યાદ કર્યા છે. અને પ્રૂફ રીડિંગનું કામ ખૂબ જ ખંતને લાગણીથી કરનાર જે. એન. કાનાણીને પણ લાગણી સભર યાદ કરું છું.

બસ હું અહીં સંપાદકીય નિવેદનને સમાપ્ત કરું છું. જૈનં જયતિ શાસનમ – **મહાભદ્ર સાગર**

# પ્રસ્તાવના

**શ્રી શત્રુંજય તીરથસાર, ગિરિવરમાં જેમ મેરુ ઉદાર, ઠાકુર રામ અપાર;**
**મંત્રમાંહે નવકારજ જાણું, તારામાં જેમ ચંદ્ર વખાણું, જળધર જળમાં જાણું;**
**પંખી માંહે જેમ ઉત્તમ હંસ, કુળમાંહે જેમ ઋષભનો વંશ , નાભિતણોએ અંશ;**
**ક્ષમાવંતમાં શ્રી અરિહંત, તપશૂરા મુનિવર મહંત, શત્રુંજયગિરિ ગુણવંત; (૧)**

શ્રી સીમંધર સ્વામીએ સમવસરણમાં બારે પર્ષદામાં મીઠા મધુરા–માલકોશરાગમાં દેશના આપતા સૌધર્મેન્દ્રને સ્વમુખે ક્હ્યું કે હે ઈન્દ્ર ! ચૌદ ભુવનમાં આ તીર્થ જેવું અનુપમ મહિમાવાળું કલ્યાણ કરવાના સ્વભાવવાળું એક્ય તીર્થ નથી.

એવા આ તીર્થના અપૂર્વ મહિમા–પ્રભાવને ક્હેતા –૫૨૯– વર્ષ જૂના – ૧૪૨૨૪ – ગાથાના પ્રમાણવાલા " શ્રી શત્રુંજય કલ્પ " નામના મૂલ સંસ્કૃત ટીકાવાળા ગ્રંથનું જે આ ગૂજરાતી ભાષાંતર થયું છે. તે ગ્રંથની પ્રસ્તાવના લખવાનું જે સદ્‌ભાગ્ય મને પ્રાપ્ત થયું તેના માટે હું મારા જીવનને ધન્ય ધન્ય માની રહ્યો છું. મારા જીવનમાં આનાથી વધુ સારો ક્યો પ્રસંગ આવવાનો છે ?

સહુ પ્રથમ તો આવું મોટું કામ કરવા માટે આ નાના મુનિરાજને એમની લાગણી – એમની જ્ઞાન પિપાસા ને તમન્નાને ધન્યવાદ આપવા ઘટે છે.

પ્રત્યેક જૈન માનવ માટે શ્રી શત્રુંજય એ પરમ શ્રદ્ધેય વસ્તુ છે. તેના માટે તેઓ પોતાનું સર્વસ્વ અર્પણ કરવા હરદમ તૈયાર હોય છે. તેથી જ આવાં ન ક્લ્પી શકાય તેવાં કામો સંપૂર્ણ થઈ શકે છે.

આપણા પરમ પવિત્ર અને આધાર ભૂત આગમોમાં શ્રી શત્રુંજય માટે જ્ઞાતા ધર્મકથાંગ – અંતકૃદ્દશા ને સારાવલી પયન્નો આ ત્રણમાંજ તેના આધારો પ્રાપ્ત થાય છે. તેમાંના પહેલા બે આગમો આપણી પાસે ચાલુ વાચન–શ્રવણમાં આવે છે. પણ ત્રીજું આગમ જે સારાવલી પયન્નો છે. તે આપણને આજદિન સુધી પ્રાપ્ત થયો નથી. એટલે તેનું વાંચન–શ્રવણ આપણને પ્રાપ્ત થયું નથી. પણ સંપાદક મુનિરાજે હસ્તલેખિત જ્ઞાનભંડારમાંથી શોધ કરીને પૂ. આ. મ. શ્રી નરેન્દ્ર સાગર સૂરિજી પાસે વાંચન કરીને બનતા પ્રયત્ને શુદ્ધ કરીને આ ગ્રંથના બીજા ભાગમાં પૂર્તિના વિભાગમાં મૂળ મૂકેલ છે. એટલે શ્રી શત્રુંજય માટેનો આગમનો ત્રીજો આધાર પણ આપણને મલી ગયો છે. શોધ કરનારને શું નથી ? જગતમાં ક્હેવત છે ને કે શોધ કરનારને ધૂળમાંથી સોનું મલે છે તેમ, ફક્ત તેના માટે પ્રયત્ન જ જોઈએ.

હજુપણ બીજા ભંડારોમાં શોધખોળ કરતાં તેની અન્ય પ્રતિઓ જરુર મલશે. તો તેમાં પણ કોઇક વિદ્વાન મુનિવરે પ્રયત્ન કરવો જરૂરી છે.

અત્યાર સુધીમાં આપણા જૈનધર્મના સાહિત્ય વિભાગમાં શ્રી શત્રુંજય માટે સ્વતંત્ર બેજ ગ્રંથો હતા. તેમાંનો એક ગ્રંથ શ્રી શત્રુંજય માહાત્મ્ય. અને બીજો ગ્રંથ આ શ્રી શત્રુંજય કલ્પ છે.

પહેલા ગ્રંથ શ્રી શત્રુંજય માહાત્મ્યમાં શ્રી શત્રુંજયના મહિમાની કથાઓનું વર્ણન ખૂબ જ વિસ્તારપૂર્વક પૂ. ધનેશ્વરસૂરિ મહારાજે કરેલ છે. જયારે આ ગ્રંથમાં તો શુભશીલગણિ મહારાજે સાવ-સાદી-સીધી વર્ણન વગરની નાની નાની કથાઓ જ મૂકી છે. જે અત્યારના જમાનામાં લોકોને વધુ અનુકૂલ આવશે. અને સાહિત્ય – કાવ્ય વગેરેના અભ્યાસીને તો શ્રી શત્રુંજય માહાત્મ્ય જ ગમશે.

જેના ઉપરથી આ ગ્રંથ બન્યો છે. તે શ્રી શત્રુંજય કલ્પની મૂળ –૩૯– ગાથાઓ છે. જેની રચના ધર્મઘોષ સૂરિજીએ કરેલ છે. જેની મૂળગાથાઓ પૂર્તિમાં સ્મરણ માટે સાર્થ મૂકેલ છે. જે નિત્ય સ્મરણ કરનારા પુણ્યાત્માઓને ગમશે. અને ઉપયોગ કરશે.

હવે " શ્રી શત્રુંજય કલ્પ " નામનો સંસ્કૃત ટીકાવાલો જે ગ્રંથ છે. તેનું શ્લોક પ્રમાણ –૧૪૨૨૪– છે. તે ગ્રંથ – વિ. સં. – ૧૫૧૮ –માં એટલે આજથી –૫૨૯– વર્ષ પહેલાં બનેલો છે. જેના કર્તા શુભશીલગણિ મહારાજ છે, જેમાં શ્રીશત્રુંજયની નાની મોટી ૧૧૦– કથાઓનો સંગ્રહ ગ્રંથકારે કર્યો છે. તેજ ગ્રંથનું આ ગૂજરાતી ભાષાંતર છે.

આ ભાષાંતરની અંદર સહુ પ્રથમ શ્રી શત્રુંજયનાં –૨૧– નામની ૨૧ કથાઓ –૨૩– તીર્થંકર ભગવંતોની પધરામણી – સમવસરણ ને ઉપદેશ, શ્રી શત્રુંજયની – ૪ – ઉપમાની –૪– કથાઓ, શ્રીરામ – શ્રી કૃષ્ણ – અને પાંચ પાંડવોનું જીવનવૃત્તાંત વિસ્તારથી લીધેલ છે. તથા ઉદ્ધાર વગેરેની કથાઓ પણ લીધી છે. એકંદરે આ ગ્રંથ જૈન સમાજને શ્રી શત્રુંજયના વાંચન માટે નવો જ છે.

આમ પણ જૈન શાસનમાં ગ્રંથ દ્વારા ઉપકાર કરનારા પૂજ્યોમાં કથાકાર તરીકે નામના મેળવનાર શ્રી શુભશીલગણિ મહારાજનું નામ મોખરે છે. પ્રથમ પંક્તિમાં રહેલું છે. તેમની કથાઓની રચનામાં એક ચોક્કસ પદ્ધતિ છે. અને તેઓએ તે કથાઓમાં વિવિધ – અવનવી વાતો – કહેવતો વગેરે ને જુદી જ રીતે રજૂ કરી છે.

હવે આ ગ્રંથકારે –૫૨૯– વર્ષ પહેલાં આ ગ્રંથની રચના કરી હતી એટલે તે સમય પછી બનેલી વાતોનો સંગ્રહ ન હોય એ સાવ સ્વાભાવિક છે. પણ તે પહેલાં થયેલી વાતોનો સંગ્રહ અવશ્ય હોવોજ જોઇએ. તેના માટે ક્રમ બદ્ધ વિચાર કરીએ.

o કર્માશાનો ઉદ્ધાર નથી તે બરોબર છે. કારણ કે આ ગ્રંથની રચના પછી જ થએલો છે.

o ચંદ રાજાને કૂકડાની વાત જે અત્યંત પ્રચલિત હોવાના કારણે અને ગ્રંથનો વિસ્તાર ખૂબ જ મોટો થઇ જાય આ ભયે પણ ન લીધી હોય એ બની શકે.

o પણ સમરાશાહનો ઉદ્ધાર આ ગ્રંથકારે કેમ વર્ણવ્યો નથી ? કારણ કે તે ઉદ્ધાર –૧૩૭૧– માં થએલો છે. અને આ ગ્રંથ –૧૫૧૮–માં થએલો છે. માટે તે ઉદ્ધાર ન લેવાનું કારણ ચોક્કસ વિચારણા માંગી લે તેવી હકીકત છે.

આ ભાષાંતરના ગ્રંથમાં ઘણી ઘણી અવનવી હકીકતોનો સંગ્રહ છે. જેમ કે :– શ્રી શત્રુંજયના ભગીરથ નામ પરની કથામાં સગરચક્રવર્તિના પુત્ર ભગીરથ વગેરે અષ્ટાપદતીર્થનું રક્ષણ કરવા માટે જેમ ખાઇ કરીને સમુદ્ર લાવ્યા હતા. તેવી રીતે અહીં પણ તીર્થના રક્ષણ માટે સમુદ્રને લાવ્યા. પણ ઇન્દ્ર મહારાજાના ના કહેવાથી તે સમુદ્રને આગળ વધતો અટકાવ્યો. તે સમુદ્ર અત્યારે ઘોઘા–મહુવા વગેરેમાં દેખાય છે. :– રસકૂપિકાની ઉપમાની કથામાં શ્રી શાંતિનાથ પ્રભુની સામે રહેલી રસકૂપિકાની રસપ્રદ માહિતી છે. :– સગરચક્રવર્તિના સંબંધમાં શ્રી અજિતનાથ પ્રભુના જીવનચરિત્રમાં જેમ ધરણેન્દ્રએ સર્પરુપે થઇ શ્રી પાર્શ્વનાથપ્રભુને છત્ર કરેલ તે રીતે શ્રી અજિતનાથપ્રભુને એક ભાવિક મોરે ભક્તિથી પોતાના પીછાવડે છત્ર ધરેલ હતું.

o પાંડવોના ચરિત્રમાં પાંચ પાંડવોને તેમના પિતા એવા પાંડુદેવે શ્રી શત્રુંજયની યાત્રામાં સહાય કરવાની ભાવના દર્શાવી. અને સંઘ કાઢ્યો ત્યારે સહાય કરી. તેના આધારે તે છ'રી પાલિતસંઘની સંસ્કૃત અને ગુજરાતી ભાષામાં લખાયેલી આમંત્રણ પત્રિકા વાંચવા જેવી છે.

o આમરાજા અને તેમના ગુરુ બપ્પભટ્ટી સૂરિજીનો સંપૂર્ણ સંબંધ વિદ્વાન મનુષ્યોને સમજ પડે તેવો અને વાંચવા યોગ્ય છે.

o અનુપમ સરોવરના અધિકારમાં લલિતા દેવી પોતાના પતિ શ્રી વસ્તુપાલ મંત્રીએ ધર્મ અને ધર્મની પ્રભાવના માટે કરેલાં કાર્યોને પોતાના મુખે બોલી રહી છે તે ખાસ વાંચવા જેવું છે. આવા પ્રકારનાં કાર્યો પણ ધર્મની પ્રભાવના માટે થઇ શકે છે એવું ગ્રંથકારનું માર્મિક દિશાસૂચન છે. આવી આવી બીજી અનેક વસ્તુઓનો સંગ્રહ ગ્રંથકારે ગ્રંથમાં કરેલ છે.

આ ગ્રંથના બીજા ભાગમાં પૂર્તિના વિભાગમાં શ્રી શત્રુંજયની વિવિધ ઉપમાઓ, સિદ્ધિપદને પામેલા આત્માઓની ટૂંક નોંધ, શ્રી શત્રુંજયનાં –૨૧– ને –૧૦૮– નામો વિવિધ રીતે અને તે નામો પાડવાનાં કારણો, શ્રી શત્રુંજય શાશ્વતો છે તેનાં કારણો, શ્રી શત્રુંજયપર બંધાએલાં વિવિધ નામનાં મંદિરો, પૂર્વનવ્વાણુંની ગણતરી, અને પાછલથી થયેલા ઉદ્ધારો વગેરે છે. આની ખરેખર મઝા ને માહિતી તો વાંચવાથી જ મલશે. આ ભાષાંતરકારે

બીજા ભાગમાં પૂર્તિના વિભાગમાં ચંદરાજાનું ચરિત્ર, સમરાશાહ તથા કરમાશાહનો ઉદ્ધાર અને કેટલીક અન્ય પ્રચલિત –અપ્રચલિત માહિતીઓ પણ ભેગી કરીને મૂકેલ છે. તેને મનન પૂર્વક વાંચવાથી મુનિએ કરેલી મહેનતનો ખ્યાલ આવશે.

અત્યારે આપણ સહુને સંસ્કૃતભાષા પ્રત્યે જે અણગમો ને અનાદર છે તે ખાસ દૂર કરવા જેવો છે. કારણ કે દરેક ભાષાની ઉત્પત્તિ આ ભાષામાંથીજ થયેલ છે. અને તે અત્યંત શુદ્ધને સંસ્કારી ભાષા છે. માટે જ આ ભાષાંતરના ગ્રંથમાં જગો જગો પર સુભાષિતના શ્લોકો ખાસ મૂકવામાં આવ્યા છે. જે શ્લોકો વાંચીને અર્થ વાંચવાથી ખૂબજ આનંદ અને અર્થનો બોધ થશે.

આ સંસ્કૃત ટીકાવાલા મૂલગ્રંથની હસ્તલેખિત બે પ્રતિઓજ મલી હતી. એક સૂરત જૈનાનંદ પુસ્તકાલયમાંથી અને બીજી વડોદરા–છાણીમાં સોમચંદભાઇ ક્રિયાકારકના જ્ઞાન સંગ્રહમાંથી તેના આધારે જ આ મૂલ ગ્રંથ છપાયો છે. અને તે ગ્રંથના આધારે આ અભ્યાસી મુનિરાજે પંડિતવર્ય શ્રીયુત કપૂરચંદભાઇ આર. વારૈયા પાસે અભ્યાસ કરી સાથે સાથે ભાષાંતર પણ કરેલ છે.

આના માટે હજુ પણ કોઇક અભ્યાસી વિદ્વાન – મુનિપ્રવર બીજા બીજા જ્ઞાન ભંડારોમાંથી આ ગ્રંથની બીજી હસ્તપ્રતિઓ મેળવે શોધી કાઢે. અને પછી તેના આધારે આ મૂલ સંસ્કૃત ટીકાવાલા ગ્રંથનું પુનર્મુદ્રણ કરે. અને પછી કોઇક મુનિરાજ તેનું ભાષાંતર કરીને સમાજ પાસે ફરીથી મૂકે અને જિનશાસનના ભાવિકોના હૃદયમાં શ્રી શત્રુંજય પ્રત્યેની જે ભક્તિ ભરી ભરીને પડી છે તેને બહાર લાવવામાં નિમિત્તભૂત બને.

હું તો એવી ભાવના ભાવું છું કે કોઇક ત્રણ ચાર અભ્યાસી વિદ્વાન મુનિવરો પોતાના સાધુપણાના ભેખમાં પણ શ્રી શત્રુંજયની ભક્તિનો ભેખ ધારણ કરે. અને શ્રી શત્રુંજયતીર્થ માટેનું સંશોધન શરુ કરે. અને પછી જગડુશાહ જેવા આ જમાનાના ઉદારદિલ દાતાઓ – જેવી રીતે હમણાં જ પાલિતાણામાં શ્રી શત્રુંજયનો અલૌકિક અભિષેક કરીને રજનીકાંતભાઇ મોહનલાલ દેવડીએ પોતાની લક્ષ્મીને સફલ કરી તેજ રીતે કોઇક પુણ્યવાન – લક્ષ્મી સંપન્ન આત્મા – આવીને આ મુનિવરોને કહી દે કે મહારાજશ્રી તમે તમારો શુભ પ્રયત્ન ચાલુજ રાખો. અને એના માટે ૧૫ – કે ૨૫ લાખ કે જે કાંઇ જોઇએ તેનો લાભ મને આપો.આમ કરીને તે પુણ્યાત્મા મલેલી લક્ષ્મીને સફલ કરે. અને તે પૂજ્ય સાધુ ભગવંતો પોતાના જ્ઞાન ધ્યાનથી પોતાના સાધુપણાને ઉજ્જવલ બનાવે.. અને પછી જૈન સમાજમાં ભાવિકો માટે શ્રી શત્રુંજયનું સાહિત્ય ઘણાજ પ્રમાણમાં પ્રાપ્ત થાય.

આપણા જૈન ધર્મમાં જેટલી શ્રદ્ધા – ભક્તિને પ્રેમ શ્રી શત્રુંજય માટે – ગ્રંથોમાં – કથાઓમાં – સ્તવન – ચૈત્યવંદન ને થોયોમાં વર્ણવેલો દેખાય છે. તેટલો બીજા કશા માટે વર્ણવેલો દેખાતો નથી. છતાં પણ આપણી પાસે શ્રી શત્રુંજયના સ્વતંત્ર સાહિત્યમાં શ્રી શત્રુંજય માહાત્મ્ય અને શ્રી શત્રુંજયકલ્પ આ બે જ ગ્રંથો છે.

આ સિવાય ત્રીજો ગ્રંથ પ્રાપ્ત થયો નથી. તો તેના માટે હજુ પણ હસ્તલિખિત ભંડારોમાં પ્રયત્ન કરવો જરુરી છે. તો જરુર કંઇક અવનવું પ્રાપ્ત થશે. એવી મારી અંતરની લાગણી બોલી રહી છે.

પાલિતાણામાં પધારેલાં મુનિભગવંતો અને પૂ. સાધ્વીજી ભગવંતોએ અહીંની પોતાની સ્થિરતા દરમ્યાન આજ ગ્રંથનું વાંચન – મનન ને વિવેચન કરવું જોઇએ.

અને પાલિતાણામાં ચોમાસું – નવ્વાણું – વર્ષીતપ પારણું યાત્રા અથવા અન્ય ગમે તે કારણથી રોકાયેલાં મારાં સાધર્મિક શ્રાવક શ્રાવિકા ભાઇ બહેનોએ પૂ. સાધુ – સાધ્વીજી મહારાજને વંદન કરીને વિનયપૂર્વક કહી જ દેવું જોઇએ કે સાહેબ ! અમને આ ક્ષેત્રમાં આજ તીર્થનો મહિમા સંભળાવો. બીજા ગ્રંથો બીજા ક્ષેત્રોમાં સાંભળવા મલશે. પણ અત્યારે અમારે અહીં તો આજ તીર્થનું વર્ણન સાંભળીને અમારા આત્માને હળુકર્મી કરવો છે. આમ પણ આપણા સમાજમાં કહેવાય છે કે જેનાં લગ્ન હોય તેનાં જ ગીત ગવાય. પછી પાલિતાણાની પુણ્ય પવિત્રભૂમિમાં શ્રી શત્રુંજયનો જ મહિમા સાંભળવાનો હોય ને ?

ભાષાંતરકાર મુનિએ પુસ્તકનું કંપોઝ કામપૂર્ણ થયા પછી પણ થયેલ – તીર્થોદ્ધારક શ્રી જાવડશાના ઉદ્ધારમાં થયેલ શ્રી શત્રુંજયના સંપૂર્ણ અભિષેકની બીજી આવૃત્તિ જેવા હમણાં થઇ ગયેલા શ્રી શત્રુંજયના સોહામણા અભિષેકની ટૂંક નોંધ પણ આ ગ્રંથના બીજા ભાગમાં છેલ્લે સમાવી લીધેલ છે. તે પણ જરુર વાંચશો.

છેલ્લી વાત આપણા પરમ–પવિત્ર પ્યારા શ્રી શત્રુંજય માટે જેટલું લખીએ અને શોધીએ તેટલું મલતું જ જવાનું. છતાં પણ તમને અધૂરું જ લાગશે. કારણ કે આ તીર્થ અનાદિનું છે અનંતકાલ સુધી ટકવાનું છે. અને તેના ગુણો પણ અનંત છે માટે. અને એટલે જ પેલા સ્તવનમાં ગાયું છે કે :-

"એ ગિરિવરના ગુણ ઘણાએ, કહેતાં નાવે પાર – પૂજો,<br>
જાણે પણ કહી નવિ શકેએ, મૂક ગૂડને ન્યાય – પૂજો,

બસ આટલું લખીને શ્રી ગિરિરાજને વંદન કરતાં લખાણને પૂર્ણ કરું છું.

**લિ. પ્રભુની આજ્ઞા પ્રમાણે ચાલવાનો પ્રયત્ન કરનાર એક અનામી મુનિ.**

# ગ્રંથનો સંક્ષિપ્ત અને સ્પષ્ટ પરિચય

**ગ્રંથનું નામ** :- શ્રી શત્રુંજય કલ્પ

**મૂલગ્રંથના કર્તા** :- તપાગણાધીશ શ્રી ધર્મઘોષ સૂરિજી. મ.

**મૂલગાથા** :- ૧ – થી – ૩૯

**ટીકાકાર** :- સાધુ સત્તમ શ્રી શુભશીલગણિ.

**વૃત્તિગ્રંથાગ્ર** :- શ્લોક પ્રમાણ – ૧૪૨૨૪–

**રચના સમય** :- વિક્રમ સંવત – ૧૫૧૮ – એટલે આજથી ૫૨૯ વર્ષ પહેલાં આ ગ્રંથની રચના કરવામાં આવેલ હતી.

- આ ટીકાકર્તાએ ઘણી મનોહર રચનાઓ કરી છે. કથાસાહિત્યમાં આ ગુરુભગવંતનું નામ મોખરે છે. તેઓશ્રીએ ભરતેશ્વર બાહુબલિવૃત્તિ – ભા–૧–૨– વિક્રમચરિત્ર વગેરે ઘણા ગ્રંથોની રચના કરેલ છે.

- આ સંપૂર્ણગ્રંથ પદ્યમય પદ્ધતિએ બનાવેલો છે.

- આ ગ્રંથમાં શ્રી શત્રુંજયનાં – ૨૧ – નામની – ૨૧ – કથાઓ –૪– ઉપમાની – ૪ – કથાઓ – ૧૬૫૫– ગાથાપ્રમાણ જૈન રામાયણ ૯૨૨– ગાથા પ્રમાણ – શ્રી કૃષ્ણ વાસુદેવનું ચરિત્ર તથા – ૧૨૩૩ – ગાથા પ્રમાણ પાંડવોનું ચરિત્ર. આ સિવાય પણ શ્રી શત્રુંજયની પ્રચલિત અને અપ્રચલિત એવી ઘણી માહિતી યુક્ત કથાઓ છે.

- શ્રી જિનશાસનમાં શ્રી શત્રુંજયના મહિમાને કહેતા બે જ ગ્રંથો છે. તેમાંનો બીજો ગ્રંથ તે આ ગ્રંથ છે.

આ સિવાય ત્રીજો ગ્રંથ જૈન સાહિત્યમાં આજ દિન સુધી જોવા – જાણવા કે સાંભળવામાં આવ્યો નથી.

# સર્વહક્ક સ્વાધીન એટલે શું ?

હમણાં હમણાં આપણા સમાજમાં પણ પુસ્તકો – પ્રતો ભાષાંતર વગેરેનાં છપાતાં પુસ્તકોમાં " સર્વ હક્ક સ્વાધીન " આ વાક્ય ખાસ લખવાની પ્રણાલિકા ચાલુ છે. તેના માટે ખાસ વિચારવા જેવું છે.

○ એક વાત જૈન ધર્મ કેવળજ્ઞાન સિવાય બધાને અધૂરું જ માને છે. એથી જ્યાં સુધી આપણને તેવું કોઇ વિશિષ્ટજ્ઞાન ન થાય ત્યાં સુધી આપણે સહુ અધૂરા જ છીએ. પછી વિશિષ્ટજ્ઞાન વગર આપણે સ્વતંત્ર કેવું અને કેટલું લખી શકવાના ?

○ આપણા વડીલ એવા મોટા મોટા જ્ઞાની પુરુષોએ પણ અમુક અમુક પદાર્થોની ચર્ચા કરતાં છેવટે " તત્ત્વં કેવલી ગમ્ય " એમ કહી દીધું છે.

○ ખુદ તીર્થંકર ભગવંતો પણ ત્રણ જ્ઞાનના સ્વામી હોવા છતાં કેવલજ્ઞાન ન થાય ત્યાં સુધી દીક્ષા અને શિક્ષા ઉપદેશ ન આપે. કારણ કે સંપૂર્ણ બન્યા વગર ભૂલ થવાની સંભાવના છે.

○ આર્ય સુધર્મા સ્વામીએ પણ " સુઅં મે આઉસં તેણં ભગવયા એવ મકખાયં " હે આયુષ્યમાન જંબૂ ! ભગવંત વડે કરીને આ પ્રમાણે કહેવાયેલું મે સાંભળ્યું છે તે તને કહું છું. અહી તેઓ ગણધર હોવા છતાં પોતાનું કાંઇ કહેતા નથી.

○ એટલે આવા જ્ઞાનીઓ જો આમજ લખતા હોય તો ખરેખર અલ્પજ્ઞાની એવા આપણે સ્વતંત્ર – શું – લખી બોલી ને સર્જન કરી શકવાના ? આમાં તો આપણે હળદરના ગાંઠિયે ગાંધી થવા જેવું જ કરીએ છીએ.

કાયદાની દૃષ્ટિએ પણ સરકારમાં આપણે આપણા પુસ્તકને નોંધાવીને રાઇટ મેળવવો પડે છે. પછી જ " સર્વહક્ક સ્વાધીન " એમ લખી શકાય છે. માટે આ ગ્રંથમાં સર્વહક્ક જેવું કશું જ નથી. અને સહુને છપાવવા માટે ફેરફાર કર્યા વગર છપાવવાની છૂટ સાથે હાર્દિક આમંત્રણ પાઠવું છું.

***લિ. મહાભદ્ર સાગર***

# શ્રી શત્રુંજય કલ્પવૃત્તિ ભાષાંતરમાં આવતાં વિષયોની નોંધ

## ભાગ – પહેલો


| વિષય નું નામ | પૃષ્ઠ |
|---|---|
| મંગલ અને ગ્રંથનું પ્રયોજન | ૧ |
| શ્રી વિમલગિરિનામ આપનાર સૂર રાજાની કથા | ૪ |
| શ્રી મુક્તિ નિલયનામ આપનાર વીરસેન રાજાની કથા | ૮ |
| શ્રી શત્રુંજય નામ પાડનાર શુક રાજાની કથા | ૧૪ |
| શ્રી સિદ્ધક્ષેત્ર નામ ઉપર શ્રી દંડવીર્ય રાજાની કથા | ૨૪ |
| શ્રી પુંડરીકગિરિ નામ ઉપર પુંડરીક સ્વામીની કથા | ૨૬ |
| શ્રી સિદ્ધશેખર નામઉપર પદ્મભૂપરાજાની કથા | ૨૮ |
| શ્રી સિદ્ધપર્વત નામ ઉપર બે દેવતાઓની કથા | ૨૯ |
| શ્રી સિદ્ધરાજ નામ ઉપર ચંદ્રચૂડ રાજાની કથા | ૩૧ |
| શ્રી બાહુબલિ નામ ઉપર કેલિપ્રિય રાજાની કથા | ૩૪ |
| શ્રી મરુદેવ નામ ઉપર શ્રી ચંદનરાજાની કથા | ૩૫ |
| શ્રી ભગીરથ નામઉપર સગરચક્રવર્તિના પુત્ર ભગીરથની કથા | ૩૭ |
| શ્રી સહસ્રપત્ર નામ ઉપર સહસ્રપત્ર કુમારની કથા | ૩૮ |
| શ્રી શતાવર્ત નામ ઉપર સોમદેવ રાજાની કથા | ૪૦ |
| શ્રી અષ્ટોત્તર શતકૂટ નામ પર વીર રાજાની કથા | ૪૨ |
| શ્રી નગાધિરાજ નામપર સ્વયંપ્રભદેવની કથા | ૪૪ |
| શ્રી સહસ્રકમલ નામ ઉપર રણવીર રાજાની કથા | ૪૫ |
| શ્રી ઢંક નામ ઉપર હરરાજાની કથા | ૪૬ |
| શ્રી કોટિ નિવાસનામ પર ધર્મનંદન રાજાની કથા | ૪૮ |
| શ્રી લૌહિત્ય નામ ઉપર લૌહિત્ય ઋષિની કથા | ૪૯ |
| શ્રી તાલ ધ્વજ નામપર ધરાપાલ રાજાની કથા | ૫૧ |

| | | |
|---|---|---|
| શ્રી | કદંબ નામ ઉપર ઇન્દ્ર શ્રેષ્ઠિની કથા | ૫૨ |
| શ્રી | શત્રુંજયનાં નામો અને ચાર ઉપમાઓ | ૫૮ |
| શ્રી | રત્નાકરની ઉપમા પર સોમ અને ભીમની કથા | ૫૯ |
| શ્રી | વિવરની ઉપમાપર ભીમરાજાની કથા | ૬૨ |
| શ્રી | ઔષધની ઉપમાપર પદ્મસેન રાજાની કથા | ૬૪ |
| શ્રી | રસકૂપિકાની ઉપમાપર શ્રેષ્ઠિપુત્ર સુંદરની કથા | ૬૫ |
| શ્રી | શત્રુંજયમાં ઋષભસેન પ્રભુનો આવવાનો સંબંધ | ૬૮ |
| શ્રી | પદ્મનાભ વગેરે ભાવિપ્રભુનું શ્રી શત્રુંજયમાં આગમન | ૭૦ |
| શ્રી | ઋષભદેવ જિનેશ્વરનો શત્રુંજયપર આવવાનો સંબંધ | ૭૪ |
| શ્રી | તીર્થંકર ભગવંતોનું શ્રી શત્રુંજયમાં આગમન | |
| શ્રી | અજિતનાથ પ્રભુનો શત્રુંજયમાં આવવાનો સંબંધ | ૭૫ |
| શ્રી | સંભવનાથ પ્રભુનો શ્રી શત્રુંજયમાં આવવાનો સંબંધ | ૭૬ |
| શ્રી | અભિનંદન સ્વામીનો શત્રુંજયમાં આવવાનો સંબંધ | ૭૮ |
| શ્રી | શત્રુંજયમાં સુમતિનાથ પ્રભુના સમવસરણનું સ્વરૂપ | ૮૦ |
| શ્રી | શત્રુંજયમાં પદ્મપ્રભજિનના સમવસરણનું સ્વરૂપ | ૮૨ |
| શ્રી | શત્રુંજયપર સુપાર્શ્વજિનના સમવસરણની કથા | ૮૪ |
| શ્રી | શત્રુંજયપર ચંદ્રપ્રભજિનના સમવસરણનું સ્વરૂપ | ૮૬ |
| શ્રી | સુવિધિનાથ જિનેશ્વરનું શ્રી શત્રુંજયપર આવવાનું સ્વરૂપ | ૮૭ |
| શ્રી | શત્રુંજયપર શ્રી શીતલનાથ ભગવાનના આગમનનું સ્વરૂપ | ૮૯ |
| શ્રી | શત્રુંજયપર શ્રી શ્રેયાંસનાથ જિનેશ્વરના આગમનનું સ્વરૂપ | ૯૧ |
| શ્રી | શત્રુંજયતીર્થઉપર શ્રી વાસુપૂજ્ય સ્વામીના આગમનનું સ્વરૂપ | ૯૩ |
| શ્રી | શત્રુંજય ઉપર શ્રી વિમલનાથ પ્રભુનું આગમન અને સમોસર્યાનું સ્વરૂપ | ૯૫ |
| શ્રી | અનંતનાથ જિનેશ્વરનું શ્રી શત્રુંજયગિરિઉપર આવવું અને સમવસરણનું સ્વરૂપ | ૯૭ |
| શ્રી | શત્રુંજયપર શ્રી ધર્મનાથ જિનેશ્વરનું આવવાનું સ્વરૂપ | ૯૯ |
| શ્રી | શાંતિનાથ ભગવાનનું શ્રી શત્રુંજયપર આવવાનું સ્વરૂપ | ૧૦૧ |
| શ્રી | શત્રુંજયપર શ્રી કુંથુનાથ તીર્થંકરનું આગમનને સમવસરણનું સ્વરૂપ | ૧૦૨ |
| શ્રી | અરનાથ જિનેશ્વરનો શ્રી શત્રુંજયમાં આવવાનો સંબંધ | ૧૦૪ |
| શ્રી | શત્રુંજયપર શ્રી મલ્લિનાથ પ્રભુને આવવાનો સંબંધ | ૧૦૫ |

| | | |
|---|---|---|
| શ્રી | શત્રુંજયપર શ્રી મુનિસુવ્રસસ્વામીને આવવાનું સ્વરૂપ | ૧૦૭ |
| શ્રી | નમિનાથ જિનેશ્વરનું શ્રી શત્રુંજય પર આવવાનું સ્વરૂપ | ૧૦૯ |
| શ્રી | પાર્શ્વનાથ પ્રભુનું શ્રી શત્રુંજયમાં આવવાનું સ્વરૂપ | ૧૧૧ |
| શ્રી | વીર પ્રભુનો શ્રી શત્રુંજયમાં આવવાનો સંબંધ | ૧૧૮ |
| શ્રી | નેમિનાથ ભગવાનનું શ્રી શત્રુંજયપર નહિ ચઢવાનું સ્વરૂપ | ૧૨૧ |
| શ્રી | ચંદ્રવેગ જિનેશ્વરનું શ્રી શત્રુંજયમાં પધારવાનું સ્વરૂપ | ૧૨૨ |
| | પુણ્યપાલ રાજાની કથા | ૧૨૩ |
| | મહાબાહુરાજા અને ત્રિવિક્રમ રાજર્ષિના મુક્તિગમનનો સંબંધ | ૧૨૬ |
| | સર્પના જીવનો સંબંધ | ૧૪૦ |
| | સુધાસેન રાજાની કથા | ૧૪૫ |
| શ્રી | શત્રુંજયમાં ધરાપાલ રાજા વગેરેના મુક્તિગમનનું સ્વરૂપ | ૧૪૭ |
| | નીલ પુત્રનો સંબંધ | ૧૫૧ |
| | મહાનીલ પુત્રનો સંબંધ | ૧૫૬ |
| | કાલ પુત્રનો સંબંધ | ૧૫૭ |
| | મહાકાલ નામના પુત્રનો સંબંધ | ૧૫૭ |
| શ્રી | શત્રુંજયા નદીના પ્રભાવ ઉપર શાન્તન રાજાની કથા | ૧૫૮ |
| શ્રી | ચંદ્રપ્રભાસ તીર્થનો સંબંધ | ૧૬૦ |
| શ્રી | નેમિનાથ પ્રભુની સ્થાપનાનો સંબંધ | ૧૬૧ |
| શ્રી | ભરત ચક્રવર્તિનો ટૂંકો સંબંધ | ૧૬૨ |
| શ્રી | શ્રેયાંસ કુમારનો સંબંધ | ૧૬૬ |
| શ્રી | પુંડરીક સ્વામીનો મોક્ષે જવાનો સંબંધ | ૧૬૮ |
| શ્રી | બાહુબલીએ કરાવેલ શ્રી મરુદેવ માતાના મંદિરનો સંબંધ | ૧૭૦ |
| | નામિ-વિનમિનો મુક્તિમાં જવાનો સંબંધ | ૧૭૨ |
| | નમિરાજાની પુત્રીના મુક્તિ ગમનનું સ્વરૂપ | ૧૭૪ |
| શ્રી | આદિત્યયશા વગેરે રાજાઓનો સંબંધ | ૧૭૫ |
| શ્રી | ઈશાનેન્દ્રે કરેલા શ્રી શત્રુંજયનો ઉદ્ધાર | ૧૮૦ |
| | પ્રથમ ઈન્દ્ર સૌધમેન્દ્ર અને વીર્યસાર રાજાએ કરેલો ઉદ્ધાર | ૧૮૦ |
| | ત્રીજા – ચોથા અને પાંચમાદેવલોકના ઈન્દ્રોએ કરેલા ઉદ્ધારો | ૧૮૨ |

| | | |
|---|---|---|
| શ્રી | સગરચક્રવર્તિનો સંબંધ | ૧૮૨ |
| | વ્યંતરેન્દ્રકૃત શ્રી શત્રુંજયતીર્થના ઉદ્ધારનો સંબંધ | ૨૦૦ |
| | ચંદ્રયશા રાજાકૃત શ્રી શત્રુંજયનો નવમો ઉદ્ધાર | ૨૦૦ |
| શ્રી | શત્રુંજયમાં શ્રી શાંતિનાથ પ્રભુના ચોમાસું રહેવાનો સંબંધ | ૨૦૩ |
| | દ્રાવિડ અને વારિખિલ્લ રાજાની મુક્તિગમનની કથા | ૨૧૧ |
| શ્રી | રામકથા – અથવા જૈન ગીતા સંબંધ | ૨૧૬ |
| | નારદમુનિના મુક્તિગમનનું સ્વરૂપ | ૨૯૫ |
| | નંદિષેણસૂરિ – અજિતશાંતિસ્તવ – ને – મુક્તિગમનનો સંબંધ | ૨૯૭ |
| શ્રી | કૃષ્ણ ચરિત્રમાં નેમિનાથના સંબંધથી ગૂંથાયેલ શાંબ–પ્રદ્યુમ્ન વગેરે અને શ્રી કૃષ્ણના નરકગમનનું સ્વરૂપ | ૩૦૦ |
| | થાવચ્ચાપુત્ર અને શુકસૂરિનો મુક્તિએ જવાનો સંબંધ | ૩૪૩ |
| શ્રી | શત્રુંજયના અસંખ્ય ઉદ્ધારોની કથા | ૩૪૯ |
| | પ્રતિમાના અસંખ્ય ઉદ્ધારની કથા | ૩૫૧ |
| શ્રી | શત્રુંજયના ઉદ્ધારની કથા | ૩૫૩ |
| શ્રી | શત્રુંજય સંબંધ દ્વિપ્રહર રામ બ્રાહ્મણની કથા | ૩૫૫ |
| શ્રી | શત્રુંજયની યાત્રામાં દાનરુપી ફલને વિષે કુલ ધ્વજ કુમારની કથા | ૩૬૩ |
| | વાગડ શ્રી ચંદ્ર પ્રભુજિનેશ્વરનો સંબંધ | ૩૬૯ |
| | પાંચ પાંડવો એ કરેલો શ્રી શત્રુંજયનો ઉદ્ધાર અને ૨૦ – ક્રોડ સાથે મુક્તિગમન | ૩૭૩ |
| | ગુફામાં રહેલા શ્રી ઋષભદેવને નમન કરવાથી ત્રણ ભવમાં મુક્તિએ જનાર નંદભૂપની કથા | ૪૪૦ |
| | તેવા પ્રકારની બીજી કથા | ૪૪૨ |
| | ગુફામાં રહેલાં પ્રભુને નમસ્કાર કરવા સંબંધી દેવ મંગલ પંડિતની કથા | ૪૪૩ |
| | ધર્મની પ્રભાવના કરનાર શ્રી સંપ્રતિ રાજાની કથા | ૪૪૪ |

# ચિત્ર પરિચય અને સૌજન્યદાતા

શ્રી શત્રુંજય કલ્પવૃત્તિ ભાષાંતર – ભાગ–૧–લાનું આગલું મુખપૃષ્ઠ શ્રી શત્રુંજય ગિરિરાજઉપર રહેલી દાદાની ટૂક અને મોતીશા શેઠની ટૂકનું વિહંગમ દૃશ્ય. પાછળનું મુખપૃષ્ઠ :– શ્રી શત્રુંજય તીર્થની "જયતળેટી" અને એક જૂના ભાવવાહી સ્તવનની કડી. ભાવથી શ્રી શત્રુંજયનું પ્રથમ ચૈત્યવંદન કરતાં ભાવિક યાત્રિક શ્રાવક ને શ્રાવિકા.

**સૌજન્ય :–** પૂ. આચાર્ય દેવશ્રી વિજયલબ્ધિસૂરીશ્વરજી મ. ની મંગલકારી પુણ્ય પવિત્ર પ્રેરણાથી – સુશ્રાવિકા – ધીરજબહેન રતીલાલ સલોત – મુંબઈ.

---

## શ્રી શત્રુંજય તીર્થાધિપતિ પ્રથમ તીર્થંકર શ્રી ઋષભદેવપ્રભુ

**સૌજન્ય :–** શ્રી પ્રવીણચંદ રતનચંદ રાજા અને અર્પણાબહેન હિમાંશુ રાજાના વર્ષીતપ નિમિત્તે તેમના કુટુંબીજનો તરફથી – મુંબઈ.

---

શ્રી શત્રુંજયની તળેટીમાં કાઉસ્સગ્ગ ધ્યાને રહેલા શ્રી અજિતનાથ પ્રભુ અને તેમના મસ્તક ઉપર ભક્તિથી પીંછાનું છત્ર ધારણ કરતો મોર. શ્રી શત્રુંજય કલ્પવૃત્તિ મૂલ–પૃ. ૧૧૭ – શ્લોક–૭૧–૭૨–ના–આધારે. (જેમ શ્રી પાર્શ્વનાથ પ્રભુને ધરણેન્દ્રે સર્પરૂપે થઈ છત્ર કર્યું હતું તેમ અહીં શ્રી અજિતનાથ પ્રભુને એક મોરે ભક્તિથી પીંછાંવડે છત્ર ધર્યું છે.

**સૌજન્ય :–** સ્વ. કુંવરજી છગનલાલ મહેતા તથા સ્વ. કંચનબહેન કુંવરજી મહેતાની સ્મૃતિમાં તેમના સુપુત્ર ચંદુલાલ અને પુત્રવધૂ રમા બહેન તથા તેઓના પુત્રો દીપક – દિવ્યેશ ને પરાગ, પુત્રવધૂ ભાવનાબહેન દીપકકુમાર – પૌત્ર રાહુલ અને પૌત્રી શૈરમ તથા સુપુત્ર હેમંતકુમાર કુંવરજી. પુત્રવધૂ નયનાબહેન અને પૌત્રો નીતુલ – મેહુલ તરફથી.

---

પ્રથમ ગણધર શ્રી પુંડરીક સ્વામી. જેઓશ્રીના મોક્ષગમનથી આ ચોવીશીમાં આ તીર્થનું પ્રથમનામ શ્રી પુંડરીકગિરિ પડ્યું તે.

**સૌજન્ય :–** શ્રી દીપચંદ નાનાભાઈ ઝવેરી અને હેમલતાબહેન દીપચંદભાઈ ઝવેરી હ: કિશોરભાઈ દીપચંદ સુરત.

**સોલમા શ્રી શાંતિનાથ ભગવાન.** શ્રી ગિરિરાજઉપર ચઢ્યા પછી જ્યાં પ્રથમ ચૈત્યવંદન કરવામાં આવે છે તે પ્રભુ.

**સૌજન્ય :–** સ્વ. શાંતિલાલ અમરચંદ ઝવેરી તથા ગંગા–સ્વ. સરસ્વતિબહેન શાંતિલાલ ઝવેરી હ: મેનાવતી ચંપકલાલ અમરચંદ ઝવેરી પરિવાર તરફથી.

---

નવી ટૂકના નવા આદીશ્વર ભગવાન. શ્રી આણંદજી કલ્યાણજી પેઢીના પ્રમુખ શ્રી કસ્તુરભાઇ લાલભાઇએ દાદાની ટૂકમાં નાનકડો જીર્ણોદ્ધાર કરીને જે નવી ટૂક બંધાવી તેના મૂળનાયક શ્રી આદીશ્વર પ્રભુ.

**સૌજન્ય :–** સ્વ. રતીલાલ જેઠાલાલ સલોતના પુન્યાર્થે હ: ધર્મપત્ની ધીરજબહેન રતીલાલ સલોત–મુંબઇ.

---

**શ્રી રાયણ પગલાંની દેરી :–**શ્રી શત્રુંજય તીર્થમાં જેનો મહિમા અપરંપાર છે. જેની સન્મુખ દરેક ભાવિક આરાધક આત્મા ત્રીજું ચૈત્યવંદન કરે છે. જેને ભાવિકો પ્રભુજીની જેમ જ ત્રણ પ્રદક્ષિણા આપે છે. જેની ઉપર પરંપરાએ શાશ્વત એવું રાયણવૃક્ષ છાંયો કરીને ઊભું છે અને જે સ્થાનમાં શ્રી આદીશ્વર પ્રભુ ઘેટી પાગથી ઉપર પધારીને પૂર્વ નવ્વાણુંવાર બિરાજમાન થતા હતા તે રાયણ પગલાંની આ દેરી.

**સૌજન્ય :–** સ્વ. રતીલાલ જેઠાલાલ સલોતના પુન્યાર્થે તેમના સુપુત્રો ખાંતિલાલ–જિતેન્દ્રકુમાર–પ્રદીપકુમાર અને હરેશકુમાર તથા પુત્રવધૂઓ ચંદ્રાવતી–યશોમતી–જેમિની–નિલીમા વગેરે તરફથી.

---

## શ્રી રાયણ પગલાં (પાદુકા)

જે રાયણ વૃક્ષની નીચે શ્રી આદીશ્વર પ્રભુ પૂર્વનવ્વાણુંવાર પધાર્યા–સમવસર્યા હતા. તેની સાક્ષીરૂપે સ્થપાયેલા હજારો લક્ષણોથી શોભતાં શ્રી આદીશ્વર પ્રભુનાં પગલાં, રાયણ વૃક્ષની નીચે હોવાથી આ પગલાંનું નામ " રાયણ પગલાં " પડ્યું છે.

**સૌજન્ય :–** ધીરજબહેન રતીલાલ સલોતે કરેલી વિવિધ આરાધનાઓની સ્મૃતિમાં પૂ. સા. શ્રી રત્નયશાશ્રીજીની શુભ પ્રેરણાથી.

---

**રામપોળનો પહેલો દરવાજો :–** શ્રી શત્રુંજય ગિરિરાજઉપર ચઢી દાદાનાં દર્શન કરવા માટે પાંચ દરવાજા છે. તેમાંનો આ પહેલો દરવાજો રામપોળનો છે.

**સૌજન્ય :–** શા લાલચંદજી લાદાજી પરિવાર કાનપુરા (રાજસ્થાન) શ્રી શંખેશ્વર શત્રુંજય મહાતીર્થ સંઘયાત્રા નિમિત્તે હ: લાલચંદજી લાદાજી પરિવાર કાનપુરાવાળા તરફથી દર્શનાર્થે (રાજસ્થાન)

**સગાળપોળનો બીજો દરવાજો :–** શ્રી આદીશ્વર દાદાની યાત્રા કરવા માટે ગમે તે દિશામાંથી આવનાર દરેકને આ પોળના બીજા દરવાજાથી જ અંદર દાખલ થવું પડે છે.

**સૌજન્ય :–** ભક્તિકારી ભાવિક શ્રાવિકબેનો તરફથી સા. શ્રી દિવ્ય પ્રભાશ્રી જી. તથા સા. શ્રી આત્માનંદશ્રી તથા સા. શ્રી સૂર્યકાંતાશ્રીની પ્રેરણાથી.

---

**વાઘણ પોળનો ત્રીજો દરવાજો :–** જે દરવાજા સાથે ભાવસાર જ્ઞાતિના શૂરવીરતાના પ્રતીક સમા વીર વીકમશી નવયુવાન વાણિયાની વાર્તા ગૂંથાએલી છે તે પૂ. આ. મ. શ્રી વિજયરામસૂરિજી મ. સા. (ડહેલાવાળા) ના આજ્ઞાવર્તિ સ્વ. સા. શ્રી હર્ષપૂર્ણાશ્રીજીના શિષ્યા સા. શ્રી ભવ્યપૂર્ણાશ્રીજીની પ્રેરણાથી શ્રી દીલ્હી ગુજરાતી જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ (પંજીકૃત) સંચાલીત શ્રી દીલ્હી ગુજરાતી કુંથુનાથ ટ્રસ્ટ તરફથી.

---

**હાથી પોળનો દરવાજો :–** જયાં ફૂલવાળા બેસે છે તે. અને જયાંથી પૂજાનો પાસ મળે છે તે પૂ. ગણિવર્યશ્રી વિમલ વિજયજી મ. સા. (ડહેલાવાળા)ની પ્રેરણાથી શ્રી દિલ્હી ગુજરાતી જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ. (પંજીકૃત) સંચાલીત શ્રી દિલ્હી ગુજરાતી કુંથુનાથ ટ્રસ્ટ તરફથી.

---

**રતનપોળનો પાંચમો ને છેલ્લો દરવાજો :–** આ બધા દરવાજાઓ શિલ્પની ભાષામાં સિંહદ્વાર ક્હેવાય છે.

**સૌજન્ય :–** પ્રભાસ પાટણ નિવાસી સ્વ. માતુશ્રી વજકોરબાઈ હરખચંદ રાયચંદના આત્મશ્રેયાર્થે તથા તેમના પુત્ર સ્વ. શેઠ શ્રી જમનાદાસ હરખચંદના પુન્યાર્થે તેમના પરિવાર તરફથી સ્વ. પૂ. આ. મ. શ્રી હેમસાગર સૂરિજીના શિષ્ય મુનિશ્રી અમરેન્દ્ર સાગર જી. મ. તથા મુનિશ્રી મહાભદ્ર સાગરજીની પ્રેરણાથી હ: જયા બેન જમનાદાસ શાહ – જુહુ– મુંબઈ.

---

**અદબદ દાદા :–** નવ ટૂકની અંદર શ્રી આદીશ્વર દાદાની ખૂબજ મોટી એક મૂર્તિ બનાવવામાં આવી છે. જેનું નામ અદ્‌ભુત આદિનાથ ક્હેવાય છે. પણ લોકોએ જેનું નામ અદબદજી દાદા પાડી દીધું છે તે.

**સૌજન્ય :–** પાંચ ભાવિક શ્રાવિકાબેનો તરફથી સા. શ્રી સુધાશના શ્રીની પવિત્ર પ્રેરણાથી.

---

**પોતાના આત્માની નિર્મલતા :–** શ્રી શત્રુંજયની પૂજાના કાવ્યમાં કવિએ ગિરિરાજનો અભિષેક કરતાં કેવી સુંદર રીતે પોતાની નિર્મલતા માંગી છે. આ શ્લોકની માંગણી ખૂબ જ અદ્‌ભુત છે.

સૌજન્ય : સંમેત શિખર તીર્થોદ્ધારિકા સ્વ. પૂ. સા. શ્રી રંજન શ્રીજીનાં શિષ્યા સ્વ. સા. શ્રી પ્રિયંકરાશ્રીજીનાં શિષ્યા સા. શ્રી જિતેન્દ્રશ્રીજી તેમનાં શિષ્યા સા. શ્રી પૂર્ણાનંદશ્રીજી અને તેમનાં શિષ્યા. સા. શ્રી સત્ત્વાનંદશ્રીજીની ચાતુર્માસિક આરાધના નિમિત્તે ભાવિક શ્રાવિકા બહેનો તરફથી.

**સાદર – સસ્નેહ સમર્પણ :-**

અત્યારે વર્તમાન સંપૂર્ણ વિશ્વમાં –જગતમાં અક્ષરરૂપે જે જ્ઞાન પ્રવર્તે છે. તેનાં આદ્યપ્રવર્તક અને પ્રચારક અક્ષરમાતા શ્રી ઋષભદેવપ્રભુની પુત્રી શ્રી બ્રાહ્મી કુમારી હતાં. તેથી જ મેં આ ગ્રંથરત્ન કોઇ વડીલ કે ગુરુજનોને અર્પણ કરવાને બદલે શ્રી ઋષભપુત્રી બ્રાહ્મીકુમારીને અર્પણ કરેલ છે. અને તે અર્પણ પત્રિકા પણ જૂના જમાનાના સુંદર મયૂરાસનના ચિત્રમાં લખીને મૂકેલ છે.

સૌજન્ય :- અમ્રતલાલ જેકીશનદાસ વખારિયા - નવાપુરા - સુરત.

**અમે વંદન કરીએ ભાવે :-**

આ મૂલ ગ્રંથને હસ્તલિખિત પ્રતમાંથી પ્રેસકોપી કરાવવા માટે પછી સંસ્કૃતભાષામાં મૂલગ્રંથને પુસ્તકરૂપે પ્રકાશન કરવામાં અને ત્યારબાદ તેનું ગુજરાતી ભાષામાં ભાષાંતર કરીને છપાવવા સુધીના કાર્યમાં જે જે ગુરુ ભગવંતોનો ઉપકાર છે, તે તે ગુરુદેવોને અમે આ પુણ્ય પ્રસંગે ઉપકારી ગુરુદેવો તરીકે સંભાર્યા છે. અને તેમાં સહુના વડીલ એવા પ. પૂ. સ્વ. આગમોદ્ધારક આ. મ. શ્રી આનંદ સાગર સૂરિજી. મ. ની ઇન્સેટ કરેલી નાનકડી પ્રતિકૃતિ મૂકીને અમે આવા આવા ગુરુદેવોને ભાવથી વંદન કરીએ છીએ. લિ. મે. ટ્ર. દિનેશ. બી. શાહ.

**સૌજન્ય :-** સુરત નિવાસી સ્વ. બાબુલાલ નાથુભાઇ શાહના પરિવારના સૌજન્યથી હ: સુમનબેન બાબુલાલ શાહ.

## ધર્મચક્રની સ્થાપના

એક સમયની વાત છે કે શ્રી આદીશ્વર પ્રભુ છદ્મસ્થ અવસ્થામાં વિચરતાં વિચરતાં તક્ષશિલા નગરની બહાર ઉદ્યાનમાં પધારીને રાત્રિએ કાઉસ્સગ્ગ ધ્યાનમાં રહ્યા, ઉદ્યાનપાલકે આવીને રાજા બાહુબલિને પ્રભુપધાર્યાની વધામણી આપી. પછી બાહુબલિએ વિચાર કર્યો કે રાત્રિમાં જઇને પ્રભુને વંદન કરીશ તો શોભા નહી થાય. માટે સવારે પ્રભુને સામૈયા સાથે ધામધૂમથી વંદન કરવા જઇશ. આમ વિચારીને સંપૂર્ણ તૈયારી કરીને ઘણા રાજાઓ સાથે બાહુબલિ સવારના પહોરમાં પિતા એવા શ્રી આદીશ્વર પ્રભુને વંદન કરવા ગયા.

આ બાજુ પ્રભુ તો સવારે કાઉસ્સગ્ગ પારીને આગળ વિહાર કરી ગયા હતા. અહીં ઉદ્યાનમાં આવીને પ્રભુને નહી જોવાથી શોક કરવા લાગ્યા. ત્યારે મંત્રીઓએ તેમને સમજાવીને તેમનું દુઃખ દૂર કર્યું. ત્યાર પછી બાહુબલિએ પ્રભુ જે સ્થાનમાં કાઉસ્સગ્ગ ધ્યાને રહ્યા હતા તેની સ્મૃતિમાં પ્રભુની ચરણ પાદુકાથી શોભતો ધર્મસ્તૂપ કરાવ્યો.

એજ આ ધર્મચક્ર ને ચરણ પાદુકા.

શ્રી શત્રુંજયતીર્થમાં શ્રી આદીશ્વર પ્રભુનો વિશેષ સંબંધ હોવાથી આ ધર્મચક્રનું ચિત્ર મૂકીને ગ્રંથની શુભ શરૂઆત કરી છે, (આ અધિકાર શ્રી અજિતનાથ પ્રભુ શ્રી શત્રુંજય પર પધાર્યા તે કથામાં છે.)



શ્રી સિદ્ધાચલ તીરથકેરો, રાજા ઋષભ જિણંદ.

સૌજન્ય - પ્રવીણચંદ રતનચંદ રાજા; અર્પણ હિમાંશુ રાજા.




મોરે કરેલી શ્રી અજિતનાથ પ્રભુની ભક્તિ.

શ્રી શત્રુંજય કલ્પવૃત્તિ - સગર ચક્રી કથા શ્લોક-૭૧-૭૨.

સૌજન્ય :- સ્વ. કુંવરજી છગનલાલ મહેતા અને સ્વ. કંચનબહેન કુંવરજીમહેતાની
સ્મૃતિમાં હ: રમાબેન ચંદુલાલ મેહતા મુંબઈ.




સૌજન્ય :- શ્રી દીપચંદ નાનાભાઈ ઝવેરી અને હેમલતાબેન દીપચંદભાઈ ઝવેરી - સુરત



શ્રી શાંતીનાથ ભગવાન

સૌજન્ય :- સ્વ. શાંતિલાલ અમરચંદ ઝવેરી તથા ગં સ્વ. સરસ્વતિબહેન શાંતિલાલ ઝવેરીના સ્મરણાર્થે
હ: મેનાવતી ચંપકલાલ દલાલ




સૌજન્ય :- સ્વ. રતીલાલ જેઠાલાલ સલોતના પુન્યાર્થે હ: ધીરજબહેન રતીલાલ સલોત




સૌજન્ય :- સ્વ. સ્રીલાલ જેઠાલાલ સલોતના પુન્યાર્થે તેમના સુપુત્રો અને પુત્રવધૂઓ




સૌજન્ય :- ધીરજબહેન રતીલાલ સલોતની વિવિધ આરાધનાઓ નિમિત્તે પૂ. સા. શ્રી રયણયશાશ્રીજીની પ્રેરણાથી




સૌજન્ય :- શા. લાલચંદ લાદાજી પરિવાર કાનપુરા - (રાજસ્થાન)




સૌજન્ય :– ભક્તિકારી ભાવિક શ્રાવિકા બહેનો તરફથી સા. શ્રી દિવ્યપ્રભાશ્રીજી તથા
સા. શ્રી આત્માનંદશ્રીની પ્રેરણાથી

પૂ. આ. મ. શ્રી વિજય રામસૂરિજી ડહેલાવાળાના આજ્ઞાવર્તિ સ્વ. સા. શ્રી હર્ષપૂર્ણાશ્રીના શિષ્યા. સા. ભવ્યપૂર્ણાશ્રીની પ્રેરણાથી શ્રી દીલ્હી ગુજરાતી જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ.

# વાઘણ પોળ



વાઘણ પોળનો ત્રીજો દરવાજો




પૂ. ગણિશ્રી વિમલ વિજયજી ડહેલાવાળાની પ્રેરણાથી શ્રી દીલ્હી ગુજરાતી જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ




સૌજન્ય : જયાબહેન જમનાદાસ શાહ –જુહુ–મુંબઈ



સૌજન્ય : પાંચ ભાવિક શ્રાવિકા બહેનો તરફથી સા. શ્રી સુધાશના શ્રીની પવિત્ર પ્રેરણાથી

# આત્માની નિર્મલતા



गिरिवरं विमलाचलनामकं
ऋषभमुख्यजिनांघ्रि पवित्रितम्
हृदिनिवेश्य जलैर्जिनपूजनम्
विमलमाप्य करोमि निजात्मकम् ॥१॥

તેવીસ તીર્થંકર ભગવંતોના ચરણકમલથી
પવિત્ર થયેલા એવા વિમલાચલ નામના
ગિરિવરને હૃદયને વિષે સ્થાપન કરવા
પૂર્વક નિર્મલ જલ વડે જિન પૂજનનેકરીને
મારા પોતાના આત્માની નિર્મલતા કરું છું.

સૌજન્ય :- સા. શ્રી પૂર્ણાનંદશ્રીજી. તથા સા. શ્રી સત્વાનંદશ્રીજીની ચાતુર્માસીક આરાધના નિમિત્તે

શ્રાવિકા શાંતાબેન બાપુલાલ તરફથી

# સાદર-સસ્નેહ -સમર્પણ

જગતના આધરાજા
એવા શ્રીઋષભદેવે જગતના વ્યવહાર -
ધર્મને વ્યવસ્થિત કરીને સ્થાપ્યો; તે સમયે પ્રભુએ
જમણા હાથે પોતાની પુત્રી બ્રાહ્મીને હંસ વગેરે-૧૮-જાતની
લિપિઓ શિખવાડી હતી. તેના કારણેજ મૂળલિપિ નું નામ
બ્રાહ્મીલિપિ પડયું. તે લિપિ ની પરંપરા
ચલાવનાર શ્રી ઋષભ-પુત્રી શ્રી
બ્રાહ્મીકુમારીને આ ગ્રંથ
સમર્પણ

મુનિ શ્રી મહાભદ્ર સાગર ©

સૌજન્ય :- અમૃતલાલ જેકીશનદાસ વખારીયા – નવાપુરા – સૂરત



## અમે વંદન કરીએ ભાવે



૪૮- વર્ષ-પૂર્વે-સં. ૧૯૯૯-ની સાલમાં પ.પૂ.આગમોદ્ધારક
આ.મ. શ્રી આનંદસાગર સૂરીશ્વરજીએ પાલિતાણામાં શ્રી આગમ - મંદિરના સર્જનમાં-૪૫- આગમોના પ્રકાશન સમયે આ "શ્રી શત્રુંજયકલ્પ" નામના હસ્ત લેખિત મહાગ્રંથને આગમો પછી તુરતજ છપાવવામાટે-૪૬- મોનંબર આપીને પ્રેસકોપી કરાવેલ હતી, પણ કોઈ અગમ્ય કારણ સર તેમના શુભહસ્તે તે ગ્રંથનું પ્રકાશન નજ થઈ શક્યું.

ત્યાર બાદ તેઓશ્રીના અનન્ય પટ્ટધર સ્વ.ગ.પૂ.આ.મ.શ્રી માણિક્યસાગર સૂરિજીની નિશ્રામાં-સં. ૨૦૨૬-માં શતાવધાની.પ.પૂ. ગણિવર્યશ્રી લાભસાગરજી મ.શ્રીએ આ મૂળ સંસ્કૃત ગ્રંથને પુસ્તક રૂપે પ્રકાશન કર્યો ત્યારબાદ- ૨૨-વર્ષે.

દ્વિતીય ગચ્છાધિપતિ પ.પૂ.સ્વ.આ.મ.શ્રી હેમસાગરસૂરિજીનાં શિષ્યરત્નો:- પૂજ્ય મુનિશ્રી અમરેન્દ્ર સાગરજી મ. તથા -
પૂજ્ય મુનિશ્રી મહાભદ્ર સાગરજીએ શ્રી શત્રુંજયતીર્થ સંબંધી આ ગ્રંથનું ગુજરાતીમાં ભાષાંતર કરીને - એને છપાવીને આપણા જૈન સમાજપર એક-અખંડ-અનોખો ઉપકાર કર્યો છે.
તે સર્વે ગુરુદેવોને અમે ભાવથી વંદન કરીને જીવનને ધન્ય બનાવીએ છીએ.

સૂરત નિવાસી સ્વ: બાબુલાલ નાથુભાઈ શાહના પરિવારના સૌજન્યથી હસ્તે સુમનબહેન બાબુલાલ શાહ. *




**यस्यादेशादुपेत्य प्रथमगणधर: पुण्डरीकाभिधान:**
**सिद्धाद्रौ पञ्चकोटीमितयतिसहित: केवलज्ञानमाप्य; ।**
**श्रेय: पुर्यामयासीदमरनरपतिश्रेणिसंसेविताङ्घ्रि:**
**स श्रीमानादिदेव: शिवसुखमचिरात् प्राणभाजां प्रदेयात् ।।१।।**

જેઓશ્રીના ઉપદેશથી શ્રી સિદ્ધગિરિપર્વતપર આવીને શ્રી પુંડરીક નામના પ્રથમ ગણધર ભગવંત પાંચ ક્રોડ યતિઓ સાથે કેવલજ્ઞાન પામીને મોક્ષમાં પધાર્યા. તે ઇન્દ્રો અને રાજાઓની પંક્તિથી સેવાયેલાં ચરણકમલવાલા એવા શ્રીમાન આદિદેવપ્રભુ પ્રાણીઓને જલ્દીથી મોક્ષ સુખ આપો. જે તીર્થને વિશે લાંબાકાળથી ઉપાર્જન કરેલા સંપૂર્ણ કર્મરાશિનો ક્ષય કરીને અસંખ્યાતા-યતિઓ-મુનિઓ મોક્ષે ગયેલા છે. અને જશે.

તે તીર્થમાં દેવતાઓથી પૂજાએલા શ્રી ઋષભદેવ – વગેરે જિનેશ્વરોની પૂજા કરતાં ને ધ્યાન કરતાં મનુષ્યોને શિવસુખ – મોક્ષસુખ થાય. કારણકે શ્રી શત્રુંજયને નજરે જોતાં બે દુર્ગતિ ( નરકગતિ ને તિર્યંચગતિ ) ક્ષય પામે છે. (તેમાં જવું પડતું નથી ) ત્યારે શ્રી શત્રુંજયઉપર પૂજા અને સ્નાત્ર કરવાથી હજાર સાગરોપમનાં પાપોનો નાશ થાય છે. શ્રી શત્રુંજયનું ધ્યાન કરવાથી હજાર પલ્યોપમનું પાપ નાશ પામે છે. અને શ્રી શત્રુંજયનો અભિગ્રહ ધારણ કરવાથી લાખ પલ્યોપમનું પાપ નાશ પામે છે. ત્યારે તેની સન્મુખ માર્ગે જતાં – ચાલતાં સાગરોપમથી ઉપાર્જન કરેલું દુષ્કર્મનાશ પામે છે. શ્રી સિધ્ધગિરિપર્વતઉપર જે ક્ષુદ્રપક્ષીઓ અને હિંસકપ્રાણીઓ છે તે પણ

ત્રણભવમાં ઉત્તમ બની સિદ્ધિપદને પામે છે.

ત્યાં સુધી જ અહીં હત્યા વગેરે પાપો ચારે બાજુ ગર્જના કરે છે કે જ્યાં સુધી ગુરૂ મહારાજના મુખેથી "શ્રી શત્રુંજય" એવું નામ સંભળાતું નથી ( ત્યાં સુધી ) બીજા શાસ્ત્રોમાં પણ કહ્યું છે કે : – અડસઠતીર્થની યાત્રા કરતાં જે ફલ મળે છે, તે ફલ શ્રી આદિનાથભગવંતનું સ્મરણ કરવાવડે થાય (છે.) આ પ્રમાણે જેનું ઘણું માહાત્મ્ય–લોકમાં–મનુષ્યોમાં સંભળાય છે. તે તીર્થનું મંદબુધ્ધિવાલાવડે કેવી રીતે વર્ણન કરી શકાય ? ( અથવા ન જ કરી શકાય )

શ્રી સુધર્મા સ્વામીએ જે તીર્થનું માહાત્મ્ય કરોડો શ્લોકોવડે વર્ણવ્યું છે , તે વર્ણનને ઉત્તમ એવા ભદ્રબાહુ ગુરૂએ સંક્ષેપ્યું છે. અને ત્યાર પછી વજ્રસ્વામીએ તે વર્ણનને ભવ્યજીવોનાં ઉપકાર માટે નાનું કર્યું. ત્યાર પછી તેને ધનેશ્વર સૂરિજીએ સંક્ષિપ્ત કર્યું ત્યાર પછી બીજા ઉત્તમ ગુરૂવર્યોએ તે વર્ણનને સંક્ષેપ કર્યું છે. ત્યાર પછી તપાગચ્છના અધિપતિ એવા ઉત્તમગુરૂ ધર્મઘોષસૂરિજીએ અંધકારને ( પાપરૂપી અંધકારને ) દૂર કરનાર આ " શત્રુંજય કલ્પને" બનાવ્યો. દેવેન્દ્રસૂરિ અને વિદ્યાનંદસૂરિનો અકસ્માતથી તેરમા દિવસે કાલધર્મ – (મૃત્યુ) થયો. ત્યારે તેમના ગણમાં ધર્મકીર્તિમુનિ ઉપાધ્યાય હતા. અને અનુક્રમે શુભપુણ્યોદયવડે તેઓની છ માસ પછી આચાર્ય પદવી થઈ. અને લોકોમાં ધર્મઘોષગુરૂ – ( સૂરિ ) એવા નામથી ચારે બાજુ પ્રસિધ્ધ થયા. તે જ ધર્મઘોષ સૂરિએ આ "શ્રી શત્રુંજય કલ્પ" ભવ્યપ્રાણીઓના બોધમાટે કર્યો. તેની આ પ્રથમ સ્તુતિ છે.

શ્રુતધર્મમાં વર્ણન કરેલ તે (આ) તીર્થ છે. ॥ ગુરુઓમાં ઉત્તમ એવા ધર્મઘોષ સૂરિજીએ કરેલ આ સ્તોત્રની – સ્તવનની તે તે કથાથી યુક્ત એવી વૃત્તિ – ટીકા કરાય છે. (શુભશીલગણિવડે) તે આ પ્રમાણે (તેની પરંપરા આ છે.)

તપાગચ્છરૂપી આકાશમાં સૂર્યસરખા સોમસુંદર સૂરીશ્વરના પટ્ટાલંકાર મુનિસુંદરસૂરિ મહારાજ થયા. ને હમણાં તેમના પટ્ટરૂપી ઉદયગિરિને પ્રતાપી સૂર્ય જેવા રત્નશેખરસૂરીશ્વર પ્રકાશિત કરે છે. તે મુનિસુંદરસૂરિના શિષ્ય સરળ બુધ્ધિવાળા શુભશીલ નામના ગણિવડે ભવ્યપ્રાણીઓનાં બોધમાટે ગુરુઓમાં મુગટ સરખા એવા ધર્મઘોષ સૂરિએ કરેલ આ સ્તવનની તે તે કથાથી યુક્ત એવી વૃત્તિ – ટીકા ખરેખર હમણાં કરાય છે. શરુઆતમાં તે સ્તોત્રની પ્રથમ ગાથાનો સંબંધ કહેવાય છે. તે આ પ્રમાણે :–

***सुयधम्मकित्तिअं तं तित्थं देविंद (विंद) वंदिअं थुणिमो ।***
***पाहुडए विज्जाणं, देसिअमिगवीसनामं जं ॥१॥***

શ્રુત ધર્મમાં કહેલ જે અને દેવેન્દ્રોવડે વંદન કરાયેલ તે તીર્થને અને વિદ્યાના પ્રાભૃતમાં જે એકવીશ નામ બતાવ્યાં છે. તેને અમે સ્તવીએ છીએ. વ્યાખ્યા :– શ્રુતનો ધર્મ તે બોધ, અથવા શ્રુતધર્મ. એટલે કે સિદ્ધાન્ત અથવા શ્રુત એજ ધર્મ તે શ્રુત ધર્મ. તે બે પ્રકારે છે. સાધુધર્મ અને શ્રાવકધર્મ. શાસ્ત્રમાં કહ્યું છે કે :–

**दुह दव्वभावधम्मो, दव्वे दव्वस्स दव्वमेवऽहवा;**
**तित्ताइसहावो वा, गम्मा इत्थी कुलिंगो वा ।।१।। (आव.)**

ધર્મ દ્રવ્ય અને ભાવ એમ બે પ્રકારે છે. દ્રવ્યને વિષે ધર્મ તે દ્રવ્યધર્મ અથવા દ્રવ્ય એજ ધર્મ છે. ખાટું – ખારું વગેરે સ્વભાવવાળું સ્ત્રીલિંગ, પુરુષલિંગ અથવા કુલિંગ દ્રવ્ય, આવશ્યક સૂત્ર : –

**दुह होइ भाव धम्मो, सुअ चरणेवा सुअम्मि सज्झाओ;**
**चरणम्मि समण धम्मो, खंतीमाई भवे दसहा ।।२।।**

ભાવ ધર્મ બે પ્રકારે છે. શ્રુતધર્મ અને ચારિત્રધર્મ. શ્રુતધર્મ તે સ્વાધ્યાય – અને ચારિત્રધર્મ તે શ્રમણધર્મ ક્ષમા વગેરે દશ પ્રકારનો છે. આવા પ્રકારના શ્રુતધર્મમાં – ધર્મશાસ્ત્રમાં ગણધર ભગવંતો આદિવડે વ્યાખ્યા કરેલ શત્રુંજય નામનું તીર્થ છે. જેનાથી સંસારરૂપી સમુદ્ર તરાય તેનું નામ તીર્થ કહેવાય છે. સંસારમાં ઉત્પન્ન થયેલ ત્રિવિધતાપને શમાવનાર હોવાથી તેને તીર્થ કહેવાય છે. કહ્યું છે કે (તીર્થો ચાર પ્રકારનાં કહેલાં છે.)

નામ તીર્થ – સ્થાપનાતીર્થ –દ્રવ્યતીર્થ – અને ભાવતીર્થ. આ ચારેય તીર્થો અનેક પ્રકારનાં હોય છે. દાહનો ઉપશમ કરે – તૃષ્ણા વગેરેનો નાશ કરે, અને મેલ વગેરેને દૂર કરે. આ ત્રણ કાર્યોને કરે, અર્થવડે તે દ્રવ્યથી તીર્થ કહેવાય છે. ક્રોધનો નિગ્રહ થતાં દાહનો ઉપશમ થાય છે. લોભ વગેરેનો નિગ્રહ કરતાં તૃષ્ણા – ઇચ્છા વગેરેનો ઉચ્છેદ થાય છે. ઘણાં ભવોથી એકઠી કરાયેલી આઠ પ્રકારનાં કર્મોની રજને તપસંજમવડે ધોઇ નાંખે તેથી તેને ભાવથી તીર્થ કહેવાય છે. તે ભાવતીર્થ સર્વ જિનેશ્વરોએ દર્શન જ્ઞાન અને ચારિત્ર વિષે – આ ત્રણ અર્થમાં જોડેલું છે, તેથી તે ભાવતીર્થ છે.

પ્રથમ અર્થ :– **देविंदत्ति** દેવતાઓ તેઓના સ્વામિ ઇન્દ્રો, તેના સમૂહો તેનાથી વંદન કરાયેલા. (વદ્‌ધાતુ સ્તુતિ અને અભિવાદન અર્થમાં – વપરાય છે.) વંદિતં એ વદ્‌ધાતુનું ભૂતકૃદંતરૂપ છે. તે તીર્થની સ્તુતિ કરું છું **पाहुडेत्ति** પ્રાભૃત એટલે અધિકાર વિશેષ છે. વિદ્યાઓનાં – ચૌદ – પૂર્વોનાં અધિકારમાં કહેલ છે જેનાં એકવીશ નામો છે, એવું જે તીર્થ તેની સ્તુતિ કરીએ છીએ.

બીજો અર્થ : શ્રુત એટલે પ્રસિધ્ધ – પ્રખ્યાત ધર્મકીર્તિ નામના ઉપાધ્યાય જેનું બીજું નામ ધર્મઘોષ સૂરિ છે, તેનાવડે સ્તુતિ કરાયેલ તે તીર્થ. ધર્મઘોષસૂરિના ગુરૂ દેવેન્દ્રસૂરિ નામના આચાર્ય તેનાવડે વંદન કરાયેલ. વિદ્યાનંદ સૂરિવડે બતાવેલ કે તું શત્રુંજય કલ્પને કર. ધર્મઘોષસૂરિની આગળ પ્રાભૃત નામના અધિકારમાં કહેવાયેલ અને વિદ્યાનંદસૂરિવડે બતાવાયેલ એકવીશ નામો છે જેના એવો તે શત્રુંજય. શ્રી શત્રુંજય તીર્થનાં એકવીસ નામો જે દેવતાઓ રાજાઓ અને મુનિઓએ આપ્યાં છે. તે નામો કહેવા માટે આ ત્રણ ગાથા કહેવાય છે.

*विमलगिरि-मुत्तिनिलय-सित्तुंजो-सिद्धखित्त-पुंडरीओ।*
*सिरि सिद्धसेहरो-सिद्धपव्वओ-सिद्धराओ अ॥२॥*
*बाहुबली-मरुदेवो-भगीरहो-सहसपत्त-सयवत्तो।*
*कूडय अठ्ठत्तरओ-नगाहिराओ-सहसकमलो॥३॥*
*ढंको कोडिनिवासो-लोहिच्चो-तालज्झओ कयंबुत्ति॥४॥*
*सुरनरमुणिकयनामो, सो विमलगिरी जयउ तित्थं॥४॥*

**(૧ - વિમલગિરિ - ૨ - મુક્તિ નિલયગિરિ , ૩ - શત્રુંજયગિરિ , ૪ - સિદ્ધક્ષેત્ર, ૫ - પુંડરીકગિરિ , ૬ - સિદ્ધશેખર, ૭ - સિદ્ધપર્વત , ૮ - સિદ્ધરાજ, ૯ - બાહુબલી , ૧૦ - મરુદેવગિરિ - ૧૧ - ભગીરથ , ૧૨ - સહસ્રપત્ર, ૧૩ - શતાવર્ત ગિરિ , ૧૪ - અષ્ટોત્તર શતકૂટ , ૧૫ - નગાધિરાજ , ૧૬ - સહસ્રકમલ, ૧૭ - ઢંકગિરિ , ૧૮ - કોડિનિવાસ, ૧૯ - લૌહિત્યગિરિ , ૨૦ - તાલધ્વજગિરિ , ૨૧ - કદંબગિરિ.**આ પ્રમાણે દેવ, મનુષ્યો અને મુનિઓવડે કરાયા છે નામ જેના એવું તે વિમલગિરિ તીર્થ જયવંતુ વર્તો. (૨-૩-૪)

તેમાંથી પ્રથમ નામ જે વિમલગિરિ છે તેની ઉત્પત્તિ કહેવાય છે તે આ પ્રમાણે : -

## શ્રી વિમલગિરિ નામ આપનાર સૂર રાજાની કથા

આકાશને અડે તેવા અને તેથી ય મોટા શ્રેષ્ઠીજનો - અરિહંતો અને રાજાઓનાં ઘરોવડે પૃથ્વીને શોભા કરનારૂં પદ્મનામનું નગર શોભતું હતું. ત્યાં તે નગરમાં ન્યાયના એક મંદિર જેવો મદન નામનો રાજા હતો. તેવીરીતે પૃથ્વીને પાલન કરતો હતો કે જેથી પ્રજાઓ સુખને ભજનારી થઇ, કહ્યું છે કે :-

**दुर्बलानामनाथानां-बालवृद्धतपस्विनाम्**
**अन्यायैः परिभूतानां-सर्वेषां पार्थिवो गुरुः ॥१॥**

- દુર્બલોનો અનાથોનો - બાલકોનો - વૃધ્ધોનો - તપસ્વીઓનો અને અન્યાયથી પરાભવ પામનાર આ સર્વેનો રાજા ગુરૂ છે. ( સર્વેનો રક્ષક રાજા છે ) તેને પ્રેમવતી નામની પત્ની , મતિસાગર નામનો મંત્રી અને શ્રેષ્ઠરૂપવાલો સૂરનામનો પુત્ર અનુક્રમે હતાં. ઘણા દેશોને સાધતાં રાજાએ ઘણા શત્રુ રાજાઓની પાસે પોતાની

આજ્ઞા પળાવી અને નિર્મલ યશ મેળવ્યો.

એકવાર રાજા ઘરના મુખ્ય માણસોના પરિવાર સાથે ઉદ્યાનમાં ગયો. ને ત્યાં ક્રીડા કરતાં એવા તેણે શ્વેતવસ્ત્રવાલી એક સ્ત્રીને જોઇ. અને રાજાએ તે નારીને પૂછ્યું તું કોણ છે ? અને ક્યાંથી આવી છે ? ત્યારે તે સ્ત્રીએ જવાબ આપ્યો કે તારે આ અહીં હમણાં નામ વગેરે પૂછવાવડે શું પ્રયોજન છે ? રાજાએ કહ્યું તું લોકને સુખ – દુઃખ શું કરે છે ? નારીએ કહ્યું હું જેના ઘરે જઉં છું તેના ઘરે ઘણી લક્ષ્મી થાય. ત્યારે રાજાએ કહ્યું કે તું તારા આગમનથી મારા મકાનને કૃતાર્થ કર. ત્યારે દેવીએ કહ્યું કે હે રાજન્ કાલે સવારે તારે ઘેર આવીશ. હર્ષિત થયેલો રાજા ઘેર આવીને બીજે દિવસે સવારે રાજ્યસભામાં રહેલો જેટલામાં દેવીના આગમનને જુએ છે. તેટલામાં ભંભાના અવાજને કરતો એક માણસ આવીને કહે છે કે હે સ્વામિ ! શત્રુ સિંહરથરાજા અહીં તમારા રાજ્યને લેવા માટે આવ્યો છે.

રાજા ઊભો થઇને બખ્તર ધારણ કરી જેટલામાં યુધ્ધકરવા માટે નગરની બહાર ગયો તેટલામાં શત્રુનું મોટું સૈન્ય જોઇને આ પ્રમાણે વિચારવા લાગ્યો. જો હું આ શત્રુ સાથે યુધ્ધ કરું તો ખરેખર સ્ત્રીના બોલવાના બહાનાથી હું હણાયેલો જ છું. જો હમણાં નાસી જવામાં આવે તો મારૂં જીવિત થાય, જીવતો માણસ ખરેખર ઘણાં કલ્યાણને પામે છે. તે પછી તે નગરીમાં પ્રવેશ કરીને કિલ્લાના દરવાજાને મજબૂતપણે બંધ કરીને મંત્રી સાથે વિચારણા કરીને રાજા નાસવાની ઇચ્છાવાળો થયો.

કેટલીક લક્ષ્મી લઇને પત્ની – પુત્ર અને મંત્રી સાથે રાજા જીવિતની ઇચ્છાથી ગુપ્તપણે રાત્રિએ નગરમાંથી બહાર ગયો. કહ્યું છે કે – વિષ્ટાની અંદર રહેલા કીડાને અને દેવલોકમાં રહેલા ઇન્દ્રને જીવવાની ઇચ્છા સરખી હોય છે. અને મરણનો ભય બન્નેને સરખો હોય છે.

**सव्वे जीवावि इच्छन्ति - जीविउं न मरिज्जिउं।**
**तम्हा पाणिवहं घोरं - जावज्जीवाइ वज्जए॥२॥**

સર્વજીવો જીવવા માટે ઇચ્છે છે. મરવા માટે ઇચ્છતા નથી. તેથી જીવનપર્યંત ભયંકર પ્રાણવધનો ત્યાગ કરવો જોઇએ. રાજા ગયો તેમ સવારમાં જાણીને શત્રુ રાજા નગરની અંદર આવીને તે સુખપૂર્વક મદનરાજાના રાજ્યને શોભાવવા લાગ્યો. જતો એવો તે મદનરાજા જેટલામાં અનુક્રમે ભીલની પલ્લીમાં ગયો. તેટલામાં ભીલોએ તે રાજાની સર્વલક્ષ્મી અપહરણ કરી

**गतसारेऽत्र संसारे-सुखभ्रान्तिः शरीरिणाम्।**
**लालापानमिवाङ्गुष्ठे-बालानां स्तन्यविभ्रमः॥१॥**

**सम्पदो जलतरङ्गविलोला यौवनं त्रिचतुराणि दिनानि.**
**शारदाभ्रमिव चञ्चलमायुः किं धनैः कुरुत धर्ममनिंद्य॥२॥**

કહ્યું છે કે સાર વગરના સંસારમાં શરીરધારી આત્માઓને સંસારમાં સુખનો ભ્રમ થાય છે. જેમ બાલકોને લાલાપાન કરતાં અંગૂઠામાં દૂધનો ભ્રમ થાય છે તેમ. સંપત્તિઓ પાણીના તરંગો સરખી છે. યૌવન ત્રણ ચાર દિવસ રહેવાવાળું છે, આયુષ્ય શરદઋતુના વાદળની જેમ ચંચલ છે. ધનવડે શું પ્રયોજન છે ? વખાણવા લાયક એવા ધર્મને તમે કરો. લક્ષ્મી ચાલી જવાથી સમસ્તપરિવાર પણ કોઇ ઠેકાણે ચાલી ગયો. ફક્ત સ્વામીની ભક્તિમાં પરાયણ એક મંત્રી જ રહ્યો. ભૂખથી પીડાયેલો રાજા પત્ની-પુત્ર ને મંત્રી સાથે જીવિતની ઇચ્છાવાળો નિરંતર ફલોવડે પોતાનો નિર્વાહ કરવા લાગ્યો. અનુક્રમે ચાલતો એવો તે રાજા ઉમાપુરમાં આવીને કોઇકના ઘરમાં રહીને લાકડાં વગેરે વેચવાથી કષ્ટપૂર્વક પોતાનો નિર્વાહ કરવા લાગ્યો. તે વખતે મંત્રીપણ કષ્ટવડે પોતાના ઉદરને ભરતો ઉત્તમભક્તિથી ક્ષણવાર પણ રાજાના પડખાને છોડતો નથી. કહ્યું છે કે ચિત્તને જાણનારો –સદાચારથી સંપન્ન–ઉત્તમવાણીવાળો –ચતુર–પ્રિય બોલનાર–સત્ય કહેનાર–યાદ શક્તિવાળો –મંત્રીશ્વર લોકોવડે વખણાય છે.

આઠ વર્ષ ગયાં ત્યારે એક વખત રાજા લાકડાં લેવા માટે જેટલામાં જંગલમાં ગયો તેટલામાં એક સ્ત્રીએ કહ્યું કે – જો તમને ગમતું હોય તો હું તમારા ઘરમાં આવીશ. અને શત્રુના હાથમાંથી તમારા હાથમાં પિતાનું રાજ્ય આવશે. રાજાએ કહ્યું કે પહેલાં હું એક સ્ત્રીવડે કપટથી રાજ્ય અપહરણ કરવાથી ઠગાયો છું. તારાવડે હમણાં મને શું અપાશે ? સ્ત્રીએ કહ્યું કે હે રાજા ! જે સ્ત્રીવડે તારૂં રાજ્ય ગુમાવાયું તે તારા કર્મથી દારિદ્રિણી દેવી આવી હતી. હમણાં તો હું તારા પુણ્યોદયથી તારા રાજ્યની અધિષ્ઠાત્રી દેવી તને પિતા સંબંધી રાજ્ય આપવા માટે અહીં આવી છું. રાજાએ કહ્યું કે તું મને શા માટે વચનના દંભથી છેતરે છે ? દેવીએ કહ્યું કે – તું હમણાં પોતાના નગરમાં જા અને એકાંતમાં રહે. ત્રણ મહિનાના અંતે શુક્લપંચમીના દિવસે દિવસના અંતે તારોશત્રુ પુત્રવગર યમમંદિર જશે. મરણ પામશે. તે વખતે તને આવેલા જાણીને હે રાજન્ ! તારા પુણ્યોદયથી જ મંત્રી વગેરે તને જલ્દી રાજ્ય આપશે. તે પછી રાજા દેવીના વાક્યથી ગુપ્તપણે પોતાના નગરમાં જઇને તે રાજા મરી ગયો ત્યારે રાત્રિમાં અનુક્રમે પોતાનું રાજ્ય પામ્યો. પોતાના રાજ્યનું જવાનું વર્ણન એક વખત રાજાએ મુનિને પૂછ્યું ત્યારે મુનિએ કહ્યું કે – તું પૂર્વભવમાં ભીમપુરમાં ક્ષત્રિય હતો. ત્યાં તારા વડે કોઇક સ્ત્રીનું રત્ન હરણકરીને છુપાવાયું હતું. આઠ પહોરના અંતે અનુકંપાથી તેં પાછું આપ્યું. તે સ્ત્રી મરીને તારો શત્રુ સિંહરથ રાજા થયો. મરણ પામેલો ક્ષત્રિય એવો તું મદનરાજા થયો. પૂર્વભવમાં તારાવડે સ્ત્રીનું રત્ન આઠપહોર સુધી હરણ કરાયું હતું. તેથી આઠવર્ષ સુધી શત્રુવડે તારું રાજ્ય ગ્રહણ કરાયું

**यतः – फरुणवयणेण दिणतवं अहिक्खिवंतो हणेइ मासतवं।**
**वरिसतवं सवमाणो हणइ हणंतो अ सामन्नं ॥१॥**
**तिव्वयरे उ पओसे सयगुणिओ सयसहस्सकोडिगुणो।**
**कोडाकोडिगुणो वा हुज्ज विवागो बहुतरो वा ॥२॥**

કઠોર વચન બોલવાવડે આત્મા એક દિવસના તપને નિષ્ફલ કરે છે , આક્રોશ કરતો આત્મા એક મહિનાના

તપને નિષ્ફલ બનાવે છે, શ્રાપ દેતો આત્મા એક વર્ષના તપને હણે છે , અને મારતો આત્મા પોતાના સાધુપણાનો જ નાશ કરે છે. અત્યંત તીવ્રદ્વેષ કરવાથી સો ગુણો – લાખ ગુણો – ક્રોડ ગુણો – ક્રોડાક્રોડી ગુણો અને એનાથી પણ વધારે વિપાક થાય છે. ( ભોગવવો પડે છે. ) આ સાંભળીને મદનરાજાએ સારા ઉત્સવપૂર્વક પોતાના પુત્રને રાજ્ય આપી અંતે અનશનથી મરી મદનરાજા દેવલોકમાં ગયા

સૂર કુસંગતિના યોગથી સાતેવ્યસન સેવનારો થયો, શિકારીઓના સંગથી હંમેશાં ઘણાં પશુઓને મારે છે. એક વખત રાજાવડે હણાતા એવા ભૂંડે રાજાને દાઢવડે પૃષ્ઠઉપર મજબૂત અને નિર્દયપણે પ્રહાર કર્યો. જેમ જેમ રાજાના શરીરમાં ચિકિત્સા કરાય છે. તેમ તેમ પીડાને કરનારો ઝરતો કોઢ રાજાને થયો. વૈદ્યોએ ઘણી જાતના જુદા જુદા પ્રકારનાં ઔષધોથી રાજાની ચિકિત્સા કરી, તો પણ રાજા સાજો ન થયો. અને તે વખતે દુ:ખી થયેલો તે હૃદયમાં પીડા કરવા લાગ્યો. ગંગાતીર્થ – ગયા તીર્થ વગેરે તીર્થોનાં પાણીવડે સ્નાન કરવા છતાં રાજા જ્યારે નીરોગી ના થયો, ત્યારે તેણે મંત્રીઓને કહ્યું. હવે હું અગ્નિવડે કરીને મારા પ્રાણોનો જલદી ત્યાગ કરીશ. તેથી રાજા સ્મશાનમાં શરીરનો ત્યાગ કરવા ગયો. ( બળી મરવા ગયો ) ત્યારે ત્યાં આવેલા જ્ઞાનીમુનિ બોલ્યા કે હે રાજા ! તું આમ ન મર. રાજા કહે કે કોઢથી પીડાયેલો હું એક ક્ષણ પણ રહી શકું તેમ નથી.

જો મારા શરીરમાંથી હમણાં જલદી કોઢ જાય તો જ મારે જીવિત છે. નહિ તો મને મરણનું શરણ હો. ત્યારે જ્ઞાની કહે છે કે ચૈત્રીપૂર્ણિમાના દિવસે સવારે શત્રુંજયમાં જઈને મનોહર એવા ચન્દ્રકુંડના પાણીવડે આનંદથી સ્નાન કરીને રાયણના ઝાડ નીચે રહેલી માટીવડે શરીરને વિલેપન કરી સ્નાન કરવું. અને હંમેશાં યુગાદિદેવનું ધ્યાન કરવું તો પંદરમાં દિવસે કોઢ જતો રહે તેમાં સંશય નથી. જ્ઞાનીની આ વાત સાંભળીને જ્ઞાનીમુનિએ કહેલ વાતને આનંદથી કરતાં એવા રાજાએ પોતાના દેહમાંથી કોઢને જલ્દી દૂર કર્યો., શરીર નિર્મલ થયું ત્યારે રાજાએ અસંખ્ય રાજાઓ સહિત શત્રુંજયનું શ્રી વિમલગિરિ એ પ્રમાણે નામ કર્યું.

તે પછી તે રાજાએ જેનું નામ વિમલગિરિ પાડ્યું છે. એવા તીર્થમાં અસંખ્ય રાજાઓ સાથે સેંકડો યાત્રા કરી. અસંખ્ય મનુષ્યોની સાથે રાજાએ શત્રુંજયને વિષે યાત્રા કરતાં ધર્મથી મોક્ષમાં ગમનકરનાર કર્મ ઉપાર્જન કર્યું. જે (શત્રુંજય) જોવાયેલો દુર્ગતિને હણે છે. નમસ્કાર કરાયેલો બે દુર્ગતિને હણે છે. તે સંઘના સ્વામી એવા અરિહંતના પદને કરનાર તે વિમલગિરિ જય પામો. સૂરરાજાએ પોતાના પુત્રને પોતાનું રાજ્ય આપી શ્રી શત્રુંજયગિરિઉપર જઇ અતિદુષ્કર તપ કર્યું.

તીવ્રતપ કરતાં સૂરરાજા કેવલજ્ઞાન પામ્યા. અને પછી ભવ્યજનોને જિનેશ્વરે કહેલાં ધર્મનો પ્રતિબોધ પમાડ્યો.. ત્રણ હજાર સાધુઓ સહિત સૂરમુનિ કર્મરૂપી મલથી રહિત થઇ શ્રી વિમલગિરિઉપર મુક્તિનગરમાં ગયા. કહ્યું છે કે :– હજારો પાપ કરી, સેંકડો પ્રાણીઓની હિંસા કરી જે આ ગિરિઉપર તપ કરે છે. તે મોક્ષમાં જાય છે. તપાગચ્છરૂપી આકાશમાં સૂર્યસરખા મુનિસુંદરસૂરિના શિષ્ય શુભશીલે આવૃત્તિ –(ટીકા) બનાવી.

**વિમલગિરિ નામ પરની સૂર રાજાની કથા સંપૂર્ણ**

# શ્રી - મુક્તિનિલય નામ આપનાર વીરસેન રાજાની કથા

જ્યાં ઘણા સાધુઓને એક સાથે મોક્ષમાં ગયેલા જોઈને વીરરાજાએ મુક્તિનિલય એવું નામ જેમ આપ્યું. તે આ પ્રમાણે :-

પૃથ્વીભૂષણ નામના નગરમાં ભીમસેન રાજાને સો પત્નીઓ હતી. તેઓમાં મુખ્ય પત્ની પદ્માવતી હતી. તે રાજા રાજ્ય કરતો હતો ત્યારે પ્રજા સુખી હતી. અને રાજા સહિત સર્વપ્રજા ધર્મકાર્ય કરતી હતી. કહ્યું છે કે :-

**राज्ञि धर्मिणि धर्मिष्ठाः, पापे पापाः समे समाः ।**
**राजानमनुवर्त्तन्ते, यथा राजा तथा प्रजा ।।१।।**

જો રાજા ધાર્મિક હોય તો પ્રજા ધર્મિષ્ઠ થાય. જો રાજા પાપી હોય તો પ્રજા પાપી થાય. પ્રજા રાજાને અનુસરે છે. જેવો રાજા હોય તેવી પ્રજા થાય.

સૂર્ય જ્યારે ઉચ્ચનો હતો ત્યારે વર્ષના શ્રેષ્ઠદિવસે પવિત્રક્ષણે પદ્માવતી રાણીએ સુંદર સ્વપ્નથી સૂચિત શ્રેષ્ઠપુત્રને જન્મ આપ્યો.

**यतः - अजवृषमृगाङ्गनाकर्कमीनवणिजांशकेष्विनाद्युच्चाः ।**
**दशशिख्यष्टाविंशति तिथीन्द्रियत्रिघनविंशेषु ।।१।।**

મેષ રાશિનો સૂર્ય ૧૦ - અંશનો ઉચ્ચનો થાય, વૃષભ રાશિનો ચન્દ્ર ૩ -' અંશનો ઉચ્ચ થાય, સિંહ રાશિનો મંગળ ૨૮ અંશનો ઉચ્ચ થાય, કન્યા રાશિનો બુધ ૧૫ અંશનો ઉચ્ચનો થાય, કર્ક રાશિનો ગુરૂ ૫ અંશનો ઉચ્ચનો થાય, મીન રાશિનો શુક્ર - ૨૭ - અંશનો ઉચ્ચનો થાય. તુલા રાશિનો શનિ - ૨૦ - અંશનો ઉચ્ચનો થાય.

**उच्चान्नीचं सप्तम-मर्कादीनां त्रिकोणसञ्ज्ञानि ।**
**सिंहवृषाजप्रमदा-कार्मुकभृत्तौलिकुम्भधराः ।।२।।**

(૧) આ ઉચ્ચ કરતાં સાતમી રાશિમાં આ ગ્રહો હોય તો તે નીચના થાય છે. સિંહ રાશિનો સૂર્ય – વૃષભ રાશિનો ચન્દ્ર – મેષ રાશિનો મંગલ – કન્યા રાશિનો બુધ – ધનુ રાશિનો ગુરુ – તુલા રાશિનો શુક્ર અને કુંભ રાશિનો શનિ એ – ત્રિકોણ સંજ્ઞાવાળા થાય છે ને તે શુભ છે.

**सुखी भोगी धनी नेता जायते मण्डलाधिप: ।**
**नृपतिश्चक्रवर्तीच, क्रमादुच्चग्रहे फलम् ।।३।।**

(૨) એક ગ્રહ ઉચ્ચનો હોય તો માણસ સુખી થાય છે, બે ગ્રહો ઉચ્ચના હોયતો માણસ ભોગી થાય છે. ત્રણ ગ્રહો ઉચ્ચના હોય તો ધનવાન થાય, ચાર ગ્રહ ઉચ્ચના હોય તો નેતા થાય, પાંચ ગ્રહ ઉચ્ચના હોય તોમંડલાધિપતિ થાય, છ હોય તો રાજા થાય, ને સાત હોય તો ચક્રવર્તિ થાય, આ ઉચ્ચગ્રહોનું ફલ છે. (૩)

**नीचो नीचरत श्चौरो, निष्प्रजो बुधवर्जित: ।**
**शत्रूपपीडितो रोगी, अर्काद्यैर्नीचगै: क्रमात् ।।४।।**

સૂર્ય વગેરે ગ્રહો નીચના હોય તો અનુક્રમે નીચ – નીચરત – ચોર – પ્રજારહિત – બુધ્ધિરહિત – શત્રુથી પીડાયેલો અને રોગી થાય છે. (૪)પિતાએ સર્વ સજ્જનોની સાક્ષીએ પુત્રનો જન્મોત્સવ કરીને સારા દિવસે વીરસેન એ પ્રમાણે નામ આપ્યું. (૫) પિતાએ મોટો થતાં તે પુત્રને અનુક્રમે લેખશાળામાં મોકલી ધર્મ – કર્મ આદિ શાસ્ત્રો ભણાવ્યા. (૬) કહયું છે કે

**प्रथमे नार्जिता विद्या, द्वितीये नार्जितं धनम् ।**
**तृतिये नार्जितो धर्म श्चतुर्थे किं करिष्यति ? ।।१।।**
**जायम्मि जीवलोए, दो चेव नरेण सिक्खिअव्वाइं,**
**कम्मेण जेण जीवइ, जेण मुओ सुग्गइं जाइं ।।२।।**

પહેલી વયમાં વિધ્યા ઉપાર્જન ન કરી , બીજી વયમાં ધન ઉપાર્જન ન કર્યું , ત્રીજી વયમાં ધર્મ ઉપાર્જન ન કર્યો, તે ચોથી વયમાં શું કરશે ? જીવલોકમાં ઉત્પન્ન થયેલા મનુષ્યે બે વસ્તુ શીખવા લાયક છે. જે ઉત્તમ કર્મવડે જીવે ( જિવાય ) અને મરેલો સદ્ગતિમાં જાય.

આ બાજુ પદ્મપુરમાં વૈરસિંહરાજાને ચન્દ્રલેખા વગેરે સુંદર ચિત્તવાલી આઠ પત્નીઓ હતી. તેઓ દરેકને જુદા જુદા પાંચ પાંચ પુત્રો થયા. અને દરેકને એક એક શ્રેષ્ઠ રૂપવાલી પુત્રી થઇ. પદ્મા – રામા – રમા– લક્ષ્મી – કમલા – વિમલા – અચલા ને શ્રીમતી એ આઠ પુત્રી ગુણના મંદિર જેવી હતી. પંડિતની પાસે ભણતી તે પુત્રીઓ ઘણાં શાસ્ત્રોને ભણી ચતુરમાં ઉત્તમ સરસ્વતી જેવી થઇ. કહ્યું છે કે :–

**जले तैलं खले गुह्यं, पात्रे दानं मनागपि।**
**प्राज्ञे शास्त्रं स्वयं याति, विस्तारं वस्तुशक्तितः ॥३॥**

પાણીમાં તેલ – લુચ્ચા પાસે ગુહ્ય વાત, પાત્રમાં થોડું પણ દાન, અને ચતુરને વિષે શાસ્ત્ર આ ચાર વસ્તુની શક્તિથી પોતાની જાતે વિસ્તાર પામે છે. એક વખતે તે બહેનો એક ઠેકાણે ભેગી થઈને પરસ્પર કહેવા લાગી કે આપણો જો વિદ્વાન એવો એક પતિ થાય તો સારું, જો પાપકર્મથી સ્ત્રીને મૂર્ખપતિ થાય તો જન્મપર્યંત દુ:ખ પીઠ નાજ છોડે.

આથી જે આપણી કરેલી સમસ્યાને પૂરે તે જ આપણો પતિ થાય. નહિંતર અગ્નિ (આપણું શરણ) આ પ્રમાણે પુત્રીઓએ કરેલી પ્રતિજ્ઞાને જાણીને રાજાએ પરણવા માટે રાજાઓને આમંત્રણ આપ્યું. વીરસેન પણ આવ્યો. રાજાએ (તેને) ઉત્તમ સ્થાન આપી તેનું સન્માન કર્યું. બીજા પણ રાજાઓ સન્માન કરાયેલા ત્યાં રહ્યા. ઉત્તમવેશ અને આભૂષણોવાલી સર્વ બહેનો સખીઓ સહિત રાજાઓ પાસે આવીને આ પ્રમાણે સમસ્યા પૂછે છે. (૧) સર્વજ્ઞો અરિહંત હોય છે. (૨) – તે નારી મને કહો (૩) ત્રીજી ગીત ગવરાવે છે. (૪) સુકૃતનું મૂલ શું ? (૫) તેથી પરમાર્થમાં લાગો, (૬) તપોધનો શું કરે છે ? (૭) સકલ જગતનો જેણે ઉધ્ધાર કર્યો. (૮) દિવસે કરેલા પાપને કોણ હરે ?

આ સમસ્યાઓની પૂર્તિ જ્યારે બીજા રાજાઓએ ન કરી ત્યારે વીરસેન રાજાએ તે કન્યાઓની સામે કહ્યું.

**घरमज्झे घररहिआ चउवीस जिणा (जया) निरावरणा ।**
**केवलनाण समग्गा सव्वन्नु हुंति अरिहंता ॥१८॥ (घुट् २८)**

(૧) ઘરની અંદર – ઘર વગરના– આવરણ રહિત – કેવલજ્ઞાન સહિત સર્વજ્ઞ અરિહંત એવા ચોવીશ જિનેશ્વરો છે. ( જિન મંદિરમાં પ્રતિમારૂપે રહેલાં છતાંય ઘરસંસારથી રહિત – સંસારને છોડેલા, ( કર્મના ) આવરણ વગરના સંપૂર્ણ કેવલજ્ઞાન પામેલા અરિહંતો ચોવીશ છે. ( ધુટ સંજ્ઞાવાલા અક્ષરો – ૨૪ – છે. તેમ પ્રભુ – ૨૪ – છે. )

(૨) **रोचते या सुपुण्यानां, पापानां या न रोचते ।**
**गौराङ्गी वल्लभापत्युः, सा नारी मम कथ्यताम् ॥१९॥ (राका पूर्णिमा)**

સારા પુણ્યવાલાઓને ગમે છે , પાપીઓને જે નથી ગમતી, ગૌરઅંગવાલી અને પતિને વલ્લભ એવી જે પત્ની છે તે નારી કોણ ? તે મને કહો – પૂર્ણિમા.

(૩)

**भिल्लस्स तिन्नि भज्जा, एगा पभणेइ पाणीयं पाइ ।**
**बीआ मग्गइ मंसं, तइआ गवरावए गीयं ॥२०॥ (सरो नत्थि)**

ભીલને ત્રણ સ્ત્રીઓ છે. એક કહે છે પાણી પાવ, બીજી માંસ માંગે છે. ને ત્રીજી ગીત ગવડાવે છે. ત્યારે તે જવાબમાં સરો નત્થિ એમ કહે છે. ( સરોવર – બાણ – અવાજ નથી )

(૪) **किमाशी र्वचनं राज्ञां ? का शंभोस्तनुमण्डनम् ?**
**कः कर्ता सुखदुःखानां ? मूलंच सुकृतस्य कः ? ॥२१॥**
**(जीव-रक्षा-विधिः)**

રાજાનું આશીર્વચન શું ? શંકરનાં શરીરનું આભૂષણ શું ? સુખદુઃખનો કર્તા કોણ ? અને સુકૃતનું મૂલ શું ?

રાજાઓને આશીર્વાદનું વચન ક્યું ? જીવ–આયુષ્યમાન ભવ , શંકર ભગવાનનાં અંગની શોભા શું ? રક્ષા–રાખ , સુખદુઃખનો કર્તા કોણ ? વિધિ નસીબ –કર્મ, સુકૃતનું મૂલ શું ? જીવરક્ષાવિધિ – જીવદયાનું પાલન

(૫)

**नयरि भमंतइ दिट्ठं मइ, केसरि चडिओ हत्थि ।**
**जलनिही परघरि रमइ, तओ लग्ग उ परमत्थि ॥२२॥ (क्षुरपलकः)**

નગરમાં ભમતા મેં જોયું કે સિંહ હાથી ઉપર ચઢ્યો. સિંહ હાથી ઉપર છે એટલે ( અસ્ત્રો ) હાથમાં છે સમુદ્ર પરઘરમાં રમે છે ( હજામ વાડકીમાં પાણી રાખે છે તે. ) તેથી પરમાર્થમાં લાગો. ( હજામનો અસ્રો – લગભગ આવો અર્થ બેસે )

(૬) **कथं सम्बोध्यते राजा ? सुग्रीवस्य च का प्रिया ? ।**
**निर्धनास्तु किमिच्छन्ति ? किंकुर्वन्ति**
**तपोधनाः ? ॥२३॥ (देव-तारा-धनं,)**

રાજાઓને કેવી રીતે બોલાવી શકાય ? હે દેવ ! સુગ્રીવની પ્રિયા કોણ ? તારા, નિર્ધનો શું ઇચ્છે છે ? ધન, તપોધન એવા મુનિઓ શું કરે છે ? ( દેવ – તારા – ધન ) દેવતાની આરાધના.

(૭) **एकनारि वनगहनि उप्पन्ना, सव्वसुलक्खण जग-सइ-वनि ।**
**इसिउ वेंटउं कूरपइं धरिओ, जग सकलो जिणि उधरिओ ॥२४॥ (चउणि)**

એક સ્ત્રી ગાઢ વનમાં ઉત્પન્ન થઇ છે. અને જે જગતમાં ઉત્તમલક્ષણવાલી બની છે. ચારે બાજુ વીંટળાયેલી છે. અને જેને હાથમાં ધારણ કરી છે, જેણે સર્વ લોકનો ઉધ્ધાર કર્યો છે. તે ચારણી (લોટ ચાળવાની )

(૮) **का चीवराणं पवरा ? किं दुलहं मरुदेसमज्झंमि ?**
**किं पवणाओ चवलं ? दिवसकयं किं हरइ पावं ? ॥२५॥ (पडि-क्क-मणं)**

વસ્ત્રોમાં શ્રેષ્ઠ શું ? પડિ – વસ્ત્ર – મરુદેશમાં દુર્લભ શું ? કં–પાણી, પવનથી ચપલ શું ? મન, દિવસે કરેલું પાપ કોણ હરણ કરે ? પડિક્કમણ – પ્રતિક્રમણ.

વીરસેનરાજા સમસ્યાઓ પૂરી કરે છે. તે રાજપુત્રીઓ સુંદર ઉત્સવપૂર્વક તેને વરે છે. વીરસેન કુમારને રાજાએ શ્રેષ્ઠ વસ્ત્રોના દાનપૂર્વક હાથી – ઘોડા અને મણિના સમૂહો આપ્યા. વીરસેન આઠ કન્યાઓ સહિત પોતાના નગરમાં આવીને માતા–પિતાનાં ચરણોને નમીને ઘણો આનંદ કરવા લાગ્યો. એક વખત ભીમસેન રાજાએ વીરસેન પુત્રને સારા ઉત્સવપૂર્વક રાજ્ય આપીને ગુરૂપાસે સંયમરૂપી લક્ષ્મીને પ્રાપ્ત કરી, તીવ્રતપ કરતાં ભીમસેન મુનિ કેવલજ્ઞાન પામીને એકવખત પુત્રને પ્રતિબોધ કરવામાટે અનુક્રમે ત્યાં આવ્યા.

એક વખત પિતાની પાસે વીરસેન રાજા ધર્મ સંભાલવા માટે ગયો. તે વખતે જ્ઞાનીએ આદરપૂર્વક આ પ્રમાણે ધર્મોપદેશ આપ્યો :-

**कः सकलः, सुकृतरुचिः, कः सद्बुध्दि र्विधेय करणगणः ।**
**कः सुभगः ? शुभवादी, को विश्व विजयी ? जितक्रोधः ॥३२॥**

કલાવાળો કોણ ? પુણ્યની રુચિવાળો, સારી બુધ્ધિવાળો કોણ ? – જેની ઇન્દ્રિયોનો સમૂહ– વિધિવાળો હોય – કબજામાં હોય તે, સૌભાગ્યશાળી કોણ ? શુભવાદી હોય તે, વિશ્વને જીતનારો કોણ ? જેણે ક્રોધ જીત્યો છે તે. જે દઢવ્રતવાળા – બ્રહ્મચારી મૈથુનને સેવતા નથી તે સારાવ્રતવાળા સંસાર સમુદ્રનો પાર પામે છે.

**उत्तम जणेण संगो, जइ किज्जइ कहवि नेह पडिबंधो;**
**सो जम्मेवि न विहडइ, सच्चंचिय पत्थरे रेहा ॥३४॥**

ઉત્તમ માણસ સાથે કેમ કરીને સ્નેહનાં સંબંધરૂપ સંગ કરાય તો તે પત્થરમાં કરેલી રેખાની જેમ ખરેખર આવતા જન્મમાં છૂટતો નથી.

જે સિધ્ધગિરિઉપર પૂજા – ધ્યાન અને મૌન કરી જિનેશ્વરોની આરાધના કરે છે , તે જલ્દીથી મોક્ષ નગરીમાં જાય છે. જેણે અનેક કુકર્મો કર્યા છે, એવા પણ જીવો શ્રી વિમલગિરિઉપર ધ્યાન અને મૌન આદિ કરતાં સુખપૂર્વક સ્વર્ગઆદિને મેળવે છે. જે કારણથી આ ગિરિઉપર ધ્યાન – મૌન – પૂજા અને તપમાં તત્પર એવા અસંખ્ય લોકો મોક્ષમાં ગયા છે, જાય છે. અને જશે. તેથી જ તે સેવનકરવા લાયક છે.

ઈત્યાદિ તીર્થનું માહાત્મ્ય સાંભળીને વીરસેન રાજાએ કહ્યું કે જ્યાં સુધી શ્રી શત્રુંજયગિરિઉપર જિનેશ્વરને નમન નહિ કરું ત્યાં સુધી મારે એક જ વખત જમવું . પૃથ્વીતલઉપર સૂવું. શીલવ્રત પાલન કરવું. અને પાન – સોપારી વગેરેનો ત્યાગ કરવો. વીરસેન રાજા ઘણા સંઘને ભેગાં કરીને સારાદિવસે પગલે પગલે ઉત્સવ કરતો માર્ગમાં ચાલવા લાગ્યો. હંમેશાં ઉત્તમ પુરુષોનું ચિત્ત ધર્મ કરવામાં નદીમાં ચાલતાં પાણીની જેમ વૃધ્ધિ પામે છે. નીચ માણસોનું મન હાનિ પામે છે. તીર્થ દ્રષ્ટિમાર્ગમાં આવ્યું ત્યારે સંઘસહિત રાજાએ તે દિવસે ત્યાં રહીને પ્રથમ તીર્થને નમસ્કાર કર્યા અરિહંત પ્રભુનો સ્નાત્રમહોત્સવ કરીને રાજાએ સંઘની અંદર લાપશી પીરસીને ભક્તિથી સાધુઓને પડિલાભ્યા. સંઘ પગલે પગલે જિનેશ્વર અને ગુરૂના ગીતને ગાતો કર્મનો નાશ કરવા માટે પવિત્ર એવા સિદ્ધગિરિતીર્થઉપર ચઢ્યો.

ધૂળરહિત એવા સ્થાને પ્રથમ જિનેશ્વર દેવને પૂજીને સંઘપતિએ યાચકોને મુખે માંગેલું દાન આપ્યું. સ્નાત્ર પૂજા– ધ્વજનું દાન વગેરે અનેકકાર્યો કરી– રાજાએ મુખ્ય અરિહંત ભગવાનની પાદુકાઓની ફરીથી પૂજા કરી. રાજાએ રાયણને ત્રણપ્રદક્ષિણા કરી અને શ્રેષ્ઠ અક્ષતોવડે ગીતગાન સાથે વધાવી. તે વખતે તીર્થના માહાત્મ્યથી પાંચ કરોડ સાધુઓએ કેવલજ્ઞાન પામી મોક્ષનગરીને શોભાવી. રાજાએ ત્યાં ઘણા સાધુઓને મુક્તિમાં ગયેલા જોઇને તે તીર્થનું મુક્તિનિલય એવું નામ આપ્યું. તે વખતે બીજા લોકો પણ તે તીર્થનું મોક્ષ આપવાથી મુક્તિનિલયતીર્થ એ નામ કહેવા લાગ્યા. આ પ્રમાણે રાજા વિસ્તારથી યાત્રા કરી પ્રવેશ ઉત્સવપૂર્વક પોતાના નગરમાં આવ્યો. વીરસેન રાજા હંમેશાં ન્યાયમાર્ગથી પ્રજાનું પાલન કરતો હર્ષવડે દાન–શીલ વગેરે ચારે પ્રકારના ધર્મને કરવા લાગ્યો. વીરરાજાએ મીનકેતુ નામના પુત્રને રાજ્ય આપીને ચોથી વયમાં શ્રુતસાગર પાસે દીક્ષા લીધી. ગુરુની સાથે વિહાર કરતાં વીરસેન મુક્તિસુખને આપનારા શ્રી વિમલગિરિતીર્થઉપર ગયા. તે ગિરિ ઉપર સુંદર ધ્યાન કરતા વીરસેન મુનિને લોક અને અલોકને પ્રકાશ કરનારું કેવલજ્ઞાન ઉત્પન્ન થયું. સર્વકર્મનો ક્ષય કરી વીરસેનમુનિ – ઘણા સાધુઓ સહિત – શ્રી વિમલગિરિતીર્થઉપર નિર્વાણ પામ્યા. તપાગચ્છરૂપી આકાશમાં સૂર્યસરખા મુનિસુંદરસૂરીશ્વરના શિષ્ય શુભશીલે આ વૃત્તિ રચી છે.

## મુક્તિનિલય નામ ઉપર – વીરસેનરાજાની કથા – સંપૂર્ણ

—— ◇ ——

# શ્રી શત્રુંજય નામ પાડનાર - શુક રાજાની કથા

જેમ શુકરાજાએ શ્રીં શત્રુંજય એ પ્રમાણે નામ આપ્યું. તેમ તેની સંક્ષેપથી કથા અહીં મારાવડે કહેવાય છે.

ભદ્દિલપુર નામના શ્રેષ્ઠનગરમાં જિતારિરાજાને શ્રેષ્ઠમનવાલી હંસી અને સારસી નામની બે પત્નીઓ હતી. હંસી સ્વભાવથી સરળ હતી. સારસી વક્રચિત્તવાલી હતી. હંસીએ ઉત્તમધર્મથી મનુષ્યભવમાં ઉત્પત્તિ થાય તેવું કર્મ બાંધ્યું. રાજાએ શત્રુંજયગિરિઉપર યાત્રા કરીને પોતાના ઘરે આવીને મોટો સુંદર અરિહંત પ્રભુનો પ્રાસાદ કરાવ્યો. કર્યું છે પુણ્ય જેણે એવા રાજાએ એક વખત મૃત્યુ સમયે પ્રાસાદના શિખરપર બેઠેલા પોપટને જોયો. રાજા શુભધ્યાનથી મરીને ચંદ્રવર નામના જંગલમાં પોપટ થયો, કારણ કે અંતે જેવી બુધ્ધિ હોય તેવી ગતિ થાય. પતિનું મરણકાર્ય કરીને તે બન્ને શ્રેષ્ઠ સ્ત્રીઓ દીક્ષા ગ્રહણ કરીને હંમેશાં તીવ્રતપ કરવા લાગી. તે બંને મરણપામી દેવલોકમાં જઇ અવધિજ્ઞાનના બલથી પોતાના પતિને પોપટ તરીકે જાણીને ત્યાં આવી આ પ્રમાણે પ્રગટપણે કહયું.

તમે ભદ્દિલપુર નામના નગરમાં જીતારિ નામે રાજા હતા, એ પ્રમાણે ચરિત્ર પોપટની આગળ અંતસમયે, કહયું. જો તમે હમણાં અનશન ગ્રહણ કરો તો પોપટના ભવમાંથી દેવલોકમાં દેદીપ્યમાન રૂપધારી દેવ થશો. પોપટે અનશન ગ્રહણ કરીને મરી તે બન્ને દેવીઓનો પતિ થયો. તે પછી તે બન્ને દેવીઓ અનુક્રમે ચ્યવીને મનુષ્યભવ પામી. તે પછી તે બન્ને સ્ત્રીઓ દેવલોકમાં તે આ પોપટનાભવના પૂર્વપુણ્યવડે દેવીઓ થઇ. તે વખતે દેવ હર્ષ પામ્યો. સ્વર્ગમાંથી ચ્યવેલી હંસીદેવી ક્ષિતિપ્રતિષ્ઠ નગરમાં રૂપ ને લાવણ્યવડે સુંદર એવો મૃગધ્વજ રાજા થયો. અને સારસી સ્વર્ગમાંથી ચ્યવેલી ગાગલિ તપસ્વીની અરિહંતના ધર્મને કરનારી કમલમાલા નામે પુત્રી થઇ. જિતારિદેવે એક વખત જ્ઞાનીની પાસે પૂછ્યું કે મને અરિહંતના ધર્મની પ્રાપ્તિ થશે કે નહિ ? તે કહો . કેવલીએ કહ્યું કે હંસીનો જીવ દેવનગર સરખા ક્ષિતિપ્રતિષ્ઠ નગરમાં મૃગધ્વજ રાજા થયેલ છે. અને સારસીનો જીવરૂપથી દેવીઓને જીતનારી ગાગલી તાપસની કમલમાલા નામે પુત્રી થઇ.

મૃગધ્વજ રાજાનું કમલમાલા સાથે પાણિગ્રહણ થાય ત્યારે હે શુકદેવ ! તું એ બન્નેનો પુત્ર થશે. તે વખતે તને નક્કી સર્વજ્ઞના ધર્મની પ્રાપ્તિ થશે. એ સાંભળીને તે દેવ ક્ષણવારમાં પોપટના રૂપને ધારણ કરનારો થયો. જેટલામાં શુકદેવ ક્ષિતિપ્રતિષ્ઠ નગરમાં ગયો તે વખતે રાજા હર્ષવડે નગરના ઉદ્યાનમાં આમ્રવૃક્ષની નીચે રહયો હતો. અર્ધક્ષણમાં પોતાની સર્વપ્રિયાઓને જોઇને મારા અંત:પુરની સ્ત્રીઓ સરખી કોઇ સ્ત્રી નથી, તેમ હૃદયમાં વિચારવા લાગ્યો. તે વખતે આંબાની શાખાઉપર રહેલા તે દેવપોપટે કહ્યું કે ઉત્તમ મનુષ્યોએ આ

પ્રમાણે ગર્વ ન કરવો જોઇએ. કહ્યું છે કે :–

स्वचित्तचिन्तितो गर्वः कस्य नाम न विद्यते ? ।
उत्क्षिप्य टिट्टिभः पादौ, शेते भङ्गभयाद्भुवः ॥१॥

रे ! पक्षिन्नागतस्त्वं कुत इह सरसः तत् कियद्भो विशालं,
किं मद्धाम्नोपि बाढं नहि नहि सुमहत् पाप ! मा जल्प मिथ्या;
इत्थं कूपोदरस्थः शपति तटगतं, दर्दुरो राजहंसं,
नीचः स्वल्पेन गर्वी भवति, विषया नापरे येन दृष्टाः ॥२॥

दन्ताः सप्त बलं विषाण युगलं पुच्छांचलः कर्बुरः,
कुक्षिश्चन्द्रकितो वपुः कुसुमितं सत्त्वच्युतं चेष्टितम्;
अस्मिन् दुष्टवृषे वृषाग्रिमगुणग्रामानभिज्ञात्मनो,
ग्रामीणस्य तथापि चेतसि चिरं धुर्यैति विस्फूर्जितम् ॥३॥

પોતાના ચિત્તમાં ચિંતવેલો ગર્વ કોને હોતો નથી ? ટિટ્ટિભ નામનું પક્ષી પૃથ્વીના ભંગના ભયથી બે પગોને ઊંચા કરીને સૂએ છે.

હે પક્ષી ! તું ક્યાંથી આવ્યો ? સરોવરમાંથી. તે સરોવર કેવડું છે ? વિશાલ છે. શું મારા સ્થાનથી પણ મોટું છે ? નહિ નહિ એના કરતાં પણ મોટું છે. હે પાપી! તું જૂઠું ના બોલ. આ પ્રમાણે કૂવાની અંદર રહેલો દેડકો કિનારે રહેલા રાજહંસને ઠપકો આપે છે. નીચ માણસ તે છે કે જેણે બીજા દેશો જોયા નથી, તે થોડા વડે પણ ગર્વિષ્ઠ થાય છે..

જે બળદને સાત જ દાંત છે. ( બાકીના પડી ગયા છે. ) શીંગડાની જોડ છે તે હાલી ગયેલી છે. પૂંછડું છે તે કાબરચીતરું છે. પેટ એકદમ ચપટું થઇ ગયેલું છે, શરીરની ચેષ્ટા સત્વવગરની છે. આવા ઠેકાણા વગરના પોતાના બળદમાં બળદના શ્રેષ્ઠગુણોના સમૂહથી અજાણ એવા ગામડિયાના મનમાં પોતાના બળદ માટે ખૂબ જ અભિમાન છે કે મારો બળદ ખૂબ જ શ્રેષ્ઠ છે. પોપટે કહેલું રાજાએ સાંભળીને કહયું કે મારું અંત:પુર જેવું શ્રેષ્ઠ છે હે શુક ! તેવા પ્રકારનું કોઇ ઠેકાણે દેખાતું નથી. પોપટે કહયું કે હે રાજન્ ! સત્પુરુષે કોઇ ઠેકાણે ગર્વ ન કરવો જોઇએ. કારણ કે ત્રણેય જગતમાં તરતમપણું હોય છે.

શ્રેષ્ઠ એવા શ્રીપુર નામના નગરમાં ગાગલિ નામે રાજા હતો. તે રાજાને વૈરાગ્ય ઉત્પન્ન થવાથી તાપસવ્રત ગ્રહણ કર્યું. પતિની પાછળ સગર્ભા એવી પત્ની પણ તાપસી થઇ. અને તે બંને ઋષભદેવ જિનેશ્વરની સેવા કરવા લાગ્યાં. તે તાપસી વનમાં પુત્રીને જન્મ આપીને સૂતિકારોગથી મરણ પામી. તે પછી પિતા તે પુત્રીને અનુક્રમે મોટી કરવા લાગ્યા. તે પુત્રીકમલમાલા જેવા પ્રકારની સુંદર સ્ત્રી છે. તેવા પ્રકારની એક પણ સ્ત્રી

તારી નથી. જો હમણાં તને તે કન્યા જોવાની ઈચ્છા હોય તો મારી પાછળ આવ, જેથી અદ્ભુત એવી તે કન્યા હું તને બતાવું. એ પ્રમાણે કહીને પોપટ ચાલ્યો. ત્યારે રાજા વાયુવેગ સરખા વેગવાળા ઘોડાઉપર ચઢીને તેની પાછળ વેગથી ચાલ્યો. તે પછી જેમ જેમ પોપટ જાય છે તેમ તેમ અશ્વ વેગથી ચાલવા લાગ્યો. અનુક્રમે રાજા પોપટની પાછળ મહાઅટવીમાં ગયો. ત્યાં ઋષભદેવપ્રભુના દેદીપ્યમાન મંદિરને જોઈને અંદર જઈને જેટલામાં જિનેશ્વરને નમસ્કાર કર્યા તેટલામાં તે પોપટ કોઇ ઠેકાણે ચાલી ગયો. તે પછી રાજાએ વિશિષ્ટ અર્થવાલા સ્તોત્રોવડે જગતવંદનીય ઋષભદેવ જિનેશ્વરની આ પ્રમાણે સ્તુતિ કરી. હે સુર અસુર અને રાજાઓના મસ્તકોની માલાવડે નમસ્કાર કરાયાં છે ચરણ જેનાં ! એવા હે નાભિરાજાનાપુત્ર ! તમને મોક્ષના સુખને માટે હું સ્તવું છું. હે સંસારરૂપી મોટાસમુદ્રને તરવામાં એક નૌકાસમાન ! આપ્યું છે અનંતસુખ જેણે એવા હે ઋષભદેવ ! તમે ચિરકાલ જયવંતા વર્તો. આ સાંભળી ગાગલિમુનિએ ત્યાં આવી જિનેશ્વરને નમસ્કાર કરી રાજાને પોતાના સ્થાનમાં લઇ જઈને સુંદર અન્ન આપી જમાડયો. તે પછી ગાગલિઋષિએ કહ્યું કે મારી આ કન્યાને હમણાં પરણીને હે સ્વચ્છ ! તમે જાવ. તે પછી રાજાએ કહ્યું કે મારુંકુલ જાણ્યા વગર તમે તે કન્યા કેમ આપો છો ? ઋષિએ કહ્યું કે પોપટે મારા આશ્રમમાં આવીને આ પ્રમાણે કહ્યું કે હે ઋષિ ! હું મૃગધ્વજરાજાને અહીં લાવીશ. તેને પુત્રી આપીને તમે ઋષભદેવપ્રભુની ભક્તિ કરજો. તેનાવડે કહેવાયેલા તમે અહીં આવ્યા છો. તેથી મારી પુત્રીને પરણો. તે પછી મૃગધ્વજરાજા કનકમાલાને પરણીને અહીં, પોતાની નગરી તરફ જવાની ઈચ્છાવાલા પતિને જાણીને તાપસપુત્રી ઋષભદેવપ્રભુના મંદિરમાં યુગાદીશને નમીને આ પ્રમાણે બોલી.

હે સ્વામી ! તમે અતુલ બલવાલા સંભળાવ છો. અહીં તમારું બલ જણાશે કે મારા હૃદયની અંદર ગ્રહણ કરાયેલા તમે નીકળી શકો તો ( તમારું બલ જણાશે ) આ પ્રમાણે પ્રભુની ભક્તિવડે સ્તુતિ કરીને ગાગલિ મુનિની પુત્રી પિતાને નમસ્કાર કરી પતિની પાસે આવી. મૃગધ્વજ રાજા પણ સર્વજ્ઞને પ્રણામ કરી ગાગલિમુનીને નમી જેટલામાં ચાલવાની ઈચ્છાવાલો થયો તેટલામાં પોપટે કહ્યું કે હે રાજન્ ! તમારે મારી પાછળ જલદી આવવું. તે પછી રાજા પત્ની સહિત પોપટની પાછળ ચાલ્યો આ બાજુ ચંદ્રાવતી પત્નીએ પતિના રાજ્ય વિશે પોતાના ભાઈને લાવીને નગર લઇ લેવા માટે વેગથી નગરને ઘેરો ઘાલ્યો. તે પછી મૃગધ્વજ રાજાને આવેલા જાણીને સન્મુખ જઈને કહ્યું કે હું તમારા નગરનું રક્ષણ કરવા માટે આવ્યો હતો. તમારા સેવકોએ મને શત્રુ કરીને નગરની અંદર પ્રવેશ કરતો રોક્યો. તેથી હું નગરની બહાર રહયો. મૃગધ્વજે કહ્યું કે તમે હમણાં સારું કર્યું. હે ચંદ્રશેખર ! જે કારણથી તમે મારા નગરનું રક્ષણ કર્યું. તે પછી મૃગધ્વજ રાજાએ સારા ઉત્સવપૂર્વક નગરની અંદર આવીને તે પત્નીને નિવાસ કરવા માટે સુંદર મહેલ તે વખતે આપ્યો. હવે મૃગધ્વજ રાજાવડે વિસર્જન કરાયેલો ચંદ્રશેખર ગયો. તે પછી મૃગધ્વજ ન્યાયમાર્ગવડે હંમેશાં પૃથ્વીનું પાલન કરવા લાગ્યો. જિતારિનો જીવ તે પોપટ દેવ સ્વર્ગમાંથી ચ્યવીને સારા દિવસે ઋષિની પુત્રીના ગર્ભમાં અવતર્યો. અનુક્રમે પુત્ર જન્મ્યો ત્યારે પિતાએ મોટો જન્મોત્સવ કરીને સર્વ સ્વજનોની સાક્ષીએ તેનું " શુક " એ પ્રમાણે નામ આપ્યું. કૌમુદીના ઉત્સવમાં એક વખત પ્રિયા સહિત રાજા ઉદ્યાનમાં જઇ આમ્રવૃક્ષની નીચે બેસીને આ પ્રમાણે બોલ્યો. આમ્રવૃક્ષની વિષે રહેલો પ્રિયાને વિષે ગર્વ કરતો હું કોઇક પોપટવડે પહેલાં શ્લોકો બોલવાથી નિષેધ કરાયો હતો.

**स्वचित्तचिन्तितो गर्व इत्यादि** :- ઋષિપુત્રીનો ઘરે લાવવારૂપે છેડો કહેવાયો ત્યારે ને વિવાહનો સંબંધ કહેવાયો ત્યારે શુક રાજપુત્ર મૂર્છા પામ્યો

પવન નાંખવા વગેરેવડે પ્રાપ્ત થયો છે ચૈતન્યનો વૈભવ જેને એવો (શુક) પુત્ર જાતિસ્મરણથી પૂર્વભવ જાણીને જરા પણ બોલતો નથી. રાજાએ ઘણા ઉપચાર કરવા છતાં પણ જ્યારે શુકરાજપુત્ર બોલતો નથી ત્યારે મનુષ્યો આ પ્રમાણે કહેવા લાગ્યા. કહ્યું છે કે :–

**शशिनि खलु कलङ्कं कण्टका: पद्मनाले,**
**उदधि जलमपेयं पण्डिते निर्धनत्वम् ।**
**दयित जनवियोगो दुर्भगत्वं सुरुपे,**
**धनपति कृपणत्वं रत्नदोषी कृतान्त: ॥१॥**

ચંદ્રમામાં ખરેખર કલંક, કમલના નાળને વિષે કાંટા, સમુદ્રનું પાણી ન પી શકાય તેવું ખારું, પંડિત વિષે નિર્ધનપણું, પ્રિયજન વિષે વિયોગ. સુંદરરૂપવાલાને દુર્ભાગીપણું, પૈસાદારને વિષે કૃપણપણું, આ પ્રમાણે વિધાતા રત્નમાં દોષ મૂકનારો છે. બીજા વર્ષે લોકોવડે પ્રાર્થના કરાયેલો રાજા કૌમુદી ઉત્સવને વિષે પૂર્વની જેમ બાહ્યઉદ્યાનમાં આમ્રવૃક્ષ પાસે આવ્યો. પુત્ર સહિત રાજાએ કહ્યું કે તે આંબાના ઝાડની નીચે તારે અને મારે પણ જવું નહિ કારણ કે પુત્ર ત્યાં મૂંગો થયો હતો. આ પ્રમાણે રાજા બોલતો હતો ત્યારે કોઇક સેવકે આવીને કહ્યું કે તે આંબાના ઝાડની નીચે મુનિને કેવલજ્ઞાન ઉત્પન્ન થયું છે. રાણી સહિત રાજા ત્યાં જઇને મુનિને નમસ્કાર કરી ઘણાં લોકોની સાથે ધર્મ સાંભળવા માટે બેઠો.

**सद्वंश जन्म गृहिणी स्पृहणीयशीला,**
**लीलायितं वपुषि पौरुष भूषण श्री: ;**
**पुत्रा: पवित्रचरिता: सुहृदोऽपदोषा:,**
**स्युर्धर्मत,: खलु फलानि पचेलिमानि ॥१॥**
**विरोधिता बन्धुजनेषु नित्यं, सरागता मूर्खजने प्रसङ्ग: ।**
**क्रूरस्वभाव: कटुवाक् सरोषा, नरस्य चिह्नं नरकाऽऽगतस्य ॥२॥**
**स्वर्गच्युतानामिह जीवलोके, चत्वारि नित्यं हृदये वसन्ति;**
**दानप्रसङ्गो विमला चवाणी, देवार्चनं सद्गुरुसेवनंच ॥३॥**

ઉત્તમ વંશમાં જન્મ, વખાણવા લાયક શીલવાળીસ્ત્રી, શરીરમાં ક્રીડાવાલી પૌરુષના આભૂષણવાલી લક્ષ્મી, પવિત્ર આચરણવાલા પુત્રો, દોષ વગરના મિત્રો, ખરેખર ધર્મના આ પાકેલાં ફળો છે. હંમેશાં બંધુજનને વિશે વિરોધીપણું, સરાગીપણું, મૂર્ખ માણસને વિશે પ્રસંગ, ક્રૂરસ્વભાવ, રોષસહિત કટુવાણી , એ નરકમાંથી આવેલાંની નિશાની છે. આ જીવલોકમાં (પૃથ્વીપર ) સ્વર્ગમાંથી ચ્યવેલા મનુષ્યોના હૃદયમાં દાનનો પ્રસંગ, નિર્મલવાણી, દેવપૂજા અને સદ્‌ગુરુની સેવા એ ચાર હંમેશાં હોય છે. દેશનાના અંતે રાજાએ બેહાથ જોડીને પૂછ્યું કે હે ભગવંત ! પુત્ર ક્યા કારણસર બોલતો નથી ? જ્ઞાનીએ કહ્યું કે આ સંસાર ઘણો ગહન છે. પિતા એ પુત્ર થાય છે. અને પુત્ર એ પિતા ને માતા થાય છે. કહ્યું છે કે આ સંસારમાં હજારો માતા–પિતા સેંકડો પુત્રો

અને સ્ત્રીઓ વ્યતીત થઇ છે. હું કોનો ? અને કોનો બાંધવ? રાજાએ કહ્યું કે હે સ્વામિ ! પુત્રને બોલતો કરો, તે પછી જ્ઞાનીએ સઘળાં પૂર્વભવ કહીને કહ્યું કે માતા-પિતા આદિના સંભવવાળો પોતાના પૂર્વભવનો સંબંધ જ્ઞાનથી જાણ્યા છતાં જીવોએ ચિત્તમાં વિચારવા જેવો હોતો નથી. પરસ્પર પુરુષોને અને સ્ત્રીઓને પુત્ર-પિતા આદિ સંબંધો અનેક વખત થાય છે. તેથી તે સંબંધ વિચારવો નહિ.

કહ્યું છે કે : – ચતુર પુરુષો ભૂતકાલનો શોક કરતાં નથી. થનાર વસ્તુનું ચિંતવન કરતાં નથી, વર્તમાનકાલ વડે જ વર્તન કરે છે. જે તું હૃદયમાં વિચારે છે કે – મારી બે પ્રિયાઓ એ માતા ને પિતા થયાં છે, આથી હું અહીં હમણાં કેવી રીતે માતા-પિતા એમ બોલું ? વગેરે તેથી હે શુક ! હમણાં સઘળાં પૂર્વભવના સંબંધો છોડી દઇ તું અમને વંદન કર, પિતા ને માતાનું નામ લે કદાગ્રહને છોડી દે. આ પ્રમાણે સાંભળીને શુક ઊભો થઇને વિધિપૂર્વક ગુરુને વંદન કરી માતા-પિતાના નામ લઇને હર્ષવડે તેઓનાં ચરણોને નમ્યો. તે પછી કેવલીની પાસે રાજા રાણી અને બીજાલોકોએ સમ્યક્ત્વમૂલવાલા શ્રાવકના બારવ્રતોને લીધાં, મૃગધ્વજ રાજાએ કહ્યું કે મને વૈરાગ્ય ક્યાં થશે ? જ્ઞાનીએ કહ્યું કે જ્યારે તું ચંદ્રાવતીના પુત્રને જોઇશ ત્યારે તને વૈરાગ્ય થશે. તે પછી કેવલી પોતાનું ગહન ચરિત્ર કહીને ભવ્યજીવોના પ્રતિબોધ માટે પૃથ્વીતલઉપર વિહાર કરવા લાગ્યા. અનુક્રમે તે રાજાને હંસ નામે પુત્ર થયો. ઋષિનીપુત્રી તે બંને પુત્રોને નિરંતર મોટા કરવા લાગી. એક વખત ગાગલિમુનિ મૃગધ્વજરાજા પાસે જઇને રાજાની રજા લઇને પુત્રી અને શુકને પોતાની ઝૂંપડીમાં લઇ ગયો. ત્યાં પુત્રીના પુત્ર શુકને તીર્થનાં રક્ષણ કરવા માટે મૂકીને ગાગલિ મુનિહર્ષવડે શ્રી સિધ્ધગિરિઉપર ઋષભદેવને નમસ્કાર કરવા માટે ચાલ્યા. શુક હંમેશાં શ્રી ઋષભદેવપ્રભુની પૂજા કરતાં દેવમંદિરમાં રહેલી સ્ત્રીને જોઇને પૂછ્યું કે તમે ક્યાંથી આવ્યાં છો ? તે સ્ત્રીએ કહ્યું કે ચંપાનગરીમાં અરિમર્દનરાજાને શ્રીમતિનામની સ્ત્રીથી ઉત્પન્નથયેલી પદ્માવતી નામે પુત્રી હતી.

ધાવમાતા અને માતાવડે પાલન કરાતી તે યૌવન પામી. પિતા કન્યાને માટે વરની શોધ કરવા લાગ્યો. મારી સાથે પ્રભાતના કાલમાં ગોખમાં રહેલી પદ્માવતીને વાયુવેગ નામનો વિદ્યાધર લઇને વિમાનમાં રહેલો આકાશમાં ચાલ્યો. વિમાનમાંથી પડેલી હું આ પ્રાસાદને વિષે અહીં આવી. વિદ્યાધર પદ્માવતીને લઇને કોઇક ઠેકાણે ગયો. તેથી હું રડું છું. તે પછી તેને જોવા માટે જતાં એવા શુકે શરુઆતમાં તે કન્યાને પ્રાપ્ત કરી, તે પછી આગળ જતાં આક્રંદ કરતા એક માણસને તેણે જોયો. શુકે કહ્યું કે શા કારણથી તું રડે છે ? તેણે કહ્યું કે પદ્માવતી કન્યાને લઇને વિમાનમાં ચઢેલો જેટલામાં હું અહીં આવ્યો તેટલામાં પાપથી રહિત એવી એક બાલિકા વિમાનમાંથી પડી. તે પછી હું પડયો. અને મારું વિમાન કોઇક ઠેકાણે ચાલી ગયું. મારી આકાશગામીની વિદ્યા ચાલી ગઇ. તેથી હું હમણાં રડું છું જે કારણથી મારાવડે સ્ત્રીનું અપહરણ કરાયું તેથી હું નરકમાં જઇશ. તેને પાપથી અટકેલો જાણીને જિનમંદિરમાં લાવીને વિદ્યાધર અને સ્ત્રી સહિત દેવને નમીને શુક પોતાના સ્થાનમાં ગયો. વનસંબંધી ભોજન આપવાવડે તેઓને આદરપૂર્વક જમાડીને શુકે કહ્યું કે તને આકાશગામિની વિદ્યા યાદ આવે છે કે ભૂલી ગયો છે ? વિદ્યાધરે કહ્યું કે હમણાં મને પહેલું પદ આવડે છે શુકે કહ્યું કે હે વિદ્યાધર ! મારા બે કાનમાં હમણાં તે પદ સંભળાવ. વિદ્યાધરે પહેલું પદ કહ્યે છતે તે વખતે શુકે સંપૂર્ણ આકાશગામિની વિદ્યા તેને શિખવાડી. વિદ્યાધરે પણ હર્ષથી શુકને આકાશગામિની વિદ્યા આપી. તેથી વાયુવેગ અને શુક બંને વિદ્યાધર થયા. શ્રી

શત્રુંજયગિરિઉપર જિનેશ્વરોને નમસ્કાર કરીને ગાગલિઋષિ આવ્યા ત્યારે વિદ્યાધર સહિત શુકરાજપુત્ર ચંપાનગરીમાં આવ્યો.

વિદ્યાધરે અરિમર્દન રાજાની આગળ આ પ્રમાણે કહ્યું કે પાપકારી છે આત્મા જેનો એવા મેં તમારી પુત્રીનું અપહરણ કર્યું હતું. આ વગેરે પોતાનું સઘળું વૃત્તાંત ત્યાં આવવા સુધીનું અને શુકનું વૃત્તાંત વાયુવેગે રાજાની આગળ કહ્યું. અરિમર્દન રાજાએ તે વખતે પદ્માવતીનું ચિત્ત જાણીને તે શુકને સુંદર મહોત્સવપૂર્વક તેને આપી. ( પરણાવી )

તે પછી વાયુવેગ વિદ્યાધર શુકને પોતાના નગરમાં લઇ જઇને શ્રેષ્ઠ ઉત્સવપૂર્વક વાયુવેગા નામની પુત્રી આપી. ત્યાં વાયુવેગ સહિત શુકરાજપુત્રે શાશ્વત ચૈત્યોને વંદન કર્યું. અને હર્ષથી શ્રેષ્ઠપુષ્પોવડે પૂજા કરી. બે પત્નીસહિત વાયુવેગ વિદ્યાધરવડે સેવા કરાતો શુકરાજપુત્ર શ્રેષ્ઠ વિમાનમાં બેસીને પોતાની નગરીની પાસે આવ્યો. સારા મુહૂર્તે સુંદર મહોત્સવ સહિત શુકરાજપુત્રે વિનયવડે માતા-પિતાનાં ચરણ કમલને નમસ્કાર કર્યો. તે વખતે વાયુવેગે શુકનું સમસ્ત વૃતાંત મૃગધ્વજરાજા અને ઋષિની પુત્રીની આગળ હર્ષવડે કહ્યું. મૃગધ્વજ રાજાએ વાયુવેગ અને વિદ્યાધર એવા ( પોતાના ) પુત્રનું અન્નપાન આદિ આપવાવડે વિશેષથી ગૌરવ કર્યું. ( સન્માન કર્યું ) મૃગધ્વજરાજાએ વાયુવેગને વસ્ત્રોવડે પહેરામણી આપીને વિદાય કર્યો ત્યારે શુકે પણ તેને નમસ્કાર કર્યો.હવે રાજાએ શુક અને હંસ આ બે પુત્રોની સાથે પૃથ્વીનું પાલન કરતાં પૃથ્વીને સુખી કરી. "મને વૈરાગ્ય ન થયો અને ચંદ્રવતીને વિષે પુત્ર પણ ન થયો" આ પ્રમાણે રાજા વિચાર કરતો હતો ત્યારે કોઇક બાલકે આવીને નમસ્કાર કર્યો. તું કોણ છે ? ક્યાંથી આવ્યો છે ? એ પ્રમાણે રાજા બોલે છે. તે વખતે આકાશમાં વાણી થઇ " આ ચંદ્રાવતીથી થયેલો તારો પુત્ર છે. જો તને સંદેહ હોય તો ચંપકવનમાં જઇ યશોમતી યોગિનીને પૂછ તે કહેશે. આ પ્રમાણે સાંભળીને ચંદ્રવતીના પુત્રસહિત રાજાએ ત્યાં જઇને પૂછ્યું કે હે યોગિની ! આ મારો પુત્ર કઇ રીતે ? તે કહો. તે પછી યોગિનીએ કહ્યું કે. 'હે રાજા ! ચંદ્રવતીનેવિષે થયેલો આ તારો પુત્ર છે.' આ અસાર સંસાર વિષમ છે. જેથી કોઇ પોતાનું નથી. હું કોણ છું ? તું કોણ છે ? ક્યાંથી આવ્યો છે ? મારી માતા કોણ ? મારા પિતા કોણ ? આ પ્રમાણે જો છે તો આ સર્વ જોવાયેલો સંસાર તેને સ્વપ્ન જેવો છે.

ચંદ્રા નામની નગરીમાં સોમરાજાની ભાનુમતી પ્રિયાએ એક દિવસે પુત્ર અને પુત્રીને જન્મ આપ્યો. અનુક્રમે જાતિસ્મરણજ્ઞાન પામીને પોતાના યુગલિયાના ભવને જોઇને પરસ્પર વિવાહને ઇચ્છતાં તે બંને જુદા જુદા પરણાવાયાં. હે રાજા ! દૂર રહેલા એવા તે બંને સંગને ન પામ્યાં. તે વખતે ચંદ્ર દેવની આરાધના કરી ત્યારે તેણે આ પ્રમાણે કહ્યું. મૃગધ્વજની પ્રિયા ચંદ્રાવતી જે પુત્રને જન્મ આપશે. તેને જ્યાં સુધી મૃગધ્વજરાજા જોશે નહિ ત્યાં સુધી હે ચંદ્રશેખર! તને અદ્રશ્ય કરનારી વિદ્યા થશે. તેથી હવે પછી પોતાની ઇચ્છાવડે તું ચિંતવેલું કર.

તે પછી ચંદ્રવતીથી ઉત્પન્ન થયેલા ચંદ્રનામના પુત્રને એકાંતમાં લાવીને ચંદ્રશેખરે અહીં મૂક્યો. મારાવડે તારો પુત્ર અહીં રખાયો પતિવડે ભોગસુખથી ત્યજાયેલી એવી મેં એક વખત તારાપુત્રને કહ્યું કે હે

ચંદ્રાંક ! સુખનો વિલાસ કરતાં તું મારી સાથે ભોગોને ભોગવ. તે પછી ચંદ્રાંકે કહ્યું કે 'હે માતા તું આમ કેમ કહે છે ?' મેં કહ્યું કે 'તું મારો પુત્ર નથી તું મૃગધ્વજરાજાનો પુત્ર છે. તેથી હે ચંદ્રાંક તું મને હમણાં ભોગસુખ આપ.' ચંદ્રાંકે કહ્યું કે 'તમને ધિક્કાર હો. સંસારને ધિક્કાર હો અને કામદેવને ધિક્કાર હો.' કહ્યું છે કે રાજપત્ની – ગુરુનીપત્ની, મિત્રનીપત્ની, પોતાનીમાતા અને પત્નીનીમાતા, એ પાંચને માતાઓ કહી છે. માતા એવી મને છોડીને એકદમ ચંદ્રાંક તમારાં બે ચરણોને નમસ્કાર કરવા માટે સાંજે ચાલ્યો , તે પછી હું યોગિની થઇ. ચંદ્રવતીવડે પોતાના ભાઇ ચંદ્રશેખર તમારા ઘરમાં ભોગ માટે સ્થાપન કરાયો છે. ( રખાયો છે.) આથી તે કોઈવડે દેખાતો નથી. મારાવડે અવધિજ્ઞાનથી જાણીને તમને જણાવાયું છે. તે પછી ક્રોધપામેલા રાજાને શાંત કરવામાટે તે બોલી.

**पुत्ता मित्ता हुइ अनेरा नरह–नारी अनेरा ।**
**मोहइ मोहियओ मूढउ, ज़पइ मुहाआ मोरा मारा ।।१२४।।**

આત્માથી પુત્ર ને મિત્ર જુદા છે. પુરુષ અને સ્ત્રી જુદાં છે. મોહથી મૂઢથયેલો જીવ મોહ પામે છે. અને મોહપામેલો તે મારું મારું એમ બોલે છે.

**अतिहिं गहना अतिहिं अपारा, संसारसायरखारा ।**
**बूज्झउ बूज्झउ गोरख बोलइ, सारा धर्मविचारा ।।१२५।।**

આ સંસાર ઘણો ગહન છે. પારવગરનો છે. આ સંસારસાગર ખારો છે. ગોરખ કહે છે બોધ પામો, બોધ પામો, ધર્મનો વિચાર તે જ શ્રેષ્ઠ છે.

**कवण केरा तुरंगम हाथी, कवण केरी नारी ।**
**नरकी जाता कोइ न राखइ, हीअडइ जोइ, विचारी ।।१२६।।**

આ ઘોડા કોના છે ? આ હાથી કોના છે ? આ સ્ત્રી કોની છે ? નરકમાં જતાં કોઇ રોકી શકતાં નથી માટે હૃદયમાં વિચારી જુઓ

**क्रोध परिहरि मान म करी, माया लोभ निवारे ।**
**अवर वयरी मनि म आणे, केवल आपू तारि ।।१२७।।**

જે ક્રોધનો ત્યાગ કરે છે. માન કરતાં નથી. માયાને લોભને નિવારે છે. કોઇ જીવને પોતાનો વૈરી માનતાં

નથી. તે ફક્ત પોતાના આત્માને જ તારે છે.

એ પ્રમાણે સાંભળીને છોડી દીધો છે ક્રોધ જેણે એવો રાજા પુત્ર ચંદ્રાંક સહિત પોતાની નગરીના બાહ્યઉદ્યાનમાં આવીને વ્રતની ઇચ્છાવડે રહ્યો.રાજાને વ્રતની ઇચ્છાવાલા જાણીને મંત્રીઓએ ત્યાં આવીને કહ્યું કે પુત્રને રાજ્ય આપીને તમારે સંયમ ગ્રહણ કરવો. રાજાએ કહ્યું કે આ શરીર વગેરે કાંઇ મારું નથી, જેથી સૂર્યોદય થશે ત્યારે ગુરુપાસે જઇને સંયમ ગ્રહણ કરીશ.

સંયમગ્રહણ કરવાની ઇચ્છાવાલા, બાહ્ય ઉદ્યાનમાં રહેલા, ઉત્તમચિત્તવાલા, અત્યંત શુક્લધ્યાનથી યુક્ત અનિત્યતા વગેરે સમસ્તભાવનાઓથી ભાવિત છે આત્મા જેનો એવા મૃગધ્વજ રાજાને લોકાલોકને પ્રકાશકરનારું કેવલજ્ઞાન થયું. રચાયેલા સુવાર્ણકમલઉપર બેસીને મૃગધ્વજ રાજાએ ભવ્યજીવોની આગળ ધર્મનો ઉપદેશ કર્યો. વ્યાખ્યાનના અંતે કમલમાલા સહિત – હંસ અને ચંદ્રાંકે જ્ઞાનીની પાસે કલ્યાણકારી સુખને આપનારા વ્રતને (સંયમને) ગ્રહણ કર્યું. કેવલજ્ઞાન ઉત્પન્ન થયે છતે મૃગધ્વજ રાજાએ ( કેવલીએ ) ધર્મવૃધ્ધિ આદિ કારણથી પત્નીનું વૃતાંત કોઇની આગળ કહ્યું નહિ. આ બાજુ મૃગધ્વજ રાજાની બે ચક્ષુઓ પાસે ચંદ્રાંકને આવેલો જાણીને સ્પષ્ટ થયું છે શરીર જેનું ( પ્રગટશરીરવાલો ) એવો ચંદ્રશેખર પોતાના નગરમાં ગયો.

રાજર્ષિરૂપી સૂર્યે ભવ્યજીવરૂપી કમલને બોધ કરવા માટે વિહાર કર્યો, અને શુકરાજા લોકસમુદાયને ન્યાય માર્ગમાં પ્રવર્તન કરાવતો રાજ્ય કરતો હતો. ચંદ્રશેખરે ભક્તિપૂર્વક દેવની આરાધના કરીને ચંદ્રવતીને ભોગવવા માટે શુકના રૂપની માંગણી કરી. ચંદ્રશેખરરાજા શુકના રાજ્યને ઇચ્છતો હંમેશાં તેના પરદેશ ગમનની ઇચ્છા કરવા લાગ્યો. એક વખત પદ્માવતી અને વાયુવેગા પત્નીસહિત શુકરાજા સારા દિવસે શાશ્વત અરિહંતોને નમસ્કાર કરવા માટે ચાલ્યો. ચંદ્રશેખર શુકના રૂપને ધારણ કરતો શુકના ઘરમાં રાત્રીએ જઇને ભોગને માટે ચંદ્રવતીને મલ્યો.. દેવના પ્રભાવથી શુકના રૂપને ધારણ કરનારો રાત્રિમાં પોકાર કરતો તે જ વખતે ચંદ્રશેખર આ પ્રમાણે ઊભો થયો. કોઇક વિદ્યાધર મારી બે પત્નીને અને આકાશગામિનીવિદ્યાને લઇને ચાલ્યો ગયો છે. તેથી હું અહીં આવ્યો છું.

મંત્રીઓએ કહ્યું કે 'હે સ્વામિ ! તમારા શરીરમાં કુશલ છે ને ? શુકે કહ્યું કે – 'હમણાં મારા શરીરમાં કુશલ છે.' મંત્રીઓએ કહ્યું 'હે સ્વામિ ! લક્ષ્મી પત્ની અને પુત્ર વગેરે ઘણાં થાય છે. પણ જીવિત ક્યારેય થતું નથી.'

આ સંસારમાં હજારો માતા-પિતા – સેંકડો પુત્રો અને સ્ત્રીઓ વ્યતીત થયાં છે. આ સંસારમાં ક્યો મનુષ્ય કોનો થાય ? દેવના પ્રભાવથી શુકના દેહને ધારણ કરનારો ચંદ્રશેખર સાચા શુકની જેમ હંમેશાં સઘળી પ્રજાનું રક્ષણ કરે છે. હંમેશાં હર્ષવડે ચંદ્રવતી સાથે ભોગસુખકરતો ચંદ્રશેખરરાજા કપટનું ઘર થયો. આ બાજું શુકરાજા શાશ્વતતીર્થોમાં પ્રિયાસહિત દેવોને નમસ્કાર કરીને જેટલામાં ઉદ્યાનમાં આવ્યો. (શુક) તેટલામાં બનાવટી શુકે કહ્યું કે ' હે મંત્રીશ્વર ! મારી બે પ્રિયાઓને અને આકાશગામિનીવિદ્યાને હરણ કરીને લઇ ગયો

હતો તેજ હમણાં મારું રાજ્ય લેવા માટે આવ્યો છે. તે માયાવી કૂડ કપટ આદિ વિધિમાં હોંશિયાર છે. તેના વચનમાં તમારે જરા પણ વિશ્વાસ ન કરવો. પરસ્ત્રીમાંલંપટ તે પુરુષને વિષે બેપત્નીઓ પણ મોહ પામી છે. તે બંનેનો વિશ્વાસ તમારે એક વખત પણ ન કરવો. કપટી શુકે તે વખતે સર્વ મંત્રીઓને પોતાને વશ કર્યા. જેથી તેઓ સાચા શુકની દ્રષ્ટિગોચરમાં આવ્યા નહિ. કહ્યું છે કે :

**आसन्नमेव नृपतिर्भजते मनुष्यं,**
**विद्याविहीनमकुलीनमसंस्तुतं वा,**
**प्रायेण भूमिपतयः प्रमदा लता वा,**
**यत्पार्श्वतो भवति तत् परिवेष्टयन्ति; ।।**
**अश्वः शास्त्रं शस्त्रं, वीणा वाणी नरश्च नारीच;**
**पुरुष विशेषं प्राप्ता, भवन्त्ययोग्याश्च योग्याश्च ।।**

રાજા નજીકના મનુષ્યો જે વિદ્યા વગરના હોય, અકુલીન હોય, અપરિચિત હોય એવા મનુષ્યને સેવે છે. પ્રાયઃ કરીને રાજાઓ – સ્ત્રીઓ અને વેલડીઓ જે પડખે હોય તેને જ વીંટળાય છે. ઘોડો–શાસ્ત્ર–શસ્ત્ર –વીણા–વાણી– પુરુષ અને સ્ત્રી–પુરુષવિશેષને પામીને અયોગ્ય અને યોગ્ય થાય છે. જ્યારે પ્રધાનવગેરે કોઇપણ માણસ સાચાશુકને જરાપણ માનતા નથી. ત્યારે શુકે વિચાર્યું કે મારૂં રાજ્ય ગયું. જ્યારે નસીબ પ્રતિકૂલ હોય ત્યારે કોઇ ઠેકાણે કોઇ પોતાનું થતું નથી. હમણાં મારો સમસ્ત મંત્રીવર્ગ જુદો પડી ગયો છે. કહ્યું છે કે :–

**तावाच्चन्द्रबलं ततो ग्रहबलं, तावद्बलं भूबलं;**
**तावत्सिद्धयति वांछितार्थमखिलं, तावज्जनः सज्जनः ।।**
**मुद्रामण्डलमन्त्रतन्त्रमहिमा, तावत्कृतं, पौरुषं,**
**यावत्पुण्यमिदं, महद्विजयते, पुण्यक्षये क्षीयते ।।**

ચંદ્રબલ ત્યાં સુધી હોય છે, ગ્રહનું બલપણ ત્યાં સુધી હોય છે. પૃથ્વીનું બલપણ ત્યાં સુધી હોય છે, ત્યાં સુધીજ સઘળાં વાંછિતઅર્થ સિધ્ધ થાય છે. ત્યાં સુધી જ માણસ સજ્જન છે. ત્યાં સુધીજ મુદ્રા – મંડલ – મંત્ર અને તંત્રનો મહિમા છે. ત્યાં સુધીજ પૌરુષ કરાયેલું છે. કે જ્યાં સુધી આ મોટું પુણ્ય વિજય પામે છે. પુણ્યનો ક્ષય થાય ત્યારે બધું ક્ષય પામે છે.

તે પછી તે નગરમાંથી આકાશમાર્ગે બીજે ઠેકાણે ગયો, ત્યાં તેનું વિમાન સ્ખલના પામ્યું. ત્યારે શુકે વિચાર્યું.

**क्षते प्रहारा निपतन्त्यवश्यं, धान्यक्षये स्फूर्जति जाठरोऽग्निः,**
**आपत्सु मित्राणि विसंवदन्ति, छिद्रेष्वनर्थाबहुली भवन्ति, ।**

ઘા ઉપર પ્રહારો અવશ્ય પડે છે. ધનનો ક્ષય થાય ત્યારે જઠરાગ્નિ સ્ફુરાયમાન થાય. ( ભૂખ વધે ) આપત્તિઓમાં મિત્રો વિસંવાદી થાય, છિદ્રને વિષે ઘણા અનર્થો હોય છે. તે પછી શુકરાજાએ નીચે અરિહંતના ધર્મનો ઉપદેશ આપતાં પિતાને જોઈને ત્યાં આવી નમસ્કાર કરવાપૂર્વક દેશના સાંભળી. દેશનાના અંતે શુકે પૂછ્યું કે – મારું રાજ્ય કોણે હરણ કર્યું ? ત્યારે પિતાએ અનર્થદંડનાં ભયથી તેનું નામ ન કહ્યું.

કહ્યું છે કે : – શરીરઆદિ અર્થદંડનાં પ્રતિપક્ષપણાવડે રહેલો જે અનર્થદંડ છે. તેના ત્યાગથી ત્રીજું ગુણવ્રત થાય છે. શત્રુનો ઘાત, રાજાપણું,નગરનોઘાત અગ્નિ સળગાવવો, અને ખેચરપણાવગેરે દુર્ધ્યાન, એક મુહૂર્તથી આગળ ત્યજવું જોઈએ. તું બળદોને દમન કર, ખેતર ખેડ, ઘોડાઓને ષંઢ કર, ( ખસી કર ) દાક્ષિણ્યના અવિષયમાં પાપનો ઉપદેશ કલ્પે નહિ. દયામાં તત્પરજીવે યંત્ર – હળ – શસ્ત્ર – અગ્નિ – સાંબેલું અને ખાંડણિયા વગેરે હિંસક ઉપકરણો દાક્ષિણ્યના અવિષયમાં આપવાં ન જોઈએ. કુતૂહલથી ગીત – નૃત્ય – નાટક વગેરેને જોવું. કામશાસ્ત્રની આસક્તિ, જુગાર – મદિરા આદિનું સેવન કરવું જલક્રીડા કરવી, હીંચકા ખાવા આદિ વિનોદ કરવા, પ્રાણીઓને લડાવવાં, શત્રુઓના પુત્રઆદિસાથે વૈર, ભોજન કથા, સ્ત્રીકથા, દેશકથા, રાજ્ય કથા, રોગ અને માર્ગના થાકને છોડીને આખીરાત સૂવું. ઈત્યાદિ પ્રમાદઆચરણનો સારી બુધ્ધિવાલાએ ત્યાગ કરવો જોઈએ. આ પ્રમાણે વિચારીને તે વખતે જ્ઞાની પુરુષે પાપરહિત કાર્ય શત્રુના અને પોતાના પુત્રના હિતને માટે હિતકારી થાય તેમ કહ્યું. તું સિદ્ધાચલને વિષે જા.. ત્યાં ચંદ્રગુફામાં ઋષભદેવ જિનેશ્વરનું સ્મરણ કરતો એકાસણા-વાળો છ મહીનાસુધી બ્રહ્મચર્યથી યુક્ત રહે. જ્યારે તે ગુફામાં ચારેતરફ તેજ સ્ફુરાયમન થાય ત્યારે તારોશત્રુ નાસી જશે અને તારા હાથમાં રાજ્ય આવશે. શુકરાજા પિતાને નમીને સિધ્ધગિરિઉપર ગુફાની અંદર જઈને રહીને પિતાએ કહેલ યુક્તિથી ચિત્તમાં શ્રી ઋષભદેવજિનેશ્વરનું ધ્યાન કરવા લાગ્યો. તેણે કહેલી સર્વવિધિવડે સ્મરણયુક્ત તે ગુફામાં છ મહિનાના અંતે ચારેબાજુથી તેજ સ્ફુરાયમાન થયું. આ બાજુ ચંદ્રશેખર એકાંતમાં પોતાનું રૂપ ખુલ્લું થયેલું જોઈને મૃત્યુથી ભય પામેલો પોતાના સ્થાનમાં આવ્યો. તે વખતે શુકે બે પત્નીસહિત પોતાના નગરમાં આવીને વિવિધ પ્રકારના ઉત્સવપૂર્વક પોતાના રાજ્યને શોભાવ્યું.

મંત્રીવગેરે લોકો આવીને રાજાનાં બે ચરણોને પ્રણામ કરીને વેગથી ભક્તિપૂર્વક પોતાનો અપરાધ ખમાવવા લાગ્યાં. તે પછી રાજાએ ઘણા રાજાઓ અને ઘણા સંઘસહિત શ્રી સિધ્ધગિરિઉપર જઈને સ્નાત્રપૂજાઆદિ સર્વ – ઉત્સવ કર્યા. તે પછી ઘણા રાજાઓની આગળ કહ્યું કે મને આ તીર્થના માહાત્મ્યથી શત્રુનેવિષે જય થયો. આથી આ પર્વતનું નામ શત્રુંજય કરાય છે. રાજાઓએ કહ્યું કે "હે રાજન્ ! તમને પ્રિય એવું આ તીર્થનું નામ થાઓ."

આ શત્રુંજય શૈલ (પર્વત) છે. એ પ્રમાણે ચારે તરફ ઉદ્ઘોષણા કરતાં રાજાએ સુંદર ઉત્સવપૂર્વક સાતે ક્ષેત્રમાં ઘણું ધન વાપર્યું..આ બાજુ ચંદ્રશેખર રાજા ત્યાં આવ્યો. પ્રથમજિનને નમસ્કાર કરી વિચારવા લાગ્યો કે મેં દુર્ગતિને આપનાર એવું પાપ કર્યું છે. એ પ્રમાણે વિચારીને મહોદય મુનિનીપાસે તે વખતે સંયમ સ્વીકારીને પોતાની જાતે પોતાની ઘણી નિંદા કરતાં ચંદ્રશેખરે પાપનો ક્ષય કર્યો. શુકે ગુરુની પાસે પૂછ્યું કે જેણે મારુંરૂપ કરીને અહીં રાજ્ય લીધું હતું, તેનું નામ હમણાં કહો. મુનિએ કહ્યું કે આ ભવથી બાવનમા ભવમાં તમારા

વડે જેનું રાજ્ય લેવાયું હતું તે રાજાએ તમારું રાજ્ય લીધું છે.

જેને અહીં ક્ષણવાર પછી સમસ્ત જગતને પ્રકાશ કરનાર કેવલજ્ઞાન ઉત્પન્ન થશે. હે રાજા તે જ રાજાને તું (શત્રુ) જાણ. એક મુહૂર્ત પછી ચંદ્રશેખર રાજર્ષિના કેવલજ્ઞાનના ઉત્સવને આદરથી કરતાં દેવોને જોઈને તેને શત્રુ તરીકે જાણ્યો. તે પછી ત્યાં આવીને અતિભક્તિપૂર્વક જલદી ખમાવીને શુકે પણ કેવલજ્ઞાની એવા ચંદ્રશેખરનાં વખાણ કર્યાં. શુકરાજાએ વિસ્તારથી યાત્રા કરીને પોતાના નગરમાં આવીને પોતાના પુત્રને રાજ્ય આપીને દીક્ષા લીધી. સ્વામિની ભક્તિથી નિર્મલમનવાલા બેહજાર સામાન્ય રાજાઓએ જ્ઞાનીની પાસે સંયમ ગ્રહણ કર્યો. અનુક્રમે શુકમુનિ નિરતિચાર – ચારિત્રનું પાલન કરતાં ચોથા તીર્થંકરના સમર્થમાં શ્રી શત્રુંજયઉપર ગયા અને સર્વકર્મનો ક્ષયકરીને જ્ઞાનપામીશુક મુનીશ્વર એક કરોડ સાધુ સહિત સિધ્ધગિરિઉપર મોક્ષે ગયા.

**શ્રી શત્રુંજયના નામ પર શુકરાજાની કથા સંક્ષેપથી કહી. વિસ્તારથી જાણવા માટે મારા બનાવેલા વિક્રમાદિત્ય ચારિત્રમાંથી જાણી લેવી**

## શ્રી સિદ્ધક્ષેત્ર નામઉપર શ્રી દંડવીર્યરાજાની કથા

એકી સાથે ઘણા મનુષ્યોના સમૂહોને સિધ્ધથયેલા જોઈને સુંદરમનવાલા દંડવીર્ય રાજાએ તેનું સિદ્ધક્ષેત્ર એવું નામ આપ્યું.

અયોધ્યા નગરીમાં શ્રી ઋષભદેવ પ્રભુના વંશમાં અનુક્રમે જલવીર્યરાજાને દંડવીર્ય નામે પુત્ર થયો. દિગયાત્રા કરતાં તેણે અનુક્રમે ત્રણખંડને તેવી રીતે સાધ્યા કે જેથી તેને સર્વે શત્રુઓ વશ થયા. કહ્યું છે કે :- રાજા આદિત્યયશા – મહાયશા– અતિબલ – બલભદ્ર – બલવીર્ય – કાર્તવીર્ય – જલવીર્ય ને દંડવીર્ય એ રાજાઓએ સઘળું અર્ધભરત ભોગવ્યું છે. અને જિનેશ્વર સંબંધી મુગટ મસ્તકવડે ધારણ કર્યો છે. બાકીના રાજાઓ તે મુગટ ધારણ કરી શક્યા નથી. ધર્માચાર્યની પાસે એક વખત દંડવીર્યરાજા ધર્મ સાંભલવા માટે ગયો. ત્યારે ગુરુએ આ પ્રમાણે કહ્યું.

**धम्मो मंगल मउलं, ओसहमउलं च सव्वदुक्खाणं।**
**धम्मो बलंच विउलं, धम्मो ताणं च शरणं च ।।५।।**

ધર્મ એ અતુલ્ય મંગલ છે.અને ધર્મ એ સર્વ દુઃખોનું અતુલ્ય ઔષધ છે. ધર્મ એ મોટું બલ છે. ધર્મ એ રક્ષણ છે, ધર્મ એ શરણ છે. ઈત્યાદિ દેશના સાંભળીને દંડવીર્ય રાજાએ કહ્યું કે – "શત્રુંજય તીર્થમાં જતાં જે આ માર્ગમાં આવશે તે સર્વને ભક્તિપૂર્વક સુંદર ભોજન આપવાથી સન્માન કરીને પછી મારે જમવું આ પ્રતિજ્ઞા પ્રાણનો નાશ થાય તો પણ અન્યથા નહિ થાય. તે માર્ગમાં આવેલા લાખો અને કરોડો પ્રમાણવાલા શ્રાવકોને જમાડીને પછી દંડવીર્યરાજા પોતે જમે છે." આ તરફ. દેવલોકમાં ઈન્દ્રે– દેવોની આગળ સભામાં દંડવીર્યરાજાનાઘોર અભિગ્રહની પ્રશંસા કરી. 'દંડવીર્યરાજા દેવોવગેરેવડે પણ પોતાના અભિગ્રહથી ચલાયમાન કરી શકાય તેમ નથી' તે પછી એક દેવ સ્વર્ગમાંથી નીકલ્યો.

આ તરફ દંડવીર્યરાજા દેવમંદિરમાં શ્રેષ્ઠ પુષ્પોવડે દેવની પૂજા કરીને ઘરના જિનમંદિરમાં જિનેશ્વરની પૂજા કરતો હતો. રાજા જેટલામાં જમવા બેઠો અને શ્રેષ્ઠ રસોઈયાઓ પાત્રોમાં ભોજન મૂકે છે તેટલામાં ચાકરે કહ્યું કે નગરની બહાર શત્રુંજયતરફ જતો મોટો સંઘ આવ્યો છે. રાજા ઊભો થઈ ત્યાં સંઘને બોલાવવા માટે જલ્દી ગયો. સંઘને નિમંત્રણ કરીને જમાડવા માટે સંઘને લાવીને રાજાએ જેટલામાં જમાડ્યો તેટલામાં વળી બીજો મોટો સંઘ આવ્યો. આખા સંઘને જમાડીને જેટલામાં રાજા જમવા માટે ઇચ્છે છે તેટલામાં નગરની બહાર બીજો મોટો સંઘ આવ્યો. આ પ્રમાણે રાજા સંઘને જમાડતા હતાં ત્યારે સૂર્યઅસ્ત પામ્યો. વળી સવારે નગરની બહાર મોટો સંઘ આવ્યો તે સંઘે જમે છતે ફરી સંઘ આવ્યો. રાજા તે સંઘને જમાડતા હતા ત્યારે સૂર્યઅસ્ત પામ્યો. આ પ્રમાણે નહિ જમેલા રાજાને સાતદિવસ થયા.

***(શ્રી આદીશ્વરપ્રભુને રાજ્યાભિષેકના સમયે ઈન્દ્ર મહારાજાએ જે મુગટ પહેરાવ્યો હતો તે મુગટ આઠ રાજાઓ પરંપરાએ ધારણ કરી શક્યા. પછીના રાજાઓ તેનું વજન ખમી શક્તા ન હતા.)***

તે પછી દેવે અવધિજ્ઞાનથી સ્થિર ચિત્તવાલારાજાને જાણ્યો. તે પછી શ્રેષ્ઠભૂષણોથી ભૂષિત દેહવાલા દેવે પ્રગટ થઈને કહ્યું કે – હે રાજા ! તું ધન્ય છે. કારણ કે તારું ચિત્ત સ્થિર છે. મેં આ સંઘની વિકુર્વણા કરીને તારી પરીક્ષા કરી હતી. હે રાજન્ ! તું હમણાં તારા પોતાના અભિગ્રહથી ચલાયમાન ના થયો. તે પછી તેની પ્રશંસામાં તત્પર એવા તે દેવે દંડવીર્યરાજાને સાતચિંતામણિરત્ન આપીને ઘણાં સુખને આપનાર એવા સ્વર્ગમાં ગયો. ત્યારથી માંડીને વિશેષ પ્રકારે ધર્મકાર્ય કરનાર રાજા હંમેશાં હર્ષવડે સાતક્ષેત્રમાં પોતાનું ધન વાપરવા લાગ્યો.

દંડવીર્યરાજા અદ્‌ભુત એવા તીર્થના માહાત્મ્યને સાંભળીને યાત્રા કરવા માટે અનુક્રમે આવા પ્રકારનો સંઘ 'ભેગો કર્યો. ૧૬– હજાર મુગટબધ્ધ રાજાઓ, પાંચ કરોડ શ્રેષ્ઠીઓ, મનુષ્યોના આઠ કુલો ( સમૂહો), ૭૦૦ સુવર્ણમય જિનમંદિરો, ૧૧૦૦ રુપાનાં જિનમંદિરો, ૨૦ કરોડ મનુષ્યો, ૭૨ – કરોડ સ્ત્રીઓ, પાણીલાવવા માટે એકકરોડ પાડાઓ, અને ૨૦ કરોડ વસ્ત્રથી ઢાંકેલા અદ્‌ભુત રથો, આ પ્રમાણે તે રાજાના સંઘમાં બીજું પણ જાણવું

આવા પ્રકારના સંઘસહિત દંડવીર્ય રાજા– ચાલતો – મહોત્સવ કરતો શ્રી શત્રુંજયતીર્થઉપર ગયો. સ્નાત્રપૂજા

– ધ્વજદાન આદિકાર્યો મહોત્સવસહિત કરતાં દંડવીર્યરાજાએ મુક્તિગમનને ઉચિત કર્મ ઉપાર્જન કર્યું. તે સંઘ ત્યાં રહ્યો હતો ત્યારે સાતકરોડ મનુષ્યો અને સ્ત્રીઓ કેવલજ્ઞાન પામ્યાં. અને અનુક્રમે મોક્ષમાં ગયાં. તે વખતે મનુષ્ય વગેરે મોક્ષમાં ગયા ત્યારે રાજાએ આ તીર્થનુંનામ સિધ્ધક્ષેત્ર આપ્યું. રાજા યાત્રા કરીને પોતાના નગરમાં આવ્યો. પોતાના પુત્રને રાજય આપીને સંયમરૂપી લક્ષ્મી ગ્રહણ કરી. અનુક્રમે આચાર્યપદવી અને કેવલજ્ઞાન પામી દંડવીર્યરાજા શત્રુંજયગિરિઉપર મોક્ષે ગયા.

**સિદ્ધક્ષેત્ર નામ ઉપર દંડવીર્ય રાજાની કથા સંપૂર્ણ**

## શ્રી પુંડરીકગિરિના નામ ઉપર – શ્રી ઋષભદેવપ્રભુના પ્રથમ ગણધર શ્રી પુંડરીક સ્વામીની કથા

આ અવસર્પિણીના ત્રીજા આરાને અંતે હમણાં યુગલીકપણાવડે શોભતાં સાત કુલકરો થયા. તે આ પ્રમાણે :– પહેલાં વિમલવાહન, બીજાચક્ષુષ્માન , ત્રીજા યશસ્વાન, ચોથા અભિચંદ્ર, તે પછી પ્રસેનજીત, પછી મરુદેવ અને નાભી (આ સાત કુલકારેનાં નામ છે. ) ચંદ્રયશા, ચંદ્રકાંતા, સુરૂપા, પ્રતિરૂપા, ચક્ષુષ્કાંતા, શ્રીકાંતા,અને મરુદેવી એ સાત કુલકરોની પત્નીઓનાં નામો છે.

નાભી કુલકરની મરુદેવા નામે પ્રિયા હતી, તે બન્નેને ઋષભ નામે પુત્ર થયો, તે પ્રથમ તીર્થંકર થયા, તેને સુમંગલા નામની પ્રિયા હતી, તે સુમંગલાએ ભારતી ( બ્રાહ્મી )યુક્ત ભરતને યુગલીઆ ( જોડલા ) તરીકે જન્મ આપ્યો, અને પછી ૪૯ – પુત્રયુગલને જન્મ આપ્યો. પછી ઋષભદેવની પ્રિયા સુનંદાએ પુત્રબાહુબલી અને પુત્રીસુંદરીને યુગલિઆ ( જોડલા ) રુપે સારાદિવસે જન્મ આપ્યો.

ભરત રાજાનો પ્રથમપુત્ર પુંડરીક નામે થયો , તે પછી અનુક્રમે બીજા કરોડની સંખ્યાવાલા પુત્રો થયા, શ્રી ઋષભદેવપ્રભુએ યુગલિકધર્મ નિવારીને સઘળો વ્યવહારમાર્ગ પ્રકાશિત કરીને ઘણાં સમયસુધી રાજય કર્યું. ( ઇત્યાદિ સઘળું સ્વરૂપ બીજા શાસ્ત્રોમાંથી પોતાની જાતે જાણી લેવું )

શ્રી આદિનાથ પ્રભુએ અયોધ્યાનું રાજય ભરતને આપ્યું. બીજા પુત્રોને જુદા જુદા દેશો વહેંચણી કરીને આપ્યા. શ્રી ઋષભદેવપ્રભુએ ચારિત્ર લઇ કેવલજ્ઞાન પામી ભવ્યજીવોને પ્રતિબોધ કરવા માટે પૃથ્વીતલઉપર

વિહાર કર્યો. શરુઆતમાં શ્રી પુંડરીકિ ઋષભદેવ પાસે વ્રતગ્રહણ કરી સમસ્ત ગણધરોમાં પણ મુખ્યપદ પામ્યાં.

શ્રી પુંડરીકિ ઘણાં ભવ્યોજીવોને ધર્મને વિષે પ્રતિબોધ કરતાં સતત પોતાના જીવિતના અનેકપૂર્વ પસાર કર્યા. એક વખત પુંડરીકગણધરે શ્રી ઋષભદેવપાસે પ્રશ્ન કર્યો કે હે સ્વામિ ! મારો મોક્ષ ક્યાં થશે ? તે બતાવો. સ્વામીએ કહ્યું કે સુરાષ્ટ્રદેશમાં તુંગનામે પર્વત છે. ત્યાં તમારું મોક્ષગમન થશે. તેમાં સંશય નથી. પ્રભુનું વચન સારીરીતે સાંભળીને ઘણાં સાધુઓ સહિત – પુંડરીક ગણધર તુંગગિરિ (પર્વત) તરફ જવા માટે ચાલ્યાં. સુરાષ્ટ્રદેશમાં પૃથ્વીના આભૂષણરૂપ રહેલા તુંગપર્વતને જોઈને પુંડરીક ગણધરે ભક્તિથી નમસ્કાર કર્યો. તુંગગિરિઉપર ચઢેલા ઘણાં સાધુઓ સહિત પુંડરીકગણધર ધ્યાન અને મૌનમાં તત્પર થયા. શુધ્ધ ચારિત્રનું પાલન કરતાં એકવર્ષસુધી ક્રિયાનાસમૂહને કરતાં પુંડરીકગણધરે ભવ્યજનોની આગળ ધર્મોપદેશ આપ્યો.

( અહિં ધર્મોપદેશ કહેવો )

તે વખતે પાંચકરોડ શ્રેષ્ઠ સાધુઓ સહિત પુંડરીકગણધર ધ્યાનમાં લીનચિતવાલા થયા. તે વખતે પુંડરીક વગેરે સર્વ સાધુઓએ માસક્ષપણ ઉચ્ચરીને ( માસિક સંલેખના કરીને ) શુક્લધ્યાનમાં ચઢેલા અત્યંત શોભવા લાગ્યા. ચૈત્રમાસની પૂર્ણિમાની રાત્રિએ પુંડરીકગણધર કેવલજ્ઞાન પામ્યા. તે પછી બીજા સાધુઓ કેવલજ્ઞાન પામ્યા. પુંડરીક ગણધર મુક્તિમાં ગયા ત્યારે તેમના મોક્ષગમનનો મહોત્સવ કરીને દેવોએ તે તીર્થનું પુંડરીક એવું નામ આપ્યું. કહ્યું છે કે ચૈત્રમાસની પૂર્ણિમા વિષે પાંચકરોડ મુનિઓથી પરિવરેલા નિર્મલયશવાલા પુંડરીક થયા, તે વિમલગિરિતીર્થ જયવંતુ વર્તો.

ભરત –રાજાએ ત્યાં સેંકડો ક્રોડાક્રોડી સુવર્ણનો વ્યયકરીને સુવર્ણમય મોટું જિનમંદિર કરાવ્યું. અને ત્યાં ભરતરાજાએ પ્રતિષ્ઠાના ઉત્સવપૂર્વક શ્રી ઋષભદેવ જિનેશ્વરનું રત્નમયબિંબ સ્થાપન કર્યું. વળી ભરત રાજાએ ઘણા સુવર્ણ વ્યયકરી બાવીશઅરિહંતોનાં બાવીશ જિનમંદિરો કરાવ્યાં.

પુંડરીક પયન્નામાં કહ્યું છે કે :

ચૈત્રમાસની પૂર્ણિમાના દિવસે પ્રથમ ગણધર પુંડરીકને માસક્ષપણવડે પહેલાં કેવલજ્ઞાન ઉત્પન્ન થયું. અને પછી બીજા સાધુઓને કેવલજ્ઞાનઉત્પન્ન થયું. પુંડરીકગિરિ ઉપર દેવતાઓના સમૂહવડે કરાતો કેવલજ્ઞાનનો મહિમા જોઈને ઉત્પન્ન થયું છે જ્ઞાનરુપીરત્નજેઓને એવા તે સર્વ મુનિઓ કેવલી થયા. દેવતાઓએ સિદ્ધિપામેલા સર્વસાધુઓનો મહિમા કર્યો. અને કેવલજ્ઞાની પુંડરીકમુનિના શરીરની વિધિપૂર્વક પૂજા કરી. તે પછી દેવતાઓ પૂજા કરીને પોતાના સ્થાનમાં ગયા, અને ભરતમહારાજાએ પુંડરીક કેવલીનું જિનભવન કર્યું. પછી દેવોએ આ પ્રમાણે ઉદ્‌ઘોષણા કરીકિ પર્ષદામાં રહેલાં જિનેશ્વરપ્રભુએ ભવ્યજીવોને કહ્યું કે આ પર્વત પુંડરીક નામે થાય.

**શ્રી પુંડરીક ગિરિનામઉપર શ્રી પુંડરીકસ્વામી કથા સંપૂર્ણ.**

—— ◇ ——

# શ્રી સિદ્ધ શેખર નામઉપર પદ્મભૂપરાજાનીકથા

પદ્મરાજાએ ઘણાં લોકોને સિધ્ધથયેલાં જોઈને જેવીરીતે આ તીર્થનું નામ સિદ્ધશેખર આપ્યું. તે આ પ્રમાણે :– લક્ષ્મીપુરી નગરીમાં ન્યાયપૂર્વક પ્રજાનું પાલન કરતો લક્ષરાજા મોક્ષસુખને આપનાર જૈનધર્મને કરતો હતો. તે રાજાને લાવણ્યથી શોભતી રામરાજાની સીતા જેવી હંમેશાં શીલનું પાલનકરતી પ્રીતિમતી નામની પ્રિયા હતી. તેને પદ્મકુમાર નામે પુત્ર થયો. મુકુંદ નામનો મંત્રી હતો. તે મંત્રીનો ધરનામનો પુત્ર સર્વશાસ્ત્રનો જાણકાર હતો.

કહ્યું છે કે– વિદ્વાનપણું અને રાજાપણું ક્યારે પણ સરખાં નથી, રાજા પોતાના દેશમાં પૂજાય છે. વિદ્વાન સર્વ ઠેકાણે પૂજાય છે. એક દિવસ મધ્યરાત્રિએ નગરની બહાર સ્ત્રીનું રુદન સાંભળીને પદ્મકુમારે એકલા ત્યાં જઈને સ્ત્રીપાસે આ પ્રમાણે કહ્યું હે સ્ત્રી ! તું શા માટે રડે છે ? તને હમણાં શું દુઃખ છે ? સ્ત્રીએ કહ્યું કે હું રાજ્યની અધિષ્ઠાત્રી દેવી છું. હું સર્વવિઘ્ન દૂરકરવાથી રાજ્યનું રક્ષણ કરું છું. જે મંત્રીનો પુત્ર પુણ્યવાન ને કામદેવ જેવો છે. તે મંત્રીપુત્ર હણવાની ઈચ્છાવાલા યોગીવડે આ વનમાં લવાયો છે. તેને અગ્નિકુંડમાં નાંખીને જલદી સુવર્ણપુરુષ સાધશે, (બનાવશે )

તેનું રક્ષણ કરનાર જગતમાં હમણાં કોઈ સાહસિક નથી. કે જે મંત્રીશ્વરના પુત્રને કષ્ટમાંથી બચાવે. પદ્મકુમારે કહ્યું કે તે ક્યાં છે ? દેવીએ કહ્યું કે આ વૃક્ષની આગળ અગ્નિકુંડની પાસે હમણાં યોગિની પાસે છે. તે ધરને યોગીરાજ મજબૂતપણે અગ્નિકુંડની અંદર નાંખીને તે દુષ્ટમનવાલો યોગી સુવર્ણપુરુષ સાધશે. પછી ત્યાં આવીને મંત્રીશ્વરના પુત્રને છોડાવીને દુષ્ટઆશયવાલા યોગીને વેગથી અગ્નિકુંડમાં નાંખી દીધો. તે અગ્નિકુંડમાં પડેલો યોગી સુવર્ણ પુરુષ થયો. તેને પાણીવડે છાંટીને – રાજપુત્રે ઠંડો કર્યો. આ તરફ યોગીવડે અપહરણ કરાયેલા મંત્રીપુત્રને અને પોતાના પુત્રને ગયેલા જાણીને મંત્રી સહિત રાજા તે બંનેની તપાસ કરવા માટે ચાલ્યો. આ બાજુ પોતાના પુત્ર અને મંત્રીપુત્રને નહિ જોવાથી રાજા દુઃખી થયો. કારણકે મહાપુરુષોને પણ સંસારમાં મોહ એ બંધન છે. રાજાએ પોતાના ઘરે આવીને ગીત – ગાન વગેરેનો નિષેધ કરીને કહ્યું કે જે તરત જ પદ્મકુમાર અને મંત્રીપુત્રની ધરનીશુધ્ધિ –ખબર કહેશે તેને વીશ શ્રેષ્ઠ ઘોડાસહિત – સો ગામ વિલાસ કરતાં સન્માનપૂર્વક હું આપીશ. તેમાં સંશય નથી. હવે લાકડાં વેચનારા કોઈક મનુષ્યે આવીને કહ્યું કે સુવર્ણપુરુષ સહિત તમારો પુત્ર વનમાં જોવાયો છે. રાજા તેને આગળ કરીને જ્યારે નગરમાંથી ચાલ્યો ત્યારે અકસ્માત મંત્રીપુત્ર સહિત પોતાનો પુત્ર માર્ગમાં મળ્યો. સુવર્ણપુરુષ સહિત પુત્રને જોઈને રાજાએ કહ્યું કે હે મંત્રીપુત્ર ! પુત્રવડે આ સુવર્ણપુરુષ ક્યાં પ્રાપ્ત કરાયો? તે પછી મંત્રીપુત્રે યોગિની સર્વ ચેષ્ટા કહી. તે પછી રાજા મહોત્સવ સહિત પુત્રને પોતાના ઘેર લઈ ગયો. કાષ્ઠવાહક માણસને રાજાએ પોતે કહેલું ધન આપ્યું. મંત્રીપુત્રને

રાજપુત્રઉપર વિશેષે કરીને ભક્તિથઇ રાજાએ સુવર્ણપુરુષના સાન્નિધ્યથી પૃથ્વીને દેવા રહિત કરી. અને વિધિપૂર્વક સાતક્ષેત્રમાં ઘણું ધન વાપર્યું. જિનભવન જિનબિંબ – પુસ્તક – સંઘ સ્વરૂપ (સાધુ–સાધ્વી–શ્રાવક–શ્રાવિકા) સાતક્ષેત્રમાં વાપરેલું ધન અનંતગુણા–મોક્ષફલને આપનાર થાય છે. લક્ષરાજાએ સારાઉત્સવપૂર્વક પોતાના પુત્રને રાજ્ય આપીને મોક્ષસુખનીલક્ષ્મીના કારણભૂત એવા સંયમને વેગથી લીધું. હવે પછી પદ્મરાજા હંમેશા ન્યાયમાર્ગથી પૃથ્વીનું પાલન કરે છે. જેથી પ્રજા લક્ષરાજાને ચિત્તમાંથી ભૂલી ગઇ.

સુવર્ણપુરુષ પાસેથી ઘણો વૈભવ પામીને હંમેશાં સવારે યાચકોને તેવી રીતે ધન આપતો હતો કે જેથી તેઓ અનુક્રમે લક્ષ્મીવડે પૈસાદાર થયા. રાજાએ સારાદિવસે સંખ્યા વગરના સંઘને ભેગો કરીને યાત્રા કરવા માટે શ્રી શત્રુંજયગિરિ તરફ પ્રયાણ કર્યું. શ્રી સિધ્ધગિરિઉપર ચઢેલા પદ્મરાજાએ જિનેશ્વરની સ્નાત્રપૂજા અને આરતીવગેરે કાર્યો સારીરીતે કર્યાં તે વખતે બે કરોડ સાધુઓવડે સેવાયેલા ધર્મઘોષગુરૂ ધ્યાન કરતા તરત કેવલજ્ઞાન પામ્યા. થોડા દિવસમાં તે મુનિઓને મોક્ષનગરમાં ગયેલા જોઇને રાજાએ તે તીર્થનું સિદ્ધશેખર એવું નામ આપ્યું. તે વખતે ત્યાં રહેલા રાજાપણ હૃદયની અંદર ભાવના ભાવતા સર્વકર્મનો ક્ષયકરી મુક્તિનગરીમાં ગયા. રાજાના પાંચસો અંગરક્ષકો ધ્યાનમાં તત્પર થયેલા આઠકર્મનો ક્ષયકરી મુક્તિનગરીમાં પહોચ્યા. તે વખતે દેવો ત્યાં આવીને સિદ્ધમહોત્સવ કરીને સ્વર્ગમાં ગયા તે પછી પદ્મરાજાના પુત્ર હરિ મહોત્સવ કર્યો. તે પછી હરિ પોતાના નગરમાં આવીને સંઘને આદરથી જમાડીને હર્ષવડે શ્રેષ્ઠવસ્ત્રોથી પહેરામણી કરી. ( આપી ) પદ્મરાજાની પાટઉપર તેનાપુત્રને મુખ્યમંત્રીઓએ ભેગાથઇને સારાદિવસે મહોત્સવ પૂર્વક સ્થાપન કર્યો.

**શ્રી સિદ્ધશેખર નામ ઉપર – પદ્મરાજાની કથા સંપૂર્ણ**

# શ્રી સિદ્ધપર્વત નામઉપર બે દેવતાની કથા

જ્યાં કેવલીનીપાસે પોતાની મુક્તિગતિ જાણીને બે દેવોએ સિદ્ધપર્વત એવું નામ જે રીતે આપ્યું.

શ્રીપુર નામના નગરમાં ધનદ નામના શેઠને ધન્યા નામની પત્ની હતી. તેને અનુક્રમે હર અને હરી નામના બે પુત્રો થયા. (૨) વ્યાપાર કરતાં શેઠે ત્રણ કરોડ ધન પ્રાપ્ત કર્યું. તો પણ પોતાના ચિત્તમાં લોભનો અંત ન પામ્યો. કહ્યું છે કે :–

**अथा नराणां पतिरङ्गनानां, वर्षा नदीनां ऋतुराट् तरूणाम्।**
**सद्धर्मचारी नृपतिःप्रजानां, गतं गतं यौवन मानयन्ति ।।१।।**

પુરુષોને ધન, સ્ત્રીઓને પતિ, નદીઓને વર્ષાઋતુ, વૃક્ષોને ઋતુરાજવસંત, અને પ્રજાઓને સદ્ધર્મચારી એવો રાજા , ગયેલા યૌવનને પાછું લાવે છે.

દુઃખે કરીને પૂરી કરી શકાય એવી તૃષ્ણારૂપી ઊંડીખાઇ કોનાવડે પૂરી શકાય ? (કોઇના વડે નહિ.) જે ખાઇ ઘણાં એવા મોટા પૂરણો નાંખવાવડે ખોદાય છે. ધનને વિષે – જીવતરને વિષે – સ્ત્રીને વિષે – આહારની ક્રિયામાં – અતૃપ્ત એવા સર્વપ્રાણીઓ ગયા છે, જશે અને જાય છે. આવા પ્રકારનું ધન પ્રાપ્ત કરીને પુણ્ય વગરનો ધનદ કોઇ ઠેકાણે ધર્મમાં વાપર્યા વગર અનુક્રમે પ્રથમ નરકમાં ગયો. તે પછી હર ને હરી પિતાનું મૃત્યુકાર્ય કરીને ધનથી વ્યાપાર કરતાં ક્ષણવાર શાંતિ પામતા ન હતા. હર અને હરી જેમ જેમ વ્યાપાર કરે છે. તેમ તેમ ગ્રીષ્મઋતુમાં પાણીની જેમ ધન ખૂટે છે. (ઘટે છે)

**के वंका के पद्धरा, पहा दीहा हुंति नराण।**
**हरिस विसाय न आणीइ, निअ हिअउइ-अप्पाण ।।१०।।**

મનુષ્યોને કેટલાક દિવસો વાંકા જાય છે ને કેટલાક દિવસો સીધા જાય છે. માટે આત્માએ પોતાના હૃદયમાં હર્ષ કે વિષાદ ન લાવવો.

અનુક્રમે તે હર ને હરી બંને ભાઇઓ વૈભવ વગરના થઇ ગયા. તે માટે બંને ભાઇઓ આદરપૂર્વક હંમેશાં જ્યોતિષિઓને પૂછતા હતા. કહ્યું છે કે રોગીઓના મિત્રો વૈદ્યો છે. પૈસાદારોના મિત્રો મીઠું બોલનારા હોય છે. દુઃખથી બળેલાના મિત્રો મુનિઓ હોય છે. અને જેની સંપત્તિ નાશ પામી છે, તેના મિત્રો જ્યોતિષીઓ હોય છે.

એકવખત ત્યાં શ્રી ધનેશ્વરસૂરિ આવ્યા. તે બંને ભાઇઓએ તેઓની પાસે જઇને અંજલિ કરીને પૂછ્યું કે તમે જ્યોતિષ જોઇને કહો કે અમારા ઘરમાં લક્ષ્મી ક્યારે થશે ? તેમણે તે બંને વણિકને કહ્યું કે મોક્ષના ઇચ્છુક એવા સાધુઓને પાપનોહેતુ હોવાથી જ્યોતિષ – મંત્ર – તંત્ર વગેરે જરાપણ કહેવું કલ્પે નહિ. કહ્યું છે કે :-

**जोइस निमित्त अक्खर कोऊ आएस भूइकम्मेसु।**
**करणाणुमोअणेहीअ साहुस्स तवक्खओ होइ ।।१६।।**
**कृत पुण्यस्य जीवस्य, स्थितस्य शयितस्य वा।**
**अनुद्यमस्य सदमैति लक्ष्मी नद्य इवाम्बुधिम् ।।१७।।**

જ્યોતિષ – નિમિત્ત – અક્ષર – કૌતુક – આદેશ અને ભૂતિકર્મ કરવા અને અનુમોદવાવડે સાધુના તપનો ક્ષય થાય છે.

ઊભેલા અથવા સૂતેલા અથવા ઉદ્યમ વગરના પુણ્યશાલી જીવના ઘરમાં જેમ સમુદ્રમાં નદીઓ આવે તેમ તેના ઘરમાં લક્ષ્મી આવે છે. જો તમને આ લોકમાં અને પરલોકમાં સુખનીઇચ્છા હોય તો તમે મોક્ષને આપનારા એવા જૈનધર્મને ભાવથી કરો. તે પછી બન્નેએ કહ્યું કે અમારા ઘરમાં લક્ષ્મી નથી તેથી કરીને અમારાવડે લક્ષ્મી ધર્મધ્યાનમાં કેવી રીતે વાપરી શકાય ? ગુરુએ કહ્યું તો તમે બન્ને બન્ને સંધ્યાએ (સવાર – સાંજ ) પ્રતિક્રમણ કરો અને ત્રણસો નવકાર ગણો. બન્ને ભાઇઓ ગુરુએ કહેલાં ધર્મને કરતાં શ્રી પુંડરીકગિરિ ઉપર શ્રી ઋષભજિનેશ્વરને નમસ્કાર કરવા માટે ગયા. ત્યાં દેવોને નમસ્કાર કરીને ધ્યાન અને મૌનમાં પરાયણ તે બન્નેભાઇઓ મરીને સાથે પ્રથમ દેવલોકમાં ગયા. તે બન્નેદેવો પોતાના પૂર્વભવને અવધિજ્ઞાનથી જાણીને શ્રી પુંડરીકગિરિઉપર આવીને જેટલામાં હર્ષપામેલા રહ્યા તેટલામાં રમાનગરીનો સ્વામી મુકુંદરાજા અગણિત સંઘસહિત અરિહંતોને નમસ્કાર કરવા માટે આવ્યો. રાજાએ જિનેશ્વરપ્રભુનું સ્નાત્ર કર્યું ત્યારે તે બન્ને દેવોએ જિનેશ્વરને નમસ્કાર કરતાં અપૂર્વ નાટક કર્યું. મુકુંદરાજા વિધિપૂર્વક ધજા સુધીની પૂજા કરીને કેવલિની પાસે ધર્મ સાંભલવા માટે ગયો. તે વખતે તે બન્ને દેવોએ કહ્યું કે – અમારા બંનેની મુક્તિ ક્યાં થશે? કેવલીએ કહ્યું કે – આ સિધ્ધગિરિઉપર તમારા બંન્નેનો મોક્ષ થશે. તે પછી બંને દેવોએ કહ્યું કે – અમારા બંનેના મુક્તિગમનથી દેવોવડે આ સિધ્ધપર્વત એમ કહેવાઓ, તે બન્ને દેવો તે પર્વતપર અરિહંતના ચરણકમલની સેવા કરીને જ્ઞાનીગુરુને નમીને હર્ષિત ચિત્તવાલા સ્વર્ગમાં ગયા. ત્યાંથી ચ્યવીને તે બંને દેવો મનુષ્યભવ પામીને અનુક્રમે દીક્ષા લઈને સિધ્ધપર્વતઉપર મોક્ષને પામ્યા

**આ પ્રમાણે સિદ્ધપર્વત નામઉપર બે દેવતાઓની કથા સંપૂર્ણ.**

## શ્રી સિદ્ધરાજ નામઉપર–ચંદ્રચૂડ રાજાની કથા

ધર્મપરાયણ એવા ચંદ્રચૂડરાજાએ શ્રી સિધ્ધગિરિની યાત્રાકરીને સુંદર ઉત્સવપૂર્વક ( આ ગિરિનું ) સિદ્ધરાજ એ પ્રમાણે નામ કર્યું.

ક્લાકેલિ નગરમાં લક્ષ્મીધરરાજાને નિર્મલશિયલને ભજનારી ( પાલનારી ) લક્ષ્મીવતી નામની પત્ની હતી.

ઘણી માનતાઓ કરવાવડે તે રાજાને સારાદિવસે પુત્ર ઉત્પન્ન થયો, તે પ્રાણથી પણ વહાલો હતો. રાજાએ ઘણા ધનનો વ્યયકરી જન્મોત્સવ કરીને સજ્જનોની સાક્ષીએ પુત્રનું ચંદ્રચૂડ એવું નામ આપ્યું જે જે ધર્મકલા ને કર્મકલા છે. તે બધી કલાઓને પંડિતપાસે કુમારે રમતમાત્રમાં શીખી લીધી. હવે પૂર્વના વૈરી એવા કોઇ વિદ્યાધરે કુમારનું અપહરણ કરીને દુઃખ પમાડવા માટે તેને મોટા અરણ્યમાં – જંગલમાં મૂક્યો. પાણીના અભાવથી પ્રાણોને અપહરણ કરનારી એવી તરસ જેટલામાં લાગી તેટલામાં કોઇક વિદ્યાધરે યત્નથી ઉપાડીને રાજપુત્રને જલાશયમાં પાણી પીવામાટે મૂક્યો. કારણકે વિપત્તિમાં પણ નિશ્ચે પુણ્યશાલીનું પુણ્ય જાગતું હોય છે. કામદેવસમાન, રૂપને ધારણ કરનારો કુમાર જેટલામાં પાણી પીએ છે તેટલામાં વિદ્યાધર તેને ઉપાડીને હણવામાટે આકાશમાં ચાલ્યો. જેટલામાં તે વિદ્યાધર કીરપર્વતના શિખરઉપર તેને અફળાવે છે. તેટલામાં બળવાન એવો એક વિદ્યાધર ત્યાં આવ્યો અને બોલ્યો.

હે દુષ્ટ ! પાપિષ્ઠ ! વિદ્યાધર ! તું શા માટે આ રાજપુત્રને હણે છે ? શું તું પાપથી ભય પામતો નથી ? અથવા તો ખરેખર હમણાં તું મદોન્મત્ત થયો છે. આ પ્રમાણે કહીને તે વિદ્યાધરે દુષ્ટ આશયવાલા તે વિદ્યાધરશત્રુને પીઠમાં હણીને મુષ્ટિના પ્રહારથી દઢરીતે કૂબડો કર્યો. ભાંગી ગઇ છે કમ્મર જેની એવો વિદ્યાધર પણ મોટાસ્વરે રુદન કરતો અને આક્રંદ કરતો તે મૃગ – શિયાળ અને રુરુ નામના મૃગોને રડાવવા લાગ્યો. તે વખતે વિદ્યાધરે કહ્યું કે – હે વિદ્યાધર તું શા માટે રડે છે ? વિદ્યાધરે કહ્યું કે મારા દેહમાં પ્રાણોને હરણ કરનારી વેદના થાય છે. હે વિદ્યાધર ! રાજપુત્રનું હરણ કરવાથી જે પાપ કર્યું તેનું આ બીજમાત્ર ફલ છે. પરલોકનું ફલ નરકપાતરૂપ થશે. ત્યાં જે પીડા છે તે કહી શકાય તેવી નથી. તે દુષ્ટ વિદ્યાધરે કહ્યું કે મેં ઘણું પાપ કર્યું છે, હવે પછી કુમારની ઉપર દુષ્ટ ચિંતવન નહિ કરું. તે પછી વિદ્યાધરે વિદ્યાના પ્રભાવથી તેના શરીરમાંથી અત્યંત દુઃખ આપનારી વેદનાને જલદીથી દૂર કરી. તે પછી તે બન્ને વિદ્યાધરો પરપસ્પર મૈત્રીનો સ્વીકાર કરી અને તે કુમારને આકાશગામિની વગેરે મનોહરવિદ્યા આપી.

આ બાજુ પુત્રને નહિ જોવાથી દુઃખીએવા રાજાએ અરણ્યમાં – લોકમાં અને નગરીમધ્યે – ચારે બાજુ ગીત–ગાન વગેરે બંધ કરાવ્યું દુઃખીએવો રાજા જેટલામાં સભાની અંદર બેઠો તેટલામાં બે વિદ્યાધરો સહિત પુત્ર – નિશ્ચે આવ્યો. તે બન્ને વિદ્યાધરના મુખેથી પુત્રને વિદ્યાધારણ કરનારો જાણીને હર્ષિત થયેલા રાજાએ ન્યાયથી શોભતાં પુત્રને રાજ્ય આપ્યું. લક્ષ્મીધર રાજાએ જિનમંદિરોમાં આઠ દિવસનો ઉત્સવ કરીને ધરસૂરીશ્વર પાસે આનંદવડે સંયમ ગ્રહણ કર્યો. હંમેશાં આદરથી તીવ્રતપ કરતાં લક્ષ્મીધરમુનિ એક વખત ગુરુ સાથે શ્રી શત્રુંજયતીર્થઉપર ગયા. આ તરફ ઘણા સંઘસહિત ચંદ્રચૂડ રાજાએ પણ ત્યાં આવીને હર્ષપૂર્વક સંઘ સંબંધી કાર્યો કર્યાં. ત્યાં શુક્લધ્યાન કરતાં લક્ષ્મીધરમુનિને સમસ્ત જગતને પ્રકાશ કરનારું કેવલજ્ઞાન ઉત્પન્ન થયું. તે પછી દેવોવડે કરાતા લક્ષ્મીધર મુનિના કેવલજ્ઞાનના ઉત્સવને સાંભળીને સમસ્ત સંઘ આવ્યો. કેવલી ભગવંતે દેવોવડે બનાવેલા સુવર્ણકમલઉપર બેસીને શ્રી સંઘની આગળ આ પ્રમાણે ધર્મોપદેશ આપ્યો.

**दिवसनिसाघडिमालं - आऊ सलिलं जणस्स घित्तूणं।**
**चंदाइज्ज बइल्ला, काल रहटटं भमाडंति ।।२१।।**

जलनिहिसंठिअपवहण, इक्कावन भागसरिसगिहकज्जे।
बावन्नभागसरिसो, जिणधम्मो होइ कायव्वो ।।३०।।
छायामिसेण कालो-सयलजिआणं छलं गवेसंतो।
पासं कहं नवि मुंचइ, तो धम्मे आयरं कुणह ।।३१।।
कम्मह वारह रूपउओ, घम्मह मंदी देह।
आपण सरिसो चोरडी, तइं किमु सीखी एह ।।३२।।

દિવસ અને રાત્રિરૂપી ઘટિમાલાવાલા કાલરૂપી રેંટને ચંદ્ર અને સૂર્યરૂપી બળદો મનુષ્યના આયુષ્યરૂપી પાણીને ગ્રહણ કરીને ભમાવે છે. સમુદ્રમાં રહેલાં વહાણના એકાવન ભાગસરખા ઘરના કામમા બાવનમા ભાગ સરખો જિનધર્મ કરવા લાયક છે. છાયાના બહાનાથી જીવોના છલને શોધતો એવો કાલ કેમે કરીને પડખું છોડતો નથી. તેથી ધર્મમાં આદર કરો.

રૂપી એવા કર્મને તમે અટકાવો કારણકે એ ધર્મને મંદ કરે છે. તે આત્માને ચોરનારું છે. એ વાતમાં શું શિખામણ આપવી ?

આ પ્રમાણે ધર્મોપદેશ સાંભળતાં બે કરોડ ભવ્યપ્રાણીઓને શ્રેષ્ઠ એવું કેવલજ્ઞાન થયું. તે સર્વ જ્ઞાનીઓના જ્ઞાનની ઉત્પત્તિનો મહોત્સવ પહેલાં દેવોએ કર્યો ને પછી ઘણાં ધનનો વ્યયકરી રાજાઓએ કર્યો. આ તીર્થમાં તપ – ધ્યાન –મૌન અને અરિહંતોની પૂજાઆદિવડે કરીને અનેક ભવ્યઆત્માઓ સિધ્ધરાજ થાય છે. આથી આ તીર્થરાજનું શ્રેષ્ઠ એવું 'સિધ્ધરાજ' એ પ્રમાણે નામ સઘળાં લોકોવડે કહેવાઓ એ પ્રમાણે તે રાજાએ કહ્યું સિધ્ધરાજ એ પ્રમાણે નામ ઘણાં લોકોવડે પ્રગટપણે ધ્યાન કરતા હતા ત્યારે તેઓને કેવલજ્ઞાન થયું. અને દેવોએ જ્ઞાનનો ઉત્સવ કર્યો. તે વખતે ચંદ્રચૂડરાજાએ જ્ઞાનીની પાસે શ્રેષ્ઠધર્મનો આશ્રય કરતાં આ પ્રમાણે આદરપૂર્વક શ્રી શત્રુંજયનું માહાત્મ્ય સાંભળ્યું

પચાસયોજન ઊંચા એવા તે સિધ્ધગિરિઉપર જેઓ મુક્તિમાં જાય છે. ને જેઓ દર્શન ને સ્પર્શનથી મુક્તિમાં ગયાં છે. અને કાલે કરીને જેઓ પરમગતિને ( મોક્ષને) પામશે. તેઓનો જન્મ – ચિત્ત ને જીવિત સાર્થક છે. બીજાઓનું તે ફોગટ છે. શ્રી સિધ્ધગિરિઉપર અરિહંતોની અનંતી ચોવીશીઓ સિદ્ધિ થઇ છે. અને અનંત ચોવીશીઓ જે સિદ્ધિ પામશે. તેની સંખ્યા કેવલી જ જાણે. આ પ્રમાણે સાંભળીને સંઘસહિત ચંદ્રચૂડરાજા વિસ્તારથી યાત્રા કરીને અદ્વિતીય ઉત્સવપૂર્વક પોતાની નગરીની ઉદ્યાનભૂમિમાં આવ્યો. સકલ સંઘને જમાડી ઉત્તમવસ્ત્રોવડે પહેરામણી કરી સંઘને વિસર્જન કરી પોતાના ઘરે મહોત્સવપૂર્વક આવ્યો.

## શ્રી સિદ્ધરાજ નામઉપર – ચંદ્રચૂડ રાજાની કથા – સંપૂર્ણ

— ◇ —

# શ્રી બાહુબલિ નામ ઉપર કેલિપ્રિયરાજાની કથા

શ્રી શત્રુંજયઉપર યાત્રાકરીને કેલિપ્રિયરાજાએ શ્રી સિધ્ધગિરિનું બાહુબલિ નામ સારા ઉત્સવપૂર્વક આપ્યું. કલાકેલિનગરમાં કેલિપ્રિયરાજાને શીલઆદિગુણથી શોભતી કેલિપ્રિયા નામે પત્ની હતી. સારાદિવસે કેલિપ્રિયા પત્નીએ ઉત્તમ લક્ષણવાલા પુત્રને જન્મ આપ્યો. પિતાએ પુત્રનું સારાઉત્સવપૂર્વક બાહુબલિ નામ આપ્યું. અનુક્રમે બાહુબલિ મોટો થતાં પંડિતનીપાસે શ્રેષ્ઠ કલાઓ ભણ્યો. જેથી તે પંડિત થયો. તે નગરના ઉદ્યાનમાં માનમર્દનસૂરિ આવ્યા. ને ભવ્યપ્રાણીઓને મોક્ષસુખને આપનારી દેશના આપે છે.

**जन्तूनामवनं जिनेशमहनं, भक्त्याऽऽगमाकर्णनं,**
**साधूनां नमनं मदापनयनं सम्यग् गुरोर्माननम्।**
**मायाया हननं क्रुधश्चशमनं, लोभद्रुमोन्मूलनं,**
**चेतः शोधनमिन्द्रियाश्वदमनं, यत्तच्छिवोपायनम्।।६।।**

પ્રાણીઓની રક્ષા કરવી, જિનેશ્વરોની પૂજા કરવી, ભક્તિવડે આગમો સાંભળવા – સાધુઓને નમસ્કાર કરવો – મદનો ત્યાગ કરવો – સારીરીતે ગુરુની આજ્ઞા પાળવી – માયાનો ત્યાગ કરવો – ક્રોધનું શમન કરવું – લોભરૂપીવૃક્ષને ઉખેડી નાંખવું. ચિત્તની શુદ્ધિ કરવી – અને ઇન્દ્રિયરૂપી અશ્વોનું દમન કરવું. તે મોક્ષનો ઉપાય છે.

તે વખતે રાજા – પ્રિયા – પુત્ર – અને મિત્રઆદિ પરિવાર સાથે કલ્યાણકારી સુખની પરંપરાને આપનારા ધર્મને સાંભળવા માટે ગયો. બાહુબલિ નામનો કુમાર જિનેશ્વરની પૂજા કરીને – શુક્લધ્યાનને કરતો વેગથી કેવલજ્ઞાન પામ્યો. દેવતાઓએ હર્ષથી કેવલજ્ઞાનનો ઉત્સવ કર્યો ત્યારે બાહુબલિએ આદરપૂર્વક ધર્મોપદેશ આપ્યો. તે વખતે કરોડ સાધુઓ વ્રતલક્ષ્મી પામી કર્મસમૂહનો ક્ષયકરી શ્રેષ્ઠ કેવલજ્ઞાન પામ્યા. અને ત્યાં જ સંપૂર્ણ થયું છે આયુષ્ય જેનું એવા સર્વમુનિઓ મુક્તિપુરીમાં ગયા. અને દેવોએ સુંદર ઉત્સવ કર્યો. ત્યાં જ આયુષ્યનો ક્ષય થવાથી જ્યારે બાહુબલિ મોક્ષમાં ગયા ત્યારે રાજાએ આ પર્વતનું નામ બાહુબલિ આપ્યું.

અથવા ( મતાંતર ) શ્રી ઋષભદેવપ્રભુનાપુત્ર બાહુબલિ આ તીર્થમાં મોક્ષમાં ગયા હતા આથી દેવોએ આ તીર્થનું 'બાહુબલિ' નામ આપ્યું.

**બાહુબલિ નામઉપર કેલિપ્રિય રાજાની કથાસંપૂર્ણ.**

# શ્રી શત્રુંજયના મરુદેવ નામઉપર શ્રી ચંદનરાજાની કથા

ચંદનરાજાએ પોતાના પિતાને મોક્ષમાં ગયેલા જાણીને સારા ઉત્સવપૂર્વક શ્રી સિધ્ધગિરિનું મરુદેવ એવું નામ આપ્યું. તે આ પ્રમાણે : –

વીર નામના નગરમાં અનંગસેનરાજાની મરુદેવી નામની પત્ની નિર્મલ શિયલને ભજનારી (પાલનારી) હતી. એક વખત સુંદર શરીરવાલી મરુદેવી સુખપૂર્વક સૂતી હતી ત્યારે તેણીએ પુષ્પોવડે પૂજાયેલા શ્રી ઋષભદેવ સ્વામીને સ્વપ્નમાં જોયા. સવારે રાણીએ રાજાનીઆગળ સ્વપ્નનો વૃતાંત કહ્યો. રાજાએ કહ્યું કે – આપણો પુત્ર પુણ્યશાલી થશે. પછી રાણીના ઉદરમાં સારાદિવસે પુણ્યશાલી જીવ અવતર્યો હોવાથી હંમેશાં આ પ્રમાણે દોહદ થયાં. હું જિનેશ્વરની પૂજા કરું. સાધુઓને વિષે શુધ્ધદાન આપું. ઉત્તમતીર્થને વિષે યાત્રા કરું. ને ઉત્તમ શ્રાવકોને જમાડું. સૂર્ય ને ચંદ્ર ઉચ્ચસ્થાનમાં હતા ત્યારે રાણીએ શ્રેષ્ઠપુત્રને જન્મ આપ્યો. રાજાએ હર્ષથી તેનું નામ મરુદેવ એ પ્રમાણે આપ્યું. હવે કામદેવ સરખો કુમાર જેમ જેમ વધવા લાગ્યો તેમ તેમ રાજાનું રાજ્ય વૃધ્ધિ પામે છે. સારાદિવસે પિતાએ મરુદેવપુત્રને ચન્દ્રપુર નગરમાં હરરાજાની પુત્રી કમલાની સાથે પરણાવ્યો. કુમાર હંમેશાં જિનપૂજા કરી – ભાવથી હર્ષપૂર્વક સાધુઓને વહોરાવી શ્રેષ્ઠશ્રાવકોને જમાડીને જમતો હતો. કહ્યું છે કે :–

**पढमं जईणं दाऊण, अप्पणा पणमिऊण पारेइ।**
**असई अ सुविहियाणं, भुंजेइ अ कयदिसालोओ ॥११॥**
**साहूण कप्पणिज्जं, जं नवि दिन्नं कहिंचि किंपि तहिं।**
**धीराजहुत्तकारी, सुसावगा तं न भुंजंति ॥१२॥**
**वसहीसयणासण-भत्तपाण भेसज्जवत्थपत्ताई**
**जइ वि न पज्जत्तघणो, थोवावि हु थोवयं देइ ॥१॥**

પ્રથમ પોતાની જાતે દાન આપી. પ્રણામ કરી પચ્ચકખાણ પારે. સુવિહિત સાધુ ના હોય તો દિશાઓની તપાસ કરી પછી જમે. સાધુઓને કલ્પી શકે એવું કેમે કરીને કંઈપણ ન અપાયું હોય તો યથોક્ત કરનારા, વિધિપૂર્વક કરનારા-ધીર એવા સુશ્રાવકો તે વસ્તુ ખાતા નથી. કહ્યું છે કે – વસતિ – શયન – આસન – ભોજન – પાણી – ઔષધ – વસ્ત્ર – પાત્ર – આદિ ઘણું ધન ન હોય તો થોડામાંથી થોડું પણ આપે.

રાજાએ પોતાના પુત્રનો રાજ્યઉપર અભિષેક કરીને અનુક્રમે મોક્ષસુખની પ્રાપ્તિમાટે આચાર્યની પાસે દીક્ષા લીધી. મરુદેવરાજા ન્યાયપૂર્વક તેવીરીતે જનતાનું પાલન કરતો હતો કે જેથી પ્રજા સુખી થઇ, અને ધર્મકાર્યમાં અત્યંત મજબૂત થઇ. કહ્યું છે કે – રાજા ધર્મિષ્ઠ હોય તો પ્રજા ધર્મિષ્ઠ થાય, રાજા પાપી હોય તો પ્રજા પાપી બને. પ્રજા રાજાનું અનુકરણ કરે છે. જેવો રાજા તેવી પ્રજા થાય છે. મરુદેવરાજાને ચંદનનામનો પુત્ર થયો. અને ધર્મકર્મમાં રક્ત એવો તે ( રાત-દિવસ ) હંમેશાં જિનપૂજા કરતો હતો.

જિનધર્મમાં રક્ત રાજપુત્રને જોઇને પ્રજાપણ મોક્ષસુખ માટે જૈનધર્મને વિસ્તારે છે. ( કરે છે ) મરુદેવ રાજા પુત્રને રાજ્યઉપર સ્થાપન કરીને સંયમલક્ષ્મી લઇને ગુરુનીપાસે ઘણાં શાસ્ત્રો પ્રયત્નપૂર્વક ભણ્યા. વિનયવાલા અને સર્વશાસ્ત્રોના પારંગત મરુદેવને જાણીને સારાદિવસે આચાર્યપદ આપ્યું. અનુક્રમે શુધ્ધચિત્તવાલા પાંચસો સાધુઓ મરુદેવ આચાર્યના ચરણકમલની સેવા કરે છે. અનુક્રમે વિહાર કરતાં મરુદેવસૂરિ સાધુઓ સાથે શત્રુંજયતીર્થઉપર દેવોને નમસ્કાર કરવા માટે ગયા. તે તીર્થમાં મરુદેવઆચાર્ય શુકલધ્યાથી કેવલજ્ઞાન પામ્યા. તે પછી બીજામુનિઓ પણ કેવલજ્ઞાન પામ્યા. મરુદેવઆચાર્ય ઘણા જીવોને પ્રતિબોધ કરી શ્રી સિદ્ધગિરિઉપર મોક્ષપામ્યા અને બીજાપણ ઘણા સાધુઓ મોક્ષ પામ્યા. ચંદનરાજા તે સિદ્ધગિરિઉપર પિતાનું મોક્ષગમન સાંભળી ઘણા સંઘ સહિત માર્ગમાં ચાલ્યો. અનુક્રમે શત્રુંજયગિરિઉપર જઇને અરિહંતોની પૂજા કરી સ્તુતિ કરી ચંદનરાજાએ પિતાના મોક્ષગમનના સ્થાનઉપર પ્રાસાદ કર્યો. (મંદિર કર્યું) શત્રુંજયગિરિઉપર પિતાનું મુક્તિગમનનું સ્થાન જાણીને રાજાએ તે તીર્થનું નામ મરુદેવ એ પ્રમાણે આપ્યું. ચંદનરાજા અત્યંત વિસ્તારથી તીર્થની પૂજા કરીને પોતાના નગરમાં આવીને હંમેશાં શ્રી શત્રુંજયગિરિનું સ્મરણ કરે છે. ચંદનરાજા પણ હૃદયમાં હંમેશાં શ્રી શત્રુંજયગિરિનું સ્મરણ કરતો પોતાના નગરમાં રહ્યાં છતાં પણ કેવલજ્ઞાન પામી મોક્ષનગરીમાં ગયો.

## શ્રી શત્રુંજયનું મરુદેવ નામ આપનાર ચંદનરાજાની કથા સંપૂર્ણ

— ◇ —

# શ્રી ભગીરથ નામઉપર-સગરચક્રવર્તિના પુત્ર ભગીરથની કથા

સગરરાજાના પુત્ર ભગીરથે યાત્રા કરીને આ તીર્થનું શ્રેષ્ઠ ઉત્સવપૂર્વક ભગીરથ નામ આપ્યું.

અયોધ્યા નગરીમાં બીજો ચક્રવર્તિ રાજા સગર થયો. તેને રૂપવાલો ભગીરથ નામે પુત્ર થયો. તે ચક્રવર્તિને બીજાપણ ૬૦ હજાર પુત્રો સમસ્ત વિદ્યારૂપીસમુદ્રના પારંગત થયા.

સગરચક્રવર્તિએ શ્રી અજિતનાથસ્વામિ પાસે તીર્થનું માહાત્મ્ય સાંભળીને આદિદેવનું દેદીપ્યમાન મંદિર કરાવ્યું. અનુક્રમે ઘણા સંઘને ભેગાકરીને સગરચક્રવર્તિએ શત્રુંજયઆદિ તીર્થોને વિષે વિસ્તારથી યાત્રા કરી. એક વખત ભગીરથ શ્રી શત્રુંજયગિરિઉપર યાત્રા કરવા માટે ગયો. સંઘપતિ એવા તેણે વિધિપૂર્વક સર્વકાર્યો કર્યા. ત્યાં ધ્યાન કરતાં એવા કરોડો મુનિઓને જગતને પ્રકાશઆપનારું કેવલજ્ઞાન ઉત્પન્ન થયું. અનુક્રમે આયુષ્યનો ક્ષય થવાથી તેઓની મુક્તિ થઇ, દેવતાઓએ ગીત અને નૃત્યપૂર્વક તેઓના સિદ્ધિગમનનો ઉત્સવ કર્યો. જે સ્થાનમાં આયુષ્યનો ક્ષય થવાથી સાધુઓ મોક્ષ પામ્યા. ત્યાં ભગીરથે કોટાકોટીનામનું મંદિર કરાવ્યું. અને તે જિનાલયમાં સગરચક્રવર્તિના પ્રથમપુત્રે મૂલનાયક તરીકે શ્રી અજિતનાથ સ્વામીને સુંદર ઉત્સવપૂર્વક સ્થાપન કર્યા. ભગીરથે શ્રી આદિનાથ પ્રભુનો પ્રાસાદ કરાવીને પાંચ ક્રોડ સોનામહોર ખર્ચી રત્નમય બિંબ સ્થાપન કરાવ્યું. અનુક્રમે ભગીરથ તીર્થની રક્ષા માટે દંડરત્નવડે પૃથ્વીને ખોદીને સમુદ્રના પ્રવાહને ત્યાં લાવ્યો. તે વખતે ઇન્દ્રે ત્યાં આવીને કહ્યું કે હે ભગીરથ ! સમુદ્રથી વીંટળાયેલા તીર્થઉપર નમસ્કાર કરવા માટે કયો માણસ જશે ? ઇન્દ્રવડે નિવારણ કરાયેલો ભગીરથ સમુદ્રને આગળ ન લઇ ગયો. તેથી આજે પણ મનુષ્યવડે સમુદ્રમાં પાણી દેખાય છે. તેથી કરીને પૂર્વદિશામાં સમુદ્રનું પાણી તે તીર્થને વીંટળાઇને રહેલું હંમેશાં સ્તંભનતીર્થ સુધી દેખાય છે. તે પછી ભગીરથે તે તીર્થમાં જઇને શ્રી ઋષભદેવપ્રભુનું ભગીરથ નામનું જિનમંદિર કરાવ્યું. તે પછી ત્યાં આવેલા દેવોએ જુદા જુદા ઉત્સવો કરવાથી તે તીર્થનું ભગીરથ એવું નામ આપ્યું. ભગીરથ પણ (ત્યાં) તપોબલથી સંપૂર્ણકર્મો ખપાવીને શ્રી શત્રુંજયગિરિપર મોક્ષમાં ગયા અને બીજારાજાઓ પણ મોક્ષમાં ગયા.

卐 શ્રી અષ્ટાપદતીર્થમાં પણ રક્ષણ કરવા માટે ખાઇ કરતા સગરચક્રવર્તિના – ૬૦ હજારપુત્રો બળી મર્યા તે ભગીરથ અને આ ભગીરથ બન્ને જુદા જાણવા. હજારો પુત્રો હોવાથી એક નામના બીજા પુત્રો પણ સંભવી શકે છે.

**ભગીરથ નામ ઉપર ભગીરથની કથા સંપૂર્ણ**

# શ્રી સહસ્રપત્ર નામ ઉપર સહસ્રપત્ર કુમારની કથા

સહસ્રપત્ર નામના મુનિના કેવલજ્ઞાનના ઉત્સવને કરતાં ઈન્દ્રે તેનું સહસ્રપત્ર એ પ્રમાણે નામ આપ્યું.

રમાપુરનામના નગરમાં મહાજિષ્ણુરાજાને શ્રીમતી નામની પ્રિયા હતી. તેને વિનયવાલો અને પંડિતોમાં ઉત્તમ એવો સહસ્રપત્ર નામે પુત્ર થયો. સભાની અંદર રાજાની આગળ આવીને એકદૂતે ચરણોમાં નમસ્કાર કરી એક લેખ આપ્યો. બંધકરેલા લેખને ઉઘાડીને ધીમે ધીમે મંત્રીસહિત એવા તેણે પોતાની જાતે આ પ્રમાણે વાંચ્યો વીરપુરી નામની નગરીમાં રોધની નામનો રાજા એવો હું કન્યાને માટે માઘસુદિ પંચમીના દિવસે શુક્રવારે દેદીપ્યમાન શ્રેષ્ઠમંડપ હું જાતે મંડાવીશ – ત્યાં નિર્મલ ચિત્તવાલા તમારે જલદી આવવું. તે વખતે તે લેખ વાંચીને રાજાએ સારાદિવસે સુંદર પરિવાર સહિત પુત્રને મોકલ્યો. ત્યાં દૂતીએ ઘણાં રાજાના વખાણ કર્યા ત્યારે રાજપુત્રીએ આદરપૂર્વક સહસ્રપત્રને પસંદ કર્યો. (વરી) તે વખતે ત્યાં ૨૦૦, શ્રેષ્ઠ રાજાઓ આવ્યા હતા. તેઓએ તે મહાજિષ્ણુના પુત્ર સહસ્રપત્રને પોતાની એક એક કન્યા આપી. અસંખ્યાત સુવર્ણ – અશ્વ આદિ પામી જિષ્ણુનો પુત્ર સહસ્રપત્ર તેવા પ્રકારની પ્રિયાથી યુક્ત જેટલામાં પોતાના નગરના ઉદ્યાનમાં આવ્યો. તેટલામાં ત્યાં આવેલા સુવર્ણના કમલપર બેઠેલા મોહમર્દન નામના કેવલીએ ધર્મદેશના આપી.

**क्ष्मा भृद्रङ्ककयोर्मनीषिजड्योनीरोगरोगार्त्तयो:,**
**श्री मद्दुर्गतयोर्बलाबलवतो:सद्रूपनीरुपयो:;**
**सौभाग्यासुभगत्वसङ्गमजुषोस्तुल्येऽपि नृत्वेऽन्तरं,**
**यत्तत् कर्म्म निबन्धनं तदपि नो जीवं विना युक्तिमत्।।१२।।**

રાજા અને રંક વિષે – બુધ્ધિમાન ને જડવિષે – નીરોગી અને રોગથી પીડા પામેલાને વિષે – પૈસાદાર અને ગરીબને વિષે – બલવાલા અને નિર્બલને વિષે – સુંદરરૂપવાલા અને રૂપવગરનાને વિષે – સૌભાગ્યવાલા ને નિર્ભાગીને વિષે મનુષ્યપણું સરખું હોવા છતાં જે આંતરુ છે ( તફાવત છે ) તે કર્મના કારણે છે. અને તે કર્મ પણ જીવવિના શરીરમાં ઘટતું નથી.

**भवारण्यं भीमं तनुगृहमिदं छिद्रबहुलं, बलीकालश्चौरो नियतमसिता मोहरजनी।**
**गृहीत्वाध्यानासिं विरतिफलकं शीलकवचं, समाधानं कृत्वा स्थिरतरदृशो जाग्रत जना: ।।१३।।**

આ સંસારરૂપી અરણ્ય ભયંકર છે. આ શરીરરૂપીઘર ઘણાં છિદ્રવાળું છે. કાળરૂપીચોર બળવાન છે. મોહરૂપીરાત્રી નક્કી કાળી છે. તેથી ધ્યાનરૂપી તલવાર વિરતિરૂપી ઢાલ–ને શીલરૂપી કવચને ગ્રહણ કરી સમાધિ કરી – અત્યંત સ્થિરદ્રષ્ટિવાલા લોકો તમે જાગો.

**तैलोदकायो ऽनलवारिदुग्ध-लोहोल्लसन् सिध्दरसा:क्रमेण।**
**सद्धर्मरङ्गो भविनां बहूना दृष्टांतभावं बिभराम्बभूव ।।१४।।**

તેલ – પાણી – લોઢું – અગ્નિ – પાણી – દૂધ – ઉલ્લાસ પામતું લોઢું અને સિદ્ધરસ અનુક્રમે સદ્ધર્મનો રંગ ઘણાં પ્રાણીઓના દ્રષ્ટાંતભાવને ધારણ કરતો હતો.

આ પ્રમાણે ગુરુનું વચન સાંભળીને જિષ્ણુરાજાનો પુત્ર સહસ્રપત્ર સર્વપત્નીઓ સાથે બોધ પામ્યો. વિનય સહિત પિતાને સમજાવીને ગુરુનીપાસે સંસારસમુદ્રને તારનારી દીક્ષા લીધી. તે વખતે રાજાએ પુત્રની દીક્ષાનો શ્રેષ્ઠ ઉત્સવ કર્યો. કેવલીએ શુદ્ધચારિત્રની આરાધના માટે તે સહસ્રપત્રની સ્ત્રીઓને પ્રવર્તિની પાસે મૂકી. રાજપુત્રે સૂત્રથી અને અર્થથી અગિયાર અંગ ભણીને આચાર્યપદ પામીને અનુક્રમે ઘણાં ભવ્યજીવોને પ્રતિબોધ કર્યા. ઉત્તમ સાધુઓ સાથે વિહાર કરતાં સહસ્રપત્ર આચાર્ય મહારાજ શત્રુંજયગિરિઉપર જઈને શુક્લધ્યાનથી ઉત્તમ કેવલજ્ઞાન પામ્યા. ઇન્દ્રમહારાજાએ સહસ્રપત્ર આચાર્યના કેવલજ્ઞાનનો મહોત્સવ કરતાં હર્ષથી સુવર્ણમય એક હજાર પાંખડીવાલું કમલ રચ્યું. તે વખતે ત્યાં કરોડ મુનિઓને શુક્લધ્યાનના યોગથી કર્મનો ક્ષય થવાથી શ્રેષ્ઠ એવું કેવલજ્ઞાન ઉત્પન્ન થયું. તે વખતે હર્ષિત થયેલા ઇન્દ્રે બાકીના જ્ઞાનીઓને બેસવા માટે હજાર પાંખડીવાલા જુદા જુદા સુવર્ણ કમલો બનાવ્યાં. તે દરેક કેવલજ્ઞાની પાસે ઇન્દ્ર ધર્મોપદેશ સાંભળીને ચિત્તમાં ઘણો હર્ષ પામ્યો. જે વખતે તે મહાગિરિઉપર સહસ્રપત્ર આચાર્ય મુક્તિપુરીમાં ગયા ત્યારે ઇન્દ્રે સુંદર ઉત્સવ કર્યો. સહસ્રપત્રની સ્ત્રીઓ શ્રી સિધ્ધગિરિઉપર આવીને કેવલજ્ઞાન પામીને મુક્તિપુરીમાં ગઇ. સહસ્રપત્ર આચાર્ય મોક્ષમાં ગયા ત્યારે ઇન્દ્રમહારાજાએ તે તીર્થનું ઉત્તમ ઉત્સવપૂર્વક સહસ્રપત્ર એ પ્રમાણે નામ આપ્યું.

## સહસ્રપત્ર નામઉપર સહસ્રપત્ર કુમારની કથા સંપૂર્ણ

—— ◇ ——

# શતાવર્ત નામઉપર સોમદેવ રાજાની કથા

શ્રી શત્રુંજયગિરિઉપર સોમદેવ રાજાએ યાત્રાકરીને સારા ઉત્સવપૂર્વક તેનું શતાવર્ત નામ આપ્યું.

કુંડલિ નગરમાં ન્યાયવડે પૃથ્વીનું પાલન કરતો સોમદેવ રાજા હંમેશાં હર્ષવડે ધર્મકાર્યો કરે છે. અનુક્રમે દેશોને સાધતાં એવા રાજાએ દક્ષિણ દિશાના કિનારે અરિમર્દન રાજાપાસે બળાત્કારે પોતાની આજ્ઞા ગ્રહણ કરાવી. સોમદેવ રાજા નીતિપૂર્વક પૃથ્વીનું રક્ષણ કરતો હતો ત્યારે જેમ ચંદ્ર હોતે છતે નક્ષત્રની પંક્તિ શોભે છે તેમ પ્રજા હર્ષિત થઇ. જેમ આહ્લાદ પમાડનારો હોવાથી ચંદ્ર, જેમ તેજથી સૂર્ય તેમ પ્રજાને આનંદ પમાડવાથી તે રાજા યથાર્થ નામવાલો થયો. એક વખત ધન આપવાવડે શત્રુ અરિમર્દનરાજા સર્વ પરિવારનો ભેદ કરીને કુંડલિ નગરમાં આવ્યો. સોમદેવ રાજા નગરની બહાર નીકળીને શત્રુસાથે યુધ્ધકરતાં એવા તેણે પોતાનું સર્વ સૈન્યભેદ કરાયેલું જાણ્યું ( ત્યારે ) સોમદેવ રાજા વિચારવા લાગ્યો કે હમણાં મારે શત્રુસાથે યુધ્ધ કરવું ઉચિત્ત નથી. કારણકે દુષ્કર્મના યોગથી મારું સર્વ સૈન્યભેદ પામ્યું છે. આ પ્રમાણે વિચાર કરી તે વખતે સર્વ સૈન્યને છોડી દઈને પત્નીસહિત વેગથી રાત્રિમાં ગુપ્તપણે નગરની બહાર નીકળી ગયો. રસ્તામાં તે રાજાએ એક શ્રેષ્ઠપુત્રને જન્મ આપ્યો. તે વખતે પિતાએ તેનું નામ દેવકુમાર એ પ્રમાણે આપ્યું.

સ્ત્રી સહિત તે રાજા ચંદ્રપુરીની નજીક ચંદ્રાચાર્યપાસે પ્રણામ કરીને ધર્મ સાંભલવા માટે બેઠો.

**पूआ जिणिंदेसु रुई वएसु, जत्तोअ सामाइअ पोसहेसु ।**
**दाणं सुपत्ते सवणं च सुत्ते, सुसाहूसेवा सिवलोअमग्गो ।।**

જિનેશ્વરોને વિષે પૂજા, વ્રતોને વિષે રુચિ, સામાયિક અને પૌષધમાં યત્ન, સુપાત્રમાં દાન , સૂત્રનું સાંભલવું. સુસાધુની સેવા એ શિવલોકનો – મોક્ષનો માર્ગ છે.

**नाणं नियमग्गहणं, नवकारो नयरुई य निट्ठा य ।**
**पंच नयविभूसिआणं, न पयारो तस्स संसारे ।।१३।।**

જ્ઞાન – નિયમગ્રહણ – નવકાર – ન્યાયનીરુચિ – અને નિષ્ઠા – એ પાંચ નકારથી – વિભૂષિતનો સંસારમાં પ્રચાર હોતો નથી. ( તેને સંસારમાં રખડવું પડતું નથી. ) જેમ સૂર્યની આગળ અંધકાર તેમ –

પુંડરીકગિરિની આગળ – રોગો ક્યાં ? કષ્ટો ક્યાં ? અને પૃથ્વીતલમાં પાપો ક્યાં ? રાજાએ પૂછ્યું કે મારું ગયેલું રાજ્ય કેવી રીતે પાછું આવશે ? ગુરુએ કહ્યું કે તું શત્રુંજયતીર્થમાં જા. ત્યાં શ્રી શાંતિનાથ ભગવાનની શ્રેષ્ઠપુષ્પોવડે હંમેશાં પૂજા કરીને હે રાજા ! તારે છઠ્ઠ તપ કરવો. આ સાંભળીને રાજા શત્રુંજયમાં જઈને નિરંતર ગુરુએ કહેલો તપકરતાં હંમેશાં પ્રભુનું ધ્યાન કરે છે. ત્યાં શાંતિનાથ ભગવાનની સેવાકરનારા ગરુડયક્ષે તુષ્ટ થઈને તેને શતાવર્ત નામનું મહાચક્ર આપીને કહ્યું કે હાથમાં શતાવર્તચક્ર લઈને તું પોતાના નગરમાં જા, જે તારી આજ્ઞાને નહિં માને તેના મસ્તકને આ ચક્ર કાપી નાંખશે. રાજાને શતાવર્તચક્ર લઈને આવતો સાંભળી શત્રુરાજા ભયવડે સન્મુખ આવીને હર્ષવડે નમ્યો. શત્રુએ કહ્યું કે હમણાં તમે તમારા રાજ્યને ગ્રહણ કરો, હું તો તમારો સેવક છું. મને કામ બતાવો. સોમદેવે, આ શસ્ત્રવડે પોતાનું રાજ્ય મેળવી અનેક શત્રુઓપાસે વેગથી પોતાની આજ્ઞા ગ્રહણ કરાવી. પાંચસો શ્રેષ્ઠ સુવર્ણમય દેવાલયો, સત્તરસો શ્રેષ્ઠ લાકડામય દેરાસરો કરાવ્યાં.

સોમદેવરાજા સાત કરોડ મનુષ્યો સહિત ઉત્સવ કરતો શ્રી શત્રુંજયતીર્થઉપર આવ્યો. સ્નાત્ર પૂજા – ધ્વજારોપણ વગેરે બધાં કાર્યો કરી સોમદેવરાજાએ આદિનાથ જિનેશ્વરની સ્તુતિ કરી. શ્રી સંઘની સન્મુખ મોક્ષને આપનાર આ તીર્થનું શતાવર્ત નામના આયુધની ( શસ્ત્રની ) પ્રાપ્તિ થવાથી રાજાએ ફરીથી શતાવર્ત એ પ્રમાણે નામ આપ્યું. રાજાએ સો આવર્તવાળી ગુફાનારૂપને જોઈને – અને શતાવર્ત નામના આયુધની પ્રાપ્તિ થવાથી શતાવર્ત એ પ્રમાણે નામ આપ્યું.

સોમદેવરાજાએ અન્ય તીર્થોમાં મોટા વિસ્તારથી યાત્રા કરીને પોતાની નગરીમાં આવીને પોતાનું રાજ્ય પોતાના પુત્રને આપ્યું. આઠહજાર સેવકોસાથે ને ૫૦ રાજાઓ સાથે સોમદેવે ચંદ્રસૂરીશ્વર પાસે દીક્ષા લીધી

સોમદેવરાજર્ષિ હંમેશાં ગુરુની પાસે અભ્યાસ કરતાં સર્વ શાસ્ત્રના અર્થને જાણનારા થયા. એટલે ગુરુએ તેને પોતાના પદઉપર સ્થાપન કર્યા. સોમમુનિરાજ પૃથ્વીપર વિહાર કરતાં ઘણાં ભવ્યજીવોને પ્રતિબોધ કરી એક વખત ઘણાં મુમુક્ષુઓ સાથે શ્રી શત્રુંજયઉપર ગયા. ત્યાં જિનેશ્વરનું ધ્યાનકરતાં સોમદેવસૂરીશ્વર કેવલજ્ઞાન પામી લાખ સાધુઓસહિત મોક્ષમાં ગયા

## શતાવર્ત નામઉપર સોમદેવ રાજાની કથા – સંપૂર્ણ.

# અષ્ટોત્તર શતકૂટ નામપર વીરરાજાની કથા

ઘણાં પાપોને કરનારા એવા વીરનામના રાજાએ શ્રી સિધ્ધગિરિનું અષ્ટોત્તરશતકૂટ એ પ્રમાણે નામ હર્ષવડે આપ્યું.

વીર નગરીમાં વીરનામનો રાજા નિરંતર પાપને કરતો દેવ ગુરુ માતાને પિતાને પણ કોઇ ઠેકાણે માનતો નથી. શિકાર – પરસ્ત્રી – ધનહરણ વગેરે પાપોને હંમેશાં કરનારો નિવારણ કરવા છતાં પણ ક્ષણવાર રાજા (પાપથી) અટકતો જ નથી. એક વખત બીજાનું ધનહરણ કરીને જ્યારે પોતાના ઘરે આવતો હતો ત્યારે વનના માર્ગમાં આ શ્લોક સાંભળ્યો.

**धर्मादधिगतैश्वर्यो – धर्ममेवनिहन्ति यः ।**
**कथं शुभायतिः स्वामि–द्रोहकस्येह तस्य तु ॥५॥**

ધર્મથી પ્રાપ્ત કર્યું છે ઐશ્વર્ય જેણે એવો જે ધર્મને જ હણે છે. તે સ્વામિદ્રોહ કરનારનું આ લોકમાં શુભભાવી કેવી રીતે થશે ? આ શ્લોકના અર્થને જાણીને રાજા હૃદયમાં આ પ્રમાણે વિચારવા લાગ્યો કે ઘણું પાપ કરનારો એવો મારો છૂટકારો થશે નહિ. તે પાપનો છેદ કરવા માટે અગ્નિ અથવા પાણીમાં પ્રવેશ કરૂં. એમ વિચારતો રાજા નગરીની બહાર જેટલામાં નિકળ્યો તે વખતે અકસ્માત ઘણાં મનુષ્યોને હણતી (મારતી ) ગાય આવી. તે વીરરાજાએ નિર્દયપણે તે ગાયને તલવારવડે હણી. તે વખતે હાથમાં કાતરને ધારણ કરતી કોઇક સ્ત્રીએ આવીને કહ્યું કે – હે રાજા ! તારાવડે ફોગટ આ ગાય કેમ હણાઇ ? પાપની શુધ્ધિનો આરંભ કરનારા તારા વડે શસ્ત્રવગરની ગાય હણાઇ છે. જો તારી કોઇ શક્તિ હોય તો મારી સાથે યુધ્ધ કર.. સ્ત્રીએ કહેલું કઠોર વચન સાંભળીને રાજાએ તલવારને ઉપાડતા મોટેથી સ્ત્રીને કહ્યું. તું કોઇ કેળનાં પાંદડાં સરખી કોમળ સ્ત્રી છે, અને હું શસ્ત્ર ને શાસ્ત્રમાં વિશારદ શૂર ક્ષત્રિય છું. સ્ત્રીએ કહ્યું કે જો તારી શક્તિ હોય તો મારીસાથે યુધ્ધ કર. તે વખતે તે સ્ત્રીને રાજાએ ખડગવડે – નિર્દયપણે દઢપ્રહાર કર્યો. ત્યારે તે દેવીથઇને મનુષ્યની ભાષાવડે કહેવા લાગી. હે રાજા! તું ગાય અને સ્ત્રીના વધરૂપ પાપથી કેમ છૂટશે ? કહ્યું છે કે : – ત્યાં સુધી બલ છે, ત્યાં સુધી તેજ છે. ત્યાં સુધી અખંડિત કીર્તિ છે કે જ્યાં સુધી પૂર્વકરેલું પુણ્ય – મ્લાન ન થાય. ( ઓછું ન થાય ) પ્રાણીઓને શુભકર્મવડે પુણ્ય હોય તેજ પ્રમાણ છે. ક્ષીણતેજવાળો સૂર્ય કેટલો કાળ તપે ? પુણ્યવડે હંમેશાં સર્વભાવિ સુખદાયક સંભવે છે. હીનપુણ્યવાલાને તે ઝેરની જેમ દુ:ખદાયક થાય છે.

એ પ્રમાણે કહેવાયેલો રાજા જ્યારે હિંસાથી અટક્યો નહિ ત્યારે દેવીએ ઉપાડીને મોટા જંગલમાં મૂક્યો. ત્યાં તે વખતે ભૂખ્યો થયેલો જીવોની હિંસા કરતો અત્યંત તરસથી પીડાયેલો રાજા નરકસરખા અત્યંત દુઃખને સહન કરે છે. તે વખતે સન્મુખ આવેલો એક સિંહ રાજાવડે હણાયો. તે પછી એક મૃગ હણાયો, તે પછી મૃગની જેમ સર્પ હણાયો. પછી ત્યાંથી જતાં રાજાએ એક સાધુને જોઈને અત્યંત રોષથી તલવારવડે હણ્યા તેટલામાં તેના પ્રાણો ચાલ્યા ગયા. ત્યાંથી ભમતો રાજાશ્રી શત્રુંજયગિરિઉપર ગયો. ને ત્યાં યતિપાસે શ્રી શત્રુંજયનું માહાત્મ્ય સાંભળ્યું.

**अकर्त्तव्यं न कर्त्तव्यं, प्राणैः कण्ठगतैरपि।**
**सुकर्त्तव्यं तु कर्त्तव्यं, प्राणैः कण्ठगतैरपि॥२३॥**

પ્રાણો કંઠમાં આવી ગયા હોય તો પણ ન કરવા લાયક ન કરવું જોઈએ. અને પ્રાણો કંઠમાં આવી ગયા હોય તો પણ જે કરવા લાયક હોય તે સારીરીતે કરવું જોઈએ

આ પર્વતઉપર જિનેશ્વરના દર્શન કરવાથી મયૂર – સર્પ અને સિંહ વગેરે હિંસક પ્રાણીઓ પણ સિધ્ધ થયા છે. સિધ્ધ થશે અને થાય છે. વજ્રલેપસરખા પાપોવડે ત્યાં સુધી જ પ્રાણી અત્યંત દુઃખને ભજનારો થાય છે કે જ્યાં સુધી શ્રી સિધ્ધગિરિઉપર ચઢીને જિનેશ્વરને નમસ્કાર ન કરે. આ સાંભળીને રાજાએ કહ્યું કે મારે ક્યારે પણ એકેય જીવ હણવો નહિ અને હંમેશાં છઠ્ઠનો તપ કરવો. ગાયવગેરેના રૂપને કરનારી દેવી તે રાજાને નમસ્કાર કરીને બોલી કે હે રાજા ! હું તમારી પૂર્વભવમાં થયેલી બહેન છું. મારાવડે બોધ કરવા છતાં પણ જ્યારે મને બોધ ન પામ્યા ત્યારે હે રાજા તમે ઉપાડીને આ સિધ્ધગિરિ ઉપર હમણાં લવાયા છો એમ જાણો. રાજા પોતાના નગરમાં આવીને ઘણાં સંઘ સહિત – કુટુંબસાથે ફરીથી યાત્રા કરવા માટે શ્રીશત્રુંજયગિરિઉપર ગયો.

અનુક્રમે તાલધ્વજ વગેરે ૧૦૮ – શિખરઉપર મુક્તિએ જતાં એવા ઘણા સાધુઓની રાજાએ મુક્તિ જોઈ, તે સર્વકૂટઉપર ( શિખર ઉપર ) એક એક જિનમંદિર કરાવીને રાજાએ હર્ષવડે જિનબિંબોની સ્થાપના કરી. આ પર્વત અષ્ટોત્તરશતકૂટ કહેવાય આ પ્રમાણે રાજાએ સર્વલોકો અને રાજાઓનીઆગળ કહ્યું. ત્યાંથી પોતાના નગરમાં આવીને પોતાના પુત્રને રાજ્યપર સ્થાપન કરી વીરરાજાએ ગુરુપાસે દીક્ષા લીધી.

પ્રાપ્ત કર્યું છે આચાર્યપદ જેણે એવા ઘણા સાધુઓ સાથે વીરસૂરિ મહારાજ શ્રી શત્રુંજયગિરિઉપર તે વખતે શ્રેષ્ઠ કેવલજ્ઞાન પામ્યા.ત્યાં વીરસૂરિ મહારાજના ઉપદેશથી શ્રી સિધ્ધગિરિઉપર ત્રણલાખ સાધુઓને કેવલજ્ઞાન ઉત્પન્ન થયું શ્રી વીરસૂરિ મહારાજે શ્રી સિધ્ધગિરિઉપર ત્રણલાખ સાધુસહિત મોક્ષનગરીને શોભાવી.

## અષ્ટોત્તરશતકૂટ નામપર વીરરાજાની કથા સંપૂર્ણ

—— ◇ ——

# શ્રી નગાધિરાજ નામ પર સ્વયંપ્રભ દેવની કથા

સ્વયંપ્રભદેવે શત્રુંજયપર્વતપર આવીને રાજા અને મનુષ્યોની સાક્ષીએ તેનું ''નગાધિરાજ '' એ પ્રમાણે નામ આપ્યું તે આ પ્રમાણે : -

એક વખત સ્વર્ગમાં ઇન્દ્રમહારાજે સભામાં કહ્યું કે :- શ્રી શત્રુંજયસમાન તીર્થ કોઇ ઠેકાણે નથી. તે વખતે સ્વયંપ્રભદેવે ઇન્દ્રની આગળ કહ્યું કે સ્વામી હોવાથી સ્વામી જે જે કહે તે તે મનાય છે. ઇન્દ્રે કહ્યું કે સર્વતીર્થો કરતાં શ્રી શત્રુંજયગિરિતીર્થને વિષે પગલે પગલે અસંખ્યાતા મુમુક્ષુઓ મોક્ષમાં ગયા છે. બીજા તીર્થોમાં તપ-દાન આદિવડે જે ધર્મ થાય છે. તેનાં કરતાં શત્રુંજયવડે તે ફલ નિશ્ચે થાય છે. (કાંઇપણ કર્યા વગર તીર્થના પ્રતાપે) સર્વશાશ્વત તીર્થોમાં અને અશાશ્વત તીર્થોમાં તપાસ કરતાં એવા સ્વયંપ્રભદેવે અલ્પજીવોને મોક્ષે ગયેલા જોયા. તે પછી ભમતો ભમતો તે દેવ શત્રુંજયપર આવ્યો. ત્યારે ત્યાં લાખો સાધુઓ જલ્દી મોક્ષમાં ગયા. બીજે દિવસે ખરેખર કરોડ સાધુઓ મોક્ષમાં ગયા. ત્રીજે દિવસે પાંચ-હજાર સાધુઓ મોક્ષમાં ગયા, ચોથે દિવસે ૧૦૫ સાધુઓ મોક્ષે ગયા. છઠ્ઠે દિવસે દશ સાધુઓ મોક્ષે ગયા, સાતમે દિવસે આઠસો સાધુઓ મોક્ષે ગયા, આઠમે દિવસે -૬૨૮ - સાધુઓ મોક્ષે ગયા. એ પ્રમાણે દિવસે દિવસે અસંખ્યાતા સાધુઓને મોક્ષપામેલા જોઇને સ્વયંપ્રભદેવે મનુષ્યોની આગળ આ પ્રમાણે કહ્યું કે અસંખ્યાતા સ્ત્રી અને પુરુષોનો મોક્ષ થવાથી આ પર્વતનું પુણ્યના સ્થાનભૂત એવું નામ ''નગાધિરાજ'' થાઓ. તે પછી બીજા - મનુષ્યો - દેવો,રાજાઓ અને મુનિઓએ ત્યારથી માંડીને આ પર્વત ''નગાધિરાજ '' નામે છે. એ પ્રમાણે ઉદ્‌ઘોષણા કરી.

**શ્રી નગાધિરાજ નામ ઉપર સ્વયંપ્રભ દેવની કથા સંપૂર્ણ**

— ◇ —

# શ્રી સહસ્રકમલ નામઉપર રણવીર રાજાની કથા

ઘણા સંઘને ભેગા કરીને શ્રી શત્રુંજયપર્વતઉપર જઈને રણવીર રાજાએ શ્રી શત્રુંજયનું સહસ્રકમલ નામ આપ્યું

કલ્યાણકોટી નગરમાં કલ્યાણ નામે રાજાછે. તેને શીલરૂપીભૂષણથી શોભતી કલ્યાણિની નામની પત્ની છે. તેને યુધ્ધમાં જિતાયા છે શત્રુઓ જેનાવડે એવો રણવીર નામનો વિનયવાલો પુત્ર હતો, અને તે પુત્ર, માતા – પિતાની સેવામાં અત્યંત તત્પર હતો. એક વખતે નગરીમાંથી બહાર નીકળતાં બે સાંઢને પરસ્પર અત્યંત યુદ્ધ કરતાં જોઈને રાજાએ હૃદયમાં આ પ્રમાણે વિચાર્યું. પુષ્ટ એવા આ બન્ને સાંઢ ઘણું જીવશે, તેથી મારે ક્રીડા કરવા માટે પોતાનાં ઘરમાં રાખવા જોઈએ. ઉદ્યાનમાં જઈને પાછા આવતાં તેણે બન્ને સાંઢને મરી ગયેલા જોઈને રાજા આ પ્રમાણે સંસારની અસારતા વિચારવા લાગ્યો.

**आयुर्वारितरङ्ग. भङ्गुरतरं श्रीस्तूलतुल्यस्थिति:,**
**तारूण्यं करिकर्णचञ्चलतरं स्वप्नोपमा:सङ्गमा: ।**
**यद्वान्यद् रमणीमणीप्रभृतिकं वस्त्वस्ति तच्चास्थिरं,**
**विज्ञायेति विधीयतामसुमता धर्म: सदा शाश्वत: ।।૭।।**

આયુષ્ય પાણીના તરંગની જેમ વિનાશ પામનારૂં છે. લક્ષ્મી રૂ– સરખી સ્થિતિવાલી છે. યૌવન હાથીના કાનની જેમ અત્યંત ચંચલ છે. સંગમો સ્વપ્નસરખા છે. અથવા તો બીજી કોઈ પણ – સ્ત્રી – મણિ વગેરે વસ્તુઓ છે તે અસ્થિર છે. એમ જાણીને પ્રાણીએ હંમેશાં શાશ્વતધર્મ કરવો જોઈએ. એ પ્રમાણે અનિત્યપણાનું ધ્યાનકરતા રાજાએ ઉદ્યાનમાં જઈને સ્વયંપ્રભગુરુપાસે દીક્ષા લીધી. તે વખતે રણવીરે પિતાની પાસે આવીને આ પ્રમાણે કહ્યું કે હે પિતા ! હમણાં આ રાજ્ય કોના આધારે વર્તે છે ? હે પિતા ! હું પણ હમણાં કોના આધારે છું ? તે કહો. તમારા વિના સઘળું રાજ્ય હમણાં વિનાશ પામશે તેમાં સંશય નથી.

રાજાએ કહ્યું કે હે ઉત્તમપુત્ર ! તું મારો નથી. હું પણ ક્યારેય તારો નથી. હું એકલો છું. નિરાધાર છું. ને નિષ્પુણ્ય છું. આ પ્રમાણે પિતાવડે નિષેધ કરાયેલો રાજપુત્ર રણવીર મંત્રી અને સામંતોવડે સુંદર ઉત્સવપૂર્વક તેની પાટપર સ્થાપન કરાયો. એક વખત રણવીર રાજપુત્ર ધર્મસૂરિ પ્રાસે વનમાં ગયો ને તે વખતે બે હાથજોડી આ પ્રમાણે ધર્મનો ઉપદેશ સાંભલ્યો.

प्रासाद-प्रतिमा-यात्रा, प्रतिष्ठादिप्रभावना।
अमार्युद्घोषणादीनि, महापुण्यानि गेहिनाम्॥१४॥

પ્રાસાદ (મંદિર), પ્રતિમા, યાત્રા, પ્રતિષ્ઠાવગેરે પ્રભાવના અને અમારિની ઉદ્‌ઘોષણા વગેરે ગૃહસ્થોના મોટા પુણ્યો છે. આ પ્રમાણે સારીરીતે દેશના સાંભળીને રણવીર રાજાએ શ્રી શત્રુંજયગિરિઉપર અત્યંત મોટું જિનમંદિર કરાવ્યું. એક હજાર થાંભલાવડે મનોહર શ્રી ઋષભદેવના મંદિરમા રણવીર રાજાએ શ્રી ઋષભદેવપ્રભુનું બિંબ સ્થાપન કરાવ્યું તે વખતે ક્ષણવારમાં હજાર સાધુઓને કેવલજ્ઞાન ઉત્પન્ન થયું ત્યારે તેઓને બેસવા માટે ઇન્દ્રમહારાજાએ સુવર્ણમય કમલો બનાવ્યાં. તે વખતે તેઓના કેવલ જ્ઞાનનોઉત્સવકરી રાજાએ આ પ્રમાણે કહ્યું કે "આ સહસ્રકમલગિરિ" ચિરકાલ સુધી જયવંતો વર્તો. રણવીર રાજાએ પોતાના પુત્રને રાજ્યપર બેસાડીને સારાઉત્સવપૂર્વક શ્રુતાચાર્યની પાસે દીક્ષા લીધી, અને ઘણું તપ કર્યું. રણવીરમુનિ સમય જતાં આચાર્યપદ પામીને ઘણા સાધુઓ સહિત શ્રી શત્રુંજયતીર્થઉપર આવ્યા અને ત્યાં કેવલજ્ઞાન પામી ત્રણલાખ સાધુઓ સહિત આયુષ્યનો ક્ષય થવાથી રણવીર આચાર્ય મોક્ષમાં ગયા.

**સહસ્રકમલ નામઉપર રણવીર રાજાની કથા સંપૂર્ણ**

—— ◇ ——

## શ્રી ઢંક નામ ઉપર હરરાજાની કથા

હરરાજાએ શ્રી શત્રુંજયગિરિઉપર અત્યંત વિસ્તારથી હર્ષપૂર્વક શ્રી ઋષભદેવપ્રભુની પૂજાકરીને આ ગિરિનું ઢંક એ પ્રમાણે નામ આપ્યું.

હીર નામના નગરમાં ન્યાયવંત એવા ઢંકરાજાને ગુણરૂપી માણિક્યથી શોભથી ઢંકદેવી નામની પ્રિયા હતી. ઢંક રાજાની પ્રિયાએ સુંદર સ્વપ્નથી સૂચિત પુત્રને જન્મ આપ્યો. પિતાએ પુત્રનો જન્મોત્સવ કરીને હર એ પ્રમાણે નામ આપ્યું. એક વખત કુમાર આનંદ અને સૂરિ નામના સાધુયુગલને પ્રણામ કરીને બે હાથ જોડીને દેશના સાંભળવા માટે બેઠો.

**पूजा-पच्चक्खाणं-पडिक्कमणं, पोसहो-परूवयारो।**
**पंच पयारा जस्स य, न पयारो तस्स संसारे।।५।।**

પૂજા – પચ્ચકખાણ – પ્રતિક્રમણ – પૌષધ – પરોપકાર – જેનીપાસે આ પાંચ પ્રકારો હોય છે. તેનો સંસારમાં પ્રચાર હોતો નથી. ( તેને ભટકવાનું થતું નથી ) શુધ્ધધર્મને કરતો જીવ ઉત્તમ સુખને પામે છે. ને પાપ કરતો જીવ નરકમાં દુ:ખની પરંપર પામે છે. તે પછી રાજપુત્રે કહ્યું કે – મારે હંમેશાં ત્રણસો નવકાર ગણવા અને જિનેશ્વરને નમસ્કાર કરવો.

ઢંક રાજાએ પોતાના ખભા ઉપરથી રાજ્યનો ભારઉતારી પુત્રના ખભાઉપર સ્થાપન કરી ચારિત્રલક્ષ્મીને શોભાવી. અનુક્રમે ગુરુપાસે ઘણાં શાસ્ત્રોને ભણી – ઢંક મુનિ બૃહસ્પતિ – સરખા થયા. આચાર્યપદ પામીને પૃથ્વીતલપર વિહાર કરતાં અનુક્રમે ઘણાં લોકોને સર્વજ્ઞના ધર્મનો પ્રતિબોધ કર્યો. એક વખત ઢંકસૂરિ ઉત્તમ સાધુઓ સાથે શ્રી શત્રુંજયગિરિઉપર ગયા. ને ઢંક નામના શિખરઉપર મોક્ષસુખને આપનારું તીવ્રતપ કર્યું. ઢંકસૂરિ શુભધ્યાનથી કેવલજ્ઞાન પામ્યા. ને તે વખતે બીજા ઘણા સાધુઓ પણ કેવલજ્ઞાની થયા. બધા સાધુઓ આયુષ્યનો ક્ષય થવાથી જયારે મુક્તિ પામ્યા ત્યારે દેવોએ આવીને તેમના સિધ્ધપણાનો ઉત્સવ કર્યો. શ્રી શત્રુંજયગિરિ પર્વતના તુંગ કૂટઉપર પિતાનું મોક્ષગમન સાંભળીને હરરાજા પોતાના ચિત્તમાં હર્ષ પામ્યો.

હરરાજા અસંખ્યસંઘને ભેગો કરીને શ્રી શત્રુંજયગિરિઉપર હર્ષપૂર્વક દેવોને નમસ્કાર કરવા ને પૂજાકરવાને માટે ગયો. મૂલનાયકની પૂજાકરીને રાજા તુંગ કૂટઉપર ગયો. અને ત્યાં રાજાએ હર્ષથી દેદીપ્યમાન જિનમંદિર કરાવ્યું. અને તેમાં સંઘસહિત રાજાએ સારાદિવસે યુગાદિદેવનું શ્રેષ્ઠ રત્નમય બિંબ સ્થાપન કર્યું. અને રાજાએ ત્યાં આઠક્રોડ સૌનૈયાને વ્યય કરી સમસ્ત – (સંપૂર્ણ) તીર્થની પુષ્પોવડે પૂજા કરી.

હરરાજાએ અનેકરાજા અને મનુષ્યોની સાક્ષીએ શ્રી શત્રુંજયગિરિને "ઢંક" એ પ્રમાણે નામ આપ્યું. હરરાજાએ વિસ્તારપૂર્વક યાત્રા કરી પોતાના નગરમાં આવી મુક્તિને દેનાર એવા તે તીર્થને ઢંક –ઢંક એ પ્રમાણે યાદ કરવા લાગ્યો. મનમાં ઢંક ઢંક એ પ્રમાણે શ્રી શત્રુંજયગિરિનું ધ્યાન કરતો ( રાજા ) પોતાના નગરમાં રહેલો અક્ષય એવા કેવલજ્ઞાનને પામ્યો. તે વખતે પ્રાપ્ત કર્યું છે કેવલજ્ઞાન જેણે એવા બે ક્રોડ મુનિઓ અનુક્રમે મુક્તિરૂપી સ્ત્રીના આભૂષણરૂપ થયા. વળી અંતગડ કેવલી એવા ધર્મઘોષસૂરિ આયુષ્યના ક્ષયે મોક્ષનગરીને શોભાવતા હતા.

## ઢંક નામ ઉપર શ્રી હરરાજાની કથા – સંપૂર્ણ.

— ◇ —

# શ્રી કોટિનિવાસ નામપર ધર્મનંદન રાજાની કથા

શુધ્ધ એવા જૈનધર્મની આરાધના કરતાં ધર્મનામના રાજાએ શ્રી સિધ્ધગિરિનું હર્ષથી કોટિનિવાસ એ પ્રમાણે નામ આપ્યું.

ધરણીભૂષણ નામના નગરમાં ચંદ્રરાજાની પ્રેમવતી નામની પત્નીએ સારાદિવસે પુત્રને જન્મ આપ્યો. રાજાએ મોટો જન્મોત્સવ કરાવીને સજ્જનોની સાક્ષીએ પુત્રનું ધર્મનંદન એ પ્રમાણે નામ આપ્યું. ( પછી ) બીજો દામોદર નામે પુત્ર થયો. બન્નેપુત્રોને ઘણાં ધર્મશાસ્રો અને કર્મશાસ્રો ભણાવાયા ક્રમે કરીને કુસંગતિથી ચંદ્રરાજા જુગારઆદિમાં આસક્ત મનવાલો અધર્મી મનુષ્યોની પેઠે ચિત્તમાંથી રાજ્યનીચિંતા ભૂલી ગયો. અનુક્રમે બળ વાન એવા શત્રુનું સૈન્ય આવ્યું ત્યારે ધર્મનંદન લશ્કરલઈને યુધ્ધ કરવા માટે તૈયાર થયો. ધર્મનંદને શત્રુઓસાથે યુધ્ધ તેવીરીતે કર્યું કે જેથી સઘળા શત્રુઓ દિશાએ દિશામાં ભાગી ગયા તે પછી ત્યાં મહાનંદસૂરિ મહારાજ પધાર્યા. અને પુત્રસહિત રાજા ધર્મસાંભલવા માટે ગયો. તે વખતે ગુરુએ આદરપૂર્વક આ પ્રમાણે ધર્મદેશના કરી કે — ધર્મથી રાજ્ય મેળવાય છે. અને મોક્ષરૂપી લક્ષ્મી મેળવાય છે.

જે મનુષ્ય જુગારવગેરે વ્યસનોને સેવે છે. તે મનુષ્ય આલોક અને પરલોકમાં નિરંતર દુ:ખને પામે છે.

**द्यूतं सर्वापदां धाम, द्यूतं दीव्यन्ति दुर्धियः ।**
**द्यूतेन कुलमालिन्यं, द्युताय श्लाघ्यतेऽधमः ।।३३।।**

જુગાર એ સર્વ દુ:ખનું ઘર છે. જે દુર્બુધ્ધિવાલા હોય છે તે જુગાર રમે છે. જુગારથી કુલની મલિનતા થાય છે. અને જુગારથી અધમ એ પ્રમાણે કહેવાય છે. (૧૧)

**वैर-वैश्वानर-व्याधि-वाद व्यसन लक्षण : ।**
**महानर्थाय जायंते-वकारा: पञ्च वर्धिता: ।।११।।**

વૈર – વૈશ્વાનર ( અગ્નિ ) વ્યાધિ – વાદ અને વ્યસન લક્ષણવાલા વૃધ્ધિપામેલા આ પાંચ વકાર મોટા અનર્થ માટે થાય છે. તે વખતે આ પ્રમાણે સાંભળી રાજાએ જુગારનું વ્યસન છોડી દઇ શ્રેષ્ઠ ઉત્સવપૂર્વક મોટાપુત્રને હર્ષથી રાજ્ય આપ્યું. નાનાપુત્રને યુવરાજપદ આપી ધર્મસેન ગુરુપાસે તે વખતે સંયમ ગ્રહણ કર્યો.

ધર્મનંદનરાજા શ્રી શત્રુંજયનું માહાત્મ્ય સાંભળી ઘણા સંઘ સહિત જિનેશ્વરને વંદન કરવામાટે ચાલ્યો. શ્રી શત્રુંજયગિરિ ઉપર જઇને મૂલનાયકની પ્રતિમાની પૂજા કરી રાજાએ બીજા જિનેશ્વરોની પૂજા કરી. તે વખતે વિસ્તારથી શ્રી આદિનાથ ભગવંતની ધ્વજપર્યંત પૂજા કરી. રાયણવૃક્ષને પ્રદક્ષિણા કરી પ્રભુના બે ચરણોની ( પગલાંની ) પૂજાકરી. શ્રી શાંતિનાથ ભગવાનની પૂજા કરીને રાજા રાત્રિમાં ધ્યાન કરતો હતો ત્યારે યક્ષે પ્રગટથઇને આ પ્રમાણે કહ્યું.

હે રાજન્ ! તારી તીર્થભક્તિથી અને શ્રી શાંતિનાથપ્રભુની ભક્તિથી હું તુષ્ટ થયો છું. અહીં જોવા લાયક રસકૂપિકા છે. આજે દિવસની શરૂઆતમાં તારામાટે રસકૂપિકાને હું મોકળી કરીશ. ( ખુલ્લી કરીશ ) તારે તેમાંથી રસ ગ્રહણ કરવો, તેનાથી સોનું થશે. યક્ષે બતાવેલા રસના કૂવામાંથી રાજાએ ઇચ્છા પ્રમાણે રસ લઇને ક્રોટિભાર પ્રમાણ સોનું બનાવ્યું. દશભારપ્રમાણ સોનાના ચોવીશ તીર્થંકરોનાં ૧૦૦ બિંબો રાજાએ કરાવ્યા. લાખ બિંબો રુપાના અને શ્રેષ્ઠ એવા પિત્તલનાં – ૯ – લાખ જિનબિંબો અને – ૯૦ – લાખ બિંબો પાષાણના કરાવ્યાં (અથવા તો ૯૦ બિંબ મણિમય બનાવ્યાં.)

આ પ્રમાણે સિદ્ધગિરિ ઉપર એક કરોડ પ્રમાણ બિંબોની સ્થાપના કરી. રાજાએ ભક્તિથી સંઘની પહેરામણી કરી. તે વખતે ધર્મધન નામના આચાર્ય મહારાજે મનુષ્યોની સન્મુખ કહ્યું કે હે રાજન્ ! આ ગિરિ લોકોવડે " કોટીનિવાસ " નામે કહેવાઓ. ધર્મનંદન રાજાએ અનુક્રમે પોતાના પુત્ર ગજને રાજ્યપર સ્થાપન કરી દીક્ષા લઇ શ્રી શત્રુંજયગિરિપર ઘણું તપ કર્યું. ધર્મરાજર્ષિ સંપૂર્ણકર્મનો ક્ષય કરી કેવલજ્ઞાન પામી ઘણા સાધુઓની સાથે શ્રી શત્રુંજયગિરિપર મોક્ષને પામ્યા.

**શ્રી કોટિનિવાસ નામઉપર ધર્મનંદન રાજાની કથા સંપૂર્ણ.**

—— ◇ ——

# શ્રી લૌહિત્ય નામઉપર લૌહિત્યઋષિની કથા

લૌહિત્ય વગેરે ઘણા મુનિઓને મોક્ષનગરીમાં ગયેલા જોઇને ઇન્દ્ર મહારાજાએ આ સિધ્ધગિરિનું લૌહિત્ય નામ કર્યું.

પદ્મપુર નગરમાં ધનનામનો શેઠ ગુરુનીપાસે ધર્મ સાંભળીને કોઇ ઠેકાણે કોઇનું આપ્યા વગરનું તૃણ પણ

માત્ર લેતો નથી. સ્થાનનાં અધિષ્ઠાયક દેવની અનુજ્ઞા માંગીને જ હંમેશાં શેઠ ઊભો રહે છે. જમે છે. ને કાયચિંતા ઝાડો પેશાબ કરે છે. આ ધન શેઠ કોઈનું આપ્યા વગરનું લેતો નથી એ પ્રમાણે ઈન્દ્રે કહ્યું ત્યારે એક દેવ તેને ચલાયમાન કરવા માટે દેવલોકમાંથી નીકળ્યો. તે દેવે માર્ગમાં ઘણીલક્ષ્મી નાંખીને જ્યારે ચલાયમાન કરવામાટે સમર્થ ન થયો ત્યારે પ્રગટપણે આ પ્રમાણે કહ્યું. ઈન્દ્રે જે પ્રમાણે તમારું વર્ણન કર્યું છે, તેવા પ્રકારના તમે છો. પછી બે રત્નો આપી તે દેવલોકમાં ગયો.

એક વખત શેઠ દેહની ચિંતા માટે બહારની ભૂમિમાં ગયો. જ્યાં જ્યાં સ્થાનના અધિષ્ઠાયક પાસે રજા માંગે છે. ત્યાં ત્યાં સ્થાનનો અધિષ્ઠાયક દેવ પ્રગટપણે કહેતો હતો કે હે શેઠ ! તું અહીં ન બેસ. બીજે ઠેકાણે ઈચ્છા મુજબ જા. આ પ્રમાણે સંધ્યા સમયસુધી વનની અંદર ભટકતા શેઠે તે યક્ષને ઠગીને જલ્દી કાયચિંતા કરી. યક્ષે કહ્યું કે આજે હું તારી ઉપર તુષ્ટ થયો છું. તું ઈચ્છા પ્રમાણે માંગ, શેઠે કહ્યું કે જો મારીપાસે ધર્મ છે. તો શું નથી ? શેઠને લોભ વગરના જાણીને યક્ષે દશ કરોડના મૂલ્યવાળા દશ મણિ આપીને કહ્યું કે હંમેશાં તું મારું ધ્યાન કરજે, યક્ષ ગયો ત્યારે મણિઓ લઈને શ્રેષ્ઠિવરે ઘરે આવીને પાંચરત્નો ( મણિઓ) વેચીને લોકોથી અને રાજાથી માનસન્માન કરાયેલો ઘણા સંઘસહિત શેઠ શ્રી સિદ્ધગિરિઉપર જઈ પાંચમણિઓવડે આદિ જિનેશ્વરની પૂજા કરી.

તે વખતે તુષ્ટ થયેલા યક્ષે કહ્યું કે – હે શેઠ ! તું વાંછિત માંગ. શેઠે કહ્યું કે જિનેશ્વરના ચરણનાં પ્રસાદથી મારી પાસે સર્વ છે. તે પછી યક્ષે વીશ કરોડનાં મૂલ્યવાલા પાંચ મણિ શેઠને આપ્યા. જિનપૂજાથી શું શું થતું નથી ? શેઠે તે મણિને વેચીને દેદીપ્યમાન જિનમંદિર કરાવ્યું. અને તેમાં આદિજિનેશ્વરનું બિંબ સ્થાપન કર્યું. તે વખતે ધનશેઠ હર્ષથી પ્રથમ જિનેશ્વરનું ધ્યાન કરતાં કેવલજ્ઞાન પામી પાપકર્મનો ક્ષય કરી મુક્તિ નગરીમાં ગયા.

આ બાજુ પુણ્યપુર નગરના અધિપતિ લૌહિત્ય રાજાએ પોતાના પુત્રને રાજ્ય ઉપર સ્થાપન કરી કરોડ માણસો સાથે દીક્ષા લીધી. બાર અંગભણિ અનુક્રમે આચાર્ય પદ પામી કરોડ સાધુઓ સાથે શ્રી શત્રુંજયતીર્થ પર આવ્યા. દરેક જિનમંદિરમાં તીર્થંકર ભગવંતોને નમસ્કાર કરી લૌહિત્યમુનિ ફરીથી મૂલનાયકની સ્તુતિ ને વખાણ કરે છે. ધન શેઠે કરાવેલા શ્રી ઋષભદેવના મંદિરમાં લૌહિત્યમુનિ ઘણા સાધુઓ સહિત દેવને નમસ્કાર કરવા ગયા. શ્રી ઋષભદેવ જિનેશ્વરની આગળ ધ્યાન કરતાં તેમને કેવલજ્ઞાન થયું. દેવતાઓએ સુવર્ણકમલની રચના કરી. તે સુવર્ણકમલ ઉપર બેસીને જ્ઞાનીભગવંતે તેવી રીતે ધર્મ દેશના કરી કે જેથી સર્વ સાધુઓ કેવલજ્ઞાની થયા. લૌહિત્ય આદિમુનિઓને મોક્ષમાં ગયેલા જાણીને ઈન્દ્રે આ તીર્થનું લૌહિત્ય નામ કર્યું. અને આ તીર્થ તે લૌહિત્ય નામવડે પૃથ્વીતલમાં જયવંતુ વર્તો

## શ્રી લૌહિત્ય નામ પર લૌહિત્ય ઋષિનીકથા સંપૂર્ણ.

— ◇ —

# શ્રી તાલધ્વજ નામપર ધરાપાલરાજાની કથા

શ્રી ધરાપાલરાજાએ શ્રી સિધ્ધગિરિનું તાલધ્વજ એ પ્રમાણે નામ વિવિધ ઉત્સવપૂર્વક આપ્યું.

કુંભપુરી નગરીમાં ન્યાયવડે શોભતા ધરાપાલરાજાને પદ્મા નામની પ્રિયા – કૃષ્ણની પ્રિયા લક્ષ્મી જેવી હતી. તે રાજાને ઈન્દ્રસરખા પરાક્રમવાલો – ઉત્તમ વિનયવાલો – નીતિવાલો – પુરંદરનામનો પુત્ર માતા– પિતાને હર્ષ પમાડતો હતો. એક વખત રાજા ગુરુનીપાસે જિનેશ્વરે કહેલો ધર્મ સાંભળીને શ્રી જિનેશ્વરપ્રભુની વેણુ – વીણા વગાડવાપૂર્વક પૂજા કરે છે.

આ બાજુ સ્વર્ગમાં ઈન્દ્રે કહ્યું કે પ્રભુનીપૂજા કરતો એવો ધરાપાલ રાજા દેવો અને અસુરોવડે ચલાયમાન કરી શકાય એવો નથી. મુકુંદ નામનો દેવ અશ્રધ્ધા કરતો બોલ્યો કે હું રાજાને જલ્દી પોતાના અભિગ્રહથી ચલાયમાન કરીશ. આ પ્રમાણે કહી તે દેવે સ્વર્ગમાંથી કુંભપુરીમાં આવી રાજા પૂજા કરતો હતો ત્યારે તેના હાથમાંથી ફૂલો અપહરણ કર્યા.

આ પ્રમાણે જ્યારે જ્યારે રાજા પોતાના હાથમાં ફુલો લેતો હતો ત્યારે ત્યારે દેવ ન ઓળખી શકાય એવા રૂપવાલો ફૂલોને હરણ કરતો હતો. આ પ્રમાણે ત્રણદિવસ સુધી રાજાપૂજા વિના જમ્યો નહિ ત્યારે દેવ પ્રગટ થયો ને બોલ્યો. તું ધન્ય છે. જે કારણથી તારુંચિત્ત ચલાયમાન થયું નહિ. તું ચિત્તમાં ચિંતવેલા પદાર્થને આપનારા આ ચિંતામણિ રત્નને લે. રાજા ચિંતામણિ રત્નની આરાધનાકરીને વૈભવ માંગી માંગીને હંમેશાં સાતક્ષેત્રોમાં વાપરવા લાગ્યો. રાજાએ પોતાના ઘરના આંગણામાં સ્ફટિક પાષાણવડે – ૧૦૮ – મંડપોવાળું જિનમંદિર કરાવ્યું. પ્રાસાદ – મંડપ – છત્ર – પર્યંકાસન વગેરેના ગ્રહણવડે અને નિર્દોષ–મૂર્તિવડે તે વિચારવા લાગ્યો કે – જિનેશ્વરથી બીજો કોઇ શ્રેષ્ઠદેવ નથી. મૂલનાયક શ્રી અરનાથ પ્રભુનીમૂર્તિ–પ્રાચ્યરત્નમય તે જિનાલયમાં સુંદર ઉત્સવપૂર્વક સ્થાપન કરી.

ત્યાં અરનાથ ભગવંતની મૂર્તિને રાજાએ સદ્‌ગતિ માટે મણિમય આભૂષણોવડે વિભૂષિત કરી. દિવસે દિવસે સુંદર પુષ્પોવડે શ્રી અરિહંતની નવી નવી પૂજાકરતો રાજા નવાં નવાં નૃત્ય કરતો હતો. રાજા ચાર કરોડ મનુષ્યસહિત સંઘપતિ થઈને ગામે ગામે મહોત્સવ કરતો શ્રી શત્રુંજયતીર્થઉપર ગયો. ત્યાં મુખ્યજિનમંદિરમાં સ્નાત્રપૂજા– ધ્વજ – આદિવડે સંઘસહિત રાજાએ હર્ષપૂર્વક પોતાનો જન્મ સફલ કર્યો. તે સંઘમાં શ્રી જિનેશ્વરના ધ્યાનથી એક લાખ લોકો તે વખતે કેવલજ્ઞાન પામીને અનુક્રમે મુક્તિપુરીમાં ગયા. જ્યાં તાલધ્વજસૂરિ એક લાખ સાધુસહિત સર્વકર્મનો ક્ષય કરી કેવલજ્ઞાન પામી મુક્તિનગરીમાં ગયા.

તે શિખર ઉપર ધરાપાલ રાજાએ અત્યંત મોટું જિનમંદિર કરાવી શ્રી ઋષભદેવપ્રભુની સ્થાપના કરી. રાજાએ સર્વસંઘની સાક્ષીએ શ્રેષ્ઠ ઉત્સવપૂર્વક શ્રી સિધ્ધગિરિનું તાલધ્વજ એ પ્રમાણે નામ આપ્યું. ધરાપાલરાજાએ પોતાના નગરમાં આવી પોતાના પુત્રને રાજ્યઉપર બેસાડી અનુક્રમે પદ્માચાર્ય પાસે દીક્ષા લીધી. ગુરુનીપાસે સુંદર ભક્તિસહિત અનેક શાસ્ત્રો ભણી આચાર્યપદ પામી તે મુનીશ્વરે વિહાર કર્યો. ઘણાં પ્રાણીઓને પ્રતિબોધ કરી શ્રી શત્રુંજયગિરિઉપર જઇ કેવલજ્ઞાન પામી ધરાપાલમુનીશ્વર મોક્ષમાં ગયા

**તાલધ્વજ નામઉપર ધરાપાલ રાજાની કથા સંપૂર્ણ**

—— ◇ ——

# શ્રી કદંબક નામઉપર ઈન્દ્રશ્રેષ્ઠિની કથા

સ્વર્ગમાંથી ઈન્દ્રે આવીને દેવ અને મનુષ્યોની સાક્ષીએ શ્રી સિધ્ધગિરિનું કદંબક એ પ્રમાણે નામ આપ્યું.

લક્ષ્મીપુર નગરમાં ન્યાયથી શોભતા ભીમરાજાને લક્ષ્મીવતી નામની પ્રિયા અને પદ્મ નામે મનોહર પુત્ર હતાં. તેજ નગરમાં શ્રેષ્ઠચિત્તવાલા ભીમશ્રેષ્ઠીને સુંદરરૂપવાલી રતિ અને પ્રીતિ નામની બે પત્નીઓ હતી. તે બન્ને પ્રિયાઓ પરસ્પર પ્રીતિવડે શોભતી કોઇ દિવસ એક ક્ષણપણ જુદી રહેતી નથી.

શેઠ એક દિવસ ચિત્તમાં વિચારવા લાગ્યો કે મારી બન્ને સ્ત્રી શોક્યભાવને છોડીને પ્રીતિયુક્ત કેમ છે? એ પ્રમાણે વિચારતો શેઠ એકવખત રાત્રિમાં ગુપ્તપણે બન્ને પત્નીનું ચરિત્ર જોવામાટે જેટલામાં તે ઊભો રહ્યો. તેટલામાં તે બન્ને ધીમેથી ઊભી થઇ. અને શેઠની બન્ને સ્ત્રીઓ વડના ઝાડઉપર ચઢીને હુંકારના શબ્દમાં તત્પર એવી આકાશમાર્ગે કોઇ ઠેકાણે ગઇ. શેઠ વિચારવા લાગ્યો કે આ મારી બે પત્ની આકાશમાર્ગે આજે જયાં ગઇ તે સ્થાન મારે જલ્દી જાણવું જોઇએ. એ પ્રમાણે વિચારતો હતો ત્યારે એક પહોર પછી તે બન્ને પ્રિયાઓ આવી ઝાડપરથી ઊતરીને ધીમે ધીમે પોતાના સ્થાનમાં ગઇ. શેઠ વિચારવા લાગ્યો કે – મારાવડે પહેલાં આ બન્ને પત્નીનું આવા પ્રકારનું ચરિત્ર ઘરમાં રહેતાં ક્યારે પણ જોવાયું નથી. આ પ્રમાણે રાત્રિમાં જે સ્ત્રીઓ પોતાની ઇચ્છાવડે જાય છે તેઓનું સુશીલપણું આ પૃથ્વીઉપર જોવાતું નથી. કહ્યું છે કે :–

**यात्रा-जागर-दूरनीरहरणं, मातुर्गृहेऽवस्थिति;**
**वस्त्रार्थं रजकोपसर्पणमपि, स्याच्चर्चिकामेलकः ।**
**स्थानभ्रंश-सखीविवाहगमनं, नृत्यप्रवासादयो;**
**व्यापाराः खलु शीलजीवितहराः, प्रायः सतीनामपि ।।३२।।**

યાત્રા – જાગરણ – દૂરથી પાણી લાવવું. માતાના ઘરે (પિયરમાં) રહેવું – વસ્ત્રમાટે ધોબી પાસે જવું – ચર્ચિમેલો સખીઓનાં ટોળાં હોય તેમાં જવું – સ્થાનનો ભ્રંશ – સખીના વિવાહમાં જવું. નૃત્ય –, પ્રવાસ વગેરે વ્યાપારો (કાર્યો) ખરેખર પ્રાયઃકરીને સતીઓના પણ શીલરૂપી જીવિતને હરણ કરનારા થાય છે . તે પછી બીજે દિવસે રાત્રિમાં શેઠ તે બન્ને સ્ત્રીના ચરિત્રને જોવા માટે તે વૃક્ષના પોલાણમાં (બખોલમાં) બન્ને પત્નીની પહેલાં આવીને રહયો. તે બન્ને સ્ત્રીઓ તે વૃક્ષઉપર ચઢી આકાશમાર્ગે સુવર્ણદ્વીપમાં લક્ષ્મીપુરની પાસે ગઇ. સરોવરની પાલઉપર વૃક્ષને સ્થાપન કરીને તે નગરને જોવામાટે શેઠની બન્ને સ્ત્રીઓ ગઇ. શેઠ પણ એ વૃક્ષના પોલાણમાંથી નીકલ્યો.

આ બાજુ તે નગરમાં રહેનારા કુબેરશેઠે પોતાની પુત્રીના વરમાટે કુળદેવીની પુષ્પોવડે પૂજા કરી આરાધના કરી. સંતુષ્ટ થયેલી તે કુળદેવીએ કહ્યું કે – હે શેઠ ! પાંચમે દિવસે રાત્રિના મધ્યભાગમાં સરોવરની પાળ ઉપર જે શ્રેષ્ઠપુરુષ આવે તેને તારે સુરસુંદરી પુત્રી આપવી. હે શેઠ ! આમાં તારે ચિત્તમાં વિચાર ન કરવો. કહ્યું છે કે : –

**जं जेण किंपि विहियं, सुहं व दुक्खं व पुव्वजम्मम्मि ।**
**तं सो पावइ जीवो, वच्चइ दीवंतरं जइवि ।।१९।।**

જેણે પૂર્વભવમાં જે કાંઇ સુખ અથવા દુઃખ કર્યું હોય તેને જીવ જો બીજાદ્વીપમાં જાય તો પણ તે પામે છે. આ વચન સાંભળી શેઠ સરોવરની પાળઉપર આવ્યો, શ્રેષ્ઠ આકારવાલા વરને જોઇને શેઠ ઘણો આનંદ પામ્યો. શેઠ એકદમ તેને ઘરે લઇ જઇને સારી વાણીથી કહ્યું કે – તું મારી પુત્રી આ સુરસુંદરીને વિવાહથી ગ્રહણ કર.

તે પછી વિવાહને લગતાં વસ્ત્રઆદિથીભૂષિત ભીમવણિક માયરામાં તે કુબેરશેઠની પુત્રીને હસ્તગ્રહણ કરીને બેઠો. આ તરફ તેની બન્ને પ્રિયાઓ ત્યાં આવી શ્રેષ્ઠવરને જોઇ તે બન્ને બોલી કે આ વર આપણા પતિસરખો છે. પૃથ્વીતલમાં ભ્રમણ કરતા સરખારૂપવાલી સ્રીઓ અને પુરુષો પણ જોવા મલે. તેથી અહીં હમણાં આપણે બન્નેએ ભ્રાંતિ ન કરવી. આ પ્રમાણે કહીને વરને જોઇને બીજાવરને જોવા માટે તે બન્ને સ્ત્રીઓ ઉતાવળ કરીને નગરની અંદર ગઇ. શેઠ વિચારવા લાગ્યો કે, સ્ત્રીઓનું મન ચપલ હોય છે. જે કારણથી મારી પ્રિયાઓ કૌતુક જોવામાટે જતી હતી.

આંધળો માણસ આગળ રહેલી વસ્તનુ જોવા માટે સમર્થ થતો નથી આશ્ચર્ય તો એ છે કે રાગાંધ

મનુષ્યો જગતને સુવર્ણમય જુએ છે. આ બાજુ તેણીનું પાણિગ્રહણ કરીને ભારવટ ઉપર ભીમવણિકે પોતાનું નામ અને પોતાના નગરનું નામ લખ્યું. શેઠ દેહચિંતાનું બહાનું કરીને આવીને વૃક્ષના પોલાણમાં ગુપ્તપણે રહ્યો. તેટલામાં તે બન્ને આવી. વૃક્ષપર ચઢીને તત્કાલ પોતાના ઘરે આવીને હર્ષથી શેઠની બન્ને સ્ત્રીઓ ઝાડઉપરથી ઊતરી. શેઠ પણ તે વખતે એકાંતમાં આવીને પોતાની શય્યામાં સૂઇ ગયો. તેટલામાં તે બન્ને સ્ત્રીઓ પણ પોતાનાં સ્થાનમાં રહી. ( ગઇ )

શેઠ વિચારવા લાગ્યો કે – શાસ્ત્રની અંદર સ્ત્રીઓ જે અબલા કહેવાય છે તે અહીં આ બન્ને સ્ત્રીઓમાં નકામું દેખાય છે. કહ્યું છે કે બગલો જીવતાં માછલાંઓને ગલી જતો મુનિ જેવો દેખાય છે. આસક્ત એવો તે મરેલાંને ખાતો નથી. આકારના ગૂઢપણાને ધિક્કાર હો. સવારે વિવાહકરેલા વસ્ત્રથી યુક્ત સૂતેલા પોતાના પતિને જોઇને ભીમની બન્ને પ્રિયાઓ પરસ્પર અતિગુપ્તપણે આમ કહેવા લાગી, જેણે લક્ષ્મીપુરમાં સુરસુંદરી કન્યા અંગીકાર કરી તે જ આ વિવાહના વસ્ત્રોથીયુક્ત આપણો પતિ છે. બળવાન એવા આપણાં પતિએ ત્યાં આપણે બન્નેને ગયેલી જાણી છે. તેથી જાગેલો પતિ આપણા બન્નેને પ્રગટપણે મારી નાંખશે. આ પ્રમાણે વિચારી તે વખતે તે બન્ને સ્ત્રીઓ તેની કમ્મરપર મૂલિકા બાંધીને પતિને શુક ( પોપટ ) કરીને જલ્દી લાકડાંના પિંજરામાં સ્થાપન કર્યો. આ બાજુ પૈસાદાર એવા કુબેરશેઠે એકવખત પુત્રીને પ્રગટપણે કહ્યું કે જમાઇ તને પરણીને ચાલ્યો ગયો છે . હવે શું કરીશું ? પુત્રીએ કહ્યું કે હે પિતા ! આપણા ઘરના ભારવટ– પાટડા ઉપર તમારા જમાઇએ જતાં જતાં અક્ષરની શ્રેણી લખી છે. અક્ષરની શ્રેણી વાંચીને સુરસુંદરીએ કહ્યું કે હે પિતા ! શ્રીપુરનગરમાં શ્રેષ્ઠએવો ભીમનામે મારો પતિ છે. જેથી મને આદેશ આપો. હું ત્યાં જાઉ. પિતાએ કહ્યું કે હે પુત્રી ! તારે ત્યાં જવું યોગ્ય નથી. પહેલાં તારો નાનો ભાઇ ત્યાં જઇને તારા પતિને ઓળખશે. તે પછી એ આવે ત્યારે તું પણ પોતાના પતિ પાસે જજે. સ્ત્રી એકલી પોતાની ઇચ્છામુજબ દૂરદેશમાં જાય તો શોભા થતી નથી. અને પોતાની જાતે જ પ્રતિષ્ઠા ચાલી જાય છે. આ પ્રમાણે વિચારીને તે વખતે કુબેરશેઠે પોતાના ચંદ્ર નામના પુત્રને જમાઇની તપાસ માટે ઉતાવળે મોકલ્યો. ચંદ્ર સમુદ્રમાર્ગે શ્રીપુરનગરમાં ભીમના ઘરે જઇને સારા નમસ્કાર પૂર્વક ભીમની બન્ને સ્ત્રીઓને મલ્યો. ચંદ્રે પૂછ્યું કે તમારો પતિ ક્યાં ગયો છે ? તે જણાવો. તે બન્નેએ કહ્યું કે તારે શું કામ છે ? તે કહે. તે પછી ચંદ્રે પોતાના આવવાનો વૃતાંત મૂલથી કહ્યો. શોક્યના ભાઇને જાણીને તે બન્નેએ તે વખતે કપટપૂર્વક કહ્યું

તારો બનેવી પરમદિવસે ઘણી લક્ષ્મીને લઇને વ્યાપારમાટે બીજા દેશમાં ગયો છે. તે પછી તે બન્નેએ વિશિષ્ટ અન્નપાન આદિ આપવાથી ચંદ્રભાઇને આદરપૂર્વક જમાડયો. અને તે હર્ષિત થયો. તે બન્નેએ કહ્યું કે તમારો બનેવી દૂરદેશમાં ગયો છે, તેને આવતાં ઘણા મહીના થશે તમારો બનેવી આ શહેરમાં આવશે ત્યારે ત્યાં સુરસુંદરીને લેવામાટે આવશે. ચંદ્રે વિચાર્યું કે આ પોપટવડે દેદીપ્યમાન લાકડાનું પાંજરૂં જો આપણા નગરમાં લઇ જઇએ તો બહેનને આનંદ થશે. તે પછી ચંદ્રે એકાંતમાં પોપટવડે દેદીપ્યમાન લાકડાંનું પાંજરૂં પોતાના નગરમાં લઇ જઇ તેણે પોતાની બહેનને જલ્દીથી આપ્યું. પોપટ સાથે ક્રીડા કરતી પોતાના મનને આનંદ પમાડતી પિતાના ઘરમાં રહેલી સુરસુંદરી ઘણો સમય પસાર કરવા લાગી. એક વખત પોપટની પાંખના મધ્યભાગમાં રહેલી શ્રેષ્ઠમૂલિયાને જોઇને સુરસુંદરીએ જેટલામાં છોડી નાંખી તેટલામાં ત્યાં શુકપણાને છોડીને જલ્દી પતિ

પ્રગટ થયો. તે વખતે માતા-પિતા સહિત કુબેરપુત્રી હર્ષિત થઇ. તેણીની સાથે હંમેશાં ભોગોને ભોગવતા ભીમવણિકે સસરાના ઘરમાં ઘણોકાલ પસાર કર્યો.

એક વખત એકાંતમાં કુબેરપુત્રીએ પતિને કહ્યું કે સસરાના ઘરમાં રહેલા પુરુષની શોભા થતી નથી. કહ્યું છે કે – ઉત્તમપુરુષો પોતાના ગુણવડે પ્રસિધ્ધ થાય છે. મધ્યમપુરુષો પિતાના ગુણવડે પ્રસિધ્ધ થાય છે. અધમપુરુષો મામાવડે પ્રસિદ્ધ થાય છે. અને સસરાવડે પ્રસિધ્ધ થયેલા અધમાધમ છે. ભીમે કહ્યું કે હે પ્રિયા ! મારા ઘરમાં પહેલાં મારી બન્ને પત્નીઓ છે. ( પણ ) તે કપટમાં કુશળ છે. તેથી ત્યાં જવાની મારી ઇચ્છા નથી. સુરસુંદરીએ કહ્યું કે હે પતિ ! ક્યારેપણ પુરુષોને કાયરપણું ન કરાય. તેથી તમે અહીં સાહસ કરો.

**अपमानं पुरस्कृत्य, मानं कृत्वाऽद्यपृष्ठत: ।**
**कार्यमुद्धरते प्राज्ञ:, कार्यभ्रंशो हि मूर्खता ।।६२।।**
**दाषेणैकेन न त्याज्य:, सेवक: सद्गुणोधिपै: ।**
**धूमदोष भयाद्वह्नि र्नहि केनाप्यपास्यते ।।६३।।**
**अत्याचारमनाचार - मतिनिन्दामतिस्तुतिम् ।**
**अतिशौचमशौचं च, षडेते जडबुद्धय: ।। ६४ ।।**
**तेजस्विनां मनस्तुङ्गं, नमस्वदन्तदशास्वपि ।**
**गच्छतस्तरणेरस्तं, स्फुरमूर्ध्वमरीचय: ।।६५।।**

અપમાનને આગળ કરીને માનને પાછલ કરીને ડાહ્યો માણસ આજે કાર્યનો ઉધ્ધાર કરે છે. કાર્યનો વિનાશ એ મૂર્ખતા છે. અધિપતિઓએ સારાગુણવાલા સેવકનો એક દોષથી ત્યાગ ન કરવો જોઇએ. ધુમાડાના દોષના ભયથી કોઇ અગ્નિને દૂર કરતો નથી.

અતિઆચાર –અનાચાર –અતિનિંદા –અતિસ્તુતિ – અતિશૌચ અને અશૌચ આ છ (વસ્તુઓ ) જડબુદ્ધિવાલા કરે છે. તો વાયુની જેમ અંતદશામાં પણ તેજસ્વીઓનું મન ઊંચું હોય છે. સૂર્યઅસ્ત થયે છતે તેના કિરણો પ્રગટ અને ઊંચા હોય છે. સુરસુંદરીનું કહેલું સાંભળીને ભીમે કહ્યું કે – હે પત્ની ! તેં જે કહ્યું છે તે શ્રેષ્ઠ છે. તે મને ગમે છે. જો તે બન્ને સ્ત્રીઓવડે હું પશુ કરાઇશ તો તે વખતે ત્યાં મારે અને તારે શું કરવું ? સુરસુંદરીએ કહ્યું કે હે પતિ! મને લઇને તું પોતાના ઘરે જા. ત્યાં તને સુખકારી એવું સર્વ સારું હું કરીશ.

કહ્યું છે કે : – **महिषविषाणे मशक:, शशक: शैले पिपीलिका पङ्के**
**सच्चरित्रे गुणिनि जने, पिशुन: कुपितोऽपि किं कुरूते ? ।।६९।।**

મચ્છર પાડાનાં શીંગડામાં – સસલું પર્વતમાં – કીડી કાદવમાં , તેમ સારા ચરિત્રવાલા ગુણવાન લોકને વિષે ક્ષેપ પામેલો પાપ ચાડિયો શું કરે ? આ પ્રમાણે ભવિષ્યમાં હિતકારક એવું પ્રિયાનું વાક્ય સાંભળીને ભીમે વિચાર્યું કે – મારી આ સ્ત્રી ખરેખર ગુણોવડે વખાણવા લાયક છે. કહ્યું છે કે :-

**ऋतुर्वसन्तः प्रियवादिनी प्रिया, प्रभुर्गुणज्ञो गुणगौरवक्रिया;**
**सुतो विनीतः समये घनाघनः, करोति नो कस्य मुदास्पदं मनः ॥७१॥**

વસંત ઋતુ – મીઠું બોલનારી પ્રિયા – ગુણને જાણનારો એવો સ્વામી – ગુણના ગૌરવની ક્રિયા – વિનીત એવો પુત્ર – યોગ્ય સમયે વરસાદ – એ કોના મનને હર્ષનું સ્થાન ન થાય ? સ્ત્રીવડે પ્રેરણા કરાયેલો ભીમ પ્રિયાસહિત પોતાના નગર તરફ ચાલતો હર્ષિત ચિત્તવાલો તે પછી પોતાના ગામમાં આવ્યો. બંને સ્ત્રીઓએ પ્રિયાસહિત તેને આવેલો જોઇને તેણીનું અને તેનું આદરસહિત સ્વાગત કર્યું. એકાંતમાં રહેલી તે બન્ને પૂર્વની પત્નીઓએ વિચાર કર્યો કે આપણે બન્નેએ પહેલાં પતિને પોપટ બનાવ્યો હતો. તે વખતે પૃથ્વીપર હણાયો ન હતો. ને પાંજરામાં રહેલો પોપટ કર્યો હતો. ખરેખર આનાવડે આપણાં બન્નેનું પોપટનું કરવું જણાઇ ગયું હશે ? હમણાં આ પતિ પ્રિયાસહિત આવ્યો છે. છલ કરીને આપણાં બન્નેને જ ગુપ્તપણે છલરૂપ થશે. તેથી આપણે બન્નેએ પોતાના જીવિતની રક્ષા માટે હમણાં જ ઉપાય કરવો જોઇએ. કારણ કે પ્રાણો સર્વને પ્રિય હોય છે. કહ્યું છે કે :- સર્વે જીવો જીવવા માટે ઇચ્છે છે. મરવા માટે નહિ તેથી ભયંકર એવા પ્રાણવધને નિર્ગ્રંથો વર્જે છે. આ પ્રમાણે વિચારીને બન્નેએ વિનયપૂર્વક કહ્યું કે – હે પતિ ! તમે સ્નાન કરો. શ્રેષ્ઠ ઉષ્ણજલ કર્યું છે. ત્યારે ભીમ આસનઉપર સ્નાન કરવા માટે બેઠો ત્યારે તે બન્ને સ્ત્રીવડે પાણીથી ભરેલી નીક ઘરની અંદર લવાઇ. તે ભીમ સ્નાન કરતો હતો ત્યારે જેટલામાં પાણીવડે સર્વ ઠેકાણે મસ્તક ભરાઇ ગયું. તે જ વખતે પાણીમાં ડૂબતાં એવા ભીમે જલ્દી સુરસુંદરીને કહ્યું કે હે પત્ની ! હું પાણીમાં ડૂબી ગયો છું. તું પૂર્વે કહેલું જલ્દી કર.

સુરસુંદરીએ કહ્યું કે હે કાંત ! હે પ્રભુ ! તમે ભય ન કરો. અહીં રહેલી હું તમને પાણીથી રક્ષણ કરવા માટે આપી છે જે દૃષ્ટી જેણે એવી હું રહી છું. ડૂબતાં મનુષ્યને પાણીપોતે ત્રણવખત પોતાની ઉપર નિષ્પાપ કરવા માટે ઉછાળે છે. એવી પ્રસિદ્ધિ છે. પાણીવડે ત્રણ વખત પતિ ઉપર ઉછાળે છતે સુરસુંદરીએ ફૂંકવડે સમસ્ત પાણીને દૂર કર્યું. દુષ્ટઆશયવાલી તે બંને શોક્યોને બે હુંકારાના અવાજવડે કુબેરશેઠની પુત્રીએ તે વખતે મંત્રથી સમડી બનાવી. તે પછી ત્રણે સ્ત્રીઓની ખરાબચેષ્ટા જાણીને ભીમ વિચારવા લાગ્યો કે મારે અહીં કેમ રહેવું ? આ પ્રમાણે ક્ષણવાર વિચારીને તે ત્રણે સ્ત્રીઓનો ત્યાગ કરી બાહ્યઉદ્યાનમાં સુવ્રતાચાર્ય પાસે ગયો. જ્ઞાની અને દયાળુ આત્મા એવા શ્રી ગુરુએ કૈવલ્યસુખને આપનારો એવો ઉપદેશ તેને આપ્યો. તે આ પ્રમાણે –

**अशुभं वा शुभं वापि - स्वस्व-कर्मफलोदयम् ।**
**भुञ्जानानां हि जीवानां - कर्त्ता हर्त्ता न कश्चन ॥९०॥**

પોત પોતાના કર્મના ફલના ઉદયરૂપ સુખ અને દુ:ખને ભોગવનાર જીવોનો કોઈ કર્તા કે હર્તા નથી.

**मृतप्रायं यदा वित्तं, मृतप्रायं यदा वपुः ;**
**मृतप्रायं यदाक्षाणा, मृद्धं पक्कं तदा सुखम् ।।९१।।**

આ ધન છે તે મરેલા જેવું છે. આ શરીર છે એ પણ મરેલા જેવું છે. જયારે ઈન્દ્રિયોનું વૃધ્ધિ પામેલું સુખ તે પણ મરેલા સરખું છે.

**कायेन मनसा वाचा, यत् कर्म कुरूते यदा ।**
**सावधानस्तदा तत्र, धर्मान्वेषी भवी भवेत् ।।९२।।**

મન – વચન – અને કાયાવડે જે વખતે જે કર્મ (કાર્ય) કરે છે, તે વખતે ધર્મને શોધનાર (કરનાર) પ્રાણી સાવધાન થાય .

**इष्टानिष्टेषु भावेषु – सदाऽव्यग्रमना मुनिः ।**
**सम्यग्निश्चयतत्त्वज्ञः स्थिरीकुर्वीत सात्त्विकः ।।९३।।**

ઈષ્ટ અને અનિષ્ટના ભાવોમાં હંમેશાં વ્યગ્રતારહિત મનવાલા સારીરીતે તત્વના નિશ્ચયને જાણનારા સાત્વિક મુનિ સ્થિરતાને કરે છે.

એ પ્રમાણે દેશના સાંભળીને ભીમે એકદમ શ્રી ગુરુપાસે સંસારસમુદ્રને તારનાર સંયમ ગ્રહણ ક્યોં. ભીમ મુનિ વિધિપૂર્વક ગુરુએ ક્હ્યાં પ્રમાણે સર્વજીવોને વિષે જયાણાકરતાં ભાવથી તપને તપે છે. લાંબા કાળસુધી ચારિત્રનું પાલન કરી પાપની પરંપરાનો ક્ષય કરતાં ભીમમુનિ – મરીને ( કાલ કરીને ) પહેલાં દેવલોકમાં ઈન્દ્ર થયા. તે ઈન્દ્ર એક વખત શત્રુંજયગિરિઉપર પ્રથમ જિનેશ્વરને નમન કરી જ્ઞાનીપાસે ધર્મદેશના સાંભળી. તે વખતે લાખ મુનિ સહિત કદંબ આચાર્ય શત્રુંજયગિરિઉપર જિનેશ્વરોને નમસ્કાર કરવા માટે આવ્યા. તે કેવલીની પાસે શ્રી સિદ્ધગિરિનો મહિમા સાંભળવા માટે સાધુઓ સહિત કદંબકસૂરિ બેઠા. તે કદંબ વગેરે સાધુઓને ધર્મસાંભળતા શુક્લધ્યાનથી સર્વલોકને જાણી શકે એવું કેવલજ્ઞાન થયું. તે ઈન્દ્ર મહારાજે તે કેવલજ્ઞાની અને મોક્ષપામેલા તે મુનિઓનો ઉત્સવ કરીને હર્ષવડે શ્રી સિદ્ધગિરિનું કદંબક એ પ્રમાણે નામ આપ્યું..

## શ્રી કદંબક નામઉપર ઈન્દ્રશ્રેષ્ઠિ કથા સંપૂર્ણ

# શ્રી શત્રુંજયનાં નામો અને ચાર ઉપમાઓ

शत्रुञ्जयः पुण्डरीकः, सिद्धिक्षेत्रं महाबलः।
सुरशैलो विमलाद्रिः, पुण्यराशिःश्रियः पदम्।।१।।
पर्वतेन्द्रः सुभद्रश्च, दृढशक्तिरकर्मकः।
मुक्तिगेहं महातीर्थं, शाश्वतः सर्वकामदः।।२।।
पुष्पदन्तो महापद्मः, पृथ्वीपीठं प्रभोः पदम्।
पातालमूलः कैलासः, क्षितिमण्डलमण्डनम्।।३।।
शतमष्टोत्तरं नाम्नामित्याद्युक्तममुष्य हि।
महाकल्पे विजानीयात्, सुधर्मोक्तेऽतिशर्मदे।।४।।
नामान्यमूनि यः प्रातः, पठत्याकर्णयत्यपि।
भवन्ति सम्पदस्तस्य व्रजन्ति विपदः क्षयम्।।५।।

શ્રી શત્રુંજયનાં નામો

શત્રુંજય – પુંડરીક – સિધ્ધિક્ષેત્ર – મહાબલ – સુરશૈલ – વિમલાદ્રિ પુણ્યરાશિ – લક્ષ્મીપદ – પર્વતેન્દ્ર – સુભદ્ર – દૃઢશક્તિ – અકર્મક–મુક્તિગેહ – મહાતીર્થ – શાશ્વત – સર્વકામદ – પુષ્પદંત – મહાપદ્મ – પૃથ્વીપીઠ – પ્રભુપદ – પાતાલમૂલ – કૈલાસ – ક્ષિતિમંડલમંડન – સુધર્મા સ્વામીએ કહેલાં અતિસુખને આપનારા મહાકલ્પમાં આ ગિરિનાં –૧૦૮ –નામ જાણવાં. હંમેશાં સવારમાં આ નામોને ભણે કે સાંભળે તેને સંપત્તિ થાય છે. અને વિપત્તિઓ ક્ષય પામે છે.

*रयणायरविवरोसहि – रसकूवजुआ सदेवया जत्थ।*
*ढंकाइ–पंचकूडा – सो विमलगिरी जयउ तित्थं।।५।।*

રત્નાકર – વિવર – ઔષધિ – રસકૂપિકાથીયુક્ત – દેવતાસહિત જ્યાં ઢંકઆદિ પાંચ શિખરો છે તે વિમલગિરિ તીર્થ જય પામો.

વ્યાખ્યા : – જ્યાં રત્નોની ખાણ છે. જ્યાં ઔષધિ આદિથી અધિષ્ઠિત ગુફારૂપ વિવરો છે. – છિદ્રો છે. ઔષધિઓ જુદા જુદા પ્રકારની છે. જેનાવડે અનેક રોગ જાય છે. વશીકરણઆદિ થાય છે. રસકૂપિકા એટલે સુવર્ણરસકૂપિકા. એક ગદિયાણા પ્રમાણ રસ તેની અંદર–૬૪–ગદિયાણા પ્રમાણ લોઢું અથવા તાંબુ નાંખવામાં આવે તો તે અગ્નિના સંયોગથી સોનું થાય છે. જ્યાં ઢંકઆદિ પાંચ કૂટો છે. તે વિમલગિરિ શત્રુંજયગિરિ તીર્થ જય પામો, હવે પ્રથમ રત્નાકરનો સંબંધ કહેવાય છે. :–

# રત્નાકરના વિષયમાં સોમ અને ભીમની કથા

શ્રીપુરનામના નગરમાં સોમ અને ભીમનામના બે ભાઈઓ હતા. તે બન્નેને સુંદર એવી રમા ને રામા નામની પત્નીઓ હતી. તે બન્ને ભાઈઓ જુદા જુદા હોવા છતાં પણ હંમેશાં એક ઠેકાણે ફરતા હતા ને પરસ્પર સ્નેહવાલા હતા. એક વખત સોમ અને ભીમ ગુરુપાસે વંદન કરવા માટે ગયા. તે વખતે ગુરુએ આદરપૂર્વક આ પ્રમાણે દેશના આપી.

**हस्तो दानविधौ मनो जिनमते वाच: सदा सूनृते,**
**प्राणा: सर्वजनोपकारकरणे वित्तानि चैत्योत्सवे।**
**येनैवं विनियोजितानि शतशो विश्वत्रयीमण्डनं,**
**धन्य: कोऽपि स विष्टपैकतिलकं काले कलौ श्रावक: ।।४।।**

જેમણે હાથ દાન આપવામાં – મન જિનમતમાં, હંમેશાં વાણી સત્યમાં – પ્રાણો સર્વજનોના ઉપકાર કરવામાં – ધન જિનમંદિરનાં ઉત્સવમાં આ પ્રમાણે જેણે સેંકડો વખત જોડ્યાં છે તે ત્રણ જગતના આભૂષણરૂપ ધન્ય એવો કોઈક શ્રાવક કલિયુગમાં જગતમાં એક તિલક જેવો છે.

**दौर्भाग्य प्रेष्यतां दास्य-मङ्गच्छेदं दरिद्रताम्।**
**अदत्तात्तफलंज्ञात्वा - स्थूलस्तेयं विवर्जयेत्।।५।।**

દુર્ભાગીપણું – ચાકરપણું– દાસપણું– અંગનોચ્છેદ અને દરિદ્રપણું એ અદત્તાદાનના ફલને જાણીને મોટી ચોરી ત્યાગ કરવી જોઈએ.

દેશનાના અંતે ઘણાં આદરપૂર્વક સોમે અભિગ્રહ લીધો કે હવે પછી મારે જરા પણ અદત્ત ન લેવું. ભીમે ગુરુએ કહયાં છતાં પણ અદત્તનો અભિગ્રહ ન લીધો. કારણકે સર્વે મનુષ્યો કોઇ ઠેકાણે સરખા હોતા નથી.

**एकोदर समुत्पन्नाः, एकनक्षत्र जातकाः ।**
**न भवन्ति समाः शीलैः, यथा बदरीकण्टकाः ।।८।।**

એક પેટમાં ઉત્પન્ન થયેલા. એક નક્ષત્રમાં જન્મેલા જીવો સમાન શીલવાળા હોતા નથી, જેમ બોર અને કાંટા. બન્ને ભાઇ એકવખત હર્ષવડે દ્રવ્ય ઉપાર્જન કરવા માટે વીરપુર નજીક બીજા દેશમાં ગયા. તે પછી આગળ જતાં સોમે કરોડના મૂલ્યવાલા મણિથીજડિત કુંડલને જોઇને નિર્લોભપણાવડે તે વખતે તેણે ન લીધું.

ભીમે તે ગુપ્તપણે લઇને માર્ગમાં ભાઇને મલ્યો. સોમે કહયું કે – તે શું જોયું ? ભીમે કહયું કે મેં જોયું નથી. તે પછી તે બન્ને ભાઇઓ પદ્મપુરીમાં આવ્યા.અનુક્રમે બન્ને ભાઇઓએ લક્ષ્મી ઉપાર્જન કરી. ભીમે ગુપ્તપણે કુંડલ વેચીને જયારે ઘણાં કરીયાણાં ગ્રહણ કર્યાં ત્યારે સોમે આદરપૂર્વક પૂછ્યું તારી પાસે ઘણાં કરીયાણાં કેમ જોવાય છે ? ભીમે કહયું કે ભાઇ ! હમણાં તારે અહીં પુછ્યું નહિ. ઘણાં આગ્રહથી પુછાયેલા ભાઇ ભીમે જયારે કુંડલનાં ગ્રહણને કહયું. ત્યારે સોમે ભાઇને આ પ્રમાણે કહયું. તમારાવડે હમણાં કુંડલવડે જે કરીયાણું ગ્રહણ કરાયું તે તારું થાઓ. હે ભાઇ ! તેનો ભાગ હું લઇશ નહિ. હવે પછી આપણે બન્ને ભાઇઓ જુદો વ્યાપાર કરીએ. પ્રાણોનો નાશ થાય તો પણ ક્યારે પણ પારકું ધન હું લઇશ નહિ. તે પછી તે બન્ને ભાઇઓ જુદું જુદું પોતાનું કરીયાણું લઇને નગરમાં આવીને પોતપોતાના ઘરમાં લઇ ગયાં. તે જ રાત્રિમાં ભીમના ઘરમાં ધાડે પ્રવેશ કરીને સર્વ ધનનો સમૂહ હરણ કર્યો. સર્વધન ગયેલું જોઇ પેટને અત્યંત કૂટતો ભીમ બોલ્યો કે આજે રાત્રિમાં ધાડે મારા મકાનને લૂંટી લીધું છે. સોમે આવીને કહયું કે હે ભાઇ ! તારા રૂદનવડે શું છે ? તેં જે આપ્યા વગરનું ધન લીધું હતું તે સારું ન કર્યું. વગર આપેલો લીધેલો વૈભવને આગલા વૈભવને સાથેલઇ રાજા – અગ્નિ ને ચોર આદિવડે નાશ પામે છે. અન્યાયથી ઉપાર્જન કરેલુ દ્રવ્ય ૧૦ વર્ષ રહે છે. સોલમું વર્ષ આવે ત્યારે મૂલસહિત નાશ પામે છે. અગ્નિશિખાને પીવી સારી. સર્પનું કરડવું સારું. હલાહલ ઝેર પીવું સારું. પરંતુ પરધનને હરણ કરવું સારું નથી.

**चौरश्चौरापको मन्त्री, भेदज्ञः काणकक्रयी;**
**अन्नदः स्थानदश्चैते, चौरः सप्तविधः स्मृतः ।।२५।।**
**हरिऊण परदव्वं, पूअं जो करइ जिणवरिंदाणं।**
**दहिऊण चंदणतरू, कुणइ अंगार वाणिज्जं।।२६।।**

ચોર, ચોરી કરાવનાર, ચોરીનો વિચાર કરનાર – ચોરીના ભેદને જાણનાર, ચોરીના ધનને ખરીદ કરનાર,

ચોરને અન્ન આપનાર અને ચોરને સ્થાન આપનાર આ પ્રમાણે ચોર સાત પ્રકારે કહ્યાં છે. પારકાનું દ્રવ્ય હરણ કરીને જે જિનેશ્વરની પૂજા કરે છે. તે ચંદનવૃક્ષને બાળીને અંગારાનો વેપાર કરે છે. હવે પછી તારે બીજાનું આપ્યા વગરનું દ્રવ્ય જરાપણ ન લેવું. તેથી તને ખરેખર આ લોક ને પરલોકમાં સુખ થશે.

સંતોષ કરનાર પુરુષને આ લોક અને પરલોકમાં સતત સુખ થાય છે. અને અસંતોષથી દુઃખ થાય છે. તેમાં સંશય નથી.

**सर्पाः पिबन्ति पवनं न च दुर्बलास्ते,**
**शुष्कैस्तृणै र्वनगजा बलिनो भवन्ति;**
**कन्दैः फलैर्मुनिवरा गमयन्ति कालं,**
**सन्तोष एव पुरूषस्य परं निधानम्॥२१॥**

સર્પો પવન પીએ છે પણ તેઓ દુર્બલ નથી. વનના હાથીઓ સૂકા ઘાસવડે બલવાન હોય છે. મુનિવરો તાપસો કંદ અને ફલોવડે કાલપસાર કરે છે. સંતોષ એજ પુરુષનું પરમ નિધાન છે. તે પછી ભીમે કહ્યું કે – હંમેશાં મારે સદ્ગતિ માટે પારકાનું ધન આપ્યા સિવાયનું જરાપણ ન લેવું. એક વખત તે બન્ને ભાઈઓ શ્રી ગુરુપાસે ગયા. અને શત્રુંજયપર્વતનું (રત્નાકર ઇત્યાદિ) માહાત્મ્ય સાંભળ્યું. ભીમે કહ્યું – સિદ્ધગિરિઉપર ગયેલાં મેં પગલે પગલે જોયું પણ મણિઓને જોયા નહિ. તો તમે આમ કેમ કહો છો ? ગુરુએ કહ્યું કે તે મણિનીખાણ દેવતાથી અધિષ્ઠિત છે. આથી ભાગ્યવિના કોઇ મનુષ્ય જોઇ શકતો નથી તે પછી ભીમે તે પર્વતઉપર આવી તીર્થંકરની પૂજા કરી કહ્યું કે જ્યારે હું મણિનીખાણને જોઇશ ત્યારે જ હું ખાઇશ. ( ભોજન કરીશ ) દશ દિવસ ગયા ત્યારે દેવે આવીને આ પ્રમાણે કહ્યું કે હે ભીમ ! તું ઊભો થા. તને રત્નખાણ પ્રગટ થશે. જેટલામાં ભીમ ઊભો થઈને આગળ જુએ છે તેટલામાં રત્નનીખાણ – તેને દ્રષ્ટિગોચર થઇ. હવે દેવે કહ્યું કે હું તારા પર તુષ્ટ થયો છું. તું પાંચમણિ ગ્રહણ કર. અને મારી ઉપર અનુગ્રહ કર. તું સાહસવાળો ને હમણાં ચલાયમાન કરવા છતાં પણ તું ચલાયમાન થયો નહિ. તે રત્નની ખાણમાંથી વણિકે પાંચમણિ પ્રાપ્ત કરીને ''રત્નખણી'' નામનો અરિહંતનો પ્રાસાદ કરાવ્યો. અનુક્રમે સોમ અને ભીમ ગુરુપાસે ચારિત્ર લઈને શત્રુંજયપર ગયા ને કર્મક્ષય કરીને મોક્ષ પામ્યા.

## રત્નાકર વિષયમાં સોમ અને ભીમની કથા સંપૂર્ણ.

—— ◇ ——

# વિવરના વિષયમાં ભીમરાજાની કથા

ઘણાં વિવરો ગુફારૂપ હોય છે. તે વિવરોમાં – ગુફાઓમાં તપસ્યા કરતાં સાધુઓ મોક્ષમાં જાય છે. ગયા છે ને જશે. અને યક્ષ વગેરેદેવો જેની રક્ષા કરે છે. હવે ચંદ્રનામના વિવરનું સ્વરૂપ કહેવાય છે.

વારાણસી નગરીમાં પ્રજાપાલ નામના રાજાને નિર્મલ અંગનીશોભાથી જિતી છે પ્રીતિપૂર્વક દેવાંગનાઓને જેણે – એવી રમાનામની પત્ની હતી. પુત્ર વગરની તે સ્ત્રી પુત્રની પ્રાપ્તિમાટે જ્યોતિષ આદિ જાણનારા વિદ્વાનોને પૂછતી તેઓને ઘણું ધનધાન્યઆદિ આપે છે. કહયું છે કે – રોગીના મિત્ર વૈદ્યો છે. સ્વામીના મિત્રો મીઠું બોલનારા છે. દુઃખથી બળેલાના મિત્રો મુનિઓ છે. ને ક્ષીણ સંપતિવાલાના મિત્રો જ્યોતિષીઓ છે. તો પણ તેને દુષ્કર્મના યોગથી પુત્ર ન થયો. તેથી તે રાજપત્ની સંતોષ ધારણ કરીને રહી. સર્પો પવન પીએ છે પણ દુર્બલ નથી. વનના હાથીઓ સૂકાં ઘાસવડે બલવાન હોય છે. મુનિવરો ( તાપસો ) કંદ અને ફલવડે સમય પસાર કરે છે. સંતોષ એજ પુરુષનું પરમ નિધાન છે. પૃથ્વી ઈચ્છા વગરનાઓને નિધાનો દેખાડે છે. જેમ સ્ત્રી બાલકોપાસે અંગોપાંગ છુપાવતી નથી તેમ.

એક વખત શુભકર્મના ઉદયથી એક દેવે આવીને કહયું કે એક વર્ષગયા પછી તને પુત્ર થશે. તે પછી એક વખત રાજાએ એક જ્યોતિષીને પૂછ્યું કે – ક્યા સમયે થયેલો પુત્ર દેદીપ્યમાન થશે ? જ્યોતિષીએ કહયું કે જે પુત્ર ઉચ્ચગ્રહો હોય ત્યારે ઉત્પન્ન થાય તો તે ચક્રવર્તિ વાસુદેવ કે બલદેવ થાય. મેષ રાશિનો સૂર્ય – ૧૦ – અંશ , વૃષભ રાશિનો ચંદ્ર – ૩ – અંશ , સિંહ રાશિનો મંગલ – ૨૮ – અંશ , કન્યા રાશિનો બુધ – ૧૫ – અંશ , કર્કરાશિનો ગુરુ – ૫ – અંશ , મીન રાશિનો શુક્ર – ૨૭ –અંશ , તુલા રાશિનો શનિ – ૨૦ – અંશનો હોય તો ઉચ્ચનો થાય. એક ગ્રહ ઉચ્ચનો હોય તો સુખી , બે હોય તો ભોગી , ત્રણ હોય તો ધનવાન , ચાર હોય તો નેતા , પાંચ હોય તો મંડલાધિપતિ , છ હોય તો રાજા , ને સાત હોય તો ચક્રવર્તિ થાય. આ ઉચ્ચગ્રહોનું ફલ છે. જે ક્ષણે ને દિવસે બે ત્રણ ગ્રહો ઉચ્ચના હતા તે સમયે ઔષધના યોગથી રાણીએ શ્રેષ્ઠ પુત્રને જન્મ આપ્યો. તે પુત્ર ઉત્પન્ન થયો ત્યારે રાણી મૃત્યુ પામી. પાપના ઉદયથી કોઈનું ચિંતવેલું થતું નથી. કહયું છે કે : –

**अघटित घटितानि घटयति, सुघटित घटितानि जर्जरीकुरूते;**
**विधिरेव तानि घटयति, यानि पुमान् नैव चिन्तयति ।।१४।।**

વિધાતા ન ઘટીશકે એવી ઘટનાઓને ઘડે છે. અને સારીરીતે ઘટી શકે તેવી ઘટનાઓને જીર્ણ કરે છે. દૂર કરે છે. વિધાતા તે જ ઘટનાઓને ઘડે છે કે જેને પુરુષ વિચારતો નથી. ધાવમાતાવડે હંમેશાં સ્તનપાન આદિ આપવાવડે વૃદ્ધિ પમાડેલો ભીમ નામે પુત્ર પિતાને અત્યંત વહાલો થયો.રાજાની બીજી પત્નીએ શ્રેષ્ઠપુત્રને જન્મ આપ્યો. પિતા એવા રાજાએ તેનું "હર" એ પ્રમાણે નામ આપ્યું. પોતાના પુત્રને રાજ્ય આપવાની ઈચ્છાવાળી રાણી શોક્યના પુત્રને મારી નાંખવા માટે હંમેશાં ધાન્યની અંદર ઝેર આપે છે. પણ તેનું આયુષ્ય દૃઢ હોવાથી તેને ઝેર જરાપણ લાગ્યું નહિ રાજપુત્ર ભીમે અપરમાતાની બધી ચેષ્ટા જાણી. ભીમ વિચારવા લાગ્યો કે – મારા મનમાં રાજ્યની ઈચ્છા નથી આ અપરમાતા હંમેશાં મને નકામી હણવામાટે ઈચ્છે છે. ભીમ નગરમાંથી બહાર નીકળીને શ્રી શત્રુંજ્યપર્વતઉપર ગયો ત્યાં તેણે ઘણી શ્રેષ્ઠ ગુફાઓ જોઈ.

તે ગુફાઓમાં શ્રી ઋષભદેવપ્રભુના ગીતોને ગાતાં કિન્નર અને કિન્નરીઓ, દેવો, યક્ષો અને રાજાઓને પણ ખુશ કરે છે. તે પર્વતઉપર વાઘ – સિંહ ને શિયાળ ઝરણાંઓને વિષે પાણી પીએ છે.. પોતાની ઈચ્છિત ભિક્ષાને (ભોજનને) ખાતાં ત્યાં સુખપૂર્વક રહે છે. સતત તીવ્રતપ કરતાં તપ અને ધ્યાનમાં પરાયણ આત્માઓ સુખથી સમય પસાર કરે છે. ને મોક્ષલક્ષ્મીને ઉપાર્જન કરે છે. ત્યાં નિરંતર ઔષધિઓવડે પ્રકાશ થાય છે. અને હર્ષવડે ઘણા યક્ષઆદિદેવો ક્રીડા કરે છે. આ પ્રમાણે હર્ષવડે પગલે પગલે કૌતુકોને જોઈને ભીમ પ્રભુની પૂજા કરીને જેટલામાં પર્વતઉપરથી ઝંપાપાત કરવા માટે તૈયાર થયો. ત્યારે ત્યાં રહેલાં જ્ઞાનીએ કહ્યું કે : – હે ઉત્તમ પુરુષ ! આત્માનો ઘાત કરવાથી જીવો પોતાના કર્મોથી છૂટતાં નથી. તેથી તું તીવ્રતપ કર. જેથી તને સુખ થાય. તું ચંદ્ર નામની ગુફામાં જઈને નિરંતર તપ કર. ત્યાં જઈને તે ભીમ તપ કરતો હતો ત્યારે ચતુરંગસેના સહિત શ્રીપુરનગરનું રાજ્ય તેને થયું. લાંબાકાળસુધી રાજ્ય કરીને શ્રીશત્રુંજ્યગિરિઉપર જઈને વ્રત ગ્રહણ કરી ચંદ્રગુફાની અંદરરહીને તીવ્ર તપ કરવા લાગ્યા. ત્યાં તીવ્ર તપ કરતાં ભીમઋષિને ત્રણજગતને પ્રકાશ કરનારું કેવલજ્ઞાન થયું. તે વખતે દેવોએ ત્યાં આવી તે કેવલજ્ઞાનનો ઉત્સવ આદરપૂર્વક કર્યો. જેથી તેને જોનારા મનુષ્યોને પણ કેવલજ્ઞાન થયું. ત્યાં ભીમ મોક્ષમાં ગયા. બીજા પણ કેટલાક સાધુઓ મોક્ષમાં ગયા. ને કેટલાક પ્રથમ આદિ દેવલોકમાં ગયા.

## વિવરના વિષયમાં ભીમરાજાની કથા સંપૂર્ણ

—— ◇ ——

# ઔષધના વિષયમાં પદ્મસેન રાજાની કથા

ઓસહત્તિ ઔષધ એટલે કે જે રોગ વગેરેને દૂર કરનાર હોય છે. તે આ પ્રમાણે :-

ક્ષિતિભૂષા નામના નગરમાં ન્યાયવડે શોભતા વીરરાજાને પદ્માવતી નામે પત્ની ને પદ્મસેન નામનો પુત્ર હતાં. અનુક્રમે મોટા થતાં પુત્રને પિતાએ પંડિતની પાસે ભણાવ્યો. જેથી તે ધર્મ અને કર્મના શાસ્ત્રમાં પંડિત થયો કહ્યું છે કે :- જીવલોકમાં જન્મેલા મનુષ્યે નિશ્ચે બે વસ્તુ શીખવી જોઇએ. જે કર્મવડે જિવાય અને મરેલો સદ્ગતિમાં જાય. પિતાએ પુત્રને રાજાઓની ૫૦૦ પુત્રીઓ પરણાવી. અને તે પુત્ર દોગુંદુક દેવની જેમ સુખી થયો. હંમેશાં રાજપુત્ર ગીત – નૃત્યાદિ કરાવતો, સૂર્યના ઉદયને અને અસ્તને જરાપણ જાણતો નથી. આ પ્રમાણે નિરંતર સુખમાં અત્યંત આસક્ત એવા કુમારને તીવ્રપીડાને આપનારો ક્ષય નામે રોગ થયો. રાજાએ પુત્રના રોગને દૂર કરવા માટે ચિકિત્સકોને ( વૈદ્યોને ) બોલાવ્યા. તેને જે જે ઔષધો અપાયાં તે તે નકામાં થયાં. પિતાએ પુત્રના રોગના નાશમાટે જાણકાર જ્યોતિષીઓને બોલાવીને કહ્યું. ત્યારે તેઓએ કહ્યું તમારા પુત્રનો ક્ષયરોગ આઠ દિવસવડે દૂર થશે. તેઓએ કહેલું પણ જ્યારે ન થયું ત્યારે રાજાએ શાંતિક અને પૌષ્ટિક કર્મો કરાવ્યાં. તે પછી તે કાર્યો ફોગટ થયા ત્યારે પુત્રના દુ:ખથી રાજા નારકીનાજીવની પેઠે અત્યંત દુ:ખી થયો. તે પછી સંઘને ભેગો કરીને પુત્રસહિત રાજા શ્રી શત્રુંજયતીર્થઉપર જિનેશ્વરોને નમસ્કાર કરવા માટે ગયો. ગોમુખયક્ષના મંદિરમાં સાતઉપવાસકરીને રાજપુત્ર તેની આગળ બેસીને બોલ્યો.

હે યક્ષ ! મારારોગના નાશમાટે તું ઔષધ કહે. જેથી મારા શરીરમાંથી ક્ષયરોગ ક્ષણવારમાં વિનાશ પામે. ગોમુખયક્ષે કહ્યું કે હે રાજપુત્ર ! તું હમણાં આ વૃક્ષનું ફલ ખા. જેથી તારો રોગ તરતજ વિનાશ પામશે. યક્ષેકહેલા વૃક્ષઉપરથી ફલોને લઇને ખાઇને રાજપુત્ર તે વખતે દેવકુમારની જેમ તરત જ નીરોગી થયો. તે પછી પદ્મસેનકુમારે શ્રી યુગાદિદેવ જિનેશ્વરના મંદિરમાં જઇને જિનેશ્વરની પૂજા કરી. સંસારથી તારનારું પારણું કર્યું તે પછી વીરરાજા તે વખતે પુત્રને રોગરહિત જાણી હિમાલય સરખો પ્રાસાદ કરાવ્યો. તે પછી તેમાં શ્રી શાંતિનાથ ભગવાનની સુવર્ણમય ઉત્તમપ્રતિમા સ્થાપન કરીને રાજા પોતાના નગરમાં આવ્યો.

**ઔષધના – વિષયમાં-પદ્મસેન-રાજાની-કથા-સંપૂર્ણ.**

— ◇ —

# રસકૂપિકાઉપર શ્રેષ્ઠિપુત્ર સુંદરની કથા

કુંતલ નામના નગરમાં ધનકુબેર સરખો ધનદ નામે શેઠ હતો.. તેને શીલવગેરે ગુણથીભૂષિત ધનવતી નામની પત્ની હતી.અનુક્રમે શેઠાણીએ સારાદિવસે સોમ – અમર – શ્રીદ – અને સુંદર નામના ચાર પુત્રોને જન્મ આપ્યો. સર્વપુત્રોને હંમેશાં સારા વસ્ત્રોને આભરણવડે ને સારા અન્નપાનથી હર્ષિત ચિત્તવાલો શેઠ વિષયોનું પોષણ કરતો હતો. ઘણાં ધનનો વ્યય કરી પિતાએ આચાર્યો પાસે ( પંડિતો પાસે ) સર્વપુત્રોને ભણાવ્યા અને પરણાવ્યા. શેઠ સર્વપુત્રોને જુદા જુદા ઉજજ્વલ મકાનો આપીને પુત્રોને જોઈને આનંદ પામતો હતો.. અનુક્રમે પોતપોતાની પત્નીથી વશ કરાયેલા સર્વ શ્રેષ્ઠિપુત્રો પિતાપાસેથી ધનલઈને પશુનીમાફક જુદા થયા. ચારપુત્રો હોવા છતાં પણ શ્રેષ્ઠિરાજ લક્ષ્મીઉપાર્જન કરવામાટે વિસામાવગર રાત્રિ–દિવસ કમાણી કરે છે. એક વખત શેઠને પોતાના ઘરમાં ઘી લાવતાં જોઈને વિમલ નામના મિત્રે કહ્યું કે–હે શેઠ ! તમે જાતે કેમ કમાવ છો ? શેઠે કહ્યું કે ગામમાં વસવા છતાં પણ હું સ્ત્રીઓવડે લૂંટાયો છું મિત્રશેઠે કહ્યું કે એવી કઈ સ્ત્રીઓ છે કે હે મિત્ર ! તેનાવડે તું લૂંટાયો છે ? શેઠે કહ્યું કે મારા દેખતાં મારી પુત્રવધૂઓએ મારા પુત્રોને ચોરી લીધા છે. વિમલે કહ્યું કે તારી પુત્રવધૂઓ હમણાં શું ચોરી કરનારી થઈ છે ? શેઠે કહ્યું કે ચોરો તો સારા કે જેઓ ઘરમાંથી ધન લઈને પાછા આવતાં નથી. આ પુત્રવધૂઓ તો નિરંતર મારી આંખમાં આવ્યા કરે છે.. મિત્રે કહ્યું કે તારા પુત્રોને વહુઓ પાસેથી હું પાછા લાવીશ. માટે દુ:ખ ન કરવું પરંતુ ધર્મમાં આદર કરવો. તે પછી વિમલે મિત્રપુત્રપાસે આવીને કહ્યું, ત્રણ જગતમાં માતા – પિતા સરખું તીર્થ નથી.

**ते पुत्रा ये पितुर्भक्ता, स पिता यस्तु पोषकः ।**
**तन्मित्रं यत्र विश्वासः, सा भार्या यत्र निर्वृत्तिः ।।१४।।**
**जनेता चोपनेता च, यस्तु विद्यां प्रयच्छति;**
**अन्नदः प्राणदश्चेति, पिता पञ्चविधः स्मृतः ।।१५।।**

કહ્યું છે કે : – પુત્રો તે છે કે જે પિતાના ભક્ત હોય, પિતા તે છે કે જે આશ્રિતનું પોષણ કરે. મિત્ર તે છે કે જેમાં વિશ્વાસ હોય, પત્ની તે છે કે જ્યાં શાંતિ હોય.

ઉત્પન્ન કરનાર – પાસે લઈ જનાર – જે વિદ્યા આપે – અન્ન આપે અને પ્રાણ આપે, આમ પિતા પાંચપ્રકારે કહયાં છે. તે જ પુત્ર વખણાય છે કે જે હંમેશાં પોતાના કુલને , પિતાની કીર્તિને ધર્મને અને ગુણોને વૃધ્ધિપમાડે ઈત્યાદિ સારાઉપદેશથી ત્રણ શ્રેષ્ઠિપુત્રોને ક્રમે મિત્રે પાછા વાળ્યા. તેઓ સારી ભક્તિપૂર્વક

પિતાની સેવા કરવા લાગ્યા. શ્રેષ્ઠિ પુંગવે મિત્રવડે ત્રણપુત્રોને પાછા વાળેલા જાણીને હર્ષિત થયેલો શેઠ ધનદાન વગેરે અનેકપ્રકારે પુણ્ય કરે છે. કહ્યું છે કે :-

**वज्रलेपस्य मूर्खस्य, नारीणां मर्कटस्य च।**
**एको ग्रहस्तु मीनानां, नीलीमद्यपयोस्तथा।।१९।।**

વજ્રલેપ-મૂર્ખ-સ્ત્રીઓ-વાંદરાંઓ-માછલાંઓ-નીલરંગ-અને મદિરાપાન કરનારાઓનો કદાગ્રહ અદ્વિતીય હોય છે. (ઔષધિઓથી વજ્રલેપ બને છે તે, મૂર્ખમાણસો, સ્ત્રીઓ-વાંદરાંઓ-માંછલાંઓ-ગળીનો અસલરંગ-અને દારુપીનારાઓની પક્કડ ખૂબજ મજબૂત હોય છે.) નિર્ધન થયેલો ચોથો પુત્ર પોતાના નગરને છોડીને શ્રી શત્રુંજયનીપાસે દિવસનેઅંતે ભયંકર ગુફામાં ગયો. સવારે ત્યાં સાધુઓને જોઇને તેમની પાસે જઇને સારી ભક્તિથી નમસ્કાર કરીને સુંદર વણિકપુત્રે - મુખ્ય સાધુની આગળ આ પ્રમાણે સાંભળ્યું.

આ શ્રી શત્રુંજયતીર્થમાં શ્રી શાંતિનાથ ભગવાનના દૃષ્ટિના ગોચરમાં-માર્ગમાં સુવર્ણને કરનારી રસવડે ભરેલી રસકૂપિકા નક્કી છે જ. જે શ્રી શાંતિનાથ જિનેશ્વરની આગળ છઠ્ઠ-આદિ તપ કરે છે. અને પારણામાં વીશ અડદ ખાય છે. તેને શ્રી શાંતિનાથ અરિહંતનું સ્મરણ કરતાં રસકૂપિકાનો દેવ જલ્દી સુવર્ણને કરનારા રસને બતાવે છે. કહ્યું છે કે :- શ્રી શાંતિનાથ ભગવાનના ચૈત્યની આગળ ત્રીસહાથે સાતપુરુષપ્રમાણઊંડી સોના ને રુપાની બે ખાણો છે. ત્યાંથી સો હાથ જઇને પૂર્વદ્વારમાં આઠહાથ ઊંડી સિધ્ધરસથી ભરેલી કૂપિકા છે. શ્રી પાદલિપ્તનામના આચાર્યભગવંતે તીર્થનો ઉધ્ધાર કરવા માટે તેની પાસે રત્ન ને સુવર્ણ સ્થાપન કર્યું છે.

શ્રી ઋષભદેવના બિંબથી પૂર્વદિશામાં નીચે ઋષભકૂટથી ત્રીસ ધનુષ્ય જઇને ત્રણ ઉપવાસ કરવા જોઇએ. બલિવિધાન આદિ કર્યા પછી તે "વૈરોટયા દેવી" પોતાનું દર્શન આપે. તેની આજ્ઞાવડે શિલાઉપાડીને રાત્રિમાં તેમાં પ્રવેશ કરવો. ત્યાં ઉપવાસ કરવાથી સર્વ સિધ્ધિઓ પ્રાપ્ત થાય છે. ત્યાં રહેલા શ્રી ઋષભદેવની પ્રતિમાને નમન કરવાથી એકાવતારી થાય. ત્યાં પાંચસો ધનુષ્ય આગળ સાત પત્થરની કુંડી છે. ત્યાં સાત પગલાં જઇને પંડિત પુરુષે બલિનો વિધિ કરવો જોઇએ. ત્યાં કોઇક પુણ્યશાલીને બે ઉપવાસવડે શિલા ઉપાડવાથી રસકૂપિકા પ્રત્યક્ષ થાય.ગુરુએ કહેલું આ સાંભળીને તે તીર્થમાં જઇને તેણે તપ કર્યું. તેથી કૂપીનો અધિષ્ઠાયક પ્રગટ થયો. દેવે કહ્યું કે :- હું હમણાં તારાપર તુષ્ટ થયો છું. હું તને રસકૂપિકા બતાવીશ. વેગપૂર્વક તું ગ્રહણ કર. સુવર્ણને કરનારો ત્રણભાર રસ તેમાંથી મેળવી સુંદર શ્રેષ્ઠિપુત્ર પોતાના નગરમાં આવ્યો ને ઘણું સોનું કર્યું. દેવના વચનથી હંમેશાં માતા-પિતાની ભક્તિમાં તત્પર એવા સુંદરે કૈલાસપર્વત સરખો પ્રાસાદ કરાવ્યો. તેની અંદર શ્રેષ્ઠ સુવર્ણમય ત્રીસભાર પ્રમાણવાલી શ્રી શાંતિનાથ ભગવાનની પ્રતિમા સુંદર વણિકે સ્થાપન કરી. શ્રી શત્રુંજયગિરિ ઉપર શ્રી શાંતિનાથ ભગવાનની શ્રેષ્ઠ સુવર્ણમય પ્રતિમા કરાવીને તેણે મંદિરમાં હર્ષવડે પ્રતિષ્ઠા કરાવી. માતા પિતા ને ભાઇઓ સહિત સુંદર શ્રી સિધ્ધગિરિ ઉપર ઘણાં દ્રવ્યનો વ્યય કરી વિસ્તારથી યાત્રા કરે છે. ત્યાં શાંતિજિનની આગળ શાંતિનાથ ભગવાનનું ધ્યાન કરતાં તે સુંદરને પાપનોક્ષય થવાથી કેવલજ્ઞાન ઉત્પન્ન થયું.

દેવતાએ આપ્યો છે મુનિવેશ જેને એવા સુંદર કેવલીએ તે વખતે તેવીરીતે આદરપૂર્વક સર્વજ્ઞના ધર્મનો ઉપદેશ આપ્યો, કે જે સાંભળતા ત્રણલાખ મુનિઓને ત્રણજગતને પ્રકાશ કરનારું કેવલજ્ઞાન ઉત્પન્ન થયું.

## રસકૂપિકાઉપર શ્રેષ્ઠિપુત્ર સુંદરની કથા સંપૂર્ણ

— ◇ —

ઢંકઆદિ પાંચ શિખરોઉપર જેઓ મોક્ષે ગયાં છે. જાય છે ને જશે તે જીવોની સંખ્યા છદ્મસ્થ જીવોવડે કોઈ ઠેકાણે જાણી શકાતી નથી.

*जो अरय छग (च्छक्क) म्मि, असीसत्तरिबसट्ठीपन्नबारजोयणए।*
*सगरयणीविच्छिन्नो, सो विमलगिरी जयउ तित्थं ।।६।।*

ગાથાર્થ :– જે છ આરામાં અનુક્રમે ૮૦ – ૭૦ – ૬૦ – ૫૦ – ને ૧૨ યોજન અને સાત હાથ વિસ્તારવાળો છે. તે વિમલગિરિતીર્થ જયવંતુ વર્તો.

ટીકાનો અર્થ : – જે આ પર્વત છ આરામાં અનુક્રમે એંશી યોજન – સિત્તેર યોજન – સાઠ યોજન – પચાસ યોજન – બાર યોજન અને સાતહાથ પ્રમાણ છે. તે વિમલગિરિતીર્થ ચિરકાલ જયવંતુ વર્તો.

*जो अट्ठ जोअणुच्चो, पन्ना - दस जोअणं च मूलुवरिं।*
*विच्छिन्नो रिसहजिणे, सो विमलगिरी जयउ तित्थं ।।७।।*

ગાથાર્થ :– જે આઠયોજન ઊંચો છે. મૂલમાં પચાસ યોજન ને ઉપર દશયોજન વિસ્તારવાલો છે. જેના સ્વામી ઋષભજિનેશ્વર છે તે વિમલગિરિતીર્થ જયવંતુ વર્તો.

ટીકાનો અર્થ : – જે પર્વત શ્રી ઋષભદેવપ્રભુ વિજયવંતા હતા (વર્તતા હતા ) ત્યારે આઠ યોજન ઊંચો. મૂલ –શરુઆતમાં પચાસ યોજન વિસ્તારવાળો ને ઉપર દશયોજન વિસ્તારવાળો પ્રથમ જિનેશ્વર વર્તતે છતે હતો, તે વિમલગિરિતીર્થ જયવંતુ વર્તો

*जहिं रिसहसेणपमुहा - असंख तित्थंकरा समोसरिआ।*
*सिद्धाय सिद्धसेले - सो विमलगिरी जयउ तित्थं ।।८।।*

ગાથાર્થ :– જ્યાં ઋષભસેન વગેરે અસંખ્ય તીર્થંકરો સમોસર્યા છે. અને સિધ્ધશૈલપર મોક્ષ પામ્યા છે. તે વિમલગિરિ તીર્થ જયવંતુ વર્તો. ટીકાર્થ : – જ્યાં ઋષભસેન વગેરે અસંખ્યાતા તીર્થંકરો સમવસર્યા છે સિધ્ધ થયા છે – સિધ્ધિ પામ્યા છે. તે વિમલગિરિ તીર્થ જય પામો. તેની આ કથા છે.

## શ્રી શત્રુંજયમાં ઋષભસેન જિનેશ્વરનો આવવાનો સંબંધ

અયોધ્યા નગરીમાં જનાનંદ નામે નીતિવાલો રાજા હતો. તે રાજાને શીલગુણથી શોભતી શીલવતી નામે પત્ની હતી. હાથીથી માંડીને અગ્નિસુધીના ચૌદસ્વપ્નોવડે સૂચિત એવા પુત્રને સુખપૂર્વક રાત્રિમાં શીલવતીએ જન્મ આપ્યો.

હાથી–વૃષભ–સિંહ–લક્ષ્મી–માલા–ચંદ્ર–સૂર્ય–ધ્વજ–કુંભ–પદ્મસરોવર–સમુદ્ર–વિમાન કે ભવન– રત્નનો ઢગલો ને અગ્નિ. તે પુત્રનો અનુક્રમે ઈન્દ્ર મહારાજાએ અને પિતાએ જન્મોત્સવ કર્યો, અને પિતાએ સારા ઉત્સવપૂર્વક ઋષભસેન એ પ્રમાણે નામ આપ્યું. અનુક્રમે મોટા થતાં પુત્રે પિતા સંબંધી અદ્ભુત રાજ્ય મેળવી અને તૃણની માફક રાજ્યને ત્યજી સંયમ ગ્રહણ કર્યો. શ્રીમાન ઋષભસેનપ્રભુ છદ્મસ્થપણું ઓળંગી કેવલજ્ઞાન પ્રાપ્ત કરી સુર અને અસુરવડે નમસ્કાર કરાયા. મણિ – રુપું અને સુવર્ણમય શ્રેષ્ઠ ત્રણ ગઢમાં સિંહાસન પર બેસીને (તે) તીર્થંકરે ધર્મને કહ્યો.

**अपि लभ्यते सुराज्यं - लभ्यन्ते पुरवराणि रम्याणि ।**
**नहि लभ्यते विशुद्धः - सर्वज्ञोक्तो महाधर्मः ।।८।।**

કદાચ સારું રાજ્ય મેળવાય. સુંદર નગરો મેળવાય, પરંતુ સર્વજ્ઞે કહેલો વિશુધ્ધએવો મહાધર્મ મેળવાતો નથી.

**चत्वारः प्रहरा यान्ति, देहिनां गृहचेष्टितैः ।**
**तेषां पादे तदर्द्धेवा, कर्तव्यो धर्मसंग्रहः ।।९।।**

પ્રાણીઓના ચાર પ્રહરો ઘરની ચેષ્ટાવડે જાય છે તેથી તેના પા ભાગમાં અથવા તેના અર્ધભાગમાં ધર્મનો સંગ્રહ કરવો જોઇએ.

**उत्थायोत्थाय बोद्धव्यं - किमद्य सुकृतं कृतम्।**
**आयुषः खण्डमादाय, रविरस्तमुपागतः ॥१०॥**

હંમેશાં ઊઠીને વિચારવું જોઇએ કે મેં આજે શું સત્કાર્ય કર્યું ? અસ્ત થતો સૂર્ય રોજ આપણા એક દિવસને લઇ જાય છે. સૂર્ય આયુષ્યનો કટકો લઇને અસ્ત પામે છે.

**अनित्यानि शरीराणि - विभवो नैव शाश्वतः ।**
**नित्यं सन्निहितो मृत्युः कर्तव्यो धर्मसङ्ग्रहः ॥१३॥**

શરીરો અનિત્ય છે. વૈભવ શાશ્વતો નથી. મૃત્યુ હંમેશાં નજીક રહેલું છે. આથી ધર્મનો સંગ્રહ કરવો. એક વખત શ્રી ઋષભસેન તીર્થંકરપ્રભુ ભવ્યજીવોને પ્રતિબોધ કરતાં મોક્ષલક્ષ્મીને આપનાર શ્રી શત્રુંજયગિરિઉપર ગયા. દેવતાઓએ રત્ન – સુવર્ણને રુપાના ત્રણગઢ કર્યા ત્યારે તેમાં પ્રભુએ બેસીને મોક્ષસુખને આપનારી ધર્મદેશના આ પ્રમાણે આપી.

**अन्यायन्यायभेदेन - चतुर्भङ्गी धने ततः ।**
**सतां सर्वोत्तमी भङ्गी न्यायार्जितस्य सद्व्ययात् ॥१४॥**

અન્યાય અને ન્યાયના ભેદવડે ધનને વિષે ચતુર્ભંગી થાય છે. સત્પુરુષોને ન્યાયથી ઉપાર્જન કરેલા દ્રવ્યનો સત્કાર્યમાં વ્યય કરવાથી સર્વથી ઉત્તમભાંગો થાય છે.

**पादमायान्निधिं कुर्यात् - पादं वित्ताय घट्टयेत् ।**
**धर्मोपभोगयोः पादं, पादं भर्तव्यपोषणे ॥१५॥**

લાભમાંથી ચોથો ભાગ નિધાન કરવો. એક ભાગ ધર્મના ઉપભોગમાં– (ધર્મના કાર્યમાં) ચોથો ભાગ ઉપભોગમાં, ને ચોથોભાગ આશ્રિતનું પોષણ કરવામાં.થયેલી આવકના ચારભાગ કરવા. પછી તેમાંનો એક ભાગ અનામત મૂડીમાં કે વ્યાજમાં મૂકવો. એક ભાગ ધર્મના કાર્યમાં વાપરવો. એક પોતાના ભોગવટમાં અને એક ભાગ આશ્રિતોનું ભરણપોષણ કરવામાં વાપરવો.

**संसाराम्बुनिधौ सत्त्वाः कर्मोर्मिपरिघट्टिताः ।**
**संयुज्यन्ते वियुज्यन्ते, तत्र कः कस्य बान्धवः ? ।।१६।।**

સંસારસમુદ્રમાં પ્રાણીઓ કર્મના તરંગવડે જોડાયેલા સંયોગ પામે છે ને વિયોગ પામે છે. ત્યાં કોણ કોનો બાંધવ ? આ પ્રમાણે ત્યાં સર્વજ્ઞના ધર્મને સાંભળીને ધર્મી પ્રાણીઓએ સમ્યક્ત્વસહિત શ્રાવકધર્મને આદરથી ગ્રહણ કર્યો. આયુષ્યનાઅંતે ઘણા સાધુસહિત તે જિનેશ્વર શ્રીશત્રુંજયગિરિઉપર ગયા. અને ક્ષીણ થયાં છે પાપ જેના એવા તે મુક્તિનગરીમાં ગયા તે પછી ચંદ્રધનસર્વજ્ઞ આઠકર્મનો ક્ષય કરી ઘણાં મુમુક્ષુઓ સહિત આ સિધ્ધગિરિઉપર મોક્ષ પામ્યા. તે પછી શ્રી અનંતજિન વિહાર કરતાં આયુષ્યના ક્ષયે આ જ ગિરિઉપર મુક્તિ નગરીને પામ્યા. આ પ્રમાણે અસંખ્ય સાધુઓ સહિત અસંખ્ય સર્વજ્ઞો શત્રુંજયગિરિપર આવ્યા અને મુક્તિનગરીને પામ્યા. ઉત્સર્પિણી વ્યતીત થયે છઠ્ઠે સંપ્રતિનામના જિનેશ્વર થયા અને તેમના શ્રેષ્ઠ પ્રથમ ગણધર કદંબ નામે થયા. અને તે શ્રીશત્રુંજયગિરિપર આવીને કરોડ મુનિસહિત – મોક્ષમાં ગયા. આથી આ ગિરિ કાદંબક કહેવાયો. અહીં પ્રભાવથી વ્યાપ્ત એવી દિવ્ય ઔષધિઓ છે. રસકૂપ – રત્નો તેમજ બીજા કલ્પવૃક્ષો છે.

દિવાળીના દિવસે – સારા વારના દિવસે – સક્રાન્તિમાં અને ઉત્તરાયણમાં અહીં આવીને મંડલ સ્થાપન કરે તો દેવતાઓ પ્રત્યક્ષ થાય છે. તેવી કોઇ ઔષધિઓ નથી. તેવા કોઇ સરોવર કે કુંડ નથી. પૃથ્વીમાં તેવી કોઇ સિધ્ધિઓ નથી કે જે આ ગિરિઉપર ન હોય. સુરાષ્ટ્રદેશમાં રહેનારા લોકો દારિદ્ય વડે કેમ પીડા પામે છે કે જ્યાં સિધ્ધિનું ઘર એવો કદંબગિરિ છે.

જેની ઉપર આ ગિરિ તુષ્ટ થયો છે, તેને કામધેનુ – કલ્પવૃક્ષ ને ચિંતામણિ આદિ તેની ઉપર ચારેબાજુથી સર્વતુષ્ટ થયા છે.

## શ્રી પદ્મનાભવગેરે ભાવિપ્રભુનું શ્રી શત્રુંજયમાં આગમન

***तह पउमनाहपमुहा – समोसरिस्संति जत्थ भाविजिणा ।***
***तं सिद्धखित्तनामं – सो विमलगिरी जयउ तित्थं ।।१।।***

ગાથાર્થ :– તેમજ પદ્મનાભ વગેરે ભાવિજિનેશ્વરો જ્યાં સમવસરશે તે સિધ્ધક્ષેત્ર નામે વિમલગિરિતીર્થ

જયવંતુ વર્તો.

ટીકાર્થ :– તેમજ પદ્મનાભ વગેરે અસંખ્યાતા ભાવિજિનેશ્વરો જે સિધ્ધગિરિઉપર સમવસરશે તે ગિરિ સિદ્ધક્ષેત્ર નામે વર્તે છે આથી તે વિમલગિરિપર્વત જયવંતો વર્તો. અહીં કથા કહે છે. :–

મગધદેશમાં દેવનગરસરખા રાજગૃહ નગરમાં વૈરીરૂપી હાથીનો નાશ કરવામાં કેશરી સિંહસરખા પ્રસેનજિત નામે રાજા હતા. તે રાજાને નિર્મલ પરાક્રમવાલો શ્રેણિકનામે પ્રથમ પુત્ર થયો. જુદી જુદી સ્ત્રીઓ થઇ. ને નવી નવી કાંતિવાલા પુત્રો થયા. રાજાએ વિચાર્યું કે હમણાં મારે સો પુત્રો છે. પરંતુ પરીક્ષા વિના હમણાં રાજ્યયોગ્ય પુત્ર જાણી શકાય નહિ.

**स्वर्णरूप्यमणीकुम्भि – वाजिननृस्त्री मु (सु) खादि वा।**
**परीक्ष्य सत्तमैर्ग्राह्यं, यथा धर्मोऽत्र धर्मिणा ।।४।।**

સોનું રુપું–મણિ–હાથી–ઘોડા–માણસ–સ્ત્રીનાંસુખ વગેરે પણ સારામાણસોએ પરીક્ષા કરીને ગ્રહણ કરવા જોઇએ. જેમ ધર્મીપુરુષવડે ધર્મ પરીક્ષા કરીને ગ્રહણ કરાય તેમ, તેથી પકવાન્નથી ભરેલા કરંડીયા – પાણીથી ભરેલાં કોરા ઘડા, રાજાએ ઘરની અંદર મુકાવ્યાં. રાજાએ પુત્રોને બોલાવીને કહયું કે તમારે ખાવું ને પાણી પીવું. પરંતુ કરંડીયાઓ અને ઘડાઓ દૃઢપણે બાંધેલા છે તે ઉઘાડવાં નહિ. સર્વે ભૂખ્યા થયેલા ભાઇઓને શ્રેણિકે કરંડીયાઓને હલાવીને ઘડાઓને વસ્ત્રોવડે ઢાંકીને – કપડું નીચોવીને ભાઇઓને જમાડ્યા ને પાણી પીવડાવ્યું. અને પોતે ભાઇઓ જમ્યા પછી જમ્યો. રાજાએ શ્રેણિકની બુદ્ધિ જાણીને પોતાના મનમાં વિચાર કર્યો કે આ પુત્રોમાં આજપુત્ર રાજ્યનેયોગ્ય છે. બીજા નહિ કહયું છે કે :–

**वाजिवारणलोहानां, काष्ठपाषाणवाससाम्।**
**नारीपुरूषतोयाना – मन्तरं विद्यते महत् ।।१०।।**

ઘોડા–હાથી–લોઢું–લાકડું–પત્થર–વસ્ત્ર–સ્ત્રી પુરુષ ને પાણીનું મોટુ અંતર હોય છે. તે પછી સાકર – ઘી – દૂધથી ભરેલા પાત્રોમાં પુત્રો જમવા બેઠા ત્યારે રાજાના આદેશથી ભૂખ્યા એવા કૂતરાઓને તે પાત્રમાં ખાવામાટે વેગથી રાજાએ એકાંતમાં પરીક્ષા કરવા માટે ફરીથી છોડયાં. ખીર ખાવા માટે કૂતરાઓ આવ્યા ત્યારે રાજપુત્રો નાસી ગયા. તે વખતે બુધ્ધિનું ભાજન એવો શ્રેણિક ઊભો ન થયો. કુમારોવડે છોડી દેવાયેલા એવા એંઠાં ભાજનોને તે કૂતરાઓ તરફ નાંખતો રાજપુત્ર શ્રેણિક જમવા લાગ્યો. રાજમંદિર સળગ્યું ત્યારે પ્રથમ પુત્ર શ્રેણિક જલ્દી ભંભા લઇને નીકળ્યો. બીજાઓ રેશમી વસ્ત્રવગેરે લઇને ઘરમાંથી નીકળ્યાં.

તે પછી રાજાએ કહયું કે હે શ્રેણિક ! તું અહીંથી હમણાં ચાલ્યો જા તું ભંભાને વગાડતો ઘરે ઘરે ભિક્ષાથી

પોતાનું પેટ ભરજે ને તારે બોલાવ્યા વિના અહીં આવવું નહિ. તેં કૂતરાઓ સાથે ખાધું છે. માટે તું કૂતરા સરખો છે. હવે શ્રેણિક રાત્રિમાં તે વખતે પોતાનાં નગરમાંથી ગુપ્તપણે નીકળી અટવીમાં ગયો. અને સારાસુખને આપનારું એક સ્વપ્ન જોયું. કાલે નદીને કિનારે જતાં તું પીપળો અને સમુદ્રને જોઈશ અને તેનાં મૂલ ભાગમાં એક મોટી શિલા છે. અને ત્યાં અઢાર મોટા પ્રભાવવાલા–પાણી–અગ્નિ–વાઘ–સિંહ–હાથી–શાકિનીને સ્તંભન કરનારા. અંધપણું–શૂલ–મસ્તકની પીડા દૂર કરનારા–વશીકરણ કરનારા, મૂઢપણાને ઉત્પન્ન કરનાર, સંતાનને વધારનાર લક્ષ્મીને આપનાર–ભયને હરણ કરનાર પ્રીતિને આપનાર – પુષ્ટિ શાંતિને આપનાર ને રોગને હરણ કરનાર. આ મણિઓને લઈને હે શ્રેણિક ! તું સુખી થા. સવારે તે મણિઓને લઈને જુદી જુદી ગાંઠમાં બાંધીને જુદા જુદા પ્રભાવને યાદ રહે તેરીતે સ્થિરકરીને શ્રેણિક આગળ ચાલ્યો.

એક ભીલડી તેને માર્ગમાં મલી. અને કહ્યું કે હે ઉત્તમપુરુષ ! તું મને વર. હે મનોરમ ! મારો પિતા લાખ ગામનો સ્વામી ભિલ્લ છે. હું વાઘથી ભય પામતી નથી. તેમજ બીજા કોઇ ભૂત–પ્રેત–હાથી અને બીજા કોઈથી ભય પામતી નથી. ફક્ત અગ્નિથી ભય પામું છું. શ્રેણિકે કહ્યું કે – હે સ્ત્રી ! હું તારું પાણિગ્રહણ નહિ કરું, હું રાજપુત્ર છું. ને તું ભીલડી છે. તેથી હું તારું પાણિગ્રહણ કઇ રીતે કરું ? તે તું કહે. આ પ્રમાણે બોલતો કુમાર ત્યાં દાવાનલ આવ્યા ત્યારે અગ્નિના મણિને યાદ કરીને જલ્દી પ્રવેશ કરીને તેને કહેવા લાગ્યો તું અહીંયાં આવ અને તું મને વર. તેથી ભીલડીએ કહ્યું કે મારાવડે મૂઢપણાથી ભેદ કહી દેવાયો. તેથી હું તારાવડે ઠગાઈ છું. તે પછી જતો કુમાર બિન્ના નદીના કાંઠે ગયો. જેટલામાં વૃક્ષઉપર ચઢ્યો તેટલામાં તેના હાથને વિષે ચંદનનું વૃક્ષ થયું–આવ્યું શેઠીયાઓને તે વૃક્ષ આપીને ઘણાં શ્રેષ્ઠમણિ પ્રાપ્ત કરી. શ્રેણિક ધનાવહ શેઠની દુકાને ગયો. તે દુકાન ઉપર રહ્યો હતો ત્યારે ઘણો લાભ થયો ત્યારે વણિકે કહ્યું કે તું કોનો મહેમાન છે ? તે બોલ્યો કે હું આપનો મહેમાન છું.

શેઠવડે પોતાના ઘરમાં તે લવાયેલા સુંદર આકૃતિવાલાને જોઈને નંદા નામની પુત્રીએ કહ્યું કે હે પિતા! મને આની સાથે પરણાવો. શેઠે જમાડીને તેને પોતાની પુત્રી નંદા આપીને તે રાજપુત્ર શ્રેણિકને પોતાના ઘરે રાખ્યો. વહાણોમાંથી પૂર્વે આવેલી ધૂળ જે દુકાનની આગળ નાંખી હતી તેને જોઈને શ્રેણિક બોલ્યો આ તેજંતૂરિકા ધૂળ આ પ્રમાણે તમે કેમ નાંખી છે ? શેઠે કહ્યું કે આ ધૂળવડે શું પ્રયોજન છે ? શ્રેણિકે કહ્યું કે આ ધૂળ નથી. આ અગ્નિમાં નાખેલી શીશાના યોગથી સોનું થાય છે. શેઠપણ ધૂળમાંથી સોનું પેદા કરીને ધનવાન થયો. શ્રેણિકે આંધળી એવી રાજકુમારીને દિવ્યદ્રષ્ટિવાલી કરી. સગર્ભા એવી સ્ત્રીને મૂકીને પિતાવડે બોલાવાયેલો શ્રેણિક ગુપ્તપણે આવીને પિતાના બે ચરણોને હર્ષવડે નમ્યો. પ્રસેનજિત રાજા શ્રેણિકપુત્રને રાજ્ય આપીને આયુષ્યના અંતે સ્વર્ગનું સુખ પામ્યા.

તે પછી નંદાએ સારાદિવસે પુત્રને જન્મ આપ્યો. અને અનુક્રમે તેનું નામ અભયકુમાર થયું. મોટા થતાં એવા તેણે અનુક્રમે પિતાને રાજગૃહના અધિપતિ જાણીને પોતાની બુધ્ધિ બતાવીને વેગથી પિતાને મલ્યો.

ચારબુધ્ધિના ભંડાર પુત્રને જાણીને તેના ગુણવડે ખુશથયેલા શ્રેણિક રાજાએ તેને સર્વ મંત્રીઓમાં મુખ્ય

કર્યો. અનાથી મુનિપાસે જિનેશ્વરે કહેલો ધર્મ સાંભળીને શ્રેણિકરાજા હંમેશાં શ્રી વીરભગવાનની સેવા કરવા લાગ્યો. પ્રભુની પૂજા કરીને સવારે-૧૦૮-સુવર્ણના જવ-ભેટ કરીને જ શ્રેણિકરાજા નિરંતર જમતો હતો. અખંડભક્તિથી પ્રભુનીપૂજા કરતાં તીર્થંકરની પદવીને યોગ્ય સુંદરએવું તીર્થંકરનામકર્મ ઉપાર્જન કર્યું. પૂર્વે ( પૂર્વ અવસ્થામાં ) મૃગનો વધ કરવાથી બાંધ્યુ છે કર્મ જેણે એવા શ્રેણિકરાજા શીઘ્ર પહેલી નરકમાં મધ્યમ આયુષ્યમાં ગયા.

આ બાજુ ઉત્સર્પિણી કાલમાં બીજા આરાના છેડે સાત ઉત્તમ કુલકરો અનુક્રમે થશે. – તે આ પ્રમાણે. તેમાં પહેલા વિમલવાહન-બીજા સુદામ-ત્રીજા સંગમક-ચોથા સુપાર્શ્વ. પાંચમા દત્ત. છઠ્ઠા સુમુખ અને સાતમા સમુચી ॥ પહેલા કુલકર જાતિસ્મરણવડે પૃથ્વીપર પ્રગટ અગ્નિ ઉત્પન્ન થયે છતે નગર વગેરે સર્વેની સ્થાપના કરશે. ઉત્સર્પિણીના બે આરા ગયે છતે ભરતની અંદર પુંડ્રવર્ધન દેશમાં શતદ્વાર નામના નગરમાં સમુચી રાજાની ભદ્રાનામની શ્રેષ્ઠ દેદીપ્યમાન રૂપવાલી દેવાંગનાઓનો પરાભવ કરે એવી પત્ની થશે. એક વખત સુખપૂર્વક સૂતેલી ભદ્રા હાથી વગેરે ચૌદ સ્વપ્નોને પોતાના મુખમાં પ્રવેશ કરતાં દિવસને અંતે જોશે. રત્નપ્રભા નામના નરકમાં રોરક નામના પાટડામાં-૮૪-હજાર વર્ષની આયુષ્યની સ્થિતિ પૂર્ણકરીને શ્રેણિકનો જીવ-ભદ્રાદેવીની કુક્ષિમાં શુભક્ષણે અવતરશે ને પૃથ્વીને ક્ષણવાર સુખી કરશે.

સૂર્ય – ચંદ્ર વગેરે બધા ગ્રહો ઉચ્ચ સ્થાને હતા ત્યારે ચૈત્ર સુદિ તેરસને દિવસે ભદ્રા પુત્રને જન્મ આપશે. ઈન્દ્ર અને રાજા અનુક્રમે તેઓનો જન્મોત્સવ કરશે. અને રાજા સારા ઉત્સવપૂર્વક પદ્મનાભ એ પ્રમાણે નામ આપશે. સાત હાથના શરીરવાલા સુવર્ણસરખા વર્ણવાલા સિંહના ચિહ્નવાલા પદ્મનાભરાજા રાજાઓવડે સેવાશે. અનુક્રમે મોટા થતાં વૈરિમર્દન રાજાની પુત્રીને તે પદ્મનાભકુમાર મહોત્સવપૂર્વક પરણશે.

ત્રીશ વર્ષ થશે ત્યારે માગશર વદ-૧૦ નો દિવસ પદ્મરાજાને દીક્ષા આપનાર અનુક્રમે થશે. ને વૈશાખ સુદિ દશમી પ્રથમ અરિહંત પદ્મનાભને કેવલજ્ઞાન આપનારી થશે. દેવતાઓએ રુપા – સુવર્ણ ને મણિમય ત્રણ ગઢ કર્યા ત્યારે તેમાં બેઠેલા એવા જિનેશ્વર મોક્ષને આપનારા ધર્મને કહેશે. દેશનાના અંતે જિનેશ્વર ગણધરોની સ્થાપના કરશે. અને ઘણા શ્રાવકોપાસે ઉત્તમ એવો શ્રાવકધર્મ ગ્રહણ કરાવશે.. મોક્ષને આપનારા ધર્મને લાંબાકાળ સુધી ભવ્યજીવોને પ્રતિબોધ કરીને કાર્તિક અમાવસ્યાની રાત્રિને વિષે તે મોક્ષમાં જશે.

સૂરદેવ-સુપાર્શ્વ-સ્વયંપ્રભ-જિનેશ્વર-સર્વાનુભૂતિ-સર્વજ્ઞ-દેવશ્રુત-ઉદય-પેઢાલ-પોટિટલ-શ્રી શતકીર્તિ-સુવ્રત-અમમ-નિષ્કષાય-નિષ્પુલાક-નિર્મમ-ચિત્રગુપ્ત-સમાધિ-સંવર-યશોધર-વિજય-મલ્લદેવ-અનંતવીર્ય-ભદ્રકૃત-એ(૨૪) જિનેશ્વર મોક્ષને આપનારા શત્રુંજયતીર્થમાં આવીને ભવ્યજીવોને ધર્મદેશના આપશે. તે વખતે ક્રોટિ પ્રમાણવાલા ભવ્યજીવો સમસ્ત કર્મનો ક્ષય કરીને તરતજ મોક્ષલક્ષ્મીને પામશે. તેમાં સંશય નથી.

એ પ્રમાણે અસંખ્યાતા ભાવિતીર્થંકરો શત્રુંજયગિરિઉપર મુક્તિ પામશે. ॥

*सिरिनेमिनाहवज्जा, जत्थ जिणा रिसहपमुहवीरंता।*
*तेवीस समोसरिआ, सो विमलगिरी जयउ तित्थं ॥१०॥*

ગાથાર્થ : શ્રી નેમિનાથ પ્રભુને વર્જીને ( છોડીને ) શ્રી ઋષભદેવથીમાંડીને વીરપ્રભુ સુધીના ત્રેવીસ તીર્થંકરો જ્યાં સમોસર્યા છે. તે વિમલગિરિતીર્થ જયવંતુ વર્તો.

ટીકાર્થ :– બાવીશમા તીર્થંકર શ્રી નેમિનાથપ્રભુ તે સિવાયના એવા શ્રી ઋષભદેવ – અજિતનાથ વગેરે – વર્ધમાન સ્વામી સુધીના ૨૩ તીર્થંકરો જે ગિરિપર સમોસર્યા છે. તે વિમલગિરિ – શત્રુંજય નામે પર્વત જગતને વંદનીય એવો જય પામો. આ પ્રમાણેનો સંબંધ છે. ત્યાં પ્રથમ શ્રી ઋષભ જિનેશ્વરના સમવસરણનું સ્વરૂપ કહેવાય છે. –

## શ્રી ઋષભદેવ શ્રી શત્રુંજયપર પધાર્યા તે સંબંધ

એક વખત વિહાર કરતાં શ્રી ઋષભદેવસ્વામી દેવોવડે પૂજવા લાયક એવા શત્રુંજયતીર્થઉપર સાધુઓના કલ્યાણ માટે સમોસર્યા. ત્યાં શ્રી ઋષભપ્રભુએ દેવો અને મનુષ્યોની આગળ પાપને હણનારી વાણીવડે ધર્મોપદેશ કર્યો. હંમેશાં બંધુજનોને વિષે વિરોધીપણું – રોગીપણું મૂર્ખજનો સાથે સોબત – ક્રૂરસ્વભાવ – કડવી વાણી – ક્રોધીપણું એ નરકમાંથી આવેલા મનુષ્યોનું ચિહ્ન છે. સ્વર્ગમાંથી ચ્યવેલાને આ જીવલોકમાં ચાર પદાર્થ હંમેશાં હૃદયમાં વસે છે. દાનનો પ્રસંગ – નિર્મલવાણી – દેવપૂજા ને સદ્‌ગુરુની સેવા.

**दुर्वारा वारणेन्द्राः जितपवनजवाः, वाजिनः स्यन्दनौघाः ।**
**लीलावत्यो युवत्यः प्रचलितचमरै र्भूषिताराज्यलक्ष्मीः**
**उच्चैः श्वेतातपत्रं चतुरुदधितटी, संकटा मेदनीयं;**
**प्राप्यन्ते यत्प्रभावात् त्रिभुवनविजयी, सोऽस्तु नो धर्मलाभः ।।५।।**

દુઃખે કરીને વારી શકાય એવા હાથીઓ–પવનના વેગને જીતનારા ઘોડા–રથનાસમૂહો–ક્રીડાવાલી યુવતીઓ–ચાલતાં (વીંઝાતા) ચામરોવડે ભૂષિત રાજ્યલક્ષ્મી. મોટુંશ્વેતછત્ર–ચાર સમુદ્રના છેડાવાળી એવી આ પૃથ્વી જેના પ્રભાવથી પ્રાપ્ત થાય છે તે ત્રણ ભુવનમાં વિજયી એવો ધર્મલાભ તમને હો. ત્યાં રહેલાં પ્રભુના લાખપ્રમાણવાલા શ્રેષ્ઠમુનિઓ કેવલજ્ઞાન પામી મુક્તિપુરીમાં ગયા. તે પછી શ્રી ઋષભદેવપ્રભુ વિહાર કરીને લોકોને પ્રતિબોધ કરતાં ફરીથી સાધુઓની મુક્તિમાટે શત્રુંજયપર સમવસર્યા. તે વખતે ત્યાં પ્રભુના પચાસ હજાર શ્રેષ્ઠતપસ્વીઓએ અનુક્રમે કેવલજ્ઞાન પામી મુક્તિરૂપીનગરીને અલંકૃત કરી. આ પ્રમાણે અસંખ્યવાર ત્યાં આવીને શ્રી આદીશ્વર પ્રભુએ સાધુઓને અને ઘણાં ભવ્યજનોને મુક્તિપુરી પમાડી. કહ્યું છે કે :– ઋષભદેવપ્રભુ નવ્વાણું પૂર્વસુધી વિહાર કરતાં દેવો સાથે પ્રથમ તીર્થ એવા શત્રુંજયમાં સમવસર્યા ૬,૯૮,૫૪, ૪૦,૦૦,૦૦,૦૦,૦૦૦ ઓગણસિત્તેર કોડાકોડી–પંચાશી લાખ કોડી–૪૪–હજાર કરોડ–આટલી વાર શ્રી ઋષભદેવપ્રભુ શ્રી શત્રુંજયઉપર સમવસર્યા.ત્યાં પ્રભુની વાણી સાંભળીને ચારિત્ર અંગીકાર કરી જેઓ મુક્તિ પામ્યાં છે તેઓની સંખ્યા પંડિતો પણ જાણતાનથી.

**એ પ્રમાણે ઋષભદેવ જિનેશ્વરનો શત્રુંજયપર આવવાનો સંબંધ**

# શ્રી તીર્થંકર ભગવંતોનું શ્રી શત્રુંજયમાં આગમન
# શ્રી અજિતનાથપ્રભુનો શત્રુંજયમાં આવવાનો સંબંધ

શ્રી અજિતનાથપ્રભુ ઘણાં ભવ્યજીવોને પ્રતિબોધ કરતાં ભવ્ય પ્રાણીઓના મોક્ષમાટે શ્રી શત્રુંજયતીર્થમાં પધાર્યા. દેવતાઓએ સોનું – રુપું – ને મણિમય ત્રણ ગઢ કર્યા ત્યારે તેનાપર શ્રી અજિતનાથ પ્રભુએ બેસીને આ રીતે ધર્મ કહયો.

**वरपूजया जिनानां, धर्म श्रवणेन सुगुरुसेवनया;**
**शासन भासन योगै:, सृजन्ति सफलं निजं जन्म: ।।३।।**

જિનેશ્વરપ્રભુની શ્રેષ્ઠ પૂજાવડે–ધર્મના શ્રવણવડે અને સુગુરુની સેવાવડે –શાસનની શોભા વધે તેવા યોગો (કાર્યો) વડે પોતાનો જન્મ સફલ થાય છે. વિવેકી મનુષ્યે ધર્મ કરવાના અવસરને મેળવીને તેના વિસ્તાર માટે વિલંબ ન કરવો. કારણ કે તક્ષશિલાના રાજા બાહુબલિવડે રાત્રિને ઓળંગીને જિનેશ્વરપ્રભુને નમસ્કાર ન કરાયો. તે આ પ્રમાણે:–

છદ્મસ્થ અવસ્થામાં રહેલા નાભિપુત્ર એટલે આદિનાથ પ્રભુ પોતાના કર્મના ક્ષયમાટે સાંજે તક્ષશિલા નગરીની નજીક કાઉસ્સગ્ગધ્યાને રહ્યા. વનપાલના મુખેથી બાહુબલિ રાજાએ પિતાનું આગમન જાણીને વિચાર કર્યો કે પ્રભુને રાત્રિમાં નમતાં જરાપણ શોભા નહિ થાય. તેથી હું સવારે સુંદર વિભૂતિવડે કરી છે નગરીની શોભા જેણે એવો હું ઘણા રાજાઓ સાથે પ્રભુના બે ચરણોમાં વંદન કરીશ. મનોહર સામગ્રી તૈયાર કરીને સારા ઉત્સવપૂર્વક ઘણા રાજાઓની સાથે ઋષભદેવપ્રભુને બાહુબલી વંદન કરવા જેટલામાં ચાલ્યા. તેટલામાં આ બાજુ સવારે વાયુની જેમ પ્રભુ આગળ ચાલ્યા અને ત્યાં આવેલો પુત્ર બાહુબલી પિતાને ન જોતાં આ પ્રમાણે રડવા લાગ્યો. હે સ્વામી ! શા માટે તમે તમારું એકવાર પણ દર્શન ન આપ્યું ? હે પ્રભુ ! હમણાં તમે મારી દૃષ્ટિનાં માર્ગમાંથી અદૃષ્ટપણાને કેમ પામ્યા ? એ પ્રમાણે વિલાપ કરતો બાહુબલી મુખ્ય મંત્રીઓવડે રોકાયો. ને તેણે જિનેશ્વરપ્રભુના પગલાથી શોભતો સ્તૂપ કરાવ્યો. ધર્મ કરવાની ઇચ્છાવાળો જે માણસ એક ક્ષણ પણ વિલંબ કરે તે જાતે પાછલથી બાહુબલી રાજાની જેમ શોક કરે છે ( પસ્તાય છે. ) આ પ્રમાણે ધર્મ સાંભલીને ઘણા ભવ્યજીવો તે ગિરિપર સર્વકર્મની સ્થિતિના ક્ષયથી મુક્તિએ ગયા. એક વખત શ્રી અજિતનાથ ભગવાન ધર્મદેશના કરતા હતા ત્યારે ત્રણ લાખ સાધુઓ સિધ્ધપર્વતપર મોક્ષે ગયા.

**આ પ્રમાણે શ્રી અજિતનાથ ભગવાનનો શત્રુંજયપર આવવાનો સંબંધ પૂર્ણ**

— ◇ —

# શ્રી સંભવનાથ પ્રભુનો શ્રી શત્રુંજયમાં આવવાનો સંબંધ

એકવાર શ્રી સંભવનાથ ભગવાન મનુષ્યોને બોધ કરતાં ઘણા સાધુઓની સાથે શ્રી સિધ્ધાચલ પર્વતપર આવ્યા. દેવતાઓએ રુપું – સુવર્ણ ને મણિમય ત્રણ ગઢવાલું સમવસરણ કર્યું ત્યારે તેમાં બેસીને સંભવનાથ પ્રભુએ ધર્મોપદેશ આપ્યો. નંદીશ્વર દ્વીપમાં ( દર્શન – વંદન – પૂજન કરતાં ) જે પુણ્ય થાય છે. તેનાથી કુંડલ પર્વતમાં બે ગણું પુણ્ય મલે છે. રુચકદ્વીપમાં ત્રણ ગણું પુણ્ય મલે છે. અને હસ્તિદંતમાં – ગજદંતમાં ચારગણું પુણ્ય મલે છે. આનાથી (ઉપર કહેલાં ફલથી ) જંબૂચૈત્યમાં યાત્રા કરતાં બેગણું પુણ્ય મલે છે. ઘાતકી ખંડની શાખામાં રહેલાં જિનચૈત્યોની પૂજા કરતાં છ ગણું પુણ્ય મલે છે. પુષ્કરવર દ્વીપમાં રહેલા જિનબિંબોની પૂજા કરતાં બત્રીસ ગણું પુણ્ય મલે છે. અને મેરુપર્વતની ચૂલાપર ( શિખર પર ) રહેલા પ્રભુની પૂજા કરતાં સો ગણું પુણ્ય મલે છે. શ્રી શત્રુંજયમાં સ્વાભાવિક રીતે સ્પર્શના કરતાં ક્રોડગણું પુણ્ય મનાયું છે. મનુષ્યોને મન – વચન અને કાયાની શુધ્ધિથી અનંતગણું પુણ્ય મલે છે.

વર્ધમાન નગરમાં પદ્મશ્રેષ્ઠિને શ્રીમતિ નામની પત્ની હતી. તેને અનુક્રમે પદ્મા, લક્ષ્મી ને ચંદ્રાવતિ નામની ત્રણ પુત્રીઓ થઇ. (૭)પિતાએ આ ત્રણે પુત્રીઓને સઘળી ધર્મકલા ને કર્મકલા ભણાવી. તે પુત્રીઓ બન્ને સંધ્યાએ પ્રતિક્રમણ અને જિનેશ્વરની પૂજા કરે છે.

ત્રણે બહેનો પંડિતોમાં ઉત્તમએવા એક જ વરની ઈચ્છા કરતી પોતાના પિતાની આગળ મનમાં ચિંતવેલી વાત કરી. ત્યાર પછી ધનશ્રેષ્ઠિના શ્રીદ નામના પુત્રને પંડિત જાણી શાસ્ત્રોના અર્થને આદરપૂર્વક પિતાએ પૂછ્યા,લક્ષણશાસ્ત્ર – અલંકાર શાસ્ત્ર – છંદ શાસ્ત્ર – વગેરે મુખ્ય મુખ્ય શાસ્ત્રના જે જે અદભુત અર્થોને શ્રેષ્ઠિએ પૂછ્યા તે તે અર્થોને તેણે તુરત કહયા. તેથી શ્રેષ્ઠિએ ઘણાં વૈભવનો વ્યય કરવાવડે સુંદર ઉત્સવપૂર્વક ધનશ્રેષ્ઠિના શ્રીદ નામના પુત્રને ત્રણે કન્યાઓ આપી. બે વર્ષ ગયા પછી કોઇક ઓચિંતો વિષમ – અસાધ્ય રોગ થવાથી વૈદ્યોવડે સારવાર કરવા છતાં તે શ્રીદ જમાઇ મૃત્યુ પામ્યો. કહયું છે કે –

**मातापिता भैषजमिष्टदेवो, विद्याप्रिया नंदन बान्धवाश्च।**
**गजाश्च भृत्या बलपद्मवासे, नेशाजनं रक्षितुमन्तकाले।।१४।।**

માતા – પિતા – ઔષધ – ઈષ્ટદેવતા – વિદ્યા – પ્રિયા – પુત્ર – બાંધવો – હાથીઓ – નોકરો અને બલરામ

જેના અંતમાં છે તેવા અંતકાલમાં રક્ષણ કરવા કોઇ શક્તિમાન નથી. (રામ બોલો ભાઇ! રામ જેમાં બોલાય છે તે અંત સમયે રક્ષણ કરવા કોઇ શક્તિમાન નથી.)

**अनाज्यं भोज्यमप्राज्यं, विप्रयोगः प्रियैः सह।**
**अप्रियैः सम्प्रयोगश्च, सर्वं पापविजृम्भितम्॥१५॥**

ઘી વગરનું અને થોડું ભોજન – પ્રિય માણસોનો વિયોગ – અને અપ્રિય માણસોનો સંયોગ થવો આ બધું પાપનું ફલ છે. તેથી ત્રણે બહેનોએ એકાંતમાં બેસી અંદરો અંદર વિચાર કર્યો કે આપણે પૂર્વજન્મમાં અખંડપુણ્ય નથી કર્યું. તેથી કુકર્મવડે હમણાં આપણને વિધવાપણું પ્રાપ્ત થયેલ છે. હવે જો અખંડ પુણ્ય કરવામાં આવે તો સારું. કહ્યું છે કે પતિ મરી ગયા પછી પણ જે વિધવાપણાને બરાબર પાળે છે. તો તે ફરીથી પતિને મેળવીને સ્વર્ગના ભોગોને ભોગવે છે. પતિ મરી ગયા છતાં ( સતી સાધ્વી એવી ) સ્ત્રી બ્રહ્મચર્યમાં વ્યવસ્થિત રહે તો તે પુત્ર વગરની હોય તો પણ સ્વર્ગમાં જાય છે. જેમ બ્રહ્મચારીઓ સ્વર્ગે જાય છે તેમ. આમ વિચારીને તે ત્રણે બહેનોએ ભાવરૂપી શત્રુઓને જીતવા માટે હંમેશાં પોતાના મનને ધર્મકર્મની ક્રિયાઓમાં સ્થાપન કર્યું . આ બાજુ મોહરાજાની સભામાં કામદેવના સેવકે કહ્યું કે શ્રેષ્ઠિની ત્રણે પુત્રીઓ હંમેશાં ધર્મને એવીરીતે કરે છે.પછી થોડા જ દિવસોમાં તમને અને તમારા સેવકોને જીતીને પદ્મ શ્રેષ્ઠિની પુત્રીઓ મનુષ્યોની પાસે પોતાની આજ્ઞા ગ્રહણ કરાવશે. તેથી હમણાં તમારે તેઓને જીતવા માટેનો અવસર છે. ઉગતાં શત્રુને જો હણાય નહિ તો તે શત્રુ જ હણનારો થાય છે.

તે પુત્રીઓને જીતવા માટે મોહરાજાએ બીડું હાથમાં લીધું ત્યારે નિદ્રા ને વિકથા નામની સ્ત્રીઓએ મોહરાજાને નમીને કહ્યું કે હે મોહરાજા ! મહેરબાની કરીને અમને બન્નેને એ બીડું આપો. ત્યાં જઇને જલ્દી તેમની પાસે તમારી આજ્ઞા મનાવીશું. પછી ત્યાંથી નિદ્રા ને વિકથા નામની સ્ત્રીઓ તે ત્રણ પુત્રીઓને જીતવા માટે સ્વામી મોહરાજા પાસેથી નીકળી અને પદ્મા નામની સ્ત્રીપાસે જઇને પહેલાં આમ કહ્યું. વીરશ્રેષ્ઠિની પત્નીએ સારી એવી રસોઇ ઘણી શ્રાવિકાઓને જમાડી. શું તું જમી કે નહિ ? હમણાં એ વાતની મારે શું ચિંતા ? તે શ્રાવિકાઓ તો ગુણવાન હતી. અવગુણના સ્થાનભૂત એવી મને જમાડી નહિં. એ પ્રમાણે નિદ્રાને વિકથાની સાથે જુદી જુદી વિકથાને કરતી પદ્મા નામની પુત્રી નિદ્રાવડે ગ્રહણ કરાઇ, એ જ પ્રમાણે નિદ્રાને વિકથાએ લક્ષ્મી પાસેપણ વિકથા વગેરે કરવાથી પોતાની આજ્ઞા મનાવી.

ચંદ્રાવતીપણ ભક્તકથા વગેરે ઘણી કથાઓવડે પણ મેરુપર્વતની જેમ ધર્મધ્યાનથી ચલાયમાન કરવા છતાં પોતાના ધ્યાનથી સ્હેજપણ ચલાયમાન ન થઇ. પદ્મા અને લક્ષ્મી ભક્તકથા આદિ કરવામાં તત્પર મરીને નરકમાં ગઇ. અને ઘણાં દુઃખનું પાત્ર થઇ. ચંદ્રાવતિ જિનેશ્વર કથિત શુધ્ધધર્મને કરતી આ તીર્થમાં ઋષભદેવ પ્રભુને નમસ્કાર કરવા આવી. પ્રભુની સન્મુખ સતત તપ તથા ધ્યાનને કરતી કેવલજ્ઞાન મેળવીને મોક્ષપુરીમાં ગઇ. આ પ્રમાણે આનંદથી સંભવનાથ ભગવાનના વચનને સાંભળીને ક્ષીણકર્મવાલા ઘણાં જીવો મોક્ષ નગરીને પામ્યા.

**શ્રી સંભવનાથ પ્રભુનો શત્રુંજયમાં આવવાનો સંબંધ સંપૂર્ણ.**

—— ◇ ——

# શ્રી અભિનંદન સ્વામીનો શત્રુંજયમાં આવવાનો સંબંધ

એકવાર શ્રી અભિનંદનસ્વામી પૃથ્વીપર વિહાર કરતાં ઘણા સાધુઓથી સેવાયેલાં સિધ્ધાચલપર્વતપર સમવસર્યા. તે વખતે ઘણાં ભવ્યજીવો ધર્મ સાંભલવા આવ્યા ત્યારે અભિનંદનસ્વામીએ ભવ્યપ્રાણીઓના સુખમાટે ધર્મ કહ્યો. કેટલાક મનુષ્યો બે પગવડે લક્ષ્મી ઉપાર્જન કરે છે. બીજા પ્રકારના મનુષ્યો બે હાથવડે લક્ષ્મી ઉપાર્જન કરે છે. ત્રીજા પ્રકારના મનુષ્યો માથાવડે લક્ષ્મી મેળવે છે. અને ચોથા પ્રકારના મનુષ્યો બુધ્ધિવડે લક્ષ્મી પ્રાપ્ત કરે છે. તેમાં પગવડે લક્ષ્મી ઉપાર્જન કરનારની કથા કહે છે.

વીણાપુર નામના નગરમાં ભીમ નામનો દુઃખી વાણીયો શેઠીયા અને રાજાઓના લેખ લઈને દૂરના દેશમાં લક્ષ્મી માટે જાય છે. લેખ પહોંચાડીને ધન મેળવીને તે વાણીયો પોતાનો નિર્વાહ કરે છે. તેથી ક્રમે લોકોમાં ' લેખવાહક ' એવું તેનું નામ પડયું. માર્ગમાં જતો એવો તે બન્ને સંધ્યાએ ( સવાર – સાંજ ) પ્રતિક્રમણ કરતો હતો. અને મધ્યાહ્‌ન સમયે જિનેશ્વરપ્રભુની પૂજા કરતો હતો.. જયાં ગુરુ મહારાજનો યોગ હોય ત્યાં ગુરુના ચરણકમલમાં વંદન કરીને પછીજ હંમેશાં પાણી પીતો હતો. તેવા પ્રકારના વનમાં દુઃખથી ઉપાર્જન કરેલ એક લૌહડિક ( પૈસા ) ને તે ધર્મકાર્યમાં શુભભાવથી વાપરે છે. એ પ્રમાણે ભીમવાણિયો બે પગવડે ધનઉપાર્જન કરીને ધર્મકાર્યમાં વાપરીને ધર્મકરીને તે વણિક સ્વર્ગમાં ગયો. અને ત્યાંથી ચ્યવીને મનુષ્યભવ મેળવીને તે દેવતા અનુક્રમે આઠે કર્મનો ક્ષય કરીને મોક્ષ નગરમાં ગયો. આ પ્રમાણે ઘણાં ભવ્યજીવો ધર્મ સાંભળીને સુખને આપનાર એવા સિધ્ધાચલતીર્થઉપર મોક્ષે ગયા.

શ્રીપુર નામના નગરમાં મંડન નામનો શ્રેષ્ઠિ બે હાથથી વસ્તુઓ તોલતાં જે દ્રવ્ય મેળવતો હતો તેના અર્ધા ભાગનુંદ્રવ્ય ધર્મમાર્ગે વાપરે છે. બે હાથોવડે શુભ ભાવથી જિનેશ્વરપ્રભુની પૂજા કરતાં શ્રી શત્રુંજયગિરિઉપર નાભિરાજાના પુત્ર શ્રી આદિનાથ પ્રભુને નમન કરવા માટે ગયો. શ્રી ઋષભદેવપ્રભુની પૂજા કરતાં કેવલજ્ઞાન મેળવીને આગિરિનાં શિખરઉપર કર્મનાક્ષયથી તે મોક્ષે ગયો.

ચંદ્ર નામના નગરમાં ચંદ્ર નામનો વણિક – વેપારી પોતાના માથાપર વસ્તુઓ લાવી લાવીને વેચીને તે વણિક પોતાનો જીવનનિર્વાહ ચલાવતો હતો. મસ્તકવડે આદિજિનેશ્વરને પ્રણામ કરીને શ્રી શત્રુંજયગિરિ ઉપર ક્ષીણ થયા છે કર્મ જેના એવો તે ચંદ્રવણિક અનુક્રમે મોક્ષનગરીને પામ્યો.

વીર નામના નગરમાં શ્રેષ્ઠિઓમાં અગ્રેસર એવા વીરશ્રેષ્ઠિએ બુધ્ધિના પરાક્રમથી ( બલથી ) ધન મેળવીને આનંદથી શ્રી શત્રુંજયગિરિઉપર યાત્રા કરી. બુધ્ધિપૂર્વક જુદા જુદા પ્રકારની રચનાવડે શ્રી જિનેશ્વર ભગવાનની પૂજા કરતાં કોઈક વાર શ્રી શત્રુંજયઉપર પંચમ એવું કેવલજ્ઞાન પામ્યો. અનુક્રમે હંમેશાં ઘણાં જીવોને જૈનધર્મનો પ્રતિબોધ

કરતાં ઘણાં તપસ્વીઓ સાથે શ્રી શત્રુંજયમાં મોક્ષે ગયા. આ પ્રમાણે અભિનંદન સ્વામી પાસેથી ઘણાં ભવ્યજીવો ધર્મ સાંભળીને સિધ્ધપર્વતના ( મસ્તક ) શિખરપર મોક્ષે ગયા.

તારાપુર નામના નગરમાં હર નામનો ભારવાહક ( ભાર ઉપાડનારો ) ઘણાં વજનને ઉપાડતો વધીને છેલ્લે એક મણથી માંડીને વીશમણસુધી ઉપાડતો હતો. તે હંમેશાં દિવસમાં પાંચ – સાત કે આઠ દ્રમને ( દ્રમ એટલે પૈસા જેવું એક જાતનું નાણું ) કમાતો હતો. તેમાંથી એક દ્રમને ધર્મમાં, પાંચ દ્રમને ઘરમાં, અને બે દ્રમ ભંડાર ( તિજોરી )માં મૂક્તો, તે હર નામનો ભારવાહક સુખદુ:ખમાં ધર્મકાર્યને છોડતો નથી. અને યથાશક્તિ ગુરુસાક્ષીએ પચ્ચકખાણ કરે છે . મસ્તકવડે ઉપાર્જન કરેલી લક્ષ્મીને ધર્મકૃત્યમાં વાપરતો હરભારવાહક સારા ભાવથી સર્વજ્ઞ એવા શ્રી અભિનંદન સ્વામીની સેવા કરતો હતો. શ્રી અભિનંદન સ્વામીપાસે હર દીક્ષા લઈને અનુક્રમે સર્વકર્મના ક્ષયથી સિધ્ધગિરિ પર્વતપર મોક્ષને પામ્યો.

જંબૂ નામના નગરમાં મધુનામનો શ્રેષ્ઠિ શ્રેષ્ઠ એવી બુધ્ધિને વેચતો સુંદર વેશને ધારણ કરીને પોતાની કિંમતી દુકાને હંમેશા બેસતો હતો. એક વખતે તે જ નગરીનો રહેવાસી, ચંપક શ્રેષ્ઠિનોપુત્ર ત્યાં આવીને બોલ્યો કે અહીં તારી દુકાનમાં કરીયાણું કેમ દેખાતું નથી ? ત્યારે મધુશ્રેષ્ઠિ કહે છે કે મારી દુકાનમાં બુધ્ધિરૂપી મનોહર કરીયાણું છે. તે બુધ્ધિરૂપી કરીયાણું જે ગ્રહણ કરે છે. તે કાયમ માટે સુખી થાય છે. તેણે પાંચસો દ્રમ આપીને એક બુધ્ધિ (વેચાતી) લીધી. બે જણાં ઝગડો કરતાં હોય ત્યાં તમારે સ્થિરતા પૂર્વક ઊભા ન રહેવું. ત્યારે કોઈક માણસે આવીને શ્રેષ્ઠિની આગળ કહ્યું કે તમારા પુત્રે શ્રેષ્ઠ કરીયાણું લીધું. તેનાથી તમને લાભ થશે. તેથી શ્રેષ્ઠિએ મધુશ્રેષ્ઠિ પાસે જઈને કહ્યું કે તું સારો નથી કારણ કે તેં બુધ્ધિ આપવાવડે મારા પુત્રને શિક્ષા કરી છે ( છેતર્યો છે. ) ત્યારે મધુ શ્રેષ્ઠિએ કહ્યું કે જો મારું કરીયાણું ન ગમે તો મારી બુધ્ધિ પાછી આપ. અને તારું ધન પાછું ગ્રહણ કર. હવે આ ચંપક શ્રેષ્ઠિના પુત્રે જ્યાં બન્ને જણાં લડતાં હોય તો ત્યાં તે ન ઊભો રહે તો મને એક હજાર દ્રમ આપે. ચંપક શેઠે એ પ્રમાણે કબૂલ કરીને તે બુધ્ધિ પાછી આપી દઈને પોતાનું ધન લઈને પોતાને ઘરે પુત્ર સાથે ગયો. લડાઇ કરતા એવા મંત્રીના અને સેલ્લહસ્તના પુત્રની પાસે જેટલામાં શ્રેષ્ઠિનો પુત્ર ઊભો રહ્યો. તેટલામાં તે બન્નેએ તેને સાક્ષી કર્યો. ત્યારે ઝગડો કરતા મંત્રીના અને સેલ્લહસ્તના પુત્રોએ રાજા પાસે જઈને પરસ્પર એકબીજાનો દોષ કહ્યો. ત્યારે બન્નેએ સાક્ષી એવા શેઠના પુત્રને બોલાવ્યો. તેણે મંત્રીના પુત્રનો પક્ષ લીધો ત્યારે સેલ્લહસ્ત તેનાઉપર ગુસ્સે થયો. આ બાજુ સેલ્લહસ્તે કપટથી રાજાપાસે તેની ઘણીલક્ષ્મી લૂંટી લેવાવડે દંડ કરાવ્યો. ત્યાર પછી બુધ્ધિના વેપારીને ઘણું ધન આપીને બુધ્ધિ લઈને એના કહેવા પ્રમાણે આનંદથી તે ચંપક શેઠ ત્રણ રસ્તે ઊભો રહ્યો. ચંપક શ્રેષ્ઠિ ત્રણ રસ્તે ઊભો રહીને માર્ગે જતાં મનુષ્યોને પૂછે છે કે હમણાં તમે શું જોયું ? તે કહો. એક મુસાફર બોલ્યો મને હમણાં એક પત્થર મલ્યો છે. તને જો ગમતો હોય તો મને આઠ દ્રમ આપીને લઇ લ્યો. અને ચંપક શ્રેષ્ઠિ તે પથિકને આઠદ્રમ આપીને તે પત્થર લઈને પોતાના ઘરે આવ્યો. તે પત્થરમાંથી ક્રોડદ્રમ મેળવીને ચંપક શ્રેષ્ઠિનો પુત્ર રાજ્યમાન્ય થયો. પોતાના પિતા મૃત્યુ પામ્યા ત્યારે ચંપક શ્રેષ્ઠિ ઘરનો માલિક થયો. ને તેણે અભિનંદનપ્રભુ પાસે જૈનધર્મને અંગીકાર કર્યો. અને અનુક્રમે પોતાના પુત્રને ઘરનો ભાર સોંપીને ચંપક શ્રેષ્ઠિએ અભિનંદન ભગવાન પાસે આનંદથી દીક્ષા લીધી. ગુરુની પાસે મધુનામના શ્રેષ્ઠિએ ધર્મ સાંભળીને જિનપૂજન કરતાં મોક્ષે જવા માટેનું યોગ્યપુણ્ય ઉપાર્જન કર્યું. ધર્મીઓમાં ધર્મની બુધ્ધિ અને કર્મીઓમાં કર્મની બુધ્ધિને હંમેશાં આપતો એવો મધુશેઠ રાજા વગેરેમાં પ્રશંસાને પાત્ર થયો. અનુક્રમે સંસારરૂપી ખાડામાંથી

નીકળેલાં મધુ શ્રેષ્ઠિ જિનેશ્વરપ્રભુ પાસે દીક્ષા લઈને ચંપક નામના સાધુની સાથે આનંદપૂર્વક વિહાર કરવા લાગ્યા. અને શ્રી શત્રુંજય તીર્થમાં જઈને તીવ્રતપ કરીને ચંપકમુનિએ મધુમુનિની સાથે કેવલજ્ઞાન મેળવ્યું.

**શ્રી અભિનંદન સ્વામીનો શત્રુંજયમાં આવવાનો સંબંધ સંપૂર્ણ**

# શ્રી શત્રુંજયમાં શ્રી સુમતિનાથ ભગવાનના સમવસરણનું સ્વરૂપ.

સુમતિનાથ તીર્થંકર ભવ્યજીવોને જૈનધર્મને વિષે પ્રતિબોધ કરતાં ક્રોટાકોટિ દેવોવડે સેવાકરાતાં શ્રી સિધ્ધગિરિપર સમવસર્યા. તે ગિરિપર પ્રભુ રહ્યા હતા ત્યારે બે લાખ સાધુઓ આઠકર્મનો ક્ષયકરી મુક્તિનગરીને પામ્યા. ન્યાયમાર્ગવડે ઉપાર્જન કરેલું ધન ધર્મમાં વાપરતો એવો જીવ અનુક્રમે કુંતલ શેઠની જેમ શાશ્વતસુખ પામે છે. પદ્માનંદપુરમાં પદ્મનાભ નામે શ્રેષ્ઠ વણિક હતો. તેને કલાઓમાં કુશલ એવી કલાદેવી નામે પત્ની હતી. વ્યવસાય કરતો શેઠ અનુક્રમે લાખ દ્રમ્મ કમાયો હતો. પરંતુ ક્યારેપણ ધર્મમાં વાપરતો ન હતો. તેને અનુક્રમે ચંદ્રનામે સુંદરશરીરવાલો પુત્ર થયો. ને પિતા મરી જવાથી તે ઘણા વૈભવનો સ્વામી થયો. ચંદ્રને અનુક્રમે પ્રગટપણે બેલાખ દ્રવ્ય થયું. તે ચંદ્ર મરી ગયો ત્યારે તેનો પુત્ર મન ત્રણલાખનો સ્વામી થયો. મન મરી ગયો ત્યારે તેને સિંહ નામે સુંદર પુત્ર થયો. તેને અનુક્રમે ચાર લાખપ્રમાણ વૈભવ થયો. સિંહ મરી ગયો ત્યારે તેનો હસ્ત નામે પુત્ર થયો, ધન ઉપાર્જન કરતો તે પાંચલાખ દ્રમનો સ્વામી થયો.

તેને ગંગા જેવી નિર્મલ ગંગાદેવી પ્રિયા હતી. ગંગા કહે છે કે – હે પ્રિય ! હમણાં તમે હંમેશાં ધર્મમાં ધન વાપરો. જે લક્ષ્મી ધર્મકાર્યમાં સ્થાપન કરાય છે. તે ઘણી સુંદર છે. બીજી તો ઉખરભૂમિ જેવી છે. તેવી લક્ષ્મીવાળો વખણાતો નથી. કહ્યું છે કે

अधः क्षिपन्ति कृपणा - वित्तं तत्र यियासवः ।
सन्तुस्तु गुरूचैत्यादौ - तदुच्चैः फलकाङ्क्षिणः ॥१५॥

કૃપણ પુરુષો નીચે જવાની ઇચ્છાવાલા તેમાં ( જમીનમાં ) ધનને નાંખે છે. ને સત્પુરુષો ઊંચા ફલની ઇચ્છાવાલા મોટા ચૈત્યઆદિમાં ધન વાપરે છે.

એક વખત શ્રી ગુરુપાસે હસ્ત ગુરુના બે ચરણોને નમીને ધર્મ સાંભલવા જેટલામાં બેઠો તેટલામાં ગુરુએ કહયું કે :-

**अभयं सुपत्तदाणं, अणुकंपा-उचिअ कित्तिदाणं च।**
**दोहिं वि मुक्खो भणिओ, तिन्निवि भोगाइअं दिंति ॥१४॥**
**न कयं दीणुद्धरणं, न कयं साहम्मिआण वच्छल्लं।**
**हिअयम्मि वीयराओ, न धारिओ हारिओ जम्मो ॥१५॥**
**व्याजे स्यात् द्विगुणं वित्तं, व्यवसाये चतुर्गुणम्।**
**क्षेत्रे शतगुणं प्रोक्तं, पात्रेऽनन्तगुणं भवेत् ॥१६॥**

અભયદાન – સુપાત્રદાન – અનુકંપાદાન – ઉચિતદાન ને કીર્તિદાન એ પ્રકારે દાન છે. પહેલા બે દાનવડે મોક્ષ કહયો છે. અને પછીના ત્રણ દાન ભોગવગેરે આપે છે. જેણે દીનનો ઉધ્ધાર કર્યો નથી, સાધર્મિકોનું વાત્સલ્ય કર્યું નથી. હૃદયમાં વીતરાગને ધારણ કર્યા નથી, તે જન્મ હારી ગયો છે. વ્યાજમાં ધન બેગણું થાય છે. વ્યાપારમાં ચારગણું થાય. ખેતરમાં સોગણું થાય અને પાત્રમાં અનંતગણું થાય. આ પ્રમાણે ધર્મ સાંભલીને હસ્તે કહયુ કે જિનેશ્વરને નમસ્કાર કર્યા વિના જમવું નહિં ને પાણી પીવું નહિ. ને ક્યારે પણ સૂવું નહિ. એક વખત તે જિનેશ્વરને નમસ્કાર કર્યા વિના જેટલામાં જમવા બેઠો તેટલામાં પત્નીએ કહયું કે હે સ્વામી ! તમે આજે જિનેશ્વરને નમ્યા નથી.

હસ્ત ઉભો થયો ત્યારે પત્નીએ કહયું કે હાથને પવિત્ર કરો. હસ્તે કહયું કે હાથને ધોતાં તેમાં રહેલું ઘી ચાલી જાય. હાથને ઢાંકીને જિનમંદિરમાં જઇને જિનેશ્વરને નમીને જેટલામાં જલ્દી ચાલ્યો તેટલામાં પાછલથી દેવે કહયું કે હું ગોમુખ નામે યક્ષ છું તારી ઉપર જિનેશ્વરની ભક્તિથી તુષ્ટ થયો છું. તેથી મનગમતું વરદાન માંગ. તને તે હું હમણાં આપીશ. શેઠે કહયું કે સ્ત્રીને પૂછીને હું વાંછિત માંગીશ. તે પછી હસ્ત તેવા પ્રકારની અવસ્થાવાલો સ્ત્રીની પાસે જઇને બોલ્યો હે પ્રિયા ! મારીઉપર ગોમુખ યક્ષ તુષ્ટ થયો છે. હું શું માંગુ ? તે તું કહે. પ્રાણપ્રિયાએ કહયું કે યક્ષની પાસે સારીબુધ્ધિ માંગ. યક્ષ પાસેથી સારી બુધ્ધિ માંગીને શેઠ આવીને બોલ્યો કે હે પ્રિયા ! પાણી લાવ. હું હાથ ધોઇ નાંખુ. પ્રિયાએ કહયું કે તમારા હાથે લાગેલું ઘી ચાલ્યું જશે ! હસ્ત બોલ્યો કે હાથ મુખને પગ ધોયા વગર જમીશ નહિ–

પત્નીએ વિચાર્યુ કે મારોપતિ બુધ્ધિમાન થયો છે. તેથી હસ્તે હાથને ધોઇને ઘી ને કાઢી નાંખ્યું. આ બાજુ તે નગરમાં રાજાએ પોતે કરાવેલા સરોવરમાં થાંભલો સ્થાપન કરીને નગરજનોની આગળ આ પ્રમાણે કહયું. સરોવરની પાળ ઉપર રહેલો જે મનુષ્ય થાંભલાને દોરીવડે વીટશે અને પોતાની બુધ્ધિના વિસ્તારથી (બલથી ) પટ્ટહસ્તિને તોલશે. તેને હું માન આપી મુખ્યમંત્રીનુંપદ આપીશ.આ પ્રમાણે સાંભળીને હસ્ત રાજાની સાથે સરોવરપર ગયો. શરુઆતમાં

સરોવરની પાલપર લાંબું દોરડું મૂકીને તે પછી એક છેડે હાથમાં લઇ ચારે તરફ ફરતાં તે દોરડાનાં બીજા છેડાને ખેંચતા સરોવરને કાંઠે રહેલા હસ્તે દોરડાવડે થાંભલાને બાંધ્યો, ત્યારે રાજાએ તે વખતે હસ્તનું સન્માન કર્યું.

તેણે વહાણના મધ્યભાગમાં પટ્ટ હસ્તિને ઊભો કર્યો ત્યારે વહાણ જેટલાપ્રમાણ પાણીમાં ડૂબી ગયું હતું. તેટલી નિશાની તે વખતે વહાણને કરી.

પછી હાથીને ઉતારીને તેમાં પથરા ભરીને તે પથરાઓ તોળીને તે હાથીનું વજન – પ્રમાણથી જાણ્યું. તે પછી રાજાએ તેને સો ગામ આપીને મંત્રીપદ આપીને રાજાવડે સત્કાર કરાયેલો તે સારા ઉત્સવપૂર્વક સર્વમંત્રીમાં મુખ્ય થયો. રાજકાર્ય અને પ્રજાકાર્ય કરતો તે હસ્તમંત્રી – મોક્ષનેમાટે સર્વ ધર્મકાર્યો કરતો હતો. તે હસ્તમંત્રી ત્રણ સંધ્યાએ જિનેશ્વરની પૂજા કરતો હતો. ને ઉભયકાલ નિરંતર પ્રતિક્રમણ કરતો હતો. શ્રી સિધ્ધાચલ વગેરે તીર્થમાં જતાં હસ્તમંત્રીશ્વરે સંઘપતિનું પદપામીને ઘણાં ધનનો વ્યય કરી યાત્રા કરી. આ પર્વતઉપર તે મંત્રીશ્વર સિધ્ધનું ધ્યાન કરતાં કેવલજ્ઞાન પામી અનુક્રમે મોક્ષપુરીમાં ગયા. આ પ્રમાણે તે પર્વતપર ધર્મોપદેશ આપીને સુમતિનાથ તીર્થંકર બીજા દેશમાં પધાર્યા. એ પ્રમાણે સુમતિનાથ તીર્થંકર હજારોવાર ભવ્યજીવોને બોધકરવા માટે અનુક્રમે સિધ્ધગિરિમાં સમવસર્યા.

**શ્રી શત્રુંજયમાં સુમતિનાથ પ્રભુના સમવસરણનો સંબંધ સંપૂર્ણ**

## શ્રી શત્રુંજયમાં પદ્મપ્રભજિનના સમવસરણનું સ્વરૂપ

કૌશાંબી નગરીમાં પૃથ્વીપર રાજ્યકરતા ધરરાજાને શુદ્ધશીલરૂપી માણિક્યથી શોભતી સુસીમા નામે પત્ની હતી. આ બાજુ ગ્રૈવેયકમાંથી દેવ ચ્યવીને ધરરાજાની પત્ની સુસીમાના ઉદરમાં રાત્રિમાં અવતર્યો. તે સમયે રાણીએ રાત્રિના સમયે મુખમાં પ્રવેશ કરતાં શ્રેષ્ઠ એવા ચૌદ મહાસ્વપ્નોને હર્ષવડે જોયાં. તે આ પ્રમાણે :– ગજ – વૃષભ – સિંહ – લક્ષ્મી – માલા – ચંદ્ર – સૂર્ય – ધ્વજ – પૂર્ણકુંભ – પદ્મસરોવર – સાગર – વિમાન કે ભવન – રત્નનો ઢગલો. ને અગ્નિ. હવે જન્મ – જન્મોત્સવ – રાજ્યપ્રાપ્તિ – દીક્ષાનું ગ્રહણ – જ્ઞાન પ્રાપ્તિના સ્વરૂપો પંડિતોએ કહેવાં.

પદ્મપ્રભપ્રભુ – બેચરણીવડે પૃથ્વીને પવિત્ર કરતાં અનુક્રમે ઘણાં સાધુઓ સહિત શત્રુંજયપર સમવસર્યા. ત્યાં ક્રમપૂર્વક બારપર્ષદાઓ બેઠી ત્યારે ભવ્યજીવોની આગળ પદ્મપ્રભપ્રભુ દેશના કરે છે. હંમેશાં ભવ્યજીવ આદરપૂર્વક સુપાત્રને દાન આપતો ધર્મશ્રાવકની જેમ મોક્ષલક્ષ્મીને પામે છે. તે આ પ્રમાણે : –

અયોધ્યા નગરીમાં ધર્મ નામે શેઠ હતો. તેને મનોરમા નામે સ્ત્રી હતી. અને ધર્મ – કર્મ કરવામાં આદરવાળો પદ્મરથ નામે પુત્ર હતો. શેઠે પુત્રની આગળ કહ્યું કે – લક્ષ્મી વગરનો માણસ શોભતો નથી. તેથી પરદેશમાં જઈને હું ઘણું ધન લાવું.. કહયું છે કે :-

**जाइ–रुवं विज्जा तिन्निवि निवडंतु कंदरे विवरे;**
**अत्थुच्चिय परिवड्ढइ, जेणगुणा पायडा हुंति ।।११।।**

જાતિ – રૂપ ને વિદ્યા એ ત્રણે મોટા ખાડામાં પડો. એક ધનજ વૃધ્ધિ પામો. જેનાથી બધા ગુણો પ્રગટ થાય છે.

રુપા , સોના અને મજીઠ વગેરે ઘણાં કરીયાણાવડે ગાડાંભરીને સારાદિવસે ધર્મ બીજા નગર તરફ ચાલ્યો. માર્ગમાં જતાં અનુક્રમે ધર્મ ઘણા ચોરોને આવેલા જાણીને સન્મુખ જઈને પ્રથમ તેઓને નમસ્કાર કર્યો. હસતા ચોરો બોલ્યા કે હે કપટીમાં.ઉત્તમ એવા વણિક ! જે કારણથી શરુઆતમાં આવીને ચોર એવા અમને તેં નમસ્કાર કર્યો છે. કહ્યું છે કે માયાશીલ મનુષ્યનો કોઈ વિશ્વાસ કરતું નથી. મહાદેવ – મધુર બોલે છે – અને વિષ સહિત સર્પને ખાય છે. શેઠ કહે છે કે – જેની વસ્તુ અહિં બલાત્કારે ગ્રહણ કરશે તે પરલોકમાં ગયેલો લાખગણું ને કરોડગણું આપે. કહયું છે કે વધ – મારવું , આળઆપવું. પારકાનાં ધનનું વિલોપન કરવું. એક વખત કરાયેલા એ સર્વનો જઘન્ય ઉદય દશગણો થાય છે. અત્યંત તીવ્ર પ્રદ્વેષ કરે તો સો ગણો – લાખ ગણો – કરોડ ગણો – કોડાકોડીગણો અથવા તેનાથી પણ વધારે વિપાક થાય છે.

હસતાં એવા ચોરોએ કહ્યું કે તું અમને વસ્તુ આપી દે. અહિયાં જ અમે તને તે સર્વ વસ્તુઓ આપીશું . શેઠે કહ્યું કે અહીં સાક્ષી કોણ છે ? કે જે સાક્ષી પૂરશે ? ચોરોએ કહ્યું કે જંગલમાં રહેનારો આ બિલાડો સાક્ષી છે. તે પછી સઘળી વસ્તુઓ છોડી દઈ ગણી – તે વણિકે ચોરોને આપી. ને ધીરવાણીવાલા તેણે નમસ્કાર કર્યો. હસતાં એવા ચોરો વસ્તુઓ લઈને શ્રીપુરનગરમાં ગયા. વણિક ત્યાં ગુપ્તપણે ચાલતો નગરમાં આવ્યો. રાજાને મલીને ધર્મે કહ્યું કે – તમે પ્રજાપતિ છો. શરણવગરનાના શરણ છો. અને શિષ્ટ પુરુષોનો સંગ્રહ કરનારા છો. દુષ્ટનું દમન કરનાર, દીન દુ:ખી અને અનાથ વગેરેનું પાલન કરનારા છો . દાન આપનારા – ભોગકરનારા અને વિવેકી એવા તમે લાંબા કાળ સુધી આનંદ પામો ને દીર્ઘકાળ જય પામો. રાજાએ કહ્યું કે હે વણિક ! તારે હમણાં શું કામ છે ? ધર્મે કહ્યું કે માર્ગમાં મારી વસ્તુઓ ચોરોએ લઈ લીધી છે. તે પછી રાજાએ મંત્રીશ્વરોને બોલાવીને દૃઢપણે કહ્યું કે આની વસ્તુ જેઓએ લીધી હોય તેની તપાસ કરીને આને તે અપાવી દો. તે પછી મંત્રીઓએ આવીને કહ્યું કે – તે ચોરો ક્યાં છે ? ધર્મે તે વખતે તેઓને તે ચોરનું ઘર બતાવ્યું. તે પછી ત્યાં રહેલા ચોરોને મંત્રીશ્વરોએ કહ્યું કે તમે આની જે વસ્તુઓ લીધી

હોય તે સોંપી દો. તે ચોરોએ કહ્યું કે અમે ક્યારે પણ ચોરી કરતાં નથી. અમે જે વસ્તુઓ લીધી હોય એનો અહીં કોઇ સાક્ષી છે ? મંત્રીશ્વરોએ ધર્મને કહ્યું કે તું અહીં સાક્ષી લાવ. તે પછી ધર્મ કાળાદેહની કાંતિવાલા બિલાડાને લાવ્યો. તે વખતે ચોરોએ કહ્યું કે તે બિલાડો તો રાતા શરીરની કાંતિવાલો હતો. તેથી આ મારું ઘણું ધન ગ્રહણ કરવા માટે જૂઠું બોલે છે. તે પછી મંત્રીશ્વરોએ કહ્યું કે હે ચોરો ! તમે આનું ધન ગ્રહણ કર્યું છે. તેથી આને તે ધન આપી દો. તે પછી મંત્રીશ્વરોએ તે ચોરોને ઘણો માર મારી બળાત્કારથી ચોરો પાસેથી સઘળું ધન તે શેઠને અપાવ્યું. તે પછી તે ચોરોને લક્ષ્મી હરણ કરવાથી રાજાએ પોતાના દેશમાંથી બહાર કાઢી મૂક્યા. અને ધર્મ શેઠનું સન્માન કર્યું. ધર્મશેઠે બમણાં મૂલ્યવડે તે બધી વસ્તુ વેચી દઈને કર્મનાયોગે એક લાખટંક ઉત્પન્ન કર્યા. તે પછી પોતાનું ધન સાતે ક્ષેત્રમાં વાપરતો ધર્મશેઠ પૂર્વે સ્વીકારેલા ઉત્તમધર્મને હંમેશાં કરવા લાગ્યો.

કહ્યું છે કે :- અગ્નિમાં પ્રવેશ કરવો સારો. વિશુધ્ધ કર્મવડે મરવું સારું, પરંતુ ગ્રહણ કરેલાં વ્રતનો ભંગ સારો નહિ. ને શીલરહિત જીવિત સારું નહિ. એક વખત દેવપૂજા કરીને ધર્મનું ધ્યાન કરતાં તેને સર્વ જગતને પ્રકાશ કરનારું કેવલજ્ઞાન ઉત્પન્ન થયું. દેવતાએ આપ્યો છે મુનિવેષ જેને એવા તે સુવર્ણના આસન પર બેઠા ને ભવ્યજીવોને મોક્ષસુખ આપનારા ધર્મનો ઉપદેશ આપ્યો. તે ધર્મ કેવલી પૃથ્વીપર ઘણાં ભવ્યજીવોને પ્રતિબોધ કરતાં ઘણા સાધુસહિત તે શત્રુંજયતીર્થપર આવ્યા. તે વાખતે તે ધર્મ કેવલી એક હજાર સાધુઓ સહિત શત્રુંજયપર અનુક્રમે મોક્ષનગરીને પામ્યા. આ પ્રમાણે પદ્મપ્રભપ્રભુની સુખને આપનારી દેશના સાંભળીને અનેક પ્રાણીઓ તે વખતે સ્વર્ગમાં ને મોક્ષમાં ગયા.

**શ્રી શત્રુંજયપર પદ્મપ્રભજિનના સમવસરણનું સ્વરુપ સંપૂર્ણ**

# શ્રી શત્રુંજયપર સુપાર્શ્વજિનના સમવસરણની કથા

વારાણસી નગરીમાં પ્રતિષ્ઠરાજાની પત્ની પૃથિવી દેવીએ શ્રેષ્ઠરૂપ અને લાવણ્યથી લક્ષિત પુત્રને જન્મ આપ્યો. ઇન્દ્ર અને પિતાએ જન્મોત્સવ કર્યો ત્યારે પ્રતિષ્ઠરાજાએ સજ્જનોની સાક્ષીએ પુત્રનું સુપાર્શ્વ એ પ્રમાણે નામ આપ્યું અનુક્રમે રાજ્યપામી દીક્ષાલઇ કર્મનાક્ષયથી જ્ઞાનપ્રાપ્ત કરી પ્રભુ ભવ્યજીવોના પ્રતિબોધ માટે પૃથ્વીપર વિહાર કરતા હતા. ॥ અહીં જ્ઞાનપ્રાપ્તિ સુધીનું સુપાર્શ્વનાથ સ્વામીનું ચરિત્ર કહેવું ॥

પૃથ્વીઉપર સતત વિહાર કરતાં સુપાર્શ્વનાથ સ્વામી શ્રીસિધ્ધગિરિ ઉપર ભવ્યજીવોના બોધ માટે સમવસર્યા.

ત્યાં શ્રી સુપાર્શ્વનાથ તીર્થંકરે મેઘસરખા ગંભીર ઘોષવાલીવાણીવડે મુક્તિના સુખને આપનાર ધર્મોપદેશને આપ્યો. ચરિત્ર કલ્પિત અને બનેલું બે પ્રકારે ભવ્યજીવોના બોધમાટે જાણવું. જેમ ભાત માટે લાકડાં ( તેમ ).

જેમ બાંધેલો હાથી દુ:ખી થાય છે , ને છૂટો હાથી સુખી થાય છે તેવી રીતે જગતમાં કર્મવડે નિશ્ચે જીવ સુખી – દુ:ખી થાય છે. ભીમઘોષ નામના જંગલમાં સાતસો હાથણીઓવડે યુક્ત મદોન્મત્ત હાથી સલ્લકીને ( વેલડીને ) ખાનારો હતો. એક વખત તેની પાસે આવીને ઉંદરે કહ્યું કે હે ગજાધિપ ! જો તમને ગમે તો હંમેશાં હું તમારી સેવા કરું. હું દુષ્ટ શત્રુઓની પાસેથી તમારું રક્ષણ કરું. મેં પહેલાં સિંહ આદિ અનેક પ્રાણીઓનું રક્ષણ કરેલું છે. મશ્કરી કરતાં હાથીએ કહ્યું કે જો તું મારું ખરાબ કષ્ટથી રક્ષણ કરે છે તો હે ઉંદર ! અમારું સમગ્રકાર્ય વેગથી સિધ્ધ થયું છે.

ઉંદરે કહ્યું કે ક્યારેક નાનો મોટાનું રક્ષણ કરનારો થાય. ક્યારેક મોટો પણ નાનાનું રક્ષણ કરી શક્તો નથી. હાંસી કરતાં હાથીએ કહ્યું કે – જ્યારે તું સંકટમાં પડેલા મારું રક્ષણ કરીશ ત્યારે હું વિશ્વને ઉપકાર કરનાર તને શ્રેષ્ઠ માનીશ. લીલાઘાસને ખાતો ઇચ્છા મુજબ ચારે બાજુ વનમાં ભમતો હાથી કર્મના યોગે કરીને શિકારીઓએ કરેલી જાલમા પડ્યો. મૃત્યુના ભયથી ભય પામતો હાથી જાળમાંથી નીકળવા માટે જાળને છેદવા માટે દિશાઓ તરફ જોવા લાગ્યો. તે વખતે ઉંદરે આવીને હાથીને નમસ્કાર કરીને કહ્યું કે હે સ્વામી ! તમે ચતુષ્પદોમાં મારા સ્વામી છો. તમને શિકારીઓ મારી નાંખશે તેથી આમાંથી તમે હમણાં નીકળો. હાથીએ કહ્યું કે મારે આમાંથી છૂટવું અશક્ય છે. જો અહીં તારી મને છોડાવવાની હમણાં શક્તિ હોય તો સુંદરોમાં ઉત્તમ એવો તું વેગથી ઉદ્યમ કર. તે વખતે તે જ ક્ષણે ઉંદરે ઘણાં ઉંદરોને ભેગા કરીને પાણીની જેમ મોઢાના થુત્કારવડે જાળને ભીની કરી તેમજ તે વખતે ઉંદરોએ દાંતાવડે જાળને તોડી નાંખી, જેથી તેનાં સેંકડો કટકા થઇ ગયા. જેથી હાથી સ્વસ્થ થયો. જાળમાંથી નીકળીને હાથીએ તે વખતે સર્વે ઉંદરોને ધાન્યના સમૂહો દેખાડવાવડે આદરપૂર્વક ખુશ ક્ર્યા.

**ઉપમા** :– આ પ્રમાણે હાથી સરખો જીવ છે. ને શિકારી સરખું મન મનાયું છે. શિકારીની જાળ સરખું કર્મ છે. અને અરણ્ય સરખો સંસાર છે. દુષ્ટમનવડે બંધાયેલો જીવ શુક્લધ્યાનરૂપી ઉંદરવડે મુકાવાયેલો હાથીની જેમ એકદમ સુખી થાય છે.

આદ્રષ્ટાંત કલ્પિત છે. કારણ કે તે (દ્રષ્ટાંત ) બનેલ અને કલ્પિત બે પ્રકારે જાણવા. આથી પ્રાણીએ સન્માર્ગમાં મનને કરવું જોઇએ. મન જ જીવને જલ્દી નરક અને મોક્ષમાં લઇ જાય છે. આ પ્રમાણે દેશના સાંભળીને ત્યાં ઘણાં ભવ્યજીવો દીક્ષાલઇ કર્મસમૂહનો ક્ષય કરી મોક્ષમાં ગયાં.

**શત્રુંજય પર શ્રી સુપાર્શ્વજિનના સમવસરણની કથા સંપૂર્ણ.**

# શ્રી શત્રુંજયપર ચંદ્રપ્રભજિનના સમવસરણનું સ્વરૂપ

ચંદ્રપુરી નગરીમાં મહાસેનરાજાને શીલગુણવડે કરીને સર્વસ્ત્રીઓમાં રેખા પ્રાપ્ત કરનાર લક્ષ્મણા નામની પત્ની હતી. લક્ષ્મણા દેવીએ શુભદિવસે ચૌદ મહાસ્વપ્નથી સૂચિત સર્વલક્ષણોથીલક્ષિત પુત્રને જન્મ આપ્યો. ॥ ઇન્દ્ર અને પિતાએ કરેલા જન્મોત્સવથી માંડી જ્ઞાનપ્રાપ્તિસુધીનું ચરિત્ર કહેવું ॥

ચંદ્રપ્રભપ્રભુ પગની રજવડે પૃથ્વીને પવિત્રકરતા દેવોવડે પૂજાયેલા શ્રી શત્રુંજયતીર્થપર સમવસર્યા. ત્યાં દેવ વગેરે બાર પર્ષદાઓ બેઠી ત્યારે ચંદ્રપ્રભપ્રભુએ યોજનગામિની વાણીવડે આ પ્રમાણે કહ્યું. સાતક્ષેત્રમાં આદરપૂર્વક હંમેશાં પોતાનું ધન વાપરતો પ્રાણી વીરસેન શેઠની જેમ મોક્ષના સુખવાલો થાય. રામપુરી નગરીમાં સારીબુધ્ધિવાલા વીરસેન શેઠને કામદેવ સરખા રૂપવાલો ચંદ્રકેતુ નામે પુત્ર હતો. પિતાએ તેને ધર્મ અને કર્મ શાસ્ત્રનો માર્ગ ભણાવ્યો પિતાની સાથે તે હંમેશાં ધર્મકાર્ય કરતો હતો.

શ્રી પુર નગરમાં મદનશેઠની પુત્રી ત્રૈલોક્યસુંદરીને ચંદ્રકેતુ શુભલગ્નમાં સારા ઉત્સવપૂર્વક પરણ્યો. ત્રૈલોક્યસુંદરી ઘરનું કામ કરતી હંમેશાં બન્ને સંધ્યાને વિષે પ્રતિક્રમણ કરતી હતી. એક વખત પુત્રવધૂએ ઘરમાં જેટલામાં સાંજે દીપક કર્યો, ત્યારે દીવાનીનીચે તેલનાં નવ ટીપા પડયાં. પૃથ્વી પર પડેલાં નવબિંદુઓને જોઇ શેઠે બે જોડાને તે તેલ ચાલી જવાનાં ભયથી જલ્દી ચોપડી દીધું. પુત્રવધૂ વિચારવા લાગી કે આ કૃપણ શેઠ શું કરશે ? હું અહીં બારમું વ્રત કેવી રીતે પાળીશ ? હું સાત ક્ષેત્રમાં કાંઇક ધન વાપરું તો આ સસરો મરી જશે. અથવા તો મને મારી નાંખશે.

પરીક્ષા કરવા માટે સવારમાં સૂતેલી પુત્રવધૂને જોઇને વણિકે પૂછ્યું કે હે પુત્રવધૂ ! તું હમણાં કેમ સૂતી છે ? તમને શું તાવ આવ્યો છે ? પુત્રવધૂએ કહ્યું કે મને પ્રાણને હરનારી અત્યંત માથાની પીડા થાય છે. તેથી શેઠે તે વખતે ઘણાં ઔષધો કરાવ્યાં. પુત્રવધૂએ કહ્યું કે આવા ઔષધોથી મારી વેદના જશે નહિ. શેઠે કહ્યું કે કેવા ઔષધોથી તારા મસ્તકની પીડા નાશ પામે ? પુત્રવધૂએ કહ્યું કે મારા મસ્તકની પીડા હમણાં ઘણી વધે છે. મસ્તકઉપર લેપકરેલા મોતીના ચૂર્ણવડે મારા મસ્તકની પીડા ક્ષય પામે છે. તે પછી શેઠ જાતિવંત મોતી લાવીને ત્યાં પત્થરવડે જ્યારે ચૂર્ણ કરવા લાગ્યા ત્યારે પુત્રવધૂવડે પિતા એવો તે કહેવાયો.

હવે મોતીને ચૂર્ણ કરતાં નહિ. મારા માથાની પીડા નાશ પામી છે. શેઠે કહ્યું કે હે પુત્રવધૂ ! તારી મસ્તકની પીડા જલ્દી કેમ નાશ પામી ? વહુએ કહ્યું કે તમારી ઉદારતાના ગુણરૂપી ઔષધીને જોવાથી, સૂર્યના કિરણોથી જેમ અંધકાર નાશ પામે તેમ મારા મસ્તકની પીડા તરત જ ચાલી ગઇ. પૃથ્વીપર પડેલાં તેલનાં બિંદુઓને ગ્રહણ કરતાં મારાવડે તમે જોવાયા હતાં. આથી આ બહાનું કરીને હે પિતા ! મેં તમારી પરીક્ષા કરી.

શેઠે કહ્યું કે વ્યવહાર વિના જે જાય છે તે બધું નકામું છે. ને વ્યવહારમાં તો નિશ્ચે ઘણો વૈભવ વપરાય છે. વિશેષ પ્રકારે હંમેશાં ધર્મના કાર્યોમાં લક્ષ્મીવાપરતો તેમજ પુત્ર આદિને વિષે ઘણીલક્ષ્મી વાપરતો હું જરાપણ ખેદ કરતો નથી. તે પછી વહુએ કહ્યું કે હે પિતા ! તમે ધન્ય છો . પુણ્યવાન છો. જેથી સુંદર એવા ધર્મકાર્યમાં તમારી આવા પ્રકારની બુધ્ધિ છે. સત્પુરુષો સદ્ગતિ માટે સુંદર વ્યય કરે છે. ને મૂઢપુરુષો દુર્ગતિ માટે ખોટો વ્યય કરે છે.

અન્યાય અને ન્યાયના ભેદવડે ધનમાં ચતુર્ભંગી થાય છે. ન્યાયથી ઉપાર્જન કરેલાને સત્કાર્યમાં વ્યય કરવાથી સર્વથી ઉત્તમ એવો ચોથો ભાંગો થાય છે. શેઠ અને પુત્રવધૂ તે પછી આખી જીંદગી સુધી લક્ષ્મીને સાતક્ષેત્રને વિષે સુંદર રીતે વાપરવાથી ધનનો ઉપયોગ કરી સફલ કરતાં હતાં અનુક્રમે શેઠ અને પુત્રવધૂ મરીને પહેલાં દેવલોકમાં દેવ થયાં, ત્યાંથી ચ્યવી ધરાનગરીમાં ભીમરાજાના પુત્રો થયા. પરસ્પર પ્રીતિવાલા બન્ને ભાઈઓ ગુરુપાસે ગયા, અને ત્યાં દયામયધર્મ સાંભળીને સંયમ ગ્રહણ ક્યો. ઘણાં વર્ષો સુધી ચારિત્રનું પાલન કરીને કેવલજ્ઞાન પામીને બન્ને ભાઈઓ તરત જ મોક્ષનગરીને શોભાવતા હતા. આ પ્રમાણે પવિત્ર ઉપદેશ સાંભળી તે વખતે ઘણાં લોકો ચારિત્ર અંગીકાર કરી વિમલગિરિઉપર મોક્ષમાં ગયા.

**આ પ્રમાણે શ્રી શત્રુંજયપર ચંદપ્રભ જિનેશ્વરના સમવસરણનું સ્વરૂપ**

# શ્રી સુવિધિનાથ જિનેશ્વરનું શ્રી શત્રુંજયપર આવવાનું સ્વરૂપ

કાકંદી નગરીમાં ન્યાયશાલી એવા સુગ્રીવરાજાની પત્ની રામાએ માગશર વદિ પાંચમના દિવસે પુત્રને જન્મ આપ્યો. ઇન્દ્રવડે જન્મોત્સવ કરવાથી માંડીને કેવલજ્ઞાનની પ્રાપ્તિ સુધીનું સ્વરૂપ કહેવું ॥ ભવ્યપ્રાણીઓને પ્રતિબોધ કરતાં શ્રી સુવિધિનાથ જિનેશ્વર ઘણા સાધુઓ સહિત શ્રીસિધ્ધગિરિ ઉપર સમવસર્યા. ત્યાં બાર પર્ષદાઓ બેઠી ત્યારે જિનેશ્વરે મોક્ષના સુખમાટે ધર્મોપદેશ આપવાની શરુઆત કરી. જેમ આંધળી થયેલી વૃધ્ધ સ્ત્રી વૈદ્યે કહેલા ઔષધનાયોગથી દિવ્યનેત્રવાલી થઇ. તેવી રીતે ગુરુના વચનથી ભવ્યજીવો સુખી થાય છે. મીનનામના નગરમાં ભીમનામના વૈદ્યને શ્રી નામની પ્રિયાથી ઉત્પન્ન થયેલા કામ – રામ ને મુકુંદ નામે ત્રણ પુત્રો થયા. ત્રણ પુત્રોને પિતાએ વિદ્યાઓ ભણાવી. ધન ઉપાર્જન કરવાથી તેઓને ધન – ચન્દ્ર અને વન શેઠની પુત્રીઓ પરણાવી સર્વે પુત્રવધૂઓ

સાસુ સાથે હંમેશાં કજીયા કરતી કારુલોક ( હલકા લોક ) ની પેઠે એક ક્ષણ પણ વિસામો પામતી નથી. તેઓ કલહ કરતા હતા ત્યારે એક ઘરડી સ્ત્રીએ વૈદ્ય પાસે આવીને ઔષધ પૂછવાની ઇચ્છાવાલી તેણીએ કહ્યું કે હે વૈદ્યરાજ ! તમે મારીપર મહેરબાની કરીને દૃષ્ટિના આંધળાપણાને દૂર કરનારૂં સુંદર ઔષધ હમણાં આપો. વારંવાર તેણીએ આ પ્રમાણે કહેવાથી ક્રોધપામેલા વૈદ્યે કહ્યું કે અંધપણાંને દૂર કરનારું આ આંકડાનું દૂધ બન્ને આંખોમાં તું નાંખ. તેણીએ તે પ્રમાણે કરવાથી, વૈદ્યે કહેલ વિધિથી આકડાનું દૂધ આંખમાં નાખવાથી તે વખતે તે દિવ્યનેત્રવાલી થઇ. તે વૃધ્ધા સો ટંક લઇને કુટુંબ સહિત વૈદ્યપાસે આવીને બોલી કે મહેરબાની કરી આ ધન લો. તમે મને પોતાનું ઔષધ આપવાથી દિવ્યનેત્રવાલી કરી છે. ખરેખર તમે પરોપકાર કરનારા મોટા વૈદ્ય છો. વૈદ્યે કહ્યું કે મેં ક્યારે તને ઔષધ આપ્યું? તે કહે. વૃધ્ધાએ કહ્યું કે તમે આકડાંનું દૂધ ઔષધ કહ્યું હતું. વૃધ્ધાએ આપેલું ધન લઇને વૈદ્યે તે વૃક્ષનીનીચે ખોદીને એકાંતમાં ઘી ભરેલુ પાત્ર મેળવ્યું. તે ઘી વડે ઘણાં લોકોની દૃષ્ટિની અંધતા દૂર કરીને ઔષધથી પૈસાદાર થયો. ને દેશમાં પ્રસિધ્ધ થયો.

અનુક્રમે તે વૈદ્યરાજ વૈરાગ્યપામી ગુરુપાસે દીક્ષા લઇ કર્મરૂપીરજને છેદવા માટે તીવ્રતપ કર્યું. પિતાએ આપેલું છે ધન જેને એવા વૈદ્યના પુત્રો પોતાનું ધન દીન – દુ:ખી આદિ લોકોને હંમેશાં આદર પૂર્વક આપે છે. તે પછી સર્વકર્મનો છેદ કરવા માટે તે વૈદ્યમુનિ મહિને મહિને સંસારથી તારનારું પારણું કરતા હતા. ક્ર સર્વ કર્મનો ક્ષય કરી અનુક્રમે કેવલજ્ઞાન પામી તે વૈદ્યમુનિ સિંહાસનપર બેસીને આ પ્રમાણે પ્રાણીઓને ધર્મોપદેશ આપતા હતા. આ ધર્મ જેને ધનપ્રિય હોય તેને ધન આપે છે. કામના અર્થીઓને કામ આપે છે. સૌભાગ્યના અર્થીઓને સૌભાગ્ય આપે છે. અથવા તો મનુષ્યોને જુદા જુદા વિકલ્પોવડે શું ?

જ્ઞાની એવા વૈદ્યમુનિના ઉપદેશવડે ગુરુવગેરે ઘણા સાધુઓ કેવલજ્ઞાન પામી અનુક્રમે મુક્તિનગરીમાં ગયા. આ પ્રમાણે જિનેશ્વરે કહેલા ધર્મને સાંભળીને ઘણાં પ્રાણીઓ તે વખતે જિનેશ્વરના ધર્મ અને વ્રતને સુખપૂર્વક પામ્યા. ત્યાં કેટલાક મુનિશ્વરો સમસ્ત કર્મનો ક્ષય કરી શ્રીગિરિરાજઉપર અનુક્રમે મુક્તિરૂપીસ્ત્રીના સ્વામી થયા. એ પ્રમાણે શ્રી સુવિધિનાથ તીર્થંકરે ઘણાં પ્રાણીઓને પ્રતિબોધ કરી ભવ્યપ્રાણીઓના બોધમાટે અન્યસ્થળે વિહાર કર્યો.

**શ્રી શત્રુંજયપર શ્રી સુવિધિનાથ જિનેશ્વરના સમવસરણનું સ્વરૂપ – સંપૂર્ણ**

# શ્રી શત્રુંજયપર શ્રી શીતલનાથ ભગવાનના આગમનનું સ્વરૂપ

ભદ્દિલ નામના નગરમાં દૃઢરથ નામે શ્રેષ્ઠ રાજા હતો. તેને નિર્મલશિયલને ભજનારી નંદા નામે રાણી હતી. નંદાએ ચૌદ મહાસ્વપ્નોથી સૂચિત પુત્રને મહાવદી – ૧૨ – ના દિવસે જન્મ આપ્યો. ઈન્દ્રે કરેલા જન્મોત્સવથી માંડીને જ્ઞાનપ્રાપ્તિસુધીનું ચરિત્ર કહેવું.

શ્રી શીતલનાથ તીર્થંકર પૃથ્વીતલપર વિહાર કરતાં અનેક સાધુસહિત શ્રી સિધ્ધગિરિ પર સમવસર્યા. ત્યાં યાત્રા માટે અસંખ્ય ભવિપ્રાણીઓ આવ્યા ત્યારે શ્રી શીતલનાથ તીર્થંકરે ધર્મદેશના કરી. જે જીવે ધનવગેરેમાં પરિગ્રહનું પરિમાણ કર્યું છે. તે મનુષ્ય કાલવણિકની જેમ મુક્તિપુરીમાં જાય છે.

કુંતપુરીમાં કાલવણિક જે જે કરીયાણાં લે છે તેને તે વખતે તે બે –ત્રણ કે ચાર ગણા લાભવડે વેચતો હતો. ભાગ્યના ઉદયમાં પુરુષોને પુત્ર – પૌત્રઆદિ ધન થાય છે અભાગ્યના ઉદયમાં ભવે ભવે દુઃખ થાય છે. જેમ જેમ ઘરમાં લક્ષ્મી આવે છે તેમ તેમ તેની તૃષ્ણા આકાશની જેમ વધે છે. કહ્યું છે કે

**तृष्णाखानिरगाधेयं, दुष्पूरा केन पूर्यते ?**
**या महाद्भिरपिक्षिप्तैः, पूरणैर्वर्ध्धतेतराम् ।।१।।**

આ તૃષ્ણારૂપી ખાઇ ઘણી ઊંડી છે. દુઃખે કરીને તે પૂરી શકાય એવી તે કોનાવડે પૂરી શકાય ? જે ખાઇ મોટા એવા પૂરણો નાંખવાવડે પણ અધિક વધે છે. (ઊંડી જાય છે.) તે કાલવણિક લક્ષ્મીને ઉપાર્જન કરતો જ્યારે વિસામો લેતો નથી. ત્યારે પત્ની રમા કહે છે કે શા માટે અધિક કષ્ટ કરો છો ? કહયું છે કે :–

**अर्थानामर्जने दुःख, – मर्जितानां च रक्षणे;**
**आये दुःखं व्यये दुःखं – धिग् द्रव्यं दुःखभाजनम् ।। ।।**

પૈસા ઉપાર્જન કરવામાં દુઃખ છે. ઉપાર્જન કરેલાને રક્ષણ કરવામાં દુઃખ છે. લાભમાં દુઃખ છે. નાશમાં દુઃખ છે. દુઃખના પાત્ર એવા અર્થને ધિક્કાર હો. પરલોકમાં જતા કોઇ જીવની સાથે લક્ષ્મી જતી નથી. તેથી સાતક્ષેત્રમાં

લક્ષ્મી વાપરે તો તે લક્ષ્મી સ્થિર થાય.

આ પ્રમાણે પ્રિયાએ ઘણો ઉપદેશ આપ્યા છતાં પણ કાલવણિક કોઇ ઠેકાણે ધર્મમાં થોડું પણ ધન આપતો નથી.. એક વખત કાલ સૂતો હતો ત્યારે સ્વપ્નમાં લક્ષ્મીદેવીએ આ પ્રમાણે કહ્યું. હું તારું પુણ્ય ક્ષયથવાથી તારા ઘરમાંથી જઇશ. આ લોકમાં તેં થોડો પણ દાનવગેરે ધર્મ કર્યો નથી. જેનું પુણ્ય હોય તેના ઘરમાં હું હંમેશાં રહું છું. કહ્યું છે કે જ્યાં ગુરૂઓ પૂજાતાં હોય, જ્યાં ન્યાયથી ઉપાર્જન કરેલું ધન હોય. જ્યાં દાંતનો ( ખાવાનો ) કજિયો ન હોય. હે ઇન્દ્ર ! ત્યાં હું રહું છું. જે જુગારી હોય – પોતાના માણસોનો દ્વેષ કરનારો હોય. ધાતુવાદી હોય. હંમેશાં આળસુ હોય. આવક – જાવકનો વિચાર કરનારો ના હોય , ત્યાં હું રહેતી નથી.

સવારે પત્નીની આગળ લક્ષ્મીએ કહેલું રાત્રિ સંબંધી વૃતાંત કહ્યું ત્યારે પ્રિયાએ કહ્યું હે પતિ ! મેં પણ કહ્યું હતું કે ધર્મમાં ધન વાપરો. હે પતિ ! હમણાં પણ જો લક્ષ્મી દાનધર્મમાં વાપરવામાં આવે તો લક્ષ્મી સ્થિર થાય, કારણ કે લક્ષ્મી પુણ્ય સાથે બંધાયેલી છે. સમસ્ત – બધી લક્ષ્મી સાતક્ષેત્રમાં વાપરી અનુક્રમે રાત્રિમાં નમસ્કારમંત્રને યાદ કરીને સુખપૂર્વક નિદ્રાવડે સૂઇ ગયો. કહ્યું છે કે : – જેઓ સુખભોગના કારણ નિમિત્તે ખરાબ લોકો – કુપાત્રને વિષે દાન આપે છે તે હાથી વગેરે થયેલાં તે દાનથી ઉત્પન્ન થયેલાં સુખને ભોગવે છે. જેમ સારી રીતે ખેડેલા ખેતરમાં ધાન્ય વધે છે, અને તેની હાનિ થતી નથી તેવી રીતે સુસાધુને દાન આપવામાં ઘણું પુણ્ય ઉપાર્જન કરે છે..

જેવી રીતે એક – તલાવમાં ગાય અને સર્પે પાણી પીધું. સર્પનેવિષે તે ઝેરરૂપે પરિણમે છે. ગાયને વિષે દૂધ તરીકે ઉત્પન્ન થાય છે. તેવી રીતે શીલરહિતને અને સુશીલવગેરેને તે દાન પરલોકમાં નિષ્ફલ ને સફલ થશે. પાત્ર વિશેષવડે તેને પુણ્ય થાય. કાલવણિકવડે કરીને સર્વલક્ષ્મી વપરાયેલી જાણીને લક્ષ્મીદેવી તેનાં ઘણાં પુણ્યથી બંધાયેલી બોલી – તારું ઘર લક્ષ્મીવડે ભરાઇ ગયું છે. આ પ્રમાણે તેણે ઘણા દિવસસુધી ધન વાપર્યું તો પણ બીજા દિવસે સવારમાં તેણે લક્ષ્મીથી ભરેલું પોતાનું ઘર જોયું. આ પ્રમાણે વીસ દિવસને અંતે કાલે ગુરુની પાસે આવીને હર્ષથી આ પ્રમાણે પરિગ્રહનું પરિમાણ લીધું. ૨૦ – હજાર ટંક – દશ મકાન – આઠ ભેંસ – એક સ્ત્રી – દશ ગાય – દશ બળદ – ૨૦ ઘોડા – ૭૦ પલ – સોનું – રૂપું – આ પ્રમાણે અભિગ્રહ લઇને તે વખતે કાલ સુખી થયો. તે વખતે અકસ્માત્ પુત્ર રહિત રાજા મરી જવાથી મંત્રીશ્વરોએ બળાત્કારે તે કાલને દેદીપ્યમાન ઉત્સવપૂર્વક રાજ્ય આપ્યું. કાલે તે વખતે રાજ્યમાં શ્રી ઋષભદેવપ્રભુનું બિંબ સ્થાપન કરી , પોતે સેવક બની પ્રભુના બે ચરણોને સેવવા લાગ્યો. પરિગ્રહનું પરિમાણ પાલન કરતો કાલરાજા જિનભૂપ ( જિનરાજાના) ધનવડે ઘણાં જિનમંદિરો કરાવતો હતો. કાલે પોતાના પદપર પોતાના પુત્ર ભીમને સ્થાપન કરી આઠ હજાર વણિકપુત્રો સાથે દીક્ષા લીધી. જિનેશ્વર ભગવંતના સિધ્ધાંતને શાસ્ત્રોને ભણી અનુક્રમે આચાર્યપદ પામી લાખો પ્રાણીઓને જિનધર્મમાં પ્રતિબોધ કર્યો. હજાર સાધુઓ સાથે તે સૂરિરાજ પ્રાણીઓને પ્રતિબોધ કરતાં શ્રી શત્રુંજયપર્વતપર આવ્યા. ત્યાં કર્મનો ક્ષય કરી કેવલજ્ઞાન પામી કાલસૂરિ ઘણા સાધુઓ સહિત મોક્ષ પામ્યા. આ પ્રમાણે ધર્મોપદેશવડે ઘણાં પ્રાણીઓને પ્રતિબોધ કરી શ્રી શીતલનાથ તીર્થંકરે તે પર્વતપરથી બીજે ઠેકાણે વિહાર કર્યો.

**આ પ્રમાણે શ્રી શીતલનાથ તીર્થંકરનું શ્રીશત્રુંજયપર આવવાનું સ્વરૂપ.**

# શ્રી શત્રુંજયપર શ્રી શ્રેયાંસનાથ જિનેશ્વરના આગમનનું સ્વરૂપ

સિંહપુર નગરમાં વિષ્ણુરાજા પૃથ્વીપર રાજ્ય કરતા હતા ત્યારે તેમને વિષ્ણુની પ્રિયા લક્ષ્મીજેવી શ્રેષ્ઠ – વિષ્ણુદેવી નામે પ્રિયા હતી. વિષ્ણુપ્રિયાએ ચૌદ મહાસ્વપ્નથી સૂચિત ફાગણવદી – ૧૧ – ના દિવસે પુત્રને જન્મ આપ્યો. ઇન્દ્ર મહારાજાએ મેરુપર્વતપર લઇ જઇ જન્મોત્સવકરીને માતાની પાસે મૂક્યા, ને દેવલોકમાં ગયા. સવારે પિતાએ મનોહર જન્મોત્સવ કરીને પોતાના કુટુંબના માણસોની હાજરીમાં શ્રેયાંસ એ પ્રમાણે નામ આપ્યું. રાજ્ય પ્રાપ્તિથી જ્ઞાનપ્રાપ્તિ સુધીનો સંબંધ અહીં કહી દેવો ॥

શ્રી શ્રેયાંસનાથ જિનેશ્વર પૃથ્વીપર ભવ્યજીવોને પ્રતિબોધ કરતાં ઘણા સાધુઓ સહિત શ્રી સિધ્ધગિરિઉપર સમવસર્યા. ત્યાં રહેલા પ્રભુ ભવ્યજીવોને પ્રતિબોધ કરવામાટે દેદીપ્યમાન વાણીવડે મજબૂત પુણ્યનો ઉપદેશ કરવા લાગ્યા.

**देवपूजा गुरूपास्तिः स्वाध्यायः संयमस्तपः,**
**दानं चेति गृहस्थानां – षट् कर्माणि दिने दिने ।।७।।**

દેવપૂજા – ગુરુસેવા – સ્વાધ્યાય – સંયમ – તપ અને દાન એ ગૃહસ્થના છ કાર્યો દિવસે દિવસે કરવાના હોય છે.

ચંદ્રનામના નગરમાં ચંદ્રવીર નામના રાજાની ચંદ્રાવતિ નામની પ્રિયા સુંદર શિયલરૂપી સૌભાગ્યવાલી હતી. એક વખત રાજા જેટલામાં સભામાં બેઠો હતો. તેટલામાં શુક ને શુકીનું ( પોપટ ને મેનાનું ) યુગલ કજિયો કરતું આવ્યું. શા માટે તમે બન્ને હમણાં ઘણો કજિયો કરો છો ? એ પ્રમાણે રાજાવડે કહેવાથી શુકીએ કહ્યું કે આ મારો પુત્ર છે. શુકે કહ્યું કે હે રાજા ! આ પુત્ર મારો જ છે. રાજાએ કહ્યું કે હિતની ઇચ્છાવાલાએ વિવાદ ન કરવો જોઇએ. કહ્યું છે કે વિવાદ કરનારા પુરુષો પશુઓની જેમ દુઃખી થાય છે. પરલોકમાં નરકમાં પડવાનું થાય છે. સુખમાં શંકા થાય છે. ( મલે કે નહિ ? તેમ ) આ પુત્ર તમારો બન્નેનો છે. કારણ કે તમારા બન્નેથી જન્મ પામ્યો છે. પોતાના કુલમાં કજિયો બન્નેને દુઃખદાયી થાય છે. તે પછી વિવાદ છોડી પત્ની પુત્ર સહિત શુક યુગાદિદેવના મંદિરમાં ગયો. ને સમાધિપૂર્વક રહયો. ત્યાં નજીકના પ્રદેશમાં જ્ઞાનતુંગ નામના ગુરુને નમીને ભવ્યજીવો ધર્મ સાંભળતા હતાં ત્યારે શુક પણ ત્યાં આવ્યો.

**श्रीमज्जिनेशनमनं तिलकत्यलीके, वक्षस्थले विमलमालति सद्विवेकः ।**
**ताडङ्कति श्रवणयोः सुगुरूपदेश-स्त्यागस्तु कंङ्कणति पाणितले सतां हि**

સજ્જનોના કપાળમાં જિનેશ્વર ભગવાનને નમન કરવારૂપ તિલક છે. વક્ષસ્થલમાં વિવેકરૂપી માલા છે. સુગુરુનો ઉપદેશ સાંભળવો આ બે કાનના કુંડલો છે. અને ત્યાગ કરવો – આપવું તે હાથનું ભૂષણ છે. પૂજા – પચ્ચકખાણ – પ્રતિક્રમણ – પૌષધ અને પરોપકાર આ પાંચ પ્રકારે જેના જીવનમાં છે. તેનું સંસારમાં ભ્રમણ હોતું નથી. ઘણા માણસો અરિહંતની પૂજાનું ફલ જાણીને ઘરે આવીને હંમેશાં ભાવથી જિનપૂજન કરે છે. તે વખતે પોપટપક્ષી પણ અંગમાં ઉત્પન્ન થયેલી પાંખથી શોભતો દિવસની શરૂઆતમાં પ્રભુની આગળ ધાન્યના ઉપરના ભાગને ભેટ કરી જાય છે. અરિહંતની પૂજાના પ્રભાવવડે તે પોપટ સમાધિવડે મરીને ચંદ્રવીર રાજાનો ચંદ્રદેવ નામે પુત્ર થયો. અરિહંતની પૂજાના પ્રભાવવડે મરીને પોપટી અમરપુરમાં લક્ષરાજાની પુત્રી અનુકમે નામથી સુંદરી થઈ. આ ચંદ્રદેવકુમાર લક્ષરાજાની પુત્રીને પિતાના આદેશથી અનુક્રમે શુભલગ્નમાં પરણ્યો. અનુક્રમે તે શુકપુત્ર પોપટ મરીને પૂજાના પ્રભાવથી આ ચંદ્રદેવકુમારનો પુત્ર કમલનામે થયો. વીરસેન રાજાએ પુત્રને પોતાની પાટપર સ્થાપન કરીને ગુરુપાસે દીક્ષા લઈને મુક્તિસુખને આપનારું ઉગ્રતપ કર્યું. ગુરુપાસે હંમેશાં આગમને ભણતો તે પંડિત થયો. તે પછી સૂરિપદ પામીને શ્રેષ્ઠ કેવલજ્ઞાન પામ્યા.

એક વખત ચંદ્રદેવ પત્ની ને પુત્રસહિત સૂર્યોદયના સમયે શ્રી ઋષભદેવપ્રભુને નમસ્કાર કરવા માટે ઋષભદેવ પ્રભુના મંદિરમાં ગયો. કોઈકનાવડે ભેટ કરાયેલો ધાન્યનો અગ્રભાગ જોઈને પત્ની તથા પુત્રસહિત રાજા મૂર્છા પામીને પૃથ્વીપર પડ્યો. શીતઉપચારથી સ્વસ્થ કરાયેલા પ્રિયા આદિથી સહિત રાજાએ પોતાના પૂર્વભવનું સ્વરૂપ મંત્રીઓની આગળ કહ્યું. તે રાજા પાસેથી અરિહંતની પૂજાનું ફલ જાણીને તે વખતે ત્યાં અનેક મનુષ્યો અરિહંતની પૂજામાં તત્પર થયા. પત્ની ને પુત્રસહિત રાજા હંમેશાં પ્રભુની પૂજા કરીને પોતાના મુખમાં અન્ન ને પાણી નાંખે છે. તે સિવાય નાંખતો નથી.

ગુરુના મુખેથી રાજાએ સંસારની અસારતા જાણીને પુત્રને રાજ્ય આપી પ્રિયાસહિત સંયમ લીધો. તેજ ભવમાં તપરૂપી અગ્નિવડે કર્મરૂપી લાકડાંને બાળી નાંખી ચંદ્રદેવમુનિ વેગથી મોક્ષનગરને પામ્યા. રાણી તપતપીને ત્રીજા દેવલોકમાં જઈને અનુક્રમે મનુષ્યભવ પામી સર્વકર્મનો ક્ષયકરી મોક્ષમાં ગઈ. કમલ પોતાના પુત્રને પોતાની પાટઉપર સારા ઉત્સવપૂર્વક સ્થાપન કરી દીક્ષા લઈ. કેવલજ્ઞાન પામી મોક્ષમાં ગયો. આ પ્રમાણે પ્રભુની વાણી સાંભળીને ઘણાં ભવ્યપ્રાણીઓ સમસ્તકર્મનો ક્ષયકરી શ્રી શત્રુંજયપર મોક્ષમાં ગયાં.

## એ પ્રમાણે શ્રી શત્રુંજયતીર્થ ઉપર શ્રેયાંસનાથ પ્રભુનું આવવાનું સ્વરૂપ

# શ્રી શત્રુંજય તીર્થ ઉપર શ્રીવાસુપૂજ્યસ્વામીના આગમનનું સ્વરૂપ

ચંપા નગરીમાં વસુપૂજ્યરાજાની જયાનામની પ્રિયા હતી , તેણે ચૌદ મહાસ્વપ્નથી સૂચિત એવા ગર્ભને ધારણ કર્યો. ફાગણ વદ ચૌદશની તિથિના દિવસે ઉચ્ચ ગ્રહોને વિષે જયાદેવીએ શુભએવા શ્રેષ્ઠ લક્ષણોથીલક્ષિત પુત્રને જન્મ આપ્યો. ઈન્દ્રવડે જન્મોત્સવ કરાયો ત્યારે પિતાએ જન્મોત્સવ કરીને સારા ઉત્સવપૂર્વક પુત્રનું વાસુપૂજ્ય એ પ્રમાણે નામ આપ્યું. અહીં જ્ઞાનપ્રાપ્તિ સુધીનું સ્વરૂપ તેમના ચરિત્રમાંથી પોતાની જાતે જાણી લેવું. ॥

એક વખત પૃથ્વીપર વિહાર કરતા શ્રી વાસુપૂજ્ય સ્વામી તીર્થંકર સિધ્ધગિરિપર્વતની ઉપરની ભૂમિપર સમવસર્યા. ત્યાં અનેક લોકો પ્રભુની સર્વપાપને છેદનારી યોજનગામિનીવાણી સાંભળવા માટે દૂર દેશથી આવ્યા. તે આ પ્રમાણે:–

**प्रासाद प्रतिमा धर्म शालादिपुण्यत: किल।**
**लभन्ते मनुजा : स्वर्गापवर्गादिरमां रयात्।।६।।**

પ્રાસાદ પ્રતિમા અને ધર્મશાલા વગેરેના પુણ્યથી મનુષ્યો વેગથી સ્વર્ગ – મોક્ષ આદિ લક્ષ્મીને મેળવે છે. કહ્યું છે કે : – જે ઋષભદેવથી માંડી શ્રીવીરપ્રભુસુધીના જિનેશ્વરોનું અંગૂઠાપ્રમાણ પણ શ્રેષ્ઠ બિંબ ભરાવે છે. તે મોક્ષનો આશ્રય કરે છે.

**अङ्गुष्ठमात्रमपि यो बिम्बं कारयति वरम्**
**वृषभादिमवीरान्त – जिनानां स शिवं श्रयेत्।।७।।**
**अङ्गुष्ठमात्रमपि य: प्रकरोति बिम्बं, वीरावसान वृषभादिजिनेश्वराणाम्।**
**स्वर्गप्रधान विपुलर्ध्दिसुखानि भुक्त्वा, पश्चादनुत्तरगतिं लभते सधीर: ।।८।।**

શ્રી ઋષભદેવથી માંડીને વીરભગવાનસુધીના જિનેશ્વરોનું અંગૂઠાપ્રમાણ પણ જે બિંબ કરે છે. (ભરાવે છે.) તે સ્વર્ગ જેમાં પ્રધાન છે એવા મોટી ઋધ્ધિના સુખોને ભોગવીને પછી તે ધીર મોક્ષગતિને પામે છે. જે મનુષ્યો અરિહંતના પ્રસાદ અને બિંબને કરાવે છે તેઓને ધીરરાજાની સ્ત્રીનીપેઠે સ્વર્ગવગેરેના સુખો થાય છે.

ચંદ્રપુર નગરમાં ધીરરાજાને પ્રિય એવી આઠ પ્રિયાઓ ( પત્નીઓ ) હતી. તેઓમાં અનુક્રમે વીરમતી શ્રેષ્ઠ પટ્ટરાણી થઇ. જૈનધર્મને કરતી બીજી રાણીઓને ઉપદેશ આપતી તે પટ્ટરાણી તેઓની ગુરુ થઇ શરુઆતમાં પોતે ધનનો વ્યયકરી શ્રેષ્ઠ જિનાલય કરાવીને પટ્ટરાણી તેઓને મોક્ષ આપનાર ઉપદેશ આપતી હતી.

**आरोग्य भाग्याभ्युदय प्रभुत्वं, सत्त्वं शरीरे स्वजने महत्त्वम्**
**तत्त्वंच चित्ते सदनेच सम्पत्, सम्पद्यते पुण्यवशेन पुंसाम् ।।१३।।**

પુણ્યના વશથી પુરુષોને – આરોગ્ય – ભાગ્ય – અભ્યુદય – સ્વામીપણું – શરીરમાં સત્વ – સ્વજનને વિષે મહત્વ – ચિત્તમાં તત્વ – ને ઘરને વિષે સંપતિ થાય છે. પટ્ટરાણીના જિનમંદિરકરતાં રાજાની બીજી સ્ત્રીઓએ અધિક એવા મનોહર પોતાના જિનમંદિરો કરાવ્યાં. તેઓના મોટા જિનમંદિરોને જોઇને તે હૃદયમાં વિચારવા લાગી કે મેં આ સ્ત્રીઓની આગળ હમણાં ફોગટ જૈનધર્મ આપ્યો. આ સ્ત્રીઓએ જે શ્રેષ્ઠ ઊંચા જિનમંદિર કરાવ્યા છે. તે જલ્દી પડી જાય તો સારૂં થાય. પ્રાયઃ કરીને મનુષ્યો બીજાઓની વિભૂતિઓ જોઇને હંમેશાં આદરથી તે કરવા માટે તેઓની ઇર્ષ્યા કરે છે. આ પ્રમાણે દુર્ધ્યાનથી ઉત્પન્ન થયું છે શૂલજેને એવી રાજાની મુખ્યપ્રિયા મરીને ત્યાં કૂતરી થઇ છે. કર્મનું વિચિત્રપણું આશ્ચર્યકારક છે.

તે દેવમંદિરની અંદર પ્રવેશ કરતી કૂતરીને મારીને મનુષ્યો હંમેશાં તેને બહાર કાઢે છે. અકસ્માત્ એક વખત સવારમાં પ્રભુનું બિંબ જોઇને જાતિસ્મરણ પામીને તે કૂતરી પોતાના પૂર્વભવને જોઇને અત્યંત રુદન કરે છે. લોકોવડે મારવા છતાં પણ હંમેશાં આંસુના પ્રવાહને છોડતી તે કૂતરી પ્રભુના મંદિરના દ્વારથી બીજે કોઇ ઠેકાણે જતી નથી. વળી તે કૂતરી બીજાને વિષે ઇર્ષ્યાથી કરાયેલા પોતાના કર્મની નિંદા કરતી પશુનોભવ હોવાથી બોલી શકતી નથી. લોકો વિચારવા લાગ્યા કે આ કૂતરી ક્યા કારણે કોઇ ઠેકાણે જતી નથી ? કેવલીસિવાય તે હકીકત અજ્ઞાની લોકો જાણી શકતા નથી.

આ તરફ ત્યાં જ્ઞાની આવ્યા. સર્વ રાણીઓએ આદરથી વંદન કર્યું અને મોક્ષસુખને આપનાર ધર્મોપદેશ સાંભળ્યો. અહીં ઉપદેશ કહેવો. દેશનાના અંતે રાજાની રાણીઓએ આદરથી પૂછ્યું કે અમારી ગુરુણી વીરમતી મરીને ક્યાં ઉત્પન્ન થઇ છે ? કેવલીએ કહયું કે જે કૂતરી જિનમંદિરના દ્વારમાં ઊભી છે. તે જ વીરમતી છે. ઇર્ષ્યા કરવાથી મરીને તે કૂતરી થઇ છે.તેઓએ કહયું કે – પુણ્યશાલી વીરમતી કૂતરી કેમ થઇ ? જ્ઞાનીએ કહયું કે – આર્ત્તધ્યાન કરવાથી તિર્યંચભવ પ્રાપ્ત થાય છે.

કહયું છે કે –

**आर्त्ते तिर्यगगतिस्तथा, गतिरधो ध्याने च रौद्रे सदा;**
**धर्मे देवगतिस्तथा भवति हि, शुक्ले च जन्मक्षयः ।।२८।।**

આર્તધ્યાન કરવાથી તિર્યંચગતિ પ્રાપ્ત થાય છે. રૌદ્ર ધ્યાન કરવાથી નરકગતિ થાય છે. ધર્મધ્યાન કરવાથી દેવગતિ થાય છે. ને શુક્લધ્યાન કરવાથી સંસારનો ક્ષય થાય છે. ( મોક્ષ થાય છે. ) કેવલીએ કહ્યું – કે જો અહીં આવેલી તે પ્રગટપણે મને નમે. ને આદિનાથના પૂજકવડે ( પૂજારીવડે ) કહેવાયેલી તે કૂતરી નીચે જુએ તો તમારે તે કૂતરી ને પોતાની ગુરુણી જાણવી. કર્મયોગથી એ કૂતરી થઇ છે. ભાગ્યવાળી એવી તે મુક્તિમાં જશે. તેઓવડે ત્યાં લવાયેલી કૂતરીએ ગુરુએ કહેલું બધું કર્યું. ગુરુએ કહ્યું કે હમણાં તું પુણ્યકર તેથી મોક્ષ થાય. તે પછી તે કૂતરી અનશન ગ્રહણ કરીને સ્વર્ગમાં ગઇ. અને દેવલોકમાંથી ચ્યવેલી તે મહાવીર રાજાની પુત્રી થશે. શુધ્ધધર્મકરીને સંયમપાલન કરીને તે કૂતરીનો જીવ વેગપૂર્વક મોક્ષપુરીમાં જશે.. આ પ્રમાણે વાસુપૂજ્ય તીર્થંકરે દેશના આપી ત્યારે કેટલાક જીવો શ્રાવકધર્મ પામ્યા ને કેટલાક જીવોએ મુનિધર્મનો સ્વીકાર કર્યો. રાજાની બીજી પણ સાત રાણીઓ અરિહંતનાં ધર્મનુ પાલન કરતી સંયમ સ્વીકારી અનુક્રમે મુક્તિનગરમાં ગઇ. ત્યાં રહેલા એવા અનેક તપસ્વીઓએ પ્રભુનીવાણી સાંભળીને કર્મનો ક્ષયકરી અનુક્રમે મુક્તિનગરીને શોભાવી.

**આ પ્રમાણે શ્રી શત્રુંજયઉપર વાસુપૂજ્ય પ્રભુનું આવવાનું સ્વરૂપ સંપૂર્ણ**

# શ્રી શત્રુંજયઉપર વિમલનાથપ્રભુનું આગમન અને સમોસર્યાનું સ્વરૂપ

કાંપીલ્ય નામના નગરમાં કૃતવર્મા નામે રાજા હતો. તેને સુંદર શિયલવાલી શ્યામાદેવી નામે પ્રાણવલ્લભા હતી ફાગણ વદી – ૧૪ ની તિથિએ ઉચ્ચ ગ્રહોનો સમૂહ હતો ત્યારે શ્યામાદેવીએ હાથી વગેરે સ્વપ્નથી સૂચિત પુત્રને જન્મ આપ્યો. ઇન્દ્રે જન્મોત્સવ કર્યા પછી પિતાએ જન્મોત્સવ કરીને પુત્રનું સજ્જનોની સાક્ષીએ વિમલ એ પ્રમાણે નામ આપ્યું. તે પછી અનુક્રમે રાજ્ય પામી – રાજ્યને છોડી – દીક્ષા લઇ કર્મનો ક્ષય કરી વિમલજિન શાશ્વત એવું જ્ઞાન (કેવલજ્ઞાન) પામ્યા. શ્રી વિમલનાથ પ્રભુ પોતાના પગની રજવડે પૃથ્વીને નિર્મલ કરતાં ક્રોટાકોટી દેવોવડે સેવન કરવા લાયક શ્રી સિધ્ધગિરિપર સમવસર્યા. ત્યાં બારપર્ષદા બેઠી ત્યારે શ્રી જિનેશ્વર પ્રભુ સુંદરવાણીવડે ધર્મનો ઉપદેશ આપવા માટે પ્રવર્તે છે. જે આ ગિરિ ચઢેલા પ્રાણીઓ અતિદુર્લભ એવા લોકના અગ્રભાગને ( મોક્ષને ) પ્રાપ્ત કરે છે. તે આ તીર્થોનો સ્વામી શ્રેષ્ઠ એવો શાશ્વતગિરિ છે.

આ અનાદિ તીર્થ છે. અહીં તીર્થંકરો અને અનંતમુનિઓ કર્મસમૂહનો ક્ષયકરીને સિધ્ધ થયા છે. તીર્થંકરો મોક્ષે

ગયા ત્યારે જ્ઞાન ( વિશિષ્ટ જ્ઞાન ) નષ્ટ થયું ત્યારે પૃથ્વીતલઉપર સાંભલવાથી અને કીર્તનકરવાથી આ તીર્થ તારનાર છે. જે પુરુષનું પૂર્વભવથી આવેલું શ્રેષ્ઠ ભાગ્ય હોય તેને આ લોકમાં ને પરલોકમાં મનને ઇષ્ટ એવો યોગ થાય છે.

ધરાપુરી નામની નગરીમાં મીન નામે ચતુર વણિક હતો તેને ઉજજવલ ગુણનીશ્રેણીવાલી ગૌરી નામે પત્ની હતી. તે નગર ભાંગ્યુ ત્યારે તે વખતે શત્રુએ ગૌરીને પકડી. શત્રુનું સૈન્ય ચાલતું દિવસનાં મધ્યભાગમાં ( બપોરે ) કૂવાની પાસે ઊભું રહયું. ત્યાં આવીને સ્ત્રીને છોડાવવા માટે ૮૦૦ – ટંક કબૂલ કરીને મીન ધન લેવા પોતાને ઘરે ગયો. ઘરને સર્વશૂન્ય ( ખાલી ) જોઇને જમીનમાં રહેલાં ગુપ્તધનને લઇને મીન જેટલામાં ચાલ્યો તેટલામાં એક બ્રાહ્મણ મલ્યો. મીનની પાસે ઘણું ધન જાણી કપટી એવો બ્રાહ્મણ – હંમેશાં તે લઇ લેવાને ઇચ્છતો જંગલમાં કોઇ ઠેકાણે અવસર પામ્યો નહિ. કહયું છે કે મીન ચાલતો જેટલામાં અનુક્રમે કૂવાની પાસે આવ્યો ત્યારે બ્રાહ્મણે કહયું કે અહીં ઊભા રહીયે ને પાણી પીઇયે. તાપથી તપ્યું છે શરીર જેનું એવો મીન પાણી પીને મસ્તક નીચે ધનમૂકીને સૂતો તેટલામાં બ્રાહ્મણે છિદ્ર (તક ) મેળવ્યું.

તેને ઉપાડીને કૂવામાં નાંખીને ધન લઇને ગયો. કેડ સમાન પાણીમાં દૈવયોગથી મીન પડ્યો. ક્ષણવારમાં પ્રિયાને જોઇ હર્ષિત થયેલા મીને કહ્યું કે હે પ્રિયા ! તું અહીં કેવી રીતે આવી ? અને કોનાવડે લવાઇ ? તે હમણાં કહે. પત્નીએ કહ્યું કે દુષ્ટ ચિત્તવાલા શત્રુએ મને પકડી. માર્ગમાં નાસવાને ઇચ્છતી તે શત્રુના ભયથી હું શક્તિમાન ન થઇ. અહિ શત્રુનું સૈન્ય આવ્યું ત્યારે કપટકરીને આ કૂવામાં પડેલી મને દુષ્કર્મથી પાંચ દિવસ થયા. તે પછી કૂવામાં પડવાનો વૃત્તાંત કહે છતે પત્નીએ કહ્યું કે આ કૂવામાંથી કઇ રીતે નિકળાશે ? કોઇક આ કૂવાના કાંઠે આવે. અને આપણને દયાથીયુક્ત ચિત્તવાલો ખેંચે બહાર કાઢે. તેટલામાં તે કૂવાની નીચેના છીદ્રમાંથી અકસ્માત્ શિયાળણી પાણીપીવા માટે આવી. તેને જોઇને બન્ને હર્ષ પામ્યા. પાણી પીને શિયાળણી જે કાણામાંથી ( વિવરમાંથી ) નીકળી ત્યારે તે વિવરમાંથી મીન બે ગાઉ દૂર નીકળ્યો પાતાલમાં ને પૃથ્વીનાછેડે રહેલ ગુફાના દ્વારથી હંમેશાં શિયાળણી પાણી પીએ છે. સરોવરમાં રહેલું પાણી પીતી નથી. કૂવાની અંદર રહેલી પ્રિયાને મીને માંચાના ( ખાટલાના ) પ્રયોગથી બહાર કાઢી અને પોતાના ઘરે લઇ ગયો. અનુક્રમે પોતાના ધનનું અપહરણ કરનાર બ્રાહ્મણને ઓળખીને મીને રાજાની પાસે કહીને પોતાની લક્ષ્મી પાછી વાળી. તે પછી પોતાનું ઘણું ધન વાપરીને પ્રિયાસહિત મીનવણિક ગુરુપાસે વ્રત લઇને હંમેશાં તપ કરવા લાગ્યો. સંયમની આરાધના કરીને મીન છઠ્ઠા દેવલોકમાં ગયો. ને તેની સ્ત્રી આયુષ્યનો ક્ષય થયો ત્યારે ચોથા દેવલોકમાં ગઇ. કહયું છે કે : – અતિઉચ્ચસ્થાનમાં મધ્યમસ્થાનમાં હીનસ્થાનમાં અથવા તો અત્યંત હીનસ્થાનમાં જેણે જ્યાં જવાનું હોય તેની ચેષ્ટાપણ તેવા પ્રકારની હોય છે. ત્યાંથી મીનનો જીવ પ્રિયાસહિત મનુષ્યભવ પામી. સર્વ કર્મસમૂહનો ક્ષય કરી શત્રુંજયગિરિઉપર મુક્તિને પામ્યો. આ પ્રમાણે શ્રી વિમલનાથપ્રભુની પાસે આદરપૂર્વક ધર્મ સાંભળીને અનેક પ્રાણીઓ વેગથી મુક્તિનગરીને પામ્યા. તે પર્વત પર કેટલાક જીવો સ્વામીનું વચન સાંભળીને મોક્ષ પામ્યા. ને કેટલાક દેવલોકમાં ગયા. અને કેટલાક શ્રેષ્ઠ રાજ્યં પામ્યા. શ્રી વિમલનાથપ્રભુ ત્યાં હતા ત્યારે એક લાખ સાધુઓ સર્વકર્મનો ક્ષય કરીને મુક્તિનગરીને પામ્યા.

## એ પ્રમાણે શત્રુંજયપર વિમલનાથ પ્રભુનું આવવું ને સમવસરણનું સ્વરૂપ

# શ્રી અનંતનાથ જિનેશ્વરનું શત્રુંજયગિરિઉપર આવવું ને સમવસરણનું સ્વરૂપ

અયોધ્યા નગરીમાં નીતિવાલો સિંહસેન નામે રાજા હતો. તેને વિષ્ણુને જેમ લક્ષ્મી તેમ સુયશા નામે પત્ની હતી. વૈશાખવદી તેરસના દિવસે શુભક્ષણે સુયશાએ હાથી વગેરે સ્વપ્નથી સૂચિત પુત્રને જન્મ આપ્યો. ઇન્દ્રે જન્મોત્સવ કર્યા પછી પિતાએ જન્મોત્સવ કરી પુત્રનું અનંત એ પ્રમાણે નામ આદરપૂર્વક આપ્યું. પિતાનું રાજ્ય પ્રાપ્ત કરી, તેનો ત્યાગ કરી. સંયમ લઇ, કર્મક્ષય કરી , અનંતનાથ અરિહંત વેગથી કેવલજ્ઞાન પામ્યા. વીર – અરિષ્ટનેમિ – પાર્શ્વનાથ – – મલ્લિનાથને વાસુપૂજ્ય આટલા પ્રભુને છોડીને બાકીના જિનેશ્વરો રાજા થયા હતા. શ્રી અનંતનાથ તીર્થંકર પોતાના વિહારથી પૃથ્વીપર બોધ કરતાં શ્રી સિધ્ધગિરિ ઉપર ક્રોટાકોટીદેવો વડે પૂજાયેલા સમવસર્યા. ત્યાં અસંખ્ય ભવ્યપ્રાણીઓ શ્રી સિધ્ધગિરિઉપર ભેગા થયા ત્યારે અનંતનાથપ્રભુએ સુખને આપનારો ધર્મોપદેશ આપ્યો.

**आर्यदेशकुलरूपबलायुर्बुद्धिबन्धुरमवाप्य नरत्वम् ।**
**धर्मकर्म न करोति जडो यः, पोतमुज्झति पयोधिगतः सः ।।८।।**

આર્યદેશ – ઉત્તમ કુલ – ઉત્તમ રૂપ – ઉત્તમ બલ – ઉત્તમ આયુષ્ય – ઉત્તમ બુધ્ધિ ને મનોહર એવા મનુષ્યપણાને મેળવીને જે મનુષ્ય ધર્મકાર્ય કરતો નથી. તે જડ ( મનુષ્ય ) સમુદ્રમાં રહેલો વહાણને છોડી દે છે.

**मज्झं विसयकसाया – निद्दा विगहाय पंचमी भणिया ।**
**ए ए पंच पमाया – जीवं पाडंति संसारे ।।९।।**

મદિરા – વિષય – કષાય – નિદ્રાને પાંચમી વિકથા આ પાંચ પ્રમાદો જીવને સંસારમાં પાડે છે. જીવને અભયદાન આપવાવડે મનુષ્ય આલોક અને પરલોકમાં જીર્ણશ્રેષ્ઠિની જેમ બહુકાલસુધી સુખવાલો થાય છે.

શ્રી નિલયનામના નગરમાં જીર્ણ શ્રેષ્ઠિને કર્મ – અમર અને મુકુંદ નામના રૂપથી શોભતાં ત્રણ પુત્રો હતા. જુદા જુદા શેઠની પુત્રીઓને સુંદરઉત્સવ કરી પોતાના પુત્રો સાથે પરણાવી. પરિગ્રહનું પ્રમાણ કરતાં શેઠે પહેલાં એક ભેંસ ને એક ગાયની છૂટ રાખી હતી. વારાપૂર્વક ત્રણે વહુઓ વાછરડાંને ચારો ને પાણી આપવાવડે ને સારાં સ્થાને બાંધવાવડે ચિંતા કરતી હતી.

એક વખત પુત્રીનો વિવાહ ઉત્સવ હતો ત્યારે તે વખતે વાછરડો ઘાસ અને પાણી આપવાથી ભૂલી જવાયો. બીજે દિવસે શેઠે વાછરડાને ભૂખ્યો થયેલો જોઇને કહ્યું કે હે પુત્રવધૂઓ ! વાછરડો અત્યંત દૂબળો કેમ થયો ? પરલોકમાં જો નિયમવાલા રહ્યા હોત તો તિર્યંચો આ લોકમાં ચાબૂક – અંકુશ – આરનું પડવું – વધ – બંધન આદિ સેંકડો પીડાઓ અહીં પામતે નહિ. પુત્રવધૂઓએ કહ્યું કે આ વાછરડો પુત્રીના વિવાહના અવસરે તૃણ આદિ આપવાવડે ભૂલી જવાયો. તેથી તે કૃશ થયો છે. તૃણ આદિ આપવા છતાં તે વાછરડો માંદો થયો. તે પછી તેઓએ સર્વ પ્રકારે ચિકિત્સા કરાવી. નમસ્કાર આપવાવડે તે વાછરડો મરીને દેવલોકમાં ગયો. અને અવધિજ્ઞાનથી શેઠને પોતાના ઉપકારી જાણ્યા.

સ્વર્ગમાંથી વાછરડાના જીવ તે દેવે શ્રેષ્ઠિઓમાં શ્રેષ્ઠ એવા શેઠ પાસે પ્રણામ કરીને કહ્યું કે નવકારમંત્ર આપનારા તમે મારા ગુરુ છો. હું તમારા ઘરમા વાછરડો હતો.. પછી મરી ગયો . ત્યાં મરતા એવા મને તમે નવકારમંત્ર આપ્યો હતો. ઘરમાં મરી ગયેલો વાછરડો એવો હું તે વખતે તમે આપેલા નવકારમંત્રનાં પ્રભાવથી નિશ્ચે દેવલોકમાં દેવ થયો. તે વખતે દૃઢ આગ્રહપૂર્વક શેઠને કરોડના મૂલ્યવાલા દશ રત્નો આપીને અને તેની પુત્રવધૂઓને જુદા જુદા હાર આપ્યાં.. તે પછી શેઠ વિશેષ પ્રકારે જીવદયામય ધર્મની આરાધના કરીને ચોથા દેવલોકમાં ગયો. અને ત્રણ વહૂઓ પણ દેવલોકમાં ગઇ. વાછરડાનો જીવ વગેરે દેવલોકમાંથી ચ્યવીને શ્રેષ્ઠ સુરપુર નગરમાં ધર્મશેઠનો મનોહર પુત્ર રામ નામે થયો.. એક વખત વિરાગી એવા રામે ગુરુપાસે ધર્મ સાંભળીને દીક્ષાલઇ મોક્ષસુખને આપનાર તીવ્રતપ કર્યું. મુનિઓ પોરિસિ – ઉપવાસ – છઠ્ઠ કરીને જે કર્મ ખપાવે છે. તે કર્મ નારકીના જીવો સો – હજાર ને લાખવર્ષે ખપાવી શકતાં નથી. અહીં સિધ્ધગિરિમાં એકવખત અનુક્રમે રામમુનિ આવ્યા અને નિર્મલમનવાલા છઠ્ઠ વગેરે તપ ઘણાંપ્રકારે કરવા લાગ્યા.

આ તીર્થના પ્રભાવવડે શ્રેષ્ઠજ્ઞાન પામીને ઘણાં પ્રાણીઓને પ્રતિબોધ કરીને રામમુનિ અહીં મોક્ષને પામ્યા. શેઠની પુત્રવધૂઓ જે દેવો થઇ હતી તે સ્વર્ગમાંથી ચ્યવીને ધરાપુર નગરમાં રાજાના સોમ – ભીમ અને ધન નામે પુત્રો થયા. શેઠનોજીવ એવો તે દેવ તે પણ સ્વર્ગમાંથી ચ્યવીને સુંદર આકૃતિવાલો રાજાનો અમર નામે પુત્ર થયો. ચારે ભાઇઓ પરસ્પર પ્રીતિવાલા અનુક્રમે ધર્મઘોષ ગુરુપાસે જૈનધર્મને પામ્યા. નિરંતર ધર્મનું પાલન કરીને ચારે ભાઇઓ અચ્યુત દેવલોકમાં ગયા ને ત્યાંથી ચ્યવી કલાપુરી નગરીમાં શ્રેષ્ઠિપુત્રો થયા. અહીં શત્રુંજયગિરિ ઉપર તેઓ યાત્રા કરવા માટે આવ્યા. ને દીક્ષા લઇને મોક્ષસુખને આપનાર તીવ્રતપ કર્યું. અનુક્રમે કર્મનો ક્ષયકરીને શ્રેષ્ઠ કેવલજ્ઞાન પામીને ચારે ભાઇઓ મોક્ષનગરીમાં ગયા. એ પ્રમાણે શ્રી અનંતનાથપ્રભુની યોજનગામિનીવાણી સાંભળીને અનેક પ્રાણીઓ મોક્ષનગરીમાં ગયાં.

**આ પ્રમાણે શ્રી અનંતનાથ પ્રભુનું શ્રી શત્રુંજયપર આગમન ને સમવસરણનું સ્વરૂપ.**

# શ્રી શત્રુંજયપર શ્રી ધર્મનાથ જિનેશ્વરનું આવવાનું સ્વરૂપ

રત્નપુર નામના નગરમાં ભાનુરાજાની પત્ની સુવ્રતાએ માઘસુદિ ત્રીજને દિવસે શ્રેષ્ઠ પુત્રને જન્મ આપ્યો. ઇન્દ્રે જન્મોત્સવ કર્યો ત્યારે પિતાએ જન્મોત્સવ કરીને સજ્જનોની સાક્ષીએ પુત્રનું ધર્મ એ પ્રમાણે નામ આપ્યું. પિતાની પાસેથી રાજ્ય પામી લાંબાસમયસુધી પ્રજાનું પાલન કરી દીક્ષા લઇ અનુક્રમે વેગપૂર્વક કેવલજ્ઞાન પામ્યા. એક વખત શ્રી ધર્મનાથ જિનેશ્વર શ્રી શત્રુંજયતીર્થપર આવ્યા. અને ભવ્યપ્રાણીઓને મોક્ષને આપનારો ધર્મોપદેશ આપ્યો. જેઓ ગુરુએ કહેલ શુધ્ધક્રિયાના સમૂહને કરે છે તે પ્રાણીઓ સ્વર્ગ અને મોક્ષ વગેરેની સુખલક્ષ્મીને મેળવે છે.

**धर्मादधिगतैश्वर्यो – धर्ममेव निहन्ति यः**
**कथं शुभगति र्भावी, स स्वामिद्रोहपातकी ।।६।।**

ધર્મથી પ્રાપ્ત કર્યું છે ઐશ્વર્ય જેણે એવો જે ધર્મનેજ હણે છે. તે સ્વામીનાદ્રોહનું પાપ કરનારો શુભગતિવાલો કેમ થાય ?

**अङ्कस्थाने भवेद्धर्मः – शून्यस्थाने ततः परम्**
**अङ्कस्थाने पुनर्भग्ने, सर्वशून्यं दरिद्रता ।।७।।**

ધર્મ અંકનાં સ્થાનમાં છે તેથી બીજું બધું શૂન્યના સ્થાનમાં છે. જો અંકનું સ્થાન ભાંગી જાય તો સર્વશૂન્ય એવી દરિદ્રતા છે. ( એકડા વગરના મીડાં નકામાં ) અહિ કથા કહે છે : –

કુંડ નામના નગરમાં સોમ – વીર – ધીર અને અમર નામના પરસ્પર પ્રીતિને ભજનારા તે વખતે ચાર મિત્રો હતા એકવખત ધન ઉપાર્જન કરવા માટે બધા મિત્રો ચાલ્યા. અને મંગુપર્વતપર શ્રેષ્ઠ સિધ્ધપુરુષની સેવા કરવા લાગ્યા. તેની સેવા કરતાં છમાસને અંતે તે પુરુષોને સિધ્ધપુરુષે કહ્યું કે તમે હમણાં વરદાન માંગો. તે પુરુષોએ કહ્યું કે દારિદ્રને ભેદનારું ધન આપો. સિધ્ધપુરુષે કહ્યું કે પહેલાં તુંબડીના ફલ લાવો. પુષ્યનક્ષત્ર ને સૂર્યના યોગમાં દિવસની અંદર સોવાર પૃથ્વીને ખેડીને ભાવથી તુંબડીના બી વાવવાં. તેની ઉપર છાયાને માટે મંડપ કરવો અને એકાંતમાં રહી ૐ હ્રીં એ પ્રમાણે એક લાખ જાપ કરવો. ઇત્યાદિ વિધિવડે વાવેલાં તુંબડીનાં બીજ બીજીવાર વાવવાં માટે આદરપૂર્વક ગ્રહણ

કરવાં. અને તે પાંદડાઓનું ચૂર્ણ કરીને પોતાની પાસે રાખવું. ને સાઇઠ કર્ષક પ્રમાણ શીશાની અંદર એક વાલપ્રમાણ તે ચૂર્ણ નાંખવું. પાત્રમાં નાંખીને તેને અગ્નિમાં આઠ પ્રહર સુધી ધમવું ( ઉકાળવું ) તે સર્વ દારિદ્રને નાશ કરનારું જાતિવંત સોનું થશે. એ પ્રમાણે જે મારું કહેલું જો હમણાં તમારાવડે કરાય તો તમારા ઘરમાંથી દારિદ્ર દૂર થાય. આ પ્રમાણે સાંભળીને સિધ્ધપુરુષને નમી તત્ક્ષણ ( તુંબડીના ) બીજ લઇ તે મિત્રો પોતાના ઘરમાં આવ્યા. ગુરુએ કહેલી વિધિવડે પૃથ્વીતલમાં બીજો વાવી સોનું કરી લાંબા કાળસુધી સુખી થયા.

વિધિવડે કરાયેલી ધર્મક્રિયા મોક્ષને આપનારી થાય. બીજા મનુષ્યવડે અર્ધી ક્રિયા કરીને રુપું સધાયું ( કરાયું) તે માણસ કંઇક સુખી થયો. ત્રીજાપુરુષે ગુરુએ કહેલી થોડી વિધિ કરીને લોઢું કર્યું ( બનાવ્યું ) ને ચોથાએ તે ગુરુની હીલના અવગણના કરી. અને તે લોઢાને પામીને તે ઘણો દુ:ખી થયો. આ પ્રમાણે કરેલું પુણ્ય પણ સુખદુ:ખ આદિ ઉત્પન્ન કરે છે.

દેવપૂજા ને પ્રતિક્રમણ વગેરે સઘળાં મુખ્યકાર્યોને કરતોજીવ સુખદુ:ખ આદિની પરંપરાને પામે છે. અનુક્રમે સોમે સંઘસહિત શ્રી શત્રુંજયગિરિ ઉપર ઘણું ધન વાપરી – જલ્દી – પુણ્યના સમૂહને ઉપાર્જન કર્યો. અનુક્રમે પોતાનો બધો વૈભવ સાતક્ષેત્રમાં વાપરી હર્ષવડે મોક્ષનીપ્રાપ્તિ માટે દેવેન્દ્ર સૂરિપાસે દીક્ષાગ્રહણ કરી. સોમમુનિ શ્રી સિધ્ધગિરિ ઉપર ઘણું તપતપી અનુક્રમે કેવલજ્ઞાન પામી. કૈવલ્યનગર – મોક્ષમાં ગયા.

વીર અને ધીર પણ પ્રૌઢભાવથી શ્રી શત્રુંજયગિરિ ઉપર યાત્રા કરી પોતાના આયુષ્યના ક્ષયે આઠમા સ્વર્ગમાં ગયા. ને ચોથો ભાવરહિત એવો તે દ્રવ્યને નહિ પામીને જન્મપર્યંત દુ:ખી થયો. ને ધર્મ વિના ભવોભવમાં દુ:ખી થયો. આ શત્રુંજય ગિરિ ઉપર જે દેવોને વખાણે છે , અને તપ કરે છે તે જલ્દી સ્વર્ગ અને મોક્ષસુખ વગેરે પામે છે. કહયું છેકે : – અન્યતીર્થોમાં મનુષ્યોને સો યાત્રાવડે જે પુણ્ય થાય છે. તે પુણ્ય શ્રીશત્રુંજયગિરિ ઉપર એક યાત્રાવડે પ્રગટપાણે થાય છે. શ્રી પુંડરીકગિરિ ઉપર એક એક પગલું આપવાથી ( ભરવાથી ) કરોડો ભવથી કરેલા પાપો મુકાય છે. શ્રી ધર્મ જિનેશ્વર પાસેથી ઇત્યાદિ ધર્મોપદેશ સાંભળી અનેક પ્રાણીઓ શ્રીશત્રુંજયગિરિ ઉપર મોક્ષમાં ગયા.

## શ્રી શત્રુંજયઉપર શ્રીધર્મજિનેશ્વરનું આવવાનું સ્વરૂપ સંપૂર્ણ

# શ્રી શાંતિનાથ ભગવાનનું શત્રુંજયપર આવવાનું સ્વરૂપ

હસ્તિનાગપુર નગરમાં વિશ્વસેન રાજાની શીલઆદિગુણોથી શોભતી અચિરા નામે પ્રિયા હતી. તે અચિરાએ જેઠ વદી તેરસના દિવસે , ચૌદ મહાસ્વપ્નથી સૂચિત શ્રેષ્ઠપુત્રને સુખપૂર્વક જન્મ આપ્યો. ઈન્દ્રે જન્મોત્સવ કર્યા પછી પિતાએ જન્મોત્સવ કરીને પુત્રનું શાંતિકુમાર એ પ્રમાણે નામ આપ્યું. અનુક્રમે ચક્રવર્તિપદ પામીને રાજ્ય છોડીને સંયમલક્ષ્મી લઈને કર્મક્ષય કરીને શ્રી શાંતિનાથપ્રભુ શ્રેષ્ઠ કેવલજ્ઞાનને પામ્યા. શ્રી શાંતિનાથ તીર્થંકર પૃથ્વીઉપર ઘણાં પ્રાણીઓને પ્રતિબોધ કરતાં ઘણા સાધુઓ સહિત શ્રી સિદ્ધગિરિઉપર સમવસર્યા. શુધ્ધધર્મના ઔષધવડે પોતાના મનને ભાવિત કરતો પ્રાણી કર્મનોક્ષય કરી મોક્ષસુખને ભજનારો થાય છે.

ભીમ નામના નગરમાં ભીમ નામના રાજાને સૂરી નામે પ્રિયા હતી. તેણીને ઘણી માનતાઓ કરવાવડે જીવનામે પુત્ર જન્મ્યો. અનુક્રમે વધતો એવો તે પુત્ર રાજાને અને લોકોને આરામકુમારની પેઠે જીવિત કરતાં પણ પ્રિય થયો. રાજાએ વિચાર્યું કે આ પુત્રને વૈદ્યો પાસે તેવી રીતે ઔષધ અપાવું કે જેથી પુત્ર લાંબાકાલ સુધી ખરેખર નીરોગી થાય.

તે પછી ચાર વૈદ્યોને બોલાવીને કહ્યું કે પુત્રને તેવીરીતે ઔષધ આપો કે જેથી તેને રોગ ન થાય. પહેલા વૈદ્યે કહ્યું કે મારું ઔષધ પૂર્વના રોગને હણે છે, અને જો રોગ ન હોય તો જલ્દી તેને હણે છે. રાજાએ કહ્યું કે હે વૈદ્ય ! તારા ઔષધવડે મને સર્યું. રોગ છે કે નહિ તે તો કેવલી જાણે બીજો નહિ. બીજા વૈદ્યે કહ્યું કે મારું ઔષધ જો રોગ હોય તો તેને હણે છે. અને જો રોગ ન હોય તો ગુણપણ કરતું નથી. ને દોષપણ કરતું નથી. રાજાએ કહ્યું કે મારા પુત્રને તારા ઔષધવડે સર્યું રોગ છે કે નહિ તે તો જ્ઞાની જ જાણે. બીજો નહિ. ત્રીજા વૈદ્યે કહ્યું કે જો પૂર્વનો રોગ હોય તો તેને હણે છે. પરંતુ બીજા ખાનારને આ ઔષધ હણતું નથી.

ચોથા વૈદ્યે કહ્યું કે મારું ઔષધ – પૂર્વના – વિદ્યમાન અને થનારા – રોગોને હણે છે , અને શરીરની પુષ્ટિ કરે છે. રાજાએ પુત્રને ચોથું ઔષધ તેવી રીતે અપાવ્યું કે જેથી પુત્ર જન્મપર્યંત નીરોગી થયો.

અહીં ઉપનય એ છે કે : – અનુક્રમે દાન – શીલ – તપને ભાવ બલવાન હોય છે. ચોથા ઔષધ જેવી ભાવના મોક્ષ આપનારી છે. ઈત્યાદિ ધર્મ સાંભળીને અનેક ભવ્યજીવો વ્રતલઈને સિધ્ધપર્વતના શિખરપર મુક્તિ પામ્યા. ત્યાં વર્ષા ચોમાસું રહેલાં સોલમા તીર્થંકર ભગવાને અનુક્રમે ઘણાં ભવ્ય જીવોને જિનધર્મમાં પ્રતિબોધ કર્યા. આ પ્રમાણે પૃથ્વીતલઉપર વિહાર કરતાં શ્રી શાંતિનાથપ્રભુ ઉત્તમ સાધુઓ સાથે ઘણીવાર શત્રુંજયગિરિપર આવ્યા.

**શ્રી શાંતિનાથ જિનેશ્વરનું શ્રીશત્રુંજયપર આવવાનું સ્વરૂપ સંપૂર્ણ**

# શ્રી શત્રુંજયપર શ્રી કુંથુનાથતીર્થંકરનું આગમન ને સમવસરણનું સ્વરૂપ

હસ્તિનાપુર નગરમાં સૂરરાજાને " શ્રી " નામે પ્રિયા હતી. વૈશાખ વદિ – ૧૪ – ની તિથિએ તેણીએ પુત્રને જન્મ આપ્યો. ઇન્દ્રે જન્મોત્સવ કર્યા પછી પિતાએ જન્મોત્સવ કરીને સજ્જનોની સાક્ષીએ પુત્રનું કુંથુ એ પ્રમાણે નામ આપ્યું. છખંડની પૃથ્વીને સાધીને રજ – ધૂળ ની જેમ પૃથ્વીને છોડીને એક વર્ષ સુધી દાન આપીને સંયમ ગ્રહણ કર્યો. કર્મનો ક્ષયકરી કેવલજ્ઞાન પામી પ્રાણીઓને પ્રતિબોધ કરતાં શ્રી કુંથુનાથ તીર્થંકર શ્રીશત્રુંજયતીર્થપર આવ્યા.

ત્યાં બારપર્ષદા બેઠી ત્યારે જિનેશ્વરે મોક્ષને આપનાર ધર્મોપદેશ આપવાની શરુઆત કરી. અહીં કથા કહે છે.

સિધ્ધનામના નગરમાં પ્રજાનું પાલન કરતાં સિધ્ધસેનરાજાની સર્વપ્રજા અનુક્રમે સુખી થઇ. ત્યાં ભીમનામનો કુંભાર ઘણો ચતુર હતો. પારકાંની સાથે બોલવામાં ને આબાદીમાં તે અનક્ષર કરે છે. ( એટલે સ્પષ્ટ શબ્દ ન સંભલાય એવીરીતે બડબડ કરે છે. ) પારકાની સાથે જવામાં – વસ્ત્ર ને આભૂષણ પહેરવામાં ને બોલવાનું જોઇને તે કુંભાર હંમેશાં અણક્ષર કરે છે. ( બડબડ કરે છે. ) આ અનક્ષર આવે છે, જમે છે, સૂએ છે, બોલે છે. આ પ્રમાણે લોકોએ તે કુંભારનું નામ અનક્ષર આપ્યું. લોકોમાં બોલવા આદિ કાર્યોને જોઇને સહન કરવામાટે અસમર્થ એવા તે કુંભારે માણસવગરના જંગલમા નિવાસ કર્યો. ઘાસની ઝૂંપડીમાં રહેતા એવા તે કુંભારે ઘોડાવડે હરણ કરાયેલા અને ત્યાં આવેલા રાજાને જોયા. ભૂખ્યા એવા રાજાને ભક્તિવડે કુંભારે પોતાનું અન્નપાન આપીને સ્વસ્થ કર્યાં અને તે આનંદ પામ્યો.

નગરીની અંદર તેને લાવીને તેને ઘર આપી ઘણું દ્રવ્ય આપવાવડે કુંભારને આનંદ પમાડ્યો. આ બાજુ જંગલમાં બોરડીના ફલને ( બોરને ) ચૂંટતી દેવી સરખી ઘાંચીની પુત્રીને જોઇને રાજા તેનાપર રાગી થયો. અને તેને પરણી સુંદરવસ્ત્ર ને આભૂષણવાલી તેણીને ઇન્દ્ર જેમ ઇન્દ્રાણીને રાખે તેમ રાજાએ તેને મોટા મકાનમાં રાખી. દેદીપ્યમાન પાલખીમાં બેઠેલી – શ્રેષ્ઠવેશને ધારણ કરતી મુખને મરડતી – સખી સહિત રાજમાર્ગમાં જતી પોતાના ઉત્કર્ષને બોલતી ઘાંચીની પુત્રી રાણીને ઇર્ષ્યા કરતી જોઇને અનક્ષરે તે વખતે કહ્યું. કાલે જે બોર વીણતી હતી તે આજે તું તેલને જાણતી નથી. નહિ સહન કરનારા અનક્ષરે ફરીથી જંગલમાં ઘર કર્યું. તે પછી કુંભાર નગરીની બહાર જઇને ત્યાં ઘર કરીને સર્વજનોને વિષે ઇર્ષ્યા કરતો રહ્યો. આ બાજુ ત્યાં ધર્મસુંદરસૂરિ આવ્યા. તેઓએ અનક્ષરની આગળ ધર્મ દેશના કરી તે આ પ્રમાણે :-

**कोहो पीइं पणासेइ – माणो विणयनासणो।**
**माया मित्ताणि नासेइ – लोभो सव्वविणासणो ।।२१।।**

ક્રોધ પ્રીતિનો નાશ કરે છે. માન – અભિમાન વિનયનો નાશ કરે છે. માયા મિત્રોનો નાશ કરે છે. અને લોભ સર્વનો વિનાશ કરનારો છે.

**कोह पयठो देहधरि, तिन्नि विकार करेइ।**
**अप्पं तावइ – परतपइ, – परतह हाणि करेइ ।।२२।।**

પ્રાણીના દેહમાં પેઠેલો ક્રોધ ત્રણ જાતના વિકાર કરે છે. પોતાને તપાવે, બીજાને તપાવે ને પ્રત્યક્ષ બીજાને નુકસાન કરે છે. જેઓ બીજાનું બોલેલું અને લક્ષ્મીને જોઈને ઈર્ષ્યા કરે છે , તેઓ આલોક અને પરલોકમાં પગલે પગલે વિપત્તિને પામે છે. અનક્ષર બોલ્યો કે મેં બીજાઓ ઉપર ઈર્ષ્યા કરતાં ઘણાં કર્મો ઉપાર્જન કર્યા છે. તેમાંથી મારો છુટકારો કંઇ રીતે થશે ? ગુરુએ કહ્યું કે – સ્ત્રી – ગાય – બાલક અને સાધુનો ઘાત કરનારા મનુષ્યોની શ્રી સિધ્ધગિરિઉપર તપ કરતાં શુધ્ધિ થાય છે. કહ્યું છે કે સિંહ – વાઘ – સર્પ – સાબર – ને બીજા પણ પાપી પક્ષીઓ શ્રી શત્રુંજયઉપર અરિહંતને જોઈને સ્વર્ગગામી થાય છે. શ્રી શત્રુંજયગિરિનો સ્પર્શ કરનાર મનુષ્યોને રોગ થતો નથી. સંતાપ થતો નથી. દુ:ખ થતું નથી. વિયોગીપણું થતું નથી. દુર્ગતિ થતી નથી. શોક થતો નથી.

ગુરુએ કહેલું આ સાંભળી તે અનક્ષર કુંભાર પણ પૂર્વે ઉપાર્જન કરેલાં પાપના સમૂહનો ક્ષય કરવા માટે શ્રી શત્રુંજયગિરિ ઉપર ગયો ત્યાં છઠ્ઠ – અઠ્ઠમ આદિ તપ કરતા ગૃહસ્થ એવા તે અનક્ષરને કેવલજ્ઞાન ઉત્પન્ન થયું. દેવતાએ આપ્યો છે મુનિવેશ જેને એવા તે કુંભાર કેવલીએ સુવર્ણના કમલમાં બેસીને આ પ્રમાણે ધર્મોપદેશ આપ્યો. કહ્યું છે કે :– ધર્મ એ અતુલ – ન કહી શકાય એવું મંગલ છે. સર્વ દુ:ખોનું અતુલ ઔષધ છે. ધર્મ એ વિપુલ બલ છે. ધર્મ એ રક્ષણ છે ને ધર્મ એ શરણ છે. તે વખતે ભવ્યપ્રાણીઓએ આ પ્રમાણે તેમની દેશના સાંભળીને મોક્ષસુખને આપનાર – શ્રાવકધર્મ ને સાધુધર્મ ગ્રહણ કર્યો. જન્મ –જરા અને મરણથી મુકાયેલા એવા જિનેશ્વરોએ લોકમાં બે માર્ગો કહ્યા છે. શ્રેષ્ઠ સાધુમાર્ગ અને ઉત્તમશ્રાવકધર્મ. અનેક સાધુઓ સહિત કુંભાર કેવલી આયુષ્યનો ક્ષય થવાથી અનુક્રમે શ્રી સિધ્ધગિરિઉપર મુક્તિનગરીમાં ગયા. આ પ્રમાણે ધર્મોપદેશવડે ઘણાં ભવ્યજીવોને પ્રતિબોધ કરીને શ્રી કુંથુનાથ તીર્થંકરે શ્રી સિધ્ધગિરિ ઉપરથી બીજે વિહાર કર્યો.

## શ્રી શત્રુંજયઉપર કુંથુનાથ તીર્થંકરનું આગમન ને સમવસરણનું સ્વરૂપ.

# શ્રી અરનાથ જિનેશ્વરનો શ્રી શત્રુંજયમાં આવવાનો સંબંધ

શ્રેષ્ઠ એવા હસ્તિનાગપુર નગરમાં સુદર્શન રાજા સારીરીતે ન્યાયમાર્ગવડે હંમેશાં પૃથ્વીનું પાલન કરતો હતો. તેમની દેવી નામની પત્નીએ ગજઆદિ સ્વપ્નથી સૂચિત સુંદર લક્ષણોથી લક્ષિત પુત્રને જન્મ આપ્યો. ઈન્દ્ર મહારાજાએ જન્મોત્સવ કર્યા પછી પિતાએ જન્મોત્સવ કરીને સજજનોની સાક્ષીએ પુત્રનું " અર" એ પ્રમાણે નામ આપ્યું. અનુક્રમે છ ખંડની પૃથ્વીને સાધીને શ્રી અરચક્રવર્તિ નિરંતર ન્યાયમાર્ગવડે પાલન કરતા હતા. રાજ્યને ત્યજી – વ્રત લઈ – તીવ્રતપ તપી અનુક્રમે અરનાથ તીર્થંકર કેવલજ્ઞાન પામ્યા. શ્રી અરનાથ તીર્થંકર પગની રજવડે પૃથ્વીને પવિત્ર કરતા અનેક સાધુઓથી શોભતા શ્રી સિધ્ધગિરિઉપર સમવસર્યા. ત્યાં શ્રી અરનાથ જિનેશ્વરે ભવ્યજીવોની આગળ તે વખતે મધુર વાણીવડે આ પ્રમાણે ધર્મોપદેશ આપ્યો.

મહીશાનપુરમાં લક્ષ્મીવડે કુબેર સરખો શ્રીદનામે શેઠ હતો. તેમને મદન નામે પુત્ર હતો. અને સતીએવી પ્રીતિમતી નામે પત્ની હતી. અત્યંત કામની અભિલાષાવાલો મદન ( પુત્ર) પત્ની સહિત રહેતો હતો. પત્ની વિના એક ક્ષણવાર પણ રહી શકતો ન હતો .અને તેણી પણ રહી શકતી ન હતી. મદને પિતાને પૂછીને સાર્થવાહના નામને ધારણ કરતા ઘણાં કરિયાણાંવડે ઘણી પોઠો ભરી સારા દિવસે લક્ષ્મીને માટે બીજા દેશ તરફ જવાની ઈચ્છાવાલા મદને પત્નીને કહયું કે હે પ્રિયા ! તું અહીં સુખપૂર્વક રહેજે. પત્નીએ કહયું કે – હે સ્વામી ! તમારા વિના હું અહીં એક ક્ષણવાર પણ રહેવા માટે સમર્થ નથી. મદને કહયું કે – હે ઉત્તમ પ્રિયા ! તારા વિના અહીં હું પણ રહેવા માટે સમર્થ નથી. પરંતુ હે પ્રિયા ! હમણાં દુષ્કર એવું દૂર જવાનું છે. તેથી તું અહીં રહે. આજે હું લક્ષ્મીના કારણે જાઉ છું. પતિવડે બળાત્કારે રોક્યા છતાં પણ પત્ની તે વખતે સાથે ચાલી. પછી નગરની બહારના ઉદ્યાનમાં નિવાસ કર્યો. ત્યાં મોટો તંબુ કરીને સ્ત્રીસહિત મદનકુમાર રહયો. તે વખતે રાત્રિમાં પત્નીને આ પ્રમાણે કહયું.

જો પતિની સાથે પત્ની જાતે પરદેશમાં જાય તો પત્નીના પ્રતિબંધથી પતિ અત્યંત દુ:શક્ય થાય. નહિ રહેતી અને તેવી રીતે રહેલી પ્રિયાને ત્યાં સૂતેલી મૂકીને મદન ગુપ્તપણે ચાલ્યો. સવારમાં પત્ની જાગી. મૂકીને ચાલી ગયેલા પતિને જાણીને પ્રિયા અત્યંત રુદન કરવા પૂર્વક ત્યાં રહીને આ પ્રમાણે હૃદયમાં વિચારવા લાગી કે જડચિત્તવાલી હું ફોગટ પતિની સાથે ચાલું છું. ઉત્તમ વસ્ત્ર ને આભરણવાલી સ્ત્રી પતિવિના શોભતી નથી. કહયું છે કે : – ધણીથી વિરહિત સ્ત્રીઓને પિતાનું ઘર પ્રિય હોય છે. હવે પુણ્ય વિના તે પિતા શત્રુસમાન થયો છે.

ત્યાં સુધી તે માતા–પિતા ને બાંધવોને તે હૃદયમાં ઈષ્ટ હોય છે કે જયાં સુધી પતિ સ્ત્રીને પોતાના ઘરમાંથી

કાઢી નથી મૂક્તો. જ્યાં સુધી પતિ મોંઘા એવા સ્નેહપક્ષને વહે છે ત્યાં સુધીજ લક્ષ્મી – સૌભાગ્ય ને સ્ત્રી મોટાં હોય છે. માતા – પિતા ને ભાઈએ તેવા પ્રકારનું વાત્સલ્ય કરીને અપરાધથી રહિત એવી મારું સર્વનાશ કેમ ર્ક્યું ? આ પ્રમાણે વિચારીને આભરણ વગેરેને પોટલામાં જાતે બાંધીને શ્વેતવસ્ત્રધારણ કરતી મદનની સ્ત્રી પોતાના ઘરે આવી. પુત્રવધૂ ઉત્તમ ભક્તિથી જેટલામાં સાસુના પગમાં પડી તેટલામાં સાસુએ ક્હયું કે મારા પુત્રનું મંગલ છે ને ? પુત્રવધૂએ ક્હયું કે તમારો પુત્ર કુશલ છે. મને પગબંધન જાણીને એકાંતમાં મૂકીને દૂરદેશ તરફ તેઓ ચાલ્યા ગયા. પતિ વગરની કરાયેલી જો હું ઘરમાં ઉત્તમ વસ્ત્ર ને આભરણવાલી રહીશ તો મારું મન સન્માર્ગમાં નહિ રહે.

એ પ્રમાણે વિચારીને શરીર ઉપરથી આભૂષણવગેરે ઉતારી સાસુ એવા તમારી પાસે આવી રીતે આવી છું. બલવાળોખોરાક અને રાગકરનાર તાંબુલ વગેરેનો તે વખતે પ્રીતિમતીએ શીલની રક્ષામાટે ત્યાગ ર્ક્યો . પતિ આવ્યો ત્યારે પ્રીતિમતી ઉત્તમ વસ્ત્રોને ધારણ કરનારી ઉચિત બોલવા આદિવડે કરીને પતિનો વિનય કરતી હતી. માતા–પિતાની વાણીવડે સતીનેઉચિત પત્નીનું આચરણ જાણીને આભૂષણ આપવાવડે પ્રિયાનું સન્માન ર્ક્યું. પિતાની આગળ ઘણી લક્ષ્મી ભેટ કરીને નમસ્કાર ર્ક્યો, અને તે પછી પુત્રમદન ભક્તિવડે માતાનાં બે ચરણોને નમ્યો. અનુક્રમે ગુરુપાસે ચારિત્રનું ફલ મોક્ષ સાંભળીને પ્રિયાસહિત મદનકુમારે મોક્ષનેઆપનારી દીક્ષા ગ્રહણ કરી. શુધ્ધચારિત્રની આરાધના કરીને મદનમુનિ અનુક્રમે શ્રી શત્રુંજયગિરિઉપર તપતપીને મોક્ષનગરીમાં ગયા. પ્રીતિમતી પણ શુધ્ધચારિત્રને આદરથી આરાધીને પહેલા દેવલોકમાં દેદીપ્યમાન શરીરવાલો દેવ થયો. ઇત્યાદિ શ્રી અરનાથ જિનેશ્વરનાં વચન સાંભળીને ઘણાં લોકો તે તીર્થમાં સર્વકર્મના ક્ષયથી મોક્ષમાં ગયાં. તે તીર્થમાં ઘણાં દિવસ રહીને શ્રી અરનાથ તીર્થંકરે સર્વ પ્રાણીઓને બોધકરવામાટે બીજા દેશમાં વિહાર ર્ક્યો.

**શ્રી શત્રુંજયમાં શ્રી અરનાથ જિનેશ્વરને આવવાનો સંબંધ.**

# શ્રી શત્રુંજયપર–શ્રીમલ્લિનાથપ્રભુને આવવાનો સંબંધ.

મિથિલા નામની નગરીમાં કુંભરાજાની પત્ની પ્રભાવતીએ હાથીવગેરે મુખ્ય સ્વપ્નોથી સૂચિત પુત્રીને જન્મ આપ્યો. ઇન્દ્રે જન્મોત્સવ ર્ક્યા પછી પિતાએ જન્મોત્સવ કરીને હર્ષવડે પુત્રીનું નામ મલ્લિકુમારી એ પ્રમાણે આપ્યું.

અનુક્રમે ગૃહવાસનો ત્યાગકરી શ્રેષ્ઠવ્રત – દીક્ષાલઇ સમસ્ત કર્મનો ક્ષયકરી મલ્લિનાથપ્રભુ નિર્મલજ્ઞાન – કેવલજ્ઞાન પામ્યા. એક વખત શ્રી મલ્લિનાથ વિહાર કરતાં લોકોને પ્રતિબોધ કરતાં ઘણા સાધુઓ અને દેવોવડે આશ્રય

કરાયેલા શ્રી સિધ્ધગિરિઉપર સમવસર્યા. દેવોએ રુપા – રત્ન ને સુવર્ણમય ત્રણ ગઢ કર્યા ત્યારે શ્રી મલ્લિનાથપ્રભુએ ત્યાં બેસીને દેશના આપી.

**वन्दे जन्म मनुष्यसम्भवमहं किं तद्विहीनं गुणै, –**
**स्तानेव त्वरितंस्तुमः किमसमां लक्ष्मीं विना तैर्गुणैः ।**
**तां लक्ष्मी समुपास्महे किमनया दानादिभिर्वन्ध्यया,**
**दानं स्तौमि वृथैव भावरहितं भावो हि हितैषी ततः ।।६।।**

હું મનુષ્ય જન્મને વંદન કરું છું. પરંતુ તે મનુષ્યજન્મ ગુણવડે રહિત શા કામનો ? માટે તે ગુણોને અમે સ્તવીએ છીએ. અનુપમ લક્ષ્મીવિના તે ગુણોવડે શું ? માટે તે લક્ષ્મીને સેવીએ છીએ. દાન આદિથી રહિત તે લક્ષ્મી વડે શું ? માટે દાનને વખાણું છું. ભાવરહિત દાન નકામું છે. માટે ભાવ એ જ હિતૈષી છે. અહીં કથા કહે છે : –

રમાપુર નગરમાં ધરાપાલ નામના રાજાને ધન નામે મંત્રી હતો. રાજ્યકાર્યકરતા તે પ્રજાને અને રાજાને ખુશ કરતો હતો. કહ્યું છે કે :–

**नरपतिहित कर्त्ता द्वेष्यतामेतिलोके, जनपदहितकर्ता त्यज्यते पार्थिवेन ।**
**इति महति विरोधे वर्तमाने समाने, नृपतिजनपदानां दुर्लभः कार्यकर्त्ता ।।८।।**

જે રાજાનું હિત કરનાર હોય છે તે લોકને વિષે દ્વેષપણાને પામે છે. અને જે દેશનું હિત કરનાર હોય છે તે રાજાવડે ત્યજાય છે. ( છોડી દેવાય છે. ) આ પ્રમાણે મોટો વિરોધ હોવા છતાં રાજાનું અને લોકનું કાર્ય કરનાર દુર્લભ છે. એક વખત રાજાએ કહ્યું કે હે મંત્રી ! તમારે પરીક્ષા કરીને રાજ્ય વધારવા માટે મારીપાસે સુભટો સ્થાપન કરવા. ( મોકલવા) પરીક્ષા કર્યા સિવાય કામ કરવાથી નક્કી દુઃખ થાય છે. સારીરીતે પરીક્ષા કરીને કામ કરવાથી પ્રાણીઓને સુખ થાય છે. એટલામાં પાંચસો શ્રેષ્ઠ સુભટો આવી રાજાને મલ્યા ને કહ્યું કે અમે તમારા સેવકો થઇશું. ધન આપવાવડે સન્માન કરીને રાજાએ મંત્રીને કહ્યું કે શિષ્ટ આદિ (સજ્જનતા) જાણવા માટે તમારે હમણાં આ સેવકોની પરીક્ષા કરવી. તેઓની પરીક્ષા માટે ઘણું ધન અપાવીને મંત્રીએ સાંજે સૂવામાટે એક શય્યા આપી. મને જ મંત્રીએ આ શય્યા સૂવા માટે આપી છે. તું પૃથ્વીપીઠપર સૂઇ જા. તારે વધારે બોલવું નહિ. આ પ્રમાણે તે સુભટો પરસ્પર ઘણો કજિયો કરતાં, ક્રોધથી વ્યાપ્ત એવા તેઓએ ક્ષણવાર પણ આરામ કર્યો નહિ. મંત્રીરાજે ત્યાં સર્વ સુભટોની આ ચેષ્ટા જોઇને રાજાની પાસે આવીને મૂલથી માંડીને છેલ્લે સુધીનો તે વૃત્તાંત કહ્યો. આ સુભટો ઘણા મૂર્ખ છે ને પરસ્પર કજિયો કરે છે. તેથી તેઓમાં હમણાં એક પણ સેવક સુભટ નથી. કહ્યું છે કે : –

**सर्वस्यात्मा गुणवान्, सर्व परदोषदर्शने कुशलः ।**
**सर्वस्यं चास्ति वाच्यं, न चात्मदोषान् वदति कश्चित् ।।१८।।**

**परवादे दशवदन:, परदोषनिरीक्षणे सहस्राक्ष:**
**सव्दृत्तवित्तहरणे, बाहुसहस्रार्जुन: पिशुन: ॥१९॥**

સર્વેનો આત્મા ગુણવાન છે, પારકાના દોષને જોવામાં સર્વે કુશલ છે. સર્વ બીજાની નિંદાને કરે છે. પણ કોઇ પોતાના દોષને બોલતું નથી.

દુર્જન પારકાના દોષને કહેવામાં દશ મુખવાલો હોય છે. પારકાના દોષ જોવામાં હજાર આંખવાલો હોય છે. સદાચાર રૂપી ધનને હરણ કરવામાં હજાર હાથવાલો અર્જુન જેવો ( દુર્જન ) ચાડિયો હોય છે. રાજાવડે છૂટા કરાયેલા તેઓ બીજા રાજાની પાસે ગયા. તેઓવડે પણ પરીક્ષા કરીને ન રખાયા. તેથી તેઓ જીવનપર્યંત પરસ્પર કજિયો કરતાં આલોક અને પરલોકમાં લાંબા કાળસુધી દુ:ખી થયા. જે જે લોકો દેવ – ગુરુ – માતા – પિતા અને ધર્મને માને છે. તે તે જીવો સ્વર્ગ અને અપવર્ગના સુખને ભોગવનારા થાય છે. ઇત્યાદિ આ વગેરે શ્રી જિનેશ્વરે કહેલાં વચનને સાંભળીને તે વખતે ઘણાં લોકો તે પર્વતઉપર સ્વર્ગ અને મોક્ષનાસુખને પામ્યાં. આ રીતે મંત્રીશ્વરે પાંચસો શ્રેષ્ઠ સેવકોની પરીક્ષા કરીને જેઓને રાખ્યા. તેઓ ભક્તિથી રાજાની સેવા કરે છે. એક વખત તે રાજા ઘણા મંત્રી અને સુભટઆદિની સાથે શ્રી શત્રુંજયગિરિપર યુગાદિજિનપુંગવને નમન કરવા માટે ગયો. તે વખતે ત્યાં હર્ષવડે શ્રી ઋષભદેવજિનેશ્વરનું આનંદથી ધ્યાન કરતાં તે સુભટોને અને મંત્રીશ્વરને કેવલજ્ઞાન ઉત્પન્ન થયું. અનુક્રમે તે સર્વે મંત્રીશ્વર વગેરે સુભટો શ્રી સિદ્ધિગિરિઉપર સર્વકર્મનો ક્ષય કરી મુક્તિપુરીમાં ગયા. શ્રી મલ્લિનાથતીર્થંકરના આઠહજાર મુનિઓ આ શત્રુંજયગિરિઉપર કર્મનો ક્ષય કરી મુક્તિપુરીમાં ગયા.

**શ્રી શત્રુંજયગિરિઉપર મલ્લિનાથ જિનેશ્વરને આવવાનો સંબંધ સંપૂર્ણ.**

## શ્રી શત્રુંજયપર શ્રી મુનિસુવ્રતસ્વામીને આવવાનું સ્વરૂપ

શ્રી રાજગૃહ નગરમાં સુમિત્રનામે નીતિવાન અને ધનવાન રાજા હતો. તે તેવી રીતે લોકોનું રક્ષણ કરતો હતો કે જેથી સર્વે લોકો સુખી થયા. તેની પદ્મા નામની પ્રિયાએ હાથી વગેરે ઉત્તમસ્વપ્નોથી સૂચિત શ્રેષ્ઠપુત્રને જેઠ વદિ આઠમની રાત્રિએ જન્મ આપ્યો. ઇન્દ્રે જન્મોત્સવ કર્યા પછી પિતાએ જન્મોત્સવ કરીને પુત્રનું મુનિસુવ્રત એ પ્રમાણે

નામ આપ્યું. અનુક્રમે વ્રતગ્રહણ કરી સર્વકર્મના સમૂહનો એકી સાથે ક્ષયકરી મુનિસુવ્રત તીર્થંકર કેવલજ્ઞાન પામ્યા. શ્રી મુનિસુવ્રતસ્વામી પૃથ્વીઉપર ઘણાં ભવ્યજીવોને પ્રતિબોધ કરતાં મુનિ અને દેવતા સહિત શ્રી સિધ્ધગિરિ ઉપર સમવસર્યા. ત્યાં મર્યાદા પ્રમાણે પોત પોતાના માટે નકકી કરેલા સ્થલ પર બાર પર્ષદા બેઠી ત્યારે શ્રી મુનિસુવ્રતતીર્થંકરે પ્રાણીઓની આગળ ધર્મોપદેશ આપ્યો. તે આ પ્રમાણે : –

કલ્યાણ નામના નગરમાં ભાનુરાજાની રુકિમણી નામની પ્રિયાએ સુંદર લક્ષણોવડે યુક્ત શ્રેષ્ઠપુત્રને જન્મ આપ્યો. રાજાએ પુત્રનો જન્મોત્સવ કરી પુત્રનું નામ " રુપ " આપ્યું અને તે પાંચ ધાવમાતાઓવડે સ્તનપાનવડે વૃધ્ધિ પમાડાયો. યૌવનને પામેલો પુત્ર ભણાવાયો અને પિતાવડે ભીમરાજાની પુત્રીને પરણાવાયો. અને તે સ્ત્રી સાથે ભોગોને ભોગવતો હતો. તે બાલકને નિરંતર લાડવા જ ગમતા હતા તેથી લોકમાં ચારે તરફ " મોદક પ્રિય " એ પ્રમાણે તેનું નામ થયું. એક વખત વસંતઋતુમાં સવારે ઊભો થઈને મોદકપ્રિય નર્તકીસહિત નર્તકીપાસે નૃત્ય કરાવતો હતો. માતાએ દિવસના મધ્યભાગમાં શ્રેષ્ઠ એવા મોદકો મોકલ્યા. તે વખતે તેણે તે પરિવારને આપ્યા. ને તે પછી કુમારે પોતે પણ ખાધા. કહ્યું છે કે : –

**उत्तमै सह साङ्गत्यं–पण्डितैः सहसंकथाम्**
**अलुब्धैः सह मित्रत्वं कुर्वाणो नावसीदति ।।१३।।**
**अमृतं शिशिरे वह्नि, –रमृतं क्षीर भोजनम् ।**
**अमृतं राजसन्मान, –ममृतं प्रियदर्शनम् ।।१४।।**

ઉત્તમમાણસોની સાથે સંગતિ કરનાર. પંડિતોસાથે વાતચીત કરનાર. ને સંતોષી સાથે મિત્રતા કરનાર દુઃખ પામતો નથી. શિશિર ઠંડી ઋતુમાં અગ્નિ એ અમૃત છે. દૂધનું ભોજન એ અમૃત છે. રાજાનું સન્માન એ અમૃત છે. ને પ્રિય માણસનું દર્શન એ અમૃત છે. મોદકોવડે સેવકો સાથે સાંજનું ભોજન કરીને રાજપુત્રે રાત્રિના છેલ્લા પહોરે નૃત્યને બંધ કરાવ્યું. પોતે ત્રણસો પંચ નમસ્કાર ( નવકાર મંત્ર ) ગણીને જેટલામાં સૂએ છે. તેટલામાં ગુદામાંથી વાયુ નીકળ્યો. નાકમાં પ્રવેશ કરેલી દુઃખદાયી એવી દુર્ગંધને જાણીને વિચારવા લાગ્યો કે આ મોદકરોગ છે. વસ્તુની આવા પ્રકારની અપવિત્રતા છે. શરીરમાં મિષ્ટાન્ન પણ વિષ્ટારૂપ થાય છે. ને અમૃત પણ મૂત્રરૂપે થાય છે. તે શરીરને માટે કોણ પાપ કરે ? આ કાયા રસ – લોહી – માંસ – મેદ – હાડકાં – મજ્જા – વીર્ય – આંતરડાં – વિષ્ટા આ બધી અપવિત્રતાનું સ્થાન છે. તે કાયાની પવિત્રતા ક્યાંથી હોય ? નવ દ્વારમાંથી ઝરતા દુર્ગંધી રસના ઝરણાથી ( ઝરવાવડે ) ચીકણા એવા દેહમાં પણ જે પવિત્રતાની કલ્પના કરવી, તે મોટા મોહની ચેષ્ટા છે.

( અહીં અશુચિનાં સુભાષિતો કહેવાં )

જો આ પ્રમાણે શ્રેષ્ઠલાડવા પણ દુર્ગંધપણાને પામ્યા. તો આ શરીર શું દુષ્ટગંધપણાનો આશ્રય નહિ કરે ? કસ્તૂરી વગેરે વસ્તુઓ શરીરના આશ્રયપણાને પામેલી ક્ષણવારમાં આવા પ્રકારના અશુચિપણાને પામી. ખરેખર આ જગત આવું છે. મોદકપ્રિયકુમારે આ પ્રમાણે સર્વજગતની અશુચિતાને અપવિત્રતાને જાણીને હાથી – ઘોડા વગેરેનો

ત્યાગકરી ગુરુપાસે સંયમ લીધો. તળેલું – ગળ્યું ને સર્વસ્નિગ્ધ આહાર હવે પછી હું ગ્રહણ કરીશ નહિ. એ પ્રમાણે અભિગ્રહ ધારણ કર્યો. કહ્યું છે કે ચક્રવર્તિના જેવા – મોટા વિસ્તારવાલા રાજ્યનો મુહૂર્તમાત્રમાં ત્યાગ કરે છે. પરંતુ અધન્ય – દુર્બુધ્ધિવાલો ભિખારી ખપ્પર ( રામ પાત્ર – ભિક્ષા પાત્ર )ને ત્યાગ કરી શક્તો નથી. તીવ્રતપ કરતાં અવધિજ્ઞાન પ્રાપ્ત કરી ઘણાં પ્રાણીઓને પ્રતિબોધ કરતાં તે મુનિ શ્રી સિધ્ધગિરિપર આવ્યા. તે મોદકપ્રિયસાધુ શુભ ભાવના ભાવતાં તે ગિરિપર કેવલજ્ઞાન પામીને મોક્ષ પામ્યા. કહ્યું છે કે :– સંસારના બીજભૂત કર્મોનો જે અહીં ક્ષય કરવાથી જે થાય છે તેને નિર્જરા કહેવાય. તે નિર્જરા સકામ અને અકામ એમ બે પ્રકારે છે. સાધુઓને જે નિર્જરા થાય છે તેને સકામ નિર્જરા કહી છે. બીજાં પ્રાણીઓને જે નિર્જરા થાય તેને અકામ નિર્જરા કહેવાય. કર્મોનો ફલવાળો જે પાક ( ઉદય ) તે ઉપાયથી થાય છે. ને પોતાની જાતે પણ થાય છે. જેમ દોષવાળું એવું પણ સોનું સળગાવેલા અગ્નિથી શુધ્ધ થાય છે. તેવી રીતે તપરૂપી અગ્નિવડે તપાવાતો જીવ શુદ્ધ થાય છે.અનશન – ઉણોદરિ – વૃત્તિસંક્ષેપ – રસત્યાગ – કાયક્લેશ અને સંલીનતા એ બાહ્ય તપ છે. પ્રાયશ્ચિત્ત – વૈયાવચ્ચ – સ્વાધ્યાય – વિનય – વ્યુત્સર્ગ અને શુભધ્યાન– આ છ અભ્યંતર તપ છે. બાહ્ય અને અભ્યંતર તપરૂપી અગ્નિ સળગતો હોય ત્યારે – સાધુ – દુઃખે કરીને ક્ષય થાય તેવા કર્મોને તત્ક્ષણ ખપાવે છે. ઈત્યાદિ સુંદર ધર્મદેશના આપીને શ્રીમુનિસુવ્રત સ્વામીએ ઘણાં પ્રાણીઓને મુક્તિ પમાડી. ત્યાં રહેલા પ્રભુના ત્રણલાખ શ્રેષ્ઠ સાધુઓ કેવલજ્ઞાન પામીને મુક્તિપુરીમાં ગયા.

**શ્રી શત્રુંજયપર મુનિસુવ્રતસ્વામીને આવવાનું સ્વરૂપસંપૂર્ણ.**

# શ્રી નમિનાથ જિનેશ્વરનું શત્રુંજયપર આવવાનું સ્વરૂપ

મિથિલા નગરીમાં ધર્મમાં તત્પર એવો શ્રીમાન્ વિજયરાજા ન્યાયમાર્ગથી પ્રજાનું શાસન કરતો હતો. તેમની વપ્રા નામની પત્નીએ હાથીવગેરે ઉત્તમસ્વપ્નથી સૂચિત શ્રેષ્ઠપુત્રને શ્રાવણ વદ આઠમના દિવસે જન્મ આપ્યો.

( અહીં ઈન્દ્રે કરેલા જન્મોત્સવથી માંડીને જ્ઞાનપ્રાપ્તિસુધીનું વર્ણન કહેવું. )

શ્રી નમિનાથપ્રભુ પૃથ્વીતલઉપર ઘણાં ભવ્યજીવોને પ્રતિબોધ કરતાં મુનિઓ અને દેવોવડે પૂજાએલા શ્રી સિધ્ધગિરિઉપર સમવસર્યા. ને ત્યાં આ પ્રમાણે ઉપદેશ આપ્યો :–

મુંજ નામના નગરમાં ધર્મથી શોભતાં મુંજ નામના શેઠને પદ્માનામની પત્નીથી ઉત્પન્ન થયેલો મંડન નામે સુંદર પુત્ર થયો. તે મંડનપુત્ર અનુક્રમે મોટો થતાં પંડિતોપાસે તેવીરીતે ભણાવાયો કે જેથી તે ધર્મમાં અને કર્મમાં કુશલ થયો. કહ્યું છે કે :- વિદ્વાનપણું ને રાજાપણું ક્યારે પણ સરખું નથી. રાજા પોતાના દેશમાં પૂજાય છે. વિદ્વાન સર્વઠેકાણે પૂજાય છે. વિનીત ને સરળહૃદયવાળો તે મંડનપુત્ર હંમેશાં શેઠે કહેલું કામ કરતો હતો અને તેથી સર્વેને મનગમતો થયો.

એક વખત શેઠે શિખામણ આપતાં પુત્રને કહ્યું કે હિતને ઇચ્છના એવા આત્માએ ક્યારે પણ વૃધ્ધને – મોટાને ઉત્તર ન આપવો.(સામે ઉત્તર ન આપવો ,એટલે એમની સામે જીભાજોડી ન કરવી. ) એક વખત પિતાનું વચન અંગીકાર કરીને તે મંડનપુત્ર ઘરનું બારણું બંધ કરીને શય્યામાં બેઠો. આ બાજુ શેઠ આવ્યા. અને કહ્યું કે હે પુત્ર ! હમણાં ઊભો થા અને ઘરનું બારણું ઉઘાડ. મારે હમણાં કામ છે. પિતાનું વચન ચિત્તમાં યાદ કરતાં સરળઆશયવાલા મંડને અંધકારના ભયથી બીતા તેને જરા પણ જવાબ ન આપ્યો. પિતાએ ઘણું કહ્યા પછી ચારઘડી પછી પોતાના કામ માટે ઘરનું બારણું ખોલ્યું. પિતાએ કહ્યું કે હે પુત્ર ! તેં શા માટે ઘરનું બારણું ઉઘાડ્યું નહિ. પુત્રે કહ્યું કે હે પિતા ! મેં આપનું વચન પાલ્યું. પિતાએ કહ્યું કે મારું વચન કઇ રીતે કર્યું ? તે પછી પુત્રે કહ્યું કે હે પિતા! તમે કહ્યું હતું કે હે પુત્ર ! ઉત્તર ન આપવો. વૃધ્ધને પ્રત્યુત્તર આપવો નહિ. તેથી મેં તમને પ્રત્યુત્તર ન આપ્યો. કારણકે સુખની ઇચ્છાવાલા ઉત્તમપુરુષોએ પિતાનું વચન પાલન કરવું જોઇએ

પિતાએ કહ્યું કે હે પુત્ર ! આવું કાર્ય હોય ત્યારે જવાબ આપવો જોઇએ. તે પછી પુત્રે પિતાને મિચ્છામિ દુક્કડં આપ્યું. ઘણા કાલસુધી પિતાની ઉત્તમ વિનયપૂર્વક સેવા કરી મંડનપુત્રે ગુરુપાસે દીક્ષા લીધી. દીર્ઘકાલ સુધી સંયમનું પાલન કરી ચોથા મન:પર્યવજ્ઞાનને પામી ઘણા સાધુઓ અને દેવોવડે આશ્રય કરાયેલા તે શત્રુંજયગિરિઉપર ગયા. બાહ્ય અને અભ્યંતર ભેદથી બાર પ્રકારે હંમેશાં તપને કરતાં મંડનસાધુ પંચમ કેવલજ્ઞાન પામ્યા. તે પછી મંડનમુનિ અનેક પ્રાણીઓને જૈનધર્મનેવિષે બોધકરીને પુંડરીકગિરિપર મુક્તિનગરીને પામ્યા. ઇત્યાદિ ઘણી ધર્મકથા કહીને નમિજિનેશ્વરે ત્યાં લોકોપાસે સંયમગ્રહણ કરાવ્યું. શ્રી નમિજિનેશ્વરના ધર્મોપદેશથી ઘણા મનુષ્યો જ્ઞાનપામીને મોક્ષે ગયા, ને કેટલાક દેવલોકમાં ગયા. આ રીતે શ્રી નમિજિનેશ્વરે ઘણાં ભવ્યજીવોને પ્રતિબોધ કરી બીજાં ઘણાં ભવ્યોને બોધપમાડવા માટે પૃથ્વીતલઉપર વિહાર કર્યો

**આ પ્રમાણે શત્રુંજયપર શ્રી નમિનાથ જિનેશ્વરને આવવાનું સ્વરૂપ સંપૂર્ણ.**

# શ્રી પાર્શ્વનાથ પ્રભુનું શ્રી શત્રુંજયમાં આવવાનું સ્વરૂપ

શ્રેષ્ઠ એવી વાણારસી નગરીમાં અશ્વસેન રાજાને વામાદેવીથી ઉત્પન્ન થયેલ પાર્શ્વનામે શ્રેષ્ઠ પુત્ર હતો. અનુક્રમે ઘરનો ત્યાગ કરી દીક્ષા લઇ કેવલજ્ઞાનવાલા શ્રી પાર્શ્વપ્રભુ ઘણા સાધુના સમુદાય સહિત શ્રીશત્રુંજયગિરિપર ગયા.

અહીં શ્રી પાર્શ્વનાથ જિનેશ્વરે ધર્મદેશના કરી તે આ પ્રમાણે : –

કોઇક શિષ્ય ગુણરાજ શ્રેષ્ઠિપુત્રની જેમ ગુરુઓથી પણ અધિક થાય છે. જેણે – ઉંટડી – ઘોડા – ને હાથી આદિ રૂપોવડે ગુરુને ઠગ્યા. ભીમની જેમ દાન આપતો જીવ અનુક્રમે રચનાઓવડે જિનપૂજા કરતો સોમની જેમ મોક્ષ મેળવે છે. તે આ પ્રમાણે :–

વસંત નામના નગરમાં વીરશેઠને રમાનામે પ્રિયા હતી. તેણે વેપાર કરવાથી ઘરે બે ક્રોડ સોનામહોર કરી. પુત્રના અભાવથી હંમેશા દુ:ખી એવા શેઠ શેઠાણી – પુત્રની સિધ્ધિ માટે નિમિત્તિયા લોકોને પૂછે છે. કહ્યું છે કે : –

**देवहीनं देवकुलं, यथा राज्यं विना नृपम् ।**
**विना नेत्रे मुखं नैव, यथा राजति भूतले ।।१।।**

જેમ દેવવગરનું દેવમંદિર – રાજા વિનાનું રાજ્ય – નેત્ર વગરનું મુખ પૃથ્વીને વિષે શોભતાં નથી. તેમ ઘણો વૈભવ હોવા છતાં અને આકાશને અડે તેવું ઘર હોવા છતાં પણ મનુષ્યનું કુલ ક્યારે પણ પુત્રવિના શોભતું નથી.

કહ્યું છે કે :–

**यत्रन स्वजन सङ्गतिरूच्चै र्यत्र नैव लघुलघूनि शिशूनि ।**
**यत्र नास्ति गुण गौरवचिन्ता, हन्त तान्यपि गृहाण्यगृहाणि ।।८।।**

જ્યાં મોટેથી સ્વજનોનું મિલન ન હોય – જ્યાં નાનાં – નાનાં બાલકો ન હોય , ને જ્યાં ગુણના ગૌરવની ચિંતા ન હોય ખરેખર તે ઘરો ઘર નથી. તે બન્ને નિરંતર કુલપરંપરાથી આવેલ ધર્મનેકરતાં છતાં રમાના ઉદરમાં રાત્રિના અંતે કોઇ જીવ અવતર્યો. હું સુપાત્રને દાન આપું. જિનેશ્વરની પૂજા કરું. મન – વચન – કાયાથી શુધ્ધશિયલનું પાલન કરું.

આ વગેરે દોહદો નિરંતર ઉત્પન્ન થતાં હતાં ત્યારે સતત દોહદો પૂરાં કરતાં તેમનાં ઘરમાં લક્ષ્મી ઘટે છે. શેઠે કહ્યું કે હે પ્રિયા ! તને હમણાં ઉત્તમ – શ્રેષ્ઠ દોહદ થવા છતાં છિદ્રવાલા હાથમાંથી પાણીની જેમ લક્ષ્મી કેમ જાય છે ? ( ઘટે છે ? ) રમાએ કહ્યું કે કોઇ અભાગ્યવાળા ગર્ભના અવતારના બહાનાથી હમણાં ખરેખર આપના ઘરમાં અભાગ્ય આવ્યું છે ! અનુક્રમે પુત્ર થયો ત્યારે પિતાએ જન્મોત્સવ કરીને પુત્રનું વત્સરાજ એ પ્રમાણે નામ સારા દિવસે આપ્યું. એ પ્રમાણે બીજો પુત્ર થયો ત્યારે પિતાએ જન્મમહોત્સવ કરીને અનુક્રમે ગુણરાજ એ પ્રમાણે તેનું નામ કર્યું.

પિતાએ બન્ને પુત્રોને લેખશાલામાં પંડિતપાસે ભણવા મૂક્યા, ઘણાં શાસ્ત્રોને ભણતા તે બન્ને વિશારદ ( પંડિત ) થયા. શેઠના ઘરમાં સર્વપ્રકારના ધાન્યનો અભાવ થવાથી કષ્ટથી પણ નિર્વાહ – અશક્ય થયો , તેથી શેઠ દુઃખી થયો. જ્યોતિષી આદિનીપાસે લક્ષ્મીમાટે હંમેશાં શ્રેષ્ઠિરાજ પૂછતાં વાણી ને શરીરવડે ઉત્તમ ભક્તિથી સેવા કરે છે. કહ્યું છે કે : – રોગીઓના મિત્રો વૈદ્યો છે, સ્વામીના મિત્રો મીઠું બોલનારા છે. દુઃખથી બળેલાના મિત્રો મુનિઓ છે. ને ક્ષીણ થઇ ગઇ છે સંપતિ જેની એવાના મિત્રો જ્યોતિષીઓ છે.

પારકાના ઘરોમાં રાત્રિદિવસ કામો કરી કરી તે શેઠ કાંઇક ધાન્ય પામી પેટ ભરતો હતો. શેઠ પત્નીની સાથે હંમેશાં આ પ્રમાણે વાર્તા કરે છે. કે આ બન્ને પુત્રો આપણાં ઘરમાં આવ્યા ત્યારથી લક્ષ્મી ચાલી ગઇ છે ને દુઃખને આપતું દારિદ્રય આવ્યું. છે. લક્ષ્મી વિના મનુષ્યો ક્યારે પણ – કોઇ ઠેકાણે શોભા પામતાં નથી. કહ્યું છે કે : – જાતિ – રૂપ ને વિદ્યા આ ત્રણે મોટા ખાડામાં પડો એક ધનજ વૃધ્ધિ પામો. જેનાથી બધા ગુણો પ્રગટ થાય છે. તેથી કરીને તે બન્ને પુત્રો કોઇક મનુષ્યને ધન સાધવા માટે આપીને આપણે બન્ને સુખી થઇએ કારણ કે આપણને દારિદ્ર સારું નથી.

કહ્યું છે કે :– ઘી વગરનું અલ્પ ભોજન – પ્રિય સાથેનો વિયોગ – અપ્રિય સાથેનો સંયોગ એસર્વ પાપની ચેષ્ટા છે. આ પ્રમાણે શેઠ શેઠાણી સાથે વાત કરતાં હતાં ત્યારે એક યોગીએ આવીને કહ્યું કે તમે હમણાં મને ભિક્ષા આપો. તે બન્નેએ કહ્યું કે – હમણાં તમને કઇ રીતે ભિક્ષા આપીએ ? કારણ કે અમારા ઘરને દારિદ્રરૂપી વૃક્ષ છોડતું નથી. કહ્યું છે કે : સેવકને એક સાથે ઉત્પન્ન થયેલી દારિદ્રની પીડાઓ છે. એક ઋણ ( દેવું ), દૌર્ભાગ્ય, આળસ, ભૂખ ને પુત્રની પરંપરા. વિપુલબુધ્ધિવાલા એવા પણ વૈભવવગરના પુરુષનીબુધ્ધિ ઘી – મીઠું – તેલ – ચોખા – વસ્ત્ર – લાકડાં આદિની ચિંતાવડે હંમેશાં નાશ પામે છે. યોગીએ કહ્યું કે – સુંદર લક્ષણોથી શોભતા આ બન્ને પુત્રો થયા ત્યારે તમારા ઘરમાં દારિદ્રથી ઉત્પન્ન થયેલુ દુઃખ કેમ હોય ? શેઠે કહ્યું કે બહારથી સુંદર આકારવાલું – અત્યંત શ્રેષ્ઠ કાંતિવાલું પણ અંદરથી કડવું ઇન્દ્રવારણનું ફલ કઇરીતે હર્ષ આપનારું થાય ?

યોગીએ કહ્યું કે, જેના ઘરમાં એક પણ પુત્ર નથી હે શેઠ ! તેનું ઘર શૂન્યજ છે. એમ તું જાણ. કહ્યું છે કે :–

**अपुत्रस्यगृहं शून्यं, दिशः शून्या अबान्धवाः ।**
**मूर्खस्य हृदयं शून्यं, सर्वशून्यं दरिद्रता ।।३४।।**

પુત્ર વગરનાનું ઘર શૂન્ય છે. બાંધવ વગરનાની દિશાઓ શૂન્ય છે. મૂર્ખનું હૃદય શૂન્ય છે. અને દારિદ્રતા એ સર્વ શૂન્ય છે. શેઠે કહ્યું કે સુંદર એવા પણ સોનાવડે શું કરાય ? જેનાવડે બે કાન તૂટે અને પ્રાણીઓને દુઃખ થાય ? યોગીએ કહ્યું કે હમણાં આ બન્ને પુત્રોને તું મને આપ. જેથી સર્વે મનોહર કલાઓ તે બન્ને ને હું જલ્દીથી શિખવાડું. શેઠે કહ્યું કે આપને આ બન્ને પુત્રો કેમ અપાય ? તમે તો મારા બન્ને પુત્રોને લઈને દૂર નાસી જશો. (જતાં રહેશો ) યોગીએ કહ્યું કે હું તમારા બન્ને પુત્રોને તેવીરીતે કલા શિખવાડીશ કે જેથી તે બન્ને રાજા વગેરે મનુષ્યોને નિશ્ચે ખુશ કરશે.

હે વણિક ! તે બન્નેમાં જે તમારો મોટો પુત્ર છે. તે તમારે ગ્રહણ કરવો. અને બીજો મને આપવો. તમે જો આ પ્રમાણે મારું કહેલું કરશો તો નક્કી તમારા ઘરમાં ઘણી લક્ષ્મી થશે. કારણ કે મારી પાસેથી ઉત્તમ એવી કલાઓને શીખેલા મનુષ્યો સર્વમનુષ્યો અને રાજાઓને પણ પૂજનીય થાય છે. અશ્વ – શસ્ત્ર – શાસ્ત્ર – વીણા – વાણી – નર ને નારી. વિશિષ્ટ પુરુષને પામેલા યોગ્ય અને અયોગ્ય થાય છે. હાથી – ઘોડા – લોઢું – લાકડું – પથ્થર – વસ્ત્ર – સ્ત્રી પુરુષ ને પાણીનું ઘણું અંતર હોય છે. ( તે દરેકમાં તફાવત હોય છે. ) તે પછી શેઠે પત્ની સાથે વિચાર કરીને તે જ વખતે કલાઓ શિખવાડવા માટે પોતાના બન્ને પુત્રો યોગીને આપ્યા. તે કલકલ નામના યોગીએ ઉજજયંત ગિરિઉપર જઈને તે બન્ને શ્રેષ્ઠિપુત્રોને અનેકપ્રકારે સુંદર કલાઓ શિખવાડી. સવારે પહેલો શ્રેષ્ઠિપુત્ર પાણીથી એક કોગળો કરે છે ત્યારે તેના મુખમાંથી વેગથી ૫૦૦ સોનામહોર પડે છે. બીજો પુત્ર કલાથી હાથી – ઘોડા – પાયદલ વગેરે સુંદર – બલ ( લશ્કર ) કરીને તેને વેચવાથી ઘણું ધન ઉપાર્જન કરતો હતો. યોગી કહેલા દિવસે તે બન્ને પુત્રોને શેઠની આગળ લાવ્યો. અને સવારે તે બન્નેએ પોતાની સર્વકલા બતાવી. શેઠે પહેલા પુત્રને લીધો, ને યોગીરાજે બીજા પુત્રને લીધો. યોગીએ કહ્યું કે આપના ( તમારા ) ઘરમાં ઘણી લક્ષ્મી થાઓ. યોગીરાજ બીજા શ્રેષ્ઠીપુત્રને લઈ ગયો. ને ત્યાં ( રહેલો પ્રથમ ) શ્રેષ્ઠિ પુત્ર – પિતાને રોજ ૫૦૦ સોનામહોર આપે છે. શ્રેષ્ઠિએ ઘણું ધન થવાથી – ઘણા વૈભવને વાપરી કૈલાસપર્વત સરખો મોટો આવાસ કરાવ્યો. કહ્યું છે કે :–

**घोटकैः क्षत्रिया विप्रा, व्याजेन वणिजो गृहैः ।**
**कौटुम्बिकाः कृषे र्लक्ष्मीं, गमयत्यर्जितामपि ।।५२।।**

ક્ષત્રિયો ઘોડાવડે , બ્રાહ્મણો વ્યાજ વડે – વણિકો ઘરવડે , કણબી – ખેડૂત લોકો ખેતીવડે ઉપાર્જન કરેલી લક્ષ્મીને વાપરે છે. લક્ષ્મીવડે ધનવાન પુરુષો હોય તેની પાસે આવીને સ્વજનો હંમેશાં સેવા કરે છે. ત્યારે નિર્ધન ક્યારે પણ સેવા કરાતાં નથી. ધર્મકાર્યને કરતો ને ઘણું દાન આપતો શેઠ દાનીપુરુષોમાં અનુક્રમે પ્રથમ રેખાને નગરમાં પામ્યો. કહ્યું છે કે :–

**विद्यावृध्दास्तपोवृध्दा, येच वृध्दा बहुश्रुताः ।**
**सर्वे ते धनवृध्दस्य, व्दारे तिष्ठन्ति किङ्कराः ।।५५।।**

જેઓ વિદ્યાવડે વૃધ્ધ છે. જેઓ તપવડે વૃધ્ધ છે. જેઓ વયથીવૃધ્ધ છે. અને જેઓ જ્ઞાનથી વૃધ્ધ છે. તે સર્વે ધનવૃધ્ધના દ્વારનેવિષે નોકર તરીકે ( ની જેમ ) ઊભા રહે છે. શેઠાણીએ એક વખત પતિની આગળ કહ્યું કે આપની પાસે ઘણું ધન છે. તેથી હંમેશાં આપના ઘરમાં ઘણાં સ્વજનો આવે છે. નાનો પુત્ર ક્યારે પણ આપણાં ઘરમાં આવતો નથી. હે પતિ ! મને તે જ દુ:ખ છે. બીજુ કાંઇ પણ દુ:ખ નથી. માતાપિતાને નિરંતર પુત્રવડે સુખ થાય છે. પુત્ર વગરનું ઘર સ્મશાન જેવું શૂન્ય લાગે છે. કહ્યું છે કે :-

**शर्वरीदीपकश्चन्द्रः प्रभाते रविदीपकः ।**
**त्रैलोक्योदीपको धर्म्मः, सुपुत्र, कुलदीपकः ॥५९॥**

રાત્રિમાં દીપક ચંદ્ર છે. પ્રભાતમા દીપક સૂર્ય છે. ત્રણ લોકમાં દીપક ધર્મ છે. ને કુલનો દીપક સુપુત્ર છે.

માતાપિતાને નાના પુત્રો જેવા પ્રિય હોય છે. તેવા પ્રકારે ક્યારે પણ ધન – ધાન્ય – ઘર અને દેહ પ્રિય હોતાં નથી. રૂપ ને સૌભાગ્યથી શોભતાં ઘણા પુત્રો હોવા છતાં માતાને નાનો પુત્ર વિશેષપ્રકારે પ્રિય હોય છે. ઘરમાં ઘણી લક્ષ્મી હોવા છતાં પણ શેઠાણી થોડા પાણીમાં માછલીની જેમ તે નાના પુત્રવિના આનંદ પામતી નથી. આ બાજુ ગુણરાજે યોગીની પાસે બે હાથજોડી કહ્યું કે હમણાં હું માતા અને પિતાનાં ચરણોને નમસ્કાર કરવાની ઇચ્છાવાલો છું. યોગીએ કહ્યું કે તારાવિના મારી સારસંભાળ કોણ કરશે ? તારાથી મને ઘણું સુખ છે. અને હંમેશાં તું વિનયવાલો છે. ગુણરાજે કહ્યું કે માતાપિતાના ચરણકમલને નમીને ત્યાં આઠ દિવસ રહીને તમારાં ચરણોને હું વંદન કરીશ. પાછો આવીશ

યોગીએ કહ્યું કે, ત્યાં તારે વધારે દિવસ રહેવું નહિ. જો તે સ્થાનમાં તું વધારે રહેશે તો હે પાપરહિત ! પુત્ર તારું મૃત્યુ થશે. હે પ્રભુ ! તમારા કહેવાથી હું ત્યાં ક્ષણવાર પણ વધારે નહિ રહું. આ પ્રમાણે કહીને ગુણરાજ જલ્દી પિતાને ઘેર ગયો. તે પછી માતા પિતા અને ભાઇ ભાભીનાં ચરણોને અનુક્રમે વિધિપૂર્વક પ્રણામ કરીને ગુણરાજ અત્યંત હર્ષ પામ્યો. તે પછી બન્ને ભાઇઓ રામ ને લક્ષ્મણની જેમ – સૂર્ય ને ચંદ્રની જેમ નિરંતર અત્યંત પ્રીતિ પામતા હતા. ક્યારેક પોતે લાખ મૂલ્યવાળો ઘોડો ને ક્યારેક હાથી થઇને ગુણરાજ પણ તેને વેચીને બીજાના ઘરમાં રહીને પિતાના ઘરમાં ઘણી લક્ષ્મી લાવી લાવીને તે જ ક્ષણે માતા-પિતાના હર્ષનેમાટે પોતાનું મૂલ રૂપ કરે છે. મોટી એવી તે નગરીમાં ત્યારે ઘણા અશ્વો કરીને ગુણરાજ પિતાને ઘરે જલ્દી ઘણી લક્ષ્મી લઇ ગયો. ઘણા દિવસો ગયા તોપણ પિતાના ઘરે તે રહ્યો હતો. ત્યારે રોષપામેલો યોગી જલ્દી તેને બોલાવવા માટે આવ્યો. યોગીએ બોલાવવા છતાં પણ વણિકપુત્ર ગુણરાજ આવતો નથી ત્યારે ઘોડા વગેરે રૂપને કરનારા તેને યોગીએ ઓળખ્યો. યોગીએ મનોહર અશ્વના રૂપને ધારણ કરનારા ગુણરાજને ધનથી લઇને જલ્દી તેની ઉપર ચઢી ચાબુકવડે મારવા લાગ્યો. યોગી ઘોડાને તાડન કરતો તેને કહે છે કે તેં પ્રતિજ્ઞાનો લોપ કરવાથી મારી અવજ્ઞાને કરી છે. સાંજ સુધી ચાબુકવડે તે ઘોડાને પ્રહાર કરતો યોગી સ્નાન કરવામાટે સરોવરમાં પેઠો ત્યારે તે ઘોડો મત્સ્યનુંરૂપ ધારણ કરી તે સરોવરમાં પેઠો.

બગલાના રૂપને ધારણ કરતો યોગી જ્યારે તે મત્સ્યને હણવા માટે ઇચ્છે છે ત્યારે મત્સ્ય અત્યંત ભયથી પાણીની અંદર પ્રવેશ કરે છે. તે પછી મત્સ્ય કોઇક જંગલમાં હરણના રૂપને ધારણ કરનારો થયો. તે પછી બગલો હતો તે સિંહના રૂપવાલો તેને હણવા માટે તૈયાર થયો. તે પછી મૃગે આંબાના ઝાડઉપર પોપટનું રૂપ કર્યું. તે પછી જે યોગી સિંહ હતો તેણે સિંચાણાનું રૂપ કરી તેને હણવા માટે તૈયાર થયો. હણવા માટે સિંચાણાને આવતો જોઇને તે વખતે નાસીને પોપટ ગોખમાં રહેલી મહીપાલ રાજાની પત્નીના હાથમાં બેસી ગયો. પોપટને હણવા માટે અશક્ત એવો સિંચાણો બિલાડાના રૂપને ધારણ કરનારો થયો. બિલાડો પોપટને મારવાની ઇચ્છાવડે તેની ચારે બાજુ ભમવા લાગ્યો. ત્યાં યોગી વીંછી – સર્પ આદિ રૂપો ઘણા પ્રકારે કરીને રાણીના હાથમાં રહેલા પોપટને મારવા માટે ઇચ્છે છે. તે વખતે એકાવલી હારનારૂપને ધારણ કરતો તે પોપટ રાણીના હાથમાં આવીને ઓચિંતો સમાધિપૂર્વક રહ્યો. જેટલામાં રાણી પોપટને નહિ જોવાથી દુઃખી થઇ. તેટલામાં હાથમાં આવેલા હારને જોઇને હર્ષિત થઇ. રાણીએ તે હાર પોતાના હૃદયપર ધારણ કર્યો ત્યારે હિંસા કરવા માટે અશક્ત એવા તે યોગીરાજે નર્તકીનું અદભુત રૂપ ધારણ કર્યું. નર્તકી નૃત્યવડે રાજા અને રાણીનું ચિત્ત અત્યંત હર્ષવાલું કરતી જેટલામાં રાણીના કંઠમાં રહેલા હારની રાજાનીપાસે માંગણી કરે છે. તે વખતે રાજાએ કહ્યું કે હે પ્રિયા ! આ સ્ત્રીને તું જલ્દી હાર આપ. રાણીએ કહ્યું કે હું આ એકાવલી નામના હારને આપીશ નહિ. એક વખત રાજા રાણીના હૃદયપર રહેલા હારને જેટલીવારમાં લે છે તેટલામાં તે હાર તૂટી ગયો અને તેના માણકા પૃથ્વીપર પડ્યા નર્તકી કૂકડો થઇને અનુક્રમે માણકાને ખાતો તે જાણતો ન હતો કે જ્યાં સુધી તે માણકો છે ત્યાં સુધી જ તેનું જીવિત છે. તે પછી ગુણરાજ બિલાડાના રૂપને ધારણ કરતો તે કૂકડાને એવી રીતે કરડ્યો કે જેથી યોગી મરીને નરકમાં ગયો. યોગીવડે અપહરણ કરાયેલા પુત્રને જાણીને પ્રિયા સહિત શેઠ રાજાની પાસે આવીને ઉચ્ચ સ્વરે કહેવા લાગ્યો. હે સ્વામિ ! તમારા ગામમાં રહયા છતાં મારા પુત્રને યોગીએ હરણ કર્યો છે. હે રાજા ! તમે દુઃખી અને અનાથનું શરણ છો. રાજાએ સેવકોને બોલાવીને કહ્યું કે તે દુષ્ટ યોગીને જોઇને તેને હણીને આનો પુત્ર આપો. કારણ કે રાજાપ્રજાનો પાલક છે. રાજાના સેવકોએ તપાસ કરીને યોગીને નહિ જોવાથી નિશ્ચે પુત્રની પ્રાપ્તિ નહિ થવાથી પત્ની સાથે શેઠ ઘણો દુઃખી થયો. માતાપિતાને દુઃખિત જાણીને બિલાડાના રૂપને ધારણ કરનારો ગુણરાજ માતાપિતાની સ્નેહની ચેષ્ટાને વિચારવા લાગ્યો જ્યારે બિલાડાના રૂપને છોડી દઇને જલ્દી ગુણરાજ થયો. તે વખતે રાજા–રાણી બોલ્યાં કે આ ક્યો મનુષ્ય અહીં આવ્યો છે ? માતાપિતા પુત્રને જોઇને હર્ષવડે બોલ્યાં કે આ અમારાં બન્નનો પુત્ર અહીં કેવી રીતે આવ્યો ? આ કોઇ બીજો નથી.

પુત્રને સારીરીતે ઓળખીને બેહાથવડે આલિંગન આપીને માતાપિતા આનંદથી બોલ્યાં કે હે પુત્ર ! તું ક્યાં રહ્યો તો ? ને ક્યાં ગયો હતો ? પુત્રે માતાપિતાનાં ચરણોમાં પ્રણામ કરીને રાજાની આગળ ફરીથી યોગીવડે કરાયેલું મરણ સુધીનું સ્વરૂપ કહયું. ગુણરાજવડે યોગીનું કરાયેલું સર્વ સાંભળીને ઘણા મનુષ્યો સાંભળતા હતા ત્યારે રાજાએ આ પ્રમાણે કહયું.

કોઇક શિષ્ય ગુણરાજની પેઠે ગુરુ કરતાં પણ અધિક થાય છે કે જેણે ઉંટડી – ઘોડા ને હાથી આદિરૂપોવડે ગુરુને ઠગ્યા. જીવો પારકાની હિંસાની ઇચ્છાવડે ને બીજાનો દ્રોહ કરવાથી યોગીરાજની જેમ આલોક ને પરલોકમાં દુઃખો પામે છે. તે પછી રાજાએ પુત્રસહિત શેઠનું સન્માન કરીને સોગામ અને પાંચ મોટાં શહેર આપ્યાં. રાજાએ ગુણરાજને હાથી પર બેસાડીને મંત્રીશ્વરવડે તેના ઘરે મોકલ્યો. તે પછી શેઠ બન્ને પુત્રો સાથે સાતક્ષેત્રમાં લક્ષ્મી વાપરતાં ઘરમાં

રહેલી લક્ષ્મીની સંખ્યાને જરાપણ જાણતો નથી. ગુણરાજ પોતાની મનોહર કલાઓ બતાવતો હંમેશાં રાજા અને લોકોને માન્ય થયો. પિતાએ શેઠની કન્યાઓ બન્ને પુત્રોને પરણાવી. ધર્મના અનુરોધથી ( તેને નજરમાં રાખીને ) તેઓ હંમેશાં ત્રીજો પુરુષાર્થ ( કામ ) કરતા હતા. કહ્યું છે કે :-

**त्रिवर्गसंसाधनमन्तरेण-पशोरिवायुर्विफलं नरस्य:,**
**तत्रापि धर्मं प्रवरं वदन्ति, न तं विना यद्भवतोऽर्थकामौ ।।११०।।**

ત્રણ વર્ગની સાધના વિના મનુષ્યનું આયુષ્ય પશુની જેમ નિષ્ફલ છે. તેમાં પણ ધર્મને શ્રેષ્ઠ કહયો છે. કારણકે ધર્મ વિના અર્થને કામ થતાં નથી.

એક વખત શેઠ બન્ને પુત્રો સહિત જ્ઞાનીની પાસે ગયો. અને ધર્મ સાંભળીને કહ્યું કે આ બન્ને પુત્રોએ પૂર્વભવમાં શું ધર્મ કર્યો હતો ? ગુરુએ કહ્યું કે રમા નામની નગરીમાં કુબેર શેઠના ઘરમાં ભીમ અને સોમ નામના બે ચાકર ઘરસંબંધી કામ કરે છે. શેઠ દેવમંદિરમાં શ્રેષ્ઠપુષ્પોવડે જિનદેવની પૂજા કરતા હતા ને મુક્તિગમનને યોગ્ય ઘણું પુણ્ય ઉપાર્જન કરતા હતા, એક વખત તે કુબેરશેઠે ચંદ્રનામના પુત્રના વિવાહના ઉત્સવમાં પકવાન્ન વગેરે શ્રેષ્ઠરસોઇ કરાવી. મધ્યાન્હ સમયે તે શેઠના ઘરે વિહાર કરવા માટે બે સાધુઓ જેટલામાં આવ્યા તેટલામાં તેમનો પુત્ર ચંદ્ર વિચારવા લાગ્યો કે આજે મારો વિવાહ હોવાથી પિતાના આ ઘરમાં મોદક આદિ શ્રેષ્ઠ સુંદર રસોઇ થઇ છે. જો આ બંને દેદીપ્યમાન સાધુઓને કંઇક અન્ન અપાય તો મારો જન્મ અને લગ્ન શ્રેષ્ઠ થાય.

કહ્યું છે કે :-

**पश्चाद्दत्तं परैर्दत्तं, लभ्यते वा न लभ्यते।**
**स्वहस्तेन च यद्दत्तं, लभ्यते तन्न संशय: ।।११८।।**

પછી આપેલું અને બીજાએ આપેલું તેનું ફલ મલે કે ન મલે. પરંતુ પોતાના હાથે જે અપાયું હોય તેનું ફલ નક્કી મલે છે. તેમા સંશય નથી. નિર્ભાગી જીવોથી સાતક્ષેત્રોમાં ધન વાપરી શકાતું નથી. જે પાત્ર આદિને વિષે વાવ્યું (વાપર્યું ) હોય તે ઇચ્છિત ફલને આપે છે. આ પ્રમાણે વિચારીને ચંદ્ર ઊભો થઇને લાડવાથી ભરેલો થાલ ઉપાડીને આપવા લાગ્યો . તે બન્ને સાધુ ગ્રહણ કરતા નથી. ચંદ્રે તે બન્ને સાધુને બળાત્કારે પાંચ લાડુ અને બીજું શુધ્ધ અન્નપાન શ્રેષ્ઠભાવથી આપ્યું. તે વખતે આગળના સાધુએ કહ્યું કે અહીં સોમસૂરિ આચાર્ય પરિવાર સાથે પધાર્યા છે ને હે ચંદ્ર ! તેઓનો પરિવાર હમણાં મોટો છે.

સાધુને વિશુધ્ધ એવો જે લાડુ વગેરે આહાર કલ્પી શકે તેવો હોય તે મારા કહેવાથી તમે આપશો તો તેથી તમને પુણ્ય થશે. તે વખતે ત્યાં રહેલા ( ચાકર ) ભીમે આ જોઇને વિચાર કર્યો કે આ ચંદ્રે સાધુને લાડવાવગેરે આપ્યાં તે

સારું છે. જો મારી પાસે લાડવાવગેરે હોય તો હું પણ એ વખતે આપીશ. હું અહીં શું કરું ? કારણકે શેઠ કરતાં હું અલ્પપુણ્યવાલો છું.

કહયું છે કે જે અન્યજન્મમાં પુણ્ય કે પાપ પોતાના કર્મના પરિણામવડે ઉપાર્જન કરાયું હોય તે દેવો અને અસુરોવડે પણ અન્યથા કરવા માટે શક્તિમાન નથી. સૂર્ય ઉદય પામે ત્યારે નેત્રવાલો સંપૂર્ણ લોકને જુએ છે. જે ઘુવડ જોતો નથી તેમાં સૂર્યનો શું દોષ ? આ પ્રમાણે ઉત્તમ ભાવનાને ભાવતાં તેણે મોક્ષનગરીમાં જવાને યોગ્ય એવું પુણ્ય કર્યું. શેઠવડે શિખામણ અપાયેલો સોમ શ્રેષ્ઠપુષ્પોવડે પ્રભુના શરીરપર તેવીરીતે આંગી કરતો હતો કે જેથી બીજાને હર્ષ થતો હતો. અનુક્રમે સોમ મરણ પામ્યો ને તારો પુત્ર ગુણરાજ થયો. અને ભીમ મરીને વત્સરાજ નામે તમારો બીજો પુત્ર થયો. તમારો પુત્ર ગુણરાજ આ સંસારમાં જિનેશ્વરપ્રભુની આંગી કરવાથી નામ અને રૂપને કરનારી કલાને પામ્યો. અને સુપાત્રને વિષે ચન્દ્રે આપેલા દાનની અનુમોદના કરતો ભીમ, તે વત્સરાજ સવારમાં પાંચસો સોનામહોર પ્રાપ્ત કરતો હતો.

ચંદ્ર મરીને કલાપુરી નગરીમાં પાંચ લાડવા આપવાથી પાંચ ક્રોડ સોનામહોરનો અધિપતિ ધનનામે શેઠ થયો. તે ધનથી ધનશેઠ પાંચમા ભવમાં મોક્ષે જશે. ને તારા પુત્રનો છઠ્ઠા ભવમાં મોક્ષ થશે. આ પ્રમાણે તું જાણ. દુષ્કર્મના ક્ષયને માટે પુણ્યની ક્રિયા છોડવી ન જોઇએ કારણ કે જ્યાં સુધી પાપ હોય ત્યાં સુધી પ્રાણીઓની મુક્તિ થતી નથી.

આ પ્રમાણે બન્ને પુત્રોએ પૂર્વભવમાં કરેલા ધર્મને સાંભળીને પુત્રસહિત કુબેરશેઠે સમ્યક્ત્વ સહિત ધર્મ સ્વીકાર્યો. માતાપિતા સહિત તે બન્ને ભાઇ અરિહંતના ધર્મને કરતાં શ્રી સિધ્ધક્ષેત્ર આદિ તીર્થમાં અનુક્રમે યાત્રા કરતા હતા. કુબેરશેઠ પત્નીસહિત ગુરુપાસે સંયમ લઇને પાલન કરતાં નિર્મલમનવાલા છઠ્ઠા દેવલોકમાં ગયા. પૂજા અને દાનના પ્રભાવથી કુબેરશેઠના બન્ને પુત્રો ત્યાંથી ચ્યવી થોડાભવમાં કલ્યાણકારી એવી મુક્તિને અહીં પામ્યા. ઇત્યાદિ શ્રી પાર્શ્વનાથ જિનેશ્વરની પાસે દેશના સાંભળીને ઘણાં પ્રાણીઓ તે વખતે શ્રાવક અને સાધુના વ્રતને પામ્યાં. અનુક્રમે તે શ્રી પાર્શ્વનાથ પ્રભુના ત્રણસો શિષ્યો કેવલજ્ઞાન પામી પોતાના આયુષ્યના ક્ષયે જલદી મોક્ષ પામ્યા.

## શ્રી પાર્શ્વનાથ પ્રભુનું શ્રી શત્રુંજયમાં આવવાનું સ્વરૂપ સંપૂર્ણ

# શ્રી વીરપ્રભુનો શ્રી શત્રુંજયમાં આવવાનોસંબંધ

ક્ષત્રિયકુંડ નામના નગરમાં સિધ્ધાર્થરાજાની પત્ની ત્રિશલાએ ઉત્તમ સ્વપ્નથી સૂચિત પુત્રને જન્મ આપ્યો. ઇન્દ્રે જન્મોત્સવ કર્યા પછી પિતાએ પુત્રનો જન્મોત્સવ કરીને તે વખતે " વીર કુમાર " એ પ્રમાણે નામ આપ્યું. અનુક્રમે વૃધ્ધિ પામતાં વીરકુમાર સારાદિવસે દીક્ષાલઇ સર્વકર્મનો ( ઘાતિકર્મનો ) ક્ષય કરી અનુક્રમે કેવલ જ્ઞાન પામ્યા.

( અહીં તેમના ચરિત્રનો વિસ્તાર તેમના સ્વતંત્ર ચરિત્રમાંથી પોતાની જાતે જાણી લેવો. )

શ્રી વીરભગવાન ભવ્યપ્રાણીઓને બોધ કરતાં ગૌતમઆદિ મુનિઓસાથે મોક્ષને આપનારા શ્રી શત્રુંજયતીર્થઉપર સમવસર્યા. ત્યાં શ્રી વીરપ્રભુએ શ્રી સિધ્ધગિરિનું માહાત્મ્ય આ પ્રમાણે કહ્યું :- ખરેખર આ તીર્થમાં અનેક પ્રાણીઓ મોક્ષે ગયાં છે, કહ્યું છે કે :-

**अन्यतीर्थेषु सद्ध्यान - शीलदानार्चनादिभि:**
**यत्फलं स्यात् ततोऽसङ्ख्यं - शत्रुञ्जयकथाश्रृते: ।।६।।**

અન્યતીર્થોમાં ઉત્તમ ધ્યાન - શીલ - દાન અને પૂજા આદિવડે જે ફલ થાય તેનાથી અસંખ્યગણું ફલ શ્રી શત્રુંજયની કથા સાંભળવાથી થાય છે. ભવનપતિના - ૨૦ - ઇન્દ્રો - ૩૨ - વ્યંતરના ઇન્દ્રો. ૨- જ્યોતિષીના ઇન્દ્ર, ઊર્ધ્વ લોકમાં નિવાસ કરનારા - ૧૦ ઇન્દ્રો, આ ચોસઠ ઇન્દ્રો, ઘણા દેવોથી પરિવરેલા જગતના નાથથી ભૂષિત એવા શ્રી શત્રુંજયને વિષે આદરથી નમસ્કાર કરતા હતા.

**पापिनां शल्यरूपोऽयं - धर्मिणां सर्वशर्मद: ।**
**कामिनां कामितं दाता - विद्यतेऽयं गिरिर्वर: ।।९।।**

શ્રેષ્ઠ એવો આ ગિરિ પાપી જીવોને શલ્યરૂપ છે. ધર્મીજીવોને સર્વસુખ આપનારો છે. કામી પુરુષોને ઇચ્છિત આપનારો છે.

**विना तपो विना दानं - विनाऽर्चां शुभभावत: ।**
**केवलं स्पर्शनं सिद्ध-क्षेत्रस्याक्षयसौख्यदम् ।।१०।।**

તપવિના - દાનવિના અને પૂજા વિના ફક્ત સિધ્ધક્ષેત્રનો સ્પર્શપણ શુભભાવથી અક્ષયસુખ આપનારો છે. આ

પ્રમાણે પ્રભુના વચનને સાંભળતાં લેપ નામના મુનિરાજ લોકાલોકને પ્રકાશકરનારા કેવલજ્ઞાનને પામ્યા. તે ઋષિના કેવલજ્ઞાનના ઉત્સવને કરતાં દેવોને જાણીને ભવ્યજીવોના પ્રતિબોધ માટે ગૌતમે શ્રી વીરપ્રભુને પૂછ્યું. હે ભગવંત ! હમણાં જેમને કેવલજ્ઞાન થયું તે મુનિ કોણ છે ? તેણે શા માટે દીક્ષા લીધી ? અને કઇ રીતે બધાં કર્મો ખપાવ્યાં ? (જિજ્ઞાસા ભાવથી જાણવા છતાં પૂછીને જવાબ સાંભળે છે.) જેથી આ પ્રથમ ગણધર શ્રી ગૌતમસ્વામી ભદ્ર છે. વિનયથી વિનમ્ર છે. સમસ્તશ્રુત જ્ઞાની છે. જાણવા છતાં પણ સર્વઅર્થોને વિસ્મિત હૃદયવાલા સાંભળે છે.

પ્રભુએ કહ્યું કે હે ઇન્દ્રભૂતિ ગૌતમ ! તું હમણાં સાંભળ રાજગૃહ નગરમાં લેપનામનો મિથ્યાદ્રષ્ટિવાલો શેઠ હતો. શિવભૂતિ ગુરુની પાસે હંમેશાં ધર્મને સાંભળતો લેપશેઠ વાવ – કૂવા – તળાવ વગેરે પુણ્યસ્થાનો કરાવતો હતો. સ્નાન કરીને તે ભોજન કરતો હતો. વળી રાત્રે ભોજન કરતો હતો. અને હંમેશાં કંદમૂલ વગેરે અભક્ષ્યને ખાતો હતો. જ્યારે જ્યારે શિવભૂતિ તાપસ આવે છે ત્યારે તે પાંચ યોજન સુધી સારીભક્તિથી સન્મુખ જતો હતો. એક વખત શિવભૂતિ બીજા દેશમાં ગયો ત્યારે મનોહર એવા ઉદ્યાનમાં મેં નિવાસ કર્યો તે વખતે શ્રેણિકરાજા વગેરે ઘણા મનુષ્યો ધર્મ સાંભલવા માટે પોતપોતાના ઘરેથી મારી પાસે આવ્યા. જિનદત્ત નામના મિત્રની સાથે તે લેપવણિક મનવિના પણ સર્વજ્ઞ એવા મને પ્રણામ કરીને બેઠો. જન્મ – જરા અને મરણથી વિશેષપ્રકારે મુકાયેલા એવા જિનેશ્વરોવડે આ લોકમાં ઉત્તમ સાધુધર્મ ને ઉત્તમશ્રાવકધર્મ આ બે માર્ગો કહેવાયા છે.

સમ્યક્ત્વમૂલ – પાંચઅણુવ્રત – ત્રણગુણવ્રત અને ચારશિક્ષાવ્રત એ બાર વ્રતો નિશ્ચે પાલન કરવાં જોઇએ. તે વ્રતધારી આત્મા સ્વર્ગ અને મોક્ષ આદિના સુખની પરંપરાને પામે છે. કારણ કે સારી રીતે પાલનકરેલી જીવદયા મોક્ષસુખને આપનારી છે. કહ્યું છે કે : –

**जयणा ज धम्मजणणी, जयणा धम्स्स पालणी होइ।**
**तव्वुड्ढिकरी जयणा, एगंत सुहावहा जयणा।।२५।।**

જયણા ધર્મને ઉત્પન્ન કરનારી છે. અને ધર્મનું પાલન કરનારી છે. ને તેની વૃધ્ધિ કરનારી છે અને જયણા એકાંતે સુખને પમાડનારી છે. પુરાણમાં પણ કહ્યું છે કે :– હે યુધિષ્ઠિર ! જે સોનાના પર્વતને આપે, ને સમસ્ત પૃથ્વીને (દાનમાં) આપે તે એકને જીવિતદાન આપનાર સરખો નથી. હે યુધિષ્ઠિર ! હું પૃથ્વીમાં છું. હું વાયુ અને અગ્નિમાં છું. હું પાણીમાં પણ છું. વનસ્પતિમાં પણ હું રહેલો છું અને હું સર્વ પ્રાણીઓમાં રહેલો છું. જે મને સર્વમાં રહેલો જાણીને તેની ક્યારે પણ હિંસા કરતો નથી, તેનો હું વિનાશ કરતો નથી, ને તે પણ મારો વિનાશ કરતો નથી.

**अस्तंगते दिवानाथे, आपो रूधिरमुच्यते;**
**अन्नं मांससमं प्रोक्तं, मार्कण्डेन महर्षिणा।।२९।।**

સૂર્ય અસ્ત થાય ત્યાર પાણી લોહી કહેવાય છે. અને અન્ન તે માંસ સરખું માર્કંડ ઋષિએ કહ્યું છે. આ

પ્રમાણે મારી પાસે ધર્મ સાંભળીને તે લેપ નામના વણિકે મિથ્યાત્વનો ત્યાગ કરી તે વખતે જૈનધર્મ સ્વીકાર્યો. તે પછી તે વણિક કૂવા – તલાવ – વગેરે ધર્મકૃત્ય તરીકે કરતો નથી. કરાવતો નથી. અને તેની અનુમોદના પણ નિશ્ચે કરતો નથી. તેથી મિથ્યાત્વી લોકો તેને ઉદ્દેશીને આ પ્રમાણે કહે છે કે આ લેપશેઠ જૈનધર્મનો આશ્રય કરનારો મૂર્ખ થયો. કહ્યું છે કે કુલની પરંપરાથી આવેલા એવા ધર્મને છોડીને બીજા ધર્મનો જે આશ્રય કરે છે તે હે પુત્ર ! પરલોકમાં ઘણાં દુ:ખો પામે છે. શ્રાવકો પ્રશંસા કરે છે. આ પુણ્યશાલી ધનવાન એવો લેપશેઠ આલોક ને પરલોકમાં સુખની શ્રેણીને પામશે. તેમાં સશંય નથી. લેપશેઠ લોકોના વચનને મનમાં નિશ્ચે ધારણ કરતો નથી. પરંતુ જિનેશ્વરે કહેલા ધર્મને હંમેશાં કરે છે. કહ્યું છે કે :–

**सर्वथा स्वहितमाचरणीयं, -किंकरिष्यति ? जनो बहुजल्पः ।**
**विद्यते स नहि कश्चिदुपायः, सर्वलोके परितोष करो यः ।।३६।।**

હંમેશાં પોતાનું હિત આચરવું જોઇએ. બહુ બોલનારો લોક શું કરશે ? સર્વ લોકને સંતોષ કરવાનો કોઇ ઉપાય હોતો નથી. આ બાજુ ત્યાં દૂરથી પણ આવતાં શિવભૂતિને સાંભળીને લેપ ગુરુનાં ચરણોને નમવા માટે ન આવ્યો. તે પછી રોષ પામેલો તે તાપસ પોતાના મનમાં વિચારવા લાગ્યો કે આ લેપ જૈનધર્મનો આશ્રય કરવાથી નિશ્ચે પાપી થયો છે. તે શિવભૂતિ તાપસ નગરની અંદર આવ્યો. લેપને નમવા નહિ આવેલો જોઇને અત્યંત રોષવાલો થયો. જ્યારે તે શિવભૂતિ ગુરુવડે બોલાવાયેલો લેપ ન ગયો ત્યારે ગુરુ ત્યાં પોતે જઇને લેપને કહેવા લાગ્યા.

હે દુષ્ટાત્મા ! તેં ઊભા થવું, નમસ્કાર કરવા વગેરે આદર કર્યો નથી તેથી તારી દુર્ગતિ થશે. લેપે કહ્યું કે હંમેશાં સ્નાન આદિ ધર્મને કરનાર કરાવનાર અને તેને અનુમોદનાર જલ્દી દુર્ગતિમાં જશે. માછીમારને એક વર્ષવડે (વર્ષમાં) જે પાપ થાય છે તે પાપ ગાળ્યા વગરના પાણીનો સંગ્રહ કરનાર એક દિવસમાં પામે છે. ચિત્તની અંદર રહેલું તે પાપ તીર્થના સ્નાનવડે શુધ્ધ થતું નથી. સેંકડો વખત પાણીવડે ધોયેલ મદિરાનું પાત્ર જેમ અપવિત્ર રહે. તેમ, તે પછી તાપસે કહ્યું કે તારું સારું નહિ થાય. આ પ્રમાણે શાપ આપીને તાપસ ( તપસ્વી ) પોતાના સ્થાને ગયો. તે પછી લેપ ગુરુની પાસે હંમેશાં શ્રાવકની પ્રતિમાને કરતો મોક્ષગમનને ઉચિત કલ્યાણને ઉપાર્જન કરે છે.

દર્શન પ્રતિમા – વ્રત પ્રતિમા – સામાયિક પ્રતિમા – પૌષધ પ્રતિમા – પ્રતિમા ( નામની ) પ્રતિમા – સચિત્તવર્જન પ્રતિમા – આરંભવર્જન પ્રતિમા – પ્રેષ્યવર્જન પ્રતિમા – ઉદ્દિષ્ટવર્જન પ્રતિમા – શ્રમણભૂત પ્રતિમા – અબ્રહ્મવર્જન પ્રતિમા – ઇત્યાદિ પ્રતિમાઓ કરીને દશ કરોડ સુવર્ણનો ત્યાગ કરીને તે લેપશ્રાવકે શુભભાવથી મારી પાસે દીક્ષા ગ્રહણ કરી. ગચ્છને ધારણ કરનાર ગુણના ભંડાર – એવા હે ગૌતમ ! તે લેપમુનિને શુભભાવથી કેવલજ્ઞાન ઉત્પન્ન થયું છે. આ પ્રમાણે સ્વામિની પાસે સાંભળીને તે વખતે ઘણા સાધુઓ કેવલજ્ઞાન પામી શ્રી શત્રુંજય ગિરિઉપર મોક્ષ પામ્યા. તે પછી વીરભગવંતે બીજે ઠેકાણે વિહાર કર્યો અને ઘણા ભવ્યજીવોને પ્રતિબોધ કરીને ગૌતમ ગણધરે પણ બીજે ઠેકાણે વિહાર કર્યો.

## શ્રી વીરપ્રભુનો શત્રુંજયમાંઆવવાનોસંબંધ સંપૂર્ણ

# શ્રી નેમિનાથભગવાનનું શ્રી શત્રુંજયઉપર નહિ ચઢવાનું સ્વરૂપ

**એક વખત વિહાર કરતાં શ્રી નેમિનાથ પ્રભુ શ્રી વિમલગિરિની તળેટીની ભૂમિઉપર દેવોસહિત સમવસર્યા ત્યાં ઘણાં ભવ્યપ્રાણીઓને પ્રતિબોધ કરી ગિરિરાજઉપર ચઢ્યા વિના બીજા દેશમાં વિહાર કર્યો.**

*मणिरुप्पकणयपडिमं - जत्थ रिसहचेइयं भरह विहिअं।*
*सदुवीसजिणाययणं - सो विमलगिरी जयउ तित्थं।।११।।*

ગાથાર્થઃ– મણિ – રુપું અને સુવર્ણની પ્રતિમાવાલું ભરતરાજાએ કરાવેલું શ્રી ઋષભદેવપ્રભુનું ચૈત્ય બાવીશ જિનેશ્વરનાં મંદિર સહિત છે. તે વિમલગિરિતીર્થ જય પામો.

વ્યાખ્યા :– જે શત્રુંજય નામના તીર્થઉપર ભરત રાજાએ કરાવેલું દેદીપ્યમાન સુવર્ણમય શ્રી ઋષભદેવપ્રભુનું ચૈત્ય છે. તેની ચારે તરફ બાવીશ જિનેશ્વરોની સુવર્ણમય – દેવકુલિકાઓ છે અને તે મુખ્ય પ્રાસાદમાં શ્રી ઋષભદેવ જિનેશ્વરની પ્રતિમા ને પુંડરીકસ્વામિની પ્રતિમા કરાવી અને બીજા જિનમંદિરોમાં શ્રી નેમિનાથ સિવાયના શ્રી અજિતનાથપ્રભુથી માંડીને શ્રી વીરપ્રભુ સુધીના જિનેશ્વરોની મણિ – રુપુંને સુવર્ણમય પ્રતિમાઓ સ્થાપન કરી છે તે વિમલ ગિરિતીર્થ જયવંતુ વર્તો. ॥ અહીં વિમલવાહન વગેરે કુલકરથી ઋષભજિનેશ્વરનો જન્મ – યુગલિક ધર્મનું નિવારણ – રાજ્ય વગેરેની સ્થાપના – નંદા અને સુમંગલા બે પત્નીનું પાણિગ્રહણ – સો પુત્રો ને બે પુત્રીની ઉત્પત્તિ – ભરતઆદિ સો પુત્રોને રાજ્ય આપવું. દીક્ષા ગ્રહણ કરવી અને કેવલજ્ઞાનની પ્રાપ્તિ સુધીનું સ્વરૂપ શ્રી ઋષભદેવના ચરિત્રમાંથી કહેવું. ॥

અયોધ્યા નગરીની બહારના ઉદ્યાનમાં વિહાર કરતા શ્રી આદિનાથ તીર્થંકર ઘણા કરોડ સાધુઓ અને દેવોવડે સેવાયેલા સમવસર્યા. ત્યાં આગળ શ્રી ઋષભદેવજિનેશ્વરની પાસે ધર્મ સાંભલવા માટે શ્રેષ્ઠ પરિવારવાળા ભરતચક્રવર્તિ

આવ્યા. અહીં ધર્મોપદેશ કહેવાય છે. ॥

**धम्मिड्ढी-भोगिड्ढी - पाविड्ढी इय तिहा भवे इड्ढी।**
**सा धम्मिड्ढी मन्नइ जा दिज्जइ धम्म कज्जेसु ॥३॥**

ધર્મઋધ્ધિ – ભોગઋધ્ધિ અને પાપઋધ્ધિ આ પ્રમાણે ત્રણ પ્રકારે ઋધ્ધિ છે. જે ઋધ્ધિ ધર્મકાર્યમાં વપરાય તે ધર્મઋધ્ધિ કહેવાય છે.

**सा भोगिड्ढी गिज्जइ सरीरभोगम्मि जीइ उवओगो।**
**जा दाणभोगरहिया सा पाविड्ढी अणत्थफला ॥४॥**

જેનો ઉપયોગ શરીરના ભોગવટામાં કરાય ( થાય ) તે ભોગઋધ્ધિ કહેવાય છે. અને જે ઋધ્ધિ દાન અને ભોગથી રહિત છે. તે પાપઋધ્ધિ અનર્થના ફલવાલી છે.

**पाविड्ढी पाविज्जइ फलेण पावस्स पुव्वविहिअस्स।**
**पावेण पाविणा वा इत्थत्थे सुणह दिट्ठंता ॥५॥**

પૂર્વે કરેલાં પાપના ફલવડે – પાપવડે – પાપઋધ્ધિ પમાય છે. અથવા પાપીવડે પાપ ઋધ્ધિ પમાય છે. અહીં આગળ દ્રષ્ટાંત સાંભળો

ચક્રવર્તિએ ધર્મોપદેશ સાંભળીને જિનેશ્વરને કહ્યું કે હે ભગવન ! પૃથ્વીતલમાં ઉત્કૃષ્ટતીર્થ ક્યું છે ? પ્રભુએ કહ્યું કે તમારો પુત્ર પુંડરીક ગણાધિપ જે તુંગગિરિ ઉપર ઘણા સાધુઓ સહિત મુક્તિએ જશે. તે કલ્યાણસુખ મોક્ષસુખ ને આપનારા તુંગનામના પર્વતપર અતીત – અનાગતને વર્તમાન કાલમાં કેટલાક જિનેશ્વરો મોક્ષમાં જશે અને સમોસરશે. અને કેટલાક જ્ઞાની સાધુઓ સમોસરશે. અહીંથી ચોથી ચોવીસીમાં ચંદ્રવેગ નામના જિનેશ્વર ઘણા સાધુઓ સહિત મુક્તિમાં ગયા છે.

## શ્રી ચંદ્રવેગ જિનેશ્વરનો શ્રી શત્રુંજયપર પધાર્યા તે સંબંધ

કલ્યાણ નામના નગરમાં ચંદ્રરાજાને પદ્મા નામની પ્રિયા હતી. અને સુંદર ગુણરૂપી માણિક્યના ઘરસરખો ચંદ્રચૂડ નામે પુત્ર હતો. એક વખત રાજાએ ધર્મઘોષ સૂરીશ્વરને પૂછ્યું કે હે ભગવંત ! પૃથ્વીતલમાં શ્રેષ્ઠ રત્નો ક્યાં છે ? ગુરુએ કહ્યું કે રત્નો દ્રવ્ય અને ભાવના ભેદથી આલોક અને પરલોકમાં સુખ આપનાર હોવાથી બે પ્રકારે છે. દ્રવ્યરત્નો પૃથ્વીપર પથ્થરમય ઘણાં છે. હે રાજન ! તે ધર્મથી પ્રાપ્ત થાય છે. પરંતુ તે ક્યારે પણ સ્વર્ગ અને મોક્ષના સુખોને આપી શકતાં નથી. પરંતુ જ્ઞાન – દર્શન ને ચારિત્રરત્નો નિરંતર સુખ આપે છે. જે મનુષ્ય હંમેશાં ભક્તિવડે તે જ્ઞાન – દર્શન – ચારિત્રની આરાધના કરે છે. તે મનુષ્ય નિશ્ચે મોક્ષ અને સ્વર્ગના સુખને પામે છે. તેમાં સંશય નથી. તે વખતે રાજા ગુરુપાસે

સમ્યક્ત્વનો સ્વીકાર કરીને જિનેશ્વર ભગવંતે કહેલા જીવદયામયધર્મને કરવા લાગ્યો. એક વખત સુખપૂર્વક સૂતેલી એવી પદ્મા રાત્રિની મધ્યમાં શુભક્ષણે ચૌદ મહાસ્વપ્નોને જોઇને જાગતી થઇ. પછી અનુક્રમે શુભસમયે સુંદર એવા પુત્રને જન્મ આપ્યો. પહેલાં ઇન્દ્રે મેરુપર્વતપર જન્મોત્સવ કર્યો. અને સવારે પિતાએ પુત્રનો મોટો જન્મોત્સવ કર્યો. અને તે પછી સ્વજનો સહિત તેણે પુત્રનું ચંદ્રવેગ એ પ્રમાણે નામ આપ્યું.

અનુક્રમે રાજાએ યૌવન પામેલા ચંદ્રવેગને રાજાઓની ઘણી કન્યાઓ ઉત્સવપૂર્વક પરણાવી. ઘણા પુત્રો થયા ત્યારે રાજપુત્ર ચંદ્રવેગ વિનય વગેરે ગુણોથી સુંદર એવો સર્વઠેકાણે પ્રસિધ્ધ થયો. તે પછી પિતાએ ચંદ્રવેગપુત્રને રાજ્ય આપ્યું. અને સર્વભાઇઓને ચંદ્રવેગ માન્ય થયો. ચંદ્રવેગ રાજાએ સર્વભાઇઓને જુદા જુદા દેશ આપીને સન્માન આપી ખુશ કર્યા.

પાંચમા દેવલોકમાંથી સારસ્વત એવા લોકાન્તિકદેવોએ આવીને હે પ્રભુ ! ધર્મતીર્થ પ્રવર્તાવો એ પ્રમાણે પ્રગટપણે કહ્યું વિનંતિ કરી. તે પછી ચંદ્રવેગજિનેશ્વરે મોટાપુત્રને રાજ્ય આપી પૃથ્વીને દેવારહિત કરવા માટે એક વર્ષસુધી શ્રેષ્ઠ – વર્ષીદાન આપ્યું. દીક્ષા લઇ તેમણે ઘણાં કર્મોનો ક્ષય કરી લોકાલોકને પ્રકાશકરનાર એવા અંતિમ કેવલજ્ઞાનને પામ્યા. ઘણાં પ્રાણીઓને ગામે ગામે – નગરે નગરે પ્રતિબોધ કરતાં પદ્મપુત્ર શ્રી ચંદ્રવેગતીર્થંકર શ્રી શત્રુંજયગિરિ ઉપર સમવસર્યા. તે વખતે ઘણાં ભવ્ય પ્રાણીઓની આગળ શ્રી તીર્થંકરે મધુર વાણીવડે ઉપદેશ આપ્યો. જયાં સુધી ગુરુના મુખેથી "શત્રુંજય" એ પ્રમાણે નામ સાંભળવામાં આવતું નથી ત્યાં સુધી જ આલોકમાં હત્યા વગેરે પાપો ચારે તરફ ગર્જના કરે છે. પુંડરીકગિરિની યાત્રા માટે જનારાં એવાં પ્રાણીઓના કરોડો ભવમાં એકઠાં કરાયેલાં પાપો પગલે પગલે ક્ષય પામે છે. આ પ્રમાણે તીર્થનું માહાત્મ્ય સાંભળીને ઘણાં પ્રાણીઓએ તીર્થંકરની પાસે સંસારથી તારનારની દીક્ષા ગ્રહણ કરી. તે વખતે ત્યાં પ્રજાપાલ રાજાએ જિનેશ્વરનો કૈલાસપર્વતસરખો પ્રાસાદ કરાવ્યો. બે કરોડ સાધુઓ સહિત શ્રી ચંદ્રવેગ જિનેશ્વર સર્વકર્મના સમૂહનો ક્ષય થવાથી શ્રી શત્રુંજયગિરિઉપર મોક્ષ પામ્યા. શ્રી શત્રુંજયગિરિની પૃથ્વીનો સ્પર્શકરવાથી પુણ્યના ઉદયવાલા ભવ્યજીવો પુણ્યપાલ રાજાની જેમ મોક્ષને પામે છે.

**શ્રી ચંદ્રવેગ જિનેશ્વરનો શ્રી શત્રુંજયપર પધાર્યા તે સંબંધ.**

## પુણ્ય પાલ રાજાની કથા.

તેનું કથાનક આ પ્રમાણે છે :–

પુણ્યપુરી નામે નગરીમાં હંમેશાં પુણ્યને કરનાર – ન્યાયમાર્ગનું પ્રવર્તન કરનાર – પુણ્યપાલરાજા પૃથ્વીપીઠનું પાલન કરતો હતો. શીલઆદિગુણોથી શોભતી કમલા નામે પત્ની હતી અને પદ્મરથ નામે પુત્ર હતો તે કામદેવ સરખો હતો. એક વખત મંત્રી ને સામંતો સહિત સભામાં બેઠેલો રાજા સ્વદેશ – પરદેશ આદિની વાત પૂછતો હતો. તે વખતે એક નટ એવો પરદેશી મનુષ્ય ત્યાં આવ્યો. રાજાને પ્રણામ કરીને રાજાના મુખને જોતો આગળ ઊભો રહ્યો. રાજાએ

પૂછ્યું કે તમે ક્યા સ્થાનમાંથી અને ક્યા દેશમાંથી આવ્યા છો ? આવવાનું પ્રયોજન શું ? અને ત્યાં કંઇક નવું જોયું છે ? અને શું નવું સાંભળ્યું છે ? તે કહો..

પરદેશીએ કહ્યું કે હું પૃથ્વીઉપર ભ્રમણ કરતા જુદા જુદા ઉદ્યાનોથી શોભતા એવા કુંદપુરની નજીક આવ્યો. ત્યાં નીતિવાલો પ્રજાપાલ નામે રાજા હતો. તેને શ્રીમતી નામની પત્ની હતી. અને સાત પુત્રો હતા.ઘણી યાચનાઓવડે સાત પુત્રો ઉપર એક રૂપથી દેવાંગનાઓને જીતનારી નંદા નામે પુત્રી થઇ. શરુઆતમાં પુત્રો શ્રેષ્ઠ એવી ધર્મકલા ને કર્મકલાને શીખ્યા. પછી પિતાએ પણ રાજપુત્રીઓ પરણાવી. પંડિતોની પાસે નિરંતર ભણતી નંદા સરસ્વતીની જેમ શ્રેષ્ઠ વિદ્યારૂપી સમુદ્રનો પાર પામનારી થઇ. કહ્યું છે કે :- પાણીમાં તેલ – લુચ્ચાને વિષે ગુપ્તવાત – પાત્રને વિષે થોડું પણ દાન – ચતુરને વિશે શાસ્ત્ર – પોતાની જાતે વસ્તુની શક્તિથી વિસ્તાર પામે છે. તુષ્ટ થયેલા કોઇક વિદ્યાધરે પુણ્યપાલ રાજાને અગ્નિ ઉત્પન્ન કરનારી વિદ્યા આપી. ધર્મથી શું શું થતું નથી ? કહ્યું છે કે ધર્મ એ ધન ઇચ્છનારાઓને ધન આપનારો છે. કામને ઇચ્છનારાઓને કામ આપનારો અને અનુક્રમે તે ધર્મ પરંપરાએ મોક્ષને સાધનારો છે.

એક વખત રાજા વિચારવા લાગ્યા કે મારી આ પુત્રી સર્વશ્રેષ્ઠ વિદ્યાઓની જાણકાર – વિનયી અને મનોહર છે. ઉદારતા સત્વ – ધીરજ આદિ મનોહર ગુણોથી યુક્ત એવો રાજપુત્ર જો વર થાય તો સારું આ પ્રમાણે વિચારીને રાજા નગરીની બહાર મણિમયપીઠ કરાવીને સવારમાં ત્યાં પુત્રીને બેસાડે છે. રાજા કહેછે કે અહીં જે સાત્વિક મનુષ્ય રાજા હોય તે મારી પુત્રીના હાથેથી વરમાલાને ગ્રહણ કરે. તેથી હું તેને સો ગામ સહિત પુત્રી આપીશ અને શ્રેષ્ઠ આઠ હાથીઓ આપીશ અને એક હજાર ઘોડાઓ આપીશ. જે રાજા – રાજપુત્ર અથવા ચતુર મનુષ્ય હોય તે આ કન્યા અને પુષ્પમાળાને લેવા આવે. તે વખતે કન્યાની ચારે બાજુ ખાઇની પેઠે યમરાજની જીભ સરખી ઘણી અગ્નિ-જવાળાઓ થાય છે. તેથી કરીને ભય પામતો કોઇ પણ મનુષ્ય કન્યાના હાથમાં રહેલી પુષ્પમાલાને લેવા માટે આવતો નથી. તેથી તે કન્યા કુમારિકા છે.

આ પ્રમાણે સાંભળીને પુણ્યપાલ રાજા શ્રેષ્ઠપરિવાર સહિત.તે કન્યાને વરવા માટે સારા દિવસે કુંડપુરમાં ગયો. કન્યાને માટે અનેક રાજાઓ ભેગા થયા હતા ત્યારે તે પુણ્યપાલ રાજા સાહસનું અવલંબન કરીને એકદમ કન્યા પાસે ગયો. ત્યારે અકસ્માત મોટી પણ અગ્નિજવાલા પુણ્યપાલરાજાના હાથના સ્પર્શથી એકદમ શાંત થઇ. તે વખતે પ્રજાપાલ રાજાએ પોતાની પુત્રી નંદા પુણ્યપાલ રાજાને શ્રેષ્ઠ ઉત્સવપૂર્વક આપી. વિવિધ પ્રકારના આભરણ અને વસ્ત્ર વગેરેથી શોભતી શ્રેષ્ઠરૂપને ધારણ કરતી રાજપુત્રી ત્યારે દેવકુમારીની જેમ શોભે છે.

**स्नानं कर्णवतंसिका च कबरी, पुष्पान्विता साञ्जनं।**
**नेत्रं गात्रविभूषणं सुतिलकं, ताम्बूलमेवालकम्।**
**वासस्चन्दनलेप कञ्चुकमथो, लीलासरोजं लसद्**
**दन्ताभा नखशुक्त्यलक्तरचना, श्रृङ्गारकाः षोडश।।६२।।**

સ્નાન – કાનના આભૂષણ – ફૂલથી યુક્ત વેણી – અંજન સહિત નેત્ર – ગાત્રનાં આભૂષણ – ઉત્તમ તિલક

– તાંબૂલ – વાળ – વસ્ત્ર – ચંદનનો લેપ – કંચુક – ક્રીડા માટેનું કમલ – દેદીપ્યમાન દાંતની કાંતિ – નખરૂપી છીપમાં અલતાની રચના આ સોલ શૃંગારો છે.

પ્રજાપાલ રાજાની નંદાનામની પુત્રીને સારા ઉત્સવપૂર્વક પરણીને પ્રાપ્ત કર્યા છે સો ગામ જેણે એવો પુણ્યપાલ રાજા પોતાના નગરમાં ગયો. તે પછી દશ વર્ષે નંદાએ શ્રેષ્ઠ પુત્રને જન્મ આપ્યો. પિતાએ સુંદર ઉત્સવપૂર્વક પુત્રનું નામ રામ આપ્યું. જ્યારે પુત્ર રામ આઠ વર્ષનો થયો ત્યારે દુષ્ટકર્મના યોગે તેના શરીરમાં નિંદવા લાયક એવો કોઢ રોગ થયો. અનેક ઉપચારો કરવા છતાં પણ પુત્રના દેહમાં ગુણ ના થયો ત્યારે રાજા દુઃખી થયો.

આ બાજુ તે નગરમાં પુણ્યધર્મ નામે ઉત્તમશ્રાવક દરેકગામમાં જિનેશ્વરોને વંદન કરતો આવ્યો. દેવમંદિરોમાં અરિહંતોની પૂજા કરીને તે શ્રાવક અનુક્રમે રાજાના ઘરે તે દેવોનાદેવ જિનેશ્વરને પૂજવા માટે ગયો. શ્રાવકે જિનેશ્વરની પૂજા કરીને રાજાને આ પ્રમાણે પૂછ્યું કે હે રાજન ! હમણાં તમારું મુખ કેમ શ્યામ દેખાય છે ? રાજાએ કહ્યું કે મારા પુત્રને તીવ્ર એવો કોઢ રોગ થયો છે. ઘણાં ઔષધો કરવા છતાં પણ તે રોગ જતો નથી. તેથી મને દુઃખ છે. કહ્યું છે કે : – ઘી વગરનું અલ્પભોજન, પ્રિય સાથેનો વિયોગ, અપ્રિય સાથે સંયોગ આ સર્વ પાપની ચેષ્ટા છે.

હે રાજન ! શ્રેષ્ઠ એવા સોરઠ દેશમાં શ્રી શત્રુંજયગિરિની પાસે શ્રેષ્ઠ શત્રુંજ્યા નદી છે. તે નદીના પાણીવડે શ્રી ઋષભદેવનું સ્નાત્ર કરીને પોતાના અંગને સ્નાન કરાવવું તો તે પુરુષ દિવ્યશરીરવાલો થાય. એ પ્રમાણે સાંભળી રાજા સંઘલોક સહિત પુત્રને લઇ જઇને શ્રી શત્રુંજયનીયાત્રા કરવા માટે જલ્દી નીકળ્યો શત્રુંજ્યા નદીનું પાણી લઈને રાજાએ પ્રભુનું સ્નાત્ર કરીને ભાવથી તે પાણીવડે પુત્રના અંગનો અભિષેક કર્યો. તે વખતે રાજાના પુત્રના શરીરમાંથી જલ્દી કોઢ રોગ ચાલી ગયો. તેથી રાજાએ હર્ષથી વિશેષ પ્રકારે જિનભક્તિ કરી.

રાજાએ શત્રુંજ્યા નદીના કિનારે વિશાલ જિનમંદિર કરાવીને હર્ષથી શ્રી આદિનાથ પ્રભુનું બિંબ સ્થાપન કર્યું. કૈલાસપર્વતને અનુકરણ કરનાર એક જિનમંદિર કરાવીને રાજાએ તે વખતે શ્રી શાંતિનાથપ્રભુની પ્રતિમા સ્થાપન કરી. પુણ્યપાલે સારા ઉત્સવપૂર્વક પોતાના પુત્રને રાજય આપી સયંમ ગ્રહણ કરી મુક્તિસુખને આપનારું તીવ્રતપ કર્યું. હંમેશાં તપને કરતા પુણ્યપાલમુનિ ધ્યાનથી હર્ષિતમનવાલા મેરુપર્વતનીપેઠે જરા પણ ચલાયમાન ન થયા. કહ્યું છે કે :– સંસારમાં રહેલા પણ સત્પુરુષો પોતાની સ્થિતિ – મર્યાદાને છોડતા નથી.

સમુદ્રમાં પણ મહીરાવણ = શૃંગી મત્સ્યનો પ્રવાહ મીઠો જ હોય છે (લવણ જલધિમાંહે મીઠું જલ, પીવે શૃંગી મત્સ્યજી – વીરજિણંદ જગત ઉપકારી.) તપમાં તત્પર એવા પુણ્યપાલ મુનિ અનુક્રમે ઘણા સાધુઓ સાથે શ્રી શત્રુંજયમાં જઇને પુણ્ય અને પાપના ક્ષયે મોક્ષમાં ગયા.

**આ પ્રમાણે પુણ્યપાલ રાજાની કથા સંપૂર્ણ.**

# મહાબાહુ રાજા અને ત્રિવિક્રમ રાજર્ષિના મુક્તિગમનનો સંબંધ

અહીંથી ગઇ ચોવીશીમાં કમલપુર નગરમાં સુમતિ નામના વણિકને પદ્મા નામે શ્રેષ્ઠ પત્ની થઇ હતી. તેને પદ્મ નામનો શ્રેષ્ઠરૂપવાલો પુત્ર થયો. તે પંડિતની પાસે અનેક શાસ્ત્રોને તેવી રીતે ભણ્યો કે તેથી તે ગુરુ સરખો થયો. વ્યાપારમાં તત્પર એવા તે સુમતિશેઠની લક્ષ્મી કૃષ્ણપક્ષના ચંદ્રના કિરણોની જેમ અનુક્રમે તૂટવા લાગી. લક્ષ્મીના અભાવથી સુમતિ વણિક કોઇ ઠેકાણે સન્માન પામતો નથી. તેથી તે પોતે મનમાં અત્યંત દુઃખને ધારણ કરે છે. કહ્યું છે કે : –

**यस्यार्थास्तस्य मित्राणि, यस्यार्थास्तस्य बान्धवा।**
**यस्यार्थाः स पुमान् लोके, यस्यार्थाः सच पूज्यते**
**जीवन्तो मृतकाः पञ्च, श्रूयन्ते किल भारते।**
**दरिद्रो व्याधितो मूर्खः, प्रवासी नित्यसेवकः ।।६।।**

જેની પાસે ધન હોય તેને મિત્રો છે. જેની પાસે ધન હોય તેને બાંધવો છે. જેની પાસે ધન છે તે લોકમાં પુરુષ છે. જેની પાસે ધન છે તેજ પૂજાય છે. મહાભારતમાં કહ્યું છે કે :– દરિદ્રી – રોગી – મૂર્ખ – પ્રવાસી ને નિત્ય સેવા કરનાર એ પાંચ જીવતા છતાં પણ મરેલા સંભળાય છે. આ લોકમાં પણ ધનવાન પુરુષને શત્રુપણ સ્વજનની જેમ આચરણ કરે છે. અને દરિદ્રીપુરુષોને સ્વજનપણ તેજ ક્ષણે દુર્જનની જેવું આચરણ કરે છે.

તે પછી અનુક્રમે ઘાસ – લાકડાં આદિ લાવીને તેને વેચીને નિરંતર સુમતિ હંમેશાં પોતાનો નિર્વાહ કરતો હતો. કહ્યું છે કે :–

**बुभुक्षितः किं न करोति पापं, क्षीणा नरा निष्करुणा भवन्ति।**
**किं नीचकर्मादिरमावियुक्ताः, कुर्वन्ति लोकाः कुलजा अपीह ।।६।।**

ભૂખ્યો માણસ શું પાપ નથી કરતો ? ક્ષીણ મનુષ્યો કરુણા વગરના થાય છે. લક્ષ્મીવગરના કુલવાન એવા પણ લોકો ખરેખર નીચકર્મ વગેરે શું નથી કરતાં ? તે પછી પદ્મ પરદેશમાં જઇને દશવર્ષે ઘણું ધન ઉપાર્જન કરીને આવ્યો. તે પછી બધા લોકો હંમેશાં હર્ષથી સુમતિનું સન્માન કરે છે કારણ કે લોકો લક્ષ્મીની પૂજા કરે છે. દારિદ્ર ક્યારે પણ પૂજાતું નથી. તે પછી એક દિવસ ઉદ્યાનમાં સુમતિએ ધર્માચાર્ય પાસે જીવદયામૂલધર્મ આદરપૂર્વક સાંભળ્યો.

स्वर्गस्तस्य गृहाङ्गणे सहचरी साम्राज्यलक्ष्मी: शुभा।
सौभाग्यादिगुणावलिर्विलसति स्वैरं वपुर्वेश्मनि।
संसार: सुतर: शिवंकरतलक्रोडे, लुठत्यञ्जसा।
य: श्रध्दाभरभाजनं जिनपते:, पूजां विद्यत्ते जन: ।।१३।।

શ્રધ્ધા સમૂહના પાત્રરૂપ એવો જે માણસ જિનેશ્વરની પૂજા કરે છે. તેના ઘરના આંગણામાં સ્વર્ગ છે. શુભ એવી સામ્રાજ્ય લક્ષ્મી તેની સહચરી થાય છે. ને તેના શરીરરૂપી ઘરમાં ઇચ્છા મુજબ સૌભાગ્ય વગેરે ગુણોની શ્રેણી વિલાસ કરે છે. તેને સંસાર સારીરીતે તરીશકાય એવો થાય છે. અને મોક્ષ તેની હથેળીના મધ્યભાગમાં વેગપૂર્વક આવે છે.

दिवसनिसा घडीमालं, आउं सलिलं जणस्स घित्तूणं;
चंदाइच्च बइल्ला, कालरहटटं भमाडंति।।१४।।

દિવસ અને રાત્રીરૂપી ઘડીમાલાવાળા એવા કાલરૂપી રેંટને લોકના આયુષ્યરૂપીપાણીને ગ્રહણ કરીને ચંદ્ર અને સૂર્યરૂપી બળદો ભમાવે છે. ફેરવે છે.

कम्मह वरेइ रुडपडउ-धम्महमंदी देह,
आतम सरिसी चोरडी - तइं किमुं साख्या एह।।१५।।

કર્મ જ શ્રેષ્ઠ ( બલવાન ) છે. રૂડો એવો દેહ ધર્મમાં મંદ થાય છે. દેહ આત્માને ચોર સરખો છે. તો તેની સાથે મિત્રતા કઇ રીતની ?

जीव कडेवर इम भणइ, भइं हुतइं करि धम्मु।
हुं माटी तुं रयणमय, हारि म माणुस जम्मु।।१६।।

જીવનું કલેવર એમ કહે છે કે હું હોઉ ત્યાં સુધી તું ધર્મ કરીલે. હું માટી સરખો છું. તું રત્નમય છે. માટે તું મનુષ્ય જન્મને ન હાર.

हिअडा सकुडिमरिअ जिम मन पसरंत निवारि
जेतूं पहुचइ पुंगरण, तत्तिअ पाय पसारि।।१७।।

હે હૃદય ! જેમ મનનો પ્રસાર અટકે તેમ તું પોતાના આત્મભાવમાં રહી મરણ પામ. જ્યાં સુધી પથારી પહોંચે ત્યાં સુધી પગ લાંબા કરવા.

જે મનુષ્ય સિધ્ધગિરિ ઉપરની ભૂમિનો સ્પર્શ કરે છે. તે નિશ્ચે સ્વર્ગ અને મોક્ષના સુખની પરંપરાને પામે છે. આ પ્રમાણે સાંભળી સુમતિશેઠે તુંગગિરિ ઉપર જઇને પહેલાં જિનેશ્વરોને નમસ્કાર કર્યા પછી આદરપૂર્વક પૂજા કરી. ત્યાં ચિત્તમાં ભાવપૂર્વક જિનેશ્વરોનું સ્મરણ કરતાં તેને ઘાતિકર્મનો ક્ષયથવાથી લોકાલોકના સ્વરૂપને જાણનાર કેવલજ્ઞાન થયું. કેવલજ્ઞાની એવા તે સુમતિએ તેવી રીતે ધર્મનો ઉપદેશ કર્યો કે જેથી તુંગગિરિ ઉપર ઘણાં ભવ્યજીવો મોક્ષમાં ગયાં. આ પ્રમાણે સાંભળી ભરતચક્રવર્તિએ પ્રભુની આગળ કહ્યું કે તે તીર્થમાં જ્યાં સુધી હું જિનેશ્વરોને નમસ્કાર નહિ કરું ત્યાં સુધી હે જિનેશ્વર ! મારે બે વખતજ ભોજન કરવું અને હંમેશાં દિવસમાં એક જ વિગઇ ગ્રહણ કરવી.

એક વખત ભરતમહારાજા અયોધ્યાથી સારા દિવસે ઘણા વૈભવસહિત દેશોને સાધવા માટે ચાલ્યા. ઘણા સૈન્યવાલા ભરતને આવેલા સાંભળીને રમાપુરમાં સહસ્રમલ્લરાજા યુધ્ધ કરવામાટે સામે આવ્યો. ભરતની સાથે એક મહિના સુધી ઘણું યુધ્ધ કરતાં તે ભાગી ગયો. અને રાજાપાસે આવીને દંડ આપીને સેવા કરવા લાગ્યો. તે પછી માગધઆદિ સર્વશત્રુઓને જીતીને ભરતરાજા વૈતાઢ્યપર્વતની ગુફાનીપાસે સર્વસૈન્ય સાથે ગયો. ભરતરાજાના આદેશથી સેનાપતિ સૈન્ય સહિત ચાલ્યો. અને રાજા વૈતાઢ્ય પર્વતની ગુફાપાસે પહોંચ્યો. અને તેના અધિષ્ઠાયક દેવને ઉદ્દેશીને તે વખતે પૌષધસહિત અઠ્ઠમ તપ કર્યો. ઘોડાપર ચઢેલા તેણે ગુફાને વજ્રદંડના ઘાતથી તાડન કર્યું. બારયોજનાવાલી ગુફાને ઊઘડેલી જાણીને પછી ઘોડાપર ચઢેલો પવનવેગે ગયો. ગુફાની જ્વાલાને ગયેલી જાણીને પછી ભરતરાજાએ દીપસરખા સૂર્યના તેજવડે ગુફામાં પ્રવેશ કર્યો. વેગથી ઉન્મગ્ના ને નિમગ્ના નદીને ઊતરીને ભરતમહારાજા વૈતાઢ્યથી આગળ ગયો.

સૈન્યસહિત આવેલા રાજા ને જાણી ત્યાં રહેલા મ્લેચ્છો રોષવડે યુધ્ધકરવા માટે યમનીજેમ દૃઢપરાક્રમવાલા આવ્યા. વારંવાર ઘણું યુધ્ધ કરીને ભાગી ગયેલા મ્લેચ્છો અત્યંત દુર્ગમ એવા કિલ્લામાં જઇને જલ્દી રોગ કરનારી વિદ્યાને સાધી. યુધ્ધ કરવાને અસમર્થ એવા ઇર્ષ્યાને ધારણ કરનારા મ્લેચ્છો ભરતરાજાનાં સૈન્યમા રોગ ઉત્પન્ન કરવા લાગ્યા. ચક્રવર્તિ તે વખતે રોગથી પીડિત એવા સૈન્યને જાણીને મંત્ર – તંત્ર આદિવડે ઘણા ઉપાયો કરવા લાગ્યા. સુબુધ્ધિમંત્રીએ ભરતરાજાને નમસ્કાર કરીને જણાવ્યું કે આપણા સૈન્યમાં રોગ થયો છે.તે ઔષધિવડે હણવો અશક્ય છે. આપણા સૈન્યમાં આ ત્રિદોષથી ઉત્પન્ન થયેલો રોગ નથી, પરંતુ બીજાઓવડે અભિચાર આદિ મંત્રતંત્ર વગેરે દોષથી ઉત્પન્ન કરાયેલો આગંતુક રોગ છે. આ પ્રમાણે મંત્રીશ્વર કહેતા હતા ત્યારે નિર્મલકાંતિવાલા બે વિદ્યાધરોએ આકાશમાંથી આવીને રાજાને આદરથી નમસ્કાર કર્યો. રાજાએ કહ્યું કે હે વિદ્યાધરો ! તમે બન્ને ક્યા સ્થાનમાંથી શા માટે અહીં આવ્યા છો ? ત્યારે તે બન્ને એ કહ્યું કે હે રાજન ! અમે બન્ને વિદ્યાધરો છીએ. અમે વાયુવેગ અને મનોવેગ નામના વિદ્યાધર આકાશમાર્ગે તમારા પિતા શ્રી ઋષભદેવપ્રભુને વંદન કરવા માટે ગયા હતા. ત્યાં શ્રી ઋષભદેવપ્રભુએ શ્રી શત્રુંજયતીર્થનું માહાત્મ્ય કહેતાં અદ્‌ભુત એવા રાયણવૃક્ષનો મહિમા સંભળાવ્યો.

**शत्रुञ्जये गिरौ राजा - दनीवृक्षोऽस्ति योऽधुना।**
**स एव शाश्वतोऽनेक-देवदानवसेवितः ।।४३।।**

હમણાં શત્રુંજયગિરિઉપર જે રાયણવૃક્ષ છે તે શાશ્વત છે. અને અનેક દેવદાનવોવડે સેવાય છે.

**वैताल-शाकिनी-भूत-दुष्टदेवादिदोषहृत्**
**तत्प्रभावो युगादीशा-दावाभ्यां बहुशः श्रुतः ।।४४।।**

વૈતાલ – શાકિની – ભૂત અને દુષ્ટ દેવ આદિ દોષને હરણ કરનારો રાયણવૃક્ષનો પ્રભાવ શ્રી ઋષભદેવપ્રભુ પાસેથી અમે બંનેએ ઘણા પ્રકારે સાંભળ્યો છે.

**तत्स्तम्बमृत्तिका शाखा - पत्राद्यं विद्यते ऽत्र च।**
**तच्चूर्णसेवनात् सर्वे - भवन्ति नीरूजो जनाः ।।४५।।**

તેની શીગ – માટી – શાખા – અને પાંદડાં વગેરે જે અહીં છે તેના ચૂર્ણના સેવનથી સર્વેલોકો નીરોગી થાય છે. ચક્રવર્તિવડે કહેવાયેલા તે બન્ને વિદ્યાધરોએ રાયણવૃક્ષની માટી અને પાંદડાંના યોગથી સૈન્યને નીરોગી કર્યું. રાયણના પાંદડાં અને પાણીના યોગથી પોતાના સૈન્યને નીરોગી જાણીને ચક્રવર્તિએ કહ્યું કે – આ શત્રુંજયગિરિ શ્રેષ્ઠ છે. જ્યાં રાયણવૃક્ષનાં પત્ર અને પુષ્પ આદિ મનુષ્યોના રોગને દૂર કરનારાં છે. તે વૃક્ષની નીચે અસંખ્ય મનુષ્યો મોક્ષમાં ગયા છે. હું દિગ્વિજયના છેડે – અંતે – ઘણા સંઘસહિત સદ્ગતિ માટે શ્રી શત્રુંજયઉપર યાત્રા કરીશ. જ્યારે હું શત્રુંજયગિરિઉપર યાત્રા કરીશ ત્યારે મારે બીજી વખતનું ભોજન જમવું અન્યથા નહિ. ભરતરાજાએ પૃથ્વીને સાધતા પ્રભાસ નામના તીર્થમાં દિવ્યબાણવાલા પ્રભાસપતિને ક્ષણવારમાં વશ કર્યો

પ્રભાસપતિએ ભરતમહારાજાને ચૂડામણિ – વક્ષમણિ – મનોહરહાર – કડાં ને કંદોરો આપ્યાં. અને તેના હાથમાં સુવર્ણકુંભમાં રહેલું પાણી જોઈને રાજાએ કહ્યું કે હે પ્રભાસપતિ ! તમે આ જીવની જેમ છુપાવેલું (રક્ષેલું) શું છે ? ત્યારે પ્રભાસપતિએ કહ્યું કે – શ્રેષ્ઠ એવા સોરઠદેશમાં મોક્ષનાસુખને આપનાર શ્રી શત્રુંજયનામે તીર્થ છે.

**अनन्तमहिमापूर्ण-मनन्त सुकृताऽऽस्पदम्।**
**नानारत्नौषधिकुण्ड-रसकूपीमहर्धिमत्।।५५।।**
**वीक्षणात्-कीर्त्तनात्-स्पर्शा-च्छ्रवणादपि पापहृत्।**
**स्वर्गापवर्गसातानि-दत्ते यत् प्राणिनां क्षणात्।।५६।।**

અનંત મહિમાથી પૂર્ણ – અનંત પુણ્યના ઘરરૂપ – વિવિધ પ્રકારનાં રત્ન – ઔષધિ – કુંડ અને રસકૂપિકા વગેરેની મોટી ઋધ્ધિને ધારણ કરનારું આ તીર્થ છે. જે તીર્થ જોવાથી – કીર્તન કરવાથી – સ્પર્શ કરવાથી અને સાંભળવાથી પણ પાપને હરણ કરનારું છે. અને જે ( તીર્થ ) પ્રાણીઓને ક્ષણવારમાં સ્વર્ગ અને મોક્ષના સુખને આપે છે. કહ્યું છે કે :– તીર્થરૂપ નગર – બગીચા – પર્વત અને દેશઆદિ ભૂમિમાં ત્રણલોકને પવિત્ર કરનાર શ્રી શત્રુંજય સમાન તીર્થ નથી. અન્ય તીર્થોમાં સેંકડો યાત્રા કરવાવડે મનુષ્યોને જે પુણ્ય થાય છે, તે પુણ્ય શત્રુંજય મહાગિરિમાં એક યાત્રાવડે થાય છે. તે તીર્થની પાસે શત્રુંજયા નામે નદી છે. તે ઉત્તમ પવિત્ર પાણીથી ભરેલી છે અને અરિહંતનાં ચૈત્યથી વિભૂષિત છે. અને વિશેષે કરીને તીર્થના સંગમથી આ શત્રુંજયા નદી પવિત્ર છે– અને તે ગંગા – સિંધુ – નદીના દિવ્યજલ કરતાં પણ અધિકફલ આપનારી છે.

જે પૂર્વના સુકૃતપુણ્યની એક ભૂમિરૂપ – જુદા જુદા દ્રહોના પ્રભાવથી યુક્ત – ઘણાં આશ્ચર્યને કરનારી પૂર્વદિશામાં વહેતી ગંગા નદી છે. તે ગંગાની જેમ પવિત્ર પાણીથી ભરેલી શત્રુંજયા નદી શત્રુંજયગિરિ સાથે જોડાયેલી પાપોને ધોઇ નાંખે છે. કદંબગિરિ અને પુંડરીકગિરિના શિખરની વચ્ચે તે નદીમાં ઘણા પ્રભાવથી યુક્ત કમલ નામે દ્રહ છે. તે દ્રહની માટી લઈને – તે દ્રહનાં પાણીવડે પિંડ કરીને આંખમાં બાંધીને અંધપણા આદિ દોષોવાલા રોગોને ( લોકો) હણે છે. તે દ્રહનું પાણી કાંતિ – કીર્તિ અને બુધ્ધિને આપનારું છે. તેમજ શાકિની – ભૂત – વેતાલ – વાતપિત્ત આદિ દોષોને હરણ કરનારું છે.

જેમ સૂર્યના ઉદયથી અંધકારનો સમૂહ દૂર થાય છે. તેમ તેના પાણીનો સ્પર્શ કરવાથી તે તે ઘણા ઉપસર્ગો દૂર થાય છે. દરેક વર્ષે હું પુંડરીકગિરિતીર્થને નમસ્કાર કરવા માટે જાઉં છું અને દ્રહમાંથી અરિહંત પ્રભુના સ્નાત્રમાટે શ્રેષ્ઠ પાણી લાવું છું. સમસ્ત વિઘ્નના નાશમાટે મેં આ પાણી રાખ્યું છે. પરંતુ સ્વામી એવા તમને પ્રીતિ કરનારું તે પાણી મારે આપવાનું છે. હે પ્રભુ ! શત્રુંજયનદીમાં ઉત્પન્ન થયેલું આ પાણી મેં તમને ભેટ કર્યું છે. દિગ્વિજય કરતાં એવા તમને તે સર્વ વિઘ્નને હરણ કરનાર થશે. પ્રભાસપતિએ કરેલા દેદીપ્યમાન વિમાનઉપર ચઢી ભરતરાજા શ્રી સિધ્ધગિરિ ઉપર જઇ આદરપૂર્વક તીર્થને નમસ્કાર કરતા હતા. શત્રુંજયાનદીમાં સ્નાન કરીને, ઉત્તમ તીર્થનો સ્પર્શ કરીને શ્રી શત્રુંજયનું સ્મરણ કરતો રાજા પોતે પોતાના સૈન્યમાં આવ્યો.

હે મિત્ર ! તીર્થનો પ્રભાવ બતાવવાથી તું મારો સાધર્મિક છે. ભરત મહારાજાએ તેનું સન્માન કરી તેને અનેક દેશો આપ્યાં.

## શ્રી શત્રુંજયા નદી અને તેનાં દ્રહના પ્રભાવનું વર્ણન

ભરત મહારાજાએ સમસ્ત દેશોને સાધીને રાજાઓ પાસે ચક્રવર્તિપણાનો અભિષેક કરાવ્યો. એક વખત ભરત મહારાજા જ્યારે સભામાં બેઠા હતા ત્યારે એક મનુષ્યે આવીને આદરપૂર્વક આ પ્રમાણે કહ્યું હે સ્વામિ ! તમારા પુત્ર પુંડરીક આ તુંગ પર્વતપર પ્રથમ તીર્થંકરના પ્રથમ ગણધર પાંચ ક્રોડ સાધુઓ સાથે સર્વકર્મનો ક્ષયકરી ચૈત્ર માસની પૂર્ણિમાની રાત્રિમાં મુક્તિપુરીમાં ગયા છે. તે વખતે ચક્રવર્તિએ આ સાંભળી તેને ઘણું દાન આપી પોતાના ચિત્તમાં વારંવાર આ પ્રમાણે વિચારવા લાગ્યા. સમસ્ત ક્લેશના સમૂહમાંથી નીકળેલા આ પુણ્યશાલી પુંડરીક ગણધર મુક્તિપુરીમાં ગયા. મોહપાશવડે બંધાયેલો હું પગલે પગલે રાગવગેરે શત્રુઓથી ક્લેશ પામેલો દુઃખને સહન કરું છું હું શું કરું ?

તે પછી ચક્રવર્તિએ તુંગગિરિઉપર શ્રી ઋષભદેવ પ્રભુનો વિશાલ સુવર્ણમય પ્રાસાદ ઘણા ભાવથી કરાવ્યો. અને ત્યાં ઋષભદેવપ્રભુ અને પુંડરીક સ્વામીના રત્નમય બિંબ – ભરતચક્રવર્તિએ શુભ લગ્નમાં સ્થાપન કર્યાં. દેવોવડે પૂજાયેલા – નેમિનાથ સિવાયના બીજા બાવીશ જિનેશ્વરો અનુક્રમે પૃથ્વીને પવિત્રકરતાં શત્રુંજયગિરિઉપર આવશે. આ પ્રમાણે સાંભળીને ચક્રવર્તિએ તે જિનેશ્વરોનાં સુવર્ણ ને રુપામય બાવીશ જિનાલયો ઘણી લક્ષ્મીનો વ્યય કરવાથી બનાવ્યાં.

તે દેવમંદિરોમાં શ્રી નેમિનાથપ્રભુને છોડીને મણિ ને સુવર્ણમય બાવીશ જિનેશ્વરોની હર્ષવડે સ્થાપના કરી. તે જિનેશ્વરોનાં બિંબોની ચંદ્રગચ્છના અધિપતિપાસે ઘણા સંઘ સહિત પ્રતિષ્ઠા કરાવી. શ્રી ઋષભદેવપ્રભુપાસે શ્રી સિધ્ધગિરિનું માહાત્મ્ય સાંભળીને સંઘાધિપતિપદની ઇચ્છા કરતાં તેણે બેહાથ જોડી આ પ્રમાણે કહ્યું. હે સ્વામી ! મને સંઘપતિપદ (લોકો પાસેથી ) કેવી રીતે પ્રાપ્ત થાય ? સ્વામીએ કહ્યું કે હે ભરતરાજા ! હમણાં સાંભળ . લોકો ભાગ્યવિના સંઘપતિપદ પ્રાપ્ત કરી શકતા નથી. ખરેખર સંઘપતિની પદવી ભાગ્યથી પ્રાપ્ત થાય છે. ઇન્દ્રની પદવી અને ચક્રવર્તિની પદવી વખાણવા લાયક છે., પરંતુ અત્યંત વખાણવા લાયક એવું સંઘપતિનુંપદ પ્રાણીઓ ભાગ્યથી મેળવે છે. શુધ્ધમનવાલો ભવ્યજીવ સંઘપતિ થઈને અત્યંત દુર્લભ એવા તીર્થંકર નામગોત્રને–નામકર્મને ઉપાર્જન કરે છે.

ચતુર્વિધસંઘ સાથે શુભભાવનાવાળો પૃથ્વીઉપર જિનેશ્વરોનાં બિંબોને સુંદર ઉત્સવપૂર્વક આરોપણ ( સ્થાપન) કરીને પાંચપ્રકારે દાનઆપતો દીનજનના સમૂહનો ઉધ્ધાર કરતો દરેક નગરે જિનમંદિરમાં ધજાનું આરોપણ કરતો શ્રી શત્રુંજયાદિ તીર્થોમાં જઇને જે જિનેશ્વરોની પૂજા કરે છે તે નિશ્ચે વેગપૂર્વક મોક્ષના સુખને મેળવે છે. આ પ્રમાણે સ્વામીના મુખેથી સાંભળીને ઉલ્લસિત ચિત્તવાલા ચક્રવર્તિએ કુમ કુમ પત્રિકાઓ મોકલી ઘણા સંઘને બોલાવ્યો. જુદા જુદા

જિનમંદિરોમાં જ્યારે ચક્રવર્તિએ અષ્ટાહ્નિકા મહોત્સવ કર્યો ત્યારે સ્વર્ગમાંથી ઇન્દ્ર ત્યાં આવ્યો. ઇન્દ્રે સુવર્ણના દેવમંદિરમાં રહેલું રત્નબિંબ સ્નેહપૂર્વક ચક્રવર્તિને આપ્યું.

રથમાં રહેલા ચામરોવડે વીઝાંતાં ને છત્રવડે શોભતાં જેની અંદર તીર્થંકરો રહેલાં છે એવાં મણિમય – સુવર્ણમય – અને શ્રેષ્ઠ લાકડાંનાં હજારો દેવાલયો સાથે અને ગુરુસાથે ચક્રવર્તિ શ્રી શત્રુંજયગિરિ તરફ ચાલ્યો.

તે સંઘને વિષે ચાર સંઘપતિ હતા. પૃથ્વીને ધારણ કરનારા ઘણા રાજાઓ અને ધનપતિઓ હતા. સંઘે ભરતરાજાના કપાળમાં ઉત્સવપૂર્વક તિલક કર્યું. તે પછી ઇન્દ્રે બીજા સંઘપતિઓને જુદાં જુદાં તિલકો કર્યાં. દરેક ગામે અને દરેક નગરે શ્રી જિનેશ્વરોની પૂજા કરતો અને મહોત્સવ કરતો ચક્રવર્તિ જેટલામાં સુરાષ્ટ્ર દેશમાં ગયો તેટલામાં ભરતરાજાનો ભત્રીજો નિર્મલ ચિત્તવાલો સુરાષ્ટ્રનો પુત્ર શક્તિસિંહ સામે આવ્યો. શક્તિસિંહ રાજાએ ભરતરાજાનાં બે ચરણોને નમસ્કાર કર્યો તે પછી ચક્રવર્તિએ બે હાથવડે તેને દૃઢ આલિંગન કર્યું. ચક્રવતિએ કહ્યું કે તમે ધન્ય છો – પુણ્યશાલી છો. શ્રેષ્ઠ ચિત્તવાલા છો કારણ કે હંમેશાં તમારી નજરમાં શ્રી શત્રુંજયતીર્થ છે. સૌરાષ્ટ્રદેશના લોકો ખરેખર ધન્ય છે. પુણ્યશાલી છે અને હંમેશાં પુંડરીક ગિરિની નજીક વસે છે. આ તીર્થની સ્પર્શ કરાયેલી એવી ઉત્તમ છાયા પણ હંમેશાં પ્રાણીઓનાં ઘણાં પાપોને હરણ કરે છે. અને સુખની પરંપરા આપે છે.

જેઓ પુંડરીક કમલસરખા ઉજ્જવલ પુંડરીકગિરિને જુએ છે. પુણ્યરૂપી અમૃતથી પવિત્ર થયેલા એવા તેઓ પાપના સમૂહનો ત્યાગ કરે છે, ( છોડી દે છે ) એ પ્રમાણે કહી રાજા પુષ્પોવડે અને લાજાવડે ( ડાંગરવડે ) શ્રી શત્રુંજયગિરિ ને વધાવીને મહોત્સવ કરતો શ્રી શત્રુંજયગિરિઉપર ચઢ્યો. શ્રી શત્રુંજય આદિ તીર્થોમાંથી સુંદર પાણી લાવી શ્રી અરિહંત પ્રભુનું સ્નાત્રકરી ચક્રવર્તિએ હર્ષથી પુષ્પોવડે પૂજા કરી.

માલા પહેરાવવાના અવસરે ઇન્દ્ર મહારાજાએ ભરતમહારાજને કહ્યું કે તમે શ્રી ઋષભદેપ્રભુના પુત્ર છો અને આજ ભવમાં મોક્ષે જનારા છો. આથી શ્રી ઋષભદેવ જિનેશ્વરની ( તીર્થની ) આ માલા મને આપો. તે વખતે અતિ આગ્રહથી ચક્રવર્તિએ ઇન્દ્રને માલા આપી. તે પછી ઇન્દ્રે ભાવપૂર્વક માલા પહેરી ત્યારે મનુષ્યોએ કહ્યું કે ઇન્દ્રે ઇન્દ્રમાલા ધારણ કરી. તે પછી લોકોએ તે માલાને ઇન્દ્રમાલા એવું નામ આપ્યું. ત્યારથી માંડીને આજે પણ તેને ઇન્દ્રમાલા કહેવાય છે.

તે વખતે ચક્રવર્તિએ વિધિપૂર્વક આરતિ અને મંગલદીવો કરી. પૂજા કરી અને દેદીપ્યમાન સ્તવનો વડે ( સ્તુતિઓ વડે ) સ્તુતિ કરી.

જીવાભિગમ સૂત્રમાં પણ કહ્યું છે કે : –

**वरपुप्फगंधअक्खय पईवफलधूवनीरपत्तेहिं।**
**नेविज्जविहाणेहिअ, जिणपूआ अट्ठहा होइ ।।**

શ્રેષ્ઠ – પુષ્પ – ગંધ – અક્ષત – દીપક – ફલ – ધૂપ – નીર અને પત્રવડે અને નૈવેદ્ય કરવાવડે જિનપૂજા આઠ પ્રકારે થાય છે. ગંધોદકવડે સ્નાત્રપૂજા આઠ પ્રકારે છે. મંગલદીવો અને આરતિ વગેરે સર્વ હંમેશાં કરવું જોઇએ. આ પ્રમાણે યાત્રા કરી ચક્રવર્તિ પોતાના નગરમાં આવી. ન્યાયમાર્ગવડે લોકોનું હિત કરતો તે પૃથ્વીનું પાલન કરતો હતો. ફરીથી મોટો સંઘ ભેગો કરી પ્રથમ ચક્રવર્તિ શ્રી શત્રુંજયગિરિઉપર યુગાદિ જિનેશ્વરને નમસ્કાર કરવા માટે ગયો. જ્યારે શ્રેષ્ઠ પાણી પુષ્પ ને ધૂપ કરવાવડે પ્રથમ ચક્રવર્તિએ પ્રથમપ્રભુની હર્ષવડે પૂજા કરી. તે વખતે પહેલા અને બીજા સ્વર્ગના ઇન્દ્રો ચમરેન્દ્ર અને બલીન્દ્ર શ્રી ઋષભદેવ જિનેશ્વરને અને પ્રથમ ચક્રવર્તિને આદરપૂર્વક નમ્યા.

**चमरेन्द्रबलीन्द्राद्या:, सर्वे भवनवासिन: ।**
**सेवन्ते यं सदा तीर्थ-राजं सद्भक्ति भाविता: ।।१२१।।**

વળી ચમરેન્દ્ર અને બલીન્દ્ર વગેરે સર્વે ભવનપતિદેવો ઉત્તમ ભક્તિથી ભાવિત જે તીર્થરાજને હંમેશાં સેવે છે.

**अणपन्नी पणपन्नी, मुख्या: व्यन्तरनायका: ।**
**सेवन्ते यं सदा तीर्थ-रांज सद्भक्ति भाविता: ।।३२२।।**

આણપન્ની પાણપન્ની વગેરે વ્યતંર ઇ ન્દ્રો હંમેશાં જે તીર્થને સદ્દભક્તિથી ભાવિત એવા જે તીર્થને હંમેશાં સેવે છે.

**ज्योतिषां वासवौचन्द्र-सूर्यावन्येऽपि खेचरा: ।**
**सेवन्ते यं सदा तीर्थ-राजं सद्भक्ति भाविता: ।।१२३।।**

ચંદ્ર – સૂર્ય જ્યોતિષીઓના ઇન્દ્રો અને બીજા પણ ખેચરો સદ્દભક્તિથી ભાવિત એવા જે તીર્થને હંમેશાં સેવે છે.

**मनुष्यलोकसंस्थाना, वासुदेवाश्च चक्रिण: ।**
**सेवन्ते यं सदा तीर्थ-राजं सद्भक्ति भाविता: ।।१२४।।**

મનુષ્યલોકમાં રહેનારા વાસુદેવ અને ચક્રવર્તિઓ સદભક્તિથી ભાવિત એવા જે તીર્થને હંમેશાં સેવે છે

**इन्दोपेन्द्रादयोप्येते,सिध्दाविद्याधराधिपा: ।**
**सेवन्ते यं सदा तीर्थ-राजं सद्भक्ति भाविता: ।।१२५।।**

ઇન્દ્ર – ઉપેન્દ્ર વગેરે સિદ્ધો (વિદ્યાસિદ્ધો) વિદ્યાધરના અધિપતિઓ સદભક્તિથી ભાવિત એવા જે તીર્થને હંમેશાં સેવે છે.

**ग्रैवेयकानुत्तरस्था, मनसा त्रिदिवौकस: ।**
**सेवन्ते यं सदा तीर्थ-राजं सद्भक्ति भाविता: ।।१२६।।**

ગ્રૈવેયક અને અનુત્તરમાં રહેલા દેવો સદ્‌ભક્તિથી ભાવિત એવા મનવડે જે તીર્થને હંમેશાં સેવે છે.

**एवं त्रैलोक्य संस्थाना, ह्येतेनरसुरासुरा: ।**
**सेवन्ते यं सदा तीर्थ-राजं सद्भक्ति भाविता: ।।१२७।।**

આ પ્રમાણે ત્રણેય લોકમાં રહેલા મનુષ્યો – દેવો અને અસુરો સદ્‌ભક્તિથી ભાવિત એવા જે તીર્થને હંમેશાં સેવે છે.

જે તીર્થ ઉપર – મોટા –વાવ – કૂવા –તલાવ – દીર્ઘિકા – સરોવર વગેરે પાણીનાં સ્થાનો અને ઉદ્યાનો શોભતાં હતાં. શ્રી સુધર્મ ગણધરના શિષ્ય ચિલ્લણ નામે મુનિ સંઘની સાથે જિનેશ્વરોને નમસ્કાર કરવા માટે જલ્દી ચઢતા હતા. પશ્ચિમ દિશાના માર્ગવડે ઘણા સાધુઓ લોક સાથે અર્ધા માર્ગે ગયા. તે વખતે સંઘ ઘણો તરસ્યો થયો. ઘણા તરસ્યા થયેલા સંઘે તે વખતે ચિલ્લણ મુનિને કહ્યું કે હે મુનીશ્વર ! હમણાં પાણી વિના અમારા પ્રાણો જશે. જો તમારા ચરણના પ્રાસાદવડે જીવન થાય તો અમારાવડે મોક્ષસુખને આપનાર જિનેશ્વર વંદાય. ( જિનેશ્વરને વંદન થાય ) તે વખતે ચિલ્લણમુનિએ લાભ જોઈને ઉત્તમ વિદ્યાથી ઉત્તમયોગથી પાણીથી ભરેલું સરોવર પ્રગટ કર્યું. તે વખતે ત્યાં અત્યંત તરસ્યો થયેલો સંઘ પાણી પીને સ્વસ્થ થયો. અને જિનેશ્વરના શાસનની પ્રશંસા કરવા લાગ્યો. શ્રી સંઘના હિત માટે ચિલ્લણમુનિએ જે સરોવર જલ્દી પ્રગટ કર્યું તે ચિલ્લણ નામે આજે પણ ચારે તરફ લોકમાં પ્રસિધ્ધ થયું છે. ( જેને અત્યારે આપણે ચિલ્લણ–ચંદન તલાવડી કહીએ છીએ તે.) ચિલ્લણમુનિએ તે તીર્થમાં " ઇરિયાવહિયં " પડિક્કમતાં ફરીથી ઘણીવાર પ્રગટપણે પાણીના જીવોને ખમાવ્યા. પોતે કરેલ પાણીની વિકુર્વણા વગેરે પાપની નિંદા કરતાં તે મુનીશ્વરે પૂર્વભવમાં ઉપાર્જન કરેલા સઘળા કર્મપુંજનો નાશ કર્યો. તે વખતે ચિલ્લણમુનિને ક્ષણવારમાં આઠેકર્મનો ક્ષય થવાથી કેવલજ્ઞાન ઉત્પન્ન થયું. અને અનુક્રમે મુક્તિ થઇ.

તે મુનિ જે સ્થલે મોક્ષપામ્યા તેસ્થલે ભરતચક્રવર્તિએ ત્યારે ચિલ્લણ નામનો સુંદર વિહાર હર્ષવડે કરાવ્યો. ક્લશ – થાલ – કળશ છત્ર – ચામર – દીપક – વિભૂષણ – અને આરતિ મંગલદીવો જિનપૂજા માટે તેણે મૂક્યાં.

કહ્યું છેકે :– જેઓ જિનેશ્વરના ઘાસના આવાસને (મંદિરને) પણ પ્રગટપણે કરાવે છે. તેઓ સ્વર્ગમાં અખંડિત વિમાનોને મેળવે છે. કાષ્ઠઆદિનાં જિનમંદિરના જેટલા પરમાણુઓ હોય છે. તેટલા લાખ પલ્યોપમ સુધી તેનો કરનાર સ્વર્ગને ભજનારો થાય છે. તે પછી ઇન્દ્રમાલા નામની શ્રેષ્ઠ પ્રથમમાલાને ચક્રવર્તિએ વિવિધ ઉત્સવપૂર્વક પહેરી.

**तुष्टो यस्यास्त्ययं शैल:, कामधेनु-सुरद्रुमा: ।**
**चिन्तामण्यादयस्तस्य-सर्वे तुष्टा: समन्तत: ।।१४४।।**

જેની ઉપર આ ગિરિરાજ તુષ્ટ થયો છે. તેની ઉપર કામધેનુ–કલ્પવૃક્ષ ને ચિંતામણિ રત્ન વગેરે સર્વે ચારે બાજુથી તુષ્ટ થયાં છે. શ્રી સિધ્ધગિરિના સર્વશિખરઉપર ચક્રવર્તિએ ઘણાં ધનનો વ્યયકરી મોક્ષમાટે સર્વ અરિહંતોના પ્રાસાદો કરાવ્યા.

સંઘ સહિત ગુરુભગવંતની શ્રેષ્ઠ વસ્ત્રવડે પહેરામણી કરીને પ્રથમ ચક્રવર્તિ ભરતરાજા અયોધ્યામાં ગયા. એક વખત શ્રી ઋષભદેવપ્રભુના વિશાલ પ્રાસાદમાં પ્રગટપણે એકસો ને આઠ ઉત્તમમંડપો ચક્રવર્તિએ કરાવ્યા.

# મહાબાહુરાજા અને ત્રિવિક્રમ રાજર્ષિની કથા (ચાલુ)

એક વખત ભરતરાજાએ જ્ઞાનીમુનિપાસે કહ્યું કે આ તીર્થ ઉપર ઘણાં પાપી એવા પણ પ્રાણીઓ જે અહી મોક્ષે ગયાં છે. હે પ્રભુ ! હમણાં મને તેઓના સંબંધ સંભળાવો. તે વખતે જ્ઞાનીએ કહ્યું કે :–

પહેલાં સુંદર શોભાયમાન શ્રાવસ્તિ નગરીમાં ત્રિશંકુરાજાને ત્રિવિક્રમનામે પુત્ર હતો. તેને પિતા વગેરેએ પંડિતપાસે ઘણાં શાસ્ત્રો ભણાવ્યાં ગુરુનીપાસે અરિહંતનો ધર્મ સાંભલીને પુત્રને રાજ્યપર સ્થાપન કરી રાજાએ પાપરૂપી અંધકારને દૂર કરવામાં સૂર્યનીકાંતિસરખા ચારિત્રને અંગીકાર કર્યું. એક વખત ત્રિવિક્રરાજા ઉદ્યાનમાં વૃક્ષનીચે જેટલામાં ઊભા રહયાં તે વખતે ક્યાંકથી આવીને પક્ષીએ તેમના માથાપર વિષ્ટા કરી. તે વખતે રાજાએ પક્ષીને ઉડાડવા છતાં પણ તે ઊડી ન ગયું ત્યારે રાજાએ તેને બાણવડે વીધી નાંખ્યું. તે ચીસ પાડતું તે મરણ પામ્યું. પક્ષીને મરી ગયેલું જોઈને પ્રશ્ચાત્તાપમાં તત્પર એવો રાજા પોતાને ઘરે આવ્યો ને વારંવાર તે પક્ષીને યાદ કરવા લાગ્યો. પીડાવડે મરીને તે વખતે પક્ષી ભીમવનમાં ભિલ્લ થયો. ત્યાં ભિલ્લ ઘણાં જીવોની હિંસા કરવાથી પાપ કરતો હતો. કહ્યું છે કે :– નિર્દયપણાનાયોગથી જે હંમેશાં જીવોને હણે છે. તે સર્વે નારકીમાં ઘણી વેદનાઓ પામે છે.

**हसन्तो हेलयाकर्म - यत्कुर्वन्ति प्रमादिन: ।**
**जन्मान्तरशतैरेते, शोचन्त्यनुभवन्ति च ।।१५७।।**

પ્રમાદી માણસો હસતાં હસતાં રમતમાત્રમાં જે કર્મ કરે છે તે કર્મસેંકડો જન્મવડે શોક કરતાં ભોગવે છે.

આ બાજુ ધર્મરુચિ અણગારની પાસે જઈને તેમને આદરથી નમીને ત્રિવિક્રમરાજાએ જીવદયામય જૈનધર્મને સંભાળ્યો. જીવોની રક્ષા કરનાર જીવ હંમેશાં મોક્ષસંપત્તિને પામે છે. કારણ કે સર્વ જીવોને પોતાનો જીવ ખરેખર પ્રિય હોય છે. કહ્યું છે કે : – પૃથ્વી ઉપર – સોનું – ગાય અને પૃથ્વી વગેરેના આપનારા સુલભ છે. પરંતુ લોકને વિષે પ્રાણીઓમાં અભયદાન દેનારો દુર્લભ છે.

**वृथा दानं वृथा विद्या – वृथा निर्ग्रन्थताऽपि च।**
**अनिन्द्ययोगचर्याऽपि, विना जीवदयां किल ॥१६१॥**

જીવદયા વિના દાન નકામું છે. વિદ્યા નકામી છે. નિર્ગ્રંથપણું નકામું છે. ને સારા યોગનું આચરણ પણ નકામું છે. આ પ્રમાણે ધર્મ સાંભળીને દયામાં તત્પર એવો રાજા પક્ષીના વધને યાદ કરતો વારંવાર મનમાં આ પ્રમાણે વિચારવા લાગ્યો અરે ! મેં પક્ષીની હત્યા કરવાથી પ્રત્યક્ષ પાપ કર્યું છે. તે પાપથી નિશ્ચે મારો નરકમાં પાત થશે. મારે આ જીવિત વડે શું ? આ રાજ્યવડે શું ? જે બન્ને હોવા છતાં મારો આગળ નરકમાં પાત થશે. અસાર એવા સંસારમાંથી સારભૂત વ્રત દેહથી કહ્યું છે. તેથી કરીને જેમ કાદવમાંથી કમલ તેમ સુખને આપનારા ધર્મને ગ્રહણ કરું. તે પછી ત્રિવિક્રમરાજાએ રાજ્ય ઉપર પુત્રને સ્થાપન કરી વ્રત ગ્રહણ કરી શાસ્ત્રોને ભણતા જયાણામાં તત્પર એવા તે સર્વે તત્વને જાણનારા થયા. ગુરુની અનુજ્ઞાવડે એકલા વિહાર કરતાં તે મુનિ ભીમવનમાં ધ્યાનમાં તત્પર એવા કાયોત્સર્ગધ્યાને રહ્યા. મુનિને જોઈને ઉત્પન્ન થયું છે વૈર જેને એવો ભિલ્લ રોષ ધારણ કરવા લાગ્યો. લાકડી – મુષ્ઠિ આદિવડે નિર્દયપણે અત્યંત મારવા લાગ્યો. પ્રશાન્ત છે આત્મા જેનો એવા પણ ઉત્પન્ન થયો છે ક્રોધ જેને એવા ત્રિવિક્રમ મુનિએ તેજોલેશ્યા છોડવાથી તે ભિલ્લને એકદમ ભસ્મીભૂત કર્યો.

તે ભિલ્લનો જીવ મરીને તેજવનમાં સિંહ થયો અને તે મુનિપણ વિહાર કરીને ત્યાં આવ્યા. પૂર્વના વૈરથી તે મુનિને જોઈને ઉત્પન્ન થયો છે રોષ જેને એવો તે સિંહ તે મુનિને હણવા માટે જવા લાગ્યો અને તે કોઈક ઠેકાણે નાસી ગયા. જોતા એવા તે મુનિ જ્યાં જાય છે. ત્યાં ક્રૂરકર્મવાલો રોષવડે લાલઆંખવાલો તે સિંહ મુનિને હણવા માટે જતો હતો.

પ્રશાન્ત આત્માવાલા તે સાધુ સિંહવડે ખેદ પમાડેલા રોષવડે લાલ થયેલા તે મુનિએ તે સિંહને તેજોલેશ્યાવડે બાળી નાંખ્યો. તે વખતે છૂટી ગયા છે પ્રાણ એવાજેના એવો સિંહ વનમાં દીપડો થયો. અત્યંત ક્રૂર એવો હંમેશાં અનેક જીવોને મારવા લાગ્યો. એક દિવસ વિહાર કરતા ત્રિવિક્રમ મુનિ તે વનમાં આવ્યા. પૂર્વના વૈરથી ક્રૂરચિત્તવાલા તે દીપડાવડે જોવાયા. જેટલામાં તે દીપડો મુનિને હણવા માટે દોડ્યો તેટલામાં તે મુનિ નાસી ગયા. ને જ્યાં જ્યાં તે મુનિ જાય છે. ત્યાં ત્યાં તે દીપડો હણવા માટે આવે છે.

કષાયનું ફલ ભવિષ્યમાં ભયંકર છે એમ જાણવા છતાં પણ સાધુએ તેજોલેશ્યા મૂકવાથી દીપડાને અગ્નિસાત

ર્ક્યો.. (મરણ પમાડ્યો) તે દીપડો મરી ગયો ને ભયંકર વનમાં આર્તધ્યાનના વશથી પુષ્ટસ્કંધવાલા – ઉન્મત્ત સાંઢ જેવો પાડો થયો. તીવ્ર તપને તપતાં તે મુનિને ત્યાં આવતા જોઈને તે પાડો હણવાની ઈચ્છાવાળો રોષવડે લાલ થયો. જ્યારે તે મુનિ પાડાવડે મરણને આપનારા તીવ્રસંકટમાં નંખાયા ત્યારે તે ત્રિવિક્રમમુનિ તેને હણવાની ઈચ્છાવાલા થયા ને તેને હણ્યો. ત્યારે મરીને તે પાડાનો જીવ ઉજ્જયિની નગરીના બાહ્યઉદ્યાનમાં કર્મના નિયોગથી ઉગ્રઝેરવાળો સર્પ થયો. એક ગામથી બીજે ગામ નિરંતર વિહાર કરતાં ત્રિવિક્રમમુનિ જ્યાં તે સર્પ છે. તે ઉજ્જયિનીના બાહ્યઉદ્યાનમાં ગયા. પૂર્વના વૈરથી તે મુનિને જોઈને ઉત્પન્ન થયો છે તીવ્ર ક્રોધ જેને એવો તે સર્પ તેને કરડવા માટે જેટલામાં ગયો તેટલામાં તે મુનિ બીજે ઠેકાણે ગયા. ત્યાં પણ તે સર્પ મુનિને કરડવા માટે ગયો. ને તે મુનિ નાસીને બીજે ઠેકાણે ગયા. ત્યાં પણ આવતાં તે સર્પને જોઈને રોષ પામેલા ત્રિવિક્રમયતિએ તેજોલેશ્યાના પ્રયોગથી તેને બાળી નાંખ્યો. ક્હ્યું છે કે :–

**अपूर्वः कोऽपि कोपाग्निः, सज्जनस्य खलस्य च।**
**एकस्य शाम्यति स्नेहात् – वर्ध्धतेऽन्यस्य वारितः ।।१८६।।**
**तं नत्थि घरं तं नत्थि राउलं, देउलंपि तं नत्थि;**
**जत्थ अकारण कुविआ, दो तिन्नि खला न दीसंति।।१८७।।**

સજ્જનો અને લુચ્ચાનો કોપરૂપી અગ્નિ કોઈ અપૂર્વ છે. એકનો કોપાગ્નિ સ્નેહથી શાંત થાય છે બીજાનો અટકાવેલો કોપાગ્નિ વધે છે. એવું કોઈ ઘર નથી. એવું કોઈ રાજકુલ નથી. એવું કોઈ દેવકુલ નથી કે જ્યાં વગર કારણે કોપ પામેલા બે ત્રણ લુચ્ચઓ ન દેખાતાં હોય. અકામ નિર્જરાના યોગથી પૂર્વેકરેલા કર્મનો ક્ષયકરતો તે સર્પનો જીવ રાજગૃહ નગરમાં ગરીબ બ્રાહ્મણ થયો. ક્હયું છે કે :– સંસારનાં બીજભૂત કર્મોનો અહીં ક્ષય કરવાથી – નિર્જરા થાય છે. તે નિર્જરા સકામ અને અકામ એમ બે પ્રકારે ક્હી છે. સાધુઓને સકામ નિર્જરા જાણવી અને બીજાંપ્રાણીઓને અકામ નિર્જરા જાણવી. કર્મોના ફલરૂપી પાક ઉપાયથી થાય છે. અને પોતાની જાતે પણ થાય છે..

એક વખત એક ગામથી બીજે ગામ જતાં ત્રિવિક્રમયતિ રાજગૃહ નગરની અંદર ભિક્ષા માટે ઘરોને વિષે ભ્રમણ કરતા હતા. કર્મનાયોગે શુધ્ધ અન્નમાટે ઘરે ઘરે ભ્રમણ કરતા તે મુનિ – સર્પનો જીવ એવા બ્રાહ્મણના દ્રષ્ટિના વિષયમાં આવ્યા. ઉત્પન્ન થયો છે રોષ જેને એવો તે બ્રાહ્મણ તે સાધુને મારવાની ઘણી ઈચ્છા કરે છે. પરંતુ ગામની અંદર રાજાના ભયથી તે હણી શક્તો નથી.

**राजदण्ड भयात्पापं, नाचरन्त्यधमो जनः ।**
**परलोक भयात्मध्यः स्वभावादेव नोत्तमः ।।१९४।।**

ક્હયું છે કે :– રાજદંડના ભયથી અધમ માણસ પાપ આચરતો નથી. મધ્ય પુરુષ પરલોકના ભયથી પાપ આચરતો નથી. ને ઉત્તમ પુરુષ સ્વભાવથી જ પાપ આચરતો નથી. ભિક્ષા લઈને નગરીની બહાર ગયેલા તે મુનિરાજને હણવા માટે તે બ્રાહ્મણ લાકડી સહિત રોષવડે ત્યાં ગયો. ત્યાં શરુઆતમાં તો બ્રાહ્મણ ઘણાં ક્રૂરવચનો બોલવાથી ઘણો

ઉપસર્ગ કરીને હણવા માટે દોડ્યો. ભિક્ષા કરતાં એવા તે મુનિને લાકડી ને મુષ્ઠિવડે પ્રહાર કરતો તે બ્રાહ્મણ જ્યારે અટક્યો નહિ ત્યારે તે મુનિ ક્રોધ પામ્યા. કોપથી વ્યાપ્ત થયેલા ત્રિવિક્રમમુનિએ હણતાં એવા તે બ્રાહ્મણને તેજોલેશ્યાના પ્રયોગવડે એકદમ યમના ઘરે મોકલ્યો. અકામ નિર્જરાના યોગથી અશુભ ઉદયવાલા કર્મને ખપાવીને તે બ્રાહ્મણ વાણારસી નગરીમાં મહાબાહુરાજા થયો. મહાબાહુરાજાએ ઘણું સૈન્ય ભેગું કરીને અનુક્રમે ઘણા શત્રુરાજાઓને જીતી લીધા. ન્યાયથી પૃથ્વીનું પાલન કરતાં ઈચ્છિત ભોગોને ભોગવતાં હર્ષિતચિત્તવાલા મહાબાહુરાજાએ ઘણો સમય પસાર કર્યો. એક વખત ગોખમાં રહેલાં મહાબાહુરાજા મુનીશ્વરને જોઈને પોતાના ચિત્તમાં વારંવાર આ પ્રમાણે વિચારવા લાગ્યો. પૂર્વે મેં આવા પ્રકારના પંડિતોને પણ પૂજ્ય – શાંત – દાંત ચિત્તવાલા ને જિતેન્દ્રિય એવા મુનિને મેં જોયા છે. આ પ્રમાણે વિચારતો રાજા કર્મનો ક્ષયથવાથી જાતિસ્મરણ પામ્યો ને કરેલા વધરૂપ સાત જન્મોને યાદ કર્યા. રાજાએ વિચાર્યું કે સાત ભવમાં પહેલાં જે મારો વધ કરનારા થયા છે તેને જાણવામાં આવે તો તેને મિથ્યાદુષ્કૃત અપાય. માણસોને મિથ્યાદુષ્કૃત આપ્યા વિના વૈરભાવનો અભાવ થતો નથી. મિથ્યાદુષ્કૃતથી ચંદના સાધ્વીને જ્ઞાન થયું હતું. આ પ્રમાણે વિચારીને રાજાએ પોતાના વધ કરનારને જાણવા માટે આ પ્રમાણે સમસ્યાનાં બે પદોને કરીને માણસોને આપ્યાં.

**पक्षी भिल्लो हरि र्द्वीपी - शण्डः फणी द्विजोरयः ।....॥२०८॥**

પક્ષી – ભિલ્લ – સિંહ – દીપડો – સાંઢ – સર્પ– બ્રાહ્મણ વગેરે શત્રુઓ. જે બુધ્ધિશાલી માણસ આ બધાની સમસ્યા પૂરશે તેને હું એક લાખ સોનામહોર સન્માન આપવા પૂર્વક પૂરીશ – આપીશ.. આ સમસ્યાના બન્ને પદને સર્વલોક શહેરમાં ને વનમાં રાત્રિ અને દિવસે ધનની પ્રાપ્તિની ઈચ્છાવડે મોટેથી બોલતા હતા. આ બાજુ નિરંતર સર્વ દિશાઓમાં વિહાર કરતાં સાધુ તે ઉદ્યાનમાં આવ્યા અને સમસ્યાનાં બે પદ સાંભળ્યાં. પામર માણસવડે બોલાયેલી તે સમસ્યાને સાંભલીને ત્રિવિક્રમ મુનિએ કહ્યું કે :–

જેનાવડે આ સાત મરાયા તે હું. અરે ! કેમ થઈશ ? સાધુવડે પુરાયેલી તે સમસ્યાને તે વખતે હર્ષિત ચિત્તવાલા પામરે રાજાની આગળ આવીને પૂરી ( બોલ્યો ). રાજાએ કહ્યું કે આ સમસ્યા તારાવડે પુરાઈ છે ? કે કોઈ બીજાવડે? પામરે કહ્યું કે નગરના ઉદ્યાનમાં રહેલા સાધુવડે. તે પછી રાજાએ ત્યાં આવીને મુનિને નમન કરીને કહ્યું કે હે મુનિ ! તમારાવડે હમણાં ( આ ) સમસ્યા કેવી રીતે પુરાઈ ? તે કહો. મુનિએ કહ્યું કે હે રાજન ! મારાવડે જ્ઞાનથી જણાયું. રાજાએ વિચાર્યું કે આ સાધુ મારાવડે કોઈ ઠેકાણે જોવાયા છે ? આ પ્રમાણે યાદ કરતાં તે વખતે રાજાને જાતિસ્મરણ જ્ઞાન ઉત્પન્ન થયું ને તેથી પોતાના આત્માને હણનાર મુનિ જણાયા ( જાણ્યા ). યતિએ કહ્યું કે ક્રોધથી વ્યાપ્ત થયેલા મારાવડે સાત પૂર્વભવોમાં નિશ્ચે તમે હણાયા છો અને તે મારું તપ ગુમાવ્યું છે. રાજાએ કહ્યું કે તે તે ભવોમાં મેં હે મુનિ ! તમોને ખેદ પમાડ્યો છે. તેથી મને તીવ્રપાપ થયું છે.

રાજાએ ઊભા થઈને સાધુનાં બે ચરણોમાં પ્રણામ કરીને તે સાધુને ખમાવ્યા. તે સાધુએ પણ રાજાને ખમાવ્યા. મુનિ અને રાજા પરસ્પર ખમાવીને જેટલામાં હર્ષવડે બોલ્યા તેટલામાં આકાશમાં દુંદુભિનો નાદ થયો. આ શું છે ? એ પ્રમાણે બોલતાં યતિ અને રાજાએ દેવોના વચનથી સુંદર વનમાં મુનિને જ્ઞાનની ઉત્પતિ જાણી. તે પછી સાધુ અને રાજા તે વનમાં જઈને હર્ષથી કેવલીને નમસ્કાર કરીને તે વખતે આ પ્રમાણે જૈન ધર્મ સાંભલ્યો..

न्यग्रोधे दुर्लभं पुष्पं - दुर्लभं स्वातिजं पयः ।
दुर्लभं मानुषं जन्म - दुर्लभ देवदर्शनम् ।।२२४।।

વડના વૃક્ષઉપર પુ છે. અને દેવનું દર્શન દુર્લભ છે.

अनर्घ्याण्यपि रत्नानि - लभ्यन्ते विभवैःसुखम् ।
दुर्लभो रत्नकोट्यापि - क्षणोऽपि मनुजायुषः ।।२२५।।

ધનવડે સુખપૂર્વક અમૂલ્ય એવાં રત્નો પણ મેળવાય છે પરંતુ કરોડો રત્નોવડે પણ - મનુષ્યના આયુષ્યની ક્ષણ દુર્લભ છે. તે બન્નેએ ( મુનિ અને રાજા ) કહ્યું કે સેંકડો દુખોને આપનાર તીવ્રપાપ અમે કર્યું છે. હે જ્ઞાની ભગવંત! તે પાપથી અમારું છૂટવું કઇ રીતે થશે ?

જ્ઞાનીએ કહ્યું કે મનોહર એવા શ્રી શત્રુંજયતીર્થવિના તમારો પાપોથી છુટકારો થશે નહિ. હે રાજન ! આ મુનિને આગળ કરીને સંઘસહિત તું સિધ્ધક્ષેત્ર આદિતીર્થોમાં સમાધિપૂર્વક યાત્રા કર. તે તીર્થમાં મુનિ અને તારા સર્વકર્મનો ક્ષય થવાથી જલદી મોક્ષસુખ થશે. એમાં સંશય નથી.

टंकणेन यथाहेम - जलेन लवणं यथा।
तथा शत्रुञ्जयस्मृत्या-याति कर्म पुरा कृतम् ।।२३०।।

જેમ ટંકણખાર વડે સોનું - પાણી વડે જેમ મીઠું તેમ શત્રુંજયના સ્મરણથી પૂર્વે કરેલું કર્મ નાશ પામે છે. આ પ્રમાણે સાંભળીને રાજા તે સાધુસહિત મહોત્સવ કરતો શ્રી શત્રુંજયતીર્થઉપર દેવોને નમસ્કાર કરવા ગયો. ત્યાં વિસ્તારથી પૂજા કરતાં રાજાને કેવલજ્ઞાન ઉત્પન્ન થયું અને અનુક્રમે મોક્ષ પણ થયો. ત્રિવિક્રમ મુનીશ્વરને આદરથી ધ્યાન કરતાં સર્વકર્મનો ક્ષય થવાથી તરત જ મોક્ષનું સુખ થયું. તે વખતે તે સિધ્ધપર્વતઉપર ઘણા મુનિઓ કર્મનો ક્ષયથવાથી મોક્ષમાં ગયા ને કેટલાક સ્વર્ગમાં ગયા. આ પ્રમાણે સાંભળીને ભરતમહારાજાએ શ્રી શત્રુંજયઉપર જઇને જિનેશ્વરોને નમસ્કાર કરી અને પૂજા કરી પોતાના જન્મને સફલ કર્યો.

## આ પ્રમાણે મહાબાહુરાજા અને ત્રિવિક્રમ રાજર્ષિનો મુક્તિગમનનો સંબંધ સંપૂર્ણ

# સર્પના જીવનો સંબંધ

નાભિરાજાના પુત્ર ( પૌત્ર ) ભરતરાજા છ ખંડપૃથ્વીને સાધીને ગંગાનદીના કિનારે એક વખત રહ્યા હતા તે વખતે ધર્મમૂર્તિ એવા – દયામાં તત્પર એવા બે ચારણમુનિ – સાધુ – આકાશમાંથી ઊતરીને ભરતરાજાની પાસે ઊભા રહ્યા. અકસ્માત આવેલા બે સાધુઓને જોઈને ભરતચક્રવર્તિએ ત્રણ પ્રદક્ષિણા કરીને તે બન્ને સાધુઓનાં ચરણોને હર્ષવડે નમસ્કાર કર્યો. તે ભરતરાજાને આશીર્વાદ આપીને પહેલા ( મોટા ) મુનિએ મોક્ષને આપનાર ધર્મોપદેશ આપવાની શરૂઆત કરી.

**मैत्रीचतुष्कमष्टाङ्ग - योगाभ्यासरतिर्धृतिः ।**
**परीसहोपसर्गाणां सहिष्णुत्वमथार्जवम् ।।५।।**

મૈત્રી ચતુષ્ક –અષ્ટાંગયોગના અભ્યાસનો પ્રેમ–ધીરજ – પરિસહ અને ઉપસર્ગોનું સહન કરવું. સરળપણું –

**कषाय विषयारम्भ - परिहारोऽप्रमत्तता ।**
**प्रसत्तिर्मृदुता साम्यं मुक्तिमार्गा भवन्त्यमी ।।६।।**

કષાય વિષય અને આરંભનો ત્યાગ – અપ્રમત્તપણું – પ્રસન્નતા – કોમલતા અને સમતા આ મોક્ષના માર્ગો છે.

**मैत्रीप्रमोद कारुण्य - माध्यस्थ्यानि नियोजयेत् ।**
**धर्मध्यानमुपस्कर्त्तुं तद्धि तस्य रसायनम् ।।७।।**

મૈત્રી – પ્રમોદ – કારુણ્ય – ને માધ્યસ્થ્યને ધર્મધ્યાન કરવા માટે જોડવા જોઈયે કારણ કે તેનું તે રસાયણ છે.

**मा कार्षीत् कोऽपि पापानि, माच भूत् कोऽपि दुःखितः ।**
**मुच्यतां जगदप्येषा, मतिर्मैत्री निगद्यते ।।८।।**

કોઇ પાપ ન કરો. કોઇ પણ દુ:ખી ન થાય. અને જગત મુક્તથાઓ.. આ બુધ્ધિને મૈત્રી કહેવાય છે.

**अपास्ताऽशेषदोषाणां - वस्तुतत्त्वावलोकिनाम्।**
**गुणेषु पक्षपातो यः, स प्रमोदः प्रकीर्तितः ॥९॥**

જેમણે બધા દોષો દૂર કર્યા છે. જે પદાર્થના તત્વોને જોનારા છે. જેઓને ગુણો ઉપર પક્ષપાત છે. તે પ્રમોદ કહેવાયો છે.

**दीनेष्वार्त्तेषु भीतेषु, याचमानेषु जीवितम्।**
**प्रतीकारपराबुध्दिः, कारुण्यमभिधीयते॥१०॥**

દીન – દુ:ખી – ભય પામેલા અને યાચકોને જીવિત આપવું , તેનો પ્રતિકાર કરવામાં તત્પર એવી જે બુધ્ધિ તેને કારુણ્ય કહેવાય છે.

**क्रूरकर्मसु निःशङ्कं - देवतागुरुनिन्दिषु।**
**आत्मशंसिषु योपेक्षा - तन्माध्यस्थ्यमुदीरितम् ॥११॥**

જે ક્રૂરકર્મમાં શંકારહિત હોય , દેવ ગુરુની નિંદા કરનાર હોય ને પોતાની પ્રશંસા કરતાં હોય તેઓને વિષે જે ઉપેક્ષા કરવી તેને માધ્યસ્થ્ય કહ્યું છે.

**सबलो दुर्बलस्यापि, हन्ति यो यस्य सोऽत्र वा।**
**सहेत वेदनां घोरा ममुत्र तत्कृतां ध्रुवम्॥१२॥**

જે બલવાન માણસ દુર્બલને હણે છે. તે અહીં અથવા પરલોકમાં તેનાવડે કરાયેલી ભયંકર વેદનાને નિશ્ચે સહન કરે છે.

**पुरुषः कुरुते पापं, बन्धुनिमित्तं वपुर्निमित्तंच, ।**
**वेदयते तत् सर्वं, नरकादौ पुनरसावेकः ॥१३॥**

જે પુરુષ બંધુઓ નિમિત્તે અને શરીરનિમિત્તે પાપ કરે છે. તે સર્વ પાપ તેજીવોનરકઆદિમાં એકલા ભોગવે છે.

**परद्रव्यापहारेण, लभते वधबन्धनम्।**
**घोरदुःखमिहामुत्र, परस्वं त्यज सर्पवत्॥१४॥**

પારકા દ્રવ્યના અપહરણવડે આલોકમાં વધ અને બંધન પામે છે. અને પરલોકમાં ભયંકર દુઃખ પામે છે. માટે સર્પની જેમ પારકા ધનનો ત્યાગ કર.

**परस्त्रीसङ्गमासक्ता, येऽधमा नष्टबुद्धयः।**
**वधबन्धादिकं प्राप्य, श्वभ्रे ते यान्ति सप्तमे॥१५॥**

નષ્ટ થઇ છે બુધ્ધિ જેની એવા જે અધમ માણસો પરસ્ત્રીના સંગમાં આસક્ત છે. તેઓ વધ – બંધન આદિ પામીને સાતમી નરકમાં જાય છે.

**अष्टम्यामुपवासं यो विधत्ते भावपूर्वकम्।**
**हत्वा कर्माष्टकं सोऽपि याति मुक्तिपदं ध्रुवम्॥१६॥**

જે અષ્ટમીના દિવસે ભાવપૂર્વક ઉપવાસ કરે છે. તે આઠે કર્મોને હણીને નિશ્ચે મોક્ષપદ પામે છે.

**पौषधं नियमेनाऽपि यः कुर्यादष्टमीदिने।**
**स्वर्गं राज्यादिकं प्राप्य सोऽपि याति परं पदम्॥१३॥**

જે અષ્ટમીના દિવસે નિયમપૂર્વક પૌષધ કરે છે, તે સ્વર્ગ અને રાજ્યવગેરે પામી પરમપદને ( મોક્ષને ) પામે છે.

**उपवासं विधत्ते यश्चतुर्दश्यां स ना व्रजेत्।**
**चतुर्दश गुणस्थाना-न्युल्लङ्घ्याहो ! परं पदम्॥१८॥**

જે પુરુષ ચતુર્દશીના દિવસે ઉપવાસ કરે છે. તે પુરુષ ચૌદ ગુણસ્થાનકોને ઓળંગીને પરમપદને ( મોક્ષને ) પામે છે.

**मासे मासे विधातव्य - श्चतुःपर्वसु पौषधम्।**
**प्राणान्तेऽपि न मोक्तव्यो-बुधैः स्वर्मुक्तिकारणम्॥९९॥**

મહિને મહિને ચારપર્વને વિષે પૌષધ કરવો જોઈએ. પંડિત પુરુષોએ સ્વર્ગ અને મુક્તિના કારણરૂપ – તે પૌષધ પ્રાણાન્તે પણ ન છોડવો જોઈએ. દેશનાના અંતે રાજાએ કહ્યું કે ચતુર્દશી અને અષ્ટમીના દિવસે પૂર્વના પાપનો નાશ કરવા માટે મારે ઉપવાસ કરવો. તમે બન્ને હમણાં શરીરને વિષે મમતા વગરના કેમ દેખાવ છો ? ત્યારે પ્રથમ ( મોટા) સાધુએ ભરતરાજાની આગળ ( આમ ) કહ્યું. અમે બન્ને જ્યારે એક વખત યુગાદીશ જિનને નમસ્કાર કરવા માટે ગયા હતા. ત્યારે પ્રભુએ અદ્‌ભુત એવું શ્રી શત્રુંજયનું માહાત્મ્ય કહ્યું.

**तावत्तिष्ठन्ति हत्यादि – पातकानि तनूमताम् ।**
**यावच्छत्रुञ्जयं तीर्थं श्रूयते नहि कर्णयोः ॥२३॥**

પ્રાણીઓનાં હત્યા વગેરે પાપો ત્યાં સુધી જ રહે છે કે જ્યાં સુધી બે કાનમાં "શત્રુંજય તીર્થ" (આ શબ્દ) સાંભળવામાં ન આવે.

**एकैकस्मिन् पदे दत्ते–पुंडरीकगिरिं प्रति ।**
**भवकोटिकृतेभ्योऽपि–पातकेभ्यः प्रमुच्यते ॥२८॥**

શ્રી પુંડરીકગિરિ તરફ એક એક પગલું આપે છતે ( ગયે છતે ) કરોડો ભવનાં કરેલાં પાપોથી મુક્ત થાય છે.

**दृष्टः श्रुतोऽपि सिद्धाद्रि–र्दृस्टिकर्णैः सुभक्तितः ॥**
**येन स जायते मुक्ति–कन्या भर्त्ता न संशयः ॥२५॥**

જેના વડે ( આ ) સિધ્ધગિરિ સારી ભક્તિથી આંખોવડે જોવાયો છે. ને કાનથી સંભળાયો છે તે પ્રાણી મુક્તિરૂપી કન્યાનો પતિ થાય છે. તેમાં સંશય નથી. આ પ્રમાણે જિનેશ્વરના મુખેથી સાંભળીને અમે બન્ને શ્રી શત્રુંજયપર્વત પર ગયા. અને કલ્યાણરૂપી લક્ષ્મીને આપનારા તીર્થને તે વખતે નમસ્કાર કર્યો. ઘણા દેવોવડે સેવાયેલા અને ત્યાં આવેલા તીર્થને નમસ્કાર કરતાં તે ઈન્દ્રને અમે બન્નેએ આદરપૂર્વક પૂછ્યું આવા પ્રકારની રૂપલક્ષ્મીવાલા તમે હમણાં ક્યાંથી આવ્યા છો ? તે કહો. તેણે કહ્યું કે હમણાં અહીં મારું આવવાનું કારણ સાંભળો.. વિદેહમાં પશુગામમાં સુશર્મ નામે બ્રાહ્મણ હતો અને તે દરિદ્રનું ભાજન – મૂર્ખ શિરોમણિ અને જડબુધ્ધિવાલો હતો. એક વખત આખા ગામમાં ભમીને અનાજના પાંચ છ દાણાને નહિ પામીને બ્રાહ્મણ જ્યારે ઘરે ગયો તેટલામાં પત્નીએ આ પ્રમાણે કહ્યું. તું મૂર્ખ છે. નિર્દય છે. પુણ્ય રહિત છે. તું ( તારી ) લક્ષ્મીસાથે લઈને બીજે ઠેકાણે સુખપૂર્વક જા. નિર્ધન એવા તારાવડે શું ?

કહ્યું છે કે :– જેની પાસે ધન હોય તે માણસ કુલવાન છે. તે પંડિત છે. તે જ્ઞાની છે. તે ગુણજ્ઞ છે. તે વક્તા છે. ને તે જ દર્શન કરવા લાયક છે. સર્વે ગુણો સોનાનો આશ્રય કરે છે. જાતિ રૂપ ને વિદ્યા એ ત્રણે મોટા ખાડામાં પડો

ફક્ત ધનજ વૃધ્ધિ પામો. તેનાથી જ ( ધનથી જ ) બધા ગુણો પ્રગટ થાય છે.

આ પ્રમાણે આક્રોશ આપતી ( કરતી ) તે પત્ની મોટું સાંબેલું ઉપાડીને દુષ્ટ આશયવાલી જેટલામાં ધણીને મારવા માટે ઊભી થઇ તેટલામાં બ્રાહ્મણે મોટો પત્થર બલપૂર્વક સ્ત્રી તરફ ફેંક્યો. જેથી તે સ્ત્રી પ્રાણોથી મુક્ત થઇ. મરી ગઇ. તે પછી પુત્રે પિતાને કહ્યું કે હે પાપી ! આવું દુષ્ટ તમે કેમ કર્યું ? આ પાપથી તમારો દુર્ગતિમાં પાત થશે. તે પછી ક્રોધપામેલા બ્રાહ્મણે બોલતાં પુત્રને હઠપૂર્વક મારી નાંખ્યો અને તે પછી બ્રાહ્મણે ક્રોધવડે પોતાની પુત્રીને મારી નાંખી. તે પછી ભયપૂર્વક જતો બ્રાહ્મણ ગાયવડે માર્ગમાં સ્ખલના કરાયો તો તે ગાયને પણ દુષ્ટ ચિત્તવાલા બ્રાહ્મણે મોટા પત્થરવડે હણી. આ બધાની હત્યા કરીને જતો બ્રાહ્મણ કોટવાલોવડે હાથમાં પકડાયો. કપટથી નાસીને જતો તે બ્રાહ્મણ નરક સરખા કૂવામાં પડયો. પડતો એવો તે ટુકડા થઇ ગયેલો તેવી રીતે મરણ પામ્યો કે જેથી લાખો દુઃખને આપનાર સાતમી નરકમાં ગયો.

કહ્યું છે કે :- પુરુષ ભાઇ નિમિત્તે અને શરીર નિમિત્તે પાપ કરે છે. પણ તેનું ફલ સર્વે એકલો નરકમાં ભોગવે છે.

**यत्नेन पापानि समाचरन्ति, धर्म प्रसङ्गादपि नाचरन्ति;**
**आश्चर्यमेतध्दि मनुष्यलोके, क्षीरं परित्यज्य विषं पिबन्ति ।।२।।**

પાપો યત્નોવડે કરે છે. પ્રસંગે પણ ધર્મ આચરતો નથી. તે મનુષ્ય લોકમાં ખરેખર આશ્ચર્ય છે કે જે દૂધને છોડીને ઝેરને પીએ છે. ત્યાં નરકમાં તે બ્રાહ્મણ દુઃખો સહન કરીને ત્યાંથી નીકલ્યો ને સિંહ થયો. દુષ્ટઆત્મા તે સિંહ પ્રાણીઓને નિર્દયપણે હણતો હતો. ત્યાંથી મરીને તે બ્રાહ્મણનો જીવ ચોથી નરકમાં ગયો. અને ત્યાંથી નીકલીને રમાનામના ગામમાં ચંડાલ થયો. ત્યાં તે ચંડાલ ઘણાં ક્રૂર કર્મને કરનારો પાપ કરીને મરીને દુઃખને કરનાર સાતમી નરકમાં ગયો. તે નરકમાં નિરંતર તીવ્રદુઃખોને ભોગવીને ભયંકર વનમાં દુષ્ટચિત્તવાલો તે દ્રષ્ટિવિષસર્પ થયો. એક વખત તે સર્પ સર્પના બિલપાસે રહેલા શાંત છે આત્મા અને મન જેનું એવા મુનિને જોઇને કરડવાની ઇચ્છાથી ફૂંફાડા મારતો દોડયો.

તે વખતે તે સર્પે તે શાંત અને સુસ્થિત મનવાલા તે સાધુને શ્રેષ્ઠ વિદ્યાધરોની આગળ શ્રી શત્રુંજયના માહાત્મ્યને કહેતાં જોયા.

**शत्रुञ्जयस्य तीर्थस्य, स्मरणात् स्पर्शनात् पुनः ।**
**दर्शनान्निर्वृत्ति र्हस्तगता नृणां भविष्यति ।।४४।।**

આ શ્રી શત્રુંજયતીર્થના સ્મરણથી વારંવાર સ્પર્શથી – અને દર્શનથી મનુષ્યોને મુક્તિ હાથમાં રહેલી થશે.

**उक्तंच-पल्योपम सहस्त्रं तु ध्यानाल्लक्षमभिग्रहात् ।**
**दुष्कर्म क्षीयते मार्गे सागरोपमसञ्चितम् ।।४५।।**

કહ્યું છે કે :– શત્રુંજયના ધ્યાનથી એક હજાર પલ્યોપમ. અભિગ્રહથી એક લાખ પલ્યોપમ. અને (તેની તરફ) માર્ગમાં જતાં એક સાગરોપમ પ્રમાણ એકઠું કરાયેલું દુષ્કર્મ ક્ષય થાય છે.

કર્મના લઘુપણાથી અને શત્રુંજયતીર્થનું માહાત્મ્ય સાંભલવાથી ઉત્પન્ન થયું છે જાતિસ્મરણજ્ઞાન જેને એવા સર્પે પોતાના પૂર્વ ભવોને યાદ કર્યા. મેં પહેલાં પત્નીને – પુત્રને – પુત્રીને અને ગાયને હણી તેથી હું નરકમાં ગયો. અને ઘણું દુ:ખ પામ્યો. તેથી દરમાંથી નીકળીને તે સર્પે ગોળાકાર થઈને પોતાની કલ્યાણ સંપતિના કારણભૂત મુનિના ચરણોમાં નમસ્કાર કર્યો. ત્યારે ત્યાં આવેલા વિદ્યાધરોની આગળ મુનિએ શ્રી શત્રુંજયતીર્થના નમસ્કારનું ફલ કહ્યું. શ્રી શત્રુંજયતીર્થના સ્મરણથી, સ્પર્શથી – નમસ્કારથી – દર્શનથી મનુષ્યોના હાથમાં મોક્ષલક્ષ્મી થાય છે. ધ્યાન કરવાથી એક હજાર પલ્યોપમ, અભિગ્રહથી એક લાખ પલ્યોપમ અને માર્ગમાં જતાં એક સાગરોપમનું ભેગું થયેલું દુષ્કર્મ ક્ષય પામે છે સર્પે શત્રુંજયનું સ્મરણ કરતાં મુનિને વંદન કરી વિદ્યાધરોના દેખતાં તે વખતે તેમની પાસે અનશન લીધું. તે સર્પ તે વિદ્યાધરોવડે શ્રી પુંડરીકગિરિ ઉપર લઇ જવાયો અને નમસ્કાર સંભળાવાયો. અને મરી ગયેલો તે દેવોનો સ્વામી થયો. કહ્યું છે કે :– હજારો પાપ કરીને – સેંકડો જીવોની હિંસા કરીને આ તીર્થને પામીને તિર્યંચો પણ દેવલોકમાં ગયાં છે. આ સર્પમાંથી થયેલું મારું શરીર છે. હું સર્પનો જીવ છું. આ તીર્થના માહાત્મ્યથી ખરેખર હું ઈન્દ્ર થયો છું. તે પછી ઈન્દ્રે પોતાના આ સર્પના દેહને શ્રી શત્રુંજયગિરિઉપર દેદીપ્યમાન ચંદન કપૂર અને કાષ્ઠવડે અગ્નિસાત કર્યો ( બાળી નાંખ્યો ) સર્પને બાળવાની ભૂમિઉપર ઈન્દ્ર મહારાજાએ રત્નમયપીઠ કરીને ( બનાવીને) તીર્થને નમસ્કાર કરી ઈન્દ્ર પોતાના સ્થાનમાં ગયો. આ પ્રમાણે ઈન્દ્રે કહેલું સર્પનું ચરિત્ર જાણી અમે બન્નેએ વૈતાઢ્ય પર્વતપર જઈને માતા – પિતાની રજા લઈને શ્રી ઋષભદેવપ્રભુ પાસે દીક્ષા લઇ ઘણાં શાસ્ત્રો ભણી શ્રીઋષભદેવપ્રભુના આદેશથી હમણાં અહીં આવ્યા છીએ. ભરત મહારાજાએ શ્રી શત્રુંજયનું માહાત્મ્ય સાંભળીને મોક્ષના સુખને માટે શ્રી શત્રુંજયને નમસ્કાર કરવા માટે ઈચ્છા કરી. તે સર્પનો જીવ – ઈન્દ્રના ભવથી અનુક્રમે તેરમા ભવે સર્વકર્મનો ક્ષય કરી નિશ્ચે મુક્તિપુરીમાં જશે.

**આ પ્રમાણે સર્પના જીવનો સંબંધ – સંપૂર્ણ.**

# સુધાસેન – રાજાની – કથા

એક વખત ભરતરાજાએ ઋષભદેવપ્રભુપાસે કહ્યું કે હે પ્રભુ ! હમણાં શ્રી સિધ્ધગિરિ ઉપર કોણ મોક્ષ પામ્યા?

તે વખતે સ્વામીએ કહ્યું કે પદ્મપુર નગરમાં પ્રજાનું પાલન કરતો ધરાપાલ રાજા શ્રી શત્રુંજયગિરિઉપર નિર્મલ એવા વનમાં ક્રીડા કરતો ગયો. ત્યાં ઘણા તપને તપતાં સુધાસેન નામના સાધુને જોઇને ઉત્પન્ન થયો છે રોષ જેને એવો તે તેમને મારવા માટે પોતાનો હાથ ઉપાડીને ધારણ કરતો હતો. વારંવાર રાજા તે સુધાસેન મુનિને શિલાઉપર જ્યારે પછાડતો હતો ત્યારે મુનિ આ પ્રમાણે વિચારવા લાગ્યા. હે જીવ ! તેં પહેલાં જીવહિંસા કરી ઘણું પાપ કર્યું છે. તે પાપ હમણાં તને તાડન કરવાથી આવ્યું છે. હે જીવ ! તારે કોઇની ઉપર નિશ્ચે ક્રોધ ન કરવો જોઇએ. ક્રોધ કરવાથી વિષમ એવા સંસારમાં ઘણું ભ્રમણ થાય છે.

**सन्तापं तनुते भिनत्ति विनयं सौहार्दमुच्छादय-**
**त्युव्देगं जनयत्यवद्यवचनं ब्रूते विधत्ते कलिम्।**
**कीर्तिं कृन्तति दुर्गतिं वितरति व्याहन्ति पुण्योदयं।**
**धत्ते यः कुगतिं स हातुमुचितो रोषः सदोषः सताम्॥७॥**

ક્રોધ સંતાપને વિસ્તારે છે. વિનયને ભેદે છે. મિત્રતાનો નાશ કરે છે. ઉદ્વેગને ઉત્પન્ન કરે છે. પાપકારી વચન બોલે છે. કજિયો કરે છે. કીર્તિને કાપે છે. દુર્ગતિને આપે છે. પુણ્યોદયનો વિનાશ કરે છે. તેવો દોષવાળો રોષ સજ્જનોએ છોડી દેવો યોગ્ય છે.

આ પ્રમાણે દયાળુ છે આત્મા જેનો એવા ધ્યાન કરતાં તે મુનિને કેવલજ્ઞાન ઉત્પન્ન થયું ત્યારે દેવોએ મહોત્સવ કર્યો. પ્રજાપાલ રાજાએ દેવોને કેવલજ્ઞાનનો ઉત્સવ કરતા જોઇને વિસ્મિત ચિત્તવાલા તેણે દેવોને આ પ્રમાણે પૂછ્યું. કે આ સાધુનો મનોહર ઉત્સવ શા માટે કરાય છે ? દેવોએ કહ્યું કે આ સાધુ દેવોને પણ પૂજ્ય છે. તે પછી રાજાએ ઊભા થઇને તે મુનિને પ્રણામ કરીને કહ્યું કે મેં તમોને જીવિતનો અંત કરનારું ખરેખર વિઘ્ન કર્યું છે. કેવલીએ કહ્યું કે તું મારાવડે દંડના પ્રહારથી હણાયો હતો. હે રાજા ! તે કારણે હું હમણાં તમારાવડે દૃઢરીતે હણાયો. રાજાએ કહ્યું કે તમારાવડે હું આ લોક કે પરલોકમાં કયા ભવમાં હણાયો ? તે હમણાં સંભળાવો. તે પછી કેવલીએ કહ્યું કે.

ચંદ્ર નામના નગરમાં સુંદર એવો ચંદ્ર નામનો ક્ષત્રિય હતો અને કુંતલ નામના નગરમાં કમલ નામે વણિક હતો. એક વખત ચંદ્રવડે નકામો કમલ લાકડીવડે પ્રહાર કરાયો. કમલે કહ્યું કે હે દુષ્ટચિત્તવાલા ! તું મને ફોગટ શા માટે મારે છે ? ક્ષત્રિય એવા તેં ધર્મઘોષ મુનિપાસે જિનેશ્વરે કહેલો ધર્મ સાંભલીને મનોહર પુષ્પવડે જિનેશ્વરની પૂજા કરી. મરીને તે વીરપુરનગરમાં આજે તે ક્ષત્રિય વીરવણિકનો પુત્ર સુધાસેન નામે થયો. અને અનુક્રમે તે (ક્ષત્રિય ) સર્વકલામાં કુશલ થયો. હે રાજન ! જિનેશ્વરે કહેલોધર્મ સાંભલી આદરપૂર્વક સંયમ ગ્રહણ કરતો તે હું જ અહીં આવ્યો.

કમલ હતો તે મરણ પામ્યો. તે તું સુપાત્ર દાનવડે ઘણી લક્ષ્મી સહિત ધરાપાલ રાજા થયો. હે રાજા ! મારાવડે તું પૂર્વભવમાં હણાયો હતો તેનાવડે તેથી હું તપોધન તારાવડે આજ ભવમાં શું હું ન હણાયો ? તીર્થના માહાત્મ્યથી હમણાં મારું સર્વકર્મ ક્ષીણ થયું છે. મને તમારા પ્રસાદથી કેવલજ્ઞાન પ્રાપ્ત થયું છે. તે પછી રાજા પણ રાજ્યનો ત્યાગ કરી ક્ષણવાર માં વ્રત લઇ અનુક્રમે સર્વકર્મ ખપાવી શંત્રુંજયગિરિઉપર મુક્તિ પામ્યા. તે વખતે અનેક મનુષ્યો શ્રેષ્ઠ એવા

શ્રીસિધ્ધાચલઉપર દીક્ષા લઇને સર્વકર્મનો ક્ષયકરી મુક્તિ નગરીના સુખને પામ્યા. આ પ્રમાણે ભરતરાજાએ સાંભળીને ઘણા સંઘ સંઘસહિત શ્રી શત્રુંજયગિરિઉપર જઇને વિસ્તારથી જિનેશ્વરોની ભાવથી પૂજા કરી.

**આ પ્રમાણે સુધાસેન રાજાની કથા સંપૂર્ણ.**

# શ્રી શત્રુંજયમાં ધરાપાલ રાજા વગેરેના મુક્તિ ગમનનું સ્વરૂપ

ઉજ્જયંતગિરિની પાસે ગિરિદુર્ગ નામના નગરમાં શ્રેષ્ઠ એવા ઐક્ષ્વાકુવંશમાં રવિમલ્લ નામે રાજા થયો. નીતિપૂર્વક પ્રજાનું રક્ષણ કરતાં સર્વજ્ઞનાભક્ત એવા તે રાજાને નિર્મલરૂપને ધારણ કરનારી શશિલેખા નામે પત્ની હતી. એક વખત રાજા યજ્ઞયાત્રામાં ગયો ત્યારે તેની સ્ત્રીએ શ્રેષ્ઠી પત્નીને પુત્રનું લાલન ( પાલન ) કરતી જોઇ. તે પછી રાણી પોતાને વિષે પુત્રના અભાવને જોઈને તે જ વખતે આ પ્રમાણે શોક કરવા લાગી કે પૃથ્વીતલને વિષે હું ભાગ્યહીન છું. જે સ્ત્રી હસતાં – બોલતાં – પૃથ્વીપર આળોટતાં અને રુદન કરતાં પુત્રોને પાલન કરે છે તે જ સ્ત્રી ધન્ય છે. ને ઉત્તમ ભાગ્યને ભજનારી છે.

**उत्पतन्निपतद् रिंखन्, हसन् लालावलीं वमन्।**
**कस्याश्चिदेव धन्यायाः, क्रोडमायाति नन्दनः ।।६।।**

કહ્યું છે કે : – કૂદકા મારતો – નીચે પડતો – રીખતો – હસતો – લાળની શ્રેણીને વમન કરતો એવો પુત્ર કોઇક ધન્ય સ્ત્રીના ખોળામાં આવે છે. તે જ પુત્ર પુત્ર છે કે – જે ફક્ત પિતાના કુલને જ નહિ પણ પિતાને કીર્તિને ધર્મને અને ગુણોને વધારે છે. તે પછી હંમેશાં જિનેશ્વર પ્રભુની પૂજાકરતી એવી રાણીને સુરપાલ અને ધરાપાલ નામે બે મનોહર પુત્રો થયા. મનુષ્યોની બધીકલામાં ચતુર – સમાનરૂપવાલા – તે બન્ને ભાઈઓ કુશ અને લવની પેઠે – પ્રીતિથી સંયુક્ત થયા. હંમેશાં ગુરુનીપાસે શસ્ત્ર અને શાસ્ત્રની મનોહર કલાઓ ભણતા એવા તે બન્ને ભાઇ પિતા તથા માતાને હર્ષ આપનારા થયા. કહ્યું છે કે :– વિદ્વાનપણું અને રાજાપણું ક્યારે પણ સરખું નથી. કાગડા અને કાયર પુરુષો પોતાના દેશમાંજ મરણ પામે છે. પિતાએ સુરપાલ અને ધરાપાલને અનુક્રમે ઘણી રાજપુત્રીઓ સુંદરઉત્સવપૂર્વક પરણાવી. માનવાળો – યશવાળો – તેજસ્વી – વિનીત નીતિ ને રીતિવાલો એવો ધરાપાલ સુરપાલ કરતાં સર્વગુણોવડે

શ્રેષ્ઠ થયો.

એક વખત રાત્રિના શેષભાગમાં નિદ્રારહિત રાજપુત્ર ધરાપાલે – જુદા જુદા શિકારીપશુઓથી વ્યાપ્ત ભયંકર વનને જોયું. કોઈક ઠેકાણે ભૂંડોનાં ટોળાંઓ, કોઈક ઠેકાણે હાથીની મોટી ઘટાઓ, ( સમૂહો ) કોઈક ઠેકાણે સિંહનો સંચાર, ઊંચા મનવાલા એવા તેણે ત્યાં જોયો. કોઈક ઠેકાણે ચન્દ્રકાંત રત્ન ને સૂર્યકાંત રત્નમય – ઉત્તમ ધવલમંદિરો મણિ અને સુવર્ણના સમૂહથી ભરેલાં ધરાપાલે જોયાં. વનને જોતાં સુવર્ણમય ધવલઘરને વિષે રાજપુત્રે પદ્માસને બેઠેલા યોગીને જોયા. જેટલામાં ધરાપાલ યોગીને નમસ્કાર કરતો હતો તેટલામાં તે યોગીએ ધ્યાન છોડીને કહ્યું કે હે વત્સ ! તારું સ્વાગત હો. હમણાં મેં તને વિદ્યા આપવા માટે અહીં મંગાવ્યો છે. તે પછી તે યોગીએ તેને શ્રેષ્ઠ રસવતી જમાડી. તેને ઉત્તમ જાણીને તે યોગીરાજે હર્ષવડે રાજપુત્ર ધરાપાલને ખડ્ગસિધ્ધ વિદ્યા આપી. તે પછી નિર્મલ મનવાલો તે યોગી વેગથી શરીરનો ત્યાગ કરી જેટલામાં દેવલોકમાં ગયો. તેટલામાં તે રાજપુત્ર વિસ્મિત થયો. તે વખતે ધરાપાલે તે યોગીને ન જોયો. વનને જોતાં આગળ કૌતુક જોવા માટે તે આદરપૂર્વક ગયો. તે પછી આગળ જતાં અંદરમાં રહેલા બગલાના સ્થાનવાલા કૂવાને જોયો. ને ત્યાં પાણીમાં રહેલા સુંદર આકૃતિવાલા પુરુષને જોયો. તેણે કહ્યું કે હે ધરાપાલ! જો તારી લક્ષ્મીનેમાટે ઇચ્છા હોય તો અહીં આવ. હું તને ગરુડની સિધ્ધિ આપીશ. સાહસ કરીને તેણે જેટલામાં કૂવામાં ઝંપાપાત કર્યો ( ભૂસકો માર્યો ) તેટલામાં તે મોટું સુવર્ણનું પીઠ થયું

તે પછી રાજપુત્ર પોતાના ચિત્તમાં જેટલામાં વિસ્મય પામ્યો. તેટલામાં ત્યાં દેવ આવ્યો. અને તેને આ પ્રમાણે કહ્યું. તારા સાહસથી હું તુષ્ટ થયો છું. તું ઇચ્છા પ્રમાણે વરદાન માંગ. કુમારે કહ્યું કે મને હમણાં સુવર્ણસિધ્ધિ આપો. તે પછી તુષ્ટ થયેલા દેવે મહાત્મા એવા ધરાપાલકુમારને મનોહર એવી સુવર્ણસિધ્ધિ આપી.

ત્યાંથી ધરાપાલે ભ્રમણ કરતાં ગિરિ દુર્ગપુરમાં આવીને વિનયપૂર્વક માતા – પિતા અને ભાઇનાં ચરણોને નમસ્કાર કર્યો. તેમજ પ્રાપ્ત થયેલ સુવર્ણવિદ્યા આદિનો સંપૂર્ણ સંબંધ કહીને પિતાવગેરે સ્વજનોને પણ આનંદ પમાડ્યો. પિતાએ ધરાપાલને ભાગ્યવંત જાણીને સારા ઉત્સવપૂર્વક રાજ્ય આપીને ગુરુપાસે સંયમ ગ્રહણ કર્યો. તે રાજા – મુનિ ( રવિમલ્લ ) સંયમનું પાલન કરતાં શત્રુંજયગિરિઉપર ગયા અને સકલ કર્મનો ક્ષયકરી મોક્ષનગરીમાં પહોચ્યા. ખડ્ગવિદ્યાના પ્રભાવવડે પૃથ્વીને સાધતા અનુક્રમે ધરાપાલે પૃથ્વીના ત્રણખંડને જલ્દી પ્રગટપણે સાધ્યા.

એક વખત તેના દેહમાં ગલત્કુષ્ઠ ( ઝરતો કોઢ ) નામે રોગ થયો. તે પછી તેણે વિવિધ પ્રકારનાં ઔષધો કર્યાં. તો પણ તેને ગુણ ના થયો. તેથી તે પ્રાણો ત્યાગ કરવા માટે મોટી ચિતા કરાવીને કામદેવ સરખો તે કુમાર અગ્નિમાં પેઠો. તે વખતે અકસ્માત વિદ્યાધરે ત્યાં આવીને તેને કહ્યું કે તું શા માટે અગ્નિમાં પ્રવેશ કરીને પ્રાણોને છોડે છે ? તે કહે. તેણે પોતાના રોગનું સ્વરૂપ કહ્યું ત્યારે વિદ્યાધરે કહ્યું કે શ્રી શત્રુંજયગિરિઉપર જિનેશ્વરના સ્નાત્રનું પાણી છે. તે શ્રેષ્ઠ છે. તે પાણીવડે સૂર્યથી અંધકારની જેમ મારા શરીરમાંથી કોઢ રોગ ગયો છે તેથી તે પાણીવડે તું ત્યાં જઇને તારા શરીરનો અભિષેક કર.

શ્રી સિધ્ધગિરિઉપર – તારું શરીર – રોગરહિત ને શોભાસહિત તીર્થના પ્રભાવવડે જલ્દી થશે.

**टङ्कणेन यथाहेम-जलेन लवणं यथा;**
**तथा शत्रुञ्जयस्मृत्या - कर्म्मपङ्कोगलत्यहो ।।१।।**

જેમ ટંકણખારવડે સોનું – પાણીવડે જેમ મીઠું. તેમ શ્રી શત્રુંજયના સ્મરણવડે કર્મરૂપી કાદવ ગલી જાય છે. ધોવાઇ જાય છે.

**तमो यथोष्णरुचिना पुण्येन च दरिद्रता**
**तथा शत्रुञ्जयस्मृत्या विनश्यति कुकर्म तत् ।।३९।।**

જેમ સૂર્ય વડે અંધકાર – પુણ્યવડે દરિદ્રતા – તેમ શત્રુંજયના સ્મરણવડે પાપકર્મ વિનાશ પામે છે.

**कुलिशेन यथा शैलः - सिंहेनेव कुरुङ्गकः ।**
**तथा शत्रुज्जयस्मृत्या - भिद्यते पूर्वकर्म तत् ।।४०।।**

જેમ વજ્રવડે પર્વત – સિંહવડે હરણ – તેમ શત્રુંજયના સ્મરણવડે પૂર્વનાં કર્મ નાશ પામે છે. આ પ્રમાણે વિદ્યાધરે કહેલું સાંભળીને ભાઇ સહિત ધરાપાલ ઘણો સંઘ ભેગો કરીને સારા દિવસે ચાલ્યો. ત્યાં દશ દિવસ રહી મહોત્સવ કરતાં ધરાપાલે મોટો પ્રાસાદ કરાવ્યો. તે પ્રાસાદમાં ધરાપાલે સારા દિવસે ઘણાં ધનનો વ્યય કરીને શ્રી ઋષભદેવપ્રભુની સ્થાપના કરી. પ્રભુની શ્રેષ્ઠપુષ્પોવડે શ્રેષ્ઠરચનાવડે પૂજા કરી શ્રેષ્ઠ ઉદયવાલો રાજા ધ્યાન કરવા માટે બેઠો. અને ત્યાંજ શ્રી ઋષભદેવ પ્રભુનું ધ્યાન કરતાં તે રાજાને લોકાલોકને પ્રકાશ કરનારું કેવલજ્ઞાન ઉત્પન્ન થયું. ત્યાં આવીને દેવોએ ( ઇન્દ્રોએ ) કરેલા સુવર્ણકમલ ઉપર સાધુવેષ ગ્રહણ કરીને ધરાપાલ ( મુનિ ) બેઠા. ઘણા શ્રાવકો બેઠા ત્યારે – દયામાં તત્પર એવા કેવલીએ ધર્મોપદેશ આપવા માટે શરુઆત કરી.

**धर्म्मादाऽऽसाद्यते राज्यं, धर्म्माद् देवत्वमाप्यते**
**धर्म्मादेव शिव प्राप्तिः, धर्म्मः सेव्यस्ततो बुधैः ।।४८।।**
**धर्म्मोमंगलमुत्कृष्टं, धर्म्मः स्वार्गापवर्गदः ।**
**धर्म्मः संसार कान्तारो - ल्लङ्घने मार्गदेशकः ।।४९।।**
**धर्मो मातेव पुष्णाति, धर्म्मः पाति पितेव सः ।**
**प्रीणाति पुत्रवद् धर्म्मः, धर्म्मः स्निह्यति बन्धुवत् ।।५०।।**
**धर्म्मस्य जननी जीव-दया मान्या सुरासुरैः ।**
**तस्मात्तद्वैरिणीं हिंसां, नाद्रियेत सुधीर्नरः ।।५१।।**
**दानं तपो देवपूजा, शीलं सत्यं जपः पुनः**
**सर्वमप्यफलं तस्य, यो हिंसां न परित्यजेत् ।।५२।।**
**कण्टकेनापि संविद्धो, देहो दूयेत निश्चितम् ।**
**तत्कथं शस्त्रसङ्घातै र्हन्यते हि परो जनः ।।५३।।**

दयां विनापि मन्यन्ते, ये धर्म्मं मूर्खशेखराः ।
वन्ध्यायां तनयं तेऽपि, जनयति विसंस्थूलाः ।।५४।।
दयैव हि परो धर्मो, दयैव हि परं श्रुतम् ।
दयां विनाऽखिलो धर्मो, भवेन्निःफल एव तु ।।५५।।
नाद्रियेत कृतघ्नत्व,- माद्रियेत कृतज्ञताम् ।
स्वोपकारिणि धर्म्मे, तदादरं कुरुते भवी ।।५६।।

તે આ પ્રમાણે : – ધર્મથી રાજ્ય પમાય છે. ધર્મથી દેવપણું પમાય છે. ધર્મથીજ મોક્ષની પ્રાપ્તિ થાય છે. તેથી પંડિત પુરુષોએ ધર્મ સેવન કરવા લાયક છે. ધર્મ એ ઉત્કૃષ્ટ મંગલ છે. ધર્મએ સ્વર્ગ અને મોક્ષ આપનારો છે. ધર્મ એ સંસારરૂપી જંગલને ઓળંગવામાં ભોમિયા જેવો છે. ધર્મ એ માતાની જેમ પોષણ કરે છે. ધર્મ એ પિતાની જેમ રક્ષણ કરે છે. ધર્મ એ પુત્રની જેમ ખુશ કરે છે. ધર્મ એ બંધુની જેમ સ્નેહ કરે છે. ધર્મની માતા જીવદયા છે. તે સુર અને અસુરોને માન્ય છે. તેથી તેની શત્રુ એવી હિંસાનો ચતુરપુરુષે આદર કરવો નહિ. જે હિંસાને છોડતા નથી તેના દાન – તપ – દેવપૂજા શીલ સત્ય અને જપ એ સર્વે નિષ્ફલ છે. એક કાંટાવડે પણ વીંધાયેલો દેહ – નિશ્ચે દુઃખ પામે છે. તો કઈ રીતે શસ્ત્રના સમૂહવડે બીજા માણસને હણાય ? જે મૂર્ખ શિરોમણિ દયાવિના પણ ધર્મને માને છે. તે મૂર્ખો વાંઝણી સ્ત્રીને વિષે પુત્ર ઉત્પન્ન કરે છે. દયા એ જ શ્રેષ્ઠ ધર્મ છે. દયા એ શ્રેષ્ઠ જ્ઞાન છે. દયાવિના સર્વે ધર્મો નિષ્ફલ છે.

કૃતઘ્નપણાનો આદર ન કરવો. કૃતજ્ઞપણાનો આદર કરવો જોઈએ. તેથી પ્રાણી પોતાના ઉપકારી ધર્મને વિષે આદર કરે. ઈત્યાદિ ધર્મ સાંભલીને ઘણા ભવ્યજીવોએ સ્વર્ગ અને મોક્ષનાસુખને આપનાર એવા સંયમને ગ્રહણ કર્યો. કેટલાક મનુષ્યોએ હર્ષપૂર્વક જીવરક્ષાથી માંડીને અતિથિનેદાન સુધીના બાર પ્રકારનાં વ્રતવાળા શ્રાવકધર્મનો સ્વીકાર કર્યો. તે કેવલીવડે પ્રતિબોધ કરાયેલા – ઘણા ભવ્યજીવો અનુક્રમે શ્રી શત્રુંજયગિરિ ઉપર સમસ્ત કર્મ ખપાવીને મોક્ષમાં ગયા. ધરાપાલનો પુત્ર ચંદ્ર મંત્રીઓવડે રાજ્ય ઉપર સ્થાપન કરાયો. અને તે નિરંતર ન્યાયમાર્ગવડે પૃથ્વીનું પાલન કરતો હતો. આ બાજુ જિનેશ્વરે કહેલા ધર્મમાં ઘણા ભવ્યજીવોને પ્રતિબોધ પમાડી ધરાપાલ (જ્ઞાની) શ્રી શત્રુંજયગિરિઉપર મોક્ષ પામ્યા. ત્યાં તેમના પુત્ર ચન્દ્રે – શ્રી શાંતિનાથ ભગવાનનું જિનમંદિર કરાવ્યું. અને તે જિનાલયમાં શાંતિનાથ પ્રભુની શ્રેષ્ઠ સુવર્ણમય મૂર્તિ ધરાપાલના પુત્રે અનુક્રમે સારા ઉત્સવપૂર્વક સ્થાપન કરી. એક વખત ચંદ્રે ગુરુપાસે આ પ્રમાણે સમ્યક્ત્વનું શ્રેષ્ઠફલ સાંભલ્યું. પ્રાણીઓને સમ્યક્ત્વથી જ મોક્ષલક્ષ્મી થાય.

सम्यग्दर्शनसंशुद्धः सत्पुमानुच्यते बुधैः ।
सम्यक्त्वेन विनाजीवः पशुरेव न संशयः ।।६५।।
सम्यक्त्वं यस्य जीवस्य-हस्ते चिन्तामणिर्भवेत्
कल्पवृक्षो गृहे तस्य - कामगव्यनुगामिनी ।।६६।।
सम्यक्त्वालङ्कृतो यस्तु-मुक्तिश्रीस्तं वरिष्यति ।
स्वर्गश्रीः स्वयमायाति-राज्यलक्ष्मीः सखी-भवेत् ।।६७।।

પંડિતો – સમ્યક્ત્વદર્શનથી શુધ્ધ હોય તેને સત્પુરુષ કહે છે. સમ્યક્ત્વ વગરનો જીવ નિશ્ચે પશુ છે. તેમાં સંશય નથી. જે જીવને સમ્યક્ત્વ હોય છે તેના હાથમાં ચિંતામણિ રત્ન હોય છે. તેના ઘરમાં કલ્પવૃક્ષ છે. અને કામધેનુગાય તેની પાછળ જનારી છે. જે સમ્યક્ત્વથી અલંકૃત હોય તેને મુક્તિરૂપી લક્ષ્મી વરશે. એની પાસે સ્વર્ગની લક્ષ્મી પોતાની જાતે આવશે. અને રાજ્યલક્ષ્મી તેની સખી થાય છે. આ પ્રમાણે સમ્યક્ત્વનું માહાત્મ્ય સાંભળીને ચંદ્રરાજાએ મુક્તિગમનને ઉચિત એવું પુણ્ય વેગથી ઉપાર્જન કર્યું. મરણ પામીને પહેલાં સ્વર્ગમાં જઈને લક્ષ્મીપુરી નગરીમાં ભીમરાજાનો જિનધર્મને કરનારો મદન નામે પુત્ર થયો. અનુક્રમે શ્રી શત્રુંજયઉપર જઈને શ્રી ઋષભદેવપ્રભુની આગળ ધ્યાન કરતાં સર્વકર્મ અને આયુષ્યનો ક્ષય થવાથી મોક્ષ પામ્યા.

**શ્રી શત્રુંજયમાં ધરાપાલ વગેરે રાજાઓનો મુક્તિગમન સંબંધ સંપૂર્ણ.**

# નીલપુત્રનો – સંબંધ

રાયણવૃક્ષની નીચે દેવોવડે સેવાયેલા શ્રી ઋષભદેવ સ્વામી પૃથ્વીને પવિત્ર કરતાં શ્રી સિધ્ધગિરિઉપર સમવસર્યા, બીજા ગણધર શ્રી ચંદ્રસેન ઘણા સાધુઓ સહિત તે તીર્થમાં તીર્થને અને જિનેશ્વરોને નમસ્કાર કરવા માટે આવ્યા, સુંદરી વગેરે ઘણાં સાધ્વીઓ ઘણાં સાધ્વીઓથી સેવાયેલા દેદીપ્યમાન ભાવથી તીર્થને નમસ્કાર કરવા માટે આવ્યાં.

એક વખત શ્રી ઋષભદેવને નમસ્કાર કરીને ચંદ્રસેન નામના ગણધરે કહ્યું કે – હે ભગવન ! આ તીર્થનું માહાત્મ્ય કહો. તે વખતે પ્રભુએ યોજનગામિની મધુરવાણીવડે ગણધરની આગળ આ પ્રમાણે તીર્થનું માહાત્મ્ય કહ્યું. જેની ઉપર ચઢેલાં પ્રાણીઓવડે અત્યંત દુર્લભ એવો ( લોકાગ્ર ) મોક્ષ પ્રાપ્ત કરાય છે. પમાય છે. તે આ તીર્થનો સ્વામી શાશ્વતગિરિ છે.. આ તીર્થ અનાદિતીર્થ છે. અહીં તીર્થંકરો અને અનંત મુનિઓ પોતાનાં કર્મોને ખપાવી ને સિદ્ધ થયા છે.

અહીંયાં જે પક્ષીઓ છે અને બીજાં પણ ક્ષુદ્ર એવાં હિંસક પ્રાણીઓ છે તેઓ ઉત્તમ એવા ત્રણભવે સિધ્ધ થશે. અભવ્ય અને પાપીજીવો આ પર્વતને જોઈ શકતાં નથી. રાજ્યઆદિ પામે છે. પણ આ તીર્થને પામતાં નથી. તીર્થંકરો મોક્ષમાં ગયે છતે અને કેવલજ્ઞાન નષ્ટ થાય ત્યારે પૃથ્વીતલમાં આ તીર્થ સાંભળવાથી ને કીર્તનકરવાથી લોકોને તારનાર છે. આ દુઃષમા નામના કાલને વિષે કેવલજ્ઞાન ચાલી ગયે છતે ધર્મ પણ વિસંસ્થૂલ થયે છતે આ તીર્થ જગતને હિતકારી છે. અહીં અરિહંતોની સ્તુતિ પુષ્પ અને અક્ષત આદિથી કરાયેલી પૂજા સંસારપર્યંત કરેલાં પ્રાણીઓનાં પાપને

દૂર કરે છે. જેથી કહ્યું છે કે : – અરિહંતોનીપૂજા ગુરુનીભક્તિ – શત્રુંજયનું સેવન – ચતુર્વિધ સંઘનો સંગમ આ પુણ્યવડે થાય છે. જેઓએ અહી હર્ષપૂર્વક વસ્ત્ર – ભોજન આપવા વગેરેવડે ગુરુઓનું સન્માન કર્યું. તેઓ સ્વર્ગ અને મોક્ષની સંપતિ પામશે. કહ્યું છે કે : શત્રુંજયપર્વતઉપર ગુરુને વસ્ત્ર – અન્ન – પાણી વગેરે આપવાથી આ લોક અને પરલોકમાં માણસો સુખથી યુક્ત થયા છે. જે પ્રાણીના મસ્તકઉપર સંઘના ચરણની રજ સ્પર્શ કરે છે. આશ્ચર્ય છે કે પવિત્ર એવા તેને તીર્થની સેવાનું ફલ થાય છે.

જેઓ શ્રી શત્રુંજયઆદિ તીર્થોમાં પ્રાસાદો અને પ્રતિમાઓને કરાવે છે તેનું પુણ્ય તો જ્ઞાનીઓજ જાણે છે. જેઓ જિનેશ્વરના ધાસના આવાસોને પણ કરાવે છે. તેઓ દેવલોકમાં અખંડિત વિમાનોને મેળવે છે. આ પ્રમાણે ગણધરના મુખેથી સાંભળીને ત્યાં લોકો જિનેશ્વરની પાસે કહેવા લાગ્યા કે અમે આ તીર્થને ( પ્રતિ વર્ષે )વર્ષે વર્ષે નમસ્કાર કરીશું.

તે વખતે ત્યાં મહીશાન નગરીનો ધનનામે રાજા ઘણા સંઘ સહિત તીર્થના દેવોને નમસ્કાર કરવા માટે આવ્યો. તે રાજાએ મુખ્યપ્રાસાદમાં પ્રથમ જિનેશ્વરની શ્રેષ્ઠપુષ્પોવડે પૂજા કરીને મનોહર એવી સ્તુતિ કરી. તે પછી જિનેશ્વરની પાસે જઈને રાજા જ્યારે ધર્મ સાંભલવા માટે બેઠો ત્યારે જિનેશ્વરે આ પ્રમાણે કહ્યું.

**निद्रान्ते परमेष्ठिसंस्मृतिरथो देवार्चनव्यापृतिः ।**
**साधुभ्यः प्रणतिः प्रमादविरतिः सिध्दान्ततत्त्वश्रुतिः ।**
**सर्वस्योपकृतिः शुचिव्यवहृतिः सत्पात्रदाने रतिः ।**
**श्रेयो निर्मल धर्मकर्मनिरतिः श्लाध्या नराणां स्थितिः ।।२३।।**

નિદ્રાને અંતે પંચપરમેષ્ઠિનું સ્મરણ, દેવપૂજાનો વ્યાપાર ( કાર્ય ) સાધુઓને નમસ્કાર – પ્રમાદનો ત્યાગ – સિધ્ધાંતના તત્વને સાંભલવું. સર્વેને ઉપકાર કરવો, પવિત્ર વ્યવહાર રાખવો. ઉત્તમ પાત્રના દાનમાં પ્રેમ. કલ્યાણકારી અને નિર્મલ – ધર્મ કાર્યમાં પ્રેમ, એવી મનુષ્યોની સ્થિતિ વખાણવા લાયક છે.

**पादमायान्निधिं कुर्यात् - पादं वित्ताय घटयेत् ।**
**धर्मोपभोगयोः पादं - पादं भर्त्तव्यपोषणे ।।२४।।**
**दिनेदिने मङ्गलमञ्जुलाली - सुसंपदः सौख्य परंपरा च ।**
**इष्टार्थ सिध्दिर्बहुला च बुध्दिः - सर्वत्र वृध्दिः सृजतां च धर्मः ।।२५।।**
**कृत्वापाप सहस्त्राणि, हत्वा जन्तु शतानि च ।**
**इदंतीर्थं समासाद्य, तिर्यञ्चोऽपि दिवंगताः ।।२६।।**
**शत्रुञ्जयेजिने दृष्टे, दुर्गतिव्दितयं क्षिपेत् ।**
**सागराणां सहस्त्रंच, पूजा-स्नात्रविधानतः ।।२७।।**
**छट्ठेण भत्तेणं अपाणएणंतु सत्त जत्ताओ ।**
**जो कुणइ सित्तुंजे, सो तइयभवे लहइ मोक्खं ।।१।।**

**जो गुणइ लक्खमेगं, पूयइ विहिइं च जिणनमुक्कारं।**
**तित्थयरनामगोयं, सो बंधइ नत्थिसंदेहो ।।२।।**

કમાણી હોય તેનો ચોથોભાગ ( ભંડાર ) નિધાન કરવો. ચોથોભાગ વ્યાપારમાં જોડવો. ચોથો ભાગ ધર્મ અને ઉપભોગમાં જોડવો. ને ચોથો ભાગ – ભરણપોષણ કરવા લાયકના પોષણમાં વાપરવો. દિવસે દિવસે મંગલોની સુંદર શ્રેણી – ઉત્તમ સંપદાઓ –સૌખ્યની પરંપરા – ઈચ્છિત અર્થની સિધ્ધિ, ઘણી બુધ્ધિ અને સર્વ ઠેકાણે વૃધ્ધિ જેનાથી થાય છે. તે ધર્મ કરો. હજારો પાપ કરી – સેંકડો જીવોને મારી – આ તીર્થને પામી તિર્યંચો પણ દેવલોકમાં ગયાં છે. શ્રી શત્રુંજયગિરિવર અને જિનેશ્વરનું દર્શન કરવાથી બે દુર્ગતિનો ક્ષય કરે છે. અને પૂજા – સ્નાત્ર કરવાથી એક હજાર સાગરોપમનાં પાપ નાશ પામે છે. જે જીવ – પાણી વગરના (ચોવીહારા) છઠ્ઠવડે શ્રી શત્રુંજયગિરિઉપર સાત જાત્રાઓ કરે છે. તે ત્રીજા ભવમાં મોક્ષ પામે છે. જે જીવ જિનેશ્વરના એક લાખ નમસ્કાર ગણે છે. (નવકાર મંત્ર ગણે છે.) ને વિધિપૂર્વક પૂજા કરે છે તે તીર્થંકર નામગોત્ર બાંધે છે. તેમાં સંદેહ નથી. આ પ્રમાણે સાંભળી ઘણાં ભવ્યજીવોને નિરંતર છઠ્ઠઆદિ તપકરતાં પંચમ કેવલજ્ઞાન થયું અને તે પછી મોક્ષ પામ્યા. કેટલાક જીવો બીજા ભવમાં સર્વાર્થસિધ્ધ વિમાનમાં જઈને મનુષ્યજન્મપામીને મોક્ષમાં જશે. તેમાં સંશય નથી. આ રાયણના (વૃક્ષના) તળિયામાં ધ્યાન કરતાં અસંખ્યાતા જીવો પરમપદ પામે છે. પામ્યા છે. ને પામશે. આ પ્રમાણે સાંભળીને ધનરાજાએ તે રાયણને લાજવડે– ડાંગરવડે જેટલામાં વધાવી તેટલામાં તે રાયણે સંઘપતિની ઉપર પ્રગટપણે દૂધની વૃષ્ટિ કરી. તે વખતે ઘણાં સાધ્વીઓએ પણ કેવલજ્ઞાન પામી અનંતસુખને આપનારા મોક્ષને અલંકૃત કર્યું. તે પછી ઘણા મુનિઓ અને દેવોથી આશ્રય કરાયેલા શ્રી ઋષભદેવપ્રભુએ ભવ્યજીવોને પ્રતિબોધ કરવા માટે વિહાર કર્યો. એક વખત પ્રથમ ચક્રવર્તિએ કમલાચાર્યપાસે જિનેશ્વરે કહેલો જીવદયામય ધર્મ સાંભલ્યો. તે આ પ્રમાણે – શત્રુમર્દનરાજાની આગળ એક વખત – આદરથી શ્રુતશેખરસૂરીશ્વરે ધર્મદેશના આપી.

**यो दृष्टोदुरितं हन्ति, प्रणतो दुर्गतिद्वयम्।**
**सङ्घेशार्हन्त्यपदकृत्, स जीयात् विमलाचलः ।।३६।।**
**यस्मिन्नदीपयोमृत्स्ना-वृक्षाद्यौषधयोऽखिलाः ।**
**रोगादिव्याधिहन्त्र्यः स्युः, श्रियो दात्र्यः पदे पदे ।।३७।।**
**यत :- शत्रुञ्जयनदीमृत्स्ना, स्पृष्टारोगापहा स्मृता :।**
**कादम्बौषधिमि ध्मार्ता :, प्राप्नुवन्तिच हेमताम् ।।३८।।**
**तस्यातीर द्रुमफलान्या स्वदन्ति नराश्च ये।**
**एतत्पयोऽपि नियमा - दामासावधि ये पपु : ।।३९।।**
**ते वातपित्त कुष्ठादि, रोगान् जित्वैव हेलया।**
**स्वं वपुस्तस्र हेमामं, प्राप्नुवन्ति सकान्तिमत् ।।४०।।**
**यज्जल स्नानतो यान्ति, पापान्यपि शरीरत :।**
**का कथा वात पित्तादे - र्यदसाध्यस्यागदैरपि ।।४१।।**

**सर्वतीर्थफलावाप्ति-प्रतिभूरियमङ्गिनाम्।**
**सर्वपापहरः स्पर्शा-दपि शत्रुञ्जयानदी।।४२।।**
**यस्या नद्याः पयः स्पर्शाद्-गदस्य चाम्बुपानतः।**
**लेभिरे सुखसङ्घातं शान्तनक्ष्मापसूनुवत्।।४३।।**

જે વિમલગિરિ દર્શન કરવા માત્રથી પાપને હણે છે. અને નમસ્કાર કરવાથી બે દુર્ગતિને હણે છે. તે સંઘપતિ અને અરિહંતપદને કરનારો તે વિમલગિરિ જય પામો. તે તીર્થમાં નદીનું પાણી – માટી – વૃક્ષ આદિ ઔષધિ સઘળાં રોગ આદિ વ્યાધિને હણનારી છે. અને પગલે પગલે લક્ષ્મી આપનારી છે. કહ્યું છે કે :–સ્પર્શ કરાયેલી શત્રુંજયા નદીનીમાટી રોગને હરણ કરનારી કહી છે. અને કદંબની ઔષધિઓવડે ધમણ કરાયેલી સુવર્ણપણાને પામે છે. તે નદીના કિનારાનાં વૃક્ષનાં ફલો જે મનુષ્યો ખાય છે. અને જેઓ તેનું પાણી નિયમથી એક મહિના સુધી પીએ છે. તેઓ વાત – પિત્ત – અને કોઢઆદિ રોગોને રમતમાત્રમાં જીતીને પોતાના શરીરને તપાવેલા સોનાજેવું ઉત્તમકાંતિવાલું બનાવે છે.

જેના પાણીના સ્નાનથી શરીરમાંથી પાપ પણ ચાલી જાય છે. તો પછી ઔષધવડે પણ અસાધ્ય એવા વાત –પિત્ત આદિ રોગોની શી વાત કરવી ? સર્વતીર્થના ફલની પ્રાપ્તિની ખાત્રીરૂપ – આ શત્રુંજયાનદીનો સ્પર્શ પણ પ્રાણીઓનાં સર્વ પાપને હરણ કરનારો છે. જે નદીના પાણીના સ્પર્શથી અને પાણી પીવાથી શાન્તનરાજાના પુત્રની પેઠે રોગનોનાશ અને સુખનોસમૂહ – પામે છે.

શ્રીપુર નગરમાં શાન્તનરાજાને શીલપ્રિયા નામની સ્ત્રી હતી . તેને આજે સ્વપ્નમાં ( મેલો ) ધુસર અગ્નિ જોઈને પતિની આગળ કહ્યું.પછી તેણીએ કૃષ્ણકાંતિવાલા નીલનામનાપુત્રને જન્મ આપ્યો. અને તે વખતે રાજાનું હાથીસૈન્ય વિનાશ પામ્યું. ખરાબ સ્વપ્નોથી સૂચિત – મહાનીલ – કાલ અને મહાકાલનામના બીજા પુત્રો અનુક્રમે થયા. ત્યારે રાજાનું અશ્વ સૈન્ય – ધન અને મંત્રી વગેરે મરણ પામ્યા. ઓચિંતા શત્રુના સૈન્યવડે તેના નગરને ઘેરો ઘલાયો. નાશ પામ્યો છે કોષ – ભંડાર જેનો એવો તે શાન્તનરાજા પત્ની ને પુત્રસહિત રાત્રિમાં નાસીને ગુપ્તપણે કોઈ નગરમાં ગયો. ચારે પુત્રો સાતેવ્યસનથી વ્યાપ્ત છે ચિત્ત જેનું એવા જરાપણ ધર્મને કરતાં નથી. ને હંમેશાં પાપ કરે. છે. કહ્યુ છે કે :–

**द्यूत मांसं सुरावेश्या-चौर्य पापर्द्धिसेवनम्।**
**परस्त्रीषु रतिः सप्तव्यसनी दुःखदा ह्यसौ।।१।।**
**द्यूतात् सर्वाणि जायन्ते, व्यसनानि पराण्यपि।**
**लोकद्वयाहितकरं, तस्माद्द्यूतं त्यजेद्बुधः।।५०।।**
**द्यूतेनापयशो धर्म-बन्धुवर्गकुलक्षयः।**
**भवेत् तैरश्चनरकगति दुःखौघदायिनी।।५१।।**

**गोमायुश्च पिशाचास्ते ज्ञेयानरकगामिनः ।**
**जिह्वास्वादरसान्मांसं ये यदश्नन्ति दुर्धियः ।।५२।।**
**ते गत्वा नरके छेद - भेद कुम्भ्यादिपाकजाम्।**
**वेदनां दुःशकां बाढं - सहन्ते बहुकालतः ।।५३।।**

જુગાર – માંસ – મદિરા – વેશ્યા – ચોરી – શિકારનું સેવન – પરસ્ત્રીમાંપ્રીતિ આ સાત વ્યસનો દુઃખ આપનારાં છે. જુગારથી બીજાં સર્વવ્યસનો થાય છે. તેથી ડાહ્યા માણસે બન્ને લોકને નુકસાન કરનારા જુગારનો ત્યાગ કરવો જોઇએ. જુગારવડે અપયશ થાય છે. ધર્મ બંધુવર્ગ અને કુલનો ક્ષય થાય છે. તેમ જ દુઃખના સમૂહને આપનાર – તિર્યંચ અને નરકગતિ થાય છે. જે દુર્બુધ્ધિવાલા જીભના સ્વાદના રસથી માંસને ખાય છે તેઓને શિયાળ અને પિશાચો જાણવા. અને નરકગામી જાણવા. તે જીવો નરકમાં જઇને છેદન – ભેદન અને કુંભીપાક આદિ દુઃખેકરીને સહન કરી શકાય એવી ગાઢ વેદનાને લાંબાકાળ સુધી સહન કરે છે.

ખરાબ રૂપવાલા – ખરાબ બુધ્ધિવાલા અને ખરાબ સંસર્ગમાં તત્પર એવા તે પુત્રો વક્રસ્થાનમાં રહેલા કુગ્રહની જેમ રાજાને છોડતા નથી. તે કુપુત્રોની સાથે રાજા એક નગરમાંથી બીજા નગરમાં ભ્રમણ કરતો કોઇ દેશમાં જરાપણ સ્થાન પામતો નથી.કોઇ રીતે પુત્રસહિત સ્ત્રીનેઠગીને આત્મઘાત કરી આયુષ્યના અંતને હું કરીશ. એમ વિચારીને ભૃગુપાત કરવા માટે શાન્તનરાજા મહાશૈલનામના પર્વતઉપર ચઢયો. અને ત્યાં ઉત્તમ જિનમંદિર જોયું. પ્રાણના પ્રયાણમાં ( ત્યાગમાં ) ભાથાને ઇચ્છતો તે રાજા સુખનેમાટે કુટુંબસહિત તે વખતે સંપ્રતિજિનેશ્વરના ચૈત્યમાં ગયો.

અરિહંતનાં ચરણોને ભક્તિથી નમસ્કાર કરીને નમસ્કાર કરતાં એવા શ્રેષ્ઠ માણસને સર્વ કુટુંબ સહિત – શાન્તન રાજાએ જોયો. તેને જોવાથી ઉત્પન્ન થઇ છે સુંદર ભાવના જેને એવા ( શાન્તન ) રાજાએ તત્વથી જિન અને આત્માનું ઐક્યકરતાં જિનેશ્વરને નમસ્કાર કર્યા. કહયું છે કેઃ–

**अल्पापि मनः शुद्धया, जिनभक्तिर्विनिर्मिता।**
**इहलोकेऽपि यत्सात - दायिनी परलोकवत्।।६१।।**

મનની શુધ્ધિથી કરેલી અલ્પ એવી પણ જિનભક્તિ પરલોકની પેઠે આલોકમાં પણ સુખ આપનારી થાય છે. પૂર્વે આવેલ માણસે કહયું કે હું જિનેશ્વરનો સેવક શેષનાગ ( ધરણેન્દ્ર ) છું. તારી જિનભક્તિથી હું તારાપર તુષ્ટ થયો છું. તું ઇચ્છિત વરદાન માંગ. તે પછી રાજાએ કહયું કે હે શેષનાગ ! તમારાં દર્શનથી હું હર્ષ પામ્યો છું. મારા હાથમાં બધી સંપત્તિઓ આવી છે. મારા પુત્રો ઉત્પન્ન થયા ત્યારે શરુઆતમાં જ હાથી વગેરે સર્વ સંપત્તિઓનો નાશ કેમ થયો? તે પ્રસન્ન થઇને કહો . ધરણેન્દ્રે કહયું કે તું પલ્લીમાં કમલ નામે ભિલ્લ હતો. તે ક્રૂરચિત્તવાલો અશુભ ધ્યાનનો આધાર – અને પ્રાણીઓના સમૂહનો નાશ કરનારો હતો. એક વખત વનમાં જીવોની હિંસા કરતાં એવા તેણે કાયોત્સર્ગમાં રહેલા મુનિને જોઇને પૂછયું કે આપે અહીંથી જતા એવા હરણને જોયો છે કે નહિ? દયાળુઆત્મા એવા તે મુનિ કહે

છે કે જે જુએ છે તે બોલતી નથી અને જે બોલે છે તે જોતી નથી, હું કઇ રીતે બોલું ? તે તું કહે. તે પછી રોષ પામેલા તે ભિલ્લે મુનિને બાણોવડે હણ્યા. નમસ્કારનું સ્મરણ કરતાં એવા તે મુનિએ એકદમ પરલોકની સાધના કરી. તે પછી ભિલ્લે આગળ જતાં ને સિંહને જોઇને દોડતો તે સિંહવડે હણાયેલો પર્વતના શિખરની જેમ પૃથ્વીપર પડ્યો. મેં આજે પાપ વગરના અને અપરાધ વગરના ઉત્તમમુનિનો ઘાત કર્યો, તેનું આ ફલ આવ્યું છે. એ પ્રમાણે ભિલ્લ પોતાના મનમાં વિચારવા લાગ્યો. તે સાધુના ઘાતથી ઉત્પન્ન થયેલા પાપથી મરીને સાતમી નરકમાં ગયો. અને ત્યાં ૩૩ – સાગરોપમ સુધી દુઃખોને સહન કરતો હતો. ત્યાંથી નીકળીને સિંહ આદિ ઘણા ભવોમાં ભ્રમણ કરતો અનુક્રમે તે ભિલ્લનો જીવ તીવ્ર દુઃખના સમૂહના ઘરસરખી નરકમાં ગયો અંતે યાદ આવેલ મુનિના વધથી કરેલી છે પાપની નિંદા જેણે એવો તે નરકમાંથી નીકળીને તારો નીલ નામે પુત્ર થયો. કહ્યું છે કે :– જીવો પોતે કરેલા પાપની નિંદા અને ગર્હા કરવાથી પ્રાણીઓ પાપ રહિત થાય છે. અને સ્વર્ગને ભજનારા થાય છે. તારા આ પુત્રે ભિલ્લના ભવમાં મુનિનો વધ કરવાથી જે કર્મ ઉપાર્જન કર્યું, તે કર્મની અંતે પોતાની જાતે વેગપૂર્વક તરત નિંદા કરી. હે રાજન્ ! જે કારણથી – પુણ્યથી તારા કુલમાં નીલનામે પુત્ર થયો. અને પુત્રના બાકી રહેલા પાપવડે દુઃખ આવ્યું.

**નીલ પુત્રનો સંબંધ સંપૂર્ણ**

## બીજા મહાનીલ પુત્રનો સંબંધ

કંકાપુરી નગરીમાં ભીમરાજાને ધન નામે સેવક હતો. તે પોતાના ગામમાં જતો મંત્રીઓને હણવા ઇચ્છે છે. દારિદ્રથી હણાયેલો એક વખત જમતા એવા ધનને અન્નમાંથી અસારને તજતો જોઇને પત્નીએ તે વખતે આ પ્રમાણે કહ્યું. હે પતિ તમે જેવા પ્રકારનું ધાન્ય ઘરમાં લાવ્યા છો. તેવા પ્રકારનું રાંધ્યું છે. તમે તેમાં નાક શા માટે મરડો છો ? એ સાંભળીને ક્રોધ પામેલા ધને મોટા ઢેફાવડે સ્ત્રીને તેવી રીતે પ્રહાર કર્યો, જેથી તે મૂર્છા પામેલી મરણને પામી. ધનવડે હણાયેલી પત્નીને જાણીને રાજાના સેવકો તેને બાંધીને રાજાની પાસે લઇ ગયા અને સ્ત્રીનો વધ કહયો. રાજાના આદેશથી કોટવાલવડે શૂલિપર આરોપણ કરાયેલો ધન મુનિએ આપેલા નમસ્કારને એકાગ્રચિત્તથી યાદ કરવા લાગ્યો. પૂર્વે બાંધેલાં કુકર્મોના યોગે તે છઠ્ઠી નરકમાં જઇને નમસ્કારના સ્મરણથી તમારો મહાનીલ નામનો પુત્ર થયો. કહ્યું છે કે શરણવગરની હંમેશાં બીકણ – એવી સ્ત્રીનો ઘાત ન કરવો જોઇએ. કારણકે કોપ પામેલી તે બન્ને લોકના ઘાત માટે થાય છે.

**બીજા મહાનીલ પુત્રનો સંબંધ – સંપૂર્ણ.**

# ત્રીજા કાલ પુત્રનો સંબંધ

ધર્મ નામના નગરમાં ધીર શેઠનો કામાંધ એવો હરપુત્ર બળાત્કારે અથવા દ્રવ્યથી કોઇ પણ સ્ત્રીને સેવે છે. ધન અને યૌવનના ગર્વવડે ગુરુ અને દેવની નિંદા કરનારો – ધર્મનો ઘાત કરનારો, માતા–પિતાની આજ્ઞાને જરાપણ માનતો નથી. ગુરુ દેવ અને પિતૃઓની નિરંતર નિંદા કરતો ક્રૂરચિત્તવાલો હર મરીને પાપથી ચંડાલ થયો. ત્યાંથી મરીને નરકમાં ગયો. ત્યાંથી વનમાં વાઘ થયો. અને ત્યાંથી ઘણાં દુ:ખના સમૂહનું પાત્ર નારકી થયો. કહ્યું છે કે દેવનીનિંદામાં તત્પર હોય તેને બોધિબીજ થતું નથી. ( તેને ) મોક્ષ નથી. સ્વર્ગ નથી. કુશલ નથી – શુધ્ધદ્રવ્યની પ્રાપ્તિ નથી. જિનેશ્વરની નિંદાવડે મૂંગાપણું – બોબડાપણું – લૂતારોગ – કોઢઆદિ દોષથી ઉત્પન્ન થયેલા મુખના સડસઠ રોગો થાય છે.

અપયશ – અકાલમરણ – દુ:ખ – મુખનું દુર્ગંધિપણું – કરોળિયા વગેરે દોષો ગુરુની નિંદાવડે થાય છે. ધર્મીજનોની નિંદા કરનારો પ્રાણી નરક અને તિર્યંચભવમાં વારંવાર ઉત્પન્ન થાય છે, ને મનુષ્યભવ પામતો નથી. તે ત્રણેની નિંદા કરનારો ભયંકર પાપી છે. તેના સંસર્ગમાત્રથી બીજા પણ મલિન થાય છે. આ પુત્ર અમારા કુલના કલંક માટે થશે એમ વિચારીને તે શેઠે તેને ચોરની જેમ ઘરમાંથી દૂર કાઢ્યો. તે પુત્ર કરોળિયા અને મુખનાપાક (રોગ) વડે વેદનાથી પીડાયેલો મરીને અનુક્રમે તારો આ ત્રીજો કાલ નામે પુત્ર થયો છે.

**ત્રીજા કાલ પુત્રનો સંબંધ સંપૂર્ણ .**

# ચોથા – મહાકાલ નામના પુત્રનો સંબંધ

કુલ્યપુરીમાં મુકુંદ નામનાબ્રાહ્મણને હરિ નામે પુત્ર હતો. યાચનામાં તત્પર એવો તે ભિક્ષાવડે આજીવિકા કરનારો દુ:ખનું પાત્ર હતો. દુ:ખે કરીને ભરીશકાય એવા પેટની પૂર્તિમાટે એકદેશમાંથી બીજા દેશમાં ભમતો સર્વજ્ઞની પૂજા કરનાર કોઇ શ્રાવકના ઘરમાં ચાકર તરીકે આશ્રય પામ્યો. એક વખત તે દિવસના અંતે સર્વજ્ઞના આભૂષણો લઈને ( દેરાસરના દાગીના ચોરીને ) વેચીને તે અધમ બ્રાહ્મણ તે ધનને છાતીપર ધારણ કરવા લાગ્યો. તે બ્રાહ્મણ સાધુનાં ઉપકરણો લઈને

વેચીને વેશ્યામાં આસક્ત અને કામમાં વ્યાકુલ થયેલા તેણે તે ધન વેશ્યાને આપ્યું. તે વખતે એક શ્રાવકે કહ્યું કે ગુરુ અને દેવના ધનને ભોગવવાથી જીવ ભયંકર નરકને પામે છે. અને સંસારને ભજનારો થાય છે.

દેવદ્રવ્ય અને ગુરુદ્રવ્ય સાતકુળને બાળી નાંખે છે. તેલમાં મિશ્રિત એવું ઝેર ખાવું સારું પણ દેવદ્રવ્ય ખાવું સારું નહિ. (૬) દેવદ્રવ્યનો વિનાશ કરવાવડે સાતવાર પ્રથમ નરકમાં જાય અને તે મનુષ્ય પીડાથી વ્યાપ્ત થયેલો તીવ્ર એવાં લાખો દુઃખને પામે છે. જેમ અન્નને વિષે ઝેરનો સંસર્ગ – દૂધમાં જેમ કાંજીનો સંગમ તેવી રીતે પોતાના શુધ્ધ ધનની સાથે મોટેથી ગુરુદ્રવ્યનો સંસર્ગ છે. દેવદ્રવ્ય અને ગુરુદ્રવ્યવડે પ્રાણીને જીવિતની આશા હોય છે તે ધત્તૂરાના રસથી મિશ્રિત એવી સ્વાદ્ય ભોજ્ય પદાર્થોની જેવી જાણ. હે ગૌતમ ! દેવદ્રવ્યના ભક્ષણવડે અને પરસ્ત્રીના ગમનવડે જીવ સાતવાર સાતમી નરકમાં જાય છે..

તે બ્રાહ્મણ બીજાવડે નિષેધ કરવા છતાં પણ દેવ – ગુરુના ધનને હરણ કરતો અટક્યો નહિ. તે પાપથી અનુક્રમે મરણ પામીને નરકમાં ગયો. ત્યાંથી નીકળીને ચંડાલ થઈને ઘણાં પાપો કરીને તે બ્રાહ્મણ નરકમાં ગયો. અને ત્યાંથી સાપ થયો. એક વખત મરણ પામતી વખતે તે મુનિના મુખેથી નવકાર સાંભળીને હમણાં તારો મહાકાલ નામે પુત્ર થયો.

**ચોથા મહાકાલ નામના પુત્રનો સંબંધ સંપૂર્ણ.**

## શ્રી શત્રુંજયા નદીના પ્રભાવઉપર શાન્તનરાજાની કથા

આ તારા પુત્રોના બાકીરહેલા પુણ્યવડે રાજ્યનો આશ્રય કરાયો તેથી અધમ મરણની તું ચિંતા ન કર. શાન્તનરાજાએ કહ્યું કે તે પાપથી મારો છુટકારો કેવીરીતે થશે ? અને તે પાપોથી પુત્રોનો છુટકારો કેવી રીતે થશે ? ગુરુએ કહ્યું કે પુત્રો સાથે તું સિધ્ધગિરિઉપર જા . ત્યાં જતાં તારી અને પુત્રોની પાપમાથી મુક્તિ થશે. શત્રુંજયાનદી શ્રેષ્ઠ છે. તેના પાણીવડે સ્નાન કરીને ભક્તિવડે સર્વપાપોનો નાશ કરવા માટે પ્રભુનું સ્નાત્ર કર. તેના કિનારે રહેલા જિનેશ્વરના પ્રાસાદમાં સૂર્યરાજાએ સ્થાપન કરેલા પ્રથમ જિનેશ્વરની તું નિરંતર પૂજા કર.

તે પાપની શાંતિ માટે ત્યાં વિધિપૂર્વક જિનેશ્વરની નિરંતર પૂજા મન – વચન અને કાયાની શુધ્ધિવડે કરો. અને પ્રાણીઓની રક્ષા કરવી. તે પુત્રો છઠ્ઠ અઠ્ઠમ આદિ તપ કરતાં જિનેશ્વરની પૂજા કરતાં હલુકર્મી થાય છે. અને મોક્ષને ભજનારા થાય છે. શત્રુંજ્યા નદીના પાણીવડે સ્નાનકરીને અને તેનાં પાણીવડે પ્રભુનું સ્નાત્ર કરાવીને છમાસવડે મનુષ્યો રોગ રહિત થાય છે. અને રાજ્યનો આશ્રય કરે છે. સ્નાન કરવાથી પાપકર્મથી મુક્ત – દેવસરખાશરીરવાલા પોતાના રાજ્યને ભોગવનારા અને સર્વજ્ઞના રાજ્યને પણ ભોગવનારા થાય. શ્રી શત્રુંજ્યા નદીના પાણીવડે સ્નાન કરતાં અને જિનેશ્વરને કરાવતાં છમાસને અંતે તમારા પાપની નિશ્ચે મુક્તિ થશે. શેષનાગવડે ( ધરણેન્દ્રવડે ) કહેવાયેલું આ પ્રમાણે સાંભળીને નાગરાજનાં ચરણોને હર્ષવડે નમીને તે પુત્ર અને પ્રિયા સહિત શત્રુંજ્યગિરિ ઉપર ગયો.

શ્રી શત્રુંજ્યા નદીનાકાઠે ઘાસની ઝૂંપડી કરીને પોતે કરેલાં પાપોને છેદવા માટે રાજા ત્યાં કુટુંબસહિત રહ્યો. તેઓ ત્રણે સંધ્યાએ તે નદીના પાણીવડે અરિહંતનું સ્નાત્ર કરતાં ભક્તિવડે જિનેશ્વરને નમસ્કાર કરતાં ને તેના કિનારે રહેલાં વૃક્ષનાં ફળોને ખાતા મહિનાના અંતે બધાપુત્રો રોગ રહિત થયા , તે પછી શેષ નાગવડે કહેવાયેલો રાજા ત્યાં છ મહિના સુધી રહ્યો. છ મહિનાના અંતે યાદ કરાયેલા શેષનાગે આવીને રાજાને વિમાનમાં બેસાડીને તેના નગર તરફ ચાલ્યો. શેષનાગના સાન્નિધ્યથી રાજા સઘળા શત્રુઓનો પરાજય કરી શ્રી જિનેશ્વરની પૂજાપૂર્વક પોતાના રાજ્યપર બેઠો. શાન્તનરાજાએ અનુક્રમે ઘણા સંઘોને ભેગા કરીને ઘણા દ્રવ્યનો વ્યયકરી શ્રીશત્રુંજ્યગિરિઉપર યાત્રા કરી. શ્રી શત્રુંજ્યગિરિઉપર મોટું જિનમંદિર કરાવીને શાન્તનરાજાએ પૃથ્વીને જિનમંદિરોથી અલંકૃત કરી. ચોસઠલાખવર્ષ સુધી રાજ્યસુખ ભોગવીને નીલપુત્રને રાજ્ય આપીને રાજાએ સંયમ ગ્રહણ કર્યું. રાજાની પાછળ ત્રણે પુત્રોએ અને પત્નીએ દીક્ષા લીધી. તે પછી નીલ હંમેશાં ન્યાયમાર્ગવડે પૃથ્વીનું પાલન કરતો હતો. પુત્ર અને પત્ની સહિત શાન્તન ( રાજા) ચારિત્રનું સુખપૂર્વક પાલન કરતાં શત્રુંજ્યગિરિઉપર ગયો. અને ત્યાં એક લાખવર્ષને અંતે તપમાં તત્પર એવો તે અનશન લઈને પાલન કરતાં રાજાવગેરે સર્વકર્મનો ક્ષયકરી મોક્ષ નગરીમાં ગયા. નીલરાજા પણ પોતાના પુત્રને રાજ્ય આપી વ્રતગ્રહણ કરી કર્મનો નાશ કરવા માટે શ્રી શત્રુંજ્ય તીર્થમાં ગયો. ત્યાં તે પણ તીવ્રતપકરતાં કેવલજ્ઞાન પામી – સર્વકર્મનો ક્ષય કરી ( નીલ ) રાજા મોક્ષનગરીમાં ગયો. કહ્યું છે કે :–

**शत्रुञ्जयमहातीर्थे - श्रिता शत्रुञ्जयानदी ।**
**राज्यभ्रष्टस्य राज्यानि, सुखभ्रष्टस्य शर्म च ।।२८।।**
**विद्या भ्रष्टस्य सद्विद्यां, कान्तिं कीर्तिं मतिं श्रियम्**
**स्वर्ग सौख्यानि दत्तेच, सेविता हेलाया ननु ।।२५।।**
**शत्रुञ्जयाश्रिता ये ये, नदीहृदद्रुमादयः ।**
**तेषां मृत्स्नां जलं पत्रं, फलं पुण्यं प्रभावमृत् ।।२६।।**

શ્રી શત્રુંજય મહાતીર્થમાં આશ્રય કરાયેલી શત્રુંજ્યાનદી – રાજ્યથી ભ્રષ્ટ થયેલાને રાજ્ય આપે છે. સુખથી ભ્રષ્ટ થયેલાને સુખ આપે છે. વિદ્યાથી ભ્રષ્ટ થયેલાને સદ્‌વિદ્યા – કાંતિ – કીર્તિ – બુધ્ધિ ને લક્ષ્મી – સેવન કરાયેલી

એવી તે નદી ખરેખર સ્વર્ગનાં સુખોને રમતમાત્રમાં આપે છે. શ્રી શત્રુંજયને આશ્રય કરાયેલાં જે નદી – સરોવર – દ્રહ – ને વૃક્ષ વગેરે અને તેઓની માટી – પાણી – પાંદડાં – ફલને ફૂલ પ્રભાવને ધારણ કરનારાં છે.

**શ્રી શત્રુંજયા નદીના પ્રભાવમાં શ્રી શાન્તનરાજાની કથા સંપૂર્ણ.**

# શ્રી ચંદ્રપ્રભાસ – તીર્થનો સંબંધ –

ઉપરની આ વાત સાંભળીને ચક્રવર્તિ ભરતરાજાએ ઘણા સંઘ સહિત – ઘણા દ્રવ્યનો વ્યય કરી શ્રી શત્રુંજયગિરિ ઉપર ફરીથી યાત્રા કરી. એક વખત ભીમ વગેરે તાપસોએ પ્રભુની આગળ કહ્યું કે અમારો મોક્ષ ક્યાં થશે ? ત્યારે સ્વામીએ આ પ્રમાણે કહ્યું. શ્રી શત્રુંજયગિરિના દેવશિખરઉપર ઉત્તમ તપકરતાં તમારો મોક્ષ થશે. એમાં સંશય નથી. તે પછી તે તાપસો શ્રી શત્રુંજયગિરિઉપર જઇને તે વખતે પ્રભુએ કહેલા સ્થાનમાં ઉત્તમ ધ્યાનયુક્તમનવાલા તેઓએ તીવ્રતપ કર્યું. જેથી તેઓનાં સર્વકર્મનો ક્ષય થવાથી જ્ઞાન અને મોક્ષગતિ થઇ. તે વખતે બીજાં પ્રાણીઓની પણ મુક્તિ થઇ. તે સ્થાન ઉપર – પ્રથમ ચક્રવર્તિએ અરિહંત એવા શ્રી ઋષભદેવનું મોટું મંદિર કરાવીને ત્યાં તેનું "તાપસ " એ પ્રમાણે નામ આપ્યું

એક વખત ચક્રવર્તિએ શ્રી ચંદ્રપ્રભ જિનેશ્વરનું મંદિર કરાવીને ત્યાં તેની શ્રેષ્ઠમૂર્તિ સ્થાપન કરી. હમણાં લોકમાં તે "પ્રભાસ" નામે તીર્થ પ્રસિધ્ધ થયું છે. આજે પણ તે તીર્થનું મોટું માહાત્મ્ય છે. તે ચંદ્રપ્રભાસ નામના તીર્થમાં અત્યંત તીવ્રતપને કરતાં અનેક મુનિઓ મોક્ષમાં ગયા. ઘણાં તાપસો ત્યાં આવીને જિનેશ્વરની દીક્ષા લઇને સઘળાં કર્મ ખપાવીને મુક્તિપુરીમાં ગયા.

**શ્રી ચંદ્રપ્રભાસ તીર્થનો સંબંધ સંપૂર્ણ.**

# શ્રી નેમિનાથ પ્રભુની સ્થાપનાનો સંબંધ

શ્રી ઋષભદેવ જિનેશ્વર ના તીર્થની પાસે થનારા નેમિનાથ ભગવંતના ઉજજયંત નામના શિખરને વિષે દીક્ષા – જ્ઞાન અને મોક્ષપ્રાપ્તિ – સાંભળીને પ્રથમ ચક્રવર્તિએ " કલ્યાણક ત્રિક " નામનો પ્રાસાદ – શ્રેષ્ઠ શિલ્પીઓપાસે તે વખતે કરાવ્યો તે પ્રાસાદ દરેક દિશાએ અગિયાર મંડપોવડે શોભે છે. ચાર દ્વારવાળો તે મોટો પ્રાસાદ બીજા નામથી જે "સુરસુંદર " છે. તે પ્રાસાદ – બલાનકોવડે, ગોખોવડે અને મનોહર તોરણોવડે સર્વત્ર ઉદ્યાનથી મંડિત અત્યંત શોભે છે. તે તીર્થમાં નાગેન્દ્ર – મોર આદિ સાત કુંડો છે. , તેને વિષે અમૃતના રસસરખું પાણી છે. અને ત્યાં મનોહર એવા જુદી જુદી જાતનાં વૃક્ષોવડે વનો શોભે છે, જ્યાં સેંકડો શિખરો છે. અને જ્યાં સુવર્ણઆદિ ધાતુઓ છે. ત્યાં અનેક સુવર્ણરેખા વગેરે નામની શ્રેષ્ઠ નદીઓ અમૃતસરખા પાણીથી ભરેલી છે.

હંસ – કારંડ – હારિત – શુક – સારસ પક્ષીઓ તે તીર્થમાં રહેલાં સ્વર્ગના સુખની ઉપમાવાલાં સુખોને ભજતાં હતાં. હવે શ્રેષ્ઠ આનંદના પૂરથી ભરાયો છે હૃદયનો અંદરનો ભાગ જેનો એવા દેવો શક્તિવડે લવાયેલા ફૂલોવડે તે જિનેશ્વરની પૂજા કરતા હતા. તે શિખરપર દેવોથી સેવાયેલા અનંત જિનેશ્વરો આવેલા છે. અને જ્ઞાનથી શોભતા અસંખ્યાતા બીજા આવશે. તે વખતે બીજા રાજાઓએ પણ શ્રી નેમિનાથ પ્રભુના સુંદર પ્રાસાદો ઘણી લક્ષ્મીનો વ્યય કરી અનુક્રમે કરાવ્યા. તે તે જિન મંદિરોમાં જિનેશ્વરોનું ધ્યાન કરતાં મનુષ્યોને સંપૂર્ણ જ્ઞાન થયું અને મોક્ષ થયો. મુક્તિ પામેલાની સંખ્યા કેવલજ્ઞાની વિના કોઇ ઠેકાણે જાણી શકાતી નથી. આથી આ તીર્થ રાજાઓ અને દેવોને પણ પૂજ્ય છે. ત્યાં ભરતેશ્વરે નેમિનાથ પ્રભુની ભક્તિવડે સ્તુતિ કરી – પૂજા કરીને પ્રભુના મુખને જોતો રહયો. આ તરફ પાંચમા દેવલોકનો સ્વામી બ્રહ્મેન્દ્ર – એક ક્રોડ દેવ સાથે તે વખતે પાંચમા દેવલોકમાંથી નેમિનાથ પ્રભુને નમસ્કાર કરવા માટે આવ્યો. પ્રભુને પ્રણામ કરીને ભરતને વંદન કરીને હર્ષસહિત બ્રહ્મેન્દ્રે કહયું હે ચક્રવર્તિ ! તમે ચિરકાલ જય પામો જેવી રીતે શ્રી ઋષભદેવસ્વામી પ્રથમ તીર્થનાયક છે. તેવી રીતે તમે તીર્થને પ્રકાશ કરનારા પ્રથમ સંઘપતિ છો .

ભરતે કહયું કે – તમે ક્યા સ્થાનકમાંથી શા માટે આવ્યા છો ? તે કહો. ત્યારે એણે કહયું કે હે રાજન્ ! હું બ્રહ્મ દેવલોકનો સ્વામી છું. તમે કરાવેલા નેમિ પ્રભુના ચૈત્યમાં શ્રી નેમિજિનેશ્વરના બિંબને અવધિજ્ઞાનથી જાણીને હે રાજન્ હું નમસ્કાર કરવા માટે આવ્યો છું. ગઇ ઉત્સર્પિણીમાં સાગર નામના અરિહંતની પાસે બ્રહ્મકલ્પના અધિપતિએ પૂછ્યું કે હું ક્યારે મોક્ષ પામીશ ? જિનેશ્વરે કહયું કે – અવસર્પિણીમાં થનારા બાવીશમા અરિહંત શ્રી નેમિનાથના ગણધર થઇને તમે મુક્તિ પામશો. અને તે ઇન્દ્રે પોતાના દેવલોકમાં નેમિનાથ પ્રભુની જે મૂર્તિ બનાવી હતી. તેને લાંબા કાળ સુધી ભક્તિવડે મનોહર દેવતાઇ (દિવ્ય) પુષ્પોવડે પૂજી.

ગિરનાર પર્વતની અંદર સુવર્ણનું બલાનક કરીને તે ઇન્દ્રે પોતાના ચ્યવનના સમયે તેમાં રત્નમય પ્રતિમા સ્થાપન કરી. અને બીજા જિનેશ્વરોની સુવર્ણ – રુપું ને પાષાણમય – મજબૂત પ્રતિમાઓ ત્યાં ઇન્દ્રે મોક્ષની ઇચ્છાથી પોતાના

કલ્યાણ માટે સ્થાપન કરી. તે મૂર્તિ આજે પણ અન્ય ઈન્દ્રોવડે પૂજાય છે. શ્રી નેમિનાથ પ્રભુનાં ત્રણ કલ્યાણકો નિશ્ચે અહીંયાજ થશે.

**શ્રી નેમિનાથ પ્રભુની ( મૂર્તિ ) સ્થાપનાનો સંબંધ સંપૂર્ણ.**

## શ્રી ભરત ચક્રવર્તીનો – ટૂંકો સંબંધ

સુરાષ્ટ્ર દેશનું રક્ષણ કરતાં શક્તિસિંહ રાજાને ત્રણછત્ર આપીને ભરતચક્રવર્તિએ કહ્યું કે સુરાષ્ટ્ર દેશમાં રાજ્ય કરતાં તમારે આ બન્ને તીર્થોનાં વિઘ્નો દૂર કરવાથી રાત્રિ દિવસ રક્ષા કરવી જોઈએ. હાર વગેરે અલંકારોવડે ઘણાં હાથી – ઘોડાને રથોવડે તેમ જ રત્નોવડે ને દ્રવ્યવડે તેને સન્માન કરી શક્તિસિંહરાજાને વિદાય કર્યો. શક્તિસિંહરાજા પુણ્યાનુબંધી પુણ્યને કરતો. જિનેશ્વરની આરાધના કરતો. સર્વપ્રજાનું પાલન કરતો હતો. પછી ચક્રવર્તિ આબુ પર્વતઉપર આવ્યો. અને ત્યાં ચક્રવર્તિએ પુણ્યને માટે અરિહંતોના પ્રાસાદો કરાવ્યા. તે સર્વજ્ઞના જિનમંદિરોમાં ભરતરાજાએ શ્રી આદીશ્વર ભગવંત વગેરેની શ્રેષ્ઠમૂર્તિઓ સ્થાપન કરી. તે પછી ભરતચક્રવર્તિ હંમેશાં ઉત્સવ કરાવતો પ્રવેશ ઉત્સવપૂર્વક અયોધ્યા નગરીમાં આવ્યો. તે આ પ્રમાણે

**भटैर्जयजयाराव मुच्चरद्भिः पुरोगतैः ।**
**गायद्भि र्गायनैर्ग्राम, रामरङ्गपवित्रितम् ।।८।।**
**उच्चारिणीभिर्धवलान्-कुलस्त्रीभिश्च पृष्ठितः ।**
**गणभृद्भिः पुरस्ताच्च - सङ्गतः सुकृतैरिव ।।९।।**
**अनुव्रजन् सर्वशोभा-सङ्गतेऽमी देवतालयम् ।**
**प्रविवेश पुरीं चक्री - समं सङ्घ सुरासुरैः ।।१०।।**

જય જય શબ્દનો ઉચ્ચાર કરતાં એવા આગળ રહેલા ભટોવડે – ગ્રામ – રાગ ને રંગથી પવિત્ર એવા ગાયકો ગાતા હતા ત્યારે પાછળ ધવલ – મંગલનો ઉચ્ચારણ કરતી કુલસ્ત્રીઓવડે ને આગળ પુણ્યની જેવા ગણધરોવડે યુક્ત સર્વ શોભાથી સહિત તે સંઘમાં દેવમંદિરની પાછળ જતાં એવા ચક્રવર્તિએ સંઘ – દેવ અને અસુરો સાથે નગરીમાં પ્રવેશ કર્યો.

નગરની અંદર મુખ્ય તીર્થોમાં ( મંદિરોમાં ) પ્રથમ પ્રભુને નમીને – ગુરુઓને પણ – પહેરામણી કરીને રાજા પોતાના આવાસમાં ગયો. ફરીથી રાજા સો વર્ષને અંતે ઘણા સંઘને ભેગો કરીને યાત્રા કરવા માટે ચાલ્યો. માર્ગમાં દરેક નગરે નગરે ને ગામે ગામે તીર્થંકરની પૂજાકરતો ને દાન આપતો આદરથી જતો હતો. શ્રી સિધ્ધગિરિની નીચેની ભૂમિમાં જઈને પ્રથમ તીર્થંકરની વિસ્તારથી પૂજા કરીને ધ્વજ ચઢાવવાની વિધિ કરી. સારા દિવસે સંઘનાયકે ઘણાં ધનનો વ્યયકરી શ્રેષ્ઠ તિલક કરાવ્યું. ત્યાં તે વખતે રાજાએ આદિનાથ પ્રભુનો શ્રેષ્ઠ પ્રાસાદ કરાવીને શ્રી ઋષભદેવ પ્રભુની સ્થાપના કરી. યાચકોને મોઢે માંગ્યા પ્રમાણે આદરથી દાન આપતો સંઘપતિ એવો રાજા સિધ્ધપર્વતની ઉપર ગયો. ભરતરાજાએ શ્રી આદિનાથ તીર્થંકરના સ્નાત્રપૂજા અને ધ્વજદાન આદિ અનેક કાર્યો કરીને ભાવના ભાવી.. ( કરી), ચક્રવર્તિ તે તે શિખર ઉપર વિસ્તારથી યાત્રા કરીને સંઘ સહિત સારા ઉત્સવપૂર્વક અયોધ્યામાં આવ્યો. એક વખત ફરીથી ચક્રવર્તિ પુંડરીકગિરિની તળેટીની ભૂમિમાં આવીને સંઘ સહિત રહ્યો. ત્યાં મોટું સોપારક નામનું શહેર સ્થાપન કરીને શ્રી ઋષભદેવપ્રભુનો મોટો પ્રાસાદ કર્યો. તે વખતે તેમાં શ્રી આદિનાથપ્રભુની પ્રતિમા સ્થાપન કરીને મહોત્સવ કરતો પર્વતના મુખ્ય શિખરઉપર ચઢયો. સ્નાત્રપૂજા – ધ્વજઆરોપણ – વગેરે અનેક કાર્યો ત્યાં કરીને સંઘપતિ વિનીતા નગરીમાં આવ્યો.

ફરીથી એક વખત સિધ્ધગિરિની નજીકની ભૂમિમાં આવીને ચક્રવર્તી સંઘ સહિત રહયો. અને ત્યાં પોતાના નગરના સરખું – "પારકર " નામે મોટું નગર સ્થાપન કરીને શ્રી ઋષભદેવપ્રભુનું મોટું મંદિર કર્યું. અને તેમાં ચક્રવર્તિએ શ્રી ઋષભદેવપ્રભુની પ્રતિમા સ્થાપન કરીને જલ્દી સિધ્ધગિરિના શિખરઉપર ચઢયો. પ્રથમ ચક્રવર્તિએ ત્યાં વિસ્તારથી પૂજા કરીને ઘણાં ધનનો વ્યયકરતો પોતાની નગરીમાં આવ્યો. ફરીથી શત્રુંજયની નીચે જઈને " ભાકપુર " નામે નગર સ્થાપન કરીને શ્રી ઋષભદેવ પ્રભુનો મોટો આવાસ કરાવ્યો. ત્યાં ઋષભદેવપ્રભુનું મોટું મંદિર કરીને ઘણાં ધનનો વ્યય કરી સુંદર ઉત્સવ પૂર્વક બિંબ સ્થાપન કર્યું. તે શત્રુંજયના શિખરઉપર ચઢીને ચક્રવર્તિએ હર્ષથી પ્રથમપ્રભુનું સ્નાત્ર વિસ્તારપૂર્વક કર્યું. તે પછી આરતિ ને દેદીપ્યમાન મંગલદીવો કરીને ઇન્દ્રમાલા પહેરીને ચક્રવર્તિએ યાત્રા કરી. ગુરુઓને પહેરામણી કરીને ( વહોરાવીને ) યાચકોને મુખ માંગ્યું દાન આપીને ચક્રવર્તિએ ઘણી વિધિ કરી. ને જુદા જુદા ઉત્સવ પૂર્વક પોતાના નગરમાં આવ્યો. એક વખત ઈન્દ્રે અસંખ્ય દેવોની શ્રેણીથી યુક્ત અયોધ્યાની પાસે આવીને શ્રી ઋષભદેભ પ્રભુને હર્ષથી નમસ્કાર કર્યો. ત્યાં ભરતચક્રવર્તિએ શક્રાવતાર નામના તીર્થમાં શ્રી ઋષભદેવ પ્રભુનો પ્રાસાદ ઘણાં ધનનો વ્યય કરી કરાવ્યો. અને ત્યાં શ્રી ઋષભદેવપ્રભુનું રત્નમય બિંબ સ્થાપન કરાવી પ્રથમ ચક્રવર્તિએ હર્ષથી ઉત્તમ ભક્તિવડે શ્રી શત્રુંજયગિરિઉપર ઘણી યાત્રા કરતો ઘણું ધન વાપરવા લાગ્યો.

જે અષ્ટાપદ પર્વતઉપર શ્રી આદિનાથ જિનેશ્વર ઘણા હજાર સાધુઓ સાથે મોક્ષમાં ગયા. ત્યાં ભરતરાજાએ બેઠેલા સિંહના જેવા આકારવાલો અદ્દભુત '' સિંહ નિષધા '' નામનો ચાર દ્વારવાલો સુવર્ણમય પ્રાસાદ કરાવ્યો. અને તેમાં ભરતરાજાએ શ્રી ઋષભદેવપ્રભુથી માંડીને વીરપ્રભુ સુધીના જિનેશ્વરોની – શ્રેષ્ઠપ્રતિમા – માન – પ્રમાણ આદિવાળી સ્થાપન કરી.

**उसभो पंच धणुसय नवपासो सत्त रयणीओ वीरो ।**
**सेसट्ठ पंच अट्ठय पन्ना दस पंच परिहाणी ॥८०॥**

શ્રી ઋષભદેવ જિનેશ્વર ૫૦૦, ધનુષ્ય પ્રમાણવાલા હતા. પાર્શ્વનાથ પ્રભુ – નવ હાથ – વીર ભગવાન સાત હાથ – બાકીના આઠમાં – ૫૦ ધનુષ્યની હાનિ કરવી પાંચ પ્રભુની દશ – દશ ધનુષ્યની હાનિ કરવી, પછી આઠ જિનેશ્વરની પાંચ ધનુષ્યની હાનિ કરવી.

સો ભાઇઓના સો સ્તૂપ જિનેશ્વરથી યુક્ત ચક્રવર્તિએ મોક્ષની પ્રાપ્તિમાટે કરાવ્યા. હવે કાલે કરીને લોકોને લોભી જાણીને પ્રથમ ચક્રવર્તિએ અષ્ટાપદગિરિઉપર તીર્થરક્ષા માટે આ પ્રમાણે પગથિયાં કરાવ્યાં. ચક્રવર્તિએ દંડરત્નવડે એક એક યોજનને અંતે આઠ પગથિયાં તીર્થની ભક્તિથી કર્યાં. ભરતરાજાએ શત્રુંજયગિરિઉપર ઘણા સંઘ સહિત – ઘણા ધનનો વ્યયકરી યાત્રા કરી. જતાં – સૂતાં –ઊભા રહેતાં – ખાતાં – વાત કરતાં ભરતરાજા શ્રી શત્રુંજયતીર્થનું વારંવાર ધ્યાન કરતો હતો. એક વખત સ્નાન કરી પોતાના શરીરઉપર સર્વે આભૂષણો પહેરી – તે આરીસામાં પોતાના શરીરને જોવા લાગ્યો. આભરણોવડે ભૂષિત એવા શ્રેષ્ઠશરીરને વારંવાર જોતો ચક્રવર્તિ વિચારવા લાગ્યો કે આ શરીર સારા પર્વવાળા વૃક્ષની જેમ શોભે છે. તેથી દેહ ઉપરથી મસ્તક વગેરેના આભૂષણોને ઉતારતો દાવાનલથી બળી ગયા હોય એવા પોતાના દેહને ચક્રવર્તિ અનુક્રમે જોતો હતો.

**मौलेर्मौलि मपाकरोत् श्रुतियुगात् सत्कुण्डलं कण्ठतो।**
**निष्कं हारमुरुस्थलाच्च सहसैवांसद्वयादङ्गदे॥**
**चक्री पाणियुगाच्च वीरवलये मुद्रावलीमङ्गुली-**
**वर्गाद्भारमिव प्रशान्तहृदयो वैराग्य भागित्यथ॥८९॥**

કહ્યું છે કે :– મસ્તક ઉપરથી મુગટ દૂર કર્યો. બે કાનમાંથી કુંડલ દૂર કર્યાં. કંઠમાંથી ચકટું દૂર કર્યું, છાતી પરથી હાર દૂર કર્યો. બે ખભા પરથી બે બાજુબંધ દૂર કર્યાં, બે હાથથી શ્રેષ્ઠ વીરવલયો દૂર કર્યાં. આંગળીઓના સમૂહમાંથી ભારની જેમ મુદ્રિકાઓ દૂર કરી. પ્રશાન્ત હૃદયવાલો ચક્રવર્તિ વૈરાગ્યને ભજનારો થયો.

ફાગણ મહિનામાં પાંદડાં – ફલ – પુષ્પ વગરના વૃક્ષની જેમ અલંકાર વગરના શરીરને જોઇને પોતાના મનમાં આ પ્રમાણે યાદ કરવા લાગ્યો.

આ કાયારૂપી – ભીત આભૂષણ રૂપી – શ્રેષ્ઠ વિસ્તારથી ચિત્રાયેલી અનિત્યતારૂપી પાણીથી ભીંજાયેલી અસાર હોવાથી અંદર પડી જાય છે. આશ્ચર્ય છે કે :– પ્રાણીઓને આ શરીરનો મોહ અત્યંત દુસ્સહ છે.. વાયુથી ચલાયમાન પડતાં પાકાં પાંદડાંની જેમ શરીરની કાંતિ છે. પ્રાણીઓના શરીરમાં આ ચામડી એજ સાર રૂપ છે. જે ચંદનરસવડે વિલેપન કરવા છતાં પણ પોતાની ચીકાશને ( મલિનતાને ) છોડતું નથી. જેને માટે દુષ્કર્મવડે પ્રેરાયેલો લોક પાપ કરે છે. તે દેહ કમલપત્રમાં રહેલાં બિન્દુની જેમ ચલાયમાન છે. શૃંગારરસથી વ્યાપ્ત દુર્ગંધી એવી સંસારરૂપી ખાળને વિષે જાણવા છતાં પણ ખાડાના ડુક્કરની જેમ ડૂબે છે.

૬૦ હજાર વર્ષસુધી – પૃથ્વીતલમાં વારંવાર ભ્રમણ કરતાં આ કલેવરને માટે ધિક્કાર છે કે – મારાવડે અકાર્ય કરાયું. વીર એવો તે બાહુબલી ધન્ય છે. બીજા ભાઈઓ પણ ધન્ય છે. જેઓએ સારાયે સંસારનો ત્યાગ કરીને મોક્ષને પામ્યા.

**राज्यं चलाचलं प्राज्यं, यौवनं च पतापतम् ।**
**लक्ष्मीश्चरा चरायत्र, भवे तत्र स्थिरं कथम् ।।५८।।**
**मातापिता कलत्राणि, बान्धवा पुत्रसम्पदः**
**जन्तूनां भवकूपान्तः, पततां कोऽपि नाऽविता ।।५९।।**
**अनित्यमारोग्यमनित्ययौवनं, विभूतयोजीवितमप्यनित्यम् ।**
**अनित्यताभिप्रहतस्य जन्तोः, कथंरति कामगुणेषु जायते? ।।६०।।**

જે સંસારમાં રાજ્ય ચલાચલ છે. મોટું યૌવન પતાપત છે. લક્ષ્મી પણ ચરાચર છે. તે સંસારમાં સ્થિર શું ? માતા– પિતા સ્ત્રી – બાંધવો અને પુત્રની સંપત્તિ તે સંસારરૂપી કૂવાની અંદર પડતાં પ્રાણીઓને કોઈ રક્ષણ કરતું નથી. આરોગ્ય અનિત્ય છે. યૌવન અનિત્ય છે. વિભૂતિઓ અને જીવિત પણ અનિત્ય છે. અનિત્યપણાથી હણાયેલા પ્રાણીને કામગુણમાં રતિ ( આનંદ ) કેવી રીતે થાય ? ઇત્યાદિ ભાવના ભાવવાથી હૃદયમાં અનિત્યતાનો વિચાર કરતો – ભરતરાજા શ્રેષ્ઠજ્ઞાનરૂપી પાણીમાં તે વખતે અત્યંત મગ્ન થયો.

ઉત્તમ ધ્યાનરૂપી પારાને દેહરૂપી પાત્રમાં નાંખીને ચક્રવર્તિએ કલ્યાણ ( સુવર્ણ )ની સિધ્ધિમાટે ઉત્તમ ભાવરૂપી અગ્નિવડે ( પારો ) પક્વ કર્યો. ( બનાવ્યો ) ક્ષપકશ્રેણીમાં ચઢેલા દુષ્કર્મની પરંપરાને ક્ષય કરતાં ભરતરાજા વિશ્વને બોધ કરનારા કેવલજ્ઞાન પામ્યા. તેજ વખતે આવીને મહોત્સવ કરતાં ઇન્દ્રવડે સાધુવેષ અપાયો ત્યારે સુંદર સુવર્ણમય સિંહાસનમાં બેસીને પ્રથમ ચક્રવર્તિએ ધર્મ દેશના તેવી રીતે આપી કે જેથી ઘણા જીવોને વેગથી વૈરાગ્ય થયો. દશ હજાર રાજાઓએ ભરતનીપાસે વ્રત લઈને તે વખતે સંસારનો છેદ કરવામાટે ઉગ્ર તપ કર્યું.

એકલાખ પૂર્વવર્ષ સુધી ભવ્યજનોને ધર્મનો પ્રતિબોધ કરતાં ભરતઋષિ ( મુનિ ) મોક્ષને આપનાર અષ્ટાપદતીર્થ ઉપર ગયા. ચાર પ્રકારના આહારનો ત્યાગ કરીને ત્યાં માસને અંતે ભરતમુનિ સિધ્ધ થયા છે, અનંત ચતુષ્ટય જેમને છે એવા તેમણે મોક્ષક્ષેત્રને સુશોભિત કર્યું. તે વખતે બીજા ઘણા લાખો સાધુઓને પાપનો ક્ષય થવાથી અષ્ટાપદપર્વત તીર્થને વિષે મુક્તિપુરીમાં ગયા. તે પર્વતઉપર દેવોએ આવીને ભરતઆદિ તપસ્વીઓનો નિર્વાણગમનનો અદ્વિતીય ઉત્સવ હર્ષવડે કર્યો.

કહ્યું છે કે : – ભરતરાજાએ કુમારપણામાં ૭૭ – લાખપૂર્વ અને એક હજાર વર્ષ સુધી મંડલીકપણાનો આશ્રય કર્યો. અને એક હજાર વર્ષ ઓછા છ લાખ પૂર્વ સુધી ચક્રવર્તિપણાનું પાલન કર્યું અને એક લાખપૂર્વ કેવલજ્ઞાનનું રક્ષણ ( પાલન ) કર્યું. ૮૪ – લાખ પૂર્વ સર્વઆયુષ્ય પૂર્ણ કરીને ભરતકેવલી ત્યાં મુક્તિનગરીમાં ગયા. ભરતરાજાનાપુત્ર સૂર્યયશા

રાજાએ અષ્ટાપદપર્વતઉપર ઘણા સંઘ સહિત દેવોને નમસ્કાર કરી શ્રેષ્ઠપુષ્પોવડે પૂજા કરી. ભરતરાજાએ જે જે ધર્મકાર્યો કર્યાં તેઓની સંખ્યા વાણીના અધિષ્ઠાયકદેવ નથી જાણતા. અને કવિ પણ જાણતો નથી.

**ભરત ચક્રવર્તિનો ટૂંકો સંબંધ સંપૂર્ણ.**

## શ્રી શ્રેયાંસકુમારનો સંબંધ

એક વખત પ્રથમ પ્રભુ શ્રી ઋષભદેવ સ્વામી ગજપુર નગરમાં પ્રવેશ કરતાં બાહ્યઉદ્યાનમાં સમવસર્યા. તે વખતે ત્યાં બાહુબલીનો પુત્ર સોમયશા હતો. અને તેનો પુત્ર શ્રેયાંસ નામનો ન્યાયથી રાજ્ય કરતો હતો. શ્રેયાંસરાજાએ પ્રભુને આવેલા સાંભળીને ત્યાં જઈને જિનેશ્વરને નમીને હર્ષવડે આ પ્રમાણે ધર્મ સાંભળ્યો.

**राज्यं सुसम्पदो भोगा: कुले जन्मसुरुपता।**
**पाण्डित्यमायुरारोग्यं, धर्म्मस्यैतत्फलंविदु: ॥४॥**
**भवन्तिभूरिभिर्भाग्यै:. धर्म्मकर्म्ममनोरथा: ।**
**फलन्ति यत्पुनस्ते तु, तत् सुवर्णस्य सौरभम्॥५॥**
**चत्वार: प्रहरा यान्ति, देहिनां गृहचेष्टितै: ।**
**तेषां पदे तदर्द्धेवा, कर्तव्यो धर्म्मसंग्रह: ॥६॥**

રાજ્ય – ઉત્તમ સંપત્તિઓ – ભોગો – ઉત્તમ કુલમાં જન્મ – સારુંરૂપ – પંડિતાઇ, આયુષ્ય ને આરોગ્ય આ ધર્મનાં ફલ જાણવાં. ઘણાં ભાગ્યવડે કરીને ધર્મ કર્મના મનોરથો થાય છે. અને તે મનોરથો ફલે તો સોનાને સુગંધ થાય. પ્રાણીઓના ચાર પ્રહર ઘરની ચેષ્ટાવડે જાય છે. તેઓને સ્થાને અર્ધા ભાગમાં પણ ધર્મનો સંગ્રહ કરવો જોઈએ. આ પ્રમાણે સાંભળીને શ્રેયાંસરાજાએ પુત્રને રાજ્યઉપર સ્થાપન કરી મુક્તિસુખની પરંપરાને આપનારું ચારિત્ર લીધું સ્વામીનાભક્ત શ્રેયાંસને જોઈને પ્રથમચક્વર્તિએ ફરીથી પૂછ્યું કે હે સ્વામી ! તમારે વિષે આ ભક્ત કેમ દેખાય છે ? પ્રભુએ કહ્યું કે એના પૂર્વભવનો મારે સંબંધ છે. આથી તે મારે વિષે વિશેષે કરીને ભક્ત દેખાય છે. વસુદેવ હિંદીમાં કહ્યું છે કે :–

(૧) જ્યારે હું ઇશાન દેવલોકમાં શ્રીપ્રભનામના વિમાનમાં લલિતાંગ નામે દેવ હતો. તે વખતે શ્રેયાંસ ( નો જીવ ) સ્વંયપ્રભા નામે દેવી હતી. તે પૂર્વ ભવમાં નિર્નામિકા નામની દરિદ્ર વણિકની પુત્રી હતી..

(૨) તે પછી પૂર્વ વિદેહમાં પુષ્કલાવતિ વિજયમાં લોહાર્ગલ નગરમાં હું વજ્જંઘ થયો. ને શ્રેયાંસ ( નો જીવ) શ્રીમતિ નામે સ્ત્રી થઇ

(૩) તે પછી ઉત્તરકુરુમાં હું યુગલીઓ થયો. ને શ્રેયાંસ ( નો જીવ ) યુગલિની થઇ.

(૪) તે પછી હું અને શ્રેયાંસનો જીવ. સૌધર્મ દેવલોકમાં દેવ થયા.

(૫) ત્યાંથી હું પશ્ચિમ વિદેહમાં વૈદ્યપુત્ર થયો. અને શ્રેયાંસ ( નો જીવ ) જીર્ણશેઠનો કેશવ નામે છઠ્ઠો મિત્ર થયો.

(૬) તે પછી બન્ને અચ્યુત દેવલોકમાં દેવ થયા.

(૭) તે પછી હું પુંડરીકિણી નગરીમાં વજ્રનાભ નામે થયો. ત્યાં શ્રેયાંસ ( નો જીવ ) મારો સારથિ થયો.

(૮) તે પછી સર્વાર્થસિદ્ધ વિમાનમાં બન્ને મિત્ર દેવ થયા. ત્યાંથી હું નાભિ કુલકરનો પુત્ર ઋષભ નામે થયો અને શ્રેયાંસનો જીવ બાહુબલીના પુત્ર – સોમયશાનો પુત્ર શ્રેયાંસ થયો. આ શ્રેયાંસકુમારે પહેલાં આ પ્રમાણે થયેલા પૂર્વભવો જોઇને મને તેણે શેરડીના રસવડે પારણું કરાવ્યું હતું. તે વખતે પ્રભુએ કહેલું આ પ્રમાણે સાંભળીને ઘણા ભવ્યજીવો હર્ષથી વિશુધ્ધ એવા સાધુધર્મ અને શ્રાવકધર્મ પામ્યા.

ભરતરાજા પણ પ્રભુની વાણી સાંભળીને હૃદયમાં આ પ્રમાણે વિચારવા લાગ્યો કે મોક્ષને આપનારો વૈરાગ્ય મને ક્યારે થશે? પ્રભુની પાસે ઘણા જીવો શ્રેષ્ઠ સંયમ લઇને વૈયાવચ્ચ કરવાથી અત્યંત સેવા કરે છે. શ્રેયાંસ હંમેશાં પ્રભુની સાથે વિહાર કરતાં પવિત્ર મનવાલા તે શ્રી શત્રુંજય તીર્થઉપર ગયા. ત્યાં શુક્લધ્યાન કરતાં શ્રેયાંસરાજાને ત્રણ જગતને પ્રકાશ કરનારું કેવલ જ્ઞાન ઉત્પન્ન થયું.

ત્યાં આવીને કમલ નામના શ્રેયાંસના પુત્રે ધનનો વ્યય કરી " શ્રેયાંસ " નામે વિહાર કરાવ્યો. અને તેમાં શ્રેયાંસના પુત્રે સારા દિવસે હર્ષપૂર્વક પ્રથમ તીર્થંકરનું રત્નમય શ્રેષ્ઠ જિનબિંબ સ્થાપન કર્યું. શ્રેયાંસકેવલી ઘણા સાધુઓની શ્રેણી સહિત – ઘણાં પ્રાણીઓને બોધ કરતાં શ્રી શત્રુંજયગિરિ ઉપર આવ્યા. શ્રેયાંસ કેવલીએ ઉત્તમવાણીવડે ઘણા ભવ્યજીવોને પ્રતિબોધ કરી સર્વકર્મથી છોડાવી મોક્ષનગરમાં મોકલ્યા. ક્ષીણ થયાં છે કર્મજેના એવા શ્રેયાંસ જ્યારે મોક્ષમાં ગયા ત્યારે ત્રણસો સાધુઓ મોક્ષપુરીમાં ગયા. શ્રેયાંસના પાંચપુત્રો જિનેશ્વરની પાસે દીક્ષા લઇ શ્રી શત્રુંજયગિરિઉપર કર્મનો ક્ષયકરી મુક્તિપુરીમાં ગયા. શ્રેયાંસના પુત્રો અને પુત્રના પુત્રો (પૌત્રો) મદન વગેરે વિશે શ્રી શત્રુંજયતીર્થઉપર અનુક્રમે વિસ્તારથી યાત્રા કરી. તેઓની અંદરથી દશપુત્રો શ્રી સિધ્ધગિરિઉપર મોક્ષમાં ગયા ને પછી દશ સર્વાર્થસિધ્ધ નામના વિમાનમાં ગયા.

## શ્રી શ્રેયાંસકુમારનો સંબંધ સંપૂર્ણ.

# શ્રી પુંડરીક સ્વામીનો મોક્ષે જવાનો સંબંધ

**ओसप्पिणीइ पढमं, सिद्धो, इह पढम चक्की-पढम सुओ।**
**पढम जिणस्स य पढमो, गणहारी जत्थ पुंडरीओ।।१२।।**
**चित्तस्स पुण्णिमाए-समणाणं पंचकोडिपरिवरिओ।**
**णिम्मल जसपुंडरीअं - जयउ तं पुंडरीयतित्थं।।१३।।**

ગાથાર્થ :- અવસર્પિણીમાં પ્રથમ ચક્વર્તિના પ્રથમપુત્ર - પ્રથમ જિનેશ્વરના પ્રથમ ગણધર પુંડરીક જ્યાં ચૈત્રમાસની પૂર્ણિમાને વિષે પાંચક્રોડ મુનિથી પરિવરેલા મોક્ષમાં ગયા તે નિર્મલયશના કમલસરખું પુંડરીકતીર્થ જયવંતુ વર્તો.

વ્યાખ્યા - આ અવસર્પિણીમાં- શરુઆતમાં પ્રથમ ચક્વર્તિ ભરતરાજા અને તેનો પ્રથમપુત્ર પુંડરિક નામે બીજા ઋષભસેન નામને ધારણ કરનારા પ્રથમ જિનના પ્રથમ ગણધર આ શ્રી શત્રુંજય પર મોક્ષ પામ્યા. તે વખતે શિષ્ય કહે છે કે કઇ તિથિએ અને કેટલા સાધુઓ સાથે મોક્ષમાં ગયા ? ગુરુ કહે છે કે - જે ચૈત્ર માસની પૂર્ણિમાના દિવસે પાંચક્રોડ પ્રમાણ સાધુઓવડે પરિવરેલા-સેવાયેલા ગ્રહણ કર્યું છે અનશન જેણે એવા પુંડરીક ગણધર સિધ્ધ થયા. આ પ્રમાણે પાછલી ગાથાનો સંબંધ છે. તે શત્રુંજયનામનું પુંડરિકતીર્થ છે. તે કેવું છે ? નિમર્લયશરૂપી કમલવાળું તે પુંડરીક તીર્થ છે. ॥

એક વખત શ્રી ઋષભદેવ પ્રભુપાસે શ્રી પુંડરીક ગણધરે પૂછ્યું કે હે ભગવન્ ! મારી મુક્તિ ક્યાં થશે ? પ્રભુએ કહ્યું કે સુરાષ્ટ્ર દેશમાં ( સોરઠ દેશમાં ) તુંગ નામનો પર્વત છે તે પચાસ યોજન વિસ્તારવાલો ને મોક્ષ આપનારો છે. હે ગણધર ! ત્યાં ગયેલા તમારી અને બીજા ઘણા સાધુઓની કર્મનો ક્ષય થવાથી મુક્તિ થશે. આ પ્રમાણે શ્રી ઋષભદેવનું વચન સાંભલીને શ્રી પુંડરિક ગણધર પાંચ કરોડ સાધુઓ સાથે ચાલ્યા. શ્રી શત્રુંજય ગિરિ ઉપર જઇને પાંચ કરોડ સાધુઓ સાથે ધ્યાન અને મૌનમાં અત્યંત તત્પર થયા. તે વખતે પ્રથમ ગણધર ત્યાં રહયા. અને ભવ્યપ્રાણીઓની આગળ શ્રી શત્રુંજયનું માહાત્મ્ય આ પ્રમાણે કહયું. જે ભવ્યજીવો શ્રી જિનેશ્વરનું મંદિર કરાવે છે. તેઓને ભીમસેનની પેઠે કલ્યાણ લક્ષ્મી થાય.

ચંદ્રોદય નામના નગરમાં શ્રેષ્ઠચિત્તવાલો ભીમસેન શેઠ હતો.અનુક્રમે તેણે અર્ધો લાખ સોનામહોર ઉપાર્જન કરી. એક વખત ભીમસેન વણિક ગુરુ પાસે ગયો. અને ત્યાં આદરપૂર્વક પ્રાસાદ કરાવવામાં જે પુણ્ય થાય તે સાંભલ્યું.

यत: अङ्गुष्ठमात्रमपि य: प्रकरोति बिम्बं, वीरावसान ऋषभादि
जिनेश्वराणाम्
स्वर्गप्रधानविपुलर्धिसुखानिभुक्त्वा, पश्चादनुत्तरगतिं समुपैति
धीर: ।।१।।

જે મનુષ્ય શ્રી ઋષભદેવથી માંડીને વીરભગવંત સુધીના જિનેશ્વરોનું અંગૂઠાના પ્રમાણવાલું પણ જિનબિંબ કરે છે. તે ધીરપુરુષ સ્વર્ગ જેમાં પ્રધાન છે એવા વિપુલ ઋધ્ધિવાલાં સુખોને ભોગવીને પછી અનુત્તરગતિને ( મોક્ષને) પામે છે. ઇત્યાદિ ધર્મ સાંભળીને ભીમસેન વણિકે શ્રી શત્રુંજયઉપર યાત્રા કરીને શ્રી ઋષભદેવ પ્રભુનું મંદિર કરાવ્યું. અને ત્યાં એકાગ્રચિત્તે ધ્યાન કરતાં એવા તેને કેવલજ્ઞાન ઉત્પન્ન થયું અને અનુક્રમે મુક્તિ થઇ. આ પ્રમાણે શ્રી સિદ્ધગિરિનું મહાત્મ્ય સાંભળીને ઘણાં લોકો સંયમગ્રહણ કરીને મુક્તિનગરીને પામ્યાં. ગ્રહણ કર્યું છે અનશન જેણે એવા ભરતરાજાના પુત્ર પુંડરીક ચૈત્રસુદિ પૂનમના દિવસે સર્વકર્મનો ક્ષય થવાથી મુક્તિનગરીને પામ્યા. તે વખતે પાંચ ક્રોડ મુનિઓ અનશન ગ્રહણ કરી સર્વકર્મને ખપાવી મુક્તિનગરીમાં ગયા. તે વખતે ઇન્દ્રે ત્યાં આવીને પાંચ કરોડ ઉત્તમ મુનિઓને મોક્ષમાં ગયેલા જોઇને મોક્ષ ગમનનો ઉત્સવ કર્યો. પ્રથમ અરિહંતના પ્રથમ ગણધર પુંડરીક પાંચકરોડ મુનિઓ સાથે મોક્ષનગરમાં ગયા. આથી આ તુંગ પર્વતનું ઘણા દેવોવડે સેવા કરાયેલા ઇન્દ્રે સારા ઉત્સવ પૂર્વક તે વખતે "પુંડરીક" નામ આપ્યું. તે કારણથી " શ્રી પુંડરીક " એ પ્રમાણે નામનું ધ્યાન કરતાં ઘણાં લોકો સ્વર્ગ અને મોક્ષના સુખો પામ્યાં છે, અને પામશે. જે સુંદર સ્થાનમાં પુંડરીક ગણધર હતા ત્યાં શ્રી ભરતચક્રવર્તિએ જિનમંદિર કરાવ્યું. સિધ્ધથયેલા પુંડરીક ગણધરની પ્રતિમા હર્ષવડે શ્રી ઋષભદેવ પ્રભુના પ્રથમપુત્ર ભરતચક્રવર્તિએ સ્થાપન કરી.

તે પ્રતિમાનું દર્શન કરતાં ભવ્યપ્રાણીઓની મુક્તિ થઇ છે. થાય છે. અને વળી થશે. ચૈત્ર મહિનામાં શ્રી સિધ્ધગિરિ ઉપર જઇને ભવ્ય પ્રાણીઓ હર્ષવડે શ્રી પુંડરીકસ્વામીની શ્રેષ્ઠ પુષ્પોવડે પૂજા કરે છે. તેઓ થોડા જ કાલમાં સઘળાં કર્મોનો ક્ષય કરી મોક્ષનગરીને શોભાવે છે. તેનો આશ્રય કરે છે..

એકવીશમા અધિકારમાં પુંડરિક સ્વામીનો સંબંધ કહેલો છે. પણ અહીં ગાથાનો સંબંધ હોવાથી મારાવડે ફરીથી કહેવાયો છે.

## શ્રી પુંડરીક સ્વામીનો મોક્ષે જવાનો સંબંધ સંપૂર્ણ.

# શ્રી બાહુબલીએ કરાવેલ શ્રી મરુદેવી માતાના મંદિરનો સંબંધ

**बाहुबलिणाउ रम्मं, सिरिमरुदेवाइ कारिअं भवणं।**
**जत्थ समोसरणजुअं, सो विमलगिरि जयउतित्थं।।१४।।**

જ્યાં શ્રી બાહુબલિએ શ્રી મરુદેવા માતાનું સમવસરણ યુક્ત ભવન કરાવ્યું. તે વિમલગિરિ તીર્થ જયવંતુ વર્તો

ટીકાર્થ :– જે શ્રી સિધ્ધગિરિતીર્થ ઉપર શ્રી ઋષભદેવ પ્રભુના બીજાપુત્ર – બાહુબલિએ નાભિકુલકરની પત્ની મરુદેવાનું મનોહર ભવન સમવસરણ સહિત કરાવ્યું, અને ચાર પ્રતિમાયુક્ત હાથીઉપર ચઢેલા મરુદેવીની પ્રતિમાને જ્યાં બાહુબલિએ સ્થાપન કરી તે વિમલગિરિ તીર્થ જય પામો. ॥

શ્રી પુંડરીક ગણધર પૃથ્વીતલઉપર વિહાર કરતાં તક્ષશિલા નગરીના મનોહર ઉદ્યાનમાં સમવસર્યા. તે વખતે ત્યાં આવેલા બાહુબલિએ હર્ષવડે સ્વર્ગ અને મોક્ષના સુખને આપનાર જિનેશ્વરે કહેલો ધર્મ આ પ્રમાણે સાંભળ્યો. જે ભવ્ય મનુષ્યો જિનેશ્વરનું ભવન કરાવે છે. તેઓને ભીમસેનની પેઠે કલ્યાણલક્ષ્મી થાય છે. તે આ પ્રમાણે :– ચંદ્રોદય નામના નગરમાં સુંદરચિત્તવાલા ભીમસેન શેઠે અનુક્રમે અર્ધોલાખ સોનામહોરો ઉપાર્જન કરી. એક વખત ભીમસેન વણિક ગુરુપાસે ગયો. અને આદરપૂર્વક પ્રાસાદ કરાવવામાં આ પ્રમાણે પુણ્ય સાંભળ્યું.

**यत: - अङ्गुष्ठमात्रमपि य: प्रकरोति बिम्बं, वीरावसान ऋषभादि**
**जिनेश्वराणाम्**
**स्वर्गप्रधानविपुलर्द्धिसुखानि भुक्त्वा, पश्चादनुत्तरगतिं सपुपैति**
**धीर: ।।१।।**

જે આત્મા શ્રી ઋષભદેવથી માંડીને વીરભગવાન સુધીના જિનેશ્વરોનું અંગૂઠા પ્રમાણ પણ બિંબ કરે છે. તે સ્વર્ગ જેમાં પ્રધાન એવા વિપુલ ઋધ્ધિવાલાં સુખોને ભોગવીને તે ધીરપુરુષ પછી મોક્ષગતિ –અનુત્તરગતિને પામે છે.

**धर्मज्ञो धर्मकर्त्ता च - सदा धर्म प्रवर्त्तक: ।**
**सत्त्वेभ्यो धर्मशास्त्रार्थ - देशको गुरुरुच्यते ।।२।।**

ધર્મને જાણનાર – ધર્મને કરનાર હંમેશાં ધર્મને પ્રવર્તન કરનાર ( ઉપદેશ દેનાર ) પ્રાણીઓને ધર્મ શાસ્ત્રના અર્થને બતાવનાર – ગુરુ કહેવાય છે. ઈત્યાદિ ધર્મ સારીરીતે સાંભળીને બાહુબલી રાજા ઘણા શ્રી સંઘસહિત શ્રી શત્રુંજયતીર્થઉપર ગયો.ત્યાં સંઘ સંબંધી કાર્યો કરીને બાહુબલી રાજાએ કૈલાસપર્વત સરખો પ્રાસાદ કરાવ્યો. સમવસરણ સહિત – મોક્ષને આપનારું મરુદેવીનું બિંબ શ્રી શત્રુંજયગિરિઉપર બાહુબલી રાજાએ હર્ષપૂર્વક સ્થાપન કર્યું. કહ્યું છે કે :- મહાસુદિ પૂનમને દિવસે શ્રી ઋષભદેવ પ્રભુની માતા મોક્ષમાં ગયા. આથી પ્રથમપુત્ર એવા બાહુબલીવડે ( બિંબ સ્થાપન કરાયું ) તે દિવસે જે મનુષ્યો અને સ્ત્રીઓ પ્રથમ યોગિનીની પૂજા કરે છે. તે સર્વે મુમુક્ષુઓ સર્વ સામ્રાજ્ય પૂર્વક મહાભાગ્યવાળા થાય. આજે ( જે ) સ્ત્રીઓ વિધવા હોય અને પુત્રવાલી હોય તે સૌભાગ્યનું પાત્ર – એવી ચક્રવર્તિ અને ઈન્દ્રના ઘરમાં થઈને અનુક્રમે મોક્ષમાં પણ જાય છે.

બાહુબલી આદિ સર્વભાઈઓ જ્યાં મોક્ષમાં ગયા ત્યાં ભરતરાજાએ "બાહુબલી" નામનું જિનમંદિર કર્યું. **આ તીર્થમાં ક્યારે પણ મનુષ્યોનો અગ્નિ સંસ્કાર ન કરવો. કારણ કે તેનાથી તીર્થનો લોપ થાય છે અને જિનેશ્વરની આજ્ઞાનું ખંડન થાય. મુખ્ય શિખરથી નીચે ચારે તરફ બે યોજન છોડીને સાર્વ નામના – પર્વત ઉપર – પ્રાણીઓનો અગ્નિ સંસ્કાર કરવો.** અને ત્યાં રાજાએ બીજાઓને પણ તે કાર્ય બતાવવા માટે તેઓની પાષાણમય શ્રેષ્ઠમૂર્તિ કરાવી . જીવહિંસા કરીને પણ વૈતાઢ્યમાં રહેનારા વિદ્યાધરો તે પાપના નાશમાટે નિરંતર તીર્થની સેવા કરે છે. તે વખતે ત્યાં વિદ્યાધરોનો શિરોમણિ "વજશ્રી" લાખ વિદ્યાધરોવડે સેવાતો શ્રી ઋષભદેવપ્રભુને નમસ્કાર કરવા માટે આવ્યો. જિનમંદિરમાં સ્નાત્રપૂજા – ધ્વજારોપણ કાર્યો કરીને દરેક જિનમંદિરમાં સર્વજ્ઞોને વંદન કરે છે. તે પછી ઘણાં લોક સહિત – વિદ્યાધરે ગુરુનીપાસે આદરપૂર્વક શ્રી શત્રુંજયનું માહાત્મ્ય સાંભળ્યું.

જે શ્રી શત્રુંજયતીર્થઉપર જિનમંદિર કરાવે છે. તેને સ્વર્ગ અને મોક્ષની લક્ષ્મી દુર્લભ થતી નથી. જે શ્રી સિધ્ધગિરિ ઉપર સારાભાવથી દાનને આપે છે. તે જલ્દીથી સ્વર્ગ અને મોક્ષની લક્ષ્મીને મેળવે છે.કહ્યું છે કે :- શ્રી શત્રુંજય ગિરિ ઉપર જિનેશ્વરને જોવાથી બે દુર્ગતિ નાશ પામે છે. અને પૂજા – સ્નાત્ર કરવાથી એક હજાર સાગરોપમના પાપ નાશ પામે છે. આ પ્રમાણે સાંભળીને શ્રેષ્ઠ સ્ફટિકના પથ્થરોવડે જિનમંદિર કરાવીને તેણે આદિનાથ પ્રભુનું બિંબ સ્થાપન કરાવ્યું. તે જિન મંદિરનું નામ "વજશ્રી" એ પ્રમાણે લોકોવડે પ્રસિધ્ધ થયું. તે પછી વિદ્યાધર વગેરેએ પૂજન કર્યું. અનુક્રમે તે વિદ્યાધર ચારિત્રની સંપત્તિ લઈને સર્વકર્મનો ક્ષય થવાથી ત્રણ લાખ સાધુઓથી આશ્રય કરાયેલા તે સિધ્ધ થયા.

## બાહુબલીએ કરાવેલ મરુદેવી માતાના મંદિરનો સંબંધ સંપૂર્ણ.

# નમિ - વિનમિનો મુક્તિમાં જવાનો સંબંધ

**णमि विणमी खयरिंदा-सह मुणि कोडीहिं दोहिं संजाया।**
**जहिं सिद्ध सेहरा सइ - जयउ तयं पुंडरी तित्थं ।।१५।।**

ગાથાર્થ :- બે કરોડ મુનિઓસાથે નમિ અને વિનમિ નામના ખેચરેન્દ્રો જ્યાં સિધ્ધોમાં શિરોમણિ થયાં. તે પુંડરીક તીર્થ જય પામો ॥

ટીકાર્થ :- નમિ અને વિનમિ ખેચરેન્દ્રો બે કરોડ પ્રમાણ સાધુઓ સાથે જ્યાં સિધ્ધના મુકુટ સરખા થયાં તે પુંડરિકતીર્થ જય પામો. ॥

શ્રી ઋષભદેવપ્રભુના કચ્છ -મહાકચ્છ નામના બે પાલક પુત્રો મનોહર બલવાન - સ્વામીના ભક્ત સુંદર મનવાલા હતા. કચ્છને વિનીત એવો નિર્મલ ચિત્તવાલો નમિનામે પુત્ર થયો. અને મહાકચ્છને પિતાના હિતને કરનારો વિનમિ નામે પુત્ર થયો. પોતપોતાના પુત્રસહિત ભક્તિથી ભાવિતમનવાલા કચ્છ ને મહાકચ્છ નિરંતર પ્રભુની સેવા કરે છે. એક વર્ષ સુધી યાચકોને મુખ માંગ્યું દાન આપીને તે વખતે વૃષભતીર્થંકરે વૃષભ નામનું સંવત્સર કર્યું.

કહ્યું છે કે :- રોજ એક કરોડ આઠ લાખ સોનૈયા - સૂર્યોદયથી માંડીને ભોજનના સમય સુધીમાં અપાય છે. આ પ્રમાણે એક વર્ષમાં ત્રણસો અઠયાસી ક્રોડ ને એંશી લાખ સોનૈયાનું દાન આપ્યું. પુત્રોને જુદા જુદા સર્વ દેશો વહેંચીને આપતાં શ્રી ઋષભદેવે ભરતરાજાને અયોધ્યાનું રાજ્ય આપ્યું. બાહુબલી પુત્રને તક્ષશીલા નગરી આપી. તે પછી પ્રભુએ સંસારસમુદ્રને તારનારી દીક્ષા લીધી. તે વખતે કચ્છ - મહાકચ્છ વગેરે શ્રી ઋષભદેવના ચારહજાર સેવકોએ પ્રભુની સાથે દીક્ષા લીધી. પ્રભુએ ચાર મુષ્ટિવડે લોચ કર્યો ત્યારે ઇન્દ્રે કહ્યું કે પાંચમી મુષ્ઠિ દૂર રહો. કારણ કે તમારું મસ્તક તેનાથી શોભે છે. તે પછી કચ્છ વગેરે સર્વેએ પોતપોતાના સ્વામીની ભક્તિથી ચારમુષ્ઠિવડે લોચ કર્યો. કચ્છ આદિથી શોભતાં પ્રભુએ બીજે ઠેકાણે વિહાર કર્યો. ત્યાં પરદેશમાંથી નમિ અને વિનમિ જલ્દી આવ્યા. બન્નેની માતાવડે તે બન્ને કહેવાયા. હે વત્સો ! નમિ - વિનમિ ! તમે જલ્દી ભરતપાસે રાજ્ય માંગો. અને તેનાં બે ચરણોને હંમેશાં સેવો. તે બન્ને કહે છે કે અમે બન્ને ઋષભદેવના પુત્ર ભરતપાસે વાણીવડે ન માંગીએ, પરંતુ પ્રભુપાસે રાજ્ય માંગીશું. આ પ્રમાણે કહીને શ્રી ઋષભદેવની પાસે જઇને તે વખતે બોલ્યા કે હે પ્રભુ ! રાજ્ય આપો કારણ કે અમે તમારા સેવકો છીએ.

પ્રભુ માર્ગમાં જતા હતા ત્યારે બન્ને ચાકરો રસ્તમાંથી કાંટા દૂર કરવાથી સાંજસુધી ખેદરહિત મનવાલા સેવા

કરતા હતા. સાંજે પ્રભુ જ્યારે કાઉસ્સગ્ગધ્યાને ઊભા રહેતા હતા. ત્યાં પ્રભુની બન્ને પડખે તે બન્ને રાત્રિમાં પ્રભુનું રક્ષણ કરવા માટે ઊભા રહેતા હતા.

સવારે તે બંને કહેતા હતા કે હે સ્વામી ! પ્રસન્ન થઈને અમને બન્નેને રાજ્ય આપો. ઘણા દિવસો ગયા ત્યારે નાગરાજ આવ્યા પ્રભુને પ્રણામ કરીને શેષનાગે તે બન્નેને કહ્યું કે આ પ્રભુ મૌનધારી છે. તે કોઈને પણ રાજ્ય આપતાં નથી. તમે બન્ને ભરતરાજાની પાસે જઈને રાજ્ય માંગો. તે તમને જલ્દી આપશે. આ પ્રમાણે નાગેન્દ્રે કહયા છતાં પણ સ્વામીની સેવાથી આ બન્ને અટકતાં નથી ત્યારે નાગેન્દ્ર હર્ષિત થયો. નાગેન્દ્રે તે બન્નેને પ્રભુના મુખમાં અવતરીને કહ્યું કે તમે બન્ને મારી પાછળ આવો. તમને રાજ્ય અપાય છે. આ પ્રમાણે કહીને નાગરાજ પ્રભુનું મનોહર રૂપ કરીને નમિ અને વિનમિને પોતાની સાથે વૈતાઢ્ય પર્વતપર લઈ ગયો. અને તે વખતે પ્રભુના રૂપને ધારણ કરનારા શેષનાગે તે બન્નેને રોહિણી અને પ્રજ્ઞપ્તિ આદિ હજારો શ્રેષ્ઠ વિદ્યાઓ આપી. નાગરાજે નમિને ૬૦ – નગર અને વિનમિને ૫૦ – નગર આપીને પોતાનું રૂપ પ્રગટ કરીને આ પ્રમાણે કહ્યું. મેં પ્રભુનું રૂપ કરીને પ્રભુના ભકત એવા તમને બન્નેને આ શ્રેષ્ઠ વિદ્યાઓ આપી છે. આથી હંમેશાં પ્રભુ ધ્યાન કરવા યોગ્ય છે. આ પ્રમાણે કહીને ધરણેન્દ્ર પોતાના સ્થાનમાં ગયો. ત્યારે તે બન્ને પ્રભુના સેવકો તે વિદ્યાઓને સાધીને અનુક્રમે વિદ્યાધર થયા. નાગેન્દ્રે નમિ અને વિનમિને વૈતાઢ્ય પર્વતઉપર વિદ્યાઓ આપી. અને ઉત્તરશ્રેણી અને દક્ષિણ શ્રેણીના ૬૦ ને ૫૦ નગરો આપ્યાં

મનોહર એવી તે વિદ્યાઓવડે તે બન્ને વિદ્યાધરો તે વખતે છ ખંડના અધિપતિ ભરતરાજાને પણ દુર્જય થયા. તે બન્ને વિદ્યાધરોએ દરેક નગરમાં કૈસાલપર્વત સરખાં બિંબથી શોભિત એવાં જિનમંદિરો ધનનો વ્યય કરી કરાવ્યાં. ઘણાં ધનનો વ્યય કરી તે બન્ને વિદ્યાધરોએ શ્રી શત્રુંજય આદિ તીર્થોમાં મોક્ષસુખને આપનારી યાત્રા કરી. શેષનાગે આપેલી વિદ્યાઓવડે હંમેશાં તે બન્ને જુદાં જુદાં રૂપ કરતા હતા. તે વખતે તે બન્નેનો વિદ્યાધર વંશ થયો. કહ્યું છે કે : – ઇક્ષ્વાકુ વગેરે ચાર મહાવંશો પ્રસિધ્ધ થયા. જે વંશોમાં જિનેશ્વરો અને પુણ્યવંત જનો પણ થયા છે. તે આ પ્રમાણે – પહેલો ઇક્ષ્વાકુવંશ–બીજો સોમવંશ – ત્રીજો વિદ્યાધર વંશ –અને ચોથો હરિવંશ ॥

ભરતનો પ્રથમ પુત્ર સૂર્યયશા નામે થયો. તે પછી સિંહયશ થયો. આવશ્યક સૂત્રમાં કહ્યું છે :– સૂર્યયશરાજા, તે પછી મહાયશ રાજા. તે પછી અતિબલરાજા , તે પછી અચલભદ્ર રાજા – તે પછી બલવીર્ય રાજા , તે પછી કીર્તિવીર્ય રાજા , તે પછી જલવીર્ય રાજા , અને તે પછી દંડવીર્ય રાજા. બાહુબલીની પાટપર સોમ નામે રાજા થયા, તે પછી શ્રેષ્ઠ રાજાઓને ભજનારો સોમનામે પ્રસિધ્ધ વંશ થયો. નમિ અને વિનમિથી વિદ્યાધર વંશ થયો. અને હરિવર્ષમાંથી આવેલા યુગલીકમાંથી અનુક્રમે હરિવંશ થયો. એક વખત આદિદેવની પાસે તે બન્ને વિદ્યાધરો આદરપૂર્વક આ પ્રમાણે ધર્મની દેશના સાંભલવા લાગ્યા. – તે આ પ્રમાણે :–

**भव्वा भवारहट्टे- कम्मजलं गहिअ अविरई घडिहिं।**
**दुहविसवल्लिं रोवीय, मा सिंचह जीवमंडवए।।३१।।**
**लद्धूणवि जिणदिक्खं, पुणो पुणो जे भमंति संसारे।**
**अमुणंता परमत्थं, ते णाणावरणदोसेणं।।१।।**

**आसन्न सिद्धिआणं-विहिबहुमाणो होइ णायव्वो।**
**विहिचाओ अविहिभत्ती, अभव्वजिय दूरभव्वाणं।।२।।**
**धण्णाणं विहिजोगो, विहिपक्खाराहगा सया धण्णा।**
**विहिबहुमाणा धण्णा - विहिपक्खअदूसया धण्णा।।३।।**

હે ભવ્ય જીવો ! સંસારરૂપી રેંટને વિષે અવિરતિરૂપી ઘડીઓવડે કર્મરૂપી જલને ગ્રહણ કરીને દુઃખરૂપી વિષનીવેલ આરોપણ કરીને (વાવીને) જીવરૂપી મંડપમાં સિંચન ન કરો. (ન ચઢાવો) જિનેશ્વરની દીક્ષા ગ્રહણ કરીને પણ જ્ઞાનાવરણીયકર્મના દોષવડે પરમાર્થને નહિ જાણનારા જીવો વારંવાર સંસારમાં ભ્રમણ કરે છે. આસન્ન સિધ્ધિ જીવોને વિધિનું બહુમાન હોય છે, એમ જાણવું, વિધિનો ત્યાગ અને અવિધિની ભક્તિ અભવ્ય અને દૂરભવ્ય જીવોને વિષે જાણવી. ધન્ય પુરુષોને વિધિનો યોગ થાય છે. વિધિમાર્ગનું આરાધન કરનારા ધન્ય છે. અને વિધિમાર્ગને દોષ નહિ લગાડનારા ધન્ય છે. ઇત્યાદિ દેશના સાંભળીને નમિ વિનમિએ બે પુત્રોને રાજ્યઉપર અભિષેક કરી તે વખતે સંયમ લીધું.

શ્રી આદિનાથ પ્રભુનાં બે ચરણોની સેવાકરતાં તે બન્ને ઉત્તમ સાધુ આગમનો અભ્યાસ કરવાથી પંડિતોમાં મુગટ સરખા થયા. શુધ્ધ વ્રતનું પાલન કરતાં નમિ અને વિનમિ તે બન્ને આચાર્યપદ પામી, ઘણાં ભવ્યજીવોને બોધકરવા લાગ્યા. બે કરોડ સાધુઓ સહિત નમિ અને વિનમિ સાધુ શ્રી સિધ્ધગિરિ ઉપર કેવલજ્ઞાન પામ્યા. બે કરોડ મુનિ સહિત અનુક્રમે આયુષ્યનો ક્ષય થવાથી તે બન્ને મુનીશ્વરો શ્રી સિધ્ધગિરિઉપર મુક્તિનગરીને પામ્યા.

**નમિ અને વિનમિનો મુક્તિએ જવાનો સંબંધ સંપૂર્ણ**

## નમિરાજાની પુત્રીના મુક્તિગમનનું સ્વરૂપ

આ પ્રમાણે :–એક વખત ભરતરાજા શ્રી શત્રુંજયગિરિઉપર જિનેશ્વરોને નમસ્કાર કરી ઉજ્જયંતગિરિઉપર જિનેશ્વરોને નમસ્કાર કરવા માટે હર્ષવડે જેટલામાં ચાલ્યો. તે વખતે નમિ અને વિનમિ મુનીશ્વરે કહ્યું કે હેરાજન્ ! અમે બન્ને અહીં બે કરોડ મુનિ સહિત રહીશું. તેઓ અને અમારા બન્નેની શ્રી સિધ્ધગિરિ ઉપર મુક્તિ થશે. તેથી તે મુનિઓને નમીને ભરતરાજા રૈવતગિરિ ઉપર ગયા. ફાગણ સુદિ દશમને દિવસે તે બન્ને મુનિઓ બે કરોડ સાધુઓથી સેવાયેલાં શુક્લ ધ્યાનમાં પરાયણ એવા તે લોક અને અલોકને પ્રકાશ કરનાર કેવલજ્ઞાન પામીને નમિ અને વિનમિ પહેલાં

મુક્તિપુરીમાં ગયા. તે પછી અન્ય સાધુઓ પણ મુક્તિપુરીમાં ગયા. આથી તે શુક્લ દશમી તપકરવાથી સેવન કરવી જોઈએ. કહ્યું છે કે : તે દિવસે અલ્પ પણ કરાયેલું ઉત્તમતપ તે અહીં સમયે વાવેલાં બીજની જેમ ઘણાં ફલને આપનારું થાય છે. જેઓ ફાગણ સુદ દશમને દિવસે શ્રી સિધ્ધગિરિનો સ્પર્શ કરે છે. તેઓ સર્વપાપોનો ક્ષયકરી મોક્ષને પામ્યા. જે સ્થાને નમિ વગેરે સાધુઓ મોક્ષને પામ્યા. ત્યાં તેના પુત્રોએ મોટો પ્રાસાદ કરાવ્યો. તેમાં નાભિપુત્રની રત્નમય મનોહર મૂર્તિ સ્થાપીને તેની બન્ને બાજુ નમિ અને વિનમિની રત્નમયમૂર્તિ – જગતને આનંદ કરનારી સુંદર આકૃતિવાલી નાભિરાજાના પૌત્ર પ્રથમ ચક્રવર્તિએ સ્થાપન કરી. અને નમિરાજાની ચર્ચા વગેરે ચોસઠ પુત્રીઓ દીક્ષા લઈ સિદ્ધગિરિના જે શિખર ઉપર ચૈત્ર વદિ ચૌદશના દિવસે રાત્રિમાં એકી સાથે મોક્ષમાં ગઈ આથી તે શિખરનું ચર્ચા નામ જગતમાં પ્રસિધ્ધ થયું.

**નમિરાજાની પુત્રી ચર્ચા વગેરેનો મુક્તિગમનનો સંબંધ સંપૂર્ણ**

## શ્રી આદિત્યયશા – વગેરે રાજાઓનો સંબંધ

**सव्वट्ठ सिद्ध पत्थड – अंतरीया पण्णकोडि लक्खुदही।**
**सेढीहिं असंखाहिं – चउदस लक्खाहिं संखाहिं ।।१६।।**
**जत्थाइच्चजसाई – सगरंता रिसहवंसजनरिंदा।**
**सिद्धिं गया असंखा – जयउ तयं पुंडरीतित्थ ।।१७।।**

ગાથાર્થ : સર્વાર્થ સિધ્ધ નામના વિમાનના પાથડામાં ( પાટડામાં ) અને વચ્ચે વચ્ચે પચાસ લાખ સાગરોપમ સુધી તેઓની અસંખ્યાતી શ્રેણીવડે ચૌદલાખ સંખ્યાવડે આદિત્યયશાથી માંડીને સગરચક્રવર્તિસુધી શ્રી ઋષભદેવ પ્રભુના વંશમાં ઉત્પન્ન થયેલા અસંખ્યરાજાઓ મોક્ષ પામ્યા તે પુંડરીક તીર્થ જયવંતુ વર્તો.

ટીકાર્થ :– સર્વાર્થ સિધ્ધ પ્રતરમાં ( આંતરામાં ) અને મુક્તિમાં વચ્ચે વચ્ચે પચાસ લાખ કરોડ સાગરોપમ સુધી તેઓની અસંખ્યાત શ્રેણીવડે ચૌદ લાખની સંખ્યાવડે પરસ્પર ત્યાં આદિત્યયશાથી માંડીને સગરચક્રવર્તિ પર્યંત શ્રી ઋષભદેવનાવંશમાં ઉત્પન્ન થયેલા અસંખ્યાત રાજાઓ સિધ્ધિ પામ્યા તે વિમલ ગિરિ તીર્થ જય પામો. ॥

આદિત્યયશા રાજાએ જ્યાં મુક્તિ પ્રાપ્ત કરી. ત્યાં તેના પુત્ર મહાયશાએ પ્રાસાદ કરાવ્યો. હવે ચન્દ્રયશા અને

સોમયશાએ પોતાના ભાઈઓ અને પોતાના પિતાના પ્રાસાદો ત્યાં વાર્ધિકરત્ન પાસે હર્ષથી કરાવ્યા. મહાયશા પોતાના પુત્રને સારા ઉત્સવપૂર્વક રાજ્ય આપીને દીક્ષા લઈને શ્રી શત્રુંજય નામના તીર્થને વિષે મુક્તિ પામ્યા. એ પ્રમાણે શ્રી ઋષભદેવપ્રભુના વંશમાં અસંખ્ય રાજાઓ દીક્ષા લઈને શ્રી સિધ્ધાચલ નામના તીર્થને વિષે મુક્તિ પામ્યા. અને બીજા પણ તે કાલને વિષે મુક્તિ પામ્યા. તે સંખ્યા સર્વજ્ઞ જાણે છે બીજો મનુષ્ય નહિ. હવે આદિત્યયશા આદિ આઠ રાજાઓનો સંબંધ કહેવાય છે. તે આ પ્રમાણે :-

સૂર્યયશા રાજાએ ન્યાયમાર્ગવડે રાજ્યકરતાં એક વખત નાભિરાજાના પુત્ર એવા શ્રી ઋષભદેવનો પ્રાસાદ કરાવ્યો. અખંડ શાસનવાલો ( તે ) દુષ્ટ શત્રુઓનું ખંડન કરતો સૂર્યયશારાજા અનુક્રમે ત્રણ ખંડવાલી પૃથ્વીઉપર નીતિથી રાજ્ય કરતો હતો. ઇન્દ્રવડે અપાયેલાં શ્રેષ્ઠ મુગટને જાતે ધારણ કરતો સૂર્યયશારાજા દેવેન્દ્રની જેમ રાજ્ય કરતો હતો. કનક નામના વિદ્યાધરની શ્રેષ્ઠ એવી જયશ્રી નામની પુત્રીને રાધાવેધ કરીને તે રાજા પરણ્યો. વિદ્યાધર રાજાઓથી ઉત્પન્ન થયેલી બાવીશ હજાર સ્ત્રીઓ અને બીજી પણ પવિત્ર સ્ત્રીઓ તેને થઈ. ભરતરાજાનો પુત્ર સૂર્યયશા અષ્ટમી અને ચૌદશને દિવસે પૌષધને ગ્રહણ કરતો ઉપવાસ કરતો હતો. આ બાજુ ધર્મમાં સ્થિર એવા ભરતચક્રવર્તિના પુત્ર સૂર્યયશારાજાને જાણીને ઇન્દ્રએ દેવદેવીઓની આગળ આમ કહ્યું. ઉર્વશીએ કહ્યું કે હે ઇન્દ્ર ! સ્વામી પોતે જે જે બોલે તે સારું હોય કે અસાર હોય તે બાળક સ્વીકારે છે. (કે) તે રાજા ક્યારે પણ અષ્ટમી અને ચતુર્દશીના પર્વના નિશ્ચયથી દેવોવડે યત્ન કરવા છતાં પણ ચલાયમાન કરી શકાતો નથી. કહ્યું છે કે : –

यत: - पूर्वांकाष्ठामतिक्रम्य - भानुश्चेदभ्युदेत्यहो
मेरुर्वाकम्पते वातै - मर्यादां चाम्बुधिस्त्यजेत् ।।१।।
सुरद्रुर्वावकेशीस्यात् तथाप्येष स्वनिश्चयम्
अपि प्राणै: कण्ठगतै - र्जिनाज्ञां नैवमुञ्चते ।। १५ ।।

પૂર્વદિશાનું ઉલ્લંઘન કરીને સૂર્ય કદાચ બીજી દિશામાં ઊગે, કદાચ મેરુપર્વત વાયુવડે કંપાયમાન થાય. કદાચ સમુદ્ર પોતાની મર્યાદા મૂકે. કલ્પવૃક્ષ કદાચ વાંઝિયું થાય.તો પણ આ સૂર્યયશા રાજા પોતાના નિશ્ચયથી કંઠે આવેલા પ્રાણોવડે પણ જિનેશ્વરની આજ્ઞાને છોડતો નથી. તે પછી ઉર્વશી દેવીએ કહયું સ્વામી જે અહીં બોલે છે તે કદાચ સાચું હોય. સાત ધાતુમય શરીરવાલો, ચામડાના દેહવાલો – અન્નખાવાવાળો તે દેવોવડે ચલાયમાન ન કરી શકાય એવું જે કહેલ છે. તેની શ્રધ્ધા કોણ કરે ?

આ પ્રમાણે કહીને રંભાસહિત ઉર્વશી તે વખતેજ કરી છે ઉતાવળ જેણે એવી તે સ્વર્ગમાંથી અયોધ્યા નગરી પાસે આવી . રંભાસહિત ઉર્વશી હાથમાં વીણાને ધારણ કરતી પોતે અયોધ્યાની પાસે પ્રથમ અરિહંત ભગવંતનાં મંદિરમાં આવી. મધુર ગીતને ગાતી પક્ષીઓને મોહ પમાડતી ઉર્વશીએ જાણે ચિત્રમાં આલેખ્યાં હોય તેમ પક્ષીઓને સ્થિર કર્યા, ઉર્વશીનું શ્રેષ્ઠગીત સાંભળતાં ઘો – નોળિયા– સર્પ વગેરે જીવો જાણે ચિત્રેલાં ન હોય ? તેવાં સ્થિર થયાં.

આ બાજુ સૂર્યયશારાજા અશ્વક્રીડા માટે નગરની બહાર નીકળ્યો. ભરતરાજાના પુત્રે તે બન્નેના શ્રેષ્ઠગીતના

અવાજને સાંભલ્યો. તેના મધુર ગીતને સાંભળતાં પોતાના અશ્વો તે વખતે એક ડગલું પણ આગળ ચાલવા શક્તિમાન ન થયા. તે વખતે આગળ ચાલવા માટે અસમર્થ પોતાના સૈન્યને જોઇને રાજાએ બે દેવાંગનાઓને જોઇ. આ બન્નેના નાદથી ચારે તરફ વનમાં સર્વે પશુઓ પણ ચિત્રમાં ચિતરેલાં હોય એવાં થયાં. પછી બીજાઓની તો કઇ વાત ? કહ્યું છે કે : –

**देवा नादेन तुष्यन्ति, धर्म्मो नादात् प्रजायते, ।**
**नादान्महीपतेरर्थो, नादान्नार्योऽपि वश्यगाः ।।१।।**

સંગીતવડે દેવો ખુશ થાય છે. સંગીતથી ધર્મ થાય છે. ( ભાવપૂજામાં સંગીત થાય છે તે ) સંગીતથી રાજાઓનો અર્થ (સધાય) થાય છે. સંગીતથી સ્ત્રીઓ પણ વશ થાય છે. તે બન્ને દેવીઓ આદીશ્વર ભગવાનના મંદિરમાં આવીને મનોહર ગાયન કરતી જે જે નૃત્ય કરતી હતી તેથી રાજા ચમત્કાર પામ્યો. શ્રી ઋષભદેવપ્રભુને નમસ્કાર કરીને જતી એવી તે બન્ને દેવીઓને જોઇને કામદેવના બાણથી વીંધાયેલો રાજા ચિત્રમાં ચીતર્યો હોય તેમ સ્તબ્ધ થયો. તમે બન્ને કોણ છો ? ક્યા સ્થાનમાંથી આવ્યા છો ? તે તમે બન્ને કહો . તે બન્નેએ કહ્યું કે – અમે બન્ને ભીમવિદ્યાધરની પુત્રીઓ છીએ. શ્રી ઋષભદેવને નમવામાટે આવેલ સંઘમાંથી આવીએ છીએ. મંત્રીએ કહ્યું કે આ શ્રેષ્ઠ એવા સૂર્યયશારાજા છે. તે તમારી બન્નેની સાથે પાણિગ્રહણ કરવાથી ભોગને ઇચ્છે છે. આરાજા શ્રી ઋષભદેવપ્રભુના પૌત્ર છે. ભરતરાજાના પુત્ર છે. દેદીપ્યમાન કલાઓના સમૂહથી મનોહર છે. સૌમ્ય છે. ઉત્તમ ગુણવાલો છે. ને બલવાન્ છે. શ્રી ઋષભદેવ સ્વામી હમણાં તમારા ઉપર સંતુષ્ટ થયા છે. જેથી ગુણનાસમુદ્ર એવા સૂર્યયશા રાજાએ તમને બન્નેને પસંદ કરી. જેમ ચંદ્રવડે કરીને ચાંદની ને રાત્રિ શોભે છે. તેવી રીતે સૂર્યયશા રાજાવડે તમે બન્ને શોભો. તે બન્નેવડે કબૂલ કરાયું ત્યારે શ્રી ઋષભદેવપ્રભુની સાક્ષીએ ભરતરાજાના પુત્ર – સૂર્યયશા રાજાવડે તે વખતે બન્નેનું પાણિગ્રહણ કરાયું. તે બન્નેની પ્રીતિના રસમાં ખેંચાયેલો ભરતરાજાનો પુત્ર પૃથ્વીપર રહેલો છતાં ઇન્દ્રની પેઠે સુખ માનવા લાગ્યો. રાજા ધર્મ અને અર્થની અબાધાવડે તેવી રીતે અધિકપણે કામને સેવન કરતો પુરુષાર્થરૂપી રથને બળાત્કારે એક પૈડાથી ચલાવવા લાગ્યો.

એક વખત બન્ને પત્નીઓ સહિત ગોખમાં રહેલો કામદેવ સરખો રાજા તે બન્ને પત્નીવડે આદરપૂર્વક આ પ્રમાણે પુછાયો. આ નગરીમાં માણસોવડે પડહની ઘોષણા કેમ કરાય છે ? રાજાએ કહ્યું કે ચતુર્દશી અને અષ્ટમી એ બન્ને પર્વ શ્રેષ્ઠ પર્વ છે.

પ્રભુએ – બે– અઠ્ઠાઇ – ત્રણ ચોમાસી અને પર્યુષણાપર્વને પર્વ તરીકે કહ્યાં છે. જ્ઞાન એ પ્રથમ રત્ન છે. મોક્ષસુખને આપનારું થાય છે. તેના આરાધનરૂપે આપ્તપુરુષોએ પંચમીનું પર્વ કહ્યું છે. આ પર્વો ઉત્તમપુણ્યના કારણરૂપે જિનાજ્ઞાવડે આરાધના કરાયેલાં તે પર્વો કલ્યાણરૂપી લક્ષ્મીને માટે થાય છે. કહ્યું છે કે :–

**न पर्वदिवसे स्नानं, न स्त्रीसेवा कलि र्नच ।**
**न द्यूतं परहास्यादि, न मात्सर्यं न च क्रुधम् ।।१।।**

**(૧) અસંખ્યાતવાર સિદ્ધિમાં ગયેલા લાખો જીવોવાળી અનુલોમ વાળી સિદ્ધ દંડિકા.**

| | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| સિદ્ધિમાં ગયેલા | ૧૪ | ૧૪ | ૧૪ | ૧૪ | ૧૪ | ૧૪ | ૧૪ | ૧૪ | ૧૪ | ૧૪ | ૧૪ | આ રીતે અસંખ્યાતવાર સિદ્ધ થયા. |
| સર્વાર્થમાં ગયેલા | ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૫૦ | આ રીતે અસંખ્યાતવાર સર્વાર્થમાં ગયો |

**(૨) સર્વાર્થ સિદ્ધિને પામેલ વિલોમ સિદ્ધદંડિકા.**

| | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| સિદ્ધિમાં ગયેલા | ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૫૦ | આ રીતે અસંખ્યવાર સિદ્ધ થયા. |
| સર્વાર્થમાં ગયેલા | ૧૪ | ૧૪ | ૧૪ | ૧૪ | ૧૪ | ૧૪ | ૧૪ | ૧૪ | ૧૪ | ૧૪ | ૧૪ | આ રીતે અસંખ્યાતવાર સર્વાર્થમાં ગયા. |

**(૩) સિદ્ધિમાં ગયેલ અને સર્વાર્થસિદ્ધમાં ગયેલ સમસંખ્યાવાલી સિદ્ધદંડિકા.**

| | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| સિદ્ધિમાં ગયેલા | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ | એ પ્રમાણે અસંખ્યલાખ સુધી સિદ્ધ થયા. |
| સર્વાર્થમાં ગયેલા | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ | એ પ્રમાણે અસંખ્યલાખ સર્વાર્થમાં. |

**(૪) સર્વાર્થ સિદ્ધિમાં અને મોક્ષમાં ગયેલ એક એક વૃદ્ધિવાળા જીવોની સિદ્ધદંડિકા.**

| | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| સિદ્ધિમાં ગયેલા | ૧ | ૩ | ૫ | ૭ | ૯ | ૧૧ | ૧૩ | ૧૫ | ૧૭ | ૧૯ | ૨૧ | એ પ્રમાણે અસંખ્ય સુધી સિદ્ધ થયા. |
| સર્વાર્થમાં ગયેલા | ૨ | ૪ | ૬ | ૮ | ૧૯ | ૧૨ | ૧૪ | ૧૬ | ૧૮ | ૨૦ | ૨૨ | એ પ્રમાણે અસંખ્ય સુધી સર્વાર્થમાં. |

(૫) મોક્ષમાં ગયેલ અને સર્વાર્થ સિદ્ધિમાં ગયેલ આ પ્રમાણે અસંખ્યાત સમય સુધી બે-બે વધારેવાળી સિદ્ધદંડિકા.

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| સિદ્ધિમાં ગયેલા | ૧ | ૫ | ૯ | ૧૩ | ૧૭ | ૨૧ | ૨૫ | ૨૬ | ૩૩ | ૩૦ | એ પ્રમાણે અસંખ્યવાર સુધી સિદ્ધ થયા. |
| સર્વાર્થમાં ગયેલા | ૩ | ૭ | ૧૧ | ૧૫ | ૧૯ | ૨૩ | ૨૭ | ૩૧ | ૩૫ | ૩૯ | એ પ્રમાણે અસંખ્યવાર સુધી સર્વાર્થમાં. |

(૬) મોક્ષમાં ગયેલ અને સર્વાર્થ સિદ્ધિમાં ગયેલ આ પ્રમાણે અસંખ્યાત અસંખ્યાત સમય સુધીની પહેલી વિષમોત્તર સિદ્ધદંડિકા.

| | | | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| સિદ્ધિમાં ગયેલા | ૩ | ૮ | ૧૬ | ૨૫ | ૧૧ | ૧૭ | ૨૯ | ૧૪ | ૫૦ | ૮૦ | ૫ | ૭૪ | ૭૨ | ૪૯ | ૨૯ | એ પ્રમાણે અસંખ્ય-સિદ્ધ. |
| સર્વાર્થમાં ગયેલા | ૫ | ૧૨ | ૨૦ | ૯ | ૧૫ | ૩૫ | ૨૮ | ૨૬ | ૭૩ | ૪૦ | ૯૦ | ૬૫ | ૨૭ | ૧૦૩ | ૦ | એ પ્રમાણે અસંખ્ય-સર્વાર્થ. |

(૭) સિદ્ધિમાં ગયેલ અને સર્વાર્થ સિદ્ધિમાં ગયેલ જીવોની બીજી વિષમોત્તર સિદ્ધદંડિકા.

| | | | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| સિદ્ધિમાં ગયેલા | ૨૯ | ૩૪ | ૪૨ | ૫૧ | ૩૭ | ૪૩ | ૫૫ | ૪૦ | ૭૬ | ૧૦૬ | ૩૧ | ૧૦૦ | ૯૮ | ૭૫ | ૫૫ | એ પ્રમાણે અસંખ્ય-સર્વાર્થ. |
| સર્વાર્થમાં ગયેલા | ૩૧ | ૩૮ | ૪૬ | ૩૫ | ૪૧ | ૫૭ | ૫૪ | ૫૨ | ૯૯ | ૩૦ | ૧૧૬ | ૬૧ | ૫૩ | ૧૨૯ | ૦ | એ પ્રમાણે અસંખ્ય-સિદ્ધિમાં |

□ આ પ્રમાણે ત્રીજીથી માંડીને અસંખ્ય સર્વાર્થ સિદ્ધ સુધીની અસંખ્યાતી સિદ્ધ દંડિકાઓ થાય.

मनाक् कषाय सङ्गो न, ममता न प्रियेश्वपि, ।
यथारुचि नच क्रीडा, प्रमादश्च न किंचन, ।।२।।
विधेयं धर्म्मरुचिना, पुंसा यतनताजुषा।
शुभध्यानवता भाव्यं, परमेष्ठिस्मृतिः पुनः ।।३।।

પર્વના દિવસે સ્નાન કરવું નહિ. સ્ત્રી સેવન કરવું નહિ. કજિયો કરવો નહિ. જુગાર રમવો નહિ. બીજાની હાંસી મશ્કરી આદિ કરવી નહિ. બીજાની ઈર્ષ્યા કરવી નહિ. ક્રોધ કરવો નહિ જરાપણ કષાયનો સંગ કરવો નહિ. પ્રિય માણસને વિષે પણ મમતા ન કરવી. ઈચ્છા મુજબ ક્રીડા કરવી નહિ. પ્રમાદ કરવો નહિ. ધર્મને વિષે રુચિવાલા – શુભ ધ્યાનવાલા પુરુષે યતનાયુક્ત ( જયણાયુક્ત ) થવું. અને પરમેષ્ઠિનું સ્મરણ કરવું.

સામાયિક – પૌષધ – છઠ્ઠ – અઠ્ઠમ વગેરે તપ કરીને મનુષ્યે જિનેશ્વરની પૂજા કરવી. અને તે પંચમીપર્વ વખાણવા લાયક છે. ગુરુના ચરણની પાસે રહેલો – પંચ પરમેષ્ઠિ મંત્રને સ્મરણ કરતો મનુષ્ય દૃઢપણે આઠે કર્મોનો ક્ષય કરીને મોક્ષ ઉપાર્જન કરે છે. તેરસને દિવસે અને સાતમના દિવસે લોકોને જણાવવા માટે મારા આદેશથી આ પટહની ઉદ્‌ઘોષણા કરાય છે. ચતુર્દશી અને અષ્ટમીપર્વ આ બન્ને પર્વો ત્રણ લોકમાં દુર્લભ છે. જે માણસ ભક્તિથી તે પર્વનું સેવન કરે છે. તે પરમપદ મોક્ષને પામે છે. આ સાંભળીને ઉર્વશીએ કહ્યું કે હે નાથ ! હમણાં તમારાવડે આ મનુષ્યજન્મ ભોગસુખવિના કેમ ફોગટ કરાય છે ?

આ સાંભળીને રાજાએ કહ્યું કે રે ! રે ! ધર્મની નિંદા કરનારી તેં દુઃખો અને દુર્ગતિ આપનારું અધર્મ વચન કહ્યું. કલ્યાણ કમલાના સુખને આપનારા ધર્મવિના તારી ચતુરતાને ધિક્કાર હો. રૂપને –કુલને બલ અને યશને ધિક્કાર હો. અષ્ટમીના દિવસે પાક્ષિકને દિવસે ( ચૌદશના દિવસે ) મૃગ – સિંહ આદિનાં બચ્ચાંઓ પણ આહાર ગ્રહણ કરતાં નથી તો હે પ્રિયા ! હું કેમ ગ્રહણ કરું ? શ્રી ઋષભદેવ પ્રભુએ કલ્યાણના કારણરૂપ જે પર્વ કહ્યું છે તે કંઠમાં રહેલા છે પ્રાણો જેના એવો હું ક્યારે પણ તજીશ નહિ.

આ સાંભળીને ઉર્વશીએ કહ્યું કે ચતુર્દશી અને અષ્ટમીના દિવસે જો તમે મને કામક્રીડાનું સુખ નહિ આપો તો નિશ્ચે હું મરી જઈશ. સૂર્યયશારાજાએ કહ્યું કે સૂર્ય જો પૂર્વદિશા છોડીને પશ્ચિમ દિશામાં ઊગશે તો પણ હું ધર્મથી ચલાયમાન નહિ થાઉં. મારું રાજ્ય જાય તો ભલે. મારા પ્રાણ જાય તો ભલે. પરંતુ લોકને વિષે હું પર્વના તપથી ભ્રષ્ટ નહિ થાઉં. હવે ઉર્વશીએ કહ્યું કે હમણાં પ્રાપ્ત થયેલ આપણા બન્નેની વય ભોગસુખ વિના જશે. કાગડાના નાશની જેમ આપણા બન્નેનું જીવન પણ જશે. એ પ્રમાણે કહીને તે વખતે તે બન્ને ચેષ્ટા વગરની લાકડાની જેમ રહી. તો પણ રાજા જરા પણ તપથી ભ્રષ્ટ ન થયો. ક્ષણવાર પછી તે બન્ને નિ:સાસો લઈને રહી, અને પછી આ પ્રમાણે કહ્યું હે રાજા ! ખરેખર તું નિષ્ઠુર છે. દયા વગરનો છે. અમારા બન્નેની હત્યાવડે તારો નરકમાં પાત થશે. તેથી અમને બન્નેને તું જલ્દીથી ભોગસુખ આપ, તે બન્નેવડે રોકવા છતાં પણ સવારે રાજા પૌષધ લઈને રહ્યો. ત્યારે તે બન્નેએ તે વખતે પોતાનું શરીર ચીરી નાંખ્યું. આ બન્નેની ચેષ્ટા સાંભળીને રાજા જ્યારે ચલાયમાન ન થયો. ત્યારે તે બન્નેવડે નગરીની બહાર મોટી સેના લવાઈ. નગર લૂંટાયું ત્યારે પોતાના ચાકરોવડે તે વાત કહેવાઈ. ત્યારે

રાજાએ કહ્યું કે પ્રબલ એવા શત્રુઓવડે પણ મારુંપુણ્ય લૂંટી શકાતું નથી. કહ્યું છે કે :-

**बाह्या श्री वैरिभिर्बाह्यैर्हियते नान्तरा पुनः ।**
**न चान्तरं वृषं द्विड्भि र्बाह्यै र्वा हन्यते क्वचित् ॥१॥**

બાહ્ય શત્રુઓવડે બાહ્યલક્ષ્મી હરણ કરાય છે. પણ આંતરિક લક્ષ્મી હરણ કરાતી નથી. બાહ્યશત્રુઓ આંતરિક ધર્મને ક્યારે પણ હરી શક્તા નથી. તે પછી યમસરખા શત્રુઓ રાજાની પાસે આવીને જ્યારે હણવા લાગ્યા ત્યારે પણ રાજા ક્ષોભ ન પામ્યો. તે વૈરીઓવડે જલ્દીથી મહાયશા વગેરે પુત્રો અને પુત્રીઓને મજબૂત દોરડાથી બાંધી શત્રુઓ રાજાની આગળ હણવા માટે લાવ્યા.

પુત્રો અને પુત્રીઓને શત્રુઓવડે હણાતાં જોઈને નિશ્ચલમનવાલો રાજા ધર્મધ્યાનથી જરાપણ ચલાયમાન ન થયો. તે પછી બન્નેએ મનુષ્યરૂપને છોડીને પોતાની મૂલ આકૃતિ કરીને દેદીપ્યમાન રૂપને ધારણ કરનારી બે દેવાંગનાઓએ આદરથી કહ્યું. શ્રી ઋષભદેવસ્વામીના કુલરૂપી સમુદ્રને વિષે ચંદ્રમા સરખા તમે જય પામો. સત્વશાળીઓમાં અગ્રેસર તમે જય પામો. હે ચક્રવર્તિના પુત્ર તમે જય પામો. સ્વર્ગનીસભામાં ઈન્દ્રવડે તમે સત્વવાન કહેવાયા અને અમારા બન્નેવડે તેવી રીતે આપ ધર્મમાં નિશ્ચલ જણાયા. કદાચ સમુદ્ર રુંધાય, કદાચ મેરુ પર્વત ચલાયમાન થાય, કદાચ વાયુ પણ બંધાય, પણ પુરુષવડે તમે ધર્મ ધ્યાનથી ચલાયમાન કરાતા નથી. તે બન્ને દેવીઓવડે આ પ્રમાણે સ્તુતિ કરાઇ ત્યારે ઈન્દ્રે આવીને મણિમય વૃષ્ટિ કરીને આ પ્રમાણે પ્રશંસા કરી કે હે રાજા ! તમે લાંબા કાળસુધી જય પામો. રાજાને મુગટ – કુંડલ – હાર – બાજુ બંધ અને શ્રેષ્ઠ મુદ્રિકાઓ આપીને ભક્તિવડે બે ચરણોને પ્રણામ કરીને ઈન્દ્ર દેવલોકમાં ગયો. લાંબાકાળ સુધી તમે જિનેશ્વર ભગવાન કથિત ધર્મને કરો. લાંબાકાળ સુધી પૃથ્વીને પાવન કરો. લાંબા કાળ સુધી ઉપકાર કરો. લાંબા કાળ સુધી મનોહર યશને સંચય કરો. તે બન્ને દેવી રાજાની પ્રશંસા કરીને રાજાને ખમાવીને ઘણાં મણિઓ આપીને નૃત્ય કરીને દેવલોકમાં ગઇ. ચર્તુદશી અને આઠમ આદિ મુખ્ય પર્વના દિવસોમાં નિરંતર તપને કરતો રાજા દેવ – દાનવોવડે ચલાયમાન કરાતો નથી.

ભરત ચક્રવર્તિવડે જ્ઞાન – દર્શન અને ચારિત્રને ધારણ કરનારા – ભોજન આપવાથી જે ઉત્તમશ્રાવકો સ્થાપન કરાયા તેઓને જુદી જુદી સુંદર આકૃતિવાલી સોનાની જનોઇ આપીને રાજા પોતાના ઘરમાં સારું ભોજન આપે છે. શ્રી સિધ્ધગિરિ પર્વતને વિષે વિસ્તારથી યાત્રા કરીને સૂર્યયશા રાજાએ શ્રી ઋષભદેવપ્રભુના મંદિરનો ઉધ્ધાર કર્યો. આરીસામાં પોતાના મુખને જોતાં ભરતરાજાની જેમ સૂર્યયશા રાજાને કેવલજ્ઞાન પ્રાપ્ત થયું. ઈન્દ્રની પાસેથી સાધુનો વેશ પામીને સૂર્યયશામુનિપૃથ્વીપર વિહાર કરતાં ઘણાં ભવ્યજીવોને સર્વજ્ઞના ધર્મમાં બોધ પમાડયો.

અનુક્રમે શ્રી શત્રુંજયપર્વતઉપર જઈને સૂર્યયશા મુનિ આયુષ્યના ક્ષયે સર્વકર્મનો ક્ષય થવાથી મોક્ષનાસુખને પામ્યા. ભરતરાજાની જેમ સૂર્યયશા વગેરે રાજાઓએ શ્રી શત્રુંજયપર્વત પર વિસ્તારથી યાત્રા કરી. ભરતરાજાની જેમ સૂર્યયશા વગેરે આઠ રાજાઓ આરીસામાં મુખને જોતાં કેવલજ્ઞાની થયા, કહ્યું છે કે :– રાજા આદિત્યયશા –

મહાયશા – અતિબલ – બલભદ્ર – બલવીર્ય – કીર્તિવીર્ય – જલવીર્ય અને દંડવીર્ય આ આઠ રાજાઓ થયા. આ આઠ રાજાઓએ ચારે તરફથી ભારતાર્ધને ભોગવ્યું ને ઇન્દ્રે આપેલો ભગવંતનો મુગટ મસ્તકને વિષે ધારણ કર્યો. ભરતરાજાની પરંપરામાં સર્વે ભરતવંશમાં ઉત્પન્ન થયેલા શ્રી અજિતનાથસ્વામી સુધી મુક્તિમાં અને અનુત્તર વિમાનમાં જવાવાળા થયા. સર્વે રાજાઓએ શ્રી શત્રુંજયઆદિ તીર્થમાં સંઘપતિ થઈને જાત્રા કરી.ને શ્રી જિનેશ્વર પ્રભુના મોટા મંદિરો કરાવ્યાં. આ આદિત્યયશા વગેરે આઠ રાજાઓએ શ્રી શત્રુંજયગિરિપર શ્રી ઋષભદેવ પ્રભુના મંદિરનો ઉધ્ધાર કર્યો.

**એ પ્રમાણે આદિત્યયશા વગેરે રાજાઓના ઉધ્ધારનો સંબંધ સંપૂર્ણ.**

## ઈશાનેન્દ્રે કરેલો શ્રી શત્રુંજયનો ઉધ્ધાર

મહાવિદેહ નામના ક્ષેત્રમાં સુવ્રત નામના અરિહંત ભગવંત પાસે કર્યો છે આદર જેણે એવા ઇશાનેન્દ્રે આ પ્રમાણે સાંભળ્યું. જેમ ભવમાં મનુષ્યભવ અને ગ્રહોમાં સૂર્ય તેમ દ્રીપોમાં જંબૂ નામનો દ્રીપ સર્વ શ્રેષ્ઠગુણોવડે મુખ્ય છે. તેના દક્ષિણ ભાગમાં શ્રી શત્રુંજય નામનો પર્વત મોક્ષસુખને આપનારો સર્વતીર્થોમાં શ્રેષ્ઠ છે. સર્વતત્વોમાં જેમ સમભાવ ( સમ્યક્ત્વ ), સર્વ દેવતાઓમાં જેમ જિનેશ્વર તેમ સર્વતીર્થોમાં આ શત્રુંજયગિરિ દુર્લભ છે. જંબૂદ્રીપમાં રહેલા ભરતક્ષેત્રવિના બીજે કોઇ ઠેકાણે મોક્ષસુખને આપનારું શ્રી શત્રુંજય સમાન તીર્થ નથી. આ પ્રમાણે શ્રી જિનેશ્વરના વચનને સાંભળીને દેવો સહિત ઇશાનેન્દ્રે આવીને શ્રી શત્રુંજયગિરિઉપર આદરથી અષ્ટાહ્નિકા મહોત્સવ કર્યો. ઇશાનેન્દ્રે કંઇક જર્જરિત થયેલાં જિનમંદિરો ને જોઇને ભરતચક્રવર્તિની પેઠે દિવ્ય શક્તિવડે નવાં કર્યાં.

## પ્રથમ ઇંદ્ર સૌધર્મેન્દ્ર અને વીર્યસારરાજાએ કરેલો ઉધ્ધાર

શ્રી ઋષભદેવ પ્રભુના વંશમાં વીર્યસાર નામનો રાજા સાતકરોડ મનુષ્યો સહિત શ્રી શત્રુંજયગિરિમાં જિનેશ્વરોને નમસ્કાર કરવા માટે ચાલ્યો. માર્ગમાં શ્રી શત્રુંજયસમાન ઘણા પ્રાસાદ અને પ્રતિમાથી યુક્ત એવા મનોહર પર્વતોને

સંઘપતિએ જોયા. વીર્યસારરાજાએ વિચાર્યું કે સુરાષ્ટ્ર દેશમાં મુક્તિના સુખની પરંપરાને આપનારો શ્રી શત્રુંજયપર્વત એક જ છે. હમણાં આ દેદીપ્યમાન એવા શત્રુંજયપર્વતો ઘણા ક્યાંથી દેખાય છે ? આથી હમણાં મારાવડે ક્યા પર્વતપર જવાય ? પર્વતો વિષમ હોવાથી તે પર્વતોપર ચઢવા માટે રાજા જ્યારે સમર્થ ન થયો ત્યારે આ પ્રમાણે દુષ્કર અભિગ્રહ કર્યો.

જ્યાં સુધી સારીરીતે શ્રી શત્રુંજ્યનામનો પર્વત ન જાણી શકાય ને જ્યાં સુધી જિનેશ્વરની પૂજા ન કરાય ત્યાં સુધી મારે કોઇ ઠેકાણે ખાવું નહિ. મહિનાના અંતે જયારે રાજાએ શ્રી શત્રુંજયગિરિને જાણ્યો નહિ ત્યારે સંઘ ઘણો વ્યાકુલ થયો. તે પછી અતિદુ:ખિત થયેલો રાજા જ્યરે શસ્ત્રવડે મસ્તક છેદવા લાગ્યો ત્યારે સૌધર્મેન્દ્રે આવીને કહ્યું કે હે રાજા ! તું આ સાહસ ન કર હું પ્રથમ દેવલોકનો સ્વામી તારું સાહસ જોવા માટે અહીં આવ્યો ને મારાવડે ઘણા પર્વતો વિકુર્વાયા છે. હે રાજા ! તું ધર્મથી જરાપણ ચલાયમાન ન થયો. હવે હું મુખ્યપર્વતને પ્રગટ કરું છું. બોધિને આપનારા તે પર્વતને તું વંદન કર. અસુરના શત્રુએવા સૌધર્મેન્દ્રવડે – તે પછી બાકીના પર્વતો સંહરણ કરાયા ત્યારે વીર્યસાર રાજા શ્રી શત્રુંજય પર્વતપર ચઢયો. રાજા સ્નાત્ર પૂજા – ધજા આપવી વગેરે મુખ્ય કાર્યોવડે પોતાનો જન્મ સફલ કરીને રાયણના વૃક્ષની નીચે ગયો. ત્યાં ઘણા સંઘના લોકોથી યુક્ત એવા રાજાએ રાયણના વૃક્ષને ડાંગરવડે વધાવી ને પ્રભુના બે ચરણોની પૂજા કરી.

તે વખતે સૌધર્મ દેવલોકના ઇન્દ્રે પડીગયેલા જિનમંદિરોને દિવ્યશક્તિવડે અને વીર્યસાર રાજાએ પણ ઉધ્ધાર કર્યો. એ પ્રમાણે વીર્યસારરાજા શ્રી શત્રુંજયગિરિઉપર વિસ્તાર પૂર્વક યાત્રા કરીને પોતાના નગરમાં આવીને રાત્રિદિવસ ધર્મ કરવા લાગ્યો. અનુક્રમે વીર્યસાર રાજા પોતાના પુત્રને હર્ષવડે રાજ્યગાદીપર સ્થાપન કરીને દીક્ષા લઇને નિરંતર તીવ્રતપ કરવા લાગ્યો. વીર્યસારરાજા એક કરોડ પ્રમાણવાલા સાધુઓથી યુક્ત ફાગણ માસમાં શ્રી શત્રુંજયગિરિઉપર અનુક્રમે કર્મનો ક્ષયકરવા માટે ગયા.

ત્યાં તીવ્રતપ કરીને અને બાકીના અજ્ઞાનરૂપી અંધકારના સમૂહનો ક્ષય કરીને તે સાધુઓ સાથે કેવલજ્ઞાન પામીને ઘણાં ભવ્યજીવોને પ્રતિબોધ કરીને એક કરોડ સાધુ સહિત વીર્યસાર મુનીશ્વર પોતાના આયુષ્યના ક્ષયે મુક્તિ પામ્યા.

**સૌધર્મેન્દ્ર અને વીર્યસાર રાજાના ઉધ્ધારનો સંબંધ પૂર્ણ થયો.**

# ત્રીજા ચોથા અને પાંચમા દેવલોકના ઇન્દ્રોએ કરેલા ઉધ્ધારો

ત્રીજા ચોથા અને પાંચમા દેવલોકના ઇન્દ્રોએ કરેલા ઉદ્ધારો શ્રી શત્રુંજયમાં જાણવા એ પ્રમાણે ચમરેન્દ્ર વગેરે ઇન્દ્રોવડે ઉધ્ધારો કરાયા. કહ્યું છે કે : –

બ્રહ્મેન્દ્રના ઉધ્ધારથી એક કરોડ લાખ સાગરોપમ ગયા ત્યારે શ્રી વિમલગિરિઉપર ભવનપતિના ઇંદ્રનો ઉધ્ધાર થયો. શત્રુંજય નામના તીર્થમાં આ પ્રમાણે વચ્ચે વચ્ચે પુણ્યના ઉધ્ધારો જેવા ઉધ્ધારો મનુષ્યો અને દેવોવડે થયા છે. ભરતરાજાના ઉધ્ધારથી લાખો પ્રમાણોવાલા જે ઉધ્ધારો થયા છે. તેઓની સંખ્યા જાણવા માટે કોણ સમર્થ છે ? ભરત વગેરે અસંખ્ય રાજાઓએ ઉત્તમ ભાવથી સંઘપતિ થઇને શ્રી સિધ્ધગિરિને વિષે વિસ્તારથી યાત્રા કરી છે. બીજા પણ જે બ્રાહ્મણ અને શ્રેષ્ઠી વગેરેવડે આદરથી શ્રી શત્રુંજયને વિષે યાત્રા કરાઇ છે. તેઓની સંખ્યા જાણી શકાતી નથી.

# શ્રી સગર ચક્રવર્તિનો સંબંધ

જંબૂદ્વીપ અને ભરતક્ષેત્રને વિષે જે હંમેશાં શત્રુઓવડે યુધ્ધ ન કરી શકાય એવી ઉપદ્રવરહિત લક્ષ્મીથી યુક્ત અયોધ્યા નામે પ્રસિધ્ધ નગરી છે. જે નગરીમાં આવેલા શત્રુઓ મણિમય કિલ્લાને વિષે પ્રતિબિંબિત થયેલા પોતાના દેહને જોઇને શત્રુના ભયથી જલ્દી નાસી જતા હતા. નિરંતર જ્યાં અરિહંત ભગવાનના મંદિરને વિષે ધર્મરૂપી રાજાના વાગતાં વાજિંત્ર જેવા ઘંટાઓના અવાજવડે કરીને પાપરૂપી રાજા નાસી જતો હતો. લક્ષ્મીવાળા એવા અસંખ્ય રાજાઓ મુક્તિરૂપી કલ્યાણને પામ્યા. તે અસંખ્ય રાજાઓ મોક્ષમાં ગયા ત્યારે એક રાજા સર્વાર્થસિધ્ધ વિમાનમાં ગમન કરતા હતા............ શ્રી ઋષભદેવ પ્રભુના વંશમાં બીજા તીર્થંકર સુધી આ પ્રમાણે ક્રમ ચાલે છે .

તે અયોધ્યા નગરીમા જેણે શત્રુઓને જીત્યાં છે એવા જિતશત્રુરાજાની શીલઆદિ ગુણોવડે શોભતી વિજયા નામની રાણી હતી. જિતશત્રુરાજાને સુમિત્ર નામને ધારણ કરનારો નાનો ભાઇ હતો. ન્યાયમાં તત્પર એવો તે પણ યુવરાજ પદનું પાલન કરતો હતો. તે યુવરાજને દેદીપ્યમાન શીલના ગુણનો આશ્રય કરનારી જેમ ઇન્દ્રને ઇન્દ્રાણી. કૃષ્ણને કમલા તેમ યશોમતિ નામની પ્રિયા હતી. બન્ને પક્ષથી વિશુધ્ધ હંસીની જેમ ઉત્તમ વિવેકવાલી એવી જે પતિના મનમાં નિર્મલ એવા વાસસ્થાનને કરતી હતી.

કોઈકવાર દિવસને અંતે સુખપૂર્વક સૂતેલી વિજયારાણીએ હાથી વગેરે ચૌદ મહાસ્વપ્નોને જોયાં. હાથી – સિંહ – વૃષભ – કમલમાં વસનારી લક્ષ્મી – ફૂલની માલા – ચંદ્ર – સૂર્ય – ધ્વજ – કુંભ – સરોવર – સમુદ્ર – વિમાન – મણિનો ઢગલો અને અગ્નિ. વૈશાખ સુદ તેરસના દિવસે રોહિણી નક્ષત્રમાં ચંદ્ર હતો ત્યારે અનુત્તર વિમાનમાંથી આયુષ્ય પૂર્ણ થવાથી વિજય નામના વિમાનથી દેવ ચ્યવીને રાત્રિમાં તેની કુક્ષિમાં સમાધિવડે અવતર્યો અને મોટો ઉદ્યોત થયો. અને નારકીના જીવોને પણ સુખ થયું. કહ્યું છે કે :–

**नारका अपि मोदन्ते, यस्य कल्याणपर्वसु।**
**पवित्रं तस्य चारित्रं, को वा वर्णयितुं क्षमः ॥३४॥**

જેઓનાં કલ્યાણકનાં પર્વોમાં નારકીનાં જીવો પણ આનંદ પામે છે. તેના પવિત્ર ચારિત્રનું વર્ણન કરવા માટે કોણ સમર્થ છે ? આ બાજુ યશોમતિ રાણીએ રાત્રિમાં ચૌદ મહાસ્વપ્નોને જોયાં. ને પછી પત્નીએ પતિપાસે નિવેદન કર્યું. નવ મહિનાને સાડા આઠ દિવસ પૂર્ણ થયા ત્યારે માઘસુદિ અષ્ટમીની રાત્રિમાં ચંદ્ર રોહિણી નક્ષત્રમાં હતો ત્યારે વિજયાદેવીએ સુવર્ણના સરખા વર્ણવાલા ને હાથીના ચિહ્નવાલા પુત્રને જન્મ આપ્યો. તે વખતે નારકીના જીવોને નક્કી ક્ષણવાર સુખ થયું. ૫૬ – દિક્કુમારીઓવડે, ઇન્દ્રવડે અને માતા–પિતાવડે અનુક્રમે મનુષ્યોને સુખકારી એવો જન્મોત્સવ કરાયો. અહીં તેનો વિસ્તાર જાતે વાંચી લેવો.

યશોમતિ દેવીએ સારે દિવસે શ્રેષ્ઠ પુત્રને જન્મ આપ્યો. તે વખતે પિતાએ વિસ્તારથી શ્રેષ્ઠ જન્મોત્સવ કર્યો. તે બન્ને પુત્રનાં નામ અનુક્રમે અજિત અને સગર થયાં. વધતાં એવા તે બન્ને હંમેશાં માતાપિતાને હર્ષ આપતા હતા. ઇન્દ્રના આદેશથી કેટલાક દેવતાઓ મયૂર થઈને અશ્વ થઈને હાથી થઈને શ્રી અજિતનાથ પ્રભુને રમાડતા હતા. ૪૫૦, ધનુષ્ય ઊંચા શરીરવાલા – રૂપ ને લાવણ્યથી શોભતા અજિત ને સગર થયા. માતાપિતાના આનંદ માટે સ્વામીએ ભોગફલ જાણીને રુપસેના નામની ઉત્તમ કન્યાને સારા ઉત્સવપૂર્વક પરણ્યા. માતા – પિતાના આદેશથી પુણ્યકર્મના યોગથી સગર રાજપુત્ર ઘણી કન્યાઓને સારા દિવસે પરણ્યો.

પ્રભુને અનુક્રમે અઢારલાખપૂર્વ ગયા ત્યારે જિતશત્રુ રાજાએ હર્ષવડે શ્રી અજિતનાથપ્રભુને રાજય આપ્યું. સુમિત્ર યુવરાજે પણ જિતશત્રુ રાજાના આદેશથી પોતાની પાટઉપર (ગાદી પર) પુત્ર સગરને શ્રેષ્ઠ ઉત્સવપૂર્વક સ્થાપન કર્યો.

**वीरं अरिट्ठ नेमिं, पासं मल्लिं च वासुपुज्जं च।**
**ए ए मोत्तूण जिणे, अवसेसा आसि रायाणो॥१॥**

શ્રી વીરભગવાન, શ્રી અરિષ્ટનેમિ=નેમિનાથ ભગવાન, શ્રી પાર્શ્વનાથ ભગવાન, શ્રી મલ્લિનાથ ભગવાન, અને શ્રી વાસુપૂજ્ય ભગવાન, આ પ્રભુઓને છોડીને બાકીના તીર્થંકરો રાજા થયા છે.

જિતશત્રુ અને સુમિત્ર બન્ને ભાઇઓએ સુંદર ઉત્સવપૂર્વક ધર્મઘોષ ગુરુપાસે સુખપૂર્વક સંયમ લીધું. અજિતરાજા પોતાના ભાઇની સાથે જીવરક્ષામાં તત્પર એવા તે હંમેશાં નીતિમાર્ગવડે રાજ્યનું પાલન કરતા હતા. જિતશત્રુ અને સુમિત્ર મુનિએ નિરંતર તીવ્રતપ કરતાં પૃથ્વીતલઉપર વિહાર કરતા હતા. જિતશત્રુ મુનિ નિરંતર તીવ્રતપકરતાં ઇશાન દેવલોકમાં નિર્મલ શરીરવાલા દેવ થયા. કહ્યું છે કે :-

**उसभपिआ नागेसु, सेसाणं सत्त हुंति ईसाणे।**
**अट्ठ्य सणंकुमारे, माहिंदे अट्ठबोधव्वा ।।१।।**
**अट्ठणहं जणणीओ, तित्थयराणं हुंति सिद्धिओ।**
**अट्ठय सणंकुमारे, माहिंदे अट्ठबोधव्वा ।।२।।**

શ્રી ઋષભદેવ પ્રભુના પિતા નાગકુમારમાં દેવ થયા. બાકીના સાત તીર્થંકરના પિતાઓ ઇશાન દેવલોકમાં ઉત્પન્ન થયા. પછીના આઠ સનત્કુમાર દેવ લોકમાં ગયા. અને છેલ્લા આઠ માહેન્દ્ર દેવલોકમાં ગયેલા જાણવા.

આઠ તીર્થંકર ભગવંતોની માતાઓ મોક્ષ પામી છે. આઠ પ્રભુની માતાઓ સનત્કુમાર દેવલોકમાં ગઇ છે. આઠ તીર્થંકરની માતાઓ માહેન્દ્ર દેવલોકમાં ગયેલી જાણવી. ભાઇ એવા શ્રી અજિતનાથ પ્રભુનો આદેશ પામીને સગર ભાઇએ શત્રુઓનો નાશ કરવાથી ઘણા દેશોને સાધ્યા.

વસંતઋતુમાં અજિતનાથપ્રભુ એવા રાજા – પોતાના ભાઇ સગર સાથે સરોવરમાં પણ પુષ્પો અને ફળોવડે લાંબા કાળ સુધી ક્રીડા કરતા હતા. તે વખતે એક હરણ પર્વતના શિખરની જેમ પુષ્ટ દેહવાળો અકસ્માત પડી ગયેલો મરણ પામ્યો. તે વખતે રાજાએ વિચાર્યું કે ખરેખર આ સંસાર અસાર છે. જે કારણથી દેવો અને અસુરો સહિત આ જગત વિનશ્વર દેખાય છે. કહેવાય છે કે : –

**स्वैरिणो वैरिणो लोके, विषया भवचत्वरे।**
**छलाद् हरन्ति पुण्यैक - चैतन्यं हि जडात्मनाम् ।।१।।**
**पुत्रपितृ-कलत्रादि-पाशैर्बद्धो भवे भवे।**
**पक्षिवत् स्वेच्छया धर्म्मे, रन्तुं न लभते जनः ।।२।।**
**यत्तुच्छ सुख लोभेन, पुण्यं स्वं द्रावयन्ति हि।**
**तेषां पीयूषमंह्रीणां, क्षालनाय भवत्यपि ।।३।**

લોકમાં પોતાની ઇચ્છા પ્રમાણે ચાલનારા શત્રુઓ અને વિષયો સંસારરૂપી ચોગાનમાં જડ પ્રાણીઓના પવિત્ર એક ચૈતન્યને કપટથી હરણ કરે છે. પુત્ર – પિતા – પત્ની – આદિપાશવડે બંધાયેલો મનુષ્ય પક્ષીની માફક ભવોભવને વિષે પોતાની ઇચ્છાવડે ધર્મમાં રતિ કરવા માટે તૈયાર થતો નથી. જે કારણથી તુચ્છ સુખના લોભવડે પોતાના પુણ્યને ગાળી નાંખે છે. તેઓને અમૃત પગ ધોવાને માટે થાય છે.

પ્રભુ આ પ્રમાણે વિચાર કરતા હતા ત્યારે દેવલોકમાંથી લોકાન્તિક દેવો જય જય એ પ્રમાણે ઉચ્ચાર કરતાં તેમની પાસે આવ્યા. ઘણા આચાર્યો કહે છે :-

**सारस्सयमाइच्चा - वह्नी वरुणाय गद्दतोयाय ।**
**तुसिआ अव्वाबाहा, अग्गिच्चा चेव रिट्ठाय ।।१।।**

સારસ્વત – આદિત્ય – વહ્નિ – વરુણ – ગર્દતોય – તૃષિત – અવ્યાબાધ – આગ્નેય અને રિષ્ઠ. આ નવ લોકાંતિક દેવોનાં નામ છે.

હે સ્વામી ! તીર્થ પ્રવર્તાવો. સંસારરૂપી કૂવાના વિષે પડતાં ભવ્ય પ્રાણીઓને વચનરૂપી વહાણવડે હમણાં ઉધ્ધાર કરો. પોતાની જાતે બોધ પામેલા હોવા છતાં પણ સર્વજ્ઞ એવા પ્રભુએ દેવની વાણી સાંભળીને તે વખતે બીજા દિવસે સાંવત્સરિક દાન આપવા માટે શરુઆત કરી.

એક વર્ષ સુધી પ્રભુએ અનગર્લ એવું દાન આપીને દીક્ષા લેવાની ઈચ્છાવાલા એવા તેમણે સગરને રાજય આપ્યું. એક વર્ષવડે પ્રભુએ આદરપૂર્વક યાચકોને જે દાન આપ્યું. તેની કંઈક સંખ્યા જિનાગમમાં આ પ્રમાણે કહેવાય છે.

**एगा हिरण्णकोडी-अट्ठेवय अणूणगा सयसहस्सा ।**
**सूरोदयमाईयं, दिज्जइ जा पायरासाओ ।।१।।**
**तिन्नेव य कोडिसया, अट्ठासीयं च हुंति कोडिओ ।**
**असिअं च सयसहस्सा, एअं संवच्छरे दिन्नं ।।२।।**

એક કરોડને આઠ લાખ સોનામહોર સૂર્યોદયથી માંડીને ભોજનકાલ સુધીમાં રોજ અપાય છે. ત્રણસો અઠયાસી કરોડ અને ૮૦ – લાખ – સોનામહોર એક વર્ષમાં પ્રભુએ દાનમાં આપી. સંવત્સરી દાનમાં હાથી – ઘોડા – પૃથ્વી – રત્ન – માણિક્ય ને વસ્ત્રોની સંખ્યા જ્ઞાની સિવાય કોઈ જાણતું નથી. સગરરાજા – સૌધર્મેન્દ્ર અને ઈશાનેન્દ્રવડે ઉત્સવ કરાયો ત્યારે સ્વામી એવા પ્રભુ શિબિકામાં બેઠા. સહસ્ર નામના પર્વતપર આવીને વાહનમાંથી ઊતરીને રાજા અને દેવોની સાક્ષીએ પંચ મુષ્ઠિવડે લોચ કર્યો. સિધ્ધોને નમસ્કાર કરીને ઈન્દ્ર અને રાજાએ મહોત્સવ કર્યો ત્યારે શ્રી અજિતનાથપ્રભુએ જાતે દીક્ષા લીધી. મહાસુદિ નવમીના દિવસે ચન્દ્ર રોહિણી નક્ષત્રમાં હતો ત્યારે દિવસના પાછલા ભાગમાં પ્રભુને ચોથું મનઃપર્યવજ્ઞાન થયું.

સમગ્ર તીર્થંકરો જ્યાં સુધી ગૃહવાસમાં હોય ત્યાં સુધી ત્રણજ્ઞાનવડે યુક્ત હોય છે. અને ચારિત્ર ગ્રહણ કરે ત્યારે છદ્મસ્થ અવસ્થા સુધી ( રહેવા વાળા ) ચાર જ્ઞાનવાલા હોય છે. તે વખતે હજાર રાજાઓએ ગૃહવાસી લક્ષ્મીને છોડીને ઉત્તમ ભાવથી પ્રભુની સાથે સંયમ અંગીકાર કર્યો. જેથી કહયું છે કે :-

**एगो भयवं वीरो पासो मल्ली अ तिहितिहि सएहिं।**
**भयवंपि वासुपुज्जो, छहिं पुरिससएहिं निक्खंतो ॥१॥**

***(વીર એકાકી ચાર હજારે, દીક્ષા ધુર જિનપતિ, પાસને મલ્લિ ત્રયશત સાથે, બીજા સહસે વ્રતી. ષટશતસાથે સંયમ ધરતાં, વાસુપૂજ્ય જગધણી, અનુપમલીલા જ્ઞાનરસીલા. દેજો મુજને ઘણી.)***

ભગવાન વીર એકલાએ, પાર્શ્વનાથને મલ્લિનાથે ૩૦૦, ૩૦૦ ની સાથે, ભગવાન વાસુપૂજ્ય સ્વામીએ ૬૦૦ પુરુષો સાથે દીક્ષા લીધી. શ્રી ઋષભદેવ પ્રભુએ ઉગ્રકુલ – ભોગ કુલ – રાજન્યકુલ ને ક્ષત્રિયકુલના ચાર હજારની સાથે અને બાકીના તીર્થંકરોએ ૧૦૦૦,ની સાથે દીક્ષા લીધી.

બીજા દિવસે અયોધ્યા નગરીમાં બ્રહ્મદત્તના ઘરે પ્રભુનું સંસારને તારનારું એવું પારણું ખીરવડે થયું. તે વખતે બ્રહ્મદત્તના ઘરમાં દેદીપ્યમાન જય જય શબ્દપૂર્વક ૧૨ાા કરોડ સોનૈયાની વૃષ્ટિ થાય છે. સર્વે જિનેશ્વરોએ જ્યાં પ્રથમ ભિક્ષા પ્રાપ્ત કરી હોય ત્યાં વસુધારાની વૃષ્ટિ અને પુષ્પની વૃષ્ટિ થાય છે. વસુધારા ઉત્કૃષ્ટથી – ૧૨ાા કરોડ થાય છે. ને જઘન્યથી ૧૨ાા લાખ થાય છે. સર્વ જિનેશ્વરોને જેમણે પહેલી વખત ભિક્ષા આપી છે. તે અલ્પદોષવાલા શ્રેષ્ઠ પરાક્રમવાલા થયા છે. બ્રહ્મદત્તે હર્ષથી પ્રભુના પારણાના સ્થાને સમસ્ત જગતને વંદ્ય એવું ધર્મચક્ર ઉત્તમ સુખને માટે કર્યું. મમતા રહિત એવા પ્રભુએ આર્ય અને અનાર્ય દેશમાં વિહાર કરતાં ધ્યાનરૂપી અગ્નિવડે કરીને ક્ષણવારમાં સર્વઘાતિકર્મોને બાળી નાંખ્યાં.

સર્પને વિષે, હારને વિષે, મણિને વિષે ને માટીના ઢેફાને વિષે, ઘાસને વિષે ને સ્ત્રીના સમૂહને વિષે, સોનાને વિષે અને કાચના સમૂહને વિષે પ્રભુસમાન દ્રષ્ટિવાલા થયા. સુખ – દુઃખમાં સંસારને વિષે કે મોક્ષને વિષે, મનુષ્યરહિત વનમાં કે લોકથીવ્યાપ્ત એવા ગામમાં, દિવસ રાત્રિ ને સંધ્યામાં શ્રી જિનેશ્વર પ્રભુ સમભાવવાળા થયા. ગાઢ એવી ઠંડીમાં તેમજ ગરમીમાં સરખી ભૂમિમાં કે વિષમભૂમિમાં, માન ને અપમાનમાં તુલ્ય ચિત્તવાળા તે વખતે થયા. સ્વામી વાયુની પેઠે જુદા જુદા દેશોમાં નિરંતર વિહાર કરતાં છદ્મસ્થ એવા શુભભાવવડે અયોધ્યા નગરીમાં આવ્યા. ચન્દ્ર રોહિણી નક્ષત્રમાં હતો ત્યારે પોષ સુદિ બારસના દિવસે દિવસના પાછલા ભાગમાં પ્રભુને ક્ષણવારમાં પાંચમું જ્ઞાન (કેવલજ્ઞાન) થયું.

ત્યાં દેવો વડે ત્રણગઢ કરાયા ત્યારે શ્રી અજિતનાથ પ્રભુએ આચાર હોવાથી શરુઆતમાં તીર્થને નમસ્કાર થાઓ એ પ્રમાણે કહ્યું. દેવોએ કરેલા મોટા સુવર્ણના સિંહાસનઉપર શ્રી અજિતનાથપ્રભુ ભવ્ય પ્રાણીઓના પ્રબોધ માટે બેઠા. આ બાજુ સગરરાજાના આયુધઘરમાં સ્ફુરાયમાન કાંતિથી પ્રકાશિત કર્યું છે આકાશ જેણે એવું ચક્રરત્ન ઉત્પન્ન થયું. ઉદ્યાનપાલકે ચક્રરત્નની ઉત્પત્તિ અને જ્ઞાનની ઉત્પત્તિ જેટલામાં કહી તેટલામાં રાજા વિચારવા લાગ્યો. પ્રથમ ચક્રની પૂજા કરીને તે પછી હું જિનેશ્વરની પૂજા કરીશ. ક્ષણવાર પછી રાજાએ વિચાર્યું કે નિર્વિવેકીજનોમાં અગ્રેસર એવા મને ધિક્કાર હો. પ્રભુની પૂજા કરવાથી ચક્રરત્ન સુલભરીતે પૂજાયેલું થાય કારણ કે પ્રભુ – મોક્ષ – સ્વર્ગ – ચક્ર આદિ લક્ષ્મીને આપનારા થાય છે.

મિચ્છામિ દુક્કડં દઈને તેજ વખતે સગરચક્રવર્તિ બલિ લઈને પ્રભુને નમસ્કાર કરવા માટે સ્વામીની પાસે ગયા. બલિને ઉછાળતાં ત્રણ પ્રદક્ષિણાને કરતા સગરે પોતાને ઉચિત રોગ આદિને હણનાર એવી બલિને તે વખતે ગ્રહણ કર્યો. કહ્યું છે કે : –

**राया व रायमच्चो, तस्सासई पउरजणवओ वावि।**
**दुब्बलिखंडिअबलि – छड्डिअ तंदुलाणाढयं, कलमा ।।१।।**
**भाइअ पुणाणिआणं अखंडफुडीआण फलगसरियाणं।**
**कीरइ बली सुराविअ तत्थेव छुहंति गंधाइं ।।२।।**
**बलि पविसण समकालं, पुव्वदारेण ठाइ परिकहणा,**
**तिगुणं पुरओ पाडण, तस्सद्धं अवडियं देवा ।।३।।**
**अद्धदद्धं अहिवइणो, अवसेसं होइ पगयजणस्स।**
**सव्वामय पसमणी, कुप्पइ नन्नो अ छम्मासे ।।४।।**

રાજા અથવા રાજમંત્રી . તેની આજ્ઞા માનનાર નગરજન કે દેશનાલોક દુર્બલિ ખંડિત બલિ, છડેલા તંદુલના આઢક પ્રમાણ કલમી ચોખા સાફ કરીને લાવેલા અખંડ ખીલેલા ફળ ( ચોખા ) નો બળી કરે છે. દેવતાઓ તેમાં ગંધ નાંખે છે. બલિનો પ્રવેશ એકી સાથે પૂર્વદ્વારે પ્રવેશ કરી કહેવાથી ઊભો રહે છે. ત્રણ વખતે તે આગળ ઉછાળે છે. તેનો અર્ધો ભાગ પડ્યાવિના – આકાશમાંથી દેવો ગ્રહણ કરે છે. પડેલાનો અર્ધભાગ રાજાઓ લે છે. બાકીનો ભાગ સામાન્યજનો ગ્રહણ કરે છે. આ બલિ સર્વરોગને શાંત કરનાર છે. અને છ માસ સુધી નવા રોગ થતા નથી.

રાજા પ્રભુને વંદન કરીને પોતાને ઉચિત એવા સ્થાનમાં હર્ષના સમૂહથી દેદીપ્યમાન એવો તે ધર્મ સાંભલવા માટે બેઠો. ( અહીં ધર્મોપદેશ કહેવો ) દેશનાના અંતે પ્રભુએ ગચ્છનાયકોને – ગણધરોને પોતાના હાથવડે સ્થાપન કર્યા. તે સર્વે વિદ્યારૂપી સમુદ્રને પાર પામનારા થયા. ત્યાં શ્રી અજિતનાથ પ્રભુએ ઇન્દ્ર અને રાજાઓની સાક્ષીએ ચતુર્વિધ સંઘની સ્થાપના કરી. શ્રાવક ધર્મ સ્વીકારીને ચક્રવર્તિ પોતાના ઘરે ગયો. અને શ્રી અજિતનાથસ્વામીએ ઘણાં લોકોને બોધ કરવા માટે બીજે ઠેકાણે વિહાર કર્યો.

એક વખત શ્રી અજિતનાથસ્વામી પૃથ્વીતલઉપર વિહાર કરતાં શ્રી આદિનાથ પ્રભુવડે આશ્રિત (જ્યાં પૂર્વ નવ્વાણું વાર પધાર્યા હતા) એવા શ્રી શત્રુંજયગિરિ તરફ પોતે ચાલ્યા. જેટલામાં શ્રી શત્રુંજયપર્વતની પાસે જઈને અનુક્રમે શ્રી અજિતનાથસ્વામી કાર્યોત્સર્ગમાં રહ્યા તેટલામાં **એક મોરનું ટોળું આવ્યું. એક મોરે સ્વામીના મસ્તક ઉપર ભક્તિથી પાપને છેદવા માટે છત્રના આકારે પોતાનો પીછાનો કલાપ કર્યો.** ધ્યાનનાં અંતે પ્રભુએ વાણીવડે મયૂરોને ધર્મમાં પ્રતિબોધ કર્યાં. તે વખતે ખરેખર પશુઓપણ ભદ્ર સ્વભાવવાળાં થયાં. કહ્યું છે કે :–

**देवा दैवीं नरा नारीं, शबराश्चपिशाबरीम्।**
**तिर्यञ्चोऽपिहि तैरश्चीं, मेनिरे भगवद्गिरम् ।।७४।।**

દેવતાઓ દેવતા સંબંધી – મનુષ્યો મનુષ્ય સંબંધી – ભીલો ભીલ સંબંધી અને તિર્યંચો તિર્યંચ સંબંધી ભગવંતની વાણીને માનતાં ( સાંભળતાં ) હતાં.

તે મયૂરોની સાથે સ્વામી યત્નથી પર્વતપર ચઢીને રાયણના વૃક્ષની નીચે મુખ્ય શિખરપર ત્રણ દિવસ રહયા. તે વખતે તે મયૂરો સ્વામીના મુખને જોવામાં તત્પર આલેખેલા ( ચિતરેલા ) હોય તેવા પોતાના પાપરૂપી અજ્ઞાનને છેદ માટે થયા. તે વખતે મયૂરોમાં એક વૃધ્ધ મયૂરને મરણ નજીક જાણીને સ્વામીએ સુંદર વાણીવડે સંલેખના આરાધના કરાવી. તે મયૂર મરીને ચોથા દેવલોકમાં ગયો ને દેદીપ્યમાન કાંતિવાલો તે પોતાના ઉપકારી જાણીને પ્રભુની પાસે આવ્યો. શ્રેષ્ઠ સમવસરણ કરીને પ્રભુની આગળ નૃત્ય કરતો " આ ક્યો દેવ છે ?" એમ સૌ ધર્મેન્દ્રદેવલોકના ઇન્દ્રવડે સ્વામી પુછાયા. સ્વામીએ કહયું કે તે દેવની જેવી રીતે સ્વર્ગગતિ થઇ. તેવી રીતે આ મયૂરનો દેહવર્તે છે. પછી હર્ષિત થયેલા મયૂરદેવે સ્વામીની પાદુકાપાસે બીજાને બોધ કરવા માટે પોતાનું રૂપ આલેખ્યું. તે મયૂરદેવ અદ્દભુત એવા મનુષ્યભવને પામીને અનુક્રમે શ્રી સિધ્ધશૈલપર્વત ઉપર જલ્દી મુક્તિને પામશે.

તે વખતે અનેક મયૂર આદિજીવો શ્રેષ્ઠ એવા જૈનધર્મને સ્વીકારીને દેવલોકમાં ગયા. ને પછી મોક્ષમાં જશે. કહ્યું છે કે : – આ શ્રી શત્રુંજય નામનો પર્વત શાશ્વત અને હંમેશાં સ્થિર છે. અને સંસારરૂપી સમુદ્રમાં ડૂબતાં પુરુષોને તારવા માટે હોડી સરખો છે. આ તીર્થની અંદર ઉત્તમ બુધ્ધિવાલો જીવ જે ક્રિયાઓ કરે છે. તે ક્રિયાઓ આ લોક ને પરલોકમાં કર્મના ક્ષયમાટે થાય છે. આ શ્રી શત્રુંજયગિરિઉપર જે જીવો સિધ્ધ થાય છે. અને હંમેશાં જે સિધ્ધ થશે. તેઓને ( તેની સંખ્યાને ) કેવલીને છોડીને બીજો માણસ જરાપણ જાણતો નથી. આ બાજુ ચક્રવર્તિ પૂજાકરીને ચક્રની પાછળ છ ખંડરૂપ પૃથ્વીને સાધવા માટે ઘણા સૈનિકવાળો ચાલ્યો. દંડ છે જેના હાથમાં એવો અને હાથી – છત્ર – મણિ – કાકિણી – વર્ધકી – પુરોહિત – ગૃહરત્ન – ચક્રરત્ન – ચર્મરત્ન – વગેરે રત્નો લઇને – લાખો યક્ષવડે અધિષ્ઠિત અને પોતાના સૈન્યવડે જગતને ચલાયમાન કરતો અચલ છે પરાક્રમ જેનું એવો રાજા ચાલ્યો. પૂર્વસમુદ્રમાં માગધપતિને વાયવ્ય દિશામાં વરદામને – પશ્ચિમ સમુદ્રને વિષે સૈન્યવડે અતિ બલવાન એવા પ્રભાસપતિને અઠ્ઠમ તપ કરીને સાધીને અનુક્રમે સગરરાજા સિંધુ અને મહાસિંધુ નદીના કિનારા વિષે ગયો. રાજાએ સિંધુપતિને જીતીને વૈતાઢ્યપર્વતના વિદ્યાધરોને પણ પોતાને વશ કર્યા. અનુક્રમે બીજા રાજાઓને પણ વશ કર્યા. આ પ્રમાણે ચક્રને અનુસરતાં એવા રાજાએ સમસ્ત શત્રુ રાજાઓને જીતવાથી સંપૂર્ણ છખંડ પૃથ્વીને સાધી. ૮૪ – લાખ હાથી – ૮૪ – લાખ રથ – ૮૪ – લાખ ઘોડા સાથે અને સવા કરોડ સૈનિકો – પાયદલ સાથે અલંકૃત એવા સગરરાજાએ અનુક્રમે પોતાના બલવડે છખંડની પૃથ્વીને સાધીને મહોત્સવ કરતાં ઋષભકૂટ ઉપર પોતાનું નામ આલેખ્યું.

વિસ્તારથી દેશને સાધવાનો ,-વૈતાઢ્યપર્વતની ગુફામાં જવાનો, ગંગાનદીના કિનારે નવ નિધાનો પ્રગટ થવાની ઘટના આદિનો સંબંધ તેના ચરિત્રમાંથી જાણી લેવો.

સગર ચક્રવર્તિએ પોતાના નગરમાં આવીને બારવર્ષસુધી રાજ્યાભિષેકનો વિધિ કર્યો. એક વખત વિહાર કરતાં શ્રી અજિતનાથસ્વામી શ્રી સિધ્ધગિરિના સુભદ્રનામના શિખરઉપર વરસાદ વરસતો હતો ત્યારે ચોમાસું રહયા. બીજા પણ સાધુઓ જુદા જુદા શિખરોપર જુદી જુદી ગુફાઓમાં સંસારસમુદ્રને છેદ કરવા માટે તીવ્રતપ કરવા માટે રહયા. ત્યાં

સ્વામી રહ્યા ત્યારે વાઘવગેરે શિકારી પશુઓ પણ તે વખતે પ્રભુની વાણી સાંભળીને પોતાના વૈરને ( જાતિવૈરને) જલ્દી ત્યજવા લાગ્યા. વાઘવગેરે જીવો આદરપૂર્વક અનશન સ્વીકારીને સ્વામીની વાણીને સાંભળતા શુભચિત્તવાલા સ્વર્ગમાં ગયા. ત્યાંથી ચ્યવીને મનોહર એવા એક – બે કે ત્રણ ભવોવડે કરીને મનુષ્યજન્મ પામીને તેઓ મોક્ષમાં જશે. આ બાજુ શ્રી સુવ્રતાચાર્ય માંદા હોવાથી તંદુલ અને પાણીના પાત્રવાલા મુનિઓવડે સેવા કરાયેલા પહેલાં શિખરપર આવ્યા. કોઈક વૃક્ષની નીચે પાણીનું પાત્ર મૂકીને જેટલામાં આચાર્ય રહ્યા તેટલામાં કાગડાએ ઢોળી નાંખ્યું. કાગડાવડે પાણીને ઢોળી નંખાયેલું જોઈને સુકાતું છે મુખકમલ જેનું એવા આચાર્ય કોપ પામ્યા. અને કાગડાની સામે આ પ્રમાણે કહ્યું હે કાગડા ! તારાવડે પ્રાણનું રક્ષણ કરનારું પાણી ક્ષણવારમાં ઢોળી નંખાયું તે આ અકાર્યવડે કરીને તારી સંતતિનું અહીં આગમન થશે નહિ. મારા તપના પ્રભાવથી સમસ્ત મુનિના સંતોષમાટે અહીંજ જંતુઓ વગરનું પ્રાસુક પાણી સતત થશે. તેજ વખતે કકુવાણીના કોલાહલથી આકુલ કાગડાઓ ચાલી ગયાં. ત્યારથી માંડીને શ્રી સિદ્ધગિરિઉપર કાગડાઓનું આગમન થતું નથી. દુષ્કાલને ઉપદ્રવ કરવામાં તત્પર એવો કાગડો કદાચ અહીં આવે તો વિઘ્નને નાશ કરનાર શાંતિકકર્મ કરવું. કહ્યું છે કે : –

**श्री युगादिजिनस्याग्रे, राजादन्याश्चशान्तिकम्।**
**पुरतो जैनमुनिभि:, क्रियतेऽरिष्ट नाशकृत्॥१॥**

શ્રી ઋષભદેવ પ્રભુની આગળ અને રાયણવૃક્ષની આગળ જૈન મુનિઓ ઉપદ્રવને શાંતકરનાર શાંતિકકર્મ કરે છે. ને પર્વતની સંધિને વિષે તપનાબલથી જે પાણી પ્રવર્ત્યું તે વિઘ્નના ઉપશમને કરનારું નૈઋત્ય ખૂણામાં છે. તે પાણીના સ્પર્શથી કરોડો રોગ – શોક – પીડા – વૈતાલ અને ગ્રહસંબંધી દુ:ખો ચાલી જાય છે. એમાં સંશય નથી. પછી આચાર્ય મહારાજે ક્ષણવારમાં પોતાના મનમાં આ પ્રમાણે વિચાર્યું કે મારાવડે દુ:ખવડે પાપરૂપી ધ્યાન વિચારાયું. એ પ્રમાણે આચાર્ય મહારાજે પરમતેજનું ધ્યાન કરતાં કેવલજ્ઞાન પામીને પાપનો ક્ષય થવાથી તે વખતે મુક્તિને પામ્યા. ચક્રવર્તિએ ત્યાં આવીને શ્રી ઋષભદેવ પ્રભુની પ્રતિમાયુક્ત **સુવ્રતાચાર્ય** નામનો પ્રાસાદ કરાવ્યો.

આ બાજુ અજિતનાથ સ્વામીનું સુંદરવચન સાંભળીને ત્યાં ઘણા મુનિઓ સર્વકર્મનો ક્ષય કરવાથી મોક્ષ પામ્યા. તે પછી શ્રી અજિતનાથસ્વામી ઘણાં લોકોને પ્રતિબોધ કરીને ભવ્યપ્રાણીઓને પ્રતિબોધ કરવામાટે પૃથ્વીપીઠઉપર વિહાર કરવા લાગ્યા.

એક વખત સગરરાજાના આદેશને પામીને તેના ભગીરથ વગેરે પુત્રો રત્નોને (ચક્રવર્તિના – નારી રત્ન સિવાયનાં રત્નોને લઈને ) યાત્રા કરવા ચાલ્યા. દરેક ગામમાં દરેક નગરમાં – દરેક પર્વતમાં જિનેશ્વરોને વંદન કરતાં ભાઈઓ સહિત ભગીરથ અષ્ટાપદ પર્વતઉપર ગયો. અષ્ટાપદ પર્વતઉપર ચઢી ભરતરાજાએ કરાવેલાં જિનમંદિરમાં આદિનાથ વગેરેને તીર્થંકરોને તેણે હર્ષવડે વંદન કર્યું.

**चत्तारि अट्ठ दस दोय - वंदिया जिणवरा चउवीसं।**
**परमट्ठ निट्ठिअट्ठा - सिद्धा सिद्धिं मम दिसंतु॥१॥**

ચાર – આઠ – દસ ને બે આ ચોવીસ તીર્થંકરો વંદન કરાયા. પરમાર્થથી પૂર્ણ થયેલ છે પ્રયોજન જેનું એવા સિદ્ધો મને સિદ્ધિ આપો

સ્નાત્રપૂજા – ધજા ચઢાવવી. વગેરેકાર્યો સુંદર ઉત્સવપૂર્વક કરીને ભગીરથે ભાવથી ગીત – નૃત્ય આદિ કર્યું. પોતાના પૂર્વજ એવા ભરતરાજાવડે કરીને આદિનાથ ભગવંતનું સુવર્ણમય મંદિર કરાવેલું જાણીને ભગીરથે ભાઇઓને કહ્યું. લોભી એવા ભવિષ્યના લોકો ખરેખર સુવાર્ણમય પ્રાસાદને પાડી નાંખીને બધું સોનું લઇ લેશે. એમાં સંશય નથી. તેથી ખરેખર હે ભાઇઓ! આ તીર્થરાજની ચારેબાજુ ખાઇ કરવા વડે પહેલાં તીર્થની રક્ષા કરીએ. તે પછી સર્વે નાના ભાઇઓએ મોટાભાઇને કહ્યું કે તમે કહેલ આ તીર્થની ચારેબાજુ જલ્દીથી ખાઇ કરાવો. તે પછી સર્વે સગરના પુત્રો દંડરત્નવડે કરીને શ્રી અષ્ટાપદ તીર્થની ચારેતરફ ખાઇ કરવા માટે તૈયાર થયા. શ્રી અષ્ટાપદ પર્વતને વિષે ચારે બાજુથી ખાઇ ખોદી ત્યારે અણપન્નિ પ્રમુખ વ્યંતરોના ઘરોમાં ઘણી ધૂળ પડતી જોઇને વ્યંતરો કહેવા લાગ્યા કે આ કોણ દુષ્ટ ચિત્તવાલો આપાણાં ઘરમાં ધૂળ નાંખે છે. ? તેઓએ અવધિજ્ઞાનથી જાણીને સગરરાજાના પુત્રોને કહ્યું કે હે સગર રાજાના પુત્રો ! તમે દયામાં તત્પર થાઓ. તમે શા માટે અમારાં મસ્તક ઉપર ધૂળના સમૂહને નાંખો છો ? અરે ! અમારા જેવા જીવોપર તમને દયા પણ નથી આવતી ? કહ્યું છે કે :– અહિંસાથી ઉત્પન્ન થતો ધર્મ હિંસાથી કઇ રીતે થાય ? પાણીમાં ઉત્પન્ન થતાં કમલો અગ્નિમાં કઇ રીતે ઉત્પન્ન થાય ? દયારૂપી નદીના મોટા કિનારા ઉપર થતા અંકુરા જેવા સર્વે ધર્મો છે. તે દયારૂપી નદી સુકાઇ જતાં તે ધર્મો કેટલા કાળ સુધી આનંદ પામે ? ટકે ? સજજન પુરુષો નિર્ગુણી એવાં પ્રાણીઓપર પણ દયા કરે છે. ચંદ્ર ચંડાલના ઘરને વિષે ચાંદનીને સંહરતો નથી. (લઇ લેતો નથી) એક જીવને કારણે તમે સેંકડો જીવોને ન મારો. આજ અથવા કાલે મરણ પામશો. ને સેંકડો દુઃખો પામશો.

તે વ્યંતરોએ આ પ્રમાણે કહ્યું ત્યારે ભાઇયુક્ત ભગીરથે ગંગાનદીના પાણીવડે ખાઇને ભરવા માટે તે વખતે યત્ન કર્યો જેટલામાં ભાઇઓ સહિત સગરનોપુત્ર ભગીરથ દંડરત્નવડે ગંગાના પ્રવાહવડે ખાઇને ભરે છે. તેટલામાં જ્વલનપ્રભ નામનો વ્યંતરદેવ બોલ્યો કે કાદવ પડવાવડે આ નાગલોક અત્યંત પુરાય છે. તે વખતે ભગીરથવગેરેવડે ગંગાનાપ્રવાહનું લાવવું જાણીને નાગકુમારના સ્વામી એવા જ્વન પ્રભદેવે તેઓને કહ્યું કે તમે જલ્દીથી ગંગાનદીના પ્રવાહને પાછા કરો એમ નહિ કરો તો પાપ કરનારા તમને હું જલ્દી શિક્ષા કરીશ. કહ્યું છે કે :–

**अत्युग्रपुण्यपापाना – मिहैव फलमाप्यते।**
**त्रिभिर्मासै स्त्रिभि:पक्षै स्त्रिभिर्वर्षै स्त्रिभिर्दिनै: ।।१।।**

અતિઉગ્ર પુણ્ય અને પાપનું ફલ અહીંયાં જ ત્રણ મહિને – ત્રણ પખવાડિયે – – ત્રણ વર્ષે કે ત્રણ દિવસમાં પ્રાપ્ત થાય છે. તે ચક્રવર્તિના પુત્રો ન રોકાયા ત્યારે જહ્નુ અને ભીમ વિના ૬૦, હજાર પુત્રોને બાળી નાંખ્યા, ચક્રવર્તિના પુત્રોને બાળીને રુષ્ટમનવાલો જ્વલનપ્રભદેવ એકદમ પોતાના સ્થાનકે ગયો. ઉત્તમ જીવનો ક્રોધ શત્રુના વધ સુધી જ હોય છે. ચક્રવર્તિના પુત્રોને બળી ગયેલા જોઇને જહ્નુ અને ભીમ સહિત ચાકરો રુદન કરવામાં તત્પર એવાં વૃક્ષોને પણ અત્યંત રુદન કરાવવા લાગ્યા. ચક્રવર્તિના પુત્રના વિયોગથી ચાકરોએ મોટી ચિતા કરી. પ્રાણોને છોડવાની ઇચ્છાવાલા

તેઓએ જલ્દીથી લાકડાવડે ચિતા રચી. જેટલામાં ચાકરો પોતાની જાતે અગ્નિવડે ચિતા સળગાવે છે તેટલામાં અવધિજ્ઞાનવડે જાણીને બ્રાહ્મણના રૂપને ધારણ કરનાર ઇન્દ્રે આવીને કહ્યું કે હે ચાકરો ! તમે ફોગટ ન મરો. જીવતા માણસવડે રાજ્ય વગેરે બધું મેળવાય છે. પરંતુ મરેલા વડે નહિ. ચાકરોએ કહ્યું કે હે બ્રાહ્મણ ! અમારા સ્વામીના પુત્રો અમારા દેખતાં જ જ્વલનપ્રભ – નાગદેવવડે અગ્નિ આપવાવડે હોમી દેવાયા. તેથી હે દ્વિજ ! હમણાં અમારા સ્વામી વિના અમારાવડે કેમ જિવાય ? કારણક રાજાઓવડે પોતાની રક્ષા માટે પાપરહિત એવા સેવકો કરાય છે. તેઓ જો સ્વામી પાછળ ન મરે તો ચારે બાજુથી સ્વ સ્વામિભાવ નકામો થાય.. બ્રાહ્મણે કહ્યું કે :– તમારું આ વચન સારું નથી. આવી રીતે સેવકો મરી જાય તો વિશ્વ નાશ પામે. જે કારણથી સ્વામીની પાછળ સેવકો મરી જાય અને પતિની પાછળ સ્ત્રીઓ મરી જાય તે મોહનીજ ચેષ્ટા છે. જગતમાં સર્વ પ્રાણીઓને મોહજ બલવાન દેખાય છે. કારણ કે મોહ ઘણાં જીવોને બળાત્કારથી નીચે નરકમાં લઇ જાય છે. કહ્યું છે કે :–

**पुत्रो मे भ्राता मे - स्वजनो मे गृहकलत्रवर्गो मे।**
**इति कृत मे मे शब्दं, पशुमिव मृत्युर्जनं हरति ।।१।।**
**दारा: परिभवकारा, बन्धुजनो बन्धनं विषंविषया: ।**
**कोऽयं, जनस्यमोहो, ये रिपवस्तेषु सुहृदाशा ।।२।।**

આ પુત્ર મારો – આ ભાઇ મારો – આ મારો સ્વજન . આ મારું ઘર આ મારો સ્ત્રી વર્ગ – એ પ્રમાણે પશુની જેમ મેં મેં શબ્દ કરતું મૃત્યુ મનુષ્યનું હરણ કરે છે. સ્ત્રીઓ પરાભવને કરનારી છે. બંધુજન બંધન છે.. વિષયો વિષ – ઝેર છે. આ લોકનું – અજ્ઞાન કેવા પ્રકારનું છે ? કે જે શત્રુઓ છે તેના વિષેજ મિત્રની આશા છે. તે વખતે આ સાંભળીને ચક્રવર્તિના પુત્રના બધા સેવકો મરણથી અટકી ગયા. અને હૃદયમાં ઘણા શોકને ધારણ કરવા લાગ્યા. તે પછી બ્રાહ્મણે કહ્યું કે ઉત્તમ પુરુષો શોક કરતા નથી. શોકથી આ લોક અને પરલોકમાં દુ:ખની પરંપરા થાય છે. કહ્યું છે કે :–

**धर्म्म-शोक-भया-हारा-निद्रा-काम-कलि-क्रुध: ।**
**यावन्मात्रा विधीयन्ते, तावन्मात्रा भवन्त्यमी ।।१।।**

ધર્મ – શોક – ભય – આહાર – નિદ્રા – કામ – કજિયો ને ક્રોધ જેટલી માત્રાએ ( પ્રમાણમાં ) કરાય છે. તેટલા પ્રમાણવાલા થાય છે. એ પ્રમાણે કહેવાયેલા ચક્રવર્તિના સેવકોએ તે વખતે શોક છોડી દીધો. તે પછી વીજળીના પુંજની જેમ જલ્દીથી બ્રાહ્મણ બીજા ઠેકાણે ગયો. બ્રાહ્મણના વેશને ધારણ કરનારો ઇન્દ્ર વૃધ્ધ જેવો થઇને મરેલા પુત્રને ઉપાડીને સગરરાજાની આગળ મૂકીને રુદન કરતાં બોલ્યો. હે પૃથ્વી તું સર્વને સહન કરનારી છે. પરંતુ અત્યંત કઠિન છે. ભરતના અધિપતિ એવા ભરતરાજાની પાછળ તું ન ગઇ. હે સમસ્ત દિકપાલો ! તમે કેમ પૃથ્વીતલમાં રહયાં છો ? જે કારણથી મારો દીન અને નાથ વગરનો બાલક તમારાવડે રક્ષણ કરાતો નથી. તું લોકોવડે હંમેશા ચારે બાજુથી પ્રજાનું પાલન કરનારો કહેવાય છે . તો મારા પહેલાં પુત્રને તું અહી કેમ જિવાડતો નથી ? હે રાજન્ ! ઘડપણમાં

મારો પુત્ર યમરાજવડે પોતાને ઘેર લઈ જવાયો છે. તે કારણથી હમણાં હું અત્યંત દુ:ખી થયો છું. કહ્યું છે કે :-

**वृद्धस्य मृतभार्यस्य, मृतपुत्रस्य निश्रियः ।**
**जीवितान्मरणं श्रेयो - न स्थातुं युक्तमत्र हि ।।१५८।।**

મરી ગઈ છે સ્ત્રી જેની, મરી ગયો છે પુત્ર જેનો – એવા અને લક્ષ્મીવગરના વૃધ્ધને જીવિતકરતાં મરણ કલ્યાણકારી છે. જે કારણથી અહીં રહેવું ખરેખર યુક્ત નથી. બ્રાહ્મણની વાણી સાંભળીને ચક્રવર્તિએ શ્રેષ્ઠ વૈદ્યોને બોલાવીને તેને જિવાડવા માટે ઔષધ અપાવ્યું. ઘણાં ઔષધો આપવાવડે કરીને જ્યારે તે પુત્ર ન જીવ્યો ત્યારે ઈન્દ્રે વૈદ્યનારૂપને ધારણ કરતાં આવીને આ પ્રમાણે કહ્યું.

જેના ઘરમાં કોઈપણ મનુષ્ય પહેલાં મર્યો ન હોય તેના રસોડામાંથી ચાકર પાસે રાખ મંગાવો. તે ભસ્મ જે આ બ્રાહ્મણના બાળકને ચોળવામાં આવે તો હે ચક્રવર્તિ ! જીવે. અન્યથા ક્યારે પણ ન જીવે. તે પછી રાજાના સેવકો જે ઘરમાં રાખ લેવા માટે જાય છે. ત્યારે તે ઘરના સ્વામીઓ તે લોકોને આ પ્રમાણે કહેવા લાગ્યા. ખરેખર અમારા ઘરમાં પહેલાં પિતા વગેરે મરી ગયા છે. તેથી રાજાના સેવકો લોકોએ કહેલું રાજાની આગળ કહેવા લાગ્યા. તે પછી ચક્રવર્તિએ કહ્યું કે મરણવગરના મારા ઘરમાંથી રસોડામાં ઉત્પન્ન થયેલ રાખ હે ચાકરો ! તમે જલ્દી લાવો.

ચક્રવર્તિના ઘરમાં ચક્રવર્તિના સેવકોએ ભસ્મ ગ્રહણ કરી ત્યારે ચક્રવર્તિની પત્નીઓ બોલી કે અહીં ઘણા પૂર્વજો મૃત્યુ પામ્યા છે. આ જાણીને ચક્રવર્તિ બોલ્યો કે સર્વ લોકોનાં ઘરમાં પૂર્વજો મૃત્યુ પામ્યા છે. અહીં શું ઔષધ કરાય? તે પછી બ્રાહ્મણ અત્યંત રુદન કરતો હતો ત્યારે ચક્રવર્તિના પુત્રના સેવકો ત્યાં આવીને જ્વલનપ્રભ દેવથી પોતાના સ્વામીનું મૃત્યું કહ્યું. આ સાંભળી સગરચક્રવર્તિ દીનસ્વરે અત્યંત રુદન કરતો પડખે રહેલાં મનુષ્યો અને પક્ષીઓને પણ રડાવવા લાગ્યો.

જ્યારે અત્યંત રુદન કરતો ચક્રવર્તિ જરાપણ ન અટક્યો તે વખતે બ્રાહ્મણે કહ્યું કે હે રાજન્ ! તું શા માટે રડે છે ? મારો એકનો એક પુત્ર મરી ગયો. હું હણાયેલો થયો. હવે આધાર વગરના એવા મારી સેવા હમણાં કોણ કરશે ? જો મારો પુત્ર જીવશે તો હું ખરેખર જીવીશ. જો મારો પુત્ર મરી જશે તો અવશ્ય હમણાં તને હું હત્યા આપીશ. તે વખતે ચક્રવર્તિ બોલ્યો કે હે વિપ્ર ! કોઈ પણ ઠેકાણે મૃત્યુ પામતો જીવ દેવોવડે રાજાઓવડે માતા –પિતા ને ભાઈવડે રક્ષણ કરી શકાતો નથી. તે પછી બ્રાહ્મણે કહ્યું કે હે રાજા હું તો હમણાં પુત્ર વગરનો થઈ ગયો છું. તમારે તો બે પુત્રો છે. તો તમે હમણાં કેમ રડો છો ? તે પછી ચક્રવર્તિએ કહ્યું કે હે વિપ્ર ! મારા સઘળા પુત્રો બળી ગયા તેથી હું અગ્નિના યોગથી જલ્દી પ્રાણનો ત્યાગ કરીશ. તે પછી ચક્રવર્તિએ નગરની બહાર મોટી ચિતા કરાવીને તેમાં પ્રવેશ કરીને જેટલામાં બળાત્કારે સજજનોની સાક્ષીએ અગ્નિ આપ્યો. ત્યારે બ્રાહ્મણનું રૂપ છોડીને ઈન્દ્રે રાજાને કહ્યું કે મારાવડે તારી પાછળ જનારા બે પુત્રો રક્ષણ કરાયા છે. ઈન્દ્ર એવા મારાવડે બ્રાહ્મણનું રૂપ કરીને મરણથી રક્ષણ કરાયેલા આ તારા બે પુત્રો હમણાં અહીં લવાયા છે. તે જુઓ.

સંસાર અનિત્ય છે.. વળી પુત્રપૌત્રાદિ સર્વ વસ્તુઓ નાશ પામનારી છે. તેથી શોક ન કરવો જોઈએ. તે પછી કોઈક માણસે આવીને રાજાની પાસે આ કહ્યું. તમારા પુત્રોવડે લવાયેલી ગંગાનદી પૃથ્વીને અત્યંત ભીજવે છે. તેને પાછી તું માર્ગમાં લાવ. જો એમ નહિ કરે તો પ્રજાનો વિનાશ થશે. તેથી સગરચક્રવર્તિ ચિતામાંથી ક્ષણવારમાં બહાર નીકળ્યો. ગંગાના દુઃશક્ય એવા તે પ્રવાહને ચક્રવર્તિ વૈતાઢ્યપર્વત પાસેથી ગંગાનદીના મધ્યમાં લઇ ગયો. એટલામાં જ્ઞાની એવા શ્રી અજિતનાથ સ્વામીના શિષ્ય મુકુંદ નામના આચાર્ય ભગવાન નગરીની નજીક આવ્યા. ત્યાં બીજો ચક્રવર્તિ સગર જઈને ઉત્તમ ગુરુને નમસ્કાર કરીને પોતાના કુટુંબ સહિત ધર્મ સાંભલવા માટે બેઠો. અહીંયાં ધર્મનો ઉપદેશ કહેવો : –

દેશનાને અંતે ચક્રવર્તિએ કહ્યું કે મારા પુત્રો એકી સાથે કેમ મરણ પામ્યા ? તેઓએ શું પાપ કર્યું હતું ? તે કહો. જ્ઞાની ભગવંતે કહ્યું કે શ્રીપુર નામના ગામમાં ધરાપલ્લીમાં રહેતા ઘણા ભિલ્લો હંમેશાં ચોરી કરતા હતા. શ્રી ભદ્દિલપુર નગરથી સંઘ શ્રી શત્રુંજયગિરિ તરફ જતો હતો.જયારે ( સંઘ ) શ્રીપુર નગરમાં આવ્યો ત્યારે ભિલ્લો પરસ્પર કહેવા લાગ્યા. આ સંઘને વિષે ઘણું ધન છે. તેથી સોનું આદિ લૂંટીને આપણે સુખેથી ભોગવીએ. તે વખતે બે ઓછા એવા – ૬૦ – હજાર ભિલ્લોએ કહ્યું કે તેઓનું ધન ગ્રહણ કરીયે. જેથી સુખપૂર્વક નિર્વાહ થાય. તે વખતે શુભ ચિત્તવાલા બે કુંભારોએ તેઓની આગળ કહ્યું કે પારકું ધન ગ્રહણ ન કરવું જોઈએ.. અને યાત્રિકોનું ધન વિશેષે ગ્રહણ ન કરવું જોઈએ. આ શ્રાવકો પોતાનું ધન નિશ્ચે સાત ક્ષેત્રમાં વાવે છે અને તીર્થોમાં પોતાનું ધન વાપરતાં યાત્રા કરે છે. પૂર્વે કરેલાં પાપોવડે કરીને હમણાં આપણા ખરાબ જન્મવડે કરીને પેટ સતત દુઃખેકરીને ભરી શકાય એવું છે.

પુણ્યાનુબંધી પુણ્યવડે કરીને દાન કરનારા એવા આ શ્રાવકો ઘણા ધર્મને ઉપાર્જન કરે છે. આપણે એ લોકોનું ધન લૂંટવાવડે પાપ કરીયે છીએ. તેથી આપણો ખરેખર દુર્ગતિમાં પાત થશે.. આ પ્રમાણે બોલતાં ભદ્રિક ભાવવાળા તે બન્ને કુંભારોનો તિરસ્કાર કરીને ચોરોએ તે સંઘને લૂંટ્યો. બે ઓછા એવા ૬૦ – હજાર ભિલ્લો તે સંઘને લૂંટીને પોતાનો નિર્વાહ કરવા લાગ્યા. આ બાજુ શ્રીપુર નગરના સ્વામી. ધનનામના રાજાએ આવીને ભિલ્લોવડે પૂર્ણ એવા તે નગરને ચારે બાજુથી ઘેરી લીધું તે વખતે તે બન્ને કુંભારો ગામમાંથી બહાર નીકળી ગયા. અને તે ભિલ્લો ધનરાજાની સાથે યુધ્ધ કરે છે. તે રાજાવડે તે ગામ બાળી નંખાયે છતે તે ભિલ્લો વિચારવા લાગ્યા કે આપણે જે પાપ કર્યું છે. તે આપણું પાપ પ્રગટ થયું. તે પછી ખરાબ ધ્યાનના યોગથી અગ્નિવડે બળી ગયેલા તે સર્વે મરીને નરકમાં ગયા. પાપીઓની ગતિ આવા પ્રકારની થાય છે. ઘી વગરનું અલ્પ ભોજન – પ્રિય વ્યક્તિઓ સાથે વિયોગ – અપ્રિયની સાથે સંયોગ આ સર્વ પાપનું ફલ છે.

**मांचइ मांकुण घरु चूअइ, चिल्लकडा बहु आइं १**
**अक्कुबालणि जव तऊणि, नरगह एह फलाइं ॥२॥**

ખાટલામાં માંકડ – ઘણા અવાજો કરતાં ઘરમાં ઉંદર – તપેલાં આક્રોશ કરતાં બાળકો, મનુષ્યના ઘરમાં આ પાપનાં ફલો છે.

**यः सङ्घोऽप्यर्हतांपूज्यस्तीर्थङ्करैर्निवेदितः ।**
**तस्यापि प्रत्यनीकं ये, कुर्वते नारका हि ते ।।२०१।।**
**आराध्यः सर्वथा संघो, न विराध्यः कदापि सः**
**संघाराधनतो मुक्ति-र्नरकुस्तद्विराधनात् ।।२०२।।**

જે સંઘ તીર્થંકરો – અરિહંતોને પણ પૂજ્ય કહેલો છે , તેના પત્યે જે શત્રુપણું કરે છે તે જીવો નારકી થાય છે. સંઘની સર્વ પ્રકારે આરાધના કરવી. ક્યારે પણ તેની વિરાધના ન કરવી. સંઘની આરાધના કરવાથી મુક્તિ થાય છે. ને તેની વિરાધના કરવાથી નરક થાય છે. તીર્થના માર્ગમાં જતાં યાત્રિકોને જેઓ પીડા કરે છે. તેઓ ગોત્રસહિત નાશ પામે છે. ને નિશ્ચે દુર્ગતિમાં જાય છે.

તે નરકમાંથી નીકળીને તેઓ મહાસમુદ્રમાં મત્સ્ય થયેલા ને અનુક્રમે માછીમારોવડે જાળમાં બંધાયેલા તેઓ નક્કી મરણ પામ્યા. ત્યાંથી નીકળીને તેઓ ક્રર્ણ શૃગાલી થયા. ને ત્યાંથી સિંહ થયા. ત્યાંથી મહાસમુદ્રમાં પાપના ઉદયથી તેઓ મત્સ્ય થયા. ત્યાંથી મરીને કોઇક વનમાં દુષ્ટચિત્તવાલા – શિકાર કરવામાં તત્પર એવા ભિલ્લ થયા. ને શાંત ચિત્તવડે સાધુને જોયા. સાધુની પાસે ધર્મનો ઉપદેશ સાંભળીને તે ભિલ્લો ભદ્રકભાવને પામ્યા ને તે જ વખતે દયાળુપણાને પામ્યા. સાધુ ભગવંતો તે ભિલ્લોને બોધ કરવા માટે ત્યાં ચોમાસુ રહ્યા. અને તે ભિલ્લોએ સાતે વ્યસનોનો ત્યાગ કર્યો.

હે ચક્રવર્તિ ! ત્યાંથી મરીને તેઓ તમારા પુત્રો થયા અને સંઘને લૂંટવાના સામુદાયિક પાપવડે હમણાં એક સાથે મરણ પામ્યા. અલ્પ આયુષ્યવાળો ધન વગરનો – રોગી – ચાકર – મુખનારોગથી યુક્ત એવો પાપ કરનારો પ્રાણી અનુક્રમે નરકમાં અનંતાનંત દુઃખવાલો થાય છે. અહિંસાના ફલરૂપે – દીર્ઘ આયુષ્ય – શ્રેષ્ઠરૂપ – આરોગ્ય – વખાણવા લાયકપણું આ બધું અહિંસાનું ફલ છે. બીજું શું કહેવું ? તે – અહિંસા સર્વે ઇચ્છાઓને પૂરી પાડનારી છે. કુંભારના જીવ પુણ્યથી ભીમ અને ભગીરથ થયા. કારણ કે તે વખતે તેઓએ સંઘને લૂંટ્યો ન હતો. કહ્યું છે કે :-

**मनसापिच सङ्घस्य -ये भक्तिं कुर्वते जनाः ।**
**तेषां स्वर्गापवर्गादि-सुखं भवति निश्चितम् ।।१।।**
**ये तीर्थयात्रिनो लोकान् वस्त्रान्नाम्बुविसर्जनै : ।**
**प्रीणयन्ति भवेत्तेषां - तीर्थयात्राफलं महत् ।।१।।**

જે પ્રાણીઓ મનથી પણ સંઘની ભક્તિ કરે છે. તેઓને નિશ્ચે સ્વર્ગ અને મોક્ષ આદિનાં સુખ થાય છે. વળી કહ્યું છે કે : – જેઓ તીર્થ યાત્રાએ જનારા લોકોને વસ્ત્ર – અન્ન અને પાણી આપવાવડે પ્રસન્ન કરે છે. તેઓને તીર્થયાત્રાનું મહાન ફલ થાય છે. શ્રી સંઘ એ પ્રથમ તીર્થ છે. અને તે પણ આત્માને વિષે કલ્યાણને ઇચ્છનારાવડે તીર્થના માર્ગમાં જતો તે સંઘ વિશેષે કરીને પૂજાય છે. હે રાજા ! તમારા આ પુત્રોએ સંઘને લૂંટવાથી જે પાપ કર્યું હતું

તેના ઉદયથી તે સર્વે એકી સાથે બળી ગયા. આથી પુત્રોનું મરણ થવાથી શોક ન કરવો જોઈએ. વળી પુત્રવગેરે સર્વ વસ્તુઓ અનિત્ય છે. જે પ્રાણી પુણ્ય અને પાપ કરે છે તેજ પ્રાણી આલોક અને પરલોકમાં સુખ અને દુઃખ મેળવે છે. તેમાં સંશય નથી. હે રાજા ! રાજ્ય–પુત્ર અને સ્ત્રીમાં પણ તું મોહ ન કર. સુખને માટે પોતાના હિતનો આશ્રયકર. ફરીથી મનુષ્ય ભવ ક્યાં છે ?

આ પ્રમાણે જ્ઞાનીના મુખેથી પોતાના પુત્રોના પૂર્વભવોને જાણીને ચક્રવર્તિ શોકરહિત થયો. ને ફરીથી વૈરાગ્ય પામ્યો. ઈન્દ્ર મહારાજા પણ ચક્રવર્તિની પાસે પોતાનો અપરાધ ખમાવીને જ્ઞાની ગુરુને વંદન કરીને પાપ રહિત મનવાલો સ્વર્ગમાં ગયો. સગરચક્રવર્તિએ પણ જ્ઞાની એવા તે ગુરુને ઉત્તમ ભક્તિથી પ્રણામ કરીને બન્ને પુત્ર સહિત પોતાંના આવાસને શોભાવ્યો. કોઈક વખત ચક્રવર્તિએ શ્રી અજિતનાથ સ્વામી પાસે જઈને આદર કરીને આ પ્રમાણે શ્રી શત્રુંજયનું માહાત્મ્ય સાંભલ્યું.

જે મનુષ્યો શ્રી શત્રુંજયતીર્થને વિષે યાત્રા કરે છે તેઓને દીર્ઘકાલસુધી સ્વર્ગ અને મોક્ષ આદિના સુખની શ્રેણી થાય છે. કહ્યું છે કે :– તે તીર્થ ઉપર ચઢેલાં પ્રાણીઓ અતિદુર્લભ એવા લોકના અગ્રભાગને ( મોક્ષને) પામે છે. તે શ્રી સિધ્ધગિરિ આલોકમાં પ્રાણીઓને દુર્લભ છે. અભવ્ય ને પાપી જીવો આ શ્રી સિધ્ધગિરિને ભાવથી જોતાં નથી. નમસ્કાર કરતાં નથી. અને પૂજતાં પણ નથી. શ્રી સિધ્ધગિરિઉપર જેઓ મણિવડે રત્નઆદિવડે – સોના –રુપા ને પત્થરોવડે અથવા તો લાકડાંવડે શ્રી જિનેશ્વર ભગવાનનો પ્રાસાદ કરાવે છે. અને જેઓ જિનેશ્વરોની ઘાસની ઝુંપડીઓ પણ કરાવે છે. તેઓ સ્વર્ગમાં અખંડિત સુખોને પામે છે. શ્રી જિનમંદિરમાં કાષ્ઠ વગેરેના જેટલા પરમાણુ હોય છે. તેટલા લાખ પલ્યોપમ સુધી તેનો કરનાર સ્વર્ગને ભોગવનારો થાય છે.

**नूतनार्हद्गृहावासे – विधाने यत्फलं भवेत् ।**
**तस्मादष्टगुणं पुण्यं – जीर्णोद्धारे विवेकिनाम् ।।२२५।।**

શ્રી અરિહંત ભગવાનના નૂતન – શ્રેષ્ઠ મંદિરને કરવામાં જે ફલ થાય છે. તેના કરતાં આઠગણું પુણ્ય વિવેકીપુરુષોને જીર્ણોધ્ધારમાં થાય. શ્રી શત્રુંજયઆદિતીર્થોમાં જેઓ પ્રાસાદ ને પ્રતિમા કરાવે છે. તેનું પુણ્ય જ્ઞાનીઓ જ જાણે છે. મણિવડે – રત્નવડે – સુવર્ણવડે – રૂપાવડે – કાષ્ઠવડે – પત્થરવડે અથવા માટીવડે ભાવની વિશુધ્ધિથી એક અંગૂઠાથી માંડીને સાતસો અંગુઠા પ્રમાણ પ્રભુનાં બિંબોને જે ભવ્યાત્માઓ કરાવે છે. તેને મુક્તિરૂપી લક્ષ્મી વશ થાય છે.

જે સૂરિમંત્રથી અરિહંતની પ્રતિમાને પ્રતિષ્ઠા કરાવે છે .તે અરિહંત પદને પામે છે. જેવું વાવ્યું હોય તેવા પ્રકારનું ફલ મલે છે. જેટલાં હજાર વર્ષોસુધી મનુષ્યો શ્રી જિનેશ્વર પ્રભુની પૂજા કરે તેટલા કાલસુધી તે જિનબિંબને કરનાર તેના ફળના અંશને પામે છે. આ પ્રમાણે સાંભળીને સગરચક્રવર્તિએ મંત્રી મારફત ઘણું ધન વાપરીને સોનાનાં શ્રેષ્ઠ ૮૦૦ દેવ મંદિરો કરાવ્યાં ચક્રવર્તિએ તે વખતે તીર્થયાત્રા કરવા માટે કાષ્ઠમય સાતહજાર દેવમંદિરો કરાવ્યાં. તે વખતે ત્રીસ કરોડ માણસોના પ્રમાણવાલો બોલાવાયેલો સંઘ ચક્રવર્તિના સંઘમાં મલ્યો. અને ઘણા આચાર્યો આવ્યા. તે ચક્રવર્તિના સંઘમાં યાત્રા કરવા માટે – ૩૨ –હજાર મુગટબધ્ધ રાજાઓ આવ્યા. આ વગેરે ઘણા શ્રાવકો ઘણી શ્રાવિકાઓ સાથે

તેજસ્વી એવા રાજાઓ સાથે ચક્રવર્તિ ભાટચારણોસાથે ગીત ગાતા હતા ત્યારે નટ લોકો નાચતા હતા ત્યારે, સ્ત્રીઓવડે ધવલમંગલ અપાતાં હતાં ( ગવાતાં હતાં. ) ત્યારે તે ચાલ્યો. દરેક ગામમાં દરેક શહેરમાં સારા ઉત્સવપૂર્વક શ્રી જિનેશ્વરોની પૂજા કરતો મુનિઓને નમસ્કાર કરતો અને દાન આપતો ચક્રવર્તિ શ્રી સિધ્ધાચલઉપર ગયો.

ત્યાં વડનગર નામ છે જેનું એવા આનંદપુર નગરમાં ભરતરાજાએ કરાવેલા શ્રી ઋષભદેવપ્રભુના મંદિરમાં શ્રી જિનેશ્વરને નમસ્કાર કર્યો. આનંદપુર નામના નગરમાં ઘણા વિસ્તારપૂર્વક દેવપૂજા કરીને તે વખતે ચક્રવર્તિએ મોટું સાધર્મિક વાત્સલ્ય કર્યું. તીર્થને ત્રણ પ્રદક્ષિણા કરતો સંઘવડે શોભતો રાજા દાન આપતો ઉત્સવપૂર્વક શ્રી ગિરિરાજ ઉપર ચઢ્યો. ચક્રવર્તિએ પ્રથમ શ્રી ઋષભદેવ પ્રભુની પુષ્પોવડે પૂજા કરીને રાયણવૃક્ષના તળિયામાં પ્રભુનાં બે ચરણોની હર્ષવડે પૂજા કરી.

તે વખતે ત્યાં ઇન્દ્ર મહારાજા આવ્યા. શ્રીઋષભદેવ પ્રભુને નમીને રાયણવૃક્ષના તળિયામાં ચક્રવર્તિને હર્ષવડે મલ્યા. તે પછી રાજાએ મૂળનાયક ભગવંતની સન્મુખ જઇને વિસ્તારથી – સ્નાત્રપૂજા – ધ્વજારોપણ અને આરતિ આદિ વિધિ કર્યો.

તે પછી દેવનામના શિખરઉપર – બાહુબલી નામના શિખર ઉપર – તાલધ્વજ નામના શિખર ઉપર – કદંબ નામના શિખર ઉપર – હસ્તિસેન નામના શિખર ઉપર – લૌહિત નામના શિખર ઉપર – મુકુંદ નામના શિખર ઉપર સુંદર એવા પુરંદર નામના શિખર ઉપર ઇત્યાદિ બધા શિખરો ઉપર રાજાએ અરિહંતોની પૂજા કરી. હર્ષથી ભરાયેલા ચક્રવર્તિએ પ્રભુની પૂજા માટે મૃદંગ – ઝાલર – ઘંટ – છત્ર – ચામર મૂકવાનું કાર્ય કર્યું. ચક્રવર્તિએ ગુરુની વાણીવડે ઇન્દ્રોત્સવ હારપૂજા – છત્રને ચામરનું મૂકવું અને રથ – પૃથ્વી ને ઘોડાનાં દાન કર્યાં. બીજા રાજાઓવડે કરાયેલા રૂપા – સોના ને રત્નમય પ્રાસાદોને ( મંદિરોને ) જોઇને સગરરાજાએ આ પ્રમાણે વિચાર્યું.. કાલના પ્રભાવથી લોકો આગળ – વિવેક રહિત – ધર્મથી રહિત અને લોભથી અંધ થઇ છે આંખ જેની એવા ખરેખર થશે. તે કારણથી પાપથીમલિન એવા લોકો સુવર્ણઆદિના લોભથી જિનપ્રાસાદો અને જિનબિંબોનો પણ વિનાશ કરશે. તેથી હું સમદ્રના તરંગને ખેંચવાથી આ તીર્થની ચારે બાજુ ખાઇ કરીને આ તીર્થની રક્ષા કરું

તે સગરચક્રવર્તિ પર્વતની ચારે બાજુ સમદ્રના પ્રવાહને લઇ જતો. ટંક –કંકણ – સ્વાર્ણ – બર્બર – સિંહલ – લાટ – સુરાષ્ટ્ર – ભટ વગેરે આ જુદા જુદા દેશોને ભીજવતો ચક્રવર્તિ ઇન્દ્રવડે સારી ભક્તિપૂર્વક આ પ્રમાણે કહેવાયો. હમણાં સમુદ્રના તરંગવડે પૃથ્વીને ભીજવતો તું ખરેખર શ્રી શત્રુંજય તીર્થનો નાશ કરશે. અને તીર્થનો નાશ થવાથી ભવ્યજીવો ક્યા સ્થાનમાં યાત્રા કરીને મુક્તિને યોગ્ય એવો ધર્મ કરશે ?

**रविं विना यथा घस्रो - विना पुत्रं तथा कुलम्**
**विना जीवं यथा देहो, विना दीपं यथा गृहम्।।१।।**
**विना विद्यां यथा मर्त्यो, विना चक्षु र्यथा मुखम्।**
**विना छायां यथा वृक्षो, यथा धर्मो दयां विना।।२।।**

**विना धर्म्मं यथा जीवो, विना वारि यथा जगत्।**
**विना तथा तीर्थमिदं भूतसृष्टि र्हि नि:फला॥३॥**

જેમ સૂર્ય વિના દિવસ – પુત્ર વગરનું કુલ – જીવ વગરનો દેહ – દીવા વગરનું ઘર – વિદ્યા વગરનો મનુષ્ય – ચક્ષુ વિનાનું મુખ – છાયા વગરનું વૃક્ષ – દયા વગરનો ધર્મ – ધર્મ વગરનો જીવ – પાણી વગરનું જગત – તેમ આ તીર્થવિના પ્રાણીઓની સૃષ્ટિ નકામી છે. આ મહાતીર્થ પાણીવડે વીંટળાઇ જતાં સંસાર સમુદ્રમાં ડૂબતાં એવા મનુષ્યોને તારનારું બીજું કોઇ તીર્થ આ પૃથ્વીપર નથી

**सर्वज्ञो न यदा देवो – न धर्मो न सदागम: ।**
**तदा ऽ सौ सर्वलोकानां, शैल: कामातिदायक: ॥२५७॥**

જ્યારે સર્વજ્ઞ દેવ નહિ હોય અને ઉત્તમ આગમરૂપી ધર્મ નહિ હોય, ત્યારે આ ગિરિ સર્વ લોકને ઇચ્છિત આપનારો છે. આ પ્રમાણે ઇન્દ્રની વાણીવડે ચક્રવર્તિ અટક્યો. અને સમુદ્રના પ્રવાહની નિશાનીના માટે અતિચલ સ્થાપના કરી.

ખંભાત – સોપારા – દ્વારકા આદિની પાસે અને તાલધ્વજનીપાસે આજે પણ તે સમદ્રનો પ્રવાહ દેખાય છે. ચક્રવર્તિ સુવર્ણગુફામાં પોતે કરાવેલા જિનમંદિરમાં જલ્દી રત્નમય અને મણિમય મૂર્તિઓને લઇ ગયો. તે ગુફામાં રહેલી રત્ન – સુવર્ણ – ને મણિમય પ્રતિમાઓને ચક્રવર્તિ અને ઇન્દ્રના આદેશથી દેવો અને યક્ષો પૂજે છે. તે ચક્રવર્તિએ ચોવીશ તીર્થંકરોના પ્રાસાદો જુદા જુદા કરાવીને તેમાં અરિહંતોની મૂર્તિઓની સ્થાપના કરી.

સગરરાજાના પુત્રો અને બીજા રાજાઓએ પણ તે ગિરિ ઉપર કૈલાસપર્વતસરખા – જિનમંદિરો કરાવ્યાં. કહ્યું છે કે પ્રભુની પશ્ચિમ દિશાના ભાગમાં રહેલી સુવર્ણગુફાની નીચે ઇંદ્ર કૂપિકા – કલ્પવૃક્ષ આદિનાં વનો પ્રયત્નપૂર્વક કરાવીને શ્રી જિનેશ્વરોની મૂર્તિની સ્થાપના કરી. અને પૂજા માટે આદરપૂર્વક યક્ષોને આદેશ કર્યો . સુભદ્ર નામના શિખર ઉપર બીજા જિનેશ્વરોનું મોટું રૂપ્યમય જિનમંદિર ચક્રવર્તિએ કરાવ્યું. ઉત્તમશ્રાવકો અને ઉત્તમદેવો સાથે ઉત્તમ ચારિત્રવાલા ગણધરો હસ્તક પૂજાપૂર્વક ત્યાં પ્રતિષ્ઠાનો મહોત્સવ કર્યો. શ્રી વિમલગિરિઉપર જિનમંદિરોનો ઉદ્ધાર કરીને સગરચક્રવર્તિ રાજાઓ અને મનુષ્યોની સાથે રૈવતાચલ નામના શિખર તરફ નમન કરવા માટે ચાલ્યો.

શ્રેષ્ઠ ચંદ્રપ્રભાસ તીર્થને વિષે ( પ્રભાસ પાટણમાં ) શ્રી ચંદ્રપ્રભજિનને નમસ્કાર કરીને ચક્રવર્તિ વેગથી રૈવતગિરિના શિખરઉપર નમવા માટે ગયો. રૈવતગિરિને ત્રણ પ્રદક્ષિણા કરીને સગરરાજાએ વિસ્તારથી જિનેશ્વરની પુષ્પઆદિથી પૂજા કરી આ પ્રમાણે અર્બુદ ગિરિ ( આબુ ) વગેરે સુંદર પર્વતોને વિષે – તીર્થોને વિષે જિનેશ્વરોની પૂજા કરીને મોટા ઉત્સવપૂર્વક અયોધ્યામાં આવ્યો. શ્રી અજિતનાથપ્રભુ અનુક્રમે બે ચરણોવડે પૃથ્વીને પવિત્ર કરતા દેવોવડે પૂજાયેલા અયોધ્યા નગરીના ઉદ્યાનમાં સમવસર્યા.

શ્રી જિનેશ્વરપ્રભુના આગમનને સાંભળીને ચક્રવર્તિ પ્રભુપાસે જઈને જિનેશ્વરનાં બે ચરણોને નમીને સભામાં યોગ્ય સ્થાનકે ધર્મ સાંભલવા માટે બેઠો. (૨૭૩) શ્રી અજિતનાથ જિનેશ્વરે ધર્મને ઉપદેશ કરવા માટે શરુઆત કરી. તે આ પ્રમાણે :-

**राज्यं पुत्रकलत्र बन्धु नगराण्यावासवित्तादिकं,**
**देवर्द्धिश्च भवे भवेऽत्र सुलभान्यन्यानि रम्यान्यपि।**
**मुक्ताविद्रुमरत्नवत्पुनरिदं चारित्रमुक्तं जिनै**
**श्चिन्तारत्नमिवातिदुर्लभतमं सर्वार्थ संसाधकम्॥१॥**

રાજ્ય – પુત્ર – સ્ત્રી – બંધુ – નગર – મકાન – ધન વગેરે અને ભવોભવમાં દેવની ઋધ્ધિ – ને બીજાપણ સુંદર પદાર્થો સુલભ છે. મોતી – પરવાળાં અને રત્નની જેમ આ ચારિત્ર કહ્યું છે. શ્રી જિનશ્વરોએ ચિંતામણિ રત્નની જેમ અત્યંત દુર્લભ એવા ચારિત્રને સર્વપદાર્થોને સાધનારું કહ્યું છે. એક દિવસપણ પાળેલા ચારિત્રથી મનુષ્ય કર્મના સમૂહને અવશ્ય ફેંકી દઈને પરમપદ પામે છે.

**न च राजभयं नच चौरभयं-इहलोकसुखं परलोकहितम्।**
**वरकीर्तिकरं नरदेवनतं श्रमणत्वमिदं रमणीयतरम्॥**

( સાધુપણું કેવું ? તે માટે કહે છે ) તેને રાજાનો ભય નથી – ચોરનો ભય નથી. આ લોકમાં સુખ છે. પરલોકમાં હિત છે. શ્રેષ્ઠ કીર્તિને કરનાર છે. મનુષ્યો અને દેવોવડે નમસ્કાર કરાયેલ આ સાધુપણું ઘણું સુંદર છે.

**मही रम्या शय्या विपुलमुपधानं भुजलता,**
**वितानं चाकाशं-व्यजन मनुकूलोऽयमनिलः।**
**स्फुर द्दीपश्चन्द्रो विरति वनितासङ्गमुदितः**
**सुखं शांतः शेते मनिरतनु भूतिर्नृप इव॥**

જેમને સુંદર પૃથ્વીની શય્યા છે. ભુજલતા એ મોટું ઓશીકું છે. આકાશ એ ચંદરવો છે. અનુકૂલ પવન તે પંખો છે. ચંદ્ર એ દેદીપ્યમાન દીવો છે. વિરતિરૂપ સ્ત્રીના સંગથી હર્ષિત થયેલા ઘણીસંપત્તિ જેને છે, એવા રાજાની જેમ શાંતએવા મુનિ સુખપૂર્વક સૂએ છે.

**दो तुंबडाइं हत्थे-वयणे धम्मक्खराणि चत्तारि।**
**विउलं च भरहवासं, को अम्ह पहुत्तणं हरइ ?॥१॥**

જેના હાથમાં બે તુંબડાં છે. જેના મુખમાં ચાર અક્ષરો છે. જેમને વિપલ એવું ભરત ક્ષેત્ર છે. એવા અમારા સ્વામિત્વને કોણ હરણ કરે ? આ પ્રમાણે જિનેશ્વરનું વચન સાંભળીને સગરચક્રવર્તિએ જલ્દી પોતાની પાટ ઉપર (ગાદી પર) ભગીરથના પુત્રને સ્થાપન કર્યો. સર્વ જિનમંદિરોમાં અષ્ટાહ્નિકા મહોત્સવ કરીને પોતાની જાતે યાચકોને આદરપૂર્વક ઘણું ધન આપ્યું. સગરચક્રવર્તિએ એક હજાર રાજાઓની સાથે ઇન્દ્રે અને પુત્રે કર્યો છે ઉત્સવ જેમનો એવા તેણે શ્રી અજિતનાથ ભગવાન પાસે દીક્ષા લીધી. તે વખતે પ્રભુએ આ પ્રમાણે કહ્યું કે :– હે સગરમુનિ ! તમારે હવે મોક્ષના સુખને માટે શુધ્ધવ્રતને પાલન કરવું. કહ્યું છે કે :–

**सिंहत्ताए निक्खित्ता सिंहत्ताए पालित्ता।**
**सींहत्ताए निक्खिता, सीआलत्ताए पालित्ता।**
**सीआलत्ताए निक्खिता, सिंहत्ताए पालिता।**
**सीआलत्ताए निक्खिता सीआलत्ताए पालित्ता।।**

કોઇક સિંહ પણે દીક્ષા લઇને સીંહની જેમ પાળે, કોઇક સિંહની જેમ દીક્ષા લઇને શિયાળપણે પાળે કોઇક શિયાલની જેમ લઇને સિંહની જેમ પાળે ને કોઇક શિયાળની જેમ લઇને શિયાળની જેમ પાળે ॥

સગરમુનિ શ્રી અજિતનાથ સ્વામીની સાથે વિહાર કરતાં વૈયાવચ્ચ કરતાં વિવિધ પ્રકારના તપ કરવા લાગ્યા. અનશન – ઉણોદરી – વૃત્તિનો સંક્ષેપ – રસનો ત્યાગ – કાયક્લેશ અને સંલીનતા આ (છ) બાહ્ય તપ છે પ્રાયશ્ચિત્ત – વૈયાવચ્ચ – સ્વાધ્યાય – વિનય – કાયોત્સર્ગ ને શુભધ્યાન એ છ પ્રકારે અભ્યંતર તપ છે. દેદીપ્યમાન એવા બાહ્ય અને અભ્યંતર તપરૂપી અગ્નિ દુઃખે કરીને ક્ષય પામે એવાં કર્મોનો પણ તે જ ક્ષણે ક્ષય કરે છે. શ્રી જિનેશ્વરની ભક્તિ કરનારા – ૯૫ – પ્રમાણવાલા નૃસિંહસેનસ્વામી વગેરે સુંદર ગણધરો થયા.

ઘણી વખત શ્રી શત્રુંજયગિરિઉપર જઇને ઘણા મનુષ્યોને પ્રતિબોધ કરીને શ્રી અજિતનાથસ્વામી તીર્થંકર એક દિવસ સંમેતશિખર પર્વતપર ગયા. કહ્યું છે કે : – સાધુ – દેવ અને રાજાઓવડે નમસ્કાર કરાયેલા શ્રી અજિતનાથ પ્રભુ શ્રી શત્રુંજયગિરિઉપર ત્રણ હજાર વખત સમવસર્યા. એક હજાર સાધુઓ સહિત એક મહિનાના અનશનના ઉધ્યમવાલા ચૈત્ર સુદ પંચમીના દિવસે પરમપદ પામ્યા. ( સંમેત શિખરમાં ) સગરમુનિ પણ શ્રી અજિતનાથપ્રભુની પેઠે ઘણાં ભવ્યજીવોને પ્રતિબોધ કરતાં ઘાતિકર્મનો ક્ષય થવાથી ઉજ્જવળ એવા કેવલજ્ઞાનને પામ્યા. ચિરકાલસુધી ભવ્યજીવોને ઉત્તમધર્મકાર્યને વિષે પ્રતિબોધ પમાડીને શ્રી સગરમુનિ શ્રી સિધ્ધગિરિઉપર મોક્ષને પામ્યા.

**શ્રી સગર ચક્રવર્તિનો ઉધ્ધાર – સંપૂર્ણ.**

# વ્યંતરેન્દ્રકૃત શ્રી શત્રુંજયતીર્થનાઉધ્ધારનો સંબંધ

કોઇકવાર પૃથ્વીતલપર વિહાર કરતાં શ્રી અભિનંદનસ્વામી મનુષ્યો ને સંસારસમુદ્રથી તારનારા એવા શ્રી શત્રુંજયગિરિ ઉપર ગયા. રાયણવૃક્ષના તળિયામાં કોટા કોટિ દેવોવડે સેવા કરાતા શ્રી અભિનંદન સ્વામીએ આ પ્રમાણે શ્રી શત્રુંજયનું માહાત્મ્ય કહ્યું.

**अयं शत्रुञ्जयक्ष्माध्र - आन्तराऽरिनिषूदनः ।**
**सर्वपापहरो मुक्ति-सातसन्ततिदायकः ।।३।।**
**प्राप्तेषु मुक्तिमर्हत्सु, नष्टे धर्मेऽपिकेवले।**
**सर्वकल्याणकृत्तीर्थ-मिदमेव भविष्यति ।।४।।**

આ શ્રી શત્રુંજયપર્વત અંતરંગ શત્રુનો નાશ કરનારો છે. સર્વ પાપને હરનારો છે. અને મોક્ષના સુખની પરંપરાને આપનારો છે. અરિહંતો મોક્ષને પામે છતે , કેવલજ્ઞાનરૂપી ધર્મ નષ્ટ થયે છતે સર્વ જીવોનું કલ્યાણ કરનાર આજ તીર્થ છે. જે લોકો સિધ્ધાદ્રિગિરિઉપર જઇને શ્રી જિનેશ્વરનું ધ્યાન કરે છે અને પૂજા કરે છે. તે જીવો અલ્પકાળમાં કર્મનો ક્ષય કરીને મોક્ષને પામશે. જેઓ શ્રી સિધ્ધગિરિ ઉપર – પ્રાસાદ – પ્રતિમા – યાત્રા – પૂજા – દાન – આદિ કાર્યો કરે છે તેઓ પણ જલ્દી મોક્ષને પામશે. આ પ્રમાણે સાંભળીને તેજ વખતે ઉત્પન્ન થઇ છે ભક્તિ જેને એવા વ્યંતરેન્દ્રે શ્રી સિધ્ધગિરિઉપર (મંદિરોનો) જીર્ણોધ્ધાર અને નવાં મંદિરો બનાવ્યાં.

**વ્યતંરેન્દ્ર કૃત શ્રી શત્રુંજયનો ઉધ્ધાર સમાપ્ત.**

# ચંદ્રયશા રાજાકૃત શ્રી શત્રુંજયનો નવમો ઉધ્ધાર

શ્રી ચંદ્રપ્રભ જિનેશ્વર ભવ્યજીવોને પ્રતિબોધ કરતાં સુર અને અસુરોવડે નમસ્કાર કરાયેલા શ્રી શત્રુંજય પર્વતઉપર ગયા. ત્યાં જિનેશ્વર ઘણાં ભવ્ય પ્રાણીઓના સમૂહને પ્રતિબોધ કરીને સગર ચક્રવર્તિથી લવાયેલા સમુદ્રના

કિનારે બ્રાહ્મી નદીના કિનારે ગયા. ચંદ્રપ્રભા નગરીના સ્વામી ચંદ્રશેખર રાજાને ચંદ્રપ્રભા નામની રાણી હતી. ને ચંદ્રયશા નામે પુત્ર હતો. રાણીને પુત્રસહિત રાજા ચંદ્રપ્રભજિનેશ્વરને નમસ્કાર કરીને સંસારસમુદ્રને તારનારા એવા ધર્મને સાંભલવા માટે બેઠો

**आदित्यस्य गतागतैरहरहः संक्षीयते जीवितं,**
**व्यापारै र्बहुकर्म्मभारगुरुभिः कालो नहि ज्ञायते।**
**दृष्ट्वा जन्मजराविपत्तिमरणत्रासश्चनोत्पद्यते,**
**पीत्वा मोहमयीं प्रमादमदिरामुन्मत्तभूतं जगत्।।५।।**

સૂર્યના જવા આવવાવડે કરીને દિવસે દિવસે જીવિત ક્ષય થાય છે. ઘણાં કર્મના ભારથી મોટા એવા વ્યાપારો વડે કરીને (જતો) સમય જણાતો નથી. મોહમય પ્રમાદરૂપી મદિરાનું પાન કરીને ઉન્મત્ત થયેલ જગતને જોઈને જન્મ – જરા – વિપત્તિ – મરણ ને ત્રાસ ઉત્પન્ન થતો નથી.

**सेवितात् पुण्डरीकाद्रे-र्ध्यानाज्जिनपतेरपि।**
**-इह संपद्यते लक्ष्मीः, परत्र निर्वृत्ति र्नृणाम्।।६।।**
**तीर्थेष्विदं मुख्यतीर्थं देवेष्विव जिनेश्वरम्।**
**ध्यानेषु सुन्दरं ध्यानं ब्रह्मचर्यं व्रतेषु च।।७।।**
**श्रामण्यं सर्वधर्म्मेषु प्रथमं खलु कथ्यते।**
**अतः शत्रुञ्जये तीर्थे ध्येयः सद्भिः जिनेश्वरः।।८।।**

શ્રી પુંડરીકગિરિના સેવનથી અને જિનેશ્વરના ધ્યાનથી મનુષ્યોને અહીં લક્ષ્મી ઉત્પન્ન થાય છે. –અને પરલોકમાં મોક્ષલક્ષ્મી થાય છે. દેવોમાં જિનેશ્વર, ધ્યાનમાં સુંદર શુક્લધ્યાન – વ્રતોમાં બ્રહ્મચર્ય વ્રત, સર્વધર્મોમાં મુખ્ય સાધુપણું કહેવાય છે. તેમ સર્વતીર્થોમાં આ તીર્થ શત્રુંજય છે. આથી શ્રી શત્રુંજય તીર્થમાં સત્પુરુષોએ જિનેશ્વરનું ધ્યાન કરવું. જોઈએ.

શ્રી ચંદ્રશેખર રાજાએ પ્રિયાસહિત પ્રભુના મુખેથી ધર્મ સાંભળીને પોતાના પુત્રને રાજ્યપર સ્થાપન કરીને સંયમનો સ્વીકાર કર્યો તે વખતે ધરણેન્દ્રે પ્રભુના કાયોત્સર્ગના સ્થાને સમુદ્રનાકિનારે પ્રભુનું ચંદ્રકાંત મણિમય બિંબ સ્થાપન કર્યું. તે પછી ચંદ્રપ્રભપ્રભુ પૃથ્વીપર ઘણાં ભવ્યોને પ્રતિબોધ કરતા સાધુ અને દેવોવડે પૂજાયેલા શ્રી ઉજજયંત પર્વતપર ગયા. ત્યાં પ્રભુની વાણીથી ઘણાં લોકો સંયમને સ્વીકારીને અનુક્રમે સર્વકર્મનો ક્ષય કરવાથી મુક્તિનગરીમાં પહોંચ્યાં

શ્રી ચંદ્રપ્રભ જિનેશ્વર ઘણા કાલસુધી ઘણાં ભવ્યજીવોને પ્રતિબોધ પમાડીને સંમેતશિખર પર્વતપર ગયા. શ્રી ચંદ્રશેખરરાજર્ષિ સંમેતશિખર પર્વતપર જઈને ઘણા સાધુઓની સાથે શ્રી ચંદ્રપ્રભજિનેશ્વરના મોક્ષના સ્થાનને નમસ્કાર

ર્ક્યો. કહ્યું છે કે: –

**निक्खमणनाणनिव्वाण, जम्मभूमीओ वंदइ जिणाणं।**
**नय वसइ साहुविरहिअंमि, देसेवि बहुगुणेवि ॥१॥**

શ્રી જિનેશ્વરોની દીક્ષા –નાણ (કેવલજ્ઞાન) નિર્વાણ અને જન્મભૂમિના સ્થલમાં જિનેશ્વરોને વંદન કરવું. સાધુ વગરના ઘણા ગુણવાલા ક્ષેત્રમાં શ્રાવકોએ વસવું ન જોઇએ. તે વખતે ત્યાં વૈરિમર્દન રાજાએ આવીને પ્રાસાદ કરાવીને શ્રી ચંદ્રપ્રભજિનેશ્વરના બિંબની પ્રતિષ્ઠા કરી. તે વખતે ચંદ્રયશારાજા મુનિનું આગમન સાંભળીને ત્યાં જઇને પ્રણામ કરીને ધર્મ સાંભલવા માટે બેઠો. દેશનાના અંતે રાજાએ પૂછ્યું કે ખરેખર આ ચંદ્રપ્રભાસ નામનું તીર્થ ક્યા રાજાએ પ્રવર્તાવ્યું છે? ચંદ્રશેખર રાજર્ષિએ કહ્યું કે અહીં શ્રી ચંદ્રપ્રભતીર્થંકરે ભવ્ય જીવોના હિતની ઇચ્છાથી ધર્મની દેશના કરી હતી. આથી પૃથ્વીમાં ચંદ્રપ્રભાસ નામે આતીર્થ પ્રસિધ્ધ થયું. આ તીર્થની સેવા કરવાથી મોક્ષની સંપતિ થાય છે.

જે સ્થાને સમુદ્રની અંદર પ્રભુ પ્રતિમાવડે સ્થિર ઊભા હતા. તે વખતે સમુદ્ર ઊંચા તરંગવાલો થયો. ને ઊંચે ઊંચે જવા લાગ્યો. તે વખતે ભક્તિથી લવણ સમુદ્રના અધિપતિ લવણદેવે છત્રરૂપ થઇને ચારેબાજુથી સમુદ્રને રોક્યો.

અહીં પૂર્વે શ્રી ઋષભદેવ પ્રભુના પૌત્ર ચંદ્રકીર્તિરાજાવડે નજીકમાં થનારા શ્રી ચંદ્રપ્રભ તીર્થંકરના શ્રેષ્ઠ પ્રાસાદ અને પ્રતિમા ઘણા ધનનો વ્યય કરવાથી કરાવ્યાં. તેથી જગતમાં આ મહાન પવિત્ર તીર્થ થયું.

પૃથ્વીઉપર શ્રી ચંદ્રપ્રભ જિનેશ્વરનું ત્રણ ગઢથી વિરાજિત એક યોજનના પ્રમાણવાલું સમવસરણ થયું. પ્રાયઃકરીને તે સ્થાનમાં મરેલા જીવો દેવલોકમાં જાય છે. ને વિશુધ્ધ ભાવવાલા ખરેખર કલ્યાણરૂપી લક્ષ્મીને વરે છે. અહીં સર્વપાપનો ત્યાગ કરીને જેઓ હંમેશાં તપ તપે છે. તેઓ સર્વ કર્મનો ક્ષય કરીને મોક્ષઘરમાં જાય છે. આ સ્થાનમાં મરેલા મનુષ્યો નરકમાં ને તિર્યંચમાં જતાં નથી. પરંતુ મનુષ્ય અને દેવલોકના કલ્યાણકારક સુખોને જલ્દીથી વરે છે. – પામે છે. સગરચક્રવર્તિ આ તીર્થની રક્ષા માટે અને શ્રી ઋષભદેવ જિનેશ્વરની સેવા માટે સમુદ્રને અહીં લાવ્યા.

બ્રહ્મદેવલોકના ઇન્દ્ર અહીં શ્રી જિનેશ્વરના સ્નાત્રમાટે બ્રાહ્મી નામની નદી લાવ્યા અને તે નદી અનુક્રમે મનુષ્યોને પવિત્ર કરવા માટે થઇ. આ પ્રમાણે સાંભળીને ચંદ્રયશારાજાએ હર્ષવડે ચંદ્રકાંત મણિમય પ્રાસાદ કરાવ્યો. અને પ્રભુના બિંબની સ્થાપના કરી. તે પ્રાસાદમાં પિતાની ભક્તિવડે ચંદ્રકાંતમણિમય પિતાની મૂર્તિને રાજાએ પુણ્યના હેતુ માટે સ્થાપન કરી. ક્ષય થયાં છે પાપ જેનાં એવા ચંદ્રશેખર રાજર્ષિએ સર્વકર્મનો ક્ષય થવાથી અનુક્રમે કલ્યાણ નગરીને અલંકૃત કરી – શોભાવી..

અનુક્રમે ચંદ્રયશારાજા ઘણા સંઘોને ભેગા કરીને મહોત્સવ કરતાં શ્રી સિધ્ધગિરિઉપર જિનેશ્વરોને નમસ્કાર કરવા ગયો. તે રાજાએ ત્યાં કોઇક વખત જીર્ણ એવા જિનમંદિરોને જોઇને લક્ષ્મીનો વ્યયકરી ઉધ્ધાર ર્ક્યો. અને ત્યાં નવાં મંદિરો

કરાવ્યાં. તે પછી રૈવત ગિરિ – સંમેત શિખર – અર્બુદ પર્વત ( આબુ) ઉપર યાત્રા કરીને રાજાએ નવાં જિનમંદિરો કરાવ્યાં. રાજાએ ૫૦ હજાર જિનમંદિરો અને ૫ ક્રોડ જિનબિંબો ઘણા ધનના વ્યયથી કરાવ્યાં. અનુક્રમે ચદ્રયશારાજા પોતાના પુત્રને રાજ્યપર બેસાડીને સંયમ સ્વીકારીને કર્મનો ક્ષય થવાથી મોક્ષને પામ્યા.

**શ્રી ચંદયશા રાજાએ કરેલા શ્રી શત્રુંજયના નવમા ઉધ્ધારનો સંબંધ સંપૂર્ણ.**

# શ્રી શત્રુંજયમાં શ્રી શાંતિનાથ પ્રભુના ચોમાસું રહેવાનો સંબંધ

**वासासु चउमासं, जत्थ ठिया अजियसंति जिणनाहा।**
**बिय सोल धम्मचक्की, जयउ तयं पुंडरीतित्थं।।१८।।**

ગાથાર્થ :– જ્યાં બીજા અને સોલમા ધર્મ ચક્રવર્તિ શ્રી અજિતનાથ અને શ્રી શાંતિનાથ વર્ષાકાલમાં ચોમાસું રહયા તે પુંડરીકતીર્થ જય પામો.

ટીકાર્થ :– શ્રી શાંતિનાથ પ્રભુનું વર્ણન હોવાથી આ ગાથાની અહીં વ્યાખ્યા કરવા લાયક છે. શ્રી અજિતનાથ પ્રભુની વ્યાખ્યા તો પહેલાં કરી છે. જે તીર્થમાં બીજા અને સોલમા ધર્મચક્રવર્તિ વર્ષાકાલમાં ચોમાસું રહયા હતા તે પુંડરીકતીર્થ જય પામો. હવે શ્રી શાંતિનાથપ્રભુનું ચોમાસું રહેવું શ્રી શત્રુંજયઉપર થયું તેનો સંબંધ આ પ્રમાણે છે.

શ્રેષ્ઠ એવા હસ્તિનાગપુર નામના નગરમાં વિશ્વસેનરાજાની અચિરા નામની રાણીએ સારે દિવસે પુત્રને જન્મ આપ્યો. તેનો ( તે પુત્રનો ) ઇન્દ્રે કરેલો જન્મોત્સવ આદિ વૃત્તાંત કહેવો ॥ અનુક્રમે ચક્રવર્તિપદ પામીને છ ખંડરૂપી પૃથ્વીને પાલન કરતાં પાપરહિત એવા શાંતિરાજાએ જનતાને સુખી કરી. ચક્રવર્તિની ઋધ્ધિનો ત્યાગ કરીને વ્રતરૂપી લક્ષ્મીને લઇને છદ્મસ્થપણાનો ત્યાગ કરીને જલદી પંચમજ્ઞાન પામ્યા. એક વખત કોડાકોડી દેવોવડે સેવાયેલા શ્રી શાંતિનાથપ્રભુ શ્રી શત્રુંજયની પાસે સિંહ નામના ઉધાનમાં રહયા હતા. આ બાજુ પ્રતિષ્ઠાનપુરમાં મદનનામના મિથ્યાત્વી બ્રાહ્મણે શુભદિવસે યજ્ઞની શરુઆત કરી.

ત્યાં એક વખત ભિક્ષાને માટે એક સાધુ ગયા. તેટલામાં તે બ્રાહ્મણે તે સાધુને કર્કશપણે હાંક મારી. સાધુએ કહ્યું કે શ્રી ઋષભદેવ પ્રભુના પુત્ર ભરતરાજાએ બ્રાહ્મણોને ભણવા માટે જે અહિંસક વેદો કર્યા હતા તે વેદો લોભી એવા બ્રાહ્મણોએ કાળક્રમે આજીવિકાને માટે દુર્ગતિને માટે હિંસાત્મક કર્યા. આ પ્રમાણે સાંભળીને રોષ પામેલો તે બ્રાહ્મણ વેગથી કડછો ઉપાડીને મુનિ હણવા માટે દોડ્યો. થાંભલામાં અથડાયેલો પૃથ્વીઉપર પડી ગયો. પીડાથી મરીને તે બ્રાહ્મણ શ્રી સિધ્ધગિરિની પાસે સિંહનામના ઉદ્યાનમાં અત્યંત ક્રૂર ચિત્તવાળો સિંહ થયો. ત્યાં રહેલો તે સિંહ ક્રોધના વશથી અનેક પ્રાણીઓને હણે છે. તેથી ત્યાં કોઇ પણ આવતું નથી. ભમતો ભમતો તે સિંહ શ્રી શાંતિનાથ ભગવાનને જોઇને પોતાના હાથને ( પંજાને ) ઉપાડીને લાલ નેત્રવાલો હણવા માટે દોડ્યો. દોડ્તો સિંહ વૃક્ષના સ્કંધ ઉપર ઢેફાની જેમ દૃઢપણે અફળાઇને પાછો પડ્યો. ને ક્ષણવારમાં લાકડાની જેમ ભૂમિપર પડી ગયો.

વારંવાર ઊભા થઇને પ્રભુને હણવા માટે દોડ્તો સિંહ – ઢેફાની માફક પૃથ્વીપર પડ્યો. ને તે પછી તેના દેહમાં કોઢ થયો. તે પછી વારંવાર મુનિને જોતાં હૃદયમાં આ પ્રમાણે વિચારવા લાગ્યો કે કોઇક સ્થળે આવા પ્રકારના સાધુને મેં જોયા છે. આ પ્રમાણે વિચાર કરતો સિંહ ક્ષણવારમાં જાતિસ્મરણજ્ઞાન પામીને શાંત મનવાલો તે પોતાના બ્રાહ્મણના પૂર્વભવને ચિત્તમાં યાદ કરવા લાગ્યો. તે વખતે પ્રભુએ કહ્યું કે હે અધમ દ્વિજ ! પોતાના પૂર્વભવને તું યાદ કર. સાધુની હિંસા કરતો એવો તું મરીને હમણાં અહીં સિંહ થયો છે. તે પછી શાંત થયું છે ચિત્ત જેનું એવો તે સિંહ પ્રભુનાં બે ચરણોને નમસ્કાર કરતો પૂર્વભવમાં ઉપાર્જન કરેલાં પોતાનાં કર્મની પોતે જાતે નિંદા કરે છે.

જે વખતે સ્વામી વિહાર કરતાં શ્રી સિધ્ધગિરિઉપર આવ્યા તે વખતે શાંત મનવાલો સિંહ પણ ત્યાં આવ્યો. ત્યાં તે સિંહ પ્રભુની પાસે અનશન સ્વીકારીને બીજા દેવલોકમાં દેદીપ્યમાન કાંતિવાળો દેવ થયો. સાધુઓ અને દેવતાઓથી પરિવરેલા સ્વામી શાંતિનાથ પ્રભુ મરુદેવ નામના શિખરઉપર વર્ષાઋતુનું આગમન થયું ત્યારે શ્રી અજિતનાથસ્વામીની પેઠે ચાર માસ રહ્યા. ત્યાં આવીને સિંહના જીવે ( દેવે ) પ્રભુને પ્રણામ કરીને કહ્યું કે તમારા પ્રાસાદથી હું મરીને ઉત્તમ દેવ થયો છું. તમે જ મારી માતા છો. તમે મારા પિતા છો. તમે મારા પૂજ્ય છો. તમે મારા ભાઇ છો. તમે મારા મિત્ર છો. સ્વર્ગના સુખને આપવાથી તમે મારા સ્વામી છો. શ્રી શાંતિનાથ તીર્થંકરે બીજાસ્થલે વિહાર કર્યો ત્યારે તે શિખરઉપર સિંહ એવા દેવે શ્રી શાંતિનાથ જિનેશ્વરનું મોટું ચૈત્ય કર્યું. તે ચૈત્યને વિષે પોતાને અને બીજાને બોધ કરનાર સ્ફુરાયમાન રત્નમય મનોહર બિંબ મોક્ષની પ્રાપ્તિમાટે સ્થાપન કર્યું.

શ્રી શાંતિનાથ પ્રભુની સેવામાં તત્પર એવા ૩ા કરોડ દેવો શ્રી શાંતિનાથ ભગવાનની આરાધના કરનારા મનુષ્યોને ઇચ્છિત્ર આપે છે. તે શિખરઉપર તે દેવે મોક્ષના સુખની પ્રાપ્તિ માટે કૈલાસપર્વત જેવડા ( મોટા ) અરિહંતોના ઘણા પ્રાસાદો કર્યા. હવે શાંતિનાથ ભગવાન વિહાર કરીને પૃથ્વીને પવિત્ર કરતા અનુક્રમે સુંદર એવા ગજપુરનગરના ઉદ્યાનમાં સમવસર્યા. તે વખતે ચક્રધર નામનો શ્રી શાંતિનાથ પ્રભુનો પુત્ર જલદી આવીને પ્રભુને નમસ્કાર કરીને ધર્મ સાંભલવા માટે યોગ્યસ્થાને બેઠો.

તે વખતે શાંતિનાથ પ્રભુએ મોક્ષના સુખને આપનાર સંસારનો નાશકરનાર દાન – શીલ – તપ અને ભાવરૂપ ચારે પ્રકારે ધર્મ કહ્યો.

**पच्चक्खाणं पूआ पडिक्कमणं - पोसहो परुवयारो अ।**
**पंच पयारा जस्स य न पयारो तस्स संसारे ।।१।।**
**सामायिकाऽऽवश्यक-पौषधानि- देवार्चन-स्नात्र-विलेपनानि।**
**ब्रह्मक्रिया दान दया मुखानि, भव्याः सदा भावभरात् श्रयन्तु ।।२।।**
**शीलं शत्रुञ्जयः शैलः समत्वं सार्वसेवनम्।**
**श्रीसङ्घाधिपतित्वं च, शिवश्रीदायका अमी ।।३१।।**

પ્રત્યાખ્યાન – પૂજા – – પ્રતિક્રમણ – પૌષધ ને પરોપકાર આ પાંચ પ્રકાર જેની પાસે ( જેના જીવનમાં હોય) છે. તેનો સંસારમાં પ્રચાર હોતો નથી. તેને સંસારમાં ભ્રમણ કરવું પડતું નથી. હે ભવ્યજીવો ! ઉત્તમભાવથી હંમેશાં સામાયિક – આવશ્યક – પૌષધ – દેવપૂજા – સ્નાત્ર – વિલેપન – બ્રહ્મચર્ય – દાન – દયા વગેરેનો આશ્રય કરો. શીલ – શત્રુંજય પર્વત – સમતા – સર્વજ્ઞ ભગવંતનું સેવન – અને શ્રી સંઘનું અધિપતિપણું આ મોક્ષલક્ષ્મીને આપનારા છે. પ્રભુની પાસે ચક્રધરરાજાએ પ્રભુનું વચન સાંભળીને કહ્યું કે હું વિસ્તારથી ભરતરાજાની પેઠે શ્રી શત્રુંજ્યતીર્થને વિષે – યાત્રા કરું. શ્રી શાંતિનાથપ્રભુ ભવ્યજીવોને પ્રતિબોધ કરવા માટે અન્યસ્થાને ગયા ત્યારે ચક્રધર રાજા હંમેશાં મોક્ષના સુખને આપનારા જિનેશ્વરના ધર્મને કરવા લાગ્યો. એક વખત પ્રાતઃકાલમાં ચક્રવર્તિનો પુત્ર વિચારવા લાગ્યો કે જો શ્રી સિધ્ધગિરિઉપર જિનેશ્વરોને નમવા માટે જવાય તો આ જન્મ વખાણવા લાયક થાય.

આ પ્રમાણે વિચારીને તે વખતે ચક્રધર રાજાએ સંઘને બોલાવવા માટે ઘણી કુમ કુમ પત્રિકાઓ મોકલી. ઘણા સંઘો આવે છતે શુભ ચોઘડીએ કુલવાન સ્ત્રીઓએ કર્યું છે મંગલ જેને એવો શ્રી શાંતિનાથપ્રભુનો પુત્ર યાત્રા કરવા માટે ચાલ્યો. સુવર્ણમય – એવા ૧૬૦૦ , દેવ મંદિરો અને કાષ્ઠમય શ્રેષ્ઠ એવા ૪૦૦૦ હજાર પ્રમાણવાલા જિનમંદિરો સંઘમાં ચાલ્યાં. બત્રીશ હજાર રાજાઓ ચાલ્યા, અને મનોહર એવા લાખો શેઠિયાઓ ચાલ્યા. અને બીજા પણ કરોડો માણસો ચાલ્યા.

ચાલતો એવો સંઘ નગર અને ગામમાં સ્નાત્ર મહોત્સવ કરતો શ્રી શત્રુંજયની નજીકમાં સુરાષ્ટ્ર– સોરઠ દેશમાં આવ્યો. હવે તે રાજા દેવમંદિરની પાસે બેઠો હતો ત્યારે કોઇક વિદ્યાધર આવીને નમસ્કાર કરી બેહાથ જોડી હર્ષવડે ઊભો રહયો. રાજાએ પૂછ્યું કે તું કોણ છે ? ક્યા સ્થાનથી શા માટે આવ્યો છે ? સુંદરરૂપને ધારણ કરવા છતાં પણ ક્યા કારણથી દીનમુખવાલો દેખાય છે ?

ખેટ કિલ્લાના સ્વામી રત્નપ્રિય વિદ્યાધરનો હું કલાપ્રિય નામે પુત્ર પિતાને વલ્લભ હતો. અનુક્રમે પોતાના રાજ્ય ઉપર મહોત્સવપૂર્વક મને સ્થાપન કરીને પિતાએ સોમદેવ આચાર્ય પાસે સંયમ ગ્રહણ કર્યું. હમણાં બલવાન એવા ગોત્રના પુરુષોવડે કરીને બળાત્કારે નગર ઘેરાયું છે. મારા મનુષ્યો વિખરાઇ ગયા છે. તેથી હું વ્યાકુલ થયો છું. મારાવડે આરાધના કરાયેલી ચક્રેશ્વરી દેવીએ આ પ્રમાણે કહ્યું કે હે કલાપ્રિય ! હમણાં જો તારે રાજ્યવડે પ્રયોજન હોય તો તું જલદીથી

ચક્રધર રાજાને અહીં લાવ. તેની દૃષ્ટિ પડશે ત્યારે શત્રુઓનો સમુદાય નાસીને દૂર જતો રહેશે . તેથી પોતાના સૈન્યને પાછું વાળવાને ઇચ્છતો હું તમારી પાસે અહીં આવ્યો છું. મારી ઉપર દયા કરીને તમે ત્યાં જલદી આવો. તમે ત્યાં આવશો ત્યારે શત્રુનું સર્વ સૈન્ય ચાલી જશે. હમણાં તમારા સરખો લોકોમાં પરોપકાર કરનારો કોણ છે ? કહ્યું છે કે :

**दानं वित्ताद् ऋतं वाचः, कीर्ति धर्मौ तथाऽऽयुषः ।**
**परोपकारकरणं कायादसारात् सारमुद्धरेत् ।।४९।।**

ધનથી દાન – વચનથી સત્ય – આયુષ્યથી કીર્તિ ને ધર્મ અને કાયાથી –શરીરથી પરોપકાર એમ અસારમાંથી સારનો ઉધ્ધાર કરવો જોઇએ. સંઘની રજા લઇને કલાપ્રિય વિદ્યાધર સહિત રાજા જેટલામાં ખેટ કિલ્લાની પાસે શત્રુઓના દ્રષ્ટિમાર્ગમાં આવ્યો. તેટલામાં દરેક દિશામાં કંપતા સર્વ શત્રુઓ સૂર્યના ઉદયથી જેમ અંધકારના સમૂહો ચાલ્યા જાય તેમ પોતાનું જીવતર લઇને નાસી ગયા. શત્રુઓનું સમસ્ત સૈન્ય ચાલી ગયું ત્યારે વિદ્યાધરપતિ કલાપ્રિયે ચક્રધરના બે ચરણોમાં નમીને બેહાથ જોડવાપૂર્વક આ પ્રમાણે કહ્યું.

તમે ભાઇ છો . તમે માતા છો. તમે મિત્ર છો. તમે પિતા ને સ્વામી છો. ને તમે દાદા છો. જે કારણથી દયાળુ એવા તમે ગયેલું રાજ્ય પાછું વાળ્યું અપાવ્યું. હે રાજન ! મારી બેન ગુણમાલાને પરણીને તમે મારીઉપર કૃપા કરીને જલદી દેવા રહિત કરો. રાજાએ તે વાત કબૂલ કરી ત્યારે કલાપ્રિયે તેમને સુંદર ઉત્સવપૂર્વક ગુણના ભંડાર એવી ગુણમાલા આપી. બીજી પણ હજારો વિદ્યાધર કન્યાઓ જેમ ગુણવાન ને ગુણવાલા પસંદ કરે તેમ ચક્રધર રાજાને વરી. કલાપ્રિયે કહ્યું કે અહીં સુર નામનું ઉદ્યાન છે. હે સ્વામિ ! હમણાં ત્યાં ક્રીડા કરવા માટે પધારો. તે વનમાં જઇને અત્યંત ઉજ્જવળ – સફેદ મહેલામાં જઇને ક્રીડા કરીને ગોખમાં રહેલા રાજાએ વિવિધ પ્રકારનાં વૃક્ષોની પંક્તિઓને જોઇ. કહ્યું છે કે :–

**पाली तालीद्रुमाली तलमिलितपथ श्रान्तविश्रान्तपान्थ-**
**व्रातप्रख्यातघर्मातपहरणचणकङ्कणश्रीर्धरित्र्याम् ।**
**हेलोन्मीलन्नवीनामलबहु ललुलल्लोलकल्लोलमाला ।**
**लीलाखेलन्मरालीकुलकलविरुतैरुल्वणः पल्वलोऽयम् ।।५९।।**
**ईषल्लोलोर्म्मिपात प्रभववर भवल्लास्य लीलाभिरुच्चै-**
**रेषच्छेकश्चकेकी कलयति विरुता न्यावहन्नृत्ववृत्तम् ।**
**मद्रारावं प्रलुभ्यन्निजयुवतियुतैश्चैष चक्रोऽपि चक्री -**
**कृत्यग्रीवानताम्भोरुहबिशकवलानत्ति चात्यन्तहृष्टाः ।।६०।।**

* પાળના કિનારે ( રહેલાં ) તાડનાં વૃક્ષોની શ્રેણીના તળિયામાં ( નીચે ) ભેગા થયેલા માર્ગથી થાકી ગયેલા ને વિસામો લેતા મુસાફરોના સમૂહના વિસ્તારને કરાયેલી જે ગરમી તેને હરણ કરવામાં ચતુર એવી કંકણશોભા પૃથ્વીને વિષે છે. ક્રીડાવડે ભેગાં થતાં નવીન તાજા નિર્મલ ઘણા કંપતા કલ્લોલોની શ્રેણીમાં – તરંગોની શ્રેણીમાં લીલાવડે રમતાં એવા રાજહંસના સમૂહના મનોહર એવા શબ્દવડે કરીને પ્રગટ એવું આ સરોવર છે.

* કાંઇક ચપલ તરંગમાં પડવાથી ઉત્પન્ન થતું જે શ્રેષ્ઠ નૃત્ય ને તેની લીલાવડે કરીને આ ચતુરમોર શબ્દને કરે છે. મનુષ્યપણાના વૃત્તાંતને ( કરતો ) સુંદર અવાજપૂર્વક પોતાની યુવતીઓ સહિત લોભ પમાડતો આ ચક્રવાક પણ ગોળાકાર કરીને અત્યંત હર્ષવાળો ડોકવડે નમેલા બીશ તંતુઓને ખાય છે.

ઇત્યાદિ સરોવર – વૃક્ષ – ચક્રવાકાદિ પક્ષીઓના સમૂહને જોતાં રાજાએ આગળ આકાશતલસુધી ગયેલ ચૈત્યને જોયું. તે ચૈત્યની અંદર સ્ત્રીસહિત રાજાએ જઇને શ્રી આદિનાથ પ્રભુના બિંબની સારીરીતે પૂજા કરી. શ્રેષ્ઠ – પુષ્પ – અક્ષત – ને સ્તોત્રોવડે પ્રથમજિનની પૂજા કરીને ચક્રધરરાજા જ્યારે દેવમંદિરમાંથી બહાર ગયો. ત્યાં એક ચારે બાજુથી શ્રેષ્ઠ સ્ત્રીઓવડે વીંટાયેલી એવી એક વાંદરીને આવેલી જોઇને તે વખતે ચક્રધર રાજાએ આ પ્રમાણે કહ્યું. હે સ્ત્રીઓ ! શ્રેષ્ઠરૂપને લાવણ્યથી યુક્ત એવી તમે આ તિર્યંચજાતિમાં ઉત્પન્ન થયેલી વાંદરીની સેવા કેમ કરો છો ? તે હમણાં કહો. ત્યાં નજીકમાં રહેલા એક વિદ્યાધરે આ પ્રમાણે કહ્યું કે વૈતાઢ્યપર્વતની ઉત્તરશ્રેણીમાં ભીમનામના શ્રેષ્ઠ નગરમાં હું ચંદ્રચૂડ નામે વિદ્યાધર થયો, અને શૃંગારસુંદરી નામે અત્યંતરૂપને ધારણ કરનારી મારી પુત્રી થઇ. એક વખતે તે પુત્રી સખીઓ સહિત ઉદ્યાનમાં ક્રીડા કરવા માટે ગઇ ને પરસ્પર પુષ્પના મુગટઆદિની રચનાવડે રમવા લાગી. તે વખતે વૃક્ષ ઉપરથી ઇચ્છાપૂર્વક પુષ્પ અને ફળોને ગ્રહણ કરતી વૃક્ષની શાખાઓને વિષે પગલે પગલે થૂત્કાર કરતી વનદેવીવડે શાપ અપાયેલી વાંદરી થઇ.

વાંદરીએ તે વનદેવતાના બે ચરણોમાં દૃઢપણે નમસ્કાર કરીને કહ્યું કે મેં અપરાધ કર્યો છે. તે તમે માફ કરો જ. જલદીથી મારા વાનરીપણાને દૂર કરીને મહેરબાની કરીને મારું સ્ત્રીરૂપ કરો. તે પછી દેવીએ આમ કહ્યું. જે વખતે શ્રી શાંતિનાથપ્રભુનો પુત્ર ચક્રધર રાજા હે નારી ! ઉલ્લાસપૂર્વક તારું પાણિગ્રહણ કરશે. ત્યારે હે વિદ્યાધરની પુત્રી તું સ્ત્રીનાં રૂપને પામીશ. ત્યારથી માંડીને મારીપુત્રી તમને વરવા માટે હંમેશાં અહીં આવે છે.

તમારી સ્થિતિને દરેક ગામમાં ને દરેક નગરમાં પૂછતાં પૂછતાં જાણીને એ પછી વાનરીરૂપ એવી પુત્રીને તમારી પાસે લાવ્યો. આ વાનરીરૂપ મારી પુત્રીનું પાણિગ્રહણ કરવાથી તમે હે રાજન ! પૂર્વના જેવું મનોહર રૂપ કરો. ઉપકારમાં તત્પર એવો રાજા જેટલામાં તેણીનું પાણિગ્રહણ કરવા માટે ઇચ્છાવાળો થયો, તેટલામાં મંત્રીએ રાજાને કહ્યું. શું કોઇવડે, કોઇ ઠેકાણે વાંદરીનું પાણિગ્રહણ કરાય છે ? કદાચિત્ કોઇવડે કપટ ન કરાયું હોય તો સારું .

રાજાએ કહ્યું કે ખરેખર જીવિતનો સાર છે કે બીજાને સુખ પમાડે એવો ઉપકાર કરવો. રાજાએ જેટલામાં પોતાની જાતે વાંદરીના હાથનું ગ્રહણ કર્યું. તેટલામાં સુરસુંદરી દિવ્યરૂપને ધારણ કરનારી સ્ત્રી થઇ. ખુશ થયેલા કલાપ્રિય વિદ્યાધરે આકાશગામિની વગેરે કન્યા સરખી ઘણી વિદ્યાઓ તે ચક્રધર રાજાને આપી. તે વનમાં ભ્રમણ કરતાં ચક્રધર રાજાએ

કંદનું ભક્ષણ કરનારા તાપસોને જોઈને કહ્યું કે તમે કોણ છો ? અને ક્યું ક્યું તપ કરો છો ? તેઓએ કહ્યું કે અમે કચ્છના વંશમાં ઉત્પન્ન થયેલા કંદમૂળ અને ફળનો આહાર કરનારા તપસ્વીઓ છીએ.. અને નદીના કિનારે રહીએ છીએ. ચક્રધર રાજાએ કહ્યું કે – હે તાપસો ! તમે શુધ્ધમાર્ગથી ભ્રષ્ટ થયા છો. ક્ષણવાર પણ અભક્ષ્યનું ભક્ષણ ન કરો.

**गूढस्नसाश्छिन्नरुहा : - समभागाश्च पल्लवा :।**
**मिथ्यादृशामविज्ञाता, अखाद्या हि प्रकीर्तिता :॥८५॥**
**तीक्ष्णशूचीमुखाक्रान्ति, - भागेऽनन्ता : शरीरिणि : ।**
**उत्पद्यन्ते विलीयन्ते, यत्र तेऽनन्तकायिन :॥८६॥**
**उदुम्बरवटप्लक्ष, काकोदम्बरशाखिनाम्**
**अश्वत्थस्यापि न फलमश्नीयात् कृमि सङ्कुलम् ॥८७॥**
**त्याज्या महाविकृतयश्चतस्रोऽनन्त दोषदा :।**
**मद्यं-मासं-नवनीतं, मधु त्याज्यान्यमूनि हि ॥८॥**
**हिमं च विषं च करकान्, सर्वमज्ञातकं फलम्।**
**रजनी भोजनानन्त, - कायान् सन्धानकांस्तथा ॥८९॥**
**वृन्ताकमूलकांश्चापि, निखिलं पुष्पितौदनम्।**
**बहुबीजामगोरस - सम्पृक्त द्विदलं त्यजेत् ॥९०॥**

જેની નસો ગુપ્ત હોય, છેદવાથી ઊગતા હોય, ભાંગવાથી જેના સરખા ભાગ થતાં હોય, અને કુંપળો અને જેને મિથ્યાદૃષ્ટિઓ જાણતા નથી, તેઓએ પણ તે નહિ ખાવા લાયક કહ્યાં છે. જે તીક્ષ્ણ સોયના મુખેથી દબાવેલા ભાગને વિષે અનંત પ્રાણીઓ ઉત્પન્ન થાય છે ને મરે છે. તે અનંતકાય છે.

ઉંબરો – પીપળો – વડલો – કાકોદુંબર વૃક્ષનાં અને કૃમિસહિત એવા પીપળાનાં ફળને ન ખાવાં જોઈએ. મદિરા – માંસ – માખણ ને મધ આ ચાર મહાવિગઈઓ અનંતદોષને આપનારી ત્યજવા લાયક છે.

તેમજ હિમ – બરફ – વિષ – કરા સર્વજાતિના અજાણ્યાં ફળ. રાત્રિભોજન અનંતકાય – બોળ અથાણું તથા રીંગણાં – મૂળાં – ફણગાવાળાં અનાજ – બહુબીજ – કાચા ગોરસથી મિશ્ર – દ્વિદલ ( વિદલનો ) ત્યાગ કરવો જોઈએ. ( દૂધ – દહીં અને છાશને ગોરસ કહેવાય છે. ગરમ કર્યા વિનાના દૂધ – દહીં ને છાશમાં કઠોળની વસ્તુઓ ખવાતી નથી. તેને દ્વિદલ – વિદલ કહેવાય છે. તેનાથી જીવોત્પત્તિ ને રોગો થાય છે.)

ઈત્યાદિ ઉપદેશવડે કરીને ચક્રધર રાજાએ તે તપસ્વીઓને પ્રતિબોધ પમાડીને મિથ્યાત્વ છોડાવ્યું. ચક્રધર રાજાએ

કહ્યું કે હે તાપસો ! શ્રી સિધ્ધગિરિઉપર જઈને શ્રી આદિનાથ ભગવંતને કલ્યાણ માટે પ્રણામ કરો. તે પછી ચક્રધર રાજા સાથે હર્ષિતમનવાલા તાપસો શ્રી શત્રુંજય તીર્થઉપર શ્રી ઋષભદેવ જિનેશ્વરને નમસ્કાર કરવા ચાલ્યા. ઘણી સ્ત્રીઓ – ઘણા વિદ્યાધરો ને તાપસો સહિત શાંતિનાથપ્રભુના પુત્ર શ્રી ચક્રધર રાજાને આવતાં જોઈને હર્ષિત થયેલો સંઘલોક તેમની સન્મુખ ગયો. તે પછી ચક્રધરરાજા ભક્તિથી સંઘનું સન્માન કરે છે.

ચક્રધરરાજા સુંદર ઉત્સવપૂર્વક ઘણું દાન આપતો સંઘની મધ્યમાં આવ્યો. અને ઋષભદેવપ્રભુની પૂજા કરી. તે તાપસોપણ સાવદ્યઆહારનો ત્યાગ કરીને શુધ્ધઅન્નને ગ્રહણ કરતાં શ્રી જિનેશ્વરે કહેલા ધર્મને આદરપૂર્વક કરે છે. ત્યાં રાજા દેવપૂજા અને સંઘપૂજા કરીને ઉત્સવ કરવાપૂર્વક શ્રી શત્રુંજયતીર્થ ઉપર ચઢયો. ત્યાં તીર્થંકરપ્રભુની ઉત્તમ પાણીવડે અને પુષ્પવડે વિધિપૂર્વક પૂજા કરીને રાજાએ ધ્વજારોપણ આદિ ક્રિયાઓ કરી. તે વખતે વિધિપૂર્વક આરતી ને મંગલદીપક કરીને રાજાએ પ્રભુની આગળ ભાવસ્તુતિ કરી. સ્વામીની પાદુકાની પૂજા કરીને સંઘસહિત રાજાએ રાયણવૃક્ષને પ્રદક્ષિણા કરી.

આ બાજુ ત્યાં સિંહદેવે આવીને રાજાને કહ્યું કે તિર્યંચગતિને પામેલા એવા મને તમારા પિતા શ્રી શાંતિનાથ પ્રભુએ પ્રતિબોધ પમાડીને ઘણાં સુખનામંદિર એવા દેવલોકમાં મોકલ્યો. તેથી મેં અહીં તમારા પિતાનું (શાંતિનાથ પ્રભુનું) દેદીપ્યમાન મંદિર કરાવ્યું છે. તેથી ત્યાં આવીને શ્રી શાંતિનાથ અને શ્રી ઋષભદેવ પ્રભુની પૂજા કરીને હે રાજન ! પોતાના જન્મને સફલ કરો! તે પછી રાજાએ ત્યાં જઈને જિનેશ્વરની પૂજા કરીને સંઘસહિત ચક્રધર રાજાએ પોતાનો જન્મ સફલ કર્યો. તે તાપસોએ પણ શ્રી સિધ્ધગિરિ ઉપર જઈને ભાવથી શ્રી ઋષભદેવ જિનેશ્વરને પ્રણામ કરીને પોતાનો જન્મ સફલ કર્યો. ઉત્તમ ચિત્તવાલા તે તાપસોને ઘાતિકર્મનો ક્ષય થવાથી લોક અને અલોકને પ્રકાશિત કરનારું કેવલજ્ઞાન ઉત્પન્ન થયું. જયાં તે તાપસો સિધ્ધ થયા. તે સ્થાને ચક્રધર રાજાએ "તાપસ" નામનું જિનમંદિર બનાવ્યું. ચક્રધર રાજાએ ઘણાં નવીન જિનમંદિરો કર્યાં. અને અનુક્રમે ધનનો વ્યયકરીને જીર્ણ જિનમંદિરોનો ઉધ્ધાર કર્યો.

રાજાએ પ્રભાસતીર્થમાં ગિરનાર પર્વતપર – સમ્મેત શિખરઉપર – અને અર્બુદ ગિરિઉપર – યાત્રા કરીને જિનમંદિરોનો જીર્ણોધ્ધાર કર્યો. આ પ્રમાણે ઘણાં તીર્થોને વિષે અતિવિસ્તારથી યાત્રા કરીને નવાં જિનમંદિરો બનાવ્યાં. અને ( જૂનાંનો ) જીર્ણોધ્ધાર પણ કરાવ્યો. રાજાએ વસ્ત્રદાનવડે ગુરુઓને પ્રતિલાભીને સંઘને જમાડીને પહેરામણી આપીને વિદાય કર્યો. રાજાએ સારા ઉત્સવપૂર્વક – નગરીમાં પ્રવેશ કર્યો. ને પછી દેદીપ્યમાન બલવાળો રાજા ન્યાયવડે પૃથ્વી પીઠઉપર શાસન કરવા લાગ્યો. આ બાજુ શ્રી શાંતિનાથ પ્રભુ સંમેત શિખરપર જઈને સર્વકર્મનો ક્ષય થવાથી જલદી મુક્તિનગરીમાં ગયા. જે સ્થાનઉપર શ્રી શાંતિનાથ જિનેશ્વર મુક્તિ પામ્યા. તે સ્થાનઉપર ચક્રધર રાજાએ શાંતિનાથ પ્રભુનું મંદિર કરાવ્યું. કોઈકવાર ચક્રધરરાજા જ્ઞાનચંદ્રસૂરીશ્વર પાસે ધર્મ સાંભળવા ગયો ત્યારે ગુરુએ આ પ્રમાણે કહ્યું. જીવો ક્ષમાવડે કરીને સઘળાં શુભ અથવા અશુભકર્મો ક્ષય કરીને સંયતરાજાની પેઠે કેવલજ્ઞાન પામે છે.

સંખેડા નામના ગામમાં હિતકર નામનો વણિક શ્રાવક ધર્મની આરાધના કરીને દેવલોકમાં ગયો. ત્યાંથી ચ્યવીને સુમાપુરી નામની નગરીમાં વર્ધમાન નામનો રાજા થયો. તે હંમેશાં ન્યાયમાર્ગવડે પૃથ્વીનું પાલન કરતો હતો. તેજ નગરીમાં ચંદ્ર નામનો બ્રાહ્મણ હંમેશાં – અજ્ઞાન તપ કરીને જ્યોતિષ દેવલોકમાં જઈને ત્યાંથી ચ્યવીને જ્વલન નામનો

બ્રાહ્મણ થયો. તે વખતે રાજાને સત્યવાદી નામે પુરોહિત હતો. જ્વલન બ્રાહ્મણ માયાવડે ઘણાં લોકોને ઠગતો હતો. જ્વલન બ્રાહ્મણે ઠગાઇ કરીને નેમદત્ત વાણિયાનું ઘણું ધન લઇ લીધું. તેથી નેમદત્ત દુ:ખી થયો.

એક ગણિકાએ ઉત્તમ બુધ્ધિથી જ્વલન બ્રાહ્મણને ઠગીને નેમદત્તનું ઘણું ધન પાછું અપાવ્યું. તે વખતે રાજાએ કપટી જ્વલનને માર મરાવીને પોતાના દેશમાંથી જલદી દૂર કાઢી મૂક્યો. જ્વલન બ્રાહ્મણ વૈરાગ્યવાળો નિરંતર તપ કરતો માહેન્દ્ર દેવલોકમાં દેદીપ્યમાન શરીરની કાંતિવાલો દેવ થયો. ત્યાંથી નીકળીને વૈતાઢ્યપર્વતની દક્ષિણ અને ઉત્તર શ્રેણીમાં તે બ્રાહ્મણનો જીવ – વજ્રદંષ્ટ્ર નામે સ્વામી થયો.

શ્રી વર્ધનરાજા પણ દીક્ષા લઇને તપમાં તત્પર એવો તે સ્વર્ગમાં જઇને ત્યાંથી ચ્યવીને અહીં હું સાધુ થયો. પૂર્વભવના ઉત્પન્ન થયેલા વૈરથી વજ્રદંષ્ટ્ર આ ભવમાં અહીં મને દંડના ઘાતવડે ઘણું મારતો હતો. નેમદત્તનો જીવ નિરંતર – જૈનધર્મને કરીને તું સર્વ નાગકુમારોનો રાજા ધરણેન્દ્ર થયો. આ પ્રમાણે સાંભળીને વજ્રદંષ્ટ્ર પણ પોતાના પુત્રને રાજ્ય આપીને સંસારસમુદ્રથી તારનારા વ્રતને લીધું. વજ્રદંષ્ટ તીવ્રતપને કરતો અચલ એવા શત્રુંજયગિરિઉપર આદિનાથ પ્રભુ અને શાંતિનાથ પ્રભુને નમસ્કાર કરવા આવ્યો. શ્રી શાંતિનાથ તીર્થપતિની આગળ ધ્યાન કરતાં તે વજ્રદંષ્ટ્ર સાધુ એક લાખ સાધુસહિત કેવલજ્ઞાન પામ્યા. વજ્રદંષ્ટ્ર ઋષિ સર્વકર્મનો ક્ષય થયાથી સિધ્ધપર્વત ( એવા ) મનોહર શ્રી શત્રુંજયગિરિઉપર મુક્તિ નગરીમાં ગયા. આ પ્રમાણે સાંભળીને ચક્રધર રાજાએ પોતાના પુત્રને રાજ્યપર સ્થાપન કરી, વ્રત લઇને તીવ્રતપ કરી સમ્મેતશિખરઉપર સર્વ કર્મનો ક્ષય થવાથી મુક્તિનગરીમાં ગયા. તે વખતે બીજા ઘણા રાજાઓ અને મુનિઓ પણ – મુક્તિ પામ્યા.

**શ્રી શત્રુંજયમાં શ્રી શાંતિનાથ પ્રભુ ચોમાસું રહ્યા તે સંબંધ સંપૂર્ણ.**

# દ્રાવિડ અને વારિખિલ્લ રાજાની મુક્તિ ગમનની કથા.

*दसकोडिसाहुसहिआ, जत्थ, दविडवालिखिल्लपमुहनिवा।*
*सिद्धा नगाहिराए जयउ तयं पुंडरी तित्थं ।।११।।*

ગાથાર્થ :– જે ગિરિરાજઉપર દ્રાવિડ અને વારિખિલ્લ વગેરે રાજાઓ દશક્રોડ સાધુઓ સહિત સિધ્ધ થયા, તે પુંડરીકતીર્થ જયવંતુ વર્તો.

ટીકાર્થ : – દશ કરોડ સાધુઓ સાથે ઈક્ષ્વાકુ વંશમાં થયેલા દ્રાવિડ ને વારિખિલ્લ વગેરે રાજાઓ જે શત્રુંજયપર્વતપર મુક્તિએ ગયા. તે શત્રુંજયનામનું તીર્થ લાંબા કાળસુધી જય પામો. તે આ પ્રમાણે : –

શ્રી ઋષભદેવ સ્વામીના ( પાલક ) પુત્ર દ્રવિડરાજાને દ્રાવિડદેશ પાસે દ્રાવિડ અને વારિખિલ્લ નામે બે પુત્રો થયા. પહેલો દ્રાવિડ નામે અને બીજો વારિખિલ્લ નામે થયો.. તે બન્ને પુત્રો રૂપથી કામદેવને જીતનારા અને દાનમાં પરાયણ તત્પર થયા. દ્રાવિડ રાજાએ વિસ્તાર પૂર્વક શ્રી શત્રુંજયગિરિ ઉપર યાત્રા કરીને શ્રી ઋષભદેવ પ્રભુનો પ્રાસાદ કર્યો. દ્રવિડ રાજાએ એક વખત દ્રાવિડ નામના પુત્રને મિથિલા નગરીનું રાજ્ય ઉતાવળથી આપ્યું. ને વારિખિલ્લને એક લાખ ગામ આપ્યાં. હે બન્ને ઉત્તમ પુત્રો ! તમારે બન્નેએ વૈરથી વિરસપણું ન કરવું. એ પ્રમાણે કહીને દ્રવિડ રાજાએ પ્રભુપાસે સંયમલક્ષ્મી લીધી. દ્રાવિડરાજા – અનુક્રમે રાજ્યલક્ષ્મી અને કીર્તિવડે વધતાં નાના ભાઈને જોઈને તેની ઉપર દ્વેષ ધારણ કરવા લાગ્યો. દ્રાવિડ રાજા હંમેશાં પોતાના નાના ભાઈ વારિખિલ્લને લોભથી હણવાને ઈચ્છતો દિવસ કે રાત્રિએ જરા પણ નિદ્રા પામતો નથી. કહ્યું છે કે : –

**पितरं मातरं बन्धुं–मित्रं भार्यां सुतं गुरुम्।**
**लोभेनाभिभूतः संश्च, हन्त्येव मानवः खलु ।।८।।**

લોભથી પરાભવ પામેલો માનવ ખરેખર પિતા–માતા–બંધુ–મિત્ર–ભાર્યા–પુત્ર–ને ગુરુને હણે જ છે.

બન્ને ભાઈઓ તે વખતે મોટું સૈન્ય ભેગું કરીને તે બન્ને ભરત અને બાહુબલીની જેમ યુધ્ધ કરવા લાગ્યા. વારિખિલ્લે દ્રાવિડના સેવકોને ઘણું ધન આપી લાખોને પોતાને આધીન કર્યા. દાનથી શું નથી થતું ? બન્ને સૈન્યમાં ૧૦ – કરોડ સૈનિકો હતા. ૧૦ – લાખ રથ – ૧૦ – લાખ હાથી, ૫૦ લાખને ૧૦ – લાખ – બીજા રાજાઓ બન્નેના

સૈન્યમાં થયા. આ પ્રમાણે ત્રણેલોકને ભીતિકરનાર સૈન્ય થયું. દિશાઓના છેડા સુધી જનારો અહત્રી અહત્રી અને અંબકના નાદવડે શૂકર વગેરેનાં જૂથો – ટોળાં ત્રાસ પામ્યાં. અને અધીરતાને પામ્યાં. સાત મહિના સુધી અત્યંત ભયંકર યુધ્ધ થયું. તે વખતે બન્નેના સૈન્યમાં ૧૦ – કરોડ મનુષ્યો મરી ગયા.

અહીં આગળ રાત્રિ દિવસ વરસતો મેઘ હંમેશાં પ્રીતિથી ચારે બાજુથી પૃથ્વીને ખુશ કરવા લાગ્યો. ચારે તરફથી સ્થલ – ખાડા – નદી – સરોવર –તલાવ વગેરેને વેગથી પાણીવડે મેઘ પૂરવા લાગ્યો. સુબુધ્ધિ નામના મંત્રીએ કહયું હે રાજન ! આ વનમાં સુમતિનામે ગુરુ છે . તેથી ત્યાં ધર્મ સાંભળવા માટે જઈયે. આ પ્રમાણે સાંભળીને સુબુદ્ધિ મંત્રીસહિત દ્રાવિડરાજા ઉત્તમ બુદ્ધિવાલા સુમતિ ગુરુની પાસે ધર્મ સાંભળવા માટે ગયો. ગુરુએ કહયું કે હે રાજા ! કષાયો ખરેખર શત્રુ છે. અને તે આલોક ને પરલોકમાં પ્રાણીઓને દુઃખ આપે છે. કહ્યું છે કે :– દેશ ઊણ પૂર્વ ક્રોટી વર્ષવડે ( સુધી ) જે ચારિત્ર ઉપાર્જન કરાયું હોય તે ચારિત્રને કષાયવાલો જીવ – માનવ, મુહૂર્તમાત્રમાં હારી જાય છે. પ્રચંડ ક્રોપવાલાઓને આ પૃથ્વીપર કોઇ પોતાનો હોતો નથી.

હવનકરનાર એવા ગોરને પણ સ્પર્શ કરાયેલો અગ્નિ બાળે છે. મનુષ્યના શરીરમાં ક્રોધનામે શત્રુ ઉત્પન્ન થાય છે. જેનાથી ( ક્રોધથી ) તે મિત્રોને છોડી દે છે. ને ધર્મથી ભ્રષ્ટ થાય છે. શુભમાર્ગમાં પ્રયાણ કરતાં મનુષ્યને પિશાચની જેમ – દુઃખના સમૂહને આપનારા બધા વિષયો ઘણી છલના કરે છે. ઝેરની ઉપમાવાલા એવા પાંચે ઇન્દ્રિયોના વિષયોવડે કરીને હણવા માટે એકી સાથે ઘા કરાયેલો એવો પણ આ પ્રાણી (આ તીર્થના પ્રભાવે ) કલ્યાણને પામે છે.

ક્રોધવડે ગ્રસિત થયેલો જીવ ઘણા જીવોની અત્યંત હિંસા કરતો ચંદ્રસેનની જેમ ક્ષણવારમાં નરકમાં દુઃખ પામે છે.

શ્રીપુર નામના નગરમાં ભીમસેનને ચંદ્રસેન નામે પુત્ર હતો. તે અનુક્રમે મોટો થયો, તે પિતા ઉપર નિરંતર દ્વેષ કરે છે. ચંદ્રસેન પિતાને હણીને ઘણી લક્ષ્મી પ્રાપ્ત કરીને અહંકારનું ઘર એવો તે સર્વજગતને તૃણ સરખું માનવા લાગ્યો.

**इक्षुक्षेत्र-वंशजाली-कदली विषपादपा: ।**
**फले जाते विनश्यन्ति, दु:पुत्रेण कुलंयथा ।।१।।**

શેરડીનું ખેતર – વાંસની ઝાડી– કેળ અને વિષવૃક્ષો ખરાબપુત્રવડે કુલની જેમ ફળ થવાથી વિનાશ પામે છે (૧) ચંદ્રસેન મરીને નરકમાં ગયો. ઘણાં દુઃખને ભોગવતો ત્યાંથી નીકળીને સમુદ્રમાં મત્સ્ય થયો. ને ઘણાં માછલાંઓને ત્યાં મારે છે. જીવહિંસામાં તત્પર એવો તે નરકમાં જઈને ઘણાં દુઃખોની પરંપરાને સહન કરતો વનમાં હિંસામાં તત્પર એવો તે ભિલ્લ થયો. તે પછી નરકમાં ગયો અને તે ભિલ્લના જીવે ઘણું દુઃખ સહન કર્યું. અને ત્યાંથી નીકળીને ભીમનામના વનમાં તે સિંહ થયો. ઇત્યાદિ ઘણા પ્રકારે નરક મત્સ્ય વાઘ વગેરે ભવોને પામીને ચન્દ્રસેનનો જીવ દુઃખની

પરંપરાને સહન કરતો હતો. આ પ્રમાણે જીવો સંસારમાં કષાયથી દુઃખની પરંપરાને પામે છે. આથી લાખો દુઃખને આપનારા કષાયો ન કરવા જોઈએ. કહ્યું છે કે

**धर्म्मव्युच्छेदपरशु-बोधिकक्षदवानलः ।**
**परद्रोहोऽस्ति नरक - द्वारोद्घाटनकुञ्चिका ॥३२॥**

ધર્મનો છેદ કરવામાં કુહાડા સમાન. સમ્યક્ત્વરૂપી લાકડાંને બાળવામાં દાવાનલ સમાન. અને નરકના બારણાને ઉઘાડવામાં કૂંચી સમાન એવો પારકાનો દ્રોહ છે. મનથી પણ કરાયેલી હિંસા સંસારમાં દુઃખના સમૂહને આપનારી છે. તે હિંસા પાતલી હોય તો પણ નરકમાં કોને ન લઈ જાય છે ? જેઓ રાજ્ય વગેરેના સુખોમાં પીડા પામેલા ઘણા હાથી – ઘોડા ને મનુષ્યોને મારે છે. તેઓ પ્રકાશમાટે કરી છે બુધ્ધિ જેણે એવા પોતાના દેહને બાળે છે. હે રાજન! નરક છે છેડે જેનો એવા રાજ્ય માટે ભાઈસાથે વૈર કરી કરોડે પ્રાણીઓને શા માટે હણાય છે ?

**अनित्याणि शरीराणि, लक्ष्मीर्बुद्बुदसन्निभाः ।**
**तृणाग्नितुल्यायत्प्राणाः, पापं मा कुरु तत्कृते ॥३६॥**

શરીર અનિત્ય છે. લક્ષ્મી પાણીના પરપોટા જેવી છે. પ્રાણો, ઘાસના અગ્નિ સરખા છે. તેને માટે તું પાપ ન કર.. નિષ્ઠુર પુરુષો રાજ્ય વગેરેને માટે ક્રોધથી ભાઈઓને હણે છે.. તેઓ પોતાની જાતે પોતાના અંગોને છેદીને દુઃખની પરંપરાને ભોગવે છે. અનાદિ અનંત એવા લોકમાં – આ પ્રમાણે અજ્ઞાનથી મોહિત થયેલા જીવો –ખરાબ યોનિમાં ઉત્પન્ન થયેલા –સંસારરૂપી અટવીમાં દુઃખને અનુભવે છે.

**धम्मोपरभवबन्धू - ताणं शरणं ज होइ-जीवस्स, ।**
**धम्मो सुहाणमूलं - धम्मो कामदुहा - धेणु ॥२॥**

ધર્મ એ પરભવનો બંધુ છે. ધર્મ એ જીવનું ત્રાણ – રક્ષણ છે. ધર્મ એ સુખનું મૂલ છે. ધર્મ એ કામધેનુ ગાય છે. ત્રણ લોકમાં જે દ્રવ્ય ઉત્તમ ને મહામૂલ્યવાન છે. તે સર્વે દ્રવ્યને ધર્મના ફળરૂપે મનુષ્ય ઉત્તમ તપવડે મેળવે છે. શ્રી જિનેશ્વરે કહેલા માર્ગને વિષે ધર્મકરીને નિશ્ચયપણે પુરુષો ત્યાગ કરી છે કર્મની મલિનતા જેણે એવા કલ્યાણકારક શાશ્વત સ્થાનને પામે છે.

આ પ્રમાણે ગુરુ ભગવંતની વાણી સાંભળીને વૈરાગ્યથી વાસિત ચિત્તવાલો દ્રાવિડરાજા ભાઈ વારિખિલ્લને ખમાવવાની ઈચ્છાવાલો ગયો. ખમાવવાને માટે મોટા ભાઈ દ્રાવિડને આવતા જાણીને ક્ષણવારમાં સન્મુખ જઈને હર્ષવડે વારિખિલ્લ ભાઈને નમ્યો. તેણે પૃથ્વીપીઠપર આળોટીને વાળવડે કરીને રજથી મલિન થયેલા દોષની જેમ મોટાભાઈનાં બે ચરણોને સાફ કર્યાં.

દ્રાવિડે કહ્યું કે હે ભાઈ ! આ રાજ્ય તું જલદી લઈ લે. વારિખિલ્લે કહ્યું કે હે ભાઈ ! તું નિશ્ચે મારું રાજ્ય લઈ લે. હે ભાઈ ! મારે લક્ષ્મીવડે સર્યું. યુધ્ધ કરતાં મારાવડે જે પાપ ઉપાર્જન કરાયું છે તે પાપથી મારો નરકમાં પાત થશે. તે વખતે ક્ષણવારમાં બન્ને ભાઈઓએ વૈરનો ત્યાગ કરી પરસ્પર ખમાવી ઘણા સંઘને ભેગો કરી અનુક્રમે શ્રી સિધ્ધગિરિ ઉપર ગયા. ત્યાં બન્ને ભાઈઓએ સ્નાત્રપૂજા આદિ કાર્યો કરીને પ્રથમ તીર્થંકરપ્રભુના બે મંદિરો – પ્રાસાદો કરાવ્યા.

એકસો આઠ એવા ઉત્તમ મંડપોવડે યુક્ત તે બન્ને મંદિરોનાં સુંદર તોરણ સહિત ચાર દ્વારો શોભતાં હતાં. તે બન્ને ભાઈઓએ શ્રી સિદ્ધગિરિઉપર મુખ્ય અરિહંતના મંદિરના અધોદ્વારને નીચેના દ્વારને મજબૂત વિધિથી કરાવ્યું. તે પછી આવીને અનુક્રમે પોતાના રાજ્યઉપર પોત પોતાના પુત્રને સ્થાપન કરીને જિનમંદિરમાં જિનેશ્વરની પૂજા કરાવી. તે પછી મહોત્સવ કરવાપૂર્વક વારિ ખિલ્લ સહિત દ્રાવિડરાજાએ હર્ષપૂર્વક મહોદય મુનિની પાસે ચારિત્ર ગ્રહણ કર્યું. મહોદયમુનિએ યતિ સંબંધી ક્રિયા શિખવાડવા માટે તે વખતે તે બન્નેને વિદ્યાધર સાધુ પાસે મૂક્યા. સારી રીતે ક્રિયા શીખીને તપ કરવામાં તત્પર એવા બન્ને ભાઈઓ તે વખતે ઘણાં શાસ્ત્રોને ભણ્યાં. પ્રાપ્ત કર્યું છે આચાર્યપદ જેણે એવા તે બન્ને ભાઈ અનુક્રમે ૧૦ – કરોડ સાધુઓ – સાથે શ્રીસિદ્ધગિરિપર ગયા. ત્યાં આવેલા ભવ્યજીવોની આગળ તે બન્ને ભાઈઓએ શ્રી શત્રુંજયનું માહાત્મ્ય આ પ્રમાણે કહ્યું.

**अनन्तसुकृताधारः, संसाराब्धितरण्डवत्।**
**शत्रुञ्जयः सुराष्ट्रासु–गिरिर्जयतिशाश्वतः ।।५३।।**
**अत्र शत्रुञ्जये सिद्धा – अनन्तास्तीर्थयोगतः ।**
**सेत्स्यन्त्यत्रैव बहवो – ऽर्हद्यतिप्रमुखा जनाः ।।५४।।**
**सिद्धलक्ष्योह्ययंक्रीडा – शैलः शत्रुञ्जयोऽद्भुतः ।**
**अत्रायातान् नरान् सद्यः, शिवस्थानं नयेत् द्रुतम् ।।५५।।**
**इहायातै र्नरैर्मुक्ति – सुखास्वादोऽनुभूयते।**
**मुक्तिभुक्ति प्रदो देवः, प्रथमो विद्यतेऽत्र तत् ।।५६।।**
**शैलं दुर्गस्थितं चात्र, नरं नाभिभवन्त्यहो ?**
**कुकर्म्मरिपवः क्रूरा – अप्यनन्त भवानुगाः ।।५७।।**
**अत्रहत्यादिपापानि, विलयं यान्त्यपि, क्षणात्।**
**सूर्योदये तमिस्राणि, सज्जने कुगुणा इव।।५८।।**

તે આ પ્રમાણે : – અનંતપુણ્યના આધારરૂપ, સંસાર સમુદ્રને તારવામાં વહાણ સમાન. શાશ્વત એવો શ્રી શત્રુંજયગિરિ સૌરાષ્ટ્ર દેશમાં જયવંતો વર્તે છે. આ શ્રી શત્રુંજયગિરિઉપર તીર્થના યોગથી અનંત જીવો સિધ્ધ થાયા છે. અને અહીંજ ઘણા અરિહંત અને યતિ વગેરે મનુષ્યો સિધ્ધ થશે. સિદ્ધના લક્ષ્યવાળો આ ક્રીડાશૈલ શ્રી શત્રુંજય અદ્ભુત છે. અહિં આવેલા મનુષ્યોને તરતજ જલદીથી મોક્ષસ્થાનમાં લઈ જાય છે. અહીં આવેલા મનુષ્યોવડે મોક્ષનાં

સુખનો આસ્વાદ અનુભવાય છે. કારણકે અહીં મોક્ષ અને ભોગસુખને આપનાર પ્રથમ તીર્થંકર દેવ વિદ્યમાન છે. કિલ્લારૂપે રહેલા એવા આ પર્વતઉપર રહેલા મનુષ્યોને અનન્તભવથી પાછળ પડેલા ક્રૂર એવા કુકર્મરૂપી શત્રુઓ પરાભવ કરી શક્તા નથી.આ ગિરિરાજ ઉપર જેમ સૂર્યનો ઉદય થયે છતે અંધકાર નાશ પામે છે તેમ સજ્જનમાં દુર્ગુણોની જેમ હત્યા વગેરે પાપો ક્ષણવારમાં વિનાશ પામે છે.

આ બાજુ તે પર્વતપર આવેલા ઘણા તાપસોએ શત્રુંજયનું માહાત્મ્ય સાંભળીને લાંબા કાળસુધી તપ કર્યું. તે વખતે તે તાપસોએ પણ શુદ્ધ ઉપદેશવડે મિથ્યાત્વ સંબંધી ક્રિયા છોડીને સાધુપણું સ્વીકાર કર્યું. તે બન્ને સાધુઓ પાસે આલોચના ગ્રહણ કરીને તેઓ નિરંતર છઠ્ઠ – અઠ્ઠમ વગેરે તીવ્રતપ કરે છે. ઉત્તમ એવા તે તાપસોએ તે બન્નેને અને પ્રભુને પ્રણામ કરીને સંસારસમુદ્રને તરવાને માટે રાયણવૃક્ષને ત્રણવખત પ્રદક્ષિણા કરી. માસક્ષમણના અંતે વારિખિલ્લ સહિત દ્રાવિડમુનિએ આદર પૂર્વક ૧૦ – કરોડ પ્રમાણવાલા સાધુઓને નમસ્કાર કરીને આ પ્રમાણે કહ્યું. તમારે નરકને આપનાર એવું અશુભ ધ્યાન ન કરવું ને મુક્તિસુખની પરંપરાને આપનાર શુભ ધ્યાન કરવું. કહ્યું છે કે : – જે કર્મ મનુષ્યો કરોડો જન્મ દ્વારા તીવ્રતપવડે કરીને હણી શક્તા નથી તે કર્મ સમતાનું આલંબન લઈને અર્ધક્ષણમાં હણે છે. આજ મહાતીર્થને વિષે શુભ ધ્યાનના યોગથી કેવલજ્ઞાન પામીને તમે મોક્ષમાં જશો.તે વખતે દ્રાવિડ અને વારિખિલ્લે તેવી રીતે ધ્યાન કર્યું કે જેથી પાપનો ક્ષય થવાથી જલદી કેવલજ્ઞાન પામ્યા. તેજ વખતે અજ્ઞાનનો ક્ષય થવાથી દશ કરોડ મુનિઓને લોકાલોકને પ્રકાશ કરનારું કેવલજ્ઞાન ઉત્પન્ન થયું. અંતર્મુહૂર્ત પછી તે સર્વ સાધુઓ કાર્તિક માસમાં પૂનમના દિવસે ચંદ્ર કૃત્તિકા નક્ષત્રમાં હતો ત્યારે મોક્ષને પામ્યા. તે વખતે ત્યાં ક્ષણવારમાં ઈન્દ્રે આવીને (= અહીં મૂલમાં જ શબ્દ ઘટે છે તેથી તેને સ્થાને ઈન્દ્ર શબ્દ મૂક્યો છે.) કેવલજ્ઞાનનો મહોત્સવ કરીને તે તીર્થનું "હંસ" એવું નામ આપ્યું.

કહ્યું છે કે : – કાર્તિક માસમાં પૂનમના દિવસે ચંદ્રકૃત્તિકા નક્ષત્રમાં હતો ત્યારે કેવલજ્ઞાન પામી તે મુનિઓ શ્રી શત્રુંજયગિરિપર મોક્ષને પામ્યા. (૧) જેવી રીતે ચૈત્રમાસની પૂર્ણિમાના દિવસે પુંડરીક ગણધર મોક્ષને પામ્યા, તેવીરીતે કાર્તિક માસની પૂર્ણિમાને વિષે આ બન્ને મુનિઓ મોક્ષ પામ્યા. તેથી આ બન્ને પર્વ કહેવાયાં છે. ચારમાસ સુધી ચોથી પૂનમને દિવસે દેવોએ કરેલો તે જ પૂર્ણિમાને દિવસે મોક્ષપ્રાપ્તિનો ઉત્સવ થાય છે.તે પર્વને દિવસે યાત્રા – તપ – દાન – દેવપૂજા કરવાથી અન્ય તીર્થ કરતાં ( અહીં ) અનન્ત પુણ્ય થાય છે.

કાર્તિકમાસમાં ઉપવાસ કરવાથી જે કર્મ નરકમાં સો સાગરોપમવડે ક્ષય ન થાય તે કર્મ ક્ષય થાય છે. કાર્તિક માસમાં વિમલગિરિ ઉપર એક ઉપવાસવડે મનુષ્ય – બ્રાહ્મણ – સ્ત્રી– ને બાલકની હત્યાના પાપથી મુક્ત થાય છે. અહીં અરિહંતના ધ્યાનમાં તત્પર જે કાર્તિક પૂનમને કરે છે તે ચક્રવર્તિનાં સુખો ભોગવીને જલદી મોક્ષને પામે છે.

વૈશાખ – કાર્તિક ને જેઠ વગેરે મહિનામાં પૂનમના દિવસે સંઘો સાથે આવીને જેઓ પુંડરીક ગિરિના શિખરઉપર દેવપૂજા કરે છે. તેઓ જલદી મોક્ષના સુખોને સેવે છે. જે સ્થાનઉપર દ્રાવિડમુનિ ઘણા સાધુઓ સાથે મોક્ષ પામ્યા તે સ્થાન ઉપર તેમના પુત્રે શ્રી ઋષભદેવપ્રભુનું મોટું મંદિર કરાવ્યું

ભરતરાજા મોક્ષ પામ્યા પછી એક ક્રોડ પૂર્વ ગયા ત્યારે દ્રાવિડ ને વારિખિલ્લ શ્રી સિદ્ધગિરિઉપર મોક્ષ પામ્યા. જ્યારે શ્રી સિદ્ધગિરિઉપર ક્ષય થયાં છે કર્મ જેમનાં એવા તે તાપસો મુક્તિ પામ્યા ત્યારે દેવોએ મહોત્સવ કર્યો. દ્રાવિડના પુત્રે ઘણા ધનનો વ્યય કરતાં તે તાપસોનો મહોદય ( નિર્વાણ ) મહોત્સવ કર્યો. દ્રાવિડ ને વારિખિલ્લના ઘણા પુત્રોએ રાજ્ય પામી અને રાજ્યને છોડી સંયમ લક્ષ્મીને ગ્રહણ કરી અનુક્રમે શ્રી શત્રુંજયગિરિઉપર જઇ બાકીનાં કર્મના સમૂહનો ક્ષયકરી મોક્ષનગરીના સુખને તેઓ પામ્યા. જે શ્રી શત્રુંજયની પાસે દશ ક્રોડ મુનિઓ સાથે વારિખિલ્લ સહિત દ્રાવિડ મુક્તિનગરીને પામ્યા. તે સ્થાનની મનુષ્ય અને દેવોએ તે વખતે ઘણી ભક્તિપૂર્વક પૂજા કરી.

ત્યાં હમણાં સિધ્ધનામનું શ્રેષ્ઠ નગર છે. મિથ્યાત્વથી તીર્થનો ( નાશ ) અભાવ થવાથી સમ્યક્ત્વવાળાઓવડે તે તીર્થ છોડી દેવાયું છે.

**શ્રી દ્રાવિડ અને વારિખિલ્લ રાજાને મુક્તિએ જવાનો સંબંધ સંપૂર્ણ.**

# શ્રી રામ કથા – અથવા – જૈનગીતાસંબંધ

*जहिं रामाइ तिकोडी, इगनवई अ नारयाइ मुणिलक्खा।*
*जायाउ सिद्धिराया, जयउ तयं पुंडरीतित्थं ॥२०॥*

જ્યાં શ્રી રામની સાથે ત્રણ કરોડ અને નારદની સાથે એકાણું લાખ મુનિઓ સિધ્ધિના રાજા થયા. તે પુંડરીક તીર્થ જયવંતુ વર્તો ॥ તે આ પ્રમાણે :

આદિત્યયશા વગેરે પુણ્યશાળી એવા અસંખ્યરાજાઓ થયા ત્યારે ઉત્તમ શોભાવાલી અયોધ્યા નગરીમાં વિજ્યનામના રાજાને હિમચૂલાનામે પ્રિયા હતી. વજ્રબાહુ અને પુરંદર નામના બે શ્રેષ્ઠ પુત્રો હતા 卐

**(૧-૨) રામાયણની અંદર કુલ શ્લોકો – ૧૯૫૫ – હોવાથી દરેક શ્લોકને છેડે નંબર આંક મૂક્યો નથી. પણ તેના ઠેકાણે 卐 મૂક્યો છે. અને દરેક – ૧૦૦ – શ્લોકે નંબર મૂકેલ છે. તથા સુભાષિતના નંબર છે તે જ રાખ્યા છે. તેની નોંધ લેવી.**

વિજયરાજા ગુરુપાસે ધર્મ સાંભળી – દીક્ષા લઇ અજ્ઞાનનો ક્ષય કરી કેવલજ્ઞાન પામી મોક્ષમાં ગયા. તે પછી ન્યાયી પુરુષોમાં શિરોમણિ પુરંદર રાજા થયો. તેની પત્ની પૃથિવીએ કીર્તિધર નામના પુત્રને જન્મ આપ્યો. 卐 કુશ સ્થલ નામના નગરમાં ન્યાયથી શોભતાં સ્વામિ નામના રાજાની સહદેવી નામની પુત્રીને કીર્તિધર પરણ્યો. 卐 પુરંદર રાજાએ પણ પોતાનું રાજ્ય કીર્તિધરપુત્રને આપી ક્ષેમંધરસૂરિ પાસે હર્ષવડે સંયમ સ્વીકાર્યું. 卐 એક વખત શ્રેષ્ઠ આસનપર બેઠેલા કીર્તિધર રાજાએ રાહુથી ગ્રસિત સૂર્ય બિંબને જોયું 卐 રાજાએ વિચાર્યું કે જેમ સૂર્ય રાહુવડે ગ્રહણ કરાયો તેવી રીતે યમરાજાવડે મમતાયુક્ત જીવ પણ લઇ જવાશે. 卐 તેથી આ રાજ્ય અસાર છે. નરકને આપનારું છે. તેથી તેનો જલદી ત્યાગ કરીને મોક્ષની પ્રાપ્તિમાટે વ્રતલઇને તપ કરું. 卐 હું ચારિત્ર ગ્રહણ કરીશ એમ રાજાએ કહ્યું ત્યારે મંત્રીશ્વરો બોલ્યા કે તમારા વિના પૃથ્વી કોના આધારે થશે ? ટકશે ? 卐 અમાત્યના આગ્રહથી નીતિમાર્ગવડે તે રાજા પૃથ્વીનું પાલન કરતો હતો ત્યારે સહદેવીએ સારે દિવસે શ્રેષ્ઠ પુત્રને જન્મ આપ્યો 卐 તે પુત્રનો જન્મોત્સવ કરાયો ત્યારે તેનું સુકોશલ એવું નામ આપી તેને રાજ્ય આપી કીર્તિધર રાજાએ ચારિત્ર અંગીકાર કર્યું. 卐

ગુરુએ કહેલી વિધિવડે કરીને નિરંતર તીવ્રતપ કરતા કીર્તિધર મુનિ તે નગરમાં ભિક્ષા માટે આવ્યા. 卐 કહ્યું છે કે :– ગ્રીષ્મકાલમાં ઘોર તપ તપે છે. વર્ષાઋતુમાં અરણ્યભૂમિમાં રહે છે અને હેમંતઋતુમાં તપોવનમાં રહેતા નિર્મલ પ્રશસ્ત ધ્યાન ધરે છે. (૧) સહદેવીએ ભિક્ષા માટે જતાં પોતાના પતિને જોઇને વિચાર્યું કે આ મારા પતિ મારા પુત્રની નજરમાં આવશે. 卐 જો એની નજરમાં આવશે તો જલદી રાજ્ય છોડીને દીક્ષા લેશે. તેથી હમણાં તે મુનિને નગરમાંથી બહાર દેશમાં કઢાવું. 卐 તે પછી નિર્દય એવી તે પત્નીએ પોતાના સેવકો પાસે તે મુનિને અને બીજા સાધુઓને નગરની બહાર કઢાવી મૂક્યા. 卐 સહદેવીવડે કીર્તિધર સાધુને નગરની બહાર કાઢી મુકાયેલા જોઇને ધાવમાતા કરુણ સ્વરે રોવા લાગી. 卐 સુકોશલે ધાવમાતાને રોતી જોઇને કહ્યું કે માતા કેમ રડો છો ? ત્યારે ધાવમાતાએ પોતાના પુત્રને કહ્યું કે 卐 હે વત્સ ! હમણાં તારા પિતા ભિક્ષાને માટે નગરીની અંદર પેઠા હતા તેને તારી માતાએ નગરની બહાર કાઢી મુકાવ્યા. 卐 હે સુકોશલ ! આ કારણે હું ઘણું રડું છું. તું નકકી કર જે કારણથી તારીમાતા પતિ એવા પણ સાધુને નિશ્ચે હણે છે. 卐 હે ઉત્તમ પુત્ર ! તારા પિતા વગેરે સર્વેએ પહેલાં નિશ્ચે દીક્ષા લીધી છે. આ કારણથી હમણાં નિશ્ચે મારો પુત્ર દીક્ષા ન લે. એમ વિચારીને તારી માતાએ પતિ એવા સાધુને નગરમાંથી બહાર કઢાવ્યા. એ તું જાણ 卐

તે પછી એકદમ સુકોશલ પિતાની પાસે જઇને શ્રી જિનેશ્વરે કહેલો ધર્મ સાંભલીને અત્યંત વૈરાગ્યવાસિત થયો 卐 સુકોશલ તણખલાની જેમ તરત રાજ્યને છોડીને દીક્ષા લઇ પિતાની સાથે પૃથ્વીતલઉપર વિહાર કરવા લાગ્યો. 卐 સુકોશલ મુનિ રત્નાવલી વગેરે ઘણા તપોને કરતાં ક્ષણે ક્ષણે કર્મને ખપાવે છે. 卐 રત્નાવલી – મુકતાવલી – કનકાવલી – વજ્રમધ્ય, – યવમજ્જ – જિતગુણસંપ્રાપ્તિ – વિતવિધિ – સર્વતોભદ્ર – ત્રિલોકસાર – મૃદંગપથ્ય – પિપીલિકા મજ્જ – શીર્ષકારકલબ્ધિ – દર્શનલબ્ધિ – જ્ઞાનલબ્ધિ – પાંચમેરુ – સિંહનિષ્ક્રીડિત – ચારિત્રલબ્ધિ – પરિસહજય – પ્રવચનમાતા – આદિત્ય સુખ નામનો – પંચનમસ્કાર વિધિ – તીર્થંકર તપ – શ્રુત તપ – સૌખ્યસંપત્તિ તપ – ધર્મોપદેશ લબ્ધિ – અનુવર્તમાન તપ – આ તેમજ બીજા દશમ – પક્ષ – માસ તપ – દ્વિમાસી તપ – ત્રિમાસિક તપ – છમાસિક તપ – આદિયોગોમાં કર્મ ખપાવે છે. ( ૧ – ૨ – ૩ – ૪ – ૫ ) આ પ્રમાણે ગાઢ વનમાં જતા તપમાં તત્પર એવા પિતાપુત્ર પૂર્વે ઉપાર્જન કરેલાં પોતાનાં કર્મનો ક્ષય કરે છે 卐 આ બાજુ દુષ્ટ આશયવાલી સહદેવી રાણી આર્તધ્યાનથી મરી તેજ વનમાં ક્રૂર મનવાલી વાઘણ થઇ. 卐 તે પછી ચોમાસું આવતાં ચારમાસીના પારણે

નગરમાં જતાં તે મુનિ અત્યંત ક્રૂર આશયવાલી વાઘણવડે જોવાયા ɸ શરુઆતમાં વાઘણે સુકોશલ મુનિને હણીને પૃથ્વીપર પાડી નાંખ્યા. પછી તેને ચીરીને નિર્દયપણે તેનું માંસ ખાવા લાગી ɸ એ વાઘણે સોનાથી જડેલા તેના દાંતોને જોઈને વિચારવા લાગી કે ખરેખર પહેલાં આ મુખ ઘણા કાલ સુધી જોયું છે. ɸ

તે વખતે તેણીએ જાતિસ્મરણ જ્ઞાન પામવાથી તરત પૂર્વભવ જોયો ને ઉત્તમ ધ્યાનને પામેલી તે વાઘણ અટકી ગઈ. (ɸ) અને તે વખતે સુકોશલ મુનિને કેવલજ્ઞાન ને મોક્ષ થયો. ને કીર્તિધર મુનિને પણ કેવલજ્ઞાન થયું. અને જાતિસ્મરણ પામેલી વાઘણ પોતાના કર્મની નિંદા કરતી જ્ઞાનીની સાક્ષીએ ગ્રહણ કર્યું છે અનશન જેણે એવી તે તે વખતે દેવલોકમાં ગઇ. ɸ તે બન્ને સાધુઓનો દેવોએ આદરપૂર્વક જ્ઞાનનો મહોત્સવ કરીને ચારિત્રી એવા તે બન્ને મુનિના ગુણોને લેતાં ( ગ્રહણ કરતાં ) દેવલોકમાં ગયા. ɸ

સુકોશલની પાટપર હિરણ્યગર્ભ નામે રાજા થયો.

તેની પાટપર શ્રેષ્ઠ નઘુષ રાજા થયો. ɸ નઘુષરાજા શત્રુઓને જીતવા માટે પૂર્વ દિશામાં ગયો ત્યારે શત્રુઓનું સૈન્ય આવ્યું. તેને નઘુષરાજાની સ્ત્રી સિંહિકાએ જીત્યું ɸ પાછલથી રાજા આવ્યો રાજાએ પ્રિયાનું બલ જોઇને પોતાના ચિત્તમાં શીલભંગ આદિના હેતુથી દુઃખી થયો. ɸ એક વખત રાજાના શરીરમાં અસાધ્ય એવો રોગ થયો. તે વખતે કોઇ પણ વૈદ્ય તેના શરીરમાંથી તે રોગ દૂર કરી શક્યો નહિ. ɸ ( તે વખતે ) તેથી શીલવાળી રાણીએ પોતાના હાથના સ્પર્શથી રાજાનો રોગ દૂર કર્યો. તે વખતે સર્વપ્રજા અત્યંત હર્ષ પામી. ɸ તે પછી તે રાજા જલદી સંસારનો ત્યાગકરી ગુરુપાસે વ્રતલઇ કર્મક્ષય કરી ઘણા સાધુસહિત મુક્તિપુરીમાં ગયા ɸ

તેની પછી સોદાસ થયો. તેની પછી સિંહરથ થયો. તેની પછી શત્રુને
જીતનારો બ્રહ્મરથ થયો. તે પછી ચતુર્મુખ થયો. ɸ
તે પછી હેમરથ ને તે પછી શતરથ વગેરે રાજા થયા.
તે પછી આદિત્યરથ – માંધાતા ને પછી અનુક્રમે વૈરાસન રાજા થયો ɸ
તે પછી પ્રતિમન્યુ રાજા થયો. તે પછી બંધુ રાજા થયો.
તે પછી રવિમન્યુ રાજા થયો. તે પછી વસંતતિલક રાજા થયો. ɸ
તે પછી કુબેરદત્ત રાજા થયો. તે પછી શ્રીકંઠ રાજા થયો.
તે પછી શરભ રાજા થયો. તે પછી સિંહરથ રાજા થયો. તેની
પછી મહાસિંહ અને તે પછી હરિણ્યકસિપુ થયો. ɸ
તે પછી પુંજસ્થલ થયો. તે પછી કકુડ રાજા થયો.

તે પછી રઘુરાજા થયો. તેઓમાં કેટલાક મોક્ષમાં ગયા ને કેટલાક દેવલોકમાં ગયા. ɸ

તે પછી અયોધ્યા નગરીમાં અનરણ્ય નામે રાજા થયો. તે રાજાને પછી રૂપથી જીત્યો છે કામદેવ જેણે એવો અજયનામે પુત્ર થયો. ɸ તે અજયરાજા શત્રુઓને પોતાને અધીન કરતો પોતાના પૂર્વોપાર્જિત કર્મોવડે એકસોસાત

વ્યાધિવડે પીડા પામેલો થયો. ૐ આ પ્રકારના રોગથી ગ્રસિત થયેલા તેણે દેદીપ્યમાન પૌરુષથી શોભતાં (એવા) તેણે દુ:સાધ્ય એવા પણ સેંકડો રાજાઓને સાધ્યા. ૐ તે રાજા શત્રુઓને જીતતો સુરાષ્ટ્ર દેશમાં ગયો. ત્યાં શ્રી શત્રુંજય ગિરિ ઉપર દેવોને નમસ્કાર કરીને દેવપત્તન નગરમાં ગયો. ૐ આ બાજુ રત્નસાર નામનો વહાણવટી ધનમાટે વસ્તુઓવડે વહાણભરીને સમુદ્રમાર્ગે ચાલ્યો. ૐ શુભવાયુથી સમુદ્રમાં વહાણ ત્રીસ દિવસ ચાલ્યું. એકત્રીસમા દિવસે વણિકપતિ રત્નસાર વણિકે દ્વીપને જોઇને ( દીવ બંદરને જોઇને ) – ઘણું દાન આપીને ઘણાં વાજિંત્રોના અવાજોવડે સર્વ આકાશતલને ભરી દીધું. ૐ

તે વખતે અકસ્માત વાદળાંના મંડપવડે આકાશતલને ઢાંકી દેતો હાથીની જેમ ગર્જના કરતો ભયંકર આકારવાલો મેઘ ક્ષણવારમાં ત્યાં આવ્યો. ૐ વંટોળિયાથી આવર્તમાં ભમતા વહાણને જોઇને વહાણવટીએ લોકોને કહયું કે વહાણ ભાંગવાથી હમણાં તમારા પ્રાણો ચાલ્યા જશે. ૐ માટે હે લોકો ! તમે આદરપૂર્વક પોતપોતાના દેવને યાદ કરો. તે પછી સર્વલોકો સાધુની જેમ ધ્યાનને પામેલા એકાગ્રમનવાલા થયા. ૐ વરસતાં એવા વરસાદવડે મનુષ્યો ખરેખર જીવે છે. તે જ હમણાં શીઘ્રપણે જીવોનો વિનાશ કરશે. ૐ આળોટતાં દડાની જેમ હમણાં ચારે તરફથી તરંગરૂપી લાકડીવડે કરીને હણાયેલું વહાણ એકદમ ટુકડા થઇ જશે. ૐ જેટલામાં આ વહાણ ભાંગી ન જાય. જ્યાં સુધીમાં લોકો ડૂબી ના જાય ત્યાં સુધીમાં સમુદ્રમાં પડીને હું પ્રાણોનો ત્યાગ કરું ૐ આ પ્રમાણે વિચારીને શેઠ જેટલામાં વહાણના છેડે પ્રાણોનો ત્યાગ કરવા માટે ગયા. તે વખતે અકસ્માત્ તેમના કાનને હર્ષઆપનારી દેવવાણી થઇ. ૐ

હે રત્નસાર વણિક ! તું મર નહિ – સ્થિર રહે. આ બધું મેં હમણાં તારા હિતને માટે કર્યું છે. કે ૐ આ સમુદ્રની અંદર કલ્પવૃક્ષના સંપુટમાં ઢંકાયેલી ભાવિ જિનેશ્વર શ્રી પાર્શ્વનાથ પ્રભુની પ્રતિમા છે. ૐ બલિના ( ઇન્દ્રના ) ઘરમાં તે પ્રતિમા એક લાખવર્ષ સુધી ધરણેન્દ્રે પૂજી છે. અને એક લાખ અને છસો વર્ષસુધી કુબેરે પૂજી છે. અને વરુણદેવે પોતાના ઘરમાં સાતલાખ વર્ષસુધી પ્રતિમાની કલ્યાણ અને સુખને માટે પૂજા કરી છે. ૐ હમણાં ઇક્ષ્વાકુ કુળમાં ઉત્પન્ન થયેલ અજયરાજાના ભાગ્યથી તેના રોગને દૂર કરવા માટે આ શ્રી પાર્શ્વનાથનું બિંબ તમને આપવા માટે હું ઇચ્છું છું. ૐ તે રાજા સર્વ દિશાઓને જીતીને આ શ્રેષ્ઠ દીવનામના પત્તનમાં આવ્યો છે. તેથી તેને ઉત્તમ સંપત્તિમાટે તે બિંબ તું આપ. ૐ

શ્રી અજયપાલ રાજાના બધા રોગો શ્રી પાર્શ્વનાથ ભગવંતની પૂજા કરવાથી દૂર થશે. ને સંપતિઓ થશે. ૐ તે પાર્શ્વનાથ ભગવંતની નિરંતર પૂજા કરતા તને સંપત્તિઓ અને રાજમાન્યપણું આ લોકમાં થશે, ને પરલોકમાં મોક્ષ થશે. ૐ હું તે પ્રતિમાની સેવા કરનારી પ્રભાવતી દેવી છું. આ મેઘવિકુર્વણા વગેરે સર્વ મેં કર્યું છે. ૐ દેવીનું આ વચન સાંભળીને રત્નસારે સમુદ્રમાં સેવકોને પ્રવેશ કરાવીને સંપુટમાં રહેલા શ્રી પાર્શ્વનાથપ્રભુને બહાર કાઢ્યા. ૐ રત્નસાર વણિક તે સંપુટને જેટલામાં ઘરની અંદર લઇ ગયો. તેટલામાં મેઘ નાશ પામ્યો. ને સમુદ્ર ગંભીર થયો. ૐ તે પછી શ્રી પાર્શ્વનાથ પ્રભુ દ્વીપમાં રહ્યા હતા ત્યારે કરિયાણું વેચીને તે કરિયાણાથી ત્રણગણું ધન ઉપાર્જન કર્યું. ૐ તે પછી તે વહાણવટીએ સોંઘી વસ્તુઓવડે વહાણભરીને તે વહાણ જિનેશ્વરનું સ્મરણ કરતાં દીવબંદર તરફ ચલાવ્યું. ૐ શ્રી પાર્શ્વનાથ પ્રભુના પ્રભાવવડે કરીને રત્નસાર વણિક સુખપૂર્વક અતિસુંદર એવા દ્વીપપત્તનમાં વહાણને લઇ ગયો. ૐ

મનુષ્યોના મુખેથી પ્રભાવવાળી શ્રીપાર્શ્વનાથની પ્રતિમાને આવેલી જાણીને રાજાએ તેને ઇનામ આપ્યું. ૠ પગે ચાલતો રાજા મહોત્સવ કરતો સમુદ્રના કિનારે શ્રી પાર્શ્વનાથ પ્રભુની સન્મુખ હર્ષથી ગયો. ૠ વાજિંત્રો વાગતાં હતાં – નર્તકી નાચતા હતા – ભાટ લોકો ગાયન કરતા હતા – યાચકોને ધન અપાતું હતું ત્યારે ધજાઓને ઊંચી કરવા પૂર્વક ઉત્તમ ગંધવાલા કપૂર અને અગરુનો ધૂપ તે સઘળું હાથમાં કરીને રાજા ત્યાં આવ્યો. ૠ રાજાએ પોતે પૂજા–ભેટણાં આદિ કરીને તે સંપુટનું ઉદ્ઘાટન કરતાં શેષનાગવડે સેવાયેલા શ્રી પાર્શ્વનાથ જિનેશ્વરને જોયા.

રાજાએ નાગરાજવડે સેવાયેલા ત્રણછત્રથી સુશોભિત છે મસ્તક જેનું એવા – પદ્માસને રહેલા – બન્ને બાજુ વિંઝાતા છે ચામર જેને એવા શ્રીવત્સયુક્ત છે હૃદય – છાતી જેની એવા કલ્પવૃક્ષસરખા શ્રી પાર્શ્વનાથ પ્રભુના બિંબને જોયું.

અજયરાજાએ પોતાના નામવાલું અજય નામનું મનોહર ગામ વસાવીને મોટું જિનમંદિર કરાવ્યું. ૠ બીજા ગામમાં રાજાએ મોટું જિનમંદિર કરાવીને તે મંદિરમાં સુંદર ઉત્સવપૂર્વક શ્રી પાર્શ્વનાથની પ્રભુની પ્રતિમાની પ્રતિષ્ઠા કરાવી. ૠ પ્રભુના સ્નાત્રના પાણીવડે કરીને રાજાના અને બીજા મનુષ્યોના રોગો નાશ પામ્યા અને ઋદ્ધિ – વૃદ્ધિ થયાં. રત્નસાર વણિકને શ્રી પાર્શ્વનાથ પ્રભુની પ્રતિમાની પૂજા કરવાથી તેનાં ઘરમાં ત્રીસ કરોડ પ્રમાણ સોનું થયું અને વળી ધર્મ થયો. ૠ શ્રી પાર્શ્વનાથ પ્રભુની પ્રતિમાનું સ્મરણ કરવાથી નિશ્ચે – શાકિની – ભૂત – વૈતાલ – રાક્ષસ અને યક્ષ દ્વારા ઉત્પન્ન થયેલા ઉપસર્ગો ક્ષય પામે છે. શ્રી પાર્શ્વનાથ પ્રભુનું સ્મરણ કરવાથી મનુષ્યોના કાળજ્વર – વિષ – ઉન્માદ અને સંનિપાત વગેરે રોગોપણ નાશ પામે છે. ૠ શ્રી પાર્શ્વનાથ પ્રભુનું સ્મરણ કરવાથી વિદ્યા – લક્ષ્મી – પ્રિયા – પુત્ર – પુત્રી અને કીર્તિ વગેરે ઇચ્છારૂપ મનુષ્યોને વિદ્યાવગેરે થશે. ૠ ઘણા કાલની પ્રતિમા હોય ( તેને ) પંડિતોએ તીર્થ કહ્યું છે. આ તીર્થ સુર – અસુર – મનુષ્યોને સેવન કરવા લાયક છે. ૠ

જે બિંબને પાંચસો વર્ષ વ્યતીત થયાં હોય તે તીર્થ જ છે. તો લાખવર્ષ વ્યતીત થયેલા બિંબનું –મૂર્તિનું શું કહેવું ? (૧) શ્રી શત્રુંજય ગિરિઉપર અજયરાજાએ મોટું જિનમંદિર કરાવીને શ્રી ઋષભદેવ પ્રભુની પ્રતિમા સ્થાપન કરી. ૠ અનુક્રમે પોતાના રાજ્યમાં આવીને જિનેશ્વરે કહેલા ધર્મને કરતો હંમેશાં શ્રી ઋષભદેવ પ્રભુની પૂજા કરતો હતો. ૠ અંતિમ સમયે અજયરાજાએ પોતાનીપાટ પર પોતાના ઉત્તમપુત્ર અનંતરથને સ્થાપન કરીને ગુરુપાસે સંયમ સ્વીકાર્યો. ૠ અનંતરથ રાજાને પરાક્રમથી દબાયા છે શત્રુઓ જેના એવા મહાભુજાવાળો દશરથ નામે પુત્ર થયો. ૠ એક વખત દશરથ રાજા સભામાં બેઠા હતા ત્યારે નારદમુનિ આવ્યા. રાજાએ તેમને વિનયપૂર્વક વાત પૂછી. ૠ

તમે ક્યાંથી આવ્યા છો ? અને તમે શું જોયું ? તે પછી નારદે કહ્યું કે મહાવિદેહ ક્ષેત્રની અંદર પુંડરીકિણી નામની નગરી છે. (ૠ) તે નગરીમાં શ્રી સીમંધર સ્વામી તીર્થંકરે ચારિત્રલક્ષ્મી ગ્રહણ કરી. અને દેવેન્દ્રોવડે કરાતો મોટો મહોત્સવ મેં જોયો. (ૠ)

હવે ક્યારેક સભાની અંદર દશરથરાજા સિંહાસન પર બેઠા છે. તે વખતે નારદ આવ્યા. રાજા એકદમ ઊભા થયા ને નારદને આસન પર બેસાડ્યા. પછી પૂછ્યું કે હે ભગવંત ! તમે કઇ બાજુ ભ્રમણ કરવા ગયા હતા ? તે પછી

નારદ આશીર્વાદ આપીને કહે છે કે હું જિનેશ્વરોને વંદન કરવા માટે પૂર્વ વિદેહમાં ગયો હતો. હે મહાયશ ! ત્યાં પુંડરીકિણી નામની નગરીમાં દેવો અને અસુરોથી વ્યાપ્ત ( પરિવરેલા ) શ્રી સીમંધર જિનેશ્વરનો દીક્ષા મહોત્સવ જોયો. ત્યાં શ્રી સીમંધર ભગવંતને અને ચૈત્યોને નમસ્કાર કરીને મેરુપર્વતપર ગયો. ત્યાં ઊર્ધ્વલોકનાં જિનાલયોને પ્રણામ કર્યા. (રાજાની પરંપરામાં ફેર છે તે માટે) કેટલાક આચાર્યો કહે છે કે : –

આ પ્રમાણે ઈક્ષ્વાકુ કુલમાં અનેક રાજાઓ વ્યતીત થયા ત્યારે અયોધ્યા નગરીમાં અનરણ્ય નામે રાજા થયો. (૧) તેની પટરાણી પૃથ્વી દેવીને બે પુત્રો ઉત્પન્ન થયા પહેલો અનંતરથ ને બીજો દશરથ (૨) અનરણ્ય રાજાએ દશરથ નામના પુત્રને રાજ્ય ઉપર સ્થાપન કરી પુત્ર અનંતરથ સાથે અભયસેન મુનિપાસે અનરણ્ય રાજાએ દીક્ષા લીધી. (૩) અનરણ્ય મુનિ – છઠ્ઠ – અઠ્ઠમ – દશમ – દ્વાદશ ભકત – માસક્ષપણ અને અર્ધમાસક્ષપણવડે ભયંકર તપ કરી મોક્ષ પામ્યા. (૪) અનંતરથ મુનિ પણ – અનંતબલ – વીર્યને સત્વસંપન્ન, – સંયમ – તપને નિયમમાં રકત એવા તે શાશ્વત સ્થાન પામ્યા. (૫) હંમેશાં ન્યાયમાર્ગવડે પૃથ્વીનું પાલન કરનારા તે દશરથ રાજાને શીલરત્નથી વિભૂષિત એવી રૂપવડે જીતી લીધી છે કામદેવની સ્ત્રીને જેઓએ એવી અનુક્રમે કૌશલ્યા – કૈકેયી – સુમિત્રા ને સુપ્રભા નામે ચાર પત્નીઓ હતી. કૌશલ્યાએ કુંભ – સિંહ – હાથી અને સૂર્યના સ્વપ્નથી અભિસૂચિત પદ્મ નામે (રામને) બલદેવ પુત્રને જન્મ આપ્યો. ક્ર સુમિત્રાએ સિંહ – સૂર્ય – ચંદ્ર– હાથી અગ્નિ લક્ષ્મી અને સમુદ્રના સ્વપ્નથી અભિસૂચિત લક્ષ્મણ નામના વાસુદેવ પુત્રને જન્મ આપ્યો. ક્ર કૈકેયીએ ઉત્તમ સ્વપ્નથી યુકત ભરત નામના પુત્રને જન્મ આપ્યો. અને સુપ્રભાએ અદ્દભુત શત્રુઘ્ન નામના પુત્રને જન્મ આપ્યો (૧૦૦) અનુક્રમે પદ્મ ( રામ ) નારાયણ – લક્ષ્મણ પરસ્પર પ્રીતિવાલા થયા. તેવી રીતે શત્રુઘ્ન અને ભરત પ્રેમમાં પરાયણ થયા. ક્ર

આ બાજુ મિથિલા નગરીમાં જનક નામનો રાજા થયો. અને હરિવંશમાં ઉત્પન્ન થયેલી વિદેહા નામે તેની પ્રિયા થઈ. ક્ર વિદેહાએ સુખપૂર્વક શ્રેષ્ઠ પુત્ર – પુત્રીના યુગલને જન્મ આપ્યો.પૂર્વ જન્મના વૈરથી પુત્રને એકાંતમાં પિંગલનામના દેવે હરણ કર્યું. ક્ર હવે ઉત્પન્ન થઇ છે કરુણા–દયા જેને એવા તે દેવે કુંડલ વગેરે આભૂષણોથી શણગારીને તેને વૈતાઢ્ય પર્વતના વનમાં કોઈક ઠેકાણે મૂકયો. ક્ર હવે રથનૂપુર નગરના સ્વામી ચંદ્રગતિનામના વિદ્યાધરે એકાંતમાં તેને પ્રાપ્ત કરીને પોતાની પત્ની પુષ્પવતીને અર્પણ કર્યો. ને તે પછી કહ્યું ક્ર તારે કહેવું કે ગૂઢગર્ભવાલી મેં પુત્રને જન્મ આપ્યો છે. પતિએ કહેલું પત્નીએ કહ્યું ત્યારે રાજાએ જન્મોત્સવ કર્યો. ક્ર

સજજનોને સન્માન કરીને પુત્રના દેહમાં ભામંડલ ( નું ચિહ્ન ) જોવાથી સજજનો સહિત રાજાએ તેનું ભામંડલ એ પ્રમાણે નામ આપ્યું. ક્ર પિતાવડે દિવસે દિવસે લાલન – પાલન કરાતો સુંદર રૂપવાલો ભામંડલ યુવતીઓને મોહ કરનારા યૌવનને પામ્યો. ક્ર આ બાજુ પુત્રનું હરણ કરાયું જાણીને ઘણા શોકવાળા જનકરાજાએ સર્વ સજજનોની સાક્ષીએ પુત્રીનું નામ સીતા આપ્યું. ક્ર જનકરાજા સીતાને યૌવન પામેલી જોઈને ઘણા પરાક્રમવાલો એવો પણ તે વરની ચિંતારૂપી સમુદ્રમાં પડ્યો.

તે વખતે અકસ્માત દૈવનીજેવા ઉદ્ધત એવા મ્લેચ્છો આવીને જનકરાજાને દેશને અને લોકોને પણ ઉપદ્રવ કરવા લાગ્યા. (ક્ર) પોતાના સેવકોને એકાંતમાં મોકલીને મિત્રતાથી દશરથ રાજાને પોતાના દેશની પીડાનો વૃત્તાંત

જણાવ્યો. 卐 મિત્રનું સાંનિધ્ય કરવા માટે જતાં એવા પિતાને નિષેધકરીને કેટલુંક સૈન્ય ગ્રહણ કરીને તે વખતે રામ ચાલ્યો. 卐 રામે જનકરાજા પાસે જઈને નમસ્કાર કરીને જેમ સૂર્ય અંધકારના સમૂહનો નાશ કરે તેમ ક્ષણવારમાં તેણે શત્રુઓના સમૂહનો નાશ ર્ક્યો. 卐

હર્ષિત થયેલા જનકરાજાએ રામને ઉત્સવપૂર્વક નગરમાં લાવીને ઉત્તમ અન્નપાન આપવાથી ઘણું ગૌરવ ર્ક્યું. 卐 જનકરાજાએ વિચાર્યું કે જો પુત્રી રામને આપવામાં આવે તો ઈન્દ્ર – ઈન્દ્રાણીની જેમ નિરંતર શ્રેષ્ઠયોગ થાય. 卐 રામચંદ્ર પોતાના નગરમાં ગયા ત્યારે છત્રીવડે શોભતાં પીળાવાળવાળા નારદ સીતાની – દ્રષ્ટિના વિષયમાં આવ્યા.卐 તે વખતે ભયપામતી સીતા જેટલામાં નાસી ગઈ, તેટલામાં તેની સખીએ નારદને ગળામાંથી પકડીને એકદમ કાઢી મૂક્યા. 卐 રોષપામેલા નારદ ચિત્રપટમાં રહેલું સીતાનું રૂપકરીને તે જ ક્ષણે ભામંડલને જ બતાવ્યું. 卐 જગતમાં પ્રશંસા કરવાને લાયક સીતાના રૂપને ભામંડલે જોઈને તેજ વખતે તે કામથી વિહ્વલ થયો. ને તેને વરવાને ઈચ્છે છે. 卐 ભામંડલની સીતાને વરવાની ઈચ્છાને જાણીને ચંદ્રગતિ વિદ્યાધરે પોતાના સેવકને આ પ્રમાણે આદરપૂર્વક કહ્યું. 卐 તું જનક રાજાની પાસે જા, અને મારી વાણીવડે આ પ્રમાણે કહે કે ચંદ્રગતિ વિદ્યાધર ભામંડલમાટે સીતાને ઈચ્છે છે. 卐 તે વખતે ચંદ્રગતિના સેવકે જનકરાજા પાસે જઈને જયારે પોતાના સ્વામીનો સંદેશ કહ્યો. ત્યારે જનક રાજાએ કહ્યું. 卐 પહેલેથી હું રામને સીતા આપવા નિશ્ચે ઈચ્છું છું. તેથી નકકી હવે ભામંડલને આપવાની ઈચ્છા નથી. 卐

મારા ઘરમાં દેવતાથી અધિષ્ઠિત – દોરીવડે સબળ અને વજ્રની જેવા દૃઢ " વજ્રાવર્ત અને અર્ણવાવર્ત " નામના બે ધનુષ્યો છે. જે ( પુરુષ ) તે બન્ને ધનુષ્યની દોરીનું આરોપણ કરશે તેને સીતા અને બીજી સુંદર કન્યાઓ આપીશ. 卐

માઘસુદિ આઠમના દિવસે સ્વયંવર મંડપને વિષે સીતાને વરવા માટે રાજાઓ બોલાવાશે. 卐 ત્યાં એક ધનુષ્યમાં અથવા બે ધનુષ્યમાં જે મનુષ્ય દોરી ચઢાવશે. તે જલદી સીતાને પરણશે.. 卐 તે દિવસે ભામંડલ જલદીથી ત્યાં આવે અને તે વખતે નિશ્ચે ધનુષ્ય ચઢાવવાથી સીતાને અંગીકાર કરે. 卐 જનકરાજાએ આ પ્રમાણે ક્હ્યું ત્યારે ચંદ્રગતિના સેવકે જનક રાજાએ કહેલું સર્વ ( ત્યાં ) જઈને સ્વામીની આગળ કહ્યું. 卐 માઘસુદિ આઠમના દિવસે ઘણા રાજાઓ અને વિદ્યાધરો ત્યાં બોલાવાયા. અને સીતાને મેળવવા માટે આવ્યા. 卐 અનેક વિદ્યાધરોથી સેવાયેલો ભામંડલ પણ તે વખતે સીતાના પાણિગ્રહણ માટે આવ્યો. 卐 સૂર્યનો ઉદય થયો ત્યારે દેદીપ્યમાન વિમાનમાં ચઢેલી ઉત્તમ વેશવાલી – ઉત્તમ સખીઓથી પરિવરેલી સીતા તે દિવસે મંડપમાં આવી. 卐 ઉત્તમ ગાયકોવડે આ પ્રમાણે રાજાઓની વંશાવલી વખાણાતી હતી ત્યારે રાજાઓ બન્ને ધનુષ્યને ઉપાડવાની ઈચ્છા કરવા લાગ્યા. 卐 અંગ – બંગ – તિલંગ આદિ દેશના રાજાઓ બન્ને ધનુષ્યને ઉપાડતાં જલદી મૂર્છા પામીને પૃથ્વીતલપર પડી ગયા. 卐 ભામંડલ પણ તે બન્ને ધનુષ્યને ઉપાડતાં– હાથમાં કરતો કંપ પામીને જલદીથી પાછો સ્વસ્થાને બેસી ગયો. 卐

રામે ઊભા થઈને લીલા માત્રમાં પહેલું ધનુષ્ય ઉપાડીને દેદીપ્યમાન ટણકાર – ટંકાર કરવા પૂર્વક દોરીપર ચઢાવેલું ર્ક્યું. 卐 દેવતાઓએ જય જય શબ્દપૂર્વક પુષ્પવૃષ્ટિ કરી ત્યારે તે વખતે સીતાએ રામના ગળામાં વરમાલા નાંખી. 卐 લક્ષ્મણે બીજું ધનુષ્ય ચઢાવ્યું ત્યારે ઊર્મિકા નામની કન્યાએ તેના ગળામાં વરમાલા નાંખી. 卐 તે વખતે

શ્રેષ્ઠવર રૂપ લક્ષ્મણને ખેચરોએ સુંદર મહોત્સવપૂર્વક અઢાર કન્યાઓ આપી. ꖛ ભરતકુમારે કનકરાજાની પુત્રી ભદ્રાને અંગીકાર કરી. અને વિદ્યાધરે નંદાનામની પુત્રી શત્રુધ્નને આપી. ꖛ

વસ્ત્રઆદિ આપવાથી સર્વરાજાઓનું આનંદથી સન્માન કરીને જનકરાજાએ અનુક્રમે પોતપોતાના નગર તરફ મોકલ્યા. (ꖛ) અશ્વ આદિ આપવાથી જનકરાજાવડે સન્માનિત થયેલા ચાર પુત્રથી યુક્ત દશરથરાજા પોતાના નગરમાં ગયા. ꖛ ભામંડલ પણ રામની સાથે ઘણી પ્રીતિને ધારણ કરતો દશરથ રાજા સાથે તે નગરમાં આવ્યો. ꖛ

વસ્ત્ર – અન્ન આદિ આપવાથી રામવડે અત્યંત સન્માન કરાયેલો વિદ્યાધરોવડે સેવાયેલો ભામંડલ પોતાના નગરમાં ગયો. ꖛ દશરથરાજાએ સન્માન આપવા પૂર્વક સર્વવહુને વસવામાટે જુદા જુદા આવાસો – ઘરો આપ્યાં. ꖛ હવે દશરથરાજા અશ્વ – હાથી વગેરેથી શોભતું સૈન્ય લઈને સમુદ્રપર્યંત પૃથ્વીને વેગપૂર્વક સાધવા લાગ્યો. ꖛ એક વખત દશરથરાજા પોતે કરાવેલા જિનમંદિરમાં હર્ષથી શાંતિનાથ પ્રભુનું સ્નાત્ર વિસ્તાર પૂર્વક કરતો હતો ત્યારે ꖛ રાજાએ મંગલને માટે જિનેશ્વર પ્રભુના સ્નાત્રનુંજલ જુદી જુદી રાણીઓને અને વહુઓને આદરપૂર્વક મોકલ્યું. ꖛ રાજાએ અરિહંત પ્રભુના સ્નાત્રનુંજલ સર્વરાણીઓને મોકલ્યું. પણ પોતાની પાસે ન આવ્યું એમ માનીને સુમિત્રા મરી જવા ઈચ્છે છે. ꖛ મરવાને માટે સુમિત્રા જેટલામાં પોતાની જાતે ગળામાં પાશ – ફાંસો નાંખે છે. તેટલામાં કોઈક માણસે જોઈને રાજાની આગળ તે જણાવ્યું. ꖛ રાજાએ જલદી ત્યાં આવીને સુમિત્રાના ગળામાં રહેલા પાશ – ફાંસાને કાપી નાંખી કહ્યું કે હે પ્રિયા ! તું પ્રાણનો ત્યાગ શા માટે કરે છે ? (ꖛ) સુમિત્રાએ કહ્યું કે તમે બીજી રાણીઓને સ્નાત્રજલ મોકલ્યું મને ન મોકલ્યું. તે કારણથી હું આ ફાંસાથી મરું છું. ꖛ રાજાએ કહ્યું કે મેં તમારા માટે સ્નાત્રજલ મોકલ્યું છે. એટલામાં ત્યાં વામન પાણી લઈને લાંબા સમયે આવ્યો. (ꖛ) રાજાએ કહ્યું કે હે વામન ! તું અહીં પાણી મોડું કેમ લાવ્યો ? વામને કહ્યું કે વૃદ્ધાવસ્થા હોવાથી મારા પગનીગતિ મંદ છે. (ꖛ) તે સાંભળીને તે વખતે સુમિત્રા વિચારવા લાગી કે મેં પતિઉપર ફોગટ ક્રોધ કર્યો ને ફોગટ મરવાની ઈચ્છા કરી. (ꖛ) કહ્યું છે કે આ કોઈ અપૂર્વ એવો ક્રોધરૂપી અગ્નિ સજ્જનોનો અને લુચ્ચાઓનો હોય છે. એકનો કોપાગ્નિ સ્નેહથી શમી જાય છે. બીજાનો નિવારણ કરાયેલો એવો પણ ક્રોપરૂપી અગ્નિ વધે છે. (૧) આ જગતની અંદર પ્રચંડ કોપવાલાને કોઈ પોતાનું હોતું નથી. હવન કરનારને પણ સ્પર્શકરાયેલો અગ્નિ બાળે છે. (૨)

**इकोहुं जाणइ-कोइ, पाणी मही पालेवणउं।**
**बाहिरि थूमन होइ, अब्भिंतर भडके वलइ॥३॥**

કોઈ એક જ પ્રાણી જાણે છે કે પૃથ્વીનો પાલન કરનારનો ક્રોપરૂપી અગ્નિ અંદર ભડકે બળી રહયો છે. પણ બહાર ધુમાડો હોતો નથી. (૩)

રાજાએ વિચાર્યું કે સ્ત્રીઓની ઈર્ષ્યા આવા પ્રકારની હોય છે. જે પાપબુધ્ધિ સ્ત્રીઓના ચિત્તમાં હોય છે. (તે) પુરુષોમાં હોતી નથી. ꖛ રાજા આ પ્રમાણે વિચારતો હતો ત્યારે વનપાલકે આવીને કહ્યું કે ઉદ્યાનમાં કમલાચાર્ય નામે જ્ઞાની ગુરુ સમવસર્યા છે, પધાર્યા છે. (ꖛ) રાજા તેને દાન આપીને પછી રામાદિ પુત્રો સાથે જેટલામાં આચાર્યને

વંદન કરવા ગયો તે વખતે ત્યાં ભામંડલ આવ્યો. (ङ्ग) રાજા આચાર્યને ત્રણ પ્રદક્ષિણા દઈને જેટલામાં દેશના સાંભળ વા માટે બેઠો. તેટલામાં જ્ઞાનીએ આ પ્રમાણે કહ્યું. (ङ्ग)

**पात्रमुत्तमगुणैरलङ्कृतं, दायकस्तु पुलकं दधत्तनौ।**
**देयवस्तुपरिशुध्दपुष्कलं, निष्कलङ्कतपसामिदं फलम्॥१६१॥**

પાત્ર તે કહેવાય કે જે ઉત્તમગુણવડે અલંકૃત હોય. દાતા તે કહેવાય કે શરીરપર રોમાંચને ધારણ કરનાર હોય.આપવાની વસ્તુ તે કહેવાય કે જે વસ્તુ ઘણી શુધ્ધ હોય. આ નિષ્કલંક તપનું ફલ છે.

**यस्य कुक्षिगतंचात्रं, शास्त्राभ्यासेन जीर्यति।**
**तारयेत् स्वं परांश्चापि, दश पूर्वान् दशाऽपरान्॥१६२॥**
**पौषध-प्रतिमा पार्श्वे सेवा पद्मप्रभार्चना:।**
**परमेष्ठिपरं ध्यानं - पुण्डकरीकश्च मुक्तिदा:॥१६३॥**
**स्पृष्टवा शत्रुञ्जयतीर्थं - नत्वारैवतकाचलम्।**
**स्नात्वा गजपदे कुण्डे, पुनर्जन्म न विद्यते॥१६४॥**

જેની કુક્ષિમાં – પેટમાં રહેલું અન્ન શાસ્ત્રના અભ્યાસવડે પચે છે. ને પોતાને અને બીજા પણ દશ પૂર્વજોને તારે છે. અને પછીથી થનારા દશને તારે છે. (ङ्ग) પૌષધ – પ્રતિમા – પાર્શ્વપ્રભુની સેવા – પદ્મપ્રભુની પૂજા – પરમેશ્રેષ્ઠિમાં તત્પર એવું ધ્યાન અને પુંડરીકગિરિ આ મોક્ષને આપનાર છે. (ङ्ग) શ્રી શત્રુંજય તીર્થનો સ્પર્શ કરીને – રૈવતગિરિને નમસ્કાર કરીને અને ગજપદકુંડમાં સ્નાન કરવાથી ફરીથી જન્મ ધારણ કરવો પડતો નથી. (ङ्ग)

આ સાંભળી દશરથ રાજાએ કહ્યું કે જ્યાં સુધી ઘણા સંઘના સમૂહોથી શોભતા એવા શ્રી શત્રુંજયગિરિપર હું જિનેશ્વર પ્રભુને નમસ્કાર ન કરું ત્યાં સુધી મારે દિવસમાં એકવાર જમવું. પૃથ્વીપર શય્યા કરવી. બ્રહ્મચર્ય પાલન કરવું. તાંબૂલનો ત્યાગ કરવો. સચિતનો ત્યાગ અને એકજ વિગઈ ગ્રહણ કરવી. આ પ્રમાણે મને અભિગ્રહ થાઓ. (ङ्ग) તે વખતે ભામંડલે કહ્યું કે હે ભગવંત ! મારું મન સીતાને જોઈને ચંદ્રનાં વિકાસમાં સમુદ્ર વિકાસ પામે છે તેમ વિકાસ કેમ પામે છે.? (ङ्ग) જ્ઞાનીએ કહ્યું કે ચક્રપુર નામના નગરમાં ચક્રધ્વજ નામના રાજાને મનસુંદરી નામની પત્ની હતી. અને રતિસુંદરી નામની પુત્રી હતી. (ङ्ग)

ઘરના ભોંયરામાં પંડિતપાસે ભણતી એવી રતિસુંદરીને જોઈને પુરોહિતનો પુત્ર મધુપિંગલ રાગી થયો. (ङ्ग) કહ્યું છે કે :–

**पढमं चिअ आलावो, आलावाओ रइ - रइओवीसंभो,।**
**वीसंभाओ पणओ, पणयाओ वुड्ढए पेम्मं॥१॥**

પહેલાં વાતચીત થાય. વાતચીતમાં રતિ થાય. રતિથી વિશ્વાસ પ્રાપ્ત થાય. વિશ્વાસ થવાથી પ્રણય થાય. પ્રણયથી પ્રેમ વધે છે. (૧) મધુપિંગલ તે કન્યાનું હરણ કરીને વિદર્ભ નામના શ્રેષ્ઠ નગરમાં જઈને કોઈકના ઘરમાં રહી તેણીની સાથે ભોગ કરનારો થયો. (ફ્ર) અનુક્રમે લક્ષ્મી ખલાસ થઇ જવાથી પિંગલક ઘાસ ને લાકડાં વેચી પત્ની સહિત પોતાનો નિર્વાહ કરતો હતો. (ફ્ર) બાહ્યવનમાં એક વખત પિંગલની મનોહર પત્નીને જોઈને રથકુંડલ હૈયામાં તેને હરણ કરવાની ઈચ્છાવાળો થયો. (ફ્ર) કામાતુર એવા રથકુંડલે દૂતીના મુખેથી તેણીને લોભ પમાડીને તે સ્ત્રીને લાવી જેમ વિષ્ણુ લક્ષ્મીને ભોગવે તેમ ભોગવવા લાગ્યો. (ફ્ર) પિંગલ પોતાની સ્ત્રીને ત્યાં નહિ જોવાથી અત્યંત દુ:ખ પામેલો દીનમુખવાલો રાજાનીપાસે જઈને બોલ્યો કે મારી પ્રિયા ગઇ છે. (ફ્ર) રથકુંડલે કહ્યું કે પોતનપુર નામના નગરમાં સાધ્વી પાસે એક મનોહર સ્ત્રી મેં જોઇ છે. (ફ્ર) ત્યાં તે નગરમાં જઇ પત્નીને ન જોવાથી મધુપિંગલ ફરીથી પાછો આવીને બોલ્યો કે મેં મારી સ્ત્રીને જોઇ નથી. (ફ્ર)

તે વખતે કુંડલે રાજા પાસેથી પિંગલનું અપહરણ કરીને તેની પત્નીમાં આસક્ત ચિત્તવાલા તેણે પિંગલકને બહાર કાઢી મૂક્યો. તે પછી દીન એવા પિંગલકે નગરમાં સાધુપાસે ધર્મ સાંભળી સંસારના દુ:ખને છેદવા માટે તે વખતે દીક્ષા લીધી. (ફ્ર) શિયાળો આવે ત્યારે પિંગલઋષિ તીવ્ર શીત – ઠંડીને સહન કરે છે. અને બીજી ઋતુઓમાં યત્નવાલા તે ઉષ્ણ તાપને સહન કરે છે. (ફ્ર) અતિવિષમ એવા કિલ્લામાં રહેતો દુ:ખે કરીને દમન કરી શકાય એવો બલવાન કુંડલ અનરણ્ય રાજાના દેશને હંમેશાં ભાંગે છે. (ફ્ર) રાજાએ તેનાવડે વિનાશ કરાયેલા દેશને સાંભળીને જેટલામાં કુંડલ નામના શત્રુને હણવા માટે જવાની ઈચ્છાવાળો થયો. (ફ્ર) તેટલામાં રાજાના આદેશને લઈને બલચંદ્ર નામે મહાસુભટ રાજાને પ્રણામ કરીને તે શત્રુને હણવા માટે તે નગરમાંથી ચાલ્યો. (ફ્ર)

બલચંદ્રે કપટ કરીને તે યુધ્ધની ભૂમિમાં જઈને કુંડલને બાંધીને જલદી પોતાનો કિલ્લો પોતાને સ્વાધીન કર્યો. (ફ્ર) પોતાના નગરમાં આવીને બલવાન શત્રુને સ્વામી પાસે મૂકીને બલચંદ્રે નમસ્કાર કર્યો. તે વખતે રાજા હર્ષિત થયો. (ફ્ર) તુષ્ટ થયેલા રાજાએ ચાકર એવા બલચંદ્રને ઘણી લક્ષ્મી આપીને કુંડલને તાડન કરીને કેદખાનામાં નાંખ્યો. (ફ્ર) પુત્રના જન્મના વિષે હર્ષથી પુરાયું છે ચિત્ત જેનું એવા રાજાવડે બીજા કેદીઓ સહિત રથકુંડલ મંડિત ( છોડી ) મુકાયો. (ફ્ર) એક વખત વનમાં જતાં કોઈક ઠેકાણે રથકુંડલ મંડિતે સાધુને જોઈને જિનેશ્વરે કહેલો ધર્મ સાંભળીને નમસ્કાર કર્યો. (ફ્ર) તે આ પ્રમાણે :– હિંસા અને જીવવધ તે માંસનું કારણ છે. હંમેશાં શાશ્વત સુખમાટે તું જીવદયા કર. (૧) સંસારમાં રહેલા જીવો નિશ્ચે પરભવને વિષે બાંધવો હતા. તે સર્વે માંસ ખાનારાવડે ભક્ષણ કરાયા છે. (૨) જે આલોકમાં જીવવધ કરનારા મધ – માંસ ને મદિરામાં લોલુપ પાપી જીવો છે. તેઓ મરી ગયેલાં પરલોકમાં નરકમાં નારકી થાય છે. (૩) જે મનુષ્ય આલોકમાં શીલ અને દાનથી રહિત હોવા છતાં પણ માંસનો ત્યાગ કરે છે તે પણ સ્વર્ગ આદિ ગતિમાં ગમન કરે છે. ( તેમાં જાય છે. ) અહીં ( તેમાં ) સંદેહ નથી. (૪) આ પ્રમાણે સાંભળીને કુંડલે ગુરુની પાસે ઘણા વિનયપૂર્વક જીવદયામય શ્રાવકધર્મનો સ્વીકાર કર્યો. (ફ્ર) તે પછી મુનિને નમસ્કાર કરીને જતો જિનેશ્વરે કહેલા શ્રાવકધર્મનું પાલન કરતો કુંડલ અનુક્રમે દક્ષિણ દિશા તરફ ચાલ્યો. (ફ્ર) જંગલમાં પાણીના અભાવથી તરસવડે પીડા પામેલો કુંડલ વિચારવા લાગ્યો કે હે જીવ ! તેં પહેલાં નિશ્ચે ઘણું પાણી પીધું છે. (ફ્ર)

કારણ કે ગરમી અને આતપથી પીડા પામેલા આ જીવે જે પાણી પીધું છે. તે સર્વે – કૂવા – તળાવ – નદી

અને સમુદ્રમાં પણ નથી. (૧) જીવે જે નખ – દાંત – માંસ – વાળ અને હાડકાં મૂક્યાં છે. તેના કૈલાસ ને મેરુપર્વત સરખા ઢગલાઓ – શિખરો થાય. (૨) ભૂખ્યા થયેલા જીવે હિમવંતપર્વત – મલયગિરિ – મેરુપર્વત – દ્વીપ – સમુદ્ર – પૃથ્વી સરખા ઢગલાઓ કરતાં પણ અધિકતર – વધારે આહાર ખાધો છે. (૩) અનંત સંસારમાં જુદી જુદી માતાઓનાં સ્તનનું દૂધ સમુદ્રના પાણી કરતાં પણ વધારે પીધું છે. (૪) અનંતકાલ સુધી જે અહીં કામભોગો અને ઉપભોગો પ્રાપ્ત કર્યા છે. તો પણ મનમાં આ નવું સુખ હોય એમ માને છે. (૫) આ પ્રમાણે વિચારતાં તે વખતે પ્રાણનો ત્યાગ થવાથી કુંડલમંડિત જનક રાજાની પત્નીની કુક્ષિમાં ઉત્પન્ન થયો. (ફ્ર) તે વખતે અત્યંત તીવ્રતપ તપી વેગવતી સતી સ્વર્ગમાં જઇ ત્યાંથી ચ્યવી જનકરાજાની પત્નીના ગર્ભમાં પૂર્વના શ્રેષ્ઠ પુણ્યોદયથી આવી. તેથી જનક રાજાની સ્ત્રીના ગર્ભમાં યુગલ મોટું થાય છે. (ફ્ર)

તે વખતે પિંગલ સાધુ મરીને દેવ થઇને ( પૂર્વ ) વૈરને જાણીને રોષથી નિર્દયપણે ગર્ભમાં તે બન્ને સ્તંભિત કર્યા (ફ્ર) તે પછી જનકરાજાની સ્ત્રી વિદેહાએ જિનેશ્વર પ્રભુની પૂજા કરી ત્યારે પુણ્યયોગથી ગર્ભની મુક્તિ થઇ. (ફ્ર) વિદેહા દેવીએ સુખપૂર્વક પુત્ર ને પુત્રીને જેટલામાં જન્મ આપ્યો. તેટલામાં પિંગલદેવે જનકના પુત્રનું અપહરણ કર્યું (ફ્ર) દૂર લઇ જઇને પથ્થર ઉપર આસ્ફાલન કરતો પછાડતો તે વિચારવા લાગ્યો કે ક્રૂરચિત્તવાલા મારાવડે મૂઢ પણાથી આ બાલક કેમ હણાય છે ? (ફ્ર) આ પ્રમાણે વિચારીને હાર અને કુંડલથી યુક્ત તે બાલકને ત્યાંજ મૂકીને તે દેવ પોતાના સ્થાને ગયો. (ફ્ર) તે વખતે ત્યાં ચંદ્રગતિ નામે ઉત્તમ વિદ્યાધર આવ્યો. તેને લઇ ઘરે આવીને કહ્યું કે વનદેવીએ આ પુત્ર આપ્યો છે. (૨૦૦) તે પછી તેનું નામ ભામંડલ એ પ્રમાણે આપીને વિદ્યાધરે તેને મોટો કરતાં ઘણી વિદ્યાઓ આપી. (ફ્ર) આ ભવમાં તે જનકની પુત્રીએ તારી એ બહેન છે. હે ભામંડલ ! તું જાણ કે આ પૂર્વના કર્મથી વિયોગ થયો (ફ્ર)

તારો પિતા જનક છે. તારી માતા વિદેહા છે. તમારા વિયોગથી પત્નીસહિત જનકરાજા દુઃખી થયો છે. (ફ્ર) કહ્યું છે કે :–

**उल्लो सुक्को य दो छूढा, गोलया मट्टिया मया।**
**दोवि आवडीया कुड्डे, जो उल्लो सोत्थ लग्गई।।१।।**

લીલો અને સૂકો એવા બે માટીના ગોળા ફેંકાયા, બન્ને ગોળા ભીત પર અફળાયા, જે લીલો ગોળો હોય છે, તે ભીત પર ચોંટે છે. (૧) આ પ્રમાણે સાંભળીને ભામંડલ સીતાના ચરણકમલને નમી બોલ્યો કે મેં તમારી ઉપર દુઃખ દાયક રાગ કર્યો હતો. ફ્ર તે રાગથી નિશ્ચે મારો નરકપાત થશે. આથી હે બહેન ! હમણાં તમે મારાઉપર ક્ષમા કરો. (ફ્ર) તે પછી ભામંડલે જ્ઞાનીની પાસે પોતાની શક્તિપ્રમાણે આલોચના લઇ પોતાના તે પાપની વારંવાર નિંદા કરવા લાગ્યો. (ફ્ર) કહ્યું છે કે : – આલોચનાના પરિણામવાલો થયેલો તે ગુરુની પાસે સારીરીતે પ્રયાણ કરેલો જો વચ્ચે કાળ કરી જાય તો પણ તે આરાધક છે. (ફ્ર) તે પછી ભામંડલ જનક રાજા અને વિદેહા પાસે જઇને માતાપિતાને મલીને જલદી ઘણા હર્ષને વિસ્તારતો હતો (ફ્ર) જ્ઞાનીએ કહેલો સીતાનો અને પોતાનો સંબંધ ભામંડલ પુત્રે માતાપિતાની

આગળ કહ્યો. (ક્ર) તે પછી વૈતાઢ્ય પર્વતઉપર દક્ષિણ શ્રેણીમાં શોભતી રથનૂપુર નગરીમાં ભામંડલ રાજા થયો. (ક્ર) ચંદ્રગતિ વિદ્યાધર અનુક્રમે નિર્મલચારિત્ર પામીને સર્વકર્મના ક્ષયથી મુક્તિ નગરીમાં ગયા. (ક્ર)

આ બાજુ દશરથ રાજાએ કુમ કુમ પત્રિકાઓ મોકલીને શ્રી સિધ્ધગિરિ પર્વતની યાત્રા માટે સંઘને બોલાવ્યો. (ક્ર) તે સંઘની અંદર સુવર્ણનાં ૭૨૦, દેરાસરો હતાં, અને શ્રેષ્ઠ કાષ્ઠમય અને દંતમય ચાર દેવાલયો હતાં. (ક્ર) આઠસો સંઘપતિ હતા પાંચ ક્રોડ મનુષ્યો હતા. એકસો રાજાઓ હતા અને શ્રેષ્ઠીઓ ગણતરી વગરના હતા. (ક્ર) ઈત્યાદિ સંઘ સહિત રાજા રામવગેરે પુત્રથી શોભતો ભામંડલ સહિત દશરથ રાજા ચાલ્યો. (ક્ર) રાજા યાચકોને સંખ્યા વગરનું દાન આપતો અને બંદીજનો મોટા અવાજપૂર્વક બિરુદાવલી બોલતા હતા ત્યારે અને સ્ત્રીઓ શ્રેષ્ઠ અવાજપૂર્વક ધવલ – મંગલ ગાતી હતી ત્યારે શ્રી સિધ્ધગિરિઉપર અરિહંતોને નમસ્કાર કરવા માટે રાજા સુખપૂર્વક માર્ગમાં ચાલ્યો. (ક્ર)

દરેક ગામમાં દરેક નગરમાં દરેક કિલ્લામાં જિનપૂજામાં તત્પર એવો રાજા **કેવલજ્ઞાનના સુખને આપનારી પ્રભાવના કરતો હતો.** (ક્ર) માર્ગમાં શ્રી સિધ્ધાચલને જોઈને જિનપૂજાપૂર્વક રાજાએ શ્રી સંઘમાં લાપશી આપી. (ક્ર) તે પછી રાજાએ ચાલતાં ચાલતાં શ્રી સિધ્ધગિરિની પાસે જઈને સંઘપતિની પાસે સંઘપતિનું તિલક કરાવ્યું (ક્ર) શ્રી પુંડરીકગિરિ ઉપર ચઢીને શ્રી જિનેશ્વરની સ્નાત્રપૂજા કરીને જિનાલય ઉપર ધજા – પતાકાનું દાન કર્યું. (ક્ર) તે વખતે રાજાએ પીડાને દૂર કરવા માટે આરતી અને મંગલદીવો કરીને સ્તોત્ર બનાવી ભાવસ્તુતિ કરી. (ક્ર)

રાજાએ શ્રી ઋષભદેવ પ્રભુની પાદુકાઓને પુષ્પોવડે પૂજીને તે વખતે રાયણવૃક્ષને હર્ષવડે અક્ષતોથી વધાવ્યું (ક્ર) બીજા જિનમંદિરોમાં હર્ષવડે અરિહંતોની પૂજા કરીને એ દિવસથી **અહીં પાણીની પરબ ચલાવી** (ક્ર) તે વખતે શ્રી સિધ્ધગિરિપર શ્રી આદિનાથ પ્રભુનો વિશાલ પ્રાસાદ રાજાએ કલ્યાણના સુખ માટે કરાવ્યો. (ક્ર) રાજાએ ભક્તિ વડે ગુરુઓને પડિલાભીને – વહોરાવીને અને નમસ્કાર કરીને ધર્મસૂરિની પાસે આ પ્રમાણે ધર્મ દેશના સાંભલી. (ક્ર)

અન્ય તીર્થમાં ચારિત્ર – તપ અને બ્રહ્મચર્યવડે જે પુણ્ય ઉપાર્જન કરે છે, તે પુણ્ય શત્રુંજય ગિરિને વિષે પ્રાપ્ત થયેલો મનુષ્ય પ્રયત્નવડે મેળવે છે. (૧) ઈચ્છિત આહારને ખાનારા જેઓ ક્રોડ ઉપવાસવડે જે પુણ્ય મેળવે છે. તે પુણ્ય શ્રી શત્રુંજય ગિરિને વિષે એક ઉપવાસથી મેળવે છે. (૨) જે શ્રી શત્રુંજયના શિખર ઉપર જિનમંદિરમાં પ્રતિમાને કરે છે તે ભરતક્ષેત્રને ભોગવીને ઉપસર્ગ વગરના સ્વર્ગમાં રહે છે. (૩) જે શ્રી શત્રુંજયઉપર ચઢીને એક પગે ઊભો રહેતો તપ તપે છે તે સુરેન્દ્ર અથવા નરેન્દ્ર થાય છે. (૪) જે શ્રી શત્રુંજયઉપર વસ્ત્ર– ધ્વજ – પતાકા – ચામર –કળશ – અભિષેકનોકળશ ને પૂજામાટે થાળ આપે તે વિદ્યાધર થાય છે. (૫)

ફલની ઈચ્છાવાલો આત્મા પુંડરીકગિરિનું સ્મરણ કરતો મન, વચન અને કાયાની શુધ્ધિવાલો નવકારશી – પોરસી – પુરિમુઢ – એકાસણું – આયંબિલ – ઉપવાસ કરે તો છઠ્ઠ – અઠ્ઠમ – દશમ – દ્વાદશભક્ત – પાસખમણ ને માસખમણ – વગેરેનાં ફળને પામે છે. (૬)

દશરથ રાજા દિવસ ઊગ્યો ત્યારે શ્રેષ્ઠપુષ્પોવડે પૂજાકરીને શ્રી સિધ્ધગિરિ ઉપરથી સંઘસહિત નીચે ઊતર્યો.

(ફ) સકળસંઘને જમાડીને શ્રેષ્ઠ વસ્ત્રોવડે પહેરામણી કરી ચાલતો એવો રાજા ચંદ્રપ્રભાસ નગરમાં ગયો. (ફ) ત્યાં ચંદ્રપ્રભુની મોટા વિસ્તારપૂર્વક પૂજા કરી ચંદ્રપ્રભ જિનેશ્વરનો પ્રાસાદ કરાવ્યો. (ફ) સતીઓમાં શિરોમણિ એવી સીતાએ બીજા પ્રાસાદ કરાવીને તે વખતે ચંદ્રપ્રભ સ્વામીના બિંબની પ્રતિષ્ઠા કરાવી. (ફ) તે પછી રૈવતગિરિ ઉપર શ્રી નેમિનાથ પ્રભુને નમસ્કાર કરી અને પૂજા કરી હિમાલય પર્વત જેવડું વિશાલ જિનમંદિર કરાવ્યું. (ફ) કૈકેયીએ બરડાપર્વત પર જઈને જિનેશ્વરને નમસ્કાર કરી ધનનો વ્યય કરી શ્રી આદિનાથપ્રભુનો પ્રાસાદ કરાવ્યો. (ફ) રામચંદ્રે બરડાપર્વત ઉપર શાંતિનાથ જિનનું મંદિર કરાવી મોટા મહોત્સવપૂર્વક શ્રી શાંતિનાથ પ્રભુની સ્થાપના કરી. (ફ) ઢંકપર્વતપાસે ઢંકપુરીમાં રામચંદ્રે પોતાના કરાવેલા પ્રાસાદમાં શ્રી ઋષભદેવપ્રભુનું બિંબ સ્થાપન કર્યું. (ફ)

વલ્લભી નગરીમાં પોતે કરાવેલા જિનમંદિરમાં સુપ્રભાએ શ્રેષ્ઠ ઉત્સવપૂર્વક શાંતિનાથ પ્રભુનું બિંબ સ્થાપન કર્યું. (ફ) કંપીલપુર નગરમાં રામચંદ્રે ઋષભદેવપ્રભુનો અને લક્ષ્મણે વામનસ્થલીમાં ( વંથલીમાં ) શ્રેષ્ઠ પ્રાસાદ કરાવ્યો. (ફ) રામચંદ્ર વગેરે પુત્રો અને ભામંડલ વગેરે મંડલિકોએ ( રાજાઓએ ) શ્રી શત્રુંજય આદિતીર્થોમાં શ્રેષ્ઠ પ્રાસાદો કરાવ્યા. (ફ)આ પ્રમાણે દશરથ રાજા ઘણાં તીર્થોમાં યાત્રા કરી મહોત્સવ સહિત પોતાની નગરીમાં આવ્યો. ને શ્રી સંઘને વિસર્જન કર્યો. (ફ) સંસારથી ઉદ્વિગ પામેલા દશરથ રાજાએ સઘળા રામવગેરે પુત્રોને બોલાવીને જેટલામાં પોતાનું રાજ્ય રામને આપે છે તેટલામાં કૈકેયીએ તે વખતે પતિની આગળ આવીને કહ્યું કે તમારી પાસે મારાં બે વરદાન હમણાં વિદ્યમાન છે. (ફ) હે પતિ ! જ્યારે યુદ્ધના કાદવમાં ખૂંચી ગયેલો રથ મેં ખેંચી કાઢ્યો હતો તે વખતે આપે કહ્યું હતું કે તારા પુત્રને રાજ્ય અપાશે. (ફ) જ્યારે રોગ આવ્યો ત્યારે આપે કહ્યું હતું કે તું શ્રેષ્ઠવરદાન માંગ. તે વખતે મેં કહ્યું હતું કે યોગ્ય અવસરે હું માંગીશ. (ફ)

કહ્યું છે કે : –

**प्राय: पुमांस : सरलस्वभावा, रण्डास्तु कौटिल्यकलाकरण्डा: ।**
**तातादयाचे कथमन्यथाऽस्मिन्, कालेवरं कैकेयसम्भवेयम् ॥१॥**

પુરુષો પ્રાય: કરીને સરળ સ્વભાવવાળા હોય છે. રંડાઓ ( સ્ત્રીઓ ) કપટકલાના કરંડિયા જેવી છે. નહિંતર તો આ સમયે કૈકેયીએ દશરથરાજા પાસેથી વરદાન કેમ માંગ્યું ? (૧)

એક વરદાનથી હમણાં મારા પુત્રને રાજ્ય આપો. અને બીજા વરદાનથી સીતાસહિત રામ બારવર્ષ સુધી વનમાં રહો. દશરથે કહ્યું કે મેં જે પ્રતિજ્ઞા કરી છે તે હું પૂરી કરીશ. (ફ) પત્નીનું તેવા પ્રકારનું વજ્રપાત સરખું કઠોર વચન સાંભળીને જેટલામાં દશરથરાજા મૌન રહ્યા તે વખતે રામે કહ્યું કે હે પિતા ! આ રાજ્ય ભરતનેજ આપીને મારી માતા કૈકેયીની આશા હમણાં પૂર્ણ કરો. (ફ) હે પિતા! મને રાજ્યની ઇચ્છા નથી. તમારાં ચરણકમલની સેવા કરવાની ઇચ્છા છે. આથી હમણાં ભરત રાજા થાઓ. (ફ) તે પછી ભરતપુત્રને સારા ઉત્સવપૂર્વક રાજ્ય આપીને જેટલામાં દશરથરાજા પોતે સંયમ લેવાને ચાલ્યા (ફ) તેટલામાં રામચંદ્રે પિતાનાં બે ચરણોમાં પ્રણામ કરીને હર્ષથી કહ્યું કે તમે મહેરબાની કરીને મને વનમાં જવા માટે આદેશ આપો. (ફ)

દશરથ રાજાએ મૌન કર્યું ત્યારે રામચંદ્રે વિચાર્યું કે પિતાએ મને વનવાસ માટે હમણાં રજા આપી છે. ( फ) સીતા અને લક્ષ્મણ સહિત રામ પિતાનાં ચરણકમલમાં નમીને રાજ્યને વિષે સ્પૃહા – ઇચ્છા વગરના મનવાળા વનવાસ માટે ચાલ્યા. (फ)

કહ્યું છે કે : –

**आहूतस्याभिषेकाय, विसृष्टस्य वनाय च।**
**दद्वृशुर्विस्मितास्तस्य, मुखरंगं समं जना : ।।१।।**

રાજ્યાભિષેકના માટે બોલાવાયેલા અને વનવાસમાટે વિસર્જન કરાયેલા એવા તેના ( રામના ) મુખના આનંદને વિસ્મય પામેલા લોકો એકસરખો જોતાં હતાં. (૧)

તે વખતે વિશેષે કરીને પ્રગટપણે સમસ્ત સંસારને અસાર જાણી દશરથ રાજાએ ચંદ્રસૂરિ પાસે દીક્ષા લીધી. (फ) પ્રજાએ રામની પાછળ જઇ વિનયપૂર્વક કહ્યું કે : – તમારા વિના નિરાધાર એવા અમે આજે શી રીતે રહીશું ? (फ)

**देहयष्टिर्विना मूर्ध्ना - मुख श्रीर्नासया विना।**
**द्दग् विना तारयावल्ली विना पत्रेण नैधते।।१।।**
**विजला सरसी चैत्य - शिलाका देववर्जिता।**
**विद्या निरधिदेवी च - गुहेव हरिवर्जिता।।२।।**

જેમ મસ્તક વિનાની દેહયષ્ટિ –નાસિકા વગરની મુખની શોભા – કીકી વગરની આંખ – પાંદડાં વગરની વેલ શોભતી નથી. પાણી વગરનું સરોવર . દેવ વગરની ચૈત્યશલાકા. અધિષ્ઠાયક દેવી વગરની વિદ્યા. સિંહ વગરની ગુફા – જેમ શોભતી નથી તેમ ( રામ વગરની અયોધ્યા શોભતી નથી. ) એવી રીતે ઘણા શ્રેષ્ઠીઓની શ્રેણી ને પ્રાસાદની શ્રેણી સહિત એવી પણ અયોધ્યા હમણાં રામ વિના જરા પણ શોભતી નથી. (फ) આ પ્રમાણે લોકો બોલતાં હતાં ત્યારે રામે કહ્યું કે હે લોકો ! હું ખરેખર નિશ્ચે પિતાની પ્રતિજ્ઞાનું પાલન કરીશ. (फ)

**सकृज्जल्पन्ति राजान:, सकृज्जल्पन्ति साधव: ।**
**सकृत् कन्या: प्रदीयन्ते, त्रीण्येतानि सकृत् सकृत्।।२५६।।**

રાજાઓ એક વખત બોલે છે. સાધુઓ એક વખત બોલે છે. ને કન્યાઓ પણ એક વખત અપાય છે. આ ત્રણે વસ્તુઓ એક એક વખતજ હોય છે. (फ) ભરત મારો ભાઇ છે. પ્રજાઓનું ન્યાયમાર્ગવડે રક્ષણ કરશે. એથી પ્રજાએ

પણ મારી જેમ ભરતનો આશરો લેવો. (ક્ર) રામથી રહિત શૂન્ય રાજ્યને જોતાં તે વખતે ભરત રાજ્યનેમાટે રામને પાછો લાવવા માટે રામ પાસે ગયો. (ક્ર) ભરતે રામનાં બે ચરણોમાં પ્રણામ કરી કહ્યું કે તમે પાછા આવીને રાજ્યને ગ્રહણ કરો ને મારી ઉપર કૃપા કરો. (ક્ર)

હું તો મુક્તિસુખને આપનારા સંયમનો આશ્રય કરીશ. મને સંસાર ગમતો નથી. પરંતુ સંયમ ગમે છે. (ક્ર) અથવા તો લક્ષ્મણ રાજ્ય કરે. હે રામ ! સુખ કે દુઃખમાં હું નિશ્ચે તમારી સેવા કરીશ. (ક્ર) તે વખતે લક્ષ્મણે કહ્યું કે હે ભરત ! તે સારું કહ્યું પરંતુ હું પ્રાણનો નાશ થાય તો પણ રામને એકલા નહિ છોડું. (ક્ર) કહ્યું છે કે :– કદાચ નક્ષત્ર સહિત આકાશ પડે. પૃથ્વીના ટુકડે ટુકડા થઇ જાય. અગ્નિ શીતલતાને પામે તો પણ હું રામને છોડીશ નહિ. (ક્ર) ભરતે મસ્તક નમાવી. મસ્તકે અંજલિ કરી રામને કહ્યું કે હે સત્પુરુષ ! આજ્ઞાના ગુણવડે વિશાલ એવા રાજ્યને આપ કરો. (૧) હું આપને છત્ર ધારણ કરીશ. શત્રુઘ્ન ચામર ધારણ કરનારો થશે. લક્ષ્મણ મંત્રી થશે તમારું સુવિહિત શું નથી ? (૨) હવે રામે ભરતને કહ્યું :–

**निन्दन्तु नीतिनिपुणा यदि वा स्तुवन्तु**
**लक्ष्मीः समाविशतु गच्छतु वा यथेष्टम्।**
**अद्यैव वा मरणमस्तु युगान्तरे वा**
**न्यायात् पथः प्रविचलन्ति पदं न धीराः ॥२६४॥**

નિતિમાં નીપુણ પુરુષ નિંદા કરે અથવા સ્તુતિ કરે. લક્ષ્મી ઇચ્છા મુજબ આવે અથવા જાય. મરણ આજે થાય કે યુગાન્તરમાં થાય. તો પણ ધીરપુરુષો ન્યાયમાર્ગથી પગલું પણ ખસતા નથી. (ક્ર) આ તરફ કૈકેયી દેવીએ ત્યાં આવીને કહ્યું કે ખરેખર મેં ફોગટ તમને વનવાસ અપાવ્યો. (ક્ર) આપ પાછા આવીને રાજ્ય કરો. ભરત હંમેશાં છત્ર આદિ ધારણ કરવાથી તમારી સેવા કરશે. (ક્ર) કહ્યું છે કે : – સ્ત્રીઓ સ્વભાવથી ચપલ હોય છે. સાચું જોનારી હોતી નથી. સ્વભાવથી કપટી હોય છે હે પુત્ર ! મેં તારું જે પ્રતિકૂલ કર્યું હોય તે મને ક્ષમા કર. (ક્ર) તે વખતે રામે કહ્યું કે હે માતા ! જો ભરત રાજ્ય ધારણ કરે તો લક્ષ્મણનું અને મારું મન ઘણો આનંદ પામે. (૨૬૮) આ પ્રમાણે કહીને તે વખતે રામે સર્વ રાજાઓની સમક્ષ ભરતનો રાજ્યાભિષેક પોતાના હાથે કર્યો (ક્ર) ભરત રામ લક્ષ્મણ અને સીતાના ચરણોમાં પ્રણામ કરીને જેટલામાં ચાલ્યો તે વખતે રામે આ કહ્યું કે (ક્ર)

**आलस्योपहतः पादः, पादः पाखण्डसंश्रित :;**
**राजानं सेवते पादः, एकः पादः कृषीवल : ॥१॥**
**एकं पादं त्रयं पादा :, भक्षयन्ति दिने दिने ;**
**तथा भरत ! कत्तव्यं, यथा पादो न सीदति ॥२॥**

આળસથી હણાયેલો પગ, પાખંડનો આશ્રય કરનારો પગ, એક પગ રાજાને સેવે છે. અને એક પગ ખેડૂત છે.

એક પગને ત્રણ પગ દિવસે દિવસે ખાય છે. તેથી હે ભરત ! તેવી રીતે કરવું જોઇએ કે જેથી પગને દુઃખ ન થાય. ( આળસથી હણાયેલો – પાખંડીઓનો આશ્રય કરનારો અને ખેડૂત પાસેથી વધુ કર લેનારો રાજા પદભ્રષ્ટ થાય છે. તેથી હે ભરત ! તું એવી રીતે રાજ્ય કર કે જેથી તારો પાદ – રાજ્યગાદી ન સિદાય. – અને તું ખેદ ન પામે. ) (૧ –૨) હે વત્સ ! હાથના આભૂષણરૂપ પ્રજાઓને તું છે. એમાંથી જ ચામર અને સુંદર લક્ષ્મી ઉત્પન્ન થાય છે. (ફ્ર) રામની વાણી સ્વીકારીને રામનાં બે ચરણોમાં પ્રણામ કરીને ભરત ધીમે ધીમે પોતાના નગર તરફ જવા ચાલ્યો. (૨૭૨)

કૈકેયી પણ રામવગેરે બધાની સાથે યથાયોગ્ય વાતચીત કરીને હરણ કરાયું છે મન જેનું એવી પુત્ર સાથે ચાલી. (ફ્ર) પછી હર્ષિત થયેલો રામ સીતા ને લક્ષ્મણ સહિત પંચ નમસ્કારને યાદ કરતો તે વનમાંથી ચાલ્યો. (ફ્ર) રાજ્યાભિષેકના માટે બોલાવાયેલા અને વનવાસ માટે વિસર્જન કરાયેલા એવા તેના ( રામના ) મુખના રંગને આનંદથી વિસ્મય પામેલા લોકો એક સરખો જોતાં હતાં. (ફ્ર) માર્ગમાં મુસાફરની સ્ત્રીઓવડે પૂછાતી હે આર્યા ! કમલપત્ર સરખા નીલવર્ણવાલા આ તમારા કોણ છે ? હસેલા વિકસ્વર છે ગાલ જેના – લજ્જાથી ભ્રાંતિ પામ્યાં છે નેત્ર જેનાં એવી મુખને નીચું કરતી સીતા સ્પષ્ટપણે કહેતી હતી. એટલાથી મુસાફરની સ્ત્રીઓએ જાણ્યું કે આ એનો ધણી રામ છે. (ફ્ર)

હવે વનમાં જતાં રામે એક વખત ગંભીરા નદીના કાંઠે વૃક્ષનીનીચે રહેલાએ ભાઇ લક્ષ્મણને પૂછ્યું (ફ્ર) હે લક્ષ્મણ! આ દેશ ક્યા કારણથી ઉજ્જડ થયો છે તે કહે. લક્ષ્મણે કહ્યું કે અહીં કોઇ માણસ આવે છે તેને પૂછીએ. (ફ્ર) હવે તેજ વખતે રામે કોઇ માણસને દેશ ઉજ્જડ થવાનું કારણ પૂછ્યું. ત્યારે તે માણસ બોલ્યો કે શ્રેષ્ઠદેશમાં રાણાપુર નામના નગરમાં કર્ણ નામે રાજા છે. તે જિનેશ્વર દેવ અને જૈનસાધુ વિના કોઇ કુલિંગીને તેમજ સરાગી દેવોને નમસ્કાર કરતો નથી. (ફ્ર) કહ્યું છે કે જે સર્વને જાણનારા હોય. રાગ વગેરે દોષોને જીતેલા હોય. જે ત્રૈલોક્યવડે પૂજાયેલા હોય. યથાસ્થિત અર્થને કહેનારા હોય. તે અરિહંત પરમેશ્વર દેવ છે. (ફ્ર) તેજ ધ્યાન કરવા લાયક છે. તેજ સેવા કરવા લાયક છે. તેનુંજ શરણ ઇચ્છવા લાયક છે. જો ચેતના હોય તો તેમનીજ આજ્ઞા સ્વીકારવા લાયક છે. (ફ્ર) જો દેવ રાગી હોય. ગુરુ અબ્રહ્મચારી હોય , અને દયાવગરનો ધર્મ હોય તો કષ્ટ છે. અને જગત નાશ પામ્યું છે. (ફ્ર) આ પ્રમાણે તેનો નિયમ જાણીને ત્યાં સિંહોદરરાજા આવીને જેટલામાં કર્ણરાજાને હણે છે તેટલામાં તે નાસીને ચાલ્યો ગયો. (ફ્ર) આ કર્ણ મારો સાધર્મિક છે એમ વિચારીને રામરાજાએ સિંહોદરને હણીને તે રાજ્ય પર કર્ણને સ્થાપન કર્યો ફ્ર કહ્યું છે કે – ધનથી દાન, વાણીથી સત્ય, આયુષ્યથી કીર્તિ ને ધર્મ, અને કાયાથી પરોપકાર કરવો જોઇએ. આ રીતે અસારમાંથી સારનો ઉધ્ધાર કરવો જોઇએ. (ફ્ર) એક વખત રામચંદ્ર અન્યસ્થાને ગયા હતા ત્યારે સીતાએ બે વિદ્યાધર મુનિઓને શુદ્ધ ભોજનથી હર્ષવડે પ્રતિલાભ્યા. (ફ્ર)

અભયદાન – સુપાત્રદાન – અનુકંપાદાન – ઉચિતદાન – કીર્તિદાન એ પાંચ દાનોમાંથી પહેલાં બે દાનવડે મોક્ષ થાય છે. અને પછીનાં ત્રણ દાન ભોગ વગેરેને આપે છે. (૫)

વ્યાજમાં આપેલું ધન બમણું થાય છે. વેપારમાં ચારગણું થાય છે. ખેતરમાં સો ગણું થાય છે. અને પુણ્ય ક્ષેત્રમાં અનન્તગણું થાય છે. (ફ્ર) તે વખતે સીતાની આગળ દેવતાઓએ સુગંધીપાણી અને શ્રેષ્ઠ પુષ્પના સમૂહવડે

વૃષ્ટિ કરી. ♃ ભરત પણ પોતાના નગરમાં આવીને ઘણા રાજાઓવડે સેવન કરવા લાયક છે, ચરણકમલ જેનાં એવો તે રામની બે પાદુકાઓને પ્રણામ કરીને સભામાં રહ્યો. ♃ એકવાર બાહ્ય ઉદ્યાનમાં ધનેશ્વર ગુરુની આગળ ભરતરાજાએ આદર કરવાપૂર્વક આ પ્રમાણે સાંભળ્યું. ♃

રત્નદ્વીપમાં ગયેલો જે કોઇ એક મહારત્નને ગ્રહણ કરે છે. ને તે અહીં લવાયેલું મોંઘા મૂલ્યવાળું થાય છે. (૧) જિનધર્મરૂપી રત્નદ્વીપમાં એક નિયમરૂપી રત્ન લે છે. તેનું પુણ્ય પરભવમાં અમૂલ્ય થાય છે. (૨) પ્રથમ અહિંસારૂપી રત્નને ગ્રહણ કરીને જે જિનેશ્વરની પૂજા કરે છે. તે દેવલોકમાં અનુપમ એવા ઇન્દ્રિયના સુખને ભોગવે છે. (૩)

**न्यग्रोधे दुर्लभं पुष्पं, दुर्लभं स्वातिजं पयः ।**
**दुर्लभं मानुषं जन्म, दुर्लभं जिनदर्शनम् ।।**

વડના ઝાડનાં પુષ્પ દુર્લભ છે. સ્વાતિનક્ષત્રમાં ઉત્પન્ન થયેલું પાણી દુર્લભ છે. મનુષ્યજન્મ દુર્લભ છે. અને જિનેશ્વરનું દર્શન દુર્લભ છે. રત્નો અમૂલ્ય છે. વૈભવવડે સુખ મેળવાય છે. કરોડરત્નોથી પણ મનુષ્યના આયુષ્યની ક્ષણ દુર્લભ છે. કેટલાક મનુષ્યો પુણ્યવડે પ્રાપ્ત થયેલા તે મનુષ્યભવને પ્રમાદમાં તત્પર એવા તે જેમ સૂતેલો મનુષ્ય હાથમાંથી ચિંતામણિ રત્નને ગુમાવે તેમ હારી જાય છે. ♃

તે મનુષ્યભવમાં પણ મોક્ષસુખને આપનાર શ્રાવકધર્મ દુર્લભ છે. તેના કરતાં પણ જલદી મોક્ષને આપનાર સાધુધર્મ દુર્લભ છે. ♃ આ પ્રમાણે સાંભળીને ભરતે કહ્યું કે શ્રી રામચંદ્રનું આગમન થયા પછી નિશ્ચે હું સાધુધર્મને સંયમને ગ્રહણ કરીશ. (♃)

આ બાજુ શુભ નામનો વિદ્યાધર – દુઃશક્ય એવી રાક્ષસી વિદ્યા સાધીને નિરંતર લોકોને ભય પમાડતો હતો. ♃ તેથી લોકોક્તિથી તેનું નામ રાક્ષસ થયું અને તે વૈભવગિરિ ઉપરથી સમુદ્રની અંદર નિવાસ કરતો હતો.. ♃ તેથી તે દ્વીપનું રાક્ષસ એ પ્રમાણે નામ થયું. કારણકે સમુદ્રમાં સવાલાખ ગુપ્ત દ્વીપો છે. ♃

તે દ્વીપમાં તે વિદ્યાધરે શત્રુઓથી ન ગ્રહણ કરી શકાય એવી કિલ્લાવડે શોભતી સુવર્ણમય લંકાનગરી વસાવી. ♃ અજિતનાથ પ્રભુ વિચારતા હતા ત્યારે રાક્ષસ દ્વીપમાં લંકાનગરીમાં રાક્ષસવંશમાં ધનવાહન નામે રાજા થયા. (૩૦૦) તેનો પુત્ર જિનેશ્વરનાં ચરણની સેવામાં તત્પર મહારાક્ષસ થયો. તેનો પુત્ર દેવરાક્ષસ દીક્ષા લઈને મોક્ષમાં ગયો. ♃

દેવરાક્ષસનો પુત્ર ધર્મરાક્ષસ રાજા નીતિવાળો ને ધર્મવાળો હતો. તેને પદ્મરાક્ષસ નામના પુત્રને રાજ્યઉપર સ્થાપન કરીને ચારિત્ર ગ્રહણ કર્યું (♃)

આ પ્રમાણે રાક્ષસવંશમાં અસંખ્યાતા રાજાઓ થયા. પછી ઘણી વિદ્યાઓરૂપી સમુદ્રનો પારંગત કીર્તિધવલ રાજા થયો. ♃ શ્રી શ્રેયાંસનાથ તીર્થંકરના તીર્થમાં શ્રી સમુદ્રાચાર્યની પાસે કીર્તિધવલરાજાએ સર્વજ્ઞે કહેલો ધર્મ સ્વીકાર્યો.

卐 આ તરફ વૈતાઢ્ય પર્વતઉપરથી શ્રી કંઠ નામના વિદ્યાધરને લાવીને તે કીર્તિધવલ વિદ્યાધરે વાનરદ્વીપને વિષે નિવાસ કર્યો. 卐 ત્યાં ત્રણસો યોજન પ્રમાણવાલા કિષ્કિંધ નામના પર્વતઉપર કિષ્કિંધા નામની નગરીમાં તેણે નવીરાજધાની સ્થાપન કરી. 卐 જે વિદ્યાધરો વાનરદ્વીપમાં રહેતા હતા તેઓ ' વાનર ' કહેવાયા અને જેઓ વાનરના અંગને ધારણ કરનારી "વાનર " નામની વિદ્યાને સાધતા હતા 卐

શ્રીકંઠ નામના વિદ્યાધરથી " વાનરી " વિદ્યાને જાણનારા ઘણા રાજાઓ થયા ત્યારે મુનિસુવ્રતસ્વામીના તીર્થમાં " ઘનોદધિ " નામે વાનર વિદ્યાધર થયો. 卐 તે વખતે લંકાદ્વીપનો અધિપતિ તડિત્કેશ નામે રાજા થયો ' તડિત્કેશ ' અને " ઘનોદધિ " એ બન્નેને પરસ્પર પ્રીતિ થઇ. 卐 કિષ્કિંધા નગરીમાં ઘનોદધિનો પુત્ર કિષ્કિંધિ થયો. લંકાનગરીમાં તડિત્કેશ રાજા પછી સુકેશ નામે વિદ્યાધરપતિ થયો. 卐 આ બાજુ વૈતાઢ્યપર્વતઉપર ચક્વાલ નામના નગરમાં ઘણી વિદ્યાઓને ધારણ કરનાર " અશનિવેગ " નામે વિદ્યાધર થયો. 卐 એક વખત સવારમાં ઊઠીને અશનિવેગ વિચારવા લાગ્યો કે જો પૃથ્વીપીઠને જોઇએ તો જન્મ સફલ થાય. 卐 કહ્યું છે કે :- જુદાં જુદાં તીર્થ અને નગરથી યુક્ત એવી આ પૃથ્વી ભ્રમણ કરતાં જોઇએ તો આ જન્મ વખાણવા લાયક ગણાય. અને પોતાની શક્તિ જાણી શકાય. 卐

જે મનુષ્ય બહાર નીકળીને અનેક આશ્ચર્યથી ભરેલી – સઘળી પૃથ્વીને જોતો નથી તે મનુષ્ય કૂવાના દેડકા જેવો છે. 卐 કહ્યું છે કે જુદાં જુદાં ચરિત્રો જોવાય. સજ્જન અને દુર્જનોનો વિશેષ ( તફાવત ) જણાય. અને પોતાને પણ ઓળખી શકાય. તે કારણે પૃથ્વીપર ભ્રમણ કરવું જોઇએ. 卐 આ પ્રમાણે વિચાર કરી તે વિદ્યાધર પોતાના નગરમાંથી તે વખતે પૃથ્વીમંડલ જોવામાટે પોતાના વિમાનમાં રહેલો નીકલ્યો. 卐 ભમતો એવો તે અશનિવેગ કિષ્કિંધા નગરીમાં કિષ્કિંધી અને સુકેશવડે જરાપણ સન્માન ન કરાયો. ત્યારે અશનિવેગ જેટલામાં તે બન્નેને હણવાની ઇચ્છાવાલો થયો. તેટલામાં કિષ્કિંધી અને સુકેશ યુધ્ધમાં તૈયાર થયા. 卐 તે અશનિવેગે તે વખતે યુધ્ધમાં કિષ્કિંધી અને સુકેશને જીતી લીધા. ત્યારે તેનાથી ભયપામતાં તે બન્નેએ પાતાલલંકામાં વાસ કર્યો. તે પાતાલલંકામાં સુકેશરાજાને ઉત્તમશીલગુણથી શોભતી ઇંદ્રાણી નામે પત્ની થઇ. 卐 તે ઇન્દ્રાણીએ સારા લગ્નમાં સારા દિવસે અનુક્રમે માલિ – સુમાલિ અને માલ્યવાન નામના પુત્રોને જન્મ આપ્યો. 卐 કિષ્કિંધી રાજાની વિશિષ્ટ પત્ની શ્રીમાલાએ આદિત્યરજા અને ઋક્ષરજા નામના બે પુત્રોને જન્મ આપ્યો. 卐 કિષ્કિંધિ શાશ્વત તીર્થંકરોને પ્રણામ કરીને મધુપર્વતપર આવ્યો. અને ત્યાં કિષ્કિંધ નામનું નગર સ્થાપન કરીને નિવાસ કર્યો. 卐 રોષ પામેલા સુકેશના પુત્રોએ લંકાનગરીમાં આવીને અશનિવેગના નિર્ઘાત નામના સેવકને મારી નાંખ્યો. 卐 તે વખતે લંકાનગરીમાં પૃથ્વીનું પાલન કરનાર માલી રાજા થયો. અને કિષ્કિંધા નગરીમાં ઉત્તમ નીતિવાળો આદિત્યરજા રાજા થયો. તે માલિરાજાને આદિત્યરજા ઉપર ઘણી પ્રીતિ હતી. અને ભેટણાં આદિ આપવાવડે તે બન્નેની પ્રીતિ વધે છે. 卐 અશનિવેગ વિદ્યાધરને ગુણસુંદરી નામે પત્ની હતી. અને સહસ્રાર નામે મનોહર પુત્ર હતો. 卐 સહસ્રારને ચિત્રસુંદરી નામે પત્ની થઇ અને માતા–પિતાને હર્ષ આપનારો ઇન્દ્ર નામે પુત્ર થયો. 卐 અને તે ઇન્દ્ર – ઇન્દ્રની જેમ સમસ્ત લોકપાલની વ્યવસ્થાવડે રાજ્ય કરતો સઘળા જગતને તૃણ જેમ માને છે. 卐

ઇન્દ્રે પાતાલલંકામાં ઘણા સેવકો સહિત – રાક્ષસવંશના વાનરોને સેવક ભાવે કર્યા. 卐 આ બાજુ પૃથ્વીનું રક્ષણ કરતા વિદ્યાધરના સ્વામી ઇન્દ્રે – રાજાઓને નામ આપીને લોકપાલો સ્થાપન કર્યા. 卐 ચાર લોકપાલો – સાત સૈન્ય – ત્રણ પર્ષદાઓ ઐરાવણ નામે હાથી અને વજ્ર નામે મહાહથિયાર. (૧) તેને ત્રણ હજારને ચાલીશ સ્ત્રીઓ હતી.

બૃહસ્પતિ નામે મંત્રી હતો. હરિનૈગમેષી નામે સેનાધિપતિ હતો. (૨) તે પછી વિદ્યાનાબલથી ગર્વિત બનેલો ધીર અને અત્યંત વિશ્વાસુ મનવાળો નમિરાજાની જેમ સર્વ ખેચરોનું તે સ્વામિત્વ કરે છે. (૩)

આવા પ્રકારના ઇન્દ્રને સાંભળીને તેને જીતવા માટે માલીરાજા ભાઇઓવડે નિષેધ કરાયા છતાં પણ ઘણા સૈન્ય સાથે ચાલ્યો. ૐ સુમાલી ભાઇએ કહ્યું કે : – તે શત્રુ અત્યંત દુઃશક્ય છે. તેથી કરીને બલવાન એવો પણ શત્રુ – ભેદવડે જીતવો જોઇએ. ૐ કહ્યું છે કે : – સર્વ ઠેકાણે શસ્ત્રમાં કુશલ એવો સુમાલી મોટાભાઇને કહે છે. તમે અહીં નિવાસ કરો. અથવા નગરી તરફ પાછા ફરો. મહાભયંકર એવા ઉપસર્ગો દેખાય છે. શકુનપણ વિપરીત છે. માટે આપણા માટે તે અજેય છે. આમાં સંદેહ નથી. અરિષ્ટ – ગધેડા – ઘોડા – સારસપક્ષી – શતપત્ર – કોલું આદિ પ્રાણીઓ દક્ષિણ દિશાતરફ વાસ કરે છે. તે આપણને પરાજય આપનારાં છે. આ પ્રમાણે સાંભળીને ગર્વિષ્ઠ એવા માલીએ – નાના ભાઇને કહ્યું કે શું ભૂંડના ભયથી સિંહ શું કોઇ ઠેકાણે પોતાના ઘરનું રક્ષણ કરે છે ? ૐ

નંદનવનમાં રત્નજડિત મોટાં જિનાલયો કરાવ્યાં ને શ્રેષ્ઠ સુખ અનુભવ્યું અને કંઇક ઇચ્છિત એવું દાન આપ્યું. ૐ ચન્દ્રઅને મચકુંદ સરખા અત્યંત નિર્મલ એવા યશવડે ગોત્રને અલંકૃત કર્યું. જો યુધ્ધમાં મરણ થાય તો પણ શું તે યુક્ત નથી ? (૧) એ પ્રમાણે સુમાલીના વચનની અવગણના કરીને માલીરાજાએ વૈતાઢ્ય પર્વતઉપર રથનૂપુર નગરમાં ચક્રવાલ નગર તરફ પ્રયાણ કર્યું. (૨) માલીરાજાને આવતાં સાંભળીને ઇન્દ્ર પણ ઐરાવત હાથીપર ચઢીને યુધ્ધ કરવા માટે સામે નીકળ્યો. ૐ રથસવારો રથી સાથે – ભાથાધારીઓ ભાથાધારી સાથે ખડ્ગધારીઓ ખડ્ગધારી સાથે યુદ્ધ કરવા પ્રવર્ત્યા. ૐ

માલીરાજાવડે તલવાર દ્વારા નિર્દયપણે ઇન્દ્રઉપર પ્રહાર કરાયો જેથી તે મૂર્ચ્છા પામીને સૂકા વૃક્ષની માફક પૃથ્વીપર પડી ગયો. ૐ પછી ઇન્દ્રે ઊભા થઇને રોષપૂર્વક માલીરાજાને ભાલાવડે તેવી રીતે હૃદયમાં પ્રહાર કર્યો કે જેથી તે ક્ષણવારમાં મરણ પામ્યો. ૐ યુધ્ધમાં માલીને હણાયેલો સાંભળી તે વખતે સુમાલી પોતાના સ્થાનમાંથી ઇન્દ્રને હણવા માટે આવ્યો. ૐ સુમાલી પણ ઇન્દ્રની સાથે યુધ્ધ કરતો યુદ્ધમાં શત્રુને હણવા માટે અશક્ત એવો તે નાસીને પોતાના નગરમાં ગયો. ૐ આ પ્રમાણે સર્વ શત્રુઓને યુધ્ધમાં જીતીને ઇન્દ્ર ( રાજા ) દેવોના સ્વામી ઇન્દ્રની જેમ પોતાના નગરમાં રાજ્ય કરે છે. ૐ

કહ્યું છે કે : – રથવડે રથ ભાંગે છે હાથી સામે હાથી, ઘોડાની સાથે ઘોડા, પાયદલ સાથે પાયદલ, શર – શક્તિ – બાણ – મુદ્ગર – સ્ફટીક શિલા – શૈલ વગેરે સેંકડો નંખાયા ત્યારે એકદમ સંપૂર્ણ આકાશતલ ઢંકાઇ ગયું.

તે પછી લંકા નગરીમાં રહેલા સુમાલીરાજાને શ્રેષ્ઠ લક્ષણોથી લક્ષિત રત્નશ્રવા નામે પુત્ર થયો. ૐ સુમાલીએ પોતાના પુત્રને રાજ્યપર સ્થાપન કરીને હર્ષપૂર્વક દીક્ષા લઇ સમસ્ત સુખ – દુઃખનો ક્ષય થવાથી મોક્ષમાં ગયા. ૐ રત્નશ્રવા રાજાને શ્રેષ્ઠ વિદ્યાઓ વશ હતી. અને શીલગુણથી શોભતી કૈકસી નામે પ્રિયા હતી. ૐ કૈકસીએ સૂર્ય – ચન્દ્ર આદિ સ્વપ્નોથી સૂચિત સુંદર લક્ષણોથી લક્ષિત એવા પુત્રને સારા દિવસે જન્મ આપ્યો. ૐ

પુત્રના કંઠમાં નવમણિમય હાર પહેરાવ્યો ત્યારે પ્રતિબિંબ પામેલા મુખમાં તે વખતે દશમુખ થયાં. ૐ રત્નનાં

કિરણોમાં પોતાના મુખ સરખા નવમુખો હારમાં દેખાયાં. તેથી તેનું નામ દશમુખ કર્યું. (૧) તેથી દશમુખ એ પ્રમાણે તેનું નામ સમસ્ત લોકમાં થયું. અનુક્રમે વૃધ્ધિપામતો તે માતા–પિતાને આનંદ કરનારો થયો. ૐ તે પછી કૈકસીએ કુંભકર્ણ નામના પુત્રને જન્મ આપ્યો. તે પછી રૂપથી દેવાંગનાને જીતી લીધી છે એવી સુર્પણખા નામે પુત્રીને જન્મ આપ્યો ૐ તે પછી કૈકસીએ સારા દિવસે સુંદર સ્વપ્નથી સૂચિત બિભીષણ નામના પુત્રને સુખપૂર્વક જન્મ આપ્યો. અનુક્રમે તે રાવણ વગેરે વૃધ્ધિપામતાં પુણ્યનાઉદયથી રૂપ – લાવણ્ય અને લક્ષ્મીથી વ્યાપ્ત છે શરીર જેનું એવા થયાં. ૐ માતા–પિતાના મુખેથી પોતાના શત્રુઓના ઘણા ઘણા પરાભવને જાણીને તે રાવણવગેરે ત્રણે ભાઇઓ ભીમ નામના અરણ્યમાં ગયા. ૐ ત્યાં તીવ્રતપ કરી પુષ્પવગેરે પૂજાની સામગ્રીવડે તેઓએ રોહિણીવગેરે શ્રેષ્ઠવિદ્યાને સાધી. ૐ રાવણને હજારો વિદ્યાઓ વશવર્તી થઇ. પૂર્વપુણ્યના ઉદયથી પ્રાણીઓને શું શું ન થાય ? ૐ તે વખતે રાવણને પુણ્યના યોગથી હજારો વિદ્યાઓ વશવર્તી થઇ. અને સાધના કરતા એવા તેને બીજી પણ ઘણી વિદ્યાઓ સિદ્ધ થઇ ૐ વિદ્યાની સાધના કરતા કુંભકર્ણરાજાને પૂર્વ પુણ્યના ઉદયથી એક હજાર વિદ્યાઓ થઇ. ૐ બિભીષણ રાજાને વિદ્યાઓની સાધના કરતાં પૂર્વ પુણ્યના ઉદયથી જ ત્રણસો વિદ્યાઓ થઇ. ૐ કહ્યું છે કે – મનુષ્યે આ પ્રમાણે સર્વ આદરપૂર્વક પુણ્ય કરવું જોઇએ. ને પુણ્ય કરવાથી કર્મ સાથે જોડાયેલી સિદ્ધિઓ પ્રાપ્ત થાય છે. ૐ

બીજા ગ્રંથોમાં રાવણની વિદ્યાપ્રાપ્તિનું સ્વરૂપ આ પ્રમાણે કહ્યું છે. કાલપૂરો થયો ત્યારે મોટી વિદ્યાઓ સિધ્ધ થઇ તે આ પ્રમાણે : –

આકાશગામિની – કામદાયિની – કામગામિની – બે વખત વિજય આપનારી –જયકર્મા – પ્રજ્ઞપ્તિ – ભાનુમાલિની – અનુમાલિની – મનસ્તંભિણી – ક્ષોભા – સુખદાયિની – રજોરૂપા – દિનરજનીકરી વિદ્યા ચારે બાજુ પ્રયત્નવાલી – સમાદ્રષ્ટિ – અજરામરા – વિષણ્ણા – જલસ્તંભિણી–અગ્નિસ્તંભિની ગિરિદારિણી – અવલોકિની – અરિવિધ્વંસી – ઘોરા – ક્ષીરા – ભુજંગિની તેમજ તરુણી – ભુવનવિદ્યા – દારુણી – મદનાશિની – રવિતેજા – ભયજનની–ઐશાની તેમજ જયા – વિજયા – બંધની – વારાહી – કુટિલા અને કીર્તિ જાણવી. વાતોદ્ભૂતા – અદૃશ્ય શક્તિ – કૌબેરી – શાંકરી – યોગિની – સિંહબલમથની – ચંદ્રાભાવર્ષિણી વગેરે તેને ઘણા પ્રકારની ગુણવાલી વિદ્યાઓ થોડા દિવસમાં રાવણને ત્યાં વશવર્તી થઇ. ૐ કુંભકર્ણને સર્વરક્ષા – વૃધ્ધિ આકાશગામિની – જૃંભિણી અને પાંચમી નિદ્રાણી એ સિધ્ધ થઇ. અને તે વખતે બિભીષણને સિધ્ધાર્થા – અરિદમની – નિર્વાતા – આકાશગામિન વગેરે વિદ્યાઓ પ્રાપ્ત થઇ. ૐ

આવા પ્રકારની મહાવિદ્યાઓ પ્રાપ્ત કરીને તે ત્રણે ભાઇઓ મહોત્સવપૂર્વક નગરીની અંદર પોતાના ઘરે આવ્યા. ૐ રાવણનો વિદ્યા પ્રાપ્તિ મહોત્સવ કરાતો હતો ત્યારે પિતામહ સુમાલી અને માલ્યવાન પણ આવ્યા. ૐ ભાઇ સહિત રાવણે ઊભા થઇને ઘણી ભક્તિપૂર્વક તે બન્નેનાં ચરણકમલને નમસ્કાર કર્યો. ૐ મનોહર એવી તે વિદ્યાઓવડે રાવણ સ્વેચ્છાપૂર્વક કૈલાસગિરિ – હિમવંતપર્વત – મેરુપર્વત વગેરેમાં નિશ્ચે ભ્રમણ કરતો હતો. વૈતાઢ્યપર્વતની દક્ષિણ શ્રેણીમાં સુરસંગીત નગરીમાં મયનામે વિદ્યાધર હતો અને તેને હેમવતી નામની પત્ની હતી. તે બન્નેને સુંદર શરીરવાલી મંદોદરી નામે પુત્રી થઇ. યૌવન અવસ્થામાં રહેલી પુત્રીને જોઇને મયવિદ્યાધરે મંત્રીઓની આગળ કહ્યું. ૐ આ પુત્રી સુંદર ઉત્સવપૂર્વક અપાશે. તે પ્રમાણે વિચારીને તે વખતે મયવિદ્યાધર રાવણને આપવા માટે ચાલ્યો. ૐ માર્ગમાં જતાં એવા

મયવિદ્યાધરે ભુવનની વચ્ચે રહેલી દેદીપ્યમાન કન્યાને જોઇને કહ્યું કે તું કોણ છે ? ને શા માટે અહીં રહી છે ? ꖿ તે સ્ત્રીએ કહ્યું કે – મારો ભાઇ દશાનન જિનેશ્વરોને નમસ્કાર કરવા માટે મેરુપર્વત પર ગયો છે. ચંદ્રનખા એવી મને તેણે અહીં આખડ્ગની રક્ષા માટે રાખી છે. ꖿ અને ચન્દ્રપ્રભાસ નામની તે તલવાર શ્રેષ્ઠ છે એટલામાં અહીં મેરુપર્વતપરથી દશાનન આવ્યો ꖿ હવે મયવિદ્યાધરે દશાનનને શ્રેષ્ઠવર જાણીને તેને સારા ઉત્સવપૂર્વક મંદોદરી પુત્રી આપી.

કુંભકર્ણ મહોદર રાજાની તડિત્માલા નામની શ્રેષ્ઠપુત્રીને જેમ મેઘ વીજળીને પરણે તેમ પરણ્યો. ꖿ બિભીષણ પિતાના આદેશથી અત્યંત હર્ષપૂર્વક – વીર વિદ્યાધરની પુત્રી પંકજશ્રીને પરણ્યો. ꖿ મંદોદરી રાણીએ શુભલગ્ને પ્રથમ ઇન્દ્રજિત અને પછી મેઘનાદ પુત્રોને અનુક્રમે જન્મ આપ્યો. ꖿ કોઇકના મુખેથી રાવણે ઇન્દ્રના સેવક વૈશ્રમણને જાણીને ત્યાં જઇને રાવણે તેની સાથે ઘણું યુદ્ધ કર્યું. ઘણા દિવસો થયા ત્યારે પોતાને યુધ્ધમાં જિતાયેલો જાણીને જીવ લઇને વૈશ્રમણ અત્યંત દૂર નાસી ગયો. ꖿ તે વખતે વૈશ્રમણ પણ હૃદયમાં અસારએવા સંસારને જાણી દીક્ષા લઇ સર્વકર્મના સમૂહનો ક્ષય કરી મોક્ષમાં ગયો. ꖿ

વૈશ્રમણને જીતીને તેની સર્વલક્ષ્મી લઇ જલદીથી રાવણ પુષ્પક વિમાનમાં ચડી પોતાની નગરીમાં આવ્યો. ꖿ હર્ષિત થયું છે ચિત્ત જેનું એવા રાવણે તે ઇન્દ્રના સેવક વૈશ્રમણને જીતીને પોતાના મિત્ર આદિત્યરજાને કિષ્કિંધા નગરી આપી. ꖿ નવું ઋક્ષપુર કરીને ઋક્ષરજાને આપ્યું આદિત્યરજાને વાલી નામે બલવાન પુત્ર હતો. ꖿ અને બીજો સુગ્રીવનામે સુંદર પરાક્રમવાલો પુત્ર થયો. અને તેને અનુક્રમે સુપ્રભા નામે નાની કન્યા હતી. ꖿ ઋક્ષરજાની શ્રેષ્ઠપત્ની હરિકાંતાએ સારા દિવસે શ્રેષ્ઠ લક્ષણવાલા નલ અને નીલ નામના બે પુત્રોને જન્મ આપ્યો. ꖿ હવે પિતાએ પોતાના પુત્ર નલ અને નીલને પંડિત પાસે ભણાવ્યા. સર્વ શાસ્ત્રોમાં તે બન્ને અત્યંત વિદ્વાન થયા ꖿ હવે વૈરાગ્યવાસિત થયેલા આદિત્યરજાએ કિષ્કિંધા નગરીમાં બાલક એવા પુત્રને સારા ઉત્સવપૂર્વક રાજય આપ્યું ꖿ તેણે સુગ્રીવને યુવરાજ પદ આપ્યું. આદિત્યરજાએ જિનમંદિરમાં અષ્ટાહ્નિકા મહોત્સવ કર્યા. ꖿ ઘણા રાજાઓની સાથે સારા દિવસે આદિત્યરજાએ શ્રી સુવ્રતગુરુની પાસે સંયમ સ્વીકાર્યો. ꖿ હવે ખરવિદ્યાધરે આદિત્યરજાના પુત્ર ચન્દ્રોદર રાજાને જીતીને સુર્પણખાનું હરણ કરીને પાતાલલંકા ગ્રહણ કરી. ꖿ ખરવડે સુર્પણખાનું હરણ થયેલું જાણીને રાવણ રોષ પામ્યો. અને તેને હણવા માટે ચાલતો રાવણ મંદોદરી પત્નીવડે અટકાવાયો ને (અને કહ્યું કે) ꖿ આ ખર વિદ્યાધર પણ વિદ્યાઓના બલવાળો છે, આથી જો તેને સુર્પણખા અપાય તો સારું. ꖿ

આદિત્યરજાના શ્રેષ્ઠ બલવાન એવા ચન્દ્રોદર નામના પુત્રને તેના નગર પાતાલલંકામાં યુધ્ધમાં ખરે હણ્યો છે. કદાચ તમારીસાથે યુધ્ધમાં ખરવિદ્યાધર હણાય તો તમારી બહેન ખરેખર ધણી વગરની થશે. ꖿ તે પછી રાવણની બહેન સુર્પણખાને સારા દિવસે સારા ઉત્સવપૂર્વક ખરવિદ્યાધર પરણ્યો. ꖿ ચાલી ગયો છે ક્રોધ જેનો એવા રાવણે પોતાની બહેનના ધણી ખરવિદ્યાધરને દૂષણ સહિત ચન્દ્રોદરના રાજયઉપર સારા ઉત્સવપૂર્વક સ્થાપન કર્યો. (૪૦૦ ) ચન્દ્રોદર રાજા મરી ગયો ત્યારે તેની સ્ત્રી અનુરાધા વનમાં રહી. ને ગુણના ઘરસરખા સુંદર વિરાધ નામના પુત્રને જન્મ આપ્યો. ꖿ

કિષ્કિંધા નગરીમાં બલવાન અને જીતી લીધા છે સર્વ શત્રુઓ જેણે એવા વાલીને સાંભળીને રાવણે દૂત મારફત

નિશ્ચે બોલાવ્યો. ㊂ વાલીએ કહ્યું કે : – અરિહંત વિના બીજા કોઇ દેવને અને રાજાને હું કોઇ પણ ઠેકાણે નમતો નથી. અને પ્રાણનો નાશ થાય તો પણ હું રાવણને નમીશ નહિ. ㊂ આ સાંભળીને ક્રોધ પામેલો રાવણ – મોટું સૈન્ય ભેગું કરી શત્રુઓના માનસને ( મનને ) કંપાવતો વાલીને જીતવા માટે ચાલ્યો. ㊂ બલવાન એવા વાલીસાથે યુધ્ધ કરતો રાવણ – ચન્દ્રહાસ તલવાર સહિત કંઠમાં પકડાયેલો તે પશુની જેમ તે વખતે નાસવા લાગ્યો. ㊂ વાલી મનુષ્યોના દેખતાં ખડ્ગસહિત રાવણને કાંખના પોલાણમાં નાંખીને હંમેશાં ચારસમુદ્રો ભમવા લાગ્યો. ㊂ રાવણને કાંખમાં નાંખીને તેના વૈરીઓના ઘરને વિષે બતાવીને આપ્તપુરુષોને પ્રણામ કરાવી શાશ્વત એવાં જિનમંદિરોમાં જાય છે. ㊂ ત્યાં એક વખત ધનાચાર્ય પાસે વાલી ધર્મ દેશના સાંભળવા માટે ગયો. ત્યારે ગુરુએ આ પ્રમાણે કહ્યું. ㊂ પ્રાણીઓને ઘરની ચેષ્ટા વડે કરીને ચાર પ્રહરો જાય છે તેના ચોથા ભાગમાં અથવા તેના અર્ધભાગમાં ધર્મનો સંગ્રહ કરવો જોઇએ. ㊂ કહ્યું છે કે બોંતેર કલામાં કુશલ એવા પણ પંડિતપુરુષો જો સર્વ કળાઓમાં શ્રેષ્ઠએવી ધર્મકલાને જાણતા નથી. તો તે અપંડિત – મૂર્ખ જ છે. ㊂

**तं रुवं जत्थ गुणा, तं मित्तं जो न विहाडेइ।**
**सो अत्थो जो हत्थे, तं विन्नाणं जहिं धम्मो।।**

રુપ તે છે કે જ્યાં ગુણો હોય, મિત્ર તે છે કે જે ત્યાગ ન કરે ( છોડી ન દે ), પૈસો તે છે કે જે હાથમાં હોય, વિજ્ઞાન તે છે કે જેમાં ધર્મ હોય. ㊂ બંધન – છેદન આદિવડે કરીને પારકાને પીડા ન કરવી જોઇએ. મહાત્મા પુરુષોને અને રાજાને વિશેષ કરીને પીડા ન કરવી જોઇયે. ㊂ ક્રોધ પ્રીતિનો નાશ કરે છે. માન વિનયનો નાશ કરે છે. માયા મિત્રોનો નાશ કરે છે. અને લોભ સર્વનો વિનાશ કરે છે. ㊂ ઉપશમવડે ક્રોધને હણવો જોઇએ. મૃદુતાવડે માનને જીતવો જોઇએ. સરળભાવથી માયાને જીતવી જોઇયે. ને સંતોષથી લોભને જીતવો જોઇયે. ㊂

તે પછી રાવણને છોડી પોતાનું પાપ ખમાવી બળવાન એવા વાલીએ બળાત્કારે રાવણને જલદીથી લંકાતરફ વિસર્જન કર્યો. ㊂ વૈરાગ્યવાસિત એવા વાલીએ સુગ્રીવને પોતાના પદે સ્થાપન કરી. જિનમંદિરમાં અષ્ટાહ્નિકા મહોત્સવ કરીને ચારિત્ર ગ્રહણ કર્યું. ㊂ સુગ્રીવે રાવણને શ્રીપ્રભા નામની પુત્રી આપી. અને હર્ષવડે વાલીના પુત્ર ચન્દ્રરશ્મિને યુવરાજ પદ આપ્યું ㊂ એક વખત રાવણ વૈતાઢ્ય પર્વતપર વાયુવેગ વિદ્યાધરની શ્રેષ્ઠ પુત્રી રત્નવતિને પરણવા માટે આકાશમાર્ગે ચાલ્યો. ㊂ રાવણ અષ્ટાપદપર્વતઉપર જતો હતો ત્યારે તેનું પુષ્પક વિમાન એકદમ અટકી ગયું. ㊂ નીચે વાલી મુનિને જોઇને રાવણ વિચારવા લાગ્યો કે સાધુવેશ ધારણ કરનાર આ મુનિએ નક્કી મારું વિમાન રોક્યું છે.㊂

આ વાલીમુનિ દંભથી સાધુવેશને ધારણ કરતો મારાપર ક્રોધવાલો મારાપર દ્રોહ કરનારો હજુ પણ તે કપટી દેખાય છે. કહ્યું છે કે :

**मायाशील: पुरूषो - यद्यापि न करोति किंचिदपराधम्।**
**सर्प इवाविश्वास्यो, भवेत् तथाप्यात्मदोषहत: ।।**
**पृष्ठत: सेवयेदर्कं - जठरेण, हुताशनम्।**
**स्वामिनं सर्वभावेन, तथा वंचयते शठ: ।।**

માયાના સ્વભાવવાળો પુરુષ જો કે કોઇ અપરાધ કરતો નથી. તો પણ પોતાના દોષથી હણાયેલો સર્પની જેમ વિશ્વાસ કરવા લાયક ન થાય. ૐ પાછલથી સૂર્યની સેવા કરવી જોઇએ. જઠરવડે અગ્નિની સેવા કરવી જોઇએ સ્વામીની સર્વભાવથી સેવા કરવી જોઇએ. તેવી રીતે લુચ્ચો ઠગે છે. ૐ હમણાં મુનિએ વ્રતનાદંભથી મારું વિમાન સ્ખલના પમાડ્યું છે. આથી તે મુનિને પર્વતસહિત લવણ સમુદ્રમાં નાંખી દઉં. ૐ પહેલાં પણ તેણે મને ઘણા દિવસ સુધી કાંખમાં – બગલમાં નાંખ્યો હતો. હમણાં સાધુપણામાં પણ મારી સાથે વૈરને છોડતો નથી. ૐ આથી સાધુના પ્રાણોને યમના ઘરમાં લઇ જઇને ઘણા કાલથી શત્રુથી રહિત થયેલો હું સ્વસ્થ થાઉં. ૐ તે પછી પૃથ્વીને ચીરીને પર્વતની નીચે પ્રવેશ કરીને એકાગ્રમનવાળા રાવણે સાર્વતોત્પાટિની વિદ્યાને યાદ કરી. ૐ

પર્વતોત્પાટિની વિદ્યાનાબલથી તે પર્વતને સ્કંધઉપર – ખભાઉપર કરીને રાવણરાજાએ જેટલામાં પ્રયત્ન કર્યો. તેટલામાં વારંવાર તૂટતા છે સાંધાઓ જેના એવા – ઉદ્‌ભ્રાંત થઇ છે પર્વતોની પરંપરા જેમાં, કંપતી છે વૃક્ષોની શ્રેણી જેમાં એવાં શિખરોના સમૂહો પડવા લાગ્યા. ૐ

ઉન્માર્ગે ચાલતો છે પાણીનો પ્રવાહ જેનો – ઘણા વાયુવાળો અષ્ટાપદપર્વત તે વખતે અત્યંત ભય કરનારો થયો. ૐ વાલી ( મુનિ ) વિચારવા લાગ્યા કે ક્યો પાપી પર્વતને ઉપાડીને હમણાં સમુદ્રમાં નાંખવા તૈયારી કરે છે? તેથી તે તીર્થનો વિનાશ થશે. ૐ શક્તિ હોવા છતાં પણ જે તીર્થનો વિનાશ કરનારા મનુષ્યને અટકાવતો નથી તેને ઘણું પાપ થાય છે. ૐ આ પ્રમાણે વિચાર કરીને તે મુનિએ ડાબા પગનો અંગૂઠો દબાવીને અષ્ટાપદપર્વતના શિખરને કંઇક દબાવ્યું. ૐ તે વખતે દશમુખ રાવણ સંકોચ પામ્યો છે દેહ જેનો એવો અને વમન થયેલા લોહીથી મલિન થયેલો દીનની પેઠે જગતને શબ્દમય કરતો ચીસ પાડવા લાગ્યો. ૐ

તે વખતે દેવોએ કહ્યું કે હે મુનિ ! પર્વતને દબાવશો નહિ. આ દશાનન એક રમતમાંજ – ચપટીમાં જ મૃત્યુ પામશે. ૐ હે મુનીશ્વર ! મહેરબાની કરીને આ રાવણને જીવિત આપો. હવે પછી તે દશમુખ અપરાધ કરશે નહિ. ૐ તે પછી દયામાં તત્પર એવા વાલીમુનિએ રાવણઉપર મહેરબાની કરીને જલદી તે પર્વતને અત્યંત દબાવવાથી અટક્યા. ૐ રાવણે નીકળી વાલીમુનિને ખમાવીને આ પ્રમાણે કહ્યું. આ પાપથી નિશ્ચે મારી નીચે ગતિ થશે. ૐ પર્વતની નીચે રહેલા વાલીના અંગૂઠાથી પીડા પામેલા તેણે ચીસ પાડી. તેથી દેવોએ તેનું " રાવણ " એવું નામ કર્યું. ૐ તે પછી મંત્રીઓએ કહ્યું કે હે નરાધમ રાવણ ! ક્યારે પણ ઉત્તમ પુરુષોએ સાધુ આદિને હણવા ન જોઇએ. ૐ કહ્યું છે કે – સાધુ – બ્રાહ્મણ – ગાય – સ્ત્રી – પશુ –બાલક અને વૃધ્ધ કદાચ કોઇ દોષ કરે તો પણ તેમને મારવાં નહિ. ॥ તે પછી રાવણે અંતઃપુરસહિત ભરતમહારાજાએ કરાવેલા ચૈત્યમાં શ્રી ઋષભદેવ આદિ જિનેશ્વરોની પૂજા કરી. ૐ પોતાના અપરાધને ખમાવીને તે વખતે રાવણે ભાવપૂજા માટે પોતાના નસની તંત્રી અને હાથને વીણા કરી. ૐ તેવા પ્રકારની વીણાવડે કરીને શ્રી જિનેશ્વરની આગળ પૂજા કરતો રાવણ પ્રભુની સાથે ભાવથી એકતાવાળો થયો. ૐ તે વખતે ત્યાં આવેલા શેષનાગે–ધરણેન્દ્રે ભક્તિવડે જિનેશ્વરોને નમીને ધ્યાનમાં ચઢેલા રાવણને જોઇને હર્ષિત થયો. અને તેણે કહ્યું ૐ હે પ્રભુભક્ત રાવણ ! તું ઇચ્છિત વરદાન માંગ. રાવણે કહ્યું કે લાંબાકાળ સુધી મને પ્રભુની ભક્તિજ થાઓ. ૐ

રાવણે નહિ ઇચ્છવા છતાં પણ સર્પરાજે પ્રભુના ભક્ત એવા રાવણને અમોઘવિજયાશક્તિ અને વિદ્યાઓ આપીને

ચાલ્યો ગયો. ક્ર તે પછી નિત્યાલોક નગરમાં જઈને જિનેશ્વરોને નમસ્કાર કરીને વાયુવેગની પુત્રી રત્નવતીને પરણ્યો. ક્ર વૈતાઢ્યપર્વતઉપર બીજી પણ શ્રેષ્ઠ વિદ્યાધર કન્યાઓને પરણીને રાવણ પોતાની નગરી લંકામાં આવ્યો. ક્ર

આ તરફ વાલીમુનિ પણ તીવ્રતપ કરતાં પરમતેજનું ધ્યાન કરતાં ઘાતિકર્મોનો ક્ષય થવાથી તરત કેવલજ્ઞાન પામ્યા ક્ર પછી વાલીમુનિ ઘણાં ભવ્યપ્રાણીઓને સદ્ધર્મને વિષે પ્રતિબોધ પમાડી આયુષ્યનો ક્ષય થવાથી શ્રી શત્રુંજયગિરિ ઉપર મુક્તિ પામ્યા. ક્ર તે વખતે પ્રતિમાધારી – કાઉસ્સગ્ગધ્યાને રહેલા બારલાખ મુનિઓ કેવલજ્ઞાન પામી મુક્તિમાં ગયા. ક્ર હવે જ્વલનશિખ વિદ્યાધરની સ્ત્રીએ શ્રેષ્ઠપુત્રીને જન્મ આપ્યો. પિતાએ જન્મોત્સવ કરીને તેનું નામ " તારા " એ પ્રમાણે આપ્યું. ક્ર યૌવનમાં રહેલી સુંદરરૂપવાલી તેને પરણવા માટે સાહસગતિ નામનો વિદ્યાધર આવીને હંમેશાં માંગણી કરતો હતો. ક્ર આ બાજુ નિર્મલ પરાક્રમવાળો સુગ્રીવ આવીને તારા નામની કન્યાને સુંદર ઉત્સવપૂર્વક પરણીને પોતાનાં નગરમાં ગયો. ક્ર

તારાએ સારા દિવસે સૂર્ય અને ચન્દ્ર ઉચ્ચ સ્થાનમાં હતા ત્યારે ઉત્તમ સ્વપ્નથી સૂચિત અંગદ અને જય નામના પુત્રોને જન્મ આપ્યો. ક્ર તે સાહસગતિ વિદ્યાધરે લોકોના મુખેથી સુગ્રીવે પરણેલી તારાને સાંભળીને વિચાર્યું કે ખરેખર હું ઠગાઇ ગયો. ક્ર તારાને અંગીકાર કરવાની ઇચ્છાવાળો તે સાહસગતિ વિદ્યાધર વિદ્યા સાધવા માટે સુંદર હિમવંત પર્વતઉપર ગયો. ક્ર આ બાજુ ઘણા અહંકારી – ખોટા ઉન્માદથી ઉધ્ધત એવા ઇન્દ્ર વિદ્યાધરને સાંભળીને ખર વગેરે વિદ્યાધરો સહિત સુગ્રીવથી સેવાયેલો સારા દિવસે ચતુરંગ સેના સહિત અનેક શત્રુઓના સમૂહને જીતનારો રાવણ ચાલ્યો. ક્ર જતો એવો રાવણ રેવાનદીના કિનારે રહ્યો. ત્યાં અરિહંતના બિંબની સ્થાપના કરીને સુંદરપુષ્પોવડે પૂજાકરી. ક્ર પ્રભુની આગળ રાવણ ધ્યાનમાં લીન હતો ત્યારે ઓચિંતા આવેલા પાણીના પ્રવાહવડે પ્રભુની પૂજાધોવાઇ ગઇ ક્ર રાવણ ક્રોધ પામ્યો ત્યારે કોઇક માણસે આવીને કહ્યું કે : – આ બાજુ માહિષ્મતિ નગરીનો સ્વામી સહસ્રાંશુ નામે રાજા છે. ક્ર તેણે રોકેલા પાણીના પ્રવાહને છોડવાથી જિનેશ્વરની પૂજા ધોવાઇ ગઇ. આથી રાવણ ક્રોધ પામ્યો. ક્ર રાવણે તે રાજાને જીતવા માટે સેવકો મોકલ્યા. સેવકો સહસ્રાંશુ રાજાવડે હણાયેલા પાછા આવ્યા. ક્ર તે પછી રાવણ ત્યાં જઇ તે શત્રુને જીતી દૃઢ બંધાયેલા સહસ્રાંશુને પોતાની છાવણીમાં લઇ ગયો. ક્ર

જય જય શબ્દ બોલાતા હતા ને રાવણ જેટલામાં સવારે સભામાં બેઠો તેટલામાં આકાશમાર્ગે એક સાધુ આવ્યા. ક્ર રાવણ સાધુને નમસ્કાર કરી શ્રેષ્ઠઆસનપર બેસાડીને ધર્મ સાંભલવા બેઠો. તેટલામાં મુનિએ કહ્યું કે : –

**धर्म्माज्जन्म कुले शरीरपटुता, सौभाग्यमायुर्बलं,**
**धर्म्मेणैव भवन्ति निर्मलयशो, विद्यार्थसम्पत्तय: ।**
**कान्ताराच्च महाभयाच्च, सततं, धर्म परित्रायते,**
**धर्म्म: सम्यगुपासितो भवति च, स्वर्गापवर्गप्रद: ॥४६८॥**

ધર્મથી સારા કુલમાં જન્મ – શરીરની સુંદરતા – સૌભાગ્ય આયુષ્ય – બલ થાય છે. ધર્મથી જ નિર્મલ યશ વિદ્યા અને અર્થસંપત્તિ થાય, ધર્મ હંમેશાં જંગલ અને મહાભયથી રક્ષણ કરે છે. સારી રીતે સેવાયેલો તે ધર્મ સ્વર્ગ

અને મોક્ષ આપનારો થાય છે. ફ્ર રાવણે કહ્યું કે હે મુનિ ! તમે કેવી રીતે વૈરાગ્યથી વ્રત લીધું ? તેમણે કહ્યું કે માહિષ્મિતિ નગરીમાં ભીમનામે વિદ્યાધર હતો ફ્ર તેને સહસ્રાંશુ નામે વિનયવાળો નીતિવાળો – ધર્મ અને કર્મની કલાને જાણનાર દયાયુક્ત ચિત્તવાલો પુત્ર થયો. ફ્ર

કેટલાક મનુષ્યો તીવ્ર અભ્યાસ કરવાથી દોરડા પર ચાલે છે. તેમજ તર્ક – વ્યાકરણ આદિ શાસ્ત્રમાં નિપુણ અભ્યાસવાળા થાય છે. કેટલુંક શિલ્પ જાણે છે. તે ગાઢ વિનય – નિર્મલ એવું જે શ્રુત – અને રાગ વગરનું મન. અખંડિત એવું સજ્જનપણું તેજ ગુણ છે અને તેનાવડેજ પુરુષ વિદ્વાન છે. ફ્ર

કરોળિયો સુગરી – શુષ્માશિ અને હંસ વગેરેમાં શું વિજ્ઞાન નથી ? બળદ અને લાવક કુળમાં, ઘેટા અને કૂકડામાં શું દ્વેષ દ્વંદ નથી ? મયૂર અને કોયલમાં શું ગીત નથી ? મેના અને પોપટમાં શું નૃત્ય નથી ? પરંતુ મનુષ્યપણામાં ઉત્તમ ધર્મના આચરણમાં ચતુરતા છે. ફ્ર

એક વખત ભીમ – ગોખમાં રહેલો આકાશમાં મોટા વાદળને જોઇને સવારમાં ફરીથી વારંવાર જુએ છે. (૪૭૩) તેટલામાં ત્યાં ચારે તરફથી તીવ્રવાયુ આવ્યો. ને વીજળીના ગર્જારવ સહિત વાદળું વીખરાઇ ગયું ફ્ર વાદળા સરખા સંસારને જોઇને આ સહસ્રાંશુ નામના પુત્રને રાજ્યપર સ્થાપન કરીને મેં મોક્ષસુખને આપનારી દીક્ષા ગ્રહણ કરી. ફ્ર મુનિના પુત્ર સહસ્રાંશુને જાણીને બંધનમાંથી મુક્ત કરાવી – ખમાવીને રાવણ – તેણે પોતાના રાજ્યપર સ્થાપન કર્યો. ફ્ર સહસ્રાંશુ પણ રાવણને મોટું ભેટણું આપીને ખમાવીને કહ્યું કે હવે પછી હું તમારો કિંકર – સેવક છું. સહસ્રકિરણ રાજાએ પોતાના રાજ્યઉપર પોતાના પુત્ર – ભીમને સ્થાપન કરી પવિત્ર મનવાલા તેણે પિતાની પાસે દીક્ષા લીધી. ફ્ર તે પછી ભીમસેન સહિત હંમેશાં તપમાં તત્પર એવા સહસ્રાંશુ મુનિ મોક્ષ આપનારા એવા શ્રીશત્રુંજયતીર્થ ઉપર ગયા. ફ્ર તે શ્રીશત્રુંજયપર્વતઉપર નિરંતર તપ કરતાં ભીમ અને સહસ્રાંશુ લોકાલોકને પ્રકાશ કરનારું કેવલજ્ઞાન પામ્યા.ફ્ર

તે પછી જતાં એવા રાવણે રેવાનદીના કિનારે ઘણાં પશુ – ઘોડા – અને દીન પક્ષીઓને જોઇને આ પ્રમાણે સેવકોને કહ્યું. ફ્ર અહીં અગ્નિ કેમ સળગાવાય છે ? અહીં પશુઓ કેમ દેખાય છે ? ચાકરોએ કહ્યું કે હમણાં બ્રાહ્મણો વડે યજ્ઞ કરાય છે. ફ્ર બ્રાહ્મણો ધર્મ – બુધ્ધિથી એ પશુઓને અગ્નિમાં નાંખશે. તે પછી રાવણ તે યજ્ઞમાં જઇને આ પ્રમાણે બોલ્યો. ફ્ર તમે ધર્મને માટે આ પશુઓને અગ્નિમાં કેમ નાંખો છો ? વિચારને નહિ જાણનારા તમે નરકની પૃથ્વીમાં જશો ફ્ર આ લોકમાં જીવોની હિંસાથી પરલોકમાં નરક વગેરેમાં પ્રાણીઓ દુઃખની પરંપરાને પામે છે. એમાં શંકા નથી. ફ્ર કહ્યું છે કે હે યુધિષ્ઠિર !

જે પ્રાણીઓની દયા કરી શકે તે સર્વવેદો કરી શકતા નથી. સર્વયજ્ઞો કરી શકતા નથી. અને સર્વતીર્થનો અભિષેક કરી શકતા નથી. (૧) એક જીવને અભયની દક્ષિણા આપવી સારી. પરંતુ હજારો બ્રાહ્મણોને હજારો શણગારેલી હજાર ગાયો આપવી સારી નહિ. (૨) મોટા એવા પણ દાનોનું ફળ – કાલે કરીને ક્ષય પામે છે. પરંતુ ભયભીત જીવોને અભય આપવાનું ફલ ક્ષય પામતું નથી. (૩) હે યુધિષ્ઠિર ! પશુના અવયવોને વિષે જેટલાં રુવાંટાં હોય તેટલાંહજાર વર્ષસુધી પશુનો ઘાત કરનારા ( નરકમાં ) પકાવાય છે. (૪) હે અર્જુન ! હું પૃથ્વીને વિષે , વાયુને વિષે , અગ્નિને વિષે,

પાણીને વિષે વનસ્પતિમાં રહેલો અને સર્વ પ્રાણીઓમાં રહેલો છું. (૫)જે મને સર્વમાં રહેલો જાણીને ક્યારે પણ હિંસા ન કરે. તેનો હું નાશ કરતો નથી. અને તે મારો નાશ કરતો નથી. (૬) મરતાં એવા કોઇ જીવને સોનાનોપર્વત અથવા રાજ્ય પણ આપે તો પણ તે અનિષ્ટનો ત્યાગ કરીને જીવ – જીવિતને ઇચ્છે છે. (૭)

યજ્ઞસ્તંભ કરી, પશુઓને કાપી લોહીનો કાદવ કરી જો સ્વર્ગમાં જવાતું હોય તો નરકમાં કોણ જાય ? (ઋ) ઇત્યાદિ ઘણા શ્લોકોવડે કરીને રાવણે હિંસામય યજ્ઞનો નિષેધ–કરી બ્રાહ્મણો પાસે દયામય ધર્મ અંગીકાર કરાવ્યો. ઋ કહ્યું છે કે :–

**आत्मानदी संयमतोयपूर्णा - सत्यावहाशीलतटादयोर्मिः ।।**
**तत्राऽभिषेकं कुरू पाण्डुपुत्र ! न वारिणा शुद्ध्यति चान्तरात्मा ।।४८८।।**

આત્મારૂપી નદી – સંયમરૂપી પાણીથી ભરેલી –સત્યને વહન કરતી શિયલરૂપ કિનારાવાળી ને દયારૂપી તરંગવાલી છે. હે પાંડુપુત્ર ! ત્યાં તું સ્નાન કર. અંતરઆત્મા પાણીવડે શુધ્ધ થતો નથી. ઋ તે પછી તે બ્રાહ્મણો આદરપૂર્વક જૈનધર્મને કરતાં શ્રી શત્રુંજય તીર્થઉપર હર્ષથી લાંબાકાળ સુધી તપ કરવા લાગ્યા ઋ અનુક્રમે કર્મક્ષય કરી – શ્રી શત્રુંજયતીર્થઉપર મોક્ષે ગયા. ત્યાં રાવણે "તાપસ" નામે વિહાર (મંદિર) બનાવ્યું. હવે રાવણે અનેક ચાકર સહિત હાથી ઘોડાના સૈન્યથી શોભતાં કુંભકર્ણ વગેરે ભાઇઓને નલકુબર નામના શત્રુને જીતવા માટે ઘણાં સારાં શુકનો થયાં ત્યારે સારા દિવસે મોકલ્યા. ઋ પોતાની નગરીમાં ચારે તરફ સેંકડો યોજન સુધી આશાલી નામની વિદ્યાવડે કરીને બલવાન એવો કિલ્લો શત્રુરાજાએ કર્યો ઋ તે નગરીની પાસે કુંભકર્ણ વગેરે રાજાએ સળગતી જવાળાઓવડે વીટળાયેલા તે કિલ્લાને જોઇ શકતા નથી. ઋ કુંભકર્ણ વગેરે રાજાઓ તે નગરીમાં પ્રવેશ કરવા માટે અશક્ત – દીનમાનવાળા ને લજ્જા પામેલા ચિત્તવાલા થયા ઋ ત્યાંથી પાછા ફરી રાવણની પાસે આવીને તેઓએ દુર્લંધ્ય નગરનું અગ્રાહ્ય સ્વરૂપ જણાવ્યું. ઋ હવે રાવણ – દુર્લંધ્ય નગર પાસે આવીને ત્વરિતપણે સળગતાં અગ્નિમય કિલ્લાને જોયો ઋ ત્યાં રાવણરાજાએ અગ્રાહ્ય નગર જાણીને અદ્વિતીય ચિત્તવાલા તેણે સર્વ ઇચ્છિત આપનારી વિદ્યાને યાદ કરી. ઋ હવે રાવણ ઉપર અનુરાગવાલી નલકુબરની પત્નીએ પોતાની જાતે આવીને તે રાવણને જલદી આશાલીની નામની વિદ્યા આપી. ઋ તેજ વિદ્યાથી જલદીથી અગ્નિમય કિલ્લો દૂર કરીને તે નગર અને સુદર્શન નામનું ચક્ર – તેણે ગ્રહણ કર્યું. (૫૦૦) કહ્યું છે કે :–

ધર્મથી ઉત્તમ કુલમાં જન્મ થાય છે. ધર્મથી દિવ્યરૂપની પ્રાપ્તિ થાય છે. ધર્મથી ધનની સમૃદ્ધિ થાય છે. ધર્મથી – વિસ્તારવાલી કીર્તિ થાય છે. (૧)

ધર્મ એ તુલના ન કરી શકાય એવું મંગલ છે. ધર્મ એ સર્વ દુઃખોનું અતુલ ઔષધ છે. ધર્મ એ મોટું બલ છે. ધર્મ એ ત્રાણ અને શરણ છે (૨)

હવે નલકુબર રાજાએ રાવણને પ્રણામ કરીને કહ્યું કે હે રાવણ ! હવે પછી હું તમારોજ સેવક છું ઋ રાવણે તેને તે રાજ્ય આપીને તેની પ્રિયાને તું મારી બહેન છે એમ કહીને પોતાની નગરીમાં મોકલી. ઋ તે પછી રાવણે

વૈતાઢ્ય પર્વતપર આવી રોષથી રથનૂપુર નામના નગરને ઘેરો ઘાલ્યો ॐ તે વખતે ક્રોધરૂપી અગ્નિથી બળી ગયું છે ચિત્ત જેનું એવા વિદ્યાધરના અધિપતિ ઇન્દ્રે – રાવણ રાજાને પોતાનું બલ જણાવ્યું. ॐ અને કહ્યું કે જો યુધ્ધ કરવામાં આવેતો જીવનો વધ થાય. આથી હમણાં હું અને તમે પરસ્પર યુધ્ધ કરીયે ॐ તે પછી તે બન્ને હાથીઉપર ચઢેલા પોતપોતાના વિદ્યામય અસ્ત્રને વર્ષાવતાં મનુષ્ય અને દેવોને પણ એ વખતે ભય આપનારા થયા. ॐ યુધ્ધ કરતા રાવણે ઇન્દ્રને મજબૂત બંધનોવડે બાંધીને ઇન્દ્રના સેવકોપાસે ક્રીડામાત્રમાં પોતાની આજ્ઞા ગ્રહણ કરાવી. ॐ ચારે બાજુ રાવણ જય ઢક્કાને વગાડાવતો લંકામાં આવીને પક્ષીની જેમ ઇન્દ્રને કેદખાનામાં નાંખ્યો. ॐ

હવે સહસ્રારે આવીને ભક્તિવડે રાવણને નમીને કહ્યું કે મારા પુત્રને મહેરબાની કરીને કેદમાંથી છોડો. હું તેને કેદખાનામાંથી છોડીશ ત્યારે રાજ્ય આપીશ. રાવણનું વચન સ્વીકારીને ઇન્દ્ર પોતાના નગરમાં આવ્યો. ॐ હંમેશાં લંકાને સાફ કરતો એક વખત લજ્જામાં તત્પર એવા તેણે પોતાના પુત્રને રાજ્યઉપર સ્થાપન કરીને સંયમલક્ષ્મીને ગ્રહણ કરી. ॐ લાંબા વખત સુધી તપતપીને સંપૂર્ણ આઠે કર્મનો ક્ષયકરી ઇન્દ્રમુનિ કેવલજ્ઞાન પામી લોકોને પ્રતિબોધ કરવા લાગ્યા. ॐ

ઘણાં લોકોને પ્રતિબોધ કરી શત્રુંજયપર્વતઉપર એક હજાર સાધુઓ સહિત આયુષ્યનો ક્ષય થવાથી ઇન્દ્રમુનિ મોક્ષ પામ્યા. ॐ તે વખતે રાવણે પરસ્ત્રીના સંગથી પોતાના મૃત્યુને જાણી હંમેશાં ઇચ્છતી એવી પણ સ્ત્રીનો નિષેધ કરતો હતો. ॐ વરુણ સાથેના યુધ્ધમાં હનુમાનના પ્રચંડબલને જોઇને હર્ષિત થયેલા રાવણે પૂછ્યું કે આ કોનો પુત્ર છે ? ॐ

મંત્રીશ્વરે કહ્યું કે આદિત્યપુરમાં પ્રહલાદ રાજાની કેતુમતિ પત્નીથી ઉત્પન્ન થયેલો પવનંજય નામે પુત્ર હતો. ॐ તેણે માહેન્દ્ર નગરના સ્વામી મહેન્દ્રરાજાની પુત્રી અંજનાસુંદરીને પાણિગ્રહણ કરી સ્વીકારી. ॐ પવનંજયરાજા અને અંજનાસુંદરીથી ઉત્પન્ન થયેલો આ હનુમાન નામે પુત્ર પ્રબલ પરાક્રમી છે. ॐ એક વખત વિમાનવેગથી જતું હતું ત્યારે માતાની પાસેથી પડતાં એવા બાલકે પોતાના દેહના ભારથી પર્વતના ચૂરેચૂરા કર્યા. ॐ ચૂર્ણ કરાયેલા પત્થરો – ભાંગી ગયેલાં વૃક્ષોને અને અક્ષત – અખંડ –અંગવાળા પુત્રને જોઇને હર્ષથી માતા પોતાના ઘરે લઇ ગઇ. ॐ આ આવા પ્રકારનો બલવાન – અદભુત હનુમાન છે. જો આને સેવક કરવામાં આવે તો ઘણું સારું થાય.ॐ

તે પછી રાવણે હનુમાનને પોતાનો સેવક કર્યો. અને તે રાત્રિ દિવસ આદરપૂર્વક રાવણની સેવા કરવા લાગ્યો. ॐ તે પછી દેવાંગનાને જીતનારી વિદ્યાધરની પુત્રી સત્યવતીને અનંગસુભગા અને બીજી કન્યાઓને રાવણ પરણ્યો. ॐ વિદ્યાને ધારણ કરતાં કાંતિવડે મનોહર – રવિ–ચન્દ્ર – મંગલ – બુધ – ગુરુ – શુક્ર – શનિ – રાહુ – કેતુ નામના નવગ્રહો અનંગસેન ભૂકાન્ત વીર્યવર્ય રાજાઓને રાવણે પોતાના હાથની લીલાથી વશ કર્યા. ॐ તે સર્વે રાવણના ઘરમાં ચાકરની માફક રાવણે કહેલાં કાર્યો રાત્રિ – દિવસ કરતા હતા. ॐ રાવણ ત્રણખંડરૂપ સર્વપૃથ્વીને સાધીને પોતાના નગરમાં આવીને ન્યાયમાર્ગે રાજ્ય કરવા લાગ્યો ॐ સોલ હજાર મુકુટબધ્ધ રાજાઓ પોતાના નગરમાંથી આવીને રાવણ રાજાની ઘણી સેવા કરે છે. ॐ ત્રણ ખંડનો સ્વામી – સોલ હજાર રાજાઓવડે સેવા કરાતો રાવણ તે વખતે ઇન્દ્રની જેમ રાજ્ય કરવા લાગ્યો. ॐ રાવણને જુદી જુદી સ્ત્રીઓથી ઉત્પન્ન થયેલા કાળ વગેરે લાખ સંખ્યાવાળા પ્રબલ તેજવાળા પુત્રો

થયા.卐

એક વખત તીર્થનું માહાત્મ્ય સાંભળીને રાવણરાજા દરેક ગામમાં મહોત્સવ કરતો મોટા સંઘ સહિત શ્રી શત્રુંજય તીર્થે ગયો 卐 ત્યાં સ્નાત્રપૂજા વગેરે મુખ્ય પુણ્ય કાર્ય કરી રાવણ શ્રી ઋષભદેવ પ્રભુનાં ચરણોમાં નમસ્કાર કરી ગિરનાર પર્વતપર ગયો. 卐 અને ત્યાં શ્રી નેમિજિનેશ્વરની ભાવપૂર્વક પૂજા કરીને સુંદર ઉત્સવપૂર્વક રાવણ પોતાના નગરમાં આવ્યો. 卐 અહીં પોતાની જાતે વિસ્તાર કહેવો ॥

આ તરફ રામ દંડકારણ્યમાં રહ્યા હતા ત્યારે વનમાં ભ્રમણ કરતા લક્ષ્મણે એક ખડગ જોયું. 卐 કૌતુકથી તે ખડગને હાથમાં લઈને જોડે રહેલી વાંસની ઝાડીને કમળના નાળની જેમ છેદીને આગળ પડેલ એક મસ્તક જોયું 卐 લક્ષ્મણે વિચાર્યું કે મૂરખપણાથી મેં કોઈ માણસને મારી નાંખ્યો. નહિ યુદ્ધ કરતાં મનુષ્યને મારવાથી નરકને આપનારું પાપ થાય છે. 卐 તલવાર લઈ – લક્ષ્મણે આવી રામની પાસે મનુષ્યવધ કહ્યો. રામે કહ્યું કે હે વત્સ ! તેં હમણાં સારું ન કર્યું. 卐 જે મનુષ્યને તેં હણ્યો છે તેનું આ ચન્દ્રહાસ ખડગછે કોઈ મનુષ્ય અથવા **સ્ત્રી** તેની ઉત્તરસાધિકા છે. 卐

આ બાજુ સુર્પણખા પોતાના પુત્રને સિધ્ધ વિદ્યાવાળો જાણીને ત્યાં આવી. પુત્રના મસ્તકને કપાયેલું જોઈને આ પ્રમાણે બોલી 卐 હે વત્સ ! સ્વચ્છ ! શંબૂક ! તને ક્યા શત્રુએ યમની સભામાં મોકલ્યો ? હમણાં તારા વિના હું મરી ગઈ. 卐 ત્યાં મનુષ્યના પગની શ્રેણી જોઈને અને બીજે ઠેકાણે જતી એવી તેણીએ નજીકના વનમાં કામદેવ સરખા રામને જોયા. 卐 મોહ પામેલી તેણીએ રામ પાસે ભોગસુખની પ્રાર્થના કરી. રામે કહ્યું કે અહીં મારી પ્રિયા છે. હે સ્ત્રી ! તું લક્ષ્મણને વર. 卐 સુર્પણખાએ ભોગમાટે લક્ષ્મણને પ્રાર્થના કરી. તેણે કહયું કે હું ક્યારે પણ પરસ્ત્રીને અંગીકાર કરતો નથી. 卐 કહ્યું છે કે અસત્ય – સાહસ – મૂર્ખપણું – અતિલોભીપણું – સ્નેહરહિતપણું – ને નિર્દયપણું એ સ્ત્રીઓના સ્વાભાવિક દોષો છે. 卐

બન્ને તરફથી ભ્રષ્ટ થયેલી. પુત્રને યાદ કરી મસ્તકને કૂટતી સુર્પણખાએ પતિની આગળ પુત્રનો વધ કહયો. 卐 આ સાંભળીને અત્યંત રોષપૂર્વક ખર વગેરે વિદ્યાધરો ચૌદ હજાર વિદ્યાધરો સાથે તે વખતે ચાલ્યા. ઘણા શત્રુઓને આવતાં જોઈને રામે કહ્યું હે લક્ષ્મણ તું અહીં રહે. હું બધા શત્રુઓને હણું છું 卐 લક્ષ્મણે કહ્યું કે હે રામ ! તમે અહીં રહો. સીતાનું રક્ષણ કરો. તમારી મહેરબાનીથી હું રમતમાત્રમાં શત્રુઓને હણીશ.. 卐 રામે કહ્યું હે ભાઈ ! જો, તને શત્રુનું સંકટ થાય તો સિંહનાદથી શત્રુઓનો નાશ કરનારા મને જણાવજે 卐 રામના આદેશને મસ્તકને વિષે જલદી ગ્રહણ કરી નમસ્કાર કરી લક્ષ્મણ તે શત્રુઓને હણવા માટે ધનુષ્યને બાણ સહિત શબ્દમય કરતો ગયો. 卐 લક્ષ્મણ ક્રોધ પામે છે. ત્યારે સૂર્પણખાએ રાવણ પાસે આવીને કહ્યું કે કામદેવ સરખા બે મનુષ્ય ભાઈઓ દંડકવનમાં છે. તમારા ભાણેજ શંબૂક વિદ્યાધર છે. તેને મારી નાંખ્યો છે. મારી વાણીથી તમારા બનેવી તેમના વધની ઈચ્છાથી ગયા છે. 卐 લક્ષ્મણની સાથે તે તમારા બનેવી શત્રુ સાથે અત્યંત ભયંકર યુધ્ધ કરતાં વર્તે છે. સીતાસહિત તેના મોટાભાઈ રામ પોતાના મજબૂત બલવડે કરીને વનમાં પણ જગતને તૃણની જેમ માને છે. 卐 પોતાના રૂપથી જેણે દેવીઓને જીતી લીધી છે. તેવી તે સીતા છે. સર્વ – લક્ષ્મી – રતિ ને પ્રીતિ વગેરે દેવીઓ જેની આગળ તૃણસમાન છે. 卐 હે ભાઈ ! તે જ સીતા જો

તારા અંતઃપુરને અલંકૃત કરે તોજ તારો જન્મ શ્રેષ્ઠ થાય અન્યથા જરાપણ નહિ. ॥ આ સાંભળીને રાવણ સીતાનું સ્મરણ કરતો દંડકવનમાં ગયો. ॥ મનોહર એવી સીતાની સાથે આ રામ હોય ત્યારે તેને ઇન્દ્ર – શેષનાગ – દેવ – અસુર કોઇપણ લઇ શકે નહિ. ॥ બે હાથવડે સમુદ્ર તરી શકાય. શરીરવડે અગ્નિનું આલિંગન કરી શકાય. સિંહના મુખમાં મનુષ્યવડે હાથ નંખાય. તો પણ આ રામ કોઇ ઠેકાણે કોઇ બલવાન વડે ગ્રહણ ન કરાય. તો હવે મારે હમણાં આ સીતા કેવી રીતે ગ્રહણ કરવી ? ॥

તે વખતે રાવણે સીતાનેમાટે અવલોકિની વિદ્યા યાદ કરી તે આવી અને કહ્યું કે તેં મને શા માટે યાદ કરી ? ॥ રાવણે કહ્યું કે તું તેવું કર કે જેથી સીતા સતી આજેજ મારા અંતઃપુરને સુશોભિત કરે. ॥ અવલોકિની વિદ્યાએ કહ્યું કે હે રાવણ ! અહીં હમણાં રામની પાસે રહેલી સીતાકોઇ વડે ગ્રહણ કરી શકાય નહિ. ॥ તે પછી રાવણે કહ્યું કે હે દેવી ! તું મારા ઉપર પ્રસન્ન થા. જેથી કપટથી પણ સીતા મારા હાથમાં જલદી આવે. ॥ તે પછી અવલોકિની વિદ્યાએ કહ્યું કે હે રાવણ ! રામ દૂર સાંભળે તેવીરીતે તું લક્ષ્મણની માફક સિંહનાદ કર. ॥ તે વખતે રામ અહીં એકલી સીતાને મૂકીને લક્ષ્મણની પાસે જલદી જશે. ॥ તે વખતે રાવણે લક્ષ્મણની જેમ સિંહનાદ કર્યો. લક્ષ્મણને સહાય કરવાની ઇચ્છાવાલો રામ જલદી ચાલ્યો. ॥ એક પક્ષીએ પોતાની જાતે જાતિસ્મરણ જ્ઞાનપામી પોતાનો પૂર્વભવ વનમાં રહેવા પૂર્વક આ પ્રમાણે જાણ્યો. ॥

પૂર્વભવમાં અત્યંત ક્રોધના સમુદાયવાળો દંડકરાજા હતો. વારંવાર (ઘાણીમાં ) નાંખવાના ક્રમથી આર્તધ્યાનથી તે મૃત્યુ પામ્યો. ॥ દુર્ધ્યાનના યોગથી અહીં હું જટાયુ ( ગીધ ) નામે પક્ષી થયો. તે પછી મુક્તિસુખને આપનારા જિનેશ્વરે કહેલા તે ધર્મને હું કરું છું. ॥ આ પ્રમાણે જાણીને ધર્મને માટે રામ અને લક્ષ્મણની સેવા કરે છે. અને વનમાં તે બન્નેની સાથે તે પક્ષીરાજ ચાલ્યો. ॥ જટાયુ – સીતા – રામ ને લક્ષ્મણની પાસે જૈનધર્મને સાંભળીને પાખી ( ચૌદશ ) અને આઠમના દિવસે ઉપવાસ કરતો હતો. ॥

આ બાજુ આકાશમાંથી રાવણે પૃથ્વીતલઉપર આવીને આ પ્રમાણે વિલાપ કરતી – સીતાનું ક્ષણવારમાં હરણ કર્યું ॥ હે માતા ! હે પિતા ! હે ભાઇ ! હે દિયર ! આ દુષ્ટ આશયવાલા પાસેથી દયામાં તત્પર એવા તમે મારું રક્ષણ કરો. ॥ હે બુધ્ધિશાળીઓમાં પ્રથમ લક્ષ્મણ ! હે આર્યપુત્ર ! પૃથ્વીને વિષે ચન્દ્રસરખા પિતા દશરથ ! આ રાક્ષસવડે હું નિર્જનવનમાં લઇ જવાઉ છું. મારું રક્ષણ કરો. એ પ્રમાણે સીતા વારંવાર વિલાપ કરતી હતી. (૧)

સીચાણાવડે ચકલીની માફક રાવણવડે લઇ જવાતી તે સીતા વિલાપ કરવા લાગી. હે ભાઇ ભામંડલ ! હે રામ! હે દિયર ! હે માતા ! હે પિતા હું ક્યાં લઇ જવાઉ છું ? (૨) સ્તન મંડલનું આભૂષણ શું ? ઉમા કેવી છે ? ચન્દ્રની કાંતી શેમાંથી છે ? રાવણવડે લઇ જવાતી સીતા કેવી રીતે રડે છે ?

**हा राम हों देवर ! तात - मात : ।**

હે રામ ! હે દિયર ! હે તાત ! હે માત ! આમ વિલાપ કરે છે. (૩)

આ પ્રમાણે સીતાનું વચન સાંભળીને જટાયુ પક્ષીએ ત્યાં આવીને કહ્યું કે : – હે દુરાશય ! તું આ સીતા સતીને હરણ ન કર. 卐 હે રાજા! આ હરણ કરાયેલી સીતા તારા આત્માને આલોક અને પરલોકમાં દુઃખ આપનારી થશે. આથી તેને તું છોડી દે. 卐 આ પ્રમાણે કહ્યું તો પણ જ્યારે રાવણ અટક્યો નહિ ત્યારે તે પક્ષી વેગથી રાવણને હણવા માટે દોડ્યો. 卐 અને આ પ્રમાણે કહ્યું કે હે રાક્ષસ ! શંકરના વરદાનની ભ્રાંતિવડે તું નીતિનું ઉલ્લંઘન ન કર. હે મૂર્ખ ! તોજ રોષ પામેલા શંકરે સીતાનું અપહરણ કરવામાં તને બુદ્ધિ આપી. જો એમ ન હોય તો ઈષ્ટકપાલ મંડળ ને ધારણ કરનારા ઈશ્વરવડે મસ્તકની શ્રેણીનું ખંડન કરીને ભક્તિવડે શા માટે આ પ્રમાણે ભેટણું અપાયું ? 卐

હવે જટાયુ પક્ષીએ જ્યારે નખવડે રાવણના અંગને તોડી નાંખ્યું ત્યારે રાવણે તે પક્ષીને વેગથી યમના ઘરે મોક્લી દીધું.卐 હવે ભય પામેલી સીતા તે વખતે ભામંડલને ઉદ્દેશીને બોલી કે હે ભાઇ ભામંડલ ! અહીં આ અધર્મથી મારું રક્ષણ કર. તે વખતે ભામંડલનો સેવક રત્નજટી વિદ્યાધર રાવણવડે હરણ કરાયેલી સીતાને જાણીને તેનું રક્ષણ કરવા દોડ્યો. 卐 તે વખતે રાવણ તેને પાછળ આવતો જોઇને પોતાની વિદ્યાથી તેની વિદ્યાનું હરણ કરીને પૃથ્વીપર પાડી નાંખ્યો. 卐 તેના પત્નીપણાને નહિ ઇચ્છતી સીતાને રાવણે નિર્વિઘ્નપણે દેવરમણ નામના ઉદ્યાનમાં મૂકી. 卐 રાવણને વરવા માટે સ્ત્રીઓ વગેરેવડે બોધ કરાતી સીતા હે રામ ! હે રામ ! એ પ્રમાણેનું નામ મનમાંથી જરાપણ છોડતી નથી. 卐

આ તરફ રામને આવતાં જોઇને લક્ષ્મણે કહ્યું કે સીતાને એકલી મૂકીને હે ભાઇ ! તમે અહીં શા માટે આવ્યા ? 卐 રામે કહ્યું કે તેં પ્રયત્નપૂર્વક સિંહનાદ કર્યો હતો. તેથી તને સહાય કરવા માટે હું અહીં તારી પાસે આવ્યો. 卐 લક્ષ્મણે કહ્યું કે હે ભાઇ ! મેં સિંહનાદ કર્યો નથી. પરંતુ સીતાનું હરણ કરવા માટે કોઇએ સિંહનાદ કર્યો છે. 卐 તમે જલદી જાવ ને સીતાનું રક્ષણ કરો. હું સર્વ શત્રુઓને હણીને તમારાં ચરણોની સેવા કરવા માટે જલદી આવીશ. 卐 રામ પાછા આવ્યા. પોતાની પ્રિય પત્ની સીતાને નહિ જોતાં મૂર્છા પામી ક્ષણવારમાં પ્રાપ્ત કરી છે ચેતના જેણે એવા તે અત્યંત રુદન કરવા લાગ્યા. 卐 હે સીતા ! હે પ્રિયા ! હે પ્રાણવલ્લભા ! તું અહિ આવ. તું ઉત્તર કેમ આપતી નથી ? હે પ્રિયા! તું શું હમણાં ગુપ્ત રહી છે ? 卐

અહીંથી તહીં ભમતાં " સીતા" " સીતા " એ પ્રમાણે બોલતાં રામરાજાએ જેના પ્રાણ જવાની તૈયારીમાં છે – એવા જટાયુ પક્ષીને જોયો. રામે જટાયુ પક્ષીની પાસે ઊભા રહીને તેના બે કાનોમાં નવકારમંત્ર આપી ધર્મને જાણવામાં શિરોમણિ એવા રામે તેને દેવલોક પમાડ્યો 卐

કહ્યું છે કે : –

**पंच नमुक्कारे समायाते, वच्चंति जस्स दस पाणा,**
**सो जइ न जाई मुक्खं, अवस्स वेमाणिओ होइ ।।११।।**
**भावनमुक्कार विवज्जियाइं, जीवेण अकयकरणाइं,**
**गहिआणि य मुक्काणिय, अणंतसो दव्वलिंगाणि ।।२।**

પંચનમસ્કાર પામ્યા પછી જેના દશપ્રાણો જાય છે, તેને જો મોક્ષ ન મળે તો અવશ્ય તે વૈમાનિક થાય. (૧) ભાવનમસ્કારથી રહિતજીવે જેનું કરણ કરાયું નથી એવા દ્રવ્યલિંગ – દ્રવ્યસાધુવેશ અનંતીવખત ગ્રહણ કરાયાં છે ને મુકાયાં છે. (૨) હજારો પાપો કરીને સેંકડો જંતુઓને મારીને આ મંત્રની આરાધના કરીને તિર્યંચો પણ દેવલોકમાં જાય છે. ક ઘણા શત્રુઓ સાથે ત્રિશિરા – દૂષણ અને ખરને હણીને વિરાધમિત્રથી યુક્ત તે લક્ષ્મણ ચાલ્યો. ક પાછા આવેલા લક્ષ્મણે મોટાભાઈને નમસ્કાર કરીને ભાઈની આગળ શત્રુઓના વિજયનો પ્રબંધ કહ્યો. ક તે વખતે નહિ બોલતાં અને પ્રિયા વગરના રામને જોઈને લક્ષ્મણે પૂછ્યું કે હે ભાઈ ! હમણાં સીતા ક્યાં છે તે કહો ? ક રામે ગદ્ગદ્પણે કહ્યું કે ત્યાંથી જેટલામાં હું અહીંયાં આવ્યો. તેટલામાં કોઈ પાપી વિદ્યાધરે આવીને સીતાનું હરણ કર્યું. ક હણાયેલા જટાયુને કંઈક શ્વાસ લેતા જોઈને મેં તેને સ્વર્ગમાં પહોંચાડ્યો. ક તે વખતે લક્ષ્મણે કહ્યું કે હે ભાઈ ! તે વખતે જેણે સિંહનાદ કર્યો હતો તેણેજ એકાંતમાં સ્ત્રીનું હરણ કર્યું હોય તેમ સંભવે છે. ક

હે ચન્દ્ર ! રોહિણી પાસે બેઠી છે. પછી તું કેમ ક્ષીણ થઈ ગયો ? અમને હજારો દુઃખ છે. આકાશમાં ( સીતાને) રાવણ લઈ ગયો. ક આ પ્રમાણે ચન્દ્ર પ્રત્યે રામને વારંવાર બોલતા જોઈ લક્ષ્મણે પોતાના ભાઈને બોધ કરવા માટે કહ્યું. ક હે ભાઈ રામ ! તું શા માટે ઝૂરે છે ? ગયેલી સીતા પાછી આવશે. સોના ઉપર ગમે તેમ મેળવતાં છતાં પણ માણિક્યનો સાંધો લાગતો નથી. ક હવે રામનો વિલાપ આ રીતે છે. ॥

હે વત્સ હું કોણ છું ? આપ પૂજ્ય આર્ય છો ? તે આર્ય કોણ છે ? તે રામ છે. તમે કોણ છો ? હે નાથ ! પૂજ્યના બે ચરણનો દાસ એવો હું લક્ષ્મણ છું. જંગલમાં આ શું આરંભ કર્યો છે ? હે પ્રભુ ! ચાલી ગયેલી દેવી શોધાય છે. કઈ દેવી ? જનકરાજાની પુત્રી. હે જાનકી ! સીતા તું ક્યાં છે ? (૧) હે માતા અત્યંત સારું કર્યું કે જે કારણથી આ પૃથ્વીનો ભાર મારા ઉપર આરોપણ ન કરાયો. ( પોતાની ) સ્ત્રીનું પણ રક્ષણ કરી શક્તો નથી તે કેવી રીતે પૃથ્વીનું રક્ષણ કરશે ? ક

હે અશોક વૃક્ષ ! તું નવા પલ્લવોવડે રક્ત છે. હું પણ વખાણવા લાયક પ્રિયાના ગુણવડે રક્ત છું. હે મિત્ર તારી પાસે શિલિમુખ ( ભમરા ) આવે છે! મારી પાસે પણ કામદેવના ધનુષ્યમાંથી છૂટેલાં શિલિમુખ ( બાણો ) આવે છે. ખરેખર સ્ત્રીના પગના તળિયાનો પ્રહાર તારા હર્ષનેમાટે થાય છે. મને પણ થાય છે. હે અશોક ! આપણાં બન્નેને આ બધું સરખું છે. ફક્ત વિધાતાએ મને શોક સહિત કર્યો . ક રાજ્યનો ભ્રંશ – (નાશ), વનમાં વાસ (રાવણવડે) સીતા લઈ જવાઈ. પિતા મરણ પામ્યા. આ એક એક પણ દુઃખ જે સમુદ્રને પણ સૂકવી નાંખે એવું છે. ક હે ભાઈ કાયરપણું છોડી દો. ફરીથી સાહસનો આશ્રય કરો. તપાસ કરીને સીતા લવાશે. જરાપણ દુઃખ ન કરવું. ક ભાઈ સહિત રામે – પાતાલલંકા નગરીમાં જલદી જઈને યુધ્ધ કર્યા વિના ખરપુત્ર સુંદને જીત્યો. ક તે પછી પોતાના સેવક વિરાધને પાતાલલંકામાં સ્થાપન કરી ભાઈ સહિત રામ કેટલાક દિવસ ત્યાં રહ્યા. આ બાજુ પહેલાં તારાને ઈચ્છતાં તે સાહસગતિ વિદ્યાધરે ઈષ્ટરૂપને કરનારી વિપ્રતારિણી વિદ્યાને સાધી. ક હવે સુગ્રીવરાજા– એક વખત હર્ષથી શુભ ઉદ્યાનમાં ગયો ત્યારે તે સાહસગતિ વિદ્યાધર – સુગ્રીવનારૂપને ધારણ કરતો તારાને ઈચ્છતો નગરીની અંદર આવીને સુગ્રીવના આસન પર બેઠેલો ભક્તિપૂર્વક સર્વસેવકોવડે સેવાય છે. (ક) સુગ્રીવનારૂપને ધારણ કરનારો તે ઊભો થઈને જેટલામાં અંતઃપુરમાં જાય છે. તેટલામાં સાચો સુગ્રીવ પણ આવ્યો અને તે દ્વારને વિષે અટકાવાયો ક બે સુગ્રીવને જોઈને તે વખતે સંશયમાં

પડેલા વાલીનાપુત્ર ચન્દ્રરશ્મિએ પોતાની જાતે અંત:પુરને રોક્યું ꖴ કપટી સુગ્રીવ અંત:પુરમાં પ્રવેશ ન પામ્યો. બીજો પણ તે વખતે નગરની અંદર પ્રવેશ પામતો નથી. ꖴ સુગ્રીવરાજા કિષ્કિંધા નગરીની અંદર રહેલો કેટલાક મંત્રીઓવડે નગરની અંદર નાના પ્રકારે સેવાય છે. ꖴ બહાર રહેલો એવો પણ સુગ્રીવ સુભટ આદિ અને મંત્રીઓવડે સેવાય છે. તે બન્નેને પ્રગટ કરવા માટે કોઇ શક્તિમાન નથી. ꖴ બન્ને સુગ્રીવને ચૌદ અક્ષૌહિણી સૈન્ય હતું. તે પછી બન્નેવડે હંમેશાં ભયંકર સંગ્રામ કરાય છે. ꖴ ક્ષીણ થયાં છે હથિયાર જેનાં એવો નગરની બહાર રહેલો સુગ્રીવ આ પ્રમાણે વિચારવા લાગ્યો કે અક્ષીણ પુરુષાર્થવાલા એવા વાલી દીક્ષા લઇને મોક્ષમાં ગયા. ꖴ હમણાં જેને અંત:પુરમાં પ્રવેશ કરતાં શત્રુને રોક્યો તે બંનેના ભેદને નહિ જાણતો વાલીપુત્ર અદ્ભુત છે. ꖴ મારો મિત્ર ખર હતો. તે પહેલાં પરાક્રમીરામવડે હણાયો. ને પછી તેણે વિરાધને રાજ્ય આપ્યું. હવે હું પણ તેનો આશ્રય કરું. ꖴ સુગ્રીવપણ એ પ્રમાણે વિચાર કરી વિરાધમિત્ર પાસે જઇને કહયું કે જો તમને રુચતું હોય તો હું હમણાં રામનો આશ્રય કરું . ꖴ તે પછી સુગ્રીવે ભાઇસહિત રામને નમીને કહ્યું કે મારાઉપર કૃપા કરી મારારાજ્યને શત્રુપાસેથી હમણાં તમે પાછું વાળો.ꖴ કિષ્કિંધામાં ભાઇની સાથે જઇને ભાઇસહિત રામે પરિવાર સહિત કપટી સુગ્રીવને યુધ્ધ માટે બોલાવ્યો. ꖴ બન્ને સુગ્રીવનું સરખુંરૂપ – સરખું બોલવું જોઇને રામે વિચાર્યું કે આ બન્નેમાં સાચો કોણ છે ? (૬૨૫) જો યુધ્ધ કરીએ તો ઘણા મનુષ્યનો સંહાર થાય. તેથી હું તેવી રીતે કરીશ કે જેથી અમારા બન્નેને સુખ થાય. ꖴ તે પછી રામે સત્ય સુગ્રીવને જાણવા માટે વજાવર્ત ધનુષ્યની દોરીને તેવી રીતે કરી કે જેથી વેષપરાવર્તિ વિદ્યા કપટી સુગ્રીવના શરીરને છોડીને ચાલી ગઇ. ને લોકોએ નાસતા એવા તે કપટીને જોયો. ꖴ

તે પછી રામે એક બાણવડે જલદીથી કપટી સુગ્રીવને યમના દરબારમાં મોકલી દીધો. તે પછી પ્રજા બીજા સાચા સુગ્રીવનો આશ્રય કરવા લાગી. ꖴ તે પછી ભાઇસહિત રામે સુગ્રીવરાજાને સન્માનપૂર્વક કિષ્કિંધા નગરીનું રાજ્ય આપ્યું. ꖴ સમયને જાણનારા ભામંડલ ને વિરાધ પરિવાર સહિત રામને નમીને બોલ્યા, હમણાં મને કામનો આદેશ કરો. ꖴ જાંબુવાન – હનુમાન – નીલ – નિષધ – ચંદન – ગંભીર – અરિંદમ – સુંદ – હર્ષવડે સુગ્રીવનો આશ્રય કરવા લાગ્યા. ꖴ હવે સુગ્રીવે રામની રજા લઇને દેદીપ્યમાન પરાક્રમવાલા – વિચક્ષણ હનુમાનને સીતાની શોધ માટે મોકલ્યો. ꖴ આ બાજુ રામની સ્ત્રી સાથે ભોગની ઇચ્છા કરતાં તેને સમજાવવા માટે પોતાની પ્રિયાઓને મોકલી. ꖴ તે વખતે રાવણની પ્રિયાઓ સીતાની પાસે જઇને બોલી કે હે સીતા ! ત્રણખંડની પૃથ્વીનાધણી રાવણને તું વર. ꖴ તેને બત્રીસ હજાર પત્નીઓ છે. જે રૂપવડે કરીને સ્વર્ગની સ્ત્રીઓને અને કામદેવની સ્ત્રીઓને જીતે છે. ꖴ સીતાને છોડી દેવા માટે બિભીષણ આદિ રાજાઓએ સમજાવ્યા છતાં પણ રાવણે તે વખતે સીતાને ત્યજી નહિ ꖴ

કહ્યું છે કે અગ્નિમાં પ્રવેશ કરવો સારો. વિશુધ્ધ કર્મવડે મરવું સારું.. પરંતુ ગ્રહણ કરેલા વ્રતનો ભંગ કરવો સારો નહિ અને શીલ રહિતનું જીવન સારું નહિ. ।।

**दत्तस्तेन जगत्यकीर्तिपटहो गोत्रे मषीकूर्चक: ।**
**चारित्रस्य जलाञ्जलिर्गुणगणाऽऽरामस्य दावानल: ।**
**सङ्केत: सकलापदां शिवपुरद्वारे कपाटो दृढ: ।**
**शीलं येन निजं विलुप्तमखिलं त्रैलोक्यचिन्तामणि: ।।६३८।।**

જેમણે ત્રણ લોકમાં ચિંતામણિ રત્નસમાન પોતાનું શિયલ લોપન કર્યું છે તેણે જગતમાં પોતાના અપયશનો પડહો વગડાવ્યો છે. ગોત્રને વિષે મશીનો કૂચડો ફેરવ્યો છે. ચારિત્રને જલાંજલિ આપી છે. ગુણના સમૂહરૂપ બગીચાને દાવાનલ આપ્યો છે. બધી આપત્તિઓને સંકેત કર્યો છે. મોક્ષપુરના દરવાજામાં મજબૂત બારણાં બંધ કર્યા છે. ॥

હવે રામે અનુક્રમે વિદ્યાધર અને ઘણાં લોકોને વારંવાર પૂછી રાવણવડે હરણ કરાયેલી સીતાને નિશ્ચે જાણી. ‌卐 સુગ્રીવ ગયો ત્યારે હે રામ ! આપણે સાધના કરીએ. આશ્ચર્યરૂપી ગ્રહમાં બીજા કાર્યમાં વ્યગ્ર થયેલો સુગ્રીવ આવશે કે નહિ ? 卐 તે વખતે સુગ્રીવ પ્રત્યે લક્ષ્મણ બોલ્યો ॥ હે સુગ્રીવ તું સમયને વિષે ઊભો થા. તું વાલીના માર્ગને ન અનુસર. જે માર્ગવડે હણાયેલો વાલી ગયો. તે માર્ગ સંકોચ પામ્યો નથી. 卐 તે પછી સુગ્રીવે આવીને રામને કહ્યું કે આદેશ આપો , જેથી હું સીતાની તપાસ કરું. 卐 લંકારૂપ વિષમ સ્થાન જાણ્યું ત્યારે એક રત્નજટી નામના વિદ્યાધરે રામને કહ્યું કે 卐 રાવણવડે હરણ કરાયેલી સીતા તેના વનની પાસે લઇ જવાઇ છે. ત્યાં રહેલી સીતા ધર્મમાં તત્પર છે. એ પ્રમાણે મેં સાંભળ્યું છે. 卐 એક વખત રાવણે જ્યોતિષીને પોતાનું મૃત્યુ પૂછ્યું ત્યારે તેણે કહ્યું કે જે ક્રોટીશિલાને ઉપાડશે તે તેને હણશે. 卐 તે પછી રામ વગેરે વિદ્યાધરો સાથે જઇને લક્ષ્મણે ઘણા મનુષ્યોની દેખતાં કોટિશિલાને ઉપાડી. 卐 જ્યારે રામે સીતાની તપાસ કરવા માટે કૃશ અંગવાળા ( દૂબળા) હનુમાનને મોકલ્યો. ત્યારે કોઇ બોલ્યો. 卐

હે આશા ! કોઇ ઠેકાણે સર્વની આશા ક્યારેય હણાતી નથી. આવાપ્રકારના પ્રાણી પાસેથી પણ આર્ય (રામ ) કલ્યાણને ઇચ્છે છે. 卐

હવે સીતાની પરિસ્થિતિને જાણવા માટે અત્યંત પરાક્રમી એવા હનુમાનને સારા દિવસે એકાંતમાં ( ગુપ્તપણે ) લંકામાં મોકલ્યો. 卐 હનુમાન પર્વતો – ગામો શહેરો અને નદીઓનું ઉલ્લંઘન કરતો આકાશમાર્ગે લંકાની નજીકમાં ગયો. 卐 લંકાની નજીકમાં મનુષ્યોને દુ:શક્ય એવી આશાલી નામની વિદ્યા રાવણવડે સ્થાપન કરાઇ હતી. તેને ભુજાબલથી દૂર કરી.卐 રાવણઆદિ ગયા ત્યારે આકાશમાં રાક્ષસની જેમ હનુમાન સીતાની દ્રષ્ટિના વિષયમાં ( માર્ગમાં ) આવ્યો. 卐 તે પછી ભયંકર મુખવાલા વજ્રમુખ વગેરે રાક્ષસોને હણીને પછી બળવાન એવો હનુમાન આગળ ચાલ્યો. 卐

હનુમાન આકાશમાં ઊડીને રાક્ષસના મુખેથી જાણીને સીતાવડે પવિત્ર એવા વનમાં ગુપ્તપણે એકાંતમાં રહયો. 卐 રાવણની રાક્ષસીઓવડે સમજાવાતી મેલથી વ્યાપ્ત છે કપડાં જેનાં એવી રામના નામને બોલતી જનકરાજાની પુત્રી સીતાને જોઇ રામના નામની વચ્ચે વચ્ચે અરિહંતના નામને બોલતી સીતાને જોઇને હનુમાન પોતાના હૃદયમાં આ પ્રમાણે વિચારવા લાગ્યો. 卐 આ રામનીસ્ત્રી શીલવડે શોભતી સર્વજગતને પવિત્ર કરનારી સર્વ સતીઓમાં શિરોમણિ છે. 卐 રામ હંમેશાં આ સ્ત્રીને માટે ખેદ કરે છે. તેને પાછી લાવવાની તૈયારી કરે છે તે યોગ્ય છે. 卐 રામના હાથમાં રહેલી મુદ્રિકાને હનુમાનના હાથમાં રહેલી જોઇને સીતા પતિ મૃત્યુ પામ્યા છે. એમ ચિત્તમાં વિચારીને મોટા સ્વર રુદન કરવા લાગી કે હે પ્રિય ! મને અહીં મૂકીને તમે કેમ મરી ગયા ? તમારા મરણથી હવે હું પ્રાણત્યાગ કરીશ. 卐 પતિના મરણની શંકાવડે રુદન કરતી સીતાને તે હનુમાને રામચન્દ્રની વાતોવડે જિવાડી. 卐 કહ્યું છે કે હે માતા ! રાવણના અંતને કરનારો તમારો પતિ – નાના ભાઇસહિત કુશલ છે. તેનો દૂત એવો હું હનુમાન પવનંજય અને અંજનાનો પુત્ર છું. (૧) કહ્યું

છે કે હે શુધ્ધા ! લક્ષ્મણ સહિત શ્રી રામ પોતે કુશલ છે. હે સ્વામિની – આ ચિંતાવડે તું ચિત્તને વ્યાકુલ ન કર. હે મૈથિલીપુત્રી દેવી ! હમણાં નામાન્તરથી તું કહે તારા વિરહથી રામે આ કંકણ તેણે જલદી આપ્યું છે. ફ હું તારા પતિનો સેવક હનુમાન નામે છું. મુદ્રિકાસહિત મને રામે તમારી સ્થિતિ જાણવા માટે મોકલ્યો છે. ફ આ વચન સાંભળીને જલદી હર્ષિત થયેલી સીતા મરણથી અટકી. સતીની આગળ મુદ્રિકા મૂકીને હનુમાને નમસ્કાર કર્યો. ફ સીતાએ ઊભા થઈને નમસ્કાર કરી. તે મુદ્રિકાને સિંહાસનપર મૂકી પુષ્પોવડે પૂજા કરી વારંવાર હર્ષવડે તે મુદ્રિકાને નમસ્કાર કર્યો. ફ કહ્યું છે કે દંડકારણ્યમાં રહેલા તે રામ લક્ષ્મણના આદેશથી રામની મુદ્રિકા સહિત હું અહીં આવ્યો છું. (૧) આ વચન સાંભળી ને સીતાએ મુદ્રિકાને મસ્તકની પાસે કરીને હર્ષ કર્યો ને વારંવાર તે મુદ્રિકાને નમસ્કાર કર્યો. ફ હનુમાન પાસેથી રામનું કુશલ સાંભળવાથી એકવીશ અહોરાત્રીને અંતે સીતાએ પારણું કર્યું ફ સીતાએ હનુમાનને કહ્યું કે હે પુત્ર ! આ અગાધ ઘણાં પાણીના પૂરવડે કરીને મનથી પણ અગમ્ય એવો જે સમુદ્ર તું તર્યો ? હે પુત્ર ! તને હું ક્ષીણગાત્રવાલો જોઉ છું. તો તારાવડે સમુદ્ર કેમ તરાય ? (૧)

આને ( વાનરને ) લક્ષ્મણનું તપ રક્ષણ કરો. તેનું સરળપણું પણ હનુમાનનું રક્ષણ કરો. આ બળવાન મુખવાલા એવા આનું કપટ રહિત મારુ અંતઃકરણ પણ તેનું રક્ષણ કરો. (૨) રામના સ્મરણ માટે સીતાને મુદ્રિકા આપી સીતાનો ચૂડામણિ લઈને સીતાનાં બે ચરણોમાં નમસ્કાર કર્યો. ફ

હનુમાન કહે છે કે હે માતા ! તમારે જરાપણ ખેદ ન કરવો રાવણને મારીને રામ તમને અંગીકાર કરશે. ફ તમે હંમેશાં જિનેશ્વરનાં ચરણોનું અને રામના નામનું સ્મરણ કરતાં ધર્મકાર્ય છોડશો નહિ અને દુઃખ ન કરવું. ફ આ ચૂડામણિ હું રામભદ્રને આપીશ. અને તેથી રામ તમને સતી જાણી હર્ષિત થશે. ફ સીતાને નમસ્કાર કરીને જતાં હનુમાને શરુઆતમાં દેવરમણ ઉદ્યાનનાં વૃક્ષોને ભાંગી નાંખ્યાં. તે પછી વનપાલને માર્યો. ફ અને તે પછી અક્ષને માર્યો. તે પછી હનુમાને જુદાં જુદાં વનોનો નાશ કર્યો. એટલામાં ત્યાં રાવણનો પુત્ર ઈન્દ્રજિત આવ્યો. ફ યુધ્ધ કરતાં હર્ષિત ચિત્તવાલા ઈન્દ્રજિતે વેગથી હનુમાનને નિર્દયપણે નાગપાશના બંધનવડે બાંધ્યો. ફ શક્તિ હોવા છતાં પણ વાયુપુત્રે ઈન્દ્રજિતને પોતાની જાતે પોતાની શક્તિ જરાપણ ન બતાવી. ફ ઈન્દ્રજિતે હનુમાનને પિતાની પાસે લઈ જઈને કહ્યું કે આણે સીતાનાં ચરણોમાં નમસ્કાર કરી રામની શુધ્ધિ કહી છે. ફ તેણે સીતાની પાસે કહ્યું છે કે : – લક્ષ્મણ સહિત રામ રાવણને હણીને જલદી તારો સ્વીકાર કરશે. ફ આણે દેવરમણ ઉદ્યાનમાં રહેલાં વૃક્ષોને ભાંગી નાંખ્યાં છે. બીજું રક્ષણ કરતાં વનપાલ અક્ષ અને બીજાં વૃક્ષોને પણ ભાંગી નાંખ્યાં છે. ફ હવે રાવણ બોલ્યો કે હે દુષ્ટ – પાપિષ્ઠ – અધમશિરોમણિ – તેં સીતાને રામચંદ્રના સંદેશાવગેરે કહ્યું છે. તેં ઉદ્યાનનાં વૃક્ષોનું છેદન આદિ પાપો કર્યા છે. તું મરવા માટે અહીં આવ્યો છે. તું પોતાના સ્વામી રામનું સ્મરણ કર. ફ હનુમાને કહ્યું કે જેણે સીતાનું હરણ કરવાથી પાપ કર્યું છે. તેને મારો સ્વામી જલ્દી આલોચના આપશે. ( શિક્ષા કરશે. ) ફ હે રાવણ ! જો તું આજેજ આ સીતાને છોડી દઈશ તો તારું કુશલ છે. નહિતર તો તારું મૃત્યુજ આવ્યું છે. ફ

આ સાંભળીને રોષ પામેલા રાવણે સેવકોને કહ્યું કે આને ( હનુમાનને ) ખડગના પ્રહારવડે યમના મંદિરે પહોંચાડો. ફ જેટલામાં રાવણવડે મોકલાયેલા – હણવા માટે તૈયાર થયેલા સેવકો ખડગના પ્રહારવડે નિર્દયપણે હનુમાનને મારે છે. તેટલામાં જલદીથી હનુમાન નાગપાશને તોડીને રાવણના મુગટને પાપડના ઢગલાની જેમ ચૂરેચૂરા કરી નાંખ્યો.ફ

તે પછી રાવણે કહ્યું કે આનું પૂંછડું બાળી નાંખો. પૂંછડું સળગાવ્યું ત્યારે– તે વખતે તેણે લંકાને સળગાવી ૐ તે હનુમાને આકાશમાં કૂદકા મારી મારીને રાવણના ઘરને અને બગીચાને બાળીને રાવણની આગળ આ પ્રમાણે કહ્યું. ૐ

**તારી આ મૃત્યુની વેળા છે. મારાવડે વાનગી ચખાવાઈ. હું જાઉં છું. હે રાવણ ! તું રામને આવેલ જાણ.** ૐ લંકા બળી ગઇ. વન ભાંગી ગયું રાક્ષસો વિનાશ પામ્યા. જો રામના દૂતે આ કર્યું તો રામ (તો) શું કરશે ? ૐ રાવણ અને રાક્ષસો જોતા હતા ત્યારે ઊડીને તે વખતે હનુમાન દ્રષ્ટિના વિષયમાંથી ચાલ્યો ગયો. ૐ તે વખતે હનુમાન સીતાની જેમ સીતાના ચૂડામણિને રામની આગળ મૂકીને રામ અને અનુક્રમે લક્ષ્મણને નમસ્કાર કર્યો. ૐ તે વખતે હનુમાનવડે સીતા સતીનું શુભવૃત્તાંત કહેવાયું ત્યારે રામે પ્રેમથી હનુમાનને આલિંગન કરીને કહ્યું કે તને કુશલ છે ને ? ૐ હનુમાને કહ્યું કે હે સ્વામિ ! તમારી પ્રસન્નતાથી સેવક દુષ્કરમાં પણ દુષ્કર કાર્ય કરે છે એમાં સંશય નથી. ૐ સીતાનું મિલન – રાવણની હેરાનગતિ વગેરે હનુમાને કહ્યું ત્યારે ભાઇસહિત રામ હર્ષ પામ્યા. ૐ તે પછી સુંદર વચનોવડે આદરપૂર્વક હનુમાન સાથે વાતચીત કરીને હનુમાનની આગળ તે વખતે રામચન્દ્રે આ પ્રમાણે કહ્યું. ૐ

હે વીર ! દેવોવડે પણ દુઃખે કરીને ઓળંગી શકાય એવી લંકા નામની મહાનગરી રાવણ વિદ્યમાન હોવા છતાં તારાવડે કેવી રીતે બળાઇ ? ૐ કહ્યું છે કે :– ચારે તરફથી સાતસો યોજન વિસ્તારવાળો જે ત્રિકૂટ નામનો શ્રેષ્ઠપર્વત છે. તેના મધ્યભાગમાં નવસો યોજન ઊંચો છે. ૫૦ યોજન ચારે તરફથી વિસ્તારવાળો છે. તેનું શિખર દશે દિશાઓને પ્રકાશિત કરતું શોભે છે. તે શિખરની નીચે જાંબૂનદ – સુવર્ણથી બનેલો છે કિલ્લો જેનો એવી દેવોની સંપત્તિવડે સમૃદ્ધ લંકા નામે નગરી છે. (૧ –૨ –૩)

તે પછી કરી છે અંજલિજેણે એવા. વારંવાર નમતું છે મસ્તક જેનું એવા. અને ભક્તિરસથી ભરપૂર છે મન જેનું એવા હનુમાને કહ્યું કે ૐ રામના પ્રભાવવડે અને દેવીના નિઃસાસા વડે તે લંકા પહેલાં બળી ગઇ ને પછી હનુમાનને વશ થઇ. ૐ વાનરનું તો એક શાખા ઉપરથી બીજી શાખા ઉપર જવાનું પરાક્રમ હોય છે. પરંતુ જે સમુદ્ર તરાય છે તે પ્રભાવતો સ્વામીનો જ છે. ૐ રાવણવડે સીતાને હરણ કરાયેલી જાણીને તે વખતે રામે ભાઇ લક્ષ્મણ – સુગ્રીવ અને હનુમાનની આગળ કહ્યું. (૭૦૦) વેગપૂર્વક સેના લઇને આપણે લંકામાં જઇને અને રાવણને જીતીને સીતા સતીને હમણાં પાછી લાવીએ. ૐ લક્ષ્મણની સાથે સુગ્રીવ અને બિભીષણ એકાંતમાં મંત્રણા કરતા હતા ત્યારે રામે કહ્યું કે હે લક્ષ્મણ ! સુગ્રીવ અને બિભીષણપર વિશ્વાસ ન કર.. જેને સગાભાઇપર પ્રેમ નથી તેના વિષે કઇ રીતે પ્રેમ થઇ શકે ? ૐ લક્ષ્મણે કહ્યું કે ન્યાયમાર્ગે ચાલનારને તિર્યંચો પણ સહાય કરે છે. ઉન્માર્ગે જનારને સગો ભાઇ પણ છોડી દે છે. ૐ તે પછી રામચન્દ્રનું મન જાણીને લક્ષ્મણ અને સુગ્રીવે જલદી સેના ભેગી કરવા માટે ઢોલ વગડાવ્યો. ૐ અસંખ્ય – સુભટો – ઘોડાઓ – હાથીઓ – અને મજબૂત રથો સાથે ભેગા થયેલા રામ ને લક્ષ્મણ સારા દિવસે ચાલવા લાગ્યા. ૐ કહ્યું છે કે :– માગશર વદિ પંચમીના દિવસે સૂર્ય ઉદય થયો ત્યારે શુભકરણ અને યોગમાં તેઓનું પ્રયાણ થયું. (૧)

" ધુમાડા વગરનો સળગતો અગ્નિ જોવાયો. ચાલતાં દક્ષિણાવર્તમાં (ડાબેથી જમણી બાજુ જતી)આભરણથી

ભૂષિત અંગવાલી – શ્વેતવસ્ત્રને ધારણ કરનારી સ્ત્રી જોઇ. નિર્ગ્રંથ એવા મુનિવરૅન્દ જોવાયા. છત્ર – ઘોડાનો હેષારવ. કળશ – સુગંધી – ગંધવાળો પવન. નવું મોટું તોરણ ક્ષીરવૃક્ષને વિષે ડાબી બાજુ રહેલો ચાલતી પાંખવાળો કાગડો નિવાસ કરે . શ્રેષ્ઠ ભેરી અને શંખનો શબ્દ હોય તો જલ્દી સિધ્ધિને સાધે છે. (૪)

ખેચરો વિમાનવડે ચાલ્યા. ભૂચરો ઘોડા – હાથી અને રથવડે આદરપૂર્વક સિંહનાદ કરતાં ચાલ્યાં. ॥ રાવણના બે સુભટ દેદીપ્યમાન બલવાળા સેતુ અને સમુદ્ર તે સમુદ્રના કિનારે રહયા હતા. તે બન્નેને રામે મજબૂત બંધનવડે બાંધ્યા. ॥ જે વખતે રામે સેતુ અને સમુદ્રનું બંધન કર્યું તે વખતે ચારે બાજુથી લોકમાં આ પ્રઘોષ થયો. (૭૦૮) કહ્યું છે કે :– પથ્થરવડે સમુદ્ર બાંધ્યો. ઇન્દ્રજિત જિતાયો. વાનરોવડે લંકા વીંટાઇ. જીવતાંવડે શું નથી જોવાતું ? (૧) પથ્થરો પોતે ડુબે છે અને બીજાને ડુબાડે છે. તે પથ્થરો હે વીર ! દુઃસ્તર એવા સમુદ્રમાં પોતે તરે છે અને વાનર સુભટોને તારે છે એ પથ્થરના ગુણ નથી. સમુદ્રના ગુણ નથી. વાનરોના પણ ગુણ નથી. પરંતુ તે આ રામના પ્રતાપનો મહિમા વિસ્તાર પામે છે. ॥ હવે રામ સુવેલ નામના પર્વતઉપર જઇને સુવેલ નામના રાજાને જીતીને લંકા પાસે આવ્યા. ॥ તે વખતે સૈન્યસહિત રામ લંકાનીપાસે આવ્યા ત્યારે રાવણે ચારે તરફથી રણવાજિંત્રો વગડાવ્યાં. ॥

અહીં અંગદ અને રાવણને આ પ્રમાણે પરસ્પર વાર્તા થઇ. રામ શું કરે છે ? રામ કંઇપણ કરતા નથી. તો ક્યાં છે ? સમુદ્રના કિનારે આવ્યા છે. તે પછી સમુદ્રને ક્યા કારણથી બંધાયો છે ? રમતવડે. શું તે નથી જાણતો કે આગળ રાવણ છે ? તે જાણે છે કે લંકાના સ્થાન ઉપર બિભીષણ સ્થાપન કરાયો છે. (૧) તે વખતે હનુમાન ત્યાં રહેલા રામને પ્રણામ કરીને લક્ષ્મણ સાંભળે તે રીતે સ્વામી ભક્તિથીપ્રગટપણે હર્ષપૂર્વક કહ્યું. ॥ બલથીગર્વિત એવા રાવણને મજબૂત પાશવડે બાંધીને અહીં લાવું. અથવા ત્યાં રહેલા તેને તલવારના ઘાતથી મારી નાંખું. ॥ રામને સૈન્ય સહિત આવતા સાંભળીને ભાઇ બિભીષણે રાવણને પ્રણામ કરીને કહ્યું કે હે ભાઇ : – તું પુણ્યશાળી છે ॥ પ્રથમ તમે વગર વિચારે સીતાદેવીનું હરણ કર્યું તે સારું ન કર્યું કારણકે સીતા સતી છે. ॥ એક પરસ્ત્રીને માટે સેના લઇને તૈયાર થયેલો ક્યો વિચક્ષણ પુરુષ આલોક અને પરલોક ગુમાવે ? ॥

જેથી :– જેણે પરસ્ત્રી તરફ દૃષ્ટિ કરી છે. તેણે પોતાને ધૂળવડે મેલો કર્યો છે. ને સ્વજનો પર ખાર નાંખ્યો છે. પગે પગે –પગલે પગલે માથાપર (શરમથી) ઓઢવું પડે છે. (૧) જેઓ પરદારાથી પરાઙ્મુખ છે તે પુરુષોમાં સિંહસમાન કહેવાય છે. ને જે પરસ્ત્રીને ભેટે છે તે કર્મરૂપી લેપથી સ્પર્શ કરાય છે. (૨) પહેલાં હનુમાને જે જે વન આદિનો ભંગ કર્યો હતો. તો રામે સેતુ ને સમુદ્રને દૃઢ રીતે બંધ કર્યાં. ॥ તે રામ હમણાં ઘણા બલવાન દેખાય છે. આથી સુખને માટે સીતા સતીને તું રામને આપી દે. ॥ રામ પોતાના નગરની પાસે આવ્યા ત્યારે રાવણે કહ્યું કે હે અંગદ ! હમણાં તારો સ્વામી શું કરે છે ? તે તું કહે. ॥ પોતાના સ્વામી રામરાજાનું બલ બતાવતાં રાવણની આગળ તે વખતે અંગદે આ પ્રમાણે કહ્યું. ॥

પાદ યક્ષને જીતનાર – વાનર સેનાપતિના ખોળામાં વિશ્વાસથી મસ્તક કરીને – સુવર્ણમૃગના ચામડાને વિષે લીલાપૂર્વક બાકીના અંગને ધારણ કરતો – રાક્ષસના કુળને હણનારા માણસ તરફ આદરવિના આંખના ખૂણાવડે તીક્ષ્ણપણે જોતો તારા નાના ભાઇના મુખપર આપ્યો છે કાન જેણે એવો તે રહે છે. ॥

સુવેલ પર્વતના કિલ્લામાં રહેલા સુવેલ નામના બળવાન રાજાને જીતીને ત્યાં રહેલું સૈન્ય ક્ષણવારમાં પોતે સ્વાધીન કર્યું. ꖦ તેની સાથે જરાપણ સ્પર્ધા ન કરવી જોઇએ. આ રામ વધતાં તેજવાળો ને દેદીપ્યમાન બળવાળો દેખાય છે. ꖦ તે વખતે વારંવાર રામના ગુણોને ગાતાં બિભીષણને જોઇને ક્રોધ પામેલો રાવણ તેને હણવા માટે તૈયાર થયો. ꖦ શત્રુની પ્રશંસા કરવાથી ક્રોધ પામ્યું છે ચિત્ત જેનું એવા રાવણે તે વખતે બિભીષણને ગળા-માંથી પકડીને સભામાંથી કાઢી મૂક્યો. ꖦ તે વખતે બીજા રાજાઓ બોલવા લાગ્યા કે આ રાવણ સારો નથી. ભાઇએ કહેલા હિતને જરાપણ માનતો નથી. ꖦ કહ્યું છે કે :- ઘુવડ દિવસે જોતું નથી. કાગડો રાત્રિએ જોતો નથી. મદોન્મત એવો સ્વાર્થી દોષને જોતો નથી. (૧) તે વખતે કેટલાય લોકો કહેવા લાગ્યા કે આ બિભીષણસારો નથી. કારણકે રાજાની આગળ – બોલવાનું જરાપણ જાણતો નથી. ꖦ કહ્યું છે કે પોતાના વિષે હિતને ઇચ્છનાર સેવકે સ્વામીને ગમે તેજ બોલવું જોઇએ. બીજું જરાપણ બોલવું ન જોઇયે. તે પછી બિભીષણે ત્રીશ અક્ષૌહિણી સહિત પોતે સેવા કરવાથી તે વખતે રામને હર્ષ પમાડ્યો. ꖦ

એકવીસ હજાર આઠસોને સિત્તેર રથનીસંખ્યા હોય તેટલીજ હાથીઓની સંખ્યા હોય ꖦ એક લાખ નવહજાર ત્રણસોને પચાસ યોદ્ધાઓની સંખ્યા હોય. ꖦ ૬૫ – હજાર – છસો દશ શ્રેષ્ઠ ઘોડાઓની સંખ્યા અક્ષૌહિણીમાં હોય. ꖦ હે શ્રેણિક એક અક્ષૌહિણીમાં બે લાખ – અઢાર હજાર સાતસોની સંખ્યા થાય.ꖦ પાંસઠ લાખ – એકસઠ હજાર સર્વ હાથી વગેરેનું પ્રમાણ ત્રીશ અક્ષૌહિણી કહેવાય છે.ꖦ રામે કહ્યું કે જો રાવણ જિતાશે. અથવા મરશે તો તને લંકાનું રાજ્ય મારાવડે અપાશે. ꖦ

બિભીષણે કહ્યું કે હે રામ! મારે નિશ્ચે રાજ્યવડે સર્યું. તમારી સેવાજ મને સુખ આપનાર થાઓ. એ વચન સાંભળીને રામે હૃદયમાં પ્રગટપણે વિચાર કર્યો કે પુણ્યશાલી જીવોને ભાગ્યથી આવા પ્રકારના સેવકો મલે છે. ꖦ કહ્યું છેકેઃ– આરાઓવડે નાભિ ધારણ કરાય છે. અથવા તો નાભિને વિષે આરાઓ રહેલા છે. આ પ્રમાણે સ્વામી અને સેવકોનું વર્તનારું ચક્ર પ્રવર્તે છે. ꖦ ચિત્તને જાણનારો સદાચારી. વચન બોલવામાં હોંશિયાર – ચતુર – પ્રિયબોલનાર સત્યવાદી સ્મૃતિવાળો ચાકર – સેવક રાજાઓવડે વખાણાય છે. ꖦ

સૈન્યવડે પૃથ્વી કંપાવતા – રથોવડે દિશાઓને બહેરી કરતા અને ધૂળવડે આકાશને ઢાંકી દેતા રામે લંકાને વીંટી ꖦ સર્વ વાનરોની એક હજાર અક્ષૌહિણી ભામંડલસહિત ચતુરંગ સેના કહી છે.

ꖦ રાવણ સર્વસૈન્ય તૈયાર કરીને રામશત્રુ સાથે યુદ્ધ કરવા માટે લંકામાંથી વેગથી નીકળ્યો. ꖦ હે મગધપતિ! રાવણના સૈન્યનું પ્રમાણ પંડિતજનોએ ચાર હજાર અક્ષૌહિણી થાય તેમ કહ્યું છે. ꖦ પરસ્પર ફેંકવાવડે ભયંકર એવા દેવતાઇ અસ્ત્રો અને લોઢાનાં અસ્ત્રવડે રાવણના અને રામના સૈન્યનો ભયંકર સંગ્રામ થયો ꖦ હાથી ઉપર રહેલા હાથી ઉપર રહેલા સાથે. ઘોડા ઉપર રહેલા ઘોડા ઉપર રહેલા સાથે રથમાં રહેલા રથમાં રહેલા સાથે એવી રીતે સુભટો યુદ્ધ કરવા લાગ્યા. ꖦ

ભયંકર યુદ્ધ થયું ત્યારે જયશ્રીની ઇચ્છાથી ઉત્કટ એવા સુભટો હતા ત્યારે જયલક્ષ્મી સંશયમાં પડી ꖦ રામના

આદેશને પામીને હનુમાન યુદ્ધ કરતો હતો ત્યારે રાવણના બે મહાયોદ્ધા હસ્ત અને પ્રહસ્ત ભાગી ગયા. ૠ રામના આદેશથી નલ અનેનીલ યુદ્ધ કરતે છતે (કરાતા) સિંહનાદે દિશાએ દિશામાં શત્રુઓની છાતીને ફાડી નાંખે છે. ૠ તેવખતે યુદ્ધમાં સર્વવાજિંત્રો વાગતે છતે બન્ને સેનાના સુભટો પરસ્પર ગાઢ પ્રહાર કરે છે. ૠ કહ્યું છેકેઃ – ભંભા – મૃદંગ – ડમરું – ઢોલ હુંકાર કરતાં શંખવડે પ્રચુર – ખરમુખી – હુડુક્ક – પાવા ને કાંસાના તીવ્રશબ્દે હાથી – ઘોડા અને સિંહનાશબ્દે– પાડા – બળદ મૃગ પક્ષીઓ અને કાયરપુરુષોને ઘણા પ્રકારે ભય ઉત્પન્ન કરનારા થયા. ૠ જ્યારે નલવાનરે હસ્તને અને નીલવાનરે પ્રહસ્તને મરણ પમાડયા ત્યારે આકાશમાંથી પુષ્પવૃષ્ટિ થઇ. નલ અને નીલવાનરવડે હસ્ત અને પ્રહસ્તને હણાયેલા સાંભળીને લક્ષ્મણ સહિત રામ હર્ષપામ્યા. હસ્ત અને પ્રહસ્તને હણાયેલા સાંભળીને રાવણના સૈન્યમાંથી સારણ – શુક – મારિચ – સિંહ વ્યાઘ્ર – સ્વયંભૂ – બિભીત્સ – ઉદ્દામ – ચંદ્ર – અર્ક – કામ – વામ – સ્મર – અમર – ક્ષેમંકર – જ્વર – ભીમ–વીર– –બલિંદમ–ધન–ભીમદંત–મહાસ્કંધ–મહારથ–પ્રજાપતિ–અરિંદમ– શતરથ – સહસ્રાંશુ– મતંગજ –વજ્રોદર – મહાવેગ – સુંદ – પસેન્દુ – માધવ – વગેરે તે (બધા) યમની જેવા ભયંકર યુદ્ધ કરવા માટે ઊભા થયા. ૠ તેઓ ભયંકર બાણો અને તલવારોવડે યુદ્ધ કરતાં રામની છાવણીને ક્ષણવારમાં હતઃપ્રાય કરી ૠ ઘણાં જીવોનો સંહાર જોઇને સાત છે ઘોડા – જેને એવો અને દયામાં તત્પર એવો સૂર્ય અસ્તના બહાનાથી બીજા દેશમાં ગયો. ૠ

સવારે એકદમ રામવડે પ્રેરણા કરાયેલા. બલવડે ઉત્કટ એવા વાનર વગેરે રાવણના સૈન્યને હણવા માટે ચાલ્યા ૠ યુદ્ધના આંગણામાં આવેલા આપવડે ધનુષ્ય ચઢાવે છતે જેણે જેણે એકદમ જે જે પ્રાપ્ત કર્યું તે હે દેવ! સાંભળો, ધનુષ્યવડે બાણ બાણોવડે મસ્તક તેનાવડે પણ ભૂમંડલ. તમારાવડે અતુલકીર્તિ અને કીર્તિવડે ત્રણ લોક પ્રાપ્ત કરાયા.ૠ તે વખતે બન્ને સૈન્યનું યુદ્ધ થયે છતે લક્ષ્મણે રાવણને આશ્રયીને પ્રગટ અક્ષરપૂર્વક કહ્યું કે ૠ હે રાક્ષસો ! તમે કહો છો તે રાવણ નામનો રાક્ષસ ક્યાં છે? કે જે સૂર્ય અને ચંદ્રકુલના રત્નને અપહરણ કરીને નાસી ગયો. ત્રણલોકને પ્રકાશ કરનાર સૂર્ય ત્રણ શિખાથી વિકરાલ એવા રામના નામરૂપી અગ્નિમાં પતંગિયો થશે. ૠ હવે વીરરસવડે ઉત્કટ એવા રાવણના સુભટો નટીની માફક હાથના અગ્રભાગમાં રહેલી તલવારને નચાવતાં ઊભા થયા. શબ્દવડે દિશાઓને શબ્દમય કરતા. બાણો વડે દિશાઓને ઢાંકતા – બે પગવડે પૃથ્વીને ચીરી નાંખતા – ને પર્વતોને પણ કંપાવતા – સમુદ્રો ઉછાળ તા – વૃક્ષો ને ભાંગી નાંખતા. ઊડતા ને પડતા સુભટો પરસ્પર હણવા લાગ્યા. ૠ રાવણના હુંકારવડે પ્રેરણા પામેલા રાક્ષસો જેમ તરંગો કિનારાનાં વૃક્ષોને ભાંગી નાંખે તેમ ઘણા વાનરોને ભાંગી નાંખ્યા. ૠ રામના સૈન્યનેભાંગેલું જોઇને સુગ્રીવ યુદ્ધમાટે ઊભો થયો. હનુમાન તેને નિવારીને રાક્ષસોને હણવા માટે ઊભો થયો. ૠ

ધનુષ્યવડે શોભતો માલી આકાશમાં ખડગને ઉછાળતો યમરાજા સરખો તે હનુમાન સાથે યુદ્ધ કરવા ઊભો થયો. ૠ હનુમાને હાથના લઘુપણાથી માલીને હથિયાર વગરનો કર્યો. માલી પણ નાસીને તેવખતે રાવણના શરણે ગયો. ૠ હવે સૂર્ય અસ્ત પામે છતે રામવડે મોકલાયેલા અંગદે રાવણની પાસે જઇને કહ્યું કેઃ– સીતા સોંપી દો. ૠ જો એમ નહિ કરવામાં આવેતો કુટુંબ સહિત – તારું રામથી મૃત્યુ આવેલું છે. હવે રાવણવડે હાંક મરાયેલા અંગદે ફરીથી કહ્યું ૠ જે પૃથ્વીઉપર રાવણોનો દુકાલ કરવા અવતર્યો છે. તે રામનો હું દૂત છું. ને તે વાલીનું હું મન છું.

હે કમલબંધુ ! શંકરની જેમ દેવી મસ્તકોવડે તને ફરીથી દાન આપશે નહિં. તું સરોવરની નીચે જો. હે હિમાલયના

સુભટ તને અમે હિત કહીયે છીએ. મારા પિતાના હસ્તદંડના વિજયબલથી કીર્તિ સ્તંભ કરશે. હે કમલબંધુ કુલવધૂને છોડી દે. ક્ર સંધિની વિષે અથવા ઘરને વિષે જુગારી એવા મારામાં તારાં મસ્તક છેદાયેલાં અથવા નહિ છેદાયેલાં પૃથ્વીપીઠ પર આળોટશે ક્ર આ પ્રમાણે બીજો દિવસ થયો ત્યારે રામના અને રાવણના સુભટો પોતપોતાના સૈન્યમાં જઈને સુસ્થિત થયા. ક્ર હવે હનુમાન ચારે તરફથી શત્રુના સૈન્યને હણતો શત્રુઓની અંદર ભ્રમણ કરીને પોતાની સેનામાં આવ્યો. ક્ર તે વખતે કુંભકર્ણ તલવારના ઘાવડે રામના સૈન્યને હણતો યમરાજ સરખો તે સુગ્રીવની સાથે યુદ્ધ કરવા લાગ્યો. તે વખતે સુગ્રીવવડે હથિયાર રહિત કરાયો ને તે વખતે ભામંડલે ચારે તરફથી ઘણા રાક્ષસોને મારી નાંખ્યા. ક્ર હનુમાને તલવારના ઘાવડે કુંભકર્ણને પૃથ્વીપર પાડ્યો તે વખતે રાવણ યુદ્ધ કરવા માટે રણમાં ઊભો થયો. ક્ર રાવણને અટકાવીને તેનો પુત્ર – ઈન્દ્રિજિત તે વખતે આદરથી રામચંદ્રના સૈન્યને હણવા માટે ઊભો થયો. ક્ર બન્ને છાવણીના વીરો પરસ્પર મલ્લની જેમ ભુજાઓને અફળાવતા – યુદ્ધ કરતા યમરાજા સરખા દેખાય છે. ક્ર ઈન્દ્રજિતે કપિનાયકને (સુગ્રીવને) નાગપાશવડે બાંધ્યો. અને મેઘવાહને ભામંડલને નાગપાશવડે બાંધ્યો. ક્ર જૂના દોરડાની જેમ જલ્દીથી નાગપાશના બંધનને તોડી નાંખીને તે જ વખતે ભામંડલને સુગ્રીવ ત્યાં ઊભા થયા. ક્ર ભામંડલ અને કપીશ્વરવડે એકીસાથે રાવણનું સૈન્ય તેવીરીતે મંથન કરાયું કે જેથી તેને જીવવાની આશા તૂટી ગઈ.ક્ર

કુંભકર્ણની સાથે યુદ્ધભૂમિમાં યુદ્ધ કરતાં જર્જરિત અંગવાલા અંગદે તેણે કુંભકર્ણને અત્યંત વ્યાકુળ કર્યો.ક્ર હવે ભક્તિથી ભરેલાં ગરુડેદેવે આવીને પુણ્યશાલી રામને પ્રભાવથી યુક્ત ઘણી વિદ્યાઓ આપી. ક્ર તે વખતે ગરુડદેવે લક્ષ્મણને દેદીપ્યમાન – હળ – રથ – મુશલ – ગારુડિકી વિદ્યા આપી ક્ર આ પ્રમાણે બીજાં શસ્ત્રો અને જુદા જુદા પ્રકારની શ્રેષ્ઠ વિદ્યાઓ રામભદ્રને આપીને ગરુડેન્દ્ર અંતર્ધ્યાન થયા. ક્ર લક્ષ્મણે યુદ્ધમાં રાક્ષસને વિષે તેજસ્વી એવા રાવણને નહિ જોવાથી મોટેથી ચરપુરુષને આ પ્રમાણે નકકી કહ્યું. ક્ર રાવણે પોતાના સૈન્યને હણતા એવા લક્ષ્મણને જોઈને દેદીપ્યમાન તેજવાળી ધરણેન્દ્રે આપેલી શક્તિને હાથમાં કરી. ક્ર તે વખતે રાવણે લક્ષ્મણ તરફ શક્તિ મૂકી. તે વખતે જલદીથી વાયુપત્ર વગેરે તેને રુંધવા માટે દોડ્યા ક્ર સર્વ શત્રુ સમુદાયને તિરસ્કાર કરીને તે શક્તિ વેગથી અગ્નિના પિંડની પેઠે લક્ષ્મણના હૃદયપર અકસ્માત્ પડી. ક્ર મૂર્છા પામેલો લક્ષ્મણ એકદમ કરમાઈ ગયેલા વૃક્ષની માફક પડ્યો. તે વખતે પોતાના સેવકો સહિત રાવણ જલ્દી હર્ષ પામ્યો. ક્ર આ બાજુ યુદ્ધ કરતાં રામે બાણોની પંક્તિવડે રાવણના મસ્તકમાં રહેલા છત્રને અને રાવણના રથને કાપી નાંખ્યો. ક્ર તે વખતે લક્ષ્મણને મૂર્છા પામેલા સાંભળીને જલદી ત્યાં આવીને તેને મૂર્છા પામેલો જોઈને રામ પૃથ્વીતલપર પડ્યા ક્ર ક્ષણવારમાં પોતાના સેવકોવડે આદરપૂર્વક પવન નાંખવા વગેરેવડે સચેત ન કરાયેલા રામ કરુણ સ્વરે – બોલ્યા. ક્ર

શત્રુના સમુદાયને હણ્યા સિવાય અને સીતાને આપ્યા સિવાય ને બિભીષણને લંકાનું રાજ્ય આપ્યા સિવાય તું કેવી રીતે ગયો ? ક્ર શત્રુના ઘરમાં શત્રુઓવડે વીંટાયેલા એકલા રામને મૂકીને દેવલોકમાં જતો તું લજ્જા પામતો નથી ? તે તું કહે. ક્ર હે લક્ષ્મણ ! તારા વિના હું હમણાં નિરાધાર થયો છું. તું મરી જવાથી મારા પ્રાણો પ્રયાણ કરશે. ક્ર તું મૃત્યુ પામે છતે શત્રુના ઘરમાં વાજિંત્રો વાગશે. ને તેથી તે સઘળા શત્રુઓ હર્ષ પામશે. ક્ર હે ભાઈ તારાવિના બિભીષણ વગેરેની આશા હું કઈ રીતે પૂર્ણ કરીશ? તું હમણાં એક વખત બોલ. તે વખતે હનુમાને કહ્યું કે રાવણને બાંધીને અહીં લાવું ? અથવા તો લંકાના કિલ્લાના ચૂરેચૂરા કરી નાંખું ? ક્ર જેથી હે દેવ! તમે મને આજ્ઞા કરો હું શું કરું? શું લંકાને અહીં લાવું ? જંબૂદ્વીપને અહીં લાવું ? અથવા સમુદ્રને સૂકવી નાંખું ? રમતમાત્રમાં ઉપાડેલા – વિંધ્યાચલ –

મેરુપર્વત – હિમગિરિ– સુવર્ણ ગિરિ – ત્રિકૂટપર્વત એના નાંખવાના ક્ષોભથી વધતાં પાણીવાલા સમુદ્રને હું બાંધું ? ૠ તે વખતે દુ:ખી એવા રામે લક્ષ્મણ તરફ કહ્યું "હું ભોજનમાં તત્પર હોતે છતે તે જમતો હતો. હું સૂઇ ગયે છતે સૂઇ જતો હતો. મારાપછી આપે જન્મ લીધો હતો.બીજું શું? જે આ ક્રમ છોડીને દેવલોકની યાત્રા કરી તો તે શું? શોક્યથી ઉત્પન્ન થયેલો વિકાર પ્રગટ કર્યો? ૠ દરેકે દરેક સ્થાનમાં સ્ત્રીઓ – દરેક પગલે પગલે મિત્રો અને તેજ દેશ હું જોતો નથી કે જ્યાં સહોદર ભાઇ હોય? ૠ

સીતાનું હરણ કરાયું તે દુ:ખ મને નથી. લક્ષ્મણ હણાયો તેનું દુ:ખ મને નથી. એજ મોટું દુ:ખ છે કે રાજ્યઉપર બિભીષણ સ્થાપન  ન કરી શક્યો.

તે વખતે હનુમાને આ પ્રમાણે કહ્યું ''બિભીષણનું સૈન્ય પશ્ચાત્તાપથી હણાતે છતે વાનરનો સ્વામી સુગ્રીવ ખેદ પામે છતે. જાંબૂવાન મૂઢ થયે છતે, વાનરનો સમૂહ ભેગો થઇને ફરીથી ઊભો રહે છતે શક્તિના મોટા દૃઢપ્રહારથી વ્યાકુલ થયેલો લક્ષ્મણ મૂર્છા પામે છતે અને શ્રી રામ વિલાપ કરતે છતે હનુમાને કહ્યું કે બધા સ્થિર થઇને ઊભા રહો ૠ

પાતાલથી શું અમૃત રસને લાવું ? અથવા ચન્દ્રને પીડા કરીને અમૃતને લાવું ? શું ઊગતા સૂર્યને અટકાવું? શું જલદી યમરાજાને ક્ષણ ક્ષણ ચૂર્ણ કરું. ૠ તે વખતે હનુમાનને રામે કહ્યું કે હનુમાન ! તું ચાર ભાઇઓમાં પાંચમો ભાઇ છે. હે મહાવીર તું જલદીથી મને ભાઇની ભિક્ષા આપ. ૠ બિભીષણે કહ્યું હે રામ! તમે ખેદ છોડી દો. ધીરજનો આશ્રય કરો. શક્તિવડે હણાયેલો મનુષ્ય એક રાત જીવે છે. તેથી ઉદ્યમ કરો. ૠ તે પછી લક્ષ્મણની રક્ષા માટે રામના આદેશથી સુગ્રીવ આદિ વિદ્યાધરોએ  તેની ચારે તરફ સાત સૈન્ય કર્યા ૠ સુગ્રીવ  અંગદ – ચંદ્રાંશુ અને ભામંડલ વગેરે વિદ્યાધરો લક્ષ્મણની રક્ષા માટે તેના શરીરને વીંટળાઇને ઊભા રહ્યા. ૠ  હવે ભામંડલનો મિત્ર આકાશગામિની વિદ્યાધરોનો અગ્રેસર – હિતની ઇચ્છાવાળો ભાનુનામનો વિદ્યાધર રામની પાસે આવીને નમસ્કાર કરી બે હાથ જોડી આ પ્રમાણે બોલ્યો. ૠ અયોધ્યા નગરીની પાસે વીશયોજન પછી દ્રોણ રાજાવડે રક્ષણ કરાયેલું દ્રોણ પત્તન છે. ૠ ત્યાં હમણાં કૈક્યીનોભાઇ રાજા છે. તેને ઉત્તમ લક્ષણવાલી વિશલ્યાનામની પુત્રી છે. ૠ તે ગર્ભમાં હતી ત્યારે તેની માતાને અત્યંત દુ:શક્ય એવો જે રોગ હતો તે ક્ષય પામ્યો અને ઘણાં મનુષ્યો અને સ્ત્રીઓના રોગોપણ ક્ષણવારમાં ક્ષય પામ્યા. ૠ તેના શરીરને સ્પર્શેલો છે વાયુપણ જેના અંગમાં લાગે તેનો દુષ્ટ એવો પણ રોગ જલદી વિનાશ પામે છે. ૠ દેવતાથી અધિષ્ઠિત એવું શલ્ય શરીરમાંથી નીકળી જાય છે. શક્તિ અને વ્યંતરી વગેરે જરાપણ પરાભવ કરતાં નથી. ૠ જો તેના હાથનો સ્પર્શ લક્ષ્મણના અંગને વિષે લાગે તો આ લક્ષ્મણ  સાજો  થાય. બીજી રીતે નહિં. ૠ આ સાંભળીને રામે અંગદ ને ભામંડલ વગેરે ને કહ્યું કે તમે હમણાં અયોધ્યા નગરીમાં ભરતની પાસે જાવ અને ભરતની આગળ સીતાના હરણનું વૃતાંત. લક્ષ્મણને શક્તિનું તાડન અને વિશલ્યાને લાવવાનો વૃતાંત જણાવો. ૠ તે પછી  ત્યાં જલદી જઇને રામે કહેલું ભરતને જણાવીને હનુમાન વગેરે દ્રોણપુરમાં ગયા. ૠ રામે કહેલું બધું દ્રોણરાજાની આગળ કહીને હનુમાન – ભરતને દ્રોણરાજા સહિત તેજ રાત્રિમાં દ્રોણરાજાની પુત્રી વિશલ્યાને જલદીથી સ્વામીની ભક્તિને ભજનારો તે રામની પાસે લાવ્યો. ૠ વિશલ્યાના હાથના સ્પર્શથી લક્ષ્મણના શરીરમાંથી જતી શક્તિ હનુમાનવડે આ પ્રમાણે બોલતાં હાથમાં પકડાઇ. ૠ હે શક્તિ! તું શું રાવણની ચાકર છે? તે બોલી પહેલાં હતી હમણાં તો આપની ચાકર છું. ૠ હે હનુમાન ! મારી ઉપર દયા કરીને

મને છોડી દો. હવે પછી તમારા સૈન્યમાં હું અપરાધ કરીશ નહિ. ક તે પછી હનુમાનવડે મુકાયેલી તે શક્તિ પોતાના સ્થાનમાં ગઈ. તે પછી રામના સૈન્યમાં ચારે તરફ જય જય શબ્દ થયો. ક દ્રોણરાજાએ એક હજાર કન્યાઓ સહિત વિશલ્યાને દેદીપ્યમાન ઉત્સવ પૂર્વક લક્ષ્મણને આપી. ક વિશલ્યાના સ્નાનના પાણીવડે સ્નાન કરવાયેલા વાનરપુરુષો હાથી – ઘોડા વગેરે એકદમ રુઝાયેલા ઘા વાળા થયા. ક બીજા ગ્રંથોમાં કહ્યું છે. શક્તિવડે ભેદાયેલા પૃથ્વીપર આળોટતાં ભાઈને જોઈ ઝરતાં આંસુવાળો રામ મૂર્છાના વશથી વ્યાકુળ થયેલો પડ્યો. ક શીતલ જલથી સિંચન કરાયું છે અંગ જેનું – આશ્વાસન પામેલો – વાનરોથી ઘેરાયેલો રામ કરુણશબ્દવડે વિલાપ કરવા લાગ્યો. ક હેવત્સ! અતિદુર્લભ એવા આ સમુદ્રનો પાર કરીને વિધિના યોગથી હું આવા પ્રકારના અનર્થને પામ્યો. ક લોકમાં પુરુષને કામ સુલભ છે. અર્થ સુલભ છે. અનેક સંબંધો સુલભ છે. પરંતુ આ લોકમાં ભાઈ માતા ને પિતા મલતાં નથી. ક અથવા તો મેં પરભવમાં અતિભયંકર પાપ ઉપાર્જન કર્યું છે. તેજ પાપનું ફલ સીતાના નિમિત્તમાં થયું. ક તે પછી રાવણ લક્ષ્મણને જીવતો સાંભળીને સવારે બહુરૂપી વિદ્યાની સાધના કરવા માટે તૈયાર થયો. ક

સોળમા તીર્થંકર શ્રી શાંતિનાથ પ્રભુની શ્રેષ્ઠ અષ્ટપ્રકારી પૂજા કરીને વિદ્યા સાધવા માટે લંકાધિપતિ રાવણ તૈયાર થયો. ચૈત્ર માસ આવ્યો ત્યારે રામ–રાવણ બોલ્યા કે હમણાં ચૈત્રની અઠ્ઠાઈ કરવા માટે અવસર છે. ક આ નવ દિવસોમાં જિનમંદિરોમાં ઉત્તમ શ્રાવકોવડે આદરપૂર્વક સર્વ જિનેશ્વરોની પૂજા કરાય છે. ક આ પર્વમાં શ્રાવકો આયંબિલ કરે છે. અને હંમેશાં અરિહંત આદિપદોનો જાપ કરે છે. ક ચૈત્ર મહિનાના શુક્લપક્ષમાં આઠમથી માંડીને પૂર્ણિમા સુધી. રામ – રાવણના સૈન્યમાં મહોત્સવ શરુ કરાયો. ક ચૈત્ર મહિનાના શુક્લપક્ષમાં બન્ને સૈન્યમાં આઠમથી શરુ કરી પૂનમ સુધી યાવજ્જીવ અષ્ટાહ્નિકા મહોત્સવ થયો. ક મંદોદરીના આદેશથી સર્વ નગરજનોએ અને રાવણે વિઘ્નશાંતિ માટે અષ્ટાહ્નિકા મહોત્સવ કર્યો. ક સિદ્ધ થઈ છે. વિદ્યાજેને એવા રાવણે સવારે જિનપૂજા કરીને ઘણા સેવકો અનેબાંધવો સાથે હર્ષપૂર્વક ભોજન કર્યું. ક બીજે દિવસે સવારે ઘણા જીવોના વધરૂપ – રામ અને રાવણનું પરસ્પર ભયંકર યુદ્ધ પ્રવર્ત્યું. ક તે વખતે રાવણ જલદી લક્ષ્મણને હણવા માટે ઇચ્છતો, ઘણા રાક્ષસો સહિત શત્રુઓ સાથે યુદ્ધ કરવા માટે આવ્યો. ક હવે ભરત રાક્ષસો સાથે યુદ્ધ કરવા પ્રવર્ત્યો. લક્ષ્મણે તે વખતે ઘણા રાક્ષસોને યમના ઘેર મોકલ્યા. ક હનુમાને ઘણાં રાક્ષસોને તલવારના ઘાવડે દૂર કરીને રાવણની છાવણીને અત્યંત વ્યાકુળ કરી. ક યમરાજ સરખા લક્ષ્મણે તીવ્ર ખડ્ગના પ્રહારવડે સેંકડોની સંખ્યામાં રાક્ષસોને યમના આવાસમાં મોકલ્યા ક યુદ્ધમાં ક્રોધથી ધમધમતા મનવાલા લક્ષ્મણે બાણોવડે ગાઢ પ્રહાર કરીને રાવણને તાડન કર્યું. ક હવે રાવણે બહુરૂપિણી વિદ્યાવડે યુદ્ધભૂમિમાં પોતાના રુપસરખાં કરોડો શરીરો કર્યાં. ક તે પછી આકાશમાં પૃથ્વીપર – પાછળ – આગળ – બન્નેપડખે વિવિધ હથિયારને વર્ષાવતાં ઘણા રાવણોને લક્ષ્મણે જોયા. ક લક્ષ્મણ જેજે રાવણને હણે છે. તેતે રાવણ દ્વિગુણથી માંડીને (બેથી માંડીને) કરોડો સુધીના પ્રમાણવાલો યુદ્ધમાં થાય છે. ક લક્ષ્મણ વારંવાર બાણોવડે સો – લાખ પ્રમાણવાલા – રાવણોને હણતાં ત્યાં કરોડો પ્રમાણવાલા (રાવણોને ફરીથી) જોવા લાગ્યો. ક તે વખતે લક્ષ્મણના તીક્ષ્ણ – બાણના સમૂહે રાવણોને મારતે છતે ઘણા રાવણો પ્રગટ થયા. ક તે પછી લક્ષ્મણે કહ્યું કે શું રાવણની માતા ખાડાની ભૂંડણ હતી કે જેથી ઘણા રાવણો દેખાય છે ? ક અથવા તો શું તે તીડ હતી? સાપણ હતી કે ઘો હતી ? જેથી હમણાં રણમાં ઘણા રાવણો દેખાય છે ? ક લક્ષ્મણે બહુરુપને સંહારકરનારી વિદ્યાવડે મુખ્ય રાવણ વિનાના રાવણોને મારી નાંખ્યા. ક તેથી ક્રોધપામેલા રાવણે અગ્નિનાપિંડ જેવા ચક્રને હાથમાં કરીને કહ્યું કે હે લક્ષ્મણ તું જલદી નાસીને ચાલ્યો જા. જો એમ

નહિ કરે તો આ ચક્ર તારા મસ્તકને હમણાં છેદી નાંખશે. લક્ષ્મણે કહ્યું કે શૂરવીર પુરુષો શત્રુના ભયથી કોઇ ઠેકાણે નાસી જતાં નથી. ꠰ તું ચક્રને મૂક તારા આવતાં ચક્રને મુષ્ટિવડે ચૂર્ણ કરાશે. હવે તારે લોહના ટુકડાનો ગર્વ ન કરવો. ꠰ એ પ્રમાણે સાંભળીને ક્રોધ પામેલા રાવણે મસ્તકની ચારેતરફ ચક્રને ભમાવીને લક્ષ્મણને યમના ઘરમાં પહોંચાડવા માટે ફેંક્યું. ꠰ ચક્રે તે વખતે લક્ષ્મણની ચારેતરફ પ્રદક્ષિણા કરીને લક્ષ્મણના હાથને શોભાવ્યું. જેમ વજ્ર ઇન્દ્રના હાથને શોભાવે તેમ ꠰ લક્ષ્મણે કહ્યું કે હે રાવણ! તું સીતાને છોડી દે તો તારું જીવન રહે. અન્યથા ચક્રથી મરણ થશે. ꠰ રાવણે કહ્યું કે મારું ચક્ર મારા પ્રાણોને હરણ કરશે નહિં. હે લક્ષ્મણ! તું હમણાં છોડ. તે મારા હાથમાં આવશે. ꠰ તે વખતે મંદોદરી પત્નીએ આવીને રાવણને કહ્યું કે આ રામ લક્ષ્મણ મનુષ્યો નથી. પરંતુ દેવો છે. ꠰ આ કારણથી – મનુષ્યો મનુષ્યો નથી. વાનરો તે વાનરો નથી. પણ કોઇક બહાનાથી ગુપ્તપણે બન્ને દેવો અહીં આવ્યા. ꠰ વિધિ વિપરીત હોય ત્યારે પુત્ર – સ્ત્રી – પિતા વગેરે જુદા પડે છે. તો ચક્ર શું પોતાનું થશે? ꠰ કહ્યું છે કે:– વૈભવ જુદો પડે છે. બાંધવો જુદા પડે છે–꠰

આથી હે પ્રિય! સાહસ કરવું નહિ. હમણાં સીતાસતી રામને આપી દેવાય તો સારું થશે.꠰ આ પ્રમાણે મંદોદરીએ કહ્યાં છતાં પણ રાવણે મદનો ત્યાગ ન કર્યો. તે વખતે લક્ષ્મણે કહ્યું કે હે રાવણ તારું મૃત્યું આવ્યું છે. ꠰ તું સીતા સતીને છોડી દે. ઘણાં દુઃખને આપનાર માનને મૂકી દે. રામભદ્રનાં બે ચરણોને વિષે સેવા કર. ꠰ કહ્યું છે કે અભિમાન ઉચિત આચરણને વાયુ જેમ મેઘનો નાશ કરે તેમ નાશ કરે. જેમ સર્પ પ્રાણીઓના જીવિતનો નાશ કરે તેમ વિનયનો નાશ કરે. જેમ હાથી કમલિનીનો નાશ કરે છે તેમ કીર્તિને વેગથી ઉખેડી નાંખે છે. જેમ નીચ ઉપકારના સમૂહને હણે છે તેમ માન મનુષ્યોના ત્રણ વર્ગને હણે છે. નીચપુરુષ સ્વાધીન એવી સ્ત્રી હોવા છતાં પરસ્ત્રીમાં લંપટ થાય છે. તળાવ હોવા છતાં કાગડો ઘડાનું પાણી પીએ છે. ꠰ રાવણે કહ્યું કે હે લક્ષ્મણ !

આ પ્રમાણે મને કહેતો તું મારા હાથથી જલદી મૃત્યુ પામીશ. આથી ચાલ્યો જા ꠰ આવા પ્રકારનાં વાક્યો મિત્રોની આગળ બોલાય છે. તું મૌન કરી બીજે ઠેકાણે જઇ સુખી થા.꠰ હવે લક્ષ્મણે મસ્તકની ઉપર ચક્રભમાવી દયારહિત એવા રાવણને હણવા માટે રોષથી મૂક્યું. ꠰ તે ચક્રવડે તત્કાલ રાવણનું મસ્તક કપાઇ ગયું ત્યારે હે લક્ષ્મણ! તું જય પામ એ પ્રમાણે નિરંતર આકાશમાં વાણી થઇ. ꠰ તે વખતે આકાશમાં દેવો અને ભૂમિઉપર મનુષ્યો અને રાજાઓ ગાવા લાગ્યા. જે કારણથી હમણાં પડેલાં રાવણનાં મસ્તકો શોભતાં હતાં. ખરેખર આ લોકમાં પ્રાણીઓને વિષે પૂર્વે કરેલાં કર્મોનો વિષમ વિપાક હોય છે. નહિતર તો જનકરાજાની પુત્રી ક્યાં? ને રાવણના ઘરમાં નિવાસ ક્યાં? ખરેખર અહીં શંકરના મસ્તક વિષે જે મસ્તકો શોભતાં હતાં. હે શંકર! હે શંકર! તે મસ્તકો ગીધડાના પગોમાં આળોટે છે. ꠰ પોષ મહિનામાં કૃષ્ણ પક્ષની એકાદશીના દિવસે દિવસના પાછલા ભાગમાં મૃત્યુ પામેલો રાવણ ચોથી નરકમાં ગયો.꠰

(વાસુદેવો કઇ કઇ નરકમાં ગયા? તેની ગાથા)

**एगो य सत्तमाए पंच पंच य छट्ठि ए एगो ।।**
**एगो पुण चउत्थीए, कन्हो पुण चउत्थ पुढवीए ।।८८२ ।।**

એક સાતમીમાં – પાંચ પાંચમીમાં – એક છઠ્ઠીમાં એક ચોથીમાં કૃષ્ણ ચોથી નરકમાં ગયા ꠰ તે વખતે મોટેથી જય જય એ પ્રમાણે શબ્દ બોલતાં દેવોએ લક્ષ્મણના મસ્તક ઉપર પુષ્પવૃષ્ટિ કરી. ꠰ તે વખતે એકદમ બિભીષણે રાક્ષસોને સ્વસ્થ કરીને કહ્યું કે જો તમે લક્ષ્મણની સેવા કરો તો તમારું જીવિત છે. ꠰ કુંભકર્ણ – ઇન્દ્રજિત મેઘવાહન વગેરે રાક્ષસોએ રામને નમીને રાવણનું પ્રેતકાર્ય કર્યું. ꠰ રામે જિનેશ્વરને અને માતૃવર્ગને પ્રણામ કરીને સર્વ ઠેકાણે હર્ષવડે જિનપૂજન કરાવ્યું ꠰ તે પછી જલદીથી ઉદ્યાનવનમાંથી સીતાને લાવીને રામે પોતે ગીત – ગાન વગેરે નૃત્યોને કરાવ્યાં. ꠰ તે પછી રામે પોતાના સર્વ પરિવારને અને રાવણના પરિવારને ઉત્તમ અન્નપાન આપી પ્રસન્ન કર્યા. ꠰

આ બાજુ અમિતબલ નામના જ્ઞાની – ૫૬ – હજાર સાધુઓ સાથે લંકા નગરી પાસે આવ્યા. ꠰ રામ – લક્ષ્મણ – સુગ્રીવ – કુંભકર્ણ – બિભીષણ – અને ઇન્દ્રજિત વગેરે રાજાઓ સાધુઓનું આગમન સાંભળીને મોટું દાન આપી જલદી સુંદર ઉત્સવ કરતાં તે જ્ઞાનીની પાસે ધર્મ સાંભળવા માટે આવ્યા. ꠰ આદરપૂર્વક તે સાધુને ત્રણ પ્રદક્ષિણા આપી રામવગેરે રાજાઓ ધર્મ સાંભળવા માટે બેઠા. ꠰

હવે તે દિવસને અંતે ત્યાં અમિતબલનામના સાધુ ૫૬ – હજાર મુનિ સહિત – લંકા નગરીમાં આવ્યા. જો તે મુનિ મહાત્મા લંકાધિપતિ રાવણ જીવતો હોત ત્યારે આવ્યો હોત તો લક્ષ્મણને રાવણની સાથે પ્રીતિ થાત. ꠰ તે વખતે ભગવંત ધ્યાન કરતા હતા.ત્યારે રાત્રિના સમયે ઘાતિકર્મોનો ક્ષય થવાથી તેમને કેવલજ્ઞાન ઉત્પન્ન થયું. ꠰ ત્યાં આવેલા દેવતાઓના દુંદુભિના શબ્દને સાંભળીને રામ ખેચર સૈન્યસહિત સાધુ પાસે આવ્યા. ꠰ તે પછી જ્ઞાનીએ મોક્ષસુખને આપનારી દેશના રામ – લક્ષ્મણ ને સુગ્રીવ આદિ રાજાઓની આગળ કરી. ꠰

વિદ્વાનપુરુષો યૌવનવયમાં પણ મનમાં જરા (ઘડપણ) થી વ્યાપ્ત થાય છે. પરંતુ – બીજા મંદબુદ્ધિવાલા વૃદ્ધત્વના યોગમાં પણ જરાથી વ્યાપ્ત થતા નથી. ꠰ મસ્તક ને હૈયામાં ચઢતી જરા – ઉન્નતપણાને સેવે છે. ને મસ્તક ઉપરથી હૈયામાં આવતી જરા નીચપણાને બતાવે છે. ꠰ (ઘડપણમાં શું થાય?)

**विकम्पते हस्तयुगं वपुःश्री, प्रयातिदन्ता अपि विद्रवन्ति ;**
**मृत्युः समागच्छति निर्विलम्बं, तथापि जन्तुर्विषयाभिलाषी ॥९००॥**

બે હાથ કંપે છે. શરીરની શોભા ચાલી જાય છે. દાંતોપણ પડી જાય છે. મૃત્યુ પણ વગર વિલંબે આવે છે. તો પણ પ્રાણીઓ વિષયની અભિલાષાવાળા હોય છે. (૯૦૦) પૂર્વ સંસારમાં (ભવોમાં) ઉત્પન્ન થયેલાં પુણ્ય ને પાપથી ધનદશ્રેષ્ઠની જેમ ખરેખર દ્વેષ ને પ્રીતિ વગેરે થાય છે. ꠰ શ્રીપુર નામના નગરમાં ઘણા વૈભવવાળો ધનદ નામે શ્રેષ્ઠિ હતો. તે શેઠને રુપવડે દેવાંગનાઓને જીતનારી અત્યંતરૂપવાલી પત્ની હતી. ꠰ તેને ભીમનામનો રાજા. કમલનામે પુરોહિત – ધનનામે મંત્રી. ને ચંદ્રનામે શેઠ અનુક્રમે મિત્રો હતા. ꠰ એક વખત ધનદશેઠના ઘરે આવીને ધન નામનો બ્રાહ્મણ ચાકર થયો. અને હંમેશાં ઘરનાં કામ કરે છે. ꠰ એક વખતે તે બ્રાહ્મણે તે શેઠના ઘરમાંથી ગુપ્તપણે લક્ષ્મી લઇને રાત્રિમાં ઉતાવળ કરવા પૂર્વક દૂરદેશમાં ગયો. ꠰ પછી શેઠ બ્રાહ્મણસહિત લક્ષ્મીને ગયેલી જોઇને તેના પગલે તે બ્રાહ્મણની પાછળ

ગયો. ꖴ તે ચોરને પકડી – પાછો રાજાની પાસે લાવી જેટલામાં રોષવડે હણવા માટે શેઠ જલદીથી પાછો વળ્યો ꖴ તેટલામાં ત્યાં ચંદ્રચૂડ નામના જ્ઞાની આવ્યા અને કહ્યું કે શેઠ ! હમણાં તારે આ ચોર બ્રાહ્મણને મારવો ન જોઈએ ꖴ

શેઠે કહ્યું કે તેણે એકાંતમાં મારી ઘણી લક્ષ્મી હરણ કરી છે. આથી આને જલદીથી ચોર દંડવડે હું હણીશ ꖴ

જ્ઞાનીએ કહ્યું કે – પૂર્વભવમાં તેં ચંદ્રપુરમાં સોમશેઠના ઘરમાં ગુપ્તપણે પ્રવેશ કરીને તેં સોમની લક્ષ્મી હરણ હતી ꖴ આથી તેણે આ ભવમાં ગુપ્તપણે તારી લક્ષ્મી હરણ કરી છે. આ કારણથી હે વણિક્વર! તારે આ બ્રાહ્મણને મારવો ન જોઈએ. ꖴ પદ્મનામના નગરમાં વીરવણિકરાજા પુરોહિતમંત્રી ને શ્રેષ્ઠિરાજશ્રીધર પરસ્પર પ્રીતિવાલા હતા. ꖴ આથી તે રાજા વગેરેને અહીં પૂર્વભવનાસ્નેહથી પરસ્પર ઘણી પ્રીતિ થઈ. ꖴ કહ્યું છે કે :–

**यस्मिन् दृष्टे मनस्तोषः द्वेषश्च प्रलयं व्रजेत्।**
**स विज्ञेयो मनुष्येण, बान्धवः पूर्वजन्मनः ।।९१४।।**

જેને જોવાથી મનમાં સંતોષ થાય. ને દ્વેષ નાશ પામે તે મનુષ્યને પૂર્વભવનો બાંધવ જાણવો જોઈએ. ꖴ જે પ્રાપ્ત થયેલા જન્મમાં પોતાનાં કર્મની પરિણતિથી જે શુભ અને અશુભ થાય તે દેવો અને અસુરોવડે પણ અન્યથા કરી શકાતું નથી. ꖴ

તે પછી ભીમે ઊભા થઈને મિચ્છામિ દુક્કડં પૂર્વક ધર્મ આપવાથી વૈરીની સાથે (શત્રુ સાથે) પ્રીતિ કરી. ꖴ તે સર્વે અરિહંતના ધર્મને કરીને અનુક્રમે સ્વર્ગના સુખને ભોગવીને ફરીથી સુખદાયક મનુષ્યજન્મ પામીને સ્વર્ગ લોકમાં ને મનુષ્ય લોકમાં પરસ્પર ઘણા ભવ પામીને અનુક્રમે બધા રાજાવગેરે મોક્ષસુખને પામ્યા. ꖴ એ પ્રમાણે સાંભળીને રામે પૂછ્યું કે ક્યા કર્મથી નલવડે હસ્ત અને નીલવડે પ્રહસ્ત મરાયો ? તે કહો. ꖴ કેવલી ભગવંતે કહ્યું કે લક્ષ્મીવડે શ્રેષ્ઠ એવા કુશસ્થલ નામના નગરમાં ઇન્ધક અને પલ્લવ નામે બ્રાહ્મણ એવા બે સગા ભાઈઓ હતા. ꖴ તે બન્ને ખેતીવાડીમાં રક્ત જિનેશ્વરના મતનો આશ્રય કરનારા બે – સાધુઓને શુદ્ધભિક્ષાના દાનથી હર્ષવડે સેવા કરતા હતા. ꖴ કહ્યું છે કે::–

રોગીઓના મિત્રો વૈદ્યો હોય છે. મીઠું બોલનારાઓ સ્વામીના મિત્ર હોય છે. દુઃખથીબળેલાના મિત્રો મુનિઓ હોય છે. અને જેની સંપત્તિ ખલાસ થઈ ગઈ છે તેના મિત્રો જ્યોતિષી હોય છે. ꖴ તેજ નગરમાં કૃષ્ણ ને મુકુંદ નામના સગાભાઈ એવા બે બ્રાહ્મણો દયાવગરના મૂઢપણાથી હંમેશાં સાધુઓને વિષે પ્રગટ નિંદા કરે છે. ꖴ શ્રીપુર નગરમાં અત્યંત ધર્મિષ્ઠ એવા વૈરિમર્દનરાજા પાસેથી દાનલેવા માટે અનુક્રમે કૃષ્ણ ને મુકુંદ વગેરે બ્રાહ્મણો ગયા. ꖴ લોભથી કૃષ્ણ ને મુકુંદવડે ઇન્ધક ને પલ્લવ બ્રાહ્મણો મારી નંખાયા. ધર્મના પ્રભાવે તે બન્ને હરિવર્ષક્ષેત્રમાં યુગલિક થયા. ꖴ કૃષ્ણ ને મુકુંદ મરીને કાલિંજર નામના વનમાં પાપકર્મથી રોગસહિત સસલા થયા. ꖴ કહ્યું છે કે તીવ્ર કષાય ભાવવાળા પુરુષો સાધુઓની નિંદામાં તત્પર અને ઇન્દ્રિયને વશ પામેલા પુરુષોનું નિશ્ચય દુર્ગતિગમન થાય છે. ૧. તે પછી તે બન્ને મરીને ભીમનામના અરણ્યમાં અતિદુઃખી મૃગ થયા. અને ત્યાંથી તે બન્ને ચંદ્ર નામના વનમાં રોગવાળા શિયાળ થયા. ꖴ આ પ્રમાણે તિર્યંચયોનિમાં ઘણા ભવસુધી ભમણ કરી તે પછી તે બન્ને અજ્ઞાનતપમાં શ્રેષ્ઠ – જટાધારી તાપસ થયા

ꖴ ત્યાંથી મરીને અરંજિકા નગરમાં વિષ્ણુકુમાર રાજાના સુંદરરૂપને ધારણ કરનારા હસ્ત અને પ્રહસ્ત નામે પુત્રો થયા. ꖴ બન્ને યુગલિયાઓ સ્વર્ગમાં જઈને શ્રીપુર નગરમાં ધર્મક્રિયામાં તત્પર સર્વજ્ઞનાસેવક શ્રેષ્ઠ વણિક થયા. ꖴ ત્યાંથી દેવલોકમાં જઈને શ્રેષ્ઠ કિષ્કિંધા નગરીમાં રક્ષરજનાપુત્ર શ્રેષ્ઠ – નલ અને નીલ નામે થયા. ꖴ

પૂર્વભવના વૈરથી રાજાનાપુત્ર – નલ અને નીલે યુદ્ધમાં હસ્ત અને પ્રહસ્ત રાજાને યમના આવાસમાં મોકલ્યા. ꖴ કહ્યું છે કે:– પહેલાં જેનાવડે જે હણાયો હોય તેનાવડે તે હણાય છે. તેમાં સંદેહ નથી. તેથી કરીને અજ્ઞાનઆદિથી – અન્યશત્રુને ન હણવા જોઈએ. ꖴ હે શ્રેણિક ! જે જીવોને સુખ આપે છે તે સુખને ભોગવે છે. દુ:ખ આપનારો દુ:ખ પામે છે. તેમાં સંદેહ નથી. ꖴ

ફરીથી રામે જ્ઞાની ભગવંતને પૂછ્યું કે વિશલ્યાએ શું પુણ્ય કર્યું હતું ? કે જેથી આ ભવમાં લક્ષ્મણના દેહમાંથી – વિશલ્યાના હાથના સ્પર્શથી શક્તિ નીકળી ગઈ. તે પછી જ્ઞાનીએ કહ્યું કે હે રામ ! તેં જે પૂછવાલાયક પૂછ્યું છે તેનો જવાબ તું સાંભળ ꖴ પુંડરીક નામના વિજયમાં ધીર ચક્રવર્તિને પ્રીતિનામની પ્રિયા હતી. તેને દેદીપ્યમાન ગુણવાલી અનંગશ્રી નામે પુત્રી થઈ. ꖴ સુપ્રતિષ્ઠ નગરીનાસ્વામી પુનર્વસુ વિદ્યાધર તે કન્યાને હરણ કરીને જેટલામાં દૂર ગયો. તેટલામાં ત્યાં વિદ્યાધરો ભેગા થયા. ꖴ તે પછી યુદ્ધ થયે છતે તેનું વિમાન ભાંગી નંખાયે છતે ચંદ્રની પ્રભાજેવી કન્યા કોઈ વનમાં પડી ꖴ શિકારી પશુઓથી યુક્ત – તે ભયંકરવનમાં પોતાના માણસોનું સ્મરણ કરીને કરુણ શબ્દપૂર્વક રુદન કરતી પિતા વગેરેનાં નામને લે છે. ꖴ આ પ્રમાણે લાંબા કાળસુધી રુદન કરીને પોતાને ધીરજ પમાડીને તે કન્યા ફળા હારને કરતી અઠ્ઠમ વગેરે તપ કરવા લાગી. તે કન્યાએ હંમેશાં છઠ્ઠ, અઠ્ઠમ આદિ તપ કરતાં સંવેગથી વાસિત થયેલી તેણીએ ત્રણહજારવર્ષ પસાર કર્યાં ꖴ આ તરફ મેરુપર્વતપર જિનેશ્વરોને નમસ્કાર કરીને લબ્ધિવાસનામે વિદ્યાધરપતિ – ત્યાં આવ્યો. નીચે કન્યાને જોઈને તે ભૂમિપર આવ્યો.

તેને ઓળખીને નમસ્કાર કરીને તે વિદ્યાધરે કહ્યું કે – તું ચાલ તને હમણાં તારા પિતાની પાસે હું લઈ જઈશ. તે પછી તેણીએ તેને કહ્યું કે ꖴ મારાવડે અનશન સ્વાકારાયું છે. તેથી હું બીજે ઠેકાણે જતી નથી. તે પછી વિદ્યાધરે ચક્રવર્તિની આગળ – કન્યાનું સ્વરૂપ કહ્યું ꖴ ચક્રી જેટલામાં તે વનમાં આવ્યો. તેટલામાં પોતાની પુત્રીને અજગરવડે ગળી જવાતી કુટુંબ સાથે તેણે જોઈ.ꖴ તે વખતે અજગરના મુખમાંથી (તેને) રાજા ખેંચવા લાગ્યો ત્યારે તે કન્યાએ કહ્યું કે હમણાં મેં સ્વર્ગના સુખને આપનાર અનશન ગ્રહણ કર્યું છે. ꖴ હમણાં મારા આ શરીરના ખાવાવડે હે પિતા! આ અજગરની આશા હમણાં પૂરી કરો.ꖴ ભક્ષ્ય કરવા લાયક આ મારું શરીર તમે ગ્રહણ કરશો તો આ પ્રાણીનું મૃત્યુ થશે. તેથી તમને ઘણું પાપ લાગશે. ꖴ અજગરવડે પુત્રીને ભક્ષણ કરાયેલી જાણી રાજા પોતાના નગરમાં આવી પુત્રને રાજ્ય આપી જલદી તે દીક્ષા લેવાની ઈચ્છાવાળો થયો.

તે ચક્રવર્તિએ બાવીશહજાર પુત્રો સાથે શ્રી ચંદ્રશેખર આચાર્યની પાસે સંયમ લીધુ. ꖴ લાંબાકાળ સુધી તપતપી. કેવલજ્ઞાન પામી એક વખત ઘણા સાધુ સાથે ચક્રવર્તિ મોક્ષમંદિરમાં ગયા.ꖴ આ તરફ દુષ્ટ આત્મા અજગરવડે ખવાતી ધર્મધ્યાનમાં તત્પર એવી તે કન્યા દેવલોકમાં દિવ્યરૂપવાલી દેવી થઈ. ꖴ ત્યાંથી મરીને તે અનંગશ્રી જિનધર્મની સેવાથી સુંદરરૂપવાલી વિશલ્યાનામે દ્રોણરાજાની પુત્રી થઈ. ꖴ તે ગર્ભમાં ઉત્પન્ન થઈ ત્યારે માતાને લાંબા કાળથી ઉત્પન્ન

થયેલો રોગ ચાલી ગયો. ૬ અને બીજા લોકોનો દુઃશક્ય એવા ક્ષય વગેરે રોગો જલદી ચાલી ગયા.તેવી રીતે તે હંમેશાં જિનેશ્વરની પૂજા કરે છે. જેથી હમણાં પણ – લોકના ઉપદ્રવ ક્ષય પામે છે. ૬ કહ્યું છે કેઃ– તે દ્રોણ રાજાની પુત્રી વિશલ્યા લોકમાં ગુણવડે અધિક છે. જે ગર્ભમાં હતી ત્યારે તેની માતા રોગથી મુક્ત થઇ. હંમેશાં જિનશાસનની અનુરાગી જિનપૂજામાં ઉદ્યત બુદ્ધિવાલી તે બંધુઓ અને પરિવાર સાથે દેવપૂજા કરે છે. હે દેવ ! તેના અત્યંત સુગંધી સ્નાનના પાણીવડે સિંચન કરાયે છતે હું – પોતાના માણસો સાથે નિરોગીપણું પામ્યો.

**पुण्येन लभ्यते राज्यं, पुण्येन गेहिनी सुताः ।**
**पुण्येन जायते देहो, नीरोग श्चामलं यशः ।।९५१ ।।**

પુણ્યવડે રાજ્ય મલે છે. પુણ્યવડે સ્ત્રી મલે છે. પુણ્યવડે પુત્રો થાય છે. પુણ્યવડે નિરોગી શરીર થાય છે. અને પુણ્યવડે નિર્મલ યશ થાય છે. ૬

આ વિશલ્યા આજ ભવમાં પૂર્વે ઉપાર્જન કરેલાં સમસ્તકર્મનો ક્ષય કરી. શુદ્ધધર્મના ઉદયથી મોક્ષનગરીમાં જશે. ૬ તે વખતે આ પ્રમાણે ધર્મ સાંભળીને ઇન્દ્રજિત – મંદોદરી ને કુંભકર્ણ વગેરે ઘણા રાજાઓએ હર્ષવડે ચારિત્ર અંગીકાર કર્યું. ૬ રામે કલંકરહિત પ્રિયા સીતાને લઇને બિભીષણે કહેલા માર્ગદ્વારા હર્ષવડે લંકામાં પ્રવેશ કર્યો. ૬ રામે તરતજ લંકાનું રાજ્ય બિભીષણને આપીને બધા જિનમંદિરમાં જિનપૂજા કરાવી. ૬ ભરતે રામને પ્રણામ કરીને ઉત્તમવાણીવડે કહ્યું કે વનમાં વસતા તમને ૧૪ વર્ષ થયાં. ૬ માતા પિતાએ કહેલી પ્રતિજ્ઞા પૂર્ણ થઇ છે. તમારા વિના અયોધ્યા – સ્મશાન જેવી લાગે છે. ૬ આથી પોતાના આગમનથી પોતાના નગરને સ્વર્ગ સરખું કરો. આપે જલદીથી રાવણ વગેરે બધા શત્રુઓને જીતી લીધા છે. ૬ તે પછી બિભીષણને પૂછીને અયોધ્યા નગરી તરફ જવા માટે જેટલામાં તૈયારી કરી તેટલામાં માણસે કહ્યું કે ૬ અહીં નજીકમાં ઋષભ અને અજિત નામનાં મહાતીર્થો છે. ત્યાં જઇને તમે શ્રી ઋષભદેવ અને અજિતનાથને નમસ્કાર કરો. ૬ રામે પુષ્પક વિમાનમાં ચઢીને તે બન્નેતીર્થમાં જઇને શ્રેષ્ઠ મહોત્સવપૂર્વક બન્ને જિનેશ્વરોની પૂજા કરી. ૬

બિભીષણને જોઇને પુષ્પક વિમાનમાં ચઢીને રામ અયોધ્યા જવા માટે લક્ષ્મણ વગેરેની સાથે ચાલ્યા. ૬ તે વખતે રામ દરેક ગામે ગામે દરેક નગરે નગરે રાજાઓ પાસેથી ભેટણાને ગ્રહણ કરતાં ને તેઓને બહુમાન આપતાં ચાલ્યા. ૬ તાલિકા તોરણ આદિવડે કરીને ઉત્તમ શોભાવાલી અયોધ્યા નગરીમાં ભાઇ સહિત રામે સુંદર ઉત્સવપૂર્વક પ્રવેશ કર્યો. ૬ પ્રથમ જિનાયલમાં જઇને શ્રી જિનેશ્વરદેવ પ્રભુને પ્રણામ કરીને રામરાજાએ ઉદાર સ્તવનોવડે સ્તુતિ કરી. ૬ તે આ પ્રમાણેઃ–

**प्रातः प्रभूतपुरहूतनतानि पश्य, पश्येति पश्यति पदानि तव प्रभोर्यः ।**
**तस्याङ्घ्रियामलमलं विमलं मरुत्वान्, संसेवते समसुपर्वयुतो नितान्तम् ।।९७२।।**

**त्रैलोक्य लोक कुमुद प्रमद प्रदायी, कल्कान्धकारनिकरैक निराकरिष्णुः ।**
**आनम्रसर्व सुरराज समाज ! राज राजेति राजति तवाननपूर्णिमेन्दुः ॥१७३॥**
**जय जयेति जपन्ति निरन्तरं, मनसि नाम नरास्तव ये विभो !**
**तुद तुदेति तुदन्ति नतान्, मनाग् मदनमोहमुखान्तरवैरिणः ॥१७४॥**
**निःशेषनाकिनरनाथनताङ्घ्रिपद्म ! पद्मातनूभवभवा भवभीतिनेतः ।**
**भक्त्या भवी भुवि विभो ! वदनं प्रश्यन् सत्सातभाग् भवभवेति भवेन् न कोहि ॥१७५॥**

સવારે ઘણા ઇન્દ્રોવડે નમન કરાયેલાં તમારાં ચરણોને વારંવાર જોઇને જુએ છે. તેનાં નિર્મલ એવાં બે ચરણોને દેવોવડેયુક્ત એવોઇન્દ્ર અત્યંત સેવા કરે છે. ૠ ત્રણ લોકના જે લોક (લોકો) અને તે રૂપી જે કમલ તેને હર્ષ આપનાર, કલિકાલરૂપી અંધકારનો જે સમૂહ તેને અત્યંત દૂર કરનાર તમારા મુખરૂપી પૂર્ણિમાનો ચંદ્ર શોભે છે. હે રાજાઓના રાજા! નમેલા છે સર્વ દેવોનો સમૂહ જેને એવા (હે પ્રભુ!) ૠ હે પ્રભુ તમે જય પામો જય પામો એ પ્રમાણે તમારા નામને નિરંતર જે મનુષ્યો મનમાં જપે છે તેઓને કામ દેવ – મોહ વગેરે અંતરંગ શત્રુઓ તું પીડા પામ પીડા પામ. એ પ્રમાણે (ક્હેતાં) તેઓને જરાપણ પીડા કરતાં નથી. ૠ સમસ્ત ઇન્દ્રો અને રાજાઓવડે નમાયાં છે. ચરણ કમલ જેનાં એવા અને નથી ઉત્પન્ન થયેલ કામદેવથી ભય જેને એવા હે નેતા! હે પ્રભુ! જે ભવ્ય પ્રાણી ભક્તિવડે પૃથ્વીમાં તમારા મુખનારૂપને જોનાર સુખને ભજનારો કોણ ન થાય? કોણ ન થાય? કોણ ન થાય? ૠ

યાચકોને માંગેલું દાન આપીને, સજ્જનોનું સન્માન કરીને, સારા ઉત્સવપૂર્વક રામ શ્રેષ્ઠ એવા પોતાના મહેલમાં આવ્યા. ૠ તે વખતે અયોધ્યા નગરી કુલકોટિકુટુંબ સહિત શ્રેષ્ઠ કિલ્લાથી ને શેઠિયાઓની શ્રેણી સહિત અત્યંત શોભે છે. ૠ ક્હ્યું છે કેઃ-

દેવ ભવન સરખું ઘર છે. ક્ષિતીશ્વર નામે કિલ્લો છે. મેરુપર્વતનીસરખી વૈજયંતિ નામે સભા છે. મોટી શોભાવાલી શાલા છે. સુવિધિનામે ચંક્રમણ છે. પર્વતના શિખર જેવો પ્રાસાદ છે. ઊંચું અવલોકન છે. ૠ નામથી વર્ધમાન અને વિચિત્ર પર્વતસરખું પ્રેક્ષાઘર છે. (નાટક શાલા) કૂકડાના ઇંડાના અવયવવાળું કૂટ- શિખર છે ને સુંદર એવું ગર્ભગૃહ છે. ૠ કલ્પવૃક્ષ સરખો દિવ્ય એક સ્તંભવાળો પ્રાસાદ છે. તેની ચારે બાજુ બાજુ નિશ્ચે દેવીઓનાં ભવન રહ્યાં છે. ૠ

સિંહાકૃતિના પાયાવાળું શય્યાગૃહમાં સૂર્યના સરખા તેજવાળું સિહાસન હતું. કોમળ સ્પર્શવાળાં ચન્દ્રનાં કિરણ સરખાં ઉજજ્વલ ચામરો હતાં. વૈડૂર્યરત્નનો વિમલદંડ, ચન્દ્રસમાન સુખ આપનાર પડછાયાવાળું છત્ર હતું. આકાશલંઘન કરતી વિષમોદિતા નામની પાદુકાઓ હતી. અમૂલ્ય વસ્ત્રોને દેવતાઇ શ્રેષ્ઠ આભૂષણો છે. દુઃખ કરીને ભેદી શકાય તેવું બખ્તર છે ને મનોહર મણિકુંડલનું યુગલ છે. ખડગ – ગદા – ચક્ર – કનકારી – બાણ એવા અમોઘ – વિવિધ મોટાં બીજાંપણ ઘણાં અસ્રો છે. ૠ પચાસહજાર કરોડ તેના સૈન્યનું પરિમાણ છે. એક ક્રોડથી વધારે શ્રેષ્ઠ ગાયોનો પરિવાર છે. ૠ સિત્તેર કુલકોડી કરતાં અધિક વડીલ કુટુંબીઓ – ધન – રત્નથી પૂર્ણ એવી અયોધ્યા નગરીમાં રહે છે. ૠ તેઓનાં

કૈલાસપર્વતના શિખર સરખી ઉપમાવાલાં સર્વભવનો. બળદ – ગાય – ભેંસોવડે વ્યાપ્ત – અત્યંત મનોહર છે. ક્ર પુષ્કરણી ને વાવડી હતી ત્યારે અને જિનમદિરો હતાં ત્યારે સુંદર બગીચા – ઉદ્યાન ને વનવડે સમૃદ્ધ એવી તે અયોધ્યા નગરી નિશ્ચે દેવીપુરી છે. ક્ર ત્યાં ઇન્દ્રસરખા રામે – ભવ્યજનોને આનંદ કરાવનારાં ઘણા જિનેશ્વરોનાં ભવનો કરાવ્યાં. ક્ર ગ્રામ – નગર – ખેટક – કર્બટ – નગરી અને પાટણની મધ્યમાં રહેલી તે. સાકેત નગરી –(અયોધ્યાનગરી) રામચંદ્રવડે ઇન્દ્રપુરી જેવી કરાઇ. ક્ર સર્વલોક ઉત્તમ રૂપવાલા છે. સર્વલોક ધન – ધાન્યને રત્નથી ભરેલો છે. સર્વલોક કરના ભારથી રહિત છે. ને સર્વલોક હંમેશાં દાનમાં ઉદ્યમવાળો છે. ક્ર અહીં આગળ ઘણાં દેદીપ્યમાન ગીત – નૃત્યને વાજિંત્રોમાં સુખપૂર્વકલીનથયેલો એવો પણ ભરત સંસારને અસાર જુએ છે. ક્ર તે આ પ્રમાણે :–

**दुक्खेंहि माणुसत्तं लद्धं, जलबुब्बूओवमं चवलं।**
**गयकण्णचवललच्छी, कुसुमसमं च जोव्वणं हवइ॥**
**किंपागफलसरिच्छा, भोगा जीअंच सुविणपरितुल्लं।**
**पक्खिसमागम सरिसा, बंधवनेहा अइदुरंता॥**

દુ:ખવડે મેળવેલું મનુષ્યપણું પાણીના પરપોટા સરખું ચપલ છે. હાથીના કાનસરખી ચપલ લક્ષ્મી છે. ને પુષ્પ સરખું યૌવન છે. ક્ર કિંપાકફલ સરખા ભોગો છે. જીવતર સ્વપ્ન સરખું છે. પક્ષીના સમાગમ સરખા અત્યંત દુરંત બાંધવના સ્નેહો છે. ક્ર તે પિતા વગેરે સર્વે ધન્ય છેકે, જેઓ રાજયને છોડીને ઋષભદેવ ભગવંતે બતાવેલા અર્થવાલા – સદ્‌ગતિના માર્ગ ઉપર જેઓ ઊતર્યા છે. ક્ર તે બાલમુનિઓ ધન્ય છે, કે જેઓએ બાલપણામાં ગ્રહણ કર્યું છે, સાધુપણું જેણે એવા તેઓએ સ્વાધ્યાયમાં વ્યાપારવાલા મનવડે કરીને પ્રેમ રસ જાણ્યો નથી. ક્ર તે ભરત આદિ મહાપુરુષોને ધન્ય છે કે જેઓએ લક્ષ્મીનો ત્યાગ કરી પરિગ્રહનો ત્યાગકરી દીક્ષાલઇ શાશ્વત મોક્ષસુખને પામ્યા.

**तरुत्तणंमि धम्मं, जइहं न करेमि सिद्धिसुहगमणं।**
**गहिओ जराए पच्छा, उज्झिस्सं सोगअग्गीणं॥**
**गलगंडसमाणेसु, शरीर छीरं तहा वहंतेसु।**
**थणफोक्कएसु काविहु, हवइ रई मंसपिण्डेसु।**
**तंबोलरसालित्ते, भरिएच्चिअ दंतकीडयाणमुहे।**
**केरिसया हवइ रई, चुंबिज्जंते अहरचम्मे॥**
**अंतो कयवर भरिए, बाहिरमट्ठे सहावदुगंधे।**
**को णाम करिज्ज रई, जुवइ शरीरे णरो मूढो॥**

જો હું યૌવનપણામાં મોક્ષસુખને પમાડનાર એવા ધર્મને નહિ. કરું તો ઘડપણમાં જરાવડે ગ્રહણ કરાયેલો શોકરૂપી અગ્નિથી બળીશ.

ગલ અને ગંડ સરખી તેમજ શરીરના દૂધને વહન કરનારી સ્તનરૂપી ફોડકાવાલા – એવા માંસના પિંડમાં કઇ

રતિ થાય? (૧૦૦૦) તાંબૂલના રસવડે લેપાયેલા – દંતરૂપી કીડાથી ભરેલા એવા મુખનેવિષે હોઠના ચામડાને ચુંબન કરતાં કેવી પ્રીતિ થાય ? અંદર કચરાથી ભરેલાં બહારથી સાફ કરેલા સ્વભાવથી દુર્ગંધી એવા યુવતીના શરીરને વિષે ક્યો મૂઢ માણસ રતિ કરે? ꠸ જે જીવ – દેવવિમાનના વાસને વિષે દેવોના ભોગોથી તૃપ્ત થયો નથી. તે કેવી રીતે નથી અટકી તૃષ્ણા જેની એવા મનવાળા મનુષ્યજન્મથી કેમ તૃપ્ત થાય?

આ પ્રમાણે અસાર સંસારનું ધ્યાન કરનાર ભરતરાજાના મનને વિરાગવાળું જાણીને રામે ભરતને કહ્યું. ꠸ હે વત્સ! તને પિતાએ જે રાજ્ય આપ્યું છે તે તું મોક્ષની પ્રાપ્તિમાટે જિનેશ્વરે કહેલા ધર્મને કરતો હમણાં ભોગ કર. ꠸ કહ્યું છે કે:– હે ભરત! આપણા પિતાએ તને મહારાજ્ય ઉપર સ્થાપન કર્યો છે. તે ત્રણ સમુદ્રપર્યંત પૃથ્વીને તું સમસ્તપણે ભોગવ. ꠸

આ પ્રમાણે (મને) તારું ઉત્તમ દર્શન થાય. ને સર્વે વિદ્યાધર રાજાઓ તારા વશમાં થાય. હું (તને) છત્ર ધારણ કરીશ. ને લક્ષ્મણ મંત્રીની જેમ નક્કી થશે. ꠸ શત્રુઘ્ન તારો ચામરધારી થશે. સુભટો પાસે રહેલાં થશે. હે બાંધવ ! તું ચિરકાલ રાજ્ય કર. (આ વાતમાં) તું મારાવડે યાચના કરાયો છે. ꠸

આ સાંભળીને ભરતે કહ્યું હે ભાઇ ! તમે જે કહ્યું તે સર્વ મેં ભક્તિપૂર્વક મસ્તક ઉપર ધારણ કર્યું. મેં પૃથ્વી ભોગવી. પ્રજાનું રક્ષણ કર્યું ઉત્તમ સાધુઓને દાન આપ્યું. હમણાં મારું મન અત્યંત વિરાગવાળું થયું છે. ꠸ હવે તમે જલદીથી હે ભાઇ! દીક્ષા લેવામાટે રજા આપો. હમણાં મને પ્રતિબંધ (આગ્રહ) નહિં કરતા ꠸ કહ્યું છે કે

**जह इंधणेण अग्गी, न तिप्पइ सायरो णइसएहि**
**तह जीवो विन तिप्पइ, महएसु वि कामभोगेसु ।।१।।**
**अग्नि र्विप्रो यमो राजा, समुद्र उदरं गृहम् ।**
**सप्तैतानि न पूर्यन्ते, पूर्यमाणानि नित्यशः ।।२।।**

જેવી રીતે લાકડાંવડે અગ્નિ તૃપ્ત થતો નથી. સેંકડો નદીઓવડે સમુદ્ર તૃપ્ત થતો નથી. તેવી રીતે મોટા કામભોગોથી પણ જીવ – તૃપ્ત થતો નથી. (।।) અગ્નિ – બ્રાહ્મણ – યમ – રાજા – સમુદ્ર – પેટ ને ઘર આ સાત પદાર્થો હંમેશાં – પૂરવામાં આવે તો પણ પુરાતાં નથી. આ પ્રમાણે કહીને તે ભરત જ્યારે વ્રતગ્રહણ માટે ઊભો થયો ત્યારે જલદીથી સ્નેહથી વ્યાપ્ત ચિત્તવાલા રામવડે અટકાવાયો. ꠸ તે વખતે સીતા – વિશલ્યા – ભદ્રા – ભાનુમતી – રમા – સુભદ્રા – ઇંદ્રમુખી – રત્નવતી – પદ્મા – સુકોમલા – ચંદ્રકાન્તા શુભા – આનંદા વગેરે બીજી પણ – લક્ષ્મણની સ્ત્રીઓ ભરતપાસે ક્રીડા કરતી અને ભરતની સર્વપ્રિયાઓ તેજ વખતે રાગ ઉત્પન્ન કરાવતી ત્યાં આવીને આ પ્રમાણે કહેવા લાગી. ꠸ મદોન્મત્ત એવા – ગજરાજો, પવનના વેગને જીતનારા અશ્વો, રથો, લક્ષ્મી, રૂપવતી સ્ત્રીઓ, સતત કહેલાને કરનારા સેવકો – ચામરનાસમૂહો, શ્વેતછત્ર, ઘણા વૈભવથી યુક્ત એવું રાજ્ય, અને ભોગના સુખને છોડીને હે ભરત! હમણાં તું એકદમ જલદી – ભિક્ષાઆદિ કષ્ટવાલી દીક્ષાને શા માટે લે છે? ꠸

હમણાં તો તું પૂર્વના પુણ્યથી આવેલા ભોગોને ભોગવ, છેલ્લી અવસ્થામાં ભોગના સુખને છોડીને તું દીક્ષા ગ્રહણ કરજે. ꕥ

આ બાજુ બંધન સ્તંભને – (આલાન સ્તંભને) ઉખેડી નાંખીને ત્રૈલોક્ય મંડપમાંથી ભીંત – વૃક્ષવગેરેને પાડી નાંખતો હાથી ભરતની પાસે આવ્યો ꕥ તે વખતે હાહારવ કરતો લોક દિશાએ દિશામાં નાસી ગયો. હલી ને હરિ (રામ – ને લક્ષ્મણ) ત્યાં તરતજ ગયા. ꕥ ભરતવગેરેવડે બાંધીને લઇ જવાતો હાથી માર્ગમાં બે આંખોવડે ભરતને વારંવાર જોતો જાય છે. ꕥ મજબૂત એવા આલાન સ્તંભમાં તેઓએ હાથીને બાંધ્યો. તે વખતે હાથી ભરતને જોઇને પોતાની જાતે જાતિસ્મરણ જ્ઞાન પામ્યો. ꕥ વિકસ્વર નેત્રવાળો હાથી ભરતની સન્મુખ ઊભો રહી આંસુને છોડતો ભૂખ્યો હોવા છતાં પણ ભિક્ષાને ખાતો નથી ꕥ વારંવાર આંસુને છોડતો પૂર્વભવને યાદ કરતો હાથી પૂર્વભવના મિત્ર ભરતને જોવા લાગ્યો. ꕥ સૌમ્યદ્રષ્ટિસંયુત પહેલાં બ્રહ્મદેવલોકમાં મિત્ર દેવ હતો. ત્યાંથી ચ્યવીને બલ–શક્તિ સંપન્ન– રાજા થયો. ꕥ ખેદની વાત છે કે હું કેવી રીતે નિંદિતકર્મવાળો વિવેકરહિત – અન્યાય કરનારો તિર્યંચગતિમાં હાથી (તરીકે) ઉત્પન્ન થયો ! ꕥ તેથી હમણાં તેવું કર્મ કરું કે જેથી સર્વ દુઃખોને છેદીને દેવલોકમાં ઇચ્છાપ્રમાણે ભોગોને ભોગવું. ꕥ શ્રી રામ લક્ષ્મણ શ્રીમાન્ ભરત અને બીજા લોકો વિચારવા લાગ્યા કે જો અહીં કેવલી આવે તો હાથીનું મન કહે. ꕥ આ બાજુ તે નગરમાં વિશુદ્ધચારિત્રના આદરવાળા દેશભૂષણ ને કુલભૂષણ નામના બે મુનિ આવ્યા. ꕥ તે બન્ને મુનિનેશુક્લ ધ્યાન કરતાં પુણ્ય ને પાપનો ક્ષય થવાથી લોકાલોકને પ્રકાશ કરનારું કેવલજ્ઞાન ઉત્પન્ન થયું. ꕥ દેવોવડે જ્ઞાનીનો ઉત્સવ કરાયો ત્યારે સુવર્ણના આસનમાં (સિંહાસનમાં) રહેલા દેશભૂષણ મુનિ ઉપદેશ આપવા લાગ્યા. તે વખતે ભાઇ સહિત રામ હાથીને આગળ કરીને આવેલા જ્ઞાનીને નમસ્કાર કરવા માટે જ્ઞાની પાસે આવ્યા. રામ હર્ષથી જ્ઞાનીને ત્રણ પ્રદક્ષિણા આપીને ભાઇ અને હાથી સહિત – ધર્મસાંભળવા માટે આગળ બેઠો ꕥ

તે વખતે કેવલજ્ઞાની દેશભૂષણ મુનિએ ભવ્યજીવોના પ્રતિબોધ માટે જીવદયા સહિત બે પ્રકારે ધર્મ વિસ્તારથી આ પ્રમાણે કહ્યો. ꕥ તે આ પ્રમાણે પહેલો આગાર સહિત – અનેક પર્યાયવાળો ગૃહસ્થનો ધર્મ છે. વળી નિર્ગ્રંથ એવા યતિવરોને બીજો આગાર વગરનો ધર્મ છે. ૧. ધર્મ એ પરમબંધુ છે. ધર્મ એ રક્ષણ છે. ધર્મએ જીવનું શરણ છે. ધર્મ એ સુખોનું મૂલ છે. ધર્મ એ કામધેનુ ગાય છે. ૨.

હવે લક્ષ્મણે પૂછ્યું કે ભરતને જોઇને આ હાથી કેમ આનંદ પામે છે ? અને આંસુ કેમ છોડે છે ? હે ગુરુદેવ! તે કહો. ꕥ દેશભૂષણ મુનિએ કહ્યું કે આ હાથી ભરતને જોવાથી જાતિસ્મરણજ્ઞાન પામીને હમણાં હાથીના પૂર્વભવને નિંદે છે ꕥ લક્ષ્મણે કહ્યું કે હે મુનિરાજ! હમણાં હાથીના પૂર્વભવને કહો. તે પછી જ્ઞાનીએ તે વખતે હાથીના પૂર્વભવોને કહ્યા. ꕥ

જે વખતે ઋષભદેવ પ્રભુએ દેવોની સમક્ષ સંયમ ગ્રહણ કર્યું, તે વખતે ઋષભદેવના સેવક કચ્છ – મહાકચ્છ વગેરે ચાર હજાર સંખ્યાવાલાએ પ્રભુની સાથે સંયમ લઇને તપમાં તત્પર એવા તેઓ એક ગામથી બીજે ગામ. એક નગરથી બીજાનગરમાં ચાલવા લાગ્યા. ꕥ ભિક્ષાને નહિં પામતાં ભૂખવડે અત્યંત પીડાપામેલા તેઓ છ મહિનાને અંતે પ્રભુને મૂકીને ફરીથી તેઓ તાપસો થયા. વૃક્ષનાં મૂળ–અને ફળોનો આહાર કરનારા હંમેશાં વલ્કલને ધારણ

કરનારા–જટાને ધારણ કરનારા પોતાની ઇચ્છા પ્રમાણે ચાલનારા તે તાપસો, ગંગા નદીના કિનારે વનવાસ કરતાં ગૃહસ્થો પાસેથી ભિક્ષાને લેતાં પોતાનો નિર્વાહ કરે છે. ※

સ્વામિને જ્ઞાન ઉત્પન્ન થયું ત્યારે મરીચિ તાપસ વ્રતલઇને ફરીથી સંયમથી ભગ્ન થયો. ※ તે પછી પ્રહલાદન રાજા રમાપુરીનું રક્ષણ કરતો હતો ત્યારે તેની પત્નીએ ચંદ્રોદય અને સૂરોદય નામના બે પુત્રોને જન્મ આપ્યો. વૈરાગ્યવાસિત હૃદયવાળાચંદ્રોદયપુત્રે સૂરોદય સહિત પ્રભુની સાથે દીક્ષા લીધી. ※ અનુક્રમે વ્રતથી ભગ્ન થયેલા મારિચિતપસ્વીના શિષ્ય થઇને મરીને તે બન્ને તપસ્વીઓ ઘણા ભવો ભમ્યા. ※ હવે ચંદ્રોદય (મરીને) નાગપુર નગરમાં પ્રહલાદનની પ્રિયા – હરિમિતિથી ઉત્પન્ન થયેલો કુલંકર રાજા થયો. ※ સૂરોદય પણ (મરીને) તેજ નગરમાં અગ્નિકુંડિકાથી ઉત્પન્ન થયેલો વિશ્વભવનો પુત્ર – શુચિરત નામે થયો. ※ કુલંકરરાજા એક દિવસ તાપસની સેવા કરવા માટે જતો માર્ગમાં અભિચંદ્ર મુનિને જ્યારે હર્ષવડે નમ્યો ત્યારે તેને ભદ્રક આત્મા જાણીને ધર્મલાભની આશિષ આપીને તેને પ્રતિબોધ કરવા માટે મુનીશ્વરે કુલંકરને કહ્યું.

જ્યાં તું તાપસને નમસ્કાર કરવા જાય છે.ત્યાં જે લાકડું છે. તેની અંદર તારા પિતામહ સર્પ રૂપે છે.ત્યાં જઇને રાજાએ તે લાકડું ચિરાવ્યું ત્યારે સર્પને જોયો. તે પછી ત્યાં તે તપસ્વીઓએ તે (સર્પને) રાખ્યો ※ તે પછી તેને સાચા જ્ઞાની જાણીને ફરીથી યતિની વાણીવડે કલ્યાણ લક્ષ્મીને આપનાર વ્રત લેવાની ઇચ્છાવાળો થયો. ※ રાજાના મુખથી તે સર્પ પણ – પંચ નમસ્કારનું સ્મરણ કરીને મરીને દેવલોકમાં મહાઋદ્ધિવાળો દેવ થયો. ※ એક વખત પુરોહિતમાં આસક્ત એવી અત્યંત ક્રૂરચિન્તવાલી પત્નીએ કુલંકરને ઝેર આપવાથી મરણ પમાડયો. ※ ઝેરના યોગથી પીડામાં તત્પર એવો કુલંકર મરી ગયેલો ત્યાંથી સસલો થયો. તે પછી મોર થયો. તે પછી નાગ થયો. તે પછી હાથી થયો. તે પછી કૂતરો થયો. તે પછી દેડકો થયો. તે ભવ પછી સર્પ થયો. તે પછી દેડકો થયો. સૂરોદયનો જીવ શુચિરત મરીને હાથી થયો. ※ તે પછી મત્સ્ય થયો. કાગડાથી ભક્ષણ કરાયેલો તે કૂકડો થયો. તે પછી કાગડો થયો. તે પછી હાથી થયો તે પછી બિલાડો થયો. તે પછી હાથી થયો.

ચંદ્રોદયનો જીવ–બ્રાહ્મણ થઇ સ્નાનવડે ઘણા જીવોને હણીને વાઘ થયો. તે પછી ફરીથી મત્સ્ય થયો. ※ ચારે યોનિમાં મનુષ્ય આદિને વિષે ઘણા ભવો પામી ચંદ્રોદયનો જીવ કમલપત્તનમાં બ્રાહ્મણ થયો. ※ ત્યાં જૈનધર્મ પામીને શ્રેષ્ઠ ભાવથી ધર્મને કરતો મરી દેવલોકમાં જઇ ત્યાંથી ચ્યવી આ ભરત રાજા થયો. ※ અકામ નિર્જરારૂપ ક્રિયા અને તીવ્રતપના યોગથી કર્મનો ક્ષય કરતો તે કમલ પત્તનમાં બ્રાહ્મણનો મિત્ર પ્રીતિમાં તત્પર જૈનધર્મમાં ફરીથી રક્ત થયો. ※

માયાવડે લોકોને ઠગતો ધર્મથી તે દેવ થયો. પૂર્વોપાર્જિત પુણ્યવડે હંમેશાં તે સુખવાળો થયો. ※ માયાવડે ઉપાર્જન કરેલા પાપના ઉદયથી તે બ્રાહ્મણનો જીવ વિધ્યઅટવીમાં સેંકડો હાથણીઓવડે સેવાયેલો હાથી થયો. ※ સૂર્યોદયનો જીવ – ઘણા ભવોમાં ભ્રમણ કરીને વિધ્યઅટવીમાં સેંકડો હાથણીઓવડે સેવાતો હાથી થયો. ※ બલવાન હાથીને જોઇને રાવણરાજા મોટા મહોત્સવ પૂર્વક તેને પોતાના આવાસમાં લાવ્યો ※ રાવણે તે હાથીનું નામ ભુવનાલંકાર એ પ્રમાણે આપ્યું. હમણાં તે હાથી લક્ષ્મણના વાસમાં (ઘરમાં) છે. ※ હમણાં પૂર્વભવના ભાઇ ભરતને જોઇને તે હાથી પોતાના

તિર્યંચના ભવની ઘણી નિંદા કરે છે. ફ્ર જે કારણથી આ ચંદ્રોદય ને સુરોદય નામના યતિઓ શ્રી ઋષભદેવપાસે દીક્ષા લઇ પ્રમાદ પામ્યા હતા. ફ્ર પછી ઘણા ભવો ભમી હમણાં તે બન્ને રાજાના અને હાથીના વંશના ભૂષણરૂપ ભરત અને હાથી થયા છે. ફ્ર હમણાં આ હાથી મોક્ષના માટે વ્રતલેવાની ઇચ્છાવાળો (પણ) અશક્ત એવો તે પોતાના તિર્યંચ ભવથી ઉત્પન્ન થયેલ ભવને નિંદે છે. ફ્ર

ક્હ્યું છે કે :– આ હાથી લોઢાના સ્તંભને બળવડે ભાંગી નાંખીને ભરતના જવાથી ક્ષોભ પામેલો પૂર્વભવનું સ્મરણ કરીને ઉપશમ પામ્યો છે. ફ્ર ક્હ્યું છે કે:– આ પ્રમાણે સર્વે પ્રાણીઓનું જીવિત વીજળી સરખું ચપલ છે. વારંવાર સંયોગને વિયોગ અને ઘણા સંબંધીનાં બંધનો થાય છે. એમ જાણીને દુઃખમય સંસારમાં લાંબાકાળ સુધી ભમીને મનુષ્યપણું મેળવીને અત્યંત નિર્મલ હે બુદ્ધિમંત તું અહીં અપ્રમત્તપણે ધર્મકાર્ય કર (ા) આ પ્રમાણે જ્ઞાનીનું વચન સાંભળીને ભરત આદિ ઘણા રાજાઓ મોક્ષની પ્રાપ્તિમાટે સંયમ લેવાની ઇચ્છાવાળા થયા. ફ્ર તે પછી ભરતે ઊભાથઇને બે હાથને જોડી ક્હ્યું કે :– ઘણા ભવો ભ્રમણ કરી કરીને સંસારના દુઃખોથી હું ભાંગી ગયો છું. ફ્ર હે જ્ઞાની ભગવંત દીક્ષારૂપી પ્રવહણ આપવાવડે મને મોટા સમુદ્રથી પાર ઉતારો., જેથી હું આઠ કર્મનો નાશ કરું ફ્ર તે પછી ભરતે તૃણની જેમ રાજ્યનો ત્યાગ કરી હજાર રાજાઓ સાથે ગુરુની પાસે દીક્ષા લીધી. ફ્ર સારું સારું! એ પ્રમાણે બોલતાં તે દેવોએ તે યતિઓનાં મસ્તક ઉપર આકાશમાંથી પુષ્પવૃષ્ટિ કરી ફ્ર બીજા પણ ઘણા રાજાઓએ અને હર્ષિતમનવાળા બીજા લોકોએ દયામય શ્રાવક વગેરે ધર્મનો સ્વીકાર કર્યો. ફ્ર આ બાજુ કૈકેયી સંયમ પામેલા ભરતને જોઇએ પુત્રના વિયોગથી દુઃખી થયેલી મૂર્ચ્છાવડે ભૂમિપર પડી. ફ્ર ક્ષણવારમાં ઊભી થયેલી રાણી કૈકેયીને તે વખતે જ્ઞાનીએ ક્હ્યું કે તું પુત્રના વિયોગથી ઉત્પન્ન થયેલા શોકને કેમ કરે છે? ફ્ર અનંત ભવોમાં અનંત પુત્રો થયા. તેનો તને વિયોગ થયો છે. આથી શા માટે શોક કરે છે? ફ્ર

**माता पितृ सहस्त्राणि, पुत्रदारशतानि च।**
**संसारेऽत्र व्यतीतानि, कस्याऽहं कस्य बान्धवा : ॥१०८१॥**

ક્હ્યું છે કે :– હજારો માતા – પિતા – – અને સેંકડો પુત્રો ને સ્ત્રીઓ આ સંસારમાં વ્યતીત થયા છે. હું કોનો? ને બાંધવો કોના ? ફ્ર હે પિતા! હજારો વખત તમારાવડે ઉત્પન્ન થયો. તમે મારાવડે ઉત્પન્ન થયા છો. હે પિતા! માયાવડે મોહ પામેલા પુત્ર એજ પિતા થયા છે ફ્ર સંસારમાં જુદા જુદા ભેદે હજારો વખત માતા – પિતા – પુત્ર અને આ બાંધવો કરોડો વખત થયાં છે તે જોઇને હું અહીં આવ્યો છું. યંત્રમાં બાંધેલી ઘડીની જેમ જુદા જુદા પ્રકારની સેંકડો યોનિઓમાં હું ગયો છું. અને લાંબા કાળસુધી હું તેમાં ભમ્યો છું. ફ્ર એ પ્રમાણે તમારે આ પુત્ર ને બીજા પણ પ્રાણીના પુત્ર – પૌત્ર આદિ સંબંધો ખરેખર ઘણી વખત થયા છે. ફ્ર હવે કૈકયી સંવેગને પામી સંસારની નિંદા કરતી તેજ વખતે દેહ પુત્રઆદિને નકામા માને છે. ફ્ર તે પછી કૈકેયી હજાર સ્ત્રીઓ સાથે સાધ્વીની પાસે દીક્ષા લઇ મોક્ષલક્ષ્મીને પામી. ફ્ર તે હાથી તે વખતે મુનિ પાસે વિરતિ (દેશ વિરતિ) સ્વીકારીને છઠ્ઠ – અઠ્ઠમ વગેરે તીવ્રતપ કરે છે. ફ્ર અને તે હાથીએ પારણામાં પ્રાસુક – સૂકાં – પાંદડાં વગેરેને ખાતાં ચારવર્ષ સુધી આ પ્રમાણે છઠ્ઠ વગેરે તપ કર્યું. ફ્ર અંતે સંલેખના કરીને તે હાથી મરીને અનુક્રમે બ્રહ્મ દેવલોકમાં ગયો. અને ત્યાં ઘણા કાલસુધી સુખ ભોગવ્યું. ફ્ર ત્યાંથી ચ્યવેલો તે હાથીનો

જીવ – દેવ મનુષ્યભવ – પામી – સર્વકર્મનો ક્ષય કરી મુક્તિસુખને પામશે. ꖶ પૃથ્વીપર વિહાર કરતાં મેરુપર્વતની જેવા સ્થિર (મનથી), સમાન છે શત્રુ – મિત્ર જેને એવા, સુખ દુઃખમાં સરખું છે ચિત્ત જેનું એવા વિહાર કરતાં ભરતમુનિ તીવ્રતપ વડે બાકીના અજ્ઞાનનો (કર્મનો) ક્ષય કરીને કેવલજ્ઞાન પામીને શ્રી સિદ્ધગિરિ ઉપર મોક્ષને પામ્યા. ꖶ ભરતની સાથે સિદ્ધાર્થ – રતિવર્ધન – ઘનવાહ વગેરે રાજાઓ તેઓ પણ કેટલાક મોક્ષે ગયા. ꖶ કેટલાક ત્રીજા દેવલોકમાં, કેટલાક ચોથા દેવલોકમાં, કેટલાક પાંચમા દેવલોકમાં ને કેટલાક સર્વાર્થ સિદ્ધ વિમાનમાં ગયા ꖶ તે મુનિઓ પણ સ્વર્ગમાંથી ચ્યવીને, મનુષ્યભવ પામીને બધાં કર્મનો ક્ષયકરી રમતમાત્રમાં મોક્ષમાં જશે. ભરતના વિયોગવડે હૃદયમાં લક્ષ્મણ જેટલામાં દુઃખી થયો તેટલામાં વિરાધ સેવકે કહ્યું. ꖶ ભરતમુનિ શ્રી સિદ્ધાચલઉપર સઘળાં કર્મ સમૂહનો ક્ષયકરી મુક્તિપુરીને પામ્યા છે. તે વખતે લક્ષ્મણ ઘણો હર્ષ પામ્યો. ꖶ હવે રામે ઘણા રાજાઓને બોલાવીને સુંદર ઉત્સવપૂર્વક ચક્રને ધારણ કરનારા લક્ષ્મણને રાજ્યઉપર અભિષેક કર્યો. બિભીષણને ત્રિકૂટ ઉપર — વાનરપતિ સુગ્રીવને – કિષ્કિંધા નગરીમાં, હનુમાનને શ્રી ગિરિપર રહેલા શ્રીપુર નગરમાં, નીલને શ્રેષ્ઠ એવા રાક્ષસપુરમાં, હનૂરુહ નગરમાં પ્રતિશૂરને, અને પાતાલલંકામાં ચંદ્રોદરને હર્ષવડે સ્થાપન કર્યા. ꖶ

વૈતાઢ્ય પર્વતઉપર દક્ષિણ શ્રેણીમાં રથનૂપુરનગરમાં ઘણા વિદ્યાધરોવડે આશ્રય કરાયેલો ભામંડલ રાજ્ય ભોગવતો હતો, ꖶ હવે રામે શત્રુઘ્નભાઇ આગળ આ પ્રમાણે કહ્યું કે હમણાં તારા ચિત્તમાં ને યુધ્ધ ન કરી શકાય તેવી (જે) નગરી ગમતી હોય તે હે શત્રુઘ્ન! રાજ્યની રીતિ માટે માંગ. અથવા તો પિતા સંબંધી શ્રેષ્ઠ એવી અયોધ્યા નગરીને તું ગ્રહણ કર. ꖶ હવે શત્રુઘ્ને બે હાથ જોડી રામને કહ્યું કે મહેરબાની કરીને મને મથુરા નગરી આપો. (૧૧.૫) રામે કહ્યું કે મથુરા નગરીમાં ચમરેન્દ્રે આપેલ શૂલને ધારણ કરનારો પ્રચંડ બલવાળો રાવણનો જમાઇ મધુરાજા છે. ꖶ તેના હાથમાં દેદીપ્યમાન કાંતિવાલુ જે ત્રિશૂલ છે. તે છોડેલું ત્રિશૂલ રમતમાત્રમાં શત્રુઓનાં હજારો મસ્તકોને કાપી નાંખે છે. ꖶ

આથી તે મધુરાજા દેવોને પણ દુઃશક્ય છે. લાખો બળવાન સુભટો તેનો આશ્રય કરનારા છે. પૃથ્વીનું ન્યાયથી પાલન કરતો કોઇવડે જીતી શકાય એવો નથી. તેથી હમણાં તને તે નગરી કઇ રીતે અપાય? શત્રુઘ્ને કહ્યું કે બલવડે ઉત્કટ એવા મધુરાજાને જીતીને હું રાજ્ય લઇશ. તમે મને આદેશ આપો. ꖶ રામના આદેશને પામીને શત્રુઘ્ન વૈરી રાજા તરફ જેટલામાં ચાલ્યો, તેટલામાં તેની માતાએ આ પ્રમાણે કહ્યું ꖶ

હે પુત્ર ! તે શત્રુ બલવાન છે. આથી તું સંતોષને ધારણ કર. શત્રુઘ્ને કહ્યું કે જિનેશ્વરો નિશ્ચે મને રાજ્ય આપશે. ꖶ કહ્યું છે કે ત્રણલોકમાં મંગલરૂપ અસુર અને સુરવડે નમસ્કાર કરાયેલા ભયરહિત જીત્યા છે ભાવશત્રુઓના સૈન્યને જેણે એવા સર્વ જિનો મને મંગલ આપો. ꖶ રામે કહ્યું કે શત્રુ છલથી (કપટથી) જિતાય છે. બલથી નહિ. જે કારણથી તે ઘણો – વિદ્યા – શસ્ત્ર આદિવડે છલવાળો છે. ꖶ તે પછી જિનમંદિરમાં જઇ શ્રી ઋષભદેવ જિનેશ્વરને પ્રણામ કરી સેનાસહિત શત્રુઘ્ન શત્રુને જીતવા માટે સારા દિવસે ચાલ્યો. ꖶ શત્રુઘ્ન જેટલામાં મધુરાજાની પાસે આવીને રહ્યો, તેટલામાં મંત્રીએ કહ્યું કે મધુરાજા – દુષ્ટ ને દુર્જય છે. ꖶ મધુરાજાએ પહેલાં હાથમાં શૂલને ધારણ કરતાં અતિવીર્ય ગંધાર ને વરવીર્ય રાજાને જીત્યા છે. ꖶ

આ તરફ બીજા સુભટે આવીને શત્રુઘ્નને કહ્યું કે હમણાં મધુરાજા મથુરાનગરીની બહાર ભીમ ઉદ્યાનમાં છે. ૐ નર્તકીની પાસે નૃત્ય કરાવતો મધુરાજા તે નૃત્યને જોતો અસ્તપામેલા અને ઉદયપામેલા સૂર્યને જાણતો નથી. ૐ મધુરાજા જે શૂલવડે શત્રુઓને જીતે છે. તે શસ્ત્ર હમણાં તેના ઘરમાં છે. તેથી હમણાં તે નગરીની અંદર જઈએ. ૐ આ પ્રમાણે સાંભળી શત્રુઘ્ન રાજાએ નગરના દ્વારને ભાંગી મથુરા નગરીમાં પ્રવેશ કરી જયઢક્કા વગડાવી. ૐ જયઢક્કાનો અવાજ સાંભળીને નગરીમાં પ્રવેશ કરેલા શત્રુને જાણીને મધુરાજા યુદ્ધ કરવા માટે મથુરા નગરીના મુખને વિષે આવ્યો. ૐ

શૂલવગરનો મધુરાજા યુદ્ધના આંગણામાં યુદ્ધ કરતો બળવાન હોવા છતાં પણ ચારેબાજુથી શત્રુઘ્ન રાજાવડે અત્યંત – વીંટાયો. ૐ તે વખતે ઘણો બળવાન લવણ નામે મધુરાજાનો પુત્ર – યુધ્ધ કરતો શત્રુઘ્ન રાજાવડે હણાયેલો મૃત્યુ પામ્યો ૐ પુત્રને હણાયેલો જોઈને ક્રોધરૂપી – અગ્નિથી પ્રજવલિત થયેલો મધુરાજા યમની પેઠે. શત્રુની સાથે યુદ્ધ કરતો ઊભો થયો. ૐ ત્રિશૂલ રહિત હોવા છતાં મહાબલવાળા તે મધુરાજાએ શત્રુઘ્નની સાથે એક મહિના સુધી યુધ્ધ કર્યું. ૐ મરણને આવેલું જોઈને પુત્રના શોકથી વ્યાપ્ત. મધુરાજાએ વિચાર્યું કે મેં પહેલાં સંયમ લીધું નહિ. ૐ કહ્યું છે કે :– મરણને નિશ્ચિત જાણીને – યૌવનને પુષ્પ સરખું જાણી. ઋધ્ધિઓ ચલાયમન જાણી. પરાધીન એવા મેં તે વખતે પ્રમાદથી ધર્મ ન કર્યો. ૧. ઘર સળગે છતે કૂવા ને તળાવ ખોદવાનો આરંભ, સર્પવડે કરડાયેલાને જગતમાં મંત્ર જપવાનો ક્યો કાલ છે? ૨. તેથી જગતમાં પુરુષે નક્કી પોતાનું હિત કરવું જોઈએ. હમણાં – મરણ આવતે છતે અરિહંતનું સ્મરણ કરું. ૩. અરિહંત – સિદ્ધ – સાધુ અને કેવળીએ કહેલો ધર્મ આ ચાર મંગલો નક્કી મને થાય. ૪. જીવ એકલો ઉત્પન્ન થાય છે.જીવ ઊપજે છે. (જન્મે છે.) એકલો ભમે છે. એકલો મરે છે. એકલો મોક્ષ પામે છે.

આ પ્રમાણે વિચારીને– છોડી દીધાં છે શસ્ત્ર વગેરે જેણે એવા મધુરાજાએ મસ્તકનો લોચ કરી પોતાની જાતે સર્વસાવદ્યની વિરતિનો ઉચ્ચાર કર્યો. ૐ ત્યાં આકાશમાં દેવોએ આવી મધુમુનિના મસ્તક ઉપર દેવવાજિંત્રોપૂર્વક પુષ્પવૃષ્ટિ કરી. ૐ તે વખતે શત્રુઘ્ને ત્યાં આવી તેના બે પગોનાં તલમાં પડી મિથ્યાદુષ્કૃત આપી તેને ખમાવ્યો. ૐ હે મધુમુનિ! તમે ભાગ્યશાળી છો. જેથી રાજ્યને ઘાસની જેમ છોડી દઈ મુક્તિસુખની પરંપરાને આપનારા સંયમને તમે ગ્રહણ કર્યું. ૐ હું તો પારકાના રાજ્યની ઈચ્છાવાળો, અત્યંત દુષ્ટમનવાળો છું. મારી નરક વિના બીજે ઠેકાણે ગતિ થશે નહિ.

ધર્મધ્યાનમાં અત્યંત તત્પર એવા સાધુ શિરોમણિ મધુમુનિ ત્રીજા દેવલોકમાં દેદીપ્યમાન શરીરવાલા દેવ થયા. ૐ ચમરેન્દ્રની આરાધના કરીને શત્રુઘ્ને દેદીપ્યમાન ઉત્સવપૂર્વક જેમ ચક્રવર્તિ દેદીપ્યમાન કાંતિવાળા ચક્રને હાથમાં કરે તેમ શૂલને ગ્રહણ કર્યું. ૐ શત્રુઘ્ને મધુને જીતીને મથુરાને સ્વાધીન કરીને અયોધ્યા નગરમાં આવીને રામ વગેરે ભાઈઓને નમસ્કાર કર્યો.. ૐ રામે પણ તે નગરમાં જઈ જુદા જુદા મહોત્સવ પૂર્વક – શત્રુઘ્નનો રાજ્યાભિષેક કર્યો . એક વખત જ્ઞાનીને નમસ્કાર કરીને જિનેશ્વરે કહેલા ધર્મને સાંભળીને રામે પ્રશ્ન કર્યો કે ઘણાં શ્રેષ્ઠનગરો હોવા છતાં મારા ભાઈ શત્રુઘ્ને મથુરા નગરી કેમ માંગી ? તે કહો. તે વખતે જ્ઞાનીએ કહ્યું કે હે રામ! તેં જે કહ્યું તે સાંભળ.

મથુરા નગરીમાં ધન છે પ્રિય જેને એવો જવાણદેવ નામે વાણિક રહેતો ધર્મને નહિ કરવાથી મરીને કાગડો થયો. ૐ તે કાગડો પણ મરીને મથુરા નગરીમાં પાડો થયો. ત્યાંથી બળદ થયો. ત્યાંથી જઈને (મરીને) પાડો થયો. ૐ કર્મનો

સમૂહ શમી જવાથી દરિદ્ર મનુષ્ય એવો બ્રાહ્મણ થયો. ને નિરંતર સાધુના ચરણકમલની સેવા કરવા લાગ્યો ૐ તેજ નગરનો સ્વામી શક્તિરાજા દૂર ગયો ત્યારે તેની મહાદેવી પ્રિયા તે બ્રાહ્મણમાં અત્યંત આસક્ત થઇ. ૐ અકસ્માત રાજા પોતાના ઘરમાં આવે છતે ભય પામેલી પત્નીએ કહ્યું કે આ ચોર અહીંયાં આવ્યો છે. ૐ રાજાએ ચોરને પકડીને વેગવડે બહારના ઉદ્યાનમાં વધ કરવા માટે ચલાવ્યો. ત્યાં સાધુ આવ્યા. ૐ સાધુવડે છોડાવાયેલો તે બ્રાહ્મણ દીક્ષા લઇ તપમાં તત્પર અંતે મરી દેવલોકમાં દિવ્યશરીરવાળો દેવ થયો. ૐ

જલ્હણદેવનો જીવ ત્યાં લાંબાકાળ સુધી સુખ ભોગવી ત્યાંથી ચ્યવી મથુરા નગરીમાં ધનદ નામે શેઠ થયો. ૐ આ પ્રમાણે જલ્હણદેવનો જીવ અનુક્રમે મથુરા નગરીમાં મનુષ્ય – સ્ત્રી – આદિ ઘણા ભવસુધી ઉત્પન્ન થયો. ૐ આ બાજુ મથુરા નગરીમાં ચંદ્રભદ્ર રાજાને લક્ષ્મી– પદ્મા અને રમા નામે ત્રણ શ્રેષ્ઠ પત્નીઓ હતી. ૐ પ્રથમ પત્નીને સૂર્ય સરખાં પરાક્રમવાળો પોતાના શરીરની કાંતિવડે કામદેવ સરખારૂપવાલો શૂર નામે પુત્ર થયો. ૐ બીજી પત્નીએ અનુક્રમે રામ અને ભીમ નામના પુત્રોને જન્મ આપ્યો. અનુક્રમે તે બન્ને રૂપથી પરાભવ કર્યો છે કામદેવનો જેણે એવા થયાૐ ત્રીજી પત્નીને ધનદનો જીવ પુત્ર થયો. અને તેનું સુંદર ઉત્સવપૂર્વક – અચલ એ પ્રમાણેનું નામ થયું ૐ આબાજુ મૃગાંક નગરમાં મંગિકાને પૂર્વના શુભપુણ્યનો ઉદય થવાથી દેદીપ્યમાન રૂપવાલો અંક નામે પુત્ર થયો. ૐ

અને તે અનુક્રમે વિનય વગરનો થયો. પિતાવડે તાડન કરાયેલો અંક બીજા દેશમાં નિરંતર ગામે ગામે ભમવા લાગ્યો. ૐ શોકના પુત્રોવડે ઝેર આપવાથી રાજાને પ્રિય એવો પણ હણાતો (અચલ) દિવસના અંતે ગુપ્તપણે ચાલ્યો ને (વનમાં)પેઠો. ૐ હવે કંટકવડે વીધાયો છે પગ જેનો અને ચાલવા માટે અશક્ત એવો અચલ લાકડાં છે મસ્તકપર જેને એવા – જતાં અંકવડે વનમાં જોવાયો. ૐ લાકડાનો ભારો ઉતારીને તેણે અચલના પગમાંથી કાંટો કાઢી નાંખ્યો. તેના પ્રત્યે તે વખતે અચલે આ પ્રમાણે કહ્યું કે હે અંક! જો મારું રાજ્ય થાયતો તું ત્યાં આવજે.ૐ

અચલે આ પ્રમાણે કહ્યા પછી અંક શ્રાવસ્તિમાં ગયો. અચલપણ કૌશાંબી નગરીમાં ઉદ્યાનમાં આવ્યો. ૐ તે વખતે કૌશાંબી નગરીનો રાજા ઇન્દ્રદત્ત – ઉદ્યાન ભૂમિકામાં ગયેલો ધનુર્વિદ્યાના જાણકાર અચલને જાણીને રાજા હર્ષિત થયો. ૐ ઇન્દ્રદત્તે મિત્રદત્તા નામની પોતાની પુત્રી આપી. તે પછી રાજ્ય – સુંદર ઉત્સવપૂર્વક અચલને આપ્યું. ૐ ઘણા હાથી ઘોડા–ને મનુષ્ય સહિત – અંગ આદિ દેશોને જીતીને યુદ્ધ કરવા માટે અચલ મથુરાની પાસે આવ્યો. ૐ હવે ચંદ્રભદ્રરાજાએ શત્રુવડે ધન આપવાથી સર્વપુત્રઆદિ રાજાના સેવકોને વશ કરાયેલા જાણ્યાં ૐ તે પછી રાજાએ પોતાના સાલા – સમુદ્રને સંધિ માટે અચલની પાસે મોકલ્યો. તે વખતે તેણે અચલને જોયો. ૐ તેણે ભેટણું આપીને પાછો આવી – તે સાલાએ રાજા આગળ અચલનું આગમન જણાવ્યું. ૐ તે પછી રાજા તે પુત્રને બલિષ્ઠ જાણી જેટલામાં સામો જાય છે. તેટલામાં તે પુત્રે પિતાનાં બે ચરણોમાં પ્રણામ કર્યા. ૐ તે વખતે રાજાએ અચલને પોતાનું રાજ્ય આપ્યું ત્યારે પુત્ર વગેરે સકલ સેવકોએ અચલને આદરથી નમસ્કાર કર્યા. ૐ

ચંદ્રભદ્રરાજા વ્રત લઇ લાંબાકાળ સુધી તીવ્રતપતપી સર્વકર્મનો ક્ષયકરી શ્રી સિદ્ધગિરિઉપર મોક્ષ પામ્યા. ૐ તે પછી પ્રીતિયુક્ત અચલે ભેગા થયેલા અંકને સન્માનપૂર્વક શ્રાવસ્તિ નગરીનું રાજ્ય આપ્યું. ૐ અચલરાજાએ લાંબાકાળ સુધી રાજ્ય કરી પોતાના પુત્રને રાજ્ય આપી અંક સાથે સમુદ્ર મુનિપાસે દીક્ષા લીધી. ૐ અચલમુનિ અને અંક મુનિ

– તપ તપી તે બન્ને સ્વર્ગમાં ગયા. તે બન્ને દિવ્ય દેવીઓ સહિત સ્વર્ગથી ઉત્પન્ન થયેલા સુખને ભોગવે છે.

અચલનોજીવ દેવ સ્વર્ગમાંથી ચ્યવેલો કૈકેયીનો પુત્ર – દશરથનો પુત્ર – વિશ્વને આનંદ કરનારો શત્રુઘ્ન થયો. ※ પહેલાં ઘણા ભવોમાં શત્રુઘ્નના જીવના જન્મો મથુરા નગરીમાં થયા હતા. તેથી હમણાં તેને તે મથુરા નગરી સાથે નિરંતર પ્રીતિ છે. ※ કહ્યું છે કે :–જે ઘેર અને જે વૃક્ષની છાયામાં એકપણ દિવસ રહે તો તે જીવને ત્યાં સ્વાભાવિક પ્રીતિ થાય. ૧. તેથી પછી જ્યાં ઘણા ભવોમાં જે સ્થાનમાં સ્થિતિ કરી હોય તે સ્થાનમાં હંમેશાં જીવોને ઘણી પ્રીતિ થાય છે. ૨.

હવે તે અંકદેવ સ્વર્ગમાંથી ચ્યવેલો (હલધરનો) રામનો કૃતાંતવદન નામે સેનાપતિ થયો. ※ આ પ્રમાણે જ્ઞાનીની વાણી સાંભળીને રામ વગેરે સર્વે ભાઇઓ જિનેશ્વરે કહેલા ધર્મને વિશેષપણે કરવા લાગ્યા. ※ મધુરારાજા પાસેથી શત્રુઘ્નવડે ગ્રહણ કરાયેલા ત્રિશૂલ જાણીને ચમરેન્દ્રે મથુરા નગરીમાં સઘળાં લોકને વિષે મારી – મરકી કરી. ※ તે પછી શત્રુઘ્નરાજા તે નગરીને શૂન્ય જાણીને અયોધ્યા નગરીમાં આવી રામરાજાની પાસે રહ્યો.. ※

આ બાજુ વર્ષાઋતુમાં મથુરાનગરીની બહાર વનમાં તપમાં પરાયણએવા સાત મુનિઓ ચોમાસું રહ્યા. ※ તેઓના તપના પ્રભાવ વડે મરકી (રોગ) કોઇક ઠેકાણે નાસી ગઇ. તેથી તે નગરમાં રોગની શાંતિ થઇ. ※ તે પછી તે મુનિઓના ઉત્તમતપથી મારીને નષ્ટ થયેલી જાણીને શત્રુઘ્ન રાજાએ ત્યાં આવીને તે મુનિઓને નમ્યો. ※ તે મુનિઓના ઉપદેશથી તે રાજાએ મરકીની શાંતિમાટે ઉત્સવપૂર્વક શ્રી શાંતિનાથ જિનેશ્વરની પૂજા કરી. ※ મથુરાનગરમાં ચાર દરવાજાના ભાગમાં જિનમંદિરો કરાવી. બોંતેર જિનેશ્વરોની સ્થાપના કરી. ※ તે પછી શત્રુઘ્ને વિઘ્નની શાંતિમાટે ચાર જિનમંદિરમાં ૧૭૦ જિનેશ્વરોની સ્થાપના કરી. ※ નગરની અંદર તે રાજાએ સ્થાનકે સ્થાનકે રોગની શાંતિ માટે સપ્તર્ષિ – સાત મુનિઓની પ્રતિમા સ્થાપન કરી. ※ તે પછી શત્રુઘ્ન રાજાએ જિનમંદિરને અને શ્રેષ્ઠીઓના ઘરની શ્રેણીથી શોભતી – કિલ્લા વડે શોભતી તે મોટી નગરીને સ્થાપન કરી. ※ શત્રુઘ્ને કહ્યું કે :–

આજથી માંડીને જેના ઘરમાં જિનપ્રતિમા નથી તેને વાઘણ જેમ હરણને મારે તેમ નિશ્ચયથી મરકી મારશે. (૧) અંગૂઠાના પ્રમાણવાલી પણ જેના ઘરમાં જિનપ્રતિમા હશે તેના ઘરમાંથી જલદી મરકી નાસી જશે. એમાં સંદેહ નથી ૨. ઘણા સંઘ સહિત શત્રુઘ્નરાજાએ શ્રી સિધ્ધગિરિ ઉપર જિનેશ્વરની પૂજા – સ્નાત્રપૂજા આદિકાર્યોથી યાત્રા કરી ※ શત્રુઘ્ને સંઘસહિત અરિહંતોના જન્મઆદિસ્થાનોમાં યાત્રા કરીને સમ્મેતશિખરપર યાત્રા કરી.

જિનેશ્વરોની દીક્ષા – જ્ઞાન – નિર્વાણ, અને જન્મભૂમિઓને તે વંદન કરે છે ઘણા ગુણવાલા પણ – સાધુવગરના પ્રદેશમાં તે રહેતો નથી. ૧. અનુક્રમે લક્ષ્મણને ચક્ર – છત્ર – ધનુષ્ય –શક્તિ – ગદા – મણિ અને તલવાર એ સાત રત્નો પુણ્યના ઉદયથી થયાં. ※ લક્ષ્મણને દેદીપ્યમાન – ઉત્તમકુલમાં ઉત્પન્ન થયેલી ઉત્તમ – ગુણ – રૂપને યૌવનને ધારણ કરનારી સોલ હજાર સ્ત્રીઓ છે. ૧. તે સર્વમાંથી ઉત્તમ ગુણવાલી આઠ મહાદેવીઓ થઇ . રામને અનુક્રમે આઠ હજાર સ્ત્રીઓ થઇ. તેમાંથી મહાદેવી વગેરે ચાર પટરાણીઓ થઇ ※ કહ્યું છે કે :– પહેલી મહાદેવી સીતા. બીજી પ્રભાવતિ. ત્રીજી રતિવિભા ને છેલ્લે શ્રીદામા થઇ.

લક્ષ્મણને ૨૫૦, પુત્રો થયા, વૃષભ – ધરણ – ચંદ્ર – વગેરે મનોહર ભાઈઓ (નામથી) હતા. ㊊ તે લક્ષ્મણને સોલહજાર મુગટબદ્ધ રાજાઓ હતા. તેઓના સાડાચાર કરોડ રૂપવાલા પુત્રો હતા.

એક વખત સીતાએ રામની આગળ આ પ્રમાણે કહ્યું કે અનિષ્ટને આપનારું મારું જમણું નેત્ર કેમ ફરક્યું? ㊊ કહે છે કે પુરુષનું જમણું નેત્ર ફરકતું હોય તો તે ઇષ્ટ છે. તે વખતે તેનું એકદમ ડાબું નેત્ર ફરક્યું. ㊊ તે પછી રામે કહ્યું કે હે પત્ની ! તારે દુઃખ ન કરવું. હું જીવતે છતે તને ક્યો મનુષ્ય કે દેવ દુઃખ કરનાર છે? ㊊ સર્વજ્ઞ ભગવંતોના મંદિરોમાં સર્વજ્ઞોની શ્રેષ્ઠ પુષ્પોવડે તું પૂજા કર. અને તું નિરંતર સખીઓ મારફત પણ પૂજા કરાવ. ㊊ જિનેશ્વરોની આગળ દીપક કર. ઉત્તમ સાધુઓને તું પ્રતિલાભ (વહોરાવ) ઉત્તમ અન્નદાનથી ઉત્તમ શ્રાવકોને તું જમાડ. ㊊ આ પ્રમાણે સાંભળી આદરપૂર્વક સર્વજ્ઞોની પૂજાને કરતી સીતા બીજી પોતાની સખીઓ પાસે જિનપૂજા કરાવતી હતી.

કહ્યું છે કે:– તપ – નિયમ અને સંયમથી યુક્ત સીતા જિનેશ્વરોની પૂજા કરે છે. તે સમયે સમસ્ત પ્રજાપણ જિનેશ્વરોની પૂજા કરે છે. ૧. આ બાજુ માર્ગમાં જતો ને સભામાં બેઠેલો રામ હંમેશાં લોકોનાં વાક્યો આ પ્રમાણે સાંભળવા લાગ્યો. ㊊ સીતા રાવણના ઘરમાં લાંબાકાળ સુધી રહી. તેથી સીતાવડે શીલ – તેવું પાલન કરાયું નહિ હોય? (૧૨૦૦) ખરેખર આવા પ્રકારની દુષ્કલંક સહિત એવી સીતાને હર્ષિતમનવાલો રામ જો પોતાના ઘરમાં રાખે છે. ㊊ તો ક્યા સામાન્ય મનુષ્યને દોષ અપાય? આથી સીતાને પોતાના ઘરમાં રાખવી યોગ્ય નથી. ㊊

કહ્યું છે કે:– લોક વારંવાર કહે છે. કે રાક્ષસોના સ્વામી રાવણવડે સીતાનું અપહરણ કરીને ખરેખર ભોગવાઇ છે. તો પણ રામ વડે અહીંયાં લવાઇ. ㊊

હે સ્વામી! ઉદ્યાનમાં – ઘરોમાં – તલાવમાં – ને વાવડીને વિષે સીતાના અપવાદની કથાને છોડીને બીજું કાંઇ (લોક) બોલતો નથી. ㊊ ત્રણ સમુદ્રવાલી પૃથ્વીનો સ્વામી રામ–રાવણવડે હરણ કરાયેલી જનકરાજાની પુત્રી સીતાને શા માટે પાછો લાવે છે.? ㊊ આવા પ્રકારનું વચન સાંભળીને હણાયું છે મન જેનું એવો રામ વજ્રથી હણાયેલો હોય તેમ મનમાં અત્યંત દુઃખી થયો. ㊊ જેના માટે ઘણા જીવના વધરૂપ પાપ કર્યું. તે બધું ફોગટ થયું. તેથી હું નરકમાં પાત પામ્યો. ㊊ પુરુષોને સ્રી દુઃખનું મૂલ ને નરકનું મૂલ થાય છે. ને સ્રીના મોહવડે પ્રાણી પગલે પગલે દુઃખ પામે છે.

તે શ્રેષ્ઠ પુરુષોને ધન્ય છે કે જેઓ પોતાની સ્રીઓને મૂકીને કર્યો છે, નિયમ જેણે એવા દીક્ષિત થયા છે. અને અચલ ને શ્રેષ્ઠ એવા મોક્ષને તેઓ પામ્યા છે. ૧. તે વખતે રામના મનને દુઃખ પામેલું જોઇ લક્ષ્મણે કહ્યું કે સીતા શીલનું પાલન કરવામાં મેરુપર્વતની ચૂલિકાની જેમ નિશ્ચલ છે. ㊊ તે વખતે લક્ષ્મણવડે વારવા છતાં પણ રામે આ પ્રમાણે કહ્યું કે સીતાનો જો ત્યાગ કરવામા આવે તો સારું થાય. ㊊ કલંક પામેલી સીતાને જો પોતાના ઘરમાં રાખીએ તો આપણાં દેશમાં નક્કી કલંક થાય.તે પછી રામે એકાંતમાં કૃતાંત નામના સેવકને બોલાવીને કહ્યું કે સીતાને રથમાં બેસાડી – ગંગાનદીના પૂર્વદિશાના કિનારે જઇ. તેને ત્યાં છોડી – તમારે એકલાએ વિચાર કર્યા વગર હમણાં અહીં જલદી પાછા આવવું. ㊊ તે પછી તે વખતે અષ્ટાપદને વિષે સર્વજ્ઞને વંદન કરવાના બહાનાથી કૃતાંત સેવક સીતાને રથમાં બેસાડીને

રાત્રિમાં ચાલ્યો

બીજી દિશામાં જતાં તે કૃતાંત સીતાવડે કહેવાયો કે હે ભાઇ ! તું બીજી દિશામાં કેમ જાય છે? તે કહે? ૐ કૃતાંતે કહ્યું કે તમારા પતિએ મારી આગળ કહ્યું છે કે કલંકવાલી સીતાને જલદી ગંગાનદીના કિનારે મૂકી દે. ૐ તે પછી સીતાએ વિચાર્યું કે ભાગ્યથી પ્રેરાયેલા મારાપતિ ગંગાનદીના કિનારે નક્કી મારો ત્યાગ કરે છે. ૐ સીતાને નદીના કિનારે ઉતારીને ત્યાં વનમાં છોડતો કૃતાંત વિચારવા લાગ્યો કે હું અધન્ય છું. કારણ કે હું ચાકર થયો છું. ૐ કહ્યું છે કે:– પોતાના ઈષ્ટના ત્યાગ કરતાં પણ અધિક દુઃખ તેના ચિત્તને થયું. ચાકરના જીવિત કરતાં કૂતરાનું જીવિત સારું છે. ૧. પારકાના ઘરમાંથી પ્રાપ્ત કર્યો છે આહાર જેણે એવો કૂતરો સ્વચ્છંદ થઈને રહે છે. પણ ચાકર તો પોતાના (જીવન) કાલ સુધી વેચી દીધો દેહ જેણે એવો (તે) પરાધીન હોય છે. ૨. અપાયો છે આદેશ જેને અને પાપમાં રક્ત એવા રાજાના સેવકને લોકને વિષે ન કરવા લાયક એવું નિંદિત કાર્ય કંઈપણ હોતું નથી. ૩. સરખું પુરુષપણું હોવા છતાં પણ જે કારણથી સ્વામીની આજ્ઞાને કરેછે. તે સર્વ અધર્મનું ફલ પ્રત્યક્ષ દેખાય છે. ૪. ધિક્કાર હો, અહો અકાર્ય છે. તે કારણથી ઈન્દ્રિયમાં આસક્ત એવા પુરુષો ચાકરપણું કરે છે. શુભના ઘર એવા ધર્મને કરતાં નથી.

સીતાએ કહ્યું કે હે કૃતાંત! તું મહેરબાની કરીને મારા પતિનીઆગળ કહેજે કે તમે દુષ્ટકર્મથી યુક્ત એવા મારા ઉપર જે કર્યું તે મારાવડે પૂર્વે કરાયેલા દુષ્ટકર્મને હું વનમાં રહેલી ભોગવીશ પરંતુ તમે મોક્ષને આપનાર જિનેશ્વરે કહેલાં ધર્મને મૂકતા નહિ. ૐ કહ્યું છે કે હસ્તતલમાંથી કોઈ રીતે પ્રમાદથી સમુદ્રમાં પડીગયેલું રત્ન શોધ કરતાં કોઈક ઉપાયવડે મેળવાય છે. ૧. ભયંકર અંધકારવાલા કૂવામાં અમૃતફલને નાંખીને પશ્ચાત્તાપથી હણાયેલો બાળક જેમ કષ્ટપૂર્વક પ્રાપ્ત કરે છે. ૨.

આ વચન સાંભળીને સીતાને વનમાં મૂકીને સીતાનાં ચરણકમલને નમીને કૃતાંતવદન પાછો ચાલ્યો. ૐ

હવે ત્યાં રહેલી સીતા અત્યંત દુઃખિત કરુણ સ્વરે રોતી હે પતિ! હું શા માટે વનમાં ત્યજાઇ છું. ? ૐ હે ઉત્તમ – હે નાથ! હેરામ ! હે ગુણના સમૂહવાલા હે દુઃખી જનો ઉપર અત્યંત વાત્સલ્યવાળા એવા હે સ્વામી! ભયથી પરાભવ પામેલી એવી મને દર્શન કેમ આપતાં નથી. ૧. હે મહાયશવાલા! અહીં તમારો થોડો પણ દોષનો સંબંધ નથી. હે સ્વામી! મારા અતિભયંકર પૂર્વ કર્મનો દોષ છે. ૨. અહીં પિતા – પતિ નેબાંધવ શું કરે? મારે પૂર્વે ઉપાર્જન કરેલું દુઃખ ખરેખર ભોગવવાનું છે. ૐ ખરેખર મેં લોકમાં પહેલાં અવર્ણવાદ કર્યા છે જેથી મને ભયંકર અટવીમાં આવા પ્રકારનું દુઃખ પ્રાપ્ત થયું છે. ૧.

અથવા તો અન્યભવમાં વ્રતગ્રહણ કરીને મેં ભાંગી નાંખ્યું છે, તેના ઉદયથી આ —— અતિભયંકર દુઃખ થયું છે. ૨. અતિનિર્દય એવી મેં કમલના વનમાં પહેલાં શું હંસયુગલને વિયોગ પમાડયો હશે? ખરેખર હમણાં તેનું ફલ ભોગવવાનું છે. ૩. અથવા તો પુણ્યવગરની મેં પરભવમાં સાધુઓની દુર્ગંછા કરી તેને લીધે તેને અનુરૂપ મહાદુઃખ ભોગવવાનું છે. ૪. આ પ્રમાણે વિચારીને ચિત્તમાં શ્રી જિનેશ્વરનું અને પ્રિય (પતિ) નું સ્મરણ કરતી વાઘ આદિથી ભયંકર અરણ્યમાં નિર્ભયમનવાલી રહી. ૐ પૂર્વે મેં જે જીવવધવગેરે પાપકર્યું હોય તે અહીં મારું પાપ જલદી નિશ્ચે

વિનાશ પામશે. ¤ મોટેસ્વરે રુદન કરતી દયાના સ્થાનભૂત સીતાને સાંભળી પુંડરીકપુરનો રાજા વજ્જંઘ નામે ત્યાં જઈને હરણ – વાઘ –સસલા – શિયાલથી સેવાયેલ તેને જોઈને તે બોલ્યો કે – તું ક્યાંથી આવી છે? તારું નામ શું છે? અને કોની સ્ત્રી છે? ¤

આ પ્રમાણે કહ્યા છતાં પણ જ્યારે સીતા બોલી નહિં ત્યારે રાજાના સેવકે – મદને તેની આગળ કહ્યું. ¤ આ પુંડરીકપુરીનો સ્વામી વજ્જંઘ નામે રાજા – જ્ઞાન – દર્શનને ચારિત્ર ને સેવનારો. જિનેશ્વરની પૂજા કરનારો. શંકા આદિદોષથી રહિત – સાંભળ્યાં છે અરિહંતનાં વચનરૂપી આગમ જેણે એવો પરોપકાર કરનારો – જીવોપર વાત્સલ્યવાળો અને દયામાં તત્પર છે. ¤

હાથીઓને પકડવા માટે – ધર્મિષ્ઠોમાં શિરોમણિ – વિદ્યાને બલવડે શોભતો સજ્જનોને હિતકારી એવો રાજા આ વનમાં આવ્યો છે. કહ્યું છે કે હે પુત્રી! પાંચ અનુવ્રતને ધારણ કરનારો સમ્યક્ત્વધારી ઉત્તમગુણના સમૂહવાલો દેવગુરુની પૂજામાં રક્ત – સાધર્મિક ઉપર વાત્સલ્યવાળો અને વીર છે. ૧. આ પ્રમાણે સાંભળી સીતાએ માતા – પિતાને પતિ આદિ સઘળો સંબંધ અને પોતાનો વનમાં ત્યાગને જેટલામાં ધીમેથી કહ્યો. ¤ હું અરિહંતની જન્મભૂમિ આદિનાં વંદનના બહાનાથી પૂર્વકર્મના અભિયોગથી (ઉદયથી) રામવડે અહીં ત્યજાયેલી છું. ¤ કહ્યું છે કે જિનેશ્વરોનાં દીક્ષા – જ્ઞાન – નિર્વાણ અને જન્મભૂમિઓને વંદન કરે છે. અને ઘણા ગુણવાલા એવા પણ સાધુજનથી રહિત પ્રદેશમાં રહેતા નથી. ¤ આ પ્રમાણે કહી – સીતા મનમાં પોતાના પતિનું સ્મરણ કરી રુદન કરતી વજ્જંઘ રાજાવડે આ પ્રમાણે નિવારણ કરાઈ. ¤ હે સીતા! સર્વજ્ઞના વચનને જાણતી એવી તું રુદન ન કર. ક્યારે પણ – પ્રાણીઓ પૂર્વે કરેલાં કર્મથી છૂટતાં નથી. ¤ કહ્યું છે કે :– શું તે સાધુ પાસે સાંભળ્યું નથી કે ? પોતાનાં કર્મવડે બંધાયેલો જીવ ધર્મવિના સંસાર અટવીમાં ભ્રમણ કરે છે (૧) અનાદિ અનંત એવા જીવે દીર્ઘકાલ સુધી સંયોગ ને વિયોગ – અને ઘણા પ્રકારનાં સુખ ને દુઃખ પ્રાપ્ત કર્યા છે. ૨. જીવોએ પોતાનાં કરેલાં કર્મના ઉદયવડે તિર્યંચના ભવમાં પૃથ્વી – અગ્નિ – જલ – સ્થલ આદિમાં જે ભૂખ તરસ વગેરે દુઃખો ભોગવ્યાં છે ૩. જીવે મનુષ્ય જન્મમાં વિવિધ અપાય – તર્જના – તિરસ્કાર રોગ – શોકઆદિ ભયંકર દુઃખો અનુભવ્યાં છે. ૪. નિંદિત તપથી ઉત્પન્ન થયેલા દેવો શ્રેષ્ઠ દેવોના (ઉપરના દેવલોકના દેવોના) વૈભવોને જોઈને તેઓ પણ દુઃખ પામે છે. ચ્યવન કાલે તેઓ વિશેષ કરીને દુઃખ પામે છે. ૫. નરકમાં ઉત્પન્ન થયેલા જીવો કરવત – યંત્ર પીલન – શાલ્મલીવૃક્ષને વૈતરણી નદીઆદિ સંબંધી વિવિધ પ્રકારનાં ભયંકર દુઃખો પામેછે.૬

હે જનક રાજાની પુત્રી! સુર અસુરથી સેવાયેલ એવા ત્રણેય લોકમાં એવું કોઈ સ્થાન નથી કે જ્યાં જીવે જન્મ – મૃત્યુ ને જરા પ્રાપ્ત ન કર્યાં હોય? ૭. રામે તને અશુભકર્મના ઉદયથી વનમાં ત્યજી છે. ફરી – શુભકર્મના ઉદયથી રામ તને ઘરે લઈ જશે. ¤ હે બહેન સીતા ! તું ઊભી થા, મારા નગરમાં આવ. સર્વજ્ઞ ભગવંતે કહેલા ધર્મને કરતી મારા ઘરમાં તું સુખપૂર્વક રહે. ¤ આ પ્રમાણે વજ્જંઘનું વચન સાંભળી સીતા ચિત્તમાં જિનેશ્વરનું ધ્યાન કરતી હર્ષિતથયેલી ધીરજ ધારણ કરે છે. ¤

વજ્જંઘ રાજા સીતાને શિબિકામાં બેસાડીને બહેનની જેમ પોતાના ઘરે ઉત્સવપૂર્વક લઈ ગયો. ¤ વજ્જંઘ રાજાએ આપેલા આવાસમાં સુખપૂર્વક રહેલી સીતા પોતાને ભામંડલના આવાસમાં રહી હોય તેમ માને છે. ¤ આ બાજુ

કૃતાંતવદન રામપાસે આવી આ પ્રમાણે બોલ્યો કે તમે કહેલા સ્થાનમાં જ્યારે સીતાને મૂકી તે વખતે તે બોલી કે ૐ સિંહ – રીંછ – ભલ્લ – ચિત્તો – શિયાળ – વાઘવડે ભયંકર એવા વનમાં જ્યારે મેં તેને મૂકી ત્યારે આંસુથી પૂર્ણનેત્રવાલી તે બોલી ૐ મારાપતિનો કોઇ દોષ નથી. મારા કુકર્મનો દોષ છે. જેથી હું છલપૂર્વક ચાકર પાસે અહીં મુકાવાઇ. ૐ તારે મારાપતિની આગળ કહેવું કે શ્રેષ્ઠવનમાં મુકાયેલી સીતા જિનેશ્વરનું ધ્યાન કરતી વનમાં ઉત્પન્ન થયેલા આહારને (ખાતી) સુખી છે ૐ મારા વિયોગથી દુઃખ સાંભળીને રાજા મારો પતિ રામ હૃદયના ફાટી જવાથી જીવિતના નાશથી મરણ ન પામે. ૐ

સિંહ વાઘ વગેરે દુષ્ટ પ્રાણીઓથી અત્યંતભય પામતી કંપતા શરીરવાલી એવી તેને મૂકી છે. ૐ પરંતુ હવે પછી તે હમણાં સિંહ આદિ શિકારી પશુઓવડે ભક્ષણ કરાય છે. અથવા તો જીવતરના તેજ વડે જીવિતને ધારણ કરતી છે. ? તે હું જાણતો નથીૐ કહ્યું છે કે હે સ્વામી ! અત્યંત સ્વભાવથી ભીરુ એવી જનક રાજાની પુત્રી સીતા ઘણાં પ્રાણીઓવડે ભયંકર એવા મહાવનમાં દુષ્કરપણે જીવે છે. ૐ

આ પ્રમાણે વચન સાંભળીને રામ – ફરી ફરી મૂર્છા પામીને સીતાને મનની અંદર યાદ કરવા લાગ્યો. ને વારંવાર વિલાપ કરવા લાગ્યો. ૐ અરે મૂઢ! એવા મેં ભયંકર વનમાં સીતાને છોડી દીધી. મને વિધાતાએ હમણાં આવી બુદ્ધિ કેમ આપી? ૐ નિર્દોષ એવી તે સતી સીતાને લોકોના વારંવાર બોલવાથી ભયંકર વનમાં મેં તેને છોડી દીધી. તે મારી મૂર્ખપણાની ચેષ્ટા છે. ૐ

સીતાના વિયોગવડે અત્યંત દુઃખી એવા રામને જોઇને લક્ષ્મણે કહ્યું કે હવે દુઃખ કેમ કરો છો ? ૐ વગર વિચારે કરેલું કાર્ય મનુષ્યોને દુઃખને માટે થાય છે. સારીરીતે વિચારેલું કાર્ય સુખને માટે થાય છે. તેમાં સંશય નથી. ૐ

**सहसा विदधीत न क्रिया, – मविवेकः परमापदां पदम्**
**वृणुते तु विमृश्यकारिणं, गुणलुब्धाः स्वयमेव सम्पदः ।।**

ઉતાવળથી કામ ન કરવું જોઇએ. અવિવેક ઘણાં દુઃખનું સ્થાન છે. વિચારીને કરનારને ગુણથી લોભાયેલી સંપત્તિઓ પોતાની જાતેજ વરે છે. ૐ તમે ધીરતાને સ્વીકારો, જલદી કાયરપણું છોડી દો. કરેલાં કર્મથી કોઇપણ શરીરધારી (જીવ) છૂટતો નથી. કહ્યું છે કેઃ–

**आयामे गिरिसिहरे, जले थले दारूणे महारण्णे ।**
**जीवो संकटपडिओ, रक्खिज्जइ पुव्वसुकएण ।।**

ૐ લાંબાપર્વતના શિખરપર – પાણીમાં – સ્થલમાં – મહાભયંકર એવા અરણ્યમાં સંકટમાં પડેલો જીવ પૂર્વના પુણ્યવડે રક્ષણ કરાય છે. ૧. વળી પાપનો ઉદય થાય ત્યારે વીરપુરુષોવડે રક્ષણ કરાતો એવો પણ પ્રાણી નિશ્ચે મરે

છે. આ લોકમાં સંસારની આવી સ્થિતિ છે. ૨. આ પ્રમાણે નિરંતર લક્ષ્મણવડે બોધ કરાયેલો પણ રામ – રાજ્યનું કાર્ય કરતો મનમાં સીતાને યાદ કરતો હતો. ૫ સમસ્ત દેશનાં લોક સીતાના ગુણના સમૂહને હંમેશાં યાદ કરતાં વારંવાર રડે છે. તેમજ પડખે રહેલાને પણ દુઃખ પમાડે છે.

તે પછી તે વનમાં ચાકરને મોકલીને ત્યાં રામે (સીતા) ન મળવાથી વાઘદ્વારા મરેલી સીતાને જાણી. ૫ મરેલી એવી સીતાને વિચારતાં એવા રામે મંત્રીશ્વરને કહ્યું કે જુદી જુદી પૂજા કરવાથી મરણ ક્રિયા કરીએ. ૫ રામવડે સીતાનું સમસ્ત પ્રેતકાર્ય કરે છતે બધાં લોકો ઘણાં દુઃખી થયાં કહ્યું છે કે. આઠ હજાર સ્ત્રીઓથી સતત વ્યાપ્ત હોવા છતાં પણ સીતામાં એક છે મન જેનું એવો રામ સ્વપ્નમાં પણ તેને વારંવાર યાદ કરે છે. ૫

આ બાજુ દેવનગર સરખા પુંડરીક નામના નગરમાં વજ્રજંઘ રાજાના આવાસમાં સીતાએ – નવમાસ પૂર્ણ થયા ત્યારે શ્રવણ નક્ષત્રમાં ચંદ્રહતો ત્યારે સુંદર સ્વપ્નથી સૂચિત કામદેવનારૂપ સરખા મનોહર એવા બે પુત્રોને જન્મ આપ્યો. ૫ તે બન્નેનો જન્મોત્સવ કરી વજ્રજંઘ રાજાએ હર્ષવડે પહેલા પુત્રનું અનંગલવણ એવું નામ આપ્યું. ૫ અને બીજાનું મદનાંકુશ – એવું નામ રાજાએ આપ્યું. તે પછી તે બન્ને પુત્રો શ્રેષ્ઠ શરીરવાલા વૃધ્ધિ પામ્યા. ૫ આ તરફ ઘણી વિદ્યા અને બલથીયુક્ત સિદ્ધાર્થ નામના સાધુ વિહાર કરતાં પુંડરીક નગરમાં આવ્યા. ૫ ભિક્ષાને માટે એક ઘરથી બીજા ઘરમાં પ્રગટપણે ફરતાં જયણામાં તત્પર સીતાથી અધિષ્ઠિત એવા ઘરને વિષે આવ્યા. ૫ તે વખતે સીતાએ શ્રેષ્ઠ આહારવડે તે સાધુને વહોરાવ્યું ૫ ત્યાં તે પછી સીતાએ બે પુત્રો સહિત ઉત્તમ ભાવથી નમસ્કાર કર્યો. ૫ તે પછી તે સાધુએ લવણ અને અંકુશને ધર્મશાસ્ત્રો તેવી રીતે ભણાવ્યાં કે જેથી તે બન્ને ધર્મિષ્ઠોમાં શિરોમણિ થયા.હવે એક વખત અષ્ટાંગ નિમિત્તને જાણનાર સુંદરમનવાલો ધન નામે નિમિત્તિયો ત્યાં આવ્યો. અને તેણે તે લવણ ને અંકુશને પોતાની વિદ્યાઓ આપી. ૫

*૫ હવે (તે બન્ને પુત્રો) સૌમ્યપણાવડે ચંદ્રસરખા – તેજવડે સૂર્ય સરખા–શત્રુનો વધ કરવાથી મંગલ સરખા – જાણપણાવડે બુધ (પંડિત) સરખા – વિદ્યાવડે ગુરુ સરખા – સારી બુદ્ધિવડે કવિ – (શુક્ર સરખા) સુંદર – ક્રૂરોમાં (માણસોમાં) શનિ સરખા એ લવણ ને અંકુશ પુત્ર થયા. ૫

વિનય આદિ ગુણના સમૂહવડે હંમેશાં લોકોને રંજિત કરતા તે લવણ ને અંકુશ વજ્રજંઘરાજાને ઉત્તમભક્તિવડે સેવતા હતા. ૫ વજ્રજંઘરાજાએ શશીચૂલા વગેરે શ્રેષ્ઠ – ૨૨ – કન્યાઓ પહેલાં લવણને પરણાવી.૫ અને પૃથ્વીપુરમાં પૃથુરાજાની પુત્રી કનકમાલાને વજ્રજંઘરાજાએ અંકુશ સાથે પરણાવી. ૫

(આ બન્નેનો પરણવાનો વિસ્તાર બીજાં શાસ્ત્રો – ગ્રંથોથી જાણવો)

ઘણા રાજા અને વિદ્યાધરોવડે સેવાતાં છે ચરણ કમલજેનાં એવા લવણ અને અંકુશ તે નગરમાં સુખપૂર્વક રહેતા હતા. ૫ અનુક્રમે પાંચ હજાર વિદ્યાધરોવડે આશ્રિત એવા લવણ ને અંકુશ પોતપોતાના ઉલ્લાસ પામતાં ભુજાના તેજવડે

***૫ કવિએ પુત્રોના ગુણોમાં સાતવાર ઘટાવ્યા છે.**

દેવોને પણ દુર્જય થયા. ફ્ર એક વખત તે બન્નેએ માતાનાં ચરણોમાં પ્રણામ કરીને પૂછ્યું કે તમારા પતિનું શું નામ છે? ને તે કોના પુત્ર છે.? તે કહો! ફ્ર તે પછી માતાએ કહ્યું કે રાજા દશરથના મોટાપુત્ર – બલવાન એવા તે મારાપતિ જગતના હિતકારી છે. ફ્ર જે દૃઢબલવાવા રાવણવડે અકસ્માત્ હરણ કરાઇ હતી. અને જેણે યુધ્ધ કરવાવડે મને પાછીવાળી તે મનોહર મારા પતિ છે. ફ્ર લોકોએ આપેલા માત્ર (ઉપરના) ફોગટ કલંકને જાણીને તેણે પોતાના સેવક મારફત દૂર અરણ્યમાં ત્યજાવી. ફ્ર માતાનું વાકય સાંભળીને તે વખતે ચમત્કાર કરવા માટે જલદી અસંખ્ય સૈન્ય સહિત લવણ ને અંકુશ જનક (પાલક પિતા) વજ્જંઘને આગળ કરીને તે નગરીમાંથી સારાદિવસે હર્ષપૂર્વક અયોધ્યા નગરી સન્મુખ ચાલ્યા. ફ્ર

ચારયોજન સુધી અયોધ્યાના છેડે શત્રુનું સૈન્ય આવતું જાણીને જલદી બખ્તર ધારણ કરીને રામ ને લક્ષ્મણ હાથી ઉપર ચઢેલા જુદી જુદી જાતનાં વાજિંત્રો વાગતાં નીકલ્યા. બલવાન એવા શત્રુને હણવા માટે તેની સન્મુખ ગયા. ફ્ર તે વખતે ત્યાં રામ ને રાવણની જેમ લવણ ને અંકુશ પુત્ર સાથે રામ લક્ષ્મણનું ભયંકર યુદ્ધ થયું. ફ્ર તે વખતે લક્ષ્મણે તે શત્રુઓપ્રત્યે ચક્ર મૂક્યું ત્યારે શત્રુનું મૃત્યુ ન થવાથી તે પ્રયાસ નિષ્ફળ થયો. ફ્ર તે પછી ચક્રધારી લક્ષ્મણે કહ્યું કે આપણે બન્ને બળદેવ ને વાસુદેવ નથી. પરંતુ આ બન્ને બળદેવ ને વાસુદેવ નકકી નવા ઉત્પન્ન થયા છે. ફ્ર કહ્યું છે કે તે વખતે લક્ષ્મણે હજારો જ્વાલાઓના પરિવારવાળું – ત્રણલોકને ભય પેદા કરનારું અમોઘચક્ર – અંકુશ ઉપર મૂક્યું ૧. વિકસિત પ્રભાવાળું તે ચક્ર – જલદી અંકુશની પાસે જઇને પાછું ફરેલું લક્ષ્મણના હાથમાં આવ્યું. ૨. લક્ષ્મણવડે વારંવાર રોષથી અંકુશપર ફેંકાયેલું નિષ્ફળ એવું ચક્ર – પવન સરખાવેગ વડે પાછું ફરે છે. ૩. તે વખતે અંકુશ એવા શત્રુએ ધનુષ્યનું આસ્ફાલન એવી રીતે કર્યું કે જેથી રામનું સર્વસૈન્ય પૃથ્વીપર સૂઇ ગયું હોય તેવું થયું. ફ્ર

તે વખતે તે બન્ને ભાઇઓ બોલ્યા કે નવા રામ ને લક્ષ્મણ ઉત્પન્ન થયા છે. લક્ષ્મણે રામને કહ્યું કે મારાવડે જે મોટી કોટિશિલા ઉપાડાઇ હતી તે નકામી ગઇ. જે કારણથી આ નવા રામલક્ષ્મણ આવ્યા. ફ્ર

આપણો જે રાજ્યાભિષેક થયો. તે નકામો થયો હવે તો નકકી આ બન્નેના રાજ્યાભિષેક કરાય. મૂઢ એવા રાવણની જેમ કયો મનુષ્યફોગટ મરે ? જીવતા મનુષ્યવડે સુખ પમાય છે. ને નિશ્ચે ધર્મ કરાય છે. ફ્ર

ધર્મવડે આલોક અને પરલોકમાં સુખની શ્રેણી પ્રાપ્ત થાય છે. તેથી નીતિરહિત એવા રાજ્યને વિષે રાગ ન કરવો જોઇએ. તે પછી રામ અને લક્ષ્મણને દીન અને પોતાની ભુજાને નિંદે છે એવું જાણી રામના બન્ને પુત્રો બે હાથી પરથી ઊતરીને સામે પગલે ચાલતા ગયા. ફ્ર અમે રામના પુત્રો છીએ એવાં પોતાનાં નામથી અંકિત બે બાણ – પોતાના પિતા – રામની આગળ ભેટ કર્યાં. ફ્ર તે પછી લક્ષ્મણ સહિત રામ પ્રગટ એવા બાણના અક્ષરોની શ્રેણીને વાંચતાં આ શું છે? એમ વિચારતાં વિસ્મિત થયા. ફ્ર એટલામાં માતાને આગળ કરીને લવણ ને અંકુશે આવીને હર્ષવડે રામનાં ચરણકમલને અત્યંત નમસ્કાર કર્યો. (૧૩૦૦)

તે પછી જોડી છે. અંજલિ જેણે એવા બન્ને ભાઇઓએ રામને કહ્યું કે હે પિતા! તમે ફોગટ અમારી માતાને જંગલમાં ત્યજાવી. જ્યારે તમે અમારી માતાને જંગલમાં ત્યજાવી તે વખતે અમે બન્ને તમારા પુત્રો ગર્ભમાં રહ્યા હતા.

卐 આ પ્રમાણે પોતાના પુત્રોને જાણીને રામે વેગથી બેહાથવડે આલિંગન કરીને શ્રેષ્ઠ સન્માન આપવા પૂર્વક પોતાના ખોળામાં બેસાડ્યા. 卐 રામે કહ્યું કે મારાવડે તમારા બન્ને સહિત પત્ની સીતા જે વનમાં ત્યજાઈ તેથી (મારો) નરકમાં પાત થશે. 卐 કહ્યું છે કે ગર્ભમાં રહેલા પુત્રો સીતા સહિત અનાર્ય એવા મારાવડે ભયને ઉત્પન્ન કરનારા મહાન ભયંકર અરણ્યમાં ત્યજાયા. તે મહાકષ્ટ છે. ૧. અંકુશ સહિત લવણે રામનાં ચરણ કમલને નમીને કહ્યું કે :- એક તમે પિતા છો. બીજા વજ્રજંઘરાજા છે. 卐 જે વજ્રજંઘ રાજાએ તમારાવડે જંગલમાં મુકાયેલી અમારી માતાને પોતાના ઘરે લઈ જઈને પાલન કરી. 卐 સીતાએ પણ કહ્યું કે જન્મ આપવાથી પિતા જનક થયો ને જંગલમાં રક્ષણ કરવાથી વજ્રજંઘ પિતા થયો. 卐 તે પછી રામે વજ્રજંઘરાજાને એક હજાર ગામ આપીને આદર સહિત સંતોષ પમાડ્યો. 卐 સીતા ને પુત્ર સહિત પુષ્પક વિમાનમાં આરુઢ કરીને સુંદર ઉત્સવપૂર્વક પોતાના આવાસમાં લાવ્યો. 卐 કહ્યું છે કે:- આનાથી ક્ષણાર્ધવડે કરીને સાકેતપુરી (અયોધ્યા) ઘણાં વાજિંત્રોના મંગલ શબ્દવાલી નટલોકોના નાચ -અને પણ્યાંગનાઓના ઊંચા ગીતવાલી સ્વર્ગ સરખી કરાઈ. ૧. પુત્રોની સાથે રામ પુષ્પક વિમાનમાં ચઢ્યો. અને ત્યાં પણ કર્યાં છે આભરણ જેણે એવો લક્ષ્મણ શોભે છે. ૨. તે પછી સમસ્ત જિનમંદિરોમાં જિનપૂજા કરતો (રામ) બીજાઓ પાસે આદરથી પુષ્પઆદિવડે પૂજા કરાવે છે. 卐

કેટલાક કહે છે કે બે પુત્ર મલ્યા પછી રામવડે સીતા શ્રેષ્ઠ એવા પુંડરીક નગરમાંથી લવાઈ. 卐 તે વખતે રામે કહ્યું કે હે સીતા! તું ખરેખર સતી છે. પરંતુ લોકો કહે છે કે ઘણા દિવસ સુધી રાવણના ઘરમાં રહી છે. તેથી જણાયું નથી કે આ સીતા સતી છે કે અસતી? એજ મને મોટું દુઃખ છે. બીજું દુઃખ નથી. 卐

તે પછી સીતાએ નગરના ઉદ્યાનમાં જઈને પતિને કહ્યું કે હું દિવ્ય કરવાથી અગ્નિઆદિમાં શુદ્ધ થાઉં 卐 ત્રીશ હાથ પહોળી ચારે દિશામાં ખેરના સળગતાં અંગારાથી ભરેલી ખાઈ રામના આદેશથી ચાકરોએ તૈયાર કરી. તે પછી અત્યંત ઘણાં સળગતાં ખેરના અંગારાવડે ભરેલી ખાઈમાં સીતાએ પ્રવેશ કર્યો.તે પછી શ્રેષ્ઠ શીલના પ્રભાવથી ખેરના અંગારા પાણી થયા. તેમાંથી સીતા તે ખાઈને ઊતરી ગઈ. 卐

રામને શ્યામમુખવાલા જોઈને પ્રજા જોતી હતી ત્યારે સીતાએ પોતાની ભક્તિ સૂચવવા માટે એક કાવ્ય કહ્યું છે. 卐

હે ! ભુવનમાં એકવીર! આ સીતા મારાવડે વગર કારણે શા માટે વિગુણ ગુણરહિત કરાઈ? એ પ્રમાણે ખેદના ભાવને ન પામો. કોઈક દૈવવડે કરીને અગ્નિમાં ફેંકાયેલી હું હૃદયમાંરહેલાં તમારાવડે તરાવાઈ છું. (કિનારે લવાઈ છું.) 卐 તે સર્વે લોકો સીતાના અદ્દભુત શીલને જોઈને હર્ષથી પુરાયેલા મોટા સ્વરે કહેવા લાગ્યા. 卐 મોટા અપવાદની શંકાવડે સીતાએ અગ્નિમાં પોતાના શરીરની આહુતિ કરી. અને ત્યાં અગ્નિ ઉત્તમ જલપણાને પામ્યો. તે શીલના મહિમાનું કારણ છે. 卐 તે પછી રામે પડખે રહેલા સેવકોને કહ્યું કે □ ત્રણસો હાથ સમચોરસ ઊંડાઈવાલો ખાડો ખોદો અને તે ખાડાને કાલાગુરુ ચંદન વગેરે લાકડાંવડે પૂરો. ચારે તરફથી તે ખાડામાં પ્રચંડ અગ્નિ સળગાવો. 卐

□ ખાઈ બનાવવાની વાત બે વાર છે. પણ એક વાર જ સમજવી.

ધગધગ શબ્દવાળો– સુવર્ણના સરખા વર્ણવાલો – સળગેલો અગ્નિ – એક ગાઉ પરિમાણવાલી – જ્વાલાઓ વડે આકાશને પ્રદીપ્ત કરતો અતિચપલને ચંચલ ચારે તરફથી જ્વાલાઓ વિસ્ફુરાયમાન થાય છે. યમરાજાની જીભ સરખી મોટી વીજળીઓ ઉગ્રતેજવાલી ગગનતલમાં જણાઇ છે. ૐ

જો મન વચનને કાયાથી રામને છોડી બીજો પરપુરુષ સ્વપ્નમાં પણ ઇચ્છ્યો હોય તો આ અગ્નિ મને બાળી નાંખો. ૐ આ પ્રમાણે બોલીને સીતા ત્યારે અગ્નિમાં પેઠી. ત્યારે અગ્નિ અત્યંત નિર્મલ પાણી જેવો થયો. શીલથી પૂર્ણ એવી તે શુદ્ધ થઇ. ૐ તે વખતે સીતાને શુદ્ધ જોઇને દેવો અને લોકો બોલ્યા કે આ સતી સીતા દેવોને પણ આજે વખાણવા લાયક છે. ૐ સર્વલોકો ગીતગાન પૂર્વક હર્ષવડે જનકરાજાની પુત્રી સીતાનું ઘરે ઘરે વધામણું કરે છે. ૐ કહ્યું છે કેઃ– તુષ્ટ થયેલા વિદ્યાધરોને મનુષ્યો નાચ કરતાં બોલે છે કે શ્રી જનકરાજાની પુત્રી સીતા સળગતાં અગ્નિમાં શુદ્ધ થઇ. ૧. તે વખતે ઘણા રાજાઓ અને વિદ્યાધરો સહિત હર્ષિત ચિત્તવાલા લવણને અંકુશ પુત્રોએ આવીને માતાનાં ચરણોમાં નમસ્કાર કર્યો. ૐ પુષ્પકવિમાનમાં બેઠેલી સીતા સેંકડો સ્ત્રીઓથી યુક્ત નિર્મલમનવાલી તેણે જિનમંદિરોમાં જઇને નમસ્કાર કર્યો. ૐ તે પછી ઘણું દાન આપતી જનકરાજાની પુત્રી નગરલોકોવડે જોવાતી પોતાના ઘરે આવી. ૐ તે પછી સીતાએ કહ્યું કે હે કાન્ત ! હમણાં ખેદ ન કરો. પોતાનાં કર્મવડે કલંક આવ્યું. તેમાં તમારો દોષ નથી ૐ હે રામ! તમારા પ્રસાદવડે કલંકથી હું પાર પડી. તેથી હું તેવું કર્મ કરું જેથી આવતા ભવ પછી હું સ્ત્રી ન થાઉં. ૐ ઇન્દ્રધનુષ્ય – સર્પની ફેણ અને પાણીના પરપોટા સરખા ખરાબ ગંધવાલા ભોગોવડે શું? જે ઘણાં દુઃખને ઉત્પન્ન કરનારા એવા આ ભોગોમાં હે મહાયશ! કઇ જાતની પ્રીતિ? ૧. ઘણી – લાખો યોનિમાં પરિભ્રમણ કરી હું અત્યંત થાકી ગઇ છું. હમણાં દુઃખથી મુકાવનાર એવી જિનેશ્વર ભગવંતે કહેલી દીક્ષાને ઇચ્છું છું. તે પછી રામે બલપૂર્વક આદરપૂર્વક – સીતાને કહ્યું કે તું હમણાં દીક્ષા લે એમાં શોભા નથી. ૐ હવે અવસર આવ્યે છતે તું વ્રત ગ્રહણ કરજે. તે વખતે હું પણ વ્રતગ્રહણ માટે ઇચ્છું છું. ૐ આ તરફ તે નગરના ઉદ્યાનમાં સકલભૂષણ નામના જ્ઞાની ઘણા સાધુઓથી સેવાયેલા આવીને સમવસર્યા. ૐ તે વખતે ભાઇસહિત – બિભીષણ આદિથી સેવાયેલો રામ મુનિપાસે ધર્મ સાંભળવા ગયો.. અને આદરથી નમસ્કાર કર્યો. ૐ ધર્મનો ઉપદેશ સાંભળી બિભીષણે પૂછ્યું કે રામ અને લક્ષ્મણે પૂર્વભવમાં એવું શું પુણ્ય કર્યું હતું.? ૐ જેથી આવા પ્રકારની હાથી ઘોડા વગેરેથી વિભૂષિત – લક્ષ્મી થઇ? તેમજ યુદ્ધમાં રાવણ લક્ષ્મણવડે કેમ મૃત્યુ પમાડાયો ? ૐ

દંડકારણ્યમાં રહેલી સીતાનું (રાવણે) સુંદર અંતઃપુર હોવા છતાં પણ મોહવડે – છલવડે કેમ હરણ કર્યું? ૐ હવે મુનિએ કહ્યું કે આ જંબુદ્વીપમાં શ્રેષ્ઠ ભરતક્ષેત્રમાં ક્ષેમંકર નગરમાં જયદત્તનામે શેઠ હતો. ૐ તે રાજાને શીલથી શોભતી સુનંદા નામે સ્ત્રી હતી. તેને ધનદત્ત નામનો પુત્ર હતો. ને બીજો વસુદત્ત નામે પુત્ર હતો. ૐ તે બન્નેને વજ્રચક નામનો બ્રાહ્મણ મિત્ર થયો.એ ત્રણે મિત્રો હંમેશાં ઘણી ક્રીડા કરતા હતા. ૐ કહ્યું છે કેઃ હું કોણ ? કોને વિષે કઇ રીતે આવ્યો? મારી માતા કોણ? મારા પિતા કોણ? આ પ્રમાણે વિચાર કરતે છતે આ સર્વ – સમગ્ર સંસાર તે સ્વપ્નનો વ્યવહાર છે. ૐ હે દુષ્ટ ! હે દુષ્ટા! જેણે કાયાને કદર્થના કરી છે એવા વ્યવસાયોવડે ફોગટ જન્મને ન ફેંકી દે. તે કારણથી યત્ન કર્યા સિવાય કાકિણીમાટે – ચિંતામણિ રત્ન ગુમાવવા જેવું છે.

જે પહેલી વયમાં શાંત છે. તેજ ખરેખર શાંત છે. એવી મારી બુદ્ધિ છે. ધાતુઓ ક્ષય થાય ત્યારે કોને શમ ન થાય? 卐

**यौवनं धनसम्पत्तिः, प्रभुत्वमविवेकिता।**
**एकैकमप्यनर्थाय, किं पुनस्तच्चतुष्टयम् ? ॥**

યૌવન ધનસંપત્તિ – સ્વામિત્વ – અને વિવેકરહિતપણું આ એક એક પણ અનર્થને માટે થાય છે. તો પછી તે ચારે (ભેગાં હોયતો) શું ન કરે? 卐 તે શ્રેષ્ઠ નગરમાં સાગરદત્ત નામે વણિક હતો. અને તેને રત્નાભા નામની – શ્રેષ્ઠ આશય વાલી પત્ની હતી. 卐 તે બન્નેને ગણધર નામે પુત્ર ને ગુણમતિ નામે પુત્રી હતી. તે પુત્રી જયદત્તના પુત્ર – શોભાવાલા ધનદત્તને સાગરદત્તે આપી. પોતાની ગુણમતિપુત્રીને આપવા માટે સર્વ સજ્જનોની સાક્ષીએ મોકલી. 卐 તેજ નગરમાં શ્રીકાંત નામે શેઠ. ઘણાધનનો સમૂહ – રત્નાભાને આપીને એકાંતમાં ગુણમતિને લીધી. 卐 શ્રીકાંતવડે ગુપ્તપણે હરણ કરાયેલી ગુણમતિકન્યાને જાણીને જાનના સમુદાયે વસુદત્તની પાસે કહ્યું. ગામમાં બીજે ઠેકાણે ગયેલા ધનદત્તને જાણીને વસુદત્ત શ્રીકાંતને હણવા માટે રાત્રિમાં નીકલ્યો 卐 બાહ્ય ઉદ્યાનમાં ભમતા વસુદત્તે શ્રીકાંતને જોઇને તલવાર છોડી – ત્યારે તેણે પણ તે તલવાર છોડી તે પછી તે બન્ને પરસ્પર તલવારના ઘાવડે નિર્દયપણે હણતાં તે બન્ને મરી વિંધ્યાવટવીની અંદર એકદમ મૃગ થયા. 卐 તે વખતે ગુણવતી મરીને અટવીમાં મૃગી થઈ. તે મૃગીને લેવા માટે તે બન્ને મૃગ યુદ્ધ કરતાં મૃત્યુ પામ્યા. 卐 તે વખતે તે વનમાં યુદ્ધમાં પરાયણ એવા બન્ને દાઢવાલા પ્રાણી થયા. તે મરીને બન્ને હાથી થયા. તે પછી બે પાડા થયા. તે પછી વૃષભ થયા. તે પછી બન્ને વાંદરા થયા. તે પછી દીપડા થયા. તે પછી હરણ થયા. ત્યાં પણ યુદ્ધમાં તત્પર એવા બન્ને મરીને વડનાં ઝાડ થયા. 卐

તે પછી પૃથ્વી – પાણી – વૃક્ષ – અગ્નિ – શિયાળ – પાણીને – હરણ આદિ ઘણા ભવોમાં શ્રીકાંત નેવસુદેવ ભમ્યા. 卐 આ બાજુ ભાઇના વધનો વૃત્તાંત સાંભળીને ધનદત્ત તે વખતે ઘણો દુઃખિત થયેલો પોતાની નગરીમાંથી નીકળેલો દૂર ગયો. 卐 પૃથ્વીપર ભમતાં ધનદત્તરાત્રિમાં ઘણો તરસ્યો થયો. ને દયાના સ્થાનભૂત સાધુપાસે ઉદ્યાનમાં તેણે પાણી માંગ્યું 卐 તે પછી સાધુએ કહ્યું કે રાત્રિમાં સાધુઓ પાણી પીતાં નથી. કારણ કે પાણી ઘણા જીવ યુક્ત હોય છે. 卐 કહ્યું છે કેઃ– જીવના સંઘાત (સમૂહવાલા ) વાલા ભોજનને રાત્રિમાં ખાતાં મૂઢઆત્માઓ રાક્ષસો કરતાં કોઇ રીતે વિશેષતા પામતા નથી. 卐 કહ્યું છે કે

માંખી – કીડા – પતંગીયા – વાળ અને બીજી પણ અશુદ્ધ વસ્તુઓ રાત્રિભોજન કરનારાવડે તે સર્વ ભક્ષણ કરાયું છે. 卐 સૂર્ય અસ્ત છતે અજ્ઞાનભાવના દોષવડે જે ખાય છે તે ચાર ગતિવડે વિસ્તાર પામેલા સંસારમાં વારંવાર ભમે છે. 卐 સાધુ અથવા અસાધુ રસમાં આસક્ત થયેલો જે રાત્રિમાં ખાય છે. તે અવિરતિના દોષવડે નરકના ગમનને પામે છે. 卐 જે પુરુષો રાત્રિમાં ખાય છે. તે પુરુષો શીલ અને સંયમથી રહિત છે. મધ–મદિરાને માંસમાં રક્ત છે. તેઓ મરણ પામી મહાનરકમાં જાય છે. 卐 જેઓ રાત્રિના સમયમાં જમે છે તે પુરુષો હીનકુલમાં ઉત્પન્ન થયેલા નાશ પામ્યા છે. સ્ત્રી – ધન અને સ્વજન જેનાં એવાં તે પારકાની સેવા કરનારાં થાય છે. 卐 જીવો વિકાલે રાત્રિમાં જમે છે તે હાથ પગને ફૂટેલા વાળાવાળા – બીભત્સ – દુર્ભગ – દરિદ્ર – ઘાસને લાકડાંથી આજીવિકા કરનારા થાય છે. 卐 વળી જેઓ જિનેશ્વરના ધર્મને ગ્રહણ કરીને મધ – મદિરા ને માંસની વિરતિ કરીને રાત્રિભોજન કરતાં નથી. તેઓ મહર્ધિક

દેવ થાય છે. ક ત્યારે તેઓ શ્રેષ્ઠ વિમાનમાં સેંકડો દેવીઓનાં પરિવારવાળા અપ્સરાઓના સંગીતના માહાત્મ્યવાળા – દીર્ઘકાલ સુધી વિષયસુખ ભોગવે છે. ક ત્યાંથી ચ્યવીને અહીં આવેલા પ્રસિદ્ધ કીર્તિવાલા રાજવંશમાં સુખભોગવીને ફરીથી દેવલોકને પામે છે. ક

ફરીથી જિનેશ્વરના ધર્મમાં સમ્યક્ત્વ પામીને વ્રત – નિયમને ગ્રહણ કરી ઘોર તપકરી ધીર એવા તેઓ મોક્ષ ઘરને પામે છે. ક

અન્ય શાસ્ત્રોમાં પણ કહ્યું છે કે:– સૂર્ય અસ્ત થાય ત્યારે પાણીને લોહી કહેવાય છે અને અન્નને માંસ સરખું માર્કંડ ઋષિએ કહ્યું છે. ક નરકનાં ચાર દ્વાર – દરવાજા કહ્યાં છે. પહેલું રાત્રિભોજન – બીજું પરસ્ત્રીગમન – ત્રીજું સંધાણ – બોળ– અથાણું અને ચોથું અનંતકાય. ક

આપ્ત પુરુષે કહેલા ધર્મને સાંભળીને અરિહંતનો ધર્મ સાંભળીને ધનદત્ત મરી પહેલાં દેવલોકમાં ગયો. ક ત્યાં સ્વર્ગનુંસુખ ભોગવીને મહાસુર નામના નગરમાં પદ્મરુચિ નામે કૃતાર્થ એવો તે મિત્રશેઠનો પુત્ર થયો. ક તે પદ્મરુચિ નગરની અંદર જતાં એક શ્રેષ્ઠ ઘરડા બળદને શ્વાસલેતો પૃથ્વીતલપર પડી ગયેલો ને ચીસ પાડતો જોઈને તેણે તે બળ દને પંચનમસ્કાર એવી રીતે સંભળાવ્યો કે કાનમાં ગયેલા નવકારની તેણે સુંદરભાવથી શ્રધ્ધા કરી. ક

તેજ નગરમાં તેજ વખતે તે મરી ગયેલો બળદ છત્રછાય રાજાની શ્રીકાંતા નામની પત્નીની કુક્ષિમાં અવતર્યો. ક તે પુત્ર જન્મ્યો ત્યારે રાજાએ તેનો જન્મોત્સવ કરીને સજ્જનોની સાક્ષીએ તેનું વૃષભધ્વજ નામ આપ્યું.ક કુમાર પોતાનો પૂર્વભવ ને પોતાની પૂર્વભવની મૃત્યુભૂમિ જોઇ જાતિસ્મરણ જ્ઞાન પામી વારંવાર આ પ્રમાણે વિચારવા લાગ્યો. ક પૂર્વભવમાં શીત ને તૃષાથી પીડાપામેલા મારા બળદના પૂર્વભવમાં મરતાં એવા મને રાજપુત્રે પંચનમસ્કાર આપ્યા.ક પંચનમસ્કારના પ્રભાવવડે મારો રાજકુલમાં જન્મ થયો. આથી અહીં જિનેશ્વરમંદિર કરીશ. ક જિનમંદિર કરાવીને રાજપુત્રે કુમારસહિત ઘરડાં બળદનું ચિત્ર કરાવ્યું. રાજપુત્રે સેવકોને કહ્યું જે મનુષ્ય અહીં આવી લાંબાકાળ સુધી રહે ત્યારે મારી આગળ જલદી કહેવું. ક તે પછી જિનમંદિરમાં વંદન કરવા માટે ઘણાં લોકો આવ્યાં ત્યારે વણિક શ્રેષ્ઠ – પદ્મરુચિ આવ્યો. ક જિનેશ્વરને નમન કરીને જ્યારે પદ્મરુચિ – મનુષ્ય ને બળદનારૂપને જોતો બીજે ઠેકાણે જતો નથી ત્યારે ચાકરોએ રાજપુત્રને જણાવ્યું. ક રાજપુત્રે આવી પદ્મરુચિને નમસ્કાર કરી કહ્યું તમે મને નમસ્કાર આપવાવડે આવી લક્ષ્મી આપી. ક

હું બળદ હોવા છતાં પણ નમસ્કાર આપવાથી તમારાવડે આવું મહાન રાજ્ય પમાડાયો છું. આથી તમે મારા સંસારતારક ગુરુ છો. ક કહ્યું છે કે માતા તે કરી શકતી નથી. પિતા પણ તે કરી શકતો નથી. સર્વે બાંધવો પણ તે કરી શકતા નથી. જે અત્યંત પ્રસન્ન – સમાધિમરણને – આપનાર છે. ક તે પછી તે બન્ને નિરંતર સર્વજ્ઞ અને ગુરુની પૂજા કરતાં પરસ્પર પ્રીતિવાલા હર્ષપૂર્વક રહે છે. ક અનુક્રમે આયુષ્યનો ક્ષય થયો. ત્યારે પદ્મરુચિ અને વૃષભધ્વજ મરણ પામીને બીજા દેવલોકમાં દેદીપ્યમાન શરીરવાલા દેવ થયા ક સ્વર્ગમાંથી ચ્યવી પદ્મરુચિ નંદાવર્ત નામના શ્રેષ્ઠનગરમાં નંદીશ્વર રાજાનો નયનનંદક પુત્ર થયો. ક ત્યાં નંદીશ્વરનો પુત્ર – ખેચરની ઋધ્ધિ ભોગવીને દીક્ષા લઇ.

જીવિતનો અંત થવાથી ચોથા દેવલોકમાં ગયો.

ત્યાંથી ચ્યવીને પૂર્વવિદેહમાં રહેલ ક્ષેમંકર નામની વિજયમાં ભરતપુરમાં તે વિમલવાહન રાજાનો શ્રી ચંદ્ર નામે પુત્ર થયો. ࿕ ત્યાં ભોગ સુખમાં લીનથયેલો બ્રહ્મદત્તનો જીવ શ્રીચંદ્ર સૂર્ય અને ચંદ્રના ઉદય અને અસ્તને ચિત્તમાં જાણતો ન હતો. ࿕ હવે એક વખત નગરના ઉદ્યાનમાં સમાધિગુપ્ત નામના આચાર્યને આવેલા સાંભળીને શ્રીચંદ્ર નમસ્કાર કરવા માટે ગયો. ࿕ જિનેશ્વરે કહેલા ધર્મને સાંભળવા માટે કુમાર બેઠો ત્યારે તે મુનીશ્વરે દેશના કરવામાટે શરુઆત કરી.

જીવ અનાદિકાલથી ઘણા પ્રકારની યોનિઓમાં ભ્રમણ કરતો દુઃખોવડે કર્મના પ્રભાવથી મનુષ્યપણું પામે છે. ૧. ઈન્દ્ર ધનુષ્ય – સર્પની ફણા –પરપોટા – ને સંધ્યાનારંગ સરખા મનુષ્ય જન્મમાં જે જિન ધર્મને કરતો નથી તે મરણ પામેલો નરકમાં જાય છે. (૨) જેમ અગ્નિ લાકડાંવડે તૃપ્ત થતો નથી. સમુદ્ર પાણીવડે તૃપ્ત થતો નથી. તેવી રીતે જીવ – ઘણા કામભોગોવડે તૃપ્ત થતો નથી.

આ પ્રમાણે સાધુનું વચન સાંભળી શ્રીચંદ્રે તરતજ રાજ્ય પોતાના પુત્રને આપી મુનીશ્વર પાસે દીક્ષા લીધી. ࿕ તે શ્રીચંદ્ર મુનિ છઠ્ઠ અઠ્ઠમઆદિ તપ કરતાં આયુષ્યના ક્ષયે બ્રહ્મ દેવલોકમાં ઉત્પન્ન થયા. ࿕ નીલકુંડ– નામના નગરમાં વિજયસેન રાજાની ગુણ અલંકારથી ભૂષિત નયનચૂલા નામે પત્ની હતી. ࿕ તેને વજ્રકંબુ નામે પુત્ર હતો. અને શ્રેષ્ઠ – હેમવતિ નામે પુત્રવધૂ હતી. તે બન્ને સુંદર ચિત્તવાલા – સદ્ગુણની શ્રેણીથી શોભતાં હતાં. ࿕ શ્રીકાંતનો જીવ તે બન્નેનો સ્વયંભૂ નામે પુત્ર થયો. હવે વસુદત્તના જીવે ઘણા ભવોમાં ભ્રમણ કર્યું.

હવે તેજ નગરમાં અનુક્રમે તે વસુદત્તનો જીવ જિનેશ્વરના મતને સેવનારો શ્રીભૂતિ નામે પુરોહિત થયો. ࿕ તેને પતિને વિષે ભક્તિવાલી ગુણનીખાણ સરસ્વતિનામે પત્ની હતી. સમાધિવાલી તે જિનેશ્વરે કહેલા ધર્મને કરતી રહેતી હતી. ࿕

આ બાજુ ગુણમતિનો જીવ ઘણી યોનિઓમાં ભ્રમણ કરતો અનુક્રમે કર્મના વશથી વિંધ્યાટવીમાં હાથિણી થયો. ࿕ ગંગાના કાદવમાં ખૂંચેલી ને જેનો જીવ જવાની તૈયારીમાં છે એવી હાથિણીને જોઈને કૃપાની આશાવડે સાધુએ પંચનમસ્કાર આપ્યો. ࿕ પરાધીન એવી તે હાથિણી મરીને સરસ્વતિની કુક્ષિમાં ઉત્પન્ન થઈ. પૂર્ણ માસે સરસ્વતિએ અનુક્રમે પુત્રીને જન્મ આપ્યો.

પ્રિયા સહિત – શ્રીભૂતિએ પુત્રીનું વેગવતિ નામ આપ્યું અનુક્રમે તે વેગવતિ જૈનધર્મની દ્વેષિણી થઈ. ࿕ આ તરફ તે નગરના ઉદ્યાનમાં સુંદર નામના મુનીશ્વરને લોકોવડે વંદન કરાતા જોઈને તે વેગવતિ આ પ્રમાણે વિચારવા લાગી ࿕ જો આ સાધુ હમણાં જલદી કલંકિત થાય તો જિનમતમાં ઘણું મોટું કલંક થાય ࿕ હવે વેગવતિએ મનુષ્યોની આગળ કહ્યું કે આ મુનિને ગઈકાલે સાંજે સ્ત્રીનીસાથે ક્રીડા કરતાં મેં જોયા છે. ࿕

કહ્યું છે કે :– રાગ કે દ્વેષથી જે સાધુના દોષ કહે છે તે સંસારમાં હજારો દુઃખો અનુભવતાં ભ્રમણ કરે છે. ࿕

આ પ્રમાણે સાંભળીને નગરના લોકોએ તેવી રીતે તે સાધુનો અનાદર કર્યો કે જેથી સર્વજ્ઞના મતમાં તિરસ્કાર થાય. ℱ પોતાના વિષે કલંકનું આપવું જાણીને સાધુએ આ પ્રમાણે અભિગ્રહ લીધો કે જેણે મને ફોગટ કલંકની કાલિમા આપી છે. તે પુરુષ અથવા સ્ત્રીના શરીરમાં વિઘ્ન થાઓ. અને જો હું કલંકી હોઉંતો મારું શરીર ભસ્મ થાઓ. ℱ

આ પ્રમાણે પ્રતિજ્ઞા કરીને તે સાધુ કાયોત્સર્ગમા ઊભા રહ્યા. શાસન દેવીએ આવીને વેગવતિનું મુખ વાંકું કર્યું. ℱ અને શાસનદેવીએ કહ્યું કે – વેગવતિ સ્ત્રીએ સાધુને મોટું કલંક આપ્યું છે. તેથી તેનું મરણ થશે. ℱ તે પછી અતિપીડા પામેલી વેગવતિ સાધુની પાસે આવીને નમસ્કાર કરી બોલી મેં આ મુનિને ખોટું કલંક આપ્યું છે. ℱ હમણાં હું ભાગ્યરહિતોમાં શિરોમણિ છું. જે કારણથી તે વખતે સાધુને મોટું કલંક આપ્યું છે. ℱ તે પછી સાજી થયેલી વેગવતિએ તે સાધુની પાસે જિનેશ્વરે કહેલો ધર્મ હર્ષવડે સ્વીકાર્યો. ℱ તે પછી જિનેશ્વરના શાસનની પ્રભાવના થઇ. જિનેશ્વરનાં ચરણોની પૂજા કરતી વેગવતિ ધર્મ કરવા લાગી. ℱ વેગવતિનારૂપને જોઇને તે વખતે સ્વયંભૂરાજાએ તેના પિતા પાસે પાણિગ્રહણ માટે માંગણી કરી. ℱ શ્રીભૂતિએ કહ્યું કે આ પોતાની પુત્રી વેગવતિ મિથ્યાત્વીને હું આપીશ નહિ. પરંતુ સુશ્રાવકને આપીશ. ℱ સ્વયંભૂરાજાએ શ્રીભૂતિને મારી નાંખીને રોતી એવી તેની પુત્રીને ભોગસુખ માટે બલાત્કારથી પોતાના ઘેર લઇ ગયો. ℱ તે વખતે વેગવતિએ કહ્યું કે મારાપિતાને મારી તું મને લાવ્યો છે. તેથી હું પરલોકમાં તારા મૃત્યુ માટે થઈશ. ℱ વેગવતિ સતીએ બળાત્કારે તે વખતે પોતાને છોડાવીને દીક્ષા લઇ બારપ્રકારે તીવ્રતપ હર્ષવડે કરવા લાગી.

અંતે આરાધના–ક્રિયા કરી વેગવતિ મરી બીજી દેવલોકમાં દિવ્યરૂપ ધારણ કરનારી દેવી થઇ. ℱ તે વખતે મિથ્યાત્વથી ભાવિત ચિત્તવાળો સ્વયંભૂરાજા મરણ પામી ઘણાં દુઃખને આપનારી પ્રથમ નરકમાં ગયો. ℱ ત્યાંથી નીકળીને ઘણા ભવો સુધી અનુક્રમે તિર્યંચના ભવો પામી સ્વયંભૂરાજાએ ઘણાં કર્મો ખપાવ્યાં. ℱ કર્મનો ઉપશમ થવાથી તે સ્વયંભૂનો જીવ લક્ષ્મીપુર નગરમાં કુશ નામના બ્રાહ્મણની સાવિત્રી નામની પ્રિયાની કુક્ષિમાં ઉત્પન્ન થયો. ℱ તે પુત્ર ઉત્પન્ન થયો ત્યારે બ્રાહ્મણે જન્મોત્સવ કરી સજ્જનોની સાક્ષીએ તેનું પ્રસાભકુંદ એ પ્રમાણે નામ આપ્યું. ℱ અનુક્રમે વૃદ્ધિપામતા યૌવનપામેલા ને વિરાગવાળા પ્રભાસકુંદે સાધુ પાસે દીક્ષા લીધી. ℱ હંમેશા હર્ષવડે છઠ્ઠ અઠ્ઠમ આદિ તપ કરતા તે પ્રભાસનામના સાધુએ શરીરને સૂકવી નાંખ્યું ℱ એક વખત તે સાધુ વિદ્યાધરની સંપત્તિ જોઇ આ પ્રમાણે નિયાણું કર્યું કે– હું ખેચરોનો સ્વામી થાઉં. ℱ તે સાધુએ તપને વેચવાથી સંયમરૂપમણિ ફોગટ તજી દીધો.. ને દુઃખને આપનાર શોકરૂપી મુષ્ઠિ ગ્રહણ કરી. કપૂરને છોડીને તે મૂર્ખ કોદરાને વાડ કરે છે. રત્નના ચૂરેચૂરા કરીને વિશેષતા રહિત એવા તે દોરાને ગ્રહણ કરે છે. ℱ ગોશીર્ષચંદનને બાળીને મૂર્ખ એવો તે રાખને ગ્રહણ કરે છે. જે ભયંકર તપ કરીને નિયાણા સહિત મરણવડે મરે છે. ℱ

હવે તે પ્રભાસકુંદ નિયાણાવડે પુણ્યરહિત થયેલો મરીને ત્રીજાદેવલોકમાં શ્રેષ્ઠ દેવ થયો. ℱ □ ત્યાંથી ચ્યવીને રત્નશ્રવા વિદ્યાધરનો પુત્ર ત્રણખંડનો અધિપતિ ઘણા વિદ્યાધરો વડે સેવાયેલો રાવણ થયો. ℱ શ્રીકાંતનો જીવ અનુક્રમે ઘણા ભવો ભમીને લંકાનો નાયક શ્રેષ્ઠ પરાક્રમવાલો રાવણ થયો. ℱ અને બ્રહ્મદેવલોકમાંથી ચ્યવીને ધનદત્તનો જીવ (રાઘવ) દશરથનો મોટો પુત્ર દાશરથિ – રામ થયો. ℱ – વસુદત્તનો જીવ મરીને શ્રીભૂતિ પુરોહિત હતો તે દશરથનો બીજો પુત્ર લક્ષ્મણ થયો. ℱ કહ્યું છે કે જે શ્રીભૂતિ વેગવતિમાટે સ્વયંભૂરાજાવડે વધ કરાયો હતો. તે ધર્મનાફલવડે શ્રેષ્ઠ

વિમાનમાં દેવ થયો. ત્યાંથી ચ્યવીને પ્રતિષ્ઠાનપુરમાં પુનર્વસુ નામે ખેચરોનો અધિપતિ થયો. સ્ત્રીને માટે તેણે નિયાણું કરીને દીક્ષા લીધી. ઘોરતપ કરી તે સનત્કુમાર દેવલોકમાં દેવ થયો. ત્યાંથી ચ્યવી તે સુમિત્રાનો પુત્ર – લક્ષ્મણ થયો.卐

શ્રીકાંત તે સ્વયંભૂરાજા થયો. તે સ્વયંભૂ પ્રભાસકુંદ થયો. અને તે વિદ્યાધરોનો રાજા સૂર એવો લંકાધિપતિ થયો. 卐 ગુણમતિનો જીવ મરી ઘણીયોનિઓમાં ભમી વેગવતિ થઇ. સ્વર્ગમાં જઇ તે પછી સીતા થઇ. 卐 ધનદત્તઆદિ બે ભાઇઓનો જન્યચક્ર મિત્ર હતો તે આ ભવમાં હે બિભીષણ! હમણાં આપ થયા છો! 卐 જે પંચનમસ્કાર સાંભળવાથી વૃદ્ધ બળદ મરી ગયો હતો. તે છત્રછાય રાજાનો વૃષભધ્વજ પુત્ર થયો. 卐 અને તે દેવલોકમાંથી ચ્યવી આ ભવમાં વાનર વિદ્યાધરોનો અધિપતિ સુગ્રીવ થયો. અને તે હમણાં રામ ને લક્ષ્મણનો મિત્ર થયો. 卐 ક્હ્યું છે કે:– પૂર્વે આ બધા નિરંતર સ્નેહ સંબંધવાલાં હતાં. તેથી તેઓ હંમેશાં અનુકૂલ રામના સ્નેહને વહન કરે છે. ૧.

☐ **ફૂટનોટ :– આ બન્ને ગાથામાં રાવણ થનાર જીવ એક જ છે. એક વાર્તાનો છેલ્લો ભવ છે અને બીજામાં પહેલો ભવ વર્ણવ્યો છે.**

– ઉપરની ગાથામાં પણ એજ રીતે લક્ષ્મણનો પરિચય બેવાર આપ્યો છે.

પહેલાં સ્વયંભૂરાજાને વેગવતિ ઘણી પ્રિય હતી. તે કારણથી હમણાં રાવણે સીતાને હરણ કરી 卐 વેગવતિવડે પૂર્વભવમાં સાધુને કલંક અપાયું હતું. એ કારણથી આ ભવમાં સીતાવડે કલંક પ્રાપ્ત કરાયું. 卐 ક્હ્યું છે કે રાગ અને દ્વેષથી જે સાધુના દોષને કહે છે. તે હજારો દુઃખો અનુભવતાં સંસારમાં ભ્રમણ કરે છે. ૧. પહેલાં સ્વયંભૂરાજાવડે શ્રીભૂતિ પુરોહિત મારી નંખાયો હતો. તેથી અહીં લક્ષ્મણવડે રાવણ મરાયો. 卐 ક્હ્યું છે કે પહેલાં જે જેનાવડે હણાયો હોય તે તેનાવડે હણાય છે. એમાં સંદેહ નથી. સંસારમાં રહેલા જીવોને આ નિયત મર્યાદા છે. ૧. તે પછી બિભીષણે ક્હ્યું કે હે ભગવાન! લવ અને અંકુશ ક્યાં કર્મવડે બળવાન થયા ? તે કહો. 卐 જ્ઞાનીએ ક્હ્યું કે કાકંદિનામની નગરીમાં રતિવર્ધન નામે રાજા હતો. તેને સુદર્શના નામે શ્રેષ્ઠ પત્ની હતી. 卐 તે બન્નેને પ્રિયંકર અને હિતંકર નામના બે પુત્રો થયા. અને સર્વગુપ્તનામનો મંત્રી રાજાને પ્રતિકૂલ હતો. 卐

સર્વગુપ્ત મંત્રીની પ્રિયા દુષ્ટશીલવાલી વિજયાવલીએ એક વખત રાત્રિમાં તેણે ભોગમાટે રાજાને પ્રાર્થના કરી. 卐 રાજાએ ક્હ્યું કે હે મંત્રીપત્ની તેં હમણાં આલોક અને પરલોકમાં ઘણાં દુઃખને આપનાર વચન ક્હ્યું છે 卐 ક્હ્યું છે કે જેણે પરસ્ત્રીને (કામદ્રષ્ટિથી) જોઇ છે. તેણે (પોતાનો) આત્મા ધૂળવડે મેલો કર્યો છે. અને સ્વજનોને માથે ખાર નાંખ્યો છે. ને પગલે પગલે તેણે માથે ઢાંકણું કરવું પડે છે. 卐 અનુક્રમે બીજા પુરુષના આશ્લેષને ઇચ્છતી પોતાની સ્ત્રીને જાણીને મંત્રી વિશેષે કરીને રાજા ઉપર દ્વેષ ધારણ કરવા લાગ્યો. 卐 મંત્રીએ ક્રોધથી રાજાનું ઘર બાળીનાખ્યું ત્યારે રાજા પુત્ર ને પત્નીસહિત – વારાણસી નગરીમાં નિશ્ચે ચાલી ગયો. 卐 આ બાજુ સર્વગુપ્તમંત્રી રાજ્યને જલદી પોતાને સ્વાધીન કરીને કાશીપુર નગરના રાજાને જીતવા માટે દૂતને કાશીમાં મોકલ્યો 卐 હે રાજા! જો તમે સર્વગુપ્ત મંત્રીની આજ્ઞા ધારણ કરશો તો ઘણા કાલ સુધી તમારું કુશલ થશે. 卐 કાશીના રાજા ધને ક્હ્યું કે જે પોતાના સ્વામીને ઠગનારો છે. તેની આજ્ઞાને ન્યાયમાર્ગને જાણનારો ખરેખર કોણ માને? 卐 ક્હ્યું છે કે :–

**सती पत्युः प्रभो भृत्यः, गुरोः शिष्यः पितुः सुतः ।**
**आदेशे संशयं कुर्वन्, खण्डयन्नात्मनो व्रतम् ।।**

પતિના આદેશમાં સંશય કરનાર સતી, સ્વામિના આદેશમાં સંશય કરનાર સેવક, ગુરુના આદેશમાં સંશય કરનાર શિષ્ય, ને પિતાના આદેશમા સંશય કરનાર પુત્ર પોતાનું વ્રતખંડન કરે છે.૧.

તે વખતે કાશીના રાજાવડે અત્યંત તિરસ્કાર કરાયેલો દૂત સર્વગુપ્તની પાસે જઈને કાશીપતિએ કહેલું નિવેદન કર્યું. આ પ્રમાણે સાંભળી સર્વગુપ્તમંત્રી પોતાની છાવણી તૈયાર કરી ઘણા પરાક્રમવાલો કાશીનાથને જીતવા માટે ચાલ્યો. 卐 સર્વગુપ્ત મંત્રી કાશીરાજાના દેશને લૂંટતો પોતાના હાથના બળવડે જગતને તૃણની જેમ માને છે. 卐 કાશીપતિ કશીપરાજાએ શોક્યના પુત્ર રતિવર્ધનને બોલાવી ભક્તિવડે તેનું ગૌરવ કર્યું. 卐 તે પછી કાશીપતિ કશીપરાજા એ રતિવર્ધન રાજાને આગળ કરીને સર્વગુપ્ત નામના શત્રુને જીતવા માટે ચાલ્યો. 卐 રણભૂમિમાં સર્વગુપ્તમંત્રી રતિવર્ધન રાજા સાથે યુદ્ધ કરતો ભાંગી ગયું છે સૈન્ય જેનું એવો (તે) દીન મનવાળો થયો. 卐 સર્વગુપ્તમંત્રી પાસેથી સર્વસૈન્યને લઈને રતિવર્ધનરાજા જ્યારે અત્યંત સબળ – બળવાન થયો ત્યારે સર્વગુપ્ત જલદી નાસી જઈને વૈભવનો ક્ષય થવાથી અત્યંત દૂર જઈ અરણ્યમાં ભિલ્લ સરખો થયો. 卐 રતિવર્ધનરાજા એક્દમ શત્રુને જીતીને વિજયોત્સવ કરતો પોતાની નગરીમાં આવ્યો. 卐 રતિર્વધનરાજા પોતાનું બાકીનું સૈન્ય હોતે છતે કશીપરાજા સુખપૂર્વક રાજ્ય કરવા લાગ્યો.

એક વખત નગરના ઉધાનમાં શીલસુંદરસૂરિને રતિવર્ધનરાજા વંદન કરવા માટે આવ્યો. 卐 ધર્મ સાંભળી ઉત્પન્ન થયો છે વૈરાગ્ય જેને એવારતિવર્ધને બન્ને પુત્રને રાજ્ય આપી તે આચાર્યની પાસે દીક્ષા ગ્રહણ કરી. 卐 તે વખતે વિજયાવલીકા મરીને રાક્ષસી થઈ., અને રતિવર્ધનરાજર્ષિને ઘણો ઉપસર્ગ કરવા લાગી. 卐 રાક્ષસીએ ઉપસર્ગ કર્યો ત્યારે રતિવર્ધન રાજર્ષિએ કેવલજ્ઞાન પામીને મોક્ષનું સુખ સાધ્યું. આ તરફ ઉત્પન્ન થયો છે. વૈરાગ્ય જેને એવા તેણે પ્રિયંકર ને હિતંકરે પોતાના પુત્રોને રાજ્ય આપી તે વખતે વ્રતગ્રહણ કર્યું. 卐 તે પ્રિયંકર ને હિતંકર (મુનિ) સમાધિપૂર્વક – છઠ્ઠ અઠ્ઠમઆદિ તપ કરતાં સુખી થયા. 卐 તે પ્રિયંકર ને હિતંકર ધર્મધ્યાનમાં એકલીન મનવાલા સમાધિ મરણપામી ગ્રૈવેયકમાં ગયા. 卐 ત્યાં ગ્રૈવેયકસંબંધી સુખ ભોગવી પ્રિયંકરને હિતંકર હમાણાં લવ અને અંકુશ નામે પુત્ર થયા. 卐

પૂર્વભવમાં ઉપાર્જન કરેલા પુણ્યવડે રામના પુત્ર લવ ને અંકુશ – બળવાન અને શ્રેષ્ઠરૂપથી જીતી લીધેલ છે કામદેવને જેણે એવા થયા.આ પ્રમાણે સકલભૂષણ મુનિએ રામલક્ષ્મણ વગેરે રાજાઓના પૂર્વભવોને કહીને વિશેષથી ધર્મ કહ્યો તે આ પ્રમાણેઃ –

**वरिसह ते गेआ दीहडा, जे जिणधम्मिहिं सार;**
**तिन्नि सया ऊण सट्ठडीइं, तइं गुणइ गमार ।।१।।**
**इयं मायारात्रिर्बहुलतिमिरा मोह ललितैः ।**
**कृतज्ञानालोकास्तदिह निपुणं जाग्रत जनाः ।**
**अलक्षः संहर्त्तुं ननु तनुभृतां जीवितधना**
**न्ययं कालश्चौरो भ्रमति भुवनान्तः प्रतिदिनम् ।।२।।**

**आसन्नसिद्धिआणं, विहिबहुमाणो अ होइ नायव्वो।**
**विहिचाओ अविहिभत्ती, अभव्वजीअदूरभव्वाणं ॥३॥**
**धन्नाणं विहियोगो, विहिपक्खाराहगा सयाधन्ना।**
**विहिबहुमाणा धन्ना, विहिपक्ख अदूसगा धन्ना ॥४॥**

વર્ષના જે દિવસો જિનધર્મવડે પસાર થયા તે સાર – શ્રેષ્ઠ છે અને મૂર્ખ માણસ તો ૩૬૦ દિવસો ગણે છે. આ માયારાત્રિ છે. તે મોહની ચેષ્ટાવડે ગાઢ અંધકારવાલી છે. અહીં હે લોકો ! કર્યો છે જ્ઞાનનો પ્રકાશ જેણે એવા (તમે) નિપુણપણે જાગો. ન ઓળખી શકાય એવો કાલરૂપી ચોર મનુષ્યોના જીવિત અને ધનને હરણ કરવા માટે હંમેશાં – ( ત્રણ ) ભુવનની અંદર ભમે છે

આસન્નસિધ્ધ જીવોને વિધિનું બહુમાન હોય છે એમ જાણવું.અભવ્ય ને દુર્ભવ્ય જીવોને વિધિનો ત્યાગ અને અવિધિની ભક્તિ હોય છે . ધન્ય પુરુષોને વિધિનો યોગ થાય છે. વિધિ પક્ષનું આરાધન કરનારા હંમેશાં ધન્ય છે. વિધિ ઉપર બહુમાન કરનારા ધન્ય છે. ને વિધિપક્ષને દૂષિત નહિં કરનારા ધન્ય છે.

જે લોકો શત્રુંજય આદિ તીર્થોમાં યાત્રા કરે છે. તેઓને સ્વર્ગ અને મોક્ષઆદિ સુખ – હથેલીમાં થાય છે. આ શત્રુંજયતીર્થ અનાદિકાલથી ઉત્પન્ન થયેલું છે. જ્યાં અનંતા મુનિઓ પાપનો ક્ષય કરી મોક્ષ પામ્યા છે. આ શત્રુંજય તીર્થઉપર જે પક્ષીઓ પણ રહે છે. તેઓ પણ થોડા ભવો કરીને મોક્ષમાં જશે. ꖴ તીર્થંકરો ગયે છતે (નિર્વાણ પામે છતે) કેવળજ્ઞાન ગયે છતે ( નાશ પામે છતે ) શત્રુંજયગિરિ લોકોને સંસારસમુદ્રથી તારશે. જેમ જિનોમાં અરિહંત ને પર્વતોમાં મેરુપર્વત મુખ્ય છે તેવી રીતે આ સિધ્ધગિરિ લોકોવડે ( તીર્થોમાં ) મુખ્ય કહેવાય છે.

જે શ્રીસંઘપતિ થઈને આ સિધ્ધગિરિઉપર ઘણાં ભવ્યજીવોમાં મોક્ષને લઇ જવાને માટે વંદન કરાવશે. તે અહીં મોક્ષ ને પામે છે. એમાં સંશય નથી. આ પ્રમાણે વચન સાંભળીને રામે કહ્યું કે હે મુનિરાજ ! શત્રુંજયગિરિઉપર યાત્રા કરવામાટે હમણાં મારી ઇચ્છા છે. ꖴ જ્ઞાનીએ કહ્યું કે ભવ્યજીવોને શત્રુંજય નામના તીર્થમાં યાત્રા કરવા માટે નિશ્ચે ઇચ્છા થાય છે. જેઓને શત્રુંજયગિરિ ઉપર યાત્રા કરવા માટે ઇચ્છા થાય છે. તે ધન્ય સિધ્ધિને પામે છે. ને તે મોક્ષગામી થશે.ꖴ

તે પછી રામે શ્રી શત્રુંજયગિરિ ઉપર યાત્રા કરવા માટે ઘણી કુમ કુમ પત્રિકા મોકલીને શ્રી સંઘને બોલાવ્યો.

( તેમના સંઘમાં ) સુવર્ણ જડિત ૫૦૦ જિનમંદિરો, અને રુપામય ૭૧૨ – જિનમંદિરો, ને શ્રેષ્ઠ કાષ્ઠમય – ૫૦૧૨ – જિનમંદિરો રામચંદ્રના સુંદર સંઘમાં નગરીની બહાર ચાલવા લાગ્યા. સાત કરોડ ગાડાંઓ, ઘણાં કરોડ મનુષ્ય અને સ્ત્રીઓ, પીઠપર વજન વહન કરનારા પાડાઓ – ૧૯ – કરોડ, દશ હજાર હાથી, વીશ કરોડ ઘોડાઓ, રામના સંઘમાં ઘણા વાંજિંત્રો વાગવાપૂર્વક ચાલવા લાગ્યાં. દરેક દરેક ગામે દરેક નગરે હર્ષપૂર્વક સ્નાત્ર મહોત્સવ કરતો રામ મોક્ષને આપનારા શ્રી શત્રુંજયતીર્થઉપર ગયો. તે તીર્થમાં શ્રીઆદિનાથ પ્રભુનો સ્નાત્રવગેરે મહોત્સવ કરી રામચંદ્રે હર્ષપૂર્વક

શ્રી ઋષભદેવપ્રભુની બે પાદુકાઓનું પૂજન કર્યું.

તે પછી રામચંદ્રજીએ ગીત અને નૃત્યપૂર્વક મોટા મોતીઓવડે રાયણવૃક્ષને વધાવ્યું. ત્યાં શુભચિત્તવાલા શ્રી રામે શ્રી આદિનાથપ્રભુના જિર્ણજિનમંદિરનો ઉધ્ધાર કરાવ્યો. રામે શ્રી ઋષભદેવપ્રભુની વિસ્તારથી પૂજા કરીને ભોજન વસ્ત્ર વગેરે આપવાથી સંઘનું સન્માન કર્યું. રામચંદ્રજીએ ગુરુઓને ભોજનવસ્ત્ર વગેરે આપવાવડે પડિલાભીને (વહોરાવીને) યાચકોને પણ ભાવથી સંતોષ પમાડયો. તે પછી રામચંદ્રજીએ રૈવતગિરિ તીર્થમાં જઇને ભક્તિવડે શ્રી નેમિનાથ પ્રભુની વિસ્તારથી પૂજા કરી. અનુક્રમે રામ પાછા આવ્યા અને સંઘને આદરથી વિસર્જન કરી ભાઇ સાથે શ્રેષ્ઠ ઉત્સવવાળા અયોધ્યા નગરને શોભાવ્યું.

એક વખત પ્રથમ ચક્રવર્તિભરતે કરાવેલા અષ્ટાપદતીર્થમાં આકાશને અડકી જાય તેવા સિંહનિષધાના આકારવાલા શ્રેષ્ઠ પ્રાસાદમાં અજ્ઞાનને હરણ કરનારા માન – પ્રમાણ દેહવાળા શ્રીઋષભ આદિ– ૨૪ – તીર્થંકરોને સદગુરુ પાસેથી રામે સાંભલ્યા. ક્ર કહ્યું છે કે ઋષભદેવ ૫૦૦, ધનુષ્ય પ્રમાણ, પાર્શ્વનાથ – ૯ – હાથપ્રમાણ ,વીરપ્રભુ સાત હાથ પ્રમાણ, પછી અનુક્રમે નવ – સાત – પાંચ – આઠ પચાસ – દશ ને પાંચની હાનિ કરવી(ઋષભથી સુવિધિ સુધીના – નવમાં – ૫૦ – ધનુષ્યની હાનિ. શીતલથી અનંતનાથ સુધીના પાંચમાં ૧૦ – ધનુષ્યની હાનિ અને ધર્મનાથથી નેમિનાથ સુધીનાં આઠ તીર્થંકરમાં પાંચ ધનુષ્યની હાનિ કરવી.) તે પછી પોતે સંઘપતિ થઇને શ્રી સંઘને બોલાવીને શ્રી અષ્ટાપદતીર્થઉપર જિનેશ્વરોને નમવા માટે રામ ચાલ્યો. શ્રી અષ્ટાપદપર્વતઉપર ચઢીને શ્રી ઋષભઆદિ દરેક જિનેશ્વરોની વિવિધ ઉત્સવપૂર્વક તેણે પૂજા કરી.

કહ્યું છે કે :– **ચત્તારિ – અટ્ઠ – દસ – દોય, – વંદિયા – જિણવરા – ચઉવ્વીસં**
**પરમટ્ઠ – નિટ્ઠિ – અટ્ઠા, સિ ધ્ધા સિધ્ધિમમ – દિસંતુ ॥**

ચાર – આઠ– દસ ને બે એવી રીતે વંદન કરાયેલા – પરમાર્થથી પૂર્ણ કર્યા છે અર્થ જેણે એવા – ૨૪ – જિનવરો – સિધ્ધો મને સિધ્ધિ આપો. તે પછી સંમેત શિખરતીર્થમાં જઇ પુષ્પોવડે જિનેશ્વરોની પૂજા કરી રામે પોતાનો જન્મ સફલ કર્યો.

૧ – શ્રી ઋષભદેવપ્રભુ અષ્ટાપદ પર મોક્ષે ગયા, વાસુપૂજ્ય સ્વામી ચંપાનગરીમાં મોક્ષે ગયા. વર્ધમાનસ્વામી પાવાપુરીમાં મોક્ષે ગયા અરિષ્ટનેમિ ઉજ્જયંતગિરિમાં મોક્ષે ગયા. બાકીના વીશ તીર્થંકરો જન્મ જરા ને મરણના બંધનથી મુક્તથઇ સમ્મેત શૈલ ( પર્વત) ના ઉપર મોક્ષ પામ્યા. તેઓને હું વંદન કરું છું. તે પછી રામ પોતાના નગરમાં ઉત્સવ કરતો હંમેશાં ન્યાયમાર્ગવડે પૃથ્વીનું પાલન કરવા લાગ્યો. એક વખત ઉત્પન્ન થયો છે વૈરાગ્ય જેને એવી છોડી દીધો છે ઘરનોઆરંભ જેણે એવી સીતા પોતાનાં હાથે લોચકરીને વ્રતને ગ્રહણ કરવાની ઇચ્છાવાલી થઇ.

સીતાને તેવા પ્રકારની જોઇને રામ મૂર્ચ્છા પામ્યો. ને પૃથ્વીપર પડયો. ચંદનના સિંચનકરવાવડે સ્વસ્થ કરાયો. રામે કહ્યું કે હે પત્ની ! મેં તારો કયો અપરાધ કર્યો ? જેથી મને એકલાને છોડી તું હમણાં વ્રત લેશે ? તારા વિના મારા પ્રાણો હમણાં પ્રયાણ કરશે. સીતાએ કહ્યું કે હે પતિ ! ઉત્તમ પુરુષો શોક કરતા નથી. પ્રાણી પોતાનાં કર્મથી

એકલો જ પરલોકમાં જાય છે. અને પૂર્વજન્મનાં ઉપાર્જન કરેલાં કર્મવડે એકલોજ અહી આવે છે.

કહ્યું છે કે : – આ સંસારરૂપી અરણ્ય ભયંકર છે. આ શરીરનું ગ્રહણ છિદ્રવાલું છે. કાલરૂપી ચોર બળવાન છે. અને મોહરૂપી રાત્રી અત્યંત કાલી છે. તેથી જ્ઞાનરૂપી ધન – વિરતિરૂપીઢાલ ને શીલરૂપી કવચ ગ્રહણ કરી સમાધાન કરી હે સ્થિર દ્રષ્ટિવાલા લોકો ! તમે જાગો.

આ પ્રમાણે સીતાએ રામને સમજાવી સર્વગુપ્ત નામના ગુરુ પાસે મોક્ષને આપનારી દીક્ષા લીધી તે વખતે રામે તેવી રીતે દીક્ષાનો મોટો ઉત્સવ કર્યો કે જેથી લોકો મોક્ષને આપનારા બોધિબીજને પામ્યા. આચાર્ય મ. કહ્યું કે હે સીતા! તમારે વ્રતનું તેવી રીતે પાલન કરવું કે જેથી મોક્ષનીલક્ષ્મી તમારી હથેલીમાં લીલાવડે આવે. તે વખતે સર્વગુપ્તસૂરિએ સીતાને શુધ્ધક્રિયા શીખવા માટે સુવ્રતા સાધ્વી પાસે મૂક્યાં. શ્રી સર્વગુપ્ત આચાર્યની પાસે શ્રી રામ – લક્ષ્મણ, લવ – અંકુશ તેમજ બીજા પણ ધર્મ સાંભળવા માટે આવ્યા. સીતા વગેરે સાધ્વીઓ ને શ્રાવિકાઓ સાથે સુવ્રતા પ્રવર્તિની ધર્મ સાંભળવા માટે ત્યાં આવ્યાં. ꠰ સર્વગુપ્ત આચાર્ય મહારાજે મેઘનીગર્જના સરખી વાણીવડે ભવ્યપ્રાણીઓના બોધ માટે દેશના કરવાની શરૂઆત કરી. તે આ પ્રમાણે :– જ્યાં અહિંસા – સત્ય – અદત્તનો ત્યાગ બ્રહ્મચર્ય, બન્ને પ્રકારના પરિગ્રહનો ત્યાગ હોય, તે ચારિત્ર મોક્ષને માટે થાય છે. વિનય – દયા – દાન – શીલ – જ્ઞાન – ઇન્દ્રિયદમન તથા ધ્યાન કરાય તે ચારિત્ર મોક્ષમાટે થાય છે. ધર્મના અક્ષર સાંભળતી વખતે નેત્રમાં નિંદ્રા માતી ના હોય, વાત કરતાં તો મારવાડના ઢેફાની જેમ રાત્રિ પૂરી થાય. ધર્મમાં રસવાલા જે દિવસો જાય છે. તે ગુણના સમુદ્ર છે. બીજા દિવસો પાપના આરંભવાલા મને લાગે છે. કોઇક ભવ્યજીવરૂપી સિંહ – સમ્યક્ત્વ પામીને વીર એવો એક ભવમાં જ કર્મની શુધ્ધિ કરીને નિર્વાણ પામે છે. કોઇક ( જીવ ) જિનધર્મને વિષે બોધિપામીને પણ કુટુંબરૂપી કાદવમાં ખૂંચી ગયેલો ઇન્દ્રિયના સુખમાં આસક્ત થાય છે. તે સંસારમાં પરિભ્રમણ કરે છે.

આ પ્રમાણે સાંભળીને રામે કહ્યું કે મને સંસારની અસારતા જાણવા છતાં મને વૈરાગ્ય કેમ નથી થતો ? જ્ઞાનીએ કહ્યું કે બળવાન એવા લક્ષ્મણની સાથે તને મોહ ઘણો છે. તે મોહથી તને હમણાં વૈરાગ્ય થતો નથી. તે પછી રામે કહ્યું કે મારો મોક્ષ ક્યા ભવે થશે ? જ્ઞાનીએ ક્હ્યું કે હે બલદેવ ! તને આજ ભવમાં મોક્ષપ્રાપ્તિ થશે. આ સાંભળી રામે સર્વ જિનમંદિરોમાં સર્વનગરલોક સહિત જિનેશ્વરોની પૂજા કરાવી.

આ બાજુ હંમેશાં તીવ્રતપને કરતી સીતા દાવાનલથી બળીગયેલા વૃક્ષની જેમ કૃશદેહવાલી થઇ. સીતા શુદ્ધ એવાં પાંચમહાવ્રતોને પાલન કરતી મોક્ષસુખને આપનારા તીવ્રતપને કરવા લાગી. આ પ્રમાણે છઠ્ઠ – અઠ્ઠમ વગેરે તીવ્ર તપ કરતી ૬૦ – વર્ષ ને ૩૩ દિવસ પસાર કર્યા. અંતે સંલેખના કરી ઉપવાસરૂપ આરાધના કરી. સીતા મરીને સુંદર

શરીરવાલો અચ્યુત દેવલોકમાં અચ્યુતેન્દ્ર થયો. બાવીશ સાગરોપમના આયુષ્યવાળો ઘણા દેવોવડે સેવાયેલો મનવડે દેવીઓના ભોગમાં લીન અચ્યુતેન્દ્ર થયો. કહ્યું છે કે બે દેવલોક સુધીના દેવો કાયાથી મૈથુન સેવનારા હોય છે. પછીના બે દેવલોકના દેવો સ્પર્શસુખ ભોગવનારા. પછીના બે દેવલોકના દેવો રૂપથી સુખ માનનારા અને પછીના બે દેવલોકના દેવો શબ્દથી સુખ માનનારા હોય અને પછી ચાર દેવલોકના દેવો મનથી વિષય સેવનારા હોય છે. તેની ઉપરના દેવલોકના દેવો અલ્પવિકારવાલા ને અનંત સુખવાલા હોય છે. કર્મના યોગથી સ્ત્રી મરીને પુરુષ થાય છે. પુરુષ એ સ્ત્રી થાય છે. રાજા એ રંક થાય છે. રંક રાજા થાય છે. કહ્યું છે કે : – રાજા સેવક થાય છે. સેવક રાજાપણાને પામે છે. માતાએ પુત્રી થાય છે. ને પિતાપણ પુત્ર થાય છે.

આ પ્રમાણે રેંટની ઘડીના યંત્ર સરખા સમસ્ત સંસારમાં સર્વ જીવો પોતાનાં કર્મને પરાધીન થયેલા દીર્ઘકાલ સુધી ભમે છે. લક્ષ્મણ સહિત રામ દીર્ઘકાલ સુધી પૃથ્વીનું પાલન કરતો લક્ષ્મણઉપર ગાઢ પ્રીતિ અને તે લક્ષ્મણ રામઉપર પ્રીતિને ધારણ કરે છે. એક વખત સભાની અંદર બેઠેલા ઇન્દ્રે કહ્યું કે : – અયોધ્યા નગરીમાં નીતિવાળો રાજારામ લક્ષ્મણ સહિત છે. હમણાં રામઉપર લક્ષ્મણને અને લક્ષ્મણઉપર રામને ખરેખર જેવી પ્રીતિ છે તેવી પ્રીતિ હમણાં પૃથ્વીપર બીજા કોઇને દેખાતી નથી. તે વખતે એક દેવે કહ્યું કે તમે જે કહ્યું તે સાચું છે. હે પ્રભુ ! હમણાં હું તે બન્નેની પરીક્ષા કરીશ. તે પછી તે દેવ અયોધ્યા નગરીમાં આવ્યો. નાનાભાઇ લક્ષ્મણના સેવકનું રૂપ વેગથી કરીને તેની પાસે આવીને દયાનાસ્થાનરૂપ એવું વચન આ પ્રમાણે કહ્યું

ઉત્પન્ન થયો છે શૂલરોગ જેને એવા રામ આજે મૃત્યુ પામ્યા. અકસ્માત વજ્રપાત સરખા આ વચનને સાંભળીને તે વખતે લક્ષ્મણના પ્રાણ પરલોકમાં સીધાવ્યા. ખરેખર મોહથી મનુષ્યોને દુઃખ વગેરે શું થતું નથી ?

ચિતરેલા ચિત્રની જેમ ચાલ્યું ગયું છે જીવિત જેનું એવી રીતે રહેલાં લક્ષ્મણને જોઇને દેવ પોતાના ચિત્તમાં વારંવાર આ પ્રમાણે વિચારવા લાગ્યો. મારાવડે હાંસીનું વચન બોલાયે છતે પૃથ્વીપતિ આ લક્ષ્મણ મૃત્યુ પામ્યો. દુષ્ટ ચિત્તવાલો હું આ પાપથી કઇ રીતે છૂટીશ ? મરી ગયેલા વાસુદેવ એવા લક્ષ્મણને જીવિત આપવા માટે પોતાને અશક્ત જાણતો દેવ ખેદથી વ્યાપ્ત મનવાળો સ્વર્ગમાં ગયો. કહ્યું છે કે :- આ લોકમાં વગર વિચારે કરનારા – પાપી હૈયાવાલા પુરુષોને પોતાની જાતે કરેલું કર્મ પછી સંતાપ કરનારું થાય છે. તે વખતે તેની સ્ત્રીઓ ત્યાં આવીને પતિને પ્રગટપણે મરેલો જોઇને રોતી રોતી કહેવા લાગી કે હે પ્રિય ! તમે એકવાર બોલો. તે વખતે રામ લક્ષ્મણને પ્રાણરહિત સાંભળીને આવીને બોલ્યો કે હે ભાઇ લક્ષ્મણ ! તું મને વચન આપ. નહિ બોલતા એવા લક્ષ્મણને રામે કહ્યું કે મેં તારો અપરાધ કર્યો નથી. તેથી એક વખત તું મને ઉત્તર આપ. રામે લક્ષ્મણને આલિંગન કરીને કહ્યું કે હે ભાઇ ! તું ઉભો થા. તારા વિના હમણાં સમસ્ત રાજ્ય દુઃખી છે. હે સ્વજનવલ્લભ તું ઉભો થા. વિલાપ કરતાં એવા મને જવાબ આપ. શા માટે તું વગર કારણે કોપ પામેલો છે ? તું દોષ રહિત એવા મારા મુખને હરણ કરે છે ? કેમ જોતો નથી? ઉનાળો તેવી રીતે બાળતો નથી. સૂર્ય પણ બાળતો નથી. સળગેલો અગ્નિ પણ તેવી રીતે બાળતો નથી કે જેવી રીતે ભાઇનો વિયોગ સમસ્ત દેહને બાળે છે. હે ભાઇ ! હું શું કરું ? તારા વગરનો હું ક્યાં જાઉં ? એવું કોઇ સ્થાન હું જોતો નથી જ્યાં હું શાંતિ પામું ? હે વત્સ આ કોપને છોડી દે. સૌમ્ય થા. સંક્ષેપથી હમણાં સાધુ મહર્ષિઓનો વખત વર્તે છે. (૪)સૂર્યઅસ્ત પામ્યો છે. હે લક્ષ્મણ ! વેગથી ઉભો થઇને તું જો, ચંદ્રવિકાસી કમલો ખીલ્યાં છે. સૂર્યવિકાસી કમલો

નિદ્રા લે છે. (કરમાયાં છે) હે લક્ષ્મીધર તને જે ઈષ્ટ હોય તે મારી આગળ કહે. હમણાં તું ખેદ છોડી દે. હર્ષને ધારણ કર.

હે ભાઇ તું ઊભો થા ! હમણાં સમસ્ત રાત્રિ વ્યતીત થઇ છે. કમલવનને તૃપ્ત કરતો સૂર્ય હમણાં ઉદય પામેલો છે. તું બોલતો નથી ત્યારે કોઇ વાજિંત્ર વગાડતું નથી. હમણાં જિનમંદિરમાં સંગીત કોણ કરાવશે ?

આજે લક્ષ્મીપતિ લક્ષ્મણને મરણ પામેલા જાણીને બિભીષણ – સુગ્રીવ – વર્ધન – મેઘ અને ચંદ્રોદર આવ્યાં તેઓએ રામને કહ્યું કે હે સ્વામિ સજ્જનપુરુષે શોક ન કરવો જોઇએ. પ્રાણીઓનાં શરીરો પાણીના પરપોટા જેવા હોય છે કહ્યું છે કે હે રાઘવ ! સર્વજીવોના દેહ પાણીના પરપોટા સરખા છે. જુદી જુદી યોનિઓમાં પ્રાપ્ત થયેલા તેઓ ઊપજે છે ને ચ્યવે છે. લોકપાલ સહિત ઈન્દ્રો ઉત્તમ સુખોને ભોગવતાં પુણ્યનો ક્ષય થવાથી તેઓ પણ ચ્યવીને દુઃખો અનુભવે છે. તેઓ ત્યાં ઘાસ ઉપરના બિંદુની જેમ ચલ – વિચલ – અતિદુર્ગંધી – મનુષ્ય દેહમાં ઉત્પન્ન થાય છે. હે મહાશય ! લોકમાં તે કઇ સંજ્ઞા પામે છે ? બીજી વાત એ છે કે અજ્ઞાનભાવથી બીજા પહેલાંનો શોક કરે છે પણ મૃત્યુના મુખમાં બેઠલો પોતાનો શોક કરતો નથી.જીવલોકમાં તલફોતરાંના ત્રીજા ભાગ સરખું એવું કોઇ સ્થાન નથી કે જ્યાં જીવ ઉત્પન્ન થયો ન હોય ? અને મરણ પામ્યો ન હોય ?

આ પ્રમાણે સુગ્રીવ વિદ્યાધરે વારંવાર કહ્યું ત્યારે રામે કહ્યું કે હમણાં મારો ભાઇ ખરેખર મર્યો નથી. તે પછી લક્ષ્મણનું મુખ જોઇને કહ્યું કે હે ભાઇ ! ઊભો થા. બીજાદેશ ને વૈરીવર્ગને સાધીએ. તે પછી લક્ષ્મણનામુખમાં કોળીયો મૂકીને રામે કહ્યું કે હે ભાઇ ! તું પકવાન્ન ખા. અને સ્વચ્છ પાણી પી. તે પછી બિભીષણે કહ્યું કે હે રામ! તમે જલદી ઊભા થાવ. હમણાં આપના નગરની પાસે શત્રુનું મોટું સૈન્ય આવ્યું છે. તે પછી રામે ઊભા થઇને દોરીપર ધનુષ્ય ચઢાવીને ટંકાર કરીને લક્ષ્મણની પાસે બેઠો.. આ બાજુ સીતાનો જીવ અચ્યુતેન્દ્ર – પોતાના પતિ રામને મોહરૂપી કાદવમાં જોઇને હૈયામાં વારંવાર આ પ્રમાણે વિચારવા લાગ્યો. મારાપતિ રામ દુઃખને આપનાર મોહજાલમાં પડેલા નરકમાં જશે ? મારાવડે કઇ રીતે રક્ષણ કરાશે ? તે પછી અચ્યુતેન્દ્ર બ્રાહ્મણનો વેશ ધારણ કરી ત્યાં રામને કહ્યું કે તું શા માટે મોહપાશમાં પડ્યો છે ? કહ્યું છે કે આ પ્રમાણે કરતાં મોહથી વ્યાપ્ત થયેલા જીવોને કાર્યસિધ્ધિ થતી નથી. પરંતુ વિપરીત બુધ્ધિવાલા તેઓને શરીરનો ખેદ થાય છે.

રામે કહ્યું કે હમણાં તમો ખરેખર જૂઠું બોલો છો. મારો ભાઇ ગાઢ ( ઘણો ) સૂતો છે, હમણાં નિદ્રા વગરનો થશે. આ પ્રમાણે પોતાના સ્કંધઉપર કરી નગરની બહાર જઇને વનમાં મૂકી કેરી લાવી બોલ્યો હે ભાઇ ! તું ઊભો થા. આ શ્રેષ્ઠ આમ્રફલ ખા, અને અહીં તું હમણાં તૃપ્ત થા. તે પછી રામ લક્ષ્મણને ખભાની ઉપર કરી જેટલામાં ચાલ્યો તેટલામાં તે દેવ એક મરેલા માણસને પોતાના ખભાની ઉપર કરીને રામની સામે આવ્યો. રામે કહ્યું કે હમણાં આ મૃતકને સ્કંધ ઉપર શા માટે કર્યું છે ? દેવે કહ્યું કે આ મૃતકને ઔષધ આપીને હમણાં હું જિવાડીશ. એ પછી રામે તેને આ પ્રમાણે કહ્યું કે મરી ગયેલા કોઇ જીવી શકે નહિ. એ પછી તે દેવે કહ્યું કે તો પછી તારું આ મૃતક કેવી રીતે જીવશે ? તે પછી દેવ મજબૂત પત્થર ઉપર કમળને વાવી પાણીના બંધ વડે ( ક્યારા વડે ) સિંચન કરતો રામવડે જોવાયો.

રામે કહ્યું કે કોઇ ઠેકાણે પત્થર ઉપર કમલ વધતું નથી. તે દેવે કહ્યું કે તો શું (તારું) મૃતક જીવતું થાય ? આ પ્રમાણે ઘણી વખત રેતીઆદિ ( પીલવાનું ) દેખાડવાથી સીતાના જીવ અચ્યુતેન્દ્રે રામને ધર્મને વિષે બોધ પમાડ્યો. તે પછી તે ઇન્દ્રે પ્રગટ થઇ પોતાની દેવલોકની ગતિ જણાવીને રામને દીક્ષા માટે ધર્મમાં ત્રણ વખત સ્થિર કર્યા. બોધપામેલા રામે લક્ષ્મણનો અગ્નિ સંસ્કાર કરીને દીક્ષા ગ્રહણ કરવા માટે શત્રુઘ્નને તે વખતે કહ્યું. હું દીક્ષા ગ્રહણ કરીશ. તું હમણાં રાજ્ય લે, શત્રુઘ્ને તે વખતે કહ્યું હું પહેલાં સંયમ ગ્રહણ કરીશ. કહ્યું છે કે લક્ષ્મણનો સંસ્કાર કરીને પછી પ્રિય વૈભવની સાથે પૃથ્વીનું પાલન કરવા માટે જલદી શત્રુઘ્નને કહે છે.

હે વત્સ રાજન ! તું આ સકલ રાજયને ભોગવ. સંસારના ભ્રમણથી ભયપામેલો હું તપોવનમાં પ્રવેશ કરું છું શત્રુઘ્ન કહે છે કે દુર્ગતિને કરનારા રાજ્યવડે સર્યું. હે દેવ ! હમણાં તમને છોડીને મારી બીજી ગતિ નથી. તે વખતે રામે રાજ્યને નહિ ગ્રહણ કરતાં શત્રુઘ્નને જાણીને અનંગલવણ નામના પુત્રને સ્પષ્ટ અક્ષરપૂર્વક કહ્યું આ રાજ્યને તું ગ્રહણ કર. હું સંયમ ગ્રહણ કરીશ. પુત્રે કહ્યું કે તમારા વિના હું ક્ષણવાર પણ રહેવા શક્તિમાન નથી. તે પછી રામે બળાત્કારે મોટાપુત્રને ઘણા રાજાઓ વગેરેની સાક્ષીએ સુંદર ઉત્સવપૂર્વક પોતાની પાટપર સ્થાપન કર્યો. તે વખતે બિભીષણે સુભૂષણ નામના શ્રેષ્ઠ પુત્રને અને સુગ્રીવે અંગદ નામના પુત્રને પોતાની પાટપર સ્થાપન કર્યો. વિષયરહિત રામે બીજા અંકુશવગેરે પુત્રોને યથોચિત દેશો આપ્યા. તે વખતે રામની સાથે સંયમ લેવાની ઇચ્છાવાલા ઘણા રાજાઓએ પોતાના રાજ્ય પોતપોતાના પુત્રોને હર્ષવડે આપ્યા. તે વખતે અર્હદ્દત્ત નામના સુશ્રાવકના મુખેથી સુવ્રત નામના સાધુને આવેલા સાંભળીને રામ ઘણો હર્ષ પામ્યો. તે પછી પાપરહિત મનવાલા રામે ઘણા રાજાઓ અને વિદ્યાધરો સહિત ત્યાં આવી તે મુનીશ્વરને વંદન કર્યું. રામે ઘણા રાજાઓ અને વિદ્યાધરો સહિત સઘળાં મુગટ વગેરે આભૂષણો ઉતારી વ્રત ગ્રહણ કર્યું. તે વખતે ઘણા હજાર રાજાઓએ સાધુપાસે સંસારસમુદ્રથી તારનાર સંયમને તરતજ સ્વીકાર્યું. તે વખતે રામ ( મુનિ ) હર્ષવડે હંમેશાં વિશુધ્ધચારિત્રનું પાલન કરતાં વિનયપૂર્વક ગુરુપાસે ઘણાં શાસ્ત્રો ભણ્યાં. તે વખતે શત્રુઘ્ને અને બિભીષણે પણ દીક્ષા લીધી. અને તે બન્નેની સાથે ઘણા રાજાઓએ દીક્ષા લીધી.

રામની સાથે સોલહજાર રાજાઓએ વેગથી ઘાસની જેમ રાજ્યને છોડીને સંયમ ગ્રહણ કર્યું. તે દિવસે ૩૩ – હજાર ને સાત સ્ત્રીઓએ લક્ષ્મીવતી સાધ્વીની પાસે હર્ષવડે દીક્ષાને ગ્રહણ કરી. રામ ( મુનિ ) શ્રી સુવ્રતમુનિ પાસે વિનયપૂર્વક ઘણાં શાસ્ત્રોને ભણતાં સાડાનવ પૂર્વ ને ભણ્યા. તે પછી ગુરુના ઉપદેશથી એકાકી વિહાર કરતાં રામમુનિ અભિગ્રહને ભજનારા હંમેશાં ઉગ્રતપ કરવા લાગ્યા. કહ્યું છે કે ગુરુવડે અનુમોદના કરાયેલા પદ્મનાભ ( રામ ) મુનિ નીકળ્યા. ઉત્તમ શક્તિથી યુક્ત એવા તે ( એકાકી ) વિહારને પામ્યા. તે રામમુનિને તે રાત્રિએ પર્વતની ગુફામાં તે અવધિ જ્ઞાનાવરણના ક્ષયથી ત્રીજું જ્ઞાન ( અવધિજ્ઞાન ) ઉત્પન્ન થયું.

અવધિજ્ઞાનથી ચોથી નરકમાં ગયેલા લક્ષ્મણને જાણીને આવા પ્રકારની વિષમ સંસારની સ્થિતિને વિચારવા લાગ્યા. કહ્યું છે કે કુમારપણામાં સાતસો , માંડલિકપણામાં ત્રણસો ને વિજય કરવામાં જેમને ચાર હજાર વર્ષ વ્યતીત થયાં અગિયાર હજાર નવસો તેમજ ૬૦ વર્ષો મહારાજ્યમાં જેમની પાસે વિષયો (પંચેન્દ્રિય) હતા. પચ્ચીસ ઓછા એવા બારહજાર વર્ષ સુધી ઇન્દ્રિયસુખ ભોગવીને કાબૂરહિત છે આત્મા જેનો એવો લક્ષ્મણ નરકમાં ગયો. દેવોનો શું દોષ ? પરભવથી ઉત્પન્ન થયેલું કર્મ ઉદયમાં આવ્યું. બાંધવના સ્નેહથી મરેલો લક્ષ્મણ નરકમાં ગયો. મને લક્ષ્મણ

ઉપર પૂર્વભવથી ઉત્પન્ન થયેલો સ્નેહ ફોગટ હતો.ઃ કોઇપણ પ્રાણી કરેલાં કર્મથી છૂટતો નથી. પ્રાયઃ કરીને મોહરૂપી મદિરાથી મત્ત થયેલો અનાદિ સંસારમાં ભ્રમણ કરવાથી ખેદપામેલો જીવ રાત્રિદિવસ હિત અને અહિતને જાણતો નથી. જો મારો ભાઇ લક્ષ્મણ ચોથી નરકમાં ગયો તો બીજા મનુષ્યોને પાપથી શું દુઃખ ન થાય ? કહ્યું છે કે એક સાતમી નરકમાં ગયો. પાંચ છઠ્ઠી નરકમાં ગયા. એક પાંચમી નરકમાં. એક વસુદેવ ચોથી નરકમાં. ને એક વસુદેવ ત્રીજી નરકમાં ગયો.

હવે પૃથ્વીપર વિહાર કરતાં છઠ્ઠના ઉપવાસી રામમુનિ ભિક્ષાગ્રહણ માટે એક મહાનગરમાં પેઠા. ત્યાં આવીને સોમનામના રાજાએ રામને પ્રણામ કરીને કહ્યું કે અમારા ઘેરથી ભિક્ષા ગ્રહણ કરો અને મારા ઉપર અનુગ્રહ કરો. તે પછી રામમુનિએ કહ્યું કે અમારે એક ઘરમાં ભિક્ષા લેવી કલ્પે નહિ. તેથી આવું વચન બોલવું નહિ. તે પછી રામમુનિ ઘરે ઘરે શુદ્ધભિક્ષાને જોતાં ભીમવણિકના ઘરમાં તે વખતે શુધ્ધ અન્નને પામ્યા. તે વખતે તેના ઘરમાં દેવોએ પુષ્પની વૃષ્ટિ અને રત્નની વૃષ્ટિ તેવી રીતે કરી કે જેથી દેવતાઓને પણ હર્ષ થયો. તે રત્નપુરમાં રામમુનિ જે જે ગૃહસ્થના ઘરમાં જાય છે. તે તે લોકો પકવાન્ન આપે છે. રામમુનિએ અત્યંત આદરથી અપાતા અશુધ્ધ આહારને જાણીને મોક્ષમાટે ઘોર અભિગ્રહ લીધો. જ્યારે અટવીમાં મારા હાથમાં શુદ્ધઆહાર આવશે ત્યારે મારે ભોજન કરવું. બીજા દિવસે જરા પણ નહિ.

ક્યારેક એક દિવસે – ક્યારેક બીજે દિવસે, ક્યારેક સાતમે દિવસે, ક્યારેક છઠ્ઠા દિવસે, ક્યારેક મહિને, ક્યારેક બે મહિને રામમુનિ અટવીમાં શુધ્ધભિક્ષાને પામતા ભયંકર સંસારસમુદ્રને તારનારા પારણાને કરતા હતા. એક વખત શ્રીપુરનગરના સ્વામી મધુરાજા વનમાં જમતા હતા ત્યારે રામમુનિ શુધ્ધ આહારને પામ્યા. તે વખતે દેવોએ આવીને રામમુનિ રહ્યા હતા ત્યાં રાજાની આગળ પુષ્પ અને રત્નની વૃષ્ટિ કરી. રામમુનિ કોટીશિલા ઉપર ધ્યાનમાં તત્પર હતા ત્યારે દેવોએ પ્રતિકૂલ અને અનુકૂલ ઉપસર્ગો કર્યા. મહામહિનામાં સુદપક્ષમાં બારમા દિવસને (બારસે) અંતે પાછલા પહોરમાં ચંદ્ર ભરણીનક્ષત્રમાં હતો ત્યારે ક્ષપકશ્રેણીમાં ચઢેલા રામમુનિ જ્ઞાનાવરણીય કર્મનો ક્ષયકરતાં સમસ્તજગતને પ્રકાશ કરનારા કેવલજ્ઞાનને પામ્યા. તે વખતે હર્ષિત ચિત્તવાલા દેવોએ આવીને રામમુનિના કેવલજ્ઞાનનો જુદા જુદા વાજિંત્રોવડે સુંદર મહોત્સવ કર્યો.

અવધિજ્ઞાનથી રામચંદ્રજીને કેવલજ્ઞાનની ઉત્પત્તિ જાણીને સ્વર્ગમાંથી સીતેન્દ્રે આવીને સુંદર મહોત્સવ કર્યો . તમે આજે તીવ્રતપરૂપી તલવારવડે કર્મસમૂહનો ક્ષય કરીને જ્ઞાન પ્રાપ્ત કર્યું. એ પ્રમાણે હર્ષિત ચિત્તવાલા સીતેન્દ્ર સ્તુતિ કરે છે. ઘણાંજ દુઃખની જાલથીપૂર્ણ કષાયરૂપી જલજંતુથીવ્યાપ્ત, ભયરૂપી આવર્તવાલા, એવા સંસારસમુદ્રને સંયમરૂપી વહાણમાં ચઢેલા તમે તરી ગયા. ધ્યાનરૂપી વાયુથી હણાયેલા વિવિધ તપરૂપીલાકડાંથી અત્યંત સળગેલા એવા ધ્યાનરુપી અગ્નિવડે હે રામ ! સંસારરૂપી અટવીને તમે બાળી નાંખી. તમે વૈરાગ્યરૂપી મુદગરવડે કર્મરૂપી પાંજરું જલદી

**(ઃઉપરની ગણતરી બંધ બેસતી નથી માટે ત્રિષષ્ઠિ શલાકા પુરુષ-ચરિત્રના આધારે સો વર્ષ કુમારપણામાં, ત્રણસો વર્ષ માંડલિકપણામાં, ચાલીશવર્ષ દિગ્વિજય કરવામાં, ૧૧૫૬૦ વર્ષ રાજ્યમાં એમ કુલ બાર હજાર વર્ષનું આયુષ્ય લક્ષ્મણનું જાણવું.)**

ચૂર્ણ કર્યું. ધીર એવા તમે ઉપશમરૂપી શૂલવડે મોહશત્રુને હણ્યો. હવે સીતેન્દ્ર લક્ષ્મણને ચોથી નરકમાં રહેલાં સાંભળીને તે નરકમાં જઇને નારકોને જોયા. જેથી :– નરકોમાં જે અત્યંત તીક્ષ્ણ અતિ કર્કશ દુઃખો છે. તે દુઃખોને કરોડો વર્ષ સુધી જીવતો પણ કોણ વર્ણન કરી શકે ? નરકના જીવો કર્કશદાહ – શાલ્મલી વૃક્ષ – અસિપત્રવન – વૈતરણીનદી – અને સેંકડો હથિયારોવડે અને બીજી પણ જે જે વેદનાઓ પામે છે તે તે અધર્મનું ફલ છે.

લક્ષ્મણ અને રાવણને પરમાધામી દેવોવડે કરાતી અત્યંતપીડાને સીતેન્દ્રે જાતે જોઇ તે પછી લક્ષ્મણ અને રાવણને પરસ્પર યુદ્ધ કરતાં જોઇને સીતેન્દ્રે કહ્યું કે આ મહાકષ્ટ છે. પાપની ચેષ્ટા છે કહ્યું છે કે : – કેટલાંક ઘણા કાંટાવાલા શાલ્મલીવૃક્ષને વળગેલાં અહીં ઘણી ચઢઊતર કરાવાય છે. કેટલાક પુન્ય વગરના જીવો યંત્રમાં નંખાયા છતાં પિલાય છે. કેટલાક ખરજને વિષે બળી ગયા છે પગ જેના એવા નીચા મુખવાલા ત્યજી દેવાય છે. તલવાર – ચક્ર – મુદ્ગરથી હણાયેલા – કર્કશ એવી પૃથ્વીપીઠપર આળોટતા– ચીસપાડતા ચિત્તા – વાઘને સિંહવડે ખવાય છે. રડતા એવા તેઓ અત્યંત તપાવેલા સીસાને તાંબા સરખા – કલલને પિવડાવાય છે અને અસિપત્રવનમાં ગયેલા કેટલાક બીજા શસ્ત્રોવડે ભેદાય છે. તે વખતે સીતાનો જીવ અચ્યુતેન્દ્ર વિચારવા લાગ્યો કે પોતાની જાતે કરેલાં પાપથી ચારગતિમાં ગયેલો જીવ શું શું દુઃખ નથી પામતો ? તે પછી સીતાના જીવ ઇન્દ્રે રામની પાસે આવીને નમસ્કાર કરી પૂછ્યું કે આ લક્ષ્મણ ક્યારે મોક્ષે જશે ? રામે કહ્યું કે પુષ્કવર દ્વીપમાં વિદેહમાં પદ્મપતનમાં લક્ષ્મણનો જીવ પદ્મનામે ચક્રવર્તિ થશે. ત્યાં ચક્રવર્તિપણું પાલન કરીને તીર્થંકર થઇને સમસ્ત કર્મનો ક્ષય કરીને તે પદ્મજિનેશ્વર મોક્ષમાં જશે. વિરાગવાલા હનુમાન પોતાના પુત્રને રાજ્યપર સ્થાપન કરીને દીક્ષા લઇને અનુક્રમે શત્રુંજય પર મોક્ષે ગયા. વિંધ્યાટવીના વિંધ્યપર્વતના વનમાં ઇન્દ્રજીત ને મેઘવાહન ત્યાં આવ્યા અને ત્યાં કેવલજ્ઞાન પામ્યા. તેનાં નામથી તે તીર્થ થયું. કુંભકર્ણ નર્મદા નદીના કિનારે મોક્ષ પામ્યા. તેથી તે ભૂમિમાં કુંભકર્ણ નામે તીર્થ થયું. લવણ અને અંકુશ આ બન્ને ભાઇઓ પોતપોતાના પુત્રોને પોતપોતાના રાજ્યપર સ્થાપન કરીને દીક્ષા લઇ. કેવલજ્ઞાન પામી સિધ્ધગિરિઉપર મોક્ષે જશે. કેવલજ્ઞાની એવા રામને નમી ધર્મથીવાસિત એવા નિર્મલમનવાલા સીતેન્દ્ર જલદી અચ્યુત દેવલોકમાં ગયા. તે પછી જ્ઞાની એવા રામમનિ પૃથ્વીતલપર વિહાર કરતાં અયોધ્યા નગરીની નજીકના વનમાં સમવસર્યા. ઉદ્યાનપાલક પાસેથી નગરની નજીક આવેલા રામમુનિ સાંભળીને અંકુશ ને લવ ધર્મ સાંભળવા માટે આવ્યા.

તે પછી રામમુનિએ આદરપૂર્વક આ પ્રમાણે ઉપદેશ આપ્યો કે પ્રાણીઓને ધર્મથીજ મોક્ષની પ્રાપ્તિ થાય છે કહ્યું છે કે :–

**आयुर्वायुचलं सुरेश्वर धनुर्लोलं चलं यौवनं,**
**विद्युद्दण्डतुल धनं गिरिनदीकल्लोलवच्चञ्चलम् ।**
**स्नेहं कुञ्जरकर्णतालचपलं देहंच रोगाकुलं ।**
**ज्ञात्वा भव्यजना: सदा कुरुत भो ! धर्म्मं महानिश्चलम् ।।१।।**
**कर्त्तव्या देवपूजा शुभगुरुवचनं नित्यमाकर्णनीयं,**
**दानं देयं सुपात्रे प्रतिदिनममलं शीलनीयं च शीलम् ।।**
**तप्यं शुद्धं विशालं तप इह महती भावना भावनीया,**
**श्राद्धानामेष धर्म्मो जिनपतिगदित: पूतनिर्वाणमार्ग: ।।२।।**

આયુષ્ય વાયુની જેમ ચપલ છે. યૌવન ઇન્દ્રધનુષ્યની જેમ ચપલ છે. વીજળીના દંડની જેમ ધન ચપલ છે. પર્વતની નદીના કલ્લોલ – તરંગની જેમ સ્નેહ ચપલ છે. હાથીના કાનની જેમ દેહ ચપલ ને રોગથી વ્યાપ્ત છે. એમ જાણી હે ભવ્યજીવો ! મહાનિશ્ચલ એવા ધર્મને હંમેશાં કરો. દેવની પૂજા કરવી. હંમેશાં ગુરુનું વચન સાંભળવું. સુપાત્રમાં દાન કરવું. હંમેશાં નિર્મલ એવું શીલ પાલન કરવું. શુધ્ધ એવું વિશાલ તપ કરવું. શુધ્ધ એવી મોટી ભાવના ભાવવી. આ જિનેશ્વરે કહેલો પવિત્ર એવો નિર્વાણનોમાર્ગ શ્રાવકોનો ધર્મ છે. રામનું વચન સાંભળીને વૈરાગ્યવાસિત હૃદયવાલા અંકુશ ને લવ રાજા દીક્ષા ગ્રહણ કરવા માટે તૈયાર થયા. તે પછી અંકુશ ને લવ રાજાએ પોત પોતાના પુત્રને રાજ્યપર સ્થાપન કરી મોક્ષને માટે રામ પાસે દીક્ષા લીધી. ગુરુએ કહેલ સામાચારીને કરતાં લવ અને અંકુશ – આદરપૂર્વક જિનેશ્વરે કહેલાં ધર્મશાસ્ત્રો ભણ્યાં. અનુક્રમે અંકુશ ને લવ અવધિજ્ઞાન પામી ઘણાં ભવ્ય પ્રાણીઓને નિરંતર ધર્મમાં બોધ કરવા લાગ્યા. એક દિવસ જ્ઞાની એવા રામમુનિ પૃથ્વીપર વિહાર કરતાં ત્રણ ક્રોડ સાધુથી યુક્ત સિધ્ધગિરિ ઉપર આવ્યા. તે વખતે રામમુનિએ શત્રુંજય તીર્થમાં નમસ્કારનું કરવાનું ફલ મોક્ષને માટે સાધુઓને કહ્યું. જેની ઉપર ચઢેલાં પ્રાણીઓ અતિદુર્લભ લોકાગ્રને પામે છે. તે સિધ્ધગિરિતીર્થ પૃથ્વીઉપર લાંબા કાળસુધી જયવંતુ વર્તો. ઘણાં પાપી એવા પણ પ્રાણીઓ શ્રી શત્રુંજયગિરિપર તીવ્રતપને કરનારાં મોક્ષમાં જાય છે અને મોક્ષમાં જશે. તીર્થંકરો મોક્ષમાં ગયે છતે, કેવલજ્ઞાન વિચ્છેદ પામે છતે, લોકોને તારનારો પ્રસિધ્ધ એવો આ સિધ્ધગિરિ થશે. ભવ્યપ્રાણી શ્રી શત્રુંજયગિરિ ઉપર ધ્યાન ધરતો અને જિનેશ્વરની પૂજા કરતો અલ્પકાળવડે જ મોક્ષસંપત્તિને પામે છે. આ પ્રમાણે સતત તીર્થ માહાત્મ્યને સાંભળતા હર્ષવડે ત્રણ કરોડ મુનિઓ શ્રેષ્ઠ જ્ઞાનને પામ્યા. રામમુનિએ ત્રણ કરોડ સાધુઓ સાથે આઠકર્મના સમૂહનો ક્ષય કરી શ્રી શત્રુંજયગિરિઉપર મુક્તિનગરને શોભાવશે. શ્રી સિદ્ધગિરિઉપર કેવલજ્ઞાન પામીને અંકુશ ને લવ પાપોનો ક્ષય કરી ઘણા સાધુઓ સાથે મુક્તિ પામ્યા.

એ પ્રમાણે વિસ્તારથી મોક્ષને આપનારું રામચરિત્ર પોતાના હિતને ઇચ્છનારા ભવ્યજીવોએ વિસ્તારથી પદ્મચરિત્રમાંથી જાણવું તપગચ્છરૂપી આકાશમાં સૂર્ય સરખા – શ્રી મુનિસુંદરસૂરિના શુભશીલ નામના શિષ્યે આ કથાનક કર્યું – બનાવ્યું.

**આ પ્રમાણે રામરાજાની કથા સમાપ્ત.**

# નારદમુનિના મુક્તિગમનનું સ્વરૂપ.

*जहि रामाइतिकोडी – इगनवई, नारयाइ, मुणिलक्खा।*
*जाया य, सिद्धराया, जयउ तयं, पुंडरी तित्थं ।।२० ।।*

જયા રામ વગેરે ત્રણ કરોડ અને નારદમુનિ આદિ ૯૧ – લાખ સિધ્ધોના રાજા થયા તે પુંડરીક તીર્થ જય પામો – તે પુંડરીકતીર્થ જયવંતુ વર્તો. (૨૦ ) હવે નારદ મુનિઓનો સંબંધ કહેવાય છે,

શ્રી વીરભગવંતના ધર્મઘોષ અને ધર્મયશા નામે શિષ્યો ચારિત્રની આરાધનામાં આદરવાલા થયા. તે બન્ને મુનિ અશોકવૃક્ષની નીચે રહેલાં જયારે સ્વાધ્યાય કરતા હતા ત્યારે તે વૃક્ષની છાયા નમતી હતી. સ્વામીની પાસે આવીને તેઓએ પ્રભુને પૂછ્યું કે હે સ્વામિ ! અશોકવૃક્ષની છાયા અમને કેમ નમે છે ? પ્રભુએ કહ્યું કે સૌરિપુર નામના નગરમાં યાદવોમાં શિરોમણિ અને ન્યાયવાલો સમુદ્રવિજય નામે રાજા જયારે હતો. તે વખતે યજ્ઞયશ નામના તાપસને સોમમિત્રા નામની પત્ની હતી. તેને યજ્ઞદત્ત નામે પુત્ર હતો. ને સોમયશા નામની પુત્રવધૂ હતી. યજ્ઞદત્તને નારદ નામે મનોહર પુત્ર હતો. તે અરિહંતધર્મની રુચિવાળો ને જન્મથી માંડીને દેદીપ્યમાન શરીરવાળો હતો. સવારમાં ભિક્ષાવૃત્તિને કરતાં યજ્ઞયશવગેરે હંમેશાં એકાંતરા ઉપવાસ કરે છે.

એક વખત બાલક એવા નારદને અશોકવૃક્ષની નીચે મૂકીને યજ્ઞયશ વગેરે ભિક્ષાવૃત્તિ માટે બીજે ઠેકાણે ગયા. આતરફ વૈતાઢ્યપર્વત તરફ જતાં જાૃમ્ભિકદેવોએ અવધિજ્ઞાનથી એ બાલકને સ્વનિકાયમાંથી ચ્યવેલો જાણ્યો. તે દેવતાઓ તે વૃક્ષનીછાયા સ્તંભાવીને ( સ્થીર કરીને ) ગયા, ને પાછાં આવતા તે જાૃમ્ભિકદેવોએ તેવી રીતે જોયો. તે પછી જાૃમ્ભિકદેવો તે બાલકને પોતાના સ્થાનમાં લઇ જઇને તેને પ્રજ્ઞપ્તિ અને રોહિણી વગેરે વિદ્યાઓ આપી, માણિક્યની પાદુકાપર ચઢેલો સોનાનું કમંડલ છે જેના હાથમાં એવો આકાશમાર્ગે જતો તે હંમેશાં તીર્થોને વંદન કરતો હતો. શીલવ્રતને ધારણ કરનારો મુંજસરખી જટાથી મંડિત છે મસ્તકજેનું એવો નારદ હંમેશાં ચારિત્રધારી મુનિઓને ભક્તિથી વંદન કરે છે.

એક વખત દ્વારિકામાં ગયેલો નારદ – કૃષ્ણવડે પ્રણામ કરીને ભક્તિથી પૂછાયો કે સત્પુરુષોવડે શૌચ શું કહેવાય? જવાબ આપવામાં અસમર્થ એવા નારદે તે વખતે મહાવિદેહમાં જઇને શ્રી સીમંધર જિનને નમસ્કાર કર્યો. તે પછી નારદે પૂછ્યું કે હે સ્વામી ! પંડિતોવડે શૌચ શું કહેવાય છે ? શ્રી સીમંધર જિને કહ્યું કે સત્ય એ શૌચ કહેવાય છે. ફરીથી કૃષ્ણે શૌચનો અર્થ પૂછ્યો ત્યારે નારદે પશ્ચિમ મહાવિદેહમાં શ્રી યુગમંધર જિનને નમસ્કાર કરીને પૂછ્યું. શૌચ શું કહેવાય

છે ? સ્વામીએ કહ્યું કે તપ કહેવાય છે. આ પ્રમાણે બાહુજિને નારદની આગળ શૌચ એટલે ઇન્દ્રિયનો નિગ્રહ કહ્યો. એવી રીતે સુબાહુજિને દયા કહ્યો . આ પ્રમાણે સાંભળીને નારદે દ્વારિકા નગરીમાં આવીને બધું કૃષ્ણની આગળ કહ્યું ફરીથી કૃષ્ણે શૌચને માટે પૂછ્યું ત્યારે નારદ વિચારવા લાગ્યો. પછી ઊહાપોહમાં તત્પર જાતિસ્મરણવાલા નારદે આ પ્રમાણે કહ્યું

**सत्यं शौचं तपः शौचं, शौचमिन्द्रियनिग्रहः;**
**सर्वभूतदयाशौचं, जलशौचं च पञ्चमम् ।।**

સત્ય એ શૌચ છે. તપ એ શૌચ છે. ઇન્દ્રિયોનો નિગ્રહ એ શૌચ છે. સર્વજીવો ઉપરની દયા એ શૌચ છે,અને પાંચમું જલ શૌચ છે. આ પ્રમાણે પ્રત્યેકબુધ્ધ થઇને નારદે કૃષ્ણરાજાના બોધ માટે તે વખતે અદ્ભુત શૌચ અધ્યયન કહ્યું. રાત્રિદિવસ સ્નાન કરનારા છતાં પણ પાપી માછીમારો ભાવથી દૂષિત સેંકડો વખત સ્નાન કર્યા છતાં પણ શુધ્ધ થતા નથી.

**चित्तं शमादिभिः शुद्धं, वचनं सत्यभाषणैः;**
**ब्रह्मचर्यादिभिः कायः, शुद्धो योगी (जलं) विनाऽप्यहो ।।**
**मृदो भारसहस्रेण, जलकुम्भशतेनच;**
**न शुद्धयन्ति दुराचाराः, स्नातास्तीर्थशतैरपि ।।**

ઉપશમ આદિવડે ચિત્ત શુધ્ધ થાય છે. સત્ય બોલવાવડે વચન શુધ્ધ થાય છે. અને બ્રહ્મચર્યવડે કાયા શુધ્ધ થાય છે. આવો યોગી પાણીવિના પણ શુધ્ધ છે. તે આશ્ચર્યકારક છે. જે દુષ્ટ આચારવાલો, હજારો ભાર માટીવડે સેંકડો પાણીના ઘડાવડે અને સેંકડો તીર્થમાં સ્નાન કરવા છતાં પણ શુધ્ધ થતો નથી. સ્નાન સાત પ્રકારે કહ્યું છે : –

**आग्नेयं वारुणं ब्राह्म्यं, वायव्यं दिव्यमेव च;**
**पार्थिवं मानसं चैव, स्नानं सप्तविधं स्मृतम् ।।**
**सप्त स्नानानि प्रोक्तानि, स्वयमेव स्वयंभुवा,**
**द्रव्यभावविशुद्धयर्थं, ऋषीणां ब्रह्मचारिणाम् ।।**

આગ્નેય – વારુણ – બ્રાહ્મ્ય – વાયવ્ય – દિવ્ય – પાર્થિવ – અને સાતમું માનસ સ્નાન, બ્રહ્માએ પોતાની જાતે બ્રહ્મચારી ઋષિઓને દ્રવ્ય અને ભાવની વિશુધ્ધિ માટે આ સાત સ્નાન કહયાં છે. નારદ પૃથ્વીપર ફરતાં લોકોને પ્રતિબોધ કરતા ઘણા સાધુઓની પરંપરાથી સેવાયેલા શ્રી શત્રુંજયગિરિઉપર ગયા. આ બાજુ તે વખતે રમાપુરીનો રાજા મદનમંડન સાતકરોડ શ્રાવકો સાથે ત્યાં આવ્યો, ત્યાં શ્રી ઋષભદેવની પૂજા કરી અને બીજા જિનેશ્વરોની પણ અનુક્રમે પૂજા કરીને રાજાએ હર્ષવડે સ્વામીની પાદુકાનું પૂજન કર્યું. તે પછી રાજાએ રાયણને પ્રદક્ષિણા આપીને સંઘસહિત અનુક્રમે મોતીઓ વડે વધાવી . તે પછી રાજાએ હર્ષથી નારદપાસે જઇને નમસ્કાર કરીને આ પ્રમાણે આદરપૂર્વક

સિધ્ધાદ્રિ પર્વતનું માહાત્મ્ય સાંભલ્યું ત્યાં સુધીજ હત્યા વગેરે પાપો આ લોકમાં ચારે તરફથી ગર્જના કરે છે કે જ્યાં સુધી ગુરુના મુખેથી " શ્રી શત્રુંજય " એ પ્રમાણે નામ નથી સાંભલ્યું.

પ્રાણીઓએ પાપથી ભય ન પામવો ભય ન પામવો એક્વાર શ્રી સિધ્ધક્ષેત્રની કથા સાંભળવી. એક દિવસ શ્રી સિધ્ધક્ષેત્ર ઉપર સર્વજ્ઞની સેવા ( પૂજા ) કરવી શ્રેષ્ઠ છે. પરંતુ લાખો તીર્થમાં ક્લેશના ભાજનરૂપ ભ્રમણ કરવું શ્રેષ્ઠ નથી. શ્રી પુંડરીકગિરિની યાત્રા તરફ જનારાઓનાં કરોડો ભવથી ઉત્પન્ન થયેલાં પાપો પગલે પગલે નાશ પામે છે. આ પ્રમાણે સિધ્ધગિરિનું માહાત્મ્ય સાંભળનારા ઘણા લોકો તે વખતે નારદની પાસે સારી રીતે સંયમ પામ્યા. નારદ દશ લાખ ઉત્તમસાધુઓ સાથે મહામહિનામાં શ્રી શત્રુંજયગિરિ ઉપર મુક્તિમાં ગયા.

આ પ્રમાણે આઠ નારદ અનુક્રમે ઘણા લાખ સાધુઓ સહિત પાપનો ક્ષય કરવાથી મુક્તિનગરીમાં ગયા. તેઓનાં ચરિત્રો બીજાં શાસ્ત્રોથી જાણવાં. કહ્યું છે કે એકાણું લાખ મુનિઓ સાથે તે નવે નારદો શ્રી શત્રુંજયતીર્થપર અનુક્રમે મોક્ષ પામ્યા. કહ્યું છે કે આ અવસર્પિણીમાં આ પ્રમાણે નારદો એકાણું લાખસાથે શ્રી શત્રુંજયપર્વતઉપર સિધ્ધિને પામ્યા.

**આ પ્રમાણે નારદોના મુક્તિગમનનું સ્વરૂપસંપૂર્ણ થયું.**

# નંદિષેણસૂરિ-અજિતશાંતિસ્તવ મુક્તિગમનનો સંબંધ

*नेमि वयणेण जत्ता गएण, जहिं नंदिसेण जइवइणा;*
*विहिओऽजियसंतिथओ, जयउ तयं पुंडरी तित्थं ॥२१॥*

ગાથાર્થ : – શ્રી નેમિનાથના વચનવડે યાત્રા માટે ગયેલા નંદિષેણસૂરિએ જ્યાં અજિતશાંતિ સ્તવ રચ્યું. તે પુંડરીક તીર્થ જય પામો.

ટીકાર્થ : – શ્રી નેમિનાથના વચનવડે યાત્રામાટે ગયેલા નંદિષેણ સૂરિવડે જે શ્રી સિધ્ધાચલગિરિઉપર બીજા

અને સોલમા શ્રી અજિતનાથ પ્રભુ અને શાંતિનાથ પ્રભુનું સ્તવન કરાયું તે પુંડરીક નામનું તીર્થ ચિરકાલ પર્યંત જયવંતુ વર્તો.

શ્રી નેમિનાથ તીર્થંકરની પાસે એક વખત નંદિષેણરાજા ભાવથી જીવદયામૂલ ધર્મ સાંભલવા માટે આવ્યા.

**रम्यं रुपं करणपटुताऽऽरोग्यमायुर्विशालं; कान्तारूपविजितरतयः, सूनवोः भक्तिमन्तः;**
**षट्खण्डोर्वीतलपरिवृढत्वं, यशः क्षीरशुभ्रं, सौभाग्यश्रीरितिफलमहो, धर्मवृक्षस्य सर्वम्।।२।**
**चत्वारः प्रहरा यान्ति, देहिनां गृहचेष्टितैः।**
**तेषां पादे तदर्द्धेवा, कर्त्तव्यो धर्म्मसंग्रहः ।।३।।**

સુંદરરૂપ - ઈન્દ્રિયની પટુતા - આરોગ્ય - વિશાલ આયુષ્ય - રૂપથી રતિને જીતનારી એવી સ્ત્રીઓ - ભક્તિવાલા પુત્રો - છ ખંડની પૃથ્વીનું સ્વામીપણું - દૂધ સરખો સફેદ યશ - અને સૌભાગ્યલક્ષ્મી, આ સર્વે ધર્મવૃક્ષનાં ફલો છે. પ્રાણીઓના ચારેપ્રહર ઘરની ચેષ્ટાવડે જાય છે. તેના પા ભાગમાં અથવા તો અર્ધાભાગમાં ધર્મનો સંગ્રહ કરવો. કહ્યું છે કે જન્મ - જરા અને મરણથી રહિત એવા જિનેશ્વરોએ લોકમાં બેજ માર્ગ કહ્યા છે. એક સુશ્રમણ અને બીજો સુશ્રાવક.

**यात्रार्थं भोजनं येषां, दानार्थं च धनार्जनं, धर्मार्थं जीवितंयेषां, ते नराः स्वर्गगामिन :**

જેઓનું ભોજન યાત્રાને માટે છે, જેઓનું ધનઉપાર્જન દાન માટે છે. જેઓનું જીવિત ધર્મને માટે છે. તે મનુષ્યો સ્વર્ગગામી છે. ખરેખર પુત્ર પૌત્ર વગેરે સકલ જગતને અનિત્ય જાણીને નંદિષેણરાજાએ પોતાના પુત્રને રાજ્ય આપ્યું. નંદિષેણરાજાએ શ્રી જિનમંદિરોમાં અષ્ટાહ્નિકા મહોત્સવ કરીને પાપરહિત મનવાલા તેણે દીક્ષા ગ્રહણ કરી.

નંદિષેણમુનિ ગુરુનીપાસે શાસ્ત્ર ભણતાં નિર્મલ બુધ્ધિવાલા - અનુક્રમે સર્વશાસ્ત્રરૂપી સમુદ્રના પારગામી થયા. શ્રી નેમિનાથ જિનેશ્વરે તે વખતે નંદિષેણમુનિને યોગ્ય જાણીને સારે દિવસે ખરેખર આચાર્યપદ આપ્યું. એક વખત બે હાથ જોડી નંદિષેણમુનિએ નેમિનાથ પ્રભુપાસે પૂછ્યું કે હે ભગવંત ! મને ઉત્તમ એવા મોક્ષની પ્રાપ્તિ ક્યાં થશે ? નેમિનાથ પ્રભુએ કહ્યું કે શ્રી સિધ્ધગિરિ અજ્ઞાનને દૂર કરનાર પવિત્ર સ્થાન છે. તે તીર્થમાં મનુષ્યો મોક્ષે જાય છે. ગયા છે,ને જશે. જેઓ શ્રી સિધ્ધગિરિપર જાય છે તેઓનો જન્મ-ચરિત્ર ને જીવન સાર્થક છે. બીજાઓનું તે નકામું છે.

શ્રી સિધ્ધગિરિઉપર તીર્થંકરોની અનંતી ચોવીશીઓ સિધ્ધ થયેલી છે. ને સિધ્ધ થશે. અને ચૈત્યના ઉધ્ધારો થશે, તેની સંખ્યા કેવલી જાણે છે. કરોડો ભવોવડે કરાયેલા ઋષિહત્યા વગેરે પાપોવાળો જીવ આ તીર્થના દર્શનથી છૂટી જાય છે. તો તેનો સ્પર્શ કરવાથી તો શું કહેવું ? હે મુનિરાજ ! તે શત્રુંજયતીર્થ ઉપર ગયેલા તમને સમસ્ત કર્મનો ક્ષય થવાથી મોક્ષની પ્રાપ્તિ થશે. આ પ્રમાણે શ્રી નેમિનાથ પ્રભુનું વાક્ય સાંભળીને નંદિષેણસૂરિ ઘણા સાધુઓ સાથે શ્રી સિધ્ધગિરિ

પર્વતપર આવ્યા. મુખ્ય જિનાલયમાં મૂલનાયક શ્રી આદિનાથતીર્થંકરને નમસ્કાર કરીને, સ્તુતિ કરીને તે સૂરિરાજ બીજા તીર્થંકરોને નમ્યા.

શ્રી અજિતનાથ ભગવાનની સ્તુતિ કરતા પોતાની પીઠને વિષે ( પાછળ ) શ્રી શાંતિનાથ જિનેશ્વરને જોઈને તે સમયે ચિત્તમાં આ પ્રમાણે વિચારવા લાગ્યા. શ્રી શાંતિનાથ ભગવાનને પીઠ આપતા એવા મને નક્કી પાપ થાય. ( આશાતના લાગે ) તેથી એકી સાથે બન્ને ભગવંતની હું સ્તુતિ કરું

**अजियं जिय सव्वभयं संतिं च पसंतसव्व गय पावं,**
**जयगुरू संति गुणकरे, दोवि जिणवरे पणिवयामि ।। गाहा ।।१।।**
**ववगय मंगुल भावे तेहं विउलतव निम्मलसहावे;**
**निरुवममहप्पभावे थोसामिसुदिट्ठ स् भावे ।।२।। गाहा ।। गाथा ।।**

જીત્યા છે સર્વ ભય જેણે એવા અજિતનાથને, અને પ્રશાંત થયા છે સર્વ રોગ અને પાપ જેનાં એવા શાંતિનાથને જગતના ગુરુ શાંતિગુણના કરનાર બંને જિનેશ્વરોને હું પ્રણામ કરું છું

ચાલી ગયા છે અમંગલ ભાવ જેના, ઘણા તપવડે નિર્મળ છે. સ્વભાવ જેનો , ઉપમા રહિત છે મોટો પ્રભાવ જેનો અને સારી રીતે જોયા છે સાચા ભાવ જેણે એવા ( બંને જિનેશ્વરોને હું નમસ્કાર કરું છું. )

એ પ્રમાણે શ્રી નંદિષેણ આચાર્ય એકીસાથે બન્ને જિનેશ્વર શ્રી શાંતિનાથ અને અજિતનાથ તીર્થંકરની શ્રેષ્ઠ સ્તુતિ કરતા હતા તે વખતે તરત જ શ્રી શાંતિનાથ અને અજિતનાથનાં બન્ને જિનમંદિરો સુંદર કાંતિવાલાં અને ઘણાં પ્રભાવવાલાં સન્મુખ રહેલાં થયાં. શ્રી નંદિષેણસૂરિએ ત્યાં આવેલાં પ્રાણીઓની આગળ નિરંતર શ્રી શત્રુંજયનું માહાત્મ્ય આ પ્રમાણે કહ્યું. જે તીર્થઉપર ચઢનારાં પ્રાણીઓવડે અતિ દુર્લભ એવો પણ લોકાગ્ર ( મોક્ષ ) પ્રાપ્ત કરાય છે. તે તીર્થરાજ આ ગિરિવર શાશ્વત છે. આ શ્રેષ્ઠતીર્થઉપર મહાપાપી એવા ચંદ્રસેનરાજાએ આવીને સુગંધી પુષ્પોવડે તેવી રીતે પૂજા કરી કે જેથી નરકની ઉત્પત્તિના કારણરૂપ ઉપાર્જન કરેલાં સર્વકર્મને છેદીને ગૃહસ્થ હોવા છતાં પણ જ્ઞાન પામીને મોક્ષે ગયા. કલાપુર નગરીમાં પાપને કરનારો ભીમનામે રાજા હતો તે આ તીર્થમાં તપ કરીને પરમપદ પામ્યો.

તીર્થંકરો મોક્ષમાં ગયે છતે – અરિહંતનું તીર્થ ગયે છતે ( વિચ્છેદ પામે ત્યારે ) તે વખતે આ ગિરિરાજ સાંભળ-વાથી અને કીર્તન કરવાથી તારનારો છે.

અહીં – સ્તુતિ – પુષ્પ – અક્ષત આદિવડે કરાયેલી અરિહંતોની પૂજા સંસારપર્યંત કરેલાં પ્રાણીઓનાં પાપને દૂર કરે છે. ઇત્યાદિ ત્યાં ઘણાં ધર્મઉપદેશને સાંભળનારા ભવ્યપ્રાણીઓને મોક્ષનું સુખ – ને સ્વર્ગનું સુખ થયું. શ્રી શાંતિનાથ પ્રભુની પાસે એક વખત મેઘવાહન રાજા ધ્યાનકરતાં સર્વ પાપની પરંપરાનો ક્ષય થવાથી મોક્ષ પામ્યા. ઉત્તમ સદાચારના આદરવાલા સાતહજાર સાધુઓ સાથે નંદિષેણ મુનીશ્વરે અનશન સ્વીકાર્યું. ત્યાં ઘણા રાજાઓએ જલદી

પ્રભુની પુષ્પ પૂજા કરી. દેવોએ અનશનનો ઉત્સવ કર્યો. હવે નંદિષેણ મુનિ સર્વકર્મનો ક્ષય થવાથી પહેલાં શ્રેષ્ઠજ્ઞાન પામીને અનુક્રમે શ્રી શાંતિનાથ પ્રભુનામંદિરની નજીક મોક્ષમાં ગયા. બીજા પણ સાધુઓ કેવલજ્ઞાન પામી પોતપોતાના આયુષ્યના ક્ષયે સમાધિવાલા મુક્તિનગરને શોભાવતા હતા.

**આ પ્રમાણે શ્રી નંદિષેણ સૂરિએ રચેલ અજિતશાંતિ સ્તવનની રચના અને મુક્તિગમનની કથાનો સંબંધ ॥**

## શ્રી કૃષ્ણચરિત્રમાં નેમિનાથના સંબંધથી ગૂંથાયેલ શાંબ પ્રદ્યુમ્ન-વગેરે અને શ્રી કૃષ્ણના નરક ગમનનું સ્વરૂપ.

*पज्जुन्न - संबपमुहा कुमरवरा सड्ढअट्ठकोडि जुआ।*
*जत्थ सिवं संपत्ता, जयउ तयं पुंडरीतित्थं ।।२२।।*

ગાથાર્થ :- પ્રદ્યુમ્ન અને શાંબ વગેરે સાડાઆઠકરોડ સહિત જ્યાં મોક્ષ પામ્યા તે પુંડરીક તીર્થ જયવંતુ વર્તો.

ટીકાનો અર્થ : - પ્રદ્યુમ્ન અને શાંબ વગેરે સાડાઆઠકરોડ સહિત જ્યાં શત્રુંજયગિરિ ઉપર મુક્તિ પામ્યા તે શત્રુંજય નામનું તીર્થ જય પામો. ॥

પહેલા શ્રી આદિજિનનો પુત્ર બાહુબલિ રાજા હતો. તેનો પુત્ર ચંદ્રયશા ચંદ્રની જેમ લોકોને હર્ષ આપનારો હતો. તેના વંશમાં જે રાજાઓ થયા તે રાજાઓ સોમવંશી રાજાઓ કહેવાયા. સોમયશા રાજાનો પુત્ર શ્રેયાંસરાજા થયો.

સાર્વભૂમ – સુભૂમ – સુઘોષ – ઘોષવર્ધન – મહાનંદી – સુનંદી – સર્વભદ્ર – શુભંકર આ પ્રમાણે અનુક્રમે અસંખ્ય રાજાઓ મોક્ષમાં અને સ્વર્ગમાં ગયા ત્યારે ચંદ્રકીર્તિ નામે રાજા થયો. પુત્ર વગરનો તે દેવલોકમાં ગયો. આની પાટઉપર રાજા તરીકે કોને સ્થાપવો ? એ માટે મંત્રીઓ વિચાર કરતા હતા ત્યારે આકાશમાં આ પ્રમાણે વાણી

થઇ. હરિવર્ષ નામના ક્ષેત્રમાંથી અહીં એક સુંદરયુગલ એક દેવવડે વૈર અને રોષથી મુકાશે.

એટલામાં કોઇક દેવ હરિવર્ષ ક્ષેત્રમાંથી તે યુગલિયાને લઇને નગરમાં ગુપ્તપણે મૂકીને ગયો. તે વખતે આકાશમાં ફરીથી વાણી થઇ કે તમારા ભાગ્યવડે આવેલો આ સ્વામી નક્કી અહીંયાં છે. તે પછી તે યુગલીકનો તે મંત્રીઓએ રાજ્યઉપર અભિષેક કર્યો. અને તે ભક્તિપૂર્વક સર્વસામંતો અને સેવકોવડે સેવાય છે.

શ્રી શીતલનાથ તીર્થંકરના તીર્થમાં હરિવર્ષ ક્ષેત્રમાંથી લવાયેલ યુગલિક મનોહર હરિ નામે રાજા થયો. કહ્યું છે કે – શીતલનાથ જિનેશ્વરના તીર્થમાં સુમુખ નામે રાજા હતો. તેજ કૌસંબી નગરીમાં વીરક નામે વણકર હતો. તેની સ્ત્રી વનમાલાનું હરણ કરીને રાજા – રતિની સાથે કામદેવની જેમ ભોગસમૃદ્ધિને ભોગવે છે. હવે એક વખત રાજા મુનિને દાન આપીને વીજળીથી હણાયેલો સ્ત્રી સહિત ( મરી ) હરિવર્ષ ક્ષેત્રમાં ઉત્પન્ન થયો . ( તે વણકર ) સ્ત્રીના વિયોગથી દુઃખી થયેલો પોટ્ટિલ મુનિ પાસે દીક્ષા ગ્રહણ કરી – કાલધર્મ પામી દેવ થયો. અવધિજ્ઞાનના વિષયથી તે દેવ – હરિવર્ષમાં ઉત્પન્ન થયેલા યુગલને જાણીને જલદી તેનું અપહરણ કરી ચંપાનગરીમાં લાવે છે. આ હરિવર્ષ ક્ષેત્રમાં ઉત્પન્ન થયો છે. ને હરણ કરીને અહીંયાં લવાયો છે તેથી તે હરિરાજા તરીકે ત્રણ ભુવનમાં પ્રસિધ્ધ થયો, તે હરિરાજાથી પ્રસિધ્ધ એવો હરિવંશ થયો. તે હરિનો પુત્ર પ્રબલવિક્રમ પૃથ્વીપતિ થયો.

તેનાથી મહાહરિ રાજા થયો.. તેનાથી હિમહરિ થયો. તેનાથી વસુગિરિ રાજા. તેનાથી શૂરગિરિ રાજા. તેનાથી મિત્રગિરિ રાજા, તેનાથી સુયશારાજા થયો. તેનાથી રૂપગિરિ રાજા થયો. તેનાથી હંસગિરિ રાજા થયો.

આ સર્વે ત્રણખંડને ભોગવનારા અને સંઘપતિ રાજા થયા. હરિરાજાના વંશમાં રાજાઓ જિનધર્મમાં ધુરંધર ( અગ્રેસર ) થયા. આ પ્રમાણે અનુક્રમે હરિવંશમાં અસંખ્ય રાજાઓ થયા. વ્રતગ્રહણ કરવાથી કેટલાક મોક્ષમાં ગયા ને કેટલાક સ્વર્ગમાં ગયા. આ બાજુ રાજગૃહ નગરમાં શ્રેષ્ઠ મનોહર હરિવંશમાં તેજવડે સૂર્યસરખો સુમિત્ર નામે રાજા થયો. તેમને શીલઆદિ ગુણોથી શોભતી પદ્માદેવી નામે પત્ની હતી. અને તે હંમેશાં હર્ષથી ભરેલી જિનેશ્વરે કહેલા ધર્મને કરતી હતી. એક વખત રાત્રિમાં પ્રાણત નામના દેવલોકમાંથી પુણ્યશાલી શ્રેષ્ઠદેવ તે રાણીના ગર્ભમાં સુખપૂર્વક શુભ ક્ષણે અવતર્યો. ચૌદ મહાસ્વપ્ન જોવાથી રાજાની રાણી પતિ સાથે હર્ષિત થઇ. તે ગર્ભ રહ્યો ત્યારે જે વખતે સુંદર એવા સૂર્ય વગેરે મુખ્ય ગ્રહો ઉચ્ચસ્થાનમાં રહ્યા હતા ત્યારે સુખપૂર્વક રહેલી પદ્માવતીએ પુત્રને જન્મ આપ્યો. ( અહીં ઇન્દ્રમહોત્સવથી માંડીને મોક્ષગમન સુધીનું મુનિસુવ્રત સ્વામીનું ચરિત્ર કહેવું વિસ્તારના ભયથી અહીં કહયું નથી.)

શ્રી મુનિસુવ્રતતીર્થંકરના તીર્થમાં હરિકુલમાં ઉત્પન્ન થયેલો સુદૃઢ નામે રાજા થયો. જે શત્રુ રાજાઓને જીતનારો થયો. તેનાથી વસુરાજા, તેનાથી વસુધ્વજરાજા, તેનાથી વસુકેતુ – તેનાથી રત્નકેતુ, તેનાથી રત્નધ્વજ, આ પ્રમાણે પરાક્રમી અસંખ્ય રાજાઓ થયા ત્યારે હરિવંશમાં સુંદરબલવાળો યદુ નામે રાજા થયો. યદુરાજાનો પુત્ર શત્રુરૂપી વનને વિષે અગ્નિસરખો યાદવ થયો. તેને સૂર્યસરખી કાંતિવાલો શૂરનામે પુત્ર થયો. શૂરરાજાને શ્રેષ્ઠ પરાક્રમવાલા શૌરિ અને સુવીર નામે બે પુત્રો શત્રુઓના હાથીઓના મદને હરણ કરનારા હરિવંશમાં થયા. ઉત્પન્ન થયો છે વૈરાગ્ય જેને એવા શૂરરાજાએ શૌરિને પોતાના રાજ્યઉપર સ્થાપન કર્યો. અને સુવીરને યુવરાજપદ આપીને પોતે દીક્ષા લીધી, શૌરિએ

મથુરાનું રાજ્ય સુવીરને આપીને વેગથી કુશાર્તદેશમાં શૌરિપુર સ્થાપન કર્યું., શૌરિને અંધકવૃષ્ણિ વગેરે ઘણા પુત્રો થયા. અને સુવીરને ભોજવૃષ્ણિ વગેરે પુત્રો થયા. સુવીરિ ભોજવૃષ્ણિને મથુરાનું રાજ્ય આપીને સિંધુદેશમાં શ્રેષ્ઠ સુવીર નામે નગર સ્થાપ્યું, શૌરિ પોતાના રાજ્યઉપર એક વખત અંધકવૃષ્ણિને સ્થાપીને સુપ્રતિષ્ઠ ગુરુ પાસે દીક્ષા લઇ મોક્ષમાં ગયા. ભોજવૃષ્ણિરાજા ન્યાયપૂર્વક મથુરાનું રક્ષણ કરતાં તેને અદ્‌ભુત પરાક્રમવાલો ઉગ્રસેન નામે પુત્ર થયો. શૌરિપુરનું રક્ષણ કરતાં અંધકવૃષ્ણિરાજાની સુભદ્રા નામની સ્ત્રીએ દશપુત્રોને અનુક્રમે જન્મ આપ્યો.

સમુદ્રવિજય – અક્ષોભ્ય – સ્તિમિત – સાગર – હિમવાન્ – અચલ – ધરણ – પૂરણ – અભિચન્દ્ર – વસુદેવ – અંધકવૃષ્ણિ રાજાના દશપુત્રો દશાર્હ કહેવાયા. શ્રેષ્ઠશીલવાળા – પૃથ્વીનું પાલન કરનારા આ સર્વે રાજપુત્રો – પ્રીતિયુક્ત સુંદર શાસ્ત્રજ્ઞાનવાલા પિતાની ભક્તિ કરતા હતા. તે દશ દશાર્હને કુંતી અને માદ્રી નામની પરસ્પર પ્રીતિવાલી સુંદર ચિત્તવાલી શ્રેષ્ઠ બે બહેનો હતી. અંધકવૃષ્ણિરાજાએ મોટાપુત્ર સમુદ્રવિજયને પોતાના રાજ્યપર સ્થાપન કરી ચારિત્ર લઇ મોક્ષલક્ષ્મી પ્રાપ્ત કરી. જે વખતે સમુદ્રવિજયરાજા પૃથ્વીનું પાલન કરતા હતા ત્યારે રામરાજાની જેમ જનતા સુખી હતી. જે જિનેશ્વરની આજ્ઞાને જાતે હંમેશાં મસ્તક ઉપર વહન કરે છે. સુપાત્રોને દાન આપે છે. અને જિનેશ્વરની નિશ્ચે પૂજા કરે છે. તે સમુદ્રવિજયરાજાએ યુધ્ધભૂમિમાં સમસ્ત શત્રુઓને ક્રીડાપૂર્વક પોતાની આજ્ઞા ગ્રહણ કરાવી.

તે રાજાને શીલગુણરૂપી રત્નને ઉત્પન્ન કરવામાં રોહણગિરિ સરખી શિવા નામની પત્ની હતી. જેમ કૃષ્ણને લક્ષ્મી અને શંકરને પાર્વતી, ( તેમ ) તે પરિવારઉપર અત્યંત વાત્સલ્યવાળી – દેવગુરુને વિષે ભક્ત, સૂક્ષ્મજીવને વિષે પણ અત્યંત દયાવાલી અને પાપનો નાશ કરવામાં નિર્દય હતી, હંમેશાં પરસ્પર પ્રીતિમાં તત્પર – ધર્મમાં પરાયણ એવા શિવાદેવી અને સમુદ્રવિજય સુખપૂર્વક સમય પસાર કરતાં હતાં.

આ તરફ મથુરાનગરીમાં ભોજવૃષ્ણિએ દીક્ષા લીધી ત્યારે ઉગ્રસેન રાજા થયો. અને તેને ધારિણી નામની પ્રિયા હતી. કોઇક તાપસ પુંગવ મરીને પૂર્વભવથી ઉત્પન્ન થયેલ વૈરવડે કોઇ અશુભ દિવસે ધારિણીની કુક્ષિમાં ઉત્પન્ન થયો. તે વખતે તેણીને ધણીના માંસ ખાવાનો દોહદ થયો. તેથી તેણીએ જાણ્યું કે આ પુત્ર પતિને મૃત્યુ આપનારો થશે. જન્મેલા માત્ર એવા પુત્રને કાંસાની પેટીમાં નાંખીને માતાએ ગુપ્તપણે માણસોવડે યમુનાના પ્રવાહમાં વેગથી મુકાવ્યો. જતી એવી તે પેટી પ્રવાહમાં જેટલામાં સૂર્યપુર ગઇ, તેટલામાં ત્યાં કોઇક વણિકવડે ત્યારે ઉઘાડાઇ. તે પેટીને ઉઘાડીને તેમાં રહેલા બાળકને પ્રાપ્ત કરીને તે વણિકવરે કાંસાની પેટીની અંદરથી પ્રાપ્ત થયેલો હોવાથી કંસ એ પ્રમાણે નામ આપ્યું.

અનુક્રમે મોટો થતો કંસ બીજાનાં બાલકોને મારવા લાગ્યો. તેથી તેની ફરિયાદ દિવસે દિવસે વણિકના ઘરે આવે છે. પોતાના કુશલ માટે અયોગ્ય એવા કંસને જાણીને સમુદ્રવિજયને આપ્યો. ને ત્યાં કંસ વૃદ્ધિ પામ્યો,અનુક્રમે કંસ વસુદેવને ઘણો પ્રિય થયો. વસુદેવ સુંદર અન્ન આપવાથી તેને સન્માન આપતો હતો.

આ બાજુ રાજગૃહનગરમાં ન્યાયી અને બલવાન્ જરાસંઘરાજા પ્રતિવિષ્ણુ અનુક્રમે ત્રણખંડ પૃથ્વીનો સ્વામી થયો. એક વખત જરાસંઘ કંસસહિત શત્રુઓમાં શ્રેષ્ઠ એવા વસુને અત્યંત બળવાન્ એવા સિંહરથને જીતવા માટે એકદમ મોકલ્યો. અનુકમે યુદ્ધમાં કંસરાજાવડે સિંહરથશત્રુ હણાયો, તે પછી ત્યાં જરાસંઘ રાજાની આજ્ઞા પ્રવર્તાવી, પછી વસુદેવ

આવ્યો. કંસરાજાને જરાસંધ પાસેથી તેની પુત્રી જીવયશા અપાવાઇ. પાછલના ભવમાં ઉત્પન્ન થયેલા વૈરથી વિવાહ પછી કંસે જરાસંધ પાસેથી મથુરાનું રાજ્ય પ્રાપ્ત કર્યું, કોઇના મુખેથી ઉગ્રસેન રાજાને પોતાના પિતા તરીકે જાણીને કંસે પૂર્વના વૈરના કારણે કેદખાનામાં નાંખ્યો..

**भोगास्तुङ्गतरङ्गभङ्गचपला:, प्राणा क्षण ध्वंसिन: ।**
**स्तोकान्येव दिनानि यौवनसुखं, स्फूर्ति: क्रियास्वस्थिरा,**
**तत्संसारमसारमेव निखिलं, बुद्ध्वाऽऽत्मपापक्षये**
**लोकानुग्रहपेशलेन मनसा, यत्न: समाधीयताम् ।।**

ભોગો એ મોટા તરંગના રંગ સરખા ચપલ છે. પ્રાણો ક્ષણમાં નાશ પામે એવા છે. યૌવનનું સુખ થોડાકજ દિવસ છે. ક્રિયાઓમાં સ્ફૂર્તિ અસ્થિર છે. તેથી સમસ્ત સંસારને અસાર જ જાણીને પોતાનાં પાપનો ક્ષય કરવામાં લોકોના અનુગ્રહમાં તત્પર એવા મનવડે યત્ન કરવો.

પિતાના દુ:ખથી તેનાપુત્ર અતિમુક્તે મોક્ષના સુખની પરંપરાને આપનારી દીક્ષા ગુરુપાસે ગ્રહણ કરી. અંધકવૃષ્ણિના પુત્રો દશાર્હો જરાસંધ રાજાની સેવા કરતાં નિરંતર પોતપોતાનાં રાજ્યમાં જાય છે. કહ્યું છે કે : – રાજા ધર્મિષ્ઠ હોય તો પ્રજા પણ ધર્મિષ્ઠ હોય છે. રાજા પાપી હોય તો બધી પ્રજા પાપી થાય છે. ( પ્રજા ) રાજાને અનુસરે છે. જેવો રાજા તેવી પ્રજા થાય છે. આ તરફ સૂર્યપુરમાં વસુદેવના સુંદરરૂપને જોનારી સ્ત્રીઓ ઘરમાં જરાપણ કામો કરતી નથી. ( તેથી ) નગરજનોએ સમુદ્રવિજય રાજાની પાસે પોત પોતાની પત્નીઓની ચેષ્ટા જણાવી. રાજાએ કહ્યું કે બધું સારું થશે. એક વખત સમુદ્રવિજયે ભાઇ વસુદેવની આગળ કહ્યું કે હે ભાઇ ! નગરીમાં ભ્રમણ કરતાં તારા શરીરમાં થાક ઉત્પન્ન થાય. આથી તારે પોતાના આવાસના ( મકાનના ) દરવાજા બહાર ક્યાંય જવું નહિ. તારે જે જોઇતું હોય તે તે લઇ લેવું. ભાઇએ કહેલુ સ્વીકારીને વસુદેવ ઘરમાં રહ્યો. જે જે ખાવાલાયક જોઇએ તે તે સેવકો દ્વારા મંગાવે છે. સુખડના રસનું ભરેલું રુપાનું શ્રેષ્ઠ કચોલું ( વાટકો ) દાસીના હાથે શિવાદેવીએ તાપને હરણ કરનારું પતિની પાસે મોકલ્યું. વસુદેવે તે કચોલું દાસીના હાથમાંથી ખેંચી લઇને બાલકપણાથી ચંદનના રસવડે પોતાના દેહ પર વિલેપન કર્યું. તે વખતે દાસીએ કહ્યું કે આવા પ્રકારના અકાર્યને કરતા એવા તમને તમારા ભાઇએ ન્યાયવડે હમણાં કેદખાનાની જેમ ઘરમાં રાખ્યા છે. તે વખતે વસુદેવે વિચાર્યું કે જો ભાઇએ આ પ્રમાણે કર્યું છે તેથી મારે અહીં ન રહેવું જોઇએ. કોઇ ઠેકાણે દૂર જવું જોઇએ. જો ભાઇ દૂર જતાં એવા મને જાણી જશે તો જરાપણ દૂર જવા દેશે નહિ. તેથી હું ગુપ્તપણે જાઉં, એમ વિચારીને વસુદેવે નગરની બહાર એકાંતમાં રાત્રિમાં લાકડાંવડે ચિતા કરી. અને ચિતાની અંદર મડદાને નાંખીને અગ્નિ આપીને વસુદેવે પોતાના અંગના લોહીવડે દરવાજામાં આ પ્રમાણે અક્ષરો લખ્યા. વસુદેવ ચિતાની અંદર પ્રવેશ કરીને મૃત્યુ પામ્યો છે. તેથી કોઇએ બીજે ઠેકાણે હે ભાઇ ! મારી તપાસ કરવી નહિ. તે પછી વસુદેવ – પુરમાં – ગામમાં – વૈતાઢયગિરિમાં પોતાની કલાઓ દેખાડવાથી રૂપ અને સૌભાગ્યવડે તેનાં માતા-' આપેલી વિદ્યાધર અને પૃથ્વીના રાજાઓની હજારો કન્યાઓ પરણ્યો.

રોહણરાજાની પુત્રી રોહિણીના ઉત્તમ સ્વયંવરમાં ઘણા રાજાઓને વિવાહ માટે બોલાવ્યા. ઘણા રાજાઓ રોહિણીને ઇચ્છતા હતા ત્યારે વસુદેવ રોહિણીને પરણીને મોટાભાઇને મલ્યો. કોઇ વખત બલદેવના જન્મને કહેનારાં ચાર સ્વપ્નો રાત્રિમાં જોઇને રોહિણીએ સારા દિવસે પુત્રને જન્મ આપ્યો. પિતાએ સજ્જનોની સાક્ષીએ પુત્રનો જન્મોત્સવ કરીને હર્ષવડે લોકોને આનંદ આપનાર બલભદ્ર એમ નામ આપ્યું એક વખત કંસના આગ્રહથી વસુદેવ દેવક રાજાની પુત્રી દેવકીને સારા ઉત્સવપૂર્વક પરણ્યો. તે સમયે જરાસંઘની પુત્રી કંસની સ્ત્રી ( પત્ની ) જીવયશા મદિરાપાન કરીને સખી સહિત મદોન્મત્ત થઇ હતી. કહ્યું છે કે : –

**मद्यपानरसे मग्नो, नग्नः स्वपिति चत्वरे ;**
**गूढंच स्वमभिप्रायं, प्रकाशयति लीलया; ।।१।।**
**वरुणीपानतो यान्ति, कान्तिः कीर्त्तिः धृतिः श्रियः ।**
**विचित्रा चित्ररचना, विलुठत्कज्जलादिव ।।**

મદિરાપાનના રસમાં મગ્ન એવો માણસ નગ્ન થયેલો ચોકમાં ( ચાર રસ્તામાં ) સૂઇ જાય છે. અને ગુપ્ત એવો પણ પોતાનો અભિપ્રાય લીલાવડે પ્રકાશિત કરે છે. દારુના પાનથી – કીર્તિ – કાંતિ – ધૃતિ ને લક્ષ્મી ચાલી જાય છે. કાજળ ઢોળાવવાથી જુદી જુદી ચિત્ર રચના ચાલી જાય છે ( નાશ પામે છે ) તેમ. હવે તે વખતે ભિક્ષા માટે આવેલા પોતાના દિયર અતિમુક્તકને જોઇને કંસની પત્ની જીવયશા બોલી. હે દિયર ! અતિમુક્તક ! તું આ સમયે આવ્યો તે સારું થયું. મારી સાથે મદિરાપીને ક્રીડાકર. આ પ્રમાણે બોલતી તેણીવડે કંસના નાનાભાઇ અતિમુક્તક મુનિ કંઠવડે આશ્લેષ કરાયેલા બોલ્યા કે –

"દેવકીનો સાતમોગર્ભ તારાપિતા અને ધણીને હણનારો થશે." એ વચન સાંભલીને ચાલ્યો ગયો છે મદ જેનો એવી જીવયશાએ એકાંતમાં મુનિએ કહેલું પતિ કંસની આગળ કહ્યું. મૃત્યુથી ભય પામેલા કંસવડે પ્રીતિપૂર્વક વસુદેવ પાસે દયાપૂર્વક આ પ્રમાણે બોલતાં દેવકીના ગર્ભોની માંગણી કરી. કોઇક મેઘકુમાર દેવે સ્વપ્નમાં કહ્યું – " કે હે કંસ ! તું ઘરમાં એકાંતમાં દેવકીના સાતગર્ભોને મોટા કરીશ તોજ તારું જીવિત લાંબુ થશે. " એમ નહિ કરે તો તું મરી જઇશ. તે વખતે વસુદેવે આદરથી તે વચન કબૂલ કર્યું, દેવકીથી ઉત્પન્ન થયેલા ગર્ભને એકાંતમાં લઇ જઇને કંસ નિર્દયપણે મોટી શિલાની ઉપર મારતો હતો. તે વખતે ગુપ્તપણે નૈગમેષીદેવ આવીને તે બાલકને લઇ જઇને સુલસા શ્રાવિકાને આપતો હતો. ને તેના મરેલા પુત્રો કંસને આપતો હતો. મરેલાં વસુપુત્રને જાણીને મજબૂત પથ્થરઉપર અફળાવીને કંસરાજા એકાંતમાં પૃથ્વીપીઠપર ફેંકી દેતો હતો. આ પ્રમાણે તેના છ પુત્રોને દેવે સુલસા શ્રાવિકાને આપ્યા. અને સુલસાના મરી ગયેલા પાંચપુત્રો કંસને આપ્યા. કંસપણ મોટા પથ્થરઉપર નિર્દયપણે અફળાવતો હતો. આશ્ચર્ય છેકે નિર્દયતા પુરુષોને દુ:ખ આપનારી થાય છે. ( તે છ ) નામવડે – અનીકયશ – અનંતસેન – અજિતસેન – નિહતારિ – દેવયશા – અને શત્રુસેન અનુક્રમે થયા. સુલસા દેવકીના છએ પુત્રોને પાલન કરતી. (હતી) જેથી તેઓ રૂપથી દેવકુમાર સરખા થયા. એક વખત દેવકીએ રાત્રિમાં – સિંહ – સૂર્ય અગ્નિ – હાથી – ધ્વજ – વિમાન ને પદ્મ સરોવર એ સાત સ્વપ્નો જોયાં. સમય પ્રાપ્ત થયે છતે ( કાલપૂરો થયે છતે ) પ્રાપ્ત થયો છે દોહદ જેને એવી દેવકીએ અનુક્રમે

શ્રાવણસુદ આઠમની રાત્રિમાં શ્રેષ્ઠપુત્રને જન્મ આપ્યો.

તે બાલકના શુભકર્મના ઉદયથી – બાલકપાસે રહેલા દેવતાઓએ ત્યાં નિયુક્ત કરેલા કંસના સેવકોને નિદ્રા આપી, દુંદુ ( વસુદેવ ) બાલકને હાથમાં લઈને ગોકુલમાં મૂકવા માટે જ્યારે ચાલ્યો ત્યારે તે વખતે કેદખાનામાં રહેલો ઉગ્રસેન બોલ્યો કે મધ્યરાત્રિમાં હમણાં કોણ એકાંતમાં ઉતાવળું જાય છે ? તે વખતે આકાશમાં પ્રગટ અક્ષર પૂર્વક આ પ્રમાણે દિવ્યવાણી થઈ. મોટો થતો આ બાલક આ કેદખાનામાંથી આપને કાઢીને જલદી સુખી કરશે. તે વખતે નંદની પત્ની યશોદાને પોતાનો પુત્ર આપીને ગોકુલમાંથી તેની પુત્રીને વસુદેવ પોતાના ઘરમાં લાવ્યો, હવે કંસના સેવકો જાગ્યા અને તે પુત્રી લઈને કંસને આપી. તે વખતે કંસ હૃદયમાં આ પ્રમાણે વિચારવા લાગ્યો. આ છોકરી બલવાન રાજા એવા મને કેવી રીતે મારશે ? આ પ્રમાણે માનીને તેને કાપેલા નાક્વાલી કરી કંસે છોડી દીધી. તે વખતે કંસ વિચારવા લાગ્યો કે સાધુની વાણી મારાવડે ફોગટ કરાઈ, કારણ કે મેં દેવકીથી ઉત્પન્ન થયેલા સાતેગર્ભોને હણ્યા છે. આ તરફ કપટથી તે વખતે ગોકુલમાં જઈને દેવકી હર્ષવડે સ્તનપાન આદિવડે તે બાલકને ચિત્તમાં આનંદ પમાડતી હતી. નંદ ગોકુલિયાએ તેનું કાળું અંગ હોવાથી કૃષ્ણ એ પ્રમાણે નામ આપ્યું. કૃષ્ણે શરુઆતમાં બળાત્કારે શકુનિ અને પૂતનાનો વધ કર્યો. ત્યાર પછી ગાડાને ભાંગી નાંખ્યું અને જોડાએલા બે અર્જુનવૃક્ષને બલથી ભાંગી નાંખ્યાં. તેથી કૃષ્ણે માતાને હર્ષ આપ્યો. કૃષ્ણની રક્ષા માટે તે વખતે ત્યાં વસુદેવે રામને (બલદેવને ) મૂક્યો. દશધનુષ્યના શરીરવાલા તે બન્ને હંમેશાં પરસ્પર રમતા હતા.

આ બાજુ શ્રેષ્ઠ સૂર્યપુર નગરમાં સમુદ્રવિજયની પ્રિયા શિવાદેવીએ રાત્રિમાં ચૌદ મહાસ્વપ્નો જોયાં. ગજ – વૃષભ – સિંહ – લક્ષ્મી – પુષ્પની માલા – સૂર્ય – ચંદ્ર – ધ્વજ – કુંભ – પદ્મસરોવર – સાગર – વિમાન કે ભવન – રત્નનો ઢગલો – અને નિર્ધૂમ અગ્નિ. તે વખતે કાર્તિક વદ બારસના દિવસે ચંદ્ર ચિત્રાનક્ષત્રમાં હતો ત્યારે અપરાજિત નામના વિમાનમાંથી ચ્યવીને પ્રભુ શિવાદેવીની કૂક્ષિમાં અવતર્યા. શ્રાવણસુદિ પાંચમના દિવસે રાત્રિમા ચંદ્ર ચિત્રા નક્ષત્રમાં હતો ત્યારે શિવાદેવીએ કૃષ્ણદેહવાલા – ઉત્તમ શંખના ચિહ્નવાલા પુત્રને જન્મ આપ્યો. તે વખતે ત્યાં – ૫૬ – દિક્કુમારિકાઓ પોતપોતાના સ્થાનથી આવીને પ્રભુનું વૈયાવચ્ચઆદિ પોત પોતાનું કામ કર્યું, તે પછી ચોસઠ ઈન્દ્રોએ પોતપોતાના સ્થાનમાંથી આવીને મેરુપર્વતના શિખરઉપર તે પ્રભુનો જન્મોત્સવ કર્યો. કહ્યું છે કે મેરુપર્વતપર અધોલોક – ઊર્ધ્વલોક ચાર દિશામાંના રુચકમાંથી આઠ આઠ, ચાર વિદિશાના મધ્ય રુચકમાંથી આઠ મલી – ૫૬ – દિગ્કુમારિકાઓ આવે છે. દિગ્કુમારિકાઓ પોતપોતાનું કાર્ય કરીને ગઈ ત્યારે ઈન્દ્રો સહિત સૌધર્મેન્દ્રે મેરુપર્વતપર પ્રભુના જન્મનો ઉત્સવ કર્યો.

તે દિગ્કુમારિકાઓ પોતાનું કાર્યકરીને ગઈ ત્યારે સર્વઈન્દ્રો સહિત સૌધર્મેન્દ્રે આવીને પ્રભુનો જન્મોત્સવ કર્યો. ૧૦ – ઈન્દ્રો – ૩૨ – વ્યંતરેન્દ્રો, ૨૦ – ભવનપતિના ઈન્દ્રો અને સૂર્યચન્દ્રના બે ઈન્દ્રો આ પ્રમાણે ૬૪ ઈન્દ્રો છે. સવારે બંદીજનને છૂટાકરી પિતાએ જન્મોત્સવ કર્યો. અને સજ્જનોની સાક્ષીએ અરિષ્ટનેમિ એ પ્રમાણે નામ આપ્યું.

દેવોવડે સેવાયેલા શ્રી અરિષ્ટનેમિજિન મોટા થતાં પોતાનું પરાક્રમ દેખાડવાથી માતા– પિતાને આનંદ આપતા હતા. સૌધર્મેન્દ્ર હંમેશાં ઘણા દેવો સહિત સ્વર્ગમાંથી આવીને શ્રી નેમિનાથ પ્રભુની સેવા કરતો હતો. આ બાજુ કંસે

નિમિત્તિયાને પૂછ્યું કે મારું મરણ કોનાથી થશે ? નિમિત્તિયાએ કહ્યું કે – કેશી – મેષ – ઘોડો – કઠોર શત્રુ – પૂતના – અરિષ્ટ નામનો બળદ – દુર્દમ અને દુષ્ટમનવાલા જેનાવડે હણાશે. તે તને હણનાર થશે. અને જે શારંગ નામનું ધનુષ્ય પોતાની લીલાથી જે દોરી પર ચઢાવશે. અને જે સત્યભામાને વરશે. તે તને મારશે.

નિમિત્તિયાએ કહેલા કેશી – ઘોડો – અરિષ્ટ વગેરેને કૃષ્ણવડે હણાયેલા જાણીને કંસ હૃદયમાં વ્યાકુલ થયો. કંસે શત્રુને જાણવા માટે શારંગ ધનુષ્યની પૂજા કરવા પૂર્વક સત્યભામા નામની પોતાની બહેનને ધનુષ્યની આગળ બેસાડી અને કંસે કહ્યું કે જે આ ધનુષ્યને દોરી ઉપર ચઢાવશે. તેને હું આ મારી સત્યભામા બહેનને સારા ઉત્સવપૂર્વક આપીશ.

હવે કંસવડે બોલાવાયેલા ઘણા રાજાઓ સત્યભામાને પરણવા માટે તે વખતે પોતપોતાના નગરમાંથી તે મંડપમાં આવ્યા. કાર્યને માટે બલવાન એવો વાસુદેવનો પુત્ર અનાવૃષ્ટિ રથઉપર ચઢેલો ધીર રાજાઓ ભેગા થયા ત્યારે ચાલ્યો. તે રાત્રિમાં ગોકુલમાં સૂતો. સવારમાં કૃષ્ણને સહાય કરીને તે વખતે ત્યાંથી મથુરામાં જવા માટે નીકલ્યો .તે વખતે રથની સ્ખલનાના કારણભૂત વૃક્ષને કૃષ્ણે રથમાંથી ઊતરીને કમળના નાળની જેમ જલદીથી ઉખેડી નાંખ્યું. અનાવૃષ્ટિ કૃષ્ણને વેગથી પ્રીતિવડે રથમાં બેસાડીને શારંગ ધનુષ્યથી શોભતી સભામાં તે આવ્યો. જ્યારે ધનુષ્યને ગ્રહણ કરતો સ્ખલના પામ્યો ત્યારે સઘળાં લોકોએ હાંસી કરી અને સત્યભામા લજ્જા પામી. તે વખતે કોપપામેલા કૃષ્ણે તે શારંગ ધનુષ્યને જલદી દોરી પર ચઢાવેલું કરીને તેણે તેવી રીતે ધનુષ્ય હાથમાં કરીને ટણકાર કર્યો કે જેથી તે કટાક્ષરૂપી પુષ્પોવડે અતિહર્ષિત થયેલી સત્યભામાએ દેવનીમાફક કૃષ્ણની ભુજાયુગલની પૂજા કરી.

તે વખતે કંસવડે બોલાવાયેલા અનેક રાજાઓ પોતાના દેશમાંથી આવ્યા હતા. હવે મલ્લયુદ્ધ શરૂ થયું ત્યારે મલ્લયુદ્ધ જોવાની ઇચ્છાથી કૌતુકી એવો કૃષ્ણ પણ શ્રી રામ ( બલદેવ ) સાથે માર્ગમાં જતાં યમુનાના હૃદમાં કાલીય નામના નાગને જલદી મારી નાંખ્યો. કૃષ્ણે પદ્મોત્તર નામના હાથીને અને રામે ચંપક નામના હાથીને મારી નાંખ્યો છે તે વાત કંસે જાણી. તેણે તે બન્નેને પોતાના શત્રુ જાણ્યા.

મલ્લયુદ્ધની ભૂમિમાં ચાણુર અને મુષ્ટિક નામના બે મલ્લો ભુજાનું આસ્ફાલન કરતાં હાથીની જેમ આવ્યા. આદરથી ક્રીડા કરતાં કુમાર એવા રામને કૃષ્ણ – રાજાઓને પણ કૌતુક કરતા ત્યાં આવ્યા. ત્યાં બળદેવ ને કૃષ્ણ લાંબા કાળ સુધી – મલ્લયુદ્ધ કરતાં સમુદ્રવિજયરાજા વગેરે મુખ્ય રાજા આવે છતે મલ્લની જેમ ભુજાનાઆસ્ફોટમાં તત્પર સિંહનાદથી યુક્ત યમરાજાના શરીર સરખા તે બન્ને શોભતા હતા. કૃષ્ણે ચાણુરને મારી નાંખ્યો અને બળદેવે જ્યારે મુષ્ટિકને મારી નાંખ્યો ત્યારે મૃત્યુથી ભયપામેલો કંસ – હૃદયમાં ઘણો કંપવા લાગ્યો. તે વખતે સાહસનું આલંબન લઈને મજબૂત હાથનું આસ્ફોટન કરતા કંસે બલદેવ ને કૃષ્ણ પ્રત્યે પ્રગટપણે કહ્યું હે ગોવાલિયા ! ગાયોનું દૂધ પીને તમે બંને પુષ્ટશરીરવાલા પ્રગટ એવા પોતાના મરણને મારી પાસેથી જોતા નથી ? કૃષ્ણે કહ્યું કે હે કંસ ! જે કારણથી તું તારા પોતાના ઉત્કર્ષને બોલે છે. તેનું ફલ યમરાજાના ઘરે જવાથી તું પામીશ. તે પછી કંસ ઊભો થઈને કૃષ્ણને મારવા માટે દોડયો. તે વખતે કૃષ્ણપણ ભુજાને સ્ફુરાયમાન કરતો તેને હણવા માટે ઊભો થયો. તે વખતે કૃષ્ણ ને કંસ પરસ્પર મલ્લક્રીડા કરતે છતે આકાશમાં દેવો અને પૃથ્વીપર રાજાઓ જોવા માટે આવ્યા. તે વખતે પ્રચંડ બલવાળા કૃષ્ણે કંસને મર્મસ્થાનમાં પ્રહાર કર્યો. જેમ મુનિ મુક્તિમાં જાય તેમ કંસ યમના ઘરે ગયો .કંસ મરી ગયે છતે સમુદ્રવિજય રાજાએ

ઉગ્રસેન રાજાને તે જ વખતે જેલમાંથી કાઢીને રાજ્ય ઉપર સ્થાપન કર્યો. સમુદ્રવિજય વગેરે રામ અને કૃષ્ણ પુત્રોને લઈને સારા ઉત્સવપૂર્વક પોતાના નગર સૂર્યપુરમાં આવ્યા.

આ બાજુ જીવયશા પતિ મરી જવાથી લાંબા કાળસુધી રુદન કરતી જરાસંધ પાસે ગઈ અને ગદગદ સ્વરે બોલી, દુર્દમ એવોપણ તમારોજમાઈ વસુદેવના બે પુત્રોવડે મલ્લ્યુધ્ધ કરવાથી યમના ઘરના વિષે મોકલાવાયો છે. કંસના વધનો વૃત્તાંત જાણીને જરાસંધે પુત્રીને કહ્યું કે હે પુત્રી ! તું રડ નહિ. હું જલદી તારા શત્રુઓને રડાવીશ. તે પછી જરાસંધે પોતાના અંગરક્ષક સોમ નામના રાજાને સમુદ્રવિજય પાસે આ પ્રમાણે શિખામણ આપીને મોકલ્યો. સોમક રાજાએ સમુદ્રવિજય રાજાને નમીને રાજાની આગળ આ પ્રમાણે કહ્યું કે જરાસંધરાજા કુલના અંગારા સરખા રામકૃષ્ણને માંગે છે. આ તારા બન્ને પુત્રો રામ ને કૃષ્ણ – કંસને મારનારા છે.આથી નિશ્ચે શૂલ આદિ ઉપર નાંખવાવડે એ બન્ને વધ કરવા લાયક છે. હે રાજા ! પોતાના કુલની રક્ષા માટે બલવડે ઉત્કટ એવા બલ અને કૃષ્ણને જરાસંધની પાસે મોકલીને તું લાંબા કાળસુધી રાજ્ય કર. પ્રથમ દશાર્હ એવા સમુદ્રવિજયે કહ્યું કે હે સોમક ! તારો સ્વામી બાલક એવા રામ અને કૃષ્ણને માંગતો શરમ પામતો નથી ? મલ્લયુધ્ધની ક્રીડા કરતો કંસ ક્રીડાવડે આ બન્નેવડે હણાયો પછી તે બન્ને ઉપર તારા સ્વામીવડે કેમ કોપ કરાય છે ? સમુદ્રવિજયે કહેલું પાછા આવીને સોમકે જેટલામાં કહ્યું તેટલામાં જરાસંધ અત્યંત કોપ પામ્યો.

આ બાજુ ઉગ્રસેન રાજાએ પૂર્વના અનુરાગવાલી પોતાની પુત્રી સત્યભામા પ્રીતિવડે સુંદર ઉત્સવપૂર્વક કૃષ્ણને આપી. યાદવોના સ્વામી સમુદ્રવિજયે પોતાના સર્વયાદવોને ભેગા કરીને પોતાના કલ્યાણ માટે કૌષ્ટ્રિક નામના નિમિત્તિયાને તે વખતે કુશલ પૂછ્યું. કૌષ્ટ્રિકે કહ્યું કે તમારા બે પુત્ર મહાભુજાવાલા રામ ને કૃષ્ણ અનુક્રમે તે બન્ને ત્રણખંડ ભરતના સ્વામી થશે. આ નેમિકુમાર ઉત્તમ ભાગ્યવાળા થશે. તેથી હિતને ઈચ્છનારા આપે આ સ્થાનક છોડી દેવું.

હમણા અહીં રહેલા તમને જરાસંધ રાજાથી વિઘ્ન મારાવડે જોવાય છે. તેથી તમારે અહીં રહેવું યોગ્ય નથી. સમુદ્રવિજયે કહ્યું કે અમે કઈ દિશામાં જલ્દી જઈએ ? કૌષ્ટ્રિકે કહ્યું કે તમે પશ્ચિમદિશામાં જાવ. જ્યાં સત્યભામા દિવસે બેપુત્રને જન્મ આપે ત્યાં નગરસ્થાપીને તમારે સુખ માટે રહેવું. ત્યાં રહેતાં તમારા શત્રુઓનો ક્ષય થશે. અને કુટુંબ વગેરે સર્વરાજાઓ ચારેતરફથી વૃધ્ધિ પામશે. માર્ગમાં જતાં તમારા કુલના અધિષ્ઠાયક દેવો થનારી આપત્તિઓને હણશે. એમાં સંશય નથી. છપ્પન કુલકોટી યાદવો સાથે એક દિવસે યાદવરાજા પશ્ચિમ દિશાને ઉદ્દેશીને ચાલ્યા. ॥

ઘણા દેશોને ઉલ્લંઘન કરતો અનુક્રમે વિંધ્યગિરિ પાસે કુટુંબસહિત સમુદ્રવિજય રાજા વિસામા માટે રહ્યો. આ તરફ સમુદ્રવિજયે કહેલ સોમક રાજાના મુખેથી સાંભળીને જરાસંધ ( રાજા ) તે શત્રુઓને હણવા માટે ક્ષણવારમાં ચાલ્યો. હવે કાલક નામના પુત્રે આવીને પિતાને નમીને કહ્યું કે હે સ્વામી ! કીડીને હણવા માટે તમારો ઉદ્યમ યોગ્ય નથી. તમે અહીં રહો. શત્રુઓને હણવા માટે હમણાં મને આદેશ આપો. સ્વર્ગમાં – મનુષ્યલોકમાં ને બીલઆદિમાં રહેલા તેઓને એક રમત માત્રમાં હું હણીશ. કંસરાજાને હણીને તેઓએ જે પાપ કર્યું છે તે પાપનું પ્રાયશ્ચિત તે શત્રુઓને હું આપીશ. જેથી કહ્યું છે કે : – અતિઉગ્ર પુણ્ય ને પાપનું ફલ અહીંયાંજ ત્રણ વર્ષ – ત્રણ મહિના – ત્રણ પખવાડિયા અને ત્રણ દિવસવડે મેળવાય છે.

**जठराग्निः पचत्यन्नं, फलं कालेन पच्यते।**
**कुमन्त्रैः पच्यते राजा, पापी पापेन पच्यते।।**

જઠરાગ્નિ અન્નને પચાવે છે. ફલ કાલે કરીને પાકે છે. ખરાબ વિચારોવડે રાજા પકાવાય છે. પાપી પાપવડે પકાવાય છે. કાલક સાતસો રાજાઓ સહિત ઘણા હાથી – ઘોડા – સુભટો સહિત પિતાની આજ્ઞા લઈને તે શત્રુઓને હણવા માટે ચાલ્યો. યમરાજા જેવો જરાસંધનો પુત્ર કાલકકુમાર આવે છતે બલદેવ અને કૃષ્ણની રક્ષક દેવીએ એક દ્વારવાલી ઘણા અગ્નિવડે બલતી ચિતાઓને કરીને પાસે રહેલી વૃધ્ધાના રૂપવાલી દયાળુ સ્વરે રોવા લાગી. ત્યાં આવેલા કાલકે પૂછ્યું કે તું કેમ રડે છે ? તેણીએ કહ્યું કે ત્રણ ખંડનો રાજા જરાસંધ નામે રાજા છે તે જરાસંધ રાજાથી ભયપામેલા બલરામ ને કૃષ્ણ સહિત સમુદ્રવિજય વગેરે યાદવો પોતાના દેશમાંથી નાસી ગયા. માર્ગમાં તે સર્વે યાદવો ઉતાવળા ચાલતાં અનુક્રમે અહીં આવેલા – માણસોના મુખેથી આદરપૂર્વક આ સાંભલ્યું કે જ્યાં ત્યાં ગયેલા સર્વે યાદવોને હું મારીશ. આ પ્રમાણે પ્રતિજ્ઞા કરીને તે કાલકકુમાર સૈન્ય સહિત ચાલ્યો. આ પ્રમાણે સાંભળીને મેં ઘણું અટકાવવા છતાં પણ ઉતાવળ કરીને તે સર્વેયાદવો જલદીથી મૃત્યુમાટે ચિતામાં પેઠા. તેઓના વિયોગથી મનમાં અત્યંત દુઃખ પામેલી હું મોટા સ્વરે રડું છું. કોઈ દેવપણ રક્ષણ કરનારો ના થયો. પોતાની પ્રતિજ્ઞાને યાદ કરતો મૂઢમનવાલો કાલકકુમાર યાદવોને ખેંચી કાઢવા માટે જલદી તે વખતે અગ્નિમાં પેઠો. બીજા પણ ઘણા કાલકકુમારના સેવકો સ્વામીભકત એવા કરી છે ઉતાવળ જેણે એવા – સ્વામીની પાછળ અગ્નિમાં પેઠા. કહ્યું છે કે : –

**क्षमी दाता गुणग्राही, स्वामी दुःखेन लभ्यते।**
**अनुकूलः शुचिर्दक्षः, स्वामिन् भृत्योऽपि दुर्लभः ।।**

ક્ષમાવાળો – દાતાર ને ગુણને ગ્રહણ કરનારો એવો સ્વામી – દુઃખે કરીને મેળવાય છે. હે સ્વામિ! અનુકૂલ – પવિત્ર અને ચતુરસેવક પણ દુર્લભ છે.

યાદવો વિંધ્યાચલપાસે અગ્નિમાં પ્રવેશ કરીને મરી ગયા. તેમની પાછળ કાલકકુમાર મરણ પામ્યો.એ સાંભળીને જરાસંધ હર્ષ – શોક ને ભયથી વ્યાપ્ત થઈને વિચારવા લાગ્યો કે કાલકકુમાર મરી ગયો તે સારું ન થયું.

આ બાજુ યાદવો પશ્ચિમ દિશામાં ગયા ત્યારે સમુદ્રના કિનારે સુંદર દિવસે સત્યભામાએ બે પુત્રને જન્મ આપ્યો. તે બન્નેનો જન્મોત્સ્વ કરીને યાદવોએ ભાનુ અને ભામર નામ આપ્યું. તે પછી ઉજ્જયંત ગિરિ ઉપર ( ગિરનાર ઉપર) દેવોને નમસ્કાર કર્યો. સમુદ્રવિજયવડે કહેવાયેલા બલદેવ અને હરિએ સ્નાન કરી અઠમનો તપ કરી પશ્ચિમ સમુદ્રની પૂજા કરી. ત્રીજીરાત્રિએ સમુદ્રદેવે આવીને કૃષ્ણને કહ્યું કે હે માધવ ! આપે મને શા માટે યાદ કર્યો ? તે કહો. કૃષ્ણે કહ્યું કે સમુદ્રને કિનારે દેદીપ્યમાન નગરી કરાવીને અમારા નિવાસ માટે હમણાં મોટા આવાસો ( મકાનો ) કરો. કુબેરે બારયોજન લાંબી નવયોજન વિસ્તારવાલી ( પહોળી ) રૂપા ને રત્નના કિલ્લા સહિત એવી નગરી કરી.

અને ત્યાં કુબેરે ( નગરીમાં ) એક – બે – ત્રણથી સાત સુધીના માળવાળા પૃથ્વીમય શ્રેષ્ઠ મહેલો કર્યા. અને અનેક જિન ચૈત્યો કર્યા. ધનદે ( કુબેરે ) જ્યારે તે નગરીનું દ્વારવતિ એવું નામ આપ્યું ત્યારે સર્વે યાદવોએ હર્ષવડે ત્યાં નિવાસ કર્યો. ત્યારે દેવે કૃષ્ણને પાંચજન્ય નામનો શંખ આપ્યો. અને બલદેવને સુઘોષનામનો શંખ, રત્નમાલા ને વસ્ત્રો આપ્યાં. કુબેરે કૃષ્ણને બે પીળાં વસ્ત્ર – કૌસ્તુભમણિ શારંગ નામે શ્રેષ્ઠ ધનુષ્ય અને નંદન નામનું ખડ્ગ આપ્યું. કુબેરે કંસના શત્રુએવા કૃષ્ણને કૌમોદકી નામની ગદા, ગરુડના ધ્વજવાળો રથ – સન્માનપૂર્વક આપ્યાં. તેમજ કૃષ્ણને વનમાલા આપી. અને રામ ( બલદેવ ) ને કુબેરે સુંદર ઉત્સવપૂર્વક તાલધ્વજ ને બે નીલવસ્ત્ર અને હળ તે વખતે આપ્યાં. અરિષ્ટનેમિને ડોકનું આભરણ – બાહુરક્ષક ( બાજુબંધ ) ત્રૈલોક્ય વિજય નામનો હાર, ચન્દ્ર ને સૂર્ય નામના કુંડલ – ગંગાના તરંગ સરખાં નિર્મલ બે વસ્ત્ર ને સર્વ તેજોમય રત્ન, કુબેરે હર્ષવડે આપ્યાં. સર્વયાદવો અને કુબેરવગેરે દેવોએ ભેગા થઈને બલભદ્રસહિત કૃષ્ણનો રાજ્યઉપર અભિષેક કર્યો.

દશ ધનુષ્યના શરીરવાલા નેમિ – અનુક્રમે યૌવન પામીને વિકાર વગરનાં તેમણે પોતાના રૂપથી કામદેવના વૈભવને જીતી લીધો .એક વખત સ્વર્ગમાં ઇન્દ્રે દેવોની આગળ હર્ષથી નેમિનાથના સત્વ શૌર્ય વગેરેનું સુંદર વાર્ણન કર્યું. શ્રી નેમિનાથ પ્રભુ સત્વમાં – શૌર્યમાં – કુલમાં – શીલમાં – દાન અને રૂપના ગુણોમાં કોઇ દેવોવડે પણ ચલાયમાન કરી શકાય તેવા નથી. એ સાંભળીને કેટલાક દેવો આત્મામાં ઇર્ષ્યાને ધારણ કરતાં પ્રભુને ચલાયમાન કરવા માટે દ્વારિકાનગરી પાસે આવ્યા. મનુષ્યના રૂપને ધારણ કરનારા ( તેઓ ) તે દ્વારિકા પાસે મોટું નગર કરીને રહ્યા. અને ઘણાં ગાયવગેરેનું મનુષ્યો ને સ્ત્રીઓનું હરણ કર્યું. તેઓને જીતવા માટે જે રાજસેવકો ગયા હતા તે જલદી હણાયેલા પાછા આવ્યા. અને તેની ચેષ્ટા કહી. શત્રુઓને જીતવા માટે અનાવૃષ્ટિ ગયો. તેઓવડે સમરાંગણમાં બાંધીને ચાકરસહિત પોતાની નગરીની અંદર ફેંકી દીધો. તે શત્રુઓને જીતવા માટે જતાં એવા સમુદ્રવિજયને નિષેધ કરીને રામ ને કૃષ્ણ શત્રુઓને હણવા માટે ગયા. તે શત્રુઓ સાથે યુધ્ધકરતાં રામ ને કૃષ્ણને મજબૂતપણે બાંધીને સેવકો સહિત કેદખાનામાં નાંખ્યા. તે પછી નેમિકુમાર તે રણભૂમિમાં જઈને દયાસહિત પણ તેઓ સાથે અતિભયંકર યુધ્ધ કર્યું. યુધ્ધમાં પ્રભુએ સર્વશત્રુઓને ચેષ્ટા વગરના લાકડાંની જેમ કર્યા. જેથી તેઓ જરાપણ શ્વાસ લેવા માટે સમર્થ થયા નહિ. તે પછી સર્વ દેવો પોતાનું ( મૂલ ) સ્વરૂપ ધારણ કરતાં પોતાના આગમનનું કારણ સમસ્તપણે નમીને પ્રભુને કહ્યું. તે વખતે તે દેવોએ મનોહર – હાર અને બે કુંડલો આપ્યાં. તે વખતે ઇન્દ્રે ત્યાં આવીને પ્રભુને નમસ્કાર કર્યો. ઇન્દ્રે કહ્યું કે અનંતબલ – દેદીપ્યમાન સત્વવાળા – ગાંભીર્ય ને શૌર્યવાળા આ પ્રભુ કોઇવડે પણ ચલાયમાન કરી શકાય એવા નથી. રામ – કૃષ્ણ – અનાવૃષ્ણિ અને સમુદ્રવિજય વગેરે નેમિનાથને હાથી ઉપર ચઢાવીને ઘરે લાવ્યા. તે વખતે ઇન્દ્ર સહિત – હર્ષિત ચિત્તવાલા સર્વે યાદવોએ વિસ્તારપૂર્વક શત્રુંજય મહાતીર્થમાં યાત્રા કરી. શ્રી નેમિનાથને પ્રણામ કરીને ઘણા દેવો સહિત ઇન્દ્ર – શ્રી નેમિનાથના ગુણોને ગ્રહણ કરતો સ્વર્ગમાં ગયો. તે પછી બલદેવ સાથે કૃષ્ણ સુંદર નીતિથી રાજ્ય કરતો પૃથ્વીનું પાલન કરવા લાગ્યો. જેથી પૃથ્વી અત્યંત સુખી થઇ.

એક વખત નારદે આવીને કૃષ્ણની આગળ કહ્યું કે રુક્મિરાજાની બેન રુક્મિણી શ્રેષ્ઠ છે. તે પછી કૃષ્ણરાજાએ રુક્મિરાજા તરફ માણસ મોકલીને પ્રગટરીતે પાણિગ્રહણ માટે સારા દિવસે રુક્મિણીની માંગણી કરી. જ્યારે રુક્મિરાજા પોતાની બહેનને પોતાની જાતે હરિ – કૃષ્ણને આપતો નથી ત્યારે કૃષ્ણે વિચાર્યું કે મારે બળાત્કારે રુક્મિણી લેવી. ત્યાં આવીને રુક્મિરાજાને પોતાની બહેન નહિ આપતાં જાણીને કૃષ્ણે તેનું હરણ કરીને પોતાની નગરી તરફ ચાલ્યો. તેની

પાછળ આવેલા રુક્મિરાજાને સુંદર આશયવાલા કૃષ્ણે જીતીને પોતાની નગરી પાસે આવ્યો. કૃષ્ણે સુંદર ઉત્સવપૂર્વક રુક્મિણીને પરણીને નગરીની અંદર આવીને તેને ( રહેવા ) શ્રેષ્ઠ ઘર આપ્યું. વેગથી જાંબુવાન વિદ્યાધરની જાંબુવતી નામની પુત્રીને ગંગા નદીના કિનારે સ્નાન કરતી કૃષ્ણે હરણ કરી. પોતાના નગરની નજીક લાવી ગાંધર્વ વિવાહથી જલદી પરણીને કૃષ્ણ જાંબુવતીપ્રિયાને નગરીમાં લાવ્યો.

લક્ષ્મણા – સુસીમા – ગૌરી – પદ્માવતી અને ગાંધારી ( જાંબૂવતી અને સત્યભામા ) આઠ પટરાણીઓ થઇ. કોઇક વખત રુક્મિણીએ સ્વપ્નમાં સુંદર વૃષભથી જોડાયેલા વિમાનમાં પોતાને બેઠેલી જોઇને પતિની આગળ કહ્યું. કૃષ્ણે કહ્યું કે હે પ્રિયા ! તને સુંદર પુત્ર થશે. આ પ્રમાણે સાંભળીને કોઇ દાસીએ સત્યભામાને જણાવ્યું. ઈર્ષ્યાથી સત્યભામાએ પણ કૃષ્ણની પાસે જઇને કહ્યું કે મારાવડે સ્વપ્નમાં પર્વત સરખો શ્રેષ્ઠ હાથી જોવાયો. કૃષ્ણે કહ્યું કે તને ઘણા વૈભવ ને પરાક્રમવાલો દેદીપ્યમાન રૂપથી કામદેવને પરાભવ કરનારો પુત્ર થશે. તારે ગર્વ ન કરવો. જિનેશ્વરે કહેલો ધર્મ કરવો. આ પ્રમાણે સાંભળી કોઇ દાસીએ આવીને રુક્મિણીની આગળ કહ્યું. સત્યભામાએ કહેલું કૂટ – ખોટું જાણીને તે વખતે રુક્મિણીએ કહ્યું કે હે સત્યભામા!ઉત્તમ કુલવાલી તું ખોટું કેમ બોલે છે? સત્યભામાએ કહ્યું કે કદાચ ભાગ્યયોગથી મારું કહેવું ખોટું થાય તો પુત્રનો વિવાહ સમય આવે ત્યારે હે રુક્મિણી ! મારે તને મસ્તક ભદ્ર કરીને ( મુંડો કરીને ) જલદી તને વાળ આપવા. રુક્મિણીએ કહ્યું કે ( દૈવથી જ ) ભાગ્યથીજ જો મારું કહેલું ખોટું થાય તો મારે તને મસ્તક મુંડન કરીને વાળ આપવા. તે બન્નેએ સાક્ષી કરીને તે વખતે જ બન્નેએ જુદા જુદા ગર્ભને ધારણ કર્યો. રુક્મિણીએ સારા દિવસે અત્યંત પ્રકાશ કરનાર પ્રદ્યુમ્ન નામના પુત્રને જન્મ આપ્યો ને સત્યભામાએ ભાનુ નામના પુત્રને જન્મ આપ્યો. પૂર્વના વૈરથી ધૂમકેતુદેવે – રાત્રિએ રુક્મિણીના પુત્રને લઇને વૈતાઢ્ય પર્વતપર મૂક્યો. તે દેવ ગયો ત્યારે કાલસંવર નામના ખેચરે તે બાલકને લઇને પોતાની પત્ની કનકમાલાને આપીને આ પ્રમાણે કહ્યું કે તારે સર્વલોકોની આગળ ચોખ્ખા અક્ષરે કહેવું કે ગૂઢ ગર્ભવાલી મેં આજે સારા દિવસે પુત્રને જન્મ આપ્યો.

આ પ્રમાણે પતિનું કહેલું લોકોની આગળ બોલતી હર્ષ પામેલી તે સ્તનપાન આપવાથી પુત્રનું પાલન કરવા લાગી. પ્રદ્યુમ્ન નામને ધારણ કરતો દિવસે દિવસે પોષણ કરાતો તે પુત્ર – જેમ ચન્દ્રમા સમુદ્રને આનંદ આપે તેમ માતા–પિતાને આનંદ આપતો હતો. આ તરફ અકસ્માત ( ઓચિંતા ) પુત્રનું હરણ જાણી. રુક્મિણી કરુણસ્વરે રુદન કરતી હૃદયમાં દુઃખિત થઇ. તે વખતે કૃષ્ણે આવીને કહ્યું કે શોક નજ કરવો જોઇએ પૂર્વે ઉપાર્જન કરેલાં પાપ કે પુણ્યનો વિયોગ થતો નથી. કહ્યું છે કે બીજા જન્મોમાં જે શુભ કે અશુભ કર્મ ઉપાર્જન કર્યું હોય તે ઉદય આવે ત્યારે તેને દેવો અને અસુરો પણ ફોગટ કરવા સમર્થ થતા નથી

**आरोहतु गिरिशिखरं, समुद्रमुल्लङ्घ्य यातु पातालम्**
**विधिलिखिताऽक्षरमालं, फलति कपालम् न भूपालम् ।।**

પર્વતના શિખર પર ચઢો. સમુદ્રને ઓળંગીને પાતાલમાં જાવ તો પણ વિધિએ લખેલ અક્ષરની માલાવાળું કપાળ ( ભાગ્ય ) ફળે છે. પણ રાજા ફળતો નથી.

આ પ્રમાણે સાંભળીને તે વખતે પુત્રના વિયોગથી ઉત્પન્ન થયેલ દુઃખને તજીને રુકિમણી હંમેશાં જિનેશ્વરે કહેલા ધર્મને કરવા લાગી. આ બાજુ નારદ શ્રી સીમંધર સ્વામી પાસે પ્રદ્યુમ્નનો પૂર્વભવ સાંભળીને કૃષ્ણની પાસે આવીને કહેવા લાગ્યા. રુકિમણીએ પૂર્વભવમાં એક ઇંડાને કંકુવડે વિલેપન કરી ચકલીને સોલપ્રહર સુધી દુઃખી કરી તેથી સોલ વર્ષને અંતે રુકિમણીને નિર્દોષ પુત્ર મલશે. પૂર્વે કરેલું કર્મ ફોગટ થતું નથી. કહ્યું છે કે

**हसन्तो हेलया कर्म्म, ते कुर्वन्ति प्रमादिनः ।**
**जन्मान्तर शतैरेते, शोचन्तेऽनुभवन्ति तत् ।।**

પ્રમાદી પુરુષો રમતવડે હસતાં કર્મને કરે છે. તે સેંકડો જન્મવડે કરીને શોક કરે છે અને અનુભવે છે. આ બાજુ સમર્થ શાસ્ત્રના અર્થને જાણનાર કામદેવ સરખા – પ્રદ્યુમ્નકુમારને જોઇને વિદ્યાધરની સ્ત્રી અત્યત રાગાંધ થઇ. પ્રદ્યુમ્નની સાથે ભોગની ઇચ્છા કરતી વિદ્યાધરની પ્રિયાએ કહ્યું કે કામથી ઉત્પન્ન થયેલા મારાતાપને કામક્રીડાના દાનથી તું દયા કર. ( દૂર કર ) આ પ્રમાણે માતાની વાણી સાંભળીને કૃષ્ણપુત્રે કહ્યું કે હે માતા ! તેં આવું દુર્ગતિને આપનારું વચન કેમ કહ્યું ?

કહ્યું છે કે જે માણસ પરસ્ત્રીને ( કામની દ્રષ્ટિએ ) જુએ છે તે પોતાને પાપરુપી ધૂળવડે મલિન કરે છે. તેણે સ્વજનો ઉપર ખાર નાંખ્યો છે. અને તેને પગલે પગલે માથું ઢાંક્વું પડે છે.

**अकर्त्तव्यं न कर्त्तव्यं, प्राणैः कण्ठगतैरपि,**
**सुकर्त्तव्यं तु कर्त्तव्यं, प्राणैः कण्ठगतैरपि, ।।**

પ્રાણો કંઠમાં આવી જાય તો પણ માણસે ન કરવા લાયક ન કરવું જોઇએ. અને પ્રાણો કંઠમાં આવી જાય તો પણ સારું કરવા લાયક કરવું જોઇએ. તે પછી કનકમાલાએ કહ્યું કે હું તારી પોતાની માતા નથી. તું જંગલમાં પ્રાપ્ત થયો હતો. અહીં મેં તારું પાલન કર્યું છે.જગતના જયને કરનારી ગૌરી અને પ્રજ્ઞપ્તિ નામની વિદ્યા મારી પાસેથી તું ગ્રહણ કર. હે દયાના ભંડાર ! તું ભોગ આપવાથી મારાઉપર અનુગ્રહ કર. હું અકાર્ય કરીશ નહિ. એમ વિચારી પ્રદ્યુમ્ને કહ્યું કે તું મને બે વિદ્યાઓ આપ. તારું વચન પ્રમાણ છે. તેની કહેલી બન્ને વિદ્યાઓ પ્રાપ્ત કરી તે વિદ્યાઓ સાધીને કૃષ્ણપુત્ર – હૃદયથી યાચના કરતી એવી તેણીને છોડીને નગરમાંથી બહાર ગયો.

તે વખતે નખવડે પોતાના શરીરને ખોતરીને તેણી કલકલ શબ્દ કરે છે. ઉપાડયાં છે હથિયાર જેણે એવા તેના પુત્રો શત્રુને હણવા માટે ત્યાં આવ્યા. માતાના પરાભવને કરનારા માણસને જાણીને કોપપામેલા તેના પુત્રો બાહ્ય ઉદ્યાનમાં પ્રદ્યુમ્નને હણવા માટે આવ્યા. પ્રદ્યુમ્ને વિદ્યાના બલથી આવતાં એવા તેઓને એવી રીતે માર્યા કે જેથી તેઓ લોહીને વમનકરતાં પોતાને ઘેર ગયા. તેથી પુત્રોને તાડન કરાયેલા જોઇને ક્રોધ પામેલો સંવર – વિદ્યાધર સર્વસેવકો સાથે પ્રદ્યુમ્નને હણવા માટે ગયો. પ્રદ્યુમ્ને બલવાન્ એવા પણ સંવર વિદ્યાધરને ક્રીડાવડે જીતીને જેટલામાં ઉદ્યાનમાં રહ્યો

તેટલામાં નારદ આવ્યા. પ્રદ્યુમ્ન નારદને નમી જેટલામાં આગળ બેઠો તેટલામાં નારદમુનિએ કહ્યું કે અરે ! તું (તો) કૃષ્ણ ને રુક્મિણીનો પુત્ર છે, હે કૃષ્ણપુત્ર ! તારા ને ભાનુના જન્મમાં રુક્મિણી અને સત્યભામાવડે કેશદાન આદિ સંબંધ કરાયો છે. જેથી તું હમણાં ત્યાં જઈને જલદી માતાને આનંદ પમાડ, નહિંતર વાલ આપવાવડે તારી માતાનું મરણ થશે. તે વખતે પ્રજ્ઞપ્તિવિદ્યાવડે શ્રેષ્ઠ વિમાન રચી તેમાં બેસી નારદસહિત પ્રદ્યુમ્ન ચાલ્યો. પગલે પગલે ઘણાં ગામો ને નગરોને જોતો દ્વારિકાનગરી પાસે વનમાં આવ્યો..

તે વખતે ઉત્તરકુરુના ભાગમાં દુર્યોધનરાજા ભાનુકુમારને કન્યા આપવા માટે પોતાના નગરમાંથી આવીને રહ્યો. પરણવા લાયક કન્યાને હરણ કરીને વિદ્યાના બલથી અદૃશ્યરૂપ ને ધારણ કરનાર પ્રદ્યુમ્ને નારદની પાસે બહાર વનમાં મૂકી. તે પછી કૃષ્ણના બગીચાને ફલ ને પુષ્પથી રહિત કર્યો. ને બધા પાણીનાં સ્થાનો સૂકવી નાંખ્યાં. હવે જાનના ઘોડા – હાથી – અને બળદને ખાવા માટે જે ઘાસનો સમૂહ ભેગો કર્યો હતો તેને પ્રદ્યુમ્ને અદૃશ્ય કર્યો. વિદ્યાવડે સાર્થવાહ થઈને ઘોડાને ચલાવતો પ્રદ્યુમ્ન ભાનુકુમારવડે જોવાયો. અને તેથી તે ત્યાં આવ્યો.

મૂલ્યથી ઘોડાને લઈને ચલાવતો ભાનુકુમાર પ્રદ્યુમ્નની વિદ્યાવડે પૃથ્વીઉપર પાડી નંખાયેલો સર્વ લોકોવડે હાસ્ય કરાતો નગરીમાં ગયો. બ્રાહ્મણના વેશને ધારણ કરતો વેદને ભણતાં ને જતાં એવા પ્રદ્યુમ્ને સત્યભામાની કૂબડી દાસીને એકદમ સરળ ( સીધી ) કરી. દાસીની પાસે અત્યંત ભોજન માંગતો તે બ્રાહ્મણ પોતાની સ્વામિનીની પાસે લઈ જવાયો. અને તેને આસન પર બેસાડયો. સત્યભામાએ કહ્યું કે હે બ્રાહ્મણ ! તું મને રૂપથી રુક્મિણીના કરતાં અધિક કર. બ્રાહ્મણે કહ્યું કે તું હમણાં રૂપને માટે પ્રથમ મસ્તક મૂંડાવ.

બ્રાહ્મણવડે કહેવાયેલી તે ઘણા હર્ષ પામેલી સત્યભામાએ શ્રેષ્ઠરૂપ માટે હજામને બોલાવી વેગથી મસ્તક મૂંડાવ્યું. જીર્ણવસ્ત્રને ધારણ કરનાર એક આંખ આંજીને વસટ્ સ્વાહા એ પ્રમાણે અક્ષરોની પંક્તિ બોલતી દેવીની આગળ રહી. દાસીએ આપેલા ઘણા ભોજનને ખાતો જ્યારે તે બ્રાહ્મણ તૃપ્ત ન થયો ત્યારે દાસીએ તેને કહ્યું તું આજે હમણાં સઘળું ભોજન ખાઈ ગયો છે. હવે ઊભો થા. ઊભા થઈને તે બ્રાહ્મણે કહ્યું કે બીજે ઠેકાણે ભોજન માટે હું જાઉં છું. વાળસહિત મુનિવેષવાળો તે રુક્મિણીના ઘેર ગયો. તેને જોવાથી તેના ચિત્તમાં ઘણો શ્વાસ – હર્ષ થયો. રુક્મિણી જેટલામાં ઘરમાંથી આસન ન લાવી તેટલામાં કૃષ્ણના આસનપર તેને બેઠેલો જોઈને બોલી કે

કૃષ્ણ અથવા કૃષ્ણપુત્ર વિના આ કૃષ્ણના આસન – સિંહાસન પર બેઠેલા બીજા માણસને દેવતાઓ સહન કરતા નથી. મુનિએ કહ્યું કે તપના બલથી દેવો મને વિઘ્ન નહિ કરે. સોલવર્ષના તપના અંતે હું પારણા માટે અહીં આવ્યો છું.

હમણાં તું મને ભોજન આપ. નહિંતર હું સત્યભામાના ઘરે પારણા માટે જઈશ. તેણે આ પ્રમાણે કહ્યું ત્યારે રુક્મિણીએ કહ્યું કે નારદવડે કહ્યા છતાં પણ અમારા ઘરમાં પુત્ર આવ્યો નથી. તે ઉદ્વેગથી મેં ઘરમાં કંઈપણ અન્ન રાંધ્યું નથી. પુછાયેલી કુલદેવીએ મને પુત્રનો સંગમ આજે કહ્યો હતો . તે સાચો નથી થયો , આથી તું મને તેનું આગમન કહે. તેણે કહ્યું કે ખાલી હાથે પૂછનારાને સફલ થતું નથી. અથવા ભક્તિપૂર્વક શ્રેષ્ઠ ભોજન આપ.

કહ્યું છે કે : – ખાલી હાથે દેવ – નૈમિત્તિક – ગુરુ – ઉપાધ્યાય ને વૈદ્યને ન જોવા જોઇએ. ફલવડે ફલ બતાવાય છે. રુક્મિણીએ કહ્યું કે તમને હમણાં પેયા ગમે છે ? તે કહો ! તેણે કહ્યું કે જો પેયા મલે તો અમૃત થાય. તેણીવડે રંધાતી એવી પેયા જયાં સુધીમાં રંધાઇ નહિ તે વખતે મુનિએ રુક્મિણીપાસે શ્રેષ્ઠ એવા કૃષ્ણના મોદક માંગ્યા. રુક્મિણીએ કહ્યું કે કૃષ્ણના લાડવા બીજા માણસોના ખાધેલા પચતા નથી. તેથી હમણાં બીજું માંગ.

તેણે કહ્યું કે : – તું મને લાડુ આપ. પચાવવાની ચિંતાવડે તારે શું ? તપના બલથી બલવાન એવું પણ અન્ન – તે જ વખતે મને પચી જાય છે. તે વખતે તેણીએ શંકા સહિત મુનિને એક લાડવો આપ્યો. તેને પણ ક્ષણવારમાં ખાઇ જઇને તેની પાસેથી ફરી લાડવો માંગ્યો. આપેલા ઘણા લાડુને ખાતા એવા તે મુનિને જોઇને રુક્મિણીએ કહ્યું કે તારા તપનુંબલ અત્યંત બલવાન છે.

આ બાજુ મુંડિત મસ્તકવાલી – મુનિએ કહેલું બોલતી તે સત્યભામાને ચાકરોએ કહ્યું કે – વન ફલરહિત થઇ ગયું છે આ તરફ સઘળાં સરોવરો પાણી વગરનાં થઇ ગયાં છે. ને ભાનુ ઘોડાને ચલાવતો ઘોડા ઉપરથી પૃથ્વી ઉપર પડી ગયો. અને ભાનુને માટે આવેલી દેવાંગના સરખી કન્યાઓ હમણાં અકસ્માત કોઇ માણસવડે હરણ કરાઇ છે. સત્યભામાવડે વાળ લાવવા માટે મોકલાવાયેલી દાસીએ રુક્મિણીના ઘેર જઇને તેના મસ્તકના વાળ માંગ્યા જેટલામાં રુક્મિણીવડે દાસી સુંદર ઉક્તિથી સન્માન કરાઇ તેટલામાં ત્યાં રહેલા માયાવી મુનિએ આ પ્રમાણે કહ્યું. સત્યભામાએ તને ગુપ્તપણે મોકલી તે સારું કર્યું. ખરેખર તારી સ્વામિની રુક્મિણીના વાળોને તારા હાથવડે મંગાવતી હમણાં કેમ લજ્જા નથી પામતી ? અને હમણાં પાપથી કેમ બીતી નથી ?

મુનિએ તેનાજ વાળવડે સુવર્ણનું વાસણ ભરીને તેવી રીતે રહેલી તે દાસીને સત્યભામા પાસે મોક્લી. રુક્મિણીના વાળને નહિ આવેલા જોઇને દાસીને મુંડન કરેલા મસ્તકવાલી જોઇને સત્યભામા ખેદ પામી. દાસીનાવાળને અને તેવા પ્રકારના મસ્તકવાલી દાસીને કૃષ્ણની પાસે લઇ જઇને સત્યભામાએ રોષથી આ પ્રમાણે કહ્યું. તમે રુક્મિણીના વાળ માટે તે વખતે સાક્ષી હતા. રુક્મિણીએ તો મારી દાસીને હમણાં આવા પ્રકારની કરી છે. કૃષ્ણે કહ્યું કે તું હમણાં મુંડિત મસ્તક કેમ દેખાય છે ? હમણાં તો તેણીએ દાસીને સ્વામિની સરખી કરી છે. સત્યભામાએ કહ્યું કે સ્વામી આ હાસ્યવડે મને સર્યું.આપ ચોખ્ખી રીતે રુક્મિણીના વાળ જલદી લાવો. કૃષ્ણે રુક્મિણીના ઘરમાં વાળમાટે બળદેવને મોકલ્યા. ત્યાં રહેલા કૃષ્ણને જોઇને લજ્જા પામેલા તે જલદી પાછા વળ્યા. પાછા આવીને બળદેવે ત્યાં બેઠેલા કૃષ્ણને કહ્યું કે તારાવડે બે રૂપ કરવાથી પુત્રવધૂથી હું લજ્જા પામ્યો છું. હે હરિ ! તેં રુક્મિણીના ઘરમાં એક રૂપ કર્યું હતું. અને હમણાં એક રૂપવડે તું અહીં દેખાય છે. હરિએ કહ્યું કે સોગનપૂર્વક હું ત્યાં ગયો નથી. આ તારી માયા છે. એમ કહીને રામ – બલદેવ – પોતાના સ્થાનમાં ગયો. આ બાજુ નારદમુનિએ રુક્મિણી આગળ કહ્યું કે આ તારો પુત્ર છે રુક્મિણીએ કહ્યું કે આવા વખતે પુત્ર કેવી રીતે આવે ? હવે પ્રદ્યુમ્ને પોતાના ( મૂલ ) રૂપમાં રહી – હર્ષવડે માતાનાં બે ચરણોમાં નમન કર્યું. રુક્મિણીએ અત્યંત હર્ષથી બે હાથોવડે પુત્રનું આલિંગન કર્યું, રુક્મિણીએ સ્નેહપૂર્વક બે હાથવડે પુત્રને આલિંગન કર્યું ત્યારે પુત્રે કહ્યું કે પિતાની પાસે " પુત્રના વાક્યથી " કહેવું નહિ. ( " આ પુત્ર છે " તેવું વાક્ય ન કહેવું )

આ પ્રમાણે રુક્મિણીને જલદી રથમાં બેસાડીને તે કૃષ્ણના પુત્રે ( પ્રદ્યુમ્ને ) શંખને વગાડ્યો ને રાજમાર્ગમાં ચાલ્યો. હું રુક્મિણીનું હરણ કરીને જાઉ છું. કૃષ્ણ અથવા બીજો પણ રક્ષણ કરે. આ પ્રમાણે બોલતો પ્રદ્યુમ્ન જલદીથી નગરની બહાર ગયો. રુક્મિણીનું હરણ કરીને નગરની બહાર જતાં શત્રુને સાંભળીને કૃષ્ણ શત્રુને હણવા માટે ને પ્રિયાને પાછી લાવવા માટે જલદી ગયો. ત્યાં જઇને મજબૂતપણે શારંગ– ધનુષ્યનું આસ્ફાલન કરતાં કૃષ્ણે કહ્યું કે હે મરવાની ઇચ્છાવાલા ! મારી આ પત્નીનું તું શા માટે હરણ કરે છે ? જો તું મારાથી મરવાને ન ઇચ્છતો હોય તો આ રુક્મિણીને જલદીથી છોડી દે. શું તારાવડે મારું શત્રુને હરણ કરનારું બલ જણાયું નથી ? હવે તે કૃષ્ણપુત્રે એકદમ વિદ્યાના બલથી તેની છાવણી ભાંગી નાંખીને દાંત વગરના હાથીની જેમ કૃષ્ણને હથિયાર વગરનો કર્યો.

કૃષ્ણ તેનું મસ્તક કાપવા જે જે શસ્ત્ર હાથમાં કરે છે તે તે શસ્ત્રને તે કૃષ્ણનોપુત્ર આકડાનાં રૂની જેમ દૂર ફેંકી દે છે. હવે કૃષ્ણ ખેદ પામ્યા ત્યારે નારદે ત્યાં આવીને આ પ્રમાણે કહ્યું આ પ્રદ્યુમ્ન તમારો પુત્ર છે. કાંતિવાલો જે રુક્મિણીવડે જન્મ પામ્યો છે. આ પ્રમાણે સાંભળીને કૃષ્ણે પ્રેમપૂર્વક પ્રદ્યુમ્નને આલિંગન કરીને પોતાના પટ્ટહસ્તિ પર બેસાડીને પોતાના નગર તરફ ચાલ્યો. પ્રદ્યુમ્ન અને રુક્મિણી સહિત – મહોત્સવ કરતો કૃષ્ણ નગરીમાં લોકોવડે જોવાતો પોતાના ઘેર આવ્યો.

આ બાજુ દુર્યોધને આવીને કહ્યું કે તમારા પુત્રને માટે અહીં કન્યા લવાઇ હતી તે હમણાં કોઇકે ગુપ્તપણે હરણ કરી છે. કન્યાની તપાસ કરવા છતાં પણ જ્યારે કોઇનાવડે પ્રાપ્ત ન કરાઇ ત્યારે દુર્યોધન વગેરે સઘળા અત્યંત દુઃખી થયા. હવે કૃષ્ણે કહ્યું કે એવો કોઇ છે કે કન્યાને અહીં લાવે. હું કન્યાને લાવીશ. એમ કહીને પ્રદ્યુમ્ન ચાલ્યો. તેનાવડે લવાયેલી કન્યા તેને અપાતી બળાત્કારે પ્રદ્યુમ્ને સુંદર ઉત્સવપૂર્વક ભાનુને અપાવી.

ત્યાં ઘણા વિદ્યાધરોએ આવીને વિદ્યાધર કન્યાઓ અને રાજાઓએ ઘણી રાજકન્યાઓ પ્રદ્યુમ્નને સુંદર ઉત્સવપૂર્વક આપી. કૃષ્ણે જીર્ણમંચ પર રહેલી સત્યભામાને જોઇને પુછ્યું કે તારા હૈયામાં શું દુઃખ છે ? તે પછી સત્યભામાએ કહ્યું કે હું તમારી પાસેથી પ્રદ્યુમ્નસરખા પુત્રને પ્રાપ્ત કરું. કૃષ્ણે કહ્યું કે તારે દુઃખ કરવું નહિ. પુત્ર થશે. ચતુર્થતપ ( ઉપવાસ તપ ) થી તુષ્ટ થયેલા નૈગમૈષી દેવે કૃષ્ણને કહ્યું કે હે કૃષ્ણ તમારે શું જોઇએ છે ? તે પછી કૃષ્ણે આ પ્રમાણે કહ્યું. તમે તેવી રીતે કરો કે જેથી સત્યભામાને બલ – રૂપ અને લક્ષ્મી આદિથી પ્રદ્યુમ્નના સરખો પુત્ર થાય.

હાર આપીને દેવે કહ્યું કે આ હાર તમારે પત્નીને આપવો. જેથી ( સત્ય ) ભામાને અનુક્રમે કામદેવ સરખો પુત્ર થશે. હવે દેવ ગયા ત્યારે તે વિદ્યા વડે હારનું સ્વરૂપ જાણીને પ્રદ્યુમ્ને જાંબુવતીને સત્યભામા સરખી બનાવી. વિદ્યાવડે પ્રેરાયેલી જંબુવતી કૃષ્ણની પાસે ગઇ. ભામાની ભ્રાંતિવડે તેને હાર આપીરાત્રિમાં તેને ભોગવી. ઉત્તમ સ્વપ્નથી સૂચિત સ્વર્ગમાંથી ચ્યવેલો કોઇક દેવ સુંદર પુણ્યના પ્રભાવથી તેણીની કુક્ષિમાં અવતર્યો. જાંબુવતી ગઇ ત્યારે ભોગને માટે સત્યભામા આવી. કૃષ્ણે વિચાર્યું કે આ ક્ષણવારમાં ફરીથી ભોગમાટે આવી છે. પુરુષને એક વખત ભોગવડે તૃપ્તિ થાય છે. સ્ત્રીને નહિ, કારણકે સ્ત્રીને પુરુષ કરતાં આઠગુણો કામ હોય છે કહ્યું છે કે : –

**आहारो द्विगुण: स्त्रीणां, निद्रा तासां चतुर्गुणा।**
**षट्गुणो व्यवसायश्च, कामश्चाष्टगुण: स्मृत: ।।**
**सुवंशजोऽप्यकृत्यानि, कुरूते प्रेरित: स्त्रिया,**
**स्नेहलं दधिमथ्नाति, पश्य मन्थानको न किम्।।**

સ્ત્રીઓને આહાર બમણો હોય છે. નિદ્રા ચારગણી હોય છે. વ્યવસાય છ ગણો હોય છે.ને કામ આઠગણો હોય છે ઉત્તમવંશમાં ઉત્પન્ન થયેલો પણ સ્ત્રીથી પ્રેરાયેલો અકાર્યો કરે છે. તું જો રવૈયો સ્નેહાલુ એવા દહીંને મથન કરતો નથી ? એ પ્રમાણે વિચારીને તે પ્રિયાને કૃષ્ણ ભોગવતો હતો ત્યારે પ્રદ્યુમ્ને સમસ્ત બલથી ભંભા વગાડી. આ ભંભા કોણે વગાડી ? એ પ્રમાણે સંશયવાલો કૃષ્ણ – રતિમાં આસકત એવા ચિત્તમાં ને હૈયામાં ઘણો આશ્ચર્યચકિત થયો. પ્રદ્યુમ્નવડે તાડન કરાયેલી ભંભાને જાણીને ક્ષોભ પામેલા કૃષ્ણે કહ્યું કે હે ઉત્તમ પ્રિયા ! સત્યભામા તને સુંદર રૂપવાલો પુત્ર થશે.

સવારમાં જાંબુવતીના કંઠમાં હાર જોઈને પ્રદ્યુમ્નના કપટના વખાણ કરતો તે ઘણો આશ્ચર્ય પામ્યો. યોગ્યસમયે જાંબુવતીએ શાંબ નામના પુત્રને જન્મ આપ્યો. અને સત્યભામાએ જન્મથી બીકણ – ભીરુક નામના પુત્રને જન્મ આપ્યો. હવે રુકમણિનો પુત્ર પ્રદ્યુમ્ન ઉપાયથી શ્રેષ્ઠએવી વૈદર્ભી કન્યાને પરણ્યો. અને તે વખતે શાંબ – હિમરાજાની પુત્રી સુહરિણ્યાને પરણ્યો. એક વખત સત્યભામાએ કહ્યું કે હે જાંબુવતી ! તારો પુત્ર શાંબ મારા પુત્ર ભીરુકને ભય પમાડે છે. તારે તેને અટકાવવો. સત્યભામાથી પ્રેરણા પામેલા કૃષ્ણે જાંબુવતીને કહ્યું કે બુધ્ધિશાળી એવો મારો પુત્ર શાંબ – ભીરુકને બિવરાવે છે. જાંબુવતીએ કહ્યું કે હે પ્રિય ! મારો પુત્ર શાંબ હંમેશાં સૌમ્ય છે. કોઇ ઠેકાણે કોઇનું જરાપણ વિરુધ્ધ કરતો નથી. કહ્યું છે કે જેના હૈયામાં જે વર્તે છે. તે તેને સુંદર સ્વભાવવાળા તરીકે સ્થાપન કરે છે. માતા એવી વાઘણ પોતાનાં બચ્ચાંને ભદ્ર ને સૌમ્ય માને છે. કૃષ્ણે કહ્યું કે હે પ્રિયા ! તારો પુત્ર હંમેશાં સૌમ્ય છે. તો પણ તે પુત્રની હમણાં પરીક્ષા કરીએ.

હવે કૃષ્ણ ભરવાડનું રૂપ ધારણ કરી – ભરવાડણના રૂપને ધારણ કરતી જાંબૂવતી સાથે નગરની અંદર દહીં વેચવાના બહાનાથી તે બન્ને ગયાં. ભરવાડણને જોઇને શાંબે કહ્યું કે તું અહિ આવ. તારુ દહીં હું લઇશ. એ પ્રમાણે કહીને તે તેણીને બળાત્કારે શૂન્ય ઘરની અંદર લઇ ગયો. તે વખતે જાંબૂવતીએ અને કૃષ્ણે પોતપોતાનું રૂપ પ્રગટ કરે છતે લજજા પામેલો ઢાંકી દીધાં છે અંગ જેણે એવો શાંબ નાસી ગયો. કૃષ્ણે જાંબુવતીને કહ્યું કે તેં તારા પુત્રનું કાર્ય જોયું ? તેણી ખરેખર ક્રૂર એવા પણ પુત્રને સૌમ્ય માને છે. તે આશ્ચર્ય છે.

બીજે દિવસે જતાં હાથમાં ગ્રહણ કર્યો છે ખીલો જેણે એવા શાંબે કહ્યું કે જે ગઇકાલના મારા વૃતાંતને અહીં કહેશે તેના મુખમાં આ ખીલો હું નાંખીશ. તેનું આ વચન સાંભળી તે વખતે રોષપામેલા કૃષ્ણે કહ્યું કે હે સ્વેચ્છાચારી શાંબ ! આ મારા નગરમાં તું ન રહે શાંબ પ્રદ્યુમ્ન પાસેથી પ્રજ્ઞપ્તિ નામની વિદ્યા પ્રાપ્ત કરીને નીકળ્યો. પ્રદ્યુમ્ન પણ શાંબની જેમ હંમેશાં ભીરુકને પીડા પમાડતો હતો. ભામાએ કહ્યું કે હે પ્રદ્યુમ્ન ! તું શાંબની પેઠે ઠેકાણે કેમ જતો નથી? પ્રદ્યુમ્ને કહ્યું કે હે માતા ! હું કયાં જાઉ ? તે હમણાં કહો. સત્યભામાએ કહ્યું કે તું જલદી સ્મશાનમાં ચાલ્યો જા. પ્રદ્યુમ્ને

કહ્યું કે હે માતા! મને તમારું વચન પ્રમાણ છે. હે માતા ! હું પાછો ક્યારે આવું ? તેથી સત્યભામાએ કહ્યું કે જ્યારે હું શાંબને હાથમાં પકડીને લાવું તે વખતે તારે મહોત્સવપૂર્વક આવવું. તે પછી પ્રદ્યુમ્ન – માતાની વાણીથી સ્મશાનમાં ગયો.

હવે દેશાંતરમાં ભમતો શાંબ – અનુક્રમે તે સ્મશાનમાં આવીને નમસ્કાર કરતો ભાઇ પ્રદ્યુમ્નને મળ્યો. આ બાજુ સત્યભામાએ ભીરુકના વિવાહ માટે – ૯૯ – કન્યાઓ ભેગી કરી. પરંતુ એક સુંદર કન્યા મલતી નથી. પ્રજ્ઞપ્તિ વિદ્યા વડે સત્યભામાના ચિત્તમાં વિચારાયેલું જાણીને પ્રદ્યુમ્ને વિદ્યાથી શાંબને દિવ્ય કન્યા કરી. પોતે જિતશત્રુ રાજા થઇને તે કન્યાને પોતે લઇને દ્વારિકાની નજીકમાં આવી ઘણા પરિવાર સાથે રહયો.

તે કન્યાને આવેલી જાણીને ( સત્ય ) ભામાએ જિતશત્રુ રાજા પાસે પુત્રને માટે શ્રેષ્ઠ સન્માનપૂર્વક માંગણી કરી. જિતશત્રુ રાજાએ કહ્યું કે જો ભામા મારી પુત્રીને પોતેજ હાથમાં પકડીને મહોત્સવપૂર્વક નગરની અંદર લઇ જાય અને વિવાહ સમયે આ કન્યાના હાથને ભીરુકના હાથ ઉપર તું કરાવે તો હે ભામા ! ભીરુક આને વરે. તેનું વચન અંગીકાર કરીને તે કન્યાને હાથમાં કરીને નગરમાં આવતી ભામાને જોઇને નગરના લોકો કહેવા લાગ્યા. આ પુણ્યવતી ભામા – હમણાં તેના પુત્રના વિવાહનો સમય છે. માટે વિચક્ષણ એવી તે નગરીની અંદર સન્માન કરીને શાંબને લાવી. સત્યભામા પ્રજ્ઞપ્તિ વિદ્યાવડે કરીને શાંબને કન્યાના રૂપને ધારણ કરનારા ( તરીકે ) પ્રગટપણે જુએ છે. ને હર્ષિત એવી તે પગલે પગલે વહુની બુધ્ધિથી જુએ છે. નગરીનાં લોકો ત્યારે રાજમાર્ગમાં શાંબને જોઇને વિચારવા લાગ્યા કે હમણાં સત્યભામા જાંબુવતીના પુત્રને કેમ લાવે છે ? કેટલાક લોકો કહેવા લાગ્યા કે આ સત્યભામા શ્રેષ્ઠ છે. તેથી શોક્યના પુત્ર એવા શાંબને પ્રગટપણે લાવે છે.ઉત્તમ માણસો કોઇ ઠેકાણે પોતાનું ને પારકું માનતાં નથી. ને કેટલાક લોકો ઉત્સવમાં તો હંમેશાં શત્રુનું પણ સન્માન કરે છે. કન્યા સત્યભામાના ઘરે ગઇ. પોતાનો જમણો હાથ ભીરુકના હાથની ઉપર આવેલો વિવાહ મંડપમાં રહયો. નવ્વાણું કન્યાના હાથની ઉપર પોતે પોતાના હાથ કરીને તે કન્યાઓ અગ્નિની ચારે બાજુ ભમવા લાગી. વિવાહ પછી શાંબવડે પોતાનું રૂપ પ્રગટ કરાયું ત્યારે ભૃકુટિવડે બિવરાવાયેલો ભીરુક માતાના શરણે ગયો. સત્યભામા પણ શાંબને જોઇને બોલી કે હે પાપી ! હે મૂર્ખમાં ઉત્તમ ! હમણાં નગરીની અંદર તું કોનાવડે લવાયો છે ?

તે પછી ભક્તિવડે માતાનાં ચરણોમાં નમસ્કાર કરી શાંબે આ પ્રમાણે કહ્યું કે હું તમારાવડે સજ્જનોની સાક્ષીએ લવાયો છું. સર્વકન્યાઓનું અને ભીરુકનું પાણિગ્રહણ – તમારાવડે સર્વલોકો અને સજ્જનોની સાક્ષીપૂર્વક કરાવાયું. . તેણીવડે પુછાયેલા લોકો બોલ્યાં કે અમારાવડે શાંબજોવાયો હતો. એનાવડે સર્વ કન્યાઓ સારા ઉત્સવપૂર્વક પરણાઇ.. રુક્મિણીનો પુત્ર પ્રદ્યુમ્નકુમાર એ જિતશત્રુ રાજા થયો. ખેદ પામેલી સત્યભામાએ ઈર્ષ્યાથી શાંબને આ પ્રમાણે કહ્યું કે તારો બંધુ કપટી છે. તારો પિતા પણ કપટી છે. તારી માતા પણ કપટી છે. માયાવી કન્યારૂપવાલા સહજ શત્રુ એવા તેં મને ઠગી. માતા – પિતા ને ભાઇ વગેરે જેના માયાવી છે. માયાવી એવા અને શત્રુ સરખા તમારા પુત્રે મને ઠગી છે. આ પ્રમાણે કહીને દુઃખિની એવી સત્યભામાએ લાંબા કાળસુધી નિસાસા નાંખીને પોતાના ઘરે આવીને જલદીથી જીર્ણ માંચાનો ( ખાટલાનો ) આશ્રય કર્યો.

હવે વસુદેવને નમસ્કાર કરીને શાંબે કહ્યું કે તમે ભ્રમણ કરતાં ઘણી કન્યાઓને પરણ્યા. હું તો થોડા કાલમાં

સો કન્યાઓને પરણ્યો. વસુદેવે કહ્યું કે મેં સ્વયંવરમાં આવેલી તેની માતા વગેરેએ આપેલી હજારો કન્યા સ્વીકારી છે. તું તો માયાવડે માતાને ઠગીને ભાઇ સહિત અહીં આવેલી – ૯૯ – કન્યાઓને પરણ્યો. દાદાને ક્રોધ પામેલા જાણીને નમસ્કાર કરી શાંબે કહ્યું કે હે દાદા ! તમારે મારો કરેલો સર્વ અપરાધ ક્ષમા કરવા લાયક છે. તેવા પ્રકારના વિનયથી ગર્ભિત વચનવડે અત્યંત ખુશ થયેલા દાદાએ ત્યાં સુંદરવાણીથી શાંબની પ્રશંસા કરી. તે વખતે પ્રદ્યુમ્ન વગેરે યાદવોના શ્રેષ્ઠકુમારો પાંડુરાજાના પુત્રો સાથે હર્ષવડે હંમેશાં રમે છે.

આ બાજુ યવનદ્વીપમાંથી રત્નકંબલોનો વેપાર કરતા એવા વાણિયા દ્વારિકા નગરીમાં આવ્યા. સવા લાખ દ્રવ્યવડે એક એક રત્નકંબલને વેચતાં એક વખત તેઓમાંના વેપારીએ નકકી સાંભળ્યું કે રાજગૃહ નગરમાં એક રત્નકંબલ બે લાખ દ્રવ્યવડે મેળવાય છે. થોડા દ્રવ્યમાં તે મેળવાતી નથી. તેથી તે વણિકો બધી રત્નકંબલો લઇ રાજગૃહ નગરમાં મગધદેશના રાજા પાસે ગયા. અનુક્રમે નગરીમાં તે વેચાણ કરતાં જરાસંધ રાજાના ઘરની પાસે તે વણિકો જેટલામાં ગયા તેટલામાં જરાસંધ રાજાની પુત્રી જીવયશા વણિકની પાસે રત્નકંબલો લેવા માટે ગઇ.

તે વખતે અલ્પ મૂલ્યવડે માંગતી તે જીવયશા વેપારીઓવડે કહેવાઇ કે હે પુણ્યવતી ! આ પ્રમાણે કેમ બોલો છો ? દ્વારિકા નગરીની અંદર આ રત્નકંબલો બે – બે લાખથી વેચાઇ છે. તો તમે આમ કેમ માંગો છો ? આથી તે નગર આ નગરથી શ્રેષ્ઠ છે. તે પછી જીવયશાએ કહ્યું કે તે શ્રેષ્ઠ નગરી કયાં છે ? વેપારીઓએ કહ્યું કે પશ્ચિમ સમુદ્રની પાસે ઇન્દ્રપુરી જેવી તે દ્વારિકા નામની નગરી છે. તે નગરીમાં યાદવોના વંશમાં ઉત્પન્ન થયેલો કૃષ્ણનામે રાજા ઇન્દ્રસરખા પરાક્રમવાલો ન્યાયમાર્ગથી પ્રજાનું રક્ષણ કરે છે. ત્યાં નવ ભાઇ સહિત પરાક્રમી એવો સમુદ્રવિજય રાજા છે. અને બીજાપણ કરોડ સંખ્યાવાલા યાદવો છે.

દુકાનની શ્રેણીમાં કૈલાસપર્વત સરખા મણિઓના ઢગલાઓ જોઇને જાણકારોવડે તર્ક કરાય છે કે હમણાં સમુદ્ર મણિથી શેષ ( ખાલી ) થઇ ગયો છે. દરેક સ્થાને અત્યંત મોટા – ઘણા સોનાના ઢગલાઓને જોઇને પંડિતો વિચાર કરે છે શું સુવર્ણદ્વીપ અહીં આવ્યો છે ? સ્થાનકે સ્થાનકે રેશમી વસ્રોના ઘણા ઢગલાઓ જોઇને લોકો કહે છે કે જગતના સર્વે વસ્રો અહીં આવ્યા છે ? કૃષ્ણનું નામ સાંભળવાથી જીવયશા પિતાની આગળ આવીને બોલી કે તમારા જમાઇને હણનારો હજુ જીવે છે. તેથી મારા મજબૂત એવા પણ હૈયામાં દુઃખને કરતું શલ્ય છે. હે પિતા ! તે હમણાં ખેંચી કાઢો. નહિતર તો હું જલદી મરી જઇશ.

જરાસંધે કહયું કે કૃષ્ણસહિત સર્વેયાદવો અગ્નિમાં પ્રવેશ કરીને મૃત્યુ પામ્યા છે. આથી તું દુઃખ ના કર. આ તરફ ત્યાં કોઇ બીજા વણિકોએ આવીને જરાસંધ રાજાની આગળ મણિથી ભરેલો થાલ મૂકયો. તેઓનું સન્માન કરીને રાજાએ પૂછ્યું કે આવા પ્રકારનાં રત્નો કયાં છે ? અને કયા સ્થાનમાંથી લાવ્યા તે જણાવો. કાંતિના સમૂહવડે ચન્દ્ર અને સૂર્યના બિંબ જેવા મોટા આંબલા સરખા પ્રમાણવાલાં રત્નો અને સુંદર મોતીઓ બતાવીને તે વણિકોએ વિનયપૂર્વક રાજાને કહ્યું કે પશ્ચિમ સમુદ્રના કિનારે દ્વારવતી નામની શ્રેષ્ઠ નગરી છે. ત્યાં સર્વયાદવોમાં શ્રેષ્ઠ કૃષ્ણ નામે રાજા છે. ન્યાયથી રાજ્યનું પાલન કરતો તે પ્રજાને રામની યાદ અપાવે છે. નવભાઇ સહિત સમુદ્રવિજયરાજા સમસ્ત લોકોને વિષે અત્યંત પ્રીતિવાલો છે. હે રાજા ! આવા પ્રકારના ઘણાં મણિ – મોતી અને બીજી ઘણી સુંદર વસ્તુઓ ત્યાં મલે છે.

પાંડવો બારવર્ષ ગુપ્તપણે રહીને હમણાં કૃષ્ણની પાસે આવીને સુખપૂર્વક રહે છે. ત્યાં યદુઓવડે સન્માન કરાયેલા પાંડુરાજાના પુત્રો – પાંડવોએ જેમ ચકોર ચન્દ્રને યાદ કરે તેમ સતત પોતાના રાજ્યને યાદ કર્યું. દુર્યોધન પાસે પાંડવોએ દૂત મોકલીને સ્નેહના વાક્યપૂર્વક સ્પષ્ટ રીતે પોતાનું રાજ્ય માંગ્યું. જ્યારે દુર્યોધને પાંડવોને રાજ્ય આપ્યું નહિ ત્યારે તેઓએ એકદમ ઘણા સુભટોને ભેગા કર્યા. દુર્યોધને પણ બખ્તર ધારણ કરી પોતાની છાવણી તૈયાર કરી. તેઓ સાથે વેગથી યુધ્ધ કરવા માટે આવી રહ્યો છે. આ સાંભળીને જરાસંધ ઘણું સૈન્ય ભેગું કરીને શત્રુ એવા કૃષ્ણને હણવા માટે રાજગૃહી નગરથી ચાલ્યો. તે વખતે દુર્યોધને જરાસંધ પાસે આવીને કહ્યું કે જ્યાં સુધી હું પાંડવોને મારું ત્યાં સુધી તમે સ્થિર રહો. તે પછી પાંડુપુત્રો – પાંડવો સાથે યુધ્ધ કરતો દુર્યોધન રણભૂમિમાં પોતાના ભાઇઓ સાથે પરલોકમાં ગયો.

**( <u>આ સંબંધ તેના ચારિત્રમાંથી વિસ્તાર પૂર્વક જાણી લેવો.</u> )**

તે પછી પાંડવોવડે દુર્યોધન રાજાને યમમંદિરમાં મોકલાવાયેલો સાંભળીને મગધાધીશ જરાસંધ હૃદયમાં ખિન્ન થયો. તે પછી જરાસંધ રાજાએ પોતાના સેવકોની આગળ આ પ્રમાણે કહ્યું કે શ્રેષ્ઠ સેવક એવો દુર્યોધન પાંડુપુત્રો વડે હણાયો. આથી પાંડુપુત્રો સાથે કૃષ્ણ જલદીથી હણાશે ત્યારે શુભના ઉદયથી મારા ચિત્તમાં શાંતિ થશે. આ પ્રમાણે પોતાના સેવકો સાથે જરાસંધ રાજાએ વિચાર કરીને સ્પષ્ટશબ્દવાલા મદનનામના શ્રેષ્ઠ દૂતને શિખવાડીને કૃષ્ણની પાસે મોકલ્યો,અને તે બોલ્યો કે હે રાજા ! હું જરાસંધ રાજાનો દૂત છું, જરાસંધ રાજાએ મારા મુખેથી કહેરાવ્યું છે કે મારોજમાઇ કંસ તમારાવડે હણાયો તે સારું નથી થયું. અર્જુનના સારથિ થઇને નાના ભાઇઓ સાથે મારો સેવક દુર્યોધન મૃત્યુ પમાડાયો તે સારું થયું નથી. દૂતના મુખેથી જરાસંધનું કહેલું સાંભળીને કૃષ્ણે તેનો ધિક્કાર કરીને તેને વેગથી પાછો મોકલ્યો. તે પછી તે દૂત જરાસંધની પાસે જઇને આ પ્રમાણે બોલ્યો કે પાંડુપુત્રોવડે અને સૈન્યવડેયુક્ત કંસનો શત્રુ કૃષ્ણ બળવાન છે. તેઓ તમને અને બીજા રાજાઓને ઘાસની જેમ પણ માનતા નથી.

ક્રોધ પામેલો જરાસંધ યુધ્ધ કરવા માટે સજ્જ થયો. તેટલામાં કૃષ્ણે પણ બખ્તર ધારણ કરીને રસ્તામાં પ્રયાણ કર્યું. ગુર્જરદેશના આભૂષણરૂપ વઢિયાર દેશમાં જરાસંધ અને કૃષ્ણનું સૈન્ય ભેગું થયું. જરાસંધ રાજાએ હિરણ્યનાભ રાજાને સેનાપતિ કરીને યુધ્ધ કરવા માટે જલદી ગરુડ વ્યૂહ કર્યો. કષ્ટથી શ્રેષ્ઠ પરાક્રમવાલા અનાવૃષ્ટિને સેનાપતિ કરીને શત્રુને હણવા માટે યુધિષ્ઠિર આદિ સહિત કૃષ્ણ ચાલ્યો. ઘોડાઓના હેષારવોવડે – હાથીઓના ગર્જારવોવડે અને સુભટોના સિંહનાદોવડે તે વખતે આકાશ બહેરું થયું. મહાનેમિ અને ધનંજયે – ગરુડવ્યૂહને તોડીને અને અનાવૃષ્ટિએ ઘણા શત્રુઓને યમના ઘરમાં મોકલ્યા, હવે રુક્મિ મહાનેમિ સામે – શિશુપાલ ધનંજય સામે હિરણ્યનાભ – અનાવૃષ્ટિ સામે યુદ્ધ કરવા માટે ક્રોધથી ચાલ્યા. બાણને વર્ષાવતાં તે છએ રાજાઓનો તે વખતે પરસ્પર અત્યંત અસહ્ય ભયંકર સંગ્રામ થયો. એવો કોઇ ઘોડેસવાર નથી, એવો કોઇ હાથીસવાર નથી, એવો કોઇ પદાતી નથી. ને એવો કોઇ રથી નથી કે જે રણભૂમિમાં મહાનેમિનાં બાણો તેની ઉપર ન પડતાં હોય. મહાનેમિનાં બાણોવડે ઢંકાયેલા રુક્મિરાજાનું રક્ષણ કરવા માટે જરાસંધ રાજાની આજ્ઞાવડે વેણુ વારિ વગેરે સાત રાજાઓ રહ્યાં.

મહાનેમિએ તે આઠે રાજાઓનાં બાણોને લઘુહસ્તપણાથી ભેદી નાંખ્યાં. જેમ સૂર્ય જ્યોતિષના બીજા ગ્રહોને

છેદી નાંખે તેમ. તે વખતે યાદવરાજાઓવડે મગધપતિરાજાના સંગ્રામમાં ક્રોધ પામેલા તેઓવડે ઘણા પરાક્રમી પુરુષો મારી નંખાયા. હિરણ્યનાભ રાજાએ જયસેનને મારી નાંખ્યો. ક્રોધ પામેલા અનાવૃષ્ટિ રાજાએ હિરણ્યનાભને મારી નાંખ્યો. રથનેમિએ જરાસંધના –૧૯ –પુત્રોને વેગથી યમના ઘરમાં મોકલી આપ્યા. રથનેમિ રાજાવડે પોતાનું સૈન્ય મંથન કરાયું ત્યારે તે વખતે જરાસંધે શિશુપાલને સેનાપતિ કર્યો. મગધેશ્વર ( જરાસંધ ) રામ અને કૃષ્ણના વધની પ્રતિજ્ઞા કરીને શિશુપાલ સહિત રામ અને કૃષ્ણને હણવા માટે ચાલ્યો. ચિહ્નવડે કૃષ્ણ અને બલદેવને ઓળખીને તે બન્નેને હણવા માટે જરાસંધ યુધ્ધભૂમિમાં આવ્યો. આ બાજુ જરાસંધ રાજાના ૨૮ પુત્રો બળદેવ સાથે યુધ્ધ કરતાં યમરાજાના મંદિરમાં ગયા. જરાસંધ પોતાની તલવારવડે બળદેવના – નવ – પુત્રોને હણીને જતાં ભીમની ગદાવડે હણાયેલો પૃથ્વીપર પડ્યો.

ક્ષણવારમાં ઊભો થઈને તે ભીમને મસ્તકમાં જરાસંધ તેવી રીતે તાડન કર્યું કે જેથી ભીમ પૃથ્વીપર પડી ગયો. તે વખતે અર્જુને જરાસંધને તેવી રીતે બાણોવડે તાડન કર્યું કે જેથી ( તે ) ધનુષ્ય વિષે બાણ સાધવા માટે (ચઢાવવા) શક્તિમાન ન થયો. કૃષ્ણે યુધ્ધકરતાં જરાસંધના – ૬૯ – પુત્રોને મારી નાંખ્યા અને તે પછી નવ ને સાત પુત્રોને મારી નાંખ્યા.

એક વખત સવારમાં પોતાની સેનાને લગભગ સૂતેલી જોઈને કૃષ્ણે કહ્યું કે હે નેમિ ! આ આપણું સૈન્ય સૂઈ કેમ ગયું છે ? હમણાં કેમ ઊભું થતું નથી ? નેમિએ કહ્યું કે મગધરાજાવડે જરાવિદ્યા મુકાઇ છે. તેથી આપણું બધું સૈન્ય સૂઇ ગયેલું હોય તેવું દેખાય છે. શાંતિક આદિ ઘણા ઉપચારો કર્યા છતાં પણ જ્યારે સૈન્ય ઊભું થતું નથી ત્યારે કૃષ્ણે નેમિને કહ્યું હે નેમિ ! તું જાણકાર છે ને દયાળુ છે. જેથી હમણાં કહે કે આપણું પોતાનું બધું સૈન્ય કેવી રીતે સચેતન થાય ? નેમિએ કહ્યું કે અહીં પૃથ્વીની અંદર નાગરાજવડે પૂજાતું અત્યંત પ્રભાવશાલી શ્રી પાર્શ્વનાથ જિનેશ્વરનું બિંબ છે. ત્રણ ઉપવાસને અંતે તુષ્ટ થયેલા પાતાલપતિ તમને તે પાર્શ્વનાથ જિનેશ્વરનું બિંબ હે કૃષ્ણ ! આપશે. તેના સ્નાત્રના પાણીવડે સિંચન કરાયેલી સઘળી સેના જલદી ઊભી થશે. કારણકે પૃથ્વીનેવિષે તે બિંબનો પ્રભાવ અતિ પ્રબલ છે. નેમિનાથે કહેલું કરવાથી શ્રી પાર્શ્વનાથના બિંબના સ્નાત્રના પાણીવડે અભિષેક કરાયેલું સઘળું સૈન્ય જલદી ઊભું થયું. તે સ્થાનને વિષે શ્રીકૃષ્ણવડે મોટો પ્રાસાદ કરાવાયો. અને તે પ્રાસાદમાં શ્રી પાર્શ્વનાથ પ્રભુનુંબિંબ સારા ઉત્સવપૂર્વક સ્થાપન કરાવાયું. ત્યાં શંખેશ્વરનામનું શ્રેષ્ઠનગર સ્થાપીને શ્રી કૃષ્ણે શંખને તેવીરીતે પૂર્યો કે જેથી શત્રુને ભય થયો.

તેથી આજે પણ શ્રી **શંખેશ્વર નામનું મહાતીર્થ** ધ્યાન પૂજન આદિવડે પોતાના ભક્તોનાં વિઘ્નોને હણે છે. જરાસંધ બખ્તર ધારણ કરી શત્રુના સૈન્યને હણવા માટે આવ્યો, ને ઊભા થયેલા શત્રુઓને જોઈને હૃદયમાં વિચારવા લાગ્યો કે મારાવડે તેઓને જરાવિદ્યા અપાઇ હતી. તે જલદી કોનાવડે ઉતારાઇ ? પાર્વનાથપ્રભુના સ્નાત્રના પાણી વડે તેને ઉતારાયેલી જાણીને મગધરાજા આકાશમંડલને વિસ્તારતા એકી સાથે સૂર્યને ઢાંકતા જરાસંધે – મેઘની જેમ બાણની વૃષ્ટિ કરી. એક વખત મગધરાજા સંપૂર્ણ સેવકો સહિત શત્રુના સંહારને કરનારું અત્યંત યુધ્ધ કર્યું ત્યારે તે વખતે ઇન્દ્રે આપેલા રથમાં ચઢેલા નેમિએ લાખો પ્રમાણ શત્રુઓની ચારે બાજુ તેવી રીતે પોતાનો રથ મજબૂતપણે ભમાવ્યો કે સઘળા શત્રુઓ બેડીથી બંધાયા હોય તેવા થયા. અને તેઓ ત્યાં સ્તંભિત થયા હોય તેમ મનુષ્યો અને દેવોવડે દેખાયા. યુધ્ધ અટક્યું ત્યારે પ્રભુવડે તેઓ મુક્ત કરાયા ને કંપતા એવા તે શત્રુઓ પ્રભુનાં ચરણ–કમલયુગને

નમ્યા, હવે બલભદ્રે રણભૂમિમાં શત્રુધ્નને મૂશલવડે ચૂર્ણ કરતાં અકસ્માત પ્રલયકાળ કરાયો. શત્રુઓ સાથે યુધ્ધ કરતાં પાંચ પાંડવોએ પોતપોતાનાં શસ્ત્રોવડે પ્રાણોનું અપહરણ કરવાથી શત્રુઓને યમરાજાના અતિથિ કર્યા. જરાસંધે સ્ફૂરાયમાન અગ્નિકણથી યુક્ત – ચક્ર હાથમાં લઈને કહ્યું કે હે ગોવાલિયા ! તું અભિમાન છોડી દે. અને મારો આશ્રય કર.

**जीवन् भद्रमवाप्नोति, जीवन् पश्यति मेदिनीम्।**
**जीवन् करोति पुण्यानि, जीवन् पासि निजं पुरम्॥**

જીવતો માણસ કલ્યાણને પામે છે. જીવતો માણસ પૃથ્વીને જુએ છે. જીવતો માણસ પુણ્યકાર્યોને કરે છે. અને જીવતો માણસ પોતાના નગરનું રક્ષણ કરે છે. હે કૃષ્ણ ! જો તું મારા ચરણનો આશ્રય નહિ કરે તો જલદી આ ચક્ર કમળના નાળની જેમ તારા મસ્તકને ભેદી નાંખશે. આ પ્રમાણે બોલતાં જરાસંધને કૃષ્ણે કહ્યું કે હું તને હણીને આ સમસ્ત પૃથ્વીને ન્યાયમાર્ગથી રક્ષણ કરીશ, હે જરાસંધ ! તું ચક્રને મૂક ! વિલંબ ન કર. આ ચક્ર રમતમાત્રમાં મને અનુકૂલ થશે. પછી ક્રોધ પામેલા જરાસંધે મસ્તકની ચારે બાજુ કલ્પાંતકાલની જેમ ભયપમાડનાર ચક્રને ભમાવીને તેની સામે મૂકયું કૃષ્ણના પુણ્યોદયથી ચક્ર પ્રદક્ષિણા કરીને વીજળીના પુંજની જેમ કૃષ્ણના હાથને શોભાવતું રહ્યું.

ઉત્તમ સ્વપ્નના સૂચનથી પોતાને અર્ધચક્રિ જાણતા શ્રી કૃષ્ણે મસ્તકની ચારે બાજુ ભમાવીને શત્રુને આ પ્રમાણે કહ્યું, તારું ચક્ર મારા હાથમાં રહ્યું છે. તારું સૈન્ય ઘણું હણાયું છે. હજુ પણ જો તું મારો આશ્રય કરીશ તો હું ચક્રને નહિ છોડું, જરાસંધે કહ્યું કે હે કૃષ્ણ ! તે ચક્ર મારું છે. તેથી અહીં, મને કાંઈપણ વિઘ્ન કરશે નહિ. તે વખતે કૃષ્ણે મૂકેલા ચક્રે જરાસંધના મસ્તકને તેવી રીતે કાપી નાંખ્યું કે જેથી તરતજ જરાસંધ મૃત્યુ પામ્યો. કૃષ્ણવડે ચક્રથી હણાયેલો જરાસંધ તેજ વખતે ઘણાં દુઃખને આપનાર ચોથી નરકમાં ગયો.

કહ્યું છે કે : – એક સાતમી નરકમાં ગયા. પાંચ છઠ્ઠી નરકમાં ગયા. એક પાંચમી નરકમાં – એક ચોથી નરકમાં અને કૃષ્ણ ત્રીજી નરકમાં ગયા.

હે ઇન્દ્ર સરખા પરાક્રમવાલા કૃષ્ણ ! લાંબાકાળસુધી તું જીવ. આ પ્રમાણે કહીને દેવોએ તેના મસ્તકઉપર પુષ્પના સમૂહની વૃષ્ટિ કરી. આ તરફ મગધનાથ જરાસંધના સહદેવ વગેરે પુત્રોએ આવીને અદ્ભુત ભેટણું મૂકીને નમસ્કાર કર્યો. તેઓના વિનયથી તુષ્ટથયેલા કૃષ્ણે સુંદર માન આપવાપૂર્વક તે વખતે તરતજ તેઓને રાજગૃહનું સ્વામીપણું આપ્યું. પાંચ પાંડવોએ પાટલાનામની નગરી સ્થાપન કરીને પોતે કરાવેલા જિનમંદિરમાં શ્રી નેમિનાથ પ્રભુની સ્થાપના કરી.

હર્ષિત થયેલા પાંચ દેવોએ પંચાસુર નામનું નગર સ્થાપન કરીને કૈલાસપર્વતસરખા પાંચ પ્રાસાદ કરાવ્યા. અને તે મંદિરોમાં બોધિને આપનારા શ્રીપાર્શ્વનાથ શ્રીમહાવીર સ્વામી – શ્રીશાંતિનાથ – શ્રીઆદિનાથ પ્રભુની તે દેવોએ ઘણી લક્ષ્મીનો વ્યય કરી સ્થાપના કરી. રાજકુમારોએ લક્ષ્મીનો વ્યય કરી કુમારપુર નામનું નગર સ્થાપન કરીને જિનમંદિરમાં શ્રી નેમિનાથ પ્રભુની સ્થાપના કરી. છત્રને ધારણ કરનારા રાજાઓએ સારા દિવસે છત્રપતિ નામની નગરી સ્થાપન કરીને મોટું જિનમંદિર કરાવ્યું. ત્યાં કુમારોએ ધનનો વ્યયકરી શ્રી શાંતિનાથ પ્રભુની પ્રતિના સ્થાપન કરી, અને આદરપૂર્વક પૂજા કરવા લાગ્યા. જયાં જે પૂર્વ રાજાઓની રાજધાની હતી. ત્યાં તેઓના પુત્રોને તે નગરી સન્માનપૂર્વક

આપી. ચક્રને અનુસરતો કૃષ્ણ ઘણા રાજાઓથી સેવાયેલો તરતજ નિશ્ચે ભરતાર્ધ સાધવા માટે ચાલ્યો.

કૃષ્ણે છ મહિનામાં અર્ધભરતમાં રહેલા રાજાઓને જીતીને કોટિશિલાને ચાર આંગળ ઊંચી ધારણ કરી.

( શિલા ) પહેલાં વાસુદેવે ડાબી ભુજાના અંગમાં ધારણ કરી. બીજાએ શરીરપ્રમાણ ધારણ કરી. ત્રીજાએ કંઠ પ્રદેશ સુધી ઉપાડી. ચોથાએ વક્ષસ્થલને વિષે ધારણ કરી. પાંચમા વાસુદેવે હૃદય સુધી ધારણ કરી, છઠ્ઠા વાસુદેવે કટિતલના પ્રદેશ સુધી. સાતમા વાસુદેવે સાથળ સુધી ઉપાડી. આઠમાં વાસુદેવે ઢીંચણ સુધી ઉપાડી છે આ નવમા વાસુદેવે શિલા ચાર આંગળ ઉપાડી. આ શીલા ઊંચાઇના વિસ્તારમાં એક યોજન પ્રમાણ છે.

સોલ હજાર રાજાઓવડે સેવન કરાયેલા કૃષ્ણે દેદીપ્યમાન ઉત્સવપૂર્વક દ્વારિકાનગરીને અલંકૃત કરી. કૃષ્ણને મણિ – ચક્ર – ધનુષ્ય – ખડ્ગ – વનમાલા – ગદા ને શંખ આ સાત રત્નો થયાં. હવે નેમિકુમાર હંમેશાં દેવ સરખા – તુલ્યકુમારો સાથે ઉદ્યાનઆદિમાં નિરંતર ક્રીડા કરે છે.

એક વખત ( નેમિ ) પ્રભુ ક્રીડા કરતાં કૃષ્ણની આયુધશાલામાં ગયા, અને જેટલામાં હાથમાં ગદા લેવાની ઇચ્છા, કરી તેટલામાં આયુધશાલાના રક્ષકે કહ્યું કે આ ગદાને હરિવિના કોઇ મનુષ્ય કે રાજા ઉપાડવા માટે સમર્થ નથી. આ પ્રમાણે તે બોલતો હતો ત્યારે તે ગદાને રમતમાત્રમાં ઉપાડીને શિવાદેવીના પુત્ર નેમિકુમારે મસ્તકની ચારે તરફ ભમાવી. તે જ વખતે – આયુધપાલે વારવા છતાં પણ નેમિકુમારે કુંભારના ચાકડાની જેમ ચક્રને ભમાવ્યું. તે પછી આયુધપાલકે અત્યંત નિષેધ કરવા છતાં પણ – પ્રભુએ ધનુષ્ય ચઢાવીને કૃષ્ણની પેઠે ટણત્કાર કર્યો. ( ટંકાર કર્યો ) તે પછી શસ્ત્ર પાલકે વારવા છતાં પણ તે વખતે ખડ્ગ ઉછળીને પડતા એવા તે ખડ્ગને હાથમાં ધારણ કર્યું. તે પછી આયુધપાલકે વારવા છતાં પણ સ્વામીએ કૃષ્ણ કરતાં અધિક અવાજપૂર્વક શંખને દૃઢપણે પૂર્યો. શંખના અવાજથી હાથીઓએ મજબૂત દોરડાંઓને તોડી નાંખ્યાં. પર્વતના શિખરો તૂટવા લાગ્યાં. પૃથ્વીપણ કંપ પામી. સમુદ્ર ઊંચા કલ્લોલવડે પૃથ્વીતલને ભીંજવતો હતો અને મજબૂત એવા મકાનો ને ભીંતો પણ તૂટી તૂટીને પડવા લાગ્યાં.

જેનાવડે કુંભારના ચાકની પેઠે ચક્રરત્નને અત્યંત ભમાવ્યું ને શારંગ નામના ધનુષ્યને કમળની પેઠે નમાડ્યું ( વાળ્યું ) અને ઘણા શ્રમના– ભ્રમને કરનારી વિષ્ણુની કૌમુદકી નામની ગદાને લાકડીની પેઠે ઉપાડીને પોતાના ભુજારૂપી વૃક્ષને વિષે શાખાની શોભા પમાડાઇ.

વિષ્ણુના શંખને જેણે સ્વયં પૂર્યો ત્યારે હાથીઓએ થાંભલાઓને ઉખેડી નાંખ્યા. ઘોડાઓ બંધનને તોડી ત્રાસ પામ્યા. જગત જલદી બહેરું થઇ ગયું, પૃથ્વીપણ વ્યાકુલ થઇ. ને કિલ્લો કંપવા લાગ્યો, અને તેઓ મૃતકની જેમ પડવા લાગ્યા, હરિને ( કૃષ્ણને ) પોતાના બંધુની અત્યંત શંકા થઇ.

પર્વતો કંપાયમાન થયા. પૃથ્વી વિચલિત થઇ. સમુદ્રો અત્યંત ખળભળ્યાં, દિગ્ગજેન્દ્રો ત્રાસ પામ્યા. ને ભ્રમણ પામેલા યાદવો મૂર્છા પામ્યા. બ્રહ્માંડ ખંડખંડપણે ફૂટી ગયું સમુદ્રોએ પૃથ્વીતલને ભીંજાવી નાંખી. આ પ્રમાણે જેના – શંખ ને ખડગના ભ્રમણની ચેષ્ટા થઇ તે નેમિ – પ્રભુ કલ્યાણ માટે થાવ.

શંખના શબ્દને સાંભળીને ચકિત થયેલો કૃષ્ણ વિચારવા લાગ્યો કે શું હમણાં બળવાન્ એવો નવો કૃષ્ણ ઉત્પન્ન થયો છે ? હમણાં આ જરાસંધ ની જેવો શત્રુ જલદીથી પ્રાણના ત્યાગથી યમના ઘરમાં લઇ જવા યોગ્ય છે .

આ પ્રમાણે બોલતો કૃષ્ણ – હાથના ઘાતથી – પૃથ્વીતલને કંપાયમાન કરવા પૂર્વક સિંહનાદ કરીને શત્રુને હણવા માટે એકદમ ઊભો થયો. જેટલામાં યુધ્ધના આરંભને કરનારા વાજિંત્રોના અવાજો વાગવા ( થવા ) લાગ્યા, તેટલામાં શસ્ત્રશાલાના અધ્યક્ષે આવીને કૃષ્ણને નમસ્કાર કરીને કહ્યું, શારંગ, ધનુષ્યનો શબ્દ કરીને ખડગને પોતાના હાથમાં ધારણ કરીને તમારીગદાને ચક્રને નેમિએ ઘણી ભમાવી. મારાવડે વારવા છતાં પણ કૌતુકથી તે નેમિપુત્રે ( કુમારે ) શંખને લીલાપૂર્વક પૂર્યો ( વગાડ્યો ) ને જગત ને બહેરું કર્યું. તેથી શત્રુના આગમનથી ઉત્પન્ન થયેલા રોષને છોડી દો, આ તો તમારા ભાઇ અરિષ્ટનેમિ બલવાન્ ને નીતિવાલા છે.

આ પોતાના ભાઇ નેમિનું બલ સાંભળીને કૃષ્ણ તેજ વખતે શત્રુના વધના આરંભથી વિરામ પામ્યો. તે વખતે તે સભામાં નેમિએ આવીને કૃષ્ણ – બલભદ્ર – અને બીજાપણ – વડીલ યાદવોને પણ નમસ્કાર કર્યા. બાલકુમારએવા ને વીરસરખા પરાક્રમવાલા નમસ્કાર કરતાં નેમિને જોઇને લજ્જાથી નમ્ર એવો કૃષ્ણ – પૃથ્વીને જોતો થયો.

ક્ષણવાર પછી કૃષ્ણે કહ્યું કે હે ભાઇ ! તમે આયુધશાલામાં જઇને શંખનું અત્યતવાદન કર્યું તે સારું કર્યું, તેમજ જે ચક્ર અને તલવારનું ભમાવવું ને ધનુષ્યનું તાડન બાલ્યભાવથી હમણાં જે તમારાવડે કરાયું તે શ્રેષ્ઠ છે. કદાચિત્ ભમાવાતું ચક્ર હાથમાંથી મસ્તક ઉપર અકસ્માત્ પડે તો મૃત્યુ અથવા તમારા અંગનો ભંગ થાય, તેથી બાલભાવે આવા પ્રકારની ક્રીડા ન કરવી જોઇએ. તમે ચતુર છો તેથી અમે અહીં શું શિખામણ આપીએ ?

શંખ આદિનું પૂરવું ક્લેશને કરનારું ને દુ:ખ આપનારું હોય છે. એવી કોમળવાણી પૂર્વક ફરીથી તમારી આગળ કહેવાય છે. નેમિએ કહ્યું કે હે કૃષ્ણ ! મોટાભાઇ એવા તમારાવડે અહીં જે શિખામણ કહેવાય છે તે શ્રેષ્ઠ છે. નાના ભાઇના હિતને માટે થાય છે. આ સાંભળીને ચકિત થયેલા કૃષ્ણે નેમિનું બલ જોવા માટે કહ્યું કે મારાવડે તમારા ખભા પર હાથ મુકાયો છે. હમણાં તમે તેને જલદી વાળો, નેમિએ ક્રીડાપૂર્વક કમળના નાળની પેઠે કૃષ્ણના હાથને લીલાપૂર્વક વાળી નાંખ્યો. તે પછી કૃષ્ણે નેમિનાથને આ પ્રમાણે કહ્યું, પોતાના સ્કંધ ઉપર પોતાના હાથને તું મજબૂતપણે સ્થાપન કર. હું લીલાવડે વાળી નાંખીશ. કૃષ્ણે કહેલું નેમિએ તે પછી કર્યું. કૃષ્ણ નેમિના હાથને બલથી જ્યારે ન વાળી શક્યા ત્યારે પ્રભુના હાથ ઉપર–શાખામાં લાગેલા પોપટ જેવો તે થયો.

નેમિનાથના ખભારૂપી વૃક્ષની શાખામાં કૃષ્ણ હીંચકો ખાતે છતે હરિ –કૃષ્ણ – હિન્ડોલા પામ્યો. એ પ્રમાણે લોકોમાં ખ્યાતિ થઇ.

નેમિનું તેવા પ્રકારનું બલ જોઇને કૃષ્ણખેદ પામ્યા ત્યારે બલભદ્રે કહ્યું કે હે કૃષ્ણ ! તું વિષાદ ન કર. આ નેમિ ગર્ભમાં હતા ત્યારે શ્રેષ્ઠ ચિત્તવાલા શિવાદેવી માતાએ સુખપૂર્વક સૂતાં સૂતાં તેમણે – ૧૪ – મહાસ્વપ્નો જોયાં હતાં. તેથી આ નેમિ – રાજ્યના અર્થી નથી પણ ( દીક્ષાનીભાવનાવાળા ) છે. આનું મન હંમેશાં મોક્ષસુખમાં અત્યંત સ્પૃહાવાળું દેખાય છે.

બાવીશમા તીર્થંકર આ નેમિકુમાર મોક્ષસુખને માટે ચતુર્વિધસંઘની સ્થાપના કરશે. કૃષ્ણવડે પોતાના બલને જોવા માટે પ્રચંડ એવા આડા –લટકાવેલા હાથને પોતાની લીલાવડે કમળના નાળની પેઠે જેણે નમાવ્યો, ને જેના હાથને નમાવતાં તે કૃષ્ણ પગથી છોડી દીધું છે પૃથ્વીતલ જેને એવા શાખા પર લટકેલા પોપટના જેવો થયો. તે સમસ્ત જગતમાં અદ્ભુત એવા ( નેમિ ) તમે જય પામો. આ પ્રમાણે બલભદ્રનું વચન સાંભળીને હર્ષિત થયેલા ત્યાં નેમિનાથનું સન્માન કરીને પોતાના આવાસમાં ગયો. કહ્યું છે કે આ પ્રમાણે બલદેવનું વચન સાંભળીને ચિત્તમાં ભેદાઇ ગયો છે સંશય જેનો એવા કૃષ્ણે નેમિને આલિંગન કરતાં પોતાના અપરાધ ખમાવ્યા. કૃષ્ણે દ્વારપાલ ને–આયુધ ઘરના રક્ષકોને બોલાવીને આદેશ કર્યો કે કોઇ પણ ઠેકાણે જતાં–આવતાં એવા આ નેમિને નિષેધ કરવો નહિ. શિવાદેવીએ કૃષ્ણની આગળ કહ્યું કે તમારે આ પુત્ર નેમિને તેવી રીતે સમજાવવો કે જેથી તે કન્યાનો સ્વીકાર કરે. તે વખતે શિવાદેવીએ કહ્યું કે હે ગોપીઓ! તમારે મારાપુત્રને તેવીરીતે બોધ કરવો કે જેથી તે કન્યાને વરે.

હે વત્સ ! તું કન્યાને પરણ. માતાએ આ પ્રમાણે કહ્યું ત્યારે પુત્રે કહ્યું કે હે માતા ! જ્યારે હું યોગ્ય કન્યાને પામીશ ત્યારે તે કન્યાનો સ્વીકાર કરીશ. હે વત્સ ! તું અમારા હર્ષને માટે વિવાહ કર. આ પ્રમાણે જ્યારે શિવાદેવી માતાએ પ્રભુને કહ્યું ત્યારે નેમિ બોલ્યા કે જ્યારે હું યોગ્ય કન્યાને મેળવીશ ત્યારે હું પરણીશ. આ પ્રમાણે કહેવાયેલી માતા અત્યંત આનંદ પામ્યાં. તેથી ગુરુએવા તમારું આ ગુરુપણું છે.

એક વખત અંતઃપુરસહિત નેમિથીયુક્ત એવા કૃષ્ણે જલક્રીડા કરવા માટે વાવડીમાં પ્રવેશ કર્યો. કૃષ્ણવડે મોકલાયેલી ગોપીઓ નેમિનાથને વિવાહમાટે પાણીના ઉછાળવાના બહાનાથી દિયરને ઘણો છંટકાવ કરવા લાગી. સુંદર એવા કેશરના પિંડવડે કૃષ્ણને છાતીમાં પ્રહાર કરવા લાગી. કોઇક સ્ત્રી પાણી નાંખવાથી કૃષ્ણને વ્યાકુલ કરવા લાગી. હે દિયર ! તમે. જલક્રીડા કરો. આ પ્રમાણે કૃષ્ણની સ્ત્રીઓ બોલે છે. અને પાણી નાંખવાથી નેમિને વ્યાકુલ કરવા લાગી. ગોપીઓના ઘણા હાવભાવવડે અને આંખનાં વક્રપણાવડે વાયુવડે મેરુપર્વતની જેમ નેમિનું ચિત્ત વિકાર ન પામ્યું. ગોપીઓ પાણીમાંથી નીકળીને પુષ્પના મુગટ આદિવડે કૃષ્ણને ભૂષિત કરતી આદરથી નેમિને શણગારવા લાગી. હાસ્યરસને વિસ્તારતી ભામા વગેરે સ્ત્રીઓ કહેવા લાગી કે હે નેમિ ! સુખને માટે તમે કન્યાનું ગ્રહણ કરો. પુરુષ સ્ત્રીઓવડે શોભે છે અને પુરુષોવડે સ્ત્રીઓ શોભે છે. સેવકોવડે રાજા શોભે છે ને રાજાવડે સેવકો શોભે છે.

હે વિશ્વવંદ્ય નેમિ ! પ્રિયા વગરના તમે પ્રાપ્ત થયેલા આ દેહને એકલા ફોગટ શા માટે હારી જાવ છો ? તમારા ભાઇ કૃષ્ણને – ૧૬ – હજાર સ્ત્રીઓ છે.તમે શું એક સ્ત્રીનો પણ નિર્વાહ કરી શકતા નથી ? જાંબુવતિએ કહ્યું કે હે ભામા ! આ દિયર નપુંસક છે. તેથી સ્ત્રીઓનો જરાપણ સંગ્રહ કરતા નથી. ભામાએ કહ્યું કે ઋષભદેવ વગેરે જિનેશ્વરો પરણીને મોક્ષે ગયા છે તેના કરતાં તમે શું અધિક સ્થાન ઇચ્છો છો ?

નેમિએ કહ્યું કે જ્યારે હું યોગ્ય કન્યાને મેળવીશ ત્યારે તેને હું પરણીશ, ભામાએ કહ્યું કે તમારે યોગ્ય કન્યા હું અહીં લાવું છું. કહ્યું છે કે વસંતઋતુમાં ગોપીઓના સમૂહની વચ્ચે રહેલા નિર્વિકાર એવા પ્રભુ વિવિધક્રીડાઓ કરતા હતા. પરંતુ તેમનું મન વિકારવાળું ન હતું. નેમિએ વિચાર્યું કે આ ગોપી રોષકરીને પોતાની જાતેજ થાકી જશે. તેથી કરીને હમણાં મારે નિશ્ચે મૌનવ્રતજ કલ્યાણકારી છે. પોતાના મુખના દોષવડેજ પોપટ અને મેના બંધાય છે. ત્યારે

બગલા બંધાતા નથી. માટે મૌન સર્વ અર્થને સાધનારું છે. નેમિએ મૌન ધારણ કર્યું ત્યારે સત્યભામા બોલી કે આ દિયર નેમિનાથે પાણિગ્રહણ કબૂલ્યું છે. તે વખતે બધી ગોપીઓ બોલી કે આ ઘણું સારું થયું. કારણકે ( હવે ) આ દિયર પાણિગ્રહણ કરશે. મેં એ માન્યું ન હતું. જો એ પ્રમાણે હું કહું તો તો આ સ્રીઓવડે કહેવાશે કે આ દિયર જૂઠા બોલા છે. આ પ્રમાણે કુમારવડે મૌન કરાયું ત્યારે કૃષ્ણ નેમિનાથને હાથી પર ચઢાવીને પ્રિયા સહિત ઘેર આવ્યો. નેમિના માતા–પિતા પાસે જઈને કૃષ્ણે કહ્યું કે મારાવચનના છલથી નેમિએ કન્યાનું પાણિગ્રહણ માન્યું છે.

( મારી પ્રિયાનાં વચનોને ) આ શ્લોક મૂલમાંથી જ મલ્યો નથી માટે અધૂરો છે.

સમુદ્રવિજયરાજા અને શિવાદેવીમાતાએ કૃષ્ણને કહ્યું કે શ્રેષ્ઠ કન્યાની તપાસ કરીને જલદી આ નેમિનું પાણિગ્રહણ કરાવીએ. ભામાએ કહ્યું કે મારી બહેન રાજીમતિ કન્યા છે. તે ખરેખર રૂપલાવણ્યની સંપત્તિવડે નેમિને યોગ્ય છે શિવાદેવીના ઇચ્છિતને જાણીને જ્યારે કૃષ્ણ ઉગ્રસેન રાજાના ઘરે ગયો ત્યારે તેનાવડે આસન આપવાથી તે સત્કાર કરાયો.

કૃષ્ણે કહ્યું કે તમારીરાજીમતિ પુત્રી છે. તેનો વિવાહ નેમિકુમાર સાથે કરીએ. ઉગ્રસેન રાજાએ કહ્યું કે આ ઘર વગેરે બધું તમારું જ છે. ( તેથી ) હે કૃષ્ણ ! મને શા માટે પૂછો છો ? જેમ ઠીક લાગે તેમ કરો. તે પછી કૃષ્ણે એકદમ નિમિત્તિયાને બોલાવીને નજીકમાં શ્રાવણ સુદ – ૬ ને દિને લગ્ન લીધું. તે પછી યદુઓના ઘરને વિષે મધુર એવા ધવલના શબ્દોવડે ગાતી એવી સ્રીઓને સાંભળીને લોકો સાંભળવા માટે આવ્યા. કૃષ્ણે વિવાહના નજીકના દિવસે દ્વારિકા નગરીમાં દરેક દુકાને અને દરેક દરવાજે તોરણની શ્રેણી કરાવી.. કૃષ્ણવડે સર્વ સજ્જનો શણગારાયા ત્યારે તેઓને આનંદપૂર્વક સારાં અન્નપાણી અપાય છે. કપૂરના ગંધના રસથીવાસિત શ્રેષ્ઠ પાણીવડે પ્રભુને સ્નાન કરાવીને ગોપીઓ ધવલ – મંગલ ગાવા લાગી. સ્નાનના અંતે નેમિને દિવ્યવસ્રો પહેરાવીને ગોપીઓએ હર્ષથી શ્રેષ્ઠ સિંહાસન પર બેસાડ્યા.

ઉગ્રસેન રાજાના ઘરમાં જઈને કૃષ્ણે સન્માનપૂર્વક રાજિમતીને શ્રેષ્ઠ એવી કસુંબી ઓઢણી આપી. હવે લગ્નસમયે શ્વેતવસ્ર અને આભૂષણથી શોભતાં ગોશીર્ષચંદનવડે વિલેપન કરાયેલા શરીરવાલા સ્વામી શોભે છે. ચામરોવડે વીંઝાતાં પોતે ધારણ કરેલા છત્રવડે ઉલ્લાસ પામતું છે મસ્તક જેનું એવા કામદેવ સરખા નેમિ શ્રેષ્ઠ રથમાં ચઢ્યા. સરખાએવા કરોડો શ્રેષ્ઠ યદુઓના કુમારોવડે અને કૃષ્ણ આદિ મહારાજાઓવડે ચારે તરફથી પરિવરેલા નેમિકુમાર બોલાતાં એવાં ધવલ મંગલોવડે, નૃત્ય કરતાં નર્તકજનોવડે, બોલતાં બંદિજનોવડે, અનેક પ્રકારનાં વગાડાતાં વાજિંત્રોવડે કરોડો આંખોવડે જોવાતાં, વિચક્ષણ પુરુષોવડે વર્ણન કરાતાં, પગલે પગલે સ્રીઓવડે વધાવાતાં રાજા નેમિનાથ ઉગ્રસેન રાજાની પુત્રી સુંદર રૂપવાલી રાજિમતીને પરણવા માટે શુભક્ષણે માર્ગમાં ચાલ્યા.

આ બાજુ સ્નાન કરેલી સુંદરવસ્રવાલી શ્રેષ્ઠ આભૂષણોથી શણગારેલી સખીઓથી પરિવરેલી નેમિને હૃદયમાં ધ્યાન કરતી રાજિમતી ઊભી રહી. બારીપર ચઢીને સખીએ રાજિમતીને કહ્યું કે રૂપથી કામદેવને જીતી લેનારા આવતાં એવા નેમિને તું જો, તે વખતે માર્ગમાં આવતાં એવા નેમિને જોઈને રાજિમતી વિચારવા લાગી કે જો આ મારા પતિ થાય તો મારું ભાગ્ય ઘણું મોટું છે તે વખતે તેનું જમણું નેત્ર ફરક્યું ત્યારે રાજિમતી બોલી કે ફરકતું જમણું નેત્ર હમણાં

શું કરશે ?

કહ્યું છે કે પુરુષનું જમણું ફરકતું નેત્ર ઈષ્ટ કહે છે. અને ડાબું નેત્ર ફરકે તો અનિષ્ટ કહે છે. આ પ્રમાણે પૂર્વ પુરુષોએ કહ્યું છે. અને સ્ત્રીનું ડાબું નેત્ર ઈષ્ટ કહે છે ને જમણું નેત્ર અનિષ્ટ કહે છે. તે વખતે થૂત્કાર કરીને સખીએ રાજીમતીને કહ્યું કે તારું અશુભ ચાલ્યું ગયું છે. હમણાં કલ્યાણ આવ્યું છે એમ તું જાણ, રાજીમતીએ કહ્યું કે સુંદર બોલવાથી શું શુભ થાય ? સાકરનો ઉચ્ચાર કરવાથી શું મોઢામાં સાકર પેસે છે ? તે વખતે સખીએ કહ્યું કે હે રાજીમતી! સ્ત્રીવર્ગને વિષે તું એક જ વખાણ કરવા લાયક ગુણવાલી છે. લાવણ્યનો ભંડાર એવો નેમિ જેનું પાણિગ્રહણ કરશે.

તે વખતે ચન્દ્રાનનાએ કહ્યું કે વિધાતાએ રાજીમતીનું રૂપ રંભાના રૂપને હરણ કરનારું બનાવીને જો તેવો યોગ્ય સંયોગ ન કરાવે તો નકકી તેના અપયશનો પ્રચાર થાય. ( ।। ) અથવા તો શું ( આ ) પાતાલકુમાર છે ? અથવા કામદેવ છે ? અથવા તો દેવેન્દ્ર છે ? અથવા સાક્ષાત્ તેજ છે ? ખરેખર આ વર પુણ્યમય છે. હસીને એક સખી બોલી પરણેલી એવી આ આપણને ઓળખશે પણ નહિ વગેરે. ( ।। )

આ તરફ આવતાં એવા નેમિએ કરુણશબ્દવાલા પશુઓને સાંભળીને સારથિને પૂછ્યું કે આ પશુઓ કોણ છે ? તે તું કહે ! સારથિએ કહ્યું કે હે શિવાદેવીના પુત્ર ! તમારા પાણિગ્રહણમાં યદુઓના ગૌરવ માટે આ બધાં પશુઓ ભેગાં કરાયાં છે.

**छागी - छग - हुडा - हुडी, - ललायु - गण्डक: किरि: ।**

બકરો – બકરી – ઘેટો – ઘેટી – – ઊંટ – ગેંડો ને ભુંડ

**भल्लकोऽपि च जम्बूको, मर्कटो - हरिणो हर: ।।६०१।।**

રીછ અને શિયાળ – વાંદરો – હરણ – ગધેડો,

**कलापो - बर्हिण: - काक-पुष्ट: सकृत् प्रज: पुन: ।**

મોર – ઢેલ – કોયલ – અને કાગડો,

**मद्गुर्वनाश्रयो घूकस्ताम्रचूड: सितच्छद: ।।६०२ ।।**

માછલી – આશ્રય વિનાનો ઘુવડ – કૂકડો – હંસ,

**चरटा-खञ्जरीटश्च, खञ्जरीट: सलक्षण: ।**

દિવાળી ઘોડો, ખંજનપક્ષી – પક્ષિણી, કલગીયુક્ત ખંજનપક્ષી.

**क्रौञ्च: किकिदिव - चक्रवाकश्चुटश्चुटी, ।।६०३।।**

ક્રૌંચ – ચાસપક્ષી – બગલો – ચકલો – ચકલી

**दात्यूहश्च बकोटश्च, कुररः शारिकस्तथा,**

જલકાગડો – બગલો, કુરરનામે પક્ષી – પોપટ

**पारापतः शकुन्तश्च, गुज्जलो विषसूचकः ॥६०४॥**

કબૂતર – ચાસપક્ષી, વિષસૂચક ગુંજારવકરતું પક્ષી,

**तित्तिरं-कुम्भकारश्च, हारीतो मरूलस्तथा।**

તેતર – રાની કૂકડો , એક પક્ષી વિશેષ ( લીલા – પીળા રંગનું ) તથા
કારંડ પક્ષી વગેરે ઘણાં પશુઓ હમણાં ભેગાં કરેલાં છે..

પોત પોતાને છોડાવવા માટે આ પશુઓને બોલતાં જાણીને નેમિએ કહ્યું કે હે સારથિ ! તૂં રથને જલ્દી પાછો વાળ. આ બંધુવર્ગના સ્નેહવડે અને વિષયવડે મારે સર્યું, મોક્ષરૂપી ઘરમાં પ્રયાણ કરનારને જીવહિંસા બંધન કહ્યું છે. બાંધેલાં સર્વપશુઓને સારથિપાસે ( વડે ) છોડાવીને નેમિએ સારથિવડે એકદમ પોતાના રથને પાછો વળાવ્યો. તે વખતે પાછા ફેરવેલા રથવાલા નેમિને જોઇને યદુઓમાં ઉત્તમએવા સમુદ્રવિજયરાજા – શિવાદેવી માતા અને બધીગોપીઓ કહેવા લાગી કે હે સ્વચ્છ પુત્ર ! તું હમણાં રથને પાછો ન વાળ. વહુને પરણીને જલ્દી અમોને હર્ષિત કર.

નેમિએ કહ્યું કે પશુઓના વધમાં દુર્ગતિ થાય છે. આથી મારાવડે કન્યાનું પાણિગ્રહણ કરવા યોગ્ય નથી. સમુદ્રવિજયે કહ્યું કે તું અમારા મનોરથોને પૂર. જિનોમાં ઉત્તમ એવા ઋષભદેવ વગેરે તીર્થંકરો વિવાહ કરીને મુક્તિ પામ્યા છે. બ્રહ્મચારી એવા હે કુમાર ! તમને તેથી પણ ઊંચુ સ્થાન થવાનું છે ? ( જવાબમાં ના ) તેથી રાજીમતિનું પાણીગ્રહણ જલદી કરો. નેમિએ કહયું કે એક કન્યાનું ગ્રહણ કરવામાં અનેક પ્રાણીઓનો વધ થાય છે. તેથી તમારે તે વાત કહેવી નહિ. તે વખતે શિવાદેવીએ કહયું કે માતૃવત્સલ વત્સ ! હું તારી પાસે કાંઇક પ્રથમ પ્રાર્થના કરું છું. તું પાણિગ્રહણ કરીને પોતાની વહુનું મુખ મને બતાવ. (ા)

ચન્દ્રાનનાએ કહ્યું કે : – કાનમાં રસાયણ સરખા માતાના વચનના પ્રતિવચનને તું સાંભળ. ભિન્ન એવા લોકમાં તીર્થંકરોએ પણ માતાને ઘણી માની છે. રાજીમતિએ કહ્યું કે : – હે ધુતારા ! બધા સિધ્ધોવડે ભોગવાયેલી મુક્તિરૂપી ગણિકામાં જો તું રાગી થયો છે તો શા માટે પરણવાના આરંભવડે મને પીડા પમાડી ? સખીઓવડે કહેવાયું કે : – હે પ્રિયસખી ! પ્રેમ વગરના એવા આને વિષે શા માટે પ્રિયભાવ કરે છે ? પ્રેમમાં તત્પર એવો કોઇ બીજો વર અમે તારે માટે કરીશું.

રાજીમતિએ બે કાન ઢાંકીને આ પ્રમાણે કહ્યું કે હે સખિ ! તું પણ મારી આગળ અહીં આ ન સાંભળવા

લાયક કેમ બોલે છે ? જો કદાચ પશ્ચિમ દિશામાં સૂર્ય ઉદય પામે તો પણ નેમિનાથને મૂકીને બીજો વર હું કરીશ નહિ. જો કે એના હાથમાં પરણવાના સમયે મારો હાથ નથી તો પણ નિશ્ચે દીક્ષાના સમયે મારા મસ્તકપર તે હાથ થાઓ.

નેમિએ કહ્યું કે મેં સંસારનું સઘળું સુખ જાણ્યું છે. હવે મને મનોહર એવી મોક્ષસુખની ઇચ્છા છે. આ બાજુ સારસ્વત આદિ લોકાન્તિક દેવોએ સ્વર્ગમાંથી આવીને કહ્યું કે તમે જય પામો,ને ધર્મતીર્થ પ્રવર્તાવો. જીત્યો છે કામદેવને જેણે એવા ને પ્રાણીસમુદાયને અભય આપનારા એવા હે નાથ ! તમે જય પામો,ને નિત્ય ઉત્સવ કરવા માટે તીર્થને પ્રવર્તાવો. તે પછી નેમિએ ઘરે આવીને વેગથી એક વર્ષ સુધી સાંવત્સરિક દાન આપ્યું અને પૃથ્વીને ઋણરહિત – દેવા વગરની કરી.

તે આ પ્રમાણે : – એક કરોડ ને આઠ લાખ સોનામહોર સૂર્યોદયથી માંડીને બપોર સુધીમાં આપે છે. આવી રીતે એક વર્ષમાં ત્રણસોને અઠ્યાસી કરોડ ને એંસી લાખ સોનામહોરો અપાઇ. તે પછી પ્રભુ સ્નાન કરીને વસ્ત્રો પહેરીને કૃષ્ણવડે કરાવેલી શિબિકામાં બેઠા. તે વખતે ઇન્દ્રે અવધિજ્ઞાનથી શ્રી નેમિનાથ પ્રભુના સંયમ ગ્રહણ કરવાના સમયને જાણીને આવીને બીજી શ્રેષ્ઠ ઉત્તમ શિબિકા કરી. શરુઆતમાં કૃષ્ણે કરાવેલી શિબિકામાં ચઢીને નેમિનાથ પ્રભુ નગરની બહાર સારા ઉત્સવપૂર્વક આવ્યા. બન્ને શિબિકાઓ ભેગી થઇ ત્યારે તીર્થંકર પ્રભુ તેમાં બેઠા અને ઇન્દ્રેધારણ કરેલા છત્રવાલા, ઇન્દ્રવડે વીંઝાયેલા ચામરવાલા ( પ્રભુ ) ચાલ્યા. કૃષ્ણવગેરે રાજાઓવડે સૌધર્મેન્દ્ર અને ઇશાનેન્દ્રવડે અને ઘણા દેવોવડે પરિવરેલા, યાચકોવડે ગવાતા સંપૂર્ણ ગુણોના સમૂહવાલા પ્રભુએ રૈવતક ઉદ્યાનમાં જઇને શિબિકાના આસનમાંથી ઊતરીને કરેલ છે અઠ્ઠમ તપ જેણે એવા તેમણે તે વખતે પંચમુષ્ઠિવડે લોચ કર્યો.

જન્મદિવસથી ત્રણસો વર્ષ વીતી ગયાં ત્યારે જેઠ સુદ – છઠ્ઠના દિવસે દિવસના પૂર્વભાગમાં ચન્દ્ર ચિત્રા નક્ષત્રમાં હતો ત્યારે, ઘોંઘાટ દૂર થયો ત્યારે, સામાયિક ઉચ્ચરવાના સમયે સાધુને ઉચિત એવું ચોથું ( મનઃપર્યવ ) જ્ઞાન પ્રભુને ઉત્પન્ન થયું.

**तिहिं नाणेहिं समग्गा, तित्थयरा जाव हुंति गिहिवासे;**
**पडिवन्नम्मि चरित्ते, चउनाणी जाव छउमत्थे ।।१।।**

કહ્યું છે કે :– સર્વતીર્થંકરો ગૃહસ્થવાસમાં ત્રણ જ્ઞાન સહિત હોય છે. ને ચારિત્ર ગ્રહણ કર્યા પછી જ્યાં સુધી છદ્મસ્થ ( અવસ્થા ) હોય ત્યાં સુધી ચાર જ્ઞાનવાલા હોય છે. એક હજાર રાજાઓએ તે વખતે પ્રભુની જેમ લોચ કરીને કેટલાકે સ્વામીની ભક્તિથી ને કેટલાકે પોતાના ભાવથી સંયમનો સ્વીકાર કર્યો. કૃષ્ણ ને ઇન્દ્ર વગેરે અને રાજાઓ વગેરે પોતપોતાના સ્થાનમાં ગયા ત્યારે, ગોષ્ઠમાં રહેલા વરદત્તબ્રાહ્મણના આવાસમાં બીજા દિવસે પ્રભુએ ખીરવડે પારણું કર્યું. તે વખતે દેવતાઓએ તેના ઘરમાં રત્નની વૃષ્ટિ કરી. કહ્યું છે કે ઉત્કૃષ્ટથી સાડાબાર કરોડ સોનૈયાની વસુધારા થાય છે. ને જઘન્યથી સાડાબાર લાખની વસુધારા થાય છે. વિહાર કરતાં – ૫૪ – દિવસ ગયા ત્યારે સહસ્રામ્રવનમાં પ્રભુને કેવલજ્ઞાન થયું. તે વખતે ત્યાં દેવોએ એકદમ આવીને ત્રણ ગઢ ( સમવસરણ ) કર્યા ત્યારે શ્રી નેમિજિનેશ્વર ધર્મની દેશના આપવા માટે બેઠા. આ બાજુ ઉદ્યાનપાલકના મુખેથી તે વખતે પ્રભુના જ્ઞાનની ઉત્પત્તિ જાણીને હર્ષિત

થયેલા કૃષ્ણે યથોચિત દાન આપ્યું. સમુદ્રવિજય – શિવાદેવી અને સત્યભામાસહિત કૃષ્ણે ત્યાં જઈને તુરત પ્રભુને ત્રણ પ્રદક્ષિણા કરી.

બલિ કરીને પ્રભુને નમીને યોગ્ય સ્થાનકે કૃષ્ણ બેઠા ત્યારે બીજાઓ પણ પોતપોતાના ઉચિત સ્થાનકે બેઠા.

**राया व रायमच्चो, तस्सासइ पउर जणवओ वावि;**
**दुब्बलिकंडिय बलि छडीअ, तंदुलाणाढगं कलमा ।।१।।**
**भाइअपुणाणियाणं, अखंडफुडियाण फलगसरियाणं;**
**कीरइ बली सुरावि अ, तत्थेव च्छुहंति गंधाइ ।।२।।**
**बलिपविसणसमकालं, पुव्वदारेण ठाई परिकहणा;**
**तिगुणं पुरओ पाडण, तस्सद्धं अवडियं देवा; ।।३।।**
**अद्धद्धं अहिवइणो, तदद्धमो होइ पागय जणस्स;**
**सव्वाम्मयप्पसमणी, कुप्पइ नउन्नोअ छम्मासे ।।४।।**

રાજા અથવા રાજ્યમંત્રી અથવા તેનું શાસન કરનારા નગરલોક અથવા દેશનાલોકે બલિદાનને માટે અત્યંત સાફ કરાયેલા, બલિદાનને માટે છોલાયેલાં એક આઢક પ્રમાણ કલમી ચોખા ભાઈઓવડે લવાયેલા અખંડ ખીલેલા ફલ સરખા તે ચોખા લઈ તેનો બલિ કરાય છે. દેવતાઓ પણ તેની અંદર ગંધ નાંખે છે. તે બલિ પ્રવેશનાસમયે આગળ પાડે છે. તેનો અર્ધોભાગ જમીનપર પડ્યા પહેલાં દેવતાઓ ગ્રહણ કરે છે, નીચે પડેલાનો અર્ધોભાગ રાજાઓ ગ્રહણ કરે છે અને બાકીનો અર્ધોભાગ સામાન્ય લોક ગ્રહણ કરે છે. આ બલિ સર્વરોગને શાંત કરનારો છે. અને છ મહિના સુધી બીજો નવો રોગ થતો નથી.

આ બાજુ કુબેર નગરમાં કોડિનાર નામના નગરમાં દેવભટ્ટ નામના બ્રાહ્મણને દેવલા નામની સ્ત્રી હતી. અનુક્રમે તે બન્નેનો સોમભટ્ટ નામે મનોહર પુત્ર થયો, તે સોમભટ્ટને અંબિકા નામે જિનધર્મને કરનારી પત્ની હતી. અનુક્રમે દેવભટ્ટ દેવલોક પામ્યો ત્યારે ઘરનાસ્વામી સોમભટ્ટે તે વખતે સદગતિને માટે પિતૃકાર્ય કર્યું. તે વખતેજ શ્રાધ્ધના દિવસે માસક્ષમણના પારણે ભિક્ષાને માટે બે સાધુઓ સોમભટ્ટના ઘરે ગયા. તે વખતે બે સાધુઓને જોઈને અંબિકાએ આ પ્રમાણે વિચાર્યું કે આજે મારું ઘર સાધુના આગમનથી પવિત્ર થયું. સાસુ ઘરે નથી. ઘરમાં શુધ્ધ અન્ન છે. આજે આ બન્ને સાધુઓને વહોરાવીને હું કૃતાર્થ થાઉં. આ પ્રમાણે વિચારીને હર્ષિત થયેલી તે પોતાના હાથમાં શુધ્ધઅન્ન ગ્રહણ કરીને સાધુઓને કહ્યું કે આ ઉત્તમ એવું પ્રાસુક ( શુધ્ધ) અન્ન છે. તે વખતે બંને ઉત્તમ મુનિઓ શુધ્ધ અન્ન જાણીને પાત્ર ધરે છે. તે વખતે અંબિકાએ તુરતજ તે સાધુઓને અન્ન આપ્યું. હોમકાર્ય કર્યા સિવાય મુનિને આપતી અંબિકાને જોઈને એક પડોશણ તેની ઉપર અત્યંત ઈર્ષ્યા કરવા લાગી. ત્યારે તેની સાસુ આવી. ત્યારે પડોશણે કહ્યું કે તમારી પુત્રવધૂએ હોમઆદિ કર્યા વિના તમારો અનાદર કરીને બે સાધુઓને આદરપૂર્વક અન્ન આપ્યું છે. તે કારણથી ખરેખર તે સારું નથી.

તે વખતે અંબિકા ભયથી કંપતી સાસુ પાસે કૃષ્ણપક્ષના ચંદ્રની જેમ નિર્મલમનવાલી તે કૃશપણાને ધારણ કરવા લાગી. આ બાજુ સોમ બ્રાહ્મણોને પ્રેતકાર્ય માટે ઘરે લાવ્યો. પત્નીનુંકાર્ય સાંભળીને તે પ્રિયાને તિરસ્કાર કરવા લાગ્યો.. પતિવડે અને સાસુવડે તર્જના કરાયેલી અંબિકા દુ:ખી ચિત્તથી તે વખતે શુભંકર અને વિભંકર નામના બે પુત્રોને લઇને મનમાં તે બંને મુનિઓને અને નેમિજિનને યાદ કરતી રૈવતપર્વતની દિશામાં વેગથી ચાલવા લાગી.

માર્ગમાં જતી ખેદ પામેલી અંબિકા ભૂખથી પીડાયેલા બે પુત્રોને જોઇ જોઇને દૈવની પ્રત્યે આ પ્રમાણે બોલતી રડવા લાગી. હે દૈવ ! હમણાં મેં તારો કયો અપરાધ કર્યો ? જેથી પુત્ર સહિત તારાવડે આવી અવસ્થા પમાડાઇ. મેં બે સાધુઓને મોક્ષને આપનારો શુદ્ધ આહાર આપ્યો છે , કંઇ પાપ કર્યું નથી, પરંતુ ખરેખર ધર્મ કર્યો છે. આ પ્રમાણે મેં સાધુને દાન આપવાવડે પુણ્ય કર્યું છે. તે જો તારા ચિત્તમાં સરખું ન લાગતું હોય તો તું પણ હમણાં તે કર. તે આ પ્રમાણે બોલતી હતી ત્યારે શ્રેષ્ઠ પાણીથી ભરેલું સરોવર ને ફળોથી દેદીપ્યમાન આંબાનું વૃક્ષ તેની નજરના વિષયમાં આવ્યું. ( જોવામાં આવ્યું ) એક પુત્રને કેડપર ધારણ કરીને બીજાપુત્રને હાથવડે કરીને ( તેડીને ) ઘણીથી ભય પામેલી અંબિકા નજીકના વનમાં ચાલી બન્ને પુત્રોને પાણી પાઇને આમ્રવૃક્ષ ઉપરથી બે આમ્રલુંબ લઇને અંબિકાએ બન્ને પુત્રોને આપી. પુણ્યના પ્રભાવથી જંગલ આમ્રલતાના ઉદયવાળું થયું. અંબિકા હૃદયમાં શ્રી નેમિનાથ જિનેશ્વરનું ધ્યાન કરતી ચાલી,

આ બાજુ આજે વહુવડે સાધુને દાન આપવાથી મારું અન્ન એઠું કરાયું. આ પ્રમાણે વિચારીને ( સાસુ ) રોષવડે ભરેલી ઘરની અંદર ગઇ, અન્નથી ભરેલાં પાત્રો બહાર નાંખી દેવા માટે ( મા ) ઘરમાં ગઇ ,ત્યારે તેટલામાં તેણીએ તે પાત્રો સુવર્ણમય જોયાં. માતાએ વિચાર્યું કે જૈન સાધુઓને દાન આપવાના પ્રભાવથી મારા ઘરમાં આ મનોહર સોનાનાં પાત્રો આવ્યાં. મારાવડે મોક્ષસુખને આપનાર ( એવો ) જૈન ધર્મ ફોગટ ધિક્કાર કરાયો. અને જગતને વંદનીય અને જગતને ધ્યાન કરવા લાયક એવા સાધુઓ ફોગટ નિંદા કરાયા. આ કારણથી નક્કી મારો દુર્ગતિમાં પાત થશે. અને સંસારમાં ઘણા ભવો હું ભમીશ.

આ બાજુ ( તેનો ) ધણી પોતાના ઘરમાંથી પુત્રસહિત જતી પ્રિયાને એકદમ પાછી લાવવા માટે ભ્રાંત ચિત્તવાળો નગરીની બહાર ગયો. પગલે પગલે સોમભટ્ટ બ્રાહ્મણ – પ્રિયાનાં ચરણોને ( પગલાંને ) જોતો ચાલ્યો. અને સોમભટ્ટની સ્ત્રી વનમાં સર્વ ઠેકાણે ભમવા લાગી, પત્ની ! પત્ની ! એ પ્રમાણે શબ્દ કરતો સોમભટ્ટપતિ ઉતાવળે આવતો અંબિકાવડે જોવાયો ને તે કંપ પામી. અંબિકાએ વિચાર્યું કે આ પતિ મારાઉપર રોષ પામ્યો છે. હાથ–પગ આદિવડે પ્રહાર કરીને મને જલદી મારી નાંખશે. આ વનમાં હમણાં મારું કોઇ રક્ષણ કરનાર દેખાતું નથી. જો મને પૃથ્વી જગ્યા આપે તો હું તેમાં પેસી જાઉં.

મારાવડે જે બે મુનિઓને દાન અપાયું છે. તે મારું શરણ થાઓ. આ પ્રમાણે તે વિચાર કરતી હતી ત્યારે એક કૂવો આવ્યો, ફરીથી અહીં મને પંચપરમેષ્ઠી – જિનેશ્વરે કહેલો ધર્મ અને નેમિનાથ પ્રભુનાં બે ચરણોનું શરણ હો. આ પ્રમાણે સ્મરણ કરતી ને પગલે પગલે બન્ને પુત્રોને સ્મરણ કરાવતી અંબિકાએ ઉતાવળ કરી પુત્રસહિત તે કૂવામાં ઝંપાપાત કર્યો.

મરણ પામીને તે પાતાળમાં રહેનારી બે પુત્રોવડે આશ્રિત છે ખોળો જેનો એવી દેદીપ્યમાન કાંતિને ધારણ કરનારી શ્રેષ્ઠ દેવી થઇ. હે પ્રિયા ! તું કૂવામાં ન પડ એ પ્રમાણે સોમભટ્ટ બ્રાહ્મણ બોલતો હતો ત્યારે અંબિકા એકદમ વેગથી બે પુત્રસહિત કૂવામાં પડી. પુત્રસહિત પત્નીને પડેલી જોઇ સોમભટ્ટ વિચારવા લાગ્યો કે હમણાં આ સ્ત્રી વિના મારે જીવિતવડે શું ? બન્ને પુત્રવિના ને પત્નીવિના પોતાના ઘરમાં પાછા જઇને હું સ્વજનોને કઇ રીતે મોઢું બતાવીશ ? પુત્રસહિત મારી પ્રિયા હમણાં ખરેખર મરણ પામી છે. આથી હમણાં મને પણ મૃત્યુ કલ્યાણકારી થાઓ. મારે જીવિતવડે શું ? આ પ્રમાણે વિચારીને તે પછી સોમભટ્ટ કૂવામાં પડીને અંબિકાના આસનમાં સ્ફુરાયમાણ કાંતિવાલો સિંહનામે દેવ થયો.

સિંહના વાહનવાલી – ચંદ્રને જીતનારા શ્રેષ્ઠભૂષણવાલી – અમૃતસરખીવાણીવડે શ્રેષ્ઠ – શંખ સરખા કંઠવાલી દેવાંગનાઓવડે સેવાતાં છે ચરણો જેનાં એવી જોવાલાયક એવી, ચારભુજાવાલી, ડાબા બે હાથમાં પાશ અને આંબાની લુંબને ધારણ કરતી. ને જમણા બે હાથવડે બે પુત્રને અને અંકુશને ધારણ કરતી સુવર્ણસરખી કાંતિવાલી. તેને જોઇને તે વખતે એક દેવે કહ્યું.

હે દેવિ ! તમારાવડે પૂર્વભવમાં કયા તપ – દાન – શીલ – ને ધર્મ કરાયાં છે કે જેથી વ્યતંર દેવીઓ એવી અમારી સેવનીય સ્વામિની થયા છો ? આ પ્રમાણે વચન સાંભળીને પૂર્વભવને યાદ કરતી ચિત્તમાં નેમિનાથ પ્રભુને અને તે બન્ને સાધુઓને અંબિકા વારંવાર યાદ કરવા લાગી. દેવતાઓએ બનાવેલા શ્રેષ્ઠ વિમાનમાં ચઢેલી દેવોવડે ગવાયા છે. ગુણ જેનાં એવી અંબિકા દેવી – દિશાઓને પ્રકાશ કરતી રૈવતગિરિઉપર ગઇ.

તે પર્વત ઉપર શ્રી નેમિનાથ જિનેશ્વર ધર્મદેશના કરતા હતા ત્યારે અંબિકા પ્રભુને નમસ્કાર કરીને ધર્મ સાંભળવા માટે યોગ્ય સ્થાને બેઠી. વરદત્ત વગેરે ઘણા રાજાઓ અને ઘણાં શ્રેષ્ઠીઓ અને સ્ત્રીઓ ત્યાં આવીને ધર્મ સાંભળવા માટે રહ્યાં. ( ત્યાં ઊભા રહ્યાં )

**धर्मो जगद्बन्धुरकारि येन, धर्मो जगद्वत्सल आर्तिहर्त्ता;**
**क्षेमंकरो निर्वृत्तिदोऽत्र धर्मो, धर्म्मस्ततो भक्तिभरेण सेव्यः ।।**
**सत्पात्रदानं प्रथमाऽत्र शाखा, धर्म्मद्रुमे शीलमथ द्वितीया;**
**ततस्तपोऽपाय भयापहारि, भवापहन्त्री शुभभावना च; ।।**
**सिद्धोज्जयन्ताचलतीर्थसेवा, देवार्चनं, सद्गुरूसेवनं च;**
**अघौघहन्मन्त्रपदानिपञ्च, तदग्रशाखा कुसुमाङ्कुराणि ।।**

ધર્મ એ જગતનો બંધુ છે. જગત વત્સલ અને પીડાને હરણ કરનારો ધર્મ જેનાવડે અહીં કરાયો છે તે ધર્મ ક્ષેમને કરનારો છે. અને મોક્ષને આપનારો છે. તેથી તે ધર્મ ભક્તિના સમૂહવડે સેવન કરવા યોગ્ય છે.

ધર્મરૂપી વૃક્ષને વિષે પ્રથમશાખા સત્પાત્રદાન છે. બીજીશાખા શીલ છે. ત્રીજી શાખા–સંકટ અને ભયને દૂર કરનાર

તપ છે. અને ચોથી શાખા સંસારને દૂર કરનાર –શુભ ભાવના છે. સિદ્ધગિરિ અને ઉજજયંતગિરિ તીર્થની સેવા – દેવપૂજા – સદ્ગુરુની સેવા પાપના સમૂહને હરણ કરનાર એવાં પાંચ મંત્રપદો એ તેની પાંચ અગ્રશાખાના ફૂલના અંકુરા છે. આ પ્રમાણે નેમિનાથ પ્રભુની વાણી સાંભળીને ત્યાં વરદત્ત રાજાએ બે હજાર રાજાઓ સાથે સંયમ ગ્રહણ કર્યું. વરદત્ત વગેરે શ્રેષ્ઠ – ૧૧ – રાજાઓ અનુક્રમે ત્રિપદી પામીને શ્રી નેમિનાથ પ્રભુના ગણધર થયા, અને સુંદરમનવાલી યક્ષિણી વગેરે ઘણી પ્રવર્તિનીઓ – સાધ્વીઓ થઇ. અને કૃષ્ણ વગેરે ઘણા શ્રાવકો સમ્યક્ત્વ પામ્યા. રુકિમણી અને સત્યભામા વગેરે ઘણી શ્રાવિકાઓ થઇ. એ પ્રમાણે તે વખતે પ્રભુને ચતુર્વિધ સંઘ થયો. તે વખતે ઇન્દ્રના આદેશથી અંબિકા ( દેવી ) શ્રી નેમિનાથ ભગવાનના શાસનની અધિષ્ઠાયિકા અને સંઘનાં વિઘ્નને દૂર કરનાર રૈવતગિરિઉપર ઉત્પન્ન થઇ.

આ બાજુ ગોમેધયજ્ઞ વગેરે કરનારો ગોમેધ નામનો બ્રાહ્મણ તે સુગ્રામને વિષે સંપૂર્ણ ક્ષીણ થઇ ગઇ છે લક્ષ્મી જેની એવો ઘણા રોગવાલો થયો. અનુક્રમે દુર્ગંધથી યુક્તએવો ગોમેધપર્વત પરથી પડતો સાધુવડે નિષેધ કરાયો. સાધુના ચરણકમલમાં નમીને તે બોલ્યો હે મુનિરાજ ! તમે શા માટે પ્રાણોને છોડતાં એવા મને અટકાવો છો ? હું રોગની પીડા સહન કરવામાટે શક્તિમાન નથી. તેથી હમણાં મરું છું. સાધુએ કહ્યું કે આત્મહત્યા કરવાથી કોઇ ઠેકાણે પાપ છૂટતાં નથી. પરંતુ તીવ્રતપવડે પાપથી છુટકારો થાય છે. છૂટાય છે. તું રૈવતગિરિપર જા. શ્રી નેમિનાથ જિનેશ્વરની સેવા કર ,અને રોગને હરણ કરનારું પાણી છે જેનું એવા ગજેન્દ્રનામના કુંડમાં સ્નાન કર. તે પછી તે બ્રાહ્મણ ઉજજયંત ગિરિઉપર જઇને મુનિરાજે કહેલું કરીને નીરોગીપણું પ્રાપ્ત કરીને જૈન ધર્મ કરવા લાગ્યો. શ્રી નેમિનાથ પ્રભુની પૂજા કરતો તે ગોમેધ બ્રાહ્મણ મરીને યક્ષનો સ્વામી થયો, અને તે યક્ષ નેમિનાથ પ્રભુનો સેવક થયો. એક વખત ઇન્દ્રે કહ્યું કે હે નેમિપ્રભુ! તમારા વરદત્ત ગણધર ક્યા પુણ્યથી થયા ? તે મારા સંશયને તમે હમણાં ભેદો.

પ્રભુએ કહ્યું કે ચંપાનગરીમાં શ્રેષ્ઠજ્ઞાનને ધરનારા મુનિ સભાની અંદર મોક્ષનું સ્વરૂપ આદરપૂર્વક વર્ણવતા હતા તે આ પ્રમાણે :–

**सिव–मयल–मरुअ–मणंत–मक्खय–मव्वाबाह–**
**मपुणराविति–सिद्धिगइ नामधेयं ठाणं संपत्ताणं नमो जिणाणं ।।**

કલ્યાણકારી – ચલાયમાન ન થાય તેવું – રોગ વગરના – અંતવગરના ( અનંત ) ક્ષય ન પામે એવા – પીડા વગરના ને જ્યાંથી પાછું ફરવાનું નથી એવા, સિદ્ધગતિ નામના સ્થાનને પામેલા જિનેશ્વરોને નમસ્કાર થાઓ. ( ॥ ) કેવલજ્ઞાનીઓએ તે મોક્ષસ્થાનને અનંત – અચલ – શાંત – શિવ – અસંખ્ય – મહાન્ – અક્ષય – અરૂપ – ને અવ્યક્ત કહયું છે.

એક કરોડ – બેંતાલીસ લાખ – ત્રીસ હજાર – બસોને ઓગણપચાસ યોજન આનો (મોક્ષના સ્થાનનો ) પરિઘ છે. જ્યાં એક સિદ્ધ છે. ત્યાં અનંતા જીવો સંસારનો ક્ષય થવાથી મુક્ત થયેલા અને એક બીજાને અવગાહીને રહેલાં છે. તે સર્વે લોકનાઅંતે સ્પર્શ પામેલા એવા સર્વ સિદ્ધો છે. સર્વકાલથી પિંડ કરાયેલું સમગ્રદેવ સમૂહનું જે સુખ છે . તેને અનંત ગણું કરવામાં આવે તો પણ અને તેનો અનંત વર્ગ કરવાથી પણ એ મુક્તિના સુખને પહોંચી શકાતું નથી.

તેવખતે ત્યાં પાંચમા દેવલોકના ઇન્દ્રે નમસ્કાર કરીને પૂછ્યું કે હે પ્રભુ ! મારો મોક્ષ ક્યારે થશે ? તે પછી જ્ઞાની બોલ્યા. જ્ઞાનીએ કહ્યું કે હે ઇન્દ્ર ! આવતી અવસર્પિણીમાં બાવીશમા તીર્થંકરના તમે પ્રથમ વરદત્ત નામે ગણધર થશો. ઘણાં પ્રાણીઓને પ્રતિબોધ કરીને રૈવતગિરિઉપર જ્ઞાની થઇને મોક્ષમાં જશો.

બ્રહ્મદેવના ઇન્દ્રે આ પ્રમાણે સાંભળી ત્યાં જિનેશ્વરોને નમસ્કાર કરી હર્ષવડે સ્વર્ગમાં જઇને ઉત્તમરત્નોવડે મારી ઉત્તમમૂર્તિ કરી. તેની આગળ તે હંમેશાં હર્ષવડે ગીત – નૃત્ય – આદિ કરતો હતો. તે પછી અંતે આપર્વતની અંદર ગુપ્ત એવું દેવમંદિર કર્યું. આયુષ્યનાઅંતે ત્યાંથી ચ્યવી ઉત્તરોત્તર ભવો પામી હે ઇન્દ્ર ! તે આ મારા વરદત્ત ગણધર થયા. જે કારણથી તે વખતે બ્રહ્મેન્દ્રે મારી મૂર્તિ પૂજી હતી, તેના ફલથી ગણધરનું પદ પામીને તે મોક્ષમાં જશે. કહ્યું છે કે બ્રહ્મેન્દ્રવડે કરાયેલી આ નેમિનાથપ્રભુની મૂર્તિ વીશકોડી સાગરોપમ સુધી – દેવના સમૂહવડે પૂજાયેલી થઇ. તે ગિરિમાં રાજા જેવો ગિરનારપર્વત જયવંતો વર્તે છે.

શ્રી નેમિનાથ પાસે દીક્ષા લઇને રાજીમતી સતી જલદી પુણ્યપાપનો ક્ષય કરી પ્રભુની પહેલાં મોક્ષ પામ્યાં. શ્રી નેમિનાથ પ્રભુ પાસે દીક્ષા લઇને ઘણાં યાદવો – કૃષ્ણના પુત્ર – પુત્રીઓ અને પત્નીઓ અનુક્રમે વ્રતગ્રહણ કરીને મોક્ષ પામ્યાં. મહાનેમિ – રથનેમિ – તેમજ બીજા પણ ઉત્તમયાદવો શ્રી નેમિનાથ પ્રભુ પાસે દીક્ષા લઇ અનુક્રમે મોક્ષમાં ગયા. મેઘનાદનામે યાદવ ચાલતા રૈવતગિરિઉપર જ્યાં સિદ્ધ થયા. ત્યાં મંદિરમાં રહેલું તેમનું બિંબ થયું.

જ્યાં રહીને નેમિનાથ ભગવંતવડે ગિરિ જોવાયો તે અવલોકન નામે શિખર શ્રી નેમિનાથના બિંબથી યુક્ત થયું કહ્યું છે કે પુંડરીકગિરિનું આ મુખ્ય શિખર સુવર્ણમય છે. અને તે મંદાર અને કલ્પવૃક્ષ વગેરે વૃક્ષોવડે કરાયું. પડતાં એવા ઝરણાંઓવડે હંમેશાં પ્રાણીઓનાં ધોઇ નાંખ્યા છે સારી રીતે પાપ જેણે એવું આ મહાતીર્થ સ્પર્શથી પણ પાપને દૂર કરે છે.

આ પર્વત પવિત્ર છે, શ્રેષ્ઠ છે. પૃથ્વીના તિલક સરખો છે. શ્રીસર્વજ્ઞનાં ચરણોવડે પવિત્ર ત્રણલોકના ભૂષણરુપ શોભે છે. સર્વતીર્થોમાં આ તીર્થ ઉત્તમ છે. સર્વતીર્થના ફલને આપનાર છે. અને દર્શન સ્પર્શનવડે પણ ચારે તરફથી પાપને હણે છે, ન્યાયથી ઉપાર્જન કરેલું દ્રવ્ય જે આત્મા પ્રાણીઓના પાત્રમાં કરે છે. તેઓને ભવોભવમાં સર્વ સમૃદ્ધિઓ થાય છે. જ્યાં રહેલી અંબિકાદેવી યાત્રિકોનું રક્ષણ કરે છે. તે અંબિકાના મંદિરથી યુક્ત તે શિખર અંબિકા નામે થયું.

જ્યાં કૃષ્ણ મહારાજાએ છત્રને છોડયું (ત્યાગ કર્યો ) અને તીર્થને નમવા માટે ગયા તે સ્થાનનું નામ છત્રશિલા થયું. હજાર રાજાઓ સહિત ગ્રહણ કરી છે દીક્ષા જેણે એવા સહસ્રબિંદુ નામે રાજાએ કર્મનો ક્ષયકરી જે સ્થાને મોક્ષ પામ્યા. તે સ્થાનનું લોકોથી સહસ્ર બિંદુ નામ થયું. અને તે તીર્થ કલ્યાણરૂપી લક્ષ્મીને આપનારું છે.

કૃષ્ણે સહસ્રામ્રવનમાં ઘણી લક્ષ્મીનો વ્યયકરીને શ્રી નેમિનાથ જિનેશ્વરનું શ્રેષ્ઠ મંદિર કરાવ્યું. લક્ષામ્રનામના વનમાં કૃષ્ણે ધનનો વ્યયકરી શ્રી નેમિનાથ પ્રભુના બિંબ સહિત મોટું નેમિનાથ પ્રભુનું મંદિર કરાવ્યું. કૃષ્ણે ઘણા સંઘને લઇ જઇને સિદ્ધગિરિ અને ઉજ્જયંતગિરિની યાત્રા કરતાં ઘણાં જીવોને બોધીબીજ પમાડયું. જે સ્થાને ઉન્માર્ગે ગયેલા રથનેમિ મુનીશ્વરને શ્રેષ્ઠવાણીવડે રાજીમતિએ સન્માર્ગે પમાડ્યા. તે સ્થાનને લોકોએ રથનેમિગુહા ( ગુફા ) નામ આપ્યું.

આ કારણથી તે તીર્થ મોક્ષસુખને આપનારું છે.

વરસાદ થયો ત્યારે એક ગુફામાં રથનેમિ ને રાજીમતિનું આગમન થયું, રાજીમતિનું રૂપ જોઈને રથનેમિએ તેની પાસે ભોગની યાચના કરી. આથી તેનાવડે તે સમજાવાયો. ઈત્યાદિ સંબંધ પોતાની જાતે વિસ્તારથી જાણવો. (૧)

હું ભોગરાજાના કુલમાં ઉત્પન્ન થઈ છું. અને તું અંધકવૃષ્ણિના કુલમાં ઉત્પન્ન થયો છે. આપણે નિંદિત ન થઈયે. તેથી તું સારીરીતે સંયમને આચર.

એક વખત ભેટણામાં આવેલા બે ઘોડાઓ હતા ત્યારે શાંબ અને પાલક પુત્રોએ એકી સાથે સ્પષ્ટપણે માંગ્યા. તે વખતે કૃષ્ણે શાંબ અને પાલકપુત્ર આગળ કહ્યું કે આવતી કાલે જે પહેલાં નેમિનાથ સ્વામિને નમસ્કાર કરે તેને હું આપીશ. રાત્રિના પાછલા પહોરે ઊભા થઈને મોટા સ્વરથી બોલતાં પાલકે નગરની બહાર જઈને નેમિનાથને હર્ષવડે પ્રણામ કર્યા. પોતાના સ્થાનમાં રહેલો શાંબ રાત્રિના પાછલા પહોરે શ્રેષ્ઠ ઉત્તરાસણ કરીને ભક્તિવડે નેમિનાથને નમ્યો. સવારે કૃષ્ણે પ્રભુને નમીને કહ્યું કે પાલક અને શાંબમાંથી કોનાવડે આપ ભક્તિથી વંદન કરાયા ? તે પછી પ્રભુએ કહ્યું શાંબવડે ભાવથી વંદન કરાયું ને પાલકવડે દ્રવ્યથી વંદન કરાયું. તેથી કૃષ્ણે શાંબને અશ્વ આપ્યો. પાલકને નહિ. કહ્યું છે કે હૃદયમાં તમારું ધ્યાન કરીને શાંબ ફલ પામ્યો. ને સાક્ષાત્ તમને જોઈને પાલક ફલ ન પામ્યો. તેથી પંડિતપુરુષો બાહ્યવિધિ કરતાં અંતરંગ વિધિને બલિષ્ઠ માને છે.

દ્વારિકા નગરીમાં કૃષ્ણને ત્રણ ભેરી છે.પહેલી યુધ્ધને માટે ઉત્પન્ન થયેલી કૌમુદકી નામની શ્રેષ્ઠ ભેરી છે. કોઈક કાર્યમાં અમાત્ય આદિ મનુષ્યોને ( માટે ) જણાવવા માટે ઉદ્‌ભૂતિકા નામની ભેરી છે. નગરીની અંદર સેવકોવડે મજબૂતપણે વગાડાય છે.

કહ્યું છે કે : – તેને ગોશીર્ષ ચંદનમય -- દેવતાથી પરિગૃહિત ત્રણ ભેરી છે. ચોથી ભેરી ઉપદ્રવને શાંત કરનારી છે.હવે તેની ઉત્પત્તિ કહેવાય છે કે દેવલોકમાં ઈન્દ્ર વાસુદેવના ગુણના વખાણ કરે કરે છે. આશ્ચર્ય છે કે આ ઉત્તમ પુરુષ અવગુણને ગ્રહણ કરતા નથી. અને નીચ યુદ્ધવડે યુધ્ધ કરતા નથી.. એક દેવ શ્રધ્ધા નહિ કરતો આવ્યો. વાસુદેવ પણ ત્યાં જિનેશ્વરની પાસે વંદન કરવા ચાલ્યો. વચમાં કાળા કૂતરારૂપ -- મડદું -- ખરાબગંધવાળું વિકુર્વે છે. તેની ગંધથી પરાભવ પામતો સર્વલોક વાસુદેવવડે જોવાયો.અને તેણે ( કૃષ્ણે ) કહ્યું કે આશ્ચર્ય છે કે આ કાળાકૂતરાના ધોળા દાંત મરકતના ભાજનમાં સ્થાપન કરેલાં મોતીનાં જેવા શોભે છે. દેવ વિચારે છે કે આ ખરેખર ગુણગ્રાહી છે. તે પછી તે દેવ – વાસુદેવના અશ્વરત્નને હરણ કરે છે. વાસુદેવ કહે છે શા માટે તું મારા અશ્વરત્નને હરણ કરે છે ? દેવ કહે છે તું નીચયુધ્ધવડે પરાજય પમાડીને તે ગ્રહણ કર. વાસુદેવવડે કહેવાયું કે હું પરાજય પામ્યો. તું અશ્વરત્નને લઈજા. હું નીચયુધ્ધવડે યુદ્ધ નહિ કરું. દેવ તુષ્ટ થયો . તને હું શું વરદાન આપું ? તે કહે. તે કહે છે કે ઉપદ્રવ શાંત કરનારી ભેરી આપ. તેણે તે ભેરી આપી. તે ભેરી છ મહિનાના અંતે વગાડાય છે. ત્યાં જે તેના શબ્દને સાંભળે તે સાંભળનારાના પૂર્વે ઉત્પન્ન થયેલા રોગો શાંત થઈ જાય છે. છ માસમાં નવા રોગો ઉત્પન્ન થતા નથી.

એક વખત ( નવો ) આગંતુક વાણિયો આવ્યો. તે અત્યંત દાહજ્વર વડે પરાભવ પામેલો. તે ભેરીના પાલન

કરનારને કહે છે કે તું લાખ ગ્રહણ કર મને આ ભેરીમાંથી એક પલ માત્ર આપ, તેણે લોભવડે આપ્યું ત્યાં બીજી ચંદનની થીગડી આપી. અને પછી બીજા – બીજાવડે મંગાયું, અને તેણે આપ્યું. તે સર્વ ( ભેરી ) ચંદનની ગોદડી થઇ ગઇ. તે ભેરી ઉપદ્રવમાં વાસુદેવવડે વગાડાઇ. જેટલામાં તે ફક્ત સભાને પૂરે છે ( તેટલામાં ) તેણે કહ્યું કે સર્વ (આખી) ભેરી નાશ પામી છે. તે ભેરીપાલક મારી નંખાવાયો. દેવે અક્રમના અંતે બીજી ભેરી આપી.

એક વખત સુલસા શ્રાવિકાએ મોટા કરેલા દેવકીપુત્રો શ્રી નેમિનાથ પાસે દીક્ષા ગ્રહણ કરીને તપ કરે છે.

દ્વારિકાના બાહ્યઉદ્યાનમાં શ્રી નેમિનાથ પ્રભુને પૂછીને વાસુદેવના છ પુત્રો નગરીની અંદર ભિક્ષા માટે દિવસના પ્રથમ ભાગમાં ગયા. એક સાધુ કૃષ્ણના ઘરમાં દેવકીના હાથેથી જ્યારે ભિક્ષા લઇને ગયા તેટલામાં બીજા સાધુ ત્યાં આવ્યા. તે પણ ભિક્ષા લઇને જેટલામાં ગયા, તેટલામાં ત્રીજા સાધુ ભિક્ષા માટે આવ્યા. તે સાધુને પણ દેવકીએ પડિલાભ્યા. એ પ્રમાણે દેવકીએ છએને વહોરાવીને વિચાર્યું કે તે જ સાધુ વારંવાર ભોજન કેમ માંગે છે ? તે પછી શ્રી નેમિનાથ પાસે આવીને દેવકીએ પ્રભુને પૂછ્યું કે એક સાધુ ઘણીવાર ભિક્ષાને માટે કેમ આવ્યા ? તે પછી પ્રભુએ સાધુઓનો સંબંધ શરૂઆતથી કહ્યો. દેવકી હર્ષિત થઇ અને છ એ પુત્રોને નમી. તે પછી પ્રભુને નમીને ઘરે જઇને કૃષ્ણની આગળ કહ્યું કે મેં સાતેય પુત્રોનું જરાપણ લાલન નથી કર્યું. તેથી જો મને એક પુત્ર થાય તો મારું જીવિત છે. તે પછી કૃષ્ણે દેવની આરાધના કરીને આ પ્રમાણે માંગણી કરી.

માતા દેવકીના સુખ માટે એક પુત્ર આપ. પુત્ર થશે તેમ કહીને દેવે કૃષ્ણને નમસ્કાર કરીને કહ્યું. દેવકીને જે પુત્ર થશે તે દીક્ષા લેશે. કૃષ્ણે કહ્યું કે પુત્ર થાઓ . ભલે સંયમ ગ્રહણ કરે. હમણાં મારી માતાની આ ઇચ્છા પૂર્ણ થાઓ. કારણ કે હિતકારિણી માતા સર્વલોકને પૂજ્ય હોય છે.

અનુક્રમે પુત્ર થયો ત્યારે પતિસહિત દેવકીએ પુત્રનું ઉત્સવપૂર્વક " ગજસુકુમાલ " એ પ્રમાણે નામ આપ્યું. તે વખતે પિતાના આદેશથી તે પુત્રવડે સોમભટ્ટ બ્રાહ્મણની મનોરમા નામની પુત્રી અંગીકાર કરાઇ. એક વખત શ્રી નેમિનાથની પાસે કૃષ્ણે બે હાથ જોડીને સિદ્ધગિરિનું માહાત્મ્ય સાંભળ્યું. જે ( આ ) ગિરિઉપર ચઢેલાં પ્રાણીઓવડે અતિદુર્લભ એવા લોકનો અગ્રભાગ પ્રાપ્ત કરાય છે. તે આ સિદ્ધગરિ સર્વતીર્થનો સ્વામી શાશ્વત છે. આ સિદ્ધગિરિ તીર્થ અનાદિ છે. જયાં અનંત જીવો મોક્ષમાં ગયા છે. તે તીર્થ ઉપર જે યાત્રા કરે છે અને શ્રી ઋષભદેવ જિનેશ્વરની પૂજા કરતા અને ભાવથી સુંદરસ્તોત્રો વડે સ્તુતિકરતા એવા તેની નિશ્ચે થોડા ભવમાં મુક્તિ થાય છે.

શ્રી નવકાર મંત્ર સરખો મંત્ર, શ્રી શત્રુંજય સરખો ગિરિ અને ગજેન્દ્રપદકુંડ નું પાણી ત્રણ ભુવનમાં અનુપમ છે. હજારો પાપ કરીને, સેંકડો જીવોની હત્યા કરીને શ્રી શત્રુંજય તીર્થની આરાધના કરીને તિર્યંચો પણ દેવલોકમાં ગયાં છે. શ્રી શત્રુંજયગિરિનું ધ્યાન કરવાથી એક હજાર પલ્યોપમ, અભિગ્રહ કરવાથી લાખ પલ્યોપમ ( ને તેની તરફ ) માર્ગે ચાલતાં એક સાગરોપમનું એકઠું કરાયેલું દુષ્કર્મ ક્ષય પામે છે. તીર્થના માર્ગની રજવડે પ્રાણીઓ કર્મરૂપી રજથી રહિત થાય છે. તીર્થને વિષે ભ્રમણ કરવાથી પ્રાણીઓ સંસારમાં ભ્રમણ કરતાં નથી, તીર્થેશ્વરની પૂજા કરનારા માણસો જગતને પૂજનીય થાય છે. ને તીર્થમાં ધનનો વ્યય કરવાથી મનુષ્યો સ્થિરસંપત્તિવાલા બને છે.

આ પ્રમાણે તીર્થનું માહાત્મ્ય સાંભળીને કૃષ્ણે આનંદથી સુવર્ણમય ૫૦૦ જિનમંદિરો કરાવ્યાં. શ્રી શત્રુંજયને વિષે યાત્રા કરવા માટે સર્વદેવાલયોને કૃષ્ણે અનુક્રમે સારા દિવસે રથપર સ્થાપન કર્યા, અને કૃષ્ણે ઘણું દ્રવ્ય વાપરી ૧૭૦૦ કાષ્ઠમય જિનમંદિરો અનુક્રમે કરાવ્યાં. કૃષ્ણે ઘણા દેશોમાં ઘણી કુમ કુમ પત્રિકાઓ મોકલીને સંઘને સારા દિવસે બોલાવ્યો, તે વખતે કૃષ્ણના સંઘમાં ચોવીશ કરોડ મનુષ્યો અને રાજાવગેરે ઋષભદેવને નમસ્કાર કરવા ભેગાં થયાં. દરેક ગામમાં ને દરેક નગરમાં જિનમંદિરમાં પૂજાનો ઉત્સવ કરતો સંઘસહિત કૃષ્ણ ચાલ્યો. અનુક્રમે શત્રુંજય ગિરિઉપર જઈને કૃષ્ણરાજાએ મુખ્ય જિનમંદિરમાં વિસ્તારથી સ્નાત્રમહોત્સવ કર્યો. તે પછી કૃષ્ણે આંબળાં જેવાં મોતીઓ વડે રાયણવૃક્ષને ત્રણ પ્રદક્ષિણા આપી હર્ષવડે વધાવી, કૃષ્ણે ઘણા સંઘ સહિત મુક્તિસુખને આપનારી સ્વામીની પાદુકાઓને મનોહર પુષ્પોવડે પૂજી. તે પછી કૃષ્ણે પુત્રપત્ની આદિ સાથે સર્વ જિનમંદિરોમાં જિનેશ્વરોની પૂજા કરી.

ત્યાંથી આવીને કૃષ્ણે વરદત્ત ગુરુના મુખેથી આદરપૂર્વક શ્રી સિધ્ધગિરિનું માહાત્મ્ય આ પ્રમાણે સાંભળ્યું. કહ્યું છે કે શ્રધ્ધા ને વિજ્ઞાનથી રહિત એવા પણ બ્રાહ્મણ. ક્ષત્રિય ને વૈશ્યો ત્યાગ નહિ કરવા છતાં પણ શત્રુંજયને વિષે તીર્થના ફલને પામે છે. અન્યતીર્થમાં – ચારિત્ર તપ – અને બ્રહ્મચર્યવડે જે ફલ મલે છે તે શત્રુંજયગિરિને વિષે પ્રયત્નપૂર્વક પહોંચેલો મેળવે છે. જે કરોડો જીવોને ઇચ્છિત આહાર ને ભોજન આપવાથી જે ફલ – તીર્થપુણ્ય મેળવે છે. તે ફલ શત્રુંજયગિરિઉપર એક ઉપવાસથી મેળવે છે. ગાયો – સુવર્ણ ને ભૂમિના દાનમાં જે પુણ્ય થાય છે. તે શત્રુંજય ઉપર પ્રયત્નપૂર્વક પૂજા કરવાવડે મલે છે. જે શત્રુંજયગિરિઉપર પ્રતિમા અથવા જિનમંદિર કરે છે. તે ભરતક્ષેત્રને ભોગવીને ઉપસર્ગ વગરના સ્વર્ગમાં રહે છે. જે જીવ વિધિવડે શત્રુંજયગિરિઉપર સર્વચૈત્યોની પૂજા કરે છે. તે હંમેશાં દેવ – અસુર ને મનુષ્યોવડે પૂજાય છે. સ્વર્ગમાં – પાતાલમાં ને મનુષ્યલોકમાં જે કોઇ તીર્થ છે. તે પુંડરીકગિરિને વંદન કરવાથી તે સર્વના દર્શનકર્યા તેમ તું જાણ.

અષ્ટાપદ સંમેતશિખર – ચંપાપુરી – પાવાપુરી – ને ઉજ્જયંત ગિરિને વંદન કરવાથી જે પુણ્યફલ પ્રાપ્ત થાય છે.તેનાથી સોગણું ફલ પુંડરીકગિરિનેવંદન કરવાથી થાય છે. ફલની ઇચ્છાવાળો પુંડરીકગિરિનું સ્મરણ કરતો – નવકારશી – પોરિસી – પુરિમુઢ – એકાસન – આયંબિલ ને ઉપવાસ કરે છે તે શત્રુંજય ગિરિનું સ્મરણ કરનાર – મન – વચન ને કાયાની શુધ્ધિવાળો – છઠ્ઠ – અઠ્ઠમ – ચાર ઉપવાસ – પાંચ ઉપવાસ – પંદર ઉપવાસ ને માસખમણના ફલને પામે છે.

એ પ્રમાણે તીર્થનું માહાત્મ્ય સાંભળીને કૃષ્ણે તે ગિરિઉપર ઘણું ધન વાપરી ઘણું પુણ્ય ઉપાર્જન કર્યું, તે પછી ઉજ્જયંત ગિરિઉપરજઇ સંઘ સહિત કૃષ્ણરાજાએ વિસ્તારથી શ્રી નેમિનાથ જિનેશ્વરની પૂજા કરી. તે વખતે સર્વ સંઘને શ્રેષ્ઠવસ્ત્રોવડે પહેરામણી કરી રજા આપી કૃષ્ણ અનુક્રમે પોતાની નગરીમાં આવ્યો. તે પછી પવિત્ર છે આત્મા જેનો એવા શ્રી કૃષ્ણ હંમેશાં સવારે શ્રી શત્રુંજયને આશ્રિત ધ્યાન કરવા લાગ્યો, એક વખત શ્રી નેમિનાથ પ્રભુની પાસે પવિત્રમનવાલા દેવકીનાપુત્ર ગજસુકુમાલે આ પ્રમાણે ધર્મોપદેશ સાંભળ્યો. ઘી વગરનું અલ્પ ભોજન, પ્રિય સાથેનો વિયોગ, અપ્રિય સાથેનો સંયોગ આ સર્વ પાપની ચેષ્ટા છે. પૈસા વગરનો ધનની ચિંતાવડે અને ધનવાલો તેના રક્ષણમાં વ્યાકુલ હોય છે. ધન વગરનો તેના ઉપાયની વ્યાપ્ત બુદ્ધિવડે – સ્ત્રીની પ્રાપ્તિવડે – પુત્રની ઇચ્છાવડે વ્યાકુલ હોય. પ્રાપ્ત કર્યાં છે પુત્ર અને સ્ત્રી જેણે એવા પણ સતત રોગવડે પરાભવ પામે છે. કોઇ પણ ( જીવ ) કેમે કરીને પણ હંમેશાં મોટેભાગે

નક્કી દુઃખી હોય છે.

આ સંભળીને પ્રાપ્ત થયો છે વૈરાગ્ય જેને એવો ગજસુકુમાલ શ્રી નેમિનાથ પ્રભુની પાસે દીક્ષા લઇને તીવ્રતપ કરે છે. કાયોત્સર્ગમાં રહેલા સ્થિર એવા ગજસુકુમાલને જોઇને રોષપામેલો તેનો સસરો વારંવાર આ પ્રમાણે કહેવા લાગ્યો.

હે જમાઇ ! તું વ્રતને છોડી દે. નહિતર જલદી તને મારી નાંખીશ. તે વખતે ગજસુકુમાલમુનિ દૃઢપણે ધ્યાનમાં લીન થયા. તે વખતે તે બ્રાહ્મણે તેના મસ્તક ઉપર અગ્નિથી ભરેલી સગડી મૂકીને વારંવાર તેમાં લાકડાંઓનો સમૂહ નાંખવા લાગ્યો. શુકલધ્યાન કરતાં ગજસુકુમાલના સર્વકર્મોનો ક્ષય થવાથી અવ્યય એવું કેવલજ્ઞાન પ્રાપ્ત થયું. તે વખતે તેની તરતજ મુક્તિ થઇ.

તે વખતે કૃષ્ણે પૂછ્યું કે હે સ્વામિ ! ગજસુકુમાલનું મરણ કોના હાથે થયું ? તે પછી નેમિનાથ પ્રભુએ કૃષ્ણની આગળ કહ્યું કે તું આજે નગરમાં જતો હશે ત્યારે જેનું હૃદય ફાટી જઇને જે મૃત્યુ પામશે હે રાજા ! તેજ તારાભાઇને મારનારો છે. નગરીમાં આવતાં કૃષ્ણે તે વખતે સોમભટ્ટ બ્રાહ્મણને ભયથી વેગવડે અકસ્માત્ મરણ પામેલો જોયો. તે પછી કૃષ્ણે કહ્યું કે ખરેખર આ બ્રાહ્મણ ભાગ્યહીન છે. ફોગટ આનાવડે મુનિ પ્રાણ ત્યાગ કરાવાયા. કૃષ્ણે નેમિનાથ પાસે અભિગ્રહ લીધો કે પ્રભુનીપાસે જે પુત્ર અને પુત્રી દીક્ષા લેશે તેને હે સ્વામી ! મારે ક્યારે પણ નિષેધ કરવો નહિ. તે પછી કૃષ્ણના ઘણાં પુત્ર – પુત્રી વગેરેએ દીક્ષા લીધી.

કૃષ્ણે એકવખત કહ્યું કે આ સુંદર દ્વારિકા નગરી કેટલો કાલ રહેશે ? અને મારું મરણ કોનાથી થશે ? તે વખતે દ્વારિકાનું ભાવિ સ્વરૂપ દૃઢપણે જાણીને શ્રી નેમિનાથ પ્રભુએ વિષ્ણુની આગળ આ પ્રમાણે કહ્યું, હે કૃષ્ણ ! દ્વૈપાયનઋષિથી અને મદિરાથી નગરીનો નાશ થશે. જરાકુમાર નામના ભાઇથી તારું મૃત્યુ થશે. તે કૃષ્ણે નગરીની બહાર ક્ષણવારમાં મદિરાને ત્યજાવી, ( નંખાવી ) કૃષ્ણદ્વૈપાયન બાહ્યઉદ્યાનમાં તપમાં તત્પર ઊભો છે

પોતાનાથી ભાઇનું મરણ જાણીને જરાકુમાર દૂર ચાલી ગયો, કૃષ્ણના – પ્રદ્યુમ્ન શાંબ – ભીરુક વગેરે કુમારો ક્રીડા કરવામાટે બાહ્યઉદ્યાનમાં ગયા, ને પંત્થરપર રહેલી સુરાએ ( દારુને) જોઇને પરસ્પર હાંસી કરતાં ગળા સુધી પીધી, અને તે કૃષ્ણદ્વૈપાયનને જોઇને તે કૃષ્ણનાપુત્રો વિચારવા લાગ્યા કે

આ ઋષિથી નગરીનો નાશ થશે આથી આ પાપ મનવાલો છે. ––––––––– તું પાપી છે. નગરીનો નાશ કરનાર છે. એ પ્રમાણે બોલતાં તે વખતે તે કૃષ્ણના પુત્રોએ લાકડીઓ અને મૂઠીઓવડે તેને ઘણો માર્યો. તેઓવડે હણાતાં ઋષિએ આ પ્રમાણે નિયાણું કર્યું કે હું આગળ દ્વારિકાના વિનાશ માટે થાઉં ( ભવિષ્યમાં ) ઋષિને મૃતપ્રાયઃ કરીને તેઓ નગરની અંદર ગયા. પોતાના પુત્રની ચેષ્ટા ( જાણીને ) સાંભળીને કૃષ્ણ ઋષિ પાસે ગયો. તેના પગમાં પડીને તે વખતે કૃષ્ણે કહ્યું કે હે ઋષિ ! મારા પુત્રોના દુર્વિનીતપણાને માફ કરો, સત્પુરુષો અજ્ઞાનીઓવડે પીડા પામ્યા છતાં પણ શત્રુઉપર કોપ કરતા નથી. શું અંધકારથી પીડાપામેલો ચંદ્ર ક્યારેપણ બાળે છે ? દ્વૈપાયન ઋષિએ કહ્યું કે હે રાજા ! મારાવડે તારી ઉપર આજે ક્ષમા કરાય છે. હે રાજા ! કરેલું નિયાણું ઘણું કરીને ફોગટ થતું નથી. તે ઋષિને પ્રણામ કરીને કૃષ્ણ નગરીમાં જઇને તે ( વાત ) ભૂલી જઇને લોકનું પાલન કરવા લાગ્યો. ને પોતાના મનમાં ચિંતવેલા ભોગોને

ભોગવતો હતો. તે પછી ઋષિ મરીને અગ્નિકુમારમાં દેવ થયો. અને અવધિજ્ઞાનવડે કૃષ્ણના પુત્રોએ કરેલો પરાભવ જાણ્યો.

આ બાજુ કૃષ્ણે જિનેશ્વરપ્રભુને પૂછ્યું કે આ નગરનો ઉપદ્રવ કેવી રીતે શાંત થશે ? તે પછી નેમિનાથે કહ્યું કે તપવડે ખરેખર ઉપદ્રવ શાંત થશે, આ પ્રમાણે સાંભળી કૃષ્ણે પટહ વગડાવવાથી હંમેશાં આદરપૂર્વક નગરીના લોક આયંબિલ વગેરે તપ કરવા લાગ્યા. અહીં આગળથી પ્રભુ વિહાર કરતાં ઘણા સાધુઓવડે સેવાયેલા રૈવતગિરિઉપર આવીને સમોસર્યા. ત્યાં ઘણા ભવોનાં દુખોને દૂર કરનારી એવી પ્રભુની વાણી સાંભળીને ઘણા યાદવોએ સ્વામીપાસે દીક્ષા લીધી. વૈરાગ્યવાસિત હૃદયવાલા શાંબ – પ્રદ્યુમ્ન વગેરે કૃષ્ણના કરોડો પુત્રોએ સ્વામી પાસે દીક્ષા લીધી. રુક્મિણી વગેરે ઘણી કૃષ્ણની પત્નીઓ અને બીજી ઘણી શ્રાવિકાઓ પ્રભુ પાસે દીક્ષા લઇ ઘણું તપ કરવા લાગી. થનારા દ્વારિકાના દાહને પ્રભુનીપાસે સાંભળી ને કૃષ્ણ જિનેશ્વરને નમીને નિર્મલમનવાલો તે નગરીમાં ગયો, લોક જિનેશ્વરના મુખેથી આ વાત સાંભળીને તીવ્ર તપ કરતો હતો ત્યારે તે કૃષ્ણદ્વૈપાયન નગરીને બાળવા માટે શક્તિમાન ન થયો. દૈવના યોગથી પ્રભુએ અન્યત્ર વિહાર કર્યો ત્યારે સમસ્તલોક તપ કરી અટકી ગયો, અગ્નિકુમારદેવ એવો તે ઋષિ નગરીમાં લોકને વિશે ઉત્પાત દેખાડતાં વંટોળિયાવડે ચારે બાજુથી ઘાસ અને લાકડાં નાંખવા લાગ્યો. તે વખતે અગ્નિકુમાર અસુર (શત્રુએ) રામ – કૃષ્ણ અને દીક્ષાના અભિલાષીને છોડીને સર્વ નગરને ભસ્મ કર્યું. કહ્યું છે કે દ્વારિકાની બહાર રહેલી – ૬૦ – કુલકોટી, મધ્યમાં રહેલી – ૭૨ – કુલકોટીને પીડા કરીને તે દેવે દ્વારિકા નગરીમાં અગ્નિ સળગાવ્યો. હવે બળતાં એવા જે લોકો વ્રતની ઇચ્છાવાળા શ્રી નેમિનાથને યાદ કરતાં હતાં તે લોકોને દેવોએ પ્રભુ પાસે મૂક્યાં અને તેઓએ દીક્ષા લીધી. નગરીની બહાર બે પુત્રોવડે ખેંચાતાં દેવકી અને વસુદેવને તે દેવ વેગપૂર્વક જવા દેતો નથી. વસુદેવ – દેવકી અને રોહિણી સમાધિપૂર્વક અનશન ગ્રહણ કરીને તરતજ દેવલોકને પામ્યાં.

તે વખતે દેવવડે કહેવાયેલા બળદેવ અને કૃષ્ણ નગરીની બહાર જઇને અગ્નિવડે નગરીને બળતી જોઇને પરસ્પર કહેવા લાગ્યા, કહ્યું છે કે શરીરો અનિત્ય છે. વૈભવ શાશ્વત નથી. મૃત્યુ હંમેશાં પાસે રહેલું છે. ( માટે ) ધર્મનો સંગ્રહ કરવો જોઇયે, વિધાતા અનુકૂલ હોય ત્યારે શાંતિને માટે ઉપાયો સ્ફુરે છે. પણ વિધાતા પ્રતિકૂલ હોય ત્યારે તેજ ઉપાયો પણ નુકસાનકારક થાય છે. પોતાની નગરીને જવાલાની શ્રેણીથી વ્યાપ્ત જોવા માટે અસમર્થ એવો કૃષ્ણ તે જ વખતે ભાઇ સહિત મથુરા તરફ ચાલ્યો,

આ તરફ અગ્નિકુમારદેવે તે નગરીને અગ્નિવડે બાળી નાંખીને છ માસ ગયા પછી સમુદ્રના પાણીવડે તેને ઓલવી નાંખી, માર્ગમાં જતાં બળદેવ અને કૃષ્ણ ઘણા ભૂખ્યા થયા, હસ્તિનામના નગરના ઉદ્યાનમાં તે બંને કર્મના યોગથી ગયા. કૃષ્ણને વનમાં મૂકીને ભોજન લાવવા માટે બલભદ્ર નગરીની અંદર ગયા, અને ત્યાં શત્રુએવા નગરીના સ્વામી વડે તે જલદી નિરોધ કરાયા. બળદેવે તે શત્રુની સાથે યુધ્ધકરતાં નગરીની પાસે તેવી રીતે સિંહનાદ કર્યો કે જેથી કૃષ્ણ ત્યાં આવ્યા, બલભદ્રે અને કૃષ્ણે તે શત્રુને જીતીને તેના નગરની અંદર ભોજન કર્યું, તે પછી ભયરહિત એવા તે બન્ને જંગલમાં ગયા.

હવે જતાં કૃષ્ણને તરસ લાગી, અને બલભદ્રને પાણી લાવવા માટે મોકલીને પોતે મોંઢા પર વસ્ત્ર ઢાંકી સૂઇ ગયા. આ બાજુ શિકારમાટે તે વનમાં ભમતા જરાકુમારે હરણની બુદ્ધિથી ( સૂતેલા ) કૃષ્ણને બાણવડે પગમાં સજજડપણે

માર્યા.

હવે કૃષ્ણે ઊભા થઈને કહ્યું કે હું કોના બાણવડે હણાયો ? વૃક્ષના આંતરામાં રહેલા જરાકુમારે કૃષ્ણનું વચન જાણ્યું. (પછી ત્યાં ) આવીને ભાઈના બે ચરણોમાં નમસ્કાર કરીને જરાકુમારે કહ્યું કે હમણાં પાપી એવા મારાવડે હરણની બુદ્ધિથી તમે હણાયા. તમારા મરણના ભયથી હું બારવર્ષસુધી દૂર દેશમાં રહ્યો ,આજે દુર્ગતિના હેતુ માટે પાપી એવા મારાવડે તમે હણાયા. કૃષ્ણે કહ્યું કે કોઇ ક્યારે પણ કર્મથી છૂટતું નથી. હે જરાપુત્ર ! તું હમણાં જલદી દૂર જા. પાણીને માટે ગયેલા બળદેવ અહીં આવેલા તારાવડે હણાયેલા મને જો જાણશે તો હે ભાઇ ! તે તને એકદમ મારી નાંખશે. તે પછી જરાકુમાર કૃષ્ણને ખમાવીને એકદમ ચાલ્યો, તેટલામાં કૃષ્ણ મરણ પામ્યા અને ત્રીજી નરકમાં ગયા.

એક સાતમી નરકમાં, પાંચ છઠ્ઠી નરકમાં, એક ચોથી નરકમાં, એક પાંચમી નરકમાં અને કૃષ્ણ ત્રીજી નરકમાં ગયા. કહ્યું છે કે :-

**ब्रह्मा येन कुलालवन्नियमितो, ब्रह्माण्ड भाण्डोदरे;**
**रूद्रो येन कपालपाणिपुटके, भिक्षाटनं कारित: ;**
**विष्णु र्येन दशावतारगहने, क्षिप्तो महासंकटे;**
**सुर्यो भ्राम्यति नित्यमेव गगने, तस्मै नम: कर्मणे ।।१।।**

જે કર્મવડે બ્રહ્મા બ્રહ્માંડરુપી પાત્રનીઅંદર કુંભારની જેમ જોડાયો છે. જે કર્મવડે હાથમાં રહેલી ખોપરીની અંદર રુદ્ર ભિક્ષાટન કરાવાયા. જે કર્મવડે વિષ્ણુ દશઅવતાર વડે ગહન – મહાસંકટમાં નંખાયા અને સૂર્ય હંમેશાં આકાશમાં ભમ્યા કરે છે , તે કર્મને નમસ્કાર થાઓ.

આ બાજુ બળદેવ પાણી લઈને આવ્યા. ભાઈને સૂતેલા જાણીને બોલ્યા કે હે ભાઇ ! ઊભા થઈને આ શ્રેષ્ઠ જલ પીઓ. નહિ બોલતાં એવા કૃષ્ણને સ્નેહથી હલાવતાં ભાઇ બલદેવે ભાઈને મરેલો જાણી મૂર્ચ્છા પામ્યા, ને રોવા લાગ્યા. તે વખતે બલદેવે ભાઈના ઘાત કરનારને ચારે તરફ નહિ જોતાં, ઘણાં સિંહનાદ કર્યા ને નિરંતર ઘણાં જીવોને ત્રાસ પમાડ્યો. સ્નેહથી કૃષ્ણને ખભાપર કરીને વનમાં સ્થાને સ્થાને ફરતાં કૃષ્ણને પૃથ્વીપર મૂકીને તેને વારંવાર વચનોવડે બોલાવવા લાગ્યો. જ્યારે બળદેવ કૃષ્ણને મરેલો માનતા નથી ત્યારે દેવોએ આવીને પથ્થરઉપર કમલનું આરોપણ કર્યું, રેતીને પીલીને તેલ કાઢતાં વારંવાર યુક્તિઓ અને હેતુઓવડે કૃષ્ણ મરી ગયા છે તેમ બળદેવને સમજાવ્યું.

છ માસ ગયા ત્યારે બળદેવે કૃષ્ણને મરી ગયેલા જાણીને અગ્નિસંસ્કાર કર્યો અને તેનાં હાડકાં પાણીમાં નાંખ્યાં. બલદેવ શ્રી નેમિનાથ પાસે દીક્ષા લઇ તુંગિકાપર્વતના શિખરઉપર ધ્યાનમાં તત્પર રહ્યા.

એક વખત પારણાને માટે નગરમાં જતાં નજીકના કૂવામાં પોતાના રૂપથી મોહપામેલી સ્ત્રીઓ ઘડાની બુદ્ધિથી

પોતાના પુત્રને દોરડાવડે હમણાં બાંધતી અને છોડતી જોઇને ઉદ્વેગ પામેલા બળદેવે કહ્યું કે તું પુત્રને કૂવામાં ન નાંખ. હમણાં સાવધાન થા. પુત્રના ગળાને બાંધતી તે સ્ત્રી અટકી ત્યારે ત્યાં બળદેવે પોતાના ચિત્તમાં આ પ્રમાણે અભિગ્રહ ગ્રહણ કર્યો. હવે પછી મારે નિરવદ્ય આહાર વનની અંદર લેવો અથવા નિરંતર ઉપવાસ થાઓ. સમતાને ભજનારા અને તપ કરતાં તે મુનિના પ્રભાવથી વાઘ – સિંહ વગેરે શિકારી પશુઓ હંમેશાં તેમની સેવા કરે છે. પૂર્વ સંસારના સંબંધવાલો કોઇ એક મૃગ વનમાં બળદેવ મુનિનાં બે ચરણતલમાં શિષ્યની જેમ સેવા કરવા લાગ્યો, જ્યારે કોઇ સાર્થ વનમાં જમતો હોય ત્યારે તે મૃગ પારણાને વખતે તે ઋષિને લઇ જઇને હંમેશાં – પ્રતિલાભ – અપાવતો હતો. એક વખતે તે મૃગ. તે મુનિને માસક્ષમણના પારણે લાકડાંને માટે આવેલા રથકાર પાસે પોતાની સંજ્ઞાવડે લઇ ગયો. ઋષિને ભિક્ષામાટે ત્યાં આવેલા જોઇને સુથાર છેદાયેલી અર્ધશાખાવાળા વૃક્ષને મૂકી દઇને દાન દેવા માટે ઉત્સુક થયો.

રથકાર સાધુને દાન આપતાં આ પ્રમાણે વિચારવા લાગ્યો કે આવા પ્રકારના સાધુને અન્ન આપવાથી હમણાં મારું સુંદર ભાગ્ય છે. સાધુ વિચારવા લાગ્યા કે હમણાં મારું સુંદર ભાગ્ય છે જેથી મને પ્રાસુક અન્નની શ્રેષ્ઠ પ્રાપ્તિ થઇ. મૃગે વિચાર્યું કે જો મારી પાસે આવા પ્રકારનું પ્રાસુક અન્ન તૈયાર થાય તો હું આદરપૂર્વક આવા સાધુને વહોરાવું. તો હું સાધુને આદરથી આવા પ્રકારનું દાન દઉં. પાઠાંતરમાં આ પ્રમાણે, તે મુનિ આદિ વિચારતા હતા ત્યારે અકસ્માત્ તેઓના મસ્તક ઉપર મોટી શાખા પડી.

તે ત્રણેની પ્રાણોના ત્યાગથી પાંચમા દેવલોકમાં એકજ સ્થાનકે સાથે ઉત્પત્તિ થઇ. આઠ બલદેવ અંતકૃત્ થયા છે. મોક્ષે ગયા છે. એક બ્રહ્મ દેવલોકમાં ઉત્પન્ન થયા. ત્યાં દશ સાગરોપમ સુધી ભોગો ભોગવીને ત્યાંથી ચ્યવીને આ ઉત્સર્પિણીમાં આજ ભરતક્ષેત્રમાં કૃષ્ણના તીર્થમાં ભવસિદ્ધિક એવા તે ભગવાન મોક્ષમાં જશે. ( ૧ –૨ ) તપસ્યા કરતાં પ્રદ્યુમ્ન વગેરે ઘણા કુમારોએ તે નેમિનાથ પ્રભુને પૂછ્યું કે ક્યારે મોક્ષસુખ થશે ? સ્વામીએ કહ્યું કે સિદ્ધગિરિ ઉપર અત્યંત તપકરતાં મોક્ષપ્રાપ્તિ થશે. ત્યાં તમે જલદી જાવ. સ્વામીની વાણી સાંભળીને પ્રદ્યુમ્ન વગેરે સાડાત્રણ કરોડ કુમારો શ્રી શત્રુંજયગિરિઉપર ગયા. ત્યાં સિદ્ધગિરિઉપર રાયણવૃક્ષને અને જિનેશ્વરની પાદુકાઓને પ્રદક્ષિણા કરીને રૈવતાચલની પાસે સાતમા શિખરપર રહયા. શુક્લધ્યાનવડે શ્રેષ્ઠ તે સર્વે કૃષ્ણના પ્રદ્યુમ્ન વગેરે સાડાત્રણ કરોડ કુમારો મોક્ષમાં ગયા. બીજા પણ યાદવો શ્રી નેમિનાથ પ્રભુ પાસે દીક્ષા લઇ સર્વકર્મનો ક્ષય કરી અનુક્રમે મોક્ષનગરીમાં ગયા. પત્ની સહિત સમુદ્રવિજય રાજાએ જિનેશ્વરની પાસે દીક્ષા લઇ અંતે મરણ પામી માહેન્દ્ર દેવલોકમાં ગયા.

ઋષભદેવના પિતા નાગકુમાર દેવલોકમાં, બાકીના સાત ઇશાન દેવલોકમાં આઠ સનત્કુમાર દેવલોકમાં, અને આઠ માહેન્દ્ર દેવલોકમાં જાણવા. આઠ તીર્થંકરની માતાઓ મોક્ષ પામી, આઠ સનત્કુમારમાં અને આઠ માહેન્દ્ર દેવલોકમાં ગયેલી જાણવી.

હવે દ્વારિકાના દાહ પછી પરિક્ષિત રાજાએ નવી દ્વારિકામાં મહાનેમિના પુત્ર યદુને અને સૂર્યપત્તનમાંથી મેદિની મલ્લ નામના માણસને લાવીને સૌરાષ્ટ્ર દેશમાં ઉજ્જયંતગિરિમાં ગિરિદુર્ગમાં સ્થાપન કર્યા. તેણે તેવી રીતે પ્રજાને ન્યાયથી ધન વાપરીને રક્ષણ કર્યું કે અત્યંત ઉદયપામેલા તેઓ પૂર્વના રાજાઓને ચિત્તમાંથી ભૂલી ગયા. તે પરિક્ષિતરાજા શ્રી શત્રુંજયગિરિ અને ઉજ્જયંતગિરિમાં વિસ્તારથી યાત્રા કરીને યાદવરાજાની રજા લઇને પોતાના નગરમાં ગયો.

શ્રી નેમિએ પવિત્રપક્ષીથી ભુવટંક નામના નગરમાં ધૂમકેતુ નામના અસુરને પ્રતિબોધ કરાવી ને અભ્રપુરમાં ગયા, ત્યાં દુષ્ટ અને હંમેશાં પાપમાં તત્પર એવા સકલવૈતાલ પાસે શ્રી નેમિનાથ જિનેશ્વરે સમ્યક્ત્વ ગ્રહણ કરાવ્યું. કોરંટ વનમાં હાથી અને કર્કોટ નામના અસુરને અને સિદ્ધવટમાં યોગીસહિત સિદ્ધનાથને પ્રતિબોધ પમાડ્યો. કોટ નગરમાં હાથીને, ઈલાપર્વતપર ઈન્દ્રકેતુને, દેવગિરિપર દુર્ગાદિત્યને અને બ્રહ્મગિરિપર બ્રહ્મનાયકને પ્રતિબોધ કર્યો.

બીજા પણ ઘણા ભિલ્લો – મ્લેચ્છોને – વનમાં ફરનારા ભિલ્લોને પક્ષીઓને ધર્મનો વિનાશ કરનારા, લોકોનો દ્રોહ કરનારા તેમજ ચોરો – પરસ્ત્રીગમન કરનારા – જૂઠું બોલનારા કુતીર્થિકોને પ્રતિબોધ કરી શ્રી નેમિનાથ તીર્થંકરે તેઓને સદ્‌ગતિ પમાડ્યા. શ્રી નેમિનાથ જિનેશ્વર આર્ય અને અનાર્ય દેશોમાં વિહાર કરતાં પોતાના આયુષ્યનો અંત જાણીને રૈવતગિરિઉપર ગયા. ત્યાં કેટલાક દિવસ રહીને ભવ્યજીવોને પ્રતિબોધ કરીને પ્રભુ શ્રી નેમિએ અનશન સ્વીકાર્યું

જેઠ સુદિ આઠમના દિવસે પાંચસોને છત્રીસ સાધુઓ સાથે પુણ્ય અને પાપકર્મનો ક્ષય કરી મોક્ષનગરીને શોભાવી. દેવલોકમાંથી ઈન્દ્ર આવીને શ્રી નેમિનાથ પ્રભુનો મોક્ષગમનનો ઉત્સવ કરીને નંદીશ્વરદ્વીપમાં અષ્ટાહ્નિકા મહોત્સવ કરીને ઈન્દ્ર સ્વર્ગમાં ( દેવલોકમાં ) ગયા, જ્યાં શ્રી નેમિનાથ જિનેશ્વરના – દીક્ષા – કેવલજ્ઞાન અને મોક્ષ થયાં તે રૈવતગિરિને હે ભવ્યજનો ! તમે મોક્ષને માટે સેવો. આ રૈવતગિરિ ઉપર પ્રભુના આઠભાઇ – કૃષ્ણની સ્ત્રીઓ અને રાજિમતી મુક્તિની શોભાને પામનારાં થયાં.

**उज्जिंतसेलसिहरे, दिक्खा नाणं निसीहिआ जस्स;**
**तं धम्मचक्कवट्टिं , अरिट्ठनेमिं नमंसामि ।।१।।**

કહ્યું છે કે : –

ઉજ્જયંતગિરિના શિખર ઉપર જેમનાં દીક્ષા – જ્ઞાન ને મોક્ષ થયાં છે તે ધર્મચક્રવર્તિ અરિષ્ટનેમિને હું નમસ્કાર કરું છું, જ્યાં અરિહંત પ્રભુનું એકપણ કલ્યાણક થાય તેને મુનિઓ તીર્થ કહે છે. ગિરનાર તો તેથી પણ અધિક છે. ભગવંતનાં ચરણોવડે પવિત્ર થયેલી રૈવતગિરિનીરજ ચારેતરફથી જોડાયેલી શુદ્ધિકરનારા ચૂર્ણથી ઉત્પન્ન થયેલી હોય તેવી રીતે પવિત્ર કરે છે. જડ એવાં વૃક્ષો પથ્થરો ભૂમિ – વાયુ – પાણી ને અગ્નિકાયના જીવો અહીં કેટલાક દિવસોવડે કલ્યાણને પામશે. તપ અને ક્ષમાવડે યુક્ત – સમતારસથીવ્યાપ્ત – એવા જીવો ધાતુમય શરીરને છોડીને મોક્ષને પામે છે. જેમ પારસમણિવડે સ્પર્શ કરાયેલું લોઢું સુવર્ણપણાને પામે છે. તેમ આ તીર્થના સ્પર્શથી પ્રાણી જ્ઞાનરુપને ભજનારો થાય, કેવલજ્ઞાનમય થાય.

જેવી રીતે મલયગિરિ પર્વતમાં બીજાં વૃક્ષો પણ ચંદનપણાને પામે છે , તેવી રીતે અહીંયાં પાપી પ્રાણીઓ પણ પૂજ્યતાને પામે છે. ત્રણ જગતમાં શ્રી નેમિનાથ સરખા સ્વામી નથી. ઉજ્જયંતસમાનપર્વત નથી. ને ગજેન્દ્રપદ સરખો કુંડ નથી. આ રૈવતગિરિ શ્રી સિદ્ધગિરિનું શિખર છે. અહીં પુણ્ય કરનારાને સિદ્ધગિરિની જેમ પુણ્ય થાય છે. કહ્યું છે કે અહીં પ્રાણી ભાવથી જિનેશ્વરોની પ્રતિમાની પૂજા કરનાર મોક્ષસુખને પામે છે. મનુષ્યના સુખનું તો શું કહેવું ? વિવેકી

એવો જે મનુષ્ય દશ પ્રકારના પચ્ચકખાણ ( અહીં ) કરે છે. તેનાથી તેને અનુક્રમે દશ પ્રકારે સ્વર્ગનાંસુખ થાય છે. અહીં જે પોતાનું ન્યાયથી ઉપાર્જન કરેલું ધન પાત્રને અધીન કરે છે. ( પાત્રમાં વાપરે છે. ) તેઓને ભવોભવમાં સર્વસંપત્તિઓ થાય છે, આ પર્વતપર એક પણ દિવસ રહેલો ભવિક જીવમાંઅગ્રેસર ( એવો તે ) હંમેશાં સુર – અસુર અને મનુષ્યોની સ્રીઓવડે સેવાય છે. જે ( જીવ ) સાધુને શુદ્ધ અન્ન,વસ્ત્ર ને પાણીઆદિવડે પ્રતિલાભે છે. તે મનુષ્ય મુક્તિરૂપીસ્રીનાહૃદયને આનંદ આપનારો થાય છે. જે પ્રાણી અહીં ભાવપૂર્વક રુપું સોનું ને સારાં વસ્રો વગેરે ( દાનમાં ) આપે છે તે મનુષ્ય તેના કરતાં અનંતગણું લીલાપૂર્વક મેળવે છે.

ત્રણ જગતમાં સર્વતીર્થમાં ઉત્કૃષ્ટ આ મહાતીર્થ છે. જેમાં નિવાસ કરવાથી તિર્યંચો પણ આઠભવમાં મોક્ષે જાય છે. અહીંનાં વૃક્ષોને પણ ધન્ય છે, ને મોર વગેરે પક્ષીઓ પણ પુણ્યશાલી છે કે જેઓ રૈવતગિરિપર રહે છે. મનુષ્યોનું તો શું કહેવું ? દેવતાઓ ઋષિઓ સિધ્ધો ( વિદ્યાધરો ) ગાન્ધર્વો અને કિન્નરો વગેરે તે તીર્થની સેવા કરવામાટે નિરંતર ઉત્સાહ સહિત આવે છે. એવી કોઇ દિવ્ય ઔષધિઓ નથી. એવી કોઇ સુવર્ણ આદિ સિદ્ધિઓ નથી. એવી કોઇ રસકૂપિકાઓ નથી કે જે આ પર્વતપર હંમેશાં ન હોય. અહીં મોક્ષલક્ષ્મીના મુખસરખો ગજેન્દ્રપદ નામે કુંડ છે. જેમાં જીવોની ( જીવડાંની ) ઉત્પત્તિ નથી, અને જેની પાપ દૂરકરવામાં શક્તિ છે. અહીં બીજા પણ કુંડોનો જુદો જુદો પ્રભાવ છે. છ – માસ સ્નાન કરવાથી પ્રાણીઓના કોઢ વગેરે રોગો નષ્ટ થાય છે. નેમિનાથ પ્રભુના નિર્વાણથી બે હજાર વર્ષ ગયા ત્યારે અંબિકાદેવીના સાન્નિધ્યથી રત્નનામનો શ્રાવક સુવર્ણ બલાનકમાંથી શ્રી નેમિનાથ પ્રભુનું બિંબ પ્રાપ્ત કરીને પૂજશે. અને ભક્તિવડે મનુષ્યો તેની પૂજા કરશે.

શ્રી શત્રુંજય માહાત્મ્યમાં કહ્યું છે કે અમારા નિર્વાણના સમયથી અત્યંત દુઃખદાયી ( ૨૦૦૦ ) બે હજાર વર્ષ ગયાં પછી અંબિકાદેવીના આદેશથી રત્ન નામનો શ્રાવક તે પ્રતિમાને લાવીને ફરીથી આ રૈવતગિરિ ઉપર અત્યંત પ્રસાદવાલી તે પ્રતિમાને સારી ભાવનાવાળો પૂજશે. કહ્યું છે કે એક લાખ ત્રણ હજાર બસોને પચાસ વર્ષ સુધી અહીં રહેશે અને પછી તે અંતર્ધ્યાન થશે. ( અદૃશ્ય થઇ જશે )

એકાંત દુષમા કાલમાં ( છઠ્ઠા આરામાં ) તે નેમિનાથ પ્રભુની પ્રતિમાને અંબિકાદેવી સમુદ્રમાં લઇ જઇને ભાવથી પૂજશે. (૯૦૦ )

સુરાષ્ટ્ર દેશનો પોરવાડ કાશ્મીર દેશમાંથી અહીં આવીને શ્રી નેમિનાથની પ્રતિમાને પૂજાતી કરશે. **તેનો સંબંધ મારા કરેલા જાવડિ પ્રબંધમાંથી અથવા બીજા ગ્રંથમાંથી પોતાની જાતે જાણી લેવો.** પહેલાં કૃષ્ણરાજાએ ઉજ્જયંતગિરિઉપર જિનમંદિર કરાવ્યું. અને તે પછી હર્ષથી લેપ્યમય બિંબ સ્થાપન કર્યું. કહ્યું છે કે :– તે પછી કૃષ્ણે કહ્યું કે મારાવડે સ્થાપન કરેલા મારા ચૈત્યમાં કેટલા કાળ સુધી રહેશે ? અને બીજે ક્યાં ક્યાં તે પૂજા પામશે ? સ્વામીએ પણ કહ્યું કે આ પ્રતિમા તારા નગર સુધી રહેશે. ત્યાં સુધી તારા પ્રસાદમાં પૂજા પામશે. અને પછી દેવોએ કરેલા કાંચનનામના પર્વતપર પૂજા પામશે.

આ રૈવતગિરિપર્વતઉપર રાજાઓ અને શ્રેષ્ઠીઓવડે કરાવેલાં અસંખ્ય જિનાલયો છે. તેઓના ઉદ્ધારો તેમજ –

મણિમય – માટીમય – પથ્થરમય અને લેપ્યમય એવાં અસંખ્ય બિંબો થયાં છે, થશે અને છે. અસંખ્યાતા પ્રાણીઓ સર્વકર્મનોક્ષય કરીને મોક્ષ પામ્યાં છે. પામશે ને પામે છે. તેમાં સંશય નથી અનુક્રમે યાદવવંશમાં સોમચંદ્ર નામે રાજા થયા, તે જીર્ણદુર્ગમાં ( જૂનાગઢમાં ) એક મોટું જિનમંદિર શોભે છે. એક દિવસ તે નગરમાં જગતઉપર પ્રતિબોધ કરતાં ઘણા સાધુઓ સહિત ચંદ્રશેખરસૂરિ આવ્યા. તે વખતે તે રાજાવંદન માટે આવ્યો ત્યારે ગુરુએ અદભુત એવું શ્રી શત્રુંજયનું માહાત્મ્ય કહ્યું. જેમણે શ્રી શત્રુંજયગિરિઉપર વિસ્તારપૂર્વક યાત્રા કરી છે. તે જલદી મોક્ષ અને સ્વર્ગની સંપત્તિને પામે છે. તપવિના – દાનવિના – પૂજાવિના – માત્ર ભાવથી તે સિદ્ધક્ષેત્રનો સ્પર્શ અક્ષય સંપત્તિને આપે છે. ત્રણ જગતમાં શ્રી શત્રુંજયસમાન તીર્થ, આદિદેવ સરખાપ્રભુ અને જીવદયા સરખો શ્રેષ્ઠ ધર્મ નથી, આ સાંભળીને રાજા ઘણા સંઘના લોકો સહિત મહોત્સવ કરતો શ્રી શત્રુંજયગિરિઉપર જિનેશ્વર પ્રભુને નમસ્કાર કરવા ગયો. પુષ્પોવડે પ્રથમ શ્રી ઋષભદેવને વિસ્તારપૂર્વક પૂજીને રાજાએ આરતી અને મંગલદીવો કર્યો. તે પછી રાજાએ સ્વામિનાં બે ચરણોને નમીને અને પૂજા કરીને રાયણવૃક્ષને શ્રેષ્ઠ મણિઓવડે વધાવ્યું. તે પછી રાજા ગુરુનાં ચરણનીપાસે ધર્મ સાંભળવા માટે જ્યારે ગયો ત્યારે ગુરુએ આ પ્રમાણે શ્રી સિદ્ધગિરિનું માહાત્મ્ય કહ્યું. હે રાજન ! આ તીર્થમાં પ્રાણીઓ જે અલ્પપણ તપ કરે છે. તે જલદીથી મોક્ષફલના સમૂહોવડે ફલે છે. શ્રી શત્રુંજયગિરિને સ્પર્શ કરનારા મનુષ્યોને રોગો થતાં નથી. સંતાપ થતો નથી. દુ:ખ થતું નથી. વિયોગીપણું થતું નથી. દુર્ગતિ થતી નથી. અને વિનાશ પણ થતો નથી. હે રાજન્ ! જે મનુષ્ય દીક્ષા લઈને આગિરિપર શુભભાવથી તપ કરે છે. તે પ્રાણીને મોક્ષનું સુખ થાય છે. આ પ્રમાણે સાંભળીને રાજાએ નગરમાં આવી પોતાના પુત્રને રાજ્યઆપી ગુરુપાસે મોક્ષને આપનારી દીક્ષા લીધી,

અનુક્રમે સૂરિપદ મેળવીને ઘણા સાધુઓથી સેવાયેલા શ્રી ચંદ્રશેખરસૂરિ અનુક્રમે શ્રી શત્રુંજયગિરિઉપર પધાર્યા. ત્યાં આદરપૂર્વક તપ કરીને કેવળજ્ઞાન મેળવીને ઘણા સાધુઓ સહિત મોક્ષમાં ગયા.

## શ્રી કૃષ્ણ ચરિત્ર-અને તેમાં શ્રી નેમિનાથ-શાંબ-<br>અને પ્રદ્યુમ્નકુમાર વગેરેનો અધિકાર સંપૂર્ણ

# થાવચ્ચાપુત્ર અને શુકસૂરિનો મુક્તિ જવાનો સંબંધ

*अन्नेवि भरह-सेलक-थावच्चासुयसुयाइ असंखा।*
*जहिं कोडिकोडि सिद्धा, जयउ तं पुंडरीतित्थं ॥२३॥*

ગાથાર્થ – ટીકાર્થ : – બીજા પણ – ભરત – શૈલક થાવચ્ચા પુત્ર – તેના પુત્ર આદિ અસંખ્યાત – ક્રોટિ ક્રોટિ સિધ્ધ થયા તે પુંડરીક તીર્થ સદા જયવંતુ વર્તો. અહીં કથા કહે છે : –

દ્વારવતી નગરીમાં સ્થાપત્ય નામનો શ્રેષ્ઠ સાર્થપતિ હતો. તેને સ્થાપત્યા નામની શીલ વડે શોભતી સ્ત્રી હતી. ( સ્થાપત્ય ) થાવચ્ચાપુત્ર નામે પુત્ર થયો. તેણે બત્રીશ કન્યાઓનું પાણિગ્રહણ કર્યું કહ્યું છે કે : –

**धम्मेण कुलप्पसूइ, धम्मेणय दिव्वरूप संपत्ती।**
**धम्मेण धणसमिद्धी, धम्मेण सवित्थरा कित्ती ॥१॥**

ધર્મ વડે ઉત્તમ કુલમાં જન્મ થાય છે. ધર્મ વડે દિવ્યરૂપની પ્રાપ્તિ થાય છે ધર્મ વડે ધનની સમૃધ્ધિ થાય છે. ને ધર્મ વડે વિસ્તારવાળી કીર્તિ થાય છે.

એક વખતે નેમિનાથ ભગવાનની પાસે પવિત્ર ( પાપ રહિત ) એવા થાવચ્ચાપુત્રે બે હાથ જોડી. ( અંજલિ કરી ) ધર્મની દેશના સારી રીતે આ પ્રમાણે સાંભળી, ઘણાં દુ:ખથી વ્યાપ્ત એવા સંસારમાં ભ્રમણ કરતો પ્રાણી શરીર અને મન સંબંધી અત્યંત ભયંકર દુ:ખ પામે છે. આર્ત્તધ્યાનને પામેલો મૂઢ આત્મા પોતાનું હિત કરતો નથી. તેથી તે પરલોકમાં અને આલોકમાં અત્યંત મોટા ક્લેશને પામે છે. જીવ જ્ઞાનભાવના વડે વિનય અને આચારથી યુક્ત – વિષયોમાં પરાઙ્મુખ પોતાનું હિત પામે છે. આત્માનું ચિંતન કરતો એવો જીવ – હંમેશાંજ્ઞાન અને વિનયવડે આલોક અને પરલોકમાં દુ:ખ પામતો નથી. ઇત્યાદિ દેશના તે વખતે શ્રી નેમિનાથ પ્રભુની પાસે સાંભલીને અનુક્રમે તે વિષયના સમૂહથી વિમુખ થયો.

એક વખત થાવચ્ચાપુત્રે પોતાની માતા પાસે દીક્ષા માટે અનુમતિ માંગી. માતાએ કહ્યું કે દીક્ષા દુષ્કર છે. હે પુત્ર ! તું નાનો છે. પુત્રે કહ્યું કે અહીં મનુષ્ય નાનો કોણ ને મોટો કોણ ? કારણકે યમરાજા મોટાને, નાનાને , દુ::ખીને કે સુખીને લઇ જાય છે. જ્યાં સુધી શરીરનું સ્વાસ્થ્યપણું હોય, જ્યાં સુધી ઇન્દ્રિયોની સંપત્તિ હોય. ત્યાં સુધીમાં તપ કરવું યોગ્ય છે. વૃધ્ધપણામાં તો ( તપ ) કેવલશ્રમ ( કાયાક્લેશ ) હોય છે. કહ્યું છે કે : – દુ:ખે કરીને નિવારણ કરી

શકાય એવો યમરાજા ગર્ભમાં રહેલાને – ઉત્પન્ન થનારને શય્યા ઉપર રહેલાને , માતાના ખોળામાં રહેલાને – બાળક – – વૃધ્ધ – યુવાન – પરિણતવયવાળા – ચતુરપુરુષ – દુર્જન માણસ – વૃક્ષના અગ્રભાગ ઉપર રહેલાને – પર્વતના શિખર પર રહેલાને – આકાશમાં રહેલાને માર્ગમાં રહેલાને – પાણીમાં પ્રવેશ કરેલાને – પોલાણમાં રહેલાને – પાંજરામાં રહેલા અને પાતાલમાં પ્રવેશ કરેલાને નિરંતર હરણ કરે છે (૧) ગુરુની સેવાવડે જન્મ – ઉત્તમ ધ્યાનની ચિંતા વડે ચિત્ત અને જેનું શ્રુત સમતાને વિષે – વિનિયોગને પામે છે. જોડાય છે. તે પુણ્યશાળી છે.

મોક્ષમાર્ગમાં રહેલા એવા જેઓ સ્નેહમય પાશને છેદીને – મોહરૂપી મહાઅર્ગલાને ભેદીને ઉત્તમ ચારિત્રથી જોડાયેલા છે , તે શૂર છે. મોહનીય કર્મવડે સઘળું જગત મૂંઝાયેલું છે. તેઓ ધન્ય છે કે જે મહાબુધ્ધિશાળી મોહને દૂર કરીને તપશ્ચર્યા કરે છે. ઇત્યાદિ સુંદર વચનના સમૂહ વડે થાવચ્ચાપુત્રે અનુક્રમે સંયમ લેવા માટે માતાને મનાવી. તે વખતે સર્વપુત્રવધૂઓએ સાસુને આદરપૂર્વક કહ્યું કે અમારો પતિ જે કરે છે. તે અમારે પણ કરવાનું છે કહ્યું છે કે :– પતિ દીક્ષા ગ્રહણ કર્યે છતે જે સ્ત્રી સંયમ ગ્રહણ કરે તે જ ખરેખર સ્ત્રી છે અને તેના હાથમાં મોક્ષલક્ષ્મી થાય છે. તેમાં સંશય નથી.

સ્થાપત્યાએ રત્નથી ભરેલો થાલ કૃષ્ણની આગળ મૂકીને વિનંતિ કરી – પોતાના પુત્રનો દીક્ષા લેવાનો આગ્રહ કહ્યો. કૃષ્ણે કહ્યું કે તારો પુત્ર ધન્ય છે. જેને આવો મનોરથ થયો. ભાગ્યથી રહિત એવા મને દીક્ષા ગ્રહણ કરવામાં જરાપણ ઇચ્છા થતી નથી.. તે પછી કૃષ્ણે થાવચ્ચા પુત્રને ત્યાં બોલાવીને કહ્યું કે તારા વડે આવા પ્રકારનું સુખ કેમ છોડી દેવાય છે ? થાવચ્ચા પુત્રે કહ્યું કે વિષમ એવા સંસારમાં મારા વડે સર્વસુખ હમણાં દુઃખથી વ્યાપ્ત દેખાય છે. કહ્યું છે કે :– મોહનું માહાત્મ્ય આશ્ચર્યકારી છે. કારણકે જે મનુષ્યો વિદ્વાન છે તેઓ પણ કામક્રીડામાં તત્પર બની સંસારમાં કામને માટે મૂંઝાય છે. કામ – ક્રોધ – લોભ – રાગ – દ્વેષ – મત્સર – મદ – માયા – મોહ – કંદર્પ ( કામ ) અને અભિમાન આ સર્વે ધર્મરૂપી ધનને હરણ કરનારા ભયંકર શત્રુઓ છે. તેના વડે જીવ ઘણાં દુઃખોને આપનાર સંસારમાં વારંવાર ભ્રમણ કરે છે. રાગ ને દ્વેષવાળો – કામ – ક્રોધને વશ થયેલો – લોભ – મદ ને મોહવડે વ્યાપ્ત થયેલો આ જીવ સંસારમાં પરિભ્રમણ કરે છે.

દીક્ષાના અભિલાષી એવા તેનું આ વચન સાંભળીને પટહની ઉદ્‌ઘોષણા કરાવી. ત્યાં ચારે તરફથી ઘણાં લોકોને બોલાવ્યાં. તે વખતે વ્રતની ઇચ્છાવાલા હજારો પુરુષો ભેગા થયા, થાવચ્ચા ( સ્થાપત્યા ) શેઠાણીએ પગલે પગલે નગરીની શોભા કરાવી. થાવચ્ચા પુત્ર – અસંખ્ય સજ્જનોની શ્રેણી સહિત માતા અને કૃષ્ણ વડે મહોત્સવ કરાયો ત્યારે જિનેશ્વરની પૂજા કરી ને પગલે પગલે યાચકોને દાન આપતો શ્રી નેમિનાથ પાસે દીક્ષા ગ્રહણ કરવા માટે આવ્યો. તે વખતે કૃષ્ણે ઘણી લક્ષ્મીનો વ્યય કરી થાવચ્ચાપુત્રનો દીક્ષા ઉત્સવ કર્યો. તે વખતે હજારો રાજપુત્રો અને શ્રેષ્ઠિપુત્રો વગેરેએ મોક્ષરૂપી લક્ષ્મીની પ્રાપ્તિ માટે દીક્ષા લીધી. તે વખતે થાવચ્ચાપુત્રની સર્વ સ્ત્રીઓએ શ્રી નેમિનાથ જિનેશ્વરની પાસે હર્ષવડે સંયમ ગ્રહણ કર્યો, અનુક્રમે થાવચ્ચાપુત્ર ને સમસ્ત સિધ્ધાંતના જાણકાર જાણીને તેને નેમિનાથ પ્રભુએ સારા ઉત્સવપૂર્વક આચાર્યપદ આપ્યું. થાવચ્ચાપુત્રે શૈલકપુરમાં આવીને તે વખતે શૈલકરાજા પાસે જૈનધર્મ ગ્રહણ કરાવ્યો.. ત્યાં મિથ્યાદૃષ્ટિ એવો સુદર્શન શૈલકની પાસે આવ્યો, ત્યાં તે મિથ્યાત્વને છોડીને અરિહંતના ધર્મને ગ્રહણ કરવાની ઇચ્છાવાળો થયો.

**या देवे देवताबुद्धि-गुरौच गुरुतामतिः ;**
**धर्म्मेच धर्म्मधीः शुद्धा, सम्यक्त्वमिदमुच्यते ।।१।।**
**अदेवे देवताबुद्धि - रगुरौ गुरुधीः पुनः,**
**अधर्म्मे धर्म्मधीरिव, मिथ्यात्वमिदमुच्यते ।।२।।**

દેવને વિષે દેવ બુધ્ધિ. ગુરુને વિષે ગુરુપણાની બુધ્ધિ, અને ધર્મમાં જે શુધ્ધ ધર્મની બુધ્ધિ તે સમ્યક્ત્વ કહેવાય છે. અદેવને વિષે દેવ બુધ્ધિ – કુગુરુને વિષે ગુરુબુધ્ધિ – અને અધર્મને સવિષે ધર્મની બુધ્ધિ તે મિથ્યાત્વ કહેવાય છે. સુદર્શનના ગુરુ – શુક નામે પરિવ્રાજક હજાર શિષ્ય સહિત સુદર્શનને બોધ કરવા માટે જલદી આવ્યા. સુદર્શનની પાસે જઈને શુક પરિવ્રાજકે કહ્યું કે તેં હમણાં પાખંડીની પાસે ધર્મ કેમ ગ્રહણ કર્યો છે ? સુદર્શને કહ્યું કે થાવચ્ચાપુત્ર ગુરુ જ્ઞાની છે. દયાનું પાત્ર છે. તેને મેં હમણાં ગુરુબુધ્ધિથી સ્વીકાર્યા છે. સત્પુરુષોએ તે ગુરુની સેવા કરવી જોઈએ, કે જે પોતે અપાર સંસારસમુદ્રને તરતાં બીજા ઘણાં લોકોને નિશ્ચે તારે છે.

**भारीकम्मा जीवडा, जो बुज्झिस्सइ तो बुज्झ;**
**सयल कुटुंबह खायसि, माथाइ पडिसेह तुज्झ ।।१।।**
**बाहिरि म जोइ, ए खाइवा मेलावडो;**
**धणकारणे सहुकोइ - तूं कारणी कोइ नहीं ।।२।।**

હે ભારીકર્મી જીવડા ! તું બોધ પમાય તો બોધ પામ. આખું કુટુંબ ખાઈ જશે ,અને ( તેનું પાપ ) તારા એકલાને માથે પડશે.. હે જીવડા ! તું બહાર ન જો. આ સર્વ કુટુંબરૂપી મેળો ખાવા માટે ભેળો થયો છે. ધનને માટે બધા મલેલ છે, પણ તે તારા માટે નથી. ધર્મને જાણનાર – ધર્મને કરનાર – ધર્મને પ્રવર્તાવનાર પ્રાણીઓને ધર્મશાસ્ત્ર બતાવનાર ગુરુ કહેવાય છે.

**अक्खर अक्खइ किंपिन इहइं, चउगइ भव संसारह बीहइ।**
**संजम नियमेहिं खण नवि मुच्चइ, साहम्मी सुहगुरु वुच्चइ ।।१।।**
**दुहंथ घरिभज्जा, करिसण किज्जइ कवण सीस कवणु।**
**गुरु भणिज्जइ मूढउलोओ - अयाणु भणिज्जइ (न बुज्झह)**
**कद्दम कद्दमेण किमु सुज्झह ।।२।।**

જે કોઈ અક્ષર બોલતા નથી, ચારગતિ રૂપી સંસારથી બીએ છે. ( ભય પામે છે. ) સંયમ અને નિયમને ક્ષણવાર છોડતા નથી. તે સમાન ધર્મવાલાને શુભગુરુ કહેવાય છે. ઘર એ દુઃખરૂપ છે. ભાર્યા પણ દુઃખ રૂપ છે. ખેતી શા માટે કરવી ? કોણ કોનો શિષ્ય અને કોણ કોનો ગુરુ છે ? જાણતો એવો મૂઢલોક બોલે છે. પણ બોધ પામતો નથી. કાદવ

કાદવથી કેમ શુધ્ધ થાય ? આ વગેરે યુક્તિ યુક્ત વચનવડે સુદર્શનની સાથે શુક નિરુત્તર થયો. જેથી તે મૌન કરવા લાગ્યો. તે પછી આચાર્ય ભગવંતે ધર્મમય વાક્યોથી અનુક્રમે તેનું મિથ્યાત્વરૂપી ઝેર તેવી રીતે ઉતાર્યું કે જેથી તે શુકે શિષ્ય સહિત વ્રત ગ્રહણ કર્યું. જૈનશાસ્ત્રોને ભણીને ગુરુ પાસે આચાર્યપદ પામીને બુધ્ધિશાળી શુકાચાર્યે ઘણાં ભવ્ય પ્રાણીઓપાસે ધર્મ ગ્રહણ કરાવ્યો. ઘણા ભવ્યજીવોને મોક્ષ આપનાર એવા જૈનધર્મમાં પ્રતિબોધ પમાડી પોતાનું મૃત્યુ જાણીને થાવચ્ચાપુત્ર શ્રી સિધ્ધગિરિ ઉપર ગયા.

સંસારથી ભય પામતા એવા થાવચ્ચાપુત્ર ગુરુએ સર્વજીવોને ખમાવીને તે વખતે અનશન સ્વીકારીને મહિનાના અંતે કેવલજ્ઞાન પામી થાવચ્ચાપુત્ર પરિવાર સહિત કર્મનો ક્ષય થવાથી મોક્ષમાં ગયા. આ તરફ શુક ગુરુ પૃથ્વી ઉપર ઘણા જીવોને પ્રતિબોધ કરતાં શીલકરાજાએ પાલન કરેલા શીલક નામના નગરમાં આવ્યા. આ બાજુ શુકસૂરિએ ત્યાં શીલકરાજાને પ્રતિબોધ કરી પાંચસો મંત્રી સહિત સારા ઉત્સવપૂર્વક દીક્ષા આપી. બાર અંગોભણી શ્રેષ્ઠબુધ્ધિવાલા શીલકાચાર્ય સૂરિપદ પામી ઘણા ભવ્યજીવોને પ્રતિબોધ પમાડયો. શુકાચાર્ય પણ ઘણા ભવ્યજીવોને પ્રતિબોધ કરતાં આદરથી શ્રી શત્રુંજયગિરિ ઉપર જઇને કેવલજ્ઞાન પામ્યા. મહિનાના અંતે જેઠમાસની પૂનમના દિવસે હજાર સાધુઓ વડે સેવાયેલા સર્વકર્મનો ક્ષય કરી તે સિધ્ધક્ષેત્ર ને પામ્યા.

આ બાજુ શીલકસૂરિ રોગથી વ્યાપ્ત છે શરીર જેનું એવા અનુક્રમે દેવનગર સરખા શીલકપુરમાં આવ્યા. પિતાને બાહ્ય ઉધાનમાં આવેલા જાણીને મંડુકરાજાએ ત્યાં જઇને જલદી ધર્મદેશના સાંભળી

**नास्ति कामसमो व्याधि - नास्ति मोहसमोरिपु।**
**नास्ति क्रोधसमो वह्नि - नास्ति ज्ञानसमं सुखम्।।**
**कषायविषयार्त्तानां, देहिनां नास्ति निवृत्तिः।**
**तेषांच विरमे सौख्यं, जायते परमाद्भुतम्।।**
**धर्मं करोति यो नित्यं, सम्पूज्यस्त्रिदशेश्वरैः।**
**लक्ष्मीस्तं स्वयमायाति, भुवनत्रयसंस्थिता।।**
**वैराग्यसारं भज सर्वकालं, निर्ग्रंथसङ्ग कुरूमुक्तिबीजम्।**
**विमुञ्चसङ्गं कुजनेषुमित्र! देवार्चनं त्वं कुरू वीतरागे।।**

કામસમાન કોઇ વ્યાધિ નથી. મોહસમાન કોઇ શત્રુ નથી. ક્રોધ સરખો કોઇ અગ્નિ નથી. જ્ઞાન સરખું સુખ નથી. કષાય અને વિષયથી પીડાપામેલાં પ્રાણીઓને શાંતિ નથી અને તેનો વિરામ થાય ત્યારે પરમ અદ્ભુત સુખ થાય છે. જિનેશ્વરોની પૂજા કરીને જે હંમેશાં ધર્મ કરે છે. તે દેવેન્દ્રોવડે પૂજાય છે અને ત્રણ ભુવનમાં રહેલી લક્ષ્મી પોતાની જાતે તેની પાસે આવે છે તું વૈરાગ્યના સારને સેવ, અને હંમેશાં મુક્તિબીજરૂપ – નિર્ગ્રંથોના સંગને કર. હે મિત્ર ! ખરાબ જનને વિષે સોબતને છોડી દે. અને તું વીતરાગની દેવ પૂજા કર. દેશનાના અંતે રાજાએ ગુરુ પાસે શ્રાવકધર્મને લઇને પૂછ્યું કે હે ગુરુ ભગવંત ! તમને આવા પ્રકારનો રોગ કેમ દેખાય છે ? ( તેની ) કાંઇક ચિકિત્સા કરાય જેથી રોગરહિતપણું થાય કારણ કે મોક્ષના સુખને આપનાર ધર્મ દેહવડે કરાય છે.

એ પ્રમાણે યુક્તિથી રાજાએ ગુરુને સમજાવીને રોગના છેદ માટે ત્યાં તે વખતે ઔષધ મોકલ્યું. પહેલાં નિરવદ્ય ઔષધને કરતાં તે ઉત્તમ ગુરુ મધુર આહાર અને ઔષધ નિરંતર ખાય છે. ( કરે છે. ) પછી કલ્પ્ય અને અકલ્પ્યનો વિભાગ કર્યા વિના આહાર અને ઔષધ ખાતાં ગુરુરાજ જરાપાણ અટક્યા નહિ. ઘણા દિવસ સુધી ઇચ્છા મુજબ વારંવાર ભોજન કરતાં તે આચાર્ય મહારાજ રસગૃધ્ધિથી ( આસક્તિથી ) આહાર અને ઔષધ ખાવા લાગ્યા. અનુક્રમે રોગ ગયો ત્યારે પણ તે આચાર્ય સારા રસમાં લોલુપ પોતે લાવેલા અને સાધુએ લાવેલો તે ( ખોરાક ) ગળા સુધી ખાવા લાગ્યા. તે પછી હંમેશાં સાધુઓ ગુરુની આગળ આ પ્રમાણે ઉપદેશ આપતા હતા કે અકલ્પ્ય ખાવું ન જોઇએ. પોતાના હિતને ઇચ્છનારાઓએ હંમેશાં ધર્મરૂપી ઔષધ કરવું જોઇએ. ધર્મરૂપી ઔષધથી નિશ્ચે સ્વર્ગ વગેરે સુખની સંપત્તિઓ થાય છે. કહ્યું છે કે : –

વ્યાધિ અને દુ:ખના સમૂહથી આક્રમણ પામેલા જીવો યમરાજાના મંદિરમાં લઇ જવાય છે. દેવ – ગુરુ ને ધર્મ વિના પ્રાણીઓનું રક્ષણ કરનાર કોણ થાય ? ધર્મ – જ્ઞાન – ચારિત્ર – તપ – દાન ને જપ વગેરે ગ્રહણ કરવા લાયક છે. અને મનુષ્યોનાં – દુ:ખ અને શોકને અંત કરનારા છે. એમ મુનિઓએ કહ્યું છે. ખરેખર આશ્ચર્ય છે કે ધર્મ વિના મરેલો એવો પણ પ્રાણી પોતાની જાતે હાથો ઘસે છે અને કપાળને હણે છે. ( કૂટે છે. ) એ પ્રમાણે વૃધ્ધ સાધુઓવડે નિષેધ કરાયેલા જ્યારે તે રસથી અટક્યા નહિ. ત્યારે એક પિચ્છિક નામના સાધુને મૂકીને તેઓ બીજે ઠેકાણે ગયા. આચાર્ય મહારાજ ભોજન કરીને ગાઢપણે રોજ સૂઇ જાય છે. *જેથી તેઓ સાંજ – સવાર કે ધર્મક્રિયાને જાણતા નથી.*

કાર્તિકમાસમાં પૂનમના દિવસે એક વખત પિચ્છિક સાધુ પ્રતિક્રમણ કરતાં ગુરુ મહારાજ સૂઇ ગયા ત્યારે ખમાવવા માટે હાથ મૂક્યો. અકસ્માત્ હાથના સ્પર્શથી ઊઠી ગયેલા શીતલ આચાર્યે કહ્યું કે ક્યા પાપીએ હમણાં મને ઉઠાડ્યો? પિચ્છિક મુનિ ગુરુનાં ચરણે લાગીને શિષ્ટ બુધ્ધિવાલા તેણે કહ્યું કે આજે ચાતુર્માસિક પર્વ હોવાથી મેં ગુરુ એવા તમને ખમાવ્યા છે. મૂઢ બુધ્ધિવાલા મેં ( જે ) અપરાધ કર્યો હોય તે હિતને ઇચ્છનારા એવા તમારે હમણાં ક્ષમા કરવા યોગ્ય છે. કહ્યું છે કે : –

***अज्ञानतिमिरान्धस्य – ज्ञानाञ्जनशलाकया।***
**नेत्रमुन्मीलितं येन – तस्मै श्री गुरवे नमः ॥१॥**
**विना गुरुभ्यो गुणनीरधिभ्यो – जानाति धर्मं न विचक्षणोऽपि।**
**विना प्रदीपं शुभलोचनोऽपि – निरीक्षते कुत्र पदार्थसार्थम् ? ॥२॥**

અજ્ઞાનરૂપી અંધકારથી અંધ થયેલાને જ્ઞાનરૂપી અંજનશલાકાવડે જેમણે નેત્ર વિકસિત ( ખુલ્લું ) કર્યું છે, તે શ્રી ગુરુને નમસ્કાર થાઓ. ગુણના સમુદ્ર એવા ગુરુ વિના વિચક્ષણ પુરુષ પણ ધર્મ જાણી શક્તો નથી. દીપક વિના સારી આંખવાલો પણ કોઇ ઠેકાણે પદાર્થના સમૂહને જોઇ શક્તો નથી. ધિક્કાર છે કે ખમાવવાના બહાનાથી (દંભથી) મારાવડે ચાતુર્માસિકના પારણામાં તમે જગાડાયા. હે ક્ષમામાં તત્પર એવા પૂજ્ય તે તમે ક્ષમા કરો. આ પ્રમાણે શિષ્યનું વચન સાંભળી ચિત્તમાં લજ્જા પામેલા ગુરુ ચારિત્રને દૂષિત કરનાર આત્માને પોતાની જાતે અત્યંત નિંદા કરવા લાગ્યા. રસનેન્દ્રિયના દોષવડે પાપી એવા મેં હમણાં નિશ્ચે ધર્મરૂપી માણિક્યને વિષે મલિનતા પમાડી. કહ્યું છે કે :– જીભમાં

લંપટ એવો જે મૂર્ખ ભક્ષ્ય – અભક્ષ્ય જાણતો નથી. તે પાપ બુદ્ધિવાલો અભક્ષ્ય ખાઇને દુર્ગતિમાં જાય છે. તલમાત્ર સરખા કંદમાં અનંતા જીવો રહેલા હોય છે. મિથ્યા દ્રષ્ટિઓવડે તેનું ભોજન કરવાથી તે સર્વ જીવો ખવાયા છે. શીતલસૂરિએ આત્મસાક્ષીએ શિષ્યને ખમાવીને કરેલા પાપની પરંપરાના છેદ માટે સારી રીતે પ્રતિક્રમણ કર્યું. ક્યારેક ગુરુ પણ ધર્મમાર્ગમાં શિથિલ થઇ ગયા હોય તો ઉત્તમ શિષ્યો અત્યંત નિપુણ મધુર વચનોવડે તેને માર્ગમાં ફરીથી પણ સ્થાપન કરે છે. જે રીતે શીતલને પંથગનું દ્રષ્ટાંત છે. છએ વિગઇનો ત્યાગ કરી પોતાનાં કાર્યોની નિંદામાં તત્પર પરિવાર સહિત ભવ્યજીવોને પ્રતિબોધ કરવા માટે પૃથ્વી ઉપર ચાલ્યા.

ધરાપાલ રાજાથી પાલન કરાયેલા ધારાપુર નગરમાં શૈલક ગુરુ ગયા ત્યારે તે રાજા તેમને વંદન કરવા માટે આવ્યો. શીતલાચાર્યે તે વખતે કહ્યું કે જે જીવદયામય ધર્મને કરે છે. તે વેગથી નિશ્ચે મોક્ષનગરમાં જાય છે. જે ચારિત્ર લઇને શ્રી શત્રુંજયગિરિ ઉપર જઇને વારંવાર તીવ્ર તપ કરે છે, તે પરમપદમાં જાય છે. આ પ્રમાણે દેશના સાંભળી પોતાના પુત્રને પોતાના રાજ્યઉપર તરત જ બેસાડી ધરાપાલ રાજાએ શીતલાચાર્ય પાસે દીક્ષા લીધી. તે રાજાની સાથે તેના સેવક એવા હજાર રાજાઓએ ત્યાં મોક્ષસુખને આપનાર સંયમને ગ્રહણ કર્યો. આ પ્રમાણે જિનધર્મી એવા ઘણા રાજાઓ અને લોકોને પ્રતિબોધ કરીને મોક્ષલક્ષ્મીને આપનાર શ્રી શત્રુંજયગિરિ ઉપર ગયા, ત્યાં ઘણાં પ્રાણીઓને પ્રતિબોધ કરતાં અનેક સાધુઓ સહિત શીતલાચાર્યે તે વખતે અનશન લીધું. તે વખતે શૈલકસૂરિના શિષ્ય શુભંકર નામના મુનિ ઘણા સાધુ સહિત શ્રી સિધ્ધગિરિ ઉપર જિનેશ્વરોને નમસ્કાર કરવા માટે આવ્યા. ત્યાં તે આચાર્ય ભગવંતે ઉપદેશ કર્યો ત્યારે એક લાખ ભવ્યજીવોએ સંસાર સમુદ્રને તારનારી દીક્ષા લીધી. ધર્મ ધ્યાનમાં તત્પર અસંખ્ય સાધુઓ સહિત શીતલ સૂરિ ઘાતિકર્મની પરંપરાનો ક્ષય થવાથી કેવલજ્ઞાન પામ્યા. ત્યાં શુકાચાર્ય વગેરેથી સહિત શૈલકસૂરિ સર્વકર્મનો ક્ષય થવાથી મુક્તિનગરીમાં ગયા. શુભંકર ગુરુના શિષ્ય શતાનંદ નામે ઉત્તમ ગુરુ પૃથ્વીપીઠઉપર વિહાર કરતાં ભૃગુકચ્છ નગરમાં (ભરુચમાં) ગયા. ત્યાં ગુરુની પાસે શ્રેષ્ઠ આશયવાલો કુંતલ નામે રાજા જ્યારે ધર્મ સાંભળવા માટે આવ્યો ત્યારે ગુરુએ આ પ્રમાણે કહ્યું.

**औषधं परमं ज्ञेयं, धर्म्मोवृत्तं तपो जपः ।**
**दानं पूजादिकं सर्वं - रोगक्लेशविनाशकम् ।।**
**नश्यन्ति येन धर्म्मेण, जन्ममृत्युजरादिकाः ।**
**किं न नश्यन्ति तेनैव, रोग क्लेशभयादयः ।।१।।**
**इन्द्रियाणां जयेशूरः, कर्म्मबन्धेच कातरः ।**
**तत्त्वार्थाहितचेतस्कः, स्वशरीरेऽपि निस्पृहः ।।**

સર્વરોગ અને ક્લેશનો વિનાશ કરનારું પરમ ઔષધ ધર્મ – વ્રત – તપ – જપ – દાન – પૂજા વગેરે છે. જે ધર્મથી જન્મ – જરા અને મરણ વગેરે નાશ પામે છે તે ધર્મવડે રોગ – ક્લેશ અને ભય વગેરે કેમ નાશ ન પામે ? તત્ત્વના અર્થમાં સ્થાપન કર્યું છે ચિત્ત જેણે એવો જીવ ઇન્દ્રિયોને જીતવા માટે શૂર હોય છે. કર્મનો બંધ કરવામાં કાયર હોય છે. અને પોતાના શરીરને વિષે પણ સ્પૃહા વગરનો હોય છે. આ પ્રમાણે ધર્મ સાંભલીને કુંતલ રાજાએ સોમ નામના પુત્રને પોતાની પાટપર સ્થાપન કરીને ચારિત્ર ગ્રહણ કર્યું. તે કુંતલમુનિ શ્રી શત્રુંજય ઉપર જઇને અનુક્રમે ધ્યાન કરતાં

સર્વકર્મનો ક્ષય કરી મુક્તિનગરીમાં ગયા.આ પ્રમાણે થાવચ્ચાપુત્રસૂરિ વગેરે આચાર્યો, અસંખ્ય સાધુઓ શ્રી સિધ્ધગિરિ ઉપર આઠે કર્મનો ક્ષય કરી મુક્તિનગરીમાં ગયા.

## થાવચ્ચાપુત્ર અને શુકસૂરિનો મુક્તિ જવાનો સંબંધ સંપૂર્ણ

# શ્રી શત્રુંજયના અસંખ્ય ઉધ્ધારોની કથા

*अस्संखा उद्धारा–असंख पडिमाउ चेइआसंखा।*
*जहिं जाया जयउ तयं, सिरिसत्तुंजयमहातित्थं ।।२४।।*

જયાં અસંખ્ય ઉધ્ધારો થયા, જયાં અસંખ્ય પ્રતિમાઓ થઇ અને અસંખ્ય ચૈત્યો થયાં, તે શત્રુંજય મહાતીર્થ જય પામો. જે પર્વત ઉપર અસંખ્યાતા પ્રાસાદ અને બિંબના ઉધ્ધાર થયા. તે તીર્થ જય પામો. તે આ પ્રમાણે

ભરત વગેરે ઘણા રાજાઓએ મોક્ષને આપનાર શ્રી શત્રુંજય તીર્થ ઉપર જે ઉધ્ધારો કર્યા તેઓની સંખ્યા મંદબુધ્ધિવાલો જરાપણ જાણી શક્તો નથી. તેઓમાંનાં કેટલાક ઉધ્ધારો કરનારા હમણાં લોકમાં સંભળાય છે ને જણાય છે. અયોધ્યા નગરીમાં ( ઋષભદેવ ) સ્વામીના વંશમાં ચંદ્રનામે પ્રૌઢ રાજા ઘણી સેનાથી યુક્ત થયો. એક વખત કમલાચાર્યની પાસે અરિહંતના ધર્મને સાંભલતા તેણે આ પ્રમાણે શ્રી સિધ્ધગિરિનું માહાત્મ્ય સાંભલ્યું.જોવાયેલો જે ગિરિ દુર્ગતિને હણે છે. નમન કરાયેલો જે બે દુર્ગતિને હણે છે. અને જે સંઘપતિ અને અરિહંતના પદને કરનારો છે, તે વિમલગિરિ જય પામો.

સંઘપતિ પદમાં – મહાસ્નાત્ર – મહાપૂજા – ધ્વજ – આવારિકા અને સંઘપૂજા આ પાંચ કામો અનુક્રમે છે. ( કર્તવ્યો છે. ) દ્રાવિડ અને વારિખિલ્લ ૧૦ – ક્રોડ સહિત નિર્મલ કેવલજ્ઞાન પામી અનુક્રમે શ્રી શત્રુંજય ગિરિ ઉપર મોક્ષમાં ગયા, જેવી રીતે પુંડરીક ગણધર ચૈત્રમાસની પૂનમના દિવસે મોક્ષમાં ગયા અને તેવી રીતે દ્રાવિડ – વારિખિલ્લ કાર્તિક માસની પૂનમે મોક્ષે ગયેલા છે. તે બે પર્વો કહ્યાં છે. સિંહ – વાઘ – સર્પ – ભિલ્લ – બીજાં પણ પક્ષીઓ અને બીજા પાપીઓ શ્રી શત્રુંજય તીર્થ ઉપર અરિહંતને જોઇને સ્વર્ગગામી થાય છે. ઉત્તમ ધર્મવાલા જેઓ શ્રી શત્રુંજય તીર્થઉપર યાત્રા કરે છે. તેઓ નિશ્ચે સ્વર્ગના સુખને પામી મોક્ષને પામે છે. જેઓ પ્રાસાદ કરાવે છે અને જિનમંદિરનો

ઉધ્ધાર કરાવે છે. ક્ષીણ થયાં છે કર્મ જેનાં એવા તેઓ મોક્ષમાં જાય છે. આ પ્રમાણે સાંભળી ચંદ્રરાજા શ્રી શત્રુંજય ગિરિઉપર જઇ શ્રી ઋષભદેવ પ્રભુની પૂજા કરી ધ્વજ વગેરે કાર્ય કરેછે.બોંતેર દેવ મંદિરો ( દેરીઓ ) સહિત જિનમંદિર કરાવીને રાજાએ શ્રી ઋષભદેવ પ્રભુના બિંબની સ્થાપના કરી, તે પછી ચંદ્રરાજાએ હર્ષવડે દીક્ષા લઇ અનુક્રમે સર્વકર્મનો ક્ષય કરી શ્રી શત્રુંજયઉપર મુક્તિપુરીમાં ગયા.

ધર્મપુરી નગરીમાં ન્યાયનું એક મંદિર જેવો ધનરાજા પૃથ્વીનાં લોકોનું તેવી રીતે પાલન કરતો હતો કે જેથી લોકો સુખી હતા. શત્રુનું સૈન્ય આવ્યું ત્યારે રાજાએ તેજ વખતે બખ્તર ધારણ કરી નીકળી ભુજાના પરાક્રમવડે સઘળા શત્રુઓને વશ કર્યા. બીજાઓએ પણ ધર્મ સૂરીશ્વરની પાસે જિનેશ્વરે કહેલો ધર્મ સાંભલ્યો. રાજાએ પણ મોક્ષ સુખને આપનારો ધર્મ ભક્તિવડે સાંભલ્યો. હંમેશાં જ્ઞાન – ધ્યાન – તપ અને બલવડે આત્માનું રક્ષણ કરવું જોઇએ. આ પ્રમાદી જીવનું શીલરૂપી રત્ન લૂંટાય છે. સ્નેહમય જાળને છેદીને–મોહ રૂપી મહાબંધનને ભેદીને ઉત્તમ ચારિત્રથીયુક્ત શૂર પુરુષો મોક્ષમાર્ગમાં રહેલા હોય છે. મોહનીય કર્મવડે સઘળું જગત મૂંઝાયેલું છે. મહાબુધ્ધિશાળી ધન્ય પુરુષો મોહને દૂર કરીને તપ કરે છે. મોહનું માહાત્મ્ય આશ્ચર્યકારક છે જે વિદ્વાન મનુષ્યો છે. તેઓ પણ સંસારમાં-ક્રીડામાં તત્પર બની કામ માટે મૂંઝાય છે. જેઓ શ્રી શત્રુંજયગિરિ ઉપર આવીને જિનેશ્વરોની પૂજા કરે છે. તેઓનો – જન્મ – જીવતર અને ધન સફલ થાય છે.. જે મનુષ્ય શ્રી શત્રુંજયગિરિઉપર જિનમંદિર કરાવે છે. તેઓની હથેળીમાં સ્વર્ગ અને મોક્ષનાં સુખ થાય છે.

**पूजाऽर्हतां गुरौ भक्ति : श्रीशत्रुञ्जयसेवनम् ।**
**चतुर्विधस्य संघस्य, सङ्गम : सुकृतैर्भवेत् ।।**

અરિહંતોની પૂજા – ગુરુને વિષે ભક્તિ – શ્રી શત્રુંજયતીર્થનું સેવન અને ચતુર્વિધસંઘનો મેલાપ પુન્યવડે થાય છે. આ પ્રમાણે સાંભળી ધનરાજાએ કુમ કુમ પત્રિકા મોકલીને શ્રી શત્રુંજયગિરિ ઉપર જવા માટે સંઘને બોલાવ્યો. ઘણાં સુવર્ણનાં જિનમંદિરો કરાવી તેઓમાં શ્રેષ્ઠ દિવસે જિનેશ્વરોની સ્થાપન કરીને રાજા ચાલ્યો. દરેક ગામમાં – નગરમાં – નગરીમાં સ્નાત્ર પૂજા અને ધ્વજ આદિ કાર્યો કરતો અને કરાવતો રાજા શ્રી શત્રુંજયતીર્થઉપર ગયો. ત્યાં મુખ્ય જિનમંદિરમાં સ્નાત્ર પૂજાને ધ્વજ આદિ કાર્ય પોતે કરતા રાજાએ લોકોને બોલાવ્યા. ધનનો વ્યય કરી મુખ્યજિનમંદિરમાં તીર્થોદ્ધાર કરી રાજાએ સ્નાત્રપૂજા આદિ કાર્યો કર્યાં. મરુદેવાના શિખર ઉપર શ્રી અજિતનાથ જિનેશ્વરનો પ્રાસાદ કરાવીને અનુક્રમે તેમનું બિંબ સ્થાપન કર્યું.

એક વખત શ્રી સંભવનાથ જિનેશ્વરનો પ્રાસાદ કરાવીને તેમાં રાજાએ તે પ્રભુનું બિંબ સ્થાપન કર્યું અનુક્રમે વ્રત લઇ. સર્વશુભાશુભ કર્મનો ક્ષય કરીને નિર્મલ મનવાલો રાજા મોક્ષનગરમાં ગયો.

## અસંખ્ય ઉધ્ધારોની કથા સંપૂર્ણ

# પ્રતિમાના - અસંખ્ય - ઉધ્ધારની કથા

એક વખત પાર્શ્વનાથ તીર્થંકર પૃથ્વીતલ ઉપર ભવ્યજીવોને પ્રતિબોધ કરતાં ઘણા સાધુઓ અને દેવોવડે સેવાયેલા શ્રી સિધ્ધગિરિ ઉપર સમવસર્યા. ત્યાં દેવોવડે – રુપું – સુવર્ણને રત્નમય ત્રણ ગઢ કરાયા ત્યારે તેમાં બેઠેલા એવા પ્રભુએ આ પ્રમાણે ધર્મોપદેશ ર્ક્યો

**आदित्यस्य गतागतैरहरहः संक्षीयते जीवितं,**
**व्यापारै र्बहुकार्यभारगुरूभिः कालोऽपि न ज्ञायते।**
**दृष्ट्वा जन्मजराविपत्तिमरणं त्रासश्च नोत्पद्यते,**
**पीत्वा मोहमयीं प्रमादमदिरामुन्मत्तभूतं जगत्।।**
**जइ धम्मक्खर संभलइ, नयणे निद्द न माइ।**
**वत्त करंता मरकलइं, कवकइं रयणि विहाइं।।**
**अनादि भवपाथोधि - तारकोऽयं शिवाचलः।**
**यं श्रयन्ति जना भव्या, नाभव्याः स्प्रष्टुमप्यहो।।**
**सर्वतीर्थमयोऽद्रीशो, विमलो विमलात्मनाम्।**
**दुर्गतिद्वितयं हन्ति - दृष्टमात्रोऽर्चया तु किम्? ।।**
**नामुष्य तीर्थतोऽप्युच्चो, विद्यते कनकाचलः।**
**अत्रस्थैस्त्वरितं मुक्तिः, प्राप्यते दूरगापि हि।।**

હંમેશાં સૂર્યના ગમનાગમનવડે ( ઉદય ને અસ્તવડે ) જીવિત ક્ષય પામે છે. ઘણાં કાર્યોના ભારથી મોટા એવા વ્યાપારોવડે કાલ પણ જણાતો નથી. જન્મ – જરા – વિપત્તિ અને મરણ જોઈને ત્રાસ ઉત્પન્ન થતો નથી. મોહમય પ્રમાદમદિરાનું પાન કરીને જગત ઉન્મત્ત ( ગાંડું ) થયું છે. ધર્મના અક્ષરો સાંભળતાં નેત્રમાં નિંદ્રા માતી નથી. વાત કરતા આનંદ પામે છે. અને કેમેય કરીને રાત્રિ પસાર થાય છે. આ સંસાર સમુદ્ર અનાદિ છે. આ શ્રી સિધ્ધગિરિ તારનારો છે. ભવ્યજનો જેનો આશ્રય કરે છે. અભવ્યજીવો જેનો સ્પર્શ પણ કરી શકતા નથી. આ વિમલગિરિરાજ સર્વતીર્થમય છે. નિર્મલ આત્માઓને જોવા માત્રથી બે દુર્ગતિને હણે છે. પૂજાવડે તો શું ? આ તીર્થ કરતાં કનકાચલ (મેરુ) પણ ઊંચો (મોટો મહત્તામાં ) નથી. અહીં રહેલા જીવોવડે દૂર રહેલી એવી મુક્તિપણ જલદી પ્રાપ્ત કરાય છે.

આ પ્રમાણે જિનેશ્વરે કહેલું સાંભળીને ઘણા જીવો અને ઘણા રાજાઓએ ધર્મ ગ્રહણ ર્ક્યો. અને મોક્ષ સુખને

આપનાર વ્રત ગ્રહણ કર્યું. પ્રભુના વ્યાખ્યાનથી સર્પ-નોળિયા – હાથી ને હરણ બોધ પામ્યાં, અને ત્યાં રૈવતવગેરે શિખરો ઉપર વિહાર કરીને ત્યાં સાધુઓ સહિત કાશી નગરીએ આવ્યા, પ્રભુના ભાઈ હસ્તિસેન રાજાએ ઘણા રાજાઓ સહિત (ત્યાં) આવીને સ્વામીને પ્રણામ કરીને તે વખતે આદરથી આ પ્રમાણે ધર્મ સાંભળ્યો.

**शत्रुञ्जयः सुरेशार्चा - संयतत्त्वंच सद्गुरुः ।**
**सम्यक्त्वंशीलसाम्ये च शिवसौख्याय सप्तकम् ।।**
**अनन्तभवसम्भूत दुष्कृतद्रोहकृद्गिरिः ।**
**शत्रुञ्जयःसिध्दिपदं, शाश्वतः सेव्यते न कैः ? ।।**
**मिथ्यात्वविषसङ्घ्रात, जनं सम्यग्वचोऽमृतैः ।**
**निर्वापयन् गुरुर्ध्यातः, पातकान्तकरोऽङ्गिनाम् ।।**
**तावज्जीवो भ्रमत्येव, भवेन्मिथ्यात्वमोहितः ।**
**सम्यक्त्वं न स्पृशत्येष, यावन्निः शेषपापनुद् ।।**
**जलत्यग्निर्विषं पीयू - षत्यत्राही रज्जति**
**किं करन्ति सुरायस्मात् - तच्छीलं सेव्यमङ्गिभिः ।।**

શ્રી શત્રુંજય-સુરના ઈશ એવા પ્રભુની પૂજા-સાધુપણું- સદ્ગુરુ – સમ્યક્ત્વ શીલ અને સમતા આ સાત વસ્તુઓ મોક્ષસુખ માટે છે. આ શ્રી શત્રુંજયગિરિ અનંતભવથી ઉત્પન્ન થયેલાં પાપનો નાશ કરનાર છે. સિધ્ધિનું સ્થાન છે. શાશ્વત છે. તે કોનાવડે ન સેવાય ? મિથ્યાત્વરૂપી વિષથી વ્યાપ્ત થયેલા લોકને વચનરૂપી અમૃતવડે સારી રીતે શાંત કરનાર એવા ધ્યાન કરાયેલા ગુરુ પ્રાણીઓનાં પાપનો અંત કરનારા છે. મિથ્યાત્વથી મોહિત થયેલો જીવ ત્યાં સુધી જ ભ્રમણ કરે છે કે જ્યાં સુધી સમસ્ત પાપને દૂર કરનાર એવા સમ્યક્ત્વનો સ્પર્શ ન કરે. (ત્યાં સુધી) જેનાથી અગ્નિપાણી રૂપ થાય છે. વિષ અમૃત રૂપ થાય છે. સાપ દોરડારૂપે થાય છે. ને દેવતાઓ ચાકર જેવા થાય છે. તે શીલ પ્રાણીઓએ મેળવવું જોઈએ.

તે પછી હસ્તિસેનરાજાએ કહ્યું કે હે સ્વામિ ! શ્રી સિધ્ધગિરિને વિષે ભવ્યજીવોવડે સંઘપતિપણું કેવી રીતે પ્રાપ્ત કરાય ? તે પછી પ્રાર્શ્વપ્રભુએ કહ્યું ઘણા સંઘને ભેગો કરીને દેવાલયમાં (રથમાં) રહેલા જિનેશ્વરોને અને નગરને ગામમાં રહેલાં જિનેશ્વરોનાં જિનમંદિરોને વિષે પૂજન કરતો. (સંઘપતિ પદ મેળવે છે.) પછી શ્રી પાર્શ્વનાથ પ્રભુ પાસેથી સંઘપતિનું તિલક કરાવતો રાજા પોતાના ઘણા વૈભવને સફલ કરતો હતો.

અનુક્રમે શ્રી શત્રુંજયગિરિ ઉપર જઈ જિનેશ્વરનું સ્નાત્ર કરીને સંઘપતિએ શ્રેષ્ઠ સુગંધી ફૂલોવડે પૂજા કરી. તે પછી જિનમંદિરમાં શિખર ઉપર ધજા ચઢાવીને રાજાએ અત્યંત વિસ્તારથી આરતીને મંગલદીવો કર્યો. તે પછી શ્રી આદિનાથ જિનેશ્વરની બે ચરણ પાદુકાઓને કેશરવડે પૂજીને શ્રી ઋષભદેવ પ્રભુની સ્તુતિ કરી. તે પછી આમલા જેટલા પ્રમાણવાલા મોતીઓવડે હસ્તિસેનરાજાએ હર્ષથી રાયણને વધાવી. તે વખતે રાયણવૃક્ષે દૂધના વરસાદથી જલદી

સંઘપતિને બાહ્યઅંગમાં અને મનમાં પણ સ્નાન કરાવ્યું. તે પછી હસ્તિસેન રાજાએ સર્વ જિનમંદિરોમાં જિનેશ્વરોની પૂજા કરી અને શ્રેષ્ઠ સ્તવનોવડે સ્તુતિ કરી. તે પછી તે પર્વતપર હસ્તિસેન રાજાએ શ્રી પાર્શ્વનાથ પ્રભુનું મોટું મંદિર કરાવી પ્રભુનું બિંબ સ્થાપન કર્યું. તે પછી સિધ્ધગિરિનાં બીજાંશિખરો પર હસ્તિસેન રાજાએ ઘણા દ્રવ્યનો વ્યય કરીને જિનમંદિરો કરાવ્યાં. તે પછી હસ્તિસેન રાજાએ ગુરુસહિત સંઘનું અન્ન – પાન અને ઉત્તમ વસ્ત્રઆપવાવડે ગૌરવ કર્યું. તે પછી પોતાના નગરમાં આવીને પોતાના પુત્રને રાજ્ય આપીને હસ્તિસેન રાજાએ શ્રી પાર્શ્વનાથ જિનેશ્વરની પાસે દીક્ષા લીધી. તીવ્ર તપ કરતા શ્રી શત્રુંજયગિરિઉપર આવીને અનુક્રમે એક વખત હસ્તિસેન રાજર્ષિએ પ્રભુની આગળ ધ્યાન કર્યું. શુક્લધ્યાન કરતા હસ્તિસેન રાજર્ષિને સર્વકર્મનો ક્ષય થવાથી પાંચમું કેવલજ્ઞાન ઉત્પન્ન થયું. તે વખતે ધ્યાનયુક્ત એવા તે ઘણા મુનીશ્વરોને સર્વકર્મની પરંપરાનો ક્ષય થવાથી પાંચમું કેવલજ્ઞાન ઉત્પન્ન થયું. અને ત્યાં આયુષ્યનો ક્ષય થવાથી ઘણા સાધુસહિત હસ્તિસેન રાજર્ષિ મુક્તિ પામ્યા ત્યારે દેવોએ મહોત્સવ કર્યો.

**પ્રતિમાના અસંખ્ય ઉધ્ધારનીકથા સંપૂર્ણ**

# શ્રી શત્રુંજયના ઉધ્ધારની કથા.

લલિત નામના નગરમાં ભીમસેન શ્રેષ્ઠીને પદ્મિની નામની પ્રિયા છે. તેણીએ કામદેવ સરખા ચંદ્રકુમાર નામના પુત્રને જન્મ આપ્યો. પુત્ર વૃધ્ધિ પામ્યો ત્યારે તે ઘરમાં લક્ષ્મી દિવસે દિવસે વધવા લાગી. તેથી શેઠ લક્ષ્મીવડે કુબેર સરખો થયો. એક વખત શેઠે લક્ષ્મીપુર નગરમાં સોમ ધનપતિની પુત્રી કમલા સાથે ( પુત્રનો ) સારા દિવસે વિવાહ મેળવ્યો. લગ્ન લઈને એક વખત ઘણા સજ્જન સહિત ભીમ રેશમી વસ્ત્રોવડે સુવર્ણમય શ્રેષ્ઠ એવાં ભૂષણોથી ભૂષિત – સુવર્ણ અને રત્નથી શોભતાં એવાં શિંગડાઓવડે – સાંકળથી આશ્રિત એવા ગળાવાલા – બળદોવડે ઘણા રથોને સુશોભિત કર્યા, શેઠ જ્યારે ચાલતો ચાલતો લક્ષ્મીપુર નગરના ઉધ્યાનમાં આવ્યો ત્યારે સોમે વિચાર્યું કે આ શેઠે બળદોને શણગાર્યા છે. તેથી હું પણ તેવી રીતે ગૌરવ કરું જેથી ગર્વને ધારણ કરતો ભીમ તે માર્ગમાં આવ્યો.

આ પ્રમાણે વિચારીને શ્રેષ્ઠ – રત્ન – રુપાને સુવર્ણના સૂંડલા ( ટોપલા ) ભરીને શેઠને બળદોને ખાવામાટે રમતમાત્રમાં મોકલ્યા. ત્યારે ભીમે કહ્યું. બળદો ઘાસ ખાય છે. સોનું – રત્ન આદિ વૈભવ મારા બળદોએ ક્યારે પણ ખાધો નથી સોમે કહ્યું કે તમારા બળદો સોનાવડે અને રત્નોવડે શણગારેલા છે. આથી તેઓ અમારો ( આ ) ચારો કંઇક ખાશે આથી મેં મણિ – સુવર્ણ ને રુપાથી ભરેલા સૂંડલા ( ટોપલા ) બળદોના ચારા માટે મોકલ્યા છે. હે ભીમ ! તે અવધારણ કરો. ( નક્કી કરો. ) ભીમે કહ્યું કે મેં શોભાને માટે આ બળદોને મણિ – સુવર્ણ – રત્નને

રુપામય આભૂષણો વડે શણગાર્યા છે . તે પછી સોમે કહ્યું કે મેં વિચાર્યું હતું કે – આ પરણવા માટે આવેલા વર જે કારણથી વાસ્તવિક આર્ય ( પૂજ્ય ) સારીરીતે જોવાય છે. તે પછી સુંદર ઉત્સવપૂર્વક તે બન્નેનો શ્રેષ્ઠ વિવાહ થયો.

સોમે ભીમના પુત્ર ચંદ્રને ઘણી લક્ષ્મી આપી.. પુત્રને પરણાવીને ચાલતો ભીમ પદ્મપુર નજીક આવીને સજ્જનો સહિત ભોજન કરવા માટે ઊભો રહ્યો. તે વખતે તે ઉદ્યાનમાં વર અને કન્યા શ્રી ઋષભદેવપ્રભુના મંદિરમાં શ્રી ઋષભદેવપ્રભુને નમન કરવા માટે સારા ઉત્સવ પૂર્વક ગયા. શ્રી ઋષભદેવને પ્રણામ કરી સ્તુતિ કરી જેટલામાં ઊભા રહ્યા તેટલામાં તે બન્ને વર કન્યાને મૂર્ચ્છા આવી સ્વજનોએ પવન વગેરે નાંખી સજ્જ કર્યાં. પ્રાપ્ત થયું છે જાતિસ્મરણ જેને એવાં તે બન્નેએ પોતાનો પૂર્વભવ જોયો. તે પછી માતા – પિતાએ વર અને કન્યાને બોલાવ્યાં. તે બંને બોલતાં નથી. દૃઢ મૌન ધારણ કરીને તે બન્ને ઊભાં રહ્યાં. તે વખતે હર્ષના સ્થાને વિષાદ થવાથી તે બન્નેને સાજા કરવા માટે ભીમ વણિકે મંત્ર – તંત્ર – ઔષધ આદિ કર્યાં. તે વખતે ત્યાં શુભંકર નામે જ્ઞાની આવ્યા. તેમને વંદન કરી દેશના સાંભળી, તેમને ( જ્ઞાનીને ) શેઠે આ પ્રમાણે પૂછ્યું આ વર કન્યાએ શા માટે મૌન કર્યું છે ? જ્ઞાનીએ કહ્યું કે આ નગરમાં ધન નામે શેઠ હતો. તેની રમાદેવી નામની પત્નીએ પુત્ર અને પુત્રીને જન્મ આપ્યો. જન્મોત્સવ કર્યો ત્યારે વૃધ્ધિ પામતાં તે અનુક્રમે યૌવન પામ્યા. આ બાજુ અકસ્માત રોગ ઉત્પન્ન થવાથી આરાધના કરી તે પુત્ર – પુત્રી અનુક્રમે શુભભાવથી મૃત્યુ પામ્યાં.

ધન શેઠનો પુત્ર મરીને ભીમનો પુત્ર થયો. અને પુત્રી મરીને સોમ શેઠની પુત્રી થઇ. પતિ – પત્નીના ભાવને આશ્રય કરેલાં આ બન્નેએ પૂર્વભવનાં ભાઇ બહેનના ભાવને જાણીને તે બન્નેએ નિશ્ચે મૌન કર્યું છે. તે પછી શેઠે કહ્યું કે હે જ્ઞાની ! જેવી રીતે આ બન્ને બોલે તેમ તમારાવડે કરાય ! તે પછી જ્ઞાનીએ કહ્યું કે બોલતાં કરાયેલાં આ બન્ને નિશ્ચે સંયમ લેશે. શેઠે કહ્યું કે તમારાવડે જલદી આ બન્ને બોલતાં કરાય. તે પછી જ્ઞાનીએ કહ્યું કે તમે બન્ને મૌન છોડીને તમારાં માતા – પિતાની આગળ હમણાં પોત પોતાનાં મનોરથ કહો. તે પછી તે બંનેએ મૌન છોડીને પ્રગટ અક્ષરપૂર્વક બોલ્યાં કે પૂર્વભવમાં અમારાં બંનેનો ભાઇ – બહેનનો ભાવ હતો. આ ભવમાં હમણાં પતિ – પત્નીનો ભાવ થયો છે. આથી અમારે હમણાં જલદી સંયમ ગ્રહણ કરવા યોગ્ય છે. તે પછી બન્ને જ્ઞાનીની પાસે સંયમ લઇને સ્વર્ગ અને મોક્ષના સુખને આપનારું તીવ્ર તપ કરવા લાગ્યાં. તે વખતે તે પાપરહિત સંયમનું પાલન કરતી સરળ આશયવાલી તે કમલા સાધ્વીએ મનુષ્યભવ બાંધ્યો. તે પછી મરીને પત્ની સહિત ચંદ્ર અચ્યુત દેવલોકમાં ગયો અને દિવ્યદેહની કાંતિને ધારણ કરનારા દેવ ( તરીકે ) ઉત્પન્ન થયો.

ત્યાંથી ચ્યવીને રમાપુરી નગરીમાં મુકુંદ નામના રાજાના પદ્મ અને ચંદન નામના મનોહર પુત્રો થયા. ( પુત્રોએ) રાજ્ય પામીને અનુક્રમે શ્રી શત્રુંજયગિરિ ઉપર અત્યંત વિસ્તારથી શ્રેષ્ઠ જિનમંદિર હર્ષવડે કરાવ્યું. એક વખત ચંદ્રસૂરિ પાસે સર્વજ્ઞ ભગવંતે કહેલા ધર્મને સાંભળીને દીક્ષા લઇને બન્ને રાજપુત્રોએ તીવ્ર તપ કર્યું તપમાં પરાયણ તે બન્ને પૃથ્વીતલઉપર વિહાર કરતા શ્રી શત્રુંજય ઉપર ગયા ને જિનેશ્વરે કહેલા ધ્યાનને કરવા લાગ્યા, ત્યાં પોતાનાં કર્મોનો ક્ષય કરી કેવલજ્ઞાન પામી આયુષ્યના ક્ષયે તે બન્ને મોક્ષ નગરીમાં ગયા.

## શ્રી શત્રુંજયના ઉદ્ધારની કથા સંપૂર્ણ

# શ્રી શત્રુંજય સંબંધી દ્વિપ્રહર રામબ્રાહ્મણની કથા

જે મનુષ્ય શ્રી શત્રુંજય ઉપર યાત્રા કરતાં જિનેશ્વરોની પૂજા કરે છે. તે રામ બ્રાહ્મણની માફક મોક્ષને પામે છે તે આ પ્રમાણે : – ભાગ્યવડે પગલે પગલે સર્વ સંપત્તિઓ દ્વિપ્રહર બ્રાહ્મણની જેમ મનુષ્યોને થાય છે.

અવંતિનગરીમાં હરિ નામના બ્રાહ્મણને હરિસુંદરી નામે સ્રી હતી તે બ્રાહ્મણ લક્ષ્મી વિના ઘણો દુઃખી હતો. નગરીની અંદર ભમી ભમીને થોડું ધન મેળવીને હંમેશાં વૈભવ વિના કષ્ટવડે જીવન નિર્વાહ કરતો હતો. અનુક્રમે તેને સાત પુત્રીઓ થઇ. ઘરમાં લક્ષ્મી નથી. આથી તેનું કુટુંબ – ભૂખવડે પીડા પામે છે. કહ્યું છે કે : –

**कुग्रामवासो कुनरेन्द्रसेवा - कुभोजनं क्रोधमुखी च भार्या।**
**कन्या बहुत्वं च दरिद्रता च - षट् जीवलोके नरका भवन्ति॥**

ખરાબ ગામમાં વસવાટ કરવો, ખરાબ રાજાની સેવા કરવી, ખરાબ ભોજન ખાવું. ક્રોધ મુખવાલી ( ક્રોધી) સ્રી. ઘણી કન્યાઓપણું ( થવી ) અને દરિદ્રતા એ છ જીવલોકમાં નરક છે. આ પ્રમાણે કાલ પસાર થતાં જ્યારે તેને પુત્ર થયો ત્યારે તે પુત્રના ભાગ્યથી દિવસના મધ્યભાગમાં દ્રમ્મનો લાભ થયો અને તે પુત્રનો સજજનોની સાક્ષીએ જન્મોત્સવ કરી તે વખતે પિતાએ તેનું દ્વિપ્રહરક નામ આપ્યું. અનુક્રમે તે યૌવન પામ્યો, અને તેણે માતા– પિતાની આગળ કહ્યું કે હું દ્રવ્યને માટે પરદેશમાં જઇશ. મને રજા આપો. કહ્યું છે કે : –

**दीसइ विविहचरियं - जाणिज्जइ सुजणदुज्जणविसेसो।**
**अप्पाणं च किलिज्जइ - हिंडिज्जइ तेण पुहवीए॥**

જુદાં જુદાં ચારિત્રો જોવાય – સજજન અને દુર્જનનો તફાવત જણાય. પોતાને ક્રીડા – આનંદ થાય. તેથી પૃથ્વીમાં ભ્રમણ કરવું જોઇએ. આ પ્રમાણે કહી માતા – પિતાનાં ચરણોને નમીને દેશાન્તરમાં જતાં રામે ( દ્વિપ્રહરકે ) કોઇક માણસને પૂછ્યું કે – લક્ષ્મી ક્યાં પ્રાપ્ત થાય છે ? તે બોલ. મનુષ્યે કહ્યું કે રોહણગિરિમાં અને સમુદ્રમાં ઘણાં રત્નો છે. જેનું ભાગ્ય હોય તેને તે ( રત્નો ) નિશ્ચે આપે છે. તે પછી તે સમુદ્ર કિનારે જઇને બોલ્યા કે હે સમુદ્ર ! તું રત્નોની ખાણ છે. તેથી તું મને રત્નો આપ. જો તું નહિ આપે તો હું તારી ઉપર પોતાની હત્યા કરીશ. હે સમુદ્ર ! તારું મહત્વ ચાલી જશે તેમાં સંશય નથી. ઘણા ઉપવાસ થયા ત્યારે તે સમુદ્રદેવે કહ્યું કે તેં સાહસ કર્યું છે. હું તારા પર પ્રસન્ન થયો છું. કહ્યું છે કે : –

**साहसियाण लच्छी - हवइ न हु कायराण पुरिसाइं (ण)**
**कन्नह कुण्डल रयणमय - अंजणं होइ नयनाइं ।।**

સાહસિકને લક્ષ્મી થાય છે. કાયર પુરુષોને લક્ષ્મી થતી નથી. કાનને રત્નમય કુંડલ થાય છે. નેત્રોને અંજન થાય છે. તું મને રત્ન આપ એ પ્રમાણે બ્રાહ્મણે કહ્યું ત્યારે સમુદ્રે પાંચ રત્નો આપી આ પ્રમાણે કહ્યું. હે બ્રાહ્મણ ! તારી પાસે રત્નો કષ્ટપૂર્વક રહેશે. બ્રાહ્મણે કહ્યું કે હે સમુદ્ર ! મારી પાસે રત્નો કઇ રીતે રહેશે ? સમુદ્રે કહ્યું કે ડાબા ને જમણા બે માર્ગ છે. ડાબા માર્ગે અટવીની અંદર ભિલ્લો છે. તેઓ મુસાફર પાસેથી સૈન્ય આદિવડે સર્વધન લૂંટે છે. ને ત્યાં કાગડાઓ જતાં એવા શ્રીમંત ને જણાવે છે. હું જમણે માર્ગે જઇશ એ પ્રમાણે કહીને ભયભીત એવો બ્રાહ્મણ સાથળ ચીરીને ગુપ્તપણે રત્નો નાંખ્યાં. ત્યાંથી ચાલતો મોહ પામેલો બ્રાહ્મણ ડાબા માર્ગે ગયો ત્યારે તેના મસ્તકની ઉપર કાગડાઓ કોલાહલ કરવા લાગ્યા. રામે વિચાર્યું કે હમણાં મારું અત્યંત દુર્ભાગ્ય છે. કારણકે સમુદ્રદેવે નિષિધ્ધ કરેલા માર્ગમાં હું આવ્યો . કહ્યું છે કે : -

**अघटितघटितानि घटयति - सुघटितघटितानि जर्जरीकुरूते ।**
**विधिरेव तानि घटयति - यानि पुमान् नैव चिन्तयति ।।**

વિધાતા ન ઘટી શકે એવાની ઘટના કરે છે. સારી રીતે ઘટી શકે એવાને જીર્ણ કરે છે. વિધાતા નિશ્ચે તે ઘટનાઓ કરે છે કે જેઓને પુરુષ ચિંતવતો જ નથી. આ પ્રમાણે તે વિચારતો હતો ત્યારે પલ્લીપતિના સેવકો તેને બલાત્કારે પકડીને જલદી પલ્લીપતિની પાસે લઇ ગયા. પલ્લીપતિએ કહ્યું કે હે જમાઇ ! તમે હમણાં ક્યાંથી આવ્યા છો ? સાહસી એવા તેણે કહ્યું કે હું નિશ્ચે સમુદ્રના કિનારેથી આવ્યો છું. પલ્લીપતિ એ કહ્યું કે તમારા આગમનથી મારું ઘર પવિત્ર થયું. તું અહીં સુખપૂર્વક રહે. હું ભોજનને વસ્ત્ર આપીશ. મારી એક સુંદર પુત્રી છે, તેને તું હમણાં પરણ, તે પછી પલ્લિપતિએ કપટથી તેને પુત્રી આપી. તે પછી અંગને વિષે અંગમર્દક પાસે મર્દન કરાવીને પલ્લિપતિએ તે વખતે તેની પાસે પાંચ રત્નો જાણ્યાં. તે પછી પુત્રીપાસે શ્રેષ્ઠ ભોજન અપાવીને પલ્લિપતિ - તેને હણીને પાંચ રત્નો લેવા માટે ઇચ્છે છે. તે પછી પલ્લિપતિની પુત્રીએ પોતાના પતિને જમાડતી એવી તેણીએ વચ્ચે રત્નની પ્રાપ્તિ માટે ગુપ્તપણે ઊંઘ આવે એવી મદિરા આપી. પલ્લિપતિની પુત્રીએ શ્રેષ્ઠ પલંગમાં સુવરાવેલા અને સૂઇ ગયેલા તેના બે હાથ અને પગને ગુપ્તપણે પલંગના પાયામાં ચોક્કસ બાંધ્યા. ધણીને હણવા માટે અધમ પ્રિયા જેટલામાં ગળામાં ફાંસો આપે છે. તેટલામાં ઊભા થઇને રામે મધુરવાણીવડે પ્રિયાને કહ્યું. કહ્યું છે કે : - મધુર - નિપુણ - થોડું - કાર્યને પામેલું - ગર્વ વગરનું - તુચ્છ ન હોય એવું - પહેલાં બુધ્ધિથી સંકલિત કરેલું જે ધર્મયુક્ત ( છે તેને ) કહે છે. હે પ્રિયા ! પ્રાણવલ્લભ પતિ એવા મને તું કેમ હણે છે ? સ્ત્રી પતિની હત્યાથી નરકમાં પડનાર થાય છે. એમાં સંશય નથી. કહયું છે કે જે સ્ત્રી પોતાના પતિને હણે છે. પોતાનું શીલ હણે છે તે તિર્યંચગતિ અથવા નરકગતિમાં ઉત્પન્ન થાય છે. તેમાં સંશય નથી.

પતિના આદેશમાં સંશય કરતી સ્ત્રી, સ્વામીના આદેશમાં સંશય કરનારો સેવક, ગુરુના આદેશમાં સંશય કરનારો

શિષ્ય અને પિતાના આદેશમાં સંશય કરનારો પુત્ર – પોતાના વ્રતનું ખંડન કરે છે. હે નારી ! તું મને પરણી છે. તારી સાથે મેં ખાધું છે. આથી પોતાના હિતને ઈચ્છનારી તારે પતિને મારવો ન જોઈએ.

અહીં કથા કહી : – પહેલાં શિકાર કરવા જંગલમાં ગયેલો કનક નામે રાજા દૃષ્ટિ માર્ગમાં આવેલા પશુઓને હણે છે. હરણિયાં વગેરે ઘણાં તિર્યંચો રાજાવડે હણાયાં ત્યારે હરણિયાના સમૂહે રાજાની આગળ આવીને કહ્યું કે દુર્બલ – અનાથ – બાલ – વૃધ્ધ અને તપસ્વી તેમજ અન્યાયથી પરાભવ પામેલા તે દરેકનો ગુરુ રાજા છે. વનમાં વાયુ – પાણી અને ઘાસને ખાનારા એવા નિરપરાધી પશુઓને હણનાર – માંસનો અર્થી કૂતરા કરતાં કઈ રીતે ચઢિયાતો છે ?

આ પ્રમાણે તું હંમેશાં મૃગોને મારશે તો અનુક્રમે સર્વે મૃગો ખલાસ થશે. અને તે પછી તારું ભોજન પણ નાશ પામશે. અને પછી તારા હાથમાં તો જીવહિંસાવડે કરાયેલું પાપ જ આવશે, અને તેનાથી દુ:ખને આપનાર દુષ્ટ દુર્ગતિ થશે. કહ્યું છે કે : – પુરુષો બંધુઓ નિમિત્તે અને શરીર નિમિત્તે પાપ કરે છે. પરંતુ તેનું સર્વ વેદન ભોગવવાનું નારક આદિ ગતિમાં તે એકલો જ ભોગવે છે. યત્નવડે પાપોને આચરે છે. પ્રસંગે પણ ધર્મ આચરતો નથી. મનુષ્ય લોકમાં એક આશ્ચર્ય છે કે તેઓ દૂધને છોડીને ઝેર પીએ છે. દરેક દિવસે એક મૃગ ભોજન માટે હંમેશાં તમારે ગ્રહણ કરવો. તમને એક મૃગ અમારાવડે હંમેશાં પ્રાપ્ત કરાવાશે. ( મોકલાવાશે )

રાજાએ કબૂલ કર્યું ત્યારે બધાં મૃગલાંઓ સ્વસ્થ ચિત્તવાલા થયાં. અને અનુક્રમે એક મૃગને વધસ્થાને મોકલે છે. કહ્યું છે કે કુલને માટે એકનો ત્યાગ કરવો જોઈએ. ગામને માટે કુલનો ત્યાગ કરવો જોઈએ, દેશને માટે ગામનો ત્યાગ કરવો જોઈએ, અને આત્માને માટે પૃથ્વીનો ત્યાગ કરવો જોઈએ રાજાને હંમેશાં એક મૃગ આપતે છતે જ્યારે પોતાનો વારો આવ્યો ત્યારે જતાં એવા લંગડા મૃગે મૃગીને કહ્યું. ઘણા કાલ સુધી આપણે બન્ને હે પ્રિયા ! એક ઠેકાણે ખાધું, તે તું ક્ષમા કર. હું રાજાના ભોજન માટે જઈશ. કહ્યું છે કે જેને જેની સાથે પહેલાં જન્મને વિષે સાચું પ્રેમ બંધન થયું છે તે પુરુષનું ચિત્ત તેના મુખરુપી ઘરના જોવાવડે ને હાસ્યવડે ઉલ્લાસ પામે છે.

તે પછી મૃગીએ કહ્યું કે વધભૂમિમાં હું તારી સાથે મરવા માટે આવીશ. નિશ્ચે મારું જીવિત તારી સાથે છે. તું અહીં ઊભી રહે, હું જઈશ. એમ હરણીને હરણે કહે છતે હરિણી બોલી હે સ્વામી ! તમે એક કથા સાંભળો . એક વખત વનમાં અલ્પજલવાલા સરોવરમાં મૃગીસાથે તરસવડે સુકાઈ ગયું હતું ગળું જેનું એવા હરણે આવીને હરણીને કહ્યું તૃષાવડે તારા પ્રાણ જાય છે. આથી તું પાણી પી. મૃગીએ કહ્યું કે તમારા પ્રાણો જશે માટે હે પ્રિય ! તું પહેલા પાણી પી. આ સરોવરમાં પાણી થોડું છે. તૃષા ઘણી છે. આથી હું પાણી પીતી નથી. હે સ્વામી ! હમણાં તમે જ પીઓ એ પ્રમાણે સ્નેહથી બંધાયેલાં તે બન્ને મૃગને મૃગી જ્યારે પાણી પીધા વિના મરણ પામ્યાં. ત્યારે પાર્વતી ને શંકર આવ્યાં. મૃગ અને મૃગીને મરેલાં જોઈને પાર્વતીએ ઈશ્વરને કહ્યું કે હે પતિ ! ઘાત વિના આ બન્ને કેમ મૃત્યુ પામ્યાં ? તે કહો.

**वने न देखिओ पारधि – अंगे न देखिआ बाण.**
**हुं तइं पुछउं इश्वर ! किणिगुणिगिया पराण ॥**

વનમાં પારધી દેખાતો નથી. અને અંગમાં બાણ દેખાતું નથી. માટે હે ઈશ્વર ! હું તમને પૂછું છું કે આનાં પ્રાણ કેવી રીતે ગયા ?

ઈશ્વરે કહ્યું કે : –

*जल थोडुं नेहु घणो, कीधी ताणाताणी;*
*ईसर भणइं पारवती, इणि गुणि गिया पराण.*

પાણી થોડું છે અને સ્નેહ ઘણો છે. તે બન્નેએ ખેંચતાણ કરી. ઈશ્વર કહે છે કે હે પાર્વતી ! તે કારણે તેનાં પ્રાણો ગયા. આ પ્રમાણે કથન કહીને વારવા છતાં પણ મૃગી તે વખતે પતિની સાથે દીનતા રહિત મનવાલી તે વધસ્થાને ગઈ – રાજાની આગળ હરિણીએ કહ્યું કે પતિની પહેલાં મને જલદી મારો, મૃગે કહ્યું કે પ્રિયાની પહેલાં મને યમમંદિરમાં મોકલો. મને પ્રિયાનો સ્નેહ અત્યંત છે. કહ્યું છે કે : –

**भट्टेडी गोरेडी - तक्खणि दुन्नि कयाइं ।**
**नीसासे सर सोसिउं - रोयंती भरियाई ।।**

ધણી અને સ્ત્રી બંને તે જ વખતે એવાં કરાયાં કે નિસાસાથી સરોવરને સૂકવી દઈને રોતાં રોતાં ( સરોવરને ) ભરી દીધાં. આ સાંભળીને રાજાએ કહ્યું કે તમે બન્ને પોતાના ઘેર જાવ. હવે પછી મારે કોઈ હરણને કોઈ ઠેકાણે મારવો નહિ. તમે બન્ને ઈચ્છા મુજબ પાણી પીઓ અને હંમેશાં ઈચ્છા મુજબ ઘાસ ખાઓ. હું લોકસહિત કોઈ પણ ઠેકાણે કોઈ પણ મૃગને કે મૃગીને મારીશ નહિ. હરિણીની જેમ તારાવડે હું સ્વામીભાવ ને દૃઢપણે પમાડાયો છું. હમણાં તું પ્રાણવલ્લભ પતિ એવા મને કેમ મારે છે ?

કહ્યું છે કે પતિ મરી જાય ત્યારે કોઈ ઠેકાણે જે સ્ત્રી વૈધવ્યનું પાલન કરે છે. તે ફરીથી પતિને મેળવીને સ્વર્ગના ભોગો ભોગવે છે. આ પ્રમાણે તેનું વચન સાંભળીને તેણીને ઘણો સ્નેહ થયો અને કહ્યું કે મૃત્યુના ભયથી તમારે અહીં રહેવું ઉચિત્ત નથી. મારો પિતા દુષ્ટ છે. તેથી કરીને દૂર જવું જોઈએ. તે પછી રામે કહ્યું કે પત્ની અનુરાગી થાય છે તે શ્રેષ્ઠ છે. કહ્યું છે કે :–

**रक्ता हरन्ति सर्वस्वं - प्राणानपि विरागत: ।**
**अहो रागविरागाभ्यां - कष्टं कष्टेन योषित: ।।१।।**

રાગવાલી સ્ત્રી સર્વધનને હરણ કરે છે અને વિરાગથી તે પ્રાણોને પણ હરણ કરે છે. આશ્ચર્ય છે કે સ્ત્રીઓ રાગ અને વિરાગવડે અત્યંત કષ્ટકારી છે. ધણી સૂઈ ગયો ત્યારે માતાએ આવીને કહ્યું કે શું પતિને માર્યો ? પુત્રીએ

કહ્યું કે તેને ઊંઘ આવતી નથી કેમ મરાય ? તે પછી કન્યાવડે પુછાયે છતે રામે પત્નીની આગળ પોતાના – ગામ – પિતા વગેરેને ત્યાં આવવા સુધીની વાતો કહી. તે પછી શ્રેષ્ઠ રત્નોવડે ગુણ ભરીને સાંજે પ્રિયાએ કહ્યું કે મારા પિતાના ઘરમાં એક વેગવાલી ઊંટડી છે. તેની ઉપર ચઢીને જલદી દૂર જઈને આ મણિઓવડે સુખપૂર્વક રહીશું. આથી તે વખતે રામે પત્નીનું વચન પ્રગટપણે કબૂલ કર્યું ઊંટડી પર ચઢીને રામ પત્ની સહિત માર્ગમાં ચાલતાં જ્યારે મોટી અટવીમાં ગયો. ત્યારે બન્નેને તરસ લાગી. ઊંટડી પરથી ઊતરીને રામ પાણી પીવામાટે વાવની અંદર પેઠો, ત્યારે વૃક્ષ ઉપરથી ચોર ઊતર્યો, ઊંટડી પર ચઢીને તે સ્ત્રી સાથે ચાલતો માર્ગમાં પુછાયો કે તું કોણ છે ? તે વખતે તે બોલ્યો કે દેખતાં છતાં જોતાં જોતાંને હરણ કરનાર એવો હું ચોર છું.

જો તું મારી પ્રિયા થશે તો સુખી થશે. પોતાના શીલનું રક્ષણ કરવા માટે તેણીએ તેની આગળ કહ્યું કે પહેલો પતિ ગયો અને જેથી તું આવ્યો. મેં ઉજ્જયિની નગરીમાં કાલિકાદેવીની આગળ માનતા કરી હતી કે જો મારે બીજો શ્રેષ્ઠ પતિ થશે. તો તારી પૂજા વિના પતિની સાથે ભોગ કરીશ નહિ. તે પછી ઉજ્જયિની નગરીમાં જઈને રામના પિતાનું ઘર પૂછીને તેના ઘરમાં જઈને ઊંટડી ઉપરથી ઊતરીને આવી. સાસુ અને સસરાનાં ચરણોમાં નમીને જેટલામાં આગળ ઊભી રહી તેટલામાં તે બન્નેએ જણાવ્યું ( પૂછ્યું ) તું કોની સ્ત્રી છે ? તે કહે ! તેણીએ કહ્યું કે તમારા પુત્રની રમા નામની હું સ્ત્રી છું. તે બન્નેએ કહ્યું કે હે સજ્જન સ્ત્રી ! તું મારા પુત્રની પત્ની કેવી રીતે છે? તે પછી તેણીએ રામ સાથે થયેલો વિવાહ સંબંધ જ્યારે કહયો ત્યારે તે બન્ને અનુક્રમે હર્ષ ને ખેદ પામ્યાં.

તે બન્નેએ કહ્યું કે અમને બન્નેને પુત્ર કેવી રીતે મળશે ? તે કહે. તેણીએ કહ્યું કે તમારો પુત્ર રામ કુશલ એવો આવશે. તે પછી તે બન્નેવડે કાઢી મુકાયેલો ચોર જલદી વનમાં જઈને યોગી થઈને હેમપુર નગરમાં કુંભારના ઘરે ગયો. આ બાજુ રામ પણ રત્નોનાં ચાલ્યા જવાથી ભયવાલો યોગીના વેશને ધારણ કરનારો પહેલાં કુંભારનાઘરમાં આવીને સમાધિવડે રહ્યો. પરસ્પર આદેશ આદેશ એ પ્રમાણે કહીને નમસ્કાર પૂર્વક તે વખતે બન્ને બેઠા અને પોતપોતાનો વૃત્તાંત બોલવા લાગ્યા. પહેલાં આવેલા યોગીએ કહ્યું કે તું કોણ છે ? અહીં કેમ આવ્યો છે ? અને તું ક્યા વૈરાગ્યથી યોગી થયો છે ? તે હમણાં કહે. બીજા યોગીએ કહ્યું કે હું ચોર કન્યા સહિત શ્રેષ્ઠ ઊંટડી લઈને અવંતિમાં ગયો. તેથી હું અત્યંત હર્ષિત ચિત્તવાલો થયો. તેટલામાં શ્રેષ્ઠ બ્રાહ્મણના ઘરમાં મધ્યમાં જઈને બળાત્કારે અને છલથી રત્નની ગુણયુક્ત ઊંટડી બ્રાહ્મણે ગ્રહણ કરાવી. આથી હું લોકમાં તિરસ્કાર કરાયેલો સર્વ ધનને તે વખતે છોડી દઈને અત્યંત દુઃખી થયેલો હમણાં અહીં આવ્યો, અને તને મલ્યો.

પોતાની સ્ત્રીને સતી જાણીને યોગીને ચોર જાણીને પોતાના ચિત્તમાં હર્ષ પામ્યો. ચક્રવાક પક્ષી જેમ પોતાની ચક્રવાકી પત્નીને જોઈને હર્ષ પામે તેમ. ચોર યોગીએ કહ્યું કે તું કોણ છે ? તે પછી રામે કહ્યું કે કુસુમપુરમાં અમે પાંચ ભાઈઓ હતા, ચાર ભાઈઓવડે તિરસ્કાર કરાયેલો વિરાગવાળો હું યોગી થયો. તે ચોર યોગીએ સાચું માન્યું રામવડે વિચારાયું કે જે સારું અથવા ખોટું વિચારાય છે, તેને તે સારું અથવા ખોટું થાય છે. તે પછી બીજે ઠેકાણે જઈને યોગીનો વેષ છોડીને તે રામે ત્રણ લાખ સોનામહોરવડે શહેરમાં એક મણિ વેચ્યો કહ્યું છે કે : –

**राज्यं सुसम्पदो भोगा:, कुले जन्मसुरूपता।**
**पाण्डित्यमायुरारोग्यं, धर्म्मस्यैतत्फलं विदु: ।।**

રાજ્ય – ઉત્તમ સંપત્તિ – ભોગો – ઉત્તમ કુલમાં જન્મ – સુંદરરૂપ – પંડિતપણું આયુષ્ય અને આરોગ્ય એ ધર્મનું ફલ જાણવું. સારાં વસ્ત્રો ગ્રહણ કરી પહેરી સારે દિવસે શેઠ થઇને ઘણાં કરિયાણાંનો સમૂહ લીધો અને અનેક પોઠિયા લઇને ઘણી વસ્તુઓવડે ભર્યા. જાતિવાન અશ્વોને લીધા ને ઘણાં ગાડાંઓ લીધાં. પછી રામે ઘણા શ્રેષ્ઠ સેવકો કર્યા. તે પછી સાર્થપતિ થઇને તે વેપાર કરવા લાગ્યો. તે પછી રામ ચાલતાં ચાલતાં ઉજજયિની નગરી પાસે જઇને જેટલામાં ઊભો તેટલામાં લોક (સમુદાય ) વસ્તુઓ લેવા માટે આવ્યો. પછી પિતાને અને માતાને પોતાનું આગમન જણાવીને રામ મલ્યો, અને પોતે ઉપાર્જન કરેલી લક્ષ્મી આદિની પ્રાપ્તિ પ્રગટપણે કહી. પુત્રની વિભૂતિ જોઇને હર્ષિત થયેલાં માતા – પિતા વગેરેએ જિનપૂજનપૂર્વક મહોત્સવ કર્યો. તે પછી પુત્રવધૂ – સસરાથી માંડીને પતિની હંમેશાં ભક્તિ કરતી વિનય કરતી હતી. અને આદરપૂર્વક ધર્મકાર્ય કરતી હતી. બે પહોરનો વખત થાય ત્યારે રામ યાચકોને ભોજન – દ્રવ્ય ને વસ્ત્ર આપવાથી પુણ્યના ઉદયથી પોતાનું નામ સાચું કરતો હતો.

શરૂઆતમાં રામ દુ:ખી હતો, અને અનુક્રમે ધનવાન થયો આથી પુણ્યના ઉદયમાં લક્ષ્મી થાય છે. ને પાપના ઉદયમાં ( અલક્ષ્મી ) દરિદ્રતા થાય છે કહયું છે કે : –

**आपद: सन्ति महतां, महतामेव सम्पद: ।**
**इतराणां मनुष्याणां, नाऽऽपदो नैव सम्पद: ।।१।।**
**स्वोत्कर्षप्रकाशाय, भवन्ति विपद: सताम्।**
**जायते गुणयोगाय, वज्रवेधंमणेरिव ।।२।।**
**चंदस्स खओ - नहि तारयाणं, इड्ढीवि तस्स न हु तारयाणं।**
**गुरूयाण चडणपडणं, इयरजणा निच्च पडियावि ।।१।।**

મોટા પુરુષોને જ આપત્તિ હોય છે, તે મોટા પુરુષોને જ સંપત્તિ થાય છે. ઇત્તર મનુષ્યોને આપત્તિ નથી તેમ સંપત્તિ નથી. ॥ પોતાનો ઉત્કર્ષ દેખાડવા માટે સત્પુરુષોને વિપત્તિઓ થાય છે. અને મણિના વજ્રવેધની જેમ – ગુણના યોગ માટે થાય છે.

ચંદ્રનો ક્ષય થાય છે પણ તારાઓનો નહિ. ઋધ્ધિ પણ તે ચંદ્રની થાય છે. તારાને નહિ. મોટાઓને ચડવું –પડવું થાય છે. બીજા માણસો તો હંમેશાં પડેલા છે. એક વખત માતા –પિતા સહિત શ્રી ગુરુ પાસે જઇને જિનેશ્વરે કહેલો ધર્મ આદરપૂર્વક આ પ્રમાણે સાંભલ્યો.

पूजा जिणिंदे सुरूईवएसु - जत्तोअ सामाईअ पोसहेसु ।
दाणं सुपत्ते सवणं सुतित्थे, सुसाहुसेवा सिवलोयमग्गो ।।१।।
जिणाणं पूयजत्ताए, साहूणं पज्जुवासणे ।
आवस्सयम्मि सज्झाए, उज्जमेह दिने दिने ।।२।।
धर्म्म सम्बलतः स्वर्गः, श्वभ्रं पापफलाद् भवेत् ।
सुखं दुःखं, विदित्वा च, यदिष्टं तत् समाचरेत् ।।३।।
धर्मात् सम्बलतो नृदेवखचरव्यालेन्द्रसौख्यं भवे-
दत्रामुत्रच चन्द्रनिर्मलयशः पूजादिकं प्रत्यहम् ।
पापेनैव च दुःखदुर्गतिभवं, श्वभ्रादिकं दुस्सहं,
निन्दाकीर्तिगणं तदेव कुरूतां भ्रातर्यदिष्टं तव ।।४।।

જિનેશ્વરને વિષે પૂજા – વ્રતોને વિષે ઉત્તમ રુચિ – સામાયિક અને પૌષધમાં યત્ન – સુપાત્રમાંદાન – ઉત્તમતીર્થમાં શ્રવણ, સુસાધુઓની સેવા એ ( કાર્યો ) મોક્ષલોકનો માર્ગ છે. જિનેશ્વરની પૂજા અને યાત્રામાં – સાધુની સેવામાં આવશ્યકમાંને સ્વાધ્યાયમાં દિવસે દિવસે ઉધ્ધમ કરવો જોઈએ. ધર્મરૂપી ભાથાથી સ્વર્ગ અને પાપના ફલથી નરક થાય. સુખ કે દુઃખ જાણીને જે ઇષ્ટ હોય તે આચરવું જોઈએ. ધર્મરૂપી ભાથાથી – રાજા – દેવેન્દ્ર – વિદ્યાધરેન્દ્ર ને નાગેન્દ્રનું સુખ થાય. અને પરલોકમાં ચંદ્ર સરખો નિર્મલ યશ – ને પૂજા વગેરે હંમેશાં થાય અને પાપ વડે નિશ્ચે દુઃખ અને દુર્ગતિમાં ઉત્પન્ન થયેલ નરકાદિ દુસ્સહ ( દુઃખ ) થાય. નિંદા અને અપકીર્તિનો સમૂહ થાય. હે ભાઇ ! તને જે ઇષ્ટ હોય તે કર..આ પ્રમાણે ધર્મ સાંભળી રામે પૂછ્યું કે હે ભગવંત ! મેં શું સુકૃત કર્યું હતું ? તેથી શરુઆતમાં દુઃખ અને પછી સુખ થયું. ગુરુએ કહ્યું કે –

કલ્યાણપુરમાં દુઃખી એવો ભીમનામે વણિક હતો. તે સ્ત્રી સહિત દુઃખથી પોતાનું પેટ ભરતો હતો. રોહણ ગિરિમાં મનુષ્યો રત્નોનો રાશિ મેળવે છે એ પ્રમાણે સાંભળીને રત્નો મેળવવાની ઇચ્છાથી તે ત્યાં ગયો. જ્યાં જ્યાં રત્નો લેવા માટે તે પૃથ્વીતલને ખોદે છે ત્યાં ત્યાં પાપના ઉદયથી પથ્થરના ટુકડા નીકળે છે. તે પછી પૃથ્વીતલ ઉપર ભ્રમણ કરતાં વીસ દ્રમ્મ ઉપાર્જન કરીને તે વણિકે ભાથા માટે સાથવો લીધો. બધા સાથવાને ભીનો કરીને તેણે તેના દશ પિંડ કર્યા. તે વખતે ભિક્ષા માટે બે સાધુઓ આવ્યા. તે વણિકે ઊભા થઈને સાથવાના પાંચ પિંડ હર્ષના સમૂહથી ભરાયેલા એવા તેણે આપ્યા. તે પછી બાકીના સાથવાઓને ખાઈને અનુક્રમે ચાલતાં કોઇકની પાસે દ્રવ્ય જોઇને તેને મારવાની ઇચ્છાવાલો થયો. ક્ષણવાર પછી વણિક વિચારવા લાગ્યા કે મેં ફોગટ પૈસાદારને મારવાની ઇચ્છા કરી. આથી દુષ્ટ મનવાલા મને ધિક્કાર હો. તે પછી ઘરે જઇને તે વણિક આંબા – જાંબુ ને જંબીર વગેરે મુખ્ય ફલોવડે આજીવિકા કરતો હતો. એક વખત તે વણિકે અગણિત આંબાનાં ફળ ( કેરી ) પ્રભુની આગળ ભેટ કરીને તેમની આગળ અનુમોદના કરવા લાગ્યો. અનુક્રમે આયુષ્યના ક્ષયે ભીમ મરીને તું રામ થયો. પૂર્વભવમાં સાધુને સાથવાના પાંચ પિંડ આપ્યા હતા. તેમજ એક વખત આંબાનાં ફલને ( કેરીને ) ગણ્યા વિના તેં પૂર્વભવમાં પ્રભુની આગળ ભેટ કર્યાં હતાં. તે પુણ્યથી શરુઆતમાં

તારા હાથમાં પાંચ રત્નો થયાં. તે પછી પત્ની સહિત રત્નોથી ભરેલી ગુણી થઇ. એક વખત તેં માર્ગમાં મનુષ્યને હણવા માટે ચિંતવ્યું હતું. તેથી હે રામ બ્રાહ્મણ ! તું પ્રિયા વડે મારવા ઇચ્છાયો.

પૂર્વ ભવમાં તારા વડે માર્ગમાં હણવા માટે જે મનુષ્ય ચિંતવન કરાયો હતો તે મરીને આ ભવમાં તારી પત્ની થઇ, તે તું અવધારણ કર. જે કારણથી તારાવડે પૂર્વભવમાં પત્નીનો જીવ હણવા માટે ચિંતવાયો હતો. આ કારણથી આ પત્નીવડે તું હિંસા કરવા માટે ઇચ્છાયો . આ પ્રમાણે સાંભળીને રામે કહ્યું કે પૂર્વભવે મેં જે પાપ કર્યાં તે કાગડાની જેમ કઇ રીતે નાસી જાય ? ત્યારે ગુરુએ આ પ્રમાણે કહ્યું, 'અનંતભવમાં થયેલાં ગાઢ એવાં પણ પાપો શ્રી સિધ્ધગિરિ ઉપર યાત્રાવડે જાય છે ને મોક્ષલક્ષ્મી આવે છે.' કહ્યું છે કે : –

**नवि तं सुवण्णभूमी - भूसणदाणेण अन्नतित्थेसु ।**
**जं पावइ पुण्णफलं - पूयान्हवणेण सित्तुंजे ।।१।।**

તેવી કોઇ સુવર્ણ ભૂમિ નથી કે અન્યતીર્થોમાં ભૂષણ ( દાનમાં ) આપવાવડે જે પુણ્યફલ પ્રાપ્ત કરે તે ( ફલ) શત્રુંજયને વિષે પૂજા અને સ્નાત્રવડે થાય છે. ધ્યાનથી એક હજાર પલ્યોપમ અભિગ્રહથી એક લાખ પલ્યોપમ ને માર્ગમાં જતાં એક સાગરોપમનાં એકઠાં કરાયેલો દુષ્કર્મો નાશ પામે છે. આ પ્રમાણે ગુરુના મુખેથી સાંભળીને પત્ની આદિ સહિત રામે મુક્તિસુખને આપનાર જિનેશ્વરે કહેલો ધર્મ ગ્રહણ કર્યો. માતા પિતા અને પ્રિયા સહિત મોટા સંઘ સાથે શ્રી શત્રુંજયગિરિઉપર પૂજા સ્નાત્ર કરવા પૂર્વક યાત્રા કરી. શ્રી શત્રુંજયગિરિઉપર વિશાલ જિનમંદિર બનાવી ને તેણે ભાવથી મુક્તિરૂપી સ્ત્રીને યોગ્ય – પુણ્ય ઉપાર્જન કર્યું. તે પછી અનુક્રમે વ્રત લઇ હંમેશાં યત્નથી પાલન કરી રામ – મિત્ર વગેરે અને પત્ની સહિત મુક્તિનગરીમાં ગયો.

## આ પ્રમાણે અસંખ્ય ઉદ્ધાર-પ્રતિમા ને યાત્રાઆદિ વગેરેના વિષયમાં દ્વિપ્રહર રામ બ્રાહ્મણની કથા સંપૂર્ણ

# શ્રી શત્રુંજયની યાત્રામાં દાનરુપી ફલને વિષે કુલધ્વજ કુમારની કથા

કુલધ્વજ રાજાએ ઘણા સંઘ સહિત શ્રી શત્રુંજયઉપર દેવોને નમસ્કાર કરીને જિનમંદિર કરાવ્યું તે આ પ્રમાણે : –

પરસ્ત્રીનો હંમેશાં ત્યાગ કરતો મનુષ્ય આલોકને પરલોકમાં કુલધ્વજ કુમારની પેઠે જલદી ઘણી લક્ષ્મી મેળવે છે તે આ પ્રમાણે : –

આજ ભરતક્ષેત્રમાં અયોધ્યા નગરીમાં શંખરાજાની પત્ની ધારિણી નામે શીલવડે શોભતી મનોહર હતી. બન્નેને કામદેવ સરખો કુલધ્વજ નામે પુત્ર હતો અને તે અનુક્રમે શ્રેષ્ઠ એવી –૭૨– કલાને સુખપૂર્વક શીખ્યો. કહ્યું છે કે :–

**आहारनिद्राभयमैथुनानि, सामान्यमेतत् पशुभिर्नराणाम्।**
**ज्ञानं विशेषः खलु मानुषाणां, ज्ञानेन हीना पशवो मनुष्याः ॥**

મનુષ્યોને અને પશુઓને આહાર – નિદ્રા – ભય અને મૈથુન એ સમાન હોય છે. પરંતુ મનુષ્યોને વિશેષ જ્ઞાન હોય છે. જ્ઞાન વગરના મનુષ્યો પશુઓ છે. એક વખત રાજપુત્રે – મંત્રીપુત્રની સાથે વનમાં જઈને માનતુંગસૂરિની પાસે ધર્મ સાંભળ્યો..

**शीलं नाम नृणां कुलोन्नतिकरं - शीलं परं भूषणं,**
**शीलं ह्यप्रतिपातिवित्तमनघं - शीलं सुगत्यावहम्।**
**शीलं दुर्गतिनाशनं सुविपुलं शीलं मनःपावनं,**
**शीलं निर्वृत्तिहेतुरेव परमं - शीलं तु कल्पद्रुमः ॥१॥**
**काएण बंभचेरं, धरंति भव्वा उ जे असुद्धमणा।**
**कप्पम्मि बंभलोए, ताणंनियमेण उववाओ॥१॥**
**देवदाणवगंधव्वा, जक्खरक्खसकिन्नरा।**
**बंभयारिंनमंसन्ति, दुक्करं जे करंति तं॥२॥**
**गोत्राचारपरीहारः, प्राणनाशो यशोगमः।**
**साधुवादपरिभ्रंशः, परस्त्रीगमने ध्रुवम्॥३॥**

શીલ ખરેખર – મનુષ્યોના કુલની ઉન્નતિ કરનારું છે. શીલ એ શ્રેષ્ઠ આભૂષણ છે શીલ એ અપ્રતિપાતિ ધન છે. નિર્મલ એવું શીલ સદ્ગતિને પમાડનારું છે. શીલ એ દુર્ગતિનો નાશ કરનારું છે. અતિ વિશાલ એવું શીલ મનને પવિત્ર કરનારું છે. શીલ એ નિશ્ચે મોક્ષનો હેતુ છે , શીલ એ શ્રેષ્ઠ કલ્પવૃક્ષ છે. કહ્યું છે કે :– અશુધ્ધ મનવાલા એવા પણ જે ભવ્યો ફક્ત કાયાવડે બ્રહમચર્યને ધારણ કરે છે નિશ્ચયથી તેઓની ઉત્પત્તિ – બ્રહ્મ દેવલોકમાં થાય છે. દેવ – દાનવ – ગંધર્વ – યક્ષ – રાક્ષસ ને કિન્નરો બ્રહમચારીને નમસ્કાર કરે છે. પરસ્ત્રીનું ગમન કરવામાં નિશ્ચે ગોત્રના આચારનો ત્યાગ થાય છે. પ્રાણોનો નાશ થાય છે. યશ ચાલી જાય છે. સાધુવાદનો નાશ થાય છે. આ પ્રમાણે સાંભળીને રાજપુત્ર મોક્ષને આપનાર ચોથું વ્રત લઈને એક વખત પોતાની ઈચ્છાવડે ક્રીડા કરતો ગયો. તે સાંકડા માર્ગમાં તેની સન્મુખ એકી સાથે બે સ્ત્રીઓ આવી કજિયો કરે છે અને કર્કશ બોલે છે. પહેલી સ્ત્રી લુહારની પત્ની સૌભાગ્ય સુંદરી પાણીથી ભરેલો ઘડો મસ્તક ઉપર ધારણ કરતી બીજી સ્ત્રીને કહ્યું પાણીથી ખાલી ઘડાવાલી રથકારની પત્ની એવી તું હે સખિ ! માર્ગ છોડી દે. જેથી હું હમણાં પોતાના ઘરે જઈશ.

આજ નગરમાં જે મારો ધણી છે. તે સવારે સારા દિવસે શ્રેષ્ઠ એવા મત્સ્યને ઘડે છે. જેથી તે મત્સ્ય સમુદ્રમાં જઈને શ્રેષ્ઠ મુક્તામણિને ચૂંટી આવીને મારા ધણીને આપે છે. એથી અમે બંને સુખી છીએ. આજ હેતુઓવડે હું પૃથ્વીતલમાં ઉત્કૃષ્ટ છું. આથી હે રથકારની સ્ત્રી ! તું મારા માર્ગને છોડી દે, મોઢાને કંઈક મરડીને રથકારની સ્ત્રીએ કહ્યું કે ધણીના આ વિજ્ઞાનવડે કોડી પણ મલતી નથી. મારો ધણી તો રૂપથી કામદેવ સરખો કંદર્પ નામે સુથાર લાકડામય શ્રેષ્ઠ ઘોડાને તેવી રીતે કરે છે કે જેથી તે આકાશમાં જતાં ચઢેલા મનુષ્યને ચિંતિત સ્થાને લઈ જઈને છ મહિને ચિંતવેલા સ્થાને ( પાછો ) આવે છે.

લુહારની સ્ત્રીને ક્ષણવારમાં માર્ગ અપાવીને રાજપુત્રે આવીને પિતાની આગળ તે વૃત્તાંત કહ્યું, રાજાવડે બોલાવાયેલ લુહારે રાજાની વાણીથી સારા દિવસે પ્રયત્નથી લોહમય મત્સ્ય કર્યો ( બનાવ્યો ) ખીલાથી બંધાયેલો તે મત્સ્ય – રાજાની દ્રષ્ટિથી આગળ જઈને સમુદ્રમાંથી વીસ મોતી લાવ્યો. બીજે દિવસે રાજાવડે આદેશ કરાયેલા રથકારે ( સુથારે ) વિશિષ્ટ લાકડાવડે આકાશમાં ગમન કરનાર ઘોડાને યંત્રથી બનાવ્યો. રાજાવડે વારવા છતાં પણ તે વખતે કૌતુકથી રાજપુત્ર અશ્વારુઢ થયો અને નિરીક્ષણ કરવા માટે દૂર દેશમાં ચાલ્યો,

કહ્યું છે કે::– વિવિધ ચરિત્ર જોવાય ,ભાર્યા સહિત – પરદેશમાં જવા માટે આળસુ ને પ્રમાદથી પોતાના દેશમાં રહેલા કાગડાઓ – કાયર પુરુષો ને મૃગો મરણ પામે છે. ઘોડા ઉપર ચઢેલો તે કુમાર જતાં પગલે પગલે ગ્રામ આકર વગેરે જોતો કોઈક નગરની નજીકમાં ગયો. ખીલી ખેંચવાથી લાકડાંઓનો ઢગલો કરીને તે જ વખતે મસ્તક ઉપર મૂકીને તે વાડીની અંદર આવ્યો. આ બાજુ ત્યાં ફૂલ લેવા માટે માલી આવ્યો , તેણે વૃક્ષની છાયામાં દેવકુમારના જેવા સૂતેલા તે પુરુષને જોઈને અનુક્રમે જાગેલા એવા તેને પોતાના ઘરે લઈ જઈને સારું અન્ન આપી. યુક્તિવડે આદરપૂર્વક શ્રેષ્ઠ ભક્તિથી ગૌરવ કર્યું. ઘોડાંના લાકડાં તેના ઘરના ખૂણામાં મૂકીને રાજપુત્ર નગરી જોવા માટે માલીના ઘરેથી નીકલ્યો. નગરીને જોતાં અનુક્રમે રાજપુત્રે શ્રી મુનિસુવ્રતસ્વામીના મંદિરમાં ઉદાર સ્તવનોવડે દેવની સ્તુતિ કરી. તે પછી બલાનકમાં જઈને ક્ષણવાર વિસામો લઈને તે કુલધ્વજ રાજપુત્ર ગાઢપણે સુખનિદ્રાવડે સૂઈ ગયો. આ બાજુ પ્રતિહારીએ આવીને સૂતેલા રાજપુત્ર સિવાયના લોકોને દેવાલયમાંથી એકદમ બહાર કાઢ્યા.

તે પછી સખી સહિત રાજપુત્રીએ આવીને જિનેશ્વરની પુષ્પોવડે પ્રથમ પૂજા કરીને પછી સુંદર સ્તવનોવડે સ્તુતિ કરી. આ બાજુ જાગેલા એવા રાજપુત્રે જતી એવી રાજપુત્રીને જોઈને કોઈક મનુષ્યને પૂછ્યું કે આ શ્રેષ્ઠ કન્યા કોણ છે ? તેણે કહ્યું આ રત્નપુર નગરમાં વિજયરાજાની શ્રેષ્ઠ પત્નીએ ધનખર્ચીને આ જિનમંદિર કરાવ્યું છે. તે બન્ને ને ભુવનસુંદરી નામની કુમારી પુત્રી છે, તેણે અભિગ્રહ લીધો છે કે : – જે મારો પતિ ભૂચર હોય ને ખેચર થાય તો આ ભવમાં એનો હાથ મારા હાથ ઉપર થાય, તો પાણિગ્રહણ થાય. નહિંતર તો અગ્નિ. આ અભિગ્રહ સાંભળીને રાજા હૃદયમાં વિચારવા લાગ્યો કે તેવા પ્રકારના ખેચર વિના પુત્રી કેવી રીતે પરણાવાય ? તે પછી પોતાના સ્થાનમાં આવીને કુમાર તે ઘોડાને તૈયાર કરીને રાત્રિમાં રાજપુત્રીના ઘરે ગયો. જે ભૂચર ખેચર થાય તે મારો ધણી થાય, હું તેનો સ્વીકાર કરું. એ સાંભળીને રાજપુત્ર વિચારવા લાગ્યો કે આનું સાહસ મોટું છે. તે પછી રાજપુત્ર ખૂણામાં ગુપ્તપણે તાંબૂલ નાંખીને દિવસે દિવસે તેનું બોલવું સાંભળતો ત્યાં જવા લાગ્યો. રાજપુત્રી પડેલું તાંબૂલ જોઈને આ પ્રમાણે વિચારવા લાગી કે તાંબૂલ છોડવાથી અહીં કોઈ પુરુષ ગુપ્તપણે આવે છે. એક વખત ગુપ્તપણે જતો એવો તે કન્યાવડે વસ્ત્રને છેડે ધારણ કરાયો. ને કહ્યું કે તું કોણ છે ? અહી ક્યાંથી આવ્યો છે ? તારું નામ શું છે ? તું કોનો પુત્ર છે ? તેણે પોતાનું આવવાનું વૃત્તાંત કહીને આકાશગામી એવા અશ્વવડે ભૂચર એવો પણ આકાશમાં ફરનારો થયો ( એમ ) હે કન્યા ! તું અવધારણ કર .

આ પ્રમાણે સાંભળીને પૂરી થઇ છે ઇચ્છા જેની એવી તે કન્યા તે રાજકુમારને તેજ વખતે ગંધર્વવિવાહવડે પરણી કહ્યું કે : –

**वरं वरयते कन्या, माता वित्तं पिताश्रुतम् ।**
**बान्धबाः कुलमिच्छन्ति, मिष्टान्नमितरे जनाः ।।**

કન્યા વરને પસંદ કરે છે. માતા ધનને પસંદ કરે છે. પિતા શ્રુત – ભણતરને પસંદ કરે છે. બાંધવો કુલને પસંદ કરે છે અને બીજાઓ મિષ્ટાન્નને ઇચ્છે છે. તેણીની સાથે ગુપ્ત પણે ક્રીડા કરીને તે રાજપુત્ર હંમેશાં જ્યારે પોતાના સ્થાનમાં જાય છે. ત્યારે તે બન્નેની પ્રીતિ થઇ. પુરુષવડે ભોગવાયેલી પુષ્ટ અંગવાલી તેણીને જોઇને તે વખતે તેની સખીએ જઇને તેણીનું સ્વરૂપ એકાંતમાં તેની માતાની આગળ કહ્યું. તે પછી કૃષ્ણ મુખવાલી પત્નીને જોઇને રાજાએ કહ્યું કે તારું શું ગયું છે ? શું હરણ કરાયું છે ? હમણાં બીજાવડે ક્યો દોષ કહેવાયો છે ? કોઇ પુરુષ અથવા કોઇ સ્ત્રીવડે શું તારી આજ્ઞા ખંડન કરાઇ છે ? તે કહે. પછી રાણીએ રાજાની આગળ કહ્યું તમે સ્વામી હોતે છતે કોનાવડે મારી આજ્ઞા ખંડન કરાય ? એ પ્રમાણે કહીને મૌન ધારણ કર્યું. જ્યારે તે રાણી બોલતી નથી ત્યારે રાજાએ આ પ્રમાણે કહ્યું કે :–

**दुष्टस्य दण्डः सुजनस्य पूजा, न्यायेन कोशस्य च संप्रवृध्दिः ।**
**अपक्षपातो रिपुराष्ट्ररक्षा, पञ्चैव यज्ञाः कथिता नृपाणाम् ।।**

દુષ્ટને દંડ કરવો. સજજનની પૂજા કરવી. ખજાનાની વૃધ્ધિ કરવી, કોઇનો પણ પક્ષપાત ન કરવો. શત્રુથી દેશની રક્ષા કરવી એ પાંચ રાજાના યજ્ઞો કહ્યા છે. અંત:પુરમાં આવતો મનુષ્ય જ્યારે જણાતો નથી. તે વખતે રાજાવડે કહેવાયું કે જે કારણથી આવતો મનુષ્ય દૃઢપણે પકડાય,. તેને ત્રણ લાખ સોનામહોર હું સન્માનપૂર્વક આપીશ. તે વખતે વેશ્યાએ આવીને કહ્યું કે તે મારાવડે પકડાશે. તે પછી તે વેશ્યા તેલ અને સિંદૂર લઇને કન્યાના ઘરમાં ગઇ. એકાંતવૃત્તિવડે ભૂમિપર વિલેપન કરી તે એકદમ પોતાના સ્થાનકે ગઇ. પોતાની સ્વામિનીને સવારે તે નમન કરવા માટે આવી. મનુષ્યનાં પગલાં જોઇને વારાંગનાએ રાજાની આગળ પુરુષનું આગમન કહ્યું. તે પછી – ગણિકાવડે કહેવાયેલો આવતો એવો તે મનુષ્ય કોટવાળોવડે બંધાયો અને રાજાને જલદીથી બોલાવાયો. ઘીથી સિંચન કરાયેલા અગ્નિની જેમ ક્રોધરૂપી અગ્નિથી અત્યંત પ્રજ્વલિત થયેલો રાજા બોલ્યો કે આ પુરુષને શૂલીઉપર ચઢાવી જલદી મારી નાંખો. તે વખતે વધસ્થાનકે લઇ જવાતાં સુંદર આકૃતિવાલા તેને જોઇને લોકો કહેવા લાગ્યા કે ફોગટ આ મનુષ્ય મરાય છે. રાજા જો આને જ પોતાની કન્યા આપે તો સારું થાય. આ કોઇ મોટો રાજા અથવા વિદ્યાધર છે. આ મનુષ્યના વિયોગવડે રાજપુત્રી ક્ષય પામશે. જેમ અમાવાસ્યાના દિવસે ચંદ્રની ચાંદની નાશ પામે તેમ. ઇત્યાદિ લોકોનું વચન સાંભળતા તે રાજપુત્રે – માલીના ઘરની પાસે જતાં રાજાના સેવકોને કહ્યું કે માલીના ઘરની પાસે મારી કુલદેવતા છે. તેને હું નમસ્કાર કરું. તે પછી જલદી મને હણજો. તે પછી કોટવાલવડે મુકાયેલો માલીના ઘરમાં જઇને કાષ્ઠના ઘોડાપર ચઢેલો તે આકાશમાં ગયો. તે પછી રાજા વગેરે લોક જોતા હતા ત્યારે રાજપુત્રીને લાકડાના ઘોડા પર આરોપણ કરી તે આકાશમાર્ગે ચાલવા લાગ્યો ,શ્રેષ્ઠ વૃક્ષોથી વિરાજિત સમુદ્રના કિનારે જઇને ઘોડા પરથી ઊતરીને ભૂખ્યો એવો તે સૂઇ ગયો. પતિને ભૂખ્યા થયેલા જાણીને તે ઘોડા પર ચઢીને તે કન્યા પકવાન્ન વગેરે લેવા માટે પોતાના વાસભવનમાં ગઇ. તેણીવડે બારીમાં મુકાયેલો તે ઘોડો અકસ્માત પડતા ભાંગી ગયો. તે ઘોડાને તેવા પ્રકારનો જોઇને તે અત્યંત ખેદ પામી.

કહ્યું છે કે ન ઘટી શકે એવી ઘટનાઓને ઘડે છે. સારી રીતે ઘટી શકે એવી ઘટનાઓને જર્જરિત કરે છે. વિધાતા નિશ્ચે તેવી ઘટનાઓને કરે છે કે જેને પુરુષ વિચારતો જ નથી. તે પછી દુ:ખિની એવી ભુવનસુંદરીએ હૃદયમાં વિચાર્યું કે પૂર્વે કરેલાં દુષ્કર્મના યોગથી આ થયું છે. સમુદ્રમાં ગમન – મારા પતિના લાકડાના ઘોડાનું ભાંગી જવું. તે સર્વ મારા ભાગ્યના વિકૃતપણાથી કષ્ટ પમાડનારું થયું. જ્યારે મારાં પતિનાં દર્શન થાય તો જ જમવું અન્યથા નહિ. એ પ્રમાણે પ્રતિજ્ઞા કરીને તે રાજપુત્રી રહી. આ બાજુ જાગેલો રાજપુત્ર તે પ્રિયાને નહિ જોવાથી વિચારવા લાગ્યો કે – પત્ની ક્યાં ગઇ ? અથવા તો કોઇકવડે તે જલદી હરણ કરાઇ ? અહીં આગળ કોઇક શ્રેષ્ઠ વિદ્યાધરીને જોઇને જ કુમારે કહ્યું કે હે ભદ્રા ! તું ક્યાંથી આવી ? તે સ્ત્રીએ કહ્યું કે વૈતાઢ્યપર્વતપર મણિવિદ્યાધરની હું પ્રિયા છું. દુષ્ટ ચિત્તવાલા શત્રુવિદ્યાધરવડે હું હરણ કરાઇ છું. ત્યાંથી નાસીને હું તમારી પાસે આવી છું. તમોને જોઇને હું હૃદયમાં કામબાણવડે અત્યંત પીડાઇ છું. કુમારે કહ્યું કે સઘળી સ્ત્રીઓ મારે બહેન સમાન છે. આથી દેવ કન્યા સરખી સ્ત્રીને પણ હું ઇચ્છતો નથી. કહ્યું છે કે :-

**अलसा होइ अकज्जे, पाणिवहे पंगुला संया होइ।**
**परतत्तीसु य बहिरा, जच्चंधा परकलत्तेसु ।।**
**यस्तु स्वदारसंतोषी, विषयेषुविरागवान्।**
**गृहस्थोऽपि स्वशीलेन, यतितुल्यः सकल्पते ।।**

સજ્જનો અકાર્ય કરવામાં આળસુ હોય છે. જીવહિંસા કરવામાં પાંગળા હોય છે, પારકાની નિંદા સાંભળવામાં બહેરા હોય છે, અને પરસ્ત્રીને વિષે જન્માંધ હોય છે. જે સ્વદારાથી સંતોષી હોય છે, અને વિષયોમાં વિરાગી હોય છે તે ગૃહસ્થ હોવા છતાં પણ પોતાના શીલવડે સાધુ સરખો હોય છે. તે પછી તેણીએ રોષથી તેના તરફ વિદ્યા મૂકી. જેથી તે સુકાયેલા વૃક્ષની જેમ મૂર્ચ્છા પામેલો પૃથ્વીપર પડ્યો. તે પછી સચેતન થયેલા તેને દૃઢપણે તે સ્ત્રીએ કહ્યું કે જો તું મને ભોગનું સુખ આપે – તો તને સુખ થાય. તે પછી તેણીએ ભયંકર રૂપ કરીને તેને હાથમાં પકડીને કહ્યું કે મારું વચન માન નહિતર હમણાં તું મરી ગયેલો છે. નહિ બોલતાં એવા તે કુમારને ઉપાડીને જેટલામાં સમુદ્રમાં નાંખ્યો, તેટલામાં જલદેવીવડે તે હાથમાં ધારણ કરાયો. તે દેવીએ કહ્યું કે હે મનુષ્ય ! હું તારા પર તુષ્ટ થઇ છું. તું મનગમતા એવા વરદાનને માંગ. કુમારે કહ્યું કે પહેલાં મારી ભાર્યા સાથેનો યોગ કરાવ. દેવીવડે તે કુમાર ઉપાડીને જલદી પત્ની પાસે લઇ જવાયો. અને તે બોલ્યો કે હે દેવી ! તું મારા ઘોડાને સજ્જ કર. તે વખતે કાષ્ઠમય અશ્વ સજ્જ કરાયો ત્યારે તેના પર ચઢેલો આકાશમાં જતો તે શ્રેષ્ઠ એવા ચંદ્રપુર નગરમાં ગયો, ત્યાં ચંદ્રરાજાની પુત્રી શ્રેષ્ઠ રૂપવતીને તે કુમાર વિવિધ ઉત્સવપૂર્વક પરણ્યો.

આ બાજુ શંખ રાજા અવધિ પૂર્ણ થઇ ત્યારે પુત્ર નહિ આવે છતે વધ કરવા માટે સુથારને પોતાના સેવકો મારફત મંગાવ્યો.

**रूष्टो राजा यमाभः स्यात्, सर्वद्रव्यापहारतः ।**
**तुष्टो धनदतुल्यः स्याद्, भूरिलक्ष्मीप्रदानतः ।।**

રોષ પામેલો રાજા સર્વદ્રવ્યને અપહરણ કરવાથી યમરાજા જેવો થાય છે, અને તુષ્ટ થયેલો રાજા ઘણી લક્ષ્મી આપવાથી કુબેર સરખો થાય છે. ક્રૂરચિત્તવાલા રાજાના સેવકો જેટલામાં શૂળીઉપર નાંખે છે તેટલામાં કુમાર આવ્યો. સુથારને શૂળી ઉપરથી રાજપુત્રે કાઢી નાંખીને નિર્મલ મનવાલો તે આવીને પિતા તથા માતાનાં ચરણોમાં નમ્યો. કહ્યું છે કે :–

**ते पुत्रा ये पितुर्भक्ता, स पिता यस्तुपोषकः ।**
**तन्मित्रं यत्र विश्वासः, साभार्या यत्र निर्वृत्तिः ।।**

પુત્રો તે છે કે જે પિતાના ભક્ત હોય. પિતા તે છે કે જે પોષણ કરે. મિત્ર તે છે કે જેની ઉપર વિશ્વાસ હોય. સ્ત્રી તે છે કે જ્યાં શાંતિ હોય. તે પછી રાજાએ નગરની અંદર વિવિધ ઉત્સવ કરાવતાં રાજાએ પુત્ર સહિત જિનમંદિરોમાં જિનેશ્વરની પૂજા કરી. તે વખતે તેણે રાજા પાસેથી સુથારને ઘણું સન્માન આપી ૧૦૦ ગામ અપાવ્યાં. સુથાર લાકડાંઓથી આકાશગામી અશ્વોને કરીને હંમેશાં રાજાને ભેટ કરે છે. તેથી રાજા પણ હંમેશાં હર્ષિત થાય છે. તે રાજા પુત્રને રાજ્ય આપીને વીરસૂરીશ્વર પાસે વ્રત ગ્રહણ કરી તપ તપી સ્વર્ગનું સુખ પામ્યા.

તે પછી કુલધ્વજકુમારે ઉત્તમનીતિમાર્ગે રાજ્ય કરતાં શ્રી રામ રાજાની પેઠે જનતાને સુખી કરી. એક વખત બાહ્ય ઉદ્યાનમાં જ્ઞાની એવા ધર્મશેખરસૂરિને આવેલા સાંભળી રાજા પત્નીસહિત વંદન કરવા માટે ગયો. ગુરુને ત્રણ પ્રદક્ષિણા આપી ગુરુનાં ચરણકમલને નમી સૂરીશ્વરની સન્મુખ મુખવાલો તે ધર્મ સાંભળવા માટે બેઠો. તે આ પ્રમાણે : –

**हस्तौ दानविधौ मनो जिनमते, वाचः सदासुनृते,**<br>
**प्राणाः सर्वजनोपकारकरणे, वित्तानिचैत्योत्सवे।**<br>
**येनैवं विनियोजितानि शतशो, विश्वत्रयीमण्डनं,**<br>
**धन्यः कोऽपि स विष्टपैकतिलकं, कालेकलौ श्रावकः॥**

જેના હાથ દાન કરવામાં છે. જેનું મન જિનમતમાં છે. જેની વાણી હંમેશાં સત્યમાં છે. જેના પ્રાણો સર્વ લોકોના ઉપકાર કરવામાં છે. જેનું ધન જિનમંદિરના ઉત્સવમાં છે. આ પ્રમાણે જેણે સેંકડો વખત નિયોજન કર્યું છે. (જોડેલું છે.) તે ત્રણ જગતના આભૂષણરૂપ છે. તે કોઇક ધન્ય શ્રાવક આ કલિકાલમાં ત્રણ જગતના તિલકરૂપ ધન્ય છે. હજારો પાપો કરીને સેંકડો જીવોની હત્યા કરીને આ તીર્થને પામીને તિર્યંચો પણ દેવલોકમાં ગયાં છે. શત્રુંજયગિરિઉપર જિનેશ્વરનું દર્શન કરવાથી બે દુર્ગતિ ક્ષય પામે છે અને પૂજા તથા સ્નાત્ર કરવાથી એક હજાર સાગરોપમનાં પાપ ક્ષય પામે છે. કુલધ્વજે કહ્યું કે મેં પૂર્વ ભવમાં શું પુણ્ય કર્યું હતું ? જેથી મને આવું સુખ આપનારું રાજ્ય મલ્યું ?–થયું?

રમાપુરી નગરીમાં તમે દુ:ખી એવા ભીમ હતા. ત્યાં તમે એક વખત હર્ષપૂર્વક ઉત્તમ સાધુને દાન આપ્યું હતું. તે પુણ્યથી તમે સ્વર્ગમાં જઇને શંકરરાજાના પુત્ર થઇને હે રાજા ! તમે મોટું રાજ્ય પામ્યા. આ પ્રમાણે સાંભળી રાજા ઘણા સંઘલોક સહિત શ્રી શત્રુંજયગિરિ તીર્થમાં ગયા અને ત્યાં સુંદર મહોત્સવપૂર્વક દેવોને નમસ્કાર કરી ત્યાં સંઘપતિને યોગ્ય કાર્યો કરી કુલધ્વજ રાજાએ જિન મંદિર કરાવ્યું અને તેમાં અરિહંતનું બિંબ સ્થાપન કર્યું. ત્યાંથી કુલધ્વજ રાજા રૈવતગિરિ ઉપર જઇ સ્નાત્રપૂજાપૂર્વક શ્રી નેમિનાથપ્રભુને પ્રણામ કરી ગુરુને વસ્ત્રોની પહેરામણી કરી. (વહોરાવી) અને શ્રી સંઘને શ્રેષ્ઠ વસ્ત્રોની પહેરામણી કરી. શ્રેષ્ઠ આશયવાલા રાજાએ તે સર્વેને પોતપોતાના નગર તરફ વિદાય કર્યા. અનુક્રમે તેણે વિનયવાલો છે આત્મા જેનો એવા સોમદત્ત નામના પોતાના પુત્રને રાજ્ય આપીને ગુરુ પાસે સંયમ ગ્રહણ કરી હંમેશાં આગમને ભણતાં તે કુલધ્વજ યતીશ્વર જાણ્યો છે સર્વ શાસ્ત્રોનો અર્થ જેણે એવા તે ક્રિયામાં કુશલ થયા. શુધ્ધ સાધુ ક્રિયાને કરતા, શાસ્ત્રોને ભણતા ને ભણાવતા તે કુલધ્વજ એક ક્ષણ પણ પ્રમાદ કરતા ન હતા. કહ્યું છે કે : –

**हयं नाणं कियाहीणं, हयाअन्नाणओकिया।**<br>
**पासंतो पंगुलो दड्ढो - धावमाणो य अंधओ॥**<br>
**संयोगसिध्दीइ फलं वयंति, नहि एगचक्केण रहो पयाइ।**<br>
**अंधोय पंगूय वणे समिच्चा, ते संपउत्ता नगरे पविट्ठा॥**

ક્રિયા વગરનું જ્ઞાન હણાયેલું છે અને અજ્ઞાનથી ક્રિયા હણાયેલી છે . દેખતો પાંગળો દાઝયો ને દોડતો આંધળો દાઝયો. સંયોગની સિદ્ધિમાં ફલ કહે છે. એક પૈડાવડે રથ ચાલતો નથી. આંધળો ને પાંગળો વનમાં આવીને

તે બંને જોડાયેલા થઈને નગરમાં પેઠા. તે પછી સૂરીશ્વરપદ પામીને શ્રી શત્રુંજયગિરિ ઉપર જઈને ઘણા સાધુ સહિત ધ્યાનમાં તત્પર થયા. ત્યાં ઘણા સાધુસહિત અનુક્રમે કેવલજ્ઞાન પામી તે કુલધ્વજ યતીશ્વર શ્રી શત્રુંજયગિરિઉપર મોક્ષ પામ્યા.

**શ્રી શત્રુંજયની યાત્રામાં – દાનરૂપી ફલમાં કુલધ્વજ કુમારની કથા સંપૂર્ણ**

## વાગડશ્રી ચંદ્રપ્રભજિનેશ્વરનો સંબંધ

શ્રી ઋષભદેવ પ્રભુના વંશમાં નીતિવાલો ચંદ્રચંડ ( ચંદ્રચૂડ ) નામે રાજા હતો. જેમણે શ્રેષ્ઠ એવું ચંદ્રપ્રભાસ નામે નગર સ્થાપન કર્યું, તે રાજાએ એક વખત કૈલાસપર્વત સરખું ચંદ્રકાંતરત્નમય મોટું જિનમંદિર કરાવ્યું. ચંદ્રચૂડ રાજાએ ચંદ્રપ્રભ સ્વામીની બે પ્રતિમા કરાવી. અને તેની કલ્યાણસૂરિ પાસે પ્રતિષ્ઠા કરાવી. એક વખત રાક્ષસ દ્વીપમાંથી લંકાપુરીનગરીનો સ્વામી રાજા રવિચૂડ આકાશગામિની વિદ્યાવડે દેવોને નમસ્કાર કરવા માટે ચાલ્યો. ગામે ગામે ને નગરે નગરે અરિહંતોની મૂર્તિઓને વંદન કરતો તે રવિચૂડ રાજા ચંદ્રપ્રભાસ નગરીમાં આવ્યો. ત્યાં ઘણા તીર્થંકરોનાં મંદિરોમાં ઘણા જિનેશ્વરોને નમસ્કાર – પ્રણામ કરતાં આ પ્રમાણે વિચારવા લાગ્યો કે મેં ઘણા જિનેશ્વરોને વંદન કર્યું. રવિચૂડે તેનું દેવપતન નામ આપ્યું, અને ચંદ્રપ્રભસ્વામીના બિંબની ફરીથી વિશેષ કરીને પૂજા કરી. કહ્યું છે કે :–

**न यान्ति दास्यं न दारिद्रभावं, न प्रेष्यतां नैव च दीनभावम्।**
**न चापि वैफल्यमिहेन्द्रियाणां, ये कारयन्त्यत्र जिनेंद्रपूजाम्।।**

જેઓ આ લોકમાં જિનેશ્વરની પૂજા કરાવે છે. તેઓ દાસપણું પામતા નથી. દરિદ્રપણું પામતા નથી. સેવકપણું તેમજ દીનભાવ પામતા નથી. અને ઇન્દ્રિયોના નિષ્ફળપણાને પામતા નથી. રવિચૂડ રાજા પોતાના નગરમાં ચંદ્રપ્રભજિનેશ્વરની આહ્લાદ કરનારી એક પ્રતિમાને ઉત્સવપૂર્વક લઈ ગયો. અને ત્યાં હરપર્વતની નજીક બોંતેર નાનાં જિનમંદિરો સહિત જિનમંદિર કર્યું. સારા દિવસે રાજાએ ઘણા ધનનો વ્યય કરી ચંદ્રપ્રભ જિનેશ્વરની મનોહર મૂર્તિને સ્થાપન કરી. જીવન પર્યંત ચંદ્રપ્રભ અરિહંતની પૂજાને કરતાં રવિચૂડ રાજા અંતે પુત્રને રાજ્ય ઉપર સ્થાપન કરી દેવલોકમાં ગયા. અસંખ્યાત મનુષ્યો – આ પ્રમાણે તે પ્રતિમાની પૂજા કરી કેટલાક લોકો સ્વર્ગમાં ગયા ને કેટલાક મોક્ષમાં પણ ગયા.

તેના વંશમાં રાવણ રાજાએ ચંદ્રપ્રભ પ્રભુની આગળ – ૩૨ – હજાર આકાશગામિની વગેરે વિદ્યાઓ સાધી, શ્રી ચંદ્રપ્રભ જિનેશ્વરની પ્રતિમાની પૂજા કરતા રાવણે ચંદ્રહાસ નામનું ખડગ – ને પુષ્પક નામે વિમાન સ્વાધીન કર્યું. દશાનન રાજાએ તે ચંદ્રપ્રભુની પ્રતિમાને હર્ષવડે પૂજા કરતાં ઇન્દ્રવડે પૂજાયેલા (એવા) સર્વજ્ઞગોત્ર –(તીર્થંકરપણા) ને ઉપાર્જન કર્યું.

**स्वर्गस्तस्य गृहाङ्गणंसहचरी साम्राज्यलक्ष्मीः शुभा,**
**सौभाग्यादिगुणावलिर्विलसति स्वैरं वपुर्वेश्मनि।**
**संसारः सुतरः शिवंकरतलक्रोडे लुठत्यञ्जसा,**
**यः श्रध्दाभरभाजनं जिनपतेः पूजां विधत्तेजनः ।।१।।**

જે મનુષ્ય શ્રધ્ધાના સમૂહના પાત્ર એવા જિનેશ્વરની પૂજા કરે છે. તેના ઘરના આંગણામાં સ્વર્ગ છે. સામ્રાજ્યની લક્ષ્મી તેની સહચરી છે. શુભ એવી સૌભાગ્ય આદિ ગુણની શ્રેણી તેના શરીરરૂપી ઘરને વિષે પોતાની ઇચ્છાપૂર્વક વિલાસ કરે છે. તેને સંસાર સારી રીતે તરી શકાય એવો થાય છે. અને તેની હથેળીના મધ્યભાગમાં વેગપૂર્વક મોક્ષ આળોટે છે. અનુક્રમે રાવણ દક્ષિણ દિશામાં રહેલા ત્રણ ખંડને હાથના પરાક્રમથી શત્રુઓપર વિજય કરવાથી વેગથી સાધ્યા. શ્રી શત્રુંજયનું માહાત્મ્ય સાંભળીને રાવણ ઘણા સંઘ સહિત શ્રી શત્રુંજયઉપર જિનેશ્વરોને નમન કરવાગયો.ત્યાં ઘણા ધનનો વ્યય કરી શ્રી ઋષભદેવ સ્વામીના પ્રાસાદકરાવીને શ્રેષ્ઠ ઉત્સવપૂર્વક પ્રભુના બિંબની સ્થાપના કરી.

આ બાજુ દશરથ રાજાના પુત્ર રામ પ્રિયા વગેરે સહિત પિતાના આદેશથી બળવાન હોવા છતાં પણ વનમાં ગયા. ત્યાં રાવણે કપટથી સીતાનું અપહરણ કર્યું. અને ત્યાં સારો ઉપકાર કરવાથી રામે સુગ્રીવ વગેરેને સેવકો કર્યા, અને સૈન્ય ભેગું કરી રામે લંકા ને વીંટી. જેથી બન્નેનું યુધ્ધ થયું. તે અહીં પંડિતોએ જાણી લેવું

જયારે યુધ્ધ કરતા એવા રામવડે લંકા ગ્રહણ કરાતી નથી ત્યારે પુછાયેલા એવા નિમિત્તિયાએ આ પ્રમાણે કહ્યું. ચંદ્રપ્રભ જિનેશ્વરની પ્રતિમાના પ્રભાવથી લંકા દુર્દાન્ત એવા શત્રુઓથી પણ ન ગ્રહણ કરી શકાય એવી છે. તે પ્રભાવને ધારણ કરનારું શ્રી ચંદ્રપ્રભ જિનેશ્વરનું બિંબ અહીં લવાય અને તારાવડે પૂજાય તો લંકા એકદમ ગ્રહણ કરાય. નૈમિત્તિકનું વચન સાંભળી રામે હનુમાનવડે શ્રી ચંદ્રપ્રભપ્રભુની પ્રતિમા પોતાની છાવણીની અંદર લઇ જવાઇ, રામવડે મોકલાવેલો હનુમાન આકાશમાર્ગે જઇને લંકાની મધ્યમાંથી શ્રી ચંદ્રપ્રભપ્રભુની મૂર્તિ બળપૂર્વક લઇ જાય છે. સવારે શ્રી ચંદ્રપ્રભ પ્રભુની પૂજા કરી રામ સમરાંગણમાં રાવણ સાથે યુધ્દ્ કરવા માટે જેટલામાં આવ્યો તેટલામાં સવારે રાવણ શ્રી ચંદ્રપ્રભ સ્વામીના બિંબને નહિ જોવાથી વ્યાકુલ એવો તે રામની સાથે યુધ્ધ કરવા માટે નીકલ્યો ,રાવણ તે દિવસે ભાગી ગયો. ખિન્નમનવાલો તે નાસીને લંકાની અંદર આવ્યો. દ્વાર બંધ કરીને આગળ રહ્યો. કહ્યું છે કે :–

**अनाज्य भोज्यमप्राज्यं, विप्रयोगः प्रियैः सह।**
**अप्रियैः सम्प्रयोगश्च, सर्वं पापविजृम्भितम् ।।१।।**

ઘી વગરનું અલ્પ ભોજન – પ્રિય સાથેનો વિયોગ – અપ્રિય સાથેનો સંયોગ – આ સર્વ પાપની ચેષ્ટા છે.

રાવણ રાજા જે જે મંત્ર – દેવ ને દેવીને યાદ કરતો હતો તે તે ઘણું સ્મરણ કરવા છતાં પણ તેને પ્રગટ ન થયાં. કહ્યું છે કે :–

**प्रतिकूलतामुपगते हि विधौ, विफलत्वमेति बहुसाधनता।**
**अवलम्बनाय दिनभर्त्तु - रभून्न पतिष्यतः करसहस्रमपि ।।**

નસીબ પ્રતિકૂલ થાય ત્યારે ઘણાં સાધન પણ નિષ્ફલતા ને પામે છે. પડતા એવા ( અસ્ત પામતા ) સૂર્યને માટે હજારો કિરણો પણ અવલંબન થતાં નથી. રણમાં અત્યંત યુધ્ધ કરતો જગતને કંટકરૂપ એવો રાવણ રામ અને લક્ષ્મણવડે હણાયેલો ક્ષણવારમાં નરકમાં ગયો. કહ્યું છે કે : – પરાક્રમથી જગતને દબાવનાર એવો રાવણ પરસ્રીને વિષે રમવાની ઇચ્છાથી કુલનો ક્ષય કરીને નરક પામ્યો. તે વખતે રાવણનું સર્વસૈન્ય રામને મલ્યું, ઘણાં પરાક્રમવાલો રામ લંકા નગરીની મધ્યમાં ગયો. પહેલાં જિનમંદિરમાં જઇને જિનેશ્વરોને ભક્તિવડે નમીને પછી ઉતારે જઇને સેવકો સહિત રામે દશાનનના ભાઇ બિભીષણ રાજાને ( લંકાનું ) રાજ્ય આપીને ભુજાબળથી પત્ની સીતાને અંગીકાર કરી. શ્રી ચંદ્રપ્રભજિનેશ્વરની પ્રતિમાને ગ્રહણ કરી ભાઇ સહિત રામ અયોધ્યા નગરીમાં જતાં વાગડદેશમાં ગયા. ત્યાં રામે વાગડ નામનું નગર સ્થાપન કરીને આદરપૂર્વક શ્રી ચંદ્રપ્રભદેવની પૂજા કરી. તે પછી રામ આગળ પોતાના નગર તરફ ચાલ્યો. ત્યારે તે પ્રતિમા તે સ્થાનથી જરાપણ ચાલી નહિ.

તે પછી ત્યાં મોટું જિનમંદિર કરાવીને શ્રીરામચંદ્રવડે શ્રી ચંદ્રપ્રભસ્વામીની શ્રેષ્ઠ પ્રતિમા સ્થાપન કરાઇ. શ્રી ચંદ્રપ્રભ સ્વામીની આગળ ધ્યાન કરીને પાંડવોએ શત્રુને જીતનારી અને કૌરવ શત્રુઓનો નાશ કરનારી વિદ્યાઓ પ્રાપ્ત કરી. પાંચ પાંડવોએ ચંદ્રપ્રભપ્રભુને ચિત્તમાં સ્મરણ કરતાં સર્વ કૌરવોને જીત્યા અને ફરીથી પોતાનું રાજ્ય મેળવ્યું. નાસિક નગરમાં મોટું જિનમંદિર કરાવીને કુંતીએ સારા ઉત્સવપૂર્વક શ્રી ચંદ્રપ્રભ તીર્થંકરનું બિંબ સ્થાપન કર્યું. ભરુચનગરનો સ્વામી ( રાજા ) કામદેવ સરખો મદન ત્રપુવતિ નગરીના ભીમરાજાવડે રાજ્યથી ત્યાગ કરાવાયો ( ભ્રષ્ટ કરાયો ) તે પછી તે ભ્રમણ કરતો એક વખત સંકટ વગરના વનમાં વાગડ દેશને પામીને ઘણા ભિલ્લથી સેવાયેલા પ્રાસાદને વિષે શ્રી ચંદ્રપ્રભતીર્થંકરની પ્રતિમાને જોઇને નમસ્કાર કરીને દરરોજ સવારે હંમેશાં આદરપૂર્વક નમસ્કાર કરતો હતો. એક વખત પ્રગટ થઇને શ્રી ચંદ્રપ્રભ પ્રભુએ કહ્યું કે હે સ્વચ્છ ! તું પાંચ ભિલ્લો સાથે પોતાના નગરમાં જા, ત્યાં સંગ્રામ કરતાં અને સુવ્રતજિનને સ્મરણ કરતાં ઘણા સૈન્યસહિત તારો શત્રુ એકદમ યમમંદિરમાં જશે.

આ પ્રમાણે શ્રી ચંદ્રપ્રભ સ્વામીની વાણી સાંભળી મદનરાજા શત્રુઓ સાથે યુધ્ધ કરીને શત્રુઓનો ક્ષય કરીને રાજ્ય પામ્યો. તે પછી હર્ષવડે રાજા સંઘસહિત વાગડોઇ નગરમાં આવીને શ્રી ચંદ્રપ્રભપ્રભુને નમ્યો. અને તે રાજાએ પોતાના નગરમાં ઘણા કાલ સુધી રાજ્ય કરતાં શ્રી શત્રુંજય આદિ તીર્થને વિષે વિસ્તારથી યાત્રા કરી. શ્રી શત્રુંજયઉપર પણ રાજાએ હર્ષથી ઘણી લક્ષ્મીનો વ્યય કરી લોકોને હર્ષ આપનાર સર્વજ્ઞનો પ્રાસાદ કરાવ્યો. એક વખત પોતાના રાજ્ય ઉપર પોતાના પુત્ર મલ્લદેવને સ્થાપન કરીને હર્ષવડે ચંદ્રદેવસૂરીશ્વરપાસે સંયમ ગ્રહણ કર્યો. મદનરાજર્ષિ શ્રી શત્રુંજય પર્વતઉપર ધ્યાન કરતાં સર્વકર્મની પરંપરાનો ક્ષયકરી મુક્તિ પામ્યા.

વાગડેઇ નગરનો સ્વામી સિંહરથ નામે રાજા શ્રીચંદ્રપ્રભ જિનેશ્વરની પૂજા વિના કોઇ દિવસ જમતો ન હતો. શ્રી ચંદ્રપ્રભપ્રભુની પૂજા કરતા તે રાજાને સઘળા દુર્દાન્ત એવા પણ શત્રુઓ તે જ ક્ષણે વશ થયા. તે પછી સિંહરાથ રાજાએ તરત જ વિશેષ કરીને વિશાલ એવું શ્રી ચંદ્રપ્રભપ્રભુનું જિનમંદિર કરાવ્યું

આમ અનેક રાજાઓ શ્રી ચંદ્રપ્રભસ્વામીનાં ચરણની પૂજા કરવાથી સંપત્તિ પામ્યા, ને ઘણા મુક્તિ પામ્યા અનુક્રમે કાલે કરીને પડી ગયેલા શ્રી ચંદ્રપ્રભપ્રભુના મંદિરને શુધ્ધ ચિત્તવાલા કુમારપાલ રાજાએ ઉધ્ધાર કર્યો. શ્રી ચંદ્રપ્રભ પ્રભુના ધ્યાનથી કુમારપાલરાજા શત્રુઓનો પરાભવ કરી સર્વઠેકાણે વિજય પામ્યા ઇત્યાદિ, શ્રી ચંદ્રપ્રભપ્રભુનો મહિમા સાંભળી ને શ્રી જગચ્ચંદ્ર ગુરુ નમન કરવા માટે ત્યાં હર્ષથી ગયા. શ્રી જગચ્ચંદ્ર ગુરુએ ચારિત્રના પ્રમાદને ત્યજીને શ્રી ચંદ્રપ્રભપ્રભુની આગળ શુધ્ધ ચારિત્ર લીધું. તે આચાર્ય મહારાજે પોતાની જાતે હર્ષવડે ચારિત્રની ઉપસંપદા લઇને યાવજજીવ – નિશ્ચિત આયંબિલનો અભિગ્રહ ગ્રહણ કર્યો, હંમેશાં ભાવપૂર્વક આયંબિલ કરતા તેમના ગચ્છનું કાલે કરીને " તપાગચ્છ " એ પ્રમાણે નામ થયું

તે પછી દિવસે દિવસે ગચ્છ " તપા " નામ વડે વૃદ્ધિ પામે છે. કારણ કે જે ચંદ્રપ્રભ સ્વામીનો પ્રભાવ છે. શ્રી ચંદ્રપ્રભસ્વામીની આગળ " લેપકા " નામની કુટુંબિકા – બુધ્ધિશાળી સજ્જન લક્ષ્મીધર રાજાવડે સ્થાપન કરાઇ,

શાલવીકલ્પમાં જિનેશ્વરની આગળ કુમારપાલ રાજાવડે તે જાતિ નિશ્ચે શુધ્ધ કરાઇ. ઓસવાલ જ્ઞાતિમાં શ્રેષ્ઠ પાલ્હાક નામના ધનેશ્વર રહેતા હતા ત્યારે પૃથ્વીના મધ્યમાં રહેલી પ્રભાવશાળી તે પ્રતિમા પણ રાત્રિમાં સ્વપ્નમાં આવીને પ્રગટ થઇ. તે ભવ્ય પ્રાણીઓને સ્મરણ કરવા માત્રથી ઈપ્સિત આપે છે. શ્રી સોમપ્રભ સૂરીશ્વર પાસે હંમેશાં ધર્મ સાંભલતા તે પાલ્હાક દેવપૂજા વગેરે ધર્મ આદરપૂર્વક કરતા હતા. શ્રી ચંદ્રપ્રભ સ્વામીના પડી ગયેલા મંદિરનો ઉધ્ધાર કરીને ઘણા ધનનો વ્યય કરીને પાલ્હાકે તેનું બિંબ સ્થાપન કર્યું, તે ધનિકે વાવ – કૂવા – તળાવ – આદિ કરાવીને તીર્થની ભક્તિથી તે પછી ફૂલમાટે વાડી કરાવી.

હમણાં ગોપાલ નામના દિશાપાલ લક્ષ્મીપતિએ શ્રી ચંદ્રપ્રભ જિનેશ્વરનું જિનમંદિર કરાવ્યું. ગોપાલે પણ મોટા સંઘ સાથે શ્રી શત્રુંજયગિરિપર જઇ શ્રી ઋષભદે પ્રભુને પૂજા પૂર્વક નમસ્કાર કર્યાં. અગ્નિવડે ગામ સળગે છતે શ્રી ચંદ્રપ્રભપ્રભુનું બિંબ બળ્યું નહિ કારણકે એનો પ્રગટ પ્રભાવ છે,

અગ્નિ વડે બીજુ બિંબ બળી ગયે છતે તે લક્ષ્મીપતિ ગોપાલે ધનનો વ્યય કરી ( બીજું બિંબ ) સ્થાપન કર્યું, તપાગચ્છમાં ધુરંધર એવા રત્નશેખર સૂરીશ્વરે – ૧૫૧૬ – વર્ષે તેની પ્રતિષ્ઠા કરી, હમણાં હંમેશાં રત્નશેખર સૂરીશ્વરના પ્રસાદથી જૈનો મોક્ષને માટે ધર્મકાર્યો કરે છે. ગોપાલ ધનેશ્વરે પણ શ્રી શત્રુંજય મહાતીર્થ ઉપર ઘણા સંઘ સહિત સારા ઉત્સવપૂર્વક ઘણી યાત્રા કરી.

**આ પ્રમાણે વાગડ શ્રી ચંદ્રપ્રભ જિનેશ્વરનો સંબંધ સંપૂર્ણ.**

# પાંચ પાંડવોએ કરેલો શ્રી શત્રુંજયનો ઉધ્ધાર અને ૨૦ – ક્રોડ સાથે મુક્તિગમન

*कयजिणपडिमुद्धारा, पंडवा जत्थ वीसकोडिजुआ।*
*मुत्तिनिलयं पत्ता, तं सित्तुंजयमहतित्थं ॥२५॥*

કર્યો છે જિન પ્રતિમાનો ઉધ્ધાર જેણે એવા પાંડવો જ્યાં વીસક્રોડીસહિત મુક્તિરૂપી ઘરને પામ્યા તે શ્રી શત્રુંજય મહાતીર્થ છે.

વ્યાખ્યા : – કર્યો છે પ્રતિમાનો ઉધ્ધાર જેણે એવા યુધિષ્ઠિર વગેરે પાંચ પાંડવો જે તીર્થમાં વીસ ક્રોડ સહિત મુક્તિરૂપી ઘરને પામ્યા તે શત્રુંજ્ય તીર્થ મહાન છે.

અહીં તેઓની કથાક્હે છે : – પહેલાં શ્રી ઋષભદેવ પ્રભુનો કુરુનામે પુત્ર હતો. તેના નામથી હસ્તિનાપુર થયું. તેના વંશમાં (પરંપરામાં) દેદીપ્યમાન પરાક્રમવાલો વિશ્વવીર્ય નામે રાજા થયો. તે કુમાર ચક્રવર્તી થયો. તેનો પુત્ર – લસદ્બલ થયો. અને તે અંતે દીક્ષા લઇને ત્રીજા દેવલોકમાં ગયો, તેની કથા વિસ્તારથી પોતાની જાતે જાણી લેવી.

કારણકે કેટલાક સત્પુરુષો સનત્કુમારની પેઠે થોડા એવા નિમિત્તથી પ્રતિબોધ પામે છે. જે કારણથી દેવે તેને દેહને વિષે ક્ષણમાં હાનિ કહી હતી. તેના વંશમાં અનુક્રમે શાંતિ – કુંથુ ને અર નામે જિનેશ્વર થયા, અને તે ત્રણે જિનેશ્વરો ચક્રવર્તી થયા. તેની પછી ઈન્દ્રકેતુ થયા, અને તે પછી શત્રુના સમૂહનો અંત કરનાર કીર્તિકેતુ – શુભવીર્ય – સુવીર્ય અને અનંતવીર્ય રાજા થયા. તેનાથી કૃતવીર્ય અને તેનાથી સુભૂમ નામે ઉત્તમ નીતિવાલો ચક્રવર્તીથયો. તે પછી અસંખ્ય રાજાઓ થયે છતે શાન્તનુ નામે રાજા થયા. તે શાન્તનુ રાજા ન્યાયપૂર્વક હસ્તિનાપુર નગરનું પાલન કરતા હતા પરંતુ સ્વભાવથી વૈરીરૂપી હાથીઓનો નાશ કરવામાં સિંહસરખા વ્યસની હતા.

એક વખત નીલ વસ્ત્રને ધારણ કરનારા, શસ્ત્રની પંક્તિને ધારણ કરનારા શાન્તનુ રાજા અરણ્યમાં ગયા. ત્યાં ચારે બાજુથી મૃગ વગેરે પશુઓને ત્રાસ પમાડતા હતા. શિકારના રસથી વ્યાપ્ત – ઘોડાવડે ખેંચાયેલા વનમાં જતાં ધારણ કર્યું છે ધનુષ્ય જેણે એવા શાન્તનુ રાજાએ મૃગની પાછળ જતાં ઘણી પૃથ્વી ઉલ્લંઘન કરી ત્યારે મૃગ નાસી ગયો. ગંગા નદીના કિનારે આકાશમાર્ગ સુધી ગયેલું ચૈત્ય જોયું. આ શું છે ? કૈલાસ પર્વત છે ? કાંચનગિરિ છે ? એ પ્રમાણે વિચાર કરતો રાજા મનોહર એવા તે ચૈત્યની અંદર ગયો. તે ચૈત્યમાં શ્રી ઋષભદેવ પ્રભુને નમસ્કાર કરી વિશાલ સ્તોત્રોવડે સ્તુતિ કરી. હર્ષપામેલો શાન્તનુ રાજા ઓટલાઉપર બેઠો.

આ બાજુ ત્યાં દેવપૂજા કરવા માટે આવેલી કન્યા જોઈને રાજા વિચારવા લાગ્યો કે શું આ દેવાંગના છે ? કે પાતાલ કન્યા છે ? જિનેશ્વરની પૂજા કરીને જેટલામાં કન્યા ધીમે ધીમે પાછી વળી તેટલામાં રાજાએ કહ્યું કે તું કોણ છે ? અને કયા રાજાની કન્યા છે ? તે વખતે કોઈક પુરુષે આવી નમસ્કાર કરી પ્રથમ બોધિને ( જ્ઞાનને ) આપનારા એવા તેણે કહ્યું. તમે આ સ્ત્રીનું સુંદર ચરિત્ર સાંભળો

આ સર્વ શાસ્ત્રના અર્થમાં પારંગત – જહ્નુ રાજાની ગંગા નામની કન્યા છે. મનુષ્યના મનને મોહ પમાડનાર – યૌવનને પામી છે. પિતાના ખોળામાં તે કન્યા હતી ત્યારે પ્રાત:કાલમાં કોઈક જ્ઞાની એવા ચારણમુનિ આવ્યા તેને આસન પર બેસાડી સ્તુતિ કરી. જહ્નુરાજાએ કહ્યું કે આ કન્યાનો પ્રતિરૂપવડે અને વિદ્યાવડે સરખો કયો વર છે તે કહો. મુનિએ કહ્યું કે

ગંગા નદીને કિનારે ઘોડાથી ખેંચાયેલો શાન્તનુ રાજા આવશે. તે આ કન્યાનો યોગ્ય વર થશે. એ પ્રમાણે કહીને તે મુનિ ગયે છતે પિતાના આદેશથી આ સર્વજ્ઞનું જિનમંદિર કરાવીને બોધિને આપનાર એવા સર્વજ્ઞ અને યતિ વગેરેને જણાવનારું તે મંદિર છે. કહ્યું છે કે –

**वरगंधधूवचोक्खक्खएहिं, कुसुमेहिं पवरदीवेहिं।**
**नेवेज्ज फलजलेहिं अ, जिणपूआ अट्ठहा भणिया ॥१॥**
**नेत्रानन्दकरी भवोदधितरी श्रेयस्तरोर्मञ्जरी,**
**श्रीमद्धर्ममहानरेद्रनगरी व्यापल्लताधूमरी।**
**हर्षोत्कर्षशुभप्रभावलहरी भावद्विषां जित्वरी,**
**पूजाश्रीजिनपुङ्गवस्य विहिता श्रेयस्करी देहिनाम् ॥२॥**

શ્રેષ્ઠ – ગંધ ધૂપ – ચૂર્ણ નિર્મલ એવા અક્ષત પુષ્પ શ્રેષ્ઠ દીપક , નૈવેદ્ય ફલ અને જલવડે આઠ પ્રકારે જિન પૂજા કહી છે. (૧) જિનેશ્વરની કરાયેલી પૂજા નેત્રને આનંદ કરનારી છે. સંસાર સમુદ્રને તારનારી છે. કલ્યાણરૂપી વૃક્ષની મંજરી છે. ધર્મરૂપી મહારાજાની નગરી છે. સંકટરૂપી વેલને નાશ કરવામાં વંટોળિયા સરખી છે. હર્ષના ઉત્કર્ષ અને શુભપ્રભાવરૂપી તરંગવાલી છે. ભાવશત્રુઓને જીતનારી છે. અને પ્રાણીઓનું કલ્યાણ કરનારી છે. જો અહીં આજે રાજા સાથે પાણિગ્રહણ કરાય તો પિતા અને માતાને ઘણો હર્ષ થાય. હે રાજન્ ! આજે તમે ઘોડાવડે ખેંચાયેલા અહીં આવ્યા છો. આથી તમે શાન્તનુ રાજા છો. (એથી) આનું પાણિગ્રહણ કરો. આ પ્રમાણે સાંભળીને શાન્તનુ રાજાએ કહ્યું કે હું તે રાજા છું જો તમને ગમતું હોય તો તમારું કહેલું જલદી થાવ. તેનું મન પોતાનામાં આસક્ત જાણીને જહ્નુરાજાની પુત્રી ગંગાએ કહ્યું કે હું તે વરને પસંદ કરું કે જે મારું કહેલું કરનારો હોય. હું જે ધર્મવિષયવાળું કાર્ય કરું હે રાજા ! જો તમે તે કરો તો હમણાં તમારું ઇષ્ટ થાય. તેના રુપથી મોહપામેલા શાન્તનુ રાજાએ કહ્યું કે તું જે જે કહીશ તે તે હું નિશ્ચે કરીશ.

ગંગાવડે બોલાવાયેલા પિતાએ તે જ વખતે ત્યાં આવીને તે શાન્તનુ રાજાને શ્રી ઋષભદેવ પ્રભુની સાક્ષીએ પુત્રી આપી. જહ્નુરાજા એ શાન્તનુ રાજાને કન્યા આપી શ્રી ઋષભદેવ પ્રભુને પ્રણામ કરી શાન્તનુરાજા અને પુત્રીની રજા લઇ પોતાની નગરીમાં ગયો. આ બાજુ બે સાધુ ત્યાં આવીને બલાનકમાં રહેલા જિનેશ્વરને નમસ્કાર કરી જિનેશ્વરના ગુણનું વર્ણન કરતા રહ્યા. શાન્તનુ રાજાએ કહ્યું કે તમે બન્ને ક્યા સ્થાનકેથી અહીં આવ્યા છો ? તે બન્નેમાંના મોટા સાધુએ મધુરવાણીવડે કહ્યું. ઉજ્જયંતગિરિ ઉપર સર્વજ્ઞ એવા નેમિનાથ ભગવાનને ભક્તિથી નમસ્કાર કરી જેટલામાં અમે શ્રેષ્ઠ આત્માને વિષે ધ્યાન કરવા માટે રહ્યા તેટલામાં સૂર્યનાં કિરણ સરખા આકારવાલો તેજનો પુંજ દશે દિશાને પ્રકાશિત કરતો તે મનુષ્ય પાસે આવ્યો અને નેમિજિનને નમસ્કાર કર્યો.

ધ્યાનના અંતે શ્રી જિનેશ્વરની આગળ વારંવાર નમસ્કાર કરતો શ્રેષ્ઠ એવા તેજપુંજ દેવ અમારા બન્નેવડે તે વખતે જોવાયો. તે પછી એક મુનિએ પૂછ્યું કે અહીં તું કોણ છે ? તે દેવે કહ્યું કે આ પર્વતની નજીકમાં સુગ્રામ નામના ગામને વિષે ભીમદેવ નામે ક્ષત્રિય યાત્રિક ધાર્મિક મનુષ્યોને દ્રવ્ય – વસ્ત્ર આદિ અપહરણ કરવાથી ઉપદ્રવ કરતો હતો. તેઓની હત્યાના પાપવડે મારા અંગમાં લૂતા નામે રોગ થયો. જ્યારે મારો તે રોગ ગયો નહિ ત્યારે એક મુનિ મલ્યા. તે મુનિ નવપૂર્વ ભણીને પૃથ્વીઉપર ગુરુની આજ્ઞાવડે હંમેશાં આદરથી વિહાર કરતા હતા

**पडिवज्जइ - संपुण्णो - संघयणी धिइजुओ महासत्तो।**
**पडिवज्ज जिणमयम्मि, सम्मं गुरुणा अणुण्णाओ ।।१।।**
**गच्छेवि अ निम्माओ, जा पुव्वा दस चेव संपुन्ना।**
**नवमस्स तइयवत्थू, होइ जहन्नो सुयाभिगमो ।।२।।**

સંપૂર્ણ સંઘયણવાલો ધીરજથી યુક્ત મહાસત્ત્વશાલી જિનમતમાં સારી રીતે ગુરુવડે અનુજ્ઞા કરાયેલો સંપૂર્ણ દશપૂર્વ સ્વીકારે છે.

ગચ્છને વિષે પણ માયા વગરના ને જઘન્યથી નવમા પૂર્વની ત્રીજી વસ્તુ સુધી શ્રુતની પ્રાપ્તિ હોય,

ઇત્યાદિ આવશ્યક સૂત્રમાં કહ્યું છે, તે મુનિને વંદન કરીને પૂછ્યું કે મારો રોગ કઇ રીતે જશે ? જ્ઞાનવડે જોઇને જ્ઞાની એવા તે મુનિએ ધર્મના હેતુથી આ કહ્યું. પહેલાં શ્રી ઋષભદેવપ્રભુના પુત્ર પ્રથમ ચક્વર્તી ભરતે ગિરનાર નામના પર્વત ઉપર શ્રી નેમિનાથનું મંદિર કરાવ્યું છે. નેમિનાથ પ્રભુની પૂજા કરતાં પાપની સાથે તારો રોગ જશે. તે પછી તે મનુષ્ય ઉજ્જયંતગિરિ ઉપર જઇને શ્રી નેમિનાથની પૂજા કરે છે. ભાવપૂર્વક નેમિનાથની પુષ્પોવડે હર્ષપૂર્વક પૂજા કરતાં તે ભવમાં તેના અંગમાંથી રોગ ગયો ને ઘણાં પાપનો સમૂહ ગયો. ત્યાંથી મરીને શ્રી નેમિનાથ પ્રભુની પૂજાના પ્રભાવથી પહેલા દેવલોકમાં આવા પ્રકારના રૂપવાલો દેવ થયો. અવધિજ્ઞાનથી પૂર્વભવ જાણીને અહીં મેં જિનેશ્વરની પૂજા કરી. આ ભવથી આગળ હું મોક્ષમાં જઇશ. સિદ્ધિવિનાયક નામનો દેવ એવો હું આ શિખર પર રહ્યો છું, અને હંમેશાં સંઘલોકના વિઘ્નોને હરણ કરું છું. કહ્યું છે કે :

**पापं लुम्पति दुर्गतिं दलयति व्यापादयत्यापदं,**
**पुण्यं संचिनुते श्रियोवितनुते पुष्णाति नीरोगताम्।**
**सौभाग्यं विदधाति पल्लवयति प्रीतिं प्रसूते यशः,**
**स्वर्गं यच्छति निर्वृत्तिंरचयत्यचार्हतां निर्मिता।।१।।**
**फलं पूजाविधातुः स्यात्, सौभाग्यं जनमान्यता।**
**ऐश्वर्यरूपमारोग्यं, स्वर्गमोक्ष सुखान्यपि।।२।।**

અરિહંતોની પૂજા કરે છે તે પાપનો નાશ કરે છે. દુર્ગતિને દળી નાંખે છે. આપત્તિનો નાશ કરે છે. પુણ્યને એકઠું કરે છે. લક્ષ્મીને વિસ્તારે છે. નીરોગીપણાનું પોષણ કરે છે. સૌભાગ્યને કરે છે. પ્રીતિને પલ્લવિત કરે છે. યશ ઉત્પન્ન કરે છે. સ્વર્ગને આપે છે. મોક્ષની રચના કરે છે ( આપે છે ) પૂજા કરનારને સૌભાગ્ય – લોકમાન્યપણું – ઐશ્વર્ય રૂપ – આરોગ્ય – સ્વર્ગ ને મોક્ષના સુખરૂપી ફલ થાય .

આ પ્રમાણે રૈવતતીર્થનું મોક્ષના સુખને આપનારું માહાત્મ્ય સાંભળીને શ્રી નેમિનાથ જિનેશ્વરને નમસ્કાર કરી તે વખતે તે બન્નેને કહ્યું કે – અહીં આપે જે તીર્થનું માહાત્મ્ય કહ્યું તે સાચું છે. તમે પુણ્યવાન છો. કારણકે દેવની લાંબાકાળ સુધી સેવામાં તત્પર છો. બીજાં તીર્થોમાં ગામે ગામે ને નગરે નગરે જિનેશ્વરોને નમસ્કાર કરતાં પ્રથમ તીર્થંકરને નમસ્કાર કરવા માટે અમે અહીં આવ્યા છીએ કહ્યું છે કે : –

**जिनं पूजयतां ध्यानं, कुर्वतामर्हतः सताम्।**
**नमतां तन्वतांजीव - रक्षां मुक्तिसुखं भवेत्।।१।।**

શ્રી જિનેશ્વરની પૂજા કરતાં, અરિહંતોનું ધ્યાન કરતાં, સત્પુરુષોને નમસ્કાર કરતાં અને જીવોની રક્ષા કરનારાઓને મોક્ષનું સુખ થાય. આ પ્રમાણે કહીને તે બન્ને સાધુ ગયા ત્યારે શાન્તનુ રાજા વિચારવા લાગ્યો કે ક્યારે હું રૈવતઉપર જિનેશ્વરની પૂજા કરું ? આ પ્રમાણે શાન્તનુ રાજા વિચાર કરતા હતા ત્યારે અકસ્માત્ સૈન્ય આવ્યું, અને હર્ષથી શાન્તનુ રાજાનાં ચરણોને નમ્યું. તે વખતે યાચક લોકો મોટેથી જય જય શબ્દ બોલતા હતા અને સેવકો પ્રભુનાં – સ્વામીનાં બે ચરણોને નમસ્કાર કરવા લાગ્યા. તે પછી રાજાએ તેઓને આગમનનું વૃત્તાંત કહીને પ્રિયા સહિત હાથી પર ચડેલો પોતાના નગરમાં આવ્યો. કેટલોક કાળ ગયો ત્યારે શાન્તનુ રાજાની ગંગા સ્ત્રીએ ઉત્તમ સ્વપ્નથી સૂચિત શ્રેષ્ઠરૂપવાલા પુત્રને જન્મ આપ્યો. પિતાએ જન્મોત્સવ કરીને તેનું ગાંગેય એ પ્રમાણે નામ આપ્યું અનુક્રમે કાંતિવડે તે સૂર્ય સરખો થયો. જેથી કહ્યું છે કે : –

तेजोभि र्भास्कर इव, कलाभिरमृतांशुवत्;
कवि: कवित्व करणाद्, बुधो विबुधवत्पुन: ।।१।।
गुरुवत् सर्वविद्यावि - न्मङ्गलो मङ्गलाकृते:,
असत्कर्मणिमन्दोऽभूद्, गाङ्गेय: शान्तनूद्भव: ।।२।।

તેજથી સૂર્ય જેવો, કલાથી ચંદ્ર જેવો, કવિત્વ કરવાથી કવિ જેવો દેવની જેમ બુધ, ગુરુની જેમ સર્વ વિદ્યાને જાણનારો ને મંગલઆકૃતિથી મંગલ જેવો ને ખરાબ કાર્યોને વિષે મંદ એવો શાન્તનુ રાજાનો પુત્ર ગાંગેય હતો. "

ગંગાએ કહ્યું કે હે સ્વામી ! તમે શિકારનું વ્યસન છોડી દો, શિકારથી આલોક અને પરલોકમાં દુ:ખની પરંપરા થાય છે. નિષેધ કરવા છતાં પણ શાન્તનુ રાજાએ જ્યારે શિકારને ન છોડ્યો ત્યારે ગંગાએ કહ્યું કે વ્યસનથી મનુષ્યોને નરક થાય છે.

द्युतंच मांसं च सुराच वेश्या, पापर्द्धिचौर्ये परदारसेवा।
एतानि सप्त व्यसनानि लोके, घोरातिघोरं नरकं नयन्ति।।
वैरं वौश्वानरं व्याधि - वाद व्यसन लक्षणा: ।
महानर्थाय जायन्ते, वकारा: पञ्च वर्द्धिता: ।।

જુગાર – માંસ – મદિરા – વેશ્યા – શિકાર – ચોરી ને પરસ્ત્રી ગમન એ સાત વ્યસનો લોકમાં અતિભયંકર એવા નરકમાં લઈ જાય છે. વૈર – વૈશ્વાનર ( અગ્નિ ) વ્યાધિ – વાદ અને વ્યસન લક્ષણવાળા વૃધ્ધિ પામેલા પાંચ વકાર મોટા અનર્થ માટે થાય છે. આ પ્રમાણે કહેવાયેલો શાન્તનુ રાજા જ્યારે વ્યસન છોડતો નથી ત્યારે ગંગા પુત્રને લઈને પિતાના ઘરે ગઈ. વનમાંથી ઘરે આવેલા શાન્તનુ રાજા પુત્ર સહિત પ્રિયાને નહિ જોવાથી મૂર્ચ્છા પામ્યો. પ્રાપ્ત થયું છે ચૈતન્ય જેને એવો તે આ પ્રમાણે બોલ્યો કે હે ગંગા ! આનંદપૂર્વક કામદેવ વડે તીક્ષ્ણ બાણોવડે છેદાતાં મારા અંગોને જોઈને તું કેમ ઉપેક્ષા કરે છે ? તું ક્ષત્રિયાણી છે. આજે તારા વિના મારા પ્રાણો પ્રયાણ કરશે. આથી પ્રાણોને સ્થિર કરવા માટે હમણાં તું આવ, મંત્રીઓએ કહ્યું કે અસ્થિર એવા શોકરૂપીવાયુવડે હે રાજન ! તમે હમણાં કેમ પીડા પામો છો ? કારણકે રાજાઓ મેરુની જેમ સ્થિર હોય છે. પ્રાણીઓના સંયોગો હંમેશાં થાય અથવા ન થાય. તેના માટે ક્યો બુધ્ધિશાળી, હર્ષ ને શોકવડે પીડા પામે ?

धर्मशोकभयाहार - निद्राकामकलिक्रुध: ।
यावन्मात्राविधीयन्ते, तावन्मात्रा भवन्त्यमी।।

ધર્મ – શોક – ભય – આહાર – નિદ્રા – કામ – કજિયો ને ક્રોધ જેટલી માત્રાએ કરાય તેટલી માત્રાએ થાય છે. તમે પ્રિયાની આગળ શિકાર છોડવાની જે પ્રતિજ્ઞા કરી હતી. તે તમે હમણાં ત્યજી દીધી છે. તેથી પ્રિયાએ તમને

ત્યજી દીધા. આ પ્રમાણે વચનની યુક્તિવડે બોધ કરાયેલા શાન્તનુ રાજાએ બાહ્યથી શોકને છોડી દીધો. પરંતુ અંતરંગ શોકને જરાપણ ન ત્યજ્યો. ચોવીશ વર્ષ પત્ની વિના તે વખતે ચિત્તમાં દુઃખી થયેલા શાન્તનુ રાજાએ શોકથી વ્યાપ્ત પસાર કર્યાં. આ બાજુ પિતાના ઘરમાં રહેલી ગંગાએ ગાંગેય પુત્રને હંમેશાં સારી રીતે અન્નપાન આપવાવડે મોટો કર્યો. ગંગાપુત્રે – ગુરુ પાસે કલાઓને શીખીને ધનુર્વિદ્યાને ભણતાં અનુક્રમે સંપૂર્ણ ધનુર્વિદ્યાને જાણી, જેમ અષાઢમાસ લાખો જલધારાવડે વર્ષે છે તેમ ગંગાપુત્ર બાણોની શ્રેણિવડે વર્ષે છે. સર્વશાસ્ત્રરૂપી સમુદ્રનો પારંગત ગાંગેય ગુરુ પાસે દયામૂલ ધર્મ સાંભલતો હૃદયમાં વિરાગવાળો થયો, ગાંગેય સદ્ગુરુપાસે હંમેશાં આદરથી ધર્મ સાંભળતો ગંગાના કિનારે વનમાં જાય છે. અને દેવને અત્યંત નમસ્કાર કરે છે.

આ બાજુ શાન્તનુ રાજા ઘણા સેવકો સહિત ભમતો ગંગાના કિનારે રહેલો વનની અંદર શિકાર માટે આવ્યો, કૂતરાઓના ભ્રમણવડે ને શિકારીઓના હાંકના શબ્દોવડે વિવિધ પ્રકારનાં પશુઓથી વ્યાપ્ત તે વન વ્યાકુલ થયું, કેટલાંક પશુઓનાં સમૂહો ત્યાં ( મનુષ્યોથી ) વીંટળાયેલાં હોવા છતાં પણ નાસી જાય છે. અને કેટલાંક બાણોવડે વીંધાયેલાં – હણાયેલાં યમરાજાના ઘરે પહોંચ્યાં. ત્રાસ પામતાં હરણો આકાશમાં ચંદ્રના ખોળામાં રહેલા મૃગને મળવામાટે તે વનમાં વેગથી કૂદકા મારવા લાગ્યાં. તે વનમાં શાન્તનુરાજા ઘણાં પશુઓને હણતો ગાંગેયવડે જોવાયો. અને ભક્તિ વડે નમાયો. ( નમન કરાયો ) અને તે વખતે તેણે રાજાને આ પ્રમાણે કહ્યું કે હે રાજન્! તમે ન્યાયમાર્ગથી લોકોનું પાલન કરનારા છો. તેથી તમારે વિઘ્નથી બધા જીવોની રક્ષા કરવી જોઇએ. કહ્યું છે કે ક્ષત્રિયો અપરાધી પ્રાણીઓને મારે છે નિરપરાધીઓને મારતા નથી, તો તમે હમણાં નિરપરાધી એવાં પ્રાણીઓને કેમ મારો છો ?

**पङ्गुकुष्ठिकुणित्वादि, दृष्ट्वा हिंसाफलं सुधीः।**
**निरागस्त्रसजन्तूनां, हिंसा, सङ्कल्पतस्त्यजेत्॥२॥**
**आत्मवत्सर्वभूतेषु, सुखदुःखे प्रियाप्रिये।**
**चिन्तयन्नात्मनोऽनिष्टां - हिंसामन्यस्य नाचरेत्॥३॥**
**निरर्थिकां न कुर्वीत - जीवेषु स्थावरेष्वपि।**
**हिंसामहिंसा धर्म्मज्ञः, काङ्क्षन् मोक्षमुपासकः॥७॥**
**प्राणी प्राणितलोभेन - यो राज्यमपि मुच्चति।**
**तद्वधोत्थमघं सर्वो - र्वीदानेऽपि न शाम्यति॥८॥**
**वने निरपराधानां, वायुतोयतृणाशिनाम्।**
**निघ्नन् मृगानां मांसार्थी, विशिष्येत कथं शुनः ? ॥९॥**
**दीर्यमाणः कुशेनापि, यः स्वाङ्गेहन्त दूयते।**
**निर्मून्तून् स कथं जन्तू-नन्तयेन्निशितायुधैः॥१०॥**

પંગુ – કોઢિયા – ઠૂંઠા – વગેરે હિંસાના ફલને જોઇને સારી બુધ્ધિવાલા પુરુષે નિરપરાધી એવા ત્રસ જીવોની હિંસા સંકલ્પથી ( મનથી ) છોડવી જોઇએ. પોતાની જેમ સર્વજીવોને વિષે પ્રિય અને અપ્રિય સુખ ને દુઃખને વિચારનારા

હોય છે. પોતાને અનિષ્ટ એવી હિંસા અન્યની ન કરવી જોઇએ. મોક્ષને ઇચ્છના અને અહિંસા ધર્મને જાણનારા શ્રાવકે સ્થાવર જીવોને વિષે પણ નકામી હિંસા ન કરવી. પ્રાણી જીવિતના લોભવડે રાજ્યને પણ છોડી દે છે. તેના વધથી ઉત્પન્ન થયેલ પાપ પણ સર્વપૃથ્વી ( દાનમાં ) આપે તો પણ શાંત થતું નથી. વનમાં અપરાધ વગરનાં – પવન – પાણીને ઘાસનું ભોજન કરનારાં પશુઓને હણનારો માંસનો અર્થી કૂતરા કરતાં કઇ રીતે ચઢિયાતો છે ?

જે દાભના ઘાસવડે પણ પોતાના અંગમાં ચિરાતો દુ:ખ પામે છે તે નિરપરાધી પ્રાણીઓને તીક્ષ્ણ હથિયારો વડે ખેદ કેમ પમાડે ? આ પ્રમાણે ગંગાના પુત્રવડે નિષેધ કરાયેલો એવો પણ શિકારમાં લંપટ શાન્તનુ રાજા પશુઓને હણવા માટે પ્રવર્ત્યો. તે વખતે ગંગાના પુત્રે દોરી ઉપર ધનુષ્યને ચઢાવેલું કરીને મજબૂત એવો ટણત્કાર શબ્દ કર્યો ( ધનુષ્યટંકાર કર્યો ) જેથી પશુઓ નાસી ગયાં. મજબૂત સિંહનાદ કરતાં તેણે રાજાના સેવક એવા શિકારીઓને ત્રાસ પમાડ્યો ગંગાપુત્ર શાન્તનુ રાજા પાસે ગયો. તે વખતે ધનુષ્યધારી ને યુધ્ધપ્રિય એવા હાથના બલથી ગર્વિષ્ઠ થયેલા શાન્તનુ રાજાએ ગંગાપુત્રને યુધ્ધ માટે બોલાવ્યો.

ગંગાપુત્ર અને શાન્તનુરાજા ક્રોપથી વ્યાપ્ત અને રણના રસમાં પ્રિય એવા યમરાજની જેમ બાણ છોડતાં પરસ્પર યુધ્ધ કરવા લાગ્યા. તે વખતે રણમાં પુત્ર અને ધણીને પરસ્પર યુધ્ધ કરતાં જાણીને ગંગાએ શરૂઆતમાં પુત્રની આગળ આવીને કહ્યું કે હે પુત્ર ! આ તારો પિતા શાન્તનુ રાજા છે. તે પિતાની સાથે યુધ્ધ કરવું જરા પણ યોગ્ય નથી. તે પછી ગંગાએ પતિની પાસે જઇને પ્રગટપણે કહ્યું કે આ તમારો પુત્ર છે. તેની સાથે યુધ્ધ કરવું સારું નથી. તે પછી ગંગાપુત્રે ધનુષ્ય છોડી દઇ મસ્તક નમાવ્યું. જેટલામાં ( પાસે ) ગયો તેટલામાં પિતા સન્મુખ આવ્યો. જે વખતે ગંગાપુત્ર આવીને પિતાનાં ચરણોમાં આળોટ્યો , તે વખતે પિતાએ બે હાથવડે આલિંગન કરીને પુત્રને મુખપર ચુંબન કર્યું. શાન્તનુ રાજાએ કહ્યું કે હે પત્ની ! તું પુત્ર સહિત પોતાના રાજ્યને હમણાં જલદી અંગીકાર કર. કારણકે તું વલ્લભા છે. તે પછી ગંગાએ કહ્યું કે હે સ્વામી ! તમે જે પ્રતિજ્ઞા કરી હતી તે તમે જીવોની હિંસા કરતાં હમણાં નિશ્ચે લોપ કરી છે. જે હિંસા નરક ને તિર્યંચગતિને આપનારી છે ( તે ) તમે છોડી નથી. એથી હું તમારા ઘરે આવીશ નહિ. મારાવડે આ તમારો પુત્ર સારા અન્નપાનવડે મોટો કરાયો છે. તે તેના પિતા પાસે વિનયથી યુક્ત રહો. તમારાવડે જીવને ઘાત કરનારી હિંસા છોડી શકાય તેમ નથી, તેથી હમણાં મને પિતાના ઘરે રહેવા માટે આદેશ આપો. શાન્તનુ રાજાએ ગંગાને પિતાના ઘરે રહેવા માટે કહ્યું, તે પછી શાન્તનુ રાજા પુત્ર સહિત પોતાના નગરમાં ગયો.

ન્યાયથી રાજ્યનું પાલન કરતો પુત્ર સાથે રાજા શોભતો હતો. જેમ દિવસવડે સૂર્ય અને કમલવડે તલાવ, એક વખત શાન્તનુ રાજા ઘોડાપર ચઢેલો યમુના નદીના કિનારે ગયો. તેના પ્રવાહને જોઇને ચિત્તમાં આ પ્રમાણે વિચારવા લાગ્યો

**किमेषा भूस्त्रिया वेणि स्तस्या एवाक्षिकज्जलम्,**<br>**किं वाप्सरः कुचभ्रष्टा कस्तूरीवाम्बुधरः किमु ? ।**<br>**किमस्या नीरमादाय – वारिदः कज्जलप्रभः,**<br>**तस्योत्सर्गात् पुनः ती जायते स शर द्तौ ? ।।**

શું આ પૃથ્વીરૂપી સ્ત્રીની વેણી છે ? અથવા તેની આંખનું કાજલ છે ? અથવા અપ્સરાના સ્તનમાંથી ભ્રષ્ટ થયેલી કસ્તુરી છે ? અથવા શું મેઘ છે ? શું આનુંપાણી લઈને કાજલ સરખો મેઘ છે ? ( કારણકે ) તેનો ત્યાગ કરવાથી તે શરદ ઋતુમાં શ્વેત થાય છે ॥ આ બાજુ હોડી ઉપર ચઢે ી દિવ્ય રૂપવાલી કોઈ સ્ત્રી આવી તેને જોઈને રાજા વિચારવા લાગ્યો કે શું આ યમુના દેવી છે ? જો હું આ શ્રેષ્ઠ સ્ત્રીનું પાણિગ્રહણ કરું તો મારો અને એનો જન્મ નિશ્ચે સફલ થાય. આ પ્રમાણે વિચારીને રાજાએ પૂછ્યું કે આ કોની કન્યા છે ? નાવના સ્વામીએ કહ્યું કે આ મારી ગુણથી શોભતી પુત્રી છે. બીજા ગ્રંથમાં કહ્યું છે કે : –

**विज्ञाताखिलशास्त्रौघा, - जङ्गमेव सरस्वती।**
**सर्वलक्षणसंपूर्णा, लक्ष्मीरिव शरीरिणी ॥१॥**
**दिव्यौषधि वसन्तस्य, सर्वरोगविघातिनी।**
**कल्पवल्लीव गेहस्था, दारिद्र्याद्रिविदारिणी ॥२॥**
**निष्कलङ्केन्दुलेखेव, गुरुकाव्यबुधाश्रया।**
**द्यौरिवासदृशो श्रेयोयुक्ता, कुमारिकाऽगमत् ॥३॥**

જેણે સર્વ શાસ્ત્રનો સમૂહ જાણ્યો છે, એવી આ જંગમ સરસ્વતી છે. અને સર્વ લક્ષણોથી સંપૂર્ણ જાણે શરીરધારી લક્ષ્મી છે. સર્વરોગનો નાશ કરનારી વસંતની દિવ્ય ઔષધિ છે. દારિદ્રરૂપી પર્વતને ચીરનારી ઘરમાં થયેલી કલ્પવલ્લી છે. કલંકરહિત ચંદ્રનીલેખાની જેમ મોટા કાવ્ય અને બુધનો આશ્રય કરનારી. તે ઘણાં કલ્યાણથી યુક્ત ને આકાશની જેવી તે કુમારિકા આવી.

નાવિક ગયો ત્યારે રાજાએ તે વખતે ઘરે આવીને મંત્રીઓને મોકલીને તે કન્યાની માંગણી કરી. કન્યાના પિતાએ કહ્યું કે અમે નીચ છીએ. રાજા ઉત્તમ છે. સરખા કુલવાલાઓનો વિવાહ અત્યંત શોભે છે.

**मृगा मृगैः सङ्गमनुव्रजन्ति, गावश्चगोभिस्तुरगास्तुरङ्गैः।**
**मूर्खाश्च मूर्खैः सुधियः सुधीभिः समानशीलव्यवसनैश्च योगः ॥१॥**

મૃગો, મૃગની સાથે સંગને પામે છે બળદો બળદની સાથે, ઘોડાઓ ઘોડાની સાથે, મૂર્ખાઓ મૂર્ખાઓની સાથે અને બુધ્ધિવાલાઓ બુધ્ધિવાલાની સાથે સંગને પામે છે. જેનાં શીલ અને વ્યસનો સરખાં હોય તેની સાથે યોગ થાય છે. મંત્રીઓએ કહ્યું કે રાજા નીચ કુલમાં ઉત્પન્ન થયેલી એવી પણ કન્યાને અશુચિમાં રહેલા સોનાની જેમ અંગીકાર કરે છે. નાવિકે કહ્યું કે રાજાને કુલીન એવી સ્ત્રીઓ છે. નીચ કુલમાં ઉત્પન્ન થયેલી આ (કન્યા) અપમાન પામશે. ગંગા પત્નીથી ઉત્પન્ન થયેલો એને ગાંગેય નામે પરાક્રમી પુત્ર છે. તેને નિશ્ચે કાલક્રમે રાજ્ય થશે. મંત્રીશ્વરે રાજાની પાસે આવીને નાવિકે કહેલું જણાવ્યું. તે જ ક્ષણે રાજા શ્યામ મુખવાલો થયો.

આ જાણીને ગંગાપુત્રે નાવિક પાસે આવીને કહ્યું કે હે ઉત્તમ નાવિક ! મારા પિતાને તું આ કન્યા આપ. આ

તારી પુત્રી ગંગાની જેમ નિરંતર મારે પૂજ્ય છે. હું પહેલાં સંયમ લક્ષ્મીને વિષે રાગવાલો છું. હે નાવિક ! મારે યાવજ્જીવ બ્રહ્મચર્ય હો. આથી તારી પુત્રીનો પુત્ર રાજ્ય લક્ષ્મીને ભજનારો થશે.

**अत्रार्थे तपनः साक्षी, साक्षिणो निर्जराः पुनः ।**
**भूपः साक्षी वृषं साक्षी, कन्याऽतो दीयतां पितुः ।।**

અહીં આ વાતમાં સૂર્ય સાક્ષી છે. દેવો સાક્ષી છે. રાજા સાક્ષી છે. ધર્મ સાક્ષી છે. આથી મારા પિતાને કન્યા આપો. આ પ્રમાણે ગાંગેયે કહ્યું ત્યારે દેવોએ ગાંગેયના મસ્તક પર પુષ્પવૃષ્ટિ કરીને ઉચ્ચસ્વરે કહ્યું હે ગાંગેય ! લાંબા કાળ સુધી તું જય પામ, નિશ્ચે તું બ્રહ્મચર્ય વ્રતને ધારણ કરનારો છે. સ્વર્ગ અને મોક્ષના સુખને આપનારું આ ✽ ભીષ્મવ્રત છે. એણે અત્યંત દુષ્કર ભીષ્મવ્રત – બ્રહ્મચર્ય લીધું. આથી આનું નામ ' ભીષ્મ ' થાઓ. એવી આકાશમાર્ગમાં વાણી થઈ, ( દેવવાણી થઈ ) કહ્યું છે કે – દેવ – દાનવ – ગંધર્વ – યક્ષ – રાક્ષસ – ને કિન્નરો જે દુષ્કર કરે છે , તે બ્રહ્મચારીને નમસ્કાર કરે છે. જે કરોડ સોનું ( સોનામહોર ) આપે અથવા સોનાનું જિનભવન કરાવે તેને તેટલું પુણ્ય થતું નથી કે જેટલું બ્રહ્મચર્ય વ્રત ધારણ કરવાથી થાય. જે વિશુધ્ધ મનવાલા ભવ્યજીવો કાયાવડે બ્રહ્મચર્યને ધારણ કરે છે. તેનો નિશ્ચયથી બ્રહ્મદેવલોકમાં ઉપપાત ( જન્મ )થાય છે, પ્રાણો કંઠમાં જાય તો પણ ન કરવા લાયક ન કરવું જોઈએ. અને પ્રાણો કંઠમાં જાય તો પણ સારી રીતે કરવા લાયક કરવું જોઈએ. સ્વર્ગમાંથી ચ્યવેલાના હૃદયમાં આ જીવલોકમાં ચાર વસ્તુ હંમેશાં રહે છે. દાનનો પ્રસંગ – નિર્મલવાણી – દેવની પૂજા ને સદ્ગુરુની સેવા. હર્ષપામેલા નાવિકે કહ્યું કે :–

તું આના કુલ વગેરે સાંભળ આ ભરત ક્ષેત્રમાં મનોહર એવું રત્નપુર નગર હતું, તે નગરમાં ન્યાયનું એક મંદિર એવો રત્નશેખર નામે રાજા હતો, તે રાજાને શીલરૂપી માણિક્યની ખાણ ( એવી ) રત્નવતી નામે પત્નીએઅત્યંત સુંદર લગ્નવાળા દિવસને વિષે તેણીએ ઉત્તમ સ્વપ્નથી સૂચિત એવી રત્નવતીપુત્રીને જન્મ આપ્યો. જેમ પૂર્વદિશા રોહિણીને જન્મ આપે. કોઈક વિદ્યાધર પૂર્વના વૈરથી માત્ર જન્મ પામેલી તે કન્યાને ઉપાડીને યમુનાના કિનારે મૂકીને જલદી નાસી ગયો. રત્નશેખર રાજાની આ સત્યવતી પુત્રી શાન્તનુ રાજાની પત્ની થશે. એવી આકાશવાણી થઈ. આ પ્રમાણે આકાશવાણી સાંભળીને કન્યાને પોતાને ઘરે લઈ જઈને એકદમ અન્ન આપી પુત્રીની જેમ મેં તેને મોટી કરી આથી દેવોવડે કરાયેલી આકાશમાં ઉત્પન્ન થયેલી વાણી ને તમારા પિતા આ કન્યાના પાણિગ્રહણથી જલદી સત્ય કરો.

તે પછી હર્ષિત થયેલા ગંગાપુત્રે કન્યાનું વૃત્તાંત કહીને સાત્વિકમાં અગ્રણી એવા તેણે પિતાને હર્ષ પમાડ્યો. પુત્રે કહેલું સાંભળીને રાજા જુદા જુદા ઉત્સવપૂર્વક સારા દિવસે સતી એવી સત્યવતીને પરણ્યો. જેમ ગંગાવડે સમુદ્ર – ચંદ્રની લેખાવડે જેમ આકાશ. મુદ્રિકાઓવડે જેમ રત્ન તેમ સત્યવતીવડે રાજા શોભતો હતો. અનુક્રમે સત્યવતીએ સારા દિવસે બે પુત્રોને જન્મ આપ્યો. પહેલો નામવડે ચિત્રાંગદ અને બીજો ચિત્રવીર્ય,

**✽ અત્યારે પણ આપણા વ્યવહારમાં તેથી એમ બોલાય છે કે આની ભીષ્મ પ્રતિજ્ઞા-ભીષ્મ વ્રત છે-જે કોઈપણ દિવસ ખંડન થશે નહિ**

તે વખતે ગુરુ પાસે શિકારથી ઉત્પન્ન થયેલું મોટું પાપફલ સાંભળીને તે પુત્રો સાથે રાજા ધર્મકાર્યો કરે છે, કહ્યું છે કે : –

**राजदण्डभयात्पापं, नाचरत्याधमोजनः ।**
**परलोकभयान्मध्यः, स्वभावादेव चोत्तमः ॥१॥**
**गतसारेऽत्र संसारे – ,सुखभ्रान्तिः शरीरिणाम् ।**
**लालापानमिवाङ्गुष्ठे, बालानां स्तन्यविभ्रमः ॥**

અધમપુરુષ રાજદંડના ભયથી પાપ આચરતો નથી. મધ્યમ પુરુષ પરલોકના ભયથી પાપ આચરતો નથી. અને ઉત્તમ પુરુષ સ્વભાવથી જ પાપ આચરતો નથી.

સાર વગરના સંસારમાં પ્રાણીઓને બાલકોની જેમ અંગૂઠામાં લાલના પાનની જેમ દૂધનો વિભ્રમ ( ભ્રમ )થાય છે. શિકારથી અટકેલા પતિને ગંગાએ પુત્રના મુખેથી સાંભળીને પતિના ઘરમાં આવી અને સત્યવતી સાથે પ્રીતિ કરી. અને પછી ત્રણ પુત્ર ને બે પત્નીવડે શોભતા શાન્તનુ રાજાએ મોક્ષની પ્રાપ્તિ માટે શત્રુંજય આદિ તીર્થોમાં યાત્રા કરી.

શાન્તનુરાજા સ્વર્ગમાં ગયો ત્યારે સત્ય પ્રતિજ્ઞાવાલા – સુધર્મવાલા ભીષ્મે શાન્તનુરાજાના રાજ્યઉપર ચિત્રાંગદનો અભિષેક કર્યો. ગાંગેયના વચનનો અનાદર કરીને ચિત્રાંગદ રાજાએ નીલાંગદ રાજા સાથે યુધ્ધ કર્યું. રણમાં ક્રોધ પામેલા નીલાંગદે ચિત્રાંગદ રાજાને મારી નાંખ્યો, ભીષ્મે નીલાંગદને રણભૂમિમાં યમના ઘેર પહોંચાડયો. ગાંગેયે ગાન્ધર્વ કુલમાં ઉત્પન્ન થયેલા નિલાંગદને રણભૂમિમાં યમના ઘેર મોકલ્યો. ગંગાના પુત્રે ચિત્રાંગદના સ્થાને તેના ભાઇ વિચિત્ર વીર્ય ( ચિત્રવીર્ય ) રાજાને સારો ઉત્સવ કરી સ્થાપન કર્યો.

આ બાજુ કારિ રાજાની અંબા નામની પહેલી પુત્રી હતી. બીજી અંબાલા નામે હતી. અને ત્રીજી અંબાલિકા હતી. કારિ રાજાએ તેઓનાં વિવાહ માટે મંડપ કરાવ્યો ત્યારે વિચિત્રવીર્ય ( ચિત્રવીર્ય ) રાજાને છોડીને રાજાઓ બોલાવાયા. આ વિચિત્રવીર્ય રાજા હીનકુલમાં ઉત્પન્ન થયેલો છે. કારણ કે તેની માતા નાવિક કુલમાં ઉત્પન્ન થયેલી છે. અનુક્રમે કોઇના મુખેથી આ સાંભળીને ગાંગેયે વિચાર્યું કે શું આ રાજાઓ કન્યાઓને પરણશે ? કન્યાને માટે અસંખ્ય રાજાઓ મળે છતાં ગાંગેયે તેઓના દેખતાં ત્રણે કન્યાઓનું હરણ કર્યું. ક્રોધ પામેલા તે રાજાઓ વેગથી શસ્ત્રો ગ્રહણ કરીને ગાંગેય સાથે યુધ્ધ કરવા માટે આવ્યા. ભીષ્મે અસંખ્ય બાણો શત્રુઓ તરફ છોડતાં ચેષ્ટા વગરનાં લાકડાંની જેમ તેઓ પૃથ્વીપર પડી ગયા. ક્ષણવારમાં સચેતન થઇને ગાંગેયને સબલ જાણીને નમસ્કાર કરીને બોલ્યા કે અમે તમારા ચાકરો છીએ. તે પછી કારિ રાજાએ ગાંગેયને નમસ્કાર કરીને કહ્યું કે મારાવડે જે અપરાધ કરાયો તે સર્વ તમે ક્ષમા કરો. હમણાં મારી આ ત્રણ પુત્રીઓને તમે પરણો. ગાંગેયે કહયું કે હું બ્રહ્મચારી હોવાથી મારે કન્યાવડે પ્રયોજન નથી, કારિ રાજાએ કહયું કે. આ કન્યા કોને આપવી ? ભીષ્મે કહ્યું કે વિચિત્રવીર્ય રાજાને બોલાવીને આપ. તે પછી રાજાઓએ સારો ઉત્સવ કર્યો ત્યારે કારિ રાજાએ પોતાની ત્રણે પુત્રીઓ વિચિત્રવીર્ય રાજાને આપી.

રાજાએ ભોગો ભોગવ્યા ત્યારે તે પત્નીઓને દરેકને એક એક મનોહર પુત્ર થયા, અંબિકાએ ધૃતરાષ્ટ્ર નામના પુત્રને અંબાલાએ પાંડુ નામના પુત્રને અંબાએ વિદુર નામના પુત્રને સારા દિવસે જન્મ આપ્યો, માતા – પિતાએ ત્રણે પુત્રોને ભણાવ્યા. અનુક્રમે તેઓ નિરંતર વિજયવાલા અને દેવગુરુને વિષે ભક્તિવાલા થયા. " પુત્ર તે છે કે જે પિતાનો ભક્ત હોય. પિતા તે છે કે જે પુત્રને આનંદ પમાડે. મિત્ર તે છે કે જ્યાં વિશ્વાસ હોય, ભાર્યા તે છે કે જ્યાં શાંતિ હોય."

પત્નીઓ સાથે રતિના સુખને ભોગવતા વિચિત્રવીર્ય રાજાના શરીરમાં ક્ષયરોગ ઉત્પન્ન થયો. તે રાજાનું શરીર દિવસે દિવસે ક્ષય પામે છે. તેનું શરીર જુગુપ્સા કરવા લાયક ( દુર્ગન્છા કરવા લાયક ) થયું. અનુક્રમે લોક જુગુપ્સા કરે છે. સર્વે મંત્રીઓએ વિચારીને પાંડુને રાજા તરીકે કર્યો, કારણ કે જેનું ભાગ્ય ઉગ્ર હોય છે. તેને રાજ્ય થાય છે. પાંડુરાજા પૃથ્વીનું ન્યાયથી રક્ષણ કરતો હતો ત્યારે સઘળી પ્રજાઓ સુખી થઇ. સેવકો અને સજ્જનો પણ સુખથી યુક્ત થયા.

**पूजार्हः स्वगुणैरेवं, जायते मानवः खलु।**
**यः सेवते जिनं भक्त्या, पूज्यते सोऽरिभिःसमम्॥**

ખરેખર મનુષ્ય આ પ્રમાણે પોતાના ગુણવડે જ પૂજાને યોગ્ય થાય છે. જે ભક્તિવડે જિનેશ્વરની સેવા કરે છે. તે શત્રુઓવડે પણ એક સાથે પૂજાય છે.

એક વખત વસંત ઉત્સવમાં પાંડુરાજા ફ્લ્યાં છે વૃક્ષો જેમાં એવા બાહ્ય ઉદ્યાનમાં મનોહર એવી વનલક્ષ્મીને જોવા માટે ગયો.રાયણ – આમ્રવૃક્ષ – કંકેલિ – પુન્નાગ – શ્રીફલ વગેરે વૃક્ષો ફલના સમૂહવડે નમેલાં રાજાને નમસ્કાર કરે છે. આમ્રવૃક્ષના તલિયામાં પાંડુ રાજાએ કોઇક મનુષ્યને અદ્ભુત એવા પાટિયાને વારંવાર જોતાં અકસ્માત્ જોયો. જેટલામાં રાજા ત્યાં આવે છે. તેટલામાં ચકિત મનવાલા તે મનુષ્યે પાટિયાને ઢાંકી દીધું. રાજાએ કહ્યું કે હે ચતુરનર ! તારી પાસે શું છે તે કહે તે વખતે તે મનુષ્યે રાજાને તે પાટિયું દેખાડ્યું. તે પાટિયામાં સ્ત્રીનું મનોહર રૂપ જોઇને મસ્તક ધુણાવતો રાજા પોતાના મનમાં આ પ્રમાણે વિચારવા લાગ્યો. અહો ! આ સ્ત્રીના સર્વ અંગનું સૌંદર્ય આશ્ચર્યકારક છે. આનું લાવણ્યપણ આશ્ચર્યકારક છે. આ સ્ત્રીનો કાંતિનો સમૂહ પણ સ્વાભાવિક છે. જે મનુષ્ય આનું પાણિગ્રહણ કરે તે જ સર્વ સુર અસુર ને મનુષ્યો વડે વખાણવા લાયક છે. પાંડુએ કહ્યું કે હે પુરુષોમાં મુગટ સમાન ! આ કોની પ્રતિકૃતિ છે ? તેણે કહ્યું કે દેવનગર સરખું સૌર્યપુર છે. તે નગરનો અંધકવૃષ્ણિ રાજા નીતિમાર્ગ વડે ( પ્રજાનું ) રક્ષણ કરે છે. તેને સમુદ્રવિજય વગેરે દશપુત્રો થયા. જેનાં આ નામો : –

**समुद्रविजयोऽक्षोभ्यः, स्तमितिः सागरस्तथा, ।**
**हिमवानचलश्चैव, धरणः पूरणस्तथा॥**
**अभिचन्द्रो वसुदेवो, दशार्हाख्या दशापि ते।**
**गुणैर्दशसमानास्ते, दशार्हा लक्षणे यथा॥**

સમુદ્રવિજય – અક્ષોભ્ય – સ્તમિતિ – સાગર – હિમવાન – અચલ – ધરણ – પૂરણ – અભિચંદ્ર – વસુદેવ – તે દશે દશાર્હ નામે છે. તે દશે દશાર્હ ગુણોવડે સમાન છે. તે લક્ષણમાં સમાન છે. અને કુંતી નામે સુંદર પુત્રી ચોસઠ કલાઓનો ભંડાર – રૂપલક્ષ્મીથી – જીતી લીધી છે પ્રીતિ અને રતિ દેવાંગનાઓને જેણે એવી તે થઇ છે. તેના રૂપને જોઇને સુંદર પાટિયામાં તે બધું શ્રેષ્ઠરૂપ મેં આ પત્રકમાં લખ્યું છે. ( ચીતર્યું છે. ) રાજાએ તેને ધન આપી પાટિયું લઇ તેને જોતાં કામાતુર એવો તે હંમેશાં તેને વરવા ઇચ્છે છે. એક વખત વનમાં જતા પાંડુરાજાએ લોઢાનાં બાણોવડે વીંધાયેલા ને ખીલાની સાથે બાંધેલા મૂર્ચ્છા પામેલા શ્રેષ્ઠ મનુષ્યને જોયો. તેની આગળ પડેલી તલવારને જોઇને તેને મ્યાનમાંથી જ્યારે બહાર કાઢી ત્યારે અક્ષર સહિત બે ઔષધિઓને તેણે હર્ષવડે જોઇ. અક્ષરની શ્રેણી વાંચીને રાજાએ તે મનુષ્યને ઔષધિવડે શલ્યરહિત કર્યો. અને બીજી ઔષધિવડે ઘા રહિત કર્યો. છૂટો થયેલો અને સ્વસ્થ થયેલો તે પુરુષ રાજાવડે પુછાયો, તું કોણ છે ? કોનાવડે બંધાયો હતો ? ત્યારે મનુષ્યે કહ્યું.

હું અનિલગતિ નામે વિદ્યાધર છું. મારી રમા નામની સ્ત્રી ઘરમાં રહેલી અશનિવેગ વિદ્યાધરવડે હરણ કરાઇ છે. પત્નીને પાછી લાવવા માટે બળાત્કારે તેની પાછળ દોડતો તેનાવડે હું અહીં બંધાયો. હે રાજા ! આવી દશાને હું પામ્યો. હમણાં મારા ભાગ્યથી નિષ્કારણ ઉપકારી એવા અહીં આવેલા તમારાવડે હે રાજા ! આ કષ્ટથી હું છોડાવાયો. તમે મને જીવિત આપનારા છે, તમે બે ઔષધિઓ અને ઇચ્છિત સ્થાને લઇ જનાર મુદ્રિકા ને જલદી લો.

તમારાવડે યાદ કરાયેલો હું નિરંતર તમારું સાન્નિધ્ય કરીશ. આ પ્રમાણે કહીને વિદ્યાધર વેગથી પોતાના નગરમાં ગયો. આ બાજુ પાટિયાને ધારણ કરનારાએ કાગલમાં પાંડુ રાજાનું રૂપ આલેખીને સૂર્યપુરમાં અંધકવૃષ્ણિ રાજાની આગળ મૂક્યું. રાજા પાંડુરાજાનું તેવું રૂપ જાણીને વિચારવા લાગ્યો કે શું આ કામદેવ છે ? કે અશ્વિનીકુમાર છે ? પિતાના ખોળામાં રહેલી કુંતી કન્યાએ ( આ ) પાંડુરાજાનું રૂપ જાણીને પોતાના મનમાં આ પ્રમાણે પ્રતિજ્ઞા કરી. આ ભવમાં મારે પતિ પાંડુ અથવા અગ્નિ છે. લજ્જાસહિત એવી તેણી માતાપિતાની આગળ કહેવા માટે શક્તિમાન ન થઇ. રાજાએ તે ચિત્રકારને દાન આપીને તે જ વખતે તેને વિસર્જન કરીને પ્રાતઃકાલે રાજ્ય સંબંધી ચિંતા કરવા લાગ્યો. તે વરને દુઃખે કરીને મેળવી શકાય એવો જાણીને એક વખત વનમાં ગયેલી કુંતી – ગળામાં પાશને બાંધતી આ પ્રમાણે વારંવાર બોલવા લાગી : –

હે માતાઓ ! હે કુલદેવીઓ ! કોઇપણ ઠેકાણેથી તે પતિને જલદી લાવી હમણાં મેળવી આપો. અન્યથા હું નિશ્ચે મરી ગયેલી છું. જેટલામાં તે કુંતી કન્યા મરવા માટે પાશમાંથી પોતાને ( પડતી ) મૂકે છે. તેટલામાં મુદ્રિકાના પ્રભાવ વડે પાંડુરાજા તે વનમાં આવ્યો.

પાંડુ રાજાએ પોતાનું નામ ગ્રહણ કરતી તેને જાણીને પાશને ( ફાંસો ) છોડીને કહ્યું કે તું આવા પ્રકારના સાહસમાં તત્પર ન થા. હું પાંડુરાજા છું. તારું રુપ જોઇને હે રાજપુત્રી ! તને વરવા માટે મુદ્રિકાવડે અહીં આવ્યો છું. ચિત્તમાં ચિંતવેલા પાંડુપતિને આવેલા જાણીને સખીઓએ તરત જ તે બંનેનો ગાંધર્વ વિવાહ કરાવ્યો. તે જ વખતે ઋતુસ્નાતા એવી તે આલિંગન કરાઇ ને ભોગદાનથી કુંતીએ પાંડુરાજાવડે શુભ ઉદયવાલા ગર્ભને ધારણ કર્યો . કુંતીએ કહ્યું કે આ ભવમાં તમે મારા પતિ છો. હું તેવી રીતે કરું કે મારા પિતા વિવાહના યોગથી તમને આપે. કુંતીનું વચન સાંભળીને

હર્ષિત થયેલો પાંડુ રાજા મુદ્રિકાના અભિયોગથી પોતાના નગરમાં આવીને પ્રજાઓનું પાલન કરતો રાજ્ય કરે છે.

આ બાજુ કુંતી ઘરમાં જતી રોગના બહાનાથી ગર્ભને સંતાડતી સખી સહિત એવી તેણીએ પુણ્યદિવસે સુખપૂર્વક પુત્રને જન્મ આપ્યો. કાંસાની પેટીમાં બાળકને નાંખીને લજ્જાવડે કુંતી સતીએ – ગંગા નદીમાં સખીઓ પાસે ગુપ્તપણે પ્રવાહિત કર્યો ( વહેતો મૂક્યો ) ગંગા નદીમાંથી જતી એવી પેટીને હસ્તિનાપુરની પાસે સૂત સારથિએ લઈને પોતાની ભાર્યાને આપીને તેની અંદર ગાઢ સૂતેલા બાળકને જોઈને તેને કર્ણ એ પ્રમાણે નામ આપીને પુત્રની જેમ મોટો કર્યો. સારથિવડે પાલન કરાતો તે કર્ણ હંમેશાં લોકવડે સૂતપુત્ર કહેવાય છે, તેથી તે વખતે તે બંનેને વહાલો થયો. આ બાજુ એકાંતમાં રહેલી કુંતીએ માતાની આગળ કહ્યું મારે પાંડુ રાજાનો હાથ ગ્રહણ કરવાનો છે, બીજા કોઈનો નહિ. સુભદ્રાએ પતિની પાસે કુંતી પુત્રીનું ઈચ્છિત કહ્યું, તેથી અંધકવૃષ્ણિરાજાએ પાંડુરાજાને કુંતી આપી.

મદ્રક રાજાની પુત્રી મદ્રકીને પાંડુ રાજા સુંદર સ્વયંવર મંડપમાં પરણ્યો. આ બાજુ ગંધાર દેશમાં શકુનિરાજાને ગાંધારી વગેરે મનોહર આઠ પુત્રીઓ થઈ. હવે શકુનિ રાજાએ ગાંધારી વગેરે બધી પુત્રીઓ સારા ઉત્સવપૂર્વક ધૃતરાષ્ટ્રરાજાને શુભ દિવસે આપી. દેવક રાજાની શ્રેષ્ઠ કુમુદિની નામની પુત્રીને સારા લગ્નને વિષે વિદુર રાજા પરણ્યો. ધૃતરાષ્ટ્રની પત્ની ગાંધારીએ ગર્ભ ધારણ કર્યો ત્યારે ઘણા લોકોના સંહારને કરનારા દોહદો થયા. "હાથી ઉપર ચઢીને યુધ્ધ ભૂમિમાં હું શત્રુઓને હણું. લોકોને કેદખાનામાં નાંખું. શત્રુઓ સાથે વૈર કરું." તે ગર્ભ રહ્યો ત્યારે ગાંધારી અહંકારથી વડીલ એવા સજ્જનોને નમસ્કાર કરતી નથી. એ સમગ્ર જગતને તૃણ જેમ હંમેશાં માને છે. આ બાજુ પાંડુની પ્રિયા કુંતીએ સ્વપ્નમાં મેરુ પર્વત – ક્ષીર સમુદ્ર – સૂર્ય, સાક્ષાત્ ધર્મને સુંદર રીતે જોયા. ગર્ભના પ્રભાવથી કુંતી સર્વજ્ઞે કહેલા શ્રેષ્ઠ ધર્મને કરતી હંમેશાં યાચકોને ઈચ્છિત દાન આપતી હતી. ઘણા ગ્રહો ઉચ્ચ સ્થાનમાં હતા ત્યારે સારા લગ્નને સારા દિવસે કુંતીએ પુત્રને જન્મ આપ્યો અને ત્યારે પુષ્પની વૃષ્ટિ થઈ. રાજાએ જન્મનો ઉત્સવ કરીને સ્વપ્નમાં ધર્મને જોવાથી પુત્રનું સજ્જનોની સાક્ષીએ ' ધર્મપુત્ર ' એ પ્રમાણે નામ આપ્યું આ ( પુત્ર ) યુધ્ધમાં સ્થિર થશે. એવી આકાશવાણી થવાથી સ્ત્રી સહિત પાંડુરાજાએ યુધિષ્ઠિર એ પ્રમાણે નામ આપ્યું.

એક વખત કુંતીએ સ્વપ્નમાં પવન અને ફલેલું કલ્પવૃક્ષ જોઈને પતિની સાથે મન સંબંધી અત્યંત હર્ષ વિસ્તારવા લાગી. કુંતીએ યુધિષ્ઠિર નામે શ્રેષ્ઠ પુત્રને જન્મ આપ્યો, અને બીજા મનોહર પુત્રને જન્મ આપશે એ પ્રમાણે સાંભળીને ગાંધારી આ પ્રમાણે વિચારવા લાગી, જો કુંતીને બીજો શ્રેષ્ઠ પુત્ર થશે તો મારા પુત્રને થોડું પણ રાજ્ય થશે નહિ. મને ગર્ભ ધારણ કરતાં ઘણા દિવસો થયા. કુંતી નજીક પ્રસવવાલી દેખાય છે. શું કરશે ?

ઘણાં ઔષધોવડે ગર્ભનું પાતન કરતાં ગાંધારીએ ત્રીસ માસ વડે પૂર્ણ શરીરવાલા પુત્રને જન્મ આપ્યો. ઘીની અંદર પુત્રને નાંખીને ( રાખીને ) છ મહિના સુધી પ્રયત્નથી પેટીમાં રહેલા ગર્ભને ગાંધારીએ કષ્ટવડે મોટો કર્યો. તે ( પુત્ર ) ગર્ભમાં હતો ત્યારે તેને અત્યંત દુષ્ટ યુધ્ધ, ધ્યાન આદિ થતું હતું. આથી તેનું ત્યાં દુર્યોધન એ પ્રમાણે નામ થયું. કુંતીએ દુર્યોધનથી ત્રણ પ્રહર પહેલાં શ્રેષ્ઠ પુત્રને જન્મ આપ્યો, આથી પિતા એવા રાજાએ તે વખતે તેનો જન્મોત્સવ કર્યો. પાંડુરાજાએ તેનું નામ વાયુપુત્ર એ પ્રમાણે કર્યું. અનુક્રમે ભયંકર આકૃતિવાલા એવા તેનું નામ પછી ભીમ થયું

એક વખત વાયુપુત્ર ( ભીમ ) માતાના હાથમાંથી પર્વતનાં શિખર ઉપરથી પડી ગયો. તે વખતે માતા અત્યંત દુઃખી થઇ, રોતી એવી માતાએ પર્વત ઉપરથી ઊતરતા પથ્થરોના સમૂહને ઘણાં ચૂર્ણ રૂપ થયેલાં જોઇને વિચાર્યું કે મારો પુત્ર મરી ગયો. તે વખતે અખંડ અંગવાલા ભીમને પૃથ્વીતલઉપર રમતા મેળવીને માતા હર્ષિત થઇ. ને વારં વાર આલિંગન કરવા લાગી.

સ્વપ્નમાં ઇંદ્રને જોઇને કુંતીએ ફરીથી પુત્રને જન્મ આપ્યો. યુધ્ધમાં સ્થિર એવા ( પાંડુ ) રાજાએ તેનું શક્રપુત્ર નામ આપ્યું. ત્રીજો પુત્ર સારી રીતે ધનુર્વેદની કલાઓને જાણતો હતો. આથી તે પુત્રનું ધનુર્ધર એ નામ થયું. મદ્રિએ નકુલ અને સહદેવ નામના બે પુત્રોને જન્મ આપ્યો.. પાંચ પુત્રો સાથે પાંડુ ( રાજા ) નક્ષત્રોવડે ચંદ્રમાની જેમ શોભતો હતો. ગાંધારીએ અનુક્રમે નવ્વાણું પુત્રને જન્મ આપ્યો. તેથી ધૃતરાષ્ટ્રને તે બધા મલીને સો પુત્રો થયા. અત્યંત પરાક્રમી સો પુત્રોની સાથે ધૃતરાષ્ટ્ર આકાશમાં શતભિષક તારાઓવડે ચંદ્ર શોભે તેમ ચારે તરફથી શોભતો હતો.

એક વખત કુંતી નાશિક્ય નગરમાં જિનેશ્વરોને નમસ્કાર કરવા માટે ગઇ. ત્યાં તેણે નવું શ્રેષ્ઠ – શ્રી ચંદ્રપ્રભપ્રભુનું ચૈત્ય કરાવ્યું. ત્યાં સારા દિવસે કુંતીએ ઘણાં દ્રવ્યોનો વ્યય કરતાં હર્ષથી શ્રી ચંદ્રપ્રભુની મૂર્તિ સ્થાપન કરી. દુર્યોધન કપટથી હંમેશાં રમતવડે પાંડુપુત્રોને ઠગતો તેઓના રાજ્યને ઇચ્છતો તેઓ સાથે રમતો હતો. દુર્યોધનના કપટને જાણીને ભયંકર આકૃતિવાલો ભીમ હંમેશાં ધૃતરાષ્ટ્રના પુત્રને રમતમાત્રમાં જ મજબૂતપણે મારતો હતો. સૂતે એવા ભીમને બલપૂર્વક બાંધીને પાણીમાં નાંખ્યો. જાગેલા એવા તેણે રમતમાત્રમાં તે દોરડાંઓને તોડી નાંખ્યાં. દુર્યોધને ભોજનમાં ઝેર નાંખીને ભીમને આપ્યું. પુણ્યના ઉદયથી તે ભીમને અમૃત થયું. દુર્યોધન ભીમને હણવા માટે એકાંતમાં જે જે આપતો હતો તે તે ઉખર ભૂમિમાં બીજને વાવવાની જેમ ભીમને વિષે નકામું થયું. દુર્યોધન વગેરે અને પુત્રો સહિત પાંડુ પિતાના આદેશથી કૃપાચાર્ય પાસે અનુક્રમે વિદ્યાઓ ગ્રહણ કરતા હતા. તેઓને વિષે કર્ણ અને અર્જુન ધનુર્વિદ્યામાં દક્ષ થયા. દુર્યોધન અત્યંત છલ કપટ કલા આદિને જાણનારો થયો.. એક વખત અનધ્યાયના દિવસે ( ન ભણવાના દિવસે ) ક્રીડા કરતા એવા કુમારોનો દડો કૂવામાં પડ્યો તેને બહાર કાઢવા માટે તેઓ જરાપણ શક્તિમાન ન થયા.

આ બાજુ અશ્વત્થામા પુત્ર સાથે દ્રોણાચાર્ય આવ્યા. કુમારોને વ્યાકુલ જોઇને તેઓને કોમલસ્વરે આ પ્રમાણે કહ્યું. તમારું શું ગયું ? અથવા ' તો ' કૂવામાં શું પડ્યું ? તેઓ બોલ્યા કે હમણાં અમારો દડો કૂવામાં પડ્યો છે. દ્રોણે જોડ્યો છે મૂલભાગ જેનો એવાં બાણો વડે પુંખને આપવાથી કૂવાના કાંઠે રહેલા તેણે દડાને જલદી હાથમાં ગ્રહણ કર્યો. દ્રોણને ચતુર જાણીને પાંડુરાજાએ ધનુર્વેદની શિક્ષા માટે તેને યુધિષ્ઠિર વગેરે પુત્રો આપ્યા. તેઓને વિષે કર્ણ ધનુર્વેદની કલામાં કુશલ થયો.તેનાથી પણ અર્જુન અધિક ધનુર્વેદને જાણનારો થયો,

ધનુર્વિદ્યા વડે શોભતાં તે સર્વ વિદ્યાર્થીઓમાં દ્રોણ પરાક્રમ ને વિનયમાં અર્જુનનું બહુમાન કરે છે. સર્વમાં શ્રેષ્ઠ અર્જુનને જાણીને દ્રોણ ગુરુએ કહ્યું કે હવે પછી મારાવડે અર્જુન કરતાં બીજાને અધિક વિદ્યા અપાશે નહિ.

એક દિવસ એક ભિલ્લ – દ્રોણાચાર્યની પાસે આવીને ધનુર્વેદની વિદ્યાને માંગતો હતો, તેને પણ તે વિદ્યા આપી નહિ. વનમાં વૃક્ષના તલિયામાં દ્રોણની માટીમય સ્થાપના કરીને તેની આગળ સાધના કરતો ભિલ્લ ક્ષણવારમાં વિદ્યાનો

જાણકાર થયો.

એક વખત ગુરુભક્ત એવો તે આ પ્રમાણે વનમાં કલાઓને શીખતો વૃક્ષના શિખરપર મનનેઇચ્છિત એવાં પાંદડાંને વીંધતો હતો. ધનુર્વેદને જાણનારા ભિલ્લને જોઇને અર્જુને ગુરુને કહ્યું કે હે ગુરુ ! તમે હમણાં ભિલ્લને ધનુર્વિદ્યા કેમ આપી ? દ્રોણે કહ્યું કે મેં કોઇને ધનુર્વિદ્યા નથી આપી. તે પછી અર્જુને ધનુષ્યને ( ધનુર્વિદ્યાને ) જાણનાર એવા ભિલ્લને ગુરુને બતાવ્યો. દ્રોણે તે ભિલ્લને પૂછ્યું કે ક્યા ગુરુ પાસે તું ધનુર્વેદની કલા શીખ્યો ? તે પછી ભિલ્લે કહ્યું કે મેં માટીમય તમારી મૂર્તિ કરીને ધનુર્વિદ્યા શીખી છે. તે હમણાં મને આવડી છે. પોતાની પ્રતિજ્ઞાના ભંગની ભીતિવડે દ્રોણે તેની પાસે અંગૂઠાની માંગણી કરી. ભિલ્લે ગુરુભક્તિથી તે વખતે અંગૂઠો કાપીને ગુરુને આપ્યો. કહ્યું છે કે : -

**जितेन्द्रियत्वं विनयस्य कारणं, गुणप्रकर्षो विनयादवाप्यते।**
**गुणाधिके पुंसि जनोऽनुरज्यते, जनानुरागप्रभवा हि सम्पदः ।।१।।**
**केनांजितानि नयनानि मृगाङ्गनानां,**
**कोवा करोति रूचिराङ्गरूहान् मयूरान्।**
**कश्चोत्पलेषु दलसञ्चयमातनौति।।**
**कोवा करोति विनयं कुलजेषु पुंसु,**
**विणए सिस्सपरिक्खा, सुहडपरिक्खा य होइ संगामे,**
**वसणे मित्त परिक्खा, दाणपरिक्खा य दुक्काले।।**

જિતેન્દ્રિયપણું વિનયનું કારણ છે. વિનયથી ગુણમાં પ્રકર્ષ ( વધારો ) પ્રાપ્ત થાય છે અધિક ગુણવાલા પુરુષ ઉપર મનુષ્ય અનુરાગ કરે છે. અને સંપત્તિઓ લોકના અનુરાગથી ઉત્પન્ન થાય છે. કોણે હરણીઓની આંખોને આંજી? સુંદર પીછાવાલા મોરોને કોણ બનાવે છે ? કમળોને વિષે પાંદડાંઓનો સમૂહ કોણ કરે છે ? કુલવાન પુરુષોને વિષે વિનય કોણ કરે છે ? ।।

વિનયને વિષે શિષ્યની પરીક્ષા થાય છે. યુધ્ધમાં સુભટની પરીક્ષા થાય છે. સંકટમાં મિત્રની પરીક્ષા થાય છે. દુષ્કાલમાં દાનની પરીક્ષા થાય છે. ।।

ગુરુભક્તિથી તે અંગૂઠા વિના પણ પૂર્વની માફક બાણોને ફેંકતો નિર્મલ આશયવાલો ભિલ્લ ધનુર્વેદમાં કુશળ થયો. હવે દ્રોણાચાર્ય અર્જુનને રાધાવેધની કલાને શીખવતા. ભીમ અને દુર્યોધનને ગદાયુધ્ધ શીખવતા. સહદેવ ને યુધિષ્ઠિરને અસ્ત્ર ફેંકવાની કલામાં અગ્રેસર કર્યા. નકુલ ગુરુની પાસે સંકુલ વિદ્યાને શીખતા હતા. એક વખત દ્રોણ ગુરુની આજ્ઞાવડે ગાંગેયે યુધિષ્ઠિર વગેરે સઘળા પુત્રોને બોલાવીને કહ્યું કે તમે કલાને બતાવો. તે રાજપુત્રો કલાના અભ્યાસને બતાવતાં પરસ્પર ક્રોધ પામેલા ભીમ અને દુર્યોધન – અત્યંત યુધ્ધ કરવા લાગ્યા. ભુજાના આસ્ફોટ કરવામાં તત્પર ભીમ ઘણા મનુષ્યોને ભય પમાડતો હતો. અને તે વખતે ગદા ઉછાળવાની શ્રેષ્ઠ કલાને બતાવતો હતો.તે વખતે અર્જુન ગાંડીવ ધનુષ્યને તાડન કરતા અવાજ વડે સભાના સઘળા લોકોને ચિત્રમાં આલેખેલા ચિત્રની જેમ કરતો હતો. તે

પછી સર્વે દુર્યોધનના નાના ભાઇઓ જુદી જુદી પોત પોતાની મનોહર કલાઓ તે વખતે ગાંગેયને બતાવતા હતા. તે વખતે પાંડુરાજા વગેરેએ ગુરુને હર્ષવડે નમીને પૂછ્યું કે અર્જુનને શ્રેષ્ઠ રાધાવેધની કલા કેમ થઇ ? દ્રોણે કહ્યું કે અર્જુન વિનીત ને ભાગ્યવાન છે, આથી તેને રાધાવેધની કલા થઇ. કહ્યું છે કે : –

**विनयः राजपुत्रेभ्यः, पंडितेभ्यः सुभाषितम्।**
**अनृतं द्यूतकारेभ्यः, – स्त्रीभ्यः शिक्षेत कैतवम्॥१॥**

રાજપુત્રો પાસેથી વિનય – પંડિતો પાસેથી સુભાષિત – જુગારીઓ પાસેથી અસત્ય – ને સ્ત્રીઓ પાસેથી કપટ શીખવું જોઇએ.

જિતેન્દ્રિયપણું વિનયનું કારણ છે. વિનયથી ગુણમાં પ્રકર્ષ ( વધારો ) પ્રાપ્ત થાય છે. અધિક ગુણવાલા પુરુષ ઉપર મનુષ્ય અનુરાગ કરે છે. અને સંપત્તિઓ લોકના અનુરાગથી ઉત્પન્ન થાય છે. કોણે હરણીઓની આંખોને આંજી? સુંદર પીછાંવાલા મોરોને કોણ બનાવે છે ? કમળોને વિષે પાંદડાંઓનો સમૂહ કોણ કરે છે ? કુલવાન પુરુષોને વિષે વિનય કોણ કરે છે ? વિનયને વિષે શિષ્યની પરીક્ષા થાય છે. યુધ્ધમાં સુભટની પરીક્ષા થાય છે. સંકટમાં મિત્રની પરીક્ષા થાય છે. દુષ્કાલમાં દાનની પરીક્ષા થાય છે

તે વખતે કર્ણ પણ પોતાની સુંદર કલાઓને બતાવતો તે સભામાં સર્વને હર્ષ ઉત્પન્ન કરાવતો હતો. સર્વે રાજાઓ તેઓની કલાઓને જોઇને જુદા જુદા મસ્તકને ધુણાવતાં હોય તેમ યથોચિત પ્રશંસા કરતા હતા, અર્જુન તે સભામાં રાધાવેધની કલાને બતાવતો ગાંગેય વગેરે રાજાઓને ખુશ કરતો હતો. તે વખતે દુર્યોધનવડે ભ્રુકુટિની સંજ્ઞાવડે પ્રેરણા કરાયેલો સૂતપુત્ર (કર્ણ )અર્જુનની સાથે નિર્દયપણે યુધ્ધ કરવા માટે ઊભો થયો.

શબ્દો વડે આકાશમાં અવાજ કરતો અને અત્યંત હાથમાં આસ્ફોટને કરતો કર્ણ તે રાજાઓને પોતાની કલા દેખાડતો હતો. તેવા પ્રકારની શ્રેષ્ઠ ધનુર્વેદની કલાને જોઇને તેને દુર્યોધને ચેદિદેશનું રાજ્ય આપ્યું સૂતપુત્ર ( કર્ણ ) ને દુર્યોધન રાજાવડે અપાયેલી ચંપાને જોઇને અર્જુને દુર્યોધનને કહ્યું કે નીચ સૂતપુત્ર ને ચંપાપુરી કેમ આપી ? ત્યારથી ઇન્દ્ર સરખા પરાક્રમવાલા અર્જુન ઉપર કર્ણ દ્વેષી થયો. સર્વ પ્રજાઓ સઘળા પાંડુ પુત્રો ઉપર પ્રીતિવાલી થઇ. ખરાબ કર્મથી તે ધૃતરાષ્ટ્રના પુત્રોઉપર દ્વેષયુક્ત હતી. તે વખતે પાંડુરાજાએ દેશો વહેંચીને યથાયોગ્ય આપ્યા. ધૃતરાષ્ટ્રના પુત્રોને શ્રેષ્ઠ કુશસ્થલપુર આપ્યું. પાંડુરાજા પાસેથી ઘણાં ગામો પામીને દુર્યોધન મનમાં તૃપ્તિ ન પામ્યો. કારણ કે આશા દુસ્તર છે. ( દુ:ખથી પાર પમાય તેવી છે. )

**अग्नि र्विप्रो यमो राजा, समुद्रमुदरं गृहम्;**
**सप्तैतानि न पूर्यन्ते, पूर्यमाणान्यनेकशः॥**
**तृष्णाखानिरगाधेयं, दुष्पूरा केन पूर्यते ?**
**या महद्भिरपि क्षितैः, पूरणै रेवखन्यते॥**

અગ્નિ – બ્રાહ્મણ – યમ – રાજા – સમુદ્ર – પેટ ને ઘર એ સાત અનેક રીતે પૂરવા છતાં પણ પુરાતાં નથી ॥ તૃષ્ણારૂપી ખાણ ( ઘણી ) ઊંડી છે. દુઃખે કરીને પુરાય એવી. ( તે ) કોનાવડે પુરાય ? જે પૂરણ નાંખવા વડે નિશ્ચે ખોદાય છે.॥

એક વખત પાંડુ રાજા સભામાં રહ્યા હતા ત્યારે એક મનુષ્યે આવીને કહ્યું કે કાંપીલ્યપુર નામે શ્રેષ્ઠ નગર શોભે છે. ત્યાં દ્રુપદરાજાને ચૂલની નામે સ્ત્રી છે. ધૃષ્ટ દ્યુમ્ન નામે પુત્ર છે અને દ્રૌપદી નામે પુત્રી છે. તેના સ્વયંવરમાં સર્વે યાદવ વગેરે દશાર્હો – દમદંત આદિ રાજાઓ શ્રેષ્ઠ – દિવસે આવશે , હે પાંડુ ! તમે પણ જલદી પોતાના પાંચ પુત્રો સાથે સ્વર્ગના નગરને જેમ ઇન્દ્ર તેમ કાંપીલ્યપુર નગરને શોભિત કરો. તે પછી પાંડુરાજા પાંચ પુત્રો સાથે જલદી ગયો અને ત્યાં હર્ષવડે દ્રુપદરાજાવડે સન્માન કરાયો. તે વિવાહમંડપમાં સુંદર એવા મંચઉપર મંચને વિશે દશાર્હ વગેરે રાજાઓ ક્રમપૂર્વક બેઠા ત્યારે દિવસની શરૂઆતમાં બે શ્રેષ્ઠ વસ્ત્રો પહેરીને પાલખીમાં બેઠેલી દ્રૌપદી વિવાહમંડપમાં ગઇ. આ-બાજુ દ્રુપદ રાજાના આદેશથી વેત્રધરે ( પ્રતિહારીએ ) કહ્યું કે : –

રાધા સ્તંભના શિખરના અગ્રભાગઉપર સુંદર ચક્ર ભમે છે. તેના જમણા ને ડાબા પક્ષને વિષે બાર આરાઓ અત્યંત ભમે છે. તે ચક્રના અગ્રભાગ ઉપર રાધા નામની શ્રેષ્ઠ પૂતલી છે. તે ઘીથી ભરેલી કઢાઇની અંદર પ્રતિબિંબ પામેલા તેના ડાબા નેત્રને સ્તંભની નીચે રહેલો પુરુષ ઊંચાહાથવાલો ને નીચામુખવાલો જે પૂતળી વીંધશે તે વરને આ રાજપુત્રી દ્રૌપદી વરશે.

તે પછી જે જે રાજા ધનુષ્યને ધારણ કરીને દૃઢ એવા બાણને છોડતો હતો, તે તે રાજાનું તે તે બાણ પથ્થરના ટુકડાની માફક સોખંડવાલું થયું. તે પછી ઘણા રાજાઓ વિકસ્વર આંખપૂર્વક દેખતા ત્યારે અર્જુને શાસ્ત્રમાં કહેલી વિધિ વડે રાધાવેધ સાધ્યો. તે વખતે આકાશમાં દેવતાઓ જય જય શબ્દ કરે છતે આકાશમાંથી અર્જુનના મસ્તક ઉપર પુષ્પવૃષ્ટિ થઇ કહ્યું છે કે : –

**लक्ष्मीर्विवेकेनमतिः श्रुतेन, शक्तिः शमेन प्रभुतानयेन।**
**श्रद्धाच धर्मेण समं समेत्य, धन्यस्य पुंसः सफली भवन्ति ॥१॥**

ધન્ય પુરુષને લક્ષ્મી વિવેક સાથે – બુધ્ધિ શ્રુત સાથે – શક્તિ શમ સાથે – પ્રભુતા નીતિ સાથે અને શ્રધ્ધા ધર્મની સાથે આવીને સફલ થાય છે. જેટલામાં દ્રૌપદીએ અર્જુનના ગળામાં વરમાલા નાંખી તેટલામાં તે વરમાલા શ્રેષ્ઠ પાંચરૂપને ધારણ કરનારી થઇ અને તે વરમાલા પાંચે ભાઇઓનાં ગળામાં પડી. દ્રૌપદીના આ પાંચે પતિ થાઓ એવી આકાશમાં વાણી થઇ., જ્યારે દ્રૌપદીએ અર્જુનના કંઠમાં વરમાલા નાંખી ત્યારે તે એકી સાથે પાંચે ભાઇઓનાં ગળામાં પડે છે. તે વખતે પાંડુ ( રાજા ) અને દશાર્હ વગેરે રાજાઓ આ પ્રમાણે પરસ્પર કહેવા લાગ્યા કે આને પાંચ પતિ કેમ થયા ? આથી કોઇ જ્ઞાનીને પૂછીએ ? તે વખતે અકસ્માત્ આકાશ માર્ગેથી આવેલા ચારણમુનિને જોઇને કૃષ્ણ વગેરે તેમને નમસ્કાર કરવામાટે હર્ષપૂર્વક ગયા. તે વખતે તે મુનિએ કહ્યું કે જિનેશ્વરે કહેલા ધર્મવિના ક્યારે પણ જીવો આલોક ને પરલોકમાં સુખી થતા નથી.

दु:ख स्त्रीकुक्षिमध्ये प्रथममिहभवे गर्भवासे नराणां,
बालत्वे चापि दु:खं मललुलितवपु: स्त्रीपय: पानमिश्रम्, ।
तारूण्ये चापि दु:खं भवति विरहजं वृध्द्व भावोऽप्यसार:,
संसारे रे मनुष्या! वदत यदि सुखं स्वल्पमप्यस्ति किञ्चित्॥
गतसारेऽत्र संसारे, सुखभ्रान्ति शरीरिणाम्।
लालापानमिवाङ्गुष्ठे, बालानां स्तन्यविभ्रम: ।
निर्विवेकतया बाल्यं, कामोन्मादेन यौवनम्
वृध्द्वत्वं विकलत्वेन्, सदा सोपद्रवं नृणाम्॥/
प्रातर्मूत्र पुरीषाभ्यां, मध्यान्हे क्षुत्पिपासया।
तृष्णाकामेन बाध्यन्ते, प्राणिनो निशि निद्रया॥
''कम्मह वारइं ज्झडपडउ - धम्मह मंदीदेह
आपण सरसी चोरडी - तइं किम सीखी एह॥१॥
जे जिण धम्मह बाहरा, ते जाणे जेवारि।
ऊगी ऊगी खय गया, संसारी संसारि॥२॥

આ સંસારમાં મનુષ્યોને પહેલાં ગર્ભાવાસમાં સ્ત્રીની કુક્ષિની અંદર દુ:ખ હોય છે. બાળકપણામાં મલથીવ્યાપ્ત શરીરવાલી સ્ત્રીના દૂધના પાનથી મિશ્રિત દુ:ખ હોય છે. યૌવનમાં વિરહથી ઉત્પન્ન થયેલું દુ:ખ હોય છે. વૃધ્ધપણું પણ અસાર હોય છે. હે મનુષ્યો ! જો સંસારમાં કંઇ જ (પણ) અલ્પ સુખ હોય તો કહો ! ॥ સાર વગરના સંસારમાં પ્રાણીઓને જેમ બાલકને અંગૂઠાને વિષે લાલનું પાન કરવામાં જેમ દૂધનો ભ્રમ થાય છે. તેમ સુખની ભ્રાંતિ થાય છે ॥ વિવેક રહિતપણાવડે બાલકપણું – કામના ઉન્માદવડે યૌવન – અને વિકલપણા વડે વૃધ્ધપણું મનુષ્યોને હંમેશાં ઉપદ્રવવાળું હોય છે. ॥ પ્રાણીઓ સવારે પેશાબ ને ઝાડા વડે – મધ્યાહને– ભૂખ ને તરસ વડે રાત્રિમાં તૃષ્ણા – ઇચ્છા ને નિદ્રાવડે પ્રાણીઓ પીડા પામે છે. ॥

" કર્મને ઝટપટ પૂરાં કરે છે. ધર્મ કરવામાં દેહ મંદ હોય છે. તે આત્માને ચોરવા જેવું ( સરખું ) છે. તે તેણે કેમ શીખવ્યું ? "

" જે જિનધર્મથી બાહ્ય છે. તેઓ જે વખતે જાણે છે તે વખતે સંસારી જીવો સંસારમાં ઉત્પન્ન થઇ થઇને ક્ષય પામ્યા હોય છે. " પાંડુ ને કૃષ્ણ વગેરે રાજાઓએ ધર્મ સાંભળી મુનિને નમીને પૂછ્યું કે આ દ્રૌપદી પાંચ પતિવાલી કેમ થઇ ?

મુનિએ કહ્યું કે ચંપાનગરીમાં સાગરદત્ત નામે શેઠ હતો. તેને સુભદ્રાથી ઉત્પન્ન થયેલી સુકુમારિકા નામે પુત્રી હતી. તેને યૌવનમાં જિનદત્તના પુત્ર સાગર સાથે પરણાવી. રાત્રિમાં પરણેલી તેણીએ પતિની સાથે પલંગમાં આશ્રય કર્યો. સળગતા અંગારા સરખાં તેનાં અંગના સ્પર્શથી બળતું છે શરીર જેનું એવો સાગર તેને છોડી નાસીને દૂર ગયો. ઊંધ પૂરી થઇ ત્યારે ધણીને ગયેલો જાણીને રોવામાં તત્પર એવી પુત્રીને માતાએ પૂછ્યું કે હે પુત્રી ! તું કેમ રડે છે? પુત્રીએ કહ્યું કે હે માતા ! મને છોડી દઇને ધણી કોઇક ઠેકાણે ચાલી ગયો છે. માતાએ કહ્યું કે હે પુત્રી ! તું રડ નહિ તારો પતિ આવશે. તપાસ કરવા છતાં પણ જ્યારે સાગર કોઇ ઠેકાણે મળ્યો નહિ. ત્યારે તેના પિતાએ તે બીજા વરને આપી. તે પતિ પણ પૂર્વના પતિની માફક પ્રિયાને છોડી દઇને દૂર ગયો. હવે તેણીને એકાંતમાં બીજા વરને આપી. તે પણ સળગતા અંગારા સરખાં તેનાં અંગના સ્પર્શથી રાત્રિમાં તે કન્યાને છોડીને વેગપૂર્વક દૂર નાસી ગયો.

ઘી વગરનું અલ્પ ભોજન – પ્રિય સાથેનો વિયોગ – અપ્રિય સાથેનો સંયોગ તે સર્વ પાપની ચેષ્ટા છે. અનુક્રમે બળતાં અંગારા સરખા પુત્રીના શરીરના સ્પર્શને જાણીને પિતાએ કહ્યું કે તું અહીં રહી ધર્મધ્યાન કર. એક વખત વૈરાગ્યથી તેણીએ ગંગા નામના સાધ્વીની પાસે સંયમ ગ્રહણ કર્યો અને તીવ્ર તપ કરે છે. એક – બે – ત્રણ – ચાર – પાંચ વગેરે ઉપવાસને હંમેશાં કરતી ગ્રીષ્મઋતુમાં હર્ષવડે ઉપવનમાં આતાપના ગ્રહણ કરે છે. તે વખતે ત્યાં પાલખીમાં રહેલી શ્રેષ્ઠ આકૃતિવાલી દેવદત્તા નામની વેશ્યા પાંચ પુરુષોવડે સેવા કરાતી ત્યાં આવી. તે પાંચે પુરુષોવડે પગ ધોવા આદિ વડે તેના શરીરની નિરંતર સેવા કરાતી જોઇને. સાધ્વી વિચારવા લાગી કે હું આ ભવમાં પુરુષને દ્વેષ કરવા લાયક થઇ, અને આ ( સ્ત્રી ) પાંચ પુરુષોના ભોગને ભજનારી છે. આથી મને તીવ્ર તપના પ્રભાવથી ખરેખર કામદેવ – સરખા પાંચ પુરુષ થાઓ. તેણીએ તીવ્ર તપ કરી અંતે સંલેખના કરી પોતે ચિંતવેલાની આલોયણા લીધા વગર – સૌધર્મેન્દ્રની પ્રિયા થઇ. સ્વર્ગમાંથી ચ્યવીને પૂર્વે આચરેલા તપના પ્રભાવથી રાજાની પુત્રી થઇને પાંચની પ્રિયા થઇ. તેણીએ પૂર્વ ભવમાં તપનું જે નિયાણું કર્યું હતું , તેણીને તેનો ઉદય થવાથી પાંચ પતિ થયા. પાંચ પતિ હોવા છતાં પણ આ દ્રૌપદી સતી છે. આ પ્રમાણે આકાશમાંથી દિવ્યવાણી થઇ. તેથી તેના પિતા હર્ષિત થયા. તે પછી માતાપિતાએ હર્ષ પામેલી તે દ્રૌપદી કન્યા પાંચે પાંડવો સાથે સારા ઉત્સવપૂર્વક પરણાવી.

દ્રુપદરાજાએ ઉત્તમ અન્ન –પાનને વસ્ત્ર આપવાવડે પુત્ર સહિત – પાંડુરાજાનો સત્કાર કર્યો. દ્રુપદ રાજાએ તે વખતે બીજા રાજાઓનો પણ શ્રેષ્ઠ વસ્ત્ર આદિ આપવાવડે સત્કાર કર્યો અને તેઓ પોતાના નગરમાં ગયા. પુત્રો સાથે પાંડુ રાજા વિસર્જિત કરાયેલા ( વિદાય કરાયેલા ) સુંદર ઉત્સવપૂર્વક હસ્તિનાપુર નગરીમાં ગયો. નારદમુનિ સાથે પાંડુ રાજાએ આ પ્રમાણે વ્યવસ્થા કરી. ધર્મપુત્ર યુધિષ્ઠિર આદિને વારા પ્રમાણે દ્રૌપદીના ઘરમાં રહેવું. કહ્યું છે કે :–

**वृकोदराद्याः सहसा मनस्विनः सहोदरास्तं परिवव्रिरे नृपम् ।**
**द्युहस्तिनो हस्तमिवासुहृद्रण–छिदानि दानं रणपारदादराद् ।।१।।**

ભીમ (વૃકોદર ) વગેરે ચતુરભાઇઓ તે રાજાને એકદમ ઘેરી વળ્યા શત્રુના યુધ્ધને છેદવામાં એકદમ કારણભૂત એવા આકાશ હસ્તિની સૂંઢની જેમ, યુધ્ધના પારને આપનારાની જેમ આદરથી ઘેરી વળ્યા.

દ્રૌપદીના ઘરમાં એક પતિ હોતે છતે જે આવે તેને બાર વર્ષ સુધી તીર્થ સેવન કરવું. તે વખતે અનેક જીવો કૃષ્ણ ધર્મસુત યુધિષ્ઠિર વગેરેએ નારદ ઋષિ પાસે જીવદયામૂલ મોક્ષ સુખને આપનારો ધર્મ ગ્રહણ કર્યો. અહિંસાથી ઉત્પન્ન થયેલો તે ધર્મ હિંસાથી કેમ થાય ? પાણીમાં ઉત્પન્ન થયેલાં કમલો અગ્નિમાં ઉત્પન્ન થતાં નથી.

**सर्वाणि भूतानि सुखेरतानि, सर्वाणि दुःखस्यसमुद्विजन्ति।**
**तस्मात् सुखार्थी सुखमेव दत्ते, सुखप्रदाता लभते सुखानि।।**

સર્વ જીવો સુખમાં રાગી હોય છે. સર્વ જીવો દુઃખથી ઉદ્વેગ પામે છે. તેથી સુખનો અર્થી સુખ જ આપે. તે સુખને આપનારો સુખને મેળવે છે.

એક વખત દ્રૌપદીના ઘરમાં ધર્મસુત યુધિષ્ઠિર રહ્યો હતો ત્યારે ચોરોએ ગૌધન વાળ્યું ત્યારે અને બંબારવ – બુમરાણ થયું ત્યારે – નહિ જાણતો એવો અર્જુન ધનુષ્ય માટે ત્યાં પ્રવેશ કરીને ધનુષ્ય લઈને શત્રુઓને હણીને વનમાંથી ગાયોને પાછી વાળી.પાર્થ – અર્જુન જ્યારે નગરના ઉદ્યાનમાં રહ્યો, અને નગરની અંદર આવતો નથી. ત્યારે ભાઈઓ સહિત ધર્મસુત – યુધિષ્ઠિરે આવીને આ પ્રમાણે કહ્યું.

હે પાર્થ ! અર્જુન ! તું નગરની અંદર જા. ન્યાયપૂર્વક પૃથ્વીનું પાલન કર. શા માટે તમે ઉદ્યાનમાં ઊભા છો ? હવે તે અર્જુને કહ્યું કે – જે કારણથી સૈન્દ્રી દ્રૌપદીના ઘરમાં ધર્મપુત્ર – યુધિષ્ઠિર રહ્યા હતા ત્યારે મેં ધનુષ્યના માટે પ્રવેશ કર્યો આથી મારે બાર વર્ષ સુધી વનમાં રહેવું જોઈએ. યુધિષ્ઠિરે કહ્યું કે હે ભાઈ ! તું આમ કેમ કહે છે? હે ધનંજય અર્જુન ! મારા મનમાં તારા ઉપર જરા પણ દ્રેષ નથી. અર્જુને કહ્યું કે મારી પ્રતિજ્ઞાનો ભંગ થયો છે. માટે હે ધર્મસુત યુધિષ્ઠિર ! મારે બાર વર્ષ સુધી વનમાં રહેવું જોઈએ.

**चलति कुलाचल चक्रं, मर्यादामधिपतन्ति जलनिधयः।**
**प्रतिपन्नममलमनसां, न चलति।।**

કદાચ કુલગિરિનો સમૂહ ચલાયમાન થાય. કદાચ સમુદ્રો મર્યાદા મૂકે. તો પણ નિર્મલ મનવાલાઓની પ્રતિજ્ઞા ચલાયમાન થતી નથી. આળસુ એવા પણ સજ્જનપુરુષો જે અક્ષરો બોલ્યા હોય તે પથ્થરમાં ટંકેલા હોય તેમ અન્યથા થતા નથી. એ પ્રમાણે વચનવડે વારેલો એવો અર્જુન તે વખતે ભાઈઓ સાથે ચાલતો પોતાની પ્રતિજ્ઞાનું રક્ષણ કરવા માટે તીર્થ સેવા માટે ચાલ્યો (ફાલ્ગુન) અર્જુન તીર્થમાં દેવોને ભક્તિપૂર્વક નમસ્કાર કરતો વૈતાઢ્યપર્વતઉપર ઋષભદેવ વગેરે જિનેશ્વરોને નમ્યો..

આ બાજુ કોઈક દીનવાણીવાલો વિદ્યાધર આવ્યો. અર્જુનવડે પુછાયેલા એવા તેણે પોતાનું દુઃખ તેની આગળ આ પ્રમાણે કહ્યું. વૈતાઢ્ય પર્વતનીઉત્તર શ્રેણીમાં મણિચૂડ નામના નગરમાં મણિચૂડ નામનો વિદ્યાધર શ્રેષ્ઠને બલવાન

હતો. ચંદ્રચૂડ નામના નગરમાંથી શત્રુએવા હેમાંગદ નામના વિદ્યાધરે આવીને વેગથી મણિચૂડને પોતાના નગરમાંથી કાઢી મૂક્યો અને બલવડે ઉત્કટ એવો તે વિદ્યાધર તે રાજ્યઉપર બેસી ગયો. તે મણિચૂડ એવો હું પૃથ્વીતલપર ભ્રમણ કરતો ખરેખર આ નગરમાં આવ્યો. આ સાંભળીને વિમાનમાં રહેલો અર્જુન તે વિદ્યાધર સાથે હેમાંગદને જીતીને તે રાજ્યઉપર તે વિદ્યાધરને તે વખતે તેણે સ્થાપન કર્યો. અનુક્રમે ઘણા વિદ્યાધરોવડે સેવાયેલા નિર્મલમનવાલા એવા તે અર્જુને વૈતાઢ્યપર્વત ઉપર શાશ્વત અરિહંતોને નમસ્કાર કર્યા. વિદ્યાધર રાજાઓના ઉપકારમાં તત્પર એવા અર્જુને રૈવતગિરિ ઉપર તીર્થંકરોને નમસ્કાર કર્યા, નમસ્કાર કરીને એક સ્રીને જોઇને અર્જુને પૂછ્યું કે તું અહીં ક્યાંથી આવી? કોની સ્રી છે ? તે કહે ! તે સ્રીએ કહ્યું કે :

શ્રીપુર નગરમાં પૃથુરાજાની દુર્ગંધી શરીરવાલી દુર્ગંધા નામની પુત્રીને સોમદેવ પરણ્યો . તેવા પ્રકારના દુર્ભાગ્યથી માતા – પિતાને હું દ્વેષ કરવા લાયક થઇ. સર્વ ઠેકાણે લોક પુણ્યથી માન્ય કરાય છે. પાપથી નહિ. તે પછી હું કર્મને છેદવા માટે તીર્થસેવા માટે નીકળી. ઘણાં તીર્થમાં હું ભમી. પરંતુ તે દુર્ગંધ ન ગઇ. ગળાફાંસો – કૂવો – સમુદ્ર અને અગ્નિઆદિવડે મરવાની ઇચ્છાવડે મેં વનમાં જતાં એક શ્રેષ્ઠ મુનિને જોયા. ભક્તિવડે નમસ્કાર કર્યા છતાં પણ તે મુનિ જેટલામાં જરાપણ બોલતા નથી તેટલામાં મેં કહ્યું કે હે મુનિ ! ક્યા કારણથી તમે મને જોતા નથી ? મુનિએ કહ્યું કે હમણાં હું ધ્યાન કરવાની ઇચ્છાવાળો છું, કારણ કે શુભ ધ્યાનથી જ મોક્ષ સંપત્તિ થાય છે.

હમણાં મારા શ્રેષ્ઠ ગુરુ ધર્મઘોષ આ વનમાં છે. તેથી તું ત્યાં જઇને તે ઉત્તમગુરુને ભક્તિવડે નમસ્કાર કર. તે પછી પ્રથમ જિનેશ્વરનો આશ્રય કરતાં તે કુલપતિનાં ચરણોને નમીને મેં પૂછ્યું કે મને ક્યા કારણથી આ રોગ થયો છે ? પહેલાં મને ત્યજીને પતિ નાસી ગયા, પિતાને હું દ્વેષ કરવા લાયક કેમ થઇ ? આથી હું પૂર્વકર્મના છેદમાટે દૂર નીકળી છું. આજે હે જગતના આધાર ! હે દયાની ખાણ ! હે જગતના હિતકારી ! તમે મલ્યા છો. તેથી હમણાં મારું ભાગ્ય ઘણું મોટું છે. હે જગદગુરુ ! પૂર્વભવે ઉપાર્જન કરેલાં પાપથી છોડાવીને તેવી રીતે કરો કે જેથી મારા શરીરમાંથી જલદી રોગ જાય. મુનિએ કહ્યું કે મારું જ્ઞાન નિરતિશય સંપૂર્ણ નથી જેથી મનુષ્યોના શુભ અશુભ એવા પૂર્વભવ વગેરે જાણી શકાય. તો પણ તું રૈવતનામના સિધ્ધગિરિના શિખરઉપર જા. ત્યાં ઇન્દ્રે બનાવેલો ગજેન્દ્ર નામનો શ્રેષ્ઠ કુંડ છે. ત્યાં તું સ્નાન કરીને પ્રથમ જિનેશ્વરની પૂજા કર, તેથી તારા દેહમાંથી સઘળી દુર્ગંધ ચાલી જશે.

આ પ્રમાણે સાંભલીને હું મુનિને નમસ્કાર કરી સિધ્ધગિરિને સ્મરણ કરતી કેટલાક દિવસે અહીં રૈવતગિરિ ઉપર આવી. અરિહંતના ચૈત્યમાં પોતાના પ્રવેશને નહિ પામતી મેં ગજેન્દ્ર કુંડમાંથી પાણી લઇને સ્નાન કર્યું. પ્રભુનું ધ્યાન કરતી એવી મેં કુંડમાં તેવી રીતે સ્નાન કર્યું કે જેથી મારા શરીરમાંથી દુર્ગંધવાલો રોગ વિનાશ પામ્યો. કેવલજ્ઞાની વિના જણાતું નથી કે મેં પૂર્વ ભવમાં શું પાપ કર્યું ? હે અર્જુન ! ( પાર્થ ! ) હવે તે કેવલી હમણાં પુછાય ? એ પ્રમાણે વિસ્તારપૂર્વક તેણી પોતાનો સંબંધ કહેતી હતી ત્યારે ત્યાં કેવલી આવ્યા. તે બંનેએ તે કેવલીને ભાવથી વંદન કર્યું. દુર્ગંધાએ આવીને કહ્યું કે હે મુનિ ! મેં પૂર્વભવમાં શું પાપ કર્યું ? જેથી મારા શરીરમાં દુર્ગંધ થઇ ? હવે કેવલીએ કહ્યું કે –

પદ્મપુરી નામની નગરીમાં મુકુંદ નામના બ્રાહ્મણની પદ્મિની નામે પ્રિયા છે. તે પોતાના રૂપના ગર્વથી જગતને તૃણ સમાન માને છે. એક વખત તારા ઘરમાં શ્વેતાંબર મુનિઓ ભિક્ષા માટે આવ્યા. ભિક્ષા આપીને પોતાની નાસિકાને

મરડતી તારાવડે હાંસી કરાઇ. આ દુષ્ટ ગંધવાલા ને મલિન વસ્ત્રવાલા સ્નાન વગરના આ મુનિઓએ મારી નાસિકા અને બંને આંખનું દુર્ગંધપણું કર્યું. !

તે કર્મવડે તું મરીને પ્રથમ નરકમાં ગઇ. તે પછી ચાંડાલિણી થઇ. તે પછી ગામની ભૂંડણ થઇ. તે પછી દુર્ગંધી કાનવાલી અને દુર્ગંધી શરીરવાલી કૂતરી થઇ. અને ત્યાંથી સાધુનિંદા કરવાથી બીજી નરકમાં ગઇ. આ પ્રમાણે ઘણા ભવો સુધી ભ્રમણ કરીને બાકી રહેલાં કર્મ વડે હે અબલા ! તું આ ભવમાં દુર્ગંધી શરીરવાલી રાજપત્ની થઇ. પોતાના હિતને ઇચ્છનારા મનુષ્યોએ કોઇ પણ માણસની નિંદા ન કરવી. વિશેષ કરીને નિંદા કરાયેલા સાધુઓ દુ:ખને માટે થાય છે. કહ્યું છે કે :-

**महाव्रतधरा येतु-ये मिथ्यात्वनाशका: ।**
**येऽर्हन्मतनभस्सूर्या: निद्यास्ते मुनय: कथम् ।।१।।**
**वंदिज्जमाणा न समुक्कसंति, हीलिज्जमाणा न समुज्जलंति ।**
**दंतेण चित्तेण चरंति धीरा, मुणी समुग्धाइअरागदोसा ।।२।।**
**तो समणो जइ सुमणो, भावेण य जइ न होइ पावमाणो ।**
**सयणे अ जणेय समो, समो य माणावमाणेसु ।।३।।**
**नत्थि अ से कोइ वेसो पिओव सव्वेसु चेव जीवेसु ।**
**एएण होइ समणो, एसो अन्नोवि पज्जाओ ।।४।।**

જે મહાવ્રતને ધારણ કરનારા છે. જે મિથ્યાત્વનો નાશ કરનારા છે. જે અરિહંતના મતરૂપી આકાશમાં સૂર્ય સરખા છે. તે મુનિઓ કેમ નિંદા કરાય ? ॥ ૧ ॥ મુનિઓ વંદન કરવા છતાં અભિમાન કરતા નથી. નિંદા કરવા છતાં ક્રોધ કરતા નથી. નાશ કર્યા છે રાગ અને દ્વેષ જેણે એવા ધીરમુનિઓ ચિત્તને દમન કરી વિચરે છે. ॥ ૨ ॥ સાધુ તે છે કે જે ભાવથી સારા મનવાલા હોય. પાપી મનવાલા ન હોય. સ્વજનમાં ને પરજનમાં સમાન હોય. તે માન અપમાનમાં સમાન હોય ॥ ૩ ॥ જેમને સર્વ જીવોમાં કોઇ દ્વેષ કરવા લાયક નથી ને કોઇ પ્રિય નથી એ કારણથી તે સાધુ છે. બીજો પર્યાય છે. ( બીજા નામથી જ સાધુ છે . ) ॥ ૪ ॥

તું આ તીર્થની સેવા નિરંતર કર. જેથી તને મોક્ષ સુખને આપનાર સર્વકર્મનો ક્ષય થાય. તે પછી તે દુર્ગંધા તે તીર્થની સેવા તેવી રીતે આદરથી કરવા લાગી કે જેથી થોડા ભવમાં તેને મુક્તિ લક્ષ્મી થાય.

અર્જુન પણ ગુરુને નમીને પોતાને ધન્ય માનતો સારી ભાવનાવાળો મણિચૂડ સાથે તે તીર્થમાં ત્રણ દિવસ રહ્યો. તે પછી અર્જુન દ્વારિકામાં ગયો અને સારા દિવસે કૃષ્ણની બહેન સુભદ્રાને સારા ઉત્સવપૂર્વક પરણ્યો કહ્યું છે કે :-

सतां पथा प्रवृत्तस्य, - तेजोवृद्धी रविरिव।
यदृच्छयाऽनुवृत्तस्य, रूपनाशोऽस्ति वायुवत्॥१॥

સત્પુરુષોના માર્ગવડે પ્રવર્તેલાને સૂર્યની જેમ તેજની વૃદ્ધિ થાય છે. અને પોતાની ઇચ્છા પ્રમાણે ચાલનારને વાયુની જેમ રૂપનો નાશ થાય છે. ॥ ૧ ॥ અષ્ટાપદ વગેરે તીર્થોમાં તીર્થંકરોને નમસ્કાર કરતા અર્જુને બાર વર્ષ પૂરાં કર્યાં. અર્જુન તે પ્રતિજ્ઞા પૂર્ણ કરીને ઘણા વિદ્યાધરો સહિત – ઘણાં વિમાનોવડે આકાશને ઢાંકતો પોતાના નગરમાં ગયો. વધૂ સહિત પુત્ર અર્જુનને આલિંગન કરીને પાંડુરાજા પોતાના ઘરે પ્રવેશ ઉત્સવપૂર્વક લાવ્યો. કોઇકના મુખેથી પોતાની બહેન પ્રભાવતીને વિદ્યાધરવડે હરણ કરાયેલી જાણીને મણિચૂડ ઘણો દુ:ખી થયો.

તે વખતે મણિચૂડની સાથે અર્જુને આકાશમાર્ગે જઇને શત્રુને જીતીને વેગથી પ્રભાવતીને પાછી લાવ્યો. પાંડુરાજાએ અનુક્રમે યોગ્ય જાણીને રાજ્ય ઉપર યુધિષ્ઠિરને પોતાની પાટઉપર સ્થાપન કર્યો. બીજા પુત્રોને યુવરાજપદે સ્થાપન કર્યા. ભીમ વગેરે ચાર ભાઇઓએ ભાઇના આદેશથી ભાઇની ભક્તિથી શત્રુનાં રાજ્યોને ગ્રહણ કર્યાં. પાંચે ભાઇઓને દ્રૌપદીના ગર્ભથી ઉત્પન્ન થયેલા સિંહ જેવા બલવાન પાંચ પુત્રો થયા અર્જુનની પ્રીતિથી મણિચૂડ વિદ્યાધરે ઇન્દ્રની સભા સરખી નવી સભા તેજ વખતે ત્યાં કરી. તે સભામાં રાજા ધર્મપુત્ર ( યુધિષ્ઠિર ) ચાર ભાઇઓ સાથે બેઠેલો દેવતાઓની સાથે જેમ ઇન્દ્ર શોભે તેમ શોભે છે.

ત્યાં યુધિષ્ઠિરે ઘણા ધનનો વ્યય કરી શાંતિનાથ ભગવાનનો શ્રેષ્ઠ સુવર્ણમય પ્રાસાદ કરાવ્યો. જ્યાં શાંતિનાથ ભગવાનનાં ત્રણ કલ્યાણકો થયાં. તે હસ્તિનાગપુર નામનું તીર્થ મનુષ્યોને મોક્ષ આપનારું થાય. તે સભામાં પ્રવેશ કરતા દુર્યોધન રાજાએ પાણી વગરના સ્થાનમાં પણ પાણીની ભ્રાંતિવડે બન્ને પગનાં વસ્ત્રો ઊંચાં કર્યાં. કોઇક ઠેકાણે તેજના ભ્રમથી જતો એવો તે ભીતપર મજબૂતપણે અથડાયો. ભીમવડે હાંસી કરાયેલો દુર્યોધન ઘણો લજ્જા પામ્યો. અંદર ક્રોધ પામેલો બહાર શીતલ સ્વભાવવાળા એવા ધૃતરાષ્ટ્રના પુત્ર દુર્યોધને કોમલવાણી વડે પાંડુપુત્રોને કહ્યું :–

मुखं पद्मदलाकारं -, वाचा चन्दनशीतला।
हृदयं कर्त्तरीतुल्यं, त्रिविधं धूर्त्तलक्षणम्॥

મોઢું કમલપત્ર સરખા આકારવાલું હોય, વાણી ચંદન સરખી શીતલ હોય, હૃદય કાતર સરખું હોય આ પ્રમાણે ત્રિવિધ ( ત્રણ પ્રકારે ) ધૂર્તનું લક્ષણ છે. યુધિષ્ઠિર નિરંતર યાચકોને દાન આપતો હતો. તેના યશના સમૂહને સાંભળીને દુર્યોધન અતિ દુ:ખી થયો. શાંતિનાથ પ્રભુની પ્રતિષ્ઠાના ઉત્સવમાં યુધિષ્ઠિરવડે વસ્ત્ર આદિવડે દુર્યોધનનું સન્માન કરાયા છતાં પણ તે રોષવાળો થયો. કહ્યું છે કે : –

वृश्चिकानां - भुजङ्गनां, दुर्जनानां च वेधसा।
विभज्य नियतंन्यस्तं, विषं पुच्छे मुखे हृदि॥१॥

વિધાતાએ વીંછીના પૂંછડામાં, સર્પના મુખમાં, અને દુર્જનોના હૃદયમાં નિયતપણે ઝેર વહેંચણી કરીને મૂક્યું છે. (૧) દુર્યોધન વિચારવા લાગ્યો આ પાંડુપુત્રો બાલપણાથી બલથી શ્રેષ્ઠ છે.તેથી તે સર્વેને મારે યમરાજાના ઘરે મોકલવા જોઇએ. રામ અને કૃષ્ણના બલવડે આ પાંડવો ગર્વ કરે છે. રાજ્યનું અપહરણ કરીને તેને તેનું ફલ હું બતાવીશ. આ પ્રમાણે વિચારી નગરીની અંદર આવી સુંદર સભા કરાવી. દેવીની આરાધના કરીને તે ધૃતરાષ્ટ્રના પુત્ર દુર્યોધને જીતનારા પાસા મેળવ્યા. દુર્યોધને સેવકો મોકલીને સભા જોવા માટે પાંડવોને બોલાવ્યા. તેથી તેઓ પણ સભા જોઇને હર્ષ કરવા લાગ્યા, કહ્યું છે કે :-

**यः परप्रीतिमाधातुं, भस्मतामपिगच्छति।**
**विवेकमानिना पश्य, धात्रा सोऽप्यगुरुःकृतः ॥१॥**
**पिबन्ति नद्यः स्वयमेव नाम्बु, स्वदन्ति न स्वादुफलानि वृक्षाः।**
**पयोमुचां किं क्वचिदस्तिशस्यं, परोपकाराय सतां विभूतिः ॥२॥**

જે પારકાની પ્રીતિને ધારણ કરવા માટે ભસ્મપણાને પણ પામે છે પોતાને વિવેકી માનતા વિધાતાવડે તે પણ અગુરુ કરાયો તે તું જો. નદીઓ પોતે પાણી પીતી નથી, વૃક્ષો સ્વાદિષ્ટ ફળો ખાતાં નથી, મેઘ શું કાંઇ ધાન્ય ખાય છે ? સત્પુરુષોની વિભૂતિઓ પરોપકાર માટે હોય છે. દુર્યોધને કહ્યું કે આપણે ધૂતક્રીડા કરીએ. પાંડવોએ કહ્યું કે અહીંયાં જ ધૂત ( જુગાર ) ક્રીડા કરાય, જે રાજ્યને હારી જાય તે બાર વર્ષ સુધી એકાંતમાં રહે. તે પછી તેને રાજ્ય થાય, જો વનમાં રહેતો શત્રુવડે એકવાર પણ કોઇ ઠેકાણે જણાય તો તે પોતાના ભાઇ સહિત બાર વર્ષ સુધી વનમાં રહે. છલકપટમાં પરાયણ એવો દુર્યોધન યુધિષ્ઠિરને લોભ પમાડીને જુગાર રમવા માટે આ પ્રમાણે લઇ ગયો. તે પછી યુધિષ્ઠિરે દુર્યોધન સાથે જુગાર રમતાં સુયોધનને ( દુર્યોધનને ) જીતવાની ઇચ્છાવાળા તેણે શરુઆતમાં સભાની શરત કરી. દુર્યોધને સભાને જીતી, તે પછી ઘોડાઓને જીત્યા, તે વખતે હાથીઓને જીત્યા, તે વખતે યુધિષ્ઠિરે જીતની આશાથી ખજાનો નગર ને ગામ વગેરેની શરત કરી અને તે ( સર્વે ) હારી ગયો.

**द्यूतं सर्वापदांधाम, द्यूतं दीव्यन्ति दुर्धियः।**
**द्यूतेन कुलमालिन्यं, द्यूताय श्लाघ्यतेऽधमः ॥**
**करघट्टा नह पंडुरा, सज्जन दुज्जण हूअ।**
**सूना देउल सेवीइ, तुज्झ पसाइ - जूअ! ॥**

જુગાર એ સર્વ દુઃખોનું ઘર છે. દુષ્ટબુધ્ધિવાલા જુગાર રમે છે. જુગારવડે – કુલની મલિનતા થાય છે. અધમ પુરુષ જુગાર માટે વખણાય છે ॥ હે જુગાર ! તારી મહેરબાનીથી હાથના નખ સફેદ થાય છે. સજ્જન એ દુર્જન થાય છે, સૂનાં દેવલ સેવાય છે. ( ખંડિયેર મકાનમાં સંતાવું પડે છે. ) યુધિષ્ઠિર રાજ્ય વગેરે બધું હારી ગયા પછી તેણે દ્રૌપદીની શરત કરી. અને તે સ્ત્રી પણ હારી ગયો. નાસી જતી દ્રૌપદીને દુષ્ટબુધ્ધિવાલા દુર્યોધને ભીષ્મ વગેરે દેખતે છતે સભાની અંદર મંગાવી. દુર્યોધને સેવક મારફત જ્યારે દ્રૌપદીની એક સાડી દૂર કરી ત્યારે બીજી નવી સાડી આવી.

આ પ્રમાણે દુર્યોધને અનુક્રમે તેણીની સો સાડી ખેંચી તે વખતે તેના શીલવડે નવી નવી સાડી આવી. કહ્યું છે કે :-

**शीलं नाम कुलोन्नतिकरं, शीलं परं भूषणं,**
**शीलं ह्यप्रतिपाति चित्तमनघं, शीलं सुगत्यावहम्।**
**शीलं दुर्गनितनाशनं सुविपुलं, शीलं यशः पावनं,**
**शीलं निर्वृत्तिहेतुरेव परमं, शीलं तु कल्पद्रुमः ॥१॥**

શીલ એ કુલની ઉન્નતિકરનાર છે. શીલ એ શ્રેષ્ઠભૂષણ છે. શીલ એ અપ્રતિપાતિ (ગુણ) છે. શીલ એ નિર્મલ ચિત્ત છે. શીલ એ સદ્ગતિને આપનારું છે, શીલ એ દુર્ગતિને નાશ કરનારું છે.અત્યંત વિપુલ એવું શીલ યશને પવિત્ર કરનારું છે.શીલ એ શ્રેષ્ઠ મોક્ષનો હેતુ છે. શીલ એ કલ્પવૃક્ષ છે.

દુર્યોધનને ગદાવડે હણવા માટે ભીમ જેટલામાં ઊભો થયો તેટલામાં યુધિષ્ઠિરે નિષેધ કરાયેલો પોતાના સ્થાને ઊભો રહ્યો. દુર્યોધને કહ્યું કે ત્યારે હું દ્રૌપદીને મૂકું જ્યારે તમે જલદીથી બાર વર્ષ વનમાં રહો. અને એક વર્ષ સુધી જંગલમાં એકાંતમાં રહેવું. તે પછી પાંડવો પોતાની પ્રતિજ્ઞા ( પાલન ) કરવા માટે ગાંગેય વગેરે ઘણા લોકો દેખતે છતે જવા માટે તૈયાર થયા. ભીમે કહ્યું કે દુર્યોધને જે કર્યું છે તે સારું નથી. ભીષ્મે દુર્યોધનને મોટેથી કહ્યું હમણાં તમારા વડે આની પત્ની દ્રૌપદી તિરસ્કાર કરાઇ છે. તને હણવા માટે ઊભા થતા ભીમ વગેરે ભાઇઓને ધર્મપુત્ર – યુધિષ્ઠિરે અટકાવ્યા. તેથી તેઓ ઊભા રહયા છે. ભીષ્મ પાંડુ વગેરે સ્વજનો અને પ્રજાની રજા લઇને ભાઇ સહિત યુધિષ્ઠિર વનમાં જવા માટે ચાલ્યો.

દ્વારિકા નગરીમાં જઇને પોતાના ભાઇની રજા લઇનેસાથે જવા માટે કુંતી ને દ્રૌપદી ઇચ્છે છે.તે પછી અટકાવવા છતાં પણ કુંતી ને દ્રૌપદી વનમાં નિવાસ કરવા માટે પુત્ર ને ધણી સહિત ચાલ્યાં. લોકો તે વખતે આ પ્રમાણે કહેવા લાગ્યા કે – યુધિષ્ઠિર રાજાનું સત્ય પ્રતિજ્ઞાપણું હમણાં વજ્રની રેખા જેવું દેખાય છે. કહ્યું છે કે :-

**सकृज्ज ल्पन्ति राजानः सकृज्जल्पन्तिसाधवः ।**
**सकृत्कन्याः प्रदीयन्ते, त्रीण्येतानि सकृत्सकृत् ॥१॥**

રાજાઓ એક વખત બોલે છે. સાધુઓ એક વખત બોલે છે. કન્યા એક વખત અપાય છે. આ ત્રણ વસ્તુ એક એક વખત હોય છે. વનમાં જતા પાંડવોને મલીને કૃષ્ણે કહ્યું કે પોતાની નગરીમાં તમે આવો અને તમને સ્થાન અપાશે. આ દુર્યોધન રાજા કૂડકપટનું ઘર છે. વનમાં રહેતાં એવા તમને હણવા માટે કપટ કરશે. મધસરખાં પીળાં નેત્રવાલો આ દુર્યોધન રાજા ફક્ત કુલનો જ નહિ પણ ક્ષત્રિયોનો અંત કરશે.

**षष्टिर्वामनके दोषा – अशीतिर्मधुपिङ्गले।**
**शतं टुण्टमुण्डेच – कोणे अन्तो न विद्यते॥**

વામન પુરુષોમાં ૬૦ દોષો હોય છે. મધુપિંગલને વિષે ૮૦ દોષો હોય છે. ટૂંટિયાને મૂંડામાં સો દોષ હોય છે, કાણા માણસમાં દોષોનો છેડો હોતો નથી. પાંડવોએ કહ્યું કે પોતાની પ્રતિજ્ઞાનું રક્ષણ કરતાં ભલે અમારું મૃત્યુ થાય અથવા લક્ષ્મી થાય. અથવા દારિદ્રય થાય. અથવા મોક્ષલક્ષ્મી થાય કૃષ્ણે કહ્યું કે તમે હમણાં શ્રેષ્ઠ હસ્તિનાપુરમાં ચાલો. ત્યાં શત્રુઓને હણીને હે પાંડવો ! તમને હું જલદી રાજ્ય આપું. પાંડવોએ કહ્યું કે તેર વર્ષ વનમાં પસાર કરીને સહાયક એવા તમારાવડે યુક્ત અમે શત્રુઓને હણીશું. આ પ્રમાણે પાંડવોવડે સ્નેહપૂર્વક વિસર્જન કરાયેલા કૃષ્ણ સુભદ્રા (નામની) બહેનને લઈને પોતાની નગરીમાં આવ્યા.

વનમાં જતા પાંડવોની પાસે આવીને દુર્યોધનના પુરોહિતે સુંદર વિનયપૂર્વક આ પ્રમાણે પાંડવોને કહ્યું મારા મુખે દુર્યોધને આ પ્રમાણે જણાવ્યું છે કે મેં ખરેખર મૂઢપણાથી યુધિષ્ઠિરની અવજ્ઞા કરી છે. મોટો ભાઈ સર્વે ઠેકાણે લોકોને પૂજ્ય હોય છે. દુષ્ટ બુધ્ધિવાલા મેં તે મોટાભાઈની વંચના કરી છે. દયાના ઘર એવા તમારે મારી ઉપર કૃપા કરીને જલદી પ્રજાનું રક્ષણ કરતાં ઈન્દ્રપ્રસ્થનગરમાં રાજ્ય કરવું.. દુર્યોધનનું કહેલું સાંભળીને સરળ હૃદયવાલા – અત્યંત ધર્મ બુધ્ધિવાલા યુધિષ્ઠિરે ભાઈઓ સાથે એકદમ સ્વીકાર્યું. આ સાંભળીને મૂંઝાઈ ગયું છે ચિત્ત જેનું એવા વિદુરે દુર્યોધને કરેલું દુષ્ટ છલ ત્યારે એકાંતમાં પાંડુ પુત્રોને જણાવ્યું. તમે વિશ્વાસ પામીને કોઈ ઠેકાણે ઈન્દ્રપ્રસ્થ નગરી આપવાની અને ભક્તિવાળા વચન સાંભળવાથી શત્રુ એવા દુર્યોધનનો વિશ્વાસ કરતા નહિ.

**वेश्याक्कानृपतिश्चौर - नीरमार्जारमर्कटा: ।**
**जातवेदा कलादश्च, न विश्वस्या इमे क्वचित् ।।**
**शकटंपञ्चहस्तेन, दश हस्तेन वाजिनम् ।**
**हस्तिनं शत हस्तेन, देश त्यागेन दुर्जनम् ।।**

વેશ્યા – અક્કા – રાજા – ચોર – પાણી – બિલાડા – વાંદરા – અગ્નિ અને સોની તેઓનો કોઈ ઠેકાણે વિશ્વાસ કરવો નહિ ।। ગાડાને પાંચ હાથ – ઘોડાને દશ હાથ – હાથીને સો હાથ અને દુર્જનનો દેશ ત્યાગવડે ત્યાગ કરવો. ત્યાં દુર્યોધને બ્રાહ્મણ પાસે તમારા મૃત્યુ માટે બનાવટી લાખનું ( લાક્ષા) ઘર કરાવ્યું છે. ફાગણ વદ ચૌદશની મહારાત્રિમાં હે યુધિષ્ઠિર ! કુટુંબ સહિત તમે સૂતે છતે તે બ્રાહ્મણ દુર્યોધનના આદેશથી એકાંતમાં લાક્ષાઘરને સળગાવીને તમને યમમંદિરમાં મોકલશે. આ પ્રમાણે સાંભળીને ભીમે કહ્યું કે હે ભાઈ ! તમે મને હમણાં રજા આપો તો ગદાવડે તેને હણીને યમમંદિરમાં મોકલીશ. યુધિષ્ઠિરે કહ્યું કે જે જે કપટ કરશે તેને તે તે પાપ નિશ્ચે તેના મસ્તક ઉપર પડશે કહ્યું છે કે :–

**अत्युग्रपुण्यपापानामिहैव फलमाप्यते ।**
**त्रिभिर्मासैस्त्रिभि: पक्षै: स्त्रिभिर्वर्षैस्त्रिभिर्दिनै: ।।१।।**

આ લોકમાં નિશ્ચે અતિઉગ્ર પાપ અથવા પુણ્યનું ફલ ત્રણ મહિને – ત્રણ પક્ષે – ત્રણ વર્ષે અથવા ત્રણ દિવસે

પ્રાપ્ત થાય છે.

शिष्याणां हि गुरू: शास्ता, शास्ता राजा दुरात्मनाम्।
अथ प्रच्छन्नपापानां, शास्ता वैवस्वतो यम: ।।२।।
जठराग्नि: पचत्यन्नं, फलं कालेन पच्यते।
कुमन्त्रै: पच्यतेराजा, पापी पापेन पच्यते।।३।।

શિષ્યોને શાસન કરનાર ગુરુ છે. દુષ્ટ આત્માનું શાસન કરનાર રાજા છે અને ગુપ્ત પાપોનું શાસન કરનાર – સૂર્યપુત્ર – યમરાજા છે. જઠરનો અગ્નિ અન્નને પકાવે છે. ફલ કાલે કરીને પાકે છે. ખરાબ વિચારોવડે રાજા – રંધાય છે અને પાપી માણસ પાપવડે રંધાય છે. ઈત્યાદિ વચનોરૂપી પાણીવડે ક્રોધરૂપી અગ્નિથી તપેલા ભીમને જેમ મેઘ પાણીવડે દાવાનલને શાંત કરે તેમ યુધિષ્ઠિરે ભીમને શાંત કર્યો.

વિદુરે કલાવાન પુરુષો પાસે લાક્ષાઘરને વિષે ગુપ્તપણે જલદી સુરંગ કરાવી. જેથી કોઇ શત્રુ જાણે નહિ. પાપી છે આત્મા જેનો એવા બ્રાહ્મણવડે, વચનોવડે ખુશ કરાયેલા દ્રૌપદીને કુંતી સહિત પાંડવોએ તે લાક્ષા ઘરમાં નિવાસ કર્યો. વિદુરે કહેલા દિવસે અકસ્માત ત્યાં એકદમ ઘરડી સ્ત્રી પાંચ પુત્રને એક વહુ યુક્ત આવી. નગરની અંદર ભમીને સાંજે યુધિષ્ઠિરના ઘરની પાસે થાકી ગયો છે દેહ જેનો એવા ( તેઓ ) એક પડખે ( બાજુ ) ગાઢપણે સૂઇ ગયાં બ્રાહ્મણે તે ઘરમાં અગ્નિ આપે છતે ગુપ્તપણે રાત્રિમાં યુધિષ્ઠિર ભાઇ આદિ સહિત – સુરંગવડે નીકળી ગયો. યુધિષ્ઠિરે નગરની બહાર જતાં પોતાના ઘરને બળતું જોઇને ભાઇ અને માતા વગેરેની આગળ કહ્યું ભાગ્યયોગથી આ વિઘ્ન અકસ્માત્ નાશ પામ્યું છે. તેથી સર્વેએ વિશેષથી પુણ્ય કરવું જોઇએ. કહ્યું છે કે :-

वने रणे शत्रुजलाग्निमध्ये, महार्णवे पर्वतमस्तकेवा, ।
सुप्तं प्रमत्तं विषमस्थितं वा, रक्षन्ति पुण्यानि पुराकृतानि ।।१।।
व्यसनशतगतानां क्लेशरोगाऽऽतुराणां,
मरणभयहतानां दु:खशोकार्दितानाम्,
जगति बहुविधानां व्याकुलानां जनानां,
शरणमशरणानां नित्यमेको हि धर्म्म: ।।२।।
भग्गंन जाइ न घडणं, दुज्जणहिययं कुलाल भंडंव।
सयखंडो वि घडिज्जइ, कंचण कलसो सुअणचित्तं ।।३।।
दुज्जणजण बब्बुलवन, जइ सिंचीइ अमीएण, ।
तोइ कंटा भगणा, जातिहांतणइगुणेण ।।४।।

વનમાં – યુધ્ધમાં – શત્રુ – પાણી ને અગ્નિમાં – મહાસમુદ્રમાં – પર્વતના શિખરઉપર – સૂતેલા – પ્રમાદિ અને વિષમ અવસ્થામાં રહેલાંનો પૂર્વે કરેલાં પુણ્યો રક્ષણ કરે છે. સૈંકડો સંકટોને પામેલા, ક્લેશને રોગથી દુ:ખી થયેલા,

મરણના ભયથી હણાયેલા – દુઃખ અને શોકથી પીડા પામેલા,જગતમાં ઘણા પ્રકારનાં શરણ રહિત – વ્યાકુલ એવા લોકોને હંમેશાં એક ધર્મ જ રક્ષણ છે, ભાંગી ગયેલું દુર્જનનું હૃદય કુંભારના પાત્રની જેમ ઘડાતું ( જોડાતું ) નથી. સજ્જનનું ચિત્ત સોનાના કલશની જેમ સો ટુકડા થઇ જાય તો પણ ઘડાય છે. દુર્જનલોક બાવલના વનની જેમ અમૃત વડે સીંચે તો પણ જાતિસ્વભાવના ગુણવડે કાંટા ભાંગે છે. ( કાંટારૂપે વધે છે ) હવે તેવા વન – પર્વત કે ગુફામાં જઇએ જ્યાં કોઇ શત્રુ જરાપણ આપણું રહેવું જાણે નહિ. આ બાજુ અહીંના મનુષ્યો સુંદર એવા પાંચ ભાઇઓ અને બે સ્રીઓને બળી ગયેલાં શરીરવાળાં જોઇને પરસ્પર આ પ્રમાણે કહેવા લાગ્યા કે પાપી એવા દુર્યોધને ગુપ્તપણે બ્રાહ્મણ પુરોહિતને મોકલીને લાક્ષા ઘરને સળગાવી. પાંડવોને ભસ્મસાત્ ( રાખ ) કર્યા. તે વખતે મનુષ્યોએ લાકડીઓને મુષ્ટિઓવડે તે બ્રાહ્મણને મારીને જલદીથી યમના ઘરે મોકલ્યો. કહ્યું છે કે :

ઘી વગરનું અલ્પ ભોજન, પ્રિયની સાથે વિયોગ – અપ્રિયની સાથે સંયોગ આ સર્વે પાપની ચેષ્ટા છે.

આ બાજુ દુર્યોધને બ્રાહ્મણ સહિત પાંડુપુત્રને યમના ઘરે ગયેલા જાણીને હર્ષવડે તેઓનું પ્રેતકાર્ય કર્યું. તે પછી દુર્યોધન નિષ્કંટક રાજ્ય પામીને નિર્ભય એવો તે સર્વ ભાઇઓને આદરપૂર્વક માનવા લાગ્યો. કહ્યું છે કે : –

**न श्रीः कुलक्रमायाता, शासनलिखिता न वा।**
**खड्गेनाक्रम्यभुञ्जीत, वीरभोग्या वसुन्धरा॥१॥**
**नाभिषेको न संस्कारः, सिंहस्य क्रियते मृगैः।**
**विक्रमार्जितसत्त्वस्य, स्वयमेव मृगेन्द्रता॥२॥**

લક્ષ્મી કુલક્રમથી આવેલી નથી. ને શાસનમાં લખેલી નથી. ખડ્ગ વડે આક્રમણ કરીને ભોગવવી જોઇએ. પૃથ્વી વીરપુરુષોવડે ભોગવવા લાયક છે. મૃગો સિંહનો અભિષેક કરતા નથી. અને સંસ્કાર પણ કરતા નથી. પરાક્રમથી ઉપાર્જિત છે સત્વજેનું એવા તેને પોતાની જાતે જ સિંહપણું હોય છે. આ બાજુ ગુફા અને પર્વતની અંદર ચાલતા પાંડુપુત્રો પોતાની સ્થિતિને જાણવાના ભયથી વિસામો લેતા ન હતા. સર્વે જીવો જીવવાને ઇચ્છે છે. મરવાને નહિ. તેથી મુનિઓ ભયંકર એવા પ્રાણીવધનો ત્યાગ કરે છે. પાંડવો ખરાબ – ઉકરડા અને કાંટા વગેરેથી વ્યાપ્ત પૃથ્વીતલમાં – વનમાં હંમેશાં દુઃખવડે ચાલતા હતા. તેવા પ્રકારના માર્ગમાં દ્રૌપદી ને કુંતી જ્યારે ચાલવા માટે સમર્થ નથી. ત્યારે એકદમ ભીમ ( તેઓના ) થાક ઉતારવા માટે બન્નેને ( ખભે ) ઉપાડતો હતો. માતા અને પત્નીને સ્કંધ ઉપર ઉપાડતો ભીમ રાત્રિને પસાર કરીને સવારે પૃથ્વીના આભૂષણરૂપ ભીમ નામના વનમાં પહોંચ્યો તરસ્યાં, એવાં ભાઇ અને માતા વગેરેને જાણીને તેઓને ત્યાં મૂકીને શ્રેષ્ઠ મનવાલો ભીમ પાણીની મશક લઇને પાણી માટે ચાલ્યો. વનનું ઉલ્લંઘન કરીને ભીમ જલદી સરોવરમાં ગયો. પાણીવડે મશક ભરીને જલદી પાછો વળ્યો.

હે મનુષ્ય ! તું ક્ષણવાર ઊભો રહે. એ પ્રમાણે બોલતી પાછળ આવતી સ્રીને જોઇને ભયરહિત એવો ભીમ ઊભો રહ્યો.

**तावद्भयाच्च भेतव्यं, यावद्भयमनागतम्।**
**आगतं तुभयं दृष्टवा, प्रहर्त्तव्यमशङ्कितै: ।।१।।**

ત્યાં સુધી જ ભયથી ભય પામવો કે જ્યાં સુધી ભય આવ્યો નથી. આવેલા ભયને જોઈને શંકા રહિત પ્રહાર કરવો. ભીમને જોઈને તેના રૂપવડે મોહપામેલી પરણવા ઇચ્છતી તે સ્રીએ કહ્યું કે આ વનમાં બળવાન એવો હિડંબ નામનો રાક્ષસ છે હું તેની હિડંબા નામની બહેન કુમારિકા છું. મનુષ્ય ગંધથી તને અહીં આવેલો જાણીને (તને) ખાઇ જવા ઇચ્છે છે. ભાઇ વડે મોકલાવેલી હું તમને જોઈને મોહ પામેલી એવી હું વરવા માટે ઇચ્છું છું. તો હે નરપુંગવ ! તું મને વર.

જો એમ નહિ કરે તો મારો મોટો ભાઇ હિડંબ અહી આવીને તને હણશે. ભીમે કહ્યું કે મારાં ચાર ભાઈઓ માતા ને પ્રિયા છે. તેઓની અનુજ્ઞાવડે હું પત્નીને પરણીશ અન્યથા નહિ. તે બંને આ પ્રમાણે વાતો કરતાં હતાં ત્યારે હિડંબ ત્યાં આવ્યો. જેટલામાં ભીમને હણવા માટે તે રાક્ષસ દોડ્યો તેટલામાં ભીમ વૃક્ષને મૂલમાંથી ઉખેડીને હણવા માટે તૈયાર થયો. ક્ષણવાર ભૂમિ ઉપર ને ક્ષણવાર આકાશમાં, તે બંને પરસ્પર અસ્ત્ર – વૃક્ષ આદિવડે અતિભયંકર યુધ્ધ કરવા લાગ્યા. પરસ્પર ભયંકર રૂપવાલા તે બંને પગના સંઘટ્ટથી સમુદ્ર સહિત પર્વતોને કંપાવતી ભૂમિ કંપવા લાગી, રાક્ષસવડે – દૃઢ પ્રહારવડે ભીમને હણાયેલો જોઈને હિડંબાએ કુંતીની આગળ ભીમની ચેષ્ટા કહી. તે પછી કુંતીના આદેશથી તલવાર છે હાથમાં જેના એવો યુધિષ્ઠિર દોડ્યો. શત્રુને હણવા માટે ભીમની પાસે ગયો. યુધિષ્ઠિરને આવતા જોઈને સારી ભક્તિથી ભીમે નમીને શત્રુને મુષ્ટિ વડે તેવી રીતે માર્યો કે જેથી તે યમના મંદિરમાં ગયો કહ્યું છે કે :-

**श्रियमनुभवन्ति धीरा न भीरव: किमपि पश्य शस्त्रहत: ।**
**कर्ण: स्वर्णालङ्कृतिर - ञ्जनरेखाङ्कितं चक्षु: ।।१।।**
**खेडिम खूंटा टालि खूटा विणु सिखइ नही।**
**साहसि हुतउ हलवहइ देवह तणइ कपालि ।।२।।**

ધીરપુરુષો લક્ષ્મીને અનુભવે છે. ભીરુ લોકો કાંઇ પણ નહિ. તમે જુઓ ! શસ્રથી હણાયેલો કાન સોનાના અલંકારવાળો હોય છે. અને ચક્ષુ અંજનની રેખાથી યુક્ત હોય છે.ખૂંટને ટાલ્યા વગર ખૂંટાઓ ખેડવાનું શીખતો નથી–

—જે સાહસિક પુરુષો હોય છે, તે ભાવિના (દૈવના) કપાલ પર હલને ચલાવે છે. તે પછી હિડંબિકા ક્ષણવાર ભીમની પીઠને છોડતી નથી અને કહે છે કે વિવાહ કરીને તું મને વર, કહ્યું છે કે :

**रागी बध्नाति कर्माणि - वीतरागो विमुच्यते।**
**जना ! जिनोपदेशोऽयं - संक्षेपाद्बन्धमोक्षयो : ।।१।।**

रागद्वेषौयदिस्यातां, तपसा किं प्रयोजनम् ?
तावेव यदिनस्यातां, तपसा किं प्रयोजनम् ? ।।२।।
मुखे पुरीषप्रक्षेपं, तथा पाषाणपेषणम्।
एकेन्द्रियोऽपिसहते, मतिष्का रागदोषत: ।।३।।
रागोऽयं दोषपोषाय, चेतनारहितेश्वपि।
मञ्जिष्टा कुट्टनस्थान, - भ्रंशतापसहा भृशम्।।४।।

રાગી માણસ કર્મોને બાંધે છે. રાગ વગરનો કર્મથી મુકાય છે. હે લોકો ! સંક્ષેપથી બંધ અને મોક્ષનો જિનેશ્વરનો આ ઉપદેશ છે.

જો રાગ દ્વેષ હોય તો તપનું શું પ્રયોજન છે ? અને જો રાગદ્વેષ નથી તો તપ વડે શું પ્રયોજન છે ?

એકેન્દ્રિય જીવ પણ મુખને વિષે વિષ્ટાનો પ્રક્ષેપ  અને પથ્થરથી પિસાવું સહન કરે છે.રાગદ્વેષ કઇ બુધ્ધિ છે?

આ રાગ ચેતના રહિત એવાને (જડપદાર્થોમાં) પણ દોષના પોષણ માટે થાય છે. મજીઠ કુટાવવું – સ્થાનથી ભ્રષ્ટ થવું – અને તાપને અત્યંત સહન કરે છે.

માર્ગમાં તેઓ જતે છતે હિડંબિકા ખાંધ ઉપર કુંતીને દ્રૌપદી ને કરીને તે બંનેનો વિનય કરતી ચાલતી હતી. એક વખત માર્ગથી ભ્રષ્ટ થયેલી દ્રૌપદી – યુધિષ્ઠિર વગેરેએ તપાસ કરવા છતાં પણ જ્યારે ન મલી ત્યારે દુઃખ થયું. તે પછી હિડંબિકાએ જઇને વનમાં ચારે તરફ તપાસ કરીને દ્રૌપદીને લાવી. ત્યારે પાંડુપુત્રો વગેરે હર્ષ પામ્યા. તે વખતે પોતાના કુટુંબની ભક્ત હિડંબિકાને જાણીને માતા અને પત્નીની અનુમતિ વડે ભીમ તેને પરણ્યો. હિડંબિકા તેના પગ ધોવા વગેરે કાર્યોને કરતી સાસુ અને જેઠ વગેરેને યથોચિત ખુશ કરતી હતી. કહ્યું છે કે :-

**अमृतं शिशिरे वह्नि - रमृतं क्षीरभोजनम्।**
**अमृतं राजसन्मान - ममृतं प्रिय दर्शनम्॥१॥**

ઠંડીમાં અગ્નિ અમૃત છે. દૂધનું ભોજન અમૃત છે. રાજનું સન્માન અમૃત છે. ને પ્રિયનું દર્શન અમૃત છે.. જીતેન્દ્રિયપણું વિનયનું કારણ છે અને વિનયથી ગુણનો પ્રકર્ષ પ્રાપ્ત કરાય છે. અધિક ગુણવાલા ઉપર માણસ અનુરાગ કરે છે. અને સંપત્તિઓ ગુણના અનુરાગથી ઉત્પન્ન થાય છે. વિનયમાં શિષ્યની પરીક્ષા થાય છે. સંગ્રામમાં સુભટની પરીક્ષા થાય છે. સંકટમાં મિત્રની પરીક્ષા થાય છે. અને દુષ્કાલમાં દાનની પરીક્ષા થાય છે. ચાલતા યુધિષ્ઠિર ચક્રનગરમાં દેવશર્મા બ્રાહ્મણના ઘરમાં પ્રતિજ્ઞા કરેલા કાલને પસાર કરવા માટે રહ્યા.

ત્યાં રહેલી હિડંબાને યુધિષ્ઠિરે કહ્યું કે અમારે હંમેશાં બાર વર્ષ સુધી દુઃખ સહન કરવાનું છે. તેથી તું પોતાના ઘરે જા, જેથી તને દુઃખ ન થાય. હિડંબાએ કહ્યું કે તમને હમણાં અહીં મૂકીને હું કેવી રીતે જાઉં ? તું જા એ પ્રમાણે યુધિષ્ઠિરે કહ્યે છતે હિડંબાએ કુંતીને ભીમથી ઉત્પન્ન થયેલો ગર્ભ જણાવીને જતી વખતે આ પ્રમાણે કહ્યું. તમે બધા યોગ્ય સમયે જલદી મને યાદ કરજો. કુંતીએ કહ્યું કે હે સ્વચ્છ ! તું જા. સારાં ભોજનો વડે ગર્ભનું પોષણ કરજે.

**वातलैश्च भवेद्गर्भः, कुब्जान्धखञ्जवामनः ।**
**पित्तलैस्स्वलति पिङ्गुः -श्वित्री पाण्डुः कफात्मभिः ॥**

વાયડા પદાર્થો વડે ગર્ભ – કૂબડો – આંધળો લંગડો ને ઠીંગણો થાય છે. પિત્તવાલા પદાર્થોથી ગર્ભ ટાલિયો, પીળા શરીરવાળો ( સફેદ શરીરવાળો ) થાય. અને કફવાલા પદાર્થોથી ગર્ભ કોઢિયો પાંડુ થાય છે તે પછી હિડંબા અનુક્રમે સાસુ અને દ્રૌપદીનાં ચરણોને નમસ્કાર કરી નિર્મલ મનવાલી પિતાના આવાસમાં ( ઘરમાં ) ગઇ.

**यथा चित्तं तथा वाचो, यथा वाचस्तथाक्रिया।**
**धन्यास्ते त्रितये येषां, विसंवादो न विद्यते॥**

જેવું ચિત્ત હોય તેવી વાણી હોય, જેવી વાણી હોય તેવી ક્રિયા હોય, જેઓને તે ત્રણેય વસ્તુમાં વિસંવાદ ન હોય તે ધન્ય છે. એક વખત ત્યાં શિવા નામની દેવશર્માની પત્નીને રોતી જોઇને ભીમે પૂછ્યું કે તું શા માટે રડે છે ? તેણીએ કહ્યું કે પહેલાં આ નગર ઉપર બક નામનો રાક્ષસ હાથમાં આખી નગરી સરખી શિલા ધારણ કરીને નગરીની ઉપર આવ્યો. (પછી) તે બક રાક્ષસે કહ્યું કે હમણાં આ શિલા વડે આ નગરીને ચૂર્ણ કરું છું. તે વખતે ભય – ત્રાસ પામેલા રાજાએ તેને ઘણું બલિદાન કર્યું. કહ્યું છે કે :-

**अमेध्यमध्ये कीटस्य, सुरेन्द्रस्य सुरालये;**
**समाना जीविताऽऽकाङ्क्षा, समं मृत्युभयं द्वयोः ।।**

વિષ્ટાની અંદર રહેલા કીડાને અને દેવલોકમાં રહેલા દેવેન્દ્રને જીવવાની ઇચ્છા સરખી હોય છે, અને બંનેને મૃત્યુનો ભય સરખો હોય છે ।। તે યક્ષે પ્રગટ થઈને કહ્યું કે :– પહેલાં હું આ નગરમાં બ્રાહ્મણ હતો. મને ચોરનું કલંક આપીને મને ચોરદંડથી મારી નાંખ્યો. તે મરીને હું રાક્ષસના ઘરમાં બક નામે રાક્ષસ થયો છું. પૂર્વના ભવમાં રાજાના લોકથી ( માણસથી ) મારું મરણ મેં જાણ્યું. તેથી હું કોપ પામેલો સર્વ નગરનાં લોકને મારવા આવ્યો છું.

રાજાએ કહ્યું કે હમણાં તું ચિંતવેલું માંગ, બકે કહ્યું કે હંમેશાં સવારે રોજનું એક મનુષ્ય મને આપે તો આ શિલાને હું પાછી કરું, અન્યથા નહિ. તે પછી રાજાએ સર્વ પ્રજાઓને બોલાવીને નગરના મનુષ્યોનાં નામથી અલંકૃત પત્રો વેગથી ઘડામાં નાંખ્યા. રાજાએ કહ્યું કે ઘડામાંથી જેનો પત્ર નીકળશે, તે આના બલિ માટે જાય. લોકોએ એ પ્રમાણે વ્યવસ્થા કરી. કહ્યું છે કે :–

**अन्यस्मादपि लब्धोष्मो, नीचः प्रायेण दुःसहो भवति, ।**
**न तपति रविरिह तादृग्, यादृगयं वालुकानिकरः ।।**

અન્ય પાસેથી પ્રાપ્ત કરી છે ગરમી જેણે એવો નીચ – ઘણું કરીને દુઃસહ થાય છે. આ લોકમાં સૂર્ય જેવા પ્રકારે તપતો નથી તેવી રીતે રેતીનો સમૂહ તપે છે. અત્યારે અમારા નામનો પત્ર આવ્યો છે. તેથી આ મારો પુત્ર ત્યાં જશે. બકરાક્ષસ વડે તે ફાડી નંખાશે. તેથી હું રડું છું .વાયુપુત્ર ભીમે કહ્યું કે હે માતા ! રોવાથી દુઃખ છોડતું નથી. આ દુઃખમાં ઉત્તમ પુરુષોએ નિશ્ચે ધૃષ્ટપણું કરવું જોઇએ. જેથી કહ્યું છે કે :– સ્ત્રીઓ પરાભવને કરનારી છે. બંધુઓ તે બંધન છે. વિષયો તે વિષ છે. અહીં માણસને મોહ કઇ જાતનો ? ને જે શત્રુઓ છે તેના વિષે મિત્રની આશા છે.

**पुत्रो मे भ्राता मे, स्वजनो मे गृहकलत्रवर्गो मे ।**
**इति कृत मेमेशब्दं, पशुमिव मृत्युर्जनं हरति ।।२।।**
**ब्रह्मपुरन्दर दिनकर रूद्राः, सुरगिरिसरितः सप्तसमुद्राः ।**
**नष्टो यत्र विचित्रापायः, स्थास्यति तत्र कथं ननु कायः ? ।।**

આ મારો પુત્ર છે . આ મારો ભાઇ છે. આ મારો સ્વજન છે. આ મારું ઘર છે. આ મારો સ્ત્રી વર્ગ છે. એ પ્રમાણે મેં મેં શબ્દ કરતાં મનુષ્યને મૃત્યુહરણ કરે છે. બ્રહ્મા – ઇન્દ્ર– સૂર્ય – રુદ્ર – મેરુપર્વત – નદીઓ ને સાત સમુદ્રો નાશ પામ્યાં ત્યાં વિચિત્ર અપાયવાલી કાયા કઇ રીતે રહેશે ? ।। બ્રાહ્મણ પત્નીએ કહ્યું કે હે વત્સ ! તેં સાચું કહ્યું. પરંતુ પશુઓને પણ બાલકો ઉપર સર્વ તરફથી મોહ હોય છે. એ સાંભળીને ભીમે વિચાર્યું કે જો આ માણસનું રક્ષણ કરું તો મારું જીવન પ્રશંસા કરવા લાયક થાય. અને નિશ્ચે ફલ ( સફલ ) થાય. કહ્યું છે કે :–

**हेम धेनु धरादीनां, दातारः सुलभाः भुवि।**
**दुर्लभः सर्वजीवानां यः प्राणिष्वभयप्रदः ॥१॥**
**धिक् बलं धिक् शरीरंच, धिक् चात्र नरवैभवम्।**
**धिग्जन्म धिग्मतिं तस्य, यो जीवं न हि रक्षति॥**
**जन्तुः स्वयं विपद्येत, रोगशस्त्राग्निभिर्जलैः।**
**सच देहं परप्राण - त्राणायादिक्ष्यते सुधीः॥**

જગતમાં સોનું – ગાય ને પૃથ્વી વગેરેના દાતાઓ સુલભ છે. પરંતુ જે સર્વજીવોને અભય અપાય છે. તે જ પ્રાણીઓમાં દુર્લભ છે.॥ જે જીવનું રક્ષણ કરતો નથી તેના બલને ધિક્કાર હો. તેના શરીરને ધિક્કાર હો. અહીં તેના (મનુષ્યોના) વૈભવને ધિક્કાર હો. તેના જન્મને ધિક્કાર હો. ને તેની બુધ્ધિને ધિક્કાર હો ।।પ્રાણી પોતાની જાતે રોગ– શસ્ત્ર – અગ્નિને પાણી વડે મરે છે. સારી બુધ્ધિવાળો માણસ શરીરને બીજાના પ્રાણોની રક્ષા માટે બતાવે છે. આ પ્રમાણે વિચારીને ભીમે કહ્યું કે રાક્ષસની તૃપ્તિ માટે આજે હું જઈશ. તું પોતાના ઘરે રહે. બ્રાહ્મણે કહ્યું કે મનુષ્યપણું સરખું હોવા છતાં આ રાક્ષસથી હું તારું ભક્ષણ કરાવું તો અહીં કઇ નીતિ છે ? આથી હું (પાછો ) જઈશ નહિ. તે પછી ભીમે બ્રાહ્મણને બળાત્કારે નિષેધ કરીને તેના હાથમાંથી બલિને ગ્રહણ કરીને રાક્ષસની તૃપ્તિ માટે ત્યાં ગયો. વધસ્થાને બલિને મૂકીને નિર્ભય એવો ભીમ દયામાં તત્પર ઉપકાર કરવા માટે રહ્યો. કહ્યું છે કે : –

**पात्रार्थं भोजनं येषां, दानार्थंच धनार्जनम्।**
**धर्मार्थं जीवितं येषां, तेनराः स्वर्गगामिनः ॥१॥**

જેનું ભોજન પાત્ર માટે છે.જેના ધનનું ઉપાર્જન દાન માટે છે. જેનું જીવિત ધર્મ માટે છે. તે મનુષ્યો સ્વર્ગગામી છે. આ બાજુ ભૂખથી પીડાયેલો રાક્ષસ પોતાનું ભક્ષ્ય ખાવા માટે વિશાલ એવી શિલાપીઠપર ક્રૂર રૂપને ધારણ કરતો આવ્યો.શિલાપર સૂતેલા મોટી કાયાવાલા મનુષ્યને જોઇને તે રાક્ષસ વિચારવા લાગ્યો કે આજે મને આનાવડે કુટુંબ સહિત તૃપ્તિ થશે. તે રાક્ષસ જેટલામાં તેના શરીરને ટુકડેટુકડા કરીને ખાય તેટલામાં તે ઊભો થઈને તેને હણવા માટે વૃક્ષ લઈને આ પ્રમાણે બોલ્યો. હે રાક્ષસ ! તેં લોકોને ખાવાથી ઉત્પન્ન થયેલું પાપ કર્યું છે. તું ઈષ્ટદેવને યાદ કર. તને હણવા માટે હું આવ્યો છું. તે પછી રામને રાવણની પેઠે ભીમ અને રાક્ષસનું મુષ્ટિ મુષ્ટિપૂર્વક ને વૃક્ષપૂર્વક પરસ્પર યુધ્ધ થયું. ભીમે રાક્ષસને ઉપાડીને પોતાના મસ્તક ઉપર છત્રની જેમ કરીને શિલાની ઉપર મજબૂતપણે અફળાવ્યો. ભીમે ફરીથી તેને હાથમાં કરીને કહ્યું કે તું દેવને યાદ કર. રાક્ષસે કહ્યું કે હે ભીમ ! આ પ્રમાણે કરતાં ફોગટ તું મરીશ. તે પછી ભીમે મુષ્ટિવડે તે રાક્ષસને તેવી રીતે પ્રહાર કર્યો કે જેથી પ્રાણોથી છોડાયેલો તે જલદી યમના ઘેર ગયો. (વૃકોદર) ભીમવડે હણાયેલા તે રાક્ષસને જાણીને નગરીમાં પ્રજા સહિત રાજાએ સારો ઉત્સવ કરાવ્યો. સઘળા લોકો પોત– પોતાના ઘરે આવીને હર્ષિત થયા. લોકોને જીવિત આપનાર તે ભીમને વધાવ્યો. મનુષ્યોના મુખેથી ભીમવડે હણાયેલા રાક્ષસને જાણીને શત્રુના જીવતાં રહેવાથી દુર્યોધન ખેદ કરવા લાગ્યો. ફરીથી દુર્યોધન જલદી પાંડવોને હણવા માટે મંત્રીઓ સાથે ગુપ્તપણે વિચારવા લાગ્યો. ખરેખર પાપી એવા પ્રકારના હોય છે. કહ્યું છે કે : –

**पापी रूपविवर्जितः स पिशुनो यो नारको नाऽभवत्,**
**तिर्यग्योनिसमागतश्च कपटी नित्यं बुभुक्षातुरः,**
**मानीज्ञानविवेकबुद्धिकलितो यो मर्त्यं लोकागतो,**
**यस्तु स्वर्ग परिच्युतः स सुभगः प्राज्ञः कविश्रीयुतः ॥१॥**

જે નારકીનો જીવ મનુષ્ય થાય તે પાપી – રૂપ વગરનો ને ચાડી ખાનારો થાય. તિર્યંચ યોનિમાંથી આવેલો હંમેશાં કપટી ને ભૂખથી દુઃખી થાય અને જે મનુષ્યલોકમાંથી આવેલો હોય તે માનવાલો – જ્ઞાની અને વિવેકબુધ્ધિથી વ્યાપ્ત થાય છે. અને જે સ્વર્ગમાંથી આવેલો હોય તે સૌભાગ્યવાલો બુધ્ધિશાળી – કવિ અને લક્ષ્મીથી યુક્ત થાય.

એકાંતમાં વિદુરે દુર્યોધનની વિચારણા જાણીને દયાળુ પાંડવોની પાસે ચરપુરુષને મોકલ્યો. ચરપુરુષે દ્વૈતવનમાં જઈને પાંડુપુત્રોને નમીને કહ્યું કે : વિદુરે આ પ્રમાણે જણાવ્યું છે કે શત્રુનો જરા પણ વિશ્વાસ કરતા નહિ.

**आयुषो राजचित्तस्य, पिशुनस्य धनस्य च ।**
**खलस्नेहस्य देहस्य, नास्ति कालो विकुर्वतः ॥**

આયુષ્ય – રાજાનું ચિત્ત – ચાડિયા – ધન – લુચ્ચાનો સ્નેહ અને દેહનો વિકાર પામતાં ( પામવાનો ) કોઈ કાલ નથી. કહ્યું છે કે : –

**आहि वाहि विमुक्कस्स, नीसास ऊसास एगगो ।**
**पाणुसत्त इमो थोवो, सो वि सत्तगुणो लवो ॥१॥**
**लवसत्तहत्तरीए, होइ मुहुत्तो इमम्मि ऊसासा ।**
**सगतीससयतिहुत्तर, तीसगुणा ते अहोरत्ते ॥२॥**
**लक्खं तेरससहसा, नउयसया एगमासम्मि ।**
**लक्खा इगतीस य तदा, तीस सहस्सा मुणेअव्वा ॥२३॥**

આધિ વ્યાધિ રહિત એવા મનુષ્યનો એક શ્વાસોશ્વાસ એક પ્રાણ કહેવાય, સાત પ્રાણનો એક સ્તોક થાય, સાત સ્તોકનો એક લવ થાય. સત્યોતેર લવનું એક મુહૂર્ત થાય, એક મુહૂર્તમાં ત્રણ હજાર સાતસોને તોંતેર શ્વાસોશ્વાસ થાય,એક અહો રાત્રમાં તેને ત્રીસગુણા કરવાથી તેટલા શ્વાસોશ્વાસ થાય. તે એક લાખ તેર હજાર ને નવસો થાય. એક મહિનામાં એકત્રીસ લાખ ને ત્રીસ હજાર જાણવા.

તે વખતે દ્રૌપદીએ પતિઓને કહ્યું કે તમારા પરાક્રમોવડે શું ? જે પરાક્રમ હોવા છતાં પણ શત્રુઓ તમારો પરાભવ કરે છે તે બલ પાતાલમાં જાવ કે જે હોતે છતે શત્રુથી પરાભવ થાય છે. તે વિદ્યા પાતાલમાં જાવ કે જેના

વડે ધર્મ કરાતો નથી. તે ધન પાતાલમાં જાવ કે જે ધર્મમાં આવતું નથી. ( વપરાતું નથી) તે મન પાતાલમાં જાવ કે જેના વડે જિનેશ્વરનું ધ્યાન કરાતું નથી. તે વખતે ભીમ વગેરે સર્વે ભાઇઓ મોટા ભાઇ પાસે ઊભા થઇને બે હાથોને અફળાવતા આ પ્રમાણે કહેવા લાગ્યા. આવા પ્રકારના દુષ્ટ શત્રુઉપર જો તમારી દૃઢ ક્ષમા છે. તેથી હમણાં તેઓને હણવા માટે કેમ આદેશ આપતા નથી ? યુધિષ્ઠિરે કહ્યું કે પૂર્વે કરેલી પોતાની પ્રતિજ્ઞાને પૂર્ણ કરીને તે પછી તે શત્રુ તમારાવડે હણવા લાયક છે. આ પ્રમાણે મોટાભાઇનું વચન સાંભળી તે વખતે ભીમ વગેરે સર્વે પ્રસન્ન થઇને મોટાભાઇની રાત્રિ દિવસ સેવા કરવા લાગ્યા, કહ્યું છે કે : –

**विवेक: सह सम्पत्त्या, विनयो विद्यया सह।**
**प्रभुत्वं प्रशमोपेतं, चिन्हमेतन्महात्मनाम् ॥१॥**

સંપત્તિ સાથે વિવેક –વિદ્યાસાથે વિનય – સમતાથીયુક્ત સ્વામીત્વ, એ મહાત્માઓનું ચિહ્ન છે.

**यथा यथा परां कोटिं, गुण: समधिरोहति।**
**सन्त: कोदण्ड धर्म्माणो, विनमन्ति तथा तथा ॥२॥**
**जो गुणवंतओ सो नमइ, निग्गुण घट्टओ थाइ।**
**अवसिनमंता गुणचढइ, धणुह कहंतओ जाइ ॥३॥**

જેમ જેમ ગુણ પરમ કોટિ ઉપર ચઢે છે. તેમ તેમ ધનુષ્ય સરખા ધર્મવાલા સત્પુરુષો નમે છે. જે ગુણવાન છે તે નમ્ર થાય છે. જે નિર્ગુણ હોય છે તે ઘટ્ટ થાય છે. અવશ્ય ધનુષ્ય નમતાં (વળતાં) તેના પર દોરી ચઢે છે.

તે ચરપુરુષને વિસર્જન કરીને યુધિષ્ઠિર વગેરે સર્વે ભાઇઓ વનમાં ચાલતાં જરાપણ ધર્મધ્યાન છોડતા નથી. કહ્યું છે કે : ધર્મથી પ્રાપ્ત કર્યું છે ઐશ્વર્ય જેણે એવો જે ધર્મને હણે છે. તે પોતાના સ્વામીનો દ્રોહ કરનાર કેવી રીતે શુભ ગતિવાળો થાય ?

**यस्य त्रिवर्गशून्यस्य, दिनान्यायान्ति यान्ति च।**
**स लोहकार भस्त्रेव, श्वसन्नपि न जीवति॥**

ત્રણવર્ગથી શૂન્ય એવા જેના દિવસો આવે છે અને જાય છે. તે લુહારની ધમણની પેઠે શ્વાસ લેવા છતાં પણ જીવતો નથી. ગંધમાદન પર્વત ઉપર જેટલામાં રહ્યા તેટલામાં અર્જુને શલ્યશત્રુ એવા યુધિષ્ઠિરને આ પ્રમાણે કહ્યું હું શ્રેષ્ઠ વિદ્યા સાધવા માટે ઇન્દ્રકિલ નામના પર્વત પર જાઉ છું. તે પછી યુધિષ્ઠિરે કહ્યું કે હે અર્જુન તું જા ને વિદ્યા સિધ્ધ કર. માતા અને મોટાભાઇને ભક્તિપૂર્વક પ્રણામ કરીને અર્જુન ઇન્દ્રકિલ પર્વત ઉપર ગયો. ત્યાં ઋષભદેવ પ્રભુને નમસ્કાર કરી પવિત્ર શરીરવાલા અર્જુને મણિચૂડ વિદ્યાધરે આપેલી વિદ્યા સાધવા માટે ધ્યાનમાં રહ્યો. અર્જુન શ્વાસો

શ્વાસ રહિત મેરુની જેમ સ્થિર ધ્યાનમાં રહેલો કમલ સરખા આસનવાલો ઉત્તમ ભક્તિથી વિદ્યાને યાદ કરવા લાગ્યો. ભૂત – પ્રેત – સિંહ – વાઘ– શાકિની વગેરે ધ્યાનમાં લીન છે મન જેનું એવા અર્જુનને અનેક પ્રકારે ચલાયમાન કરવા માટે શક્તિમાન ન થયાં. હવે યોગ્ય સમયે સંતુષ્ટમનવાલી સઘળી વિદ્યાદેવીઓએ કહ્યું કે : હે વત્સ ઈચ્છિત વરદાન તું જલદી માંગ, કહ્યું છે કે :

**दृष्ट्वान्नं सविषं चकोर विहगो, धत्ते विरागं दृशो -**
**हंसः कूजति सारिका च वमति, क्रोशत्यजस्रं शुकः ।**
**विष्ठां मुञ्चति मर्कटः परभृतः, मन्दध्वनिर्माद्यति,**
**कौञ्चो रौति च कुर्कुटोऽपि नकुलः संहृष्टरोमा भवेत् ।।१।।**

ઝેરવાલું અન્ન જોઈને ચકોર પક્ષી બન્ને આંખોમાં વિરાગ ધારણ કરે છે. હંસ અવાજ કરે છે. સારિકા (મેના) ઊલટી કરે છે. પોપટ નિરંતર બૂમ મારે છે. વાનર વિષ્ટા છોડે છે. કોયલ મંદધ્વનિવાલો મદોન્મત્ત થાય છે. ક્રૌંચ પક્ષીને કૂકડો અવાજ કરે છે. ને નોળિયો હર્ષિત રુંવાટાંવાળો થાય છે. અર્જુને કહ્યું કે હે દેવીઓ ! જો તમે તુષ્ટ થયેલ છોતો – મનોવાંછિત આપનારી – આકાશગામિની – શત્રુને જીતનારી અસંખ્ય બાણો વરસાવનારી ધનુર્વિદ્યા – સુંદર કલાને આપનારી સૌભાગ્યને આપનારી વિદ્યાઓ હમણાં મને આપો. આ પ્રમાણે ભાગ્યથી અર્જુનને અનેક પ્રકારે વિદ્યાઓ આપી. હર્ષિત મનવાલી વિદ્યા દેવીઓ પોતપોતાનાં સ્થાનમાં ગઈ. તે પછી અર્જુન જેટલામાં ચાલ્યો તેટલામાં એક ભિલ્લ અર્જુનની સન્મુખ બાણની પરંપરાને છોડતો આવ્યો. અર્જુન પણ લીલાવડે બાણોને છોડતો તે બાણની પંક્તિને સો ટુકડાવાલી કરી અને કેટલાંક બાણોનો મંડપ કર્યો. ભિલ્લે છોડેલાં બાણોને પોતાનાં બાણોવડે પાછળ મુખવાલા કરીને તેવી રીતે અર્જુન નાંખતો હતો કે જેથી તે સહન કરી શક્યો નહિ.

ભિલ્લે છોડેલાં બાણોને અર્જુને તે વખતે અગ્નિબાણોવડે ભસ્મસાત્ કરીને વાયુબાણો વડે ક્ષણવારમાં આકાશમાં ઉડાડયાં. હવે ભિલ્લ અદૃશ્ય થઈને ભીલડીનું રૂપ કરીને અર્જુન પાસે આવીને કટાક્ષ છોડતી બોલી નિરાધાર એવી વનમાં રહેનારી કુમારી એવી હું ભાગ્યથી કામદેવ સરખા તમને પતિ તરીકે ઈચ્છતી છું. જો તમે કુમારી એવી મને પરણીને અહીં રહો તો આપણાં બન્નેનો જન્મ એકદમ કૃતાર્થ થાય, ઈત્યાદિ ઘણા પ્રકારે ભિલ્લો રૂપો કરે છતે અર્જુન જરાપણ ચલાયમાન ન થયો. તેટલામાં (તે) દેવ થયો. તેણે કહ્યું કે દેવ એવો હું અહીં તને ચલાયમાન કરવા આવ્યો હતો પરંતુ મેરુપર્વતનીજેમ ધીરમનવાલો તું મનથી જરાપણ ચલાયમાન ન થયો. કહ્યું છે કે :–

**वह्निस्तस्य जलायते जलनिधिः कुल्यायते तत्क्षणात्,**
**मेरूः स्वल्पशिलायते, मृगपतिः सद्यः कुरङ्गायते।**
**व्यालो माल्यगणायते, विषरसः पीयूषवर्षायते,**
**यस्याङ्गेऽखिललोकवल्लभतमं, शीलं समुन्मीलति ।।१।।**

જેના અંગમાં સઘળા લોકોને પ્રિય એવું શીલ વિકસ્વર હોય છે તેને અગ્નિ પાણી જેવો થાય છે. સમુદ્ર તે વખતે નીક જેવો થાય છે. મેરુપર્વત નાની શિલાજેવો થાય છે, સિંહ જલદી હરણ જેવો થાય છે. સર્પ ફૂલની માલા જેવો

થાય છે. ઝેરનો રસ અમૃતની વર્ષા જેવો થાય છે. તુષ્ટ થયેલા તે દેવે ઉત્તમ સત્ત્વથી શોભતા અર્જુનને જય આપનારા ગાંડીવ ધનુષ્યને આપીને અંતર્ધ્યાન ( અદૃશ્ય ) થયો. પ્રાપ્ત કરી છે વિદ્યા જેણે એવો અર્જુન ગાંડીવ ધનુષ્યને પોતાના હાથમાં ધારણ કરતો આવીને ભાઇ અને માતા વગેરેને યથાયોગ્ય નમ્યો. કહ્યું છે કે :– વિનય રાજપુત્રો પાસેથી – સુભાષિત પંડિતો પાસેથી, અસત્ય જુગારીઓ પાસેથી અને કપટ સ્ત્રીઓ પાસેથી શીખવું જોઇએ.

એક વખત દ્રૌપદીએ આકાશમાંથી પડેલાં શ્રેષ્ઠ પુષ્પોને જોઇને ભીમની આગળ પૂછ્યું કે આવા પ્રકારનું ફૂલ લાવો. પુષ્પ માટે જતાં વાયુપુત્ર ભીમે એક સરોવરને જોતાં તેની અંદર શ્રેષ્ઠ પુષ્પોને જોયાં. આ બાજુ ભીમને નહિ જોવાથી દુ:ખી થયેલા યુધિષ્ઠિર વગેરે ભાઇઓ જોવા લાગ્યા. પરંતુ તેઓએ ભીમને જોયો નહિ. તે વખતે કુંતીએ ચિત્તમાં હિડંબિકા નામની પુત્રવધૂને યાદ કરી. તેણે આવીને કહ્યું કે : – તમે મને શા માટે યાદ કરી ? કુંતીએ કહ્યું કે તારો પતિ ભીમ ફૂલને માટે અહીંથી ગયો છે. તે આવ્યો નથી. તેને જાણવા માટે મેં હમણાં તને યાદ કરી. તે પછી હિડંબિકા ધર્મપુત્ર વગેરેને સ્કંધ ઉપર કરીને ભીમની પાસે મૂકીને પોતાના પિતાના ઘરે ગઇ.

ભીમ સરોવરમાં જેટલામાં કમલ માટે પેઠો તેટલામાં તે બધા દેખતે છતે દૃષ્ટિના વિષયમાંથી ચાલી ગયો ( અદૃશ્ય થયો ) તેની પાછળ યુધિષ્ઠિર ગયો. તેની પાછળ અર્જુન ગયો, તેની પાછળ સહદેવ ગયો અને તેની પાછળ નકુલ પણ ગયો. સઘળા અદૃશ્ય થયા ત્યારે દુ:ખી થયેલી કુંતી ને દ્રૌપદી શરીરનો ત્યાગ કરી ( કાઉસ્સગ્ગ કરી ) અંતર્ધ્યાનમાં તત્પર રહી. કહ્યું છે કે : –

**कारणात् प्रियतामेति - द्वेष्यो भवति कारणात्।**
**स्वार्थार्थी जीवलोकोऽयं, न कश्चित् कस्यचित्प्रियः ।।**
**मोहबद्धा जना एते, लभन्ते दुःखसन्ततिम्।**
**मोहमुक्तास्तु जायन्ते, सुखभाजो निरन्तरम्।।**

કારણથી પ્રિયપણાને પામે છે. કારણથી દ્વેષ કરવા લાયક છે. આ મનુષ્યલોક સ્વાર્થનો અર્થી છે. કોઇ કોઇનો પ્રિય નથી ॥ મોહથી બંધાયેલા લોકો દુ:ખની પરંપરા પામે છે. મોહથી મુકાયેલા નિરંતર સુખી થાય છે. આ બાજુ જતો એવો વિદ્યાધર કુંતીના મસ્તક ઉપર પોતાનું વિમાન સ્થિર થયેલું જાણીને તે વિદ્યાધરે કુંતીના મનને જાણ્યું. કુંતીના ધ્યાન બલથી તે વિદ્યાધરે – સરોવરમાં જઇને તે પુત્રોને લીધા અને જલદી કુંતીની પાસે મૂક્યા. કુંતીએ કાયોત્સર્ગ પારીને પોતાના પુત્રોને આલિંગન કરીને પૂછ્યું કે મારા પુત્રો ! ક્યા સ્થાનમાંથી અહીં લવાયા તે કહો ?

વિદ્યાધરે કહ્યું કે દુર્યોધન રાજાએ એક દેવની આરાધના કરીને પુષ્પ લેવાના બહાનાથી બનાવટી સરોવર કરાવીને તમારા પુત્રોને યમરાજાના ઘરે લઇ જવાને એકદમ દુષ્ટ મનવાલા તે પાપીએ ક્રૌંચ બંધ કરાયેલો છે.

**स्थाप्यते महतां पङ्क्तौ, क्वचिन्नीचोऽपि कार्यतः ।**
**स्थैर्याय स्थाप्यतेऽङ्गारः, कर्पूरसमकक्षया ।।१।।**

**खलानां कण्टकानां च, द्विविधैव प्रतिक्रिया।**
**उपानद्मुखभंङ्गोवा, दूरतो वा विसर्जनम्॥२॥**
**दुज्जणजण बबूलवण, जइ सिंचइ अमीएण।**
**तोइज कंठा फाडण, जातिहां तिणइं गुणेण॥३॥**

કોઇ વખત નીચ પણ કાર્યથી મોટાની પંક્તિમાં સ્થાપન કરાય છે. અંગારો પણ સ્થિરતાને માટે કપૂર સરખી ક્ષાવડે સ્થાપન કરાય છે. ખલ પુરુષોની અને કાંટાઓની બે જ પ્રકારે પ્રતિક્રિયા છે. જોડાથી મુખ ભાંગી નાંખવું અથવા દૂરથી ત્યાગ કરવો. દુર્જનજન અને બાવલનું વન જો અમૃતવડે સિંચન કરાય તો પણ તેના જાતિના ગુણવડે કાંટાને ફાડનારું ( ઉગાડનારું) થાય છે. ધર્મના જ પ્રભાવથી તમારા સઘળા પુત્રોને બંધનમાંથી છોડાવી મારાવડે અહીં લવાયા છે. દયામાં તત્પર એવા તમારા પુત્રોએ શંખચૂડ વગેરે વિદ્યાધરોને રાજ્ય પાછું વાળવાથી ઉપકાર કર્યો છે.

**तुष्यन्ति भोजनैर्विप्रा - मयूरा घनगर्जितैः।**
**साधवः परसम्पत्त्या, खलाः परविपत्तिषु॥१॥**
**नालिकेरसमाकारा, दृश्यन्ते केऽपि सज्जनाः।**
**अन्येतु बदराकारा, बहिरेव मनोरमाः॥२॥**

બ્રાહ્મણો ભોજનવડે તૃપ્ત થાય છે.મયૂરો વાદળની ગર્જનાવડે ખુશ થાય છે સજજનો બીજાની સંપત્તિથી ખુશ થાય છે. અને દુર્જનો પારકાના દુ:ખમાં ખુશ થાય છે. કેટલાક સજજનો નાળિયેરના સરખા આકારવાલા દેખાય છે. બીજાઓ તો બોર સરખા આકારવાલા બહારથી જ મનોહર હોય છે. ભીમે સર્વ ભાઇઓની આગળ આદરપૂર્વક કહ્યું કે જો તમારો આદેશ હોય તો હું દુર્યોધનને મારી નાખું. કુંતીએ કહ્યું કે હંમેશાં ધર્મમાર્ગે ચાલનાર મનુષ્યોને કલ્યાણ થાય છે શત્રુઓ ખરેખર પોતાની જાતે જ ક્ષય પામે છે. રાજ્ય – ઉત્તમ સંપત્તિ ભોગો – ઉત્તમકુલમાં જન્મ – ઉત્તમરૂપ – પાંડિત્ય – લાંબુંઆયુષ્ય ને આરોગ્ય આ બધાં ધર્મનાં ફ્લ જાણવાં. અનુક્રમે પાંડુપુત્રોને દ્વૈતવનમાં પૃથ્વીઉપર આવેલા સાંભલીને અધમ એવો દુર્યોધન ત્યાં ગુપ્તપણે ગયો. ત્યાં દુર્યોધન રાજા સરોવરને કાંઠે સૈન્ય સ્થાપન કરીને પાંડુપુત્રોને વિઘ્ન કરવાની ઇચ્છાવાળો સવારમાં રહ્યો.

**स्नेहेन भूतिदानेन, कृतः स्वच्छोऽपि दुर्जनः।**
**दर्पणश्चान्तिके तिष्ठन्, करोत्येकमपि द्विधा॥१॥**

સ્નેહવડે સંપત્તિ આપવાવડે સ્વચ્છ કરાયેલો એવો પણ દુર્જન અને દર્પણ – પાસે રહેલા એકને પણ બે પ્રકારે કરે છે. સરોવરમાં પ્રવેશ કરતો મદોન્મત એવો દુર્યોધન ચિત્રાંગદ નામના વિદ્યાધરવડે નિષેધ કરવા છતાં પણ પેઠો. તેથી ક્રોધ પામેલા ચિત્રાંગદે નાના ભાઇઓ સહિત –શ્રેષ્ઠ પરિવાર સહિત – દુષ્ટ ચિત્તવાલા દુર્યોધનનું હરણ કર્યું. તે વખતે અંત:પુરની સ્ત્રીઓએ વિદ્યાધરવડે હરણ કરાયેલા પતિને જાણીને આક્રંદ કરતાં તેણીઓએ યુધિષ્ઠિર પાસે આદરથી ધણીની ભિક્ષા માંગી

જો કે ધૃતરાષ્ટ્રના પુત્રોએ અહીં મારા ઉપર અપરાધો કર્યા છે. છતાં પણ તમે તેઓ ઉપર કૃપા કરો. કારણકે તે તમારા નાના ભાઈઓ છે, કહ્યું છે કે :

**सुजनो न यातिं विकृतिं, परहितनिरतो विनाशकालेऽपि।**
**छेदेऽपि चन्दनतरूः - सुरभियति मुखं कुठारस्य ।।१।।**

પારકાના હિતમાં રક્ત એવો સજ્જન વિનાશકાલમાં પણ વિકારને પામતો નથી. ચંદનવૃક્ષ છેદ કરાય તો પણ કુહાડાના મુખને સુગંધિત કરે છે. દુર્યોધનને છોડાવવા માટે યુધિષ્ઠિરને નિષેધ કરીને ( રોકીને ) વિદ્યાધર શત્રુને જીતવા માટે અર્જુન ચાલ્યો. જેમ મેઘ પાણીને છોડે તેમ અર્જુન લોઢાનાં બાણોને છોડતો. ચાલી ગયાં છે અસ્ત્ર જેનાં એવા શત્રુને તેનાં શસ્ત્રો છેદીને કર્યો,ક્ષણવારમાં શત્રુને વશ કરીને યુધિષ્ઠિર રાજા પાસે (દુર્યોધનને)લઇ આવીને અર્જુન સારી ભક્તિથી નમ્યો. પોતાને અર્જુનવડે છોડાવાયેલો જાણીને યુધિષ્ઠિરને જોઇને યુધિષ્ઠિરનાં બે ચરણોને દુર્યોધન નમ્યો. તે વખતે યુધિષ્ઠિર અને અર્જુનનાં બે ચરણોને નમતાં ઘણાં ખેચરોને સૈન્ય સહિત રાજાઓને ભક્તિથી નમતાં જોઇને પોતાના વિષે નિર્બલતા જોઇને દુર્યોધન હૃદયમાં કૃધ્ધ થયો ને મુખ ઉપર પ્રસન્નતાથી યુક્ત થયો. કહ્યું છે કે : -

**राई सरिसवमित्ताणि, परछिद्दाणिअ पासई।**
**अप्पणोबिल्लमित्ताणि, पासंतोवि न पासई ।।१।।**

( દુર્જન) રાઇ ને સરસવ જેટલાં પારકાનાં છિદ્રોને જુએ છે,પોતાનાં બિલાનાંફલ જેવડાં છિદ્રોને જોવા છતાં પણ તે જોતો નથી. હૃદયમાં શત્રુઓને અત્યંત અંદરના શલ્યની જેમ માનતો દુર્યોધન તે પાંડુ પુત્રોને હણવા માટે ઇચ્છે છે. યુધિષ્ઠિર વિચારવા લાગ્યા કે શત્રુ એવા દુર્યોધનઉપર પણ મારાવડે જે ઉપકાર કરાયો તે હું મારું ભાગ્ય જ માનું છું. કહ્યું છે કે :-

**दुर्जनजनसंतप्तो यःसाधुः साधुरेव सविशेषात्।**
**अपि पावकसन्तप्तः, खण्डः स्याच्छार्करो मधुरः ।।१।।**
**व्रजति विरसत्वमितरः, सत्यं परिमिलितसुन्दराः सन्तः ।**
**यान्ति तिलाः खलभावं, स्निग्धः पयसो विकारोऽपि ।।२।।**

દુર્જન જનથી સંતાપ પામેલો જે સાધુ તે વિશેષથી સાધુ જ હોય છે. અગ્નિથી સંતાપ પામેલી ખાંડ તે મધુર સાકર થાય છે. બીજો વિરસપણાને પામે છે અને ખરેખર સત્પુરુષો ભેગા થયેલા ( મલેલા) સુંદર થાય છે. તલ ખલ ભાવને પામે છે. દૂધનો વિકાર સ્નિગ્ધ થાય છે. મન વિના યુધિષ્ઠિરને નમીને જેટલામાં દુર્યોધન ચાલ્યો. તેટલામાં ભીષ્મ અને વિદુરે તેને કહ્યું. તારા વડે અર્જુનનું તેજ અને પોતાના વિષે નિર્બલતા જોવાઇ છે. આથી જલદી તે પાંડુપુત્રો સાથે તું સંધિ કર. ભીષ્મ અને વિદુરે કહેલ ચોખ્ખું- હિતકારી - સત્ય પણ તે જ દુર્યોધનને ઉખરભૂમિમાં વાવવા જેવું થયું.

દુર્યોધનવડે એકાંતમાં મોકલાવાયેલો દુ:શિલ્યાનો પતિ જયદ્રથ રાજા એક વખત યુધિષ્ઠિર પાસે આવ્યો. કુંતીએ જમાઇ એવો તે પોતાના ઘરમાં નિમંત્રણ કરાયો ત્યારે અર્જુને તેને દિવ્યરસોઇ વડે જમાડ્યો. શરુઆતમાં પાંડવોને છલ-કપટ બોલવામાં તત્પર એવો તે દુષ્ટ ચિત્તવાલો દ્રૌપદીને રથારૂઢ કરીને ચાલ્યો. દ્રૌપદીના હરણનું વૃત્તાંત સાંભળીને તે વખતે તેને હણવા માટે જતાં એવા ભીમ અને અર્જુનને જાણીને કુંતીએ તે પુત્રોને કહ્યું કે તમારા બન્નેએ યુધ્ધ કરતાં દ્રૌપદીને તેવી રીતે પાછી લાવવી કે જેથી હમણાં જમાઇ જયદ્રથ મરે નહિ.

**शैले शैले न माणिक्यं, मौक्तिकं न गजे गजे।**
**साधवो नहि सर्वत्र, चन्दनं न वने वने ।।१।।**
**अयं निजः परो वेति, गणना लघुचेतसाम्।**
**उदारचरितानां तु, वसुधवै कुटुम्बकम् ।।२।।**

દરેક પર્વત પર માણિક્ય હોતું નથી. દરેક હાથીમાં મોતી હોતું નથી. સાધુઓ સર્વત્ર હોતા નથી. દરેક વનમાં ચંદન હોતું નથી. આ પોતાનો અથવા પારકો. એવી ગણતરી નાના મનવાલાઓને હોય છે. ઉદાર ચરિત્રવાલાઓને તો પૃથ્વી એ જ કુટુંબ છે. માતાનું વચન સ્વીકારીને ભીમ અને અર્જુન પત્નીને પાછી લાવવા માટે માતાને નમીને જલદી ચાલ્યા કહ્યું છે કે : –

**श्रृण्वन्ति पितुरादेशं, ते केऽपि विरलाः सुताः ।**
**आदिष्टं यदि कुर्वन्ति, सर्वं ते यदि पञ्चषाः ।।१।।**

કેટલાક વિરલ પુત્રો પિતાના આદેશને સાંભળે છે અને જેઓ આદેશ કરેલ સર્વને કરે છે તેવા તો પાંચ અથવા છ હોય છે. પુત્રો તે છે કે જે પિતાના ભક્ત હોય, પિતા તે છે કે જે પોષણ કરે, મિત્ર તે છે કે જ્યાં વિશ્વાસ હોય, સ્ત્રી તે છે કે જ્યાં શાંતિ હોય. જયદ્રથના છત્ર વગેરેને કાપતાં પોતાનાં હૃદયમાં માતાની વાણીને યાદ કરતાં શત્રુને મારી ન નાંખ્યો, ભીમે તેના રથને અને મુગુટને ગદાવડે ચૂર્ણ કરતાં શત્રુ જયદ્રથને (જરાપણ) મારી નાંખ્યો નહિ. તે વખતે અર્જુને જયદ્રથના મસ્તકને બાણોવડે મુંડન કરતાં મજબૂત એવા પણ જયદ્રથ રાજાને નિશ્ચે ભય પમાડયો. ભીમ વડે ગદાથી રથને પાપડની જેમ ચૂર્ણ કરાયો ત્યારે જયદ્રથ તે વખતે નાસી જવામાં તત્પર મનવાલો થયો. હવે જ્યારે જયદ્રથ રાજા દ્રૌપદીને મૂકીને નાઠો તે વખતે તે બંને તે સ્ત્રીને લઇને માતાની પાસે આવ્યા, ભીમ-અર્જુન અને દ્રૌપદીએ માતાનાં બે ચરણોને નમીને પોતાનો સ્નેહ દેખાડવાથી માતાના મનને આનંદ પમાડ્યો.

એક વખત નારદે આવીને પાંડવોની આગળ કહ્યું કે તમારાવડે મુકાયેલો શત્રુ તમારા ઉપર રોષ ધારણ કરે છે. તે દુર્યોધને તમને કપટવડે મારવા માટે અશક્ત એવા તેણે લોકોને પૂછી પૂછીને એકાંતમાં શ્રેષ્ઠ દેવીની આરાધના કરી છે. તેણે કહ્યું કે તમારાવડે શત્રુ તરફ મુકાયેલાં બાણો નિષ્ફલ નહિ થાય. અને શત્રુઓ ક્ષણવારમાં નાશ પામશે. મારાવડે તો તમારી આગળ હમણાં તમારા હિતના માટે શત્રુનું દ્રોહ કરનારું સ્વરુપ નિશ્ચે કહેવાય છે.

ચૈત્ર સુદિ આઠમના દિવસે વરદાન આપનારી તેજ દેવી, દુષ્ટ આશયવાળી તમને વિઘ્ન કરવા માટે આવશે. કહ્યું છે કે :–

**न विश्वसेत् कृष्णसर्पस्य, खड्गहस्तस्य वैरिण: ।**
**आचाराच्चालितस्यापि, स्त्री चरित्रं न विश्वसेत् ।।१।।**

કાળા સર્પનો વિશ્વાસ ન કરવો, ખડગ છે હાથમાં જેને એવા શત્રુનો પણ વિશ્વાસ ન કરવો અને જે આચારથી ભ્રષ્ટ થયા હોય તેનો વિશ્વાસ ન કરવો, અને સ્ત્રી ચારિત્રનો વિશ્વાસ ન કરવો. પાંડુપુત્રોવડે વિનયથી નમન કરાયેલા નારદમુનિ હર્ષ પામ્યા અને આકાશમાર્ગે શાશ્વત તીર્થંકરોને નમસ્કાર કરવા માટે ગયા, ચૈત્ર માસ આવ્યો ત્યારે કુટુંબ સહિત યુધિષ્ઠિર વારંવાર મંત્રનું ધ્યાન કરતો કાયોત્સર્ગમાં રહ્યો.

**यत्न: कामार्थयशसां, कृतोऽपि विफलो भवेत् ।**
**धर्म्मकर्म्मसमारम्भ:, सङ्कल्पोऽपि न निष्फल: ।।१।।**

કામ–અર્થ અને યશનો કરાયેલો યત્ન પણ – નિષ્ફલ થાય. પરંતુ ધર્મકર્મના આરંભનો સંકલ્પ પણ નિષ્ફલ થતો નથી. આ પ્રમાણે ધ્યાન કરતાં એવા તેના સાત દિવસ ગયા, આઠમે દિવસે દુર્યોધનવડે વશ કરાયેલી તે દેવીએ આવીને સર્વકુટુંબ સહિત યુધિષ્ઠિરને પ્રણામ કરીને નૃત્ય કરીને તે વખતે મોટા સ્વરે બોલી. દુર્યોધનની વાણીવડે તમને હણવા માટે જેટલામાં હું અહીં આવતી હતી તેટલામાં ઈન્દ્રના સેવકદેવે મને ક્રૌંચબંધનપૂર્વક બાંધી. તે દેવે કુશના આઘાત વડે મને મારા અંગને તેવી રીતે તાડન કર્યું કે જેથી મારા શરીરમાં પ્રાણનો નાશ કરે તેવી વેદના થઈ. દરેક પ્રહરે પ્રહરે નિરંતર નવા નવા માર વડે તેવી રીતે તે દેવવડે અત્યંત તાડન કરાઈ કે જેથી મેં વિચાર્યું કે આ પ્રાણનો નાશ કરનારા એવા દુઃખમાંથી જો મારાવડે છૂટાશે તો મારે યુધિષ્ઠિરની સેવા કરવી. હવે તે દેવે કહ્યું કે ન્યાયગામી એવા પાંડુપુત્રોને હણવા માટે જઈશ. તે વખતે જલદી તું મારાવડે હણવા યોગ્ય છે. મેં કહ્યું કે :– મારે ધર્મથી શોભતા પાંડુપુત્રોને વિઘ્ન કરવાનું નથી. તેઓની સેવા જ કરવાની છે. તેથી મેં તમારી પાસે આવીને શ્રેષ્ઠ નાટક કર્યું. તમારે શત્રુનો વિશ્વાસ કરવા લાયક નથી. આ પ્રમાણે કહીને તે દેવી પોતાના સ્થાનમાં ગઈ ત્યારે પાંડુપુત્રો વગેરેએ માતાની સાથે પારણું કર્યું.

તે પછી ચાલી ગયો છે અંતરાય જેનો એવા તે પાંડુપુત્રો વિશેષે કરીને સર્વજ્ઞનું ધ્યાન કરવામાં અત્યંત તત્પર થયા. કહ્યું છે કે :–

**महिषविषण्णो मशक:, शशक: शैले पिपीलिका पङ्के ।**
**सच्चरिते गुणिजने, पिशुन: कुपितोऽपि किं कुरूते ?  ।।१।।**

પાડાથી ખેદ પામેલો મચ્છર – પર્વત ઉપર સસલો – કાદવમાં કીડી – ને સારા – ચરિત્રવાલા ગુણીજન ઉપર ક્રોપ પામેલો ચાડિયો પુરુષ શું કરે ? એક વખતધ્યાન પૂર્ણ થયું ત્યારે કોઈ સાધુ મહિનાના તપને અંતે દિવસના મધ્યભાગમાં ભિક્ષાને માટે પાંડવોના ઘરે આવ્યા. સાક્ષાત્ શાંતરસ હોય એવા સાધુને જોઈને પાંડુપુત્રો હર્ષના ઉત્કર્ષના

સમૂહથી તે વખતે પંચાંગ પ્રણિપાતથી નમ્યા. રોમાંચને ધારણ કરતા અનુમોદનમાં તત્પર થયેલા પાંડુપુત્રોએ તે મુનિને શુધ્ધઆહાર આપ્યો.

**सत्पात्रं महती श्रद्धा, काले देयं यथोचितम्।**
**धर्म्मसाधनसामग्री, बहुपुण्यैरवाप्यते।।**
**केसिं च होइ वित्तं, चित्तं अन्नेसिमुभयमन्नेसिं।**
**चित्तं-वित्तं-पत्तं तिन्निवि केसिं च धन्नाणं।।२।।**
**सैव भूमिस्तदेवाम्भः, पश्य पात्र विशेषतः।**
**आम्रे मधुरतामेति, कटुत्वं निम्बपादपे।।२।।**

ઉત્તમપાત્ર – મોટી શ્રધ્ધા – યોગ્યકાલે યથોચિત આપવું અને ધર્મમાં ધનની સામગ્રી – ઘણાં પુણ્યવડે પ્રાપ્ત કરાય છે. કેટલાકની પાસે ધન હોય છે, કેટલાકની પાસે મન હોય છે. અને બીજાની પાસે બંને હોય છે. પરંતુ ચિત્ત – વિત્ત અને પાત્ર ( આ ત્રણે ) કોઇ ધન્ય પુરુષોને જ હોય છે. તેજ ભૂમિને તેજ પાણી છે. તમે જુઓ પાત્રના વિશેષથી આંબાને વિષે તે મધુરપણાને પામે છે. અને લીંબડાને વિષે કટુપણા (કડવાશ)ને પામે છે. તે વખતે આકાશમાં દુંદુભિઓ વાગી અને સુપાત્રના દાનથી પાંડવોની આગળ આઠ કરોડ સોનામહોરો પડી, તે વખતે શાસનદેવીએ કહ્યું કે પાંડુપુત્ર એવા તમારે તેરમું વર્ષ મનોરમ દેશમાં રહેવું. આ પ્રમાણે વનમાં અને પર્વતોમાં ઘણાં કષ્ટોને સહન કરતા પાંડુપુત્રો શ્રી શત્રુંજયગિરિ ઉપર ગુપ્તપણે ગયા, ત્યાં શરુઆતમાં શ્રી ઋષભદેવ પ્રભુને નમસ્કાર કરી શ્રેષ્ઠપુષ્પોવડે પૂજા કરી પાંડુપુત્રો ધર્મ સાંભલવા માટે ગુરુ પાસે ગયા. ત્યાં ગુરુએ કહ્યું કે :-

જગતમાં ઉત્તમ આ ગિરિ ઉપર અનંતા મુનિઓ સર્વકર્મનો ક્ષય કરી મુક્તિ પામ્યા છે.

આ અનાદિ તીર્થ છે. અહીં તીર્થંકરો અને અનંતા મુનિઓ પણ પોતાનાં કર્મના સમૂહને ખપાવીને સિધ્ધ થયા છે. ।। અહીં જે પક્ષીઓ અને ક્ષુદ્ર – પ્રાણીઓ અને સિંહ વગેરે છે તે ઉત્તમ એવા ત્રણ ભવોવડે સિધ્ધ થશે. ।। અભવ્ય એવા પાપી જીવો આ પર્વતને નજરે જોતાં નથી. જે ભવ્ય જીવો છે તેઓ ઘણાં સુખની પ્રાપ્તિ માટે ઘણીવાર જુએ છે ( દર્શન કરે છે )

**राज्यादि लभ्यते भूरि - वारं तीर्थार्चनादतः।**
**इदं तीर्थं सदासेव्यं, भव्यैः कल्याणशर्मदम्।।**
**गतेषु तीर्थनाथेषु - गते ज्ञाने च भूतले।**
**तारकोऽयं भवाम्भोधौ, पर्वतः सिद्धिदायकः।।**

આ તીર્થની પૂજા કરવાથી રાજય આદિ સુખ ઘણીવાર મેળવાય છે. મોક્ષના સુખને આપનારું આ તીર્થ ભવ્ય જીવોએ હંમેશાં સેવા કરવા યોગ્ય છે.।। પૃથ્વીતલ ઉપરથી તીર્થંકર ગયે છતે ( તેમનો વિયોગ થયે છતે ) જ્ઞાન (કેવલજ્ઞાન)

ગયે છતે સંસાર સમુદ્રમાં તારનારો – મોક્ષ આપનારો આ પર્વત છે ।। આ શત્રુંજય તીર્થ ઉપર સગરચક્રવર્તીને રામ ઘણા સાધુઓ સહિત મુક્તિપુરીમાં ગયા છે.।। આ પ્રમાણે સાંભળી તે તીર્થની ઘણા દિવસ સુધી સેવા કરી યુધિષ્ઠિર રાજા નિશ્ચે મત્સ્ય દેશ તરફ ચાલ્યો. પાંડવોએ વિચાર કરીને પોતપોતાને વિશે આ પ્રમાણે વેશ કર્યો. યુધિષ્ઠિર કંક નામે બ્રાહ્મણના વેશને ધારણ કરનારા થયા. ભીમ વલ્લનામને ધારણ કરનારો રસોઇયો થયો. અર્જુન બૃહનન્ટ નામને ધારણ કરનારો નાટકાચાર્ય થયો. નકુલ અશ્વનો અધિપતિ ગંધિક નામે વિશારદ થયો. અને સહદેવ ગોવિંદ શ્રુતપાલ (સારથિ) નામે થયો. દ્રૌપદી સૈરંધ્રી નામે ( કૃષ્ણાદાસી) વેશને ધારણ કરતી થઇ. આ પ્રમાણે વિચારીને સર્વે પોતપોતાના વેશને ધારણ કરનારા થયાં. નગરની પાસે સ્મશાનમાં શમીવૃક્ષના થડમાં મડદાવડે ઢંકાયેલાં પોતપોતાનાં હથિયારોના સમૂહને પાંડુપુત્રોએ કર્યો.

પહેલાં વિશારદ બ્રાહ્મણવેશને ધારણ કરનારો યુધિષ્ઠિર રાજાને સારા આશીર્વાદપૂર્વક સુક્ત ( સુભાષિત ) કહેનારો થયો. ભીમ વલ્લનામને ધારણ કરનારો રાજાનો રસોઇયો થયો. નટના રૂપને ધારણ કરનારો અર્જુન નાટક કરનારો થયો. સહદેવ પોતાના નામને ધારણ કરનારો અશ્વપાલ થયો. અને નકુલ હંમેશાં વૈદક કાર્યને કરનારો થયો. તે વખતે દ્રૌપદી બ્રહ્મવ્રતને ધારણ કરનારી દાસીરૂપે થઇ. તે રાજાના ઘરમાં રાણીની સેવા કરનારી દાસી થઇ. યુધિષ્ઠિરે કંક નામના બ્રાહ્મણના રૂપે પોતપોતાનાં કાર્યોને વિષે સ્થાપન કર્યા અને માતાને ભક્તિથી કોઇના આવાસમાં રાખી. કહ્યું છે કે :––

સભામાં આવેલા તેઓને વિરાટ રાજાએ પોતપોતાનાં કામમાં જોડ્યાં. અને સન્માન કરાયેલાં તેઓ ત્યાં ગુપ્તવૃત્તિથી સુખપૂર્વક રહેવા લાગ્યાં. સવારમાં બધાં ઊભાં થઇને ગુપ્તપણે રહેલી માતાને ગુપ્તવૃત્તિવડે પ્રણામ કરીને જ જમે છે અને પાણી પીએ છે. કહ્યું છે કે : –

**ते धन्या ये सदा माता, - पित्रोश्चरणचर्चनम् ।**
**कुर्वते नमनं ये तु - पोषणं भविनो मुदा ।।१।।**

જે પ્રાણીઓ હંમેશાં માતા –પિતાનાં ચરણની પૂજા – નમન અને પોષણ હર્ષવડે કરે છે, તે ધન્ય છે. રસોઇયાના વેશને ધારણ કરનારા ભીમે એક વખત રણમાં મલ્લભટોને હણીને રાજાના માનને પામીને યશનો વિસ્તાર કર્યો. રાજાની પત્ની સુદેષ્ણાના એકસોને છ ભાઇઓ હતા. તેઓમાં મુખ્ય કીચક હતો. એક વખત સુદેષ્ણાના ઘરમાં સુંદરરૂપને ધારણ કરનારી દ્રૌપદીને જોઇને કામાતુર થયેલા કીચકે અત્યંત યાચના કરી. કહ્યું છે કે : –

**दिवा पश्यति नो घूकः, काको नक्तं न पश्यति ।**
**अपूर्वः कोऽपि कामान्ध, दिवा नक्तं न पश्यति ।।१।।**

ઘુવડ દિવસે જોતો નથી. કાગડો રાત્રિએ જોતો નથી, કોઇ અપૂર્વ એવો કામાંધ દિવસે અને રાત્રિએ જોતો નથી.

**विकलयति कलाकुशलं, हसति शुचि पण्डितं विडम्बयति ।**
**अधरयति धीरपुरूषं, क्षणेन मकरध्वजो देवः ।।१।।**

કામદેવ ક્ષણવારમાં કલામાં કુશલને (પણ) વિકલ – (ગાંડો) પવિત્ર પંડિતને હાંસી કરે છે, અને વિડંબના કરે છે. અને ધીર પુરુષને અધીર કરે છે. દ્રૌપદીવડે ધિક્કાર પામેલો સુદેષણાની આગળ આવીને કીચકે પોતાના મનનો અભિલાષ કહ્યો . સુદેષણાએ કહ્યું કે :– આ સ્ત્રી સતી સ્ત્રી દેખાય છે. તેથી કરીને તેની ઉપર નિશ્ચે હે ભાઇ ! રાગ ન કરાય. કહ્યું છે કે : –

**सत्यां न क्रियते वाञ्छा, रागबुद्धया सुबुद्धिना,**
**सती रूष्टा ददातिस्म, दुर्गतिं देहिनामपि ।।१।।**

સારી બુધ્ધિવાલાએ સતી ઉપર રાગ– વાંછા ન કરાય, રોષ પામેલી સતી પ્રાણીઓને પણ દુર્ગતિ આપે છે.

**अप्पउ धूलिहि मेलिउ, सयणह दीधउ छार।**
**पगि पगि माथा ढांकणउं - जिणि जोइ परनारि।।२।।**

જે પરસ્ત્રી તરફ દૃષ્ટિ કરે છે તે આત્માને કર્મરૂપી ધૂળવડે મલિન કરે છે. અને સ્વજનની ઉપર ક્ષાર નાંખે છે. અને પગલે પગલે માથું ઢાંકવું પડે છે. કીચકે કહ્યું કે હે બહેન ! તારાવડે હમણાં જે આ પ્રમાણે કહેવાય છે. પરંતુ એના વિના મારું મરણ થશે. તેથી તને દુઃખ થશે. ભાઇના મરણની બીક વડે સુદેષણાએ ભાઇને કહ્યું કે હમણાં તારા માટે હું વચનના બહાનાથી તેની પાસે માંગણી કરીશ.. એક વખત કાંઇક કહીને સુદેષણાએ રાત્રિમાં કામને માટે દ્રૌપદીને ભાઇની પાસે મોકલી. તેને આવતી જોઇને જલદી ઊભા થઇને કામી એવા કીચકે કહ્યું કે હે પ્રિયા ! આવ મારા શરીરને વિષે આલિંગન આપ.

તેનું આ કર્ણકટુ પાપી વાક્ય સાંભળીને દ્રૌપદી બોલી કે હે મૂઢ ! આ પ્રમાણે તું મારા ઉપર કેમ બોલે છે ? કહ્યું છે કે : –

**दुर्मन्त्रान् नृपतिर्विनश्यति यतिः सङ्गात् सुतो लालनात्,**
**विप्रोऽनध्ययनात् कुलं कुतनयात् शीलं खलोपासनात् ।**
**स्त्रीमद्यादनवेक्षणादपिकृषिः, स्नेहः प्रवासाश्रयान्,**
**मैत्री चाप्रणयात् समृद्धिरनयात् - त्यागात् प्रमादाद्धनम् ।।१।।**

ખોટી વિચારણાથી રાજા નાશ પામે છે. સાધુ–સંગથી નાશ પામે છે. પુત્ર–લાલન પાલન કરવાથી નાશ પામે છે. ને બ્રાહ્મણ નહિ ભણવાથી નાશ પામે છે. કુલ ખરાબ પુત્રથી નાશ પામે છે. શીલ ખલની સેવા કરવાથી નાશ પામે છે. સ્ત્રી મદિરાથી નાશ પામે છે. ખેતી નહિ જોવાથી નાશ પામે છે. સ્નેહ પ્રવાસનો આશ્રય કરવાથી નાશ પામે છે. મૈત્રી અસ્નેહ કરવાથી નાશ પામે છે. સમૃધ્ધિ અનીતિથી અને ધન ત્યાગથી ને પ્રમાદથી નાશ પામે છે.

મારા ગુપ્ત એવા પાંચ અભિષ્ટ (પતિ) હમણાં આ નગરમાં રહે છે. આ પ્રમાણે બોલતાં એવા તને યમના મંદિરમાં મોકલશે. આ સ્ત્રી ઘણા પુરુષો વડેભોગવાઇ છે. એ પ્રમાણે જાણીને કીચકે તેને કેશમાંથી પકડીને અતિનિર્દયપણે પગવડે હણી. તે પછી ધૂળથી લેપાયાં છે અંગ જેનાં એવી તે તેવા પ્રકારની રાજ્ય સભામાં જઇને ધર્મપુત્રને જોઇને આ પ્રમાણે બોલતી અત્યંત રડવા લાગી. વિરાટરાજા ન્યાયમાર્ગવડે પૃથ્વીઉપર રાજ્ય કરતા હતા ત્યારે કીચક વડે વાળ ખેંચવાથી હું પીડા કરાઇ છું. કહ્યું છે કે : –

**सत्यानृता च परूषा प्रियवादिनी च,**
**हिंसा दयालुरपि चार्थपरा वदान्या।**
**नित्यव्यया प्रचुरनित्यधनागमा च,**
**वाराङ्गनेव नृपनीतिरनेकधा च ।।१।।**

સારી અથવા ખોટી – કઠોર ને પ્રિય બોલનારી, હિંસક અને દયાળુ, ધનમાં તત્પર – ચતુર – નિત્ય ખર્ચવાલી (વ્યય ) હંમેશાં ઘણા ધનના આગમનવાલી – વારાંગના ( વેશ્યાના ) જેવી. રાજનીતિ અનેક પ્રકારે હોય છે.

આ પ્રમાણે સાંભળીને જ્યારે રાજા બોલતો નથી તે વખતે કંકે ( યુધિષ્ઠિરે ) કહ્યું કે તું અહીથી જા. પાવક ( અગ્નિ ભીમ ) પાસે વેગથી પોતાનું દુઃખ કહે. ગંભીર એવા ધર્મપુત્રના કથનને સારી રીતે જાણીને દ્રૌપદી લાંબા કાળ સુધી વારંવાર રુદન કરતી સભામાંથી ધીમે ધીમે નીકળી. ભીમની પાસે આવીને કીચકની કુચેષ્ટા કહી. ભીમે કહ્યું કે તું જા તેને શિક્ષા અપાશે. તે પછી દ્રૌપદીએ ભીમની પાસે કીચકની ચેષ્ટા જેટલામાં કહી તેટલામાં ક્રોધ પામેલા ભીમે આ વચન કહ્યું. દુર્યોધને કરેલો અપરાધ યુધિષ્ઠિરની વાણીવડે પહેલાં જે મારાવડે સહન કરાયો હતો. હમણાં કીચકના અપરાધને હું સહન કરીશ નહિ. તું જા ત્યાં તેની આગળ આ પ્રમાણે કહેવું કે હે કીચક ! તું દિવસના અંતે ચિત્ર ઘરમાં જજે. ત્યાં હું તને ઘણા લાંબા કાળ સુધી ભોગનું સુખ આપીશ. આ પ્રમાણે કહ્યું ત્યારે હર્ષિત થયેલો તે કીચક પણ આવશે. હે પ્રિયા ! દિવસને અંતે તું ચિત્ર ઘરમાં આવતી નહિ. હે ઉત્તમ પ્રિયા ! તારા સ્થાને હું ત્યાં જઇશ. તે દ્રૌપદીએ ભીમે કહેલું કહ્યું ત્યારે રાત્રિમાં હર્ષિત થયો છે આત્મા જેનો એવો કીચક શ્રેષ્ઠ ખાદ્ય પદાર્થો લઇને સુખની ઇચ્છાથી ચિત્રઘરમાં ગયો. આ બાજુ દ્રૌપદીને અટકાવીને દ્રૌપદીના વેશને ધારણ કરનારો ગજસરખી ગતિવડે ભીમ ગયો. અને તેને જોઇને તે વખતે કીચક આનંદ પામ્યો. પહેલાં તે મનોહર ખાદ્ય પદાર્થો અપાયા ત્યારે હર્ષિત થયેલા ભીમે એકદમ એક એક કોળિયો કરીને ખાધા. જેમાં કપૂર – કસ્તુરી – લવંગ – એલચી આદિ વસ્તુઓ આપે છતે ભીમે તેને સારી રીતે ખાધા. તે પછી તે કીચક જ્યારે તેની ઉપર હાથ આપે છે ત્યારે તેને બે હાથવડે દૃઢ આલિંગન કરતાં કહ્યું. તારાવડે પરસ્ત્રીને વિષે ક્રીડા કરવાની ઇચ્છા કરાઇ હમણાં તેનું ફલ તારા પ્રાણો હરણ કરવાથી હું બતાવું છું તું દેવને યાદ કર..બલ કર. આ પ્રમાણે બોલતાં એવા તેણે તે કીચકને હણીને ઉપાડીને ભારપટ્ટની (પાટડાની ) નીચે નાંખ્યો. તે પછી ભીમે ભારપટ્ટ ઉપર લોહીવડે અક્ષરો લખ્યા. મારાવડે મરાયેલો આ જલદી ભારપટ્ટ નીચે નંખાયો છે.

खल्वाटो दिवसेश्वरस्य किरणैः सन्तापितो मस्तके,
वाञ्छन् देशमनातपं विधिवशाद् बिल्वस्य मूलं गतः ।
तत्राप्यस्य महाफलेन पतता भग्नं सशब्दं शिरः,
प्रायो गच्छति यत्र भाग्यरहितस्तत्रैव यान्त्यापदः ।।१।।

ટાલિયો માણસ સૂર્યનાં કિરણોવડે મસ્તકને વિષે સંતાપ પમાડાયેલો તડકા વગરના દેશને ઇચ્છતો નસીબના યોગે બિલ્વવૃક્ષના મૂલમાં ગયો. ત્યાં પણ તેનું મસ્તક મોટા ફલ પડવાવડે શબ્દ સહિત ભાંગી ગયું. ભાગ્યરહિત માણસ પ્રાય:કરીને જ્યાં જાય છે ત્યાં આપત્તિઓ આવે છે. ભીમ પોતાનું કાર્ય કરીને પોતાને સ્થાને આવ્યો. સવારમાં કીચકોએ પોતાના ભાઈને જોયો નહિ. ઘરમાં પોતાના ભાઈને ન જોવાથી તે સઘળા કીચકો ચિત્ર ઘરના ભારપટ્ટ ( ભારવટ)ની નીચે નંખાયેલા અને મરી ગયેલા તેને જોઈને કોઈકવડે પોતાનો ભાઈ હણાયો છે. આ પ્રમાણે કહીને હણાયું છે મસ્તક જેનું એવા રુદન કરતાં તેઓ બોલ્યા કે હે ભાઈ ! હમણાં તું ક્યાં ગયો ? તે વખતે અનેક મંત્રી સામંત વગેરે રાજાના સેવકો ત્યાં આવીને છોડી દીધા છે પ્રાણો જેણે એવા કીચકને જોઈને આ પ્રમાણે બોલ્યા કે આ કીચકને હણીને જે પાપીએ અહીં નાંખ્યો છે. તેને જલદી ખેંચીને તેના પ્રાણોનું અપહરણ કરવાથી તે જલદી મરાશે. આ પ્રમાણે બોલવામાં તત્પર એવા તેઓએ ભારપટ્ટ ઉપર લોહીના અક્ષરની શ્રેણી જોઈને વાંચતા નથી મોટા સ્વરે "મારાવડે આ મરાયો છે" એ વાંચતા નથી. રાજાથી ભય પામેલો કોઈ મોટેથી તે અક્ષરની શ્રેણીને વાંચતો નથી. તે વખતે ભીમ તે મનુષ્યોને હાથમાં પકડીને મોટે સ્વરે બોલ્યો. જેનાવડે આ હણાયો છે. તેનાવડે ભારપટ્ટ ઉપર લખાયું છે.

આ અકાર્ય કરનારો કીચક નિશ્ચે મારાવડે મારી નંખાયો છે. તે વખતે લોકો અક્ષરોને બોલવા લાગ્યા. તે વખતે ત્યાં આવીને ભાઈને જોઈને રાજપત્ની સુદેષ્ણા બોલી રાત્રિમાં ભાઈવડે ભોગને માટે બોલાવાયેલી સૈરંધ્રી જલદી ગઈ હતી. ખરેખર દુષ્ટ આશયવાલી તેણીવડે જલદી તે હણાયો છે. રાજાના આદેશથી કીચકના ભાઈઓએ દ્રૌપદીને ત્યાં જઈને ભાઈની સાથે અગ્નિમાં નાંખવા માટે લઈ જઈને હે પાપિષ્ઠા સૈરંધ્રી ! તારાવડે આ કીચક હણાયો છે. તે ભારપટ્ટ ઉપર આ અક્ષરોની શ્રેણી લખાઈ છે. આથી અબલા એવી તું પણ અત્યંત સબળા દેખાય છે. હે દાસી ! આની હત્યાના પાપવડે તું જલદી નરકમાં જઈશ. આ પ્રમાણે હાંક મારતો રાજા તેઓની સાથે ને કીચકોની સાથે તે દ્રૌપદીને તેના દાહ માટે માર્ગમાં ચાલ્યો.

સર્વ લોકોને પાછા વાળીને બધા કીચકના ભાઈઓ વલ્લ(ભીમ) સહિત દૂર નદીના કિનારે પ્રેતવન –સ્મશાનમાં ગયા, ચિતા રચીને પોતાના ભાઈને તેમાં નાંખીને તે વખતે કીચકો બોલ્યા કે , આ સ્ત્રી અગ્નિમાં નંખાઓ , તે પછી તેઓ જેટલામાં દ્રૌપદીને હાથમાં પકડીને બળાત્કારે પોતાની જાતે નાંખે છે. ત્યારે ભીમે તેને છોડાવીને આ પ્રમાણે કહ્યું. હે દાસી તું પોતાના સ્થાનમાં જા. પાપ વગરની તારાવડે શું ? મારાવડે આજે જ જે પાપીઓ છે તેઓને અગ્નિમાં નંખાશે.

તે પછી મોટાં વૃક્ષોને મૂળમાંથી ઉખેડીને ભીમ તે અગ્નિમાં તે કીચકોને અનુક્રમે નાંખે છે. નાસી જતાં એવા

તે કીચકોને પકડી પકડીને અત્યંત અગ્નિમાં નાંખ્યા. ભયથી વિહ્વલ એવા એક કીચકને ભીમે રાખ્યો. તેની જીભ કાપીને હાથમાં પકડીને ભીમ રાજાની પાસે આવીને મોટા શબ્દપૂર્વક કહેવા લાગ્યો કે પોતાના ભાઈના સ્નેહથી મોટો ભાઈ અગ્નિમાં નંખાયે છતે તેમાં પેઠેલા બીજા ભાઈઓ ભસ્મપણાને પામ્યા છે.અજ્ઞાનથી એક કીચક અગ્નિમાં પ્રવેશ કરતો મારાવડે રક્ષણ કરાયો છે. તેણે પણ જલદી પોતાની મેળે દાંતવડે જીભને કાપી નાંખી છે. કહ્યું છે કે : –

સ્ત્રીઓ પરાભવને કરનારી છે. બંધુજનો એ બંધન છે. વિષયો તે વિષ છે. માણસનું અજ્ઞાન કેવું છે ? જે શત્રુઓ છે. તેને વિષે મિત્રની આશા છે. રાજાએ કહ્યું કે ભાઈઓ અગ્નિમાં કેમ પેઠા ? તે તું કહે . તે વખતે પોતાનો હાથ ઉપાડીને કીચક જમીન ઉપર પડી ગયો. ભીમે કહ્યું કે આ કહે છે કે :– મારા સઘળા ભાઈઓ આનાવડે રક્ષણ કરાયેલા બળાત્કારે અગ્નિમાં પેઠા, હું એક જ આનાવડે અગ્નિમાંથી હાથવડે પકડીને રક્ષણ કરાયો છું.

આ સૈરંધ્રી પાપ વગરની છે. એમ કહીને તે સૈરંધ્રી બંધનમાંથી મુક્ત કરાઈ ફરીથી ભીમે કહ્યું કે હે સ્વામી! તમારો ધરડો સાલો કોઈક ભયંકર બલવાન વડે તે વખતે હણાયો છે. ભોળી એવી આ સ્ત્રી જે પાપીવડે હણાય છે તે પણ મનુષ્ય એવા ભીમ વડે નરકભૂમિમાં ફેંકાય છે. ભાઈના મરણથી રુદન કરતી કરતી સુદેષ્ણાને રાજાએ કહ્યું કે સંસારની સ્થિતિને જાણનારા સત્પુરુષો શોક કરતા નથી.

**धर्म्मशोकभयाहार – निद्राकामकलिक्रुध: ।**
**यावन्मात्रा विधीयन्ते – तावन्मात्रा भवन्त्यमी ।।**

ધર્મ – શોક – ભય – આહાર – નિદ્રા – કામ – કજિયો ને ક્રોધ જેટલા પ્રમાણમાં કરીએ તેટલા પ્રમાણમાં થાય. આ ભોળી સૈરંધ્રી ફોગટ અગ્નિમાં નાંખવા માટે ઈચ્છા કરાઈ. હમણાં તો સતી સરખી પુણ્યશાલી દેખાય છે. આ સાધ્વી સૈરંધ્રી પોતાના ઘરમાં રહો. આગળ તારા ભાઈની હત્યા કરનારો મનુષ્ય મારા વડે સારી રીતે જણાશે. તે પછી છોડીદીધો છે ક્રોધ જેણે એવી સુદેષ્ણાવડે સ્નેહની વાણી આપવાપૂર્વક સૈરંધ્રી પોતાના ઘરમાં સ્થાપન કરાઈ.

આ તરફ ચરપુરુષોએ પાંડુપુત્રોની સ્થિતિ ત્યાં જાણીને ત્યાં આવીને દુર્યોધનની આગળ આ પ્રમાણે કહ્યું હે રાજન ! તમારાથી ભય પામેલા પાંડુપુત્રો ગુપ્તપણે કોઈ ઠેકાણે રહ્યાં છે. જેમ કાચબાઓ સમુદ્રમાં માછીમારોથી નિરંતર રહે તેમ. તે પછી દુર્યોધને શ્રેષ્ઠ નિમિત્તિયાને પૂછ્યું કે હમણાં પાંડુપુત્રો ક્યા ગામ–વન અથવા પર્વતપર છે? નિમિત્તિયાએ કહ્યું કે જે મનુષ્યની પૃથ્વીમાં વાવેલું ધાન્ય સાતવર્ષસુધી ગ્રહણ કરાય છે. અને હંમેશાં સઘળી પ્રજા સુખી છે. કહ્યું છે કે : –

**नाऽनयो यत्र नो भीति– र्यत्र नो रोगसंभव: ।**
**लक्ष्यन्ते पाण्डवास्तत्र – स्वयमर्हद् विहारवत् ।।१।।**

જ્યાં અનીતિ નથી, જ્યાં ભય નથી, જ્યાં રોગની ઉત્પત્તિ નથી ત્યાં પાંડવો અરિહંતના વિહાર (ચૈત્ય) ની જેવા ઓળખાય છે. હે રાજા ! તે દેશમાં હમણાં પાંડવો નિર્ભય છે. પછી દુર્યોધને દ્રવ્ય આપીને તેને વિસર્જન કર્યો. તે વખતે ચર પુરુષોએ કહ્યું કે નિમિત્તિયાએ કહ્યા પ્રમાણે તેવો મત્સ્ય દેશ છે. તેથી હે રાજા ! હમણાં તેઓ ત્યાં સંભવે છે. ત્યાં રહેલા તે પાંડુ રાજાના પુત્રોને કેવી રીતે જાણી શકાય ? આ પ્રમાણે દુર્યોધનવડે કહેવાયો ત્યારે કપટી એવો સુશર્મા બોલ્યો.

**कुशलजननवन्ध्यां सत्यसूर्यास्तसन्ध्यां,**
**कुगतियुवतिमालां मोहमातङ्गशालाम्।**
**शमकमलहिमानीं दुर्यशोराजधानीं,**
**व्यसनशतसहायां, दूरतो मुञ्च मायाम्॥१॥**

પુણ્યની ઉત્પત્તિ વગરની – સત્યરૂપી સૂર્યના અસ્તને વિષે સંધ્યા સરખી – દુર્ગતિરૂપી સ્ત્રીની માલા – મોહરૂપી હાથીની શાલા સરખી – ઉપશમ રૂપી કમલને બાળી નાંખવામાં બરફ સરખી – અપયશની રાજધાની સરખી – સેંકડો દુઃખોમાં સહાયક એવી માયાને દૂરથી છોડો. આપણે તે દેશમાં જઈએ ને દક્ષિણ દિશામાં રહેલા ગોકુલને શરુઆતમાં જ્યારે હું વાળીશ ત્યારે પાંડુપુત્રો તે ગાયોને જલદી પાછી વાળવા માટે આવશે. ત્યારે હે રાજા ! તમે પણ ઉત્તર દિશાના વિભાગમાં રહેલી ગાયોને વાળજો. આ પ્રમાણે દુર્યોધને વિચારીને ભીષ્મ આદિની સાથે ચોખવટ કર્યા વિના દુર્યોધન પાંડવોની સ્થિતિ જાણવા માટે જલદી ચાલ્યો. શરુઆતમાં સુશર્મા રાજા જઈને દક્ષિણ દિશામાં રહેલી ગાયોને જ્યારે વાળવા લાગ્યો ત્યારે ગોવાલિયાઓનો અવાજ થવા લાગ્યો. ગોવાળિયાઓએ ગાયના હરણનો વૃત્તાંત કહ્યો ત્યારે વિરાટરાજા વાજિંત્ર – શંખ – તલવાર સહિત દક્ષિણ દિશાના કિનારે ચાલ્યો. તે વખતે અર્જુન વિના યુધિષ્ઠિર ભીમ આદિની સાથે બ્રાહ્મણ આદિના વેશને ધારણ કરનારો તે વખતે ગાયોને વાળવા માટે ચાલ્યો. બખ્તર ધારણ કરેલો શિબિર રાજા શત્રુને જલદીથી ઘેરી તીક્ષ્ણ બાણની પરંપરા છોડવાથી વ્યાકુલ કરવા લાગ્યો.

સૂર્યની જેવા વિરાટ રાજાએ શત્રુરૂપ અંધકારની પરંપરાને તીક્ષ્ણ બાણરૂપી કિરણોવડે એકદમ નાશ કરી. ત્રિગર્ત દેશનો સ્વામી અષાઢ માસના મેઘની પેઠે બાણોની શ્રેણી વરસાવતો હતો ત્યારે તેના શત્રુનું સૈન્ય નાસી ગયું. ફક્ત તેનો એક રાજા સ્થિર હતો..

**शतेषु जायते शूरः, सहस्रेषु च पण्डितः।**
**वक्ता शतसहस्रेषु - दाता भवति वा नवा॥१॥**

સોમાં એક શૂરવીર થાય છે. હજારમાં એક પંડિત થાય છે. લાખમાં એક વક્તા થાય છે. ને દાતા તો થાય અથવા ન થાય. સુશર્મા બાણની શ્રેણીવડે ચારે તરફ વરસાવતા અને અંધકાર કરતા મત્સ્યરાજાને હથિયાર વગરનો રક્ષણ વગરનો કરતો ભાગ્યો.. મત્સ્ય રાજાને રથમાં નાંખીને જ્યારે લઈને શત્રુ રાજા ચાલ્યો ત્યારે શત્રુના સૈન્યને જીતવા

માટે કોઇ પણ શક્તિમાન ન થયો. તે પછી ભાઇ સહિત યુધિષ્ઠિર બખ્તર ધારણ કરી તે જ વખતે ત્રિગર્ત દેશના સ્વામી સુશર્મા રાજાને હણવા માટે અતિવેગથી દોડયો. યુધિષ્ઠિરના આદેશથી ભીમ ઘણાં વૃક્ષોને મૂલમાંથી ઉખેડીને ઘણા શત્રુઓને હણતો હણતો શત્રુઓની પાસે ગયો. ત્રિગર્ત રાજાને મત્સ્ય રાજાની અંગુલી આપવાથી મૂકીને ભીમ બોલ્યો કે સત્પુરુષો વડે ન્યાય માર્ગ સેવાય છે. કહ્યું છે કે :-

**'रेवा हा मग्गेण वह, मतउनमूलि पलास ।**
**कल्ले जलहर थक्कसि, कवण पराई आस ।।१।।**
**रे कारिल्ल हयासे ! चडिआ निम्बंमि पायवे पउरे ।**
**अहवा तुज्झ न दोषो, सरिसा सरिसेहि रज्जंति ।।२।।**

હે રેવા ! તું માર્ગ વડે ચાલ. પલાસવૃક્ષને ઉખેડ નહિ. કાલે જલધર – મેઘ થાકી જશે. પારકી આશા શા માટે? હે હતાશ કારેલી તું મોટા લીંમડાના ઝાડ ઉપર ચઢી તેમાં તારો દોષ નથી. અથવા તો સરખા સરખાની સાથે જ આનંદ પામે આ પ્રમાણે સુશર્મ રાજાને કહીને છોડી લઇને બધી ગાયોને પાછી વાળીને ભીમ મત્સ્ય રાજાને પોતાની છાવણીમાં લઇ ગયો, હર્ષિત થયેલો રાજા તે વખતે તેને આસન આપવાથી સન્માન કરીને ત્યાં રાત્રિમાં જુદા જુદા શ્રેષ્ઠ ઉત્સવ કરતો રહયો. એ પ્રમાણે દક્ષિણ દિશા તરફ ગાયોને ગ્રહણ કરી.

આ બાજુ ઉત્તર દિશાના ભાગમાંથી દુર્યોધન રાજાએ ગાયોને વાળી અને ગોવાળિયાઓ બુંબારવ કરવા લાગ્યા. ગોવાળિયાઓના મુખેથી ગાયોનું હરણ સાંભળીને રાજાનો પુત્ર ઉત્તર માતા અને બહેનની આગળ વચન સ્ફુરાયમાણ કરતો બોલ્યો. જો આજે મારો કોઇ શ્રેષ્ઠ સારથિ મનુષ્ય હોય તો હું શત્રુઓને હણીને બધી ગાયોને પાછી વાળું તે વચન સાંભળીને દ્રૌપદીએ ઉત્તરકુમારને એ કહ્યું કે તારી બહેનનો કલાચાર્ય બૃહન્નટ અહીં છે. તે અર્જુનનો સારથિ હતો. શત્રુને મર્દન કરવામાં તે સમર્થ છે. તે પણ રણસંગ્રામમાં તારો શ્રેષ્ઠ સારથિ થશે. ઉત્તરકુમાર પોતાની બહેનની વાણીથી બળાત્કારે તે વખતે બૃહન્નટ પાસે ઘણા પ્રયત્નથી સારથિનું કામ ધારણ કરાવ્યું. અર્જુન તે વખતે ઊલટા એવા બખ્તરને ધારણ કરતો સ્ત્રી વર્ગને હસાવતો આદરપૂર્વક રથમાં બેઠો. જતાં એવા ઉત્તરકુમારને બહેનોએ કહ્યું કે તું જા શત્રુઓને જીતીને શ્રેષ્ઠ વસ્ત્રો તું અહીં લાવજે. તે વસ્ત્રોવડે સુંદર એવી પૂત્તળીઓ – ઢીંગલીઓ બાળ ક્રીડામાં તત્પર એવી અમારાવડે અમારા હાસ્યને માટે આદરપૂર્વક કરાશે સ્ત્રીજનો મોટેથી હસતે છતે ઉત્તરકુમાર બૃહન્નટને (ભીમને) સારથિ કરીને શત્રુઓને હણવા માટે વેગથી ચાલ્યો. માર્ગમાં જતાં સ્મશાન વૃક્ષમાં રહેલાં શસ્ત્રોને વેગથી લઇને બૃહન્નટ તે રથમાં બેઠો. આગળ મોટી સેના જોઇને કંપને ધારણ કરતો ઉત્તરકુમાર રથમાંથી ઊતરીને નાસતો સારથિવડે ધારણ કરાયેલો બોલ્યો આગળ મોટું સૈન્ય દેખાય છે. તેથી યુદ્ધ દુષ્કર છે. તું રથને પાછો વાળ હું હમણાં આગળ આવીશ નહિ. બૃહન્નટે કહ્યું કે પોતાની બહેનોની આગળ તો બડાઇ હાંકી. તો પછી શત્રુઓને હણ્યા વિના પાછો કેમ નીકળે છે ? કહ્યું છે કે:- કુલગિરિનો સમૂહ ચલાયમાન થાય. સમુદ્ર મર્યાદાને મૂકે તો પણ નિર્મલ મનવાલાઓની પ્રતિજ્ઞા યુગને અંતે પણ ચલાયમાન થતી નથી.

**रणारम्भप्रणयिनां - क्षत्रियाणां रिपुग्रहे।**
**जीवितं राज्यलाभाय, कीर्तिलाभाय पञ्चता ॥२॥**

યુદ્ધના આરંભના પ્રેમી એવા ક્ષત્રિયો શત્રુઓને પકડે ત્યારે જીવિત રાજ્યના લાભ માટે થાય અને મરણ કીર્તિના લાભ માટે થાય. આ શત્રુઓની આડંબરરૂપી વાદળાંથી શોભિત એવી સેના મારી આગળ જલદી દૂર જશે. એમાં સંશય નથી.

**दुद्द (दद्दु) रडियं महिषीणं कडक्खयं, सेवडाण मंतणयं।**
**खमणाण य वक्खाणं, साडबंरो चेव निष्फलो चेव ॥१॥**

દેડકાનો અવાજ – સ્ત્રીઓનો કટાક્ષ – સેવકોની મંત્રણાઓ – અને સાધુઓનું આડંબર સહિત બોલવું એ બધું નિષ્ફલ છે. ૧. કુમારે કહ્યું કે મરી ગયા પછી કીર્તિરૂપી ફલ અહીં કોણ જોશે? ને અહીંયાં તો યુદ્ધમાંગયેલા મારું મૃત્યુ – હમણાંજ દેખાય છે. અર્જુને કહ્યું કે આ જગતમાં ઉત્તમ યશ એજ સાર કહેવાય છે. આ (સાર) શત્રુની પાસેથી નાસવા વડે તે શક્ય નથી કહ્યું છે કે:–

**दैवोऽपि शङ्कतेतेभ्य:, कृत्वा विघ्नानिखिद्यते।**
**विघ्नैरस्खलितोत्साहा:, प्रारब्धं ये त्यजन्ति न ॥१॥**

વિઘ્નોવડે નથી સ્ખલના પામ્યો ઉત્સાહ જેનો એવા જેઓ શરુ કરેલા કર્મને છોડતા નથી. તેઓ પાસેથી નસીબ પણ શંકા પામે છે. એ વિઘ્નો કરીને ખેદ પામે છે. ૧. અર્જુને ઉત્તરકુમારને સ્વસ્થ કરીને કહ્યુંકે તું સારથિ થા હું શત્રુઓને જીતીને ક્ષણવારમાં ગાયોને પાછી વાળીશ. અર્જુને શત્રુઓની દૃષ્ટિના ગોચરમાં જઈને કહ્યું કે આ ગંગાપુત્ર ભીષ્મ બળથી ઈન્દ્ર સમાન છે. પણ

આ દુર્યોધન રાજા પાંડવોનો દૃઢ શત્રુ છે.

આ પાંડુરાજાના ભાઈ વિદુર ચતુર પુરુષોમાં અગ્રણી છે.

આ પાંડવોના ગુરુદ્રોણાચાર્ય ને અશ્વત્થામા નિશ્ચે બલવાન છે.

આ સૂર્યપુત્ર કર્ણ દાની – માની અને મહાબલ છે.

આ દુર્યોધનનો ભાઈ સુયોધન કાંતિવાળો છે. ઈત્યાદિ સેનાના ઘણા શત્રુઓને બતાવતો અર્જુન બોલ્યો કે જો

તારી હમણાં તેઓનાંવસ્ત્ર આદિગ્રહણ કરવામાં ઇચ્છા હોય તો એકજ બાણવડે હું સર્વેને સૂઇ ગયેલા કરું અને એકજ બાણવડે બધાનાં માથાં મૂંડી નાંખું. આ તરફ ગંગાપુત્ર ભીષ્મે શંખનો અવાજ સાંભળીને કહ્યું કે હે દુર્યોધન ! આ સ્ત્રીના વેશને ધારણ કરનારો ફાલ્ગુન (અર્જુન) છે. હમણાં સંધિ કરીને એને આજે રાજય આપવું જોઇએ. જો એમ નહિ કરોતો તે સમય આવે શત્રુઓને હણશે. આ સાંભળી ગોકુલ લઇ દુર્યોધન રાજા જેટલામાંજાય છે. તેટલામાં અર્જુને રથને શત્રુ ઓ તરફ ચલાવ્યો. અર્જુને તેવી રીતે શંખ પૂર્યો કે જેથી તે વખતે ગાયો પોતાની જાતે જ ઊંચાં પૂંછડાં વાલી (થઇ) પોતાના નગર તરફ પાછી ફરી, અર્જુને કહ્યું કે ગાયોને હરણ કરતા અને નાસતા એવા ધૃતરાષ્ટ્રના પુત્ર એવા તારાવડે હમણાં પોતાના નિર્મળ કુળમાં કલંક લગાડાયું છે. કહ્યુંછે કેઃ-

**सम्यग् शोचेनहीनं, क्षुतविवशतनु मुक्तकेशं हसन्तं,**
**निष्ठिवन्तं रूदन्तं मदनपरवशं, जृम्भमाणं स्खलन्तं।**
**भ्रातं भ्रातं विवस्त्रं परिकलितरूषं, लङ्घितोच्छिष्टध्यानं,**
**छिद्रं लब्ध्वा विशन्ति ध्रुवमिह पुरूषं प्रायसो दुष्टदोषाः ।।१।।**

સારી રીતે વિચાર કર્યા વગર – છીંકવડે પરાધીન શરીરવાલા છૂટાવાળવાળા હસતા – થૂંક્તા – રોતા કામને પરાધીન – બગાસુંખાતા – સ્ખલના પામતા વારંવાર ભ્રમણ કરતા – ખરાબવસ્ત્રવાળા – રોષથી વ્યાપ્ત – ઉલ્લંઘન કરેલા મલિન ધ્યાનવાલા એવા પુરુષોમાંપ્રાય : કરીને દુષ્ટદોષો ખરેખર અહીં છિદ્રપામીને પ્રવેશ કરે છે. ૧. શત્રુનો સમુદાય ભેગો થાય ત્યારે શત્રુઓ વડે કેમ જઇ શકાય? (નાસી જવાય?) તું ક્ષણવાર ઊભો રહે. તું યુદ્ધ કર અને તારું બલ બતાવ, તે પછી અર્જુને છોડેલા સંમોહન અસ્ત્રવડે સઘળા શત્રુઓ ભૂમિપર પડી ગયા, અને નિદ્રાને પામેલા કરાયા (નિદ્રાધીન બનાવ્યા) ભીષ્મ વિના જ્યારે બધા શત્રુઓ ચેષ્ટા વગરના થયા ત્યારે અર્જુને ઉત્તરકુમારને કહ્યું કે ઉત્તરકુમાર! તું દુર્યોધનનાં નીલ વસ્ત્રોને જો, કર્ણને વિષે પીળાં વસ્ત્રોને અને બીજાઓનાં જુદી જુદી જાતના રંગવાળાં વસ્ત્રોને જો, તારી બહેનને માટે નિશ્ચે દુકુલ વગેરે (રેશમી વસ્ત્રો) જોઇએ છે. તે તું શંકા રહિત ગ્રહણ કર. કારણ કે આ શત્રુઓ સૂઇ ગયાછે. ઉત્તરકુમાર કેટલાંક રેશમી વસ્ત્રો – મસ્તકનો મણિ – છરી – તલવાર લઇને પોતાના રથમાં ચઢી ગયો. અર્જુને વિનયપૂર્વક ગંગાપુત્ર ભીષ્મને નમીને શત્રુઓની ઉપર નિદ્રાને છોડાવનારું બાણ મૂક્યું કહ્યું છે કેઃ-

જિતેન્દ્રિયપણું – વિનયનું કારણ છે. ગુણનો પ્રકર્ષ (વધારો) વિનયથી પ્રાપ્ત થાય છે. અધિક ગુણવાલા પુરુષ ઉપર માણસ અનુરાગને કરે છે. માણસોના અનુરાગથી ઉત્પન્ન થયેલી સંપત્તિઓ થાય છે. ૧. અર્જુન દુર્યોધનને પોતાનો દેહ બતાવીને ઉત્તરકુમાર સહિત વિરાટ નગરની પાસે ગયો. દક્ષિણ અને ઉત્તર દિશામાંથી આવેલા બન્ને શત્રુઓ પોતાની જાતે લજજા પામેલા, જાણી છે પાંડુરાજાના પુત્રોની સ્થિતિ જેણે એવા પોતાના નગરમાં ગયા.

આ તરફ ભીમના સાન્નિધ્યથી ક્ષણવારમાં શત્રુઓને જીતીને વિરાટરાજા પોતાની નગરીની અંદર સારા ઉત્સવ પૂર્વક આવ્યો. અર્જુને (ઉત્તરકુમારને) કહ્યું કે – મારાવડે શત્રુઓ ઉપર જે જે કરાયું તે તે તારે ત્રણ દિવસ સુધી પિતાની આગળ કહેવું નહિ. કહ્યું છે કેઃ-

**यौवनेऽपि प्रशान्ता ये - येच हृष्यन्ति याचिता: ।**
**वर्णिता येच लज्जन्ति, ते नरा जगदुत्तमा: ।।**

જે મનુષ્યો જગતમાં ઉત્તમ હોય છે. તેઓ યૌવનમાં પણ પ્રશાંત હોય છે. યાચના કરાયેલા જેઓ આનંદ પામે છે. અને વખાણ કરવાથી જેઓ લજજા પામે છે. રાજાએ શત્રુને હણવા માટે ઉત્તરકુમારને ગયેલો જાણીને બખ્તર ધારણ કરીને જેટલામાં તે શત્રુના સૈન્યની વધુ ઇચ્છાવડે ચાલ્યો તેટલામાં એક મનુષ્યે આવીને કહ્યું કે હે રાજા! તમારો પુત્ર બધા શત્રુઓને જીતીને ઉદ્યાનમાં આવ્યો છે. તે વખતે કંકે કહ્યું કે – જેનો સારથિ બૃહન્નટ હોય તેના હાથમાં શત્રુઓના વધથી જયલક્ષ્મી આવે છે.

આ બાજુ અકસ્માત રથમાંથી ઊતરીને ઉત્તરકુમારે પિતાને નમીને કહ્યું કે મેં સઘળા શત્રુઓને જીતી લીધા. ઉત્તરકુમાર જ્યારે બધા શત્રુઓને જીતીને ઘરે આવ્યો ત્યારે રાજાએ પુત્રની જીતનો ઉત્સવ કર્યો. ચોથે દિવસે કરી છે આપ્ત દેવોની પૂજા જેણે એવો – અને ક્ષુદ્ર દેવોની કરી છે ઉલ્લાસ પામતી પૂજા જેણે અને પોતાના વેશથી યુક્ત ભીમ આદિભાઇથી સેવાયેલા કામદેવની ઉપમાવાલા – યુધિષ્ઠિર જેટલામાં રાજ્યસભામાં આવે છે. તેટલામાં તેઓને પાંડવ જાણીને વિરાટરાજા ઊભો રહ્યો. વિરાટરાજાએ બળાત્કારે પોતાના સિંહાસન ઉપર યુધિષ્ઠિર રાજાને સ્થાપન કરી નમસ્કાર કરીને કહ્યું કે મારાવડે જે જે અપરાધ કરાયા હોય તે તે ક્ષમા કરો. યુધિષ્ઠિરે કહ્યું કે તમારી પાસે અમે સુખ પૂર્વક રહ્યા છીએ. આ નગરીમાં તમારા પ્રસાદથી અમે પ્રતિજ્ઞા પૂરી કરીછે. માટે કહ્યું છે કે:–

**गुणदोषसमाहारे, गुणान् गृह्णन्ति साधव: ।**
**क्षीरनीर समाहारे, हंसा: क्षीरमिवाखिलम् ।।१।।**
**स्वगुणं परदोषं वा, वक्तुं याचयितुं परम् ।**
**अर्थिनं च निराकर्त्तुं, सतां जिह्वा जडायते ।।**
**स्वश्लाघा परनिन्दा च, मत्सरो महतां गुणे ।**
**असम्बद्धप्रलापित्व, - मात्मानं पातयत्यध: ।।**

સજજન પુરુષો ગુણ અને દોષના સમૂહમાં ગુણોને ગ્રહણ કરે છે. દૂધ અને પાણીના સમૂહમાં હંસો જેમ નિર્મલ એવા દૂધને ગ્રહણ કરે છે. (તેમ) ૧. સજજન પુરુષોની જીભ પોતાના ગુણોને કહેવા માટે અને પારકાના દોષોને કહેવા માટે બીજાની પાસે યાચના કરવા માટે અને યાચકનો તિરસ્કાર કરવા માટે જડ જેવી થાય છે. ૨. પોતાનાં વખાણને પારકાની નિંદા મહાપુરુષોના ગુણને વિષે ઈર્ષ્યા, અને સંબંધ વગરનું બોલવાપણું આત્માને નીચો પાડે છે. વિરાટ રાજાએ કહ્યું કે આ હાથી – ઘોડા વગેરેથી વિભૂષિત એવું રાજ્ય મહેરબાની કરીને હે ધર્મપુત્ર યુધિષ્ઠિર ! અંગીકાર કરો. ધર્મપુત્ર યુધિષ્ઠિરે કહ્યું કે હે મત્સ્ય રાજા! તમે પુત્રસાથે ચિરકાલ રાજ્ય કરો. અમે દેશાંતરમાં જઇશું તે પછી વિરાટરાજાએ યુધિષ્ઠિરને કહ્યું કે તમે અહીં કેટલાક દિવસસુધી સુખપૂર્વક રહો.

હવે કૃષ્ણ અભિમન્યુ સાથે દ્વારિકામાંથી પાંડવોને મલવા માટે શ્રેષ્ઠ મત્સ્યપુરમાં આવ્યા. વિરાટરાજાએ સારાં ભોજન – પાણી આપવાથી શ્રેષ્ઠ ઉત્સવ કરતાં પોતાની પુત્રી ઉત્તરા અભિમન્યુને આપી. કૃષ્ણ વિરાટરાજાને પૂછી માતા સહિત પાંડવોને પોતાની નગરીમાં સારા ઉત્સવપૂર્વક લઇ ગયા. યાદવોની સુંદર એવી ચાર કન્યાઓને સુંદર ઉત્સવપૂર્વક ચાર પાંડુપુત્રો સારા દિવસે પરણ્યા, બીજે દિવસે સર્વ યાદવોએ સર્વ પાંડુરાજાઓને કહ્યું કે સત્યવાણીવાલા તમોએ સર્વ શત્રુઓની ચેષ્ટાને સહન કરી. તમે હમણાં પ્રતિજ્ઞા પૂરી કરી છે. તેથી તમારે કાંટારૂપ દુર્યોધન વગેરે સર્વે વેગથી છેદવા લાયક છે. યુધિષ્ઠિરે કહ્યું કેઃ– લક્ષ્મીના અંશને માટે ક્યો માણસ પોતાના ભાઇઓને હણે? ત્યારે ભીમે યુધિષ્ઠિરને કહ્યું કે તમારા વચનથી અમે વધતા એવા સઘળા શત્રુઓને સહન કર્યા. પરતું હમણાં સહન કરીશું નહિ. તેઓ વૃક્ષની જેમ છેદાશે.

**आयुषो राजचित्तस्य – पिशुनस्य धनस्य च।**
**खलस्नेहस्य देहस्य, नास्ति कालो विकुर्वत:।।**

આયુષ્ય – રાજાનું ચિત્ત – ચાડિયો – ધન – લુચ્ચાનો સ્નેહ – અને શરીર વિકાર પામવાનો કોઇ કાલ નથી. (॥) અર્જુને પણ કહ્યું કે દુર્યોધન આપણું રાજ્ય પોતાની મેળે નહિ આપે તો મારાવડે હણવા લાયક છે. નકુલ અને સહદેવે પણ કહ્યું કે હે યુધિષ્ઠર ! ક્યો મનુષ્ય પોતાનું રાજ્ય હોવા છતાં બીજાની લક્ષ્મીને ભોગવે? સમુદ્રવિજય – કૃષ્ણ અને પાંડવોના આદેશથી વિજયનામે દૂત શ્રેષ્ઠ હસ્તિનાપુરમાં ગયો. દુર્યોધનની સભામાં ભીષ્મ આદિરાજાઓ બેઠા હતા ત્યારે રાજાને નમીને વિજયદૂતે આ પ્રમાણે કહ્યું. હમણાં દ્વારિકા નગરીમાંથી કૃષ્ણવડે હું અહીં મોકલાયો છું. હે રાજન્! કૃષ્ણે કહેલું મારા મુખેથી તું સાંભળ. પોતાની પ્રતિજ્ઞા પાલન કરીને પાંડવો અહીં આવ્યા છે. અને મારા મુખેથી તમારી પાસે પોતાનું રાજ્ય માંગે છે. દુર્યોધને કહ્યું કે હે દૂત! મૂઢમનવાલા પાંડવો ગયેલું રાજ્ય કૃષ્ણના મુખેથી માંગે છે. તે સારું નથી. વિરાટનગરમાં રહેલા તેઓવડે પોતાના જણાઇ જવાથી તે વખતે મુગ્ધ બુદ્ધિવાલા પાંડવોવડે પોતાની પ્રતિજ્ઞા ખંડિત કરાઇ છે.

પછી દૂતે કહ્યું કે હે સુયોધન! પાંડુપુત્રો પોતાની પ્રતિજ્ઞા પૂર્ણ કરીને વિરાટ નગરમાં પ્રગટ થયા છે. તેમ તું જાણ, અધિક માસોની ગણતરી કરવાથી પોતાના ધર્મને ઇચ્છતા પાંડુપુત્રોએ પોતાની પ્રતિજ્ઞા પૂર્ણ કરી છે. દુર્યોધને કહ્યું કે હે દૂત! તું પાંડવોની પાસે જા, યુધ્ધ વિના તેઓને હું એક પણ ગામ આપીશ નહિ. જો તે પાંડુ પુત્રો યુધ્ધ માટે અહીં આવશે તો તેઓને વધ આપવાથી રાજ્યની આશા હું પૂરીશ. તે પછી દૂતે કહ્યું કે હમણાં તે પાંડુપુત્રો અત્યંત દુઃખે કરીને દમન કરી શકાય એવા છે. તેથી તેઓને તેનું રાજ્ય આપવું જોઇએ. તું તારાપિતાએ આપેલું તારું રાજ્ય ભોગવ. દુઃખ ને દુર્ગતિ આપનારી બીજાના રાજ્યની આશા ન કર. દુર્યોધને કહ્યું કે તે પાંડવો! જુગારમાં રાજ્ય હારી ગયા છે. હે દૂત! તેઓ હમણાં કઇ રીતે મારી પાસેથી રાજ્ય મેળવે?

દૂતે પાછા આવીને દુર્યોધને કહેલું સઘળું ત્યાં કહ્યું તે પછી કૃષ્ણે ત્યાં જઇને દુર્યોધનને કહ્યું શરુઆતમાં તેઓનું સઘળું રાજ્ય તેઓને આપવું જોઇએ. તેથી પૃથ્વીતલઉપર આપની કીર્તિ થાય. દુર્યોધને કહ્યું કે પહેલાં તેઓ રાજ્ય

હારી ગયા છે. હમણાં તે પાછું માંગતા પાંડુપુત્રો લજજા પામતા નથી ? કૃષ્ણે કહ્યું કે પૃથ્વીના અંશને માટે ડાહ્યા માણસો જરાપણ યુધ્ધ કરતા નથી. આથી તેઓએ હમણાં પાંચ ગામ માંગ્યાં છે. કહ્યું છે કેઃ-

**इन्द्रप्रस्थं-निलप्रस्थं-वारूणावतमेव च।**
**कासीं च हस्तिनाख्यं च, देहयेभ्यो ग्रामपञ्चकम्॥**

ઈન્દપ્રસ્થ – નીલપ્રસ્થ – વારુણાવત – કાશી ને હસ્તિનાપુર નામનાં પાંચ ગામ તેઓને તું આપ. દુર્યોધને કહ્યું કે અહીં હું પાંડવોને યુધ્ધવિના ક્યારેય એક ખેતર પણ આપીશ નહિ. કૃષ્ણે કહ્યું કે હે કુરુઓમાં ઉત્તમ! અથવા તો તું તેઓને એક ગામ આપ. સંસારમાં યશ થાય. ને કુટુંબમાં રસ થાય. તે વખતે કૃષ્ણને ધૃતરાષ્ટ્રે કહ્યું કે હે કૃષ્ણ! તમે જે કહ્યુંતે સર્વે યથાયોગ્ય સત્ય છે. (પણ) મદવડે અંધ એવો દુર્યોધન મારું કહેલું કરતો નથી. તે વખતે દુર્યોધને કહ્યું કે અત્યંત તીક્ષ્ણ એવી સોયના અગ્રભાગ વડે જેટલી પૃથ્વી ભેદાય તેટલી પૃથ્વી પણ હે કૃષ્ણ! હું યુધ્ધવિના આપીશ નહિ. કૃષ્ણે કહ્યું કે પુષ્પથી પણ યુધ્ધ ન કરવું જોઇએ. તો તીક્ષ્ણ બાણોવડે તો શું? યુધ્ધમાં વિજયનો સંદેહ છે. ને પ્રધાન પુરુષોનો ક્ષય થાય છે.

**मन्त्रहीनं हतं राज्यं, मन्त्रहीनं च मंदिरम्।**
**मन्त्रहीना हतालक्ष्मी, मन्त्रहीनो हतो नृपः॥**

વિચારણા વગરનું રાજ્ય નાશ પામે છે. વિચારણા વગરનું મંદિર વિનાશ પામે છે. વિચારણા વગરની લક્ષ્મી હણાયેલી છે. અને વિચારણા વગરનો રાજા હણાયેલો થાય છે. (॥) દુર્યોધને કહ્યું કે કાંતો ગીધના પેટમાં વાસ અથવા હસ્તિનાપુરમાં વાસ, ક્યાં તો દુર્યોધન રાજા અથવા તો પાંડુરાજા ધૃતરાષ્ટ્રે દુર્યોધનની આગળ કહ્યું કે હે વત્સ ! આ દેવતાઇ ગતિ છે. લક્ષ્મી કોઇની થતી નથી. અકૃતાર્થ સઘળું ગયે છતે સર્વનાશ થાય છે. જ્યારે સર્વનાશ થાય ત્યારે પંડિત અર્ધું છોડી દે છે. ને અર્ધાવડે કામ કરે છે. ખરેખર સર્વનાશ દુસ્તર છે. ને દુર્યોધન ને રાવણ આ બે મૂર્ખરાજાઓ છે કે જેઓ ગાયોનું ગ્રહણ ને વનનો ભંગ જોઇને પાછા ફર્યા નહિ. તે વખતે કૃષ્ણે ધૃતરાષ્ટ્રની આગળ કહ્યું કે મધુપિંગલ નેત્રવાલો દુર્યોધન રાજા ફક્ત કુલનો અંત નહિ પણ ક્ષત્રિયોનો અંત કરશે. હેમંત ઋતુમાં પ્રથમ મહિનામાં સુદ તેરસની તિથિના વિષે યમદેવતાનું નક્ષત્ર હોતે છતે મહાભારતનું યુધ્ધ થયું.

દુર્યોધનની પાસે આવીને કૃષ્ણે આ પ્રમાણે કહ્યું કે હમણાં પાંડવો પુત્ર આદિવડે બલિષ્ઠ થયા છે. ભીમે હિડંબ – કીચક – ક્રૂર – બક – ને કિર્મીર રાક્ષસોને હણ્યા તેથી તારાવડે પહેલાં જે સંભલાયું છે તે થશે. પહેલાં પ્રાણના અપહરણના સંકટમાં પડેલો તું જે અર્જુનવડે રક્ષણ કરાયો તે શું તું ભૂલી ગયો? હમણાં ધર્મપુત્ર તારા હિતકારી છે. તેની સાથે યુદ્ધ કરવું ન જોઇએ. પરંતુ રાજ્ય આપવું. દુર્યોધને કહ્યું કે કૃષ્ણ ! હું તેઓને યુદ્ધવિના સોયની અણી જેટલી પૃથ્વી આપીશ નહિ. તે વખતે ભીષ્મ દ્રોણ – કૃપાચાર્યને વિદુર બોલ્યા કે પોતાના ભાઇઓએ માંગેલાં પાંચ ગામ આપવાં જોઇએ. તેનાં વાક્યોવડે તીક્ષ્ણ બાણની જેમ અત્યંત તાડના પામેલો દુષ્ટ બુધ્ધિવાલો દુર્યોધન હૃદયમાં ક્રોધરૂપી અગ્નિવડે

બળવા લાગ્યો. ભીષ્મ વગેરેએ કહ્યું કે હે કૃષ્ણ ! તમે પાંડવોની પાસે જાવ આ દુર્યોધન તેઓને અંશ માત્ર પૃથ્વી આપશે નહિ. તે પછી કૃષ્ણે પાંડવોની પાસે પાછા આવીને દુર્યોધને કહેલું સઘળું તે વખતે જણાવ્યું. દુર્યોધનના મનમાં રાજ્યની ઇચ્છા ઘણી છે. અને તે યુધ્ધમાં જીવતરના અપહરણથી પુરાશે. રાજ્યલક્ષ્મીવડે આંધળો થયેલો દુષ્ટ ચિત્તવાલો દુર્યોધન પિતા વગેરેના પણ ચોખ્ખા હિતકારી વાક્યને માનતો નથી કહ્યું છે કે::-

**न पश्यति हि जात्यन्धः, कामान्धो नैव पश्यति।**
**न पश्यति मदोन्मत्त, अर्थी दोषं न पश्यति॥१॥**
**राज्यलक्ष्मीमदोन्मत्तः, पितरं-मातरं-गुरुम्।**
**सुहृदं बान्धवं पुत्रं, तृणाय नैव मन्यते॥**

જન્માંધ જોતો નથી કામાંધ જોતો નથી. મદોન્મત્ત જોતો નથી અને અર્થી દોષને જોતો નથી. (૧) રાજ્યલક્ષ્મીવડે મદોન્મત્ત થયેલો – પિતા – માતા – ગુરુ – મિત્ર – ભાઇ અને પુત્રને તૃણ સમાન પણ માનતો નથી. યુધિષ્ઠિરે કહ્યું કે યુધ્ધમાં મનુષ્યોનો સંહાર થાય છે. તો પણ હમણાં દુર્યોધનની ઇચ્છા પૂરી કરાશે. આ પ્રમાણે તે વખતે કૃષ્ણની સાથે વિચાર કરીને પાંડવો તે શત્રુના મદને છેદવા માટે સૈન્યને ભેગું કરવા લાગ્યા.

યાદવો – મત્સ્યરાજા – ધૃષ્ટદ્યુમ્ન – પ્રદ્યુમ્ન – સુંદર – સાત્યકિ – પ્રબલાવિષ્ટ નિવિષ્ટ વગેરે મહાસુભટો – અભિમન્યુ નામે અર્જુનનો પુત્ર – ઘટોત્કચ નામે ભીમનો પુત્ર – ઇન્દ્રચૂડ – મણિચૂડ – ચંદ્રચૂડ – વિયદ્ગતિ –મહાબલ – મહાવીર્ય – મહાવેગ – મહામના – મહાસેન – મહામન – મહાવીર – મહાભટ – આવા પ્રકારના સુભટો જેઓ યુધ્ધના કાર્યમાં અદ્વિતીયકુશલ હતા. તેવા અસંખ્ય સુભટો પાંડવોના સૈન્યમાં ભેગા થયા. કર્ણને અર્જુન ને અર્જુનને કર્ણ હણવા ઇચ્છે છે. દુર્યોધન – ભીમને અને ભીમ દુર્યોધનને હણવા ઇચ્છે છે.

ભીષ્મ – કૃપ – દ્રોણગુરુ – શલ્ય – શકુનિ – અંગરાજા (કર્ણ) – ભગદત્ત – મહાદંત – સોમ – વાર્ધિકશુક્તિ – સૌબલ – ઉલૂક – કલ્યાણ વર્મા – વૃષવાહન – ભૂરિશ્રવા – યુવા – કૃષ્ણવર્મા – હલાયુધ – અને ધની આ પ્રમાણે તે વખતે દુર્યોધનના ઘણા સૈન્યને જોઇને ગોત્રનો વધ જાણીને વિદુરે વ્રત ગ્રહણ કર્યું. પાંડુપુત્રોને હણવા માટે પાંચ પ્રતિજ્ઞા કરતા જયદ્રથને સાંભળીને મહાભુજાવાલા ધનંજય – અર્જુને કહ્યું તે આ પ્રમાણે :-

**अनध्यायेदिने छात्रान्, पाठयेत् पंडितः कुधीः।**
**तेन पापेनलिप्येहं, यन्न हन्यां जयद्रथम्॥**
**एककूपोदकेग्रामे, धर्म्मकर्मविवर्जिते,॥ तेन॥**
**शीतभीताश्च ये विप्राः, क्षत्रिया रणभीरवः, तेषां॥**
**श्वान कुर्कुटमार्जारान् - ये पुष्यन्ति दिने दिने, तेषां० ॥**
**कूटसाक्षीकृतघ्नश्च, सुरापो वृषलीपति॥ तेन० ॥**
**अन्नदाता भयत्राता, यो गुरुं नाभिमन्यते,॥ तेन॥**
**सोदरे यस्य न प्रीतिः प्रीतिःस्यादितरे जनः,॥ तेन० ॥**

જો હું જયદ્રથને ન મારું તો ખરાબ બુધ્ધિવાલો પંડિત અનધ્યાયના દિવસે વિદ્યાર્થીઓને ભણાવે તે પાપવડે હું લેપાઉં ॥ જો હું જયદ્રથને ન મારું તો એક કૂવાના પાણીવાલાને ધર્મ કર્મથી રહિત એવા ગામમાં જે પાપ થાય તે પાપથી લેપાઉં ॥ જો હું જયદ્રથને ન મારું તો બ્રાહ્મણો ઠંડીથી ભય પામેલા હોય અને ક્ષત્રિયો યુધ્ધભીરુ હોય તેને જે પાપ લાગે તે પાપથી હું લેપાઉં ॥ જો હું જયદ્રથને ન મારું તો કૂતરાં – કૂકડાને બિલાડાઓને દિવસે દિવસે જે પોષણ કરે છે તેને જે પાપ લાગે તે પાપથી હું લેપાઉં ॥ જો હું જયદ્રથનેન મારું તો ખોટી સાક્ષી આપે જે કૃતઘ્ન હોય જે મદિરાપાન કરનારો હોય – અને ખરાબસ્ત્રીનો પતિ હોય તેને જે પાપ લાગે તે પાપથી હું લેપાઉં ॥ જો હું જયદ્રથને ન મારું તો અન્નદાતા ભયથી રક્ષણ કરનારા અને ગુરુને માને નહિ તેને જે પાપ લાગે તે પાપથી હું લેપાઉં ॥ જો હું જયદ્રથને ન મારું તો પોતાના ભાઈઓ ઉપર જેને પ્રીતિ ન હોય અને બીજા ઉપર પ્રીતિ હોય તેને જે પાપ લાગે તે પાપ થી હું લેપાઉં ॥ કુંતીએ કર્ણને કહ્યું કે તું મારો પુત્ર છે. છતાં પણ તેણે કહ્યું કે પહેલાં મેં દુર્યોધન રાજાની સેવાકરી છે. અને હમણાં દુર્યોધનના નજીકપણાને છોડતાં મારી કઇ શોભા થાય ? ને અપકીર્તિ ઘણી થાય, પૃથ્વીતલમાં માતા પુત્રના હિતને જ ઇચ્છે છે. પરંતુ હું દુર્યોધન છોડી દેવા માટે જરાપણ શક્તિમાન નથી. કુંતીએ કહ્યું કે સર્વેને હંમેશાં માતા માન્ય હોય છે. કર્ણે કહ્યું કે હું જાણું છું પણ તમારું કહેલુ શું કરાય ?

આ બાજુ યવન દ્વીપમાંથી વણિકો દ્વારિકાનગરીમાં રત્નકંબલો વેચીને રાજગૃહ નગરમાં ગયા. જરા સંધની પુત્રી જીવયશાને અલ્પમૂલ્યથી ગ્રહણ કરતાં તેના ઉપર વણિકો ક્રોધ પામ્યા, તમે હમણાં કહેલા મૂલ્યથી દ્વારિકા નગરીમાં કૃષ્ણરાજાની સ્ત્રીઓએ બમણાં મૂલ્યથી લીધી છે. આ સાંભળી જીવયશાએ કહ્યું કે તે કૃષ્ણ કોણ છે? તે કહો, તેઓએ કહ્યું કે કંસ હણાયો તે કૃષ્ણ કહેવાય છે. આ વચન સાંભળીને રોવામાં તત્પર એવી જીવયશાએ પિતાની પાસે આવીને કૃષ્ણ આદિ યાદવોની સ્થિતિ કહી કે પિતા ! જો તમે મારાપતિનો ઘાત કરનાર કૃષ્ણને નહિં મારો તો હમણાં મારું પણ જીવિત નથી. કહ્યું છે કે:-

**अणथोवं-वणथोवं - अग्गिथोवं कसायथोवं च**
**नहु मे वीससिअव्वं, थेवेपि कसायसेसम्मि ॥१॥**

થોડું દેવું થોડા ઘા – થોડો અગ્નિ – ને થોડા કષાય એ થોડા હોયતો પણ વિશ્વાસ કરવા લાયક નથી. થોડો કષાય બાકી હોય તો પણ વિશ્વાસન કરવો. વિધાતાએ ઝેરના નિશ્ચિત વિભાગ કરીને વીંછીના પૂંછડામાં, સર્પના મુખમાં દુર્જનના હૃદયમાં વિષ સ્થાપન કર્યું છે. વૈર – અગ્નિ – વ્યાધિ – વાદ ને વ્યસન – લક્ષણવાલા વિકાર પામેલા પાંચ વકારો મોટા અનર્થ માટે થાય છે. આ પ્રમાણે પુત્રીનું વાક્ય સાંભળીને રોષથી લાલ થયેલા જરાસંધ ત્યાં શત્રુને નિર્દયપણે હણવા માટે તૈયાર થયો. વણિકોની પાસે કૃષ્ણની સ્થિતિ સારી રીતે પૂછીને જરાસંધ શત્રુને હણવા માટે તૈયાર થયો. સહદેવ વગેરે લાખો પુત્ર – ચેદિરાજા – શિશુપાલ – મરુત્તેજ – સ્વર્ણનાભ – રુક્તિરાજ – ધરાપાલ – ધરાધીશ – મહોજા – ગજકેશરી – રિપુમલ્લ – વગેરે અનેક રાજાઓ મલ્યા.

મંત્રીશ્વરોએ અને ખરાબ શકુનોવડે ઘણા પ્રકારે વારવા છતાં પણ જરાસંધ સેનાવડે પૃથ્વીતલને ચલાયમાન કરતો ચાલ્યો. નારદના મુખેથી જરાસંધને આવેલો સાંભળીને કૃષ્ણ પણ અગ્નિની પેઠે ક્રોધરૂપી અગ્નિથી પ્રજ્વલિત

થયા. વાસુદેવની પાસે સમુદ્ર વિજયરાજા – મહાનેમિ – મરુન્નેમિ– સત્યનેમિ – ધનંજય – અરિષ્ઠનેમિ – કલ્યાણનેમિ – કેસરીવાહન – જયસેન – મહાસેન – શિવાનંદ – શિવાદેવીના પુત્ર – તેજસેન – મહાવિષ્ણુ – મહાંસ – બલવાન ગૌતમ ઇત્યાદિ ઘણા મહાયોધ્ધાઓ અનુક્રમે મલ્યા. અનેક યાદવો – પ્રબલ પરાક્રમવાલા રાજા – પુત્રો – શત્રુ સમુદાયને જીતવા માટે કરી છે ઉતાવળ જેણે એવા – કૃષ્ણના સૈન્યમાં મલ્યા.

પ્રગટ ભુજાબલવાલા પ્રદ્યુમ્ન – શાંબ ને સારંગ વગેરે કૃષ્ણના પુત્રો શત્રુને હણવા માટે તૈયાર થયા. બીજા દશાર્હના પુત્રો – રામના શ્રેષ્ઠપુત્રો મહાઓજસ્વી ઉગ્રસેન આદિરાજાઓ તૈયાર થયા. સારાં દિવસે સારા શુકનોવડે પુષ્પોવડે અરિહંતની પૂજા કરીને ઘણાં સૈન્ય સહિત કૃષ્ણ શત્રુને જીતવા માટે ચાલ્યો. પોતાના નગરથી ૫૦ યોજન દૂર શનિપલ્લિ નામના ગામમાં કૃષ્ણ યુદ્ધ માટે રહ્યો. વિષ્ણુના સૈન્યથી ચાર યોજન છોડી જરાસંધનું મોટું સૈન્ય શત્રુઓ સાથે યુધ્ધ કરવા માટે ઇચ્છતું રહ્યું. આ બાજુ વિદ્યાવાલા નીતિવાલા – પુણ્યશાલી વિદ્યાધરોએ કૃષ્ણના સૈન્યમાં આવીને કૃષ્ણરાજાને નમન કર્યું. પહેલાં દુર્યોધને પાંડવો પાસે ઘણા યાદવોને જાણીને જરાસંધને પ્રણામ કરીને જલદી આ પ્રમાણે વિનંતી કરી. કૃષ્ણના સૈન્યમાં નિશ્ચે પાંચ પાંડવો બલવાન છે. તે શત્રુઓને જુદું યુદ્ધ કરવા વડે યુદ્ધમાં હું હણીશ. એ પછી શત્રુ એવો કૃષ્ણ એકદમ તમારા વડે ઘાત કરાશે. દુર્યોધન જરાસંધના આદેશથી યુધ્ધ માટે તૈયાર થયો. આ બાજુ કૃષ્ણની રજા લઇને પાંડવો પણ યુદ્ધ માટે તૈયાર થયા. સમસ્ત શત્રુઓને હણવા માટે ઘણું સૈન્ય ભેગું કર્યું. દુર્યોધન પણ ઘણું સૈન્ય લઇને જલદી કુરુભૂમિમાં જઇને યુદ્ધ માટે પોતાના હૈયામાં હિતકારી એવા પૃથ્વીતલને ધારણ કર્યું. દુર્યોધન રાજાને ૧૧– અક્ષૌહિણી સેના થઇ. પાંડવોના સૈન્યમાં સાત અક્ષૌહિણી સેના થઇ.

કુટુંબના કજિયાને જોઇને નિર્મલ મનવાલા પાંડુરાજા સમય સ્વીકારીને દેવલોકમાં ગયા. તે વખતે અર્જુનના રથમાં કૃષ્ણ સારથિ થયા. ઉત્તમ સૈન્યવાલા પાંડવો પણ કુરુક્ષેત્રમાં આવ્યા. અને તે વખતે સૈન્યને વિષે યુદ્ધનાં વાજિંત્રો વાગતે છતે સુભટો રણભૂમિમાં યુદ્ધ કરવા માટે પ્રવર્ત્યા, તે વખતે દંડ – દંડવડે – ખડગ ખડગવડે અને પ્રગટ બાણ બાણવડે તે શૂરાઓ યુદ્ધ કરતે છતે તે જોવા માટે દેવો પણ આવ્યા. અભિમન્યુ મેઘની જેમ બાણોની શ્રેણી વર્ષાવતે છતે દુર્યોધનનું સૈન્ય ભાગી ગયું. ને વેર વિખેરપણાને પામ્યું. તે વખતે કૃપાચાર્યે લાખો પ્રમાણમાં બાણોની શ્રેણીને છોડતાં પાંડવોનું સૈન્ય ચારે તરફી અત્યંત વ્યાકુલ કરાયું. પોતાના સૈન્યને વ્યાકુલ જોઇને અર્જુનનો પુત્ર (અભિમન્યુ) ઊભો થઇને બાણોને છોડતાં કૃપાચાર્યને જીર્ણ વસ્ત્રોની જેમ જર્જરિત કર્યા. તે વખતે દુર્યોધનનો પુત્ર અને અર્જુનનો પુત્ર – ઊભા થઇને તેવી રીતે યુદ્ધ કરવા લાગ્યા કે જેથી યુદ્ધને જોવા માટે દેવો પણ આવ્યા. યુદ્ધને માટે ભીમ ઊભો થયે છતે યુધિષ્ઠિર ઊભા થયા. તેમણે બાણની શ્રેણી મૂકવાથી શત્રુના સૈન્યને વલોવી નાંખ્યું. ભીષ્મે પણ શત્રુઓ પ્રત્યે તીક્ષ્ણ બાણોની શ્રેણી ને છોડતાં એકદમ યુદ્ધના આંગણામાંથી યુધિષ્ઠિરને પાછા ફેરવ્યા. ભીમ રથના ચિત્કાર વડે યુદ્ધમાં જગતને ક્ષોભ પમાડતો અત્યંત પરાક્રમી એવો તે શત્રુઓને હણવા માટે શત્રુની સેનાની અંદર ગયો. હવે દુષ્ટ આત્મા દુર્યોધને ભીમને હણવા માટે ઉતાવળ કરી યમ સરખો તે શત્રુઓને હણતો ભીમની પાસે ગયો. તે વખતે ભીમ અને દુર્યોધનનું તેવા પ્રકારે યુદ્ધ થયું કે જેથી તે જોવા માટે વિદ્યાધરો ને દેવો પણ આવ્યા.

તે વખતે શલ્યરાજાએ ઉત્તરકુમાર ઉપર તેવી રીતે શક્તિ મૂકી કે જેથી તેણે પોતાના ગમનથી (મૃત્યુથી) એકદમ યમના ઘરને શોભાવ્યું. યુદ્ધ કરતા અર્જુને તરસથી પીડા પામેલા ભીષ્મને પાણી પિવડાવીને કહ્યું કે હે કુરુઓમાં ઉત્તમ

ઊભા થાઓ ને યુદ્ધ કરો. તે વખતે કૃષ્ણે કહ્યું કે. હે દુર્યોધન! તું પાંડવો સાથે સંધિ કર પરંતુ પોતાના બલથી ગર્વિત દુર્યોધને સંધિ ન કરી. તે વખતે યુદ્ધમાં ઘણા મનુષ્યોનો સંહાર જોઈને ભીષ્મ દીક્ષા લઈને બારમા દેવલોકમાં ગયા. તે પછી દુર્યોધને જલદી દ્રોણાચાર્યને સેનાપતિ કર્યા. યુદ્ધ કરતા એવા તેમને (દ્રોણને) અર્જુને નમસ્કાર કર્યા. તે વખતે દ્રોણાચાર્યને યુદ્ધ કરતા જોઈને યમ સરખા પરાક્રમવાલા અર્જુને ઘણા શત્રુઓને સામે (યુદ્ધમાં) પ્રવર્તાવ્યા, બાર દિવસ સુધી નિરંતર યુદ્ધ કરતા યમસરખા પરાક્રમવાલા અર્જુને ઘણા શત્રુઓ ને મારી નાખ્યા. દુર્યોધનના શ્રેષ્ઠ સેવક ભગદત્ત રાજાને પોતાના સૈન્યને હણતો જોઈને અર્જુને તેની સાથે યુદ્ધ કર્યું. અર્જુને તીક્ષ્ણ બાણોવડે ભગદત્ત રાજાને વીંધીને ઘણા સેવકોને યમના ઘરે મોકલ્યા. ભગદત્ત હણાયેલછતે દુર્યોધને સાત વલયવડે યુક્ત દુઃખે કરીને જીતી શકાય એવો છે પ્રવેશ અને નિર્ગમ જેનો એવો ચક્રવ્યૂહ કર્યો. અભિમન્યુ સહિત ભીમ જલદી ચક્રવ્યૂહને ભેદીને તેમાં પેઠો. અને દુર્યોધન આદિરાજાઓ સાથે યુદ્ધ કરવા લાગ્યો. બળવાન એવા સુયોધન વગરે દુર્યોધનના પુત્રોવડે ભીમ આદિ રોકાયે છતે અભિમન્યુ વ્યાકુલ થયો. દિવસના અંતે જલદી જયદ્રથે અભિમન્યુને મારી નાંખ્યો. અભિમન્યુ હણાયેલો જાણીને તે વખતે અર્જુન ક્રુધ્ધ થયો.

શત્રુના સર્વ સૈન્યને જોઈને અર્જુને વેગથી જયદ્રથરાજાને યમના ઘરે પહોંચાડ્યો, ત્યાં યુદ્ધ કરતો ઈન્દ્રિયોને કાબૂમાં રાખનારો ભીમ ઘણા શત્રુઓને હણીને ચક્રવ્યૂહથી બહાર નીકળ્યો યુદ્ધ કરતા અર્જુને કર્ણને યમના ઘરે મોકલ્યો. દ્રોણાચાર્યે વિરાટ અને દ્રુપદ રાજાને યમના મંદિરમાં મોકલ્યા કહ્યું છે કે :- ચૌદ દિવસની મર્યાદાવાળા યુદ્ધમાં દુર્યોધનની અક્ષીણ દુઃખને આપનારી સાત અક્ષૌહિણી સેના ક્ષય પામી. માલવ રાજાનો અશ્વત્થામા નામે હાથી હણાયે છતે યુધિષ્ઠિરે અશ્વત્થામાને મરણ પામેલો કહ્યો. તે વચન સાંભળીને દ્રોણાચાર્ય પોતાના પુત્ર અશ્વત્થામાને મરી ગયેલો માનતા દુઃખવડે પીડા પામેલા તેણે હાથમાંથી બાણ છોડી દીધું, તે વખતે કૃષ્ણની વાણીથી અર્જુને તેવી રીતે બાણોની વૃષ્ટિ કરી જેથી દ્રોણાચાર્ય મોટા પર્વતના શિખરની જેમ પૃથ્વીપીઠપર પડ્યા. ક્ષણવાર પછી યુધિષ્ઠિરે કહ્યું કે મનુષ્ય નહિ હાથી હણાયો છે. તે વખતે દ્રોણાચાર્યે કહ્યું કે મારા પ્રાણોની ધારણા ગઈ નથી. બાણથી વીંધાયું છે શરીર જેનું એવા દ્રોણ જલદી અનશન લઈને ઉપવાસ કરીને બ્રહ્મદેવલોકમાં ગયા.

અશ્વત્થામાએ પોતાના પિતાને ખોટું બોલવાથી હણાયેલા જાણીને બાણના સમૂહવડે શત્રુસેનાને વ્યાકુલ કરી. સહદેવે યુદ્ધમાં ઘણા શત્રુઓને યમના ઘરે પહોંચાડ્યા. નકુલે પણ બલનામના દુર્યોધનના પુત્રને મરણ પમાડ્યો. આ પ્રમાણે પરસ્પર બન્ને સૈન્ય યુદ્ધ કરતે છતે અનેક રાજાઓ યમના ઘરે ગયા. હવે ક્રોધ પામેલા દુર્યોધને ભીમના પુત્ર ઘટોત્કચને ઘણા રાજપુત્રોને હણતાં મારી નાંખ્યો. મૂરવડે કરીને યુદ્ધમાં કાદવમાં રથ નંખાયે છતે સૂર્યપુત્ર કર્ણને લીલાવડે અર્જુને યમના આવાસમાં મોકલ્યો. હવે ભીમ ગદાવડે ઘણા શત્રુઓને હણતો દુર્યોધનની પાસે ગયો, ત્યારે દુર્યોધને બાણોની શ્રેણી છોડી, જે જે દુર્યોધનના પુત્રો ભીમને હણવા માટે દોડ્યા તેઓને ભીમે ગદાવડે યમના મંદિરમાં મોકલ્યા દુર્યોધનની સાથે યુદ્ધ કરતા ભીમે અનેક શત્રુ રાજાઓને યમના મંદિરમાં મોકલ્યા.

ભીમવડે ગદાવડે દુર્યોધન તેવી રીતે હૃદયમાં હણાયો કે જેથી તે સમાધિવડે ( મૂર્ચ્છા પામી) યમરાજાના આવાસને સુશોભિત કરતો હતો. યુદ્ધના આંગણામાં વાયુપુત્ર – ભીમવડે દુર્યોધન હણાયે છતે દેવોએ પાંડવોના મસ્તક ઉપર પુષ્પની વૃષ્ટિ કરી કહ્યું છે કેઃ-

**धरान्तस्थं तरोर्मूल - मुच्छ्रयेणानुमीयते।**
**तथा पूर्वकृतो धर्मो - ऽप्यनुमीयेत सम्पदा।।१।।**
**राज्यं सुसम्पदो भोगा:, कुले जन्म सुरूपता।**
**पाण्डित्यमायुरारोग्यं, धर्मस्यैतत्फलं विदु: ।।२।।**
**धनदो धनमिच्छूनां, कामद: काम मिच्छताम्।**
**धर्म्मएवापवर्गस्य, पारम्पर्येण साधक: ।।३।।**

પૃથ્વીની અંદર રહેલું વૃક્ષનું મૂલ ઊંચાઈવડે અનુમાન કરાય છે. તેવી રીતે પૂર્વે કરેલો ધર્મ સંપત્તિવડે અનુમાન કરાય છે. ૧. રાજ્ય – સંપત્તિ– ભોગો– ઉત્તમકુલમાં જન્મ – સારુંરૂપ – પંડિતાઇ – આયુષ્ય અને આરોગ્ય એ ધર્મનું ફલ જાણવું. ૨. ધર્મ અને ધનના ઇચ્છુકોને ધન આપનાર છે. કામના ઇચ્છુકોને કામ આપનાર છે. ને પરંપરાએ ધર્મ મોક્ષને સાધનારો છે. ૩. તે વખતે ગાંધારીએ રણભૂમિમાં આવીને કૃષ્ણને કહ્યું મારાવડે ભોજન કરાશે નહિ. પરંતુ પુત્રો સાથે બળી જવાશે. તે વખતે કૃષ્ણે કહ્યું કે અગ્નિ પ્રવેશ ન કરવો જોઇએ. કારણકે કાષ્ઠભક્ષણ કરવાથી મનુષ્યોને દુર્ગતિમાં પડવું થાય છે. કહ્યું છે કે:–

**रज्जुग्गहविसभक्खण - जलजलणपवेस तण्ह छुहदुहओ।**
**गिरिसिर पडणाउ मुआ, सुहभावा हुंति वंतरिआ।।**

ગળા ફાંસો – ઝેરખાવું – પાણીમાં પ્રવેશ – (પડવું) અગ્નિમાં પ્રવેશ (પડવું) તરસ અને ભૂખના દુ:ખથી – પર્વતના શિખર ઉપરથી પડવાથી – મરેલા જે શુભભાવવાળા હોય તે વ્યંતરો થાય છે. ૨. આ પ્રમાણે કૃષ્ણે કહ્યા છતાં પણ જ્યારે ગાંધારીએ કદાગ્રહ ન છોડ્યો. ત્યારે સઘળો લોક નગરીની અંદર આવ્યો. કૃષ્ણ રાત્રિમાં ગુપ્ત પણે રહ્યે છતે લાગી છે ભૂખ જેને એવી ગાંધારી હતી ત્યારે દેવવડે એક શ્રેષ્ઠ એવા ફળવાળો આંબો કરાયો. ભૂખથી પીડા પામેલી ગાંધારી આંબો ઘણો ઊંચો હોવાથી તે આંબાનાં ફલ લેવા માટે જરાપણ શક્તિમાન ન થઇ. તેથી ઘણા પુત્રોના ઘણા ક્લેવરો વડે ઊંચું સ્થાન (ઢગલો) કરીને તેની ઉપર તે રહી. તો પણ જ્યારે ફળો લેવા માટે સમર્થ ન થઇ ત્યારે ફરીથી બીજા ક્લેવરો વડે ઊંચું સ્થાન (ઢગલો) કર્યું. તે વખતે કૃષ્ણે પ્રગટ થઇને આ પ્રમાણે કહ્યું કે:– તમારાવડે ખરેખર આવું નિંદિત કરાયું કેમ દેખાય છે? પછી અત્યંત લજ્જા પામેલી – ભૂખથી પીડા પામેલી એવી ગાંધારીએ કૃષ્ણની આગળ આ પ્રમાણે પ્રગટ કહ્યું કે :–

**वासुदेव जरा कष्टं - कष्टं वैधव्य वेदना।**
**पुत्राणां मरणं कष्टं, कष्टात्कष्टतराक्षुधा।।**
**यत: - पञ्चनश्यन्ति पद्माक्षि ! क्षुधार्त्तस्य न संशय: ।**
**तेजो लज्जामति र्ज्ञानं - मदनश्चापि पञ्चम: ।।१।।**

जीवंति खग्गछिन्ना, पव्वयपडियाविकेवि जीवंति।
जीवंति उदहि पडिया, कुच्छिछिन्ना न जीवंति।।२।।
जीवंति अवड पडिया, भयरवपडिया पुणोवि जीवंति।
जीवंति खग्गछिन्ना, कुच्छिछिन्ना न जीवंति।।३।।
भूख मे माटी तूं भणउं - सव्वावाइ माई।
मारिय कुडिया बहिरा, माणुस आणइ लाइ।।४।।

હે કૃષ્ણ ! જરા (ઘડપણ) કષ્ટ છે. વૈધવ્યની વેદના (વિધવા પણાની) કષ્ટ છે. પુત્રનું મરણ એ કષ્ટ છે. અને એ બધાં કષ્ટ કરતાં પણ ભૂખ એ વધારે કષ્ટ છે. ૨. હે કૃષ્ણ ! ભૂખથી પીડા પામેલાંને પાંચવસ્તુઓ નાશ પામે છે. એમાં સંશય નથી. ૧. તેજ ૨. લજ્જા ૩. બુધ્ધિ ૪. જ્ઞાન ૫. ને કામ. ૧. તલવારથી છેદાયેલા કોઈક જીવે છે. પર્વત ઉપરથી પડેલા કોઈક જીવે છે. સમુદ્રમાં પડેલા પણ કેટલાક જીવે છે. પણ ભૂખ્યા કોઈ જીવતાં નથી. ૩. હે ભૂખ ! તું સમર્થ છે. (જોરાવર છે.) તું સર્વ દુઃખની માતા છે ઝૂંપડીમાં મારીને માણસને તું બહાર લાવીને ઊભી રહે છે. તે પછી કૃષ્ણે કહ્યું કે પૂર્વે કરેલાં દુષ્કર્મથી દેવો – ઈન્દ્રો – રાજાને તીર્થંકરો પણ છૂટતા નથી.

જંગલમાં હાથીને હણવા માટે શિકારીએ બાણ જોડ્યું, તે વખતે શિકારીને હણવા માટે હાથીએ પોતાના ચિત્તમાં વિચાર્યું. ઝાડ ઉપર રહેલા સર્પવડે તે વખતે શિકારી હણવા માટે ઈચ્છાયો, અહીં આગળ – ફરીથી હાથી વૃક્ષની નીચે આવ્યો. તે વખતે શિકારીએ પોતાના પરાક્રમથી હાથીને મારવા માટે બાણ ફેંકીને જેટલામાં હાથીની પાસે ગયો. તેટલામાં તે (હાથી) પૃથ્વીપર પડ્યો. પડતા એવા હાથીવડે તે શિકારી યમના ઘેર મોકલાયો, પડતા એવા શિકારી વડે સર્પ યમના મંદિરમાં મોકલાયો. તે વખતે એક પંડિતે તેઓની ચેષ્ટા જાણીને અનિત્યપણું જણાવવા માટે એક શ્લોક કહ્યો.

अन्नं गयस्स हियए - अन्नं वाहस्स संधियरस्स।
अन्नं फणिणो हियए - अन्नं हियए कयंतस्स।।१।।

હાથીના મનમાં જુદું છે. જોડયું છે બાણ જેણે એવા શિકારીના હૃદયમાં જુદું છે. સર્પના હૃદયમાં જુદું છે. ને યમરાજના હૃદયમાં જુદું છે. પચાસ કરોડ પ્રમાણ પૃથ્વીપીઠમાં અને અનંત આકાશતલના ફાંસલામાં વિધિના યોગે કરીને વિપત્તિરૂપી પક્ષીઓથી અને કર્મના સમૂહમાંથી પ્રાણીઓ છૂટતાં નથી, આથી હિતના ઈચ્છુક એવા પંડિતે શોક ન કરવો જોઈએ.

धर्म्म शोक भयाहार - निद्रा-कामकलि-क्रुधः।
यावन्मात्रा विधीयन्ते, तावन्मात्रा भवन्त्यमी।।१।।

ધર્મ – શોક – ભય – આહાર – નિદ્રા – કામ – કજિયો ને – ક્રોધ જેટલા પ્રમાણમાં વધારાય તેટલા પ્રમાણવાલા તેઓ થાય છે. ૧. ગાંધારીદેવીએ (રાણીએ) શોક છોડે છતે કૃષ્ણે દુર્યોધન આદિ પ્રાણીઓનો દાહ કર્યો પછી યુધિષ્ઠિરે

ઊભા થઈને ગાંધારીના પગમાં પડીને કહ્યું કે તું અમારી મનોહર માતા છે. અમે કુંતીની જેમ તમને હંમેશાં સારાં અન્નપાન આપી આદરપૂર્વક પાલન કરીશું, કહ્યું છે કે :-

**नात्मीयं नहि परं, सुजना मन्वते क्वचित्।**
**दुर्जनानां तु न तथा, जायन्ते मानसं मनाग्।।१।।**

સજ્જનો કોઈ ઠેકાણે પોતાનું અથવા પારકું માનતા નથી. પરંતુ દુર્જનોનું મન એવા પ્રકારનું થતું નથી. ૧. તે પછી યુધિષ્ઠિરે પોતાના સ્થાનમાં આવીને કૃષ્ણ આદિ બંધુઓ સાથે ભક્તિપૂર્વક ભોજન કર્યું. કુંતીની જેમ પહેલાં ગાંધારીને ભોજન આપીને હંમેશાં ભાઈઓ સાથે જમે છે. તે પછી બંધુએવા પાંડુપુત્રો સાથે યુદ્ધમાં ત્રણ ખંડના રાજા., જરાસંઘને હણ્યો, તે પછી દ્વારિકાનગરીમાં સમુદ્રવિજય આદિ રાજાઓવડે કૃષ્ણ રાજ્યાભિષેકથી રાજ્ય ઉપર સ્થાપન કરાયો. કૃષ્ણના રાજ્યની પ્રાપ્તિનો સંબંધ કૃષ્ણના ચરિત્રમાંથી જાણવો તે પછી કૃષ્ણની રજા લઈને અનુક્રમે પાંચપાંડવોએ હસ્તિનાપુરમાં આવીને પોતાનું રાજ્ય અંગીકાર કર્યું. હંમેશાં સવારે ઊઠીને પંચનમસ્કારને યાદ કરીને જિનેશ્વરને નમીને પાંડુપુત્રો બન્ને માતાનાં ચરણોમાંનમસ્કાર કરતા હતા. હસ્તિનાગપુરમાં પાંડુપુત્રો ન્યાયમાર્ગવડે પ્રજાનું પાલન કરતા સર્વજ્ઞે કહેલા ધર્મને કરે છે કહ્યું છે કે:-

**निर्दन्त: करटी हयो गतजवश्चन्द्रंविनाशर्वरी;**
**निर्गन्धं कुसुमं सरो गतजलं छायाविहीनस्तरू: ।**
**रूपं निर्लवणं सुतो गतगुणश्चारित्रहीनो यति:**
**निर्देवं भवनं न राजति तथा धर्म्मं विना मानव: ।।**

દાંત વગરનો હાથી – વેગ વગરનો ઘોડો – ચંદ્ર વગરની રાત્રિ – ગંધ વગરનું ફૂલ પાણી વગરનું સરોવર – છાયા વગરનું વૃક્ષ – લાવણ્ય વગરનું રુપ – ગુણ વગરનો પુત્ર ચારિત્ર વગરનો યતિ – મુનિ – ને દેવ વગરનું મંદિર જેમ શોભતાં નથી તેમ ધર્મ વગરનો મનુષ્ય શોભતો નથી. ૨. આ બાજુ વિહાર કરતા નેમિનાથ પ્રભુ હસ્તિનાપુર પાસે આવ્યા. ને દેવોએ કરેલા ત્રણ ગઢને વિષે દેવોવડે પૂજવા લાયક (એવા) પ્રભુ સમવસર્યા. તે વખતે યુધિષ્ઠિર. ભાઈ – માતા – પત્નીને પુત્ર સહિત ધર્મોપદેશ સાંભળવા માટે પ્રભુની આગળ બેઠો તે આ પ્રમાણે

**आदित्यस्य गता गतैरहरह: संक्षीयते जीवितं**
**व्यापारै र्बहुकार्यभारगुरुभि: कालो न विज्ञायते।**
**दृष्ट्वा जन्म जरा विपत्तिमरणं त्रासश्च नोत्पद्यते,**
**पीत्वा मोहमयीं प्रमादमदिरामुन्मत्तभूतं जगत्।।१।।**

સૂર્યના ગમનાગમનવડે દિવસે દિવસે (રોજરોજ) જીવિત ક્ષય પામે છે. ઘણાં કાર્યોના ભારથી મોટા એવા વ્યાપારોવડે કાલ જણાતો નથી. જન્મ – જરા – વિપત્તિ અને મરણને જોઈને ત્રાસ ઉત્પન્ન થતો નથી. આ જગત

મોહમય પ્રમાદરૂપી મદિરાનું પાન કરીને ઉન્મત્ત થયુંછે ૧. પ્રમાદ એ પરમશત્રુ છે. પ્રમાદ એ પરમ ઝેર વિષ છે. પ્રમાદ એ મુક્તિ નગરનો ચોર છે. અને પ્રમાદ એ નરકને આપનારો છે. ૨. પુરુષ બંધુ નિમિત્તે અને શરીર નિમિત્તે પાપ કરે છે. તે સર્વ (પાપ) તે એકલો નરકઆદિમાં વારંવાર ભોગવે છે. ૩. સ્વર્ગમાંથી ચ્યવેલાં પ્રાણીઓનાં હૃદયમાં આ જીવલોકમાં ચાર પદાર્થો – (વસ્તુ) હંમેશાં રહે છે. એક દાનનો પ્રસંગ – બીજું નિર્મલવાણી ત્રીજું દેવપૂજન ને ચોથું સદ્ગુરુની સેવા. ૪. નમસ્કાર સમાનમંત્ર, શત્રુંજય સમાન પર્વત, ગજેન્દ્રપદ કુંડનું પાણી આ ત્રણભુવનમાં અનુપમ ( અદ્વિતીય) છે. ૫. હજારો પાપો કરીને, સેંકડો પ્રાણીઓને હણીને, શ્રી શત્રુંજયની આરાધના કરીને તિર્યંચો પણ દેવલોકમાં ગયાં છે. ૬. જે ગિરિ દર્શન માત્રથી (જોવામાત્રથી) પાપને હણે છે. નમસ્કાર કરવાથી બે દુર્ગતિને હણે છે. અને જે સંઘના સ્વામી અરિહંતપદને કરનારો છે. તે વિમલાચલ જય પામો. ૭. ધ્યાન કરવાથી બેહજારપલ્યોપમ, અભિગ્રહ કરવાથી એક લાખ પલ્યોપમ, ને માર્ગમાં (તેની સામે) જતાં એક સાગરોપમનાં એકઠાં કરાયેલાં દુષ્કર્મો ક્ષય પામે છે. ૮. આ પ્રમાણે શ્રી નેમિનાથ પ્રભુના મુખેથી શ્રી શત્રુંજયનું માહાત્મ્ય સાંભળીને યુધિષ્ઠિર શ્રી સિદ્ધગિરિઉપર યાત્રા કરવાની ઇચ્છાવાલો થયો. હે જિનેશ્વર ! જ્યાં સુધી હું શત્રુંજયગિરિઉપર શ્રીઆદિનાથજિનેશ્વરને નમન ન કરું ત્યાં સુધી હંમેશાં મારે એક વખત ભોજન કરવું. એક વખત યુધિષ્ઠિર શ્રી સિદ્ધગિરિઉપર જવામાટે વિચારે છે, તે વખતે પાંડુદેવ (પોતાના પિતા દેવ થયા હતા તે) દેવલોકમાંથી આવીને પુણ્યના ઉદયથી તેને કહ્યું. તું ભાઈઓ સાથે શ્રી સિદ્ધગિરિઉપર દેવોને વંદન કર, તને ઘણા પુણ્યના ઉદયથી ખરેખર હું સહાય કરીશ. પિતાનું (દેવનું) આ વચન સાંભળીને કુમ કુમ પત્રિકાઓ મોકલી. ઘણા રાજાઓને યાત્રા માટે બોલાવ્યા. સારા દિવસે–સુવર્ણમય દેવમંદિરમાં જિનેશ્વરનું બિંબ સ્થાપન કરીને ઘણા રાજાઓ ને શ્રેષ્ઠીલોક સહિત રાજા ચાલ્યો. તે વખતે સુવર્ણમય ત્રણસો શ્રેષ્ઠ દેવાલય અને બીજાઓનાં આઠસો રુપામય– જિનમંદિરો ચાલ્યાં. તે સંઘમાં બે કરોડ શ્રાવકો ભેગા થયા. આઠસો આચાર્યો ને આઠ હજાર સાધુઓ હતા. આઠસો રાજાઓ એક કરોડ શ્રેષ્ઠીઓ– પચાસ હજાર હાથીઓને આઠ લાખ ઘોડા–તે વખતે– (તે સંઘમાં) ચાલ્યા. દરેક ગામમાં ને દરેક નગરમાં જિનેશ્વરને પૂજા કરતો સંઘ સહિત એવો તે (યુધિષ્ઠિર) હર્ષથી શ્રી શત્રુંજયગિરિઉપર ચઢ્યો. તે વખતે દ્વારિકા નગરીમાંથી સંઘ સહિત કૃષ્ણ–હર્ષથી શ્રીઋષભદેવ જિનેશ્વરને નમસ્કાર કરવા માટે ત્યાં આવ્યા.

મુખ્ય શિખર અને રાયણના વૃક્ષને હર્ષવડે ત્રણ પ્રદક્ષિણા કરતા પાંડવો સહિત કૃષ્ણે પ્રથમ (પહેલાં) પાદુકાને (રાયણ પગલાંને) નમસ્કાર કર્યા. પાંડવોએ અને કૃષ્ણે મુખ્ય જિનાલયમાં ઘણા વિસ્તારથી મૂલનાયકનો સ્નાત્ર મહોત્સવ કરાવ્યો. કૃષ્ણ ને પાંડવોએ આરતીને મંગલદીવો કરતાં મોક્ષમાં જવાને યોગ્ય પુણ્ય ઉપાર્જન કર્યું. પાંડવોએ અને કૃષ્ણે ચૈત્યને અત્યંત જીર્ણ જોઈને પરસ્પર કહ્યું કે અહીં નવું ચૈત્ય કરીએ, તે વખતે પાંડવોમાં મોટા યુધિષ્ઠિરે કહ્યું કે તમે રૈવતગિરિઉપર જિનમંદિરોનો ઉદ્ધાર કર્યો છે. અને પ્રતિમાઓ સ્થાપન કરી છે. જો તમારો આદેશ હોય તો જિનમંદિરનો મોક્ષના સુખને માટે હું ઉદ્ધાર કરીશ.

હરિએ કહ્યું કે જો તમારી હમણાં ચૈત્યનો ઉદ્ધાર કરવા માટે ઇચ્છા હોય તો હે યુધિષ્ઠિર– આદિદેવના આ ચૈત્યનો ઉદ્ધાર કરો. તે વખતે પાંડુદેવે આવીને અદ્‌ભુત એવું એક રત્ન આપીને કહ્યું કે હે યુધિષ્ઠિર ! હમણાં તીર્થના ઉદ્ધાર ની ઇચ્છા શ્રેષ્ઠ છે. યુધિષ્ઠિરે ન બળી શકે એવાં અને ઘણાં પાણીવડે ન ભેદી શકાય એવાં કીરકાષ્ઠ વડે (અગરતગરના લાકડાં વડે) શ્રી આદિદેવના ચૈત્યનો ઉદ્ધાર કર્યો. યુધિષ્ઠિર રાજાએ પારિજાતવૃક્ષની શાખાવડે શિલ્પી

પાસે અદ્‌ભુત શંકુ કરાવ્યો. યુધિષ્ઠિરે મધ્યમાં રહેલું છે શંકુ જેમાં એવા લેપ્યમય બિંબને કરાવીને તેના હૃદયપર તે મણિને સ્થાપન કર્યો.

શ્રી નેમિનાથ પ્રભુના પ્રથમગણધર શ્રી વરદત્ત સ્વામીએ શ્રેષ્ઠ દિવસે પાંડવોએ કરાવેલા ચૈત્યને વિષે તે બિંબની પ્રતિષ્ઠા કરી. સંઘસહિત યુધિષ્ઠિરે અષ્ટપ્રકારી પૂજા કરીને તે ચૈત્યને વિષે સારા ઉત્સવપૂર્વક મોટો ધ્વજ ચઢાવ્યો. શરુઆતમાં આરતી કરી પછી મંગલદીપક કરી યુધિષ્ઠિરે શ્રી વરદત્ત ગુરુની પાસે ધર્મને સાંભળ્યો. જે પ્રાણીએ એક પુષ્પવડે પ્રભુની પૂજા કરી હોય તેની હથેળીમાં ક્રીડાવડે સ્વર્ગ અને મોક્ષની લક્ષ્મી આવે છે. તે પછી દ્વારિકા નગરીમાં જઇને જિનેશ્વરને નમી યુધિષ્ઠિર સારા ઉત્સવપૂર્વક પોતાના નગરમાં આવ્યો.

એક વખત આવેલા નારદને જોઇને જ્યારે દ્રૌપદીએ તેમનું ગૌરવ ન કર્યું. ત્યારે નારદ રોષ પામ્યા. તે પછી ધાતકી ખંડમાં અપરકંકા નામના નગરમાં પદ્મોત્તર રાજા પાસે જઇને નારદે કહ્યું કે આજ ભરતમાં હસ્તિનાપુર નગરમાં પાંડુરાજાના પુત્રો છે. તેઓને જેવા પ્રકારની દ્રૌપદી નામે શ્રેષ્ઠ પત્ની છે. તેવા પ્રકારની એક પણ પત્ની તારા અંતઃપુરમાં નથી. આ પ્રમાણે સાંભળી– પદ્મોત્તર દ્રૌપદીને હરણ કરવાની ઇચ્છાવાળો થયો. તે પછી ભક્તિપૂર્વક એક દેવની આરાધના કરી. પદ્મોત્તર રાજા – દ્રૌપદીને પોતાના અંતઃપુરમાં એકાંતમાં લઇ ગયો. પદ્મોત્તર રાજાએ દ્રૌપદી પાસે ભોગની માંગણી કરી. તે બોલી સજ્જનોએ આવા પ્રકારનું અજ્ઞાનમય વચન ન બોલવું જોઇએ.

**अलसा होए अकज्जे, पाणिवहे पंगुला सयाहोइ।**
**परतत्तीसु अ बहिरा, जच्चंधा परकलत्तेसु ॥१॥**

સજ્જન પુરુષો અકાર્ય કરવામાં આળસુ હોય છે. પ્રાણી વધ કરવામાં હંમેશાં પાંગળા હોય છે. પરનિંદા સાંભળ વામાં બહેરા હોય છે, અને પરસ્ત્રીને વિષે જન્માંધ હોય છે. (૧) જે પરસ્ત્રીને જુએ છે તેણે આત્માને ધૂળવડે મલિન કર્યો છે. સ્વજનોઉપર ક્ષાર નાંખ્યો છે, ને પગલે પગલે તેણે માથું ઢાંકવું પડે છે. (૨) નીચ માણસ (પોતાની) સ્ત્રી સ્વાધીન હોવા છતાં પણ પરસ્ત્રીમાં લંપટ થાય છે. તળાવ ભરેલું હોવા છતાં પણ કાગડો કુંભના પાણીને પીએ છે. (૩) હું સતી છું. તારે જરાપણ યાચના ન કરવી જોઇએ. સતીના સત્ત્વનો ભંગ કરવામાં નરકમાં જ ગતિ થાય છે. એમાં સંશય નથી. પદ્મોત્તર રાજાની સ્ત્રીઓવડે દિવસે દિવસે (રોજરોજ) સમજાવવા છતાં પણ તે મનમાં મેરુપર્વતના શિખરની જેમ જરાપણ ચલાયમાન ન થઇ.

આ બાજુ દ્રૌપદીનું અપહરણ સાંભળીને પાંડુપુત્રોએ સર્વ ઠેકાણે તપાસ કરી. જ્યારે દ્રૌપદી ન મળી ત્યારે પાંડવો દ્વારિકા નગરીમાં કૃષ્ણની પાસે જઇને ગુપ્તપણે તેઓએ દ્રૌપદીના હરણનો વૃત્તાંત કહ્યો. તે પછી કૃષ્ણે પણ સર્વ ઠેકાણે ઘણા સેવકોને મોકલીને તેણે દ્રૌપદીની તપાસ કરાવી. પરંતુ તે વખતે કોઇ ઠેકાણે જણાઇ નહિ. આ બાજુ ત્યાં આવેલા નારદને કૃષ્ણે પૂછ્યું. ત્યારે તેણે કહ્યું કે ધાતકી ખંડમાં રહેલા સુંદર અપરકંકા નામના નગરમાં પદ્મોત્તર રાજાના અંતઃપુરમાં હે કૃષ્ણ શિયલરૂપી રત્નના સમુદ્રસરખી દ્રૌપદી સમાન સ્ત્રી છે. તે પછી પાંડુપુત્રો સાથે સ્વસ્તિક (સુસ્થિત) દેવને આરાધના કરીને તેણે આપેલા માર્ગમાં સમુદ્રમાં કૃષ્ણ તે વખતે રથમાં રહેલો ચાલ્યો. જુદા જુદા રથમાં રહેલા તે કૃષ્ણ આદિ છ –જલદીથી સમુદ્રમાં ચાલતાં અપરકંકા નગરની પાસે ગયા.

પદ્મોત્તર-રાજા શત્રુઓને આવેલા જાણીને સેવકો સહિત જ્યારે યુદ્ધ કરવા માટે નગરીમાંથી નીકળ્યો ત્યારે તે શત્રુ સાથે શરુઆતમાં યુદ્ધ કરતા પાંડવો ભાંગી નંખાયા, (પછી) તેઓ કૃષ્ણની પાસે શરણે આવ્યા. ભાંગી નંખાયેલા પાંડવોને જોઇને કૃષ્ણ તે કિલ્લા ઉપર ચઢીને ભયંકર નરસિંહનું રૂપકર્યું. તેણે તેના પગવડે કિલ્લાને કંપાવતા પૃથ્વીને તેવી રીતે કંપાવી કે જેથી તડ-તડ કરતા ઘરની ભીંત વગેરે અત્યંત પડવા લાગી.

કૃષ્ણને આવેલા જાણીને ભય પામતો પદ્મોત્તર રાજા દ્રૌપદીને લઇને નિર્મલ ભક્તિને ધારણ કરતો કૃષ્ણને નમ્યો. તે વખતે વિષ્ણુના (કૃષ્ણના) શંખનાદને સાંભળીને પદ્મનામના નગરમાં પદ્મતીર્થંકરની પાસે વીર નામના વાસુદેવે આ પ્રમાણે કહયું. મારા શંખના શબ્દની પેઠે હમણાં શંખ કોણે વગાડ્યો? તે વખતે તે જિનેશ્વરે ભરતમાંથી કૃષ્ણનું આગમન કહયું. વીર વાસુદેવે કહ્યું કે તેને હું મલીશ. જિનેશ્વરે કહ્યું કે બે વાસુદેવનું મિલન થઇ શકે નહિ. આ પ્રમાણે અરિહંતે કહ્યે છતે વીર વાસુદેવ જેટલામાં જલદી ત્યાં ગયો, તેટલામાં કૃષ્ણ સમુદ્રમાં- પાણીમાં અત્યંત દૂર ગયા. તે પછી તે વખતે તે બન્ને વાસુદેવનો શંખનો સુંદર શબ્દ બન્ને વાસુદેવવડે પરસ્પર સંભળાયો.

હોડીવડે ગંગા નદીને ઊતરીને પાંડુપુત્રો કૃષ્ણના બલની પરીક્ષા માટે હોડીને પાછી ન મોકલી. તે વખતે કૃષ્ણ એકદમ ગંગાનદીને બે હાથવડે ઊતરીને પાંડવોએ હૃદયમાં ચિંતવેલ ને જાણીને રોષ પામેલો કૃષ્ણ બોલ્યો. પદ્મોત્તર રાજાથી જિતાઇ ગયેલા તમારાવડે તમે મારું અને પોતાનું બલ તે નગરની પાસે જોવાયું નહિ ? રોષ પામેલા કૃષ્ણે હસ્તિનાપુરી લઇને કુંતીના વચનથી અનુકૂલ થયેલા તેણે દક્ષિણ મથુરા આપી. હંમેશાં ભાઇઓ અને પત્ની સહિત યુધિષ્ઠિર દિવસે દિવસે વિશેષથી જૈન ધર્મ કરવા લાગ્યો.

એક વખત પાંડુપુત્રોની પાસે આવીને જરાકુમારે તેજ વખતે દ્વારિકાના દાહનો સંબંધ કહયો. તે વખતે જરાકુમારે યુધિષ્ઠિરને-સ્ફુરાયમાણ કાંતિવાલા- શ્રેષ્ઠ આકારવાલા ઉજ્જવલ એવા કૌસ્તુભ મણિને બતાવ્યો. તે જોઇને પાંડવો શોક કરીને હૃદયમાં વિચારવા લાગ્યા. જો દીક્ષા ગ્રહણ કરીએ તો સારું થાય. શત્રુઓ સાથે યુદ્ધ કરતાં આપણાવડે દુર્યોધન વગેરે અનેકજીવો હણાયા છે. ઘણા કાલ સુધી રાજ્ય કર્યું. હમણાં જો તે નહિ છોડીએ તો તે રાજ્ય આપણને અહીં નરકના અંતવાલું થાય

**विना न तपसा पाप-शुद्धि र्भवति कर्हिचित्।**
**वसनं मलिनं शुद्धं - वारिणा नैव जायते॥**

તપવિના કોઇ ઠેકાણે પાપની શુદ્ધિ થતી નથી. મલિનવસ્ત્ર પાણી વિના શુદ્ધ થતું નથી.

**यस्माद्विघ्नपरंपरा विघटते दास्यं सुराः कुर्वते;**
**कामः शाम्यति दाम्यतीन्द्रियगणः कल्याणमुत्सर्पति।**
**उन्मीलन्ति महर्द्धयः कलयति ध्वंसं चयः कर्म्मणां,**
**स्वाधीनं त्रिदिवं शिवं च भवति श्लाघ्यं तपस्तन्न किम् ? ॥**

કહ્યું છે કે:- જેનાથી વિઘ્નની પરંપરા નાશ પામે છે. દેવતાઓ દાસપણું કરે છે. કામ શાંત થાય છે. ઈન્દ્રિયોનો સમૂહ દમન થાય છે. કલ્યાણ વિસ્તાર પામે છે. મોટી ઋધ્ધિ વિકસ્વર થાય છે. કર્મનો સમૂહ વિનાશ પામે છે. સ્વર્ગને મોક્ષ સ્વાધીન થાય છે. તે તપ કેમ વખાણવા લાયક નથી?

શ્રી નેમિનાથ ભગવંતે દીક્ષા ગ્રહણ કરવાની ઈચ્છાવાલા પાંડવોના મનને જાણીને ધર્મઘોષ મુનિને પ્રતિબોધ કરવા મોકલ્યા. પાંડવો પણ ધર્મઘોષસૂરીશ્વરને ઉત્તમભક્તિથી નમસ્કાર કરી તેમની પાસે ધર્મ સાંભળવા બેઠા. કહ્યું છે કે :-

**अनित्यानि शरीरणि, विभवो नैवशाश्वत: ।**
**नित्यं सन्निहितो मृत्यु: कर्त्तव्यो धर्मसंग्रह: ।।१।।**

શરીર અનિત્ય છે. વૈભવ શાશ્વત નથી. મૃત્યુ હંમેશાં નજીક રહેલું છે તેથી ધર્મનો સંગ્રહ કરવો જોઈએ. હવે ધર્મ સાંભળીને તેઓએ પૂછ્યું કે- અમે ગયા ભવમાં શું પુણ્ય કર્યું હતું? તેથી જ્ઞાની એવા ધર્મઘોષસૂરિએ આ પ્રમાણે કહ્યું. તમે પૂર્વભવમાં અચલ ગામમાં સુરભિ-શાન્તનુ-દેવ-સુમતિને સુભદ્રક- એ પાંચ ભાઈઓ હતા.દારિદ્રથી અત્યંત પરાભવ પામેલા ખેતી કરતા ઉદ્વેગ પામેલા તમે પાંચે ભાઈઓએ યશોધર મુનિપાસે વ્રતગ્રહણ કર્યું.કહ્યું છે કે:-

**यावत् स्वस्थमिदं कलेवरगृहं, यावच्च दूरे जरा,**
**यावच्चेन्द्रिय शक्तिर प्रतिहता, यावत् क्षयो नाऽऽयुष: ।**
**आत्मश्रेयसि तावदेव विदुषा, कार्य: प्रयत्नो महा,**
**नादीप्ते भवने तु कूपखननं प्रत्युद्यम: कीदृश: ।।१।।**

જ્યાં સુધી આ શરીરરૂપીઘર સ્વસ્થ હોય. જ્યાં સુધી જરા- ઘડપણ દૂર હોય. જ્યાં સુધી ઈન્દ્રિયોની શક્તિ ન હણાઈ હોય. જ્યાં સુધી આયુષ્યનો ક્ષય ન થયો હોય ત્યાં સુધી વિદ્વાને આત્મકલ્યાણ કરવામાં મોટો પ્રયત્ન કરવો જોઈએ. જ્યારે ઘર સળગે છે ત્યારે કૂવો ખોદવારૂપી ઉદ્યમ શું કામ લાગે ? (૧) પોતાના દેહમાં નિસ્પૃહ, ગુરુની વૈયાવચ્ચનું કાર્યકરનાર સુમતિ મુનિએ કનકાચલ નામે ઉત્તમતપ કર્યો. બીજામુનિએ રત્નાવલિનામનું, ત્રીજામુનિએ મુક્તાવલિ નામનું, ચોથાએ સિંહનિક્રિતન અને છેલ્લાએ આયંબિલ વર્ધમાન તપ કર્યું. (પછી થયેલાં તપો પ્રગટપણે કહેવાં)

આ પ્રમાણે તપતપી મરીને અનુત્તર દેવ અને ત્યાંથી ચ્યવીને તમે હમણાં પાંડુરાજાના પુત્રો થયા, પૂર્વભવ સાંભળીને રાજ્યઉપર પરીક્ષિત નામના પુત્રને સ્થાપન કરીને દ્રૌપદી ને કુંતી સહિત પાંડવોએ તે વખતે વ્રત (દીક્ષા) લીધી. હંમેશાં ગુરુની પાસે ભક્તિવડે જિનાગમને ભણતાં તેઓ અગિયાર અંગવાળા અને તપ કરવામાં તત્પર થયા, (પાંડવોએ જેવી રીતે તીવ્ર તપ કર્યું. તે બીજા ગ્રંથોમાંથી કહેવું.)

લોકોને પ્રતિબોધ કરતાં પાંડવોએ હસ્તિકલ્પક નામના નગરમાં મનુષ્યના મુખેથી શ્રી નેમિનાથ ભગવાનનું

મોક્ષગમન સાંભળ્યું. તે પછી પોતાનાં કર્મના સમૂહનો ક્ષય કરવા માટે શ્રી સિદ્ધગિરિ ઉપર જઇ વિવિધ પ્રકારનાં તપો કર્યાં. ક્ષમાના ભંડાર એવા સર્વે પાંડુપુત્રો માતા સહિત અનશન ગ્રહણ કરીને અનુક્રમે ઘાતિકર્મોનો ક્ષય કર્યો. પાંચેય પાંડુપુત્રો વીશક્રોડમુનિઓ અને કુંતી સાથે સર્વકર્મનો ક્ષય કરી મોક્ષમાં ગયાં.

સાડા પાંચસો રાજપુત્રો શ્રી શત્રુંજયગિરિઉપર પાંડુપુત્રોની પાછળ (પછી) કર્મક્ષય કરી મુક્તિમાં ગયા. ત્યાં તપ તપતી દ્રૌપદી જીવિતના અંતને વિષે પાંચમા દેવલોકમાં ગઇ. અનુક્રમે મુક્તિ જશે. યુધિષ્ઠિરનો પુત્ર વૈરિમર્દન રાજા મથુરા નગરીમાં રાજાઓવડે સારા ઉત્સવપૂર્વક અભિષેક કરાયો. તેની પત્ની સુશીલાએ સારા દિવસે પુત્રને જન્મ આપ્યો. અને તેનું નામ ચંદ્ર-એ પ્રમાણે રાજાએ સજજનોની સાક્ષીએ આપ્યું. તેને સુમતિનામે મંત્રી હતો. તે બુદ્ધિશાળી ને રાજાને વલ્લભ હતો. તે મંત્રી તેવી રીતે રાજયનું કાર્ય કરતો હતો કે જેથી રાજા હર્ષ પામ્યો. એક વખત તે દેશના સીમાડામાં હર નામનો રાજા હાથી-ઘોડા-સુભટ અને ગાડાંઓવડે શોભતો આવ્યો.

તે વખતે નગરીની બહાર જઇને વૈરિમર્દન રાજાએ તેવી રીતે યુદ્ધ કર્યું કે જેથી શત્રુ વેગથી યમરાજાના મંદિરમાં ગયો. તે પછી શ્રેષ્ઠ બુદ્ધિવાળા વૈરિમર્દન રાજાએ તે શત્રુની નગરીમાં જઇને સર્વપ્રજાપાસે પોતાની આજ્ઞા ગ્રહણ કરાવી કહ્યું છે કે:-

**रम्यं रूपं करणपटुताऽऽरोग्यमायुर्विशालं,**
**कान्तारूपानमितरतयः सूनवो भक्तिमन्तः ।**
**षट्खण्डोर्वीतलपरिवृढत्वं, यशः क्षीरशुभ्रं,**
**सौभाग्यश्रीरिति फलमहो ! धर्मवृक्षस्य सर्वम् ।।**

સુંદરરૂપ-ઈન્દ્રિયોની સુંદરતા-આરોગ્ય- વિશાલ (લાંબું) આયુષ્ય રૂપવડે નમાવી છે રતિને જેણે એવી સ્ત્રીઓ-ભક્તિવાળા પુત્રો- છ ખંડ પૃથ્વીતલનું સ્વામીપણું ને દૂધ જેવો શ્વેત યશ. આવા પ્રકારની સૌભાગ્યલક્ષ્મી તે સર્વ ધર્મરૂપીવૃક્ષનું ફલ આશ્ચર્યકારક છે.

એક વખત તે ઉદ્યાનમાં જ્યારે સાધુવડે સેવાયેલા ધર્મસૂરીશ્વર આવ્યા ત્યારે રાજાએ નમસ્કાર કરવા માટે જઈને તેઓને નમન કર્યું. તે વખતે આચાર્ય મહારાજે કહ્યું કે જિનેશ્વરે કહેલો- (ને) કરાયેલો ધર્મ જ ભવ્યપ્રાણીઓને મોક્ષસુખ માટે થાય. વિશેષે કરીને શ્રી સિદ્ધગિરિપર્વતઉપર જઈને જે ભક્તિવડે શ્રી ઋષભદેવ પ્રભુને પૂજે છે તે જલદી મોક્ષસંપત્તિ મેળવે છે. કહ્યું છે કે :-

**पदे पदे विलीयन्ते - भवकोटि भवान्यपि ।**
**पापानि पुण्डरीकाद्रे-र्यात्रां प्रति यियासताम् ।।**
**एकैकस्मिन् पदे दत्ते पुण्डरीकगिरिं प्रति ।**
**भवकोटिकृतेभ्योऽपि, पातकेभ्यः स मुच्यते ।।**
**प्रत्यहं पुण्डरीकाद्रिं, ध्यायेद् यस्तु सुवासनः ।**
**संसारतापमुत्सृज्य प्राप्नोति सः परं पदम् ।।**

પગલે પગલે કરોડો ભવનાં પાપો પણ- પુંડરીકગિરિની યાત્રા કરવામાટે જનારાનાં ઓગળી જાય છે. જે પુંડરીકગિરિ તરફ એક એક ડગલું આપે છે. તે કરોડો ભવમાં કરેલાં પાપોમાંથી મુક્ત થાય છે. જે હંમેશાં સારા ભાવપૂર્વક પુંડરીકગિરિનું ધ્યાન કરે છે તે સંસારના તાપને દૂર કરીને પરમપદને પામે છે. આ પ્રમાણે શ્રી ગુરુની વાણી સાંભળીને વૈરિમર્દન રાજા ઘણા સંઘ સહિત શ્રીશત્રુંજયમાં જિનેશ્વરોને નમન કરવા માટે ગયો. ત્યાં પહેલાં મોટા વિસ્તારપૂર્વક શ્રી ઋષભદેવની પૂજા કરીને ફરીથી બે પાદુકાઓને ભક્તિથી પૂજી, તે પછી રાજાએ રાયણવૃક્ષને શ્રેષ્ઠ અક્ષતવડે તેવી રીતે વધાવ્યું કે જેથી સ્નેહ પામતાં તે વૃક્ષે વસ્ત્રોને ભીનાં કરતાં દૂધની વૃષ્ટિ કરી. તે પછી બીજાં જિનમંદિરોમાં અરિહંતનાં બિંબોની સંઘ લોક સહિત રાજાએ પૂજા કરી. તે પછી રૈવતગિરિ ઉપર જઈને વૈરિમર્દન રાજાએ શ્રી નેમિનાથ ભગવાનની આદરપૂર્વક પૂજા કરી. તે પછી અનુક્રમે પોતાના સિંહ નામના પુત્રને પોતાના રાજ્યઉપર ઉત્સવપૂર્વક બેસાડી દીક્ષા લઈને વૈરિમર્દન રાજા મોક્ષમાં ગયો.

## આ પ્રમાણે શ્રી પાંડવ ચરિત્ર સંપૂર્ણ.

*भरह कराविअ बिंवे, चिल्लतलाई गुहाठिअ नमंतो।*
*जहि होइ इगवयारी, तं सित्तुंजय महातित्थं॥२६॥*

ગાથાર્થ : ચિલ્લસરોવરની ગુફામાં રહેલા ભરત-રાજાએ કરાવેલાં બિંબોને નમસ્કાર કરતાં જ્યાં એકાવતારી થાય છે. તે શત્રુજંયતીર્થ જય પામો. (૨૬)

ટીકાર્થ : પ્રથમ ચક્રવર્તીએ કરાવેલ શ્રી ઋષભદેવ પ્રભુના બિંબને ચિલ્લમુનિના (નામના) સરોવરની ગુફામાં રહેલા નમસ્કાર કરતાં જ્યાં એકભવમાં મોક્ષગામી થાય છે. તે શત્રુંજય મહાતીર્થ જય પામો.

*दहिफलफलयसमीवे - अलक्खदेउलियपरिसरपएसे।*
*सिवदारं पिव दारं, जीइ गुहाए विहाडेउं॥२७॥*
*अट्ठमतवेणतुट्ठो - कवडिजक्खो जहिं भरह पडिमं।*
*वंदावइ जयउ तयं सिरिसित्तुंजयमहातित्थं॥२८॥*

ગાથાર્થ:- બહેડા નામના ઝાડની પાસે અલક્ષ નામના દેવલના ભાગોળમાં - પ્રદેશમાં મોક્ષના દ્વારજેવું ગુફાનું દ્વાર ઉઘાડીને અઠ્ઠમતપવડે તુષ્ટ થયેલો કપર્દિયક્ષ જ્યાં ભરતરાજાએ કરાવેલ પ્રતિમાને વંદન કરાવે છે તે શ્રી શત્રુંજય મહાતીર્થ જય પામો- (૨૭-૨૮)

ટીકાર્થ: આ બે ગાથાની વ્યાખ્યા આ પ્રમાણે:– બહેડાનું જે ઝાડ તેજ છે ફલ જેનું એવું જે વૃક્ષ તેની સમીપમાં અલખા નામની દેરી છે. તેની નજીકના પ્રદેશમાં મોક્ષના દ્વાર જેવું જે ગુફાનું દ્વાર છે તે ઉઘાડીને અઠ્ઠમતપવડે તુષ્ટ થયેલો કપર્દિયક્ષ જયાં ભરતરાજાએ કરાવેલા પ્રાસાદમાં ભરતે કરાવેલ શ્રી આદિનાથ ભગવાનની પ્રતિમાને અઠ્ઠમતપ કરનારને વંદન કરાવે છે. તે શત્રુંજય મહાતીર્થ જય પામો.

## ગુફામાં રહેલા શ્રી ઋષભદેવને નમન કરવાથી ત્રાણ ભવમાં મુક્તિએ જનાર નંદભૂપની કથા.

ઉજ્જયિની નગરીમાં વીરસેન નામે રાજા હતો. તેને વીરમતિ નામે પ્રિયા હતી. તેને મદન અને નંદ નામના બે પુત્રો. હંમેશાં માત–પિતાની ભક્તિ કરનારા હતા. એક વખત પત્નીએ પતિના માથામાંથી શ્વેત (ધોળા) એવા વાળને લઇને પતિના હાથમાં મૂક્યો. તે વખતે પત્નીએ આ પ્રમાણે કહ્યું.

**वृद्‌धत्वानलदग्धस्य, सारयौवनवस्तुनः ।**
**दृश्यते देहगेहेषु भस्मेव पलितच्छलात्॥**
**पटु रटति पलितदूतो–मस्तकमासाद्य सर्व लोकस्य।**
**परिभवति जरामरणं, कुरू धर्म्मं विरम पापेभ्यः ॥**

ત્યારે વૃદ્ધપણારૂપી અગ્નિથી બળેલા શ્રેષ્ઠ યૌવનરૂપી વસ્તુની ભસ્મની જેમ ધોળા વાળના બહાનાથી દેહરૂપી ઘરમાં જોવાય છે. "ધોળાવાળ–રૂપી દૂત સારી રીતે રટન કરે છે કે સર્વલોકના મસ્તકને પામીને જરા અને મરણરૂપ પરાભવ કરે છે. માટે ધર્મ કરો (ને) પાપોમાંથી અટકો. હે સ્વામી ! આ શ્વેતવાળ હમણાં તમને જણાવે છે કે તમે જલદી રાજ્યને છોડી દો. કારણકે રાજ્યથી નરક થાય છે." નથી કર્યું પુણ્ય જેણે એવા મનુષ્યને યમની જેમ ગ્રહણ કર્યો છે દંડ જેણે એવું ઘડપણ રોગવાળા સિંહની જેમ, ચંદ્રની જેમ વક્ર (મુખવાલા) ને શંભુની જેમ વિરુપપણાને કરે છે. " પત્નીનું વચન સાંભળીને પુત્રને રાજ્યઉપર સારા ઉત્સવપૂર્વક સ્થાપન કરી સ્ત્રી સહિત રાજા એકદમ તાપસ થઇ ગયો. તે વખતે રાણીએ ગર્ભ કહ્યા સિવાય પતિની સાથે મોક્ષ માટે જલદી તાપસી થઇ. અનુક્રમે પુત્રીનો જન્મ થયે છતે વીરમતિ જલદી મરણ પામી. સુંદરઆકૃતિવાલી તે હોવાથી પિતાએ તેનું નામ સુંદરી આપ્યું. અનુક્રમે યૌવન પામેલી તે હંમેશાં પિતાને લાકડાં વગેરે લાવવાવડે વિસામો આપતી હતી. એક વખત મોહથી વ્યાપ્ત થયેલો તે તાપસ પુત્રીને આશ્લેષ આપવા માટે દોડતો અકસ્માત્ પડી ગયો. અને તેના દાંતો જલદી ભાંગી ગયા.

તે પછી તે તાપસ વિચારવા લાગ્યો કે આ લોક સંબંધી આવું ફલ થાય. પરલોકમાં કેવું ફલ થાય ? તે મારા

વડે જણાતું નથી. આ પ્રમાણે વિચારતો તે રાજા જાતિસ્મરણ જ્ઞાન પામીને પોતાની જાતે પ્રત્યેકબુદ્ધ થયો. ને અનુક્રમે સાધુવેશને ધારણ કરનારો થયો. પૃથ્વીઉપર પ્રતિબોધ કરતાં વીરસેન (પ્રત્યેક બુદ્ધ) અવંતિ નગરીની નજીક બન્ને પુત્રોને પ્રતિબોધ કરવા માટે સુંદર વિચારણાપૂર્વક એક વખત (ત્યાં) આવ્યા.

**दानशीलतपोभाव - भेदै र्धर्मं चतुर्विधम्।**
**आराधयन् सुरावासं, शिवशं लभते क्रमात्॥**

દાન–શીલ–તપ ને ભાવના ભેદવડે ચારે પ્રકારે ધર્મની આરાધના કરતા દેવલોકના આવાસને અને અનુક્રમે મોક્ષને જીવ મેળવે છે. પરમાત્માનું ધ્યાન કરવાથી એક હજારપલ્યોપમનું અને અભિગ્રહ કરવાથી લાખ પલ્યોપમનું અને (તેની સામે) માર્ગમાં જતાં એક સાગરોપમનું એકઠું કરાયેલું દુષ્કર્મ ક્ષય પામે છે.

**भरतेन गुहायां तु - कारितायां शिवाचले।**
**यो जिनान् नौति तस्य स्या न्मुक्ति र्भवान्तरे ध्रुवम्॥**
**यतः - यः कारयति सर्वज्ञ - प्रासादं शिवपर्वते।**
**तस्य स्वर्गापवर्गादि - सुखं नो दुर्लभं भवेत्॥१॥**

ભરતરાજાવડે શ્રી સિદ્ધગિરિઉપર કરાવેલી ગુફામાં જિનેશ્વરોને જે સ્તુતિ કરે છે તેની નિશ્ચે સંસારમાં મુક્તિ થાય છે. કહ્યું છે કે જે શ્રી સિદ્ધગિરિપર્વતઉપર જિનમંદિર કરાવે છે તેને સ્વર્ગ ને મોક્ષનું સુખ દુર્લભ નથી. (૧) આ સાંભળીને નંદરાજપુત્ર શ્રી શત્રુંજયગિરિઉપર જઈને અલક્ષદેવ–કુલિકાની અંદર સમાધિપૂર્વક રહયો. અઠ્ઠમના અંતે કપર્દિયક્ષે આવીને આ પ્રમાણે કહ્યું કે– તારાતપવડે હું તુષ્ટ થયો છું. તું મારી પાછળ આવ. ગુફામાં (રહેલ) ઋષભદેવ પ્રભુને હું જલદીથી તને વંદન કરાવીશ. નંદે કહ્યું કે હે યક્ષરાજ ! હમણાં મારા વાંછિતને પૂરો. તે પછી કપર્દિયક્ષ હર્ષવડે નંદને ગુફાની અંદર લઇ જઈને ભરતે સ્થાપન કરેલા શ્રી ઋષભદેવ પ્રભુને નિશ્ચે વંદન કરાવ્યું. ત્યાંથી જઈને જિનધર્મને કરીને તે નંદરાજપુત્ર મરીને રમા નગરીમાં પદ્મનામે રાજાનો પુત્ર થયો. ગુરુ પાસે દીક્ષા લઈને તે વખતે બધાં કર્મ ખપાવી લોકાલોકને પ્રકાશ કરનાર કેવલજ્ઞાનને પામી તે કેવલી ઘણાં પ્રાણીઓને જૈનધર્મને વિષે પ્રતિબોધ પમાડી– આયુષ્યના અંતે ઘણા સાધુ સહિત મોક્ષમાં ગયા.

**આ પ્રમાણે ગુફામાં રહેલા શ્રી ઋષભદેવજિનેશ્વરને નમસ્કાર કરવાથી ત્રણ ભવમાં મુક્તિએ જનાર નંદરાજપુત્રની કથા પૂર્ણ.**

# તેવા પ્રકારની બીજી કથા

કલ્યાણ નગરમાં વજસેન રાજાના ઘરમાં-૫૬- ટંક હતા. આ બાજુ ચંદ્રપુર નગરમાં વીરરાજાને પાંચ લાખ શ્રેષ્ઠ સુભટો ને એક લાખ ઘોડા હતા. દર વર્ષે વીરરાજા કલ્યાણનગરને ભાંગીને જયપતાકા મેળવે છે. પણ વૈભવ ને પામતો નથી. સિપાઈઓ હંમેશાં માણસોનાં મસ્તકો લાવે છે. તેને રાજા એક હજાર ટંક આપે છે. ક્ષીણ બલવાલા થઈને આવતા એવા તે શત્રુ-રાજાએ મંત્રીને કહ્યું કે આ વજસેન કેવી રીતે જિતાશે ? તે પછી મંત્રીએ કહ્યું કે મને નગરજન અને પૃથ્વીની સાક્ષીએ પોતાના દેશમાંથી કાઢી મૂકો. તે પછી ભગવાન એવો તે મંત્રી અનુક્રમે કાઢી મુકાયો. ભગવાન નામને ધારણ કરનારો તે વજસેન રાજાને મળ્યો. રાજાએ મંત્રીશ્વરનું ઘણું માન કર્યું. અનુક્રમે ધર્મદેશના ના કપટથી તે ભગવાને કહ્યું કે વાવ-કૂવા-તલાવ ને ઋતુભવનને ધનના વ્યયથી જે રાજા અથવા બીજો માણસ સારાભાવથી કરાવે તેને સ્વર્ગ અને મોક્ષનાંસુખો ખરેખર હાથમાં થાય છે. (૧)

આ સાંભળીને રાજાએ વાવ-તળાવ-ને ઋતુભવન આદિ કરાવતાં કેટલાક કાળે ખજાનાને દ્રવ્યથી ખાલી કર્યો વજસેન રાજા અલ્પ દ્રવ્યવાળો થયે છતે તે મંત્રીએ સ્વામીની પાસે આવીને શત્રુનું સ્વરૂપ કહ્યું. તે પછી વીરરાજાએ સર્વસૈન્ય સાથે જઈને મંત્રીની બુદ્ધિથી શત્રુને જીતીને પોતાના નગરમાં આવ્યો. મોટો સંઘ (ભેગો) કરીને શ્રી શત્રુંજય પર્વત ઉપર જઈને શ્રી ઋષભદેવ પ્રભુની પૂજા કરી. રાજાએ ધ્વજ આદિ કાર્યો કર્યાં. રાજાએ ગુફાના મહિમાને સાંભળીને અલક્ષદેવના ઘરમાં (મંદિરમાં) કહ્યા પ્રમાણે તપ કર્યું. અઠ્ઠમના અંતે કપર્દિયક્ષે આવીને કહ્યું કે હું તારા તપવડે તુષ્ટ થયો છું. તું મારી પાછળ આવ. હું ગુફામાં શ્રી આદિનાથ જિનેશ્વરનાં તને વંદન કરાવીશ. રાજાએ કહ્યું કે યક્ષરાજ ! તમે હમણાં મારા વાંછિતને પૂરો. તે પછી કપર્દિયક્ષ રાજાને ગુફાની અંદર લઈ જઈને હર્ષવડે આદરપૂર્વક નાભિરાજાના પુત્રને (ઋષભદેવને) વંદન કરાવે છે. તે પછી ઉજ્જયંતગિરિ ઉપર જઈને શ્રી નેમિનાથ જિનેશ્વરને નમીને રાજા જુદા જુદા ઉત્સવપૂર્વક પોતાની નગરીમાં ગયો, (તે પછી) રાજા લાંબાકાળસુધી રાજ્ય કરી મરણ પામી પાંચમા દેવલોકમાં સુખ ભોગવીને તે પછી ભીમપુરમાં રાજાનો પુત્ર થયો. ગુરુની પાસે ધર્મ સાંભળી સારાભાવથી દીક્ષા લઈ સર્વકર્મનો ક્ષયકરી રાજા મોક્ષમાં ગયો.

**ગુફામાં રહેલા પ્રભુનાં દર્શન કરનારની બીજી કથા.**

# ગુફામાં રહેલા પ્રભુને નમસ્કાર કરવા સંબંધી દેવમંગલ પંડિતની કથા

શ્રી બૃહત તપાગચ્છમાં શ્રી **જગત્ચંદ્રસૂરિ** થયા તેની પાટઉપર શ્રેષ્ઠ એવા **દેવેન્દ્રસૂરિ** થયા. તેની પાટઉપર શ્રેષ્ઠ બુદ્ધિવાળા **ધર્મઘોષ** નામના આચાર્ય થયા. તેની પાટઉપર **સોમપ્રભ** આચાર્ય થયા. તેની પાટઉપર **સોમતિલક** શ્રેષ્ઠ ગુરુ થયા. તેની પાટઉપર **દેવસુંદર** નામે આચાર્ય થયા. તે પછી તેમનાથી શ્રેષ્ઠ ૫૦૦ સાધુઓ થયા (ને) પંચાશી પંડિતો અનુક્રમે ભવ્યજીવોને પ્રતિબોધ કરતા હતા. એક વખત શ્રી સિદ્ધગિરિ ઉપર દેવમંગલ નામના પંડિત શ્રી યુગાદિદેવને નમસ્કાર કરવા માટે સાધુઓ સહિત આવ્યા. અને શ્રી યુગાદિદેવને નમસ્કાર કરી. ક્ષુલ્લક (ચિલ્લણ) નામના સરોવરની પાસે દેવોને નમસ્કાર કરવા માટે બહેડાંના ઝાડની પાસે– અલક્ષ દેવકુલિકાની પાસે આવ્યા.

ભરતરાજાવડે કરાવેલા ગુફામાં રહેલા શ્રી આદિનાથજિનના બિંબને નમસ્કાર કરવા માટે ચિત્તને સ્વસ્થ કરીને રહેલા તે દેવમંગલ પંડિતે કહ્યું કે હે કપર્દિ! હે ઉત્તમદેવ ! તું મને પ્રથમ બોધિને આપનાર જિનેશ્વરને વંદન કરાવ. જ્યારે તું વંદન કરાવીશ ત્યારે મારે ઉપવાસનું પારણું કરવાનું છે.

ત્રણ ઉપવાસના અંતે કપર્દિ યક્ષરાજ તે વખતે પંડિતને ઉપાડીને શ્રી આદિજિનેશ્વરની પાસે લઇ ગયો. કપર્દિ યક્ષરાજે કહ્યું કે હે પંડિતોમાં ઉત્તમ એવા દેવમંગલ! ભરતરાજાએ કરાવેલા આદિજિનને વંદન કરો. તમે એકાવતારી હોવાથી મારાવડે અહીં લવાયા છો. તે પછી પંડિત દેવમંગલ સારા આદરપૂર્વક યુગાદિ દેવને નમ્યા. પોતાની કેડના દોરા વડે– (કંદોરાવડે) પ્રભુના અદભુત અંગૂઠાને વીંટીને પંડિત દેવમંગલે (પ્રતિમાને) માપ્યાં. સાથળ પ્રમાણ શાલિ ચોખાને દેવતાઓ વડે ભેટ કરાયેલા જોઇને તે પંડિત આનંદ પામ્યા. દેવે કરેલા મણિમય દીપકોને સ્વામીની આગળ પ્રકાશ કરતાં પંડિત દેવમંગલે જોયા. ઉદાર એવા સ્તવનોવડે ઘણી ભક્તિથી ભાવિત મનવાલા પંડિત દેવમંગલે પ્રથમ જિનેશ્વરની સ્તુતિ કરી. તે પછી પંડિત પ્રભુની આગળ જેટલામાં ધ્યાન કરવા માટે રહયા તેટલામાં યક્ષવડે ઉપાડીને પાછા પોતાના સ્થાનમાં લઇ જવાયા. જેટલામાં પંડિત જુએ છે તેટલામાં બિંબને જોતા નથી, પરંતુ બે આંખમાં અલક્ષ નામે દેવકુલ જોયું. (પછી) ત્યાંથી ઊઠીને મુખ્ય શ્રી આદિજિનેશ્વરના મંદિરમાં આવીને પ્રથમ જિનેશ્વરને ભક્તિવડે નમીને પંડિત ગિરિ ઉપરથી નીચે ઉતર્યા.

અઠ્ઠમના અંતે પંડિતે પાદલિપ્ત નામના નગરમાં પોતાની જાતે વિહાર કરીને (આવીને) સંસારને તારનારું પારણું કર્યું. આ સર્વ (હકીકત) ત્યાંથી આવીને પંડિત દેવમંગલે શ્રી દેવસુંદરસૂરિ પાસે કહી. તેથી આજે પણ તેની પ્રસિદ્ધિ વર્તે છે.

**આ પ્રમાણે દેવમંગલ પંડિતનો દેવને નમસ્કાર કરવાનો સંબંધ સંપૂર્ણ**

*संपइ-विक्कम-बाहड-हालपलित्तामदत्तरायाइं।*
*जं उद्धरिहिंति जयउ - तं सित्तुंजयं महातित्थं॥२९॥*

ગાથાર્થ: સંપ્રતિ રાજા– વિક્રમરાજા– બાહડમંત્રી– શાતવાહન રાજા – પાદલિપ્તસૂરિ– આમરાજા– દત્તરાજા વગેરે જેનો ઉદ્ધાર કરશે તે શત્રુંજયતીર્થ જય પામો. (૨૯)

ટીકાર્થ: સંપ્રતિરાજા– (કુણાલકુમાર) વિક્રમાદિત્યરાજા– બાહડમંત્રી શાતવાહનરાજા– પાદલિપ્તસૂરિ– આમરાજા– દત્તરાજા વગેરે ઘણા રાજાઓ જે તીર્થનો ઉદ્ધાર કરશે તે મહાતીર્થ જગતના મનુષ્યોની મધ્યમાં વર્તે છે. તેમાંથી પ્રથમ સંપ્રતિરાજાનો સંબંધ લખાય છે. તે આ પ્રમાણે.

# ધર્મની પ્રભાવના કરનાર શ્રી સંપ્રતિ રાજાની કથા

પાટલીપુર નામના નગરમાં પહેલા આઠ નંદરાજાઓ થયા. જેમણે પોતાની ભુજાના બલવડે અનેક રાજાઓને વશ કર્યા હતા. તેઓનાં આઠ ચરિત્રો– સુવર્ણમય પર્વતો (ટેકરી)ની રચના વગેરેરૂપ તે તે શાસ્ત્રોમાંથી જાણવાં. નવમા નંદનું કાંઇક સ્વરૂપ સંક્ષેપથી કહેવાય છે.

આ બાજુ ગોલ્લ નામના દેશમાં ચણક નામના ગામમાં ચણી નામે બ્રાહ્મણ–જૈન ધર્મની ક્રિયામાં– કર્મઠ (સમર્થ) હતો. તેને ભદ્રસ્વભાવવાળી ચણેશ્વરી નામે શ્રેષ્ઠ પત્ની હતી. તે બ્રાહ્મણ કુળમાં આવેલા ધર્મને એક ક્ષણ પણ છોડતી ન હતી. કહ્યું છે કે: ધર્મ એ ધનને ઇચ્છનારાઓને ધન આપનારો છે. કામને ઇચ્છનારાઓને કામ આપનારો છે. અને પરંપરાએ ધર્મ મોક્ષને સાધનારો છે. અનુક્રમે શીલથી શોભતી ચણેશ્વરીએ સારા દિવસે જેમ પૃથ્વી અદ્ભુત નિધાનને ઉત્પન્ન કરે છે તેમ પુત્રને જન્મ આપ્યો. પિતાએ જન્મવખતે પુત્રના મુખમાં દાંતોને જોઇને તે વખતે સાધુઓને પૂછ્યું કે આ પુત્રને વિષે શુભ અથવા અશુભ શું થશે? મુનિએ કહ્યું કે તારો આ પુત્ર અનુક્રમે રાજા થશે, (પિતા) ચણીએ વિચાર્યું કે આ પુત્ર રાજ્યથી નરકમાં જશે. કહ્યું છે કે:–

**विशाखान्ता धना राज्यं, नरकान्तं निगद्यते।**
**प्रासादः स्याद् ध्वजान्तोहि, मुक्त्यन्तं सातमुच्यते॥१॥**

વાદળાંઓ વિશાખાના અંત સુધી હોય છે. રાજ્ય નરકના છેડાવાળું કહેવાય છે. પ્રાસાદ ધ્વજના છેડા સુધી હોય છે. ને મુક્તિના છેડા સુધી સુખ કહેવાય છે. પુત્ર રાજ્ય ન પામે એ માટે ચણી બ્રાહ્મણે તે બાલકના સર્વદાંતોને કર્કશ એવા પથ્થરવડે અત્યંત ઘસી નાંખ્યા. પિતાએ દાંતો ઘસવાનો વૃત્તાંત કહ્યો ત્યારે તે મુનિએ કહ્યું કે દાંત ઘસવાથી આ (પુત્ર) બિંબાન્તરિત રાજા થશે. પિતાએ ત્યારે તે બાલકનું ચાણક્ય એ પ્રમાણે નામ આપ્યું અને અનુક્રમે પંડિત પાસે પુત્રને શાસ્ત્રો ભણાવ્યાં. કૃષ્ણ બ્રાહ્મણની કુંતી નામની પુત્રીને બ્રાહ્મણોમાં ઉત્તમ એવા ચણીએ બીજા સારા દિવસે પુત્રની સાથે પરણાવી. ચણીના ઘરમાં દુઃખદાયક એવું દારિદ્રય હતું., તેથી પગલે પગલે સતત અપમાન મળે છે. દારિદ્રના સાથે છે ઉદય અને નાશ જેનો એવા પાંચ સેવકો છે. પહેલું દેવું– બીજું દૌર્ભાગ્ય– ત્રીજું આળસ– ચોથું ભૂખ અને પાંચમું પુત્રની પરંપરા– વિવાહ હતો ત્યારે જ્યારે ચણીની ભાર્યા પિતાના ઘરે ગઇ ત્યારે ઘણા સજ્જનો આવ્યા. સુંદર–દિવ્ય વસ્ત્રો અને આભૂષણથી ભૂષિત એવી બહેનો પણ આવી. ખરાબ આભૂષણવાળી ચણીની પત્નીની ઘણી હાંસી કરી. કહયું છે કે: જે વિદ્યાવડે વૃદ્ધ છે. જે તપથી વૃદ્ધ છે. જે બહુશ્રુત (જ્ઞાન) વૃદ્ધ છે. તે સર્વે ધનવૃદ્ધના (ધનવાનના) દ્વારમાં ચાકરોની જેમ ઊભા રહે છે.

ચણીની પ્રિયા વિચારવા લાગી કે આ સંસાર અસાર છે. કારણ કે ખરાબ વસ્ત્રવાલી એવી મને બહેનોએ પણ હાંસી કરી. કહયું છે કે:– જેની પાસે ધન છે. તે મનુષ્ય કુલવાન છે તે પંડિત છે. તે જ્ઞાની છે. તે ગુણને જાણનારો છે. તે જ વક્તા છે. તે જ માન કરવા લાયક છે. સર્વેગુણો સોનાનો આશ્રય કરે છે. પોતાના ઘરે આવેલી કરમાયેલા મુખવાલી પોતાની શ્રેષ્ઠ– પ્રિયાને જોઇને ચણી બ્રાહ્મણે કહ્યું કે હે પ્રિયા! તું હમણાં કેમ દુઃખી થઇ છે ? પત્નીએ પોતાના દુઃખનું સ્વરુપ કહતે છતે ચણીએ કહયું હે પ્રિયા ! દુઃખ ન કરવું. તને સુખ થશે.

**न ह्येक दिशया कालो - गमिष्यति नृणां क्वचित् ।**
**यतोऽर्के द्वादशावर्यावर्योऽवस्था क्रमात् पुनः ॥**

મનુષ્યોનો કાલ (સમૂહ) કોઇ ઠેકાણે એક દિશાએ જશે નહિ. કારણ કે સૂર્યને બાર શ્રેષ્ઠ અને અશ્રેષ્ઠ અવસ્થા અનુક્રમે હોય છે. પાટલિપુત્ર નગરમાં યાચકોને ધન આપતા નંદરાજાને આદરપૂર્વક સાંભળીને ત્યાં ચાણક્ય ગયો. રાજાના સેવકોએ આસનો શોભાવ્યાં. ત્યારે તે બ્રાહ્મણ મૂલ આસનપર પોતાની ઇચ્છાપૂર્વક સિંહની જેમ બેઠો. પુત્ર સહિત નંદે આવીને બ્રાહ્મણવડે મૂલ આસન રોકાયેલું જોઇને રોષવડે મોટા અવાજપૂર્વક ચાકરોને કહ્યું. આ દુષ્ટ બ્રાહ્મણને મૂલ એવા આસન ઉપરથી ઉઠાડી મૂકો. તે પછી રાજસેવકે ચાણક્ય બ્રાહ્મણને કહ્યું આ આસન ઉપરથી ઊભો થા. બીજા આસન ઉપર બેસ.

ત્યારે ઉઠાડાતાં એવા તે બ્રાહ્મણે બીજા આસન ઉપર પોતાનું કમંડલું મૂક્યું. દંડવડે ત્રીજું આસન, જપમાલાવડે ચોથું આસન અને જનોઇવડે પાંચમું આસન રોક્યું. બળાત્કારે ઊભા કરાતા ચાણક્યે. રાજાને કહ્યું કે પુત્રસહિત આપને હું રાજ્ય ઉપરથી દૂર કરીશ. રાજાએ કહયું કે આ બિચારો દિવસના અંતે ખાલી જગ્યામાં (ખુલ્લી જગ્યામાં) સૂઇ ગયો હશે. તેથી વાયડો થયો છે. તેથી હમણાં આ પ્રમાણે બોલે છે.

ચાણક્ય ગયો ત્યારે રાજા વિચારવા લાગ્યો કે આઠ નંદરાજાઓએ આઠ સુવર્ણ પર્વતો (ટેકરીઓ) નિશ્ચે કર્યા છે. હું હમણાં નવમો સોનાનો પર્વત જલદી કરું ? પછી તે નંદે પણ સોનાનો પર્વત કરાવ્યો. તે નગરમાંથી નીકળીને કોપરૂપી અગ્નિવાળો ચાણ ક્ય વિચારવા લાગ્યો. બિંબથી અંતરાલ રાજા થઈને હું રાજ્ય કરું.

**कइ अप्पण पइ थाइ, कइ प्रभु कीजइ हाथि।**
**कज्जकरे वा मानुसह, बीजआ माग न अत्थि॥१॥**

કેટલાક (મનુષ્યો) પોતાના હાથે સ્વામી થાય છે. કેટલાક (મનુષ્યો) પ્રભુના હાથે સ્વામી કરાય છે. મનુષ્યને કાર્ય કરવામાં બીજો માર્ગ નથી (૧) રાજ્યયોગ્ય માણસને જોવા માટે ભ્રમણ કરતો ચાણક્ય બ્રાહ્મણ નંદરાજાના મયૂરનામના ગામમાં આવ્યો. ત્યાં રાજાના ગરાસને ખાતો મયૂરપોષક મયૂરોને તેની રક્ષા કરવાથી પોષણ કરતો હતો. ત્યાં ઘરે ઘરે ભિક્ષાને માટે ભ્રમણ કરતો ચાણક્ય તે મયૂરપોષકના ઘરે આવ્યો. તે મયૂર પોષકની પુત્રી રૂપસંજુષા ગર્ભવાલી થઈ ત્યારે ચંદ્રનું પાન કરવા માટે દોહદ થયો. ચાણક્યે મોરપોષકની પાસે આદરપૂર્વક પૂછ્યું કે ક્યા કારણથી કાળું મુખ જોવાથી તારું દુઃખ દેખાય છે? મયૂરપોષકે પુત્રીનો દોહદ કહ્યો ત્યારે ચાણક્યે કહ્યું કે, તમારે જલદી ઉપચાર કરવો જોઈએ. જો દોહદ પૂરવામાં નહીં આવે તો તેનું જલદી મરણ થશે. મયૂરપોષકે કહ્યું કે તો ઉપચાર કરો. ચાણક્યે કહ્યું કે– જો તમે ઉત્પન્ન થયેલા બાળકને મને આપો તો હમણાં દોહદપૂર્ણ થાય. જો એમ નહિ કરો તો તમારી પુત્રી જલદી મરી જશે. તે પછી માતા–પિતાએ ભયથી તેનું વચન માન્યું. ચાણક્યે છિદ્ર સહિત અદ્ભુત મંડપ કરાવ્યો. તેની નીચે ઊંચા મુખવાલી તે સ્ત્રીને સુવડાવી. પૂર્ણિમાના દિવસે મધ્યરાત્રીએ આકાશની મધ્યમાં ચંદ્ર હતો ત્યારે ચાણક્યે તેને (તે સ્ત્રીને) ચંદ્રનું બિંબ બતાવ્યું. તેના (ચંદ્રના) મુખ ઉપર સાકર મિશ્રિત દૂધ નાખવાથી ચંદ્રના અમૃતના પાનની ઈચ્છા બુદ્ધિના બલથી પૂર્ણ થઈ.

અનુક્રમે ચંદ્ર આગળ ગયો ત્યારે લોકો આ પ્રમાણે કહેવા લાગ્યા કે આ સ્ત્રીએ હમણાં નિશ્ચે અમૃતથીપૂર્ણ એવા ચંદ્રનું પાન કર્યું. તે પછી મયૂરપોષકની પુત્રી અત્યંત સ્વસ્થ થઈ. સુખને પામેલી એવી તેણીએ સુંદર વેલાએ પુત્રને જન્મ આપ્યો. આનો દોહદ ગુપ્ત ચંદ્રથી–તેનું પાન કરવાથી પૂર્ણ થયો. આથી પિતાએ હર્ષથી તેનું ચંદ્રગુપ્ત એવું નામ આપ્યું.

આ બાલકને હું અવસરે અંગીકાર કરીશ. આથી હમણાં ધન ઉપાર્જન કરવા માટે હું પૃથ્વીતલમાં ભમું. આ પ્રમાણે વિચારીને તે ચાણક્યે ગામે ગામે અને નગરે નગરે ધાતુના જાણકારોને પૂછીને તેણે ધનમાટે ધાતુવાદ કર્યો.

આ તરફ બધા બાલકો સાથે ચંદ્રગુપ્ત દિવસે દિવસે (રોજરોજ) ક્રીડા કરતો પોતે જાતે નિશ્ચે ગામનો– નગરનો સ્વામી થાય છે. તે બાળકોને હાથી કરીને ઘોડા કરીને તેની ઉપર ચઢતો હતો. ઘણું કરીને પોતપોતાનાં કાર્યથી ભાવિનું સ્વરૂપ જણાય છે. બનાવટી હાથી–ઘોડા આદિવડે રાજ્ય સ્થિતિ કરતાં ચંદ્રગુપ્તને જોઈને ચાણક્યે કહ્યું કે હે કુમાર મને અશ્વ વગેરે આપ. તે પછી કુમાર બોલ્યો કે તમે અશ્વ હસ્તિ આદિ ધન ઈચ્છા મુજબ ગ્રહણ કરો. ચાણક્યે વિચાર્યું કે આ મહાપુરુષ દાનમાં પરાક્રમી છે. તે પછી બાળકની આગળ પોતે કરેલો પૂર્વનો ઉપકાર કહ્યો. જો તું મારી સાથે

આવે તો તને જલદીથી રાજ્ય આપીશ. એ પ્રમાણે બાળકની આગળ ચાણક્યે કહ્યું. પોતાના રાજ્યની પ્રાપ્તિનો સંબંધ કબૂલ કરીને ચંદ્રગુપ્તે રાજ્યપ્રાપ્તિની ઇચ્છાથી ચાણક્યની વાણીને કબૂલ કરી. કહ્યું છે કે :-

**मूलं मोहविषद्रुमस्य सुकृताम्भोराशिकुम्भोद्भवः,**
**क्रोधाग्नेररणिः प्रतापतरणिप्रच्छादने तोयदः।**
**क्रीडासद्म कलेर्विवेकशशिनः, स्वर्भाणुरापन्नदी-**
**सिन्धुः कीर्तिलताकलापकलभो लोभो नृणां वर्द्धते॥१॥**

લોભ એ મોહરૂપી વિષવૃક્ષનું મૂલ છે. પુણ્યરૂપી સમુદ્રને પી જવામાં અગસ્ત્ય ઋષિ જેવો છે. ક્રોધરૂપી અગ્નિને ઉત્પન્ન કરવામાં અરણિ (ના લાકડા) જેવો છે. પ્રતાપરૂપી સૂર્યને ઢાંકવામાં મેઘ જેવો છે. કજિયાનું ક્રીડા ઘર છે. વિવેકરૂપી ચંદ્રને ઢાંકવામાં મેઘ જેવો છે. આપત્તિરૂપી નદીઓનો સમુદ્ર છે. કીર્તિરૂપી લતાના સમૂહને ઉખેડી નાખવામાં હાથીના બચ્ચા સરખો લોભ મનુષ્યમાં વધે છે.

ચાણક્ય ચંદ્રગુપ્તને લઈને ધાતુવાદથી સોનું વગેરે પાયદલસેના વગેરેને કરીને પૃથ્વીને કરી. તે પછી સર્વ સૈન્યવડે અને તે પાયદલવગેરે સેનાવડે ચારે દિશામાં પાટલીપુત્ર શહેરને વીંટી લીધું. નંદરાજાએ અલ્પ છાવણીવાલા ચાણક્યને આવેલો જાણીને નગરમાંથી નીકળીને એકદમ લીલાવડે કૂટ્યો. (માર્યો) શત્રુવડે પોતાના વિષયમાં વિઘ્નને જાણીને જલદી વિચાર કરીને નાસીને ચંદ્રગુપ્ત સહિત ચાણક્ય દૂર ગયો. નંદરાજાએ પણ ચંદ્રગુપ્તને પકડવા માટે શ્રેષ્ઠ ઘોડેસવારોને આદેશ કર્યો. અને તેઓ આદર કરવાપૂર્વક તેની પાછળ ચાલ્યા. જીતથી શોભતા નંદરાજાએ જલદી પોતાના નગરમાં આવીને જયઢક્કાનો અવાજ શ્રેષ્ઠ શબ્દપૂર્વક વગડાવ્યો. તે ઘોડેસવારોમાંથી એક ઘોડેસવાર ઉતાવળ કરવાપૂર્વક ચંદ્રગુપ્તની પાછળ પૃથ્વીપર તેને હણવાની ઇચ્છાવાળો દોડ્યો. ચાણક્યે પણ તેને આવેલો જાણીને શ્રેષ્ઠબુદ્ધિવાલા તેણે ચંદ્રગુપ્તને સરોવરની અંદર ગુપ્તપણે સ્થાપન કર્યો. ઘોડેસવારે ચાણક્યને પૂછ્યું કે ચંદ્રગુપ્ત ક્યાં છે ? ચાણક્યે કહ્યું કે- ચંદ્રગુપ્ત સરોવરની મધ્યમાં છે. તે ઘોડેસવાર ઘોડાને ત્યાં મૂકી જેટલામાં ચંદ્રગુપ્ત પાસે ગયો. તેટલામાં તેણે સ્નાન કરીને ઘોડેસવારના હાથમાંથી તલવાર લઈ લીધી. તે તલવાર વડે તેનું મસ્તક કાપી તે વખતે બહાર આવીને ચંદ્રગુપ્ત ચાણક્યને મલ્યો, અને તેની તલવાર બતાવી.

જલદી ચાણક્યે ચંદ્રગુપ્તને ઘોડાપર બેસાડીને ચાલતાં નંદરાજાના બીજા ઘોડેસવારને જોયો. યમની સરખી આકૃતિવાળા ચંદ્રગુપ્ત અને ચાણક્યને આવતાં જોઈને ધોબી નાસી ગયો. ત્યાં ચાણક્ય આવ્યો. પછી કૂવાની મધ્યમાં ચંદ્રગુપ્તને સ્થાપન કરીને ચાણક્યે ઘોડાને ગુપ્તપણે બાંધીને પોતે કૂવાની પાસે ઊભો રહયો. ઘોડેસવારે પૂછ્યું કે- હે ધોબી ! તમારાવડે અહીં જતો મનુષ્ય જોવાયો છે ? ચાણક્યે "કૂવાની અંદર પોતાની આંગળીની સંજ્ઞાવડે કહ્યું. ત્યાં પણ પૂર્વની જેમ ઘોડાને છોડી કૂવામાં પ્રવેશ કરી જેટલામાં ચંદ્રગુપ્તને હણતો હતો તેટલામાં તેણે પણ હાથમાં તલવાર લીધી. ને તે તલવારવડે નંદના સેવક એવા ઘોડેસવારને હણીને બહાર નીકળીને ચાણક્ય મંત્રીને મળ્યો.

તે પછી તે બંને શ્રેષ્ઠવસ્ત્રો પહેરીને ઘોડાઉપર ચઢેલા ચાલતાં ગામની પાસે ગયા. ભૂખવડે મરતાં શ્રેષ્ઠ મિત્રએવા તે ચંદ્રગુપ્તને જાણીને ચાણક્ય નગરમાં ભિક્ષાને માટે ચાલ્યો. માર્ગમાં ખાધાં છે. ઘી-દૂધને ખાંડ જેણે એવા મનોહર

માણસને પ્રપંચથી પૂછીને આવતો જાણ્યો. તેનું પેટ ચીરીને જલદી દૂધ વગેરે લઇને પાત્રમાં નાંખીને ચાણક્ય ચંદ્રગુપ્ત પાસે આવ્યો. ચાણક્યે સ્વામીભક્તિથી દૂધ વગેરે ચંદ્રગુપ્તને ખવરાવીને જલદી સ્વચ્છ પાણી પાયું. તે પછી સ્વસ્થ થયેલા ચંદ્રગુપ્તે ચાલતાં ચાણક્ય મંત્રીને કહ્યું કે હું તમારા ઉપકારથી ક્યારે છૂટીશ. તે પછી પોતાનું પેટ ભરવા માટે નગરમાં ભમતા ચાણક્યે કોઇના ઘરમાં આવા પ્રકારનું વચન સાંભળ્યું. હે બાલક! ઊની રાબમાં ચાણક્યની (જેમ) હાથને નાંખતો પહેલાં નંદના નગરને વીંટવાથી ચાણક્ય જેવો ન થા. પહેલાં બહાર રહેલી રાબ ધીમે ધીમે ખાવી જોઇએ. પછી વચ્ચેની રાબ– અવિરતપણે ખા.

આ સાંભળી ચાણક્યે વિચાર્યું કે આ સ્ત્રી મને અત્યંત ઠપકો આપે છે. શરુઆતમાં મારે ચારે તરફનાં ગામોને મજબૂતપણે સ્વીકાર કરવાં. તે પછી સુખપૂર્વક પાટલી પુત્ર–શહેર ગ્રહણ કરાય. તે પછી મારાવડે નિશ્ચે નંદરાજા પણ સુખવડે હણાય. નંદરાજાનું રાજ્ય ચંદ્રગુપ્તને અપાશે. તેથી પોતાનો મનોરથ નિશ્ચે પૂર્ણ થશે. તે પછી હિમવંતના શિખરપર જઇને ચંદ્રગુપ્ત સહિત ચાણક્યે પર્વતરાજાસાથે ગાઢમૈત્રી કરી. ચાણક્ય ગુરુની જેમ ચંદ્રગુપ્તની આનંદથી સેવા કરે છે. નંદના રાજયઉપર ચંદ્રગુપ્તને સ્થાપવાને ઇચ્છતા બ્રાહ્મણોમાં ઉત્તમ એવા ચાણક્યે પર્વતરાજાને કહ્યું: જો તું મારું કહ્યું કરે તો હમણાં જલદી નંદરાજાનું અર્ધરાજ્ય તને અપાશે. ને પ્રપંચથી ચંદ્રગુપ્તને મારે અર્ધું રાજ્ય આપવાનું છે.

પર્વતરાજાએ કબૂલ કર્યું ત્યારે ચાણક્ય મંત્રીશ્વર પર્વતરાજા સહિત નંદના દેશમાં આવ્યો. ચારે તરફનાં ગામો નગર ને કિલ્લાઓને બુદ્ધિથી વશકરતો અનુક્રમે ચંદ્રગુપ્ત પર્વતરાજા સહિત ગયો. ઘણી સેનાનીસાથે પાટલીપુત્રના છેડા સુધી જઇને નંદને જીતવા માટે ચાણક્ય સહિત ચંદ્રગુપ્ત રહ્યો. ચંદ્રગુપ્તના સૈન્યવડે પાટલીપુત્ર ઘેરાયે છતે પ્રજા સહિત નંદરાજા વિશેષ વ્યાકુલ થયો. ચંદ્રગુપ્તે નંદની સાથે તેવીરીતે યુદ્ધ કર્યું કે જેથી નગરીનાં દ્વારો બંધ કરીને નંદરાજા યુદ્ધમાં તત્પર રહ્યો. જ્યારે ચંદ્રગુપ્તવડે પાટલીપુર ગ્રહણ કરાતું નથી. ત્યારે ચાણક્યે માતૃકાઓનું અદ્‌ભુત બલ જાણ્યું. પોતાના હાથમાં પુસ્તક કરીને ચાણક્ય નગરની અંદર જઇને લોકોવડે પુછાયેલો ચૌટામાં કંઇક કંઇક બોલે છે. લોકોવડે પૂછાયું કે– આ નગર ઘેરામાંથી ક્યારે છૂટશે? ચાણક્યે કહ્યું કે ભયપામતાં એવા મારાવડે કહેવું શક્ય નથી. લોકોએ કહ્યું કે તમને કોનાથી ભય છે તે કહો! ચાણક્યે કહ્યું કે– માતૃદેવીઓની પાસેથી ભય છે. લોકોએ કહ્યું કે તમારાવડે અમારી આગળ હમણાં જે જે કહેવાશે તે તે અમારાવડે દુષ્કર પણ સુકર કરાશે. ક્ષણવાર ધ્યાનનું નાટક કરીને ચાણક્યે કહ્યું કે દેવમંદિરમાં આગળ જે સાત માતાઓ રહી છે. તેઓને જો બીજા દેવમંદિરમાં સ્થાપન કરવામાં આવે તો બધા લોકોને નિશ્ચે સુખ થશે. તે પછી નગરજનોએ તે માતૃમંડળને ઉખેડી નાંખ્યું. અને નગરના સુખનેમાટે બીજા (દેવ) ઘરમાં મૂક્યું મનુષ્ય પોતાના માટે શું શું અકાર્ય કરતો નથી? તે વખતે મનમાં અત્યંત હર્ષપામેલા ચાણક્યે કહ્યું કે

**वृक्षं क्षीणफलं त्यजन्ति विहगाः शुष्कंसरः सारसाः,**
**पुष्पं पर्युषितं त्यजन्ति मधुपा दग्धं वनान्तं मृगाः ।**
**निर्द्रव्यं पुरूषं त्यजन्ति गणिका भ्रष्टंनृपं सेवकाः;**
**सर्वं कार्यवशाज्जनोऽत्र रमते नो कस्य को वल्लभः ।।१।।**

પક્ષીઓ ફલ વગરના વૃક્ષને છોડી દે છે. સારસ પક્ષીઓ સુકાયેલા સરોવરને છોડી દે છે. ભમરાઓ વાસીફૂલને છોડી દે છે. મૃગો બળેલા વનના છેડાને છોડી દે છે. વેશ્યાઓ ધન વગરના પુરુષને છોડી દે છે. સેવકો ભ્રષ્ટ થયેલા રાજાને છોડી દે છે. સર્વ લોકો કાર્યના વશથી જ અહીં આનંદ પામે છે. કોઇ કોઇને વહાલો નથી. (૧) ચાણક્યના વચનથી ચંદ્રગુપ્ત ને પર્વતરાજા જ્યારે (પાછા) ખસીને રહ્યા ત્યારે લોકો ચાણક્યનો આશ્રય કરવા લાગ્યા. કહ્યું છે કે:-

**मायाशीलह माणुसह, किम पत्तिज्जणु जाइ।**
**नीलकंठ महुरं लवइ, सविषभुयंगम खाइ॥१॥**

માયાશીલ મનુષ્યનો કઇ રીતે વિશ્વાસ કરી શકાય? મોર મીઠું બોલે છે. અને ઝેરવાળા સર્પને ખાઇ જાય છે. (૧) ચાણક્યે કહેલા સમયે ચંદ્રગુપ્ત અને પર્વતરાજા ચિંતવાયા વગરના (ઓચિંતા) ગુપ્તપણે સેનાસહિત નગરમાં આવ્યા. ક્ષીણ થયો છે ખજાનો જેનો એવો નંદરાજા તે વખતે ચાણક્યવડે આ પ્રમાણે કહેવાયો કે હે રાજા ! હમણાં તારાગ્રહો પ્રતિકૂલ છે. હમણાં તમારાવડે ઉપાયપૂર્વક પ્રાણો રક્ષણ કરી શકાય. તે પછી આગળ તમારા જીવતાં અથવા મરતાં ક્યાંય કલ્યાણ નથી. નંદરાજાએ કહ્યું કે હમણાં મારાવડે કઇરીતે રક્ષણ કરાય? તે પછી ચાણક્યે ધ્યાન કરીને તે રાજાને કહ્યું.

હે રાજન ! બે સ્રી સહિત ને કંઇક ધનસહિત ધર્મદ્વારરૂપી રથવડે કરીને તું હમણાં નીકળી જા હે રાજન ! ધ્યાન કરતે છતે મારા દ્રષ્ટિગોચરપણામાં કોઇ બલવાન રાજા તને વિઘ્ન કરશે નહિ. નંદરાજા બે સ્રી અને એક પુત્રી લઇને જ્યારે નીકળે છે. તે વખતે નંદપુત્રી પણ નીકળી. ચંદ્રગુપ્ત રાજાને જોઇને નંદની પુત્રી રમા તે કામદેવ સરખા તેને વરવા માટે અત્યંત કામાતુર થઇ. પુત્રીનાહૈયામાં રહેલા ચંદ્રગુપ્તને જાણીને પિતાએ કહ્યું કે હે પુત્રી ! પોતાની ઇચ્છા મુજબ તું જા. અને ચંદ્રગુપ્ત રાજાને વર કહ્યું છે કે :-

**वरीतुं तु वरं कन्या, स्वान्तचिन्तितमेव हि।**
**ईहते तु विशेषण, क्षत्रियस्य च कन्यका॥१॥**

કન્યા પોતાના હૈયામાં ચિંતવેલા વરને વરવામાટે ઇચ્છે છે. ને વિશેષે કરીને ક્ષત્રિય કન્યા ઇચ્છે છે. તેથી તેનાથી ઉત્પન્ન થયેલી-નંદની પુત્રી-રથમાંથી વેગથી ઊતરીને ચંદ્રગુપ્તના રથમાં ચઢી ગઇ. તે વખતે તે રથના નવઆરા ભાંગી ગયા. ચંદ્રગુપ્તે ચાણક્યને કહ્યું કે આ કન્યા સારી નથી. ચાણક્યે કહ્યું કે પાપ વગરની આ કન્યા-તારી થશે. હે રાજન! તારાવડે આ કન્યા- પરણાશે ત્યારે નવરાજા સુધી તારું રાજ્ય અખંડ થશે. જે કારણથી રાજાઓ હાથી ઉપર ચઢતા નથી. પણ રથનો આશ્રય કરનારા હોય છે. આવેલી તે કન્યા ચંદ્રગુપ્ત વડે પરણાઇ-ચાણક્યે કહ્યું કે હે સ્વામિ! શરુઆતમાં સ્વયંવરા એવી લક્ષ્મી આવી. આથી તમારું વૃદ્ધિપામતું મોટું રાજ્ય થશે.

તમારે સર્વસ્રીઓમાં આને મુખ્ય કરવી. તે પછી તે શ્રેષ્ઠરાજ્યઉપર સારા ઉત્સવપૂર્વક ચંદ્રગુપ્ત બેઠો. અને

યાચકોને ઇચ્છા મુજબ દાન આપ્યું. તે પછી નંદરાજાના આવાસમાં ચંદ્રગુપ્ત ને પર્વતરાજા બેઠા અને નંદરાજાની લક્ષ્મી પરસ્પર વહેંચવા માટે શરુઆત કરી. નંદરાજાના ઘરમાં દેવાંગના સરખી એક કન્યા હતી. તેના સ્વરૂપને નહીં જાણતાં પર્વતરાજાવડે વરાઇ, (પરણાઇ) તેનો કન્યાનો હાથ લાગે છતે એકદમ પર્વતરાજા દાહજ્વરથી વ્યાપ્ત થયેલો મરણાભિમુખ થયો. પ્રયત્નથી ઘણા ઉપચાર કર્યા તો પણ પર્વતરાજા કર્મયોગથી મરણ પામ્યા.

**श्रियो विद्युल्लोला: कतिपयदिनं यौवनमिदं,**
**सुखं दु:खाघ्रातं वपुरनियतं व्याधिविधुरम्।**
**दुरापा: सत्पत्न्यो बहुभिरथवा किं प्रलपितै -**
**रसार: संसारस्तदिह निपुणं जागृत जना: ! ॥**
**माता पिता भैषजमिष्ट देवो, विद्या प्रिया नन्दनबन्धवाश्व।**
**गजाश्वभृत्या बलपद्मवासे - नेशाजनं रक्षितु मन्तकाले॥**

લક્ષ્મી વીજળી સરખી છે. આ યૌવન કેટલાક દિવસનું છે. સુખ એ દુ:ખથી વ્યાપ્ત આ શરીર અસ્થિર છે. અને વ્યાધિથી વ્યાપ્ત–ભરેલું છે. ઉત્તમ પત્નીઓ દુ:ખે કરીને મળી શકે એવી હોય છે. અથવા તો હે મનુષ્યો ઘણું બોલવાવડે શું ? આ સંસાર અસાર છે. જેથી તમે નિપુણપણે જાગો. માતાપિતા–ઔષધ– ઇષ્ટદેવ– વિદ્યા –પ્રિયા– પુત્ર– બાંધવ– હાથી– ઘોડા–ને સેવકો મૃત્યુ સમયે અંતકાલે રક્ષણ કરવા માટે સમર્થ ન થયા. અર્ધરાજ્યને લેનારો પર્વતરાજા જલદી ચંદ્રગુપ્તના પુણ્યના ઉદયથી એકદમ મૃત્યુ પામ્યો. કહ્યું છે કે–

**सत्तुं शरीरायत्तुं, दैवायत्तिरिद्धि,**
**इक्कलउ बहुहिं भिडइ, जिहां साहस तिंहा सिद्धि॥१॥**
**खेडी म खूंटा टालि, खूटा विणु रवाखइ नहीं;**
**साहसी हुतउ हलि वहइ-देवह तणइ कपाली॥२॥**
**उद्यमं कुर्वतां पुंसां, भाग्यं सर्वत्र कारणम्**
**समुद्र मथनाल्लेभे, हरिर्लक्ष्मीं हरो विषम्॥३॥**

શત્રુ શરીરને અધીન થાય છે. ઋદ્ધિ ભાગ્યને અધીન થાય છે. એકલો ઘણાની સાથે લડે છે. જ્યાં સાહસ હોય છે ત્યાં સિદ્ધિ થાય છે. (૧) ખૂંટાને ખેડતો નહિ ને ખૂંટાને ટાલ્યા વિના રહેતો નથી. જે સાહસી હોય છે તે ભાગ્યના કપાળમાં હલ વહન કરે છે. (૨) પુરુષને ઉદ્યમ કરતે છતે સર્વ ઠેકાણે ભાગ્ય કારણ છે. સમુદ્ર મંથનથી વિષ્ણુએ લક્ષ્મીને મેળવી અને શંકરે ઝેર મેળવ્યું. (૩) બે રાજ્ય થયે છતે મંત્રી વગેરેએ હર્ષથી ચંદ્રગુપ્ત રાજાનો રાજ્યાભિષેક કર્યો. ચાણક્ય વિશેષે કરીને સર્વરાજ્યની ચિંતા કરતો આત્માની જેમ સતત રાજાને અત્યંત વલ્લભ થયો. કહ્યું છે કે:-

**महावीरस्य देवस्य मुक्ते: वर्षशते गते।**
**पञ्चपञ्चाशदधिके चन्द्रगुप्तोऽभवन्नृप: ॥१॥**

શ્રી મહાવીરદેવની મુક્તિથી એકસોને પંચાવન વર્ષ ગયે છતે ચંદ્રગુપ્તરાજા થયો. (૧) અહીં આગળ પૃથ્વીતલને પાવન કરતાં સુરાચાર્ય તે નગરીના બાહ્ય ભાગમાં તરતજ સમવસર્યા. તે પછી રાજા ત્યાં જઈને ગુરુરાજનાં બે ચરણોને નમીને જેટલામાં ધર્મ સાંભળવા ગયો. ત્યારે શ્રીગુરુ બોલ્યા કે :– નિદ્રાને અંતે પંચપરમેષ્ઠીનું સ્મરણ કરવું. તે પછી દેવપૂજાનો વ્યાપાર કરવો. (કાર્ય કરવું.) સાધુઓને પ્રણામ કરવો. પ્રમાદનો ત્યાગ કરવો. સિદ્ધાંતના તત્ત્વને સાંભળવું. સર્વને ઉપકાર કરવો. પવિત્ર વ્યવહાર કરવો. ઉત્તમ પાત્રના દાનમાં પ્રેમ કરવો. કલ્યાણવડે નિર્મલ ધર્મકાર્યમાં રક્ત થવું. આવા પ્રકારની મનુષ્યોની સ્થિતિ વખાણવા લાયક છે. ઇત્યાદિ ધર્મ સાંભળીને ચાણક્ય અને ચંદ્રગુપ્તે સમ્યક્ત્વ આદિથી યુક્ત શ્રાવકધર્મ આદરથી ગ્રહણ કર્યો. તે પછી રાજા ન્યાયમાર્ગવડે હંમેશાં પ્રજાનું રક્ષણ કરતો ચાણક્ય મંત્રી સહિત ધર્મકાર્યો કરે છે. વિષમ પ્રદેશમાં રહેતા નંદરાજાના સેવકો ગુપ્તમાર્ગે ચંદ્રગુપ્તના રાજ્યમાં ચોરી કરે છે. નગરીની રક્ષા કરનારા કોઈક માણસની તપાસ કરતો નિર્મલ બુદ્ધિવાળો ચાણક્ય કોઈક કોળીના ઘરમાં ગયો. મંકોડાના દરમાં અગ્નિને નાંખતા કોળીને જોઈને તે વખતે ચાણક્ય બોલ્યો કે તારાવડે આ શું કરાય છે? કોળીએ કહ્યું કે મારા પુત્રોને ઉપદ્રવ કરનારા મંકોડાઓને હું મૂલમાંથી ઉખેડી નાંખતો હું અહીંયાં રહું છું.

ચાણક્યે બુદ્ધિ અને વ્યવસાયવડે શ્રેષ્ઠ કોળીને વેગથી જાણીને ચંદ્રગુપ્તની આગળ તે કહ્યું. ત્યાં ચંદ્રગુપ્તવડે ચાણક્યે કોળીને બોલાવીને એકદમ શત્રુઓને છેદવા માટે નગરનો અધ્યક્ષ–કોટવાળ કર્યો (બનાવ્યો) તે કોળીએ અનુક્રમે નંદરાજાના સેવક એવા ચોરોને ઇંગિત આકાર આદિવડે ઓળખીને વિશ્વાસ પમાડી પ્રપંચથી મારી નાખ્યા. ચાણક્ય પહેલાં જે ગામમાં ભિક્ષા પામ્યો ન હતો. તેઓને શરુઆતમાં શિક્ષા આપીને ફરી ફરી આ પ્રમાણે કહ્યું. તમારા જેવાઓએ દીન–દુઃખી ને તપસ્વી આદિ જીવોને આદરપૂર્વક હંમેશાં પોતાની સંપત્તિને અનુસારે દાન દેવું જોઈએ.

**न कयं दीणुद्धरणं, न कयं साहम्मियाण वच्छल्लं।**
**हिययम्मि वीयराओ, न धारिओ हारिओ जम्मो।।१।।**
**अभयं सुपत्तदाणं, अनुकंपा उचिअ कित्तिदाणंच।**
**दोविहिं मुक्खो भणिओ, तिन्निवि भोगाइयं दिंति।।२।।**

જેણે દીનનો ઉદ્ધાર કર્યો નથી. જેણે સાધર્મિકનું વાત્સલ્ય કર્યું નથી. હૃદયમાં વીતરાગ ભગવંતને ધારણ કર્યા નથી. તે મનુષ્ય જન્મ હારી ગયો છે. (૧) અભયદાન– સુપાત્રદાન– અનુકંપાદાન– ઉચિત– ને કીર્તિદાન. તે પાંચ દાનોમાંથી બે દાનવડે મોક્ષ કહયો છે. ને ત્રણ દાનો ભોગ આદિ આપે છે. તે પછી નિરંતર દાન આપતો રાજા કર્ણ આદિ દાનેશ્વરીઓની શ્રેણીમાં અનુક્રમે રેખાને પામ્યો. ચંદ્રગુપ્તના ખજાનાને થોડો જાણીને ચાણક્યે સોનામહોરોવડે થાલ ભરીને લોકોને આ પ્રમાણે કહેવા લાગ્યો. મારી સાથે પાસાવડે જુગાર રમતાં જે મનુષ્ય મને જીતી જાય, તે આ સોનામહોરથી ભરેલો થાલ મારી પાસેથી ગ્રહણ કરે. જુગાર રમતો હું જે મનુષ્યને જીતું તે મનુષ્ય મને એક સોનામહોર આપે. પથ્થરમાં કોરેલી રેખા જેવું આ મારું વચન છે. તે પછી જયને આપનારા દિવ્ય પાસાઓ વડે જુગાર રમતા ચાણક્યે લોકો પાસેથી ત્રણકરોડ પ્રમાણ સોનામહોરો ઉપાર્જન કરી. ચાણક્ય ચંદ્રગુપ્ત રાજાના ભંડાર માટે દરેક શેઠ પાસે પ્રગટપણે સો સો સોનામહોર માંગે છે. તે વખતે શ્રેષ્ઠીઓ બોલ્યા કે અમારા ઘરમાં લક્ષ્મી થોડી છે. તેથી અમારાવડે

તમને લક્ષ્મી કેમ અપાય? મંત્રીશ્વરે ઉત્સવ માંડીને શ્રેષ્ઠીઓને જમવા માટે બોલાવીને શ્રેષ્ઠ ભોજન જમાડીને મદિરા પિવડાવીને ચિત્રશાલામાં સુવડાવેલા તે શેઠિયાઓ હાસ્યમાં તત્પર એવા પરસ્પર પોતપોતાના ઘરની લક્ષ્મી કહેવા લાગ્યા.

ચાણક્યે કહ્યું કે મારા ઘરમાં સોનાનો દંડ છે. ને શ્રેષ્ઠ માણિક્યથી ભરેલ સુંદર ચાર સોનાની કૂંડીઓ છે. ને ચાર કરોડ પ્રમાણ સોનામહોરથી (યુક્ત) ચંડિક નામે રાજા મારે વશ છે. તેથી ઝાલર વગાડો. તે પછી કોળીઓએ ઝલ્લરી વાદ્ય વગાડે છતે તે વખતે બીજો શેઠ હાથ ઊંચો કરીને મોટેસ્વરે પ્રગટપણે બોલ્યો.

* આઠસો યોજન જવામાં હાથીનાં જેટલાં પગલાં થાય તેટલા હજાર સોનામહોરવડે હું દરેક પગલાની પૂજા કરું, પૂર્વની જેમ ઝાલર વાગે છતે બીજો કોઈ બોલ્યો કે

* એક મૂઢો તલ વાવે ત્યારે, વરસાદ વરસે ત્યારે, અને સારો વાયુ હોય ત્યારે જેટલા તલ થાય, તેટલા હજાર સોનામહોર મારા ઘરમાં છે, માટે ઝાલર વગાડો,

* પૂર્વની જેમ ઝાલર વાગી ત્યારે બીજો બોલ્યો કે વરસાદ આવવાથી યમુના ને ગંગા પાણીવડે અત્યંત ભરાય છે. ત્યારે એક દિવસના ગાયના માખણવડે હું અટકાવું, માટે હે કોળી ! તમે જલદી ઝાલર વગાડો,

* પૂર્વની જેમ ઝાલર વાગી ત્યારે બીજો ધનેશ્વર બોલ્યો કે એક દિવસે જન્મેલા જાતિવંત ઘોડાઓની સંખ્યાવડે અયોધ્યા અને પાટલી પત્તન ભરાય જાય, તો પણ તે ઘોડાનાં શ્રેષ્ઠ બચ્ચાંઓ મારા ઘરમાં ઘણાં છે. આથી હે વાજિંત્રને વગાડનારા હમણાં ઝાલર વગાડો.

* પૂર્વની જેમ ઝાલર વાગી ત્યારે બીજો માણસ બોલ્યો કે ભરતના સર્વ મનુષ્યો એક વર્ષ સુધી જેટલા ચોખા ખાય તેટલા મારા ઘરમાં એક વર્ષમાં ઊગે છે, તેટલા જુદી જુદી જાતના ચોખા મારા ઘરમાં છે. માટે હે કોળીઓ ! હમણાં મજબૂતપણે ઝાલર વગાડો.

* ઝલ્લરી વાજિંત્ર વાગ્યું ત્યારે બીજો શેઠ અભિમાનવડે બોલે છે કે મારા ઘરમાં તેટલા પ્રમાણવાલું "ધાન્ય ને ધન" છે કે જે ધનવડે—ચંદ્રગુપ્ત રાજાવડે પાલન કરાયેલી પૃથ્વીને હું દેવા રહિત કરું, આથી હે કોળીઓ ! મજબૂત પણે હમણાં ઝાલર વગાડો.

* પૂર્વની જેમ ઝાલર વાગી ત્યારે બીજો શેઠ આ પ્રમાણે બોલ્યો કે. મારા ઘરમાં એક કરોડ રત્નો છે, સાત ભાર પ્રમાણ સોનું છે, ત્રણ મૂઢા મોતી છે, અને પરવાળાં વગેરે બીજી વસ્તુઓની સંખ્યા મારાવડે જાણી શકાતી નથી, આથી હે કોળીઓ ! એકદમ આ સમયે શ્રેષ્ઠ ઝાલર મધુર અવાજ સાથે તમારાવડે વગડાઓ વગડાઓ,

* સર્વ ઠેકાણે ચાણક્યવડે લોકો સાક્ષી કરાવાયા હતાં, કારણ કે તે બુદ્ધિનો ભંડાર—સ્વામીભક્ત ને ધર્મ ધુરંધર

હતો, કહ્યું છે કે :– એક યોજન જતાં હાથીના પગલાં પ્રમાણ સોનું અને એક દિવસે ઉત્પન્ન થયેલા જાતિવંત અશ્વો વગેરે તે પછી તે પૈસાદારે તેટલી લક્ષ્મી રાજાને આપી કે જે લક્ષ્મીવડે તેજ ક્ષણે રાજાનો ખજાનો ભરાઇ ગયો.

આ પ્રમાણે ચાણક્યવડે ચંદ્રગુપ્ત રાજાનો ભંડાર સોના–રુપા વગેરે અને વસ્ત્ર આભૂષણના સમૂહવડે ભરી દેવાયો. તે દેશમાં બારવર્ષનો દુકાળ પડ્યો ત્યારે ધનનાં મૂલ્યોવડે કોઇ ઠેકાણે થોડું પણ ધાન્ય મેળવાતું નથી.

**माता पुत्रं प्रिया कान्तं, कान्तः पत्नीं वरामपि।**
**त्यक्त्वा गच्छन्ति दूरे तु, न कोऽपि कस्य विद्यते॥**

માતા–પુત્રને, પ્રિયા પતિને, પતિ શ્રેષ્ઠ એવી પણ પત્નીને, છોડીને દૂર જાય છે. કોઇ કોઇનું થતું નથી. ચંદ્રગુપ્ત રાજાના ગુરુ સુસ્થિત નામના આચાર્યે તે વખતે અન્નના અભાવથી પોતાના ગણને દૂરદેશમાં મોકલ્યો. પૂજ્ય– ગુરુના વિયોગને સહન નહિ કરતા સોમ અને શુભંકર નામના બે નાના સાધુઓ શ્રીગુરુની સેવામાટે ત્યાં રહયા. કહયું છે કેઃ–

**श्लाघ्यन्ते गुरवः शश्वत् - सूत्रार्थयोः प्रकाशकाः।**
**याभ्यां विज्ञायते सर्वं हिताहितादि सर्वतः॥१॥**
**न जायते सदा सार्वः, भवन्ति गुरवः सदा।**
**अतः सेव्याः सदा सद्भि - र्गुरवो हितमिच्छुभिः॥२॥**

હંમેશાં સૂત્ર અને અર્થને પ્રકાશ કરનારા ગુરુઓ વખાણાય છે. જેમની પાસેથી ચારે તરફથી સર્વ હિતાહિત આદિ જણાય છે. (૧) સર્વજ્ઞ (ભગવંત) હંમેશાં હોતા નથી. ગુરુઓ હંમેશાં હોય છે. આથી હિતને ઇચ્છનારા સત્પુરુષોએ હંમેશાં ગુરુની સેવા કરવી. (૨) ગુરુએ કહયું કે હમણાં અહીં રહેલા તમે સારું નથી કર્યું. ખરેખર તમે બન્ને દુઃખરૂપી સમુદ્રમાં પડશો. તો પણ શ્રેષ્ઠ આશયવાલા તે બન્ને નાના સાધુઓ ગુરુ મહારાજની ભક્તિથી ત્યાં રહયા. ભોજન પાણી આપવાવડે શ્રી ગુરુનાં ચરણોની સેવા કરે છે. અલ્પએવી ભિક્ષાવડે દુઃખી થતા તે બન્ને નાના સાધુઓએ એકાંતમાં વિચાર કર્યો કે ભિક્ષા વિના મરી જવાશે. એક વખત એકાંતમાં ગુરુવડે સાધુઓને કહેવાતું અદૃશ્યપણાને કરનારું દિવ્ય અંજન તે બન્ને નાના સાધુઓએ સાંભળ્યું. ભૂખ્યા થયેલા તે બન્ને નાના સાધુઓ તે અંજનવડે નેત્રને આંજીને નથી ઓળખાયાં અંગ જેનાં એવા (તે) હંમેશાં ચંદ્રગુપ્ત રાજાના ભોજનમાં ખાવા લાગ્યા. આ પ્રમાણે હંમેશાં તે બન્ને જમતા હતા ત્યારે રાજા ઉણોદરીપણાને ભજનારો દુઃખી તપસ્વી પેઠે–કૃશ થયો. કહયું છે કે :– કૃષ્ણપક્ષના ચંદ્રની જેમ ધીમે ધીમે ચંદ્રગુપ્તરાજા તે બન્નેવડે આંચકી લેવાયું છે ભોજન જેનું એવો રાજા કૃશ થયો. કહયું છે કેઃ–

**लज्जामुज्झति सेवतेऽन्त्यजजनं, दीनं वचोभाषते,**
**कृत्याकृत्य विवेकामाश्रयति नो नापेक्षते सद्गतिम्।**
**भण्डत्वं विदधाति नर्त्तनकलाभ्यासं समभ्यस्यते,**
**दुष्पूरोदरपूरणव्यतिकरे किं किं न कुर्याज्जनः ? ॥१॥**

મનુષ્ય દુ:ખે કરીને પૂરી શકાય એવા પેટ ભરવાના વૃત્તાંતમાં (કાર્યમાં) શું શું કરતો નથી? લજ્જાને છોડે છે. ચંડાળલોકની સેવા કરે છે. દીનવચન બોલે છે. કરવા લાયક અને નહિં કરવા લાયકના વિવેકનો આશ્રય કરતો નથી. સદગતિની અપેક્ષા રાખતો નથી. ભાંડપણું કરે છે. નાચવાની કલાનો અભ્યાસ કરે છે. (૧) આ બાજુ ચાણક્યે ચંદ્રગુપ્તરાજાની પાસે કહ્યું કે હે રાજન ! તું હંમેશાં જમવા છતાં પણ ક્ષીણદેહવાલો કેમ થયો? રાજાએ કહ્યું કે–હ્રાસ (અપહરણ) થવાથી (બીજીવાર) પીરસાતું નથી. પરંતુ કોઇ અસુર અથવા પ્રેત પીરસેલું હરણ કરે છે."

ક્યારેક બે–ત્રણ ચાર કોળિયા મારા પેટમાં આવે છે, વધારે નહિં. હે મંત્રીરાજ! આ તમે જાણો. તપાસ કરવા છતાં પણ જ્યારે કોઇ બીજો જોવાયો નહિ તે વખતે ચાણક્ય અત્યંત ચિંતાથી વ્યાપ્ત થયો. ચાણક્યે વિચાર્યું કે કોઇક દિવ્યપુરુષ અથવા દેવ રાજાના પાત્રમાંથી લઘુલાઘવપણે આહાર હરણ કરે છે. મારે બુદ્ધિથી તે શ્રેષ્ઠ પુરુષને પકડવો જોઇએ. કારણકે પ્રજાના રક્ષણમાટે રાજાનું રક્ષણ કરવું જોઇએ. કહ્યું છે કે:–

**दुष्टस्य दण्ड: स्वजनस्य पूजा, न्यायेन कोशस्य सदा प्रवृद्धि: ।**
**अपक्षपातो रिपुराष्ट्रचिन्ता, पञ्चैव यज्ञा: कथिता नृपाणाम् ।।१।।**
**क्षमीदाता गुणग्राही - स्वामी दु:खेन लभ्यते ।**
**अनुकूल: शुचिर्दक्ष: स्वामिन् ! भृत्योऽपि दुर्लभ: ।।२।।**

દુષ્ટનો દંડ–સ્વજનની પૂજા– ન્યાયપૂર્વક હંમેશાં ખજાનાની વૃદ્ધિ– પક્ષપાતરહિતપણું શત્રુથી દેશની ચિંતા, રાજાના આ પાંચ યજ્ઞો કહ્યા છે. (૧) ક્ષમાવાલો– દાતા– ગુણગ્રાહી એવો સ્વામી દુ:ખે કરીને પ્રાપ્ત થાય છે. (વળી) હે સ્વામી ! અનુકૂલ પવિત્ર– અને ચતુર એવો ચાકરપણ દુર્લભ છે. (૨) રાજા જમતા હતા ત્યારે ચાણક્યે ગુપ્તપણે ચોરને ખેંચવા (પકડવા) માટે ઘરની અંદર સૂક્ષ્મ ચૂર્ણ નાંખ્યું. રાજા જમીને ઊભો થયો ત્યારે બે મનુષ્યનાં પગલાં પૃથ્વી પર લાગેલાં જોઇને તે બન્નેને પકડવા માટે ચાણક્ય તૈયાર થયો. રાજા અડધું જમે છતે ચાણક્યે તે ઘરમાં આંખને દુ:ખ આપે તેવો દૃઢ–ઉત્કટ ધુમાડો કરાવ્યો. તે વખતે તે બન્નેની આંખો ધુમાડાથી ગળી ગઇ. (ધોવાઇ ગઇ) અને અંજન પડી ગયું, અને બન્નેનાં શરીરો પ્રગટ થયાં. ચાણક્યવડે અને રાજાવડે જતાં એવા બન્ને નાના સાધુઓ જોવાયા. તે પછી ગુરુની આગળ આવીને નિંદાના ભયવડે કહ્યું આ બન્ને નાના સાધુઓ શા માટે આવું અકાર્ય કરે ? ગુરુએ કઠોર ભાષણથી નાના સાધુઓને ઠપકો આપ્યો. સાધુઓને આવા પ્રકારની ચોરી કરવી ક્યારે પણ યોગ્ય નથી. અકાર્ય કરવાથી માણસનો નરકમાં પાત થાય છે. ત્યાર પછી ચાણક્ય અને રાજાને બોલાવીને કહ્યું જો આ બન્ને ભિક્ષા ન પામે તો દુ:ખી થાય. કહ્યું છે કે:–

**पञ्च नश्यन्ति पद्माक्षि ! क्षुधार्त्तस्य न संशय : ।**
**तेजो लज्जामतिर्ज्ञानं, मदनश्चापि पञ्चम : ।।१।।**

હે કમલ સરખા નેત્રવાલી (સ્ત્રી)! ભૂખથી પીડાયેલાને આ પાંચ પદાર્થો નષ્ટ થાય છે. એમાં સંશય નથી.

એક–તેજ– બીજું લજ્જા– ત્રીજું બુદ્ધિ ચોથું– જ્ઞાન અને પાંચમું કામ (૧) આ બળેલા પેટને માટે કોઇ કૃપણતા કરાતી નથી, કોના ઉંબરા ઉલ્લંઘન નથી કરાયા ? કઇ નાટિકા ભજવાઇ નથી ? તમે બન્ને ઘણું અન્ન હોવા છતાં અન્ન આપતા નથી. તેથી આ બન્ને એકદમ મરણ પામશે. ઘણું ધન હોવા છતાં પણ જે દાન આપતો નથી. તે અંતકાલે પોતાની લક્ષ્મીને છોડતાં નિશ્ચે શોક કરે છે. કહ્યું છે કે :–

**क्लेशाय विस्तराः सर्वे, सङ्क्षेपास्तु सुखावहाः ।**
**परार्थं विस्तराः सर्वे, त्यागमात्महितं विदुः ॥१॥**
**अनन्तैः पार्थिवैर्भुक्ता, कालेनोर्वी धनानिच ।**
**मेलितानि परं त्यक्त्वा, गतास्ते स्वकृतैः समम् ॥२॥**
**गोशतादपि गोक्षीरं - मानं मूढशतादपि ।**
**मन्दिरे मञ्चकः स्थानं - शेषा परपरिग्रहाः ॥३॥**

સર્વ વિસ્તાર એ ક્લેશને માટે થાય ને સર્વસંક્ષેપ એ સુખને પમાડનાર છે. સર્વવિસ્તાર એ પારકાના ઉપકાર માટે છે. અને ત્યાગ એ આત્માને હિતકારી છે. (૧) કાળે કરીને અનંત રાજાઓએ પૃથ્વીને ભોગવી છે. ધન ભેગાં કર્યાં છે. પરંતુ તેઓ છોડીને પોતાના કર્મની સાથે (પરલોકમાં) ગયા છે. (૨) સો ગાયો કરતાં પણ એક ગાયનું દૂધ, સેંકડો મૂઢા કરતાં પણ એક માન, (મણ) (અનાજ), ઘરમાં ખાટલા સરખું સ્થાન પોતાનું સ્થાન છે. બાકીનો પરિગ્રહ પારકા માટેનો છે. (૩) તે પછી ચાણક્ય અને રાજા ગુરુનાં ચરણોને ખમાવીને કહેવા લાગ્યા કે તે બન્ને મુનિવરોવડે મારા ઘરમાં શુદ્ધ અન્નગ્રહણ કરાઓ. ચાણક્યે કહ્યું કે હે રાજન આપ ભાગ્યશાળી થયા. કારણકે આ બન્ને મુનિઓવડે ભોજન ખાવાથી તમે નિષ્પાપ કરાયા છો. ત્યારથી માંડીને ચાણક્ય અને રાજા ભક્તિપૂર્વક ગુરુઓને શુદ્ધ અન્ન પડિલાભીને પછી તે બન્ને જમતા હતા. કહ્યું છે કે:

**पढमं जइण दाऊणं, अप्पणा पणमीऊण पारेइ ।**
**असईअ सुविहियाणं, भुंजेइ अ कयदिसालोओ ॥१॥**

પહેલાં પોતાની જાતે સાધુઓને આપી, પ્રણામ કરી, પછી પચ્ચકખાણ પારે. જો સુવિહિત સાધુ (નો યોગ) ન હોય તો દિશાઓમાં તપાસ કરી પછી જમે. (૧)

**वंसहीसयणासण भत्तपाण भेसजवत्थपत्ताइं ।**
**जइवि न पजत्तघणो, थोवाउ वि थोवयं देइ ॥१२॥**

વસતિ (ઉપાશ્રય) શયન–આસન– ભોજન પાણી– ઔષધ–વસ્ત્ર–પાત્ર– જો ઘણું ન હોય તો થોડામાંથી થોડું પણ આપે. (૧૨) ચાણક્યની બુદ્ધિથી અનેક દુઃશક્ય એવા પણ શત્રુઓ પાસે રાજાએ પોતાની આજ્ઞા ગ્રહણ કરાવી.

અને કેટલાકને દેશમાંથી કાઢી મૂક્યા. પ્રાયઃ કરીને રાજાઓ ઝેર આપવાવડે મૃત્યુ પામે છે. આથી જો રાજા ઝેર સહિત કરાય તો સારું થાય. તે પછી ભોજનની અંદર ચાણક્ય ચંદ્રગુપ્તરાજાને ગુપ્તપણે થોડું થોડું ઝેર આપે છે. જેથી તે હણાતો નથી. અર્ધટંક (પૈસાભાર) પ્રમાણ હંમેશાં ઝેરખાતાં એકદમ રોગરહિત થયો. અને શ્રેષ્ઠ દેહ ને કાંતિવાલો થયો.

એક વખત વિસ્તારથી સંઘપતિ થઈને રાજાએ ધનનો વ્યય કરી શ્રી શત્રુંજય આદિ તીર્થોમાં યાત્રા કરી. શંભુપર્વત (હિમાલય) સરખા શ્રી અરિહંતના પ્રાસાદો– રાજાએ કરાવ્યા, અને તેઓને વિષે બિંબોને સ્થાપન કરાવ્યાં. એક વખત સગર્ભા રાણીને રાજાના ભોજનની અંદર જમેલી જાણીને ચાણક્યે કહ્યું કે રાણીએ સારું કર્યું નહિ. તે પછી જ્યારે તે ઝેર વાળું ભોજન ખાવાથી રાણી મૃત્યુ પામી ત્યારે તેના પેટને ચીરીને યત્નથી કામદેવ સરખો પુત્ર તે વખતે બહાર કઢાવ્યો. બાળકના મસ્તક ઉપર વિષનું બિંદુ જોઈને ચાણક્ય સહિત રાજાએ સારા ઉત્સવપૂર્વક તેનું બિંદુસાર એ પ્રમાણે નામ આપ્યું. અનુક્રમે વૃદ્ધિ પામતો બિંદુસાર કુમાર પોતાની માતા વિના હંમેશાં મનમાં દુઃખ ધારણ કરે છે. કહ્યું છે કે:–

**पुत्तस्स मायमरणं, भज्जामरणं च जुव्वणसमयम्मि।**
**थेरस्स पुत्तमरणं, तिन्नि वि दुक्खाइं गुरुयाइं ।।१।।**

પુત્રને માતાનું મરણ. યુવાનવયમાં સ્ત્રીનું મરણ. વૃદ્ધવયે પુત્રનું મરણ. એ ત્રણે મોટાં દુઃખ છે. પોતાના ભાગ્યથી બિંદુસાર કુમાર નિરંતર સઘળા પરિવાર અને રાજાને પણ અત્યંત વહાલો થયો. બિંદુસાર યૌવન પામ્યો ત્યારે ચંદ્રગુપ્તરાજા સમાધિમરણથી દેવલોકના સુખને પામ્યા. તેની પાટઉપર ચાણક્ય મંત્રીશ્વરે બિંદુસાર કુમારને સ્થાપનકરી હંમેશાં બિંદુસારના રાજ્યને વધારવા લાગ્યો. પ્રાયઃ કરીને હંમેશાં રાજાઓનું રાજ્ય મંત્રીઓની બુદ્ધિના વિસ્તારથી શુક્લપક્ષના ચંદ્રની જેમ લક્ષ્મીઆદિવડે વૃદ્ધિ પામે છે.

**चित्तज्ञः शील सम्पन्नो, वाग्मी दक्षः प्रियंवदः ।**
**यथोक्तवादी स्मृतिमान्, मन्त्रीशः शस्यते सदा ।।१।।**
**इङ्गिताकारतत्त्वज्ञः, प्रियवाक् प्रियदर्शनः ।**
**सकृदुक्तग्रही दक्षः, सचिवः शस्यते नृपैः ।।२।।**

ચિત્તને જાણનારો– શીલથી યુક્ત– વાણીમાં ચતુર– હોશિયાર– પ્રિયબોલનાર કહ્યા પ્રમાણે બોલનાર. સ્મૃતિવાલો– એવો મંત્રી રાજાઓવડે વખાણાય છે. ઈંગિત આકારના તત્વને જાણનારો – પ્રિય બોલનારો – સુંદર દેહ વાળો એક વખત કહેલાને ગ્રહણ કરનારો ચતુર એવો મંત્રી રાજાઓવડે વખાણાય છે. બિંદુસાર રાજાએપણ પૃથ્વીતલને સાધતાં ઘણા શત્રુ રાજાઓને વશ કર્યા. આ બાજુ ચાણક્યના વચનથી શ્રેષ્ઠ સુબંધુનામનો મંત્રી રાજાના દાક્ષિણ્યથી ચાણક્યનો જે મિત્ર થયો હતો. અનુક્રમે પ્રાપ્ત કરી છે લક્ષ્મી જેણે એવા સુબંધુ મંત્રીવડે ચાણક્ય અને બિંદુસારનું મન વિભિન્ન (ભેદ) કરાયું. કારણ કે સમસ્ત જગત અસાર છે. કહ્યું છે કે:–

**विशिष्टकुलजातोऽपि, यः खलः खल एव सः ।**
**चन्दनादपिसम्भूतो, दहत्येव हुताशनः ।।१।।**

**सद्भिः संसिच्यमानोऽपि, शान्तिवाक्यैर्जलैरिव।**
**प्लुष्टपाषाणवद्दुष्टः, स्वभावं नैव मुञ्चते।।२।।**

વિશિષ્ટ કુલમાં ઉત્પન્ન થયા છતાં પણ જે ખલ (દુર્જન) છે તે ખલજ છે. (જુઓ) ચંદનમાંથી ઉત્પન્ન થયેલો અગ્નિ બાળે છે જ. (૧) સજ્જનોવડે શાંતિના વાક્યરૂપી પાણીવડે સિંચન કરાયેલો એવો પણ બળીગયેલા પથ્થરના જેવો દુષ્ટ પોતાના સ્વભાવને છોડતો નથી. (૨) આ બાજુ ચાણક્યના સેવકે ચાણક્યની આગળ આ પ્રમાણે કહ્યું કે તમારો મિત્ર સુબંધુ નિશ્ચે તમને હણવાને ઇચ્છે છે. હે ચાણક્ય! વિશ્વાસનો ઘાત કરનાર એવા તેનો વિશ્વાસ કરતા નહિ. આ બાજુતે સુબંધુએ રાજાને કાન ભંભેરાણી કરી કે આ ચાણક્ય દુષ્ટ છે. "આ દુષ્ટ આત્માએ તમારી માનું પેટ ખરેખર ચીરી નાંખ્યું છે." તેથી બિંદુસાર રાજા ચાણક્યઉપર ક્રોપ પામ્યો. ક્રોપપામેલા રાજાને જાણીને ચાણક્ય ચિંતા સહિત થયો. કૃતઘ્ન એવા સુબંધુએ મારા અને રાજાની વચ્ચે ખરેખર ભેદ કરાવ્યો છે. તે ખરેખર દુઃખદાયક થશે. મારાવડે આ (સુબંધુ) પહેલા મંત્રીપણામાં કરાવાયો. તે મારા અપકારને માટે થયો. તે તેના કુલને ઉચિત છે. માટે હવે રાજયની ચિંતાવડે સર્યું. કારણ કે જે નરકને આપનારી છે. આથી હવે હું સુખને માટે પરલોક સાધું. તેથી હું એવી રીતે કરું કે જેથી આ સુબંધુ મરે અથવા સાધુપણું ગ્રહણ કરે. એ પ્રમાણે ચાણક્યે વિચાર્યું. આ પ્રમાણે વિચારી દેદીપ્યમાન ગંધવડે લખેલા અક્ષરપૂર્વક દાભડો સૂક્ષ્મ એવા દોરાવડે બાંધીને તે મંત્રીએ તે દાભડાને રાળવડે લેપીને સારી બુદ્ધિવાલા એવા તેણે પેટીમાં મૂક્યો. અને તે પેટીને સો તાલાંવડે બંધ કરી અને તે પેટી ઘરના મધ્યમાં મૂકીને દીનજનોને આદરથી દાન આપીને સાતક્ષેત્રમાં ધન વાપરીને તેણે અનશન લીધું. કહ્યું છે કે :-

**कारणात् प्रियतामेति, द्वेष्यो भवति कारणात्।**
**स्वार्थार्थी जीवलोकोऽयं, न कश्चित् कस्यचित् प्रियः ।।१।।**

કારણથી મિત્રપણાને પામે છે. કારણથી શત્રુ થાય છે. આ જીવલોક સ્વાર્થનો અર્થી છે. કોઇ કોઇને પ્રિય નથી.

**तावच्चिय सयलजणो, नेहं दरिसइ जाव नियकज्जं;**
**नियकज्जे संवित्ते, विरला नेहं पवट्टंति।।१।।**

જ્યાં સુધી પોતાનું કાર્ય હોય ત્યાં સુધીજ સઘળો લોક સ્નેહ બતાવે છે. પોતાનું કાર્ય પૂર્ણ થયે છતે વિરલ પુરુષો સ્નેહ રાખે છે. (૧)

કોઇની પાસેથી મંત્રીએ અનશન સ્વીકારેલું જાણીને ત્યાં જઇને રાજાએ હર્ષથી મુખ્યમંત્રી ચાણક્યને ખમાવ્યો. તમે મને રાજય આપવાથી જે ઉપકાર કર્યો છે મૂઢ બુદ્ધિવાલા એવા મારાવડે તે હમણાં ભૂલી જવાયો. ઘણાં પુણ્યવાલા-સર્વને ઉપકાર કરનારા એવા તમારા વિષે મૂઢ બુદ્ધિવાલા મારાવડે જે અપરાધ કરાયો જેથી કરીને અધમએવા મારી હમણાં ઘણાં દુઃખની પરંપરાને આપનારી નરકગતિ થશે. એમાં સંશય નથી.

રાજાવડે કહેવાયેલા સુબંધુએ પણ ચાણક્ય મંત્રી પાસે જઈને તેને ખમાવ્યા. બીજાઓએ પણ આદરપૂર્વક ખમાવ્યા. ચાણક્ય અનશન ગ્રહણ કરી પંચપરમેષ્ઠી સ્મરણ કરતાં સર્વ આયુષ્યના અંતે પંડિત મરણથી દેવલોકમાં ગયો. એક વખત– સુબંધુ મંત્રી સાથે બિંદુસાર રાજા શ્રેષ્ઠ વસ્તુ ગ્રહણ કરવાની ઈચ્છાવડે ચાણક્યના ઘરે ગયો. રાજાવડે આદેશ કરાયેલો સુબંધુ જલદી ઘરની અંદર જઈને દાભડાને ભેદીને ગંધ સૂંઘી હર્ષિત થયો. તેમાં રહેલા અક્ષરો સુબંધુએ સારી રીતે વાંચ્યા. શરૂઆતમાં જે આ ગંધ સૂંઘશે તે મુનિ થશે અને તે મુનિ નહિ થાય તો આ ગંધના પ્રભાવથી તરતજ મરણ પામશે. તે પછી સુબંધુ– ચિત્તમાં અત્યંત ચિંતાવાળો થયો. તે પછી મરણના ભયથી સઘળા વ્યાપારનો ત્યાગ કરી સુબંધુ પોતાની જાતે સંયમ લઈને પૃથ્વીતલઉપર વિહાર કરવા લાગ્યો. કહ્યું છે કે :

**पंथ समा नत्थिजरा, खुहासमा वेअणा नत्थि।**
**मरणसमं नत्थिभयं, दारिद्दसमो वइरिओ नत्थि॥१॥**

માર્ગ સરખી જરા (ઘડપણ) નથી. ક્ષુધા (ભૂખ) સમાન વેદના નથી. મરણ સરખો ભય નથી. અને દારિદ્ર સરખો શત્રુ નથી (૧) અનુક્રમે બિંદુસાર રાજા ન્યાયથી રાજ્યનું પાલન કરતા હતા ત્યારે તેને રૂપની શોભાથી કામદેવને જીતી લેનારો અશોકશ્રી નામે પુત્ર થયો. અનુક્રમે વૃદ્ધિ પામતો અશોકશ્રીપુત્ર બિંદુસારવડે સ્વર્ગમાં જતાં પોતાની પાટપર સ્થાપન કરાયો. અશોકશ્રી રાજા પૃથ્વીનું પાલન કરતો હતો ત્યારે કામદેવ સરખો– વિનયવાલો કુણાલ નામે કુમાર થયો. રાજાએ કુણાલને ભક્ત જાણીને નીતિરૂપ છે આત્મા જેનો એવા કુણાલને રહેવા માટે ઉજજયિની નગરી હર્ષવડે આપી. આઠ વર્ષનો તે કુમાર હંમેશાં પ્રજા ઉપર રાગવાળું છે મન જેનું એવો તે પિતાના વચનને અનુસારે જાય છે. ઊભો થાય છે. અને રહે છે. કહ્યું છે કે:–

રાજપુત્રો પાસેથી વિનય શીખવો. પંડિત પાસેથી સુભાષિત શીખવું. જુગારીઓ પાસેથી જૂઠું શીખવું. ને સ્ત્રીઓ પાસેથી કપટ શીખવું. તે કુમારને વિદ્યાગ્રહણ યોગ્ય જાણીને હર્ષને ભજનારા રાજાએ એક વખત કુમાર ઉપર શાસ્ત્રપાઠ (ભણવા) માટે લેખ લખ્યો. કુણાલ! સુખને માટે પ્રાકૃત ભણો. ત્યાં રહેલી તેની શોક્યમાતાએ હૃદયમાં આ વિચાર્યું. મારી શોક્યનો પુત્ર– કુણાલ જો હમણાં મરે તો મારાપુત્રને અનુક્રમે પિતાની રાજ્યલક્ષ્મી થાય. તે પછી ગુપ્તપણે લેખને લઈને નેત્રના અંજનની–સળીવડે રાણીએ અકાર ઉપર બિંદુ આપ્યું. અંધીયતામ્ એ પ્રમાણે થયું. પિતાએ મોકલેલા મુદ્રિત કરેલા તે લેખને તેજ વખતે મેળવી લેખકની પાસે તે લેખ વંચાવ્યો. જેટલામાં લેખક મૌન થઈને નીચે મુખે રહ્યો તેટલામાં કુણાલે કહ્યું કે એમાં શું લખ્યું છે તે કહો! "આ કુણાલ અંધ થાઓ " આ– પ્રમાણે લેખમાં લખ્યું છે. આ પ્રમાણે લેખકના મુખેથી સાંભળીને કુણાલ આ પ્રમાણે વિચારવા લાગ્યો પિતાએ પુત્ર એવા મારા ઉપર હિતને ઈચ્છતા આ લેખ પ્રસાદરૂપે કરાયેલો છે. માટે મારે તે માન્ય રાખવો જોઈએ.

**मातृ–पितृगुरुणां तु, पालयन्ति यके जनाः।**
**तेषामत्रपरत्रापि, जायते सुखसन्ततिः॥**

માતા–પિતા અને ગુરુઓની આજ્ઞાનું જે પુરુષો પાલન કરે છે. તેઓને આ લોક ને પરલોકમાં પણ સુખની પરંપરા થાય છે.'' મૌર્યરાજાના વંશમાં કોઈપણ (રાજપુત્ર) પિતાની આજ્ઞાનું ઉલ્લંઘન કરનારો નથી. જો અહીં રહેલો હું પિતાની આજ્ઞાનો લોપ કરું તો મારાવડે કરાયેલો માર્ગ બીજાઓને પણ થશે. આથી મારે દુઃખમાં અથવા સુખમાં પિતાની આજ્ઞા પાલન કરવી જોઈએ. પિતાની આજ્ઞાના ભંગના ભયથી કુણાલે પોતાનાં બન્ને નેત્રો એકદમ– તીક્ષ્ણ સળીવડે તે વખતે કાઢી નાંખ્યાં (ફોડી નાંખ્યાં) લેખથી પુત્રને અંધ થયેલો જાણીને દુઃખી થયેલો રાજા પણ વિચારવા લાગ્યો કે મેં લેખવડે પુત્રને આ જણાવ્યું ન હતું. મારાવડે અધીયતામ્‌ના સ્થાને અંધીયતામ્ શું લખાયું હતું ? આથી અંધપણાના કારણથી ખરેખર હું પાપી થયો.

જેવા પ્રકારનો આ પુત્ર– પ્રગટપણે રાજ્યને યોગ્ય છે. તેવા પ્રકારનો બીજો પુત્ર નથી. મારે શું કરવું? વિધાતાએ શ્રેષ્ઠ પદાર્થમાં કલંકિતપણું કર્યું છે. જે કારણથી ચંદ્રને વિષે લાંછન અને સમુદ્રમાં વિધાતાવડે ખારાશ કરાઈ છે. કહ્યું છે કે :–

**शशिनिखलुकलङ्कं – कंटकाः पद्मनाले,**<br>
**जलधिजलमपेयं पण्डिते निर्धनत्वम्।**<br>
**स्वजनजनवियोगो दुर्भगत्वं सुरुपे,**<br>
**धनपतिकृपणत्वं, रत्नदोषीकृतान्तः ।।१।।**

ચંદ્રને વિષે કલંક – કમલના નાલમા કાંટા– સમુદ્રનું પાણી ન પીવા લાયક– પંડિતને વિષે નિર્ધનપણું– સ્વજન નો વિયોગ– સારારૂપવાલાને વિષે દુર્ભાગીપણું– ધનવાનને વિષે કૃપણપણું આ પ્રમાણે યમરાજા (વિધાતા) રત્નને દોષ કરનારો છે. (૧) જે રાણીવડે કપટથી તે વખતે કુણાલ અંધ કરાયો. તેના પુત્રને કપટ આદિને નહિ જાણનારા રાજાએ અવંતિ આપી. અને કુણાલપુત્રને (રાજાને ) આજીવિકા માટે ચંદ્રપુર નામનું શ્રેષ્ઠ ગામ આપ્યું. ગામનું રક્ષણ કરતા કુણાલની શરશ્રી નામની શ્રેષ્ઠ સ્ત્રીએ ઉત્તમલગ્નને વિષે ઉત્તમલક્ષણથીયુક્ત પુત્રને જન્મ આપ્યો. પુત્રનો જન્મોત્સવ કરીને કુણાલ હૃદયમાં વિચારવા લાગ્યો કે જો રાજા મારી ઉપર ને મારાપુત્રઉપર તુષ્ટ થાય તો મારાવડે તુષ્ટ કરાયેલો રાજા આ પુત્રને સત્કર્મના ઉદયથી સારાદિવસે રાજ્ય આપે. આ પ્રમાણે વિચારીને તેજ વખતે પાટલીપુત્ર પત્તનમાં આવીને પડદાના આંતરાવડે રાજાની આગળ કુણાલ પ્રગટપણે ગાય છે. તે વખતે મંદ્ર–મધ્ય– આદિ સુંદર ગીતો વડે કુણાલે રાજાને તે વખતે ખુશ કર્યા. જેથી તુષ્ટ થયેલા રાજાએ આ પ્રમાણે કહ્યું:–

**भोगाय न कलागारः, त्वं याचस्व यथेप्सितम्।**<br>
**तुष्टो भूपो यथानृणां, दारिद्र्यं द्यति निश्चितम्।।**

તું કલાનો ભંડાર છે. ભોગ માટે નથી. તું ઈચ્છા મુજબ માંગ કારણ કે તુષ્ટ થયેલો રાજા મનુષ્યોના દારિદ્રને નિશ્ચે કાપે છે. તે પછી કુણાલે કહ્યું કે હે રાજન્ ! જો તમે તુષ્ટ થયા છો તો તમારે મારું કહેલું મારાપુત્રને આપવું તે પછી રાજાએ કહ્યું કે તારો પુત્ર માંગે તે નિશ્ચે હું આપીશ. તે પછી કુણાલે રાજાની આગળ કહ્યું હે રાજન્ ! ચંદ્રગુપ્તનો પ્રપૌત્ર– બિંદુસારનો પૌત્ર– અને અશોકનો પુત્ર એવો આ કાકિણી માંગે છે. રાજાએ કહ્યું કે હે કુમાર અહીં કાકિણી

શા માટે માંગે છે. મંત્રીએ કહ્યું કે કાકિણી શબ્દવડે રાજ્ય કહેવાય છે. અનુક્રમે અદભુત ગાયનકલાવાલા તેને પોતાનો પુત્ર કુણાલ છે એમ જાણીને રાજાએ કહ્યું કે હે પુત્ર! તું રાજ્ય માંગે છે. પણ હમણાં (તો) અંધ છે. કુણાલે કહ્યું કે હે પિતા ! હમણાં તમારા પ્રસાદથી શ્રેષ્ઠ લક્ષણોથી લક્ષિત પુત્ર મને થયો છે. હે અશોકશ્રી ! તે કામદેવ સરખા રૂપવાલા મારાપુત્રને મહેરબાની કરીને હમણાં રાજ્ય આપો. કુણાલના પુત્રને ત્યાં મંગાવીને તુષ્ટ થયેલા રાજાએ રાજ્ય આપીને રાજાએ તેનું નામ સંપ્રતિ આપ્યું. અશોકશ્રીરાજા જૈનધર્મને કરતો સમાધિવાલો સ્વર્ગલોકના સુખને પામ્યો. અનુક્રમે કુણાલ પણ સ્વર્ગલોકના સુખને પામ્યો. અનુક્રમે વૃદ્ધિ પામતો ધર્મમાં તત્પર એવો સંપ્રતિરાજા રામની પેઠે ન્યાયમાર્ગવડે જનતાનું પાલન કરતો હતો. અનુક્રમે ભરતાર્ધને સાધતાં પ્રચંડશાસનવાળો તે ઈન્દ્રસરખો પરાક્રમી થયો.

એક વખત સંપ્રતિરાજા ઉજ્જયિની નગરીમાં પોતાના મહેલના ગોખમાં રહેલો દરેક દિશાએ નગરીની શોભા જોતો હતો. તે વખતે તે નગરમાં આર્યમહાગિરિ અને આર્યસુહસ્તિસૂરિ જીવંતસ્વામીની પ્રતિમાને વંદન કરવા માટે તે બન્ને ત્યાં આવ્યા. ઉત્સવ કરતે છતે ઘણા લોકોવડે સેવનકરાતો રથયાત્રા માટે જીવંતસ્વામીનો રથ નીકલ્યો. આર્યમહાગિરિવડે- આર્ય સુહસ્તિસૂરિવડે સઘળા સંઘવડે અનુસરાતો તે રથ ચારે તરફ નગરીની અંદર ભમતો હતો. રાજ્યમંદિરના દ્વાર પાસે રથ આવે છતે ગોખમાં રહેલા સંપ્રતિરાજાએ તે વખતે સુહસ્તિસૂરિને જોયા. ને તે વિચાર કરવા લાગ્યો કે મારા વડે પહેલાં આ મુનીશ્વર કોઈ ઠેકાણે જોવાયા છે. આ પ્રમાણે ઊહાપોહ કરતા રાજા મૂર્છાવડે પડી ગયા. સરસ એવા ચંદનવડે સિંચનકરાતા ને પંખાવડે વીંઝાયેલા એવા રાજા જાતિસ્મરણજ્ઞાન પામીને ઊભા થયા. જાતિસ્મરણજ્ઞાનથી આર્યસુહસ્તિસૂરિને પૂર્વજન્મના ગુરુ જાણીને ગોખમાંથી એકદમ ઊતરીને રાજાએ ગુરુનાં ચરણોમાં નમસ્કાર કર્યા. વિધિવડે આચાર્યોને વંદન કરીને સંપ્રતિરાજાએ પૂછ્યું કે ધર્મકરનારા પુરુષને શું ફલ થાય ? આર્યસુહસ્તિસૂરિએ કહ્યું કે સ્વર્ગ અને અનુક્રમે મોક્ષફળ થાય. સંપ્રતિરાજાએ પૂછ્યું કે સામાયિકનું શું ફલ થાય ? આચાર્યે કહ્યું કે હે રાજન ! અવ્યક્ત સામાયિકનું ફલ જિનેશ્વરોએ અને ગણધરોએ રાજ્ય વગેરે કહ્યું છે. કહ્યું છે કે:-

**सामाइयं कुणंतो समभावं, सावओ घडीयदुगं।**
**आउं सुरेसु बंधइ, इत्तियमेत्ताइं पलियाइं ।।१।।**

સમભાવપૂર્વક બેઘડીસુધી સામાયિકને કરતો શ્રાવક કેટલા પલ્યોપમસુધી દેવતાને વિષે આયુષ્ય બાંધે છે ?

**बाणवई कोडीओ, लक्खा गुणसट्ठिसहस पणवीसा;**
**नव सय पणवीसजुआ, सतिहा अडभाग पलियस्स ।।२।।**

બાણું કરોડ- ઓગણસાઈઠ લાખ -૨૫ હજાર- નવસોને પચ્ચીસ,પલ્યોપમના આઠ ભાગના ત્રણ ભાગ સહિત આટલું આયુષ્ય એકસામાયિકની પુણ્યસંખ્યા છે. પૌષધની પુણ્ય સંખ્યા ૨૭૦૦ કરોડ- ૭૭ કરોડ-૭૭ લાખ-૭૭ હજાર, સાતસોને સિત્તોત્તેર (૭૭૭) અને એક પલ્યોપમના નવ ભાગ કરીએ એવા સાત ભાગ., આટલું છે એક દિવસની દીક્ષાનું ફલ.:-

एग दिवसेण जीवो - पवज्जमुवागओ अनन्नमणो।
जइ नवि पावइ मुक्खं, अवस्स वेमाणिओ होइ।

એક દિવસે દીક્ષાને પામેલો, નથી બીજામાં મન જેનું એવો જીવ જો મોક્ષ ન પામે તો અવશ્ય વૈમાનિક થાય છે.

ગ્રહણ કર્યો છે સંયમ જેણે એવા જીવને અહીં ધ્યાનના વિશેષથી સ્વર્ગ અને મોક્ષનાં સુખ થાય છે. એમાં સંશય નથી. આ પ્રમાણે ગુરુના મુખેથી સાંભળીને સંપ્રતિ રાજાએ કહ્યું કે હમણાં ગુરુઓએ સામાયિકનું સત્યફલ કહ્યું. હે ઉત્તમ ગુરુ! મેં પૂર્વભવમાં શું પુણ્ય કર્યું ? કે જેથી અહીં આવા પ્રકારનું રાજ્ય પામ્યો ? તે કહો.

આચાર્ય મહારાજે ઉપયોગ કરીને (જ્ઞાનનો ઉપયોગ મૂકીને) રાજાને કહ્યું કે સ્વર્ગપુરી સરખી કૌશાંબી નામે નગરી શોભે છે. ત્યાં લોકોને ભયંકર દુઃખ આપનારો દુષ્કાલ થયો. મનુષ્યો લક્ષ્મીવડે પણ દુર્લભ એવા ધાન્યને પામી શક્તા નથી. ત્યાં એક વખત ઘણા સાધુઓ સાથે વિહાર કરતા સુહસ્તિ સૂરિરાજ તે પૃથ્વીપર ભવ્યજીવોને પ્રગટપણે પ્રતિબોધ કરવા માટે આવ્યા. તેવા પ્રકારનો દુષ્કાલ પડ્યો ત્યારે અમારા ઉપર ભક્તિવાળો લોક વિશેષે કરીને ભોજન આદિ આપવા માટે પ્રયત્ન કરતો હતો.

એક વખત સાધુઓ એક શેઠના ઘરે ભિક્ષાને માટે ગયા. તેટલામાં તેઓની પાછળ રંક (ભિખારી) લાગ્યો. નહિ નહિ એ પ્રમાણે સાધુઓ કરતે છતે શ્રાવકોએ તે વખતે ઘણી વિશુદ્ધ ભિક્ષા આપી. એ પછી ગ્રહણ કર્યું છે ભોજન જેણે એવા સાધુઓ જલદી માર્ગમાં પાછા વળ્યા. તેઓને જોઈને તે રંક દીનવચન બોલતો ભોજન માંગે છે. કહ્યું છે કે :–

मानं मुञ्चति गौरवं परिहर त्यायाति दीनात्मतां,
लज्जामुत्सृजति श्रयत्यकरुणं, नीचत्वमालम्बते।
भार्याबन्धुसुहृत्सुतेष्वप कृती र्नानाविधा चेष्टते,
किं किं यन्न करोति निन्दितमपि प्राणी क्षुधापीडितः ! ॥१॥

ભૂખથી પીડાયેલો એવો પ્રાણી માન મૂકી દે છે. ગૌરવનો ત્યાગ કરે છે. દીનભાવને પામે છે. લજ્જાને છોડી દે છે. નિર્દયપણાનો આશ્રય કરે છે. નીચપણાનું આલંબન લે છે. સ્ત્રી–બંધુ– મિત્ર અને પુત્રને વિષે પણ જુદા જુદા પ્રકારના અપકારો કરે છે. અને કઇ કઇ નિંદિત વસ્તુઓને કરતો નથી ? તે પછી તે સાધુઓએ કહ્યું કે– ખરેખર અમારા ગુરુ જાણે. અમે તો ગુરુને અધીન છીએ. માટે કંઇ આપી શકાય નહિ ? તે પછી તે રંક તે યતિઓની સાથે ભોજન માંગતો હર્ષિત ચિત્તવાલો ધર્મસ્થાનકમાં (ઉપાશ્રયમાં) ગયો. તે રંક ગુરુને વંદન કરીને દીનવાણીવડે ભોજન માંગે છે. ગુરુ કહે છે કે આ ભોજન સાધુઓનેજ અપાય. જે સાધુઓ અસંયમીજનને દાન આપે છે. તે દુઃખ અને દુર્ગતિ આદિ

ભવોને આપે છે. રંકે કહ્યું કે– હે ઉત્તમ ગુરુ ! તો મને સાધુ કરો. (બનાવો) તે પછી ગુરુમાં મુગટસરખા એવા તેમણે આ પ્રમાણે જ્ઞાનથી હૃદયમાં જાણ્યું.

આ રંક નિશ્ચે શાસનનો આધાર થશે. કારણ કે આ રંક મનુષ્ય વિનયવાલો દેખાય છે. કહ્યું છે કે :–

**विणओ सासणे मूलं, विणीओ संजओ भवे।**
**विणयाउ विप्पमुक्कस्स, कओ धम्मो कओ तवो ? ॥१॥**
**विणए सिस्सपरिक्खा, सुहउ परिक्खाय होइ संगामे।**
**वसणे मित्तपरिक्खा, दाण परिक्खाय दुक्काले॥२॥**
**केनाञ्जितानि नयनानि मृगाङ्गनानां,**
**को वा करोति रुचिराङ्गरूहान् मयूरान्।**
**क श्चोत्पलेषु दलसञ्चयमातानोति,**
**को वा करोति विनयं कुलजेषु पुंस्सु॥१॥**

શાસનને વિષે વિનય એ મૂલ છે. જે વિનીત હોય તે સાધુ થાય. વિનયથી રહિતને ધર્મ ક્યાંથી હોય ? અને તપ ક્યાંથી હોય? (૧) શિષ્યની પરીક્ષા વિનયમાં થાય છે, સુભટની પરીક્ષા યુદ્ધમાં થાય છે મિત્રની પરીક્ષા સંકટમાં થાય છે અને દાનની પરીક્ષા દુષ્કાલમાં થાય છે. (૨) હરણીઓનાં નેત્રો કોનાવડે અંજાયાં ? સુંદર પીંછાવાલા મયૂરોને કોણ કરે છે ? કમળનેવિષે પાંદડાંઓના સમૂહને કોણ વિસ્તારે છે? કુલવાન પુરુષોને વિષે વિનયને કોણ કરે છે ? (મૂકે છે?) તે પછી તે રંકને યોગ્ય જાણીને તે વખતે તેને જલદીથી સંસારસમુદ્રને તારવામાં હોડી સરખી દીક્ષા આપી, સન્માન આપવા પૂર્વક શ્રેષ્ઠ આહાર ખવરાવી શ્રાવિકાના ઉપાશ્રયમાં સાધુઓને વંદન કરાવવા માટે તે મોકલાયા. વૃદ્ધ (મોટાં) એવાં સાધ્વીઓવડે અને સુંદર એવી શેઠાણીઓવડે તે રંક મુનિ આદરપૂર્વક મોટા આલાપપૂર્વક વંદન કરાયા. પૂજ્ય અને રાજપુત્રી એવાં હજારો સાધ્વીઓના સમૂહવડે અનુસરાય છે. તો પણ તેઓ માન કરતા નથી. પરંતુ તેઓ તે સાધુને માન આપે છે.

એક દિવસના દીક્ષિત એવા ભિખારીની સન્મુખ પૂજ્ય સાધ્વી– ચંદના– આસન ગ્રહણ (કરવા) ઇચ્છતાં નથી. તે વિનય સર્વ સાધ્વીઓને હોય છે. જ્યારે તે રંક સાધુને સાધ્વીઓએ આદરપૂર્વક વંદન કર્યું. ત્યારે તે સાધુ વિચારવા લાગ્યો કે આ જૈનધર્મ અત્યંત શ્રેષ્ઠ છે. અહો મારું ભાગ્ય છે કે– આ ઉત્તમ ગુરુએ આવા પ્રકારના રંક એવા મને આદરપૂર્વક દીક્ષા આપી. કહ્યું છે કે :–

**विना गुरूभ्यो गुणनीरधिभ्यो, जानातिधर्मं न विचक्षणोऽपि,**
**विना प्रदीपं शुभलोचनोऽपि, निरीक्षते कुत्र पदार्थसार्थम्॥१॥**
**अज्ञानतिमिरान्धस्य - ज्ञानाञ्जनशलाकया।**
**नेत्र मुन्मीलितं येन तस्मै श्री गुरवे नमः ॥१॥**

**अवद्यमुक्ते पथि यः प्रवर्तते, प्रवर्त्तयत्यन्यजनं निस्पृहः ।**
**स एव सेव्यः स्वहितैषिणागुरुः स्वयं तरंस्तारयितुं क्षमः परम् ।।२।।**

ગુણનાસમુદ્ર એવા ગુરુઓ વિના વિચક્ષણ પુરુષ પણ ધર્મને જાણતો નથી. સુંદર નેત્રવાલો હોવા છતાં પણ દીપક વિના પદાર્થના સમૂહને ક્યાં જોઇ શકે ? (૧) અજ્ઞાનરૂપી તિમિર રોગથી અંધ થયેલાને જ્ઞાનરૂપી અંજનશલાકાવડે જેણે નેત્ર ઉઘાડું કર્યું. તે શ્રી ગુરુને નમસ્કાર થાઓ. (૧) પાપરહિત માર્ગમાં પ્રવૃત્તિ કરે છે. અને બીજા લોકને પ્રવૃત્તિ કરાવે છે તે નિઃસ્પૃહ એવા ગુરુ પોતાના હિતને ઇચ્છનારાઓએ સેવન કરવા યોગ્ય છે. જે ગુરુ પોતે તરતાં બીજાને તારવા સમર્થ છે. (૨) તેજ રાત્રિમાં તે રંકને વિસૂચિકા થઇ. અને તે પછી નાસિકામાં ગયો છે શ્વાસ જેનો એવો અત્યંત વાયુ થયો. સારું થયું કે મારાવડે આજે ભાગ્યના યોગથી દીક્ષા ગ્રહણ કરાઇ. જેથી કરીને પ્રાણીઓને સંસાર સમુદ્રથી તરવું થાય. એ પ્રમાણે વિચાર કરતો એવો તે રંક મરીને આપ કુણાલ રાજાના સંપ્રતિનામે પુત્ર–નિર્મલ પરાક્રમવાલા થયાં છો. તે પછી સંપ્રતિએ કહ્યું કે જો આપ પૂર્વભવમાં ગુરુ હતા. તેથી આ ભવમાં પણ ગુરુ થાઓ. હે ગુરુ! હમણાં મારાવડે દીક્ષા ગ્રહણ કરી શકાય તેમ નથી. પૂર્વભવમાં જે દીક્ષા ગ્રહણ કરાઇ હતી તેનું પ્રગટફલ આવા પ્રકારનું થયું છે. હે ઉત્તમ ગુરુ! હમણાં હું સંયમ લેવામાટે શક્તિમાન નથી. આથી મને મોક્ષસુખને આપનારો એવો શ્રાવક ધર્મ કહો. તે પછી સુહસ્તિસૂરિએ રાજાની આગળ મોક્ષને આપનારો સમ્યક્ત્વમૂલ શ્રાવકધર્મ કહ્યો. (અહીં શ્રાવકધર્મ અને સાધુધર્મને લગતાં સુભાષિત તથા કથાઓ કહેવી) ગુરુનીપાસે ધર્મ સાંભળીને સંપ્રતિરાજાએ મોક્ષસુખની પરંપરાને આપનારો શ્રાવકધર્મ હર્ષવડે ગ્રહણ કર્યો. કહ્યું છે કે દાંત વગરનો હાથી– વેગ વગરનો ઘોડો– ચંદ્ર વિનાની રાત્રી– ગંધ વિનાનું ફૂલ– પાણી વગરનું સરોવર– છાયા વગરનું વૃક્ષ– લાવણ્ય વગરનું રૂપ– ગુણ વગરનો પુત્ર– ચારિત્ર વગરનો સાધુ અને દ્રવ્યવગરનું ઘર જેમ શોભતું નથી તેમ ધર્મવિના મનુષ્ય શોભતો નથી.

ત્રણે સંધ્યાએ સર્વજ્ઞની પૂજા કરતો, બન્ને સંધ્યાને વિષે પ્રતિક્રમણ કરતો તે હંમેશાં ગુરુનાં ચરણોને સેવે છે. તે સંપ્રતિરાજા દરવર્ષે ચાર વખત ઉત્તમધર્મી એવા બે લાખથી ત્રણ લાખ પ્રમાણવાલા સાધર્મિકોને જમાડતો હતો. પાંચથી છ વખત સંઘની પૂજા કરતાં ભક્તિથી સાધુઓ અને શ્રાવકોને તે રાજા ચોક્કસ વસ્ત્ર આદિ આપવાથી પહેરામણી કરે છે. અને વૈતાઢ્યપર્વત સુધી વિકાર રહિત બુદ્ધિવાલા તેણે જિનમંદિરવડે વ્યાપ્ત કર્યું. ત્રણખંડ ભરત ક્ષેત્રને જિનપ્રાસાદવડે શોભિત કર્યું. દરેક વર્ષે સંમેતશિખર તીર્થને વિષે ઉત્તમ ભાવથી યાત્રા કરતા રાજાએ પોતાનો જન્મ સફલ કર્યો.

**दानेन भोगाः सुलभानराणां, दानेन वैराण्यपि यान्ति नाशम् ।**
**दानेन भूतानि वशीभवन्ति, तस्माद्धि दानं सततं प्रदयेम् ।।१।।**
**जीवति स जीवलोके, यस्य गृहाद्यान्तिनोर्थिनः विमुखाः ।**
**भृतकवदितरजनोऽसौ, दिवसान् पूरयति कालस्य ।।२।।**

મનુષ્યોને દાનવડે ભોગો સુલભ થાય છે. દાનવડે વૈરો નાશ પામે છે. દાનવડે પ્રાણીઓ વશ થાય છે. તેથી સતત દાન આપવું જોઇએ. (૧) જીવલોકમાં તેજ જીવે છેકે જેના ઘરમાંથી યાચકો પાછા મુખેજતા નથી. બીજા માણસો તો

ચાકરની જેમ કાલના દિવસો પૂરા કરે છે. (૨) સંપ્રતિરાજા દૂર જઈને પણ આચાર્યમહારાજનાં ચરણકમલને વંદન કરતો હતો. અને મોક્ષલક્ષ્મી માટે આદરથી ધર્મ સાંભળતો હતો. રાજા સંઘપતિથઈને અવંતિ અને અયોધ્યા વગેરેમાં યાત્રા કરતો વિસ્તાર પૂર્વક રથયાત્રા કરતો હતો ,કહ્યું છે કે એકદિવસ સુહસ્તિસૂરિ આચાર્ય અવંતિમાં રહેતા હતા ત્યારે સંઘે ચૈત્યયાત્રાનો ઉત્સવ કર્યો. આર્યસુહસ્તિસૂરિરાજ ચૈત્યયાત્રામાં આવીને સંઘસહિત મંડપને હંમેશાં શોભાવતા હતા. ચૈત્યઉત્સવના દિવસના અંતે લોકોએ રથયાત્રા કરી. કારણકે રથયાત્રાવડે યાત્રાનો ઉત્સવ સંપૂર્ણ થાય છે. રથશાલામાંથી સૂર્યના રથ સરખો સોના અને માણિક્યની કાંતિથી પ્રકાશિત કર્યાં છે દિશાઓનાં મુખજેણે એવો રથ બહાર નીકલ્યો, વિધિના જાણકાર મહાબુધ્ધિવાલા શ્રાવકોએ રથમાં રહેલ અરિહંતની પ્રતિમાની સ્નાત્રપૂજા વગેરેની તૈયારી કરી. અરિહંતનું સ્નાત્ર કરાયે છતે જેમ જન્મકલ્યાણકમાં પહેલાં મેરુપર્વતના શિખરઉપરથી સ્નાત્ર જલ પડતું હતું તેમ રથમાંથી સ્નાત્રનું પાણી પડ્યું. જાણે સ્વામીને વિનંતિ કરવાની ઇચ્છાવાલા હોય તેમ શ્રાવકોએ મુખમાં વસ્ત્ર બાંધી સુગંધી દ્રવ્યોવડે પ્રતિમાને વિલેપન કર્યું. માલતી અને શતપત્રવગેરેની માલાઓવડે અરિહંતની પ્રતિમાની પૂજા કરી. અને તે શરદઋતુનાં વાદળાંવડે ઘેરાયેલી ચંદ્રની કલાની જેમ શોભતી હતી. બળતાં અગરુમાંથી ઉત્પન્ન થયેલી ધૂમરેખાવડે ઘેરાયેલી પ્રતિમા જાણે નીલ વસ્ત્રવડે પૂજા કરાઇ હોય તેવી શોભતી હતી. શ્રાવકોએ જિનેશ્વરની પ્રતિમાની જાજ્વલ્યમાન શિખાવાલી પ્રકાશ કરતી ઔષધિના સમૂહથી પર્વતનાશિખરને વિડંબન કરે એવી આરતી કરી. અરિહંતને વંદન કરીને તે સર્વે શ્રાવકો ઘોડાનીજેમ આગળ થઈને પોતાની જાતે રથ ખેંચતા હતા. નગરની સ્રીઓએ નૃત્ય ને રાસનીસાથે ચાર પ્રકારનાં વાજિંત્રો વગડાવવાવડે સુંદર નાટક કર્યું, ચારે તરફ શ્રાવિકાલોકવડે ગવાતાં છે મોટાં મંગલો જેમાં દરેક હાટે (દુકાને) અને દરેક ઘરે વિવિધ પૂજાને સ્વીકારતો-ઘણા કેશરના પાણીવડે સિંચન કરાયું છે આગળનું પૃથ્વીતલજેનું એવો રથ ધીમે ધીમે સંપ્રતિરાજાના મહેલના દ્વારે પહોંચ્યો.

રથ પૂજા માટે ઉદ્યમવાલા થયેલા સંપ્રતિરાજાએ પણ જિનેશ્વરની ચંદનવડે પૂજા કરતાં પોતાના જન્મને સફલ કર્યો તે વખતે સઘળા સામંતોને બોલાવીને તેની પાસે સમ્યક્ત્વ ગ્રહણ કરાવીને રાજાએ આદેશ કર્યો. હે સામંતો તમે જેમ મને સ્વામી માનો છો તેવીરીતે તમે ભાવથી સુવિહિત સાધુઓને પણ સ્વામી માનો. એ પ્રમાણે જણાવીને તે સામંતો પોતપોતાના દેશમાં વિસર્જન કરાયા. અને ત્યાં જઈને તેઓ સ્વામીની ભક્તિવડે સાધુઓની સેવા કરવા લાગ્યા. જેમ રાજાએ જિનેશ્વરની યાત્રા પ્રવર્તાવી તેવી રીતે સર્વ સામંતોએ સારી રીતે રથયાત્રા કરી. રથયાત્રા કરતાં ત્યાં રથની પાછળ ગમન કરતા હતા. રથની આગળ પુષ્પવૃષ્ટિ કરતા હતા અને તેઓ ચૈત્યપૂજા કરતા હતા. તે પછી રાજા-હંમેશાં શ્રેષ્ઠમનવાલો ધર્મકથાઓવડે સમયને પસાર કરતો હતો. મંત્રી અને સામંત વગેરે સહિત એક વખત સંપ્રતિરાજા અશ્વવડે વનમાં અપહરણકરાયેલો. મંત્રી સહિત દૂર ગયો. તે બન્નેને ઘણી તરસ લાગી. મંત્રીએ પાણીની તપાસ કરતાં એક ભરવાડને જોયો. અને પૂછ્યું પાણી ક્યાં છે ? તે બોલ્યો કે નદીમાં છે. તે પછી મંત્રી અને ભરવાડ સહિત સંપ્રતિરાજાએ નદીમાં જઈને પાણી પીધું. તે વખતે તે બન્નેની તરસ ગઇ. પાણીથી ભરેલી નદીને વારંવાર જોઇ શાંતિ પામેલા મંત્રીએ ભરવાડના સાંભળતાં રાજાની આગળ કહ્યું.

**नदीसमं न जलं, बन्धवसमं न बलं।**
**नारीसमं न हेजं, सूर्यसमं न तेजम् ॥१॥**

નદી સમાન પાણી નથી. બંધવ સરખું બલ નથી. સ્ત્રી સમાન પ્રેમ નથી.સૂર્ય સમાન તેજ નથી આ સાંભળીને ભરવાડે કહ્યું તમારાવડે જૂઠું કેમ બોલાય છે ? મંત્રી એ કહ્યું કે આ માણસ હમણાં પોતાના આત્માને વિષે ગર્વ કરે છે. પછી રાજાએ કહ્યું કે હમણાં શ્લોકનો અર્થ પુછાય છે. તે પછી મંત્રીશ્વરે રાજા પ્રત્યે પ્રગટપણે કહ્યું

**जाङ्गली जाट न बोलावीइं, चवटा माहिं किराट्।**

ચૌટાની અંદર જંગલી જાટ એવા ભિલ્લને ન બોલાવાય. તે પછી મંત્રી સહિત રાજા પોતાના ઘેર આવીને નદીસમં એ ગાથાનો અર્થ પૂછવા માટે તેને બોલાવ્યો. રાજાવડે બોલાવાયેલો ભરવાડ–તેજ વખતે આવીને જ્યારે ઊભો રહ્યો. ત્યારે રાજાએ પૂછ્યું કે તને કુશલ છે ? તેણે કહ્યું

**काला कुशल न पुच्छीइ, नितु न विलह विहाणि।**
**जर पहुवइ जुव्वण, गलइ नित हाणि विहाणि।।१।।**

હે કાલા ! કુશલ ન પૂછીએ. હંમેશાં પ્રભાત વિનાશ પામે છે. જરા અવસ્થા (આવે) સમર્થ થાય. હંમેશાં યૌવન ગળે છે. ને દિવસો ઘટે છે. (૧) મંત્રીએ કહ્યું કે રાજન આનાવડે આપ– કાલા યમરાજા કરાયા. રાજાએ કહ્યું કે એને પોતાનું ઈષ્ટ પૂછો. આ ચર્ચાવડે શું ? તે પછી મંત્રી એ નદીસમંએ પ્રમાણે ગાથાનો અર્થ પૂછ્યો. તેની આગળ ભરવાડ સ્પષ્ટપણે આ પ્રમાણે બોલ્યો

**मेघसमं न जलं, बाहुसमं न बलं।**
**अन्नसमं न हेजं, नयणसमं न तेजं।।१।।**

મેઘ સમાન જળ નથી. બાહુ સમાન બલ નથી. અન્ન સમાન પ્રેમ નથી. ને નેત્ર સમાન તેજ નથી. (૧) આ સાંભળીને સંપ્રતિરાજાએ તે ભરવાડને સન્માન આપવા પૂર્વક એક લાખ સોનામહોર આપી.

એક વખત રાત્રિના–સમયે સંપ્રતિરાજાએ આ પ્રમાણે વિચાર્યું કે હું અનાર્ય દેશમાં સાધુઓનો વિહાર કરાવું. ત્યાં સાધુઓના વિહારવડે લોકોને જૈનધર્મની પ્રાપ્તિ થવાથી સ્વર્ગઆદિની પ્રાપ્તિવાલો લાભ થાય. ( ધર્મ થાય ) શરુઆતમાં ધર્મિષ્ઠ શ્રાવકોને અનાર્ય દેશમાં પ્રગટપણે મોકલીને હમણાં ત્યાં રહેલા મનુષ્યોને શ્રાવક કરાવીશ. તે પછી સુખપૂર્વક નિશ્ચે સાધુઓવડે વિહાર થાય,

વજને વિષે વેધવગર કોઇ ઠેકાણે દોરો પ્રવેશ ન પામે. તે પછી તે દેશોમાં શ્રેષ્ઠ શ્રાવકોને મોકલીને સંપ્રતિરાજાએ ત્યાં રહેલા મનુષ્યોને ચતુર એવા શ્રાવક કરાવ્યા. કહ્યું છે કે રાજાએ અનાર્ય દેશોમાં સાધુવેશને ધારણ કરનારા મનુષ્યોને મોકલ્યા. સંપ્રતિરાજાની આજ્ઞાવડે તેઓ અનાર્યોને આ પ્રમાણે અત્યંત શિખામણ આપતા હતા. બેંતાલીસ દોષરહિત શુદ્ધ અન્ન વિશેષે કરીને અહીં આવેલા સાધુઓને તમારે હંમેશાં આપવું. નવકારનાં સૂત્રો. તેઓની પાસે આદરપૂર્વક

ત્યાં રહેલા મનુષ્યો બોલતા હતા અને જૈનધર્મ કરતા હતા.

તે પછી રાજાના આગ્રહથી આચાર્ય ભગવંતે કેટલાક શ્રેષ્ઠ સાધુઓને અનાર્ય દેશમાં મોકલ્યા. અનાર્ય મનુષ્યો પણ સાધુઓને આવેલા જોઈને તેઓને આદરપૂર્વક નિર્દોષ ભક્ત-પાન આદિ આપવા લાગ્યા. તે પછી બુદ્ધિયુક્ત પોતાની શક્તિવડે સંપ્રતિ રાજાવડે અનાર્ય દેશો પણ સાધુના વિહારને યોગ્ય કરાવાયા. પૂર્વ જન્મનું સ્મરણ કરતો રાજા દુ:ખી આદિજીવોના સુખને માટે દાનશાલાઓ કરાવે છે. તે દાનશાલાઓમાં જઘન્ય-મધ્યમ અને ઉત્તમ લોકો હંમેશાં ભોજન અને પાણીરૂપી ભોજનને મેળવે છે. ભક્તિવાલા મનુષ્યોને વિષે સંપ્રતિરાજાએ શુદ્ધ અન્ન આપ્યું. અને તે સુહસ્તિસૂરિના સાધુઓને અપાવતો હતો. સુહસ્તિસૂરિના સાધુઓ નિર્દોષ આહાર જાણીને ખાતાં નિરંતર પોતાનાં ચારિત્રને શુદ્ધ માનવા લાગ્યા. દાનશાલાઓમાં સુહસ્તિસૂરિના સાધુઓને અન્નગ્રહણ કરતાં જોઈ આર્ય મહાગિરિગુરુએ સુહસ્તિને કહ્યું અનેષણીય એવું રાજાનું અન્ન કેમ ગ્રહણ કરો છો ? સુહસ્તિએ કહ્યું કે હે ભગવંત! ખરેખર આ અન્ન શુદ્ધ છે. રાજાનું અનુકરણ કરવામાં તત્પર એવા નગરજનો સાધુઓને આદરપૂર્વક નિર્દોષ અન્ન આપે છે. ત્યાં ખેદ શા માટે ? તે પછી અત્યંત કોપ પામેલા આર્યમહાગિરિએ કહ્યું કે હે સુહસ્તિસૂરિ ! તું સિદ્ધાન્તના અર્થને પણ જાણતો નથી, કહ્યું છે કે :-

આધાકર્મી – ઔદ્દેશિક – પૂતિકર્મને મિશ્રજાતિ ઇત્યાદિ ઔદ્દેસા ઓઘવિભાગથી પોતાની જાતે જે ઓઘ આરંભ કરે છતે કેટલીક ભિક્ષા કલ્પે છે. જે તેને આપવા માટે આવે. બાર પ્રકારના વિભાગમાં ઉદ્દિષ્ટ કૃતને કર્મ, તે ઉદ્દેશ-સમુદ્દેશ આદેશ અને સમાદેશના ભેદવડે છે. જેટલો ઉદ્દેશ પાખંડીઓને તે સમુદ્દેશ, સાધુઓને આદેશ થાય, અને નિર્ગ્રંથોને સમાદેશ થાય. ઇત્યાદિ દોષ યુક્ત આહાર જિનેશ્વરોએ નિષેધ કરેલો છે તો હિતના ઇચ્છુક એવા તમારાવડે ક્યા કારણથી ગ્રહણ કરાય છે ? આવી રીતે દોષથી દૂષિત એવો આહાર નિષેધ કરાયો હોવા છતાં પણ હે આચાર્ય તમે રાજાસંબધી અન્નને ગ્રહણ કરો છો એથી હે સુહસ્તિ આચાર્ય ! ઘણા દોષનો સંભવ હોવાથી આપણા બન્નેનું રહેવું એક સ્થાનમાં થશે નહિ. હવે પછી આપણા બન્નેની સ્થિતિ (રહેવું) જુદી થાઓ. કારણ કે તમો જિનેશ્વરે વર્જન કરેલું અંગીકાર કરો છો. આર્યમહાગિરિગુરુની વાણી સાંભળીને સુહસ્તિસૂરિ વિચારવા લાગ્યા કે નિષેધ કરેલું હોવાથી મારાવડે જિનેશ્વરની આજ્ઞા લોપ કરાય છે. સુહસ્તિસૂરિ ઊભા થઈને ગુરુનાં બે ચરણોમાં લાગીને પોતાના કાર્યની નિંદા કરતાં પોતે કરેલાં પાપની ક્ષમા માંગી. કહ્યું છે કે :

**सापराधोऽस्मि भगवन् - मिथ्यादु:कृतमस्तुमे।**
**क्षम्यतामपराधोऽयं, करिष्ये नेदृशं पुन: ।।१।।**

હે ભગવન ! હું અપરાધી છું. તમને મારું મિથ્યાદુષ્કૃત હો. મારો અપરાધ ક્ષમા કરો. ફરીથી હું આવા પ્રકારનું કરીશ નહિ. તે પછી મહાગિરિએ કહ્યું કે હમણાં તમારો દોષ નથી. પહેલાં ભગવાન વીર સ્વામીએ પણ જણાવ્યું છેકે મારા શિષ્યની પરંપરામાં સ્થૂલભદ્ર મુનિથી પછી સાધુઓની સામાચારી પડતાં પ્રકર્ષવાલી થશે.

એક વખત સંપ્રતિરાજાએ સુહસ્તિસૂરિની પાસે આદરપૂર્વક આપ્રમાણે શ્રી શત્રુંજયનું માહાત્મ્ય સાંભળ્યું.

શ્રીશત્રુંજયગિરિ તરફ એક એક પગલું આપે છતે કરોડોભવનાં પાપોમાંથી મુક્ત થવાય છે.

**नंदीश्वरेषु यत् पुण्यं, यात्रायां जायते नृणाम्।**
**त तस्त्र द्विगुणं पुण्यं, तीर्थे कुण्डलपर्वते।।**
**त्रिगुणंरूचके हस्ति - दन्तेषु च चतुर्गुणम्।**
**एतद् द्विगुणं जम्बू - चैत्ये यात्रां वितन्वताम्।।**
**षोढा तु धातकीखण्डे, तच्छाखिजिनपूजनात्।**
**पुष्करोदर बिम्बानां - द्वात्रिंशद्गुणसम्मितम्।।**
**मेरूचूलाऽर्हदर्चायां, पुण्यं शतगुणं भवेत्।**
**सहस्रं, तु संमेताद्रौं, लक्षसङ्ख्याञ्जनाद्रित: ।।**
**दशलक्षमितं श्रीमद्रैवतेऽष्टापदे च तत्।**
**शत्रुञ्जये कोटिगुणं, स्वभावात् स्पर्शतो मतम्।।**
**मनोवचन कायानां, शुद्धया पूजयतां नृणाम्।**
**शत्रुञ्जये जिनं पुण्य - मनन्तं भवति ध्रुवम्।।**

નંદીશ્વરદ્વીપને વિષે યાત્રા કરવાથી મનુષ્યોને જે પુણ્ય થાય. તેનાથી બમણું પુણ્ય–કુંડલપર્વત તીર્થને વિષે થાય. રુચક દ્વીપને વિષે ત્રણગણું પુણ્ય થાય. હસ્તિદંત તીર્થને વિષે ચાર ગણું થાય, તેનાથી બમણું પુણ્ય જંબુચૈત્યને વિષે યાત્રા કરનારને થાય. " તેનાથી છ ગણું પુણ્ય ધાતકી ખંડમાં તેનાં વૃક્ષો ઉપર (રહેલા) જિનેશ્વરની પૂજા કરવાથી થાય. અને પુષ્કરદ્વીપમાં વર્તનારાં જિનબિંબોની પૂજા કરવાથી બત્રીશગણું પુણ્ય થાય. મેરુપર્વતની ચૂલિકાઉપર અરિહંતની પૂજા કરવાથી સો ગણું પુણ્ય થાય. સંમેતશિખરઉપર હજારગણું પુણ્ય થાય, અંજન ગિરિઉપર લાખગણું પુણ્ય થાય. રૈવતગિરિઉપર અને અષ્ટાપદઉપર દશલાખગણું પુણ્ય થાય. ને સ્વભાવથી શ્રી શત્રુંજયગિરિને વિષે સ્પર્શ કરવાથી કરોડગણું પુણ્ય મનાયું છે. મન વચન અને કાયાની શુદ્ધિથી શ્રી શત્રુંજયને વિષે જિનેશ્વરની પૂજા કરતાં મનુષ્યોને નિશ્ચે અનંતું પુણ્ય થાય છે. આ પ્રમાણે સાંભળી સંપ્રતિરાજાએ કુમકુમ પત્રિકાઓ મોકલીને શ્રી સિદ્ધગિરિનાં વંદન માટે સંઘને બોલાવ્યો. સંપ્રતિરાજાને સંઘમાં ભેગાં થયેલાં આવા પ્રકારનાં દેવમંદિર વગેરે અનુક્રમે નગરની પાસે શોભતાં હતાં.

રુપાનાં ૩૦૦, ત્રણસો દેવાલય –લાકડાંનાં આઠસો દેવ મંદિર, ઘોડાઓ –૧૯–લાખ– રથ ત્રણ કરોડ પ્રમાણ સેના એક લાખ, એક કરોડ પાડાઓ, અને પોઠિયા ઘણા, સારા દિવસે શ્રી શત્રુંજયતરફ ચાલતો સંપ્રતિ રાજા વલ્લભી નગરની પાસે મહોત્સવ સહિત રહયો. શ્રી શત્રુંજય તીર્થને વિષે નમસ્કાર કરીને લાપશી કરીને સંઘની અંદર રથને લાવ્યો. તે પછી ચાલતો સંઘ મોક્ષને આપનાર શ્રીશત્રુંજયપર્વતઉપર ચઢયો. અને મૂલનાયક શ્રી ઋષભદેવ જિનેશ્વરને નમ્યો. સંપ્રતિરાજાએ સ્નાત્રપૂજા–ધ્વજનું અર્પણ – વગેરે કાર્ય સમસ્તપણે નિર્મલ સંઘ સાથે કર્યું. કોઇક પડી ગયેલા

મંદિરનો ઘણા ધનનો વ્યય કરી શ્રીસિધ્ધગિરિ ઉપર સંપ્રતિરાજાએ ઉદ્ધાર કર્યો.

તે પછી રૈવતગિરિઉપર જઇને નેમિનાથ જિનેશ્વરને નમસ્કાર કરીને સંઘસહિત સંપ્રતિરાજાએ પુષ્પ આદિવડે પૂજા કરી. ગુરુઓને પહેરામણી કરી. સંઘને શ્રેષ્ઠ વસ્ત્રો આપી સંપ્રતિરાજા તે પર્વતપરથી ( નીચે) ઊતર્યો, તે પછી માર્ગમાં ચાલતાં ચંદ્રપુરની નજીક આવીને શ્રેષ્ઠભોજન આપવાથી શ્રી સંઘને જમાડયો. ગુરુઓને અને સંઘને સુંદર વસ્ત્રોવડે પહેરામણી કરી. સંપ્રતિરાજાએ હર્ષપૂર્વક લોકોને પોતપોતાની નગરી તરફ વિસર્જન કર્યા.

તે પછી સંપ્રતિરાજા મહોત્સવપૂર્વક પોતાની નગરીમાં આવીને પૃથ્વીને ન્યાયપૂર્વક પાલન કરવા લાગ્યો.

એક વખત સંપ્રતિરાજા ધર્મસૂરીશ્વરની પાસે જ્યારે ધર્મસાંભળવા માટે બેઠો હતો ત્યારે ગુરુએ કહયું. પૂર્વભવમાં ઉપાર્જન કરેલાં પુણ્યને અનુસારે પ્રાણીઓ અનુક્રમે ચંદ્રવણિકની પેઠે સુખના સમૂહને પામે છે. એક શેઠને પુત્ર થયો ત્યારે આકાશમાં વાણી થઇ કે આ વણિકપુત્ર સો ક્રોડનો સ્વામી થશે. પુત્રનો શ્રેષ્ઠ જન્મોત્સવ કરીને તેનું ચંદ્ર નામ કર્યું. અનુક્રમે તે ધર્મ-કર્મરૂપી શાસ્ત્રો ભણ્યો. પિતાની રજા લઇને કરિયાણાંવડે વહાણ ભરીને સારા દિવસે અનુક્રમે મણિદ્રીપમાં ગયો. ત્યાં હંમેશાં ઉધ્યમ સહિત વ્યવસાય કરતાં તેને હજારક્રોડી સોનામહોર કર્મયોગથી મલી. ચંદ્રે વિચાર્યું કે મારાજન્મવખતે આકાશમાં જે વાણી થઇ હતી. તે હમણાં ઘણું ધન ઉપાર્જન થવાથી અન્યથા (ફેરફાર) થઇ. આ બાજુ અકસ્માત્ જલદી વહાણ ભાંગે છતે ચંદ્ર સારાંલાકડાંસહિત સાતમે દિવસે સમુદ્રનાકિનારે વ્યાકુલ થયેલો આવ્યો. તે વખતે ત્યાં ભરવાડે તેવી રીતે પથરો ફેંક્યો કે જેથી તે પથરો અકસ્માત બકરીના મુખમાં દૃઢપણે પડયો.બકરીનું મુખ પથ્થરવડે ઢાંકી દેવાયે છતે ભરવાડે કહયું કે હે પુરુષ તું જલદી અહીં આવ. પથ્થરને મુખમાંથી કાઢ. ચંદ્રે કહયું કે હમણાં હું ત્યાં આવવા શક્તિમાન નથી. તે પછી તે ભરવાડ બકરીને ઉપાડીને તેની પાસે લઇ ગયો. ચંદ્રે જ્યારે એક પડખે બકરીને પોતાના હાથવડે પકડી ત્યારે ભરવાડે બકરીના મુખમાંથી પથ્થરને દૂર કર્યો.

આ પથ્થરવડે પહેલાં ત્રણ બકરા હણાયા છે. આથી હે ભદ્ર ! તું તે લે, તે પછી વણિકે કહયું કે હું કોઇનો પથ્થર કોઇ ઠેકાણે ફોગટ લેતો નથી. એમ કહીને વણિકે તેને સાત મર્દલ (પૈસા જેવું નાણું ) આપ્યાં. તે પથ્થર નગરીમાં લઇ જઇને ઝવેરીની પાસે તે ચંદ્રે તેનું મૂલ્ય પૂછ્યું, તે પછી તે નગરના તે ઝવેરીએ કહયું કે આ માણિક્યનું મૂલ્ય સો ક્રોડ સોનામહોર છે. આ મણિ કાંઇક ઓછો અથવા કાંઇક અધિક મેળવે છે. તે પથ્થરને સોકરોડ સોનામહોરવડે વેચીને પોતાના પિતાની પાસે આવીને તેનાં બે ચરણોને પ્રણામ કર્યા. પિતાની આગળ સઘળો સમુદ્રગમનનો વૃત્તાંત કહીને ચંદ્રે કલ્યાણ માટે સાત ક્ષેત્રમાં ધન વાવ્યું પિતા મરી ગયે છતે ચંદ્રે શ્રી શત્રુંજયગિરિઉપર યાત્રા કરીને આદર પૂર્વક બે કરોડ સોનામહોર વાપરી. જેટલું ધન ધર્મકાર્યમાં ને ઘરના કામમાં વાપરતો હતો તેટલા પ્રમાણવાલું ધન એકદમ તેના ઘરમાં આવે છે.

શ્રીપુર નગરમાં ભીમરાજાને જ્યારે પુત્રી થઇ તે વખતે મોરારિ નામના પુરોહિતને પુત્ર થયો. તે વખતે આકાશમાં વાણી થઇ કે રાજાની પુત્રી અને પુરોહિતના પુત્રનું નિશ્ચે પાણિગ્રહણ થશે. રાજાએ મોટી થતી પુત્રીને ભણવા માટે લેખશાલામાં મોકલી, ત્યાં પુરોહિતે પણ ભાગ્યથી પુત્રને ભણવા મૂક્યો. અનુક્રમે પાણિગ્રહણ કરવા માટે બન્નેનો રાગ થયો. પરંતુ હલકી જાતિ હોવાથી રાજા તેને પુત્રી આપવાને ઇચ્છતો નથી.

એક વખત રાજાએ કહ્યું કે હે વિપ્ર ! પુત્રી માટે વર જોઇએ, પુરોહિતે કહ્યું કે હમણાં વિધાતા દેવને પૂછીએ. જેને યોગ્ય તે કન્યા હશે તે વરને તે કહેશે. રાજાએ કહ્યું કે હમણાં સત્યવિધાતા દેવ ક્યાં છે તે કહે, પુરોહિતે કહ્યું કે સિંધુના કાંઠે શ્રેષ્ઠ ચંદ્રપુર નગરમાં સત્યવિધાતા જે દેવ છે તેને હમણાં પૂછીએ. રાજાએ કહ્યું કે તો તારો પુત્ર વિધાતાને પૂછવા માટે જાય, પછી પિતાવડે આદેશ કરાયેલો બ્રાહ્મણપુત્ર વિધાતાની પાસે જવા માટે ચાલ્યો. માર્ગમાં જતાં રમાપુરી નગરીમાં બ્રાહ્મણનોપુત્ર ધનના ઘરમાં વણિકવડે સારા આદરપૂર્વક જમવા માટે રખાયો. જમ્યા પછી તે બ્રાહ્મણ વણિકવડે પુછાયો, તું શું કામ માટે હમણાં ક્યાં જાય છે ? તે પછી બ્રાહ્મણે આ પ્રમાણે કહ્યું. સિંધુના કિનારે વિધાતાની પાસે રાજપુત્રીના વરને જોવા માટે પિતાવડે અને રાજાવડે હું મોકલાયો છું. વણિકે કહ્યું કે

લાખો પ્રમાણ દીન–દુ:ખીઓને હું જમાડતાં છતાં વર્ષમાં મારું ઘર કેમ બળે છે ? મારે પણ આ વિધાતાની પાસે પૂછવાનું છે ? પુરોહિતપુત્રે કહ્યું કે તમારું કહેલું હું પૂછીશ. (એક કાર્ય). ત્યાંથી ચાલતો બ્રાહ્મણ વીરપુર નગરમાં રાજાવડે જમાડાયો. તે પછી તેણે જવાનો વૃત્તાંત શરુઆતથી પૂછ્યો. તેણે પોતાનો જવાનો વૃત્તાંત કહ્યે છતે રાજાએ કહ્યું કે પુણ્ય કરવા છતાં મને ક્યા કારણથી શરીરમાં અત્યંત કોઢ થયો ? મારે આ પૂછવાનું છે. (બીજું કાર્ય) તે પછી સમુદ્રની વચ્ચેથી જતો એવો તે પાણીવડે બહાર કઢાયો અને તે બ્રાહ્મણવડે મત્સ્ય વારંવાર દેખાયો. મત્સ્યે કહ્યું કે તું ક્યા દેશમાં જાય છે ? બ્રાહ્મણે પોતાને જવાનું વૃત્તાંત કહ્યું ત્યારે મત્સ્યે આ કહ્યું વારંવાર પાણીમાં પેઠેલો તે વખતે સમુદ્રની બહાર કઢાઉં છું. રહેવા માટે સમર્થ નથી આ પૂછવાનું છે? (ત્રીજું કાર્ય) તેપછી જતા એવા બ્રાહ્મણે વિધાતાની પાસે આવીને રાજાએ કહેલું જણાવ્યું . તે પછી વિધિદેવે તેની આગળ કહ્યું તું પાછો જા. રાજાની આગળ કહે. રાજાવડે–પુરોહિત વિવાહની સામગ્રી કરે. રાજપુત્રીને યોગ્ય શ્રેષ્ઠવર જલદી લાવીશ. ત્યાં વિવાહના દિવસે વિચાર કરવો નહિ. વણિકનો સંદેશો બ્રાહ્મણવડે પૂછાયે છતે વિધાતા બોલ્યા કે તે વણિક ખોટાંતોલમાપવડે માણસને ઠગે છે. માટે લોકોને ઠગવાના પાપવડે ઘણા દાનમાં તત્પર એવા તે વણિકનું ઘર દર વર્ષે બળે છે. (ઉત્તર–૧) રાજાનો સંદેશો બ્રાહ્મણે પૂછે છતે વિધાતાએ કહ્યું કે તે રાજા વગર કારણે ભેંશ–બકરા– પાડા મનુષ્યો અને ગોત્રી લોકોનો નાશ હંમેશાં કરતો હતો. તે પાપથી રાજાના શરીરમાં અત્યંત કોઢ થયો છે. (ઉત્તર–૨)તે પછી બ્રાહ્મણે મત્સ્યે કહેલું પૂછે છતે વિધાતા બોલ્યા. તે મત્સ્ય પૂર્વભવમાં લક્ષ્મીપુરમાં ધનનામે રાજા હતો. ઘણાં ગામોને અને ઘણાં લોકોને બાળી બાળીને રાજા હંમેશાં ઉજજડ કરતો હતો. અને તે લોકો બીજા ઠેકાણે રહે છે. તપમાં નિષ્ઠ એવા તપસ્વીઓને તેના ઘરમાંથી ખેંચીને રાજા પોતે રહ્યો. આથી તે સમુદ્રમાં રહેવા શક્તિમાન નથી. (ઉત્તર –૩) તે પછી પાછા આવતા બ્રાહ્મણે વણિક– રાજા અને મત્સ્યની આગળ જે નિવેદન કરાયું હતું તે જુદું જુદું કહ્યું, તે પછી કપટ રહિત વ્યવસાય કરતા વણિકને નિરંતર નિશ્ચલ લક્ષ્મી થઇ. ગોત્રી અને વડીલ લોકોનું સારી ભક્તિથી માન કરતા રાજાના શરીરમાંથી તીવ્રકોઢરોગ ચાલી ગયો. ને શરીર કામદેવ સરખું થયું. પૂર્વભવમાં કરેલાં પાપની નિંદા કરતા મત્સ્યને સમુદ્રે શ્રેષ્ઠ પુણ્યના ઉદયથી પોતાનામાં સ્થાન આપ્યું.

કુષ્ઠિરાજાએ પોતાની પુત્રી ત્રૈલોક્યસુંદરીને પુરોહિતના પુત્રને જલદી સારા મહોત્સવ પૂર્વક આપી. તે પછી રાજાએ તે જમાઇને ભક્તિથી આખો તિલંગ દેશ સારા દિવસે આપ્યો. આ તરફ ભીમરાજાવડે પુત્રીના વરને જોવા માટે સેવકો મોકલાયા છતાં તેઓએ આવીને તે વખતે આ પ્રમાણે કહ્યું, તિલંગ દેશમાં ચંદ્રપુરમાં જે રાજા છે. તેજ પોતાની પુત્રીને યોગ્ય શ્રેષ્ઠવર છે. તે પછી રાજાએ સ્વયંવરા એવી પોતાની પુત્રીને મોકલીને તિલંગ દેશના સ્વામીને સારા ઉત્સવપૂર્વક

આપી. પુરોહિતે પોતાના પુત્રને જાણવાને માટે પોતાના સેવકો મોકલીને રાજાવડે તેને તિલંગ દેશના રાજ્યની પ્રાપ્તિ-તેણે (પુરોહિતે) સાંભળી. એક વખત રાજાએ કહ્યું કે હે પુરોહિત ! જે આકાશમાં વાણી થઇ હતી કે મારી પુત્રી અને તારા પુત્રનું પાણિગ્રહણ થશે.મારાવડે તિલંગદેશના રાજાને પુત્રી આપવાથી તે વાણી હમણાં અન્યથા-ફોગટ કરાઇ, કારણ કે ખરેખર રાજા બલવાન છે. આ સાંભળીને રાજપુત્રીના વિવાહનું વૃત્તાંત શરુઆતથી કહ્યું. વિધાતાએ કરેલું કોઇ ઠેકાણે અન્યથા થતું નથી.

**दैवमुल्लङ्घ्य यत्कार्यं - क्रियते फलवन्न तत्।**
**सरोम्भश्चातकेनात्तं, गलरन्ध्रेण गच्छति ।।१।।**
**यद् धात्रा निजभालपट्टलिखितं, स्तोकं महद्वाधनं,**
**तत् प्राप्नोति मरुस्थलेऽपि नितरां, मेरौ गतो नाधिकम्।**
**तद्धीरो भव वित्तवत्सु कृपणां वृत्तिं वृथा माकृथाः,**
**कूपे पश्य पयोनिधावपि घटो - गृह्णाति तुल्यं जलं ।।२।।**

ભાગ્યને ઉલ્લંઘન કરીને જે કામ કરાય છે. તે ફળવાળું થતું નથી.ચાતકવડે ગ્રહણ કરાયેલું સરોવરનું પાણી ગળાના છિદ્રવડે ચાલ્યું જાય છે. (૧) વિધાતાએ (આપણા) પોતાના કપાળ પટમાં લખેલું થોડું અથવા મોટું (વધારે) ધન હોય તે મારવાડમાં પણ પ્રાપ્ત કરે છે. અને મેરુઉપર જાય તો પણ અધિક પામતો નથી. તેથી તું ધીર થા. ધનવાનને વિષે ફોગટ કૃપણવૃત્તિ ન કર. તું જો ઘડો કૂવામાં કે સમુદ્રમાં પણ સરખુંજ પાણી ગ્રહણ કરે છે.

તે પછી રાજાએ પુત્રીયુક્ત જમાઇને બોલાવીને હાથી-ઘોડા અને ધન આપવાવડે ખુશ કર્યાં. તે પછી ભીમરાજા વિશેષે કરીને જૈનધર્મને કરતો શ્રી શત્રુંજયતીર્થને વિષે યાત્રા અને યુગાદિ જિનની પૂજા કરી. ભીમરાજા હંમેશાં શ્રી જિનેશ્વરે કહેલા ધર્મને કરતો સ્વર્ગ પ્રાપ્ત કરી અનુક્રમે મોક્ષમાં જશે. તેમાં સંશય નથી. આ સાંભળીને સંપ્રતિરાજા હંમેશાં સારી ભક્તિપૂર્વક યાચકોને ઘણું દાન આપતો ઘણા સંઘ સાથે શ્રી સિદ્ધગિરિઉપર જઇને શ્રી જિનેશ્વરોની પૂજા કરીને ધર્મઘોષસૂરિ પાસે ગયો. ધર્મોપદેશ સાંભળીને સંપ્રતિરાજાએ કહ્યું. આ તીર્થનું સેવન કરવાથી શું પુણ્ય થાય ?

**कानि कान्यत्र तीर्थेषु, धर्मस्थानानि सद्गुरोः !**
**का का नद्योऽत्र विद्यन्ते, श्रृङ्गाणि कति पर्वते ? ।।**

હે સદ્ગુરુ ! આ તીર્થોમાં ક્યાં ક્યાં ધર્મ સ્થાનો છે ? અહીં કઇ કઇ નદીઓ છે ? અને આ પર્વતપર કેટલા શિખરો છે ? ગુરુએ કહ્યું કે હે રાજન ! આ તીર્થના સેવનથી જે ધર્મ થાય છે. તે કહેવાતું સાંભળો. બીજા ગ્રંથોમાં શ્રી શત્રુંજયનું માહાત્મ્ય આ પ્રમાણે કહ્યું છે. તે આ પ્રમાણે :-

**तावद् गर्जन्ति हत्यादि, - पातकानीह सर्वतः ।**
**यावच्छत्रुञ्जयेत्याख्या, श्रूयते न गुरोर्मुखात् ।।१।।**

ત્યાં સુધીજ હત્યા વગેરે પાપો અહીં ચારે તરફથી ગર્જના કરે છે. કે જ્યાં સુધી ગુરુના મુખેથી " શત્રુંજય " એ પ્રમાણે નામ સાંભળ્યું નથી (૧)

**न भेतव्यं न भेतव्यं, पातकेभ्यः प्रमादिभिः ।**
**श्रूयतामेकवेलं श्री - सिद्धिक्षेत्रगिरेः कथा ।।२।।**

પ્રમાદી જીવોએ પાપથી ભય ન પામવો. ભય ન પામવો. ફક્ત એક વખત શ્રીસિધ્ધક્ષેત્ર ગિરિની કથા સાંભળવી. (૨)

**वरमेकदिनं सिद्धि - क्षेत्रे सर्वज्ञसेवनम् ।**
**न पुनस्तीर्थलक्षेषु - भ्रमणं क्लेश भाजनम् ।।३।।**

શ્રી સિદ્ધિક્ષેત્રને વિષે એક દિવસ સર્વજ્ઞની સેવા શ્રેષ્ઠ છે. પરંતુ લાખો તીર્થોમાં ભ્રમણ કરવું શ્રેષ્ઠ નથી. ફક્ત ક્લેશનું ભાજન છે. (સ્થાન છે.) (૩)

**पदे पदे विलीयन्ते - भवकोटिभवान्यपि ।**
**पापानि पुण्डरीकाद्रे - र्यात्रां प्रति यियासताम् ।।४।।**

પુંડરીક ગિરિની યાત્રા કરવા જનારાનાં પગલે પગલે કરોડો ભવોથી થયેલાં પાપો નાશ પામે છે. (૪)

**एकैकस्मिन् पदे दत्ते, पुण्डरीकं गिरिं प्रति ।**
**भवकोटि कृतेभ्योऽधि, पातकेभ्यः समुच्यते ।।५।।**

પુંડરીકગિરિ પ્રત્યે–(તરફ) એક એક પગલું મૂકે છતે કરોડો ભવથી કરેલાં એવાં પાપોમાંથી જીવ મુકાય છે. (૫)

**न रोगो न सन्तापो, न दुःखं, न वियोगता, ।**
**न दुर्गति र्न शोकं च, पुसां शत्रुञ्जयस्पृशाम् ।।६।।**

શ્રી શત્રુંજયનો સ્પર્શ કરનારા પુરુષોને રોગ નથી, સંતાપ નથી, દુઃખનથી, વિયોગીપણું નથી, દુર્ગતિ નથી, ને શોક નથી. (૬)

**छिद्यन्ते नास्य पाषाणाः खन्यते नो महीतलम्।**
**शकृन्मूत्रादि नो कार्यं, सुधियाऽत्र मुमुक्षुणा ।।७।।**

આ ગિરિરાજના પથ્થરો છેદવા (તોડવા) નહિ. આનું પૃથ્વીતલ ખોદવું નહી. અહીં સારી બુદ્ધિવાલા મુમુક્ષુ એ વિષ્ઠા-મૂત્ર આદિ ન કરવું (૭)

**कृता शत्रुञ्जयेयात्रा - न येन जगतां विभुः ।**
**नाऽपूजि हारितं तेन, स्वजन्म सकलं मुधा ।।८।।**

જેણે શ્રી શત્રુંજયઉપર યાત્રા કરી નથી, જેનાવડે જગતના સ્વામી-પૂજાયા નથી. તેનાવડે પોતાનો સઘળો જન્મ ફોગટ હારી જવાયો છે.(૮)

**अन्यतीर्थेषु यद्यात्रा - शतैः पुण्यं भवेन्नृणाम्।**
**तदेकयात्रयापुण्यं - शत्रुञ्जय गिरौ स्फुटम् ।।९।।**

બીજાં તીર્થોમાં મનુષ્યોને સેંકડો યાત્રાઓવડે જે પુણ્ય થાય છે. તે પુણ્ય શ્રી શત્રુંજયગિરિઉપર એક યાત્રાવડે પ્રગટ રીતે થાય છે. (૯)

**पुनस्तीर्थपतेरस्य, माहात्म्यमिह केवली।**
**वेत्ति वक्तुं समर्थो न, सोऽपि दृष्टजगत्त्रयः ।।१०।।**
**प्रत्यहं पुण्डरीकाद्रिं, ध्यायेद्यस्तु सुवासनः ।**
**संसारतापमुन्मूल्य - प्राप्नोति परमं पदम् ।।११।।**

વળી આ તીર્થપતિનું માહાત્મ્ય અહીં કેવલી જાણે છે. પરંતુ જોયા છે ( જ્ઞાનથી) ત્રણ જગતને જેણે એવા તે કહેવા માટે સમર્થ નથી. (૧૦) હંમેશાં અહીં સારી ભાવનાવાળો જે પુંડરીકગિરિનું ધ્યાન કરે છે. તે સંસારના તાપને ઉખેડીને પરમપદને પામે છે. (૧૧) મનુષ્યજન્મ પામીને સદગુરુ પાસેથી બોધ પામીને જેણે આ તીર્થની પૂજા નથી કરી તેનું બધું ફોગટ છે.

**एकोन सप्तति कोटा कोटिर्यत्र जगद्गुरुः ।**
**पञ्चाशीतिकोटिलक्षाः, प्राप्तवान् पादुकापदे ।।**
**चतुश्चत्वारिंशत्कोटी, सहस्रैरधिकापुरा;**
**तं सिद्धाचलमानौमि, सर्वतीर्थफलप्रदम् ।।**
**शत्रुञ्जयमिदं तीर्थं - न यावत् पूजितं भवेत्।**
**गर्भवासो हि तस्यास्ति, तावद् दूरे भवेद् वृषम् ।।**

જયાં જગદ્ગુરુ **ઓગણોસિત્તેર કોડા કોડી. – પંચાશી લાખક્રોડ.** અને **ચુમ્માલીસ હજાર ક્રોડ** વખત પાદુકાના સ્થાને (રાયણ પગલાંના સ્થાને) આવ્યા. તે સર્વતીર્થના ફલને આપનાર સિદ્ધાચલને હું નમસ્કાર કરું છું. જ્યાં સુધી આ શત્રુંજયતીર્થની પૂજા નથી કરી ત્યાં સુધી તેનો ગર્ભાવાસ છે. (તે ગર્ભમાં છે.) ધર્મતો દૂર રહો. જોવાયેલો જે વિમલગિરિ દુર્ગતિને હણે છે. નમન કરાયેલો બે દુર્ગતિને હણે છે. (નરક–ને તિર્યંચગતિ) અને સંઘપતિ અને અરિહંતપણાના પદને કરનારો છે તે જય પામો.

**महास्नात्रमहापूजा – ध्वजवारिकयान्विता;**
**संघपूजेतिकृत्यानि – पञ्चः सङ्घाधिपः क्रियात्॥**

મહાસ્નાત્ર–મહાપૂજા–દંડયુક્ત ધ્વજપૂજા ને સંઘપૂજા આ પાંચ કાર્યો સંઘપતિ કરે. દ્રાવિડ અને વારિખિલ્લ–દશક્રોડયતિસહિત નિર્મલ કેવલજ્ઞાન પામી શ્રીશત્રુંજયઉપર મોક્ષ પામ્યા છે. જેમ ચૈત્રમાસની પૂનમના દિવસે પુંડરીક મોક્ષમાં ગયા તેવી રીતે કાર્તિકમાસની પૂનમના તેઓ (દ્રાવિડ–વારિખિલ્લ) મોક્ષમાં ગયા તેથી તે આ બન્ને પર્વ કહ્યાં છે.

**सिंहव्याघ्राहिशबर – पक्षिणोऽन्येऽपि पापिनः।**
**दृष्ट्वा शत्रुञ्जयेऽर्हन्तं, भवन्ति स्वर्गगामिनः॥**

પાપી એવા સિંહ–વાઘ–સર્પ–ભિલ્લ–પક્ષીઓ અને બીજા પણ જીવો શ્રી શત્રુંજયગિરિઉપર અરિહંતને જોઈને સ્વર્ગમાં જનારા થાય છે. જેઓવડે સુર–અસુર અને મનુષ્ય આદિભવમાં શ્રીશત્રુંજયગિરિને જોવાયો નથી તેઓ મોક્ષના ઉદયને ભજનારા નથી.

**अन्यतीर्थेषु सद्ध्यान, शीलदानार्चनादिभिः।**
**यत्फलं स्यात्तदधिकं, शत्रुञ्जयकथाश्रुतेः॥**

અન્યતીર્થોમાં ઉત્તમધ્યાન–શીલ–દાન અને પૂજા આદિવડે જે ફલ થાય, તેનાથી અધિકફલ શ્રી શત્રુંજયની કથા સાંભળવાથી થાય. ભવનપતિના ૨૦–ઈન્દ્રો, ૩૨ વ્યંતરના ઈન્દ્રો,–૨–જ્યોતિષીના ઈન્દ્રો, ઊર્ધ્વલોકમાં નિવાસ કરનારા–૧૦–ઈન્દ્રો આ પ્રમાણે ચોસઠ ઈન્દ્રો ઘણા દેવોવડે વીંટાયેલા જગતના નાથથી વિભૂષત–(શોભિત) એવા શ્રી શત્રુંજયને આદરથી નમસ્કાર કરતા હતા. આશ્ચર્ય છે કે–અનુપમ કિરણવાલા– મોટાં તૈયાર એવાં રત્નોવડે પવિત્ર અને ચિતરેલો હોય એવો સર્વતેજથીયુક્ત આ પર્વત શોભે છે. સોનાનાં શિખરોવડે શોભાથી ભરેલો આ ગિરિરાજ સર્વપર્વતનો નાથ હોવાથી મુગટોવડે શણગારેલો છે. કાબરચીતરું કર્યું છે આકાશ જેણે એવાં સોનાં–રુપાં અને રત્નો આદિનાં શિખરોવડે એકીસાથે આકાશ અને પૃથ્વીને પવિત્ર કરતો મનુષ્યોનાં પાપને હરણ કરનારો આ ગિરિરાજ છે. સુવર્ણગિરિ

બ્રહ્મગિરિ–ઉદયગિરિ–અને અર્બુદગિરિ વગેરે શ્રેષ્ઠ એવા એકસો ને આઠ શિખરોવડે આ પર્વત શોભે છે.

સર્વ ઠેકાણે સિદ્ધાયતનોવડે અને અરિહંતનાં મંદિરોવડે સુશોભિત યક્ષમંદિરોવડે યુક્ત આ સિદ્ધિશૈલ શોભે છે. યક્ષ–કિન્નર ગંધર્વ અને વિદ્યાધરદેવોના સમૂહવડે અને અપ્સરાઓવડે સેવ્ય શ્રી શત્રુંજયગિરિ શોભે છે.

અહીં પવિત્રએવી ગુફાઓમાં મોક્ષ પામવાની ઇચ્છાવાલા એવા યોગીઓ વિદ્યાધરો–મનુષ્યો ને નાગકુમારો અરિહંતમય તેજનું ધ્યાન કરે છે.

**रसकूपी - रत्नखानि - दिव्यौषधिभिरन्वित: ।**
**सदा शत्रुञ्जयोऽस्त्येष, सर्वपर्वतगर्वभित् ।।**
**कस्तूरीमृगयुथैच, मयूरैमत्तकुञ्जरै: ।**
**सञ्चरच्चमरीवृन्दै: सर्वतो भात्ययं गिरि: ।।**
**परस्परं विरूद्धा ये, सत्त्वा आजन्मतोऽपि ते ।**
**त्यक्तवैरा रमन्तेऽत्र, जिनाननविलोकिन: ।।**

હંમેશાં આ શત્રુંજયગિરિ રસકૂપિકાઓ–રત્નખાણો–અને દિવ્યઔષધિઓવડે યુક્ત સર્વ પર્વતના ગર્વનેભેદનારો છે. કસ્તૂરીમૃગના સમૂહોવડે મયૂરોવડે – મદોન્મત્તહાથીઓવડે ફરતી એવી ચમરીગાયના સમૂહોવડે આ પર્વત ચારે તરફથી શોભે છે. જે પ્રાણીઓ જન્મથી માંડીને પરસ્પર વિરોધવાળા (વૈરવાળા) છે. તેઓ પણ વૈરનો ત્યાગ કરી જિનેશ્વરના મુખને જોનારા અહીં આનંદ પામે છે.

આ તરફ પૂર્વસમુદ્ર તરફ ગમન કરનારી જાણે જોનારાઓને સાંભળનારાઓને પણ પુણ્યની રેખા હોય એવી નદીને તું જો.તાલધ્વજ પર્વતના મધ્યભાગમાં તે શત્રુંજયાનદી સમુદ્રના કિનારા તરફ ભ્રમણ કરતી(જતી) અહીં શોભે છે. ઉત્તરદિશામાં નિર્મલપાણીથી પ્રાપ્ત કર્યો છે મહાનઉદય જેણે એવી, ખીલેલાં છે કમલ જેમાં એવી ઇન્દ્રવડે બનાવેલી ઐન્દ્રી નામની નદી છે તેને તું જો. દિવ્ય પાણીના કલ્લોલથી શોભિત કમળના મધ્યભાગમાં રહેલાં હંસ અને સારસવડે સેવાયેલી કપર્દિકા નદીને તું જો, પ્રભુની પશ્ચિમ દિશાના ભાગમાં વિશ્વને ઉપકાર કરનારી પાણીથી ભરેલી પાપને હરણ કરનારી એવી બ્રાહ્મી નદી છે.

તથા–શત્રુંજયા ઐન્દ્રી–કપિલા–યમલા–તાલધ્વજી યક્ષાંગા–બ્રાહ્મી–માહેશ્વરી–સાભ્રમતી–શબલા–પિવરતોયા જયન્તિકા–અને ભદ્ર–આ ચૌદ મહાનદી છે. પૂર્વદિશામાં ઘણી શોભાવાલું અદભુત સૂર્યોદ્યાન છે. દક્ષિણ દિશામાં સ્વર્ગના ઉદ્યાન સરખી કાંતિવાલું સ્વર્ગોદ્યાન છે. પશ્ચિમદિશામાં હે દેવો ! સુંદર અને મોટું ચંદ્રોદ્યાન છે. અને ઉત્તર દિશામાં લક્ષ્મીવિલાસ નામનું આ વન છે.

ચારે દિશાઓમાંથી આવતાં લક્ષ્મીના અંબોડા સરખાં આ ઉદ્યાનોવડે આ શત્રુંજય પર્વત દીપતો હતો. ધર્મેન્દ્રના આદેશવડે કુબેરવડે બનાવેલ કુંડ છે. પાપના સમૂહને નાશ કરનાર ઐન્દ્રપુર છે. સ્ફુરાયમાણ ચાંદની સરખા પાણીના

તરંગના શબ્દોથી શોભતું ભરત (રાજા) ના યશના રાશિ જેવું આ ભારત સરોવર શોભે છે. કંઇક પવનથી કંપાયમાન થયેલા તરંગોની શ્રેણીઓવડે સુંદર કપર્દિ યક્ષના સરોવરને તું જો, તે કોના સુખને માટે નથી ? મુક્તિરૂપી સ્ત્રીની શોભા જોવામાં દર્પણ સરખું વિકાસ પામતા ભાગવાલા મુનિના તલાવને (ચંદનતલાવડી) તમે જુઓ તમે જુઓ. સર્વતીર્થાવતાર નામના સારા પાણીવાલા ચાંદ અને સૌર કુંડ છે. અને બીજા પણ કુંડો સર્જન કરનાર બનાવનારનાં નામવડે છે. હે દેવો તમે જુઓ.।

**यदाशत्रुञ्जये साधुः, पूजितो वा स्मृतः स्तुतः ।**
**श्रुतो वा दृक्पथं प्राप्तस्तदा कर्मक्षयो भवेत् ।।**

જ્યારે શ્રી શત્રુંજયગિરિઉપર સાધુ પૂજાયા હોય., યાદ કરાયા હોય,. સ્તુતિ કરાયા હોય., સંભળાયા હોય,. દષ્ટિમાર્ગમાં પ્રાપ્ત થયા હોય ત્યારે કર્મનો ક્ષય થાય. આ શત્રુંજયગિરિ પાપીઓને શલ્યરૂપ છે. ધર્મીઓને સર્વ સુખ આપનારો છે. કામી પુરુષોને ઇચ્છિત આપનારો છે. એવો શત્રુંજયગિરિ જય પામો. તપ વિના-દાનવિના-પૂજાવિના ફક્ત સારાભાવથી સિદ્ધક્ષેત્રની સ્પર્શના અક્ષયસુખને આપનાર છે. હે રાજન ! શત્રુંજય સમાન તીર્થ આદિદેવ સરખા પ્રભુ-જીવદયા સરખો ધર્મ ત્રણે જગતમાં નથી. જે ત્રણ ભુવનમાં ઇન્દ્ર આદિ દેવો અને દેવીઓ પણ હંમેશાં જે તીર્થરાજાને સદગતિની ઇચ્છાવડે સેવે છે. બીજે ઠેકાણે શુદ્ધ બુદ્ધિવાલો પ્રાણી શુભધ્યાનવડે ક્રોડપૂર્વવડે જે પુણ્યકર્મ બાંધે છે. તે અહીં એક મુહૂર્તમાં નિશ્ચે બાંધે છે.

**अन्यतीर्थेषु यद्यात्रा, - शतैः पुण्यं भवेन्नृणाम् ।**
**तदेकयात्रया पुण्यं, शत्रुञ्जयगिरौ स्फुटम् ।।**

અન્યતીર્થોમાં સેંકડો યાત્રાઓવડે મનુષ્યોને જે પુણ્ય થાય છે. તે પુણ્ય શત્રુંજયગિરિને વિષે એક યાત્રાવડે પ્રગટ પણે થાય. અહીં અનંતા જિનેશ્વરો આવ્યા છે. અને અહીં ઘણા સિદ્ધો થયાં છે. અસંખ્યાતા મુનિઓ પણ મોક્ષમાં ગયા છે. તેથી આ તીર્થ મહાન છે. ચૈત્રમાસની પૂર્ણિમાના દિવસે પુંડરીકગિરિ ઉપરથી મનુષ્યો સ્વર્ગ અને મોક્ષનાંસુખો હાથમાં રહેલાં કરે છે.

આ સાંભળી રાજાએ સર્વસંઘ સહિત જઇને-નદ-નદી-આદિ શિખરોને વિષે (રહેલા) જિનેશ્વરોની પૂજા કરી. તે પછી ધર્મ પરાયણ રાજાએ પોતાના નગરમાં આવીને ઘણા ભવ્યજીવો પાસે સર્વજ્ઞની પૂજા કરાવી. હર્ષિત ચિત્તવાલા સંપ્રતિરાજા હંમેશાં જૈન ધર્મને કરતાં મુક્તિગમનને યોગ્ય ઘણા ધર્મને (પુણ્યને) ઉપાર્જન કર્યો.

**આ પ્રમાણે શ્રી શત્રુંજયના ઉદ્ધારવાલી શ્રી સંપ્રતિ રાજાની કથા સંપૂર્ણ.**


સૌ ચાલો સિદ્ધગિરિ જઈએ
ગિરિ ભેટી પાવન થઈએ
સોરઠ દેશે જાત્રાનું મોટું ધામ છે.
જય તલાટી